ॐ

શ્રી વીતરાગાય નમઃ

# ચિદ્‌વિલાસ
# પ્રવચન

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના શ્રી દીપચંદજી કાસલીવાલ દ્વારા
રચિત શ્રી ચિદ્‌વિલાસ ગ્રંથ ઉપર સળંગ પ્રવચનો)

પ્રકાશક

**વીતરાગ સત્‌ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

ભાવનગર

**પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન**
૫૮૦, જૂની માણેકવાડી
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧

અન્ય પ્રાપ્તિ સ્થાન :
(૧) શ્રી કુંદકુંદ-કહાન જૈન સાહિત્ય કેન્દ્ર
ગુરુ ગૌરવ, સોનગઢ
(૨) શ્રી ખીમજીભાઈ ગંગર, વિલે પાર્લા, મુંબઈ
મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩

પ્રથમ આવૃત્તિ : તા. ૪-૧૨-૨૦૧૯ (પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની ૮૭મી જન્મ જયંતિ)
પ્રત : ૨૦૦
પૃષ્ઠ સંખ્યા : ૫૦૪ + ૮ = ૫૧૨
મૂલ્ય : ૨૦/-

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
૧૯૨૪/બી-૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :
**ભગવતી ઓફસેટ**
અમદાવાદ
ફોન : ૯૮૨૫૪૭૭૭૪૫

## પ્રકાશકીય

પરમ આપ્ત સર્વજ્ઞ વીતરાગદેવ પ્રણીત પૂર્ણ નિર્દોષ થઈ સંપૂર્ણ સુખી થવાનો માર્ગ, પરંપરા આચાર્ય ભગવંતો દ્વારા તથા સત્પુરુષો દ્વારા વર્તમાનમાં જીવંત રહ્યો છે તે આપણા સૌનું મહાન સદ્‌ભાગ્ય છે. વર્તમાનકાળમાં 'સીમંધર' ભગવાનની સાક્ષાત્ દિવ્યદેશના સાંભળીને આપણને સૌને તેનું રસપાન કરાવ્યું એવા સદ્ધર્મપ્રવર્તક શાસન શિરોમણિ અધ્યાત્મદિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી'નો આપણા સૌ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તી રહ્યો છે. તેઓશ્રીના પુનિત પ્રભાવનાના મંગલકારી યોગે માર્ગપ્રાપ્તિની દિવ્ય શિખા પ્રજ્વલિત રહેવા પામી છે. એ દિવ્ય દિપકની જ્યોતથી જેમના હૃદયસિંહાસનમાં જ્ઞાયકદેવના મંગલ પધરામણા થયા અને અપૂર્વ ભવાંતકારી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ, એવા પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગ-વતી માતા પૂજ્ય બહેનશ્રી 'ચંપાબહેન'નો વર્તમાન મુમુક્ષુસમાજ ઉપર ન ભૂલી શકાય એવો ઉપકાર વર્તી રહ્યો છે. ભાવિ તીર્થાધિનાથના ભેટા કરાવનાર તથા અજોડ જ્ઞાનવૈભવધારી પૂજ્ય 'બહેનશ્રી'નો શું મહિમા કરવો!

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામીના પ્રવર્તમાન જૈનશાસનમાં છેલ્લા ૩૦૦ વર્ષમાં અનેક જ્ઞાનીપુરુષો થતા આવ્યા છે. તેમાં પંડિત સાધર્મી શ્રી દિપચંદજી કાસલીવાલ પણ થયા. તેઓ આમેરના રહીશ હતા. તેઓ ઉચ્ચ કોટીના અધ્યાત્મિક વિદ્વાન હતા. તેમણે આ ગ્રંથ ઉપરાંત અનુભવ પ્રકાશ, ચિદ્‌વિલાસ, અનુભવ વિલાસ છંદ, પરમાત્મપુરાણ છંદ, સ્વરૂપાનંદ, બૃહત્ તથા લઘુ જ્ઞાન દર્પણ, ગુણસ્થાનભેદ, ઉપદેશરત્નછંદ, અધ્યાત્મ પચીસી છંદ વગેરે રચેલાં છે.

તેમના સમય અને જીવન સંબંધી જાણવાના સાધનના અભાવે કાંઈ વિશેષ લખી શકા-તું નથી પણ તેમના લખાણ ઉપરથી જણાય છે કે અધ્યાત્મ પરિણત સિદ્ધાંત જ્ઞાની હતા. ચિદ્‌વિલાસ ગ્રંથ નાનો હોવા છતાં તેમાં ઘણા સૂક્ષ્મ વિષયો આવરી લીધા છે. ચિદ્‌વિલાસ ગ્રંથ એક આધ્યાત્મિક કૃતિ છે. અધ્યાત્મ રસિક જીવોને આત્માનું મૂળ સ્વરૂપ સમજાય અને શુદ્ધ આત્માનો અનુભવ થાય તેવી ઉચ્ચિ કોટિનું ઉપયોગી પુસ્તક છે. પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા અનેક વાર ચિદ્‌વિલાસ ગ્રંથના અમુક સૂક્ષ્મ સિદ્ધાંતોનો આધાર આપવામાં આવતો હતો.

એવા પૂજ્ય શ્રી દીપચંદજીના 'ચિદ્‌વિલાસ' ગ્રંથ ઉપર નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મ સુધાનું પાન કરાવનાર, અધ્યાત્મનું રહસ્ય પ્રગટ કરનાર, મુમુક્ષુઓના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના પ્રવચનોનું પુસ્તક 'ચિદ્‌વિલાસ પ્રવચન' પાઠકના હસ્તકમળમાં મૂકતાં અમને અત્યંત હર્ષોલ્લાસ થાય છે. જ્ઞાનીપુરુષનું હૃદયગાંભીર્ય, તેમના વચનોમાં નિહિત માર્ગપ્રાપ્તિનું રહસ્ય, અખંડ

મોક્ષમાર્ગ ઈત્યાદિક અનેક વિષયોની છણાવટ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે અમૃતરસની લહાણ છે.

અનેકાનેક પ્રયોજનભૂત વિષયોનું સ્પષ્ટીકરણ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુ-મુક્ષુજીવ માટે એક 'ચિદ્‌વિલાસ રહસ્ય કોષ' સમાન છે. આત્મસ્વરૂપની ઓળખાણ કરાવનારી અનેક રહસ્યમય વાતોનો જેની અંદર સમાવશે છે, જે પ્રવચનોમાં અતીન્દ્રિય આનંદના નિધાન કેમ પ્રગટ થાય તેના રહસ્યો ગુંથાયેલા છે. મિથ્યાત્વરૂપી અંધકારને ભેદવા આ પ્રવચન રહસ્ય કોષ એક અપ્રતિમ નિધાન સમાન છે. એવા પ્રવચન રહસ્યને ઉકેલી મુમુક્ષુજીવ આત્મહિત સાધે ચૈતન્યનો વિલાસ પ્રગટ કરે એવી ભાવના સાથે આ ગ્રંથનું પ્રકાશન કરતાં અમો કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

પૂજ્યશ્રી દીપચંદજીના એક એક વચનમાં રહેલ અર્થગાંભીર્ય, વિષયનું ઊંડાણ, તળસ્પર્શી અનુભવપૂર્ણ માર્ગદર્શન, તેઓશ્રીની નિષ્કારણ કરુણા, પૂર્ણતાની ભાવના ઈત્યાદિક અંત-રંગ વૈભવયુક્ત અનેકાનેક ગુણોના દર્શન કરાવતા આ પ્રવચનો મુમુક્ષુ જીવને અવશ્ય અવશ્ય આત્મહિતમાં નિમિત્તભૂત થાય તેમ છે.

અંતતઃ પૂર્ણ શુદ્ધિની ભાવનાના ઉમંગોલ્લાસ સહિત, સંસારની કાલિમાને પ્રવચન રહસ્યની ચાવી દ્વારા ઉકેલી અતીન્દ્રિય આનંદના નિધાનનું રસાસ્વાદન કરતાં કરતાં અપૂર્વ રત્નત્રયરૂપી રત્નોને અંગીકાર કરી મુક્તિરમાને વરીએ એ જ ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ઈતિ શિવમ્

ટ્રસ્ટીગણ
વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

## પ્રસ્તાવના

પંડિત શ્રી દીપચંદજી કાસલીવાલ દ્વારા રચિત શ્રી ચિદ્‌વિલાસ ગ્રંથ તેના નામ અનુસાર ચૈતન્યનો વિલાસ પ્રગટ કરવામાં અદ્‌ભુત સહાયક ગ્રંથ છે. આ ગ્રંથ મૂળ હિંદી (—ઢુંઢારી) ભાષામાં છે. ત્યારબાદ તેનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરવામાં આવેલ છે. વસ્તુ સ્વરૂપ યથાર્થપણે સમજ્યા વગર કોઈ જીવ કદી પણ ધર્મ લેશમાત્ર કરી શકે નહિ અને વસ્તુ સ્વરૂપ સમજવા માટે દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન કરવાની આવશ્યકતા હોવાથી ચિદ્‌વિલાસ ગ્રંથમાં તેનું સ્વરૂપ અનેક પડખાંથી સમજાવવામાં આવ્યું છે.

તેમાં ખાસ મહત્ત્વપૂર્ણ લક્ષમાં લેવા યોગ્ય કેટલાક વિષયો આ પ્રમાણે છે—દ્રવ્ય અધિકાર, ગુણ અધિકાર, સમ્યક્ત્વની પ્રધાનતા, જ્ઞાનગુણ તથા દર્શનગુણનું સ્વરૂપ, એક ગુણમાં સર્વ ગુણોનું રૂપ, દ્રવ્યના કારણકાર્ય, ગુણના કારણકાર્ય, પર્યાયના કારણકાર્ય, સમાધિના ભેદો ઈત્યાદિ અનેક અધ્યાત્મરસ ગર્ભિત વિષયો સમાવિષ્ટ છે.

દરેક પર્યાયનું સ્વતંત્ર સ્વરૂપ બતાવવા માટે ગ્રંથમાં કારણકાર્યનું સ્વરૂપ બહુ સારી રીતે પૃ. ૩૫ થી ૩૭ તથા ૪૦-૪૧માં આપ્યું છે. પ્રસ્તુત વિષયની સૂક્ષ્મતા દર્શાવતા પૂજ્ય ભાઈશ્રીના ખુલાસા મુમુક્ષુજીવોને અત્યંત ઉપયોગી થાય તેવા છે. આ સંબંધમાં કહ્યું છે કે '**કારણ અને કાર્ય પરિણામથી જ થાય છે.**' (પૃ. ૩૬).

'**પર્યાયનું કાર્ય પર્યાયથી જ થાય છે.**' (પૃ. ૪૦)

'**પર્યાયનું કારણ પર્યાય જ છે, ગુણ વિના જ (અર્થાત્ ગુણની અપેક્ષા વગર જ) પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે. પર્યાયનું સૂક્ષ્મત્વ પર્યાયનું કારણ છે. પર્યાયનું વીર્ય પર્યાયનું કારણ છે. પર્યાયનું પ્રદેશત્વ પર્યાયનું કારણ છે.**' (પૃ. ૯૫)

તદ્ ઉપરાંત સમ્યક્ત્વગુણ સંબંધિત સ્પષ્ટીકરણ પણ ગવેષણીય છે. તેઓ પૃ. ૧૨ ઉપર એમ ખુલાસો કર્યો છે કે '**સમ્યક્ત્વ ગુણ છે તે પ્રધાન ગુણ છે, કેમકે સર્વે ગુણો સમ્યક્ આનાથી છે; સર્વે ગુણોનું અસ્તિત્વપણું આનાથી છે; સર્વે ગુણોનો નિશ્ચય, યથા અવસ્થિતભાવ (આનાથી) છે. નિશ્ચયનું નામ સમ્યક્ત્વ છે કે જ્યાં વ્યવહાર, ભેદ, વિકલ્પ નથી, અશુદ્ધતા નથી, નિજ અનુભવસ્વરૂપ સમ્યક્ છે.**'

આવા અનેકાનેક ચિદ્‌વિલાસ ગ્રંથમાં શ્રી દીપચંદજી સાહેબે સ્વયંની અનુભવપૂર્ણ શૈલીથી સ્પષ્ટ કર્યા છે અને અનેક સૂક્ષ્મ વિષયો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા કરવામાં આવેલ અનુભવપૂર્ણ વિવેચન મુમુક્ષુજીવોને અવશ્ય પારમાર્થિક લાભનું કારણ થાય તેમ છે. પૂજ્ય

ભાઈશ્રીએ સ્વયંની મૌલિક શૈલીમાં પ્રયોજનભૂત તથા અપ્રયોજનભૂત વિષય સંબંધિત સુંદર માર્ગદર્શન પણ આપેલ છે. તથા એક ગુણમાં અનેક ગુણનું રૂપ છે તે વિષય મુમુક્ષુજીવ માટે સ્વરૂપ નિશ્ચયમાં ક્યા પ્રકારે પ્રયોજનભૂત તેનું સૂક્ષ્મ નિરૂપણ પણ ગવેષણીય છે. પૂજ્ય ભાઈશ્રીની અનુભવપ્રધાન શૈલી આદિથી અંત સુધી મુમુક્ષુજીવને અનુભવરસમાં તરબોળ કરી રોમાંચ ઉલ્લસિત કરે છે.

પ્રસ્તુત પ્રવચનો ભાવનગર જિનમંદિર ચાલતા નિયમીત સ્વાધ્યાયમાં લેવામાં આવેલ છે. પ્રસ્તુત પ્રવચનોને સાંભળીને ટાઈપ કરવામાં આવે છે ત્યારબાદ પ્રવચનોને ફરીથી સાંભળીને આવશ્યકતા અનુસાર જ્યાં જરૂર લાગે ત્યાં વાક્યરચના પૂર્ણ કરવા અર્થે કૌંસ ભરવામાં આવેલ છે. ચિદ્વિલાસ ગ્રંથ ઉપર સળંગ પ્રવચનો ૩૧ છે, ત્યારબાદ જે પ્રવચનો આપવામાં આવેલ છે તે પૂજ્ય ભાઈશ્રી દ્વારા ઈડર પધારેલ ત્યારના છે. પ્રવચનો તૈયાર કરવાનું કરવાનું કાર્ય સંપૂર્ણ ચીવટ રાખીને કરવામાં આવેલ છે, તેમ છતાં ક્યાંય પણ ક્ષતિ રહી જવા પામી હોય તો પાઠક વર્ગને અવશ્ય ધ્યાન દોરવા વિનંતી છે.

અંતતઃ પ્રસ્તુત પ્રવચનોના માધ્યમથી મુમુક્ષુજીવ સ્વયંનું શાશ્વત આત્મકલ્યાણ સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ
વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

## ચિદ્‌વિલાસ પ્રવચનના પ્રકાશનાર્થે
## પ્રાપ્ત દાનરાશિ

| | |
|---|---|
| શ્રીમતી વંદનાબેન રણધીરભાઈ ઘોષાલ, ભાવનગર | ૧૧,૦૦૦/- |
| શ્રી નગીનદાસ ચુનીલાલ ભાયાણી, કોલકાટા | ૫,૦૦૦/- |
| શ્રી હીરાલાલ જૈન, ભાવનગર | ૫,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ | ૫,૦૦૦/- |
| સ્વ. ઈન્દુબેન જસુભાઈ કામદાર, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| એક મુમુક્ષુ, મુંબઈ | ૨,૦૦૦/- |
| શ્રીમતી ચારુબેન નિલેષભાઈ જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| સ્વ. શ્રીમતી ઈન્દુબેન જસુભાઈ કામદાર, મુંબઈ | ૧,૦૦૦/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |

# પ્રવચન અનુક્રમણિકા


| પ્ર. ક્રમાંક | તારીખ | મૂળ ગ્રંથનો પાના નં. | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨૯-૫-૯૧ | ૧ | ૦૦૧ |
| ૨ | ૧-૬-૯૧ | ૪ થી ૮ | ૦૧૪ |
| ૩ | ૨-૬-૯૧ | ૮ | ૦૨૪ |
| ૪ | ૩-૬-૯૧ | ૧૨ | ૦૪૧ |
| ૫ | ૯-૬-૯૧ | ૨૬ | ૦૫૬ |
| ૬ | ૧૦-૬-૯૧ | ૩૧ | ૦૭૦ |
| ૭ | ૧૧-૬-૯૧ | ૩૧ | ૦૮૨ |
| ૮ | -- | -- | -- |
| ૯ | ૧૩-૬-૯૧ | ૪૩ | ૦૯૬ |
| ૧૦ | ૧૪-૬-૯૧ | ૫૦ | ૧૧૧ |
| ૧૧ | -- | -- | -- |
| ૧૨ | ૧૬-૬-૯૧ | ૬૫ | ૧૩૮ |
| ૧૩ | ૧૯-૬-૯૧ | ૭૨ | ૧૫૨ |
| ૧૪ | ૨૦-૬-૯૧ | ૭૬ | ૧૬૮ |
| ૧૫ | ૨૧-૬-૯૧ | ૭૬ | ૧૮૨ |
| ૧૬ | ૨૯-૬-૯૧ | ૭૮ | ૧૯૫ |
| ૧૭ | ૧-૭-૯૧ | ૮૧ | ૨૧૧ |
| ૧૮ | ૨-૭-૯૧ | ૮૧ | ૨૨૩ |
| ૧૯ | ૩-૭-૯૧ | ૮૧ | ૨૩૮ |
| ૨૦ | ૪-૭-૯૧ | ૮૬ | ૨૫૩ |
| ૨૧ | ૫-૭-૯૧ | ૮૮ | ૨૬૪ |
| ૨૨ | ૬-૭-૯૧ | ૯૧ | ૨૭૮ |
| ૨૩ | ૭-૭-૯૧ | ૯૩ | ૨૯૧ |
| ૨૪ | ૯-૭-૯૧ | ૧૦૨ | ૩૦૦ |
| ૨૫ | ૧૩-૭-૯૧ | ૧૦૪ | ૩૧૨ |
| ૨૬ | ૧૪-૭-૯૧ | ૧૦૬ | ૩૨૭ |
| ૨૭ | ૧૫-૭-૯૧ | ૧૦૮ | ૩૩૭ |
| ૨૮ | ૧૬-૭-૯૧ | ૧૦૯ | ૩૫૧ |
| ૨૯ | ૧૭-૭-૯૧ | ૧૧૦ | ૩૬૪ |
| ૩૦ | ૧૮-૭-૯૧ | ૧૧૧ | ૩૮૦ |
| ૩૧ | ૧૯-૭-૯૧ | ૮૧ | ૩૯૩ |
| ૩૨ | ૨૬-૪-૯૩ (ઇડર) | ૭૧ | ૪૦૯ |
| ૩૩ | ૨૬-૪-૯૩ (ઇડર) | ૭૧ | ૪૨૭ |
| ૩૪ | ૨૭-૪-૯૩ (ઇડર) | ૭૧ | ૪૪૪ |
| ૩૫ | ૨૯-૪-૯૩ (ઇડર) | ૭૧ | ૪૫૪ |
| ૩૬ | ૨૯-૪-૯૩ (ઇડર) | ૭૧ | ૪૭૧ |

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# ચિદ્‌વિલાસ પ્રવચન

**(શ્રી દીપચંદજી કાસલીવાલ દ્વારા રચિત શ્રી ચિદ્‌વિલાસ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)**

**તા. ૨૯-૫-૧૯૯૧, પાના નં. ૧,**
**પ્રવચન નં. ૧**

**અવિચલ જ્ઞાન પ્રકાશમય, ગુણ અનંતનું સ્થાન;**
**ધ્યાન ધરત શિવ પામીએ, પરમસિદ્ધ ભગવાન.**

સિદ્ધ ભગવાનને મંગલાચરણમાં નમસ્કાર કર્યા છે. '**અનંત ચિદ્‌શક્તિથી શા-ભાયમાન એવા પરમ સિદ્ધ પરમેશ્વરને નમસ્કાર કરીને આ ચિદ્‌વિલાસ કહું છું.**' ગ્રંથકર્તાએ મંગલાચરણ કરીને પ્રતિજ્ઞા કરી છે. એમાં પહેલો દ્રવ્ય અધિકાર લીધો છે.

'**પ્રથમ જ વસ્તુ વિષે દ્રવ્ય-ગુણ-પર્યાયનો નિર્ણય કરીએ છીએ :-**' સૌથી પહેલા જે કોઈ વસ્તુ છે એ વસ્તુની વ્યવસ્થા દ્રવ્ય-ગુણ-પર્યાયથી કેવી રીતે છે એનો નિર્ણય કરીએ છીએ. '**ત્યાં દ્રવ્યનું સ્વરૂપ કહીએ છીએ :-**' ત્યાં દ્રવ્યનું સ્વરૂપ કહ્યું છે કે '**द्रव्यं सत् लक्षणं**' અથવા '**सत् लक्षणं द्रव्यं**' આ 'પંચાસ્તિકાય'ની ગાથા-૧૦મી છે. 'તત્ત્વાર્થસૂત્ર'ના પાંચમા અધ્યાયનું પણ આ ૨૯મું સૂત્ર છે. 'પ્રવચનસાર'માં પણ ૯૭ ગાથામાં આ વાત કરી છે અને આલાપ પદ્ધતિ નામના ગ્રંથમાં પણ ૯૬ પૃષ્ઠમાં આ વાત કરી છે. ચાર ગ્રંથની અંદર આનો આધાર મળે છે. '**द्रव्यं सत् लक्षणौं**' '**એમ જિનાગમમાં કહ્યું છે.**' હવે '**द्रव्यं सत् लक्षणं**'નો

આપણે અર્થ કરીએ લઈએ. કેમકે આમાં અર્થ નથી કર્યો.

**'सत्'** એટલે હોવાપણું, સત્તા. સત્તા સૂચક છે. સત્તાનો ગુણ તે સત્‌પણું. તો કોઈપણ પદાર્થ હોય એની હયાતી હોય એમ કહેવું છે. હયાતી વગર પદાર્થની કોઈ વાત કરવાની રહે-તી નથી. માટે કોઈપણ પદાર્થ છે એને હયાતીથી જુઓ. પહેલા એના અસ્તિત્વનો સ્વીકાર કરો. પદાર્થના અસ્તિત્વને સ્વીકાર કરવો. અસ્તિત્વથી પદાર્થનો સ્વીકાર કરવો. અસ્તિત્વ લક્ષણથી પદાર્થનો સ્વીકાર કરવો. એ છએ દ્રવ્ય આવી જાય છે. આત્માની વાત નથી અહીં યાં. છએ દ્રવ્યની વાત લેવી છે કે છએ દ્રવ્યનું અસ્તિત્વ છે.

શ્વેતાંબર-દિગંબરમાં કાળદ્રવ્યમાં ફેર પડે છે. તો દિગંબર કાળાણુનું અસ્તિત્વ સ્વીકારે છે, ત્યારે શ્વેતાંબર કાળાણુનું અસ્તિત્વ નથી સ્વીકારતા. ઉપચરિત દ્રવ્ય કહી દે છે. કેમકે મૂળમાં એ દ્રવ્ય તરીકે જાહેર થયેલું છે. તો કહે છે, (એને) ઉપચરિત દ્રવ્ય કહો. શ્વેતાંબરની અંદર કાળાણુના અસ્તિત્વને નથી સ્વીકાર્યું. ઉપચરિત દ્રવ્ય તરીકે એને સ્વીકાર્યું છે. તો જે દ્રવ્ય હોય એને અસ્તિત્વ હોય જ, એની સત્તા હોય જ, એની હયાતી હોય જ અને એ અસ્તિત્વ લક્ષણથી દ્રવ્યનો સ્વીકાર કરવો જોઈએ. જ્યાં સુધી અસ્તિત્વ જ જેનું નથી તો દ્રવ્ય તરીકે એનો સ્વીકાર કરવાનું રહેતું નથી. માટે છએ દ્રવ્યનું જે લક્ષણ છે એ અસ્તિત્વ છે.

મુમુક્ષુ :- અસ્તિત્વ કહેતા ત્રિકાળપણું?

પૂજ્ય ભાઈશ્રી :- અસ્તિત્વ કહેતા એની હયાતીપણું. પછી હયાતી છે એક સમય તે સૌ સમય. હયાતી હોય તો એક જ સમય જો કોઈની હયાતી હોય તો બધા સમય હોય. ભલે અવસ્થાભેદ હોઈ શકે છે. ભેદ અવસ્થા જોઈ. પણ એની હયાતી છે એ તો કાયમ જ છે. વિભિન્ન અવસ્થાએ પણ હયાતી તો કાયમ જ હોય છે.

**'ત્યાં શિષ્ય પ્રશ્ન કરે છે કે હે પ્રભો! (૧) 'गुणसमुदायो द्रव्यं' (અર્થાત્ ગુણોનો સમુદાય તે દ્રવ્ય છે) એવું શ્રી જિનવચન છે,...'** લ્યો! જિનવચન છે એમ કહ્યું છે. એવું જિનવચન છે એમ કહ્યું છે. 'પંચાધ્યાયી'ની ગાથા ૯૭ છે આ. પ્રથમ જ પૂર્વમાં પહેલા ભાગમાં એ દ્રવ્ય સામાન્ય અધિકાર એમાં આ ૯૭મી ગાથા છે. આ કેટલાક વિદ્વાનોને **'गुणसमुदायो द्रव्यं'** નથી બેસતું. બરૈયાજીએ ભૂલ કરી છે એમ માને છે. કારણ કે આપણે જે પ્રશ્નોત્તરમાળા છે એમાં **'गुणसमुदायो द्रव्यं'** એ વાત લીધી છે. બરૈયાજીની આ એક કલ્પના લાગે છે. 'ગુરુ ગોપાલદાસજી બરૈયા' 'ગ્વાલિયર'માં થયા. 'ગ્વાલિયાર'માં થયા ને? લશ્કર 'ગ્વાલિયર' લશ્કરમાં. 'ગ્વાલિયર' અમે ગયા હતા ત્યાં એમના આજે બરૈયા ફેમેલી છે. આ તો હમણા જ થયા ને. 'શ્રીમદ્‌જી'ના વખતમાં જ થયા. સમકાલિન હતા સો વર્ષ પહેલા. એટલે એમનું કુટુંબ-પરિવાર છે, બરૈયા કુટુંબ છે. એક તો વિદ્વાન છે. 'કપુરચંદજી

બરૈયા' કરીને વિદ્વાન છે. એ તો આવે છે આપણા 'આગ્રા'ની શિબિરમાં પણ જોઈએ છીએ. આ પહેલાની શિબિરમાં પણ આવ્યા હતા. 'કપુરચંદજી'ને તમે ઓળખતા હશો. 'કપુરચંદજી બરૈયા'ને તમે જાણતા હશો. 'ગ્વાલિયર'ના. 'ગ્વાલિયર'થી આગ્રા આવે છે. બરૈયાજીની આ કલ્પના નથી પણ 'પંચાધ્યાયી'માં પણ આ સૂત્ર છે એમ કહેવું છે. અને 'પંચાધ્યાયી' તો એક આધારભૂત ગ્રંથ છે.

**'એવું શ્રી જિનવચન છે,...'** અહીંયાં જિનવચન કહ્યું. ઓલું આગમવચન કહ્યું. અહીં યાં જિનવચન કહ્યું. **'માટે એક સત્તામાત્રને (દ્રવ્યનું લક્ષણ કહેવામાં) અનંત ગુણની સિદ્ધિ થતી નથી.'** શું કાઢ્યું એમાંથી? કે **'सत् लक्षणं द्रव्यं'** કહેતાં બીજા ગુણોનું શું? એકલો સત્તાધારી પદાર્થ છે કોઈપણ પદાર્થ? તો કહેના અનંત ગુણાત્મક છે. માટે **'गुणसमुदायो द्रव्यं'** એ વ્યાખ્યા એથી વધારે સારી છે. **'सत् लक्षणं द्रव्यं'** એ દ્રવ્યની વ્યાખ્યા કરતા **'गुणसमुदायो द्रव्यं'** યહ પરિભાષા જ્યાદા અચ્છી હૈ. ક્યોંકિ ઉસમેં તો ક્ષતિ દિખતી હૈ કિ સત્તા ગુણકો તો લે લિયા આપને, લેકિન દૂસરા ગુણ હૈ કિ નહીં હૈ? હમ ક્યા જાને? તો એ પરફેક્ટ જો પરિભાષા હૈ વહ પૂરે દ્રવ્યકો બતાતી હૈ.

'(૨) **વળી ગુણ સમુદાય (તે દ્રવ્ય છે) એમ કહેતાં 'गुणपर्यायवद द्रव्यं'** અર્થાત્ ગુણ પર્યાયવાલા દ્રવ્ય હૈ ઐસી સિદ્ધિ હોતી હૈ. ગુણમેં અકેલે ત્રિકાલી ગુણ નહીં લેના હૈ. યહાં ગુણ ઔર પર્યાય દોનોં કો ભી ગુણ કહતે હૈં. કેરેક્ટર કો ભી ગુણ કહતે હૈં. તો ઉસમેં ગુણ, પર્યાય ઔર ધર્મ સબ આ ગયે. ઐસા જો હોતા હૈ ઉસીકો દ્રવ્ય કહને મેં આતા હૈ. અર્થાત્ ઐસી સિદ્ધિ હોતી હૈ ઈસલિયે ગુણપર્યાયવત્ દ્રવ્યં (કહા). ગુણસમુદાય ઐસા કહને સે ઉસમેં પર્યાયકી સિદ્ધિ નહીં હોતી હૈ. ઈસલિયે **'गुणपर्यायवद द्रव्यं'** ઐસા ઔર સ્પષ્ટીકરણ કર દિયા. અસ્તિત્વમેં સભી ગુણ હૈ. એક પદાર્થ કે અસ્તિત્વ મેં સભી ગુણ રહતે હૈં. ફિર ભી સ્પષ્ટ નહીં હોતા હૈ તો ગુણસમુદાય ઐસા બોલ દિયા. ગુણસમુદાયમેં પર્યાય નહીં આતી હૈ તો **'गुणपर्यायवद द्रव्यं'** ઐસા બોલ દિયા. ઐસા કરકે તીનોં બાત લે લી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહીં. યહાં તો પૂરી વસ્તુ હૈ પ્રમાણકા વિષય ઉસકી બાત ચલતી હૈ. છહોં દ્રવ્ય કી બાત ચલતી હૈ. યહાં આત્મા એકકી બાત તો ચલતી નહીં હૈ. ઈસલિયે દૃષ્ટિ કા વિષય, જ્ઞાન કા વિષય વહ બાત નહીં ચલતી હૈ. ક્યોંકિ છૌં દ્રવ્યોંકી બાત ચલતી હૈ. વસ્તુ હૈ ઈસકી બાત ચલતી હૈ. માને જીવ-અજીવ સભીકી પરિભાષા મેં વહ આના ચાહિયે. તો અન્ય દ્રવ્ય કી દૃષ્ટિ કરને કા તો સવાલ હી નહીં પૈદા હોતા. ઈસલિયે યહાં વહ બાત નહીં હૈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હાં. વસ્તુ. કોઈ ભી. જડ, ચેતન, ધર્માસ્તિ, રૂપી, અરૂપી કોઈ ભી દ્રવ્ય. છહોં દ્રવ્યમેં કિસી કો ભી લો. સભી કા ઈસ પરિભાષામાં સમાવિષ્ટ હો જાના ચાહિયે. ઐસા. ગુણસમુદાયમેં પર્યાયકી સિદ્ધિ નહીં હોને સે '**गुणपर्यायवद् द्रव्यं**' ઐસા લેના ચાહિયે. ઐસા કહતે હૈં. વહ તો ચારોં કી ચર્ચા કરેંગે. 'દીપચંદજી' ખુદ હી ચારોંકી ચર્ચા કરેંગે.

ઔર '**द्रव्यत्वयोगाद् द्रव्यं**' અર્થાત્ દ્રવ્ય કે સંબંધ સે માને દ્રવ્યપના હોને સે, ઐસા જો દ્રવ્યકા વિશેષણ કહો તો કહ સકતે હૈ કિ દ્રવ્ય તો સ્વતઃ સિદ્ધ હૈ. યહ ભી 'તત્ત્વાર્થસૂત્ર'મેં આતા હૈ. યહ 'પંચાધ્યાયી' આઠવીં ગાથા મેં આતા હૈ. ઔર '**गुणपर्यायवद् द्रव्यं**' હૈ વહ 'તત્ત્વાર્થસૂત્ર' કી ૩૮ ગાથામેં આતા હૈ, 'પ્રવચનસાર'કી ૯૫ ગાથા મેં આતા હૈ, 'પંચાધ્યાયી'કી ૭૨વીં ગાથા મેં આતા હૈ. તીન જગહ.

('**द्रव्यत्वयोगाद् द्रव्यं**' યહ ભી)'**દ્રવ્યકા વિશેષણ કરે, તબ કહના પડતા હૈ કિ યદિ દ્રવ્ય સ્વતઃસિદ્ધ હૈ તો યે વિશેષણ જૂઠે હુએ ક્યોંકિ દ્રવ્ય ઈનકે અધીન નહીં હૈ.**' ઈસ પ્રકાર સે ઉપર કે (કોઈ) લક્ષણ નિર્બાધ સિદ્ધ નહીં હોતે હૈ ઐસા શિષ્ય કા પ્રશ્ન હૈ. યહ તો પ્રશ્ન કિયા હૈ. ઈસલિયે વહાં કોઈ વિશ્લેષણ નહીં કિયા હૈ. ઉત્તર તો અભી દેંગે. અભી પ્રશ્ન કિયા હૈ. ચાર પ્રકાર સે જબ દ્રવ્ય કી વ્યાખ્યા હોતી હૈ તો હમેં તો કોઈ સમાધાન નહીં હો રહા હૈ. સબ બાત અલગ-અલગ હૈ. ચારોંમેં પરિભાષા અલગ અલગ હૈ. આપ સમાધાન કર દીજિયે કિ ચારોં એક બાત હૈ યા ચારોં અલગ બાત હૈં. તો 'દિપચંદજી' ચારોં મેં એક હી બાત કહને કા અભિપ્રાય હૈ, એક હી વસ્તુ બતાને કા અભિપ્રાય હૈ ઐસા સમાધાન કરતે હૈં.

ઉસકા સમાધાન કરતે હૈં : હે શિષ્ય! વસ્તુમેં મુખ્ય (ઔર) ગૌણકી વિવક્ષાસે કથન કરને મેં આતા હૈ. કથન કરને મેં કોઈ કભી કિસી ગુણકી મુખ્યતા, કભી કિસી બાત કી મુખ્યતા (હોતી હી) ઔર સબ બાત ગૌણ રહતી હૈ. ઈસલિયે જબ સત્તા કી મુખ્યતા કરતે હૈં, મુખ્યતા કરકે કહતે હૈં તબ સત્તા કો દ્રવ્ય કા લક્ષણ કહને મેં આયા હૈ. ક્યોંકિ સત્તા 'હૈ' ઐસા લક્ષણવાલી હૈ. સત્તા હૈ વહ 'હૈ' ઐસા લક્ષણવાલી હૈ. ઈસલિયે 'હૈ' ઐસે લક્ષણમેં, ઐસે લક્ષણ મેં માને અસ્તિત્વમેં ગુણોંકા સમુદાય, ગુણ પર્યાય ઔર દ્રવ્યત્વ સભી આ જાતા હૈ. વહ વ્યાપક વ્યાખ્યા હૈ. અસ્તિત્વ મેં ક્યા ચીજ બાકી રહી? કિ મૌજૂદગી મેં તો જિતની ભી બાત હૈ વહ સભી મૌજૂદ હૈ. સભી ગુણ ભી મૌજૂદ હૈ, પર્યાયેં ભી મૌજૂદ હૈ, દ્રવ્યત્વ ભી મૌજૂદ હૈ. યહ સબ આ જાતા હૈ. ઈસલિયે સત્તા કો દ્રવ્યકા લક્ષણ કહને મેં કોઈ દોષ યા વિરોધ નહીં આતા. યહી કારણ હૈ.

અબ દૂસરે કી બાત કરતે હૈં કિ ગુણસમુદાય કહને સે અગુરુલઘુ ભી આયા. ગુણ કે સમુદાય મેં અગુરુલઘુગુણ ભી આયા. ઔર અલઘુગુરુગુણમેં ષટ્‌ગુણહાનિવૃદ્ધિરૂપ પર્યાય ભી

આ ગયી. ઈસલિયે ગુણસમુદાયમેં પર્યાય કી સિદ્ધિ હો જાતી હૈ. ગુણસમુદાયમેં પર્યાય નહીં આતી હૈ સો બાત નહીં હૈ. અર્થાત્ ગુણોંમે દ્રવ્ય-ગુણ ભી આ જાતે હૈ. ક્યોંકિ વહ ભી એક ગુણ હૈ. ઈસલિયે '**गुणसमुदायो द्रव्यं**' ઐસા કહને સે વહ વિવિક્ષા ભી પ્રમાણ માલૂમ પડતી હૈ. માને સહી માલૂમ પડતી હૈ. અગુરુલઘુગુણમેં હાનિવૃદ્ધિ તો ઉસકા વિશેષ પરિણમન હૈ. તો પર્યાય નહીં આયી સો બાત નહીં રહી. ઔર દ્રવ્યત્વ ભી ઉસકા ગુણ હૈ ઈસલિયે દ્રવ્યત્વ નહીં આયા વહ બાત નહીં રહી. ઈસલયે વહ વ્યાખ્યા ભી ઠીક હૈ.

અભી '**गुणपर्यायवद् द्रव्यं**' અર્થાત્ ગુણપર્યાયવાલા દ્રવ્ય હૈ ઐસા કહને સે ઉસમેં સત્તા ભી આયી, સર્વ ગુણપર્યાય આ ગયી ઔર ગુણપર્યાયવાન દ્રવ્ય હૈ ઐસી ભી વિવિક્ષા આ ગયી ઈસલિયે વહ ભી વિવિક્ષા પ્રમાણ હૈ.

મુમુક્ષુ :- ષટ્‌ગુણહાનિવૃદ્ધિ છહોં દ્રવ્યમેં હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- હાં, છહોં દ્રવ્ય મેં હૈ. ઔર છહોંમેં અગુરુલઘુગુણ હૈ. અગર અગુરુ-લઘુગુણ નહીં હોતા તો વહ દ્રવ્ય અપના દ્રવ્યસ્વરૂપ ત્રિકાલ નહીં રહ સકતા. કિસી કે સાથ કભી ન કભી મીલ જાતા. યહ હો જાતા.

'**द्रव्यत्वयोगाद् द्रव्यं**' અર્થાત્ દ્રવ્યત્વકે સંબંધ સે દ્રવ્ય હૈ વહ પ્રમાણ કિસ તરહ સે હૈ? તો કહતે હૈં કિ ગુણપર્યાયોં કો દ્રવે બિના દ્રવ્ય નહીં હો સકતા. ઈસલિયે દ્રવ્યત્વપના યહ દ્રવ્યત્વ ગુણ સે હૈ. દ્રવ્ય સ્વયં દ્રવકરકે ગુણપર્યાયમેં વ્યાપકરકે ઉસકો પ્રગટ કરતે હૈ ઈસલિયે ગુણપર્યાય કા પ્રગટપના દ્રવ્યત્વગુણસે હૈ. ક્યા કહતે હૈં? કિ પદાર્થ મેં દ્રવ્યગુણપના ક્યા કારણ સે હૈ? કિ દ્રવ્યત્વગુણ કે કારણ સે હૈ. દ્રવ્યત્વગુણ સે દ્રવ્ય જો હૈ વહ નામ પડા હૈ, દ્રવ્યત્વકે ગુણ કે કારણ સે તો ઉસકા નામ ભી દ્રવ્ય પડા હૈ. ઔર વહ અપને ગુણપર્યાયરૂપ દ્રવણ કરતા હૈ. દ્રવણ કરતા હૈ. દ્રવણ કહતે હૈં ન અપન? કિ જૈસે બર્ફ હૈ ઉસકા દ્રવણ હો ગયા તો પાની હો ગયા. તો અવસ્થા સે અવસ્થાંતર હોના ઉસકો દ્રવણ કહતે હૈં. ઐસા દ્રવણ ક્યોં હૈ? કિ ઐસી કોઈ શક્તિ હૈ. દ્રવ્યત્વ નામકી ઐસી કોઈ શક્તિ હૈ ઈસલિયે દ્રવ્ય હૈ વહ અપને ગુણપર્યાયમેં વ્યાપક હોકર હમેંશા દ્રવણ કરતા રહતા હૈ. દ્રવતા હી રહતા હૈ. બિના દ્રવ્યત્વ કભી કોઈ દ્રવ્ય રહતા નહીં.

મુમુક્ષુ :- ઐસા કહતે હૈં, પરિણામકો પ્રાપ્ત હુઆ હૈ, હોતા હૈ ઔર હોગા ઉસે દ્રવ્ય કહતે હૈં.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, ઠીક હૈ. વહી બાત હૈ. ઉસીકો હી દ્રવણ કહતે હૈં. ઠીક હૈ.

ઈસલિયે દ્રવ્યત્વકી વિવિક્ષા સે ગુણપર્યાય કો દ્રવણ કિયે બિના દ્રવ્ય નહીં હો સકતા. ઈસલિયે દ્રવનેપના દ્રવ્યત્વગુણ સે હૈ. દ્રવ્ય સ્વયં હી દ્રવકરકે ગુણપર્યાય મેં વ્યાપ્ત હોકરકે

ઉસકો પ્રગટ કરતા હૈ. ઈસલિયે ગુણપર્યાય કા પ્રગટપના દ્રવ્યત્વગુણકે કારણસે હૈ. ઈસલિયે દ્રવ્યત્વ કી વિવિક્ષા સે '**द्रव्यत्वयोगाद् द्रव्यं**' અર્થાત્ દ્રવ્યત્વકે સંબંધ સે દ્રવ્ય હૈ. સંબંધ માને વહ સંયોગસંબંધ નહીં લેના. સ્વભાવસંબંધ લેના. યહ ભી પ્રમાણ હૈ. દ્રવ્ય સ્વતઃસિદ્ધ હૈ યહ ભી પ્રમાણ હૈ. ક્યોંકિ વહ ચારોં દ્રવ્યકા સ્વતઃ સ્વભાવ હૈ. ચારોં પ્રકાર હૈ વહ દ્રવ્ય કા સ્વતઃ સ્વભાવ હૈ. અપને સ્વભાવરૂપ સે દ્રવ્ય સ્વતઃ પરિણમતા હૈ ઈસલિયે સ્વતઃસિદ્ધ કહને મેં આતા હૈ.

ઈસપ્રકાર સત્તા, ગુણોંકા સમુદાય, ગુણપર્યાયવાલા ઔર દ્રવ્યત્વકા સંબંધ યહ ચારોં લક્ષણ ભી પ્રમાણ હૈ. કહીં ભી વિરોધ નહીં આતા. ઈસમેં સે કિસી એક કો જબ મુખ્ય કરકે કહને મેં આતા હૈ તો બાકી તીનોં લક્ષણ ભી ઉસમેં ગર્ભિતરૂપ સે આ જાતા હૈ, ઐસા સમજના ચાહિયે.

મુમુક્ષુ :- ઘણો ખુલાસો કર્યો.

પૂજ્ય ભાઈશ્રી :- એકદમ સ્પષ્ટ. વહ તો ક્યા હૈ કિ ઈનકા જો જ્ઞાન હૈ, સિદ્ધાંતજ્ઞાન હૈ 'દીપચંદજી'કા બહુત સૂક્ષ્મ થા. જ્ઞાનિયોં મેં ભી ઈસપ્રકાર કા ઉઘાડ વિશિષ્ટ હોતા હૈ કિ જો સૂક્ષ્મ પદાર્થ કે ગુણધર્મ કે વિષયમેં વહ જ્ઞાન ચલા જાતા હૈ ઔર સિદ્ધાંત કો વસ્તુસ્થિતિ કો સૈદ્ધાંતિકરૂપમેં વહ નિરૂપણ કર સકતે હૈં.

દ્રવ્ય ગુણપર્યાય કો દ્રવતે હૈં. દ્રવ્ય ગુણપર્યાકો દ્રવતા હૈ. ક્યા હૈ? દ્રવ્ય હૈ વહ ગુણપર્યાય કો દ્રવતા હૈ. માને જૈસે વૃક્ષ હૈ વહ અપની શાખા-પ્રશાખા-પત્તે મેં ફૈલતા હૈ યા ફલતા હૈ. ફલતા હૈ. વહ કહતે હૈં ન કિ ભાઈ યહ ફસલ ફલી હૈ. તો યહ વૃક્ષ હૈ વહ ફલતા હૈ. વૈસે દ્રવ્ય હૈ. વૃક્ષ કે સ્થાનમેં લે લો. ગુણપર્યાયરૂપ વહ દ્રવતા હૈ. વહ ઉસકે અંગઉપાંગ હૈ. ઔર ગુણ હૈ વહ પર્યાય કે રૂપમેં દ્રવતા હૈ. ગુણ હૈ વહ ઉસકી અવસ્થા હોતી હૈ પર્યાય કે રૂપમેં વહ પનપતા હૈ. હમારે ગુજરાતી મેં વૃક્ષ પાંગરે છે એમ કહેવાય છે. વૃક્ષ છે એ થડ, ડાળી, પાંદડા, ફળ, ફૂલ એ વગેરે રૂપે પાંગરે છે. એમ દ્રવ્ય છે એ ગુણ-પર્યાયરૂપે પાંગરે છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- વિસ્તૃત હોતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં. વિસ્તૃત હોતા હૈ.

ઈસલિયે વહ દ્રવ્ય ઐસે નામ કો પાતા હૈ. ઐસે નામ કો પ્રાપ્ત કરતા હૈ. દ્રવ્યાર્થિકનય દ્વારા દ્રવ્યકે જો વિશેષણ હૈ ઉસકે અનેક ભેદ હૈં. અભી દ્રવ્યાર્થિકનય દ્વારા દ્રવ્યકી જિતની વિશેષતા હૈ ઉસકે અનેક ભેદ-પ્રભેદ જો હૈ વહ કહને મેં આતે હૈં. વહ આલાપ પદ્ધતિ કે પૃષ્ઠ અંશ ૭૦ સે ૭૨ તક જો બાત હૈ વહ દ્રવ્યાર્થિકનય કા દસ ભેદ આલાપ પદ્ધતિ મેં લિયા

હૈ. યહ આલાપપદ્ધતિ ન્યાય કા બડા ગ્રંથ હૈ. ઉસમેં દ્રવ્યાર્થિકનય કા દસ પ્રકાર લિયા હૈ.

અભેદ દ્રવ્યાર્થિકનય સે સ્વયં કે સ્વભાવ સે અભેદ બતાતે હૈ. અભેદ દ્રવ્યાર્થિકનય સે સ્વભાવ સે દ્રવ્યકી અભેદતા કો દર્શાને મેં આતા હૈ. વહ અભેદ દ્રવ્યાર્થિકનય બોલા જાતા હૈ. ભેદકલ્પના માને સાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનય દ્રવ્યકો ભેદરૂપ બતાતા હૈ. જો ભેદકલ્પના, અભેદ હોતે હુએ ભી ઉસમેં ભેદ કરના ઉસકો ભેદકલ્પના કહતે હૈં. વહ કલ્પના હોને સે ઉસ નય કો ભી અશુદ્ધદ્રવ્યાર્થિક કહને મેં આતા હૈ. ક્યોંકિ ઉસકા વિષય અશુદ્ધ હુઆ. નય અશુદ્ધ નહીં હુઆ લેકિન ઉસકા વિષય અશુદ્ધ હોને સે ઉસ નય કા નામ—સંજ્ઞા અશુદ્ધ દ્રવ્યાર્થિક ઐસા બોલને મેં આતા હૈ.

શુદ્ધદ્રવ્યાર્થિકનય દ્રવ્ય કો શુદ્ધ બતાતા હૈ. માને શુદ્ધ દ્રવ્ય કો વિષય કરનેવાલા જો નય હૈ ઉસકો શુદ્ધ દ્રવ્યાર્થિકનય કહને મેં આતા હૈ. ઉસકો શુદ્ધનય ભી કહને મેં આતા હૈ. અન્વય દ્રવ્યાર્થિકનય. અબ ક્યા કહા? અન્વય દ્રવ્યાર્થિકનય દ્રવ્યકો ગુણાદિ સ્વભાવરૂપ બતાતા હૈ. અન્વય દ્રવ્યાર્થિકનય અન્વયપના બતાતા હૈ. અન્વય માને ચાલુ... ચાલુ... ચાલુ... ચાલુ... ચાલુ... રહના ઉસકો અન્વય દ્રવ્યાર્થિકનય કહતે હૈં. તો વહ દ્રવ્યકો, દ્રવ્યકો ગુણાદિ સ્વભાવરૂપ બતાતા હૈ. સત્તા સાપેક્ષ દ્રવ્યાર્થિકનય દ્રવ્ય કો સત્તારૂપ બતાતા હૈ. અનંત જ્ઞાનસાપેક્ષ દ્રવ્યાર્થિકનય દ્રવ્ય કો જ્ઞાનસ્વરૂપ બતાતા હૈ. દર્શનસાપેક્ષ દ્રવ્યાર્થિકનય દ્રવ્ય કો દર્શનરૂપ બતાતા હૈ. અનંતગુણ સાપેક્ષ દ્રવ્યાર્થિકનય દ્રવ્ય કો અનંતગુણરૂપ બતાતા હૈ. ઈત્યાદિ અનેક વિશેષણોં દ્રવ્ય કે હૈં. વહ દ્રવ્ય મેં નય પ્રમાણ દ્વારા સાધના, ઉસકી સિદ્ધિ કરના. નય પ્રમાણ દ્વારા ઉસકી સિદ્ધિ કરના.

ઉપર જો ભેદ, અભેદ, શુદ્ધ ઈત્યાદિ પ્રકાર કહા હૈ વહ સબ દ્રવ્યકા વિશેષણ યાની લક્ષણ હૈ ઔર ઈન સબ કા વિશેષ્યરૂપ માને લક્ષરૂપ હૈ સો દ્રવ્ય હૈ. દ્રવ્ય કી જિતની વિશેષતા હૈ ઉતની વિશેષતા સે ઉસકો બતા સકતે હૈ. દ્રવ્યાર્થિકનય કા ભી બહુત પ્રકાર હો જાતા હૈ.

મુમુક્ષુ :- યહાં જ્ઞાન લિયા ...

પૂજ્ય ભાઈશ્રી :- હાં, વહાં જીવદ્રવ્યકી બાત હૈ. વહાં જીવદ્રવ્યકી બાત હૈ. અભી તો ક્યા હૈ કિ જ્યાદા બાત જીવદ્રવ્ય કી આ જાયેગી. પહલે શુરૂઆત ઐસે કી હૈ લેકિન જ્યાદા બાત તો જીવદ્રવ્ય કી આયેગી. ક્યોંકિ પહચાન તો અપને સ્વરૂપ કી કરની હૈ. ઈસલિયે.

યહાં કોઈ પ્રશ્ન કરતા હૈ કિ હે પ્રભુ ! ગુણોંકે લક્ષણ દ્વારા તો દ્રવ્ય કો જાના કિન્તુ પર્યાય કે લક્ષણ દ્વારા પર્યાય કો જાના, દ્રવ્ય તો કોઈ વસ્તુ નહીં હૈ ઐસા કહને સે દ્રવ્ય જૈસે આકાશ કા ફૂલ કહનેમાત્ર હૈ, વૈસે દ્રવ્ય કા સ્વરૂપ કહનેમાત્ર હી હૈ ઐસા ઠરેગા, ઐસા સિદ્ધ હોગા. ઈસકા રૂપ તો ગુણપર્યાય હૈ, દૂસરા કોઈ નહીં હૈ. ઈસલિયે ગુણપર્યાય હી હૈ, દ્રવ્ય

નહીં હૈ. ક્યા પ્રશ્ન ઉઠાયા? કિ દ્રવ્ય મેં ગુણપર્યાય હૈ. તો ગુણપર્યા કા પુંજ ઉસકો હી જબ દ્રવ્ય કહતે હૈં તો દ્રવ્ય તીસરી કોઈ ચીજ તો હૈ નહીં. જૈસે વૃક્ષ કહતે હૈં તો જો ભી વૃક્ષ કે અવયવ હૈં વહ વૃક્ષ હૈ. વૃક્ષ કોઈ અલગ ચીજ તો હૈ નહી ઈસ અવયવ સે. અવયવી કોઈ અલગ ચીજનહીં હૈ. તો આપ દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય.. ઐસી ક્યોં બાત કરતે હોં ? ગુણ ઔર પર્યાય સે ઉસકી બાત કર લો. દ્રવ્ય કી બાત તો કહો હી મત. ક્યોંકિ દ્રવ્ય જૈસી કોઈ તીસરી ચીજ તો હૈ નહીં. ગુણપર્યાય કો છોડકર કે ફિર દ્રવ્ય જૈસી કૌનસી ચીજ બચી કિ જિસકો આપ દ્રવ્ય કહેત હો? દ્રવ્ય-ગુણ-પર્યાય ઐસા તીન કહા. તો ગુણ-પર્યાયમેં તો પૂરા દ્રવ્ય આ હી જાતા હૈ. ફિર દ્રવ્ય જૈસી બાત ક્યોં કહતે હો આપ? હમારી સમજ મેં તો આપકી બાત નહીં આતી હૈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- યહ બાત હૈ. યહ બાત નહીં બૈઠતી. કઈ લોગોંકો ઐસી બાત નહીં બૈઠતી હૈ. તો ફિર ઈસમેં દ્રવ્ય કી બાત કહાં આતી હૈ? ગુણ-પર્યાયમેં તો સબ બાત પૂરી હો જાતી હૈ ફિર દ્રવ્ય કી બાત લાયે કહાં સે? તો ઐસે લોગ પ્રમાણ કો તો સ્વીકારતે હૈં, પ્રમાણ કો સ્વીકારતે નહીં, પ્રમાણ કા પક્ષ ભી કરતે હૈં. ઉતની હદ તક સ્વીકારતે હૈં. તબ ઉનકો યહ કહતે હૈં કિ જ્ઞાન પ્રમાણકો આપ સ્વીકારતે હો ઔર સ્વીકારે બિના રહા ભી નહીં જાતા. ક્યોંકિ ફિર તો અપ્રમાણ હો જાતા. જબ પ્રમાણતાસે જ્ઞાન પ્રમાણ કો સ્વીકારતે હૈં તો પ્રમાણ કા કોઈ વિષય હૈ કિ નહીં વસ્તુ મેં? યહ દ્રવ્યગુણ તો નય કા વિષય હો જાતા હૈ. ક્યોંકિ વહ એક અવયવ હૈ ઔર નય કા વિષય અંશ રહતા હૈ. પૂરા દ્રવ્ય નહીં રહતા હૈ. તો ગુણપર્યાય તો નય કા વિષય હુઆ, ફિર પ્રમાણ કા વિષય કોઈ હૈ કિ નહીં હૈ? જબ પ્રમાણ કા વિષય હૈ તો ઉસકો હી હમ દ્રવ્ય કહેત હૈં. દૂસરી કોઈ બાત નહીં હૈ. જબ આપ જ્ઞાન કો સ્વીકારતે હૈં તો જ્ઞાનકે વિષય કો સ્વીકારના હી પડેગા અનિવાર્યરૂપ સે. ચલેગા નહીં. ઈસ તરહ સે.

ઐસી હીબાત લી થી. વહ ચર્ચા જો પર્યાય હૈ ન? અનાદિઅનંત પર્યાય હૈ. વર્તમાન પર્યાય પ્રગટ હૈ ઔર અનાદિઅનંત અપ્રગટ હૈ. સત્તા કે રૂપ મેં, યોગ્યતા કે રૂપ મેં હૈ. યહ બાત ભી નહીં બૈઠતી હૈ કિ વહ પર્યાય શક્તિ કી બાત નહીં બૈઠતી હૈ. ફિર ઈસકે સામને ભી ઐસે હી હમને સિદ્ધ કિયા. યહ ચર્ચા ચલી હૈ. હમને ઐસા સિદ્ધ કિયા હૈ કિ દેખીયે કેવલજ્ઞાન મેં અનાદિઅનંત વસ્તુ કી સભી અવસ્થાઓં કા જ્ઞાન હોતા હૈ કિ નહીં? તો બિના જ્ઞેય જ્ઞાન હોતા હૈ? કિ જ્ઞેયસે જ્ઞાન કા કોઈ સંબંધ હૈ વહાં? બતાઈયે આપ.

જબ કેવલજ્ઞાન જાનતા હૈ તો સામને કોઈ જ્ઞેય હૈ ઉસીકા જ્ઞાન હૈ યા બિના જ્ઞેય કોઈ કલ્પના હૈ કેવલજ્ઞાન? કિ વહાં જ્ઞેય હૈ. કિસી ભી રૂપમેં હોના ચાહિયે. લેકિન જ્ઞેય બિના

જ્ઞાનકા જ્ઞેય-જ્ઞાયક સંબંધ બનતા નહીં હૈ. યહ બાત અવશ્ય હૈ. તો ઐસે ઉનકી જો પર્યાયેં પ્રગટ નહીં હૈ ઉસકી સિદ્ધિ ભી હોતી હૈ. જ્ઞાન કો માને ઔર જ્ઞેય કો નહીં માને યહી વિ-રોધાભાસી માન્યતા હૈ. જ્ઞાન કો તો માનેગેં. કેવલજ્ઞાન કો તો માનેગે. લેકિન જ્ઞેય કી બાત આયેગી તો કિ નહીં, ઐસા નહીં બૈઠતા. પદાર્થ ઐસા નહી હમકો સમજ મેં આતા હૈ. ઐસા કહેંગે. યહ બુદ્ધિપૂર્વક કા સમજ કા દોષ હૈ.

ઉસકા સમાધાન. જો સ્વભાવ સે હૈ, જો સ્વભાવ સે હૈ વહ સ્વભાવ હી સે ઉત્પન્ન હૈ. જો સ્વભાવ હૈ વહ સ્વભાવ હી સે ઉત્પન્ન હૈ. માને સ્વભાવ ઔર સ્વભાવવાન ઐસા લિયા. સ્વભાવ લિયા ઔર સ્વભાવવાન ભી લિયા.

મુમુક્ષુ :- સ્વભાવ સ્વભાવવાન કે બિના નહીં હોતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સ્વભાવ સ્વભાવવાન કે બિના આપ કહોગે તો બડી આપત્તિ આ જાયેગી. કિ સ્વભાવ કહાં રહતા હૈ? બિના સ્વભાવવાન સ્વભાવ કહાં રહતા હૈ? કિ નહીં રહ સકતા. બનતા હી નહીં. ઐસા હૈ.

સ્વભાવી ન હો માને સ્વભાવવાન ન હો તો સ્વભાવ ભી ન હો. અગ્નિ ન હો તો ઉસમેં સ્વભાવ ભી ન હો. ઉષ્ણ સ્વભાવ બિના અગ્નિ કહાં રહેગા? કિ નહીં રહ સકતા. ઐસા કહતે હૈં. અગર સોના ન હો તો પીલાશ, ચીકાશ, વજન સ્વભાવ નહીં સકતા. ઈસલિયે ગુણ-પર્યાય દ્રવ્ય કે આશ્રય સે રહતે હૈં. બિના દ્રવ્ય કે આશ્રય ગુણપર્યાય રહતે નહીં. માને ગુણ કા એકત્વ ઔર પર્યાય કા એકત્વ, ગુણપર્યાયોં કા, ગુણોં કા ઔર પર્યાયોં કા એકત્વ જો હૈ વહ દ્રવ્યત્વ હૈ. તો ઈન તીનોં કો સિદ્ધ કરને લિયે ઐસા ભી કહ સકતે હૈં. યહ ભી હમને આર્ગ્યુમેન્ટ દિયા થા કિ જો દ્રવ્યત્વ હૈ વહ ગુણત્વ નહીં હૈ. જો દ્રવ્યત્વ હૈ વહ ગુણત્વ ભી નહીં હૈ ઔર પર્યાયત્વ ભી નહીં હૈ. ઈસલિયે દ્રવ્યત્વ અલગ હૈ. દ્રવ્યત્વ હૈ વહ ગુણત્વ નહીં ઔર (પર્યાયત્વ) નહીં હૈ. ઈસલિયે દ્રવ્યત્વ, ગુણત્વ ઔર પર્યાયત્વ તીનોં કો હી અપના અપના સ્વરૂપ હૈ, ખાસ સ્વરૂપ હૈ, વિશિષ્ટ સ્વરૂપ હૈ ઐસા સ્વીકાર કરના ચાહિયે.

ઔર 'પ્રવચનસાર' કી ૮૦ ગાથા મેં વહ બાત લી હૈ કિ જો અરિહંત ભગવાન કો જાનતે હૈં. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**'. ઐસા કહતે હૈં. તીનોં મેં ત્વ-ત્વ લિયા હૈ. ગુણત્વ સે જાને, પર્યાયત્વ સે જાને ઔર દ્રવ્યત્વ સે જાને વહ અરિહંત કો પહચાનતા હૈ ઔર ઉસીકો અપને આત્માકા મોહ કા ક્ષય હો જાતા હૈ. ઐસા લિયા હૈ. વહાં તીનોં મેં ત્વ લગાયા હૈ. ૮૦ ગાથા મેં.

ઈસ સંબંધ મેં 'તત્ત્વાર્થસૂત્ર' મેં કહા હૈ કિ.. યહ તો ઓથેન્ટિક બાત હૈ. ૪૧ વા જો સૂત્ર હૈ '**द्रव्याश्रया निर्गुणाः गुणाः**' દ્રવ્ય કે આશ્રય સે ગુણ હોતે હૈં, ગુણ કે આશ્રય સે

દૂસરા ગુણ કભી હોતા નહીં. માને ગુણ તો અનંત હૈ તો કિસકે આશ્રય સે રહે? કિ દ્રવ્ય કે આધાર સે રહે હૈં. ગુણ તો અનંત હૈં. લેકિન વહ કિસકે આશ્રય સે રહે હૈં? વહ જો કલ લિયા થા 'નિયમસાર'વાલી બાત. કૌન સા બોલ થા વહ? થોડા ઉસકા વિકલ્પ ચલતા હૈ. 'પરમાગમસાર' મેં વહ બાત લી થી ન?

મુમુક્ષુ :- ૫૫૧.

પૂજ્ય ભાઈશ્રી :- હાં. ૫૫૧ હૈ, બરાબર હૈ.

**'ત્રિકાલી એકરૂપ કારણસમયસાર સો સ્વદ્રવ્યકા આધાર હૈ. ત્રિકાલી સહજજ્ઞાન ત્રિકાલી સહજદર્શનાત્મક-શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય હૈ – ઉસકા આધાર કારણસ-મયસાર હૈ; યહ કારણસમયસાર હી ઉપાદેય હૈ.'** કારણ કે રૂપ મેં ઉપાદેય હૈ. અવલંબન કે રૂપ મેં ઉપાદેય હૈ. ઐસા થોડા વિચાર ચલતા હૈ ઇસમેં કિ સ્વદ્રવ્ય તો યહાં ત્રિકાલી સ્વભાવ કો કહા. (નિયમસાર કી) ૫૦વી ગાથા હૈ તો જો ત્રિકાલી સ્વભાવ હૈ ઉસકો સ્વદ્રવ્ય કહા. તો વહ સ્વદ્રવ્ય ભી કિસકે આધાર સે રહા હૈ? જૈસે ગુણ દ્રવ્ય કે આધાર સે રહે (હૈં), તો યહ સ્વદ્રવ્ય કિસકે આધાર સે રહા (હૈ)? કિ વહ કારણસમયસાર કે આધાર સે રહા હૈ. અગર ઉસકા કારણપના નહીં રહતા તો વહ નિરાધાર હો જાતા, જાઓ. ક્યા શૈલી બનાઈ હૈ!

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહીં. ઐસા હૈ કિ અનંત ગુણસ્વભાવ કો સ્વદ્રવ્ય કહા. માને અનંત ગુણસ્વભાવ કા એકરૂપ જો હૈ ઉસકો યહાં દ્રવ્યસ્વભાવ કહો યા સ્વદ્રવ્ય કહો. માને ત્રિકાલી અભેદરૂપ. દ્રવ્ય માને અભેદતા આ હી જાતી હૈ.

મુમુક્ષુ :- અનંત ગુણને જુદા જુદા લીધા.

પૂજ્ય ભાઈશ્રી :- અનંત ગુણ અલગ અલગ હૈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હાં. અનંત ગુણો કા સ્વભાવ, અનંત ગુણો કા જો સ્વભાવ હૈ ઉસકો સ્વદ્રવ્ય કહા. તો દ્રવ્ય કહતે હી ઉસમેં એકત્વ હો ગયા. તો ઉસકા આધાર કૌન? કિ ત્રિકાલી એકરૂપ કારણસમયસાર હૈ વહી સ્વદ્રવ્યકા આધાર હૈ.

**'ત્રિકાલી સહજજ્ઞાન ત્રિકાલી સહજદર્શનાત્મક શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય હૈ – ઉસકા આધાર કારણસમયસાર હૈ; યહ કારણસમયસાર હી ઉપાદેય હૈ.'** તો કારણ સમયસાર કે રૂપ મેં ઉસકો આધારભૂત પહલૂ લિયા હૈ, આધારભૂત પહલૂ કારણસમયસાર કે રૂપ મેં લિયા હૈ. સ્વદ્રવ્ય તો હૈ લેકિન સ્વદ્રવ્ય કો કિસ તરહ હમેં ગ્રહણ કરના હૈ? કિ યહ હમારે શુદ્ધ પર્યાય કા અવલંબન કે યોગ્ય હૈ ઉસ પહલૂ સે ઉસકો હમેં ગ્રહણ કરના હૈ યહાં

૫૨. મતલબ ઉસકો કારણ કે રૂપમેં ગ્રહણ કરના હૈ. ઉસકો હમેં કારણ બનાના હૈ. સ્વદ્રવ્ય તો હૈ. અનંત ગુણ કા એકરૂપ સ્વદ્રવ્ય હૈ. લેકિન હૈ ઈતના હી નહીં, વહ કારણ કે રૂપ મેં હૈ. હમારે લિયે તો વહ કારણ કે રૂપ મેં હૈ.

જૈસે 'ગુરુદેવ' તો હૈ. લેકિન હમારે લિયે વહ ભગવાન કે રૂપ મેં હૈ. 'ગુરુદેવ' હૈ ઈતની બાત નહીં હૈ. વહ તો સબોં કે લિયે હૈં. સમજ મેં આયા? ક્યા ઉસમેં પ્રયોજન રખા હૈ? કિ 'ગુરુદેવ' હૈ. કૌન ના કહતા હૈ? 'કાનજીસ્વામી' હૈ. 'કાનજીસ્વામી' હૈ. સબ કહતે હૈ કિ 'કાનજીસ્વામી' હૈ, કોઈ એક વ્યક્તિ હૈ, કોઈ વિશિષ્ટ વ્યક્તિ હૈ. કૌન ના દેતા હૈ? ઐસા નહીં હૈ. હમારે લિયે તો વે ભગવાન કે રૂપ મેં હૈ.

ઐસે દ્રવ્ય તો હૈ. અનંતગુણાત્મક દ્રવ્ય તો હૈ. લેકિન વહ દ્રવ્ય કા આધાર કૌન હૈ? કિ કારણસમયસાર યહી ઈસ દ્રવ્ય કા આધાર હૈ. તો હમ ઉસી રૂપ મેં ઉસકો દેખતે હૈં. હમારી કેવલજ્ઞાન આદિ શુદ્ધ પર્યાય કા કોઈ કારણ હૈ. દ્રવ્ય હૈ ઉતની બાત નહીં હૈ, યહ તો હમારા કારણસ્વરૂપ હૈ. ઔર યહ કારણ હી સ્વદ્રવ્ય કા આધાર હૈ, ઐસા કારણપના હી સ્વદ્રવ્ય કા આધાર હૈ. ઉસ દૃષ્ટિ સે હમ ઉસકો ઉઠાતે હૈં. દ્રવ્ય કો ઉપાદેય કરતે હૈં. ઉઠાતે હૈં મતલબ ઉસકી ઉપાદેયતા ગ્રહણ કર લેતે હૈં. ઉસી તરહ ઉસકો હમ ગ્રહણ કરતે હૈં, ઉપાદેય કર લેતે હૈં. યહ ઉપાદેય કરને કી જો પદ્ધતિ હૈ વહ પદ્ધતિ કી સૂક્ષ્મતા કા વહાં નિરૂપણ કર દિયા. દ્રવ્ય કા નિરૂપણ કરના ઔર દ્રવ્ય ઉપાદેય હૈ ઉસી દૃષ્ટિ સે નિરૂપણ કરના, બસ! યહ અંતર હૈ ઉસકા. ઉસી પ્રકાર કા અંતર યહ ૫૫૧ વાલે મેં હૈ. અધ્યાત્મ કા તો વિષય હી ઉતના સૂક્ષ્મ હૈ, ઉતના ગહરા હૈ હી.

મુમુક્ષુ :- કારણ સમયસાર પ્રયોજન કે લિયે આધારભૂત હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- સારે દ્રવ્ય કા આધાર હી કારણસમયસાર હૈ. હમ યહ કહતે હૈં. તભી ઉસકી ઉપાદેયતા આતી હૈ. ઉસકે બિના ઉસકી ઉપાદેયતા નહીં આતી હૈ. અગર ઉસકો કા-રણ હમ નહીં બનાતે હૈં તો ઉસકી ઉપાદેયતા નહીં હોતી, ઉપાદેયતા નહીં હોતી હૈ તો કાર્ય ભી નહીં આતા. કાર્યસમયસાર પૈદા નહીં હોતા. યહી કારણ હૈ ઉસકા. તો દ્રવ્ય હૈ... દ્રવ્ય હૈ... દ્રવ્ય હૈ... અનંત ગુણાત્મક હૈ, દ્રવ્ય અનંતગુણ કે સ્વભાવ કા એક સ્વભાવ હૈ, અનંત ગુણ કા એકરૂપ સ્વભાવ ઉસકો દ્રવ્ય કહતે હૈં ઐસા નહીં. ઈસસે આગે એક બાત હૈ, એક કદમ આગે. કિ યહી હમારા કારણ હૈ. હમારે કારણ કે રૂપ મેં દેખતે હૈં. સારા દ્રવ્ય કા આધાર યહી કારણ મેં પડા હૈ. ઉપાદેયતા કે દૃષ્ટિકોણ સે હમ દેખે તો યહ સારા સ્વભાવ દ્રવ્યસ્વભાવ કા આધાર ઈસ કારણ મેં હમેં દિખને મેં આતા હૈ. ઈસ તરહ હમ ઉસકી ઉપાદેયતા કરતે હૈં.

ઔર યહ જો કારણશુદ્ધપર્યાય (લી હૈ), વહ ઈન્સ્ટન્ટ કારણ લિયા હૈ. આયા સમજ

મેં? વહ ઈન્સ્ટન્ટ કારણ લિયા હૈ. ઉસી વર્તમાન મેં વહ કાર્ય પૈદા હો જાતા હૈ. અગર સારા કારણ સમયસાર અનાદિઅનંત હૈ તો વર્તમાન કાર્ય કે લિયે તો યહ કારણશુદ્ધપર્યાય હી સ્વદ્રવ્ય હૈ. વહ ઈન્સ્ટન્ટ કારણ હૈ ઔર ઈન્સ્ટન્ટ કાર્ય પૈદા હો જાતા હૈ. ઐસી બાત હૈ.

મુમુક્ષુ :- યહ બહુત રહસ્યવાલી બાત હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં, બિલકુલ. વહાં તક વાચ્ય તક પહુંચે તો હો જાયે કામ. વાચ્ય તક પહુંચે. યહી તો વાચક હૈ, ભાષા હૈ, ઉસ વાચ્ય તક પહુંચે તો કામ સફલ હો જાયે. ફિર અસફલતા કી કોઈ ગુંજાઈશ નહી રહતી ઉસમેં. અવકાશ હી નહીં રહતા અસફલ હોને કા. ઈતને હદ તક આચાર્યોંને, જ્ઞાનિઓંને કરૂણા કર દી હૈ કિ અગર હમ કહતે હૈં ઈસકે વાચ્ય તક તુમ પહુંચતે હો, બસ! કાર્યસિદ્ધિ હોગી.

'ગુરુદેવ' એક પ્રશ્ન કો બહુત ઉઠાતે થે. અપને જો (એક મુમુક્ષુ) હૈ, ઉનકે પુત્ર જો હૈ ઈસકે નામ સે બાત કરતે હૈં, કિ મહારાજ ! આપ કારણસમયસાર... કારણસમયસાર... કારણ સમયસાર કહતે હોં. ત્રિકાલ કારણસમયસાર હૈ. લેકિન હમકો તો કુછ પતા હી નહીં ચલતા હૈ. તો કહતે હૈં કિ તુમને કારણ કે રૂપ મેં કબ દેખા? ઉસકો કારણ કબ બનાયા? ઐસા કહતે થે. તુમને કારણ નહીં બનાયા. કારણસમયસાર તો કાર્ય ક્યોં નહીં હોતા હૈ? અગલેને તો પ્રશ્ન ઐસા રખ દિયા થા કિ સાહબ! આપ કહતે હૈં કિ અપની આત્મા કારણસમયસાર હૈ તો ફિર કાર્ય ક્યોં નહીં હોતા હૈ કારણ હૈ તો હમારે મેં? કારણરૂપ મેં તો હૈ. આપ હી કહતે હો તો ફિર કાર્ય ક્યોં નહીં હમકો મિલતા હૈ? તો કહા, તુમને કારણ કબ બનાયા? કારણ કે રૂપ મેં કબ દેખા? બસ! યહી એંગલ હૈ ઉસમેં. 'નિયમસાર' કા યહ બહુત સુંદર એંગલ હૈ. ઐસી બાત અન્ય શાસ્ત્ર મેં નહીં દેખી જાતી. ઐસી 'નિયમસાર' મેં જો બાત હૈ વહ કોઈ અદ્‌ભૂત બાત લી હૈ!

મુમુક્ષુ :- .. કાર્ય હોતા હૈ તબ કારણ કી ઉપાદેયતા..

પૂજ્ય ભાઈશ્રી :- હાં બસ. વહ તો કાર્યકારણ એકદમ સંબંધિત હૈ. બિલકુલ ઉનકા કાર્યકારણ કા સંબંધ હૈ ઈસલિયે ઉસકો કારણ નામ પાયા. જૈસે કિ વર્તમાન મેં અવલંબન લે લિયા તો આધાર લિયા ઉસકા. જબ પરિણમનને ઉસકા આધાર લિયા ઔર પરિણમન મેં જો આધાર લેને સે કાર્ય હુઆ તો જિસકા આધાર લિયા હૈ ઉસકો કારણ બતા દિયા. યહ કારણ કે રૂપ મેં હમ કો દેખને મેં આતા હૈ. તો ઉસકા જો કારણપના હૈ, કારણત્વ હૈ ઉસકી અવલંબનરૂપ જો ઉપાદેયતા હૈ ઉસકે સાથ જોડ દિયા હૈ. ઈસ તરહ ઉપાદેયતા હોતી હૈ. સ્વદ્રવ્ય કો ઉપાદેય કરના ઐસા કહને મેં આતા હૈ. લેકિન કિસ તરહ? કિસ પદ્ધતિ સે? તો યહ પદ્ધતિ ખોલ દી હૈ. યહ બાત હૈ.

મુમુક્ષુ :- વર્તમાન મેં મૈં પરિપૂર્ણ હૂં, વર્તમાન મેં હી મૈં પરિપૂર્ણ હૂં, ઉસકો કારણ બના લિયા વર્તમાન મેં?

પૂજ્ય ભાઈશ્રી :- હાં. આધાર લેકર કે, આશ્રય કરકે યા આધાર લેકર ઉસકો કારણ બના લિયા ઔર કાર્ય હો ગયા. તો ઉસી તરહ ઉપાદેયતા આતી હૈ, દૂસરી તરહ ઉપાદેયતા નહીં આતી. યહ કહને કા ૫૫૧ મેં અભિપ્રાય હૈ. ઉપાદેયતા કૈસે કરના? યહ કોઈ વિકલ્પ નહીં હૈ. મેરા સ્વદ્રવ્ય મુજે ઉપાદેય હૈ, મેરી આત્મા મુજે ઉપાદેય હૈ ઐસા કોઈ વિકલ્પ, ઐસા કોઈ ભાવ યહ કોઈ ઉપાદેયતા નહીં હૈ. સાક્ષાત્ ઉપાદેયતા કિસકો કહેવે? યહ ઉસકા નિરૂપણ હૈ.

મુમુક્ષુ :- ઉપાદેયતા હો જાને કા બાદ વહ ખ્યાલ આતા હૈ કિ કિસ પ્રકાર કી ઉપાદેયતા.

પૂજ્ય ભાઈશ્રી :- ઈસપ્રકાર કી ઉપાદેયતા. ઔર ઉસીકો હી ઉપાદેયતા કહતે હૈં કિ જો વાકઈ કાર્ય કરતી હૈ ઉપાદેયરૂપ મેં સ્વદ્રવ્ય કા. ઉસીકો ઉપાદેયતા કહતે હૈં.

મુમુક્ષુ :- અવલંબન મેં વર્તમાન કો દેખના, ભૂત-ભવિષ્ય કો નહીં દેખના, યહ પ્રોસેસ યહાં સે શુરૂ હોતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- યહાં સે ચાલુ હોતી હૈ. ભૂત-ભવિષ્ય હંમેશા વિકલ્પ કા કારણ રહતા હૈ. ઔર યહ સ્મરણ-વિસ્મરણ કે સાથ સંબંધ રખતા હૈ. અવલોકન વર્તમાન સે સંબંધ રખતા હૈ, ઔર પર્યાય ભી વર્તમાન હૈ ઔર દ્રવ્ય ભી વર્તમાન હૈ. ઔર વર્તમાનમેં સે ઉસકી ખોજ કરને સે ઉસકી ઉપલબ્ધિ હોતી હૈ વર્તમાન મેં. ઈસલિયે હમકો આગે-પીછે વર્તમાન સે સ્લીપ હોકર કે આગે-પીછે નહીં જાના હૈ. હમારે કાર્ય કી સીમા મર્યાદિત હો ગઈ કે નહિ હુઈ કિ હમેં કહાં કાર્ય કરના હૈ? કિસ કાલ મેં કાર્ય કરના હૈ ઉસકી સીમા આ ગઈ. બસ!

યહાં તક રખતે હૈં....

**તા. ૧-૬-૧૯૯૧, પાના નં. ૪ થી ૮,**
**પ્રવચન નં. ૨**

... **'જે સ્વભાવ છે તે સ્વભાવીથી ઉત્પન્ન છે;...'** અથવા સ્વભાવીના આધારે છે, સ્વભાવીને લઈને છે એમ વિચારવું ઘટે છે અહીંયાં. અહીંયાં એમ વિચારવું ઘટે છે. **'સ્વભાવી ન હોય તો સ્વભાવ ન હોય, અગ્નિ ન હોય તો ઉષ્ણ સ્વભાવ ન હોય,...'**

મુમુક્ષુ :- દર્શન-જ્ઞાન-ચારિત્ર

પૂજ્ય ભાઈશ્રી :- એવો દ્રવ્યત્વ ગુણ છે. પણ અહીંયાં દ્રવ્યત્વ ગુણની વાત નથી ચાલતી.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- એ તો દ્રવ્ય એવું નામ શેનાથી પડ્યું? કે દ્રવ્યત્વ ગુણને લઈને. પણ દ્રવ્ય કહેતા બધા ગુણપર્યાયો એમાં આવી ગયા. એમ કહેવું છે.

પ્રશ્ન એમ ઉઠાવ્યો હતો કે ગુણ પર્યાયો થઈને દ્રવ્ય છે. દ્રવ્ય તો પછી જુદી વસ્તુ રહેતી નથી. તો ગુણપર્યાયો જ કહો ને, દ્રવ્ય એવું શું કરવા નામ આપો છો? તો કહે છે, એમ નહિ. દ્રવ્ય એક એવી વસ્તુ આધારભૂત છે કે જેના આધારે ગુણપર્યાયો રહ્યા છે. અથવા બીજી રીતે કહીએ તો દ્રવ્ય-ગુણ-પર્યાયનું, ગુણ-પર્યાયનું એકત્વ તે દ્રવ્ય છે. ગુણ-પર્યાયનું અભેદત્વ તે દ્રવ્ય છે. ત્યાં અભેદત્વ નથી એને ગુણપર્યાયો છૂટા-છૂટા પડ્યા છે એવું નથી. જો વસ્તુ દ્રવ્ય કહેવામાં આવે તો ગુણ પર્યાયનું એકત્વ અથવા અભેદત્વ છે તે દ્રવ્ય છે. એ રીતે દ્રવ્ય છે. ભલે ત્રીજી વસ્તુ નથી. પણ જે કાંઈ છે એ આવું છે અને એટલા માટે એને દ્રવ્ય કહેવામાં આવે છે. નહિતર બધા ગુણો જુદી વસ્તુ થઈ જાય અને બધી પર્યાયો જુદી વસ્તુ થઈ જાય, જો આ એકત્વ અને અભેદત્વ ન હોય તો. માટે દ્રવ્યત્વને જાણવું ઉચિત છે. જે પ્રકારે દ્રવ્યત્વ છે તે પ્રકારે તેને જાણવું ઉચિત છે.

એના માટે આ દાખલો આપ્યો કે ઉષ્ણતા તો સ્વભાવ છે અને અગ્નિ છે તે દ્રવ્ય છે. દૃષ્ટાંત તરીકે. તો ઉષ્ણતાને તમે સ્વીકારો પણ અગ્નિને ન સ્વીકારો તો? તો ઉષ્ણતારૂપી જેટલા ધર્મ છે એટલા પદાર્થો થઈ જાય. એમ છે. બધા ધર્મોનું એકત્વ છે તે દ્રવ્ય છે એમ લેવું. સ્વભાવ અને સ્વભાવી, સ્વભાવ અને સ્વભાવવાન એમ કહેવું છે.

હવે સોનું. **'સોનું ન હોય તો પીળાશ-ચીકાશ-વજન સ્વભાવ ન હોય, તેથી ગુણ-**

**પર્યાય દ્રવ્યના આશ્રયે છે.**' એટલે સોનાના આશ્રયે પીળાશ-ચીકાશ ને વજન છે. પીળું એટલું સોનું નહિ. કેમકે સોનું પણ પીળું અને પિત્તળ પણ પીળું. તો કહે વજન. તો કહે વજન એટલું સોનું નહિ. કેમકે લોઢુ પણ વજનદાર અને સોનું પણ વજનદાર. એમ. તેથી ગુણપર્યાય જેના આશ્રયે છે તે દ્રવ્ય છે. એ દ્રવ્યના આશ્રયે છે.

'**આ સંબધમાં તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે...**' આ વ્યાખ્યા બહુ ચોખ્ખું કરે છે વિષયને. કે '**द्रव्याश्रया निर्गुणा गुणाः**' '**द्रव्याश्रया निर्गुणा गुणाः**' એમ લેવું છે. '**દ્રવ્યના આશ્રયે ગુણ છે, ગુણના આશ્રયે ગુણ નથી.**' એક દ્રવ્યના આશ્રયે અનંત ગુણ છે. ત્યારે કોઈ એક ગુણના આશ્રયે બીજો એક ગુણ પણ નથી. જાજા તો નથી, એક પણ નથી. એમ ગુણના સ્વરૂપમાં અને દ્રવ્યના સ્વરૂપમાં ફેર છે. આ સંબંધમાં દૃષ્ટાંત આપે છે. '**જેમ એક ગોળી વીશ ઔષધિની બનેલી છે;...**' વીસ દવા નાખી છે આમાં. '**પરંતુ તે વીશેય ઔષધિ ગોળીને આશ્રયે છે...**' એક ગોળી કહેતા એમાં વિષય ઔષધિ આવી જાય છે. '**(તેથી) ગોળીને વીશ ઔષધિનો એક રસ કહેવાય છે.**' એનું નામ પાડે છે—ફલાણો રસ.

'**જો કે વીશેય ઔષધિ જુદા-જુદા સ્વાદને ધારણ કરે છે...**' અને વીશેય ઔષધિના ગુણ પણ જુદા જુદા હોઈ શકે છે. '**તો પણ જો ગોળી-ભાવને (-ગોળીના સ્વરૂપને) જોઈએ તો કોઈ ઔષધિનો રસ તે ગોળીથી જુદો નથી, જે રસ છે તે ગુટિકા ભાવ વિષે રહેલા છે. તે વીશ ઔષધિરસનો એક પુંજ તે જ ગોળી છે...**' આમ એકત્વ લીધું. સાબિત કર્યું એમ કરીને. '**એક પુંજ તે જ ગોળી છે-આમ જો કે કથનમાં ભેદવિકલ્પ જેવું આવે છે પરંતુ (વસ્તુમાં ભેદ નથી, કેમકે) એક જ સમયમાં વીશ ઔષધિનો રસનો ભાવ એક ગોળી છે.**' જેમકે દવા લઈએ કે સુદર્શન. તો સુદર્શનમાં વીસ ઓસડિયા હોય. એમાં કડુ પણ હોય, કરિયાતું હોય, કાળીજીરી હોય બધા કડવા ઔષધો હોય એટલે સુદર્શન બહુ કડવું હોય. સુદર્શન કહેતા બધું એમાં આવી જાય છે. એમ ગુણો પોતપોતાના સ્વભાવને લીધે જુદા જુદા છે.

'**કોઈ ગુણનો સ્વભાવ બીજા ગુણ સાથે મળી જતો નથી. જ્ઞાનનો ભાવ જ્ઞાન જેવો દર્શન સાથે ન મળે, દર્શનનો ભાવ જ્ઞાન સાથે ન મળે. એ પ્રમાણે અનંત ગુણો છે તેમાંથી કોઈ ગુણ બીજા કોઈ ગુણ સાથે મળતો નથી. બધા ગુણોનો એકાંત ભાવ ચેતનાનો પુંજ દ્રવ્ય છે.**' બધા ગુણોનો એકાંત (અર્થાત્) એકમાં અંત આવે એવો એકાંત. એકાંતનો અર્થ અહીંયાં છે—બધા ગુણોનો એકાંત કરો તો એ દ્રવ્ય થઈ જાય. જુઓ! આ સમ્યક્ એકાંત કીધું. બધા ગુણોનો એકાંત તે દ્રવ્ય છે. એ ધર્મ તે. એક અંત એટલે એક ધર્મ. બધા ગુણોનો એક ધર્મ એમાં દ્રવ્ય આવી ગયું. જીવદ્રવ્ય. તો જીવના અનંતા ગુણોનો એકાંત

થયો તેને જીવ દ્રવ્ય કહીએ. એમ. એ અજીવથી જુદું પડે છે. એવી રીતે.

મુમુક્ષુ :- બીજા ગુણોમાં ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે દ્રવ્ય જે છે એ દ્રવ્ય જ છે. એ એનું દ્રવ્યત્વ છે અનંત ગુણોને એકપણે ધારણ કરવાનું. એટલે તો કહ્યું ને ગુણપર્યાય દ્રવીને દ્રવ્ય થાય છે. શું કીધું? દ્રવ્ય તો ગુણપર્યાયે દ્રવે છે પણ ગુણપર્યાય દ્રવ્યપણે દ્રવે છે. એટલે શું છે કે બેયનું એકાંત થઈને દ્રવ્ય છે. અનંત ગુણો અને અનંત પર્યાયોનો એક પુંજ એક અંત થઈને દ્રવ્ય છે એમ કહેવું છે. એ એકત્વ સાધવું છે ત્યાં.

**'જો (દ્રવ્ય વગર) એકલા ગુણને જ માનીએ તો તે આકાશના ફૂલની જેમ કહેવા માત્ર જ ઠરે.'** કેમકે એવી તો વસ્તુસ્થિતિ છે નહિ. **'ગુણી વગર ગુણ કઈ રીતે હોય? ન હોય.'** ગુણવાનના ગુણો હોય. પણ ગુણવાન ન હોય તો ગુણો કેવી રીતે હોય? એમ કહેવું છે. **'એક જ્ઞાન ગુણ તો માન્યો (પણ દ્રવ્ય ન માન્યું) તો દ્રવ્ય વગર જ્ઞાન જ વસ્તુ નામ પામ્યું,...'** તો તો જ્ઞાન એક વસ્તુ થઈ જશે. **'ત્યારે જ્ઞાન વસ્તુ ઠરી. એ રીતે અનંતગુણો અનંત વસ્તુ થઈ જાય, એમ થતાં વિપરીતતા થાય છે, એમ તો નથી. બધા ગુણોનો આધાર...'** બધા ગુણોનો આધાર **'એક વસ્તુ છે, તેને દ્રવ્ય કહેવામાં છે.'** એવી રીતે દ્રવ્યને માનવું. ગુણ પર્યાય ઉપરાંત દ્રવ્યને માનવું જરૂરી છે, આવશ્યક છે, પ્રયોજનભૂત છે. ... એક દ્રવ્યના આધારે બધા ગુણો દ્રવી રહ્યા છે. જેમકે આપણે સોનું લઈએ. સાકર લઈએ. ધોળાશ સાકરના આધારે છે, ગળપણ પણ સાકરના આધારે છે. એવી રીતે. અને નહિતર તો શું થાય કે ઘણી ચીજ ગળી હોય એમાં સાકર કોને કહેવી? ઘણી ચીજ પીળી હોય એમાં સોનું કોને કહેવું? કોઈ વસ્તુ વ્યવસ્થા નહિ રહી શકે.

મુમુક્ષુ :- બધા ગુણને એક વિશેષતા હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- દરેક ગુણને પોતાની વિશેષતા છે. એ પાછી કોઈ ગુણની કોઈ ગુણરૂપ થાતી નથી. એવી વિશેષતા છે.

**'કોઈ પ્રશ્ન કરે છે...'** મને એમ છે અહીં સુધી આપણે આવી ગયું છે.

મુમુક્ષુ :- સમાધાન.

પૂજ્ય ભાઈશ્રી :- સમાધાન સુધી આવેલું એમને? ઠીક. આ **'द्रव्याश्रया निर्गुणा गुणाः'** એ થોડું ચાલ્યું હતું. પછી આ ગોળીનું નહોતું ચાલ્યું. ઔષધીનું નહોતું ચાલ્યું.

**'કોઈ પ્રશ્ન કરે છે કે : આ દ્રવ્ય છે તે વસ્તુ છે કે વસ્તુની અવસ્થા છે?'** હવે શું પ્રશ્ન ઉઠાવ્યો? જરા સૂક્ષ્મ વાત લીધી કે તમે અનંત ગુણનું એકત્વ એને દ્રવ્ય કીધું. તો અનંત ગુણનું એ કોઈ અવસ્થા થઈ? કે વસ્તુ છે? સારો પ્રશ્ન ઉઠાવ્યો છે. **'તેનું સમાધાન :-**

**વસ્તુનું સ્વરૂપ સામાન્ય-વિશેષના એકાંતરૂપ છે;...**' વસ્તુનું જે સ્વરૂપ છે તે સામાન્ય વિશેષનું એકપણું થઈ ગયું છે એ વસ્તુનું સ્વરૂપ છે. એનું .. સામાન્ય કોઈ જુદી વસ્તુ નથી, વિશેષ કોઈ જુદી વસ્તુ નથી. બંનેનું એકત્વ થયું તેને અમે વસ્તુ કહીએ છીએ.

'**દ્રવીભૂત (દ્રવ્યત્વ)...**' દ્રવીભૂત એટલે દ્રવ્યત્વ '**ગુણ વડે દ્રવ્ય કહેવાય છે...**' અને એવી પણ એક વિશિષ્ટતા છે વસ્તુની એને લઈને એને નામ એવું દ્રવ્ય આપવામાં આવ્યું છે. એ સંજ્ઞા આપી છે. સંજ્ઞા કહો કે નામ કહો. '**દ્રવ્યત્વ વડે તે વસ્તુની અવસ્થા દ્રવ્યરૂપ થઈ, તે વસ્તુ જ છે;...**' દ્રવ્યત્વ વડે વસ્તુની અવસ્થા દ્રવ્યરૂપ થઈ તે વસ્તુ જ છે. દ્રવ્યરૂપ થઈ તે વસ્તુ જ છે. એક અવસ્થા નથી પણ આખી વસ્તુ છે કે જેને આધારે ગુણપર્યાયો રહેલા છે.

'**વિશેષણથી વિશેષ સંજ્ઞા હોય છે.**' એવા દ્રવ્યત્વને લઈને એનું નામ દ્રવ્ય પડ્યું એ સંજ્ઞા છે એ બરાબર છે. એ સંજ્ઞા હોય છે. સ્યાદ્વાદમાં વિરોધ નથી. પરંતુ '**સ્યાદ્વાદમાં વિરોધ નથી;...**' એટલે એ રીતે કાંઈ વિરોધ આવતો નથી. '**અપેક્ષા સહિત નયથી વસ્તુની સિદ્ધિ છે.**' અને એ રીતે દરેકની જે અપેક્ષા છે એ અપેક્ષામાં નયજ્ઞાન કામ કરે છે. પ્રમાણજ્ઞાન આખી વસ્તુને બતાવે છે, જ્યારે નયજ્ઞાન છે એ દરેક ગુણપર્યાયોને વિશેષતા સહિત દર્શાવે છે. ક્યાંય વિરોધ આવતો નથી. '**કહ્યું છે કે :-**'

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. વસ્તુ જ છે. જુઓ! સમાધાનમાં શું લીધું? '**વસ્તુનું સ્વરૂપ સામાન્ય-વિશેષના એકાંતરૂપ છે; દ્રવીભૂત (દ્રવ્યત્વ) ગુણ વડે દ્રવ્ય કહેવાય છે દ્રવ્યત્વ વડે તે વસ્તુની અવસ્થા દ્રવ્યરૂપ થઈ,...**' દ્રવ્યત્વગુણથી તે વસ્તુની અવસ્થા દ્રવ્યરૂપ થઈ પણ '**તે વસ્તુ જ છે;...**' એક અવસ્થા નથી પણ આખી વસ્તુ છે એમ કહેવું છે. આ વસ્તુ એટલે ત્રણે કાળના ગુણ પર્યાયો સહિતનું દ્રવ્ય વસ્તુ. તે વસ્તુ અહીં કહી. માત્ર દ્રવ્યત્વગુણની અવસ્થા તે નહિ. એમ.

મુમુક્ષુ :- પ્રમાણનું દ્રવ્ય લઈ લીધું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રમાણનું દ્રવ્ય લીધું પણ ત્રિકાળી. ત્રણે કાળે.

'**વિશેષણથી વિશેષ સંજ્ઞા હોય છે.**' વિશેષણ કારણથી એને નામ પણ વિશેષ સંજ્ઞારૂપે આપવામાં આવે છે. તેથી '**સ્યાદ્વાદમાં વિરોધ નથી;...**' દ્રવ્યત્વગુણને લઈને દ્રવ્ય એવું નામ આપ્યું પણ એથી કાંઈ વિરોધ નથી થતો. એથી એને કાંઈ પર્યાય નથી સમજવાની એમ કહે છે. '**અપેક્ષા સહિત નયથી...**' એકાંતે નહિ. નયને અમે અપેક્ષા.. કેમકે એક ધર્મને બતાવે. એ '**અપેક્ષા સહિત નયથી વસ્તુની સિદ્ધિ છે. કહ્યું છે કે :**'

**मिथ्यासमूहो मिथ्या चेन्न मिथ्यैकांततास्ति नः।**
**निरपेक्षा नया मिथ्या सापेक्षा वस्तुःतेऽर्थकृत्।।१०८।।**

**'ઉપરના પદમાં શ્રી આચાર્યદેવ કહે છે કે :–'** 'શ્રી સમન્તભદ્ર કૃત દેવાગમ સ્તોત્ર' **'જે નય પરસ્પર અપેક્ષા રહિત છે તે તો મિથ્યા છે અને જે નય પરસ્પર અપેક્ષા સહિત છે તે વસ્તુસ્વરૂપ છે ને પ્રયોજન સિદ્ધ કરે છે. જે મિથ્યાનયોનો સમૂહ છે તે તો મિથ્યા છે. વળી આમારા (સ્યાદ્વાદીના) મતમાં જે નયોનો સમૂહ છે તે મિથ્યા નથી.'** એટલે જે નયજ્ઞાન છે, સમ્યક્ જે નયજ્ઞાન છે તે વસ્તુના સ્વરૂપને બરાબર સિદ્ધ કરે છે અથવા વસ્તુના સ્વરૂપને સાધે છે એટલે એનું કાંઈ દુષણ નથી. એનાથી ગુણ છે, એનાથી અવગુણ નથી. મિથ્યા જે નયો છે એ અવગુણનું કારણ છે. સમ્યક્ નયો તે અવગુણનું કારણ નથી. એમ.

અથવા 'પંચાધ્યાયી' જેવા શાસ્ત્રમાં નયોનો નિષેધ કર્યો છે ત્યાં પણ નયોની સાથે રહેલા વિકલ્પનો નિષેધ કર્યો છે અથવા ૧૪૧, ૧૪૨, ૧૪૩માં જે નયાતિક્રાંતપણું લીધું છે એ તો જે નયજ્ઞાનની સાથે એકત્વપણું છે એટલે નયપક્ષ છે એનો નિષેધ કર્યો છે. નયપક્ષનો નિષેધ છે. પણ સમ્યક્ નયજ્ઞાનનો ક્યાંય નિષેધ કર્યો નથી. કેમકે એ તો નયજ્ઞાન છે જે વસ્તુને સાધે છે. એમ લેવું. એમ જો ન લેવામાં આવે તો ગડબડ થઈ જાય પાછી.

મુમુક્ષુ :- નયાતિક્રાંત થયા પછી તો નય ઊભો થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઊભો થાય છે. એ નયનો નિષેધ નથી. પણ પંચાધ્યાયીમાં શૈલી જે છે એ શૈલીમાં નયની સાથે જે વિકલ્પ છે... કેમકે નય બે પ્રકારે છે. એક સવિકલ્પ અને એક નિર્વિકલ્પ. જેમ કે અનુભૂતિ છે તે શુદ્ધ નયાશ્રિત ગણી છે. અથવા 'શુદ્ધ નયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ નિર્વાણની.' તો નયના આશ્રયે સમ્યગ્દર્શન થાય અને નયના આશ્રયે નિર્વાણ પણ પ્રાપ્ત થાય. તો એનો કાંઈ નિષેધ કરવાનો હોઈ શકે નહિ. પણ ત્યાં જે સવિકલ્પ નય જે સવિકલ્પ દશામાં વર્તે છે એમાં વિકલ્પનો નિષેધ કરવા માટે (કહ્યું છે). કેમકે વિકલ્પથી ભેદ પડે છે. એ ભેદનો નિષેધ કરીને અભેદ થવા અર્થે નિષેધ કરવામાં આવ્યો છે. એમ લેવું ત્યાં. એટલી મર્યાદા લેવી. નહિતર ગડબડ થઈ જાય પાછી. જુઓ! નયનો નિષેધ છે... નયનો નિષેધ છે. એમ નથી.

મુમુક્ષુ :- 'કૃપાળુદેવે' આ ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. લખેલો છે? કેટલામો છે ખ્યાલ છે?

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- કેટલામું પાનું?

મુમુક્ષુ :- ૮૧૫.

પૂજ્ય ભાઈશ્રી :- ૮૧૫. અભ્યંતર પરિણામ અવલોકન. એમાં?

મુમુક્ષુ :- દ્રવ્યનું ગુણથી અતિરિક્તપણું..

પૂજ્ય ભાઈશ્રી :- હા. હા. ઠીક. હા દ્રવ્ય પણ...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર છે. '**દ્રવ્યનું ગુણથી અતિરિક્તપણું શું?**' હાથનોંધમાં એ પ્રશ્ન ઉઠાવ્યો છે. એટલે પોતાની વિચારધારામાં એ વાત લીધી છે. બરાબર છે. પહેલી જ લીટી છે. '**દ્રવ્યનું ગુણથી અતિરિક્તપણું શું? બધા ગુણ મળી એક દ્રવ્ય કે તે વિના બીજું દ્રવ્યનું કંઈ વિશેષ સ્વરૂપ છે?**' એમ. એટલે બધા ગુણ મળીને એક દ્રવ્યપણું? બધા ગુણ મળીને એક દ્રવ્ય? તો ત્યાં શું વિચાર આવે માણસને? કે ગુણનો સંયોગ થયો. જેમ દવા ભેગી કરી. દસ-વીસ દવા ભેગી કરીને ગોળી બનાવી. એમ દ્રવ્યનું સંયોજન કર્યું? તો કહે છે, ના. ગુણોનું સંયોજન કર્યું? ના. સંયોજન નથી. એક દ્રવ્યની આ બધી વિશેષતાઓ છે. સોનાના દૃષ્ટાંતે એક સોનાની આ બધી વિશેષતા છે. એમ એક દ્રવ્યની આ બધી વિશેષતા છે. એમ દ્રવ્યને પ્રધાનતા આપે છે. શું છે કે હાથનોંધમાં પ્રશ્ન ઉઠાવ્યા છે એમણે. કઈ અવસ્થામાં લખ્યા છે એ હાથનોંધની વાત ક્લીયર થતી નથી. એટલે એટલા બધા પ્રશ્નો એમણે ઉઠાવ્યા છે એટલે એ બહુ શરૂઆતમાં કોઈપણ માણસને ઉઠી શકે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કેટલામાં પાને છે?

મુમુક્ષુ :- ૫૮૯.

પૂજ્ય ભાઈશ્રી :- ૫૯૦? ૫૮૯. '**જો દ્રવ્ય જુદું હોય અને ગુણ પણ જુદા હોય તો એક દ્રવ્યના અનંત દ્રવ્ય થઈ જાય અથવા દ્રવ્યનો અભાવ થાય. દ્રવ્ય અને ગુણ અનન્યપણે છે; બંનેના પ્રદેશભેદ નથી. દ્રવ્યના નાશથી ગુણનો નાશ થાય અને ગુણના નાશથી દ્રવ્યનો નાશ થાય એવું એકપણું છે.**' માટે કોઈ એક ગુણને પણ ઉડાડાય નહિ.

મુમુક્ષુ :- ૫૮૨ પાને છે.

પૂજ્ય ભાઈશ્રી :- '**દ્રવ્ય એટલે વસ્તુ, તત્ત્વ, પદાર્થ. આમાં મુખ્ય ત્રણ અધિકાર છે. પ્રથમ અધિકારમાં જીવ અને અજીવ...**' કેટલામું?

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- '**દ્રવ્ય અને ગુણનું અનન્યત્વ અવિભક્ત્વ એટલે પ્રદેશભેદ રહિતપણું છે,...**' દ્રવ્ય અને ગુણનું અનન્યત્વ અવિભક્ત્વ એટલે પ્રદેશભેદ રહિતપણું

છે. '**ક્ષેત્રાંતર નથી.**' બે ક્ષેત્ર નથી. '**દ્રવ્યના નાશથી ગુણનો નાશ અને ગુણના નાશથી દ્રવ્યનો નાશ થાય એવો ઐક્યભાવ છે.**' આ ૪૫મી ગાથા. '**દ્રવ્ય અને ગુણના ભેદ કહીએ છીએ તે કથનથી છે, વસ્તુથી નથી.**' પણ એક વસ્તુ છે. એક સત્તા છે. '**સંસ્થાન, સંખ્યાવિશેષ આદિથી જ્ઞાન અને જ્ઞાનીને સર્વથા પ્રકારે ભેદ હોય તો બંને અચેતનત્વ પામે...**' સંસ્થાન અને સંખ્યા વિશેષથી પામે. કારણ કે ગુણોની સંખ્યા વધારે છે. દ્રવ્ય એક જ છે. પણ સર્વથા ભેદ નથી, કથંચિત્ ભેદ છે. નહિતર બંને અચેતન પામે. '**એમ સર્વજ્ઞ વીતરાગનો સિદ્ધાંત છે. જ્ઞાનની સાથે સમવાય સંબંધથી આત્મા જ્ઞાની નથી. સમવક્તિત્વ સમવાય છે.**' એટલે એમાં શું છે કે સમવાય શબ્દે સંયોગ થયો. દ્રવ્યત્વ .. સંયોગ થયો, બધા ગુણનો સંયોગ થઈને દ્રવ્ય થયું છે એમ નહિ. ... આ ગ્રંથમાં 'પંચાસ્તિકાય'નો અનુવાદનો સમાવેશ થઈ ગયો એટલે .. ન નાખે પણ આમ ..... ૫૦મી ગાથા છે. '**સમવર્તીપણું સમવાય છે; તે જ અપૃથક્કપણું અને અયુતસિદ્ધપણું છે. તેથી દ્રવ્ય અને ગુણોની અયુતસિદ્ધિ (જિનોએ) કહી છે.**' ... ... ...

એટલે શું છે કે ...

'**હવે ગુણ-અધિકારમાં ગુણનું કથન કરીએ છીએ :-**' હવે .. દ્રવ્યનો બીજો અધિકાર કહે છે. ગુણનો પણ બીજો અધિકાર. ગુણ-અધિકારમાં ગુણનું કથન કહે છે. ગુણનો ગૌણ કરે તો વાંધો નહિ પણ દ્રવ્યને ગૌણ કરે ... .. દ્રવ્ય છે તોપણ તેને .. ગુણ તો ભેદોમાં જાય છે. ... દ્રવ્યને છોડે એ નહિ ચાલે. '**द्रव्यं द्रव्यात् गुण्यंते ते गुणाः उच्यंते**' ... '**અર્થાત્ એક દ્રવ્યને બીજા દ્રવ્યોથી ભિન્ન જણાવે...**' '**द्रव्यं द्रव्यात् गुण्यंते ते गुणाः उच्यंते**' ગુણ .. કહેવામાં આવે છે. '**એક દ્રવ્યને બીજા દ્રવ્યોથી ભિન્ન જણાવે તેને ગુણ કહેવાય છે.**' વિશેષ...

... તમે બીજી વાત ક્યાંથી લાવ્યા? તો એ શું છે કે શબ્દોને અને શબ્દોના અર્થને સમજ્યો છે પણ એને ભાવભાસન થયું નથી. વસ્તુનું ભાવભાસન થયું હોય તો એવું ન થાય. જેમ કે અપરિણામી શબ્દ આવ્યો. તો વસ્તુનો ભાવ નહોતો ભાસ્યો. જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક.. સૌ રટતા હતા. ત્યાં અપરિણામી વાત આવી તો કહે એવું તો હોય નહિ કાંઈ. અપરિણામી ક્યાં 'ગુરુદેવ' કહે છે? અરે..! ભાઈ! કહે છે. 'ગુરુદેવે' ક્યાંક કીધું હશે પણ તમારું ધ્યાન ગયું નથી. પણ જો ભાવ ભાસ્યો હોય તો એને નકાર ન આવે. બરાબર છે. આ વાત ભલે ઉપસાવીને બીજી જગ્યાએ નથી આવી કે 'ગુરુદેવે' ન કહી હોય, પણ વસ્તુનો ભાવ ભાસ્યો હોય એને તો બરાબર ખ્યાલ આવી જાય કે અપરિણામી છે એ બરાબર છે. એમ ભાવ ભાસે એનો ઘણો ફેર પડે છે. નહિતર તો ખાલી શબ્દાર્થમાં એને તકરાર જ થાય

અને વાદવિવાદ એમાંથી જ ઊભા થાય છે. પોતે જે અર્થ સમજ્યો છે એ જ પ્રમાણે અર્થ કરવો અને બીજો મારી સમજણથી કોઈ બીજી સમજણ પ્રમાણે અર્થ કરે તો એની સામે વાંધો લેવો. આ પરિસ્થિતિ ઊભી થઈ જાય.

.. એનો અર્થ એ કે ભાવ ભાસ્યો નથી. વિચાર ચાલે છે પણ ભાવ ભાસ્યો નથી. ... ... કે જો એને આખો પ્રસંગ બતાવે કે જો ભાઈ આગળ-પાછળ વાત આમ છે અને આ કામે હું તને મોકલું છું. ... જો એને ભાવ ભાસ્યો હોય તો. જ્યારે એ જે કામે જાય છે ત્યાં પરિસ્થિતિ કોઈ બીજી ઊભી થઈ હોય તો આખો પ્રસંગ એને ખ્યાલમાં હોય તો ગમે તેટલું કામ .. પાછો આવે. પણ જેને આખો પ્રસંગ ખ્યાલમાં ન હોય એને માત્ર એમ કહી દે કે મને તો આટલું કામ કરવાનું કીધું છે. ... પાછો આવશે. મને તો બીજી રીતે કીધું હતું. ... પણ જેને આખા પ્રસંગનો ભાવ ભાસ્યો હોય એ જેમ કોણી મારીને .. કરે એ રીતે ગમે તેમ કરીને કામ કરીને આવે. એટલે ભાવભાસન થવું જોઈએ. ભાવ ભાસ્યા વગર યથાર્થ કાર્યની સિદ્ધિ નહિ થાય.

જીવો તો બધા જુદી જુદી યોગ્યતામાં ઊભા છે. દરેકને માટે તો એક ઉપદેશ લાગુ પડવાનો નથી. એ ઉપદેશ લાગુ નથી પડવાનો તો પછી આ ઉપદેશ શું કરવા દીધો? શું કરવા દીધો શું, તને નથી લાગુ પડતો. બીજાને લાગુ પડે છે. એને જો ભાવભાસન હોય તો ખ્યાલ આવે કે બરાબર છે. આવી યોગ્યતાવાળાને આમ જ કહેવું જોઈએ, આવી યોગ્યતાવાળાને આમ જ કહેવું જોઈએ, આવી યોગ્યતાવાળાને આમ જ કહેવું જોઈએ. નિશ્ચયાભાસી હોય એને ... વ્યવહારાભાસી હોય એને બીજી રીતે .. એના માટે તો .. કે શરદીને લઈને તાવ આવ્યો હોય તો એને શીતોપચાર ન કરાય. શરદીનો તાવ આવ્યો હોય તો એને પોતા ન મૂકાય. પણ ગરમીથી તાવ આવ્યો હોય તો બધા એને પોતા મૂકીને શરદીનો ઉપચાર કરવો જોઈએ. લૂ લાગીને તાવ આવ્યો હોય તો. તાવ આવ્યો છે માટે એકસરખો ઉપચાર થાય એવું કાંઈ નથી.

'**द्रव्यं द्रव्यात् गुण्यंते ते गुणाः उच्यंते**' '**(અર્થાત્ એક દ્રવ્યને બીજા દ્રવ્યોથી ભિન્ન જણાવે તેને ગુણ કહેવાય છે.)**' આ ગુણની વ્યાખ્યા કરી. દ્રવ્યને બીજા દ્રવ્યોથી ગુણથી જુદું પાડવાનું સાધન તેને ગુણ કહેવામાં આવે છે. આવી રીતે અર્થ કર્યો છે. '**ગુણો વડે દ્રવ્ય જુદાં જણાય છે. ચેતનગુણ વડે જીવ જણાય છે. એક અસ્તિત્વ ગુણ છે, (તે) સાધારણ છે. (તે અસ્તિત્વ ગુણ) મહાસત્તાની વિવક્ષાથી બધા (દ્રવ્યો)માં રહેલો છે;...**' મહા સત્તા કહેતા આખું જગત આવી ગયું.

'**(અને) અવાન્તર સત્તા(ની વિવક્ષાથી) બધા (દ્રવ્ય)ને પોતપોતાનું અસ્તિત્વ**

**છે...**' કોઈને કોઈનું અસ્તિત્વ નથી. 'પ્રવચનસાર' ગાથા-૯૯. એટલે દરેકને સ્વરૂપસત્તા છે. અને '**ત્યાં સ્વરૂપસત્તા ત્રણ પ્રકારે છે-**' હવે જુઓ! આ નથી સ્વીકારતા ઘણા. '**सत् लक्षणं द्रव्यं**' અને ઉત્પાદવ્યયધ્રુવયુક્તંસત્. તો ઉત્પાદવ્યયધ્રુવની તમે ત્રણ સત્તા શું કરવા કરો છો? એક જ સત્તા કરોને. એમ કહે છે. ધ્રુવની સત્તા શું કરવા જુદી શું કરવા પાડો છે? આ દલીલ છે. 'ઉમાસ્વામી'એ ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત કહ્યું છે. તમે ધ્રુવની સત્તા જુદી શું કરવા પાડો છો?

'**દ્રવ્યસત્તા, ગુણસત્તા ને પર્યાયસત્તા.**' કેમકે ત્રણેનું પોતાપણું છે. દ્રવ્યનું દ્રવ્યત્વપણું છે, ગુણનું ગુણત્વપણું છે—ગુણપણું છે અને પર્યાયનું પર્યાયત્વપણું છે. એમાં '**દ્રવ્ય છે તેને દ્રવ્યસત્તા કહીએ. દ્રવ્ય(નું સ્વરૂપ) તો કહ્યું, હવે, ગુણ છે તેને ગુણ સત્તા કહીએ. ગુણો અનંત છે.**' દ્રવ્યની સત્તા એક છે. ગુણની સત્તા અનંત ગુણોની અનંત છે. '**સામાન્ય વિવક્ષામાં અનંત જ પ્રધાન છે. વિશેષ વિવક્ષામાં જે ગુણને પ્રધાન કરીએ તે મુખ્ય છે.**' સામાન્ય ગુણો કહેતા બધા આવી જાય દ્રવ્યના. વિશેષમાં જેની વાત ચાલે તે ચાલે.

'**(ને) બીજા ગૌણ છે, તેથી મુખ્યતા-ગૌણતા (રૂપ) ભેદ, વિધિ-નિષેધ(રૂપ) ભેદ જાણવા; સામાન્યવિશેષમાં બધું સિદ્ધ થાય છે,...**' આખો પદાર્થ સિદ્ધ થાય છે. '**નય વિવક્ષા (તથા) પ્રમાણ વિવક્ષા (તે) યુક્તિ છે.**' એ સમજાવવા માટેની શૈલી છે અથવા યુક્તિ છે. '**યુક્તિ પ્રધાન છે, યુક્તિ વડે વસ્તુને સાધીએ. (આ સંબંધી) નયચક્ર ગ્રંથમાં કહ્યું છે કે :-**'

**तच्चाणेसणकाले समयं बुज्झेहि जुत्तिमग्गेण।**
**णो आराहणसमये पच्चक्खो अणुहवो जह्मा।।२६८।।**

'ટોડરમલજી'એ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આ ગાથા ટાંકી છે. એટલે શું છે કે તત્ત્વના અન્વે-ષણ કાળે એટલે નિર્ણય કરવાના કાળે. '**તત્ત્વના અવલોકન કાળે...**' અવલોકનથી નિર્ણય થાય છે જુઓ ! વિચાર નથી લીધો. અન્વેષણ કાળે, '**અવલોકનકાળે પદાર્થને યુક્તિમ-ાર્ગથી જાણવો જોઈએ,...**' અવલોકનની સાથે યુક્તિ હોવી જોઈએ. અવલોકન વગરની એકલી યુક્તિ નહિ હોવી જોઈએ. ત્યારે ભલે વિકલ્પ ઉઠશે અને એ વખતે બધા વિકલ્પ ચાલે છે ત્યારે એને યુક્તિમાર્ગથી જાણવો.

'**પરંતુ આરાધન વખતે તો પ્રત્યક્ષ અનુભવ હોવાથી ત્યાં યુક્તિની જરૂર નથી.**' એટલે ત્યાં વિકલ્પ નથી આવતો. આરાધન સમયની વાત જુદી છે. આરાધન સમયે તો યુક્તિ પણ નથી, વિકલ્પ પણ નથી, નય નથી, પ્રમાણ નથી, કાંઈ ભેદ નથી. સીધો આત્મા જ પ્રત્યક્ષ છે અને પ્રત્યક્ષ આત્માને પ્રત્યક્ષ જ્ઞાનથી વેદવામાં આવે છે. ઓલો જાણવાનો

વિષય છે અને આ વેદવાનો વિષય છે. આરાધન વખતે વેદવાની વાત છે અને અન્વેષણ કાળે જાણવાની વાત છે. અન્વેષણ એટલે ખોજ કરવી. અન્વેષણનો સીધો અર્થ પણ ખોજ કરવી એમ થાય છે.

**'માટે નય (અને) પ્રમાણ (તે) યુક્તિ છે એમ જાણવું.'** માટે નય પ્રમાણને યુક્તિમાં લીધા છે, જુઓ! પણ ક્યારના નય-પ્રમાણ લેવા? નિર્ણય કરવાના કાળમાં લેવા. પછી અનુભવ પછી જે નયપ્રમાણ છે એને યુક્તિની વાત નથી રહેતી. એ તો પછી કથનની યુક્તિ થઈ. કથનથી સિદ્ધ કરવું. હું આ નયથી વસ્તુને સિદ્ધ કરું છું. હું પ્રમાણથી વસ્તુને સિદ્ધ કરું છું. એમ. જ્ઞાનમાં તો એકસાથે બધું જ છે, નય-પ્રમાણ એકસાથે રહે છે, કથનમાં ક્રમ પડે છે.

**'ગુણસત્તામાં અનંત ભેદ છે તે ગુણના અનંત ભેદ છે. એક સૂક્ષ્મગુણના અનંત પર્યાયો છે,...'** તે સૂક્ષ્મ ગુણના અનંત પર્યાયો છે. બધાય ગુણમાં. **'જ્ઞાન સૂક્ષ્મ, દર્શન સૂક્ષ્મ એ જ રીતે બધા ગુણો સૂક્ષ્મ જાણવા;...'** કેમકે આખા દ્રવ્યની સૂક્ષ્મતા છે. જો દ્રવ્ય આખું સૂક્ષ્મ હોય તો એના બધા ગુણો પણ સૂક્ષ્મ હોવા જોઈએ. એમ કહેવું છે. કેમકે સૂક્ષ્મત્વ ગુણ આખા દ્રવ્યમાં વ્યાપેલો છે. દ્રવ્ય અપેક્ષાએ આખા દ્રવ્યમાં વ્યાપેલો છે માટે બધા ગુણોની સૂક્ષ્મતા આવી જાય છે. એમ કહેવું છે.

એવી રીતે ચૈતન્યપણું. ચેતનગુણ આખા દ્રવ્યમાં જીવદ્રવ્યમાં વ્યાપેલો છે. માટે બધા એના ગુણ સચેતન છે. કોઈ ગુણ અચેતન નથી. જીવનું અસ્તિત્વ સચેતન છે, પુદ્‌ગલનું અસ્તિત્વ અચેતન છે. બંનેને અસ્તિત્વ જ કહેવાય પણ એક સચેતન અને એક અચેતન. **'એ જ રીતે બધા ગુણો સૂક્ષ્મ જાણવા; સૂક્ષ્મ (ગુણ)ના પર્યાય છે.-સૂક્ષ્મગુણનો જ્ઞાન સૂક્ષ્મ પર્યાય જ્ઞાયકતારૂપ અનંતશક્તિમય નૃત્ય કરે છે;...'** હવે આ જરા ઉતાર્યું છે સૂક્ષ્મપણે. હવે શું છે કે એ નૃત્ય કરે છે. તો એ નૃત્યની અંદર પણ એનો ઘાટ છે. અને ઘાટની અંદર અનંત ગુણના ઘાટમાં એક ગુણ અનંત રૂપે થઈને એના લક્ષણ અને એની કળા છે. ઘાટમાં પાછી કળા છે. એવી રીતે એકની અંદર એક એના ભેદ-પ્રભેદો ઉતાર્યા છે. અને આ વાત એમણે 'પરમાત્મપુરાણ'માં વધારે વિસ્તારથી લીધી છે. પરમાત્મા છે, આત્મા એ પરમાત્મા છે એનું પુરાણ હું તમને કહું છું. એ પુરાણની અંદર આ બધો વિસ્તાર કર્યો છે. અહીં સંક્ષેપ લીધો છે. ત્યાં જરા વિસ્તાર કર્યો છે. કાલે જરા વિસ્તારથી લઈશું...

**તા. ૨-૬-૧૯૯૧, પાના નં. ૮,**
**પ્રવચન નં. ૩**

૮મું પાનું. ગુણનો અધિકાર છે. '**ગુણસત્તામાં અનંત ભેદ છે...**' પેરેગ્રાફથી. વચ્ચે મોટો પેરેગ્રાફ છે ત્યાંથી. '**ગુણસત્તામાં અનંત ભેદ છે તે ગુણના અનંત ભેદ છે.**' એટલે એક એક કરીને અનેક ગુણો છે. અનંત ગુણો છે. અનંત ભેદ. '**એક સૂક્ષ્મગુણના અનંત પર્યાયો છે, જ્ઞાનસૂક્ષ્મ, દર્શનસૂક્ષ્મ એ જ રીતે બધા ગુણો સૂક્ષ્મ જાણવા; સૂક્ષ્મ (ગુણ)ના પર્યાયો છે.**' એમાં કેવી રીતે લેવું છે? કે ૮મું પેજ છે. ગુણ અધિકાર. પ્રકરણ બીજું. મોટો પેરેગ્રાફ છે ને ત્યાં. જે સૂક્ષ્મતા નામનો ગુણ છે તો આખો પદાર્થ આત્મા સૂક્ષ્મ છે. હવે જીવની વાત ચાલે છે કે જીવ પોતે જ સૂક્ષ્મગુણવાળો પદાર્થ છે. એટલે આખો આત્મા સૂક્ષ્મ છે. જો આખો આત્મા સૂક્ષ્મ હોય તો એના પ્રત્યેક ગુણો પણ સૂક્ષ્મ જ હોય. કેમકે આખા પદાર્થની એ વિશેષતા છે. એટલે આખા પદાર્થમાં એ વિશેષતા બધે જ લાગુ પડી જાય છે. એ દૃષ્ટિએ જ્ઞાન પણ સૂક્ષ્મ છે, દર્શન પણ સૂક્ષ્મ છે. એનું કારણ શું? કે પદાર્થને જ સૂક્ષ્મ નામનો ગુણ છે માટે એ બધા સૂક્ષ્મ છે.

મુમુક્ષુ :- સૂક્ષ્મ ગુણને કારણે બધા સૂક્ષ્મ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સૂક્ષ્મ ગુણને કારણે આખો આત્મા સૂક્ષ્મ છે માટે એના બધા ગુણ પણ સૂક્ષ્મ જ છે. એમ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બધા ગુણોનું રૂપ સૂક્ષ્મ છે. બધા ગુણો સૂક્ષ્મરૂપે છે એમ લેવું. બરાબર છે. સૂક્ષ્મના પર્યાયો છે, એ રીતે એ સૂક્ષ્મના પર્યાયો છે.

'**સૂક્ષ્મગુણનો જ્ઞાનસૂક્ષ્મ પર્યાય જ્ઞાયકતારૂપ અનંતશક્તિમય નૃત્ય કરે છે;...**' હવે સૂક્ષ્મગુણનો જે જ્ઞાનસૂક્ષ્મ પર્યાય જ્ઞાયકતારૂપ અનંતશક્તિમય નૃત્ય કરે છે. એ સૂક્ષ્મગુણની સૂક્ષ્મતા કેટલી? કે અનંત. અનંતી સૂક્ષ્મતા છે એનામાં. કેમકે અનંતા ગુણોને એ સૂક્ષ્મ કરે છે. એવી રીતે એવું જે એનું અનંતુ પરિણમન છે એને અહીંયાં એક નૃત્ય લીધું. પરિણમનને નૃત્ય એવી ઉપમા આપી.

મુમુક્ષુ :- માતાજી કહે છેને, રમતું પ્રગટ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આત્મદ્રવ્ય રમતું પ્રગટ થાય છે.

'**એક જ્ઞાન-નૃત્યમાં...**' એટલે જ્ઞાનના નૃત્યમાં '**અનંત ગુણનો ઘાટ જાણવામાં**

**આવ્યો છે...**' એટલે બધા ગુણો કેવા છે? એનું સ્વરૂપ. ઘાટ એટલે એનું સ્વરૂપ. આપણે નથી કહેતા કે આ દાગીનાનો ઘાટ આવો છે, આ દાગીનાનો ઘાટ આવો છે. ઘાટ એટલે એનો આકાર. એવી રીતે '**એક જ્ઞાન-નૃત્યમાં...**' એટલે જ્ઞાનના પરિણમનમાં '**અનંત ગુણનો ઘાટ જાણવામાં આવ્યો છે તેથી (તે અનંત ગુણનો ઘાટ) જ્ઞાનમાં છે;...**' એ બધાનું પ્રતીબિંબ પડ્યું જ્ઞાનની અંદર એટલે અનંત ગુણનો જે ઘાટ છે એ જ્ઞાનમાં છે.

'**અનંત ગુણના ઘાટમાં એકેક ગુણ અનંતરૂપે થઈને પોતાના જ લક્ષણને ધારે છે,...**' અનંત ગુણના ઘાટમાં એકેક ગુણ અનંતરૂપે થઈને.. હવે એકક ગુણ શું થાય છે? એ અનંતરૂપે થાય છે. જેમકે સૂક્ષ્મમાં જ્ઞાન સૂક્ષ્મ થયું, દર્શન સૂક્ષ્મ થયું, એમ અનંત ગુણના ઘાટમાં પણ જે અનંત ગુણ છે એ પણ અનંતરૂપે થાય છે. એટલે દરેક ગુણને પોતાનું રૂપ આપે છે. પ્રત્યેક ગુણ અનંતે અનંત ગુણને પોતાનું રૂપ આપે છે. એવી રીતે એનો ઘાટ છે. ઘાટ એટલે એની શોભા.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઘાટ આપે છે. રૂપ આપે છે. પ્રત્યેક ગુણ અનંત ગુણને પોતાનું રૂપ આપે છે. પ્રત્યેક ગુણ પોતાનું રૂપ અનંત ગુણને આપે છે.

એટલે '**અનંત ગુણના ઘાટમાં એકેક ગુણ અનંતરૂપે થઈને પોતાના જ લક્ષણને ધારે છે,...**' પાછું પોતાનું લક્ષણ છોડતા નથી. એવી રીતે જે અનંત ગુણો પોતાનું રૂપ બધા ગુણોને આપે, પ્રત્યેક ગુણ અનંતાને પોતાનું રૂપ આપે, છતાં પોતાનું લક્ષણ ન છોડે એ એની એક કળા છે. એમ કહે છે. નૃત્યમાંથી ઘાટ ઉતાર્યો, ઘાટમાંથી કળાને ઉતારી. એ એની પોતાની કળા છે. એક એક ગુણની આ કળા છે.

મુમુક્ષુ :- પોતાપણું ન છોડે?

પૂજ્ય ભાઈશ્રી :- પોતાપણું છોડ્યા વિના. પોતાનું સ્વરૂપ છોડ્યા વિના પોતાનું રૂપ અનંતને આપે છે. એ કળા છે એની.

મુમુક્ષુ :- કળા..

ઉત્તર :- કળા એટલે એ રીતે ખીલવું. એમ. એની વિશેષતા છે એમ કહેવું છે. એની એક કળા છે એમ. ટેકનિક જેને કહેવામાં આવે. એ એનું કળાત્મક સ્વરૂપ છે. એ એનું સ્વરૂપ છે પણ કળાત્મક સ્વરૂપ છે. એમ. લક્ષણાત્મક સ્વરૂપ, કળાત્મક સ્વરૂપ એવી રીતે. એ એની એક કળા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કળા એટલે ત્યાં રીત લેવી છે. અસાધારણ કાર્યપદ્ધતિને પણ ત્યાં

કળા કહે છે. કળા શબ્દ તો જુદી જુદી રીતે ગણી જગ્યાએ વપરાય છે. જ્યાં જે કહેવાનો ભાવાર્થ હોય તેમ લેવું.

આ પ્રત્યેક ગુણની આવી કળા છે એમ કહેવું છે. જેમ મોર છે એ મોર છે. પણ જ્યારે એ કળા કરે છે ત્યારે કળાયેલ મોર કહેવામાં આવે છે. એમ ગુણ છે એની એક એક શક્તિ છે. પણ આવી રીતે અનંતા ગુણને પોતાનું રૂપ આપે છે એવી એક કળા કરે છે. એમ કહે છે. એવી એની કળા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે પરિણમન તો ગુણનું ગુણરૂપે છે પણ આવી પણ એક એની વિશેષતા છે એમ લેવું છે. એવી એક એની શોભા છે. કળાથી એની શોભા છે.

મુમુક્ષુ :- દરેકે દરેક ગુણ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. દરેકે દરેક ગુણ પોતાનું રૂપ અનંત પ્રત્યેકને આપે છે માંહોમાંહે. એક ગુણને અનંત ગુણનું રૂપ મળે છે, પોતે એક ગુણ બીજા અનંતાને પોતાનું રૂપ આપે છે. આવી વસ્તુ છે.

મુમુક્ષુ :- દરેક ગુણ પોતાપણે ઓછો થયા વગર ...

ઉત્તર :- નહિ. શું છે કે ગુણ છે એ આખી વસ્તુનો ગુણ છે ને? ગુણ છે એ એક આખા પદાર્થનો ગુણ છે અને આખા પદાર્થનો ગુણ હોવાથી એના બધા ગુણોમાં એ ગુણનું રૂપ આવી જાય છે.

મુમુક્ષુ :- રૂપ બધું આવી જાય પણ ગુણમાંથી કાંઈ ઓછું નથી થતું.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. ગુણ તો એવો ને એવો અકબંધ રહે. અકબંધ રહી જાય છે. એટલું જ નહિ ગુણની પર્યાયો જે થાય છે; જેમ કે જ્ઞાનગુણની જાણવારૂપે. તો અનંત કાળ સુધી અનંત પર્યાય થાય છે ત્યા ગુણ અકબંધ રહી જાય. ઇનટેક્ટ. કાંઈ ફેરફાર વગરનો. એનું નામ ગુણ છે. ગુણ ગુણરૂપે રહીને પર્યાયે પરિણમે છે. ગુણરૂપે એવો ને એવો રહીને પર્યાયે પરિણમે છે એમ કહેવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બધા ગુણોનું એકત્વ તે જ દ્રવ્ય છે. બધા ગુણો કાંઈ જુદી જુદી વસ્તુ નથી. એ બધાયનું એકત્વપણું છે એ દ્રવ્ય છે, એ વસ્તુ છે. એટલે કે ગુણ અને ગુણવાન, ગુણવાનના બધા ગુણો છે. ગુણવાનના બધા ગુણો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પછી સમૂહ એટલે ભેગા થયા એમ નહિ.

મુમુક્ષુ :- ગુણોના સમુહને દ્રવ્ય કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગુણોના સમૂહને દ્રવ્ય કીધું એટલે એકત્વ. એ સમૂહ એટલે અહીં યાં એકત્વ લેવું. સમૂહ એટલે શું છે કે રૂપિયાનો ઢગલો કર્યો અને રૂપિયાનો સમૂહ થયો એમ નહિ. માણસ બધા એક રૂમમાં ભેગા થયા કે ભાઈ અહીંયાં માણસનો સમૂહ આ હોલમાં ઘણો છે એમ નહિ. એવી રીતે નહિ.

જેમકે આત્માનો આ પ્રદેશ છે તો આ પ્રદેશે અનંતા ગુણ છે. એવી રીતે પ્રત્યેક પ્રદેશે અનંતા ગુણ છે. સર્વ ગુણો એક પ્રદેશે અથવા સર્વ પ્રદેશે છે. અને એવી વસ્તુ એવી એક અભેદ એકરૂપ અખંડ છે કે કોઈ ગુણને બીજા અનંતા ગુણનું રૂપ મળી જાય છે. એવી રીતે બધા ગુણો (રહ્યા છે) અને છતાં પોતાનું ગુણત્વ છોડતું નથી કોઈ. પોતાના ગુણ એમ ને એમ રહે છે. ગુણ ગુણપણે એમ ને એમ રહી જાય છે.

એવી રીતે '**અનંત ગુણના ઘાટમાં એકેક ગુણ અનંતરૂપે થઈને પોતાના જ લક્ષણને ધારે છે, તે કળા છે; એકેક કળા ગુણરૂપ હોવાથી અનંતરૂપને ધારે છે;...**' એ પોતે ગુણરૂપ હોવાથી એ કળા અનંત ગુણના રૂપને એ ધારણ કરે છે. '**એકેક રૂપ જે રૂપે થયું તેની અનંત સત્તા છે;...**' એ બધાની પણ અનંત સત્તા છે. એનું હોવાપણું છે. અધ્ધર વાત નથી કોઈ. કાલ્પનિક વાત નથી પણ એનું હોવાપણું છે. એવી અનંતી સત્તા છે.

મુમુક્ષુ :- બધા ગુણોની સત્તા...

પૂજ્ય ભાઈશ્રી :- હા, બધા ગુણો સત્તારૂપે છે.

મુમુક્ષુ :- એટલે અનંતા કહ્યું?

પૂજ્ય ભાઈશ્રી :- હા. હા એટલે અનંતા છે. એની સત્તા છે. અને એની સત્તા અખંડિત અને અવિભાજિત સત્તા છે. એને કોઈ ખંડ ન કરી શકે, એને કોઈ વિભાજિત ન કરી શકે એવી સત્તા છે. એ '**એકેક સત્તા અનંત ભાવને ધરે છે;...**' એના જે પર્યાયો થાય એ એકક સત્તા પાછી અનંત ભાવને ધારે છે અને '**એક એક ભાવમાં અનંત રસ છે;...**' તારતમ્ય હિસાબે. એ એક એક ભાવની અંદર અનંત રસ છે. રસ એટલે અનુભાગ છે એનો.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- સત્તા એટલે હયાતી, સત્તા એટલે હયાતી. એનું જે રૂપ થયું તેની અનંત સત્તા છે. એટલે એની સત્તા અથવા તો એની હયાતી છે એ અનંત કાળ રહે છે. એનું સામર્થ્ય પણ અનંત કાળ પર્યંત (રહે છે).

મુમુક્ષુ :- દરેકે દરેક ગુણની પોતાની હયાતી..

પૂજ્ય ભાઈશ્રી :- હા. અનંત કાળ પર્યંત છે. એટલે ઓછું ન થાય એમાંથી કાંઈ, ફેરફાર

ન થાય, વધઘટ ન થાય, વિકૃતિ ન થાય, ઘસારો ન લાગે, જૂનું ન થાય. એમ. એવી એની અનંત સત્તા છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- એટલે પોતાના રૂપે એક અખંડ સત્તા. એમ. અવાંતરસત્તા અને મહાસત્તા એમ લેવું. મહાસત્તામાં આખા દ્રવ્યની સત્તા તે મહાસત્તા, પ્રત્યેક ગુણની સત્તા તે અવાંતર સત્તા એમ લેવું.

**'સત્તા અનંત ભાવને ધરે છે; એકેક ભાવમાં અનંત રસ છે;...'** અનંત રસ છે એટલે અનંત શક્તિ છે. અવિભાગપ્રતિછેદ એના જોવામાં આવે તો અનંત શક્તિ છે. અને **'એકેક રસમાં અનંત પ્રભાવ છે.'** પ્રભાવના વિસ્તાર માટે 'આજ ગ્રંથકર્તાકૃત અધ્યાત્મ પંચસંગ્રહ-સવૈયા ટીકા પૃષ્ઠ ૧-૨.' જુઓ. એ અધ્યાત્મ પંચસંગ્રહ છે ને? પંચસંગ્રહમાં પાંચ ગ્રંથ લીધા છે એમાં પરમાત્મપુરાણમાં આ વાત છે. એક એક રસમાં અનંત પ્રભાવ છે. એક એક રસની અંદર પણ ઘણો પ્રભાવ છે, અનંતો પ્રભાવ છે.

મુમુક્ષુ :- એકેક ભાવમાં અનંત રસ અને એકેક રસમાં અનંતો પ્રભાવ!

પૂજ્ય ભાઈશ્રી :- અનંતો પ્રભાવ છે. એનું પોતાનું વજન છે. એને કોઈ ખસેડી શકે નહિ એમ કહે છે. એને કોઈ ત્યાંથી ફેરવી ન શકે એના પ્રભાવને.

**'આ પ્રકારે આવા ભેદો અનંત સુધી જાણવા.'** આવા બધા ભેદો અનંત સુધી જાણવા. એ બધા કેવળજ્ઞાનગોચર છે. કેટલાક વાણીગોચર થાય. બાકી કેવળજ્ઞાનગોચર છે.

**'એકેક ગુણ સાથે બીજા ગુણને લગાડવાથી અનંત સપ્તભંગી સાધી શકાય છે (અર્થાત્ એક ગુણમાં બીજા ગુણની અપેક્ષા લઈને તેમાં અનંત સપ્તભંગી ઊતરે છે).'** અસ્તિ-નાસ્તિ. અસ્તિ-નાસ્તિ, અવક્તવ્ય-વક્તવ્ય એ બધા થઈને અનંતી સપ્તભંગી ઉતરે છે. એવી રીતે એક ગુણમાં બીજા ગુણને કેવી રીતે સાથે લઈને.. એક ગુણ સાથે બીજા ગુણને લગાડવાથી. ઉપયોગ સ્થિર થયો. જ્યારે ધર્મ પ્રગટ થયો ત્યારે શું થયું? ઉપયોગ સ્થિર થયો. તો ઉપયોગની સ્થિરતાને ચારિત્ર કીધું. ઉપયોગ જ્ઞાનગુણની પર્યાય અને સ્થિરતા ચારિત્રની ગુણની પર્યાય. ઉપયોગ સ્થિર થયો એમ બેયને સાથે લઈ અને એની સપ્તભંગી કરો તો એમાં સાત ભંગ ઉતરે અસ્તિનાસ્તિથી. એવા અનંતા ગુણો એ બધી સપ્તભંગી લાગુ પડે તો અનંતી સપ્તભંગી ઉતરે છે. કેમકે એકમાં અનંતાનું રૂપ છે. એટલે અનંતી સપ્તભંગી ઉતરે છે. કેટલું વિશાળ વટવૃક્ષ થાય એવું છે.

**'તેનું કથન :- (અહીં સત્તા ગુણ સાથે જ્ઞાન ગુણની અપેક્ષા લઈને સપ્તભંગનું સ્વરૂપ વિચારે છે) :-'** લ્યો એક દૃષ્ટાંત પણ આપ્યો છે. સાત ભંગનો દૃષ્ટાંત પણ આપ્યો

છે. '**સત્તા જ્ઞાનરૂપ છે કે નથી?**' જીવની જે સત્તા છે એટલે હયાતી છે એ જ્ઞાનસ્વરૂપે છે કે નહિ? તો કહે, છે. જીવની મોજૂદગી છે એ જ્ઞાનસ્વરૂપે છે.

'**જો સત્તા જ્ઞાનરૂપ કહીએ...**' જો સત્તાને જ્ઞાનસ્વરૂપ કહીએ '**તો (જ્ઞાનગુણ સત્તાગુણના આશ્રયે ઠરે,...**' સત્તાના આશ્રયે જ્ઞાનગુણ રહ્યો એટલે હયાતીમાં જ્ઞાનગુણ રહેલો છે. '**(અને એમ થતાં),...**' '**द्रव्याश्रया निर्गुणा गुणाः**' '**આ સૂત્રમાં ગુણમાં ગુણની મના કરી છે તે સૂત્ર જૂઠું ઠરે છે.**' આ ક્રોસ ઉઠાવ્યો પોતે. આપે તો આગળ અમને સૂત્ર આપ્યું છે કે દ્રવ્યના આશ્રયે ગુણ રહે. કોના આશ્રયે રહે? ગુણના આશ્રયે ગુણ ન રહે. તો પછી આમાં તો તમે એમ લીધું કે સત્તાના આશ્રયે જ્ઞાન રહ્યું છે. તો ગુણના આશ્રયે ગુણ રહી ગયો. આમાં તો પછી ફેર પડે છે, સૂત્રની સામે વિરુદ્ધતા આવે છે. અને જો...

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો બરાબર છે. એ તો એનું રૂપ જ છે. એકબીજાને એકબીજાનું રૂપ જ છે. પણ અહીંયાં તો એમ કે સત્તામાં બધા ગુણ આવી ગયા એમ કહેવાય ને? કે જીવના અસ્તિત્વમાં બધા ગુણ આવી ગયા. જો તમે દૃષ્ટિથી સત્તાનું ગ્રહણ કરો તો આખા દ્રવ્યનું ગ્રહણ થઈ ગયું. તો પછી સત્તાના આશ્રયે બધા ગુણ રહ્યા કે ન રહ્યા? એમ કહે છે. આવો એક ક્રોસ કર્યો છે. આ જૈનદર્શનમાં જ પદ્ધતિ છે હોં ક્રોસ કરવાની. બીજા દર્શનોમાં તો એ પ્રતિપાદન ઠપકારે રાખે. એમાં પણ 'યોગવશિષ્ઠ' હમણા જોયું તો એમાં જ્યાં માર્મિક પ્રશ્ન આવે છે ત્યાં 'રામચંદ્રજી' પૂછે છે એના ગુરુ વશિષ્ઠને તો કહે છે, હમણાં એનો તને ઉત્તર નહિ દઉં. તને આગળ ઉપર ઉત્તર દઈશ. પછી આગળ ક્યાંય એ પ્રશ્નનો ઉત્તર જ આવતો નથી. હમણા તું યોગ્યતા તૈયાર કર. હમણા હું તને કહું એ સાંભળ તું. તારો પ્રશ્ન છે એ બરાબર છે અને સારો પ્રશ્ન છે. પ્રશ્નની પ્રશંસા કરે પણ ઉત્તર ન આપે. એવા પ્રશ્ન ઉઠાવ્યા છે, ઉત્તર નથી આપ્યો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એનો ઉત્તર નથી. એનો ઉત્તર નથી ગુરુ પાસે એમ નક્કી થાય છે. એવી વાતો છે.

બીજો પ્રશ્ન '**(૨) જો (સત્તાને) જ્ઞાનરૂપ ન માનીએ તો (તે) જડ ઠરે છે.**' જ્ઞાનરૂપ ન માનવામાં આવે તો એ આત્માની સત્તા જડ થઈ જાય છે. '**તેથી સપ્તભંગ સાધીએ છીએ. તે આ પ્રમાણે :- (૧) કેવળ ચૈતન્યનું અસ્તિત્વ છે એમ જ્યારે કહીએ ત્યારે (સત્તા) જ્ઞાનરૂપ છે (સ્યાત અસ્તિ).**' એમ કહ્યું કે કેવળ ચૈતન્યનું અસ્તિત્વ છે તોપણ સ્યાત લેવું. કોઈ અપેક્ષાએ લેવું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચૈતન્ય અને સત્તા બે છે એમાં એમ લેવું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ચૈતન્યની પણ સત્તા છે અને અસ્તિત્વગુણની પણ સત્તા છે. ચૈતન્યગુણની પણ સત્તા છે. એમ સ્યાત અસ્તિ લેવી.

'(૨) **કેવળ સત્તાલક્ષણસાપેક્ષ, અન્ય ગુણનિરપેક્ષ લઈએ ત્યારે (સત્તા) જ્ઞાનરૂપ નથી. (સ્યાત નાસ્તિ).**' સ્યાત નાસ્તિ છે. સ્યાત નાસ્તિ. સર્વથા નાસ્તિ નથી પણ સ્યાત નાસ્તિ છે. એટલે અસ્તિત્વ છે તે અસ્તિત્વ જ છે. અસ્તિત્વ છે એ અસ્તિત્વ જ છે. અસ્તિત્વમાં સત્તા નથી. સ્યાત નાસ્તિ લેવી. કેવળ સત્તા લેવી. કેવળ અસ્તિત્વ લેવું ત્યારે અન્ય ગુણની નિરપેક્ષતા લેવી. કોઈપણ ગુણની. બધા ગુણની નિરપેક્ષતા લેવી. કેમકે એક ગુણ છે એ પોતાના ગુણસ્વરૂપે છે અને અન્ય ગુણસ્વરૂપે નથી. માટે બધા ગુણોની એમાં નાસ્તિ આવી ગઈ. સત્તામાં પણ જ્ઞાનની નાસ્તિ આવી ગઈ. એમ લેવું. પણ એ કોઈ અપેક્ષાએ વાત છે. કઈ અપેક્ષાએ? એકલા એ ગુણની અપેક્ષાએ વાત છે. એમ વિચારી શકાય છે.

મુમુક્ષુ :- સત્તાગુણમાં જ્ઞાનગુણ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સત્તાગુણમાં જ્ઞાનગુણની નાસ્તિ. અથવા સત્તાગુણ છે તે જ્ઞાનગુણસ્વરૂપે નથી અને જ્ઞાનગુણ છે તે સત્તાગુણસ્વરૂપે નથી. એમ કહેવું છે. સ્યાત નાસ્તિ. પણ એનું રૂપ નથી એમ ન લેવું. એટલે સ્યાત આવે છે. કોઈ અપેક્ષાએ. મર્યાદિત રીતે નાસ્તિ છે. ભલે કેવળ શબ્દ લગાડ્યો તોપણ. સ્યાત્ તો ખરો જ સાથે. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ના બીજા કોઈ ગુણ નથી. ત્યારે એમાં બીજા કોઈ ગુણ નથી. એમ લેવું.

મુમુક્ષુ :- એટલા પુરતી જ ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલા જ પુરતી. એ ગુણના સ્વરૂપને માત્ર જાણવા માટે વિચારીએ છીએ ત્યારે. પણ એ મર્યાદિત વાત છે. એટલી જ મર્યાદિત વાત છે. બાકી તો એને અનંત ગુણનું રૂપ છે એ વાત અનર્પિતરૂપે સાચી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. નહિતર તો ગુણનું સ્વરૂપ ન ઓળખાય ને. જેમકે જ્ઞાનગુણનું લક્ષણ જાણવું તે. અને સત્તાગુણનું લક્ષણ હયાતીપણું તે. તો જાણવું એ જાણવું છે. હયાતી

તે હયાતી છે. એમ કહેવું છે.

'(૩) **બંને વિવક્ષાઓમાં (સત્તા કથંચિત્‌) જ્ઞાનરૂપ છે, નથી. (સ્યાત્‌ અસ્તિ-નાસ્તિ).**' છે પણ અને નથી પણ. બેય છે એનામાં. બંને વિવક્ષાઓ ત્યાં લાગુ પડતી હોવાથી સત્તા કથંચિત્‌ જ્ઞાનરૂપ છે અને કથંચિત્‌ જ્ઞાનરૂપ નથી. એમ. સત્તા કથંચિત સત્તારૂપ છે અને કથંચિત્‌ જ્ઞાનરૂપ નથી. બેમાં એ રીતે લાગુ પડી જાય છે ત્રીજો ભંગ.

હવે ચોથો ભંગ. '(૪) **(સત્તાનો) અનંત મહિમા વચનગોચર નથી તેથી અવક્તવ્ય છે.**' સત્તા છે એ અનાદિઅનંત એટલું બધું સામર્થ્ય ધરાવે છે કે એની જે મહત્તા છે એ વચનગોચર નથી. પૂરેપૂરી વચનગોચર નથી. એટલે સ્યાત્‌ અવક્તવ્ય છે. જો અવક્તવ્ય જ હોય, સર્વથા અવક્તવ્ય હોય તો એને અવક્તવ્ય કહેવાય. પણ અહીંયાં અવક્તવ્ય છે ખરી પણ સ્યાત્‌ અવક્તવ્ય છે એટલે કથંચિત અવક્તવ્ય છે અને કથંચિત્‌ વક્તવ્ય પણ છે એમ એમાં આવી ગયું. '**(અથવા સત્તા જ્ઞાનરૂપ છે અને જ્ઞાનરૂપ નથી એવા બંને પ્રકાર એકસાથે કહી શકાતા નથી માટે સ્યાત્‌ અવક્તવ્ય છે.)**' અથવા પૂરેપૂરા કહી શકાતા નથી માટે સ્યાત્‌ અવક્તવ્ય છે.

'**(૫) (સત્તા) જ્ઞાનરૂપ છે એમ કહેતાં (સત્તા જ્ઞાનરૂપ) નથી એવા ભંગનું કથન બાકી રહી જાય છે...**' સ્યાત્‌ છે એમ કહેતા સ્યાત્‌ નથી એ બાકી રહી જાય છે. '**તેથી સત્તા જ્ઞાનરૂપ છે; પરંતુ અવક્તવ્ય છે.**' છે અને અવક્તવ્ય છે. એવી જ રીતે '**(૬) (સત્તા) જ્ઞાનરૂપ નથી એમ કહેતાં (સત્તા) જ્ઞાનરૂપ છે એવા ભંગનું કથન બાકી રહી જાય છે તેથી (સત્તા જ્ઞાનરૂપ નથી અને) અવક્તવ્ય છે.**' નથી અને અવક્તવ્ય છે. નથી અને અવક્તવ્ય છે, છે અને અવક્તવ્ય છે. સ્યાત્‌ નાસ્તિ અવક્તવ્ય, સ્યાત્‌ અસ્તિ અવક્તવ્ય.

'**(૭) અસ્તિ-નાસ્તિ બંને ભંગ એક સાથે કહી શકાતા નથી તેથી (સત્તા જ્ઞાનરૂપ છે-જ્ઞાનરૂપ નથી ને) અવક્તવ્ય છે (સ્યાત્‌ અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય).**' આવી જાય છે. એકસાથે નથી કહી શકાતા તેથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. લઈએ. '**અનંત મહિમા વચનગોચર નથી તેથી અવક્તવ્ય છે. (અથવા સત્તા જ્ઞાનરૂપ છે અને જ્ઞાનરૂપ નથી એવા બંને પ્રકાર એકસાથે કહી શકાતા નથી માટે સ્યાત્‌ અવક્તવ્ય છે.)**' હવે એ વિવિક્ષા એમણે સાતમામાં જ કરી છે. પણ ખરેખર આપણે તો પહેલા વિવિક્ષા બીજી લઈ લીધી કે '**અનંત મહિમા વચનગોચર નથી...**' એટલે સ્યાત્‌ અવક્તવ્ય અને સ્યાત્‌ વક્તવ્ય છે એમ લેવું. ચોથામાં શું લેવું? કે સ્યાત્‌ અવક્તવ્ય છે એટલે કે સ્યાત્‌ વક્તવ્ય છે. એમ કહેવા માટે સ્યાત્‌ અવક્તવ્ય લીધું.

એટલે કે પૂરેપૂરું કહી શકાતું નથી. એટલું અવક્તવ્યનું અહીંયાં લેવું. અને અહીંયાં અસ્તિ-નાસ્તિ એકસાથે કહી શકાતું નથી માટે અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય લેવું. ઓલું અવક્તવ્ય લેવું અને અહીંયાં અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય લેવું. બસ! એટલો જ ફેર છે.

મુમુક્ષુ :- .. ભેદ પાડ્યા વગર..

પૂજ્ય ભાઈશ્રી :- હા. અવક્તવ્યમાં અસ્તિ-નાસ્તિના ભેદ પાડવા અને ઓલામાં અવક્તવ્યમાં પૂરેપૂરું નથી કહેવાતું, થોડુંક જ કહેવાય છે. એટલો અર્થ સમજવો. એમ. એ કથનની અપેક્ષાએ બે ભેદે લીધું અસ્તિ અને નાસ્તિ વિરુદ્ધ છે માટે. અસ્તિ અને નાસ્તિ વિરુદ્ધ છે માટે. અને એકમાં એનું પૂરેપૂરું સ્વરૂપ છે એ અવક્તવ્ય છે. કથંચિત્ જ વક્તવ્ય છે. ભલે જ્ઞાનમાં પૂરેપૂરું જણાતું હોય પણ કહેવામાં તો કથંચિત્ જ વક્તવ્ય છે. માટે કથંચિત્ અવક્તવ્ય લેવું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- .. જ આવે છે. હા, એટલે અવક્તવ્ય લીધું. સ્યાત્ અવક્તવ્ય લઈ લીધું.

**'આ પ્રમાણે ચૈતન્ય વડે સત્તાના સાત ભંગ જ્ઞાન સાથે સધાય છે. એ જ પ્રમાણે ચૈતન્ય વડે સત્તાના સાત ભંગ દર્શન સાથે સાધવા; તથા એ જ પ્રમાણે વીર્ય સાથે, પ્રમેયત્વ સાથે, તેમજ અનંત ગુણો સાથે (સાધવા). ચેતનાની જેમ બધા ગુણો સાથે (સત્તાના સાત ભંગ) સાધીએ ત્યારે (સત્તામાં) અનંત સાત ભંગ સધાય છે. વળી સત્તાની જગ્યાએ વસ્તુત્વ મૂકીને, તેની સાથે સત્તાની જેમ સાધીએ ત્યારે અનંત વાર સાત ભંગ થાય છે. એ જ રીતે વસ્તુત્વ સાથે. એવી જ રીતે એકેક ગુણ સાથે અનંત વાર જુદા જુદા સાધવા. એ રીતે અનંત ગુણ સિદ્ધ થાય છે.'** એ રીતે અનંતી અનંતી સપ્તભંગી સિદ્ધ થાય છે.

**'સત્તાની જગ્યાએ (ચેતન) મૂકીએ ત્યારે એક ચેતનની વિવક્ષાથી (સાત ભંગ) સધાય છે, તે જ પ્રમાણે ચેતનાની માફક એકેક ગુણને વિવક્ષા વડે સાધીએ ત્યારે બધા ગુણો પર્યંત અનંતાનંત (સાત ભંગ) એક એક ગુણ સાથે સધાય છે.'** સાત ભંગ એક એક ગુણ સાથે સધાય છે. **'એવી રીતે આ ચર્ચા સ્વરૂપની રુચિ પ્રગટે ત્યારે પામે અને કરે.'** આવી જે ચર્ચા છે એ સ્વરૂપની રુચિ, સ્વભાવની રુચિ પામે ત્યારે કરે છે. **'નિજ ઘરનાં નિધાન નિજપારખી જ પરખે.'** આવી રીતે પોતાની અંદર કેવા કેવા ગુણોના અનંતા નિધાન ભરેલા છે એને પરખવા માટે આ વાત છે. ઓળખવા માટે. સરવાળે અધ્યાત્મ દૃષ્ટિ તો ઓળખવાની છે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમને વિષય ભલે દ્રવ્યાનુયોગ પ્રધાન લીધો છે તોપણ એમાં અધ્યાત્મની પ્રધાનતા ઘણી લીધી છે. બહુ સારી અધ્યાત્મની પ્રધાનતા લીધી છે.

મુમુક્ષુ :- આ ચર્ચા સ્વરૂપની રુચિ પ્રગટે એવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- **'એવી રીતે આ ચર્ચા સ્વરૂપની રુચિ પ્રગટે ત્યારે પામે...'** સ્વરૂપની રુચિએ આ ચર્ચા પામે. આત્માની ચર્ચા કોણ કરે આવી? કે આત્માની રુચિ વગર આત્માની ચર્ચા કોણ કરે? કંટાળો આવે કે આ શું બધું એકમાં બીજું, બીજામાં અનંતુ અને જુદું, અને વળી ભેગું અને આ તો વળી બહુ માથાકુટ છે.

આ બધી ગુણની, ધર્મની બધી સૂક્ષ્મ ચર્ચાઓ છે અને એ આત્માની રુચિ વિના સૂક્ષ્મ ચર્ચામાં અરુચિ થયા વિના રહે નહિ. એવી એ પરિસ્થિતિ કુદરતી પરિસ્થિતિ છે આ. આત્મ રુચિ વિના આત્મા સ્વરૂપની જે સૂક્ષ્મ ચર્ચાઓ છે એમાં ઉપયોગ જ કામ ન કરે એનો. પાછો વળી જાય. એવું થઈ જાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જોયું છે કે 'ગુરુદેવ' ઘણી સૂક્ષ્મ કોઈવાર વાત કરે ત્યારે એમ કહે કે ઓહો..! બહુ આજ તો ઘણી સૂક્ષ્મ વાતો આવી. થોડીક આજુબાજુ જો નજર ચાલી ગઈ હોય તો એમ લાગે કે કો'ક જોકાએ ચડી ગયા હોય. એમ થાય કે આવી સુંદર અને આવી સૂક્ષ્મ ચર્ચા આવે ત્યારે નીરસ થઈને આંખ મિંચાઈ જાય છે આ તે શું કહેવાય? એ શું બતાવે છે? કે મહત્વની સૂક્ષ્મ વાતો આવે, આત્માના હિતની સૂક્ષ્મ વાતો આવે ત્યારે જીવને અરુચિ થઈ જાય. તો એ અવસર ચૂકી જાય છે એ વખતે. એનો ઉદય બહુ સારો છે પણ પોતે બીજી બાજુ વળી જાય છે. બહારમાં પુણ્યનો ઉદય છે. અંદરમાં અરુચિને લઈને એ વાતની જે અસર લેવી જોઈએ આત્મા ઉપર એ અસર નથી આવતી. શાતા-અશાતાની આત્માના પરિણામ ઉપર અસર આવે. અને અહીંયાં અંદરમાં નિજરસથી આત્મા અનંત રસથી ભરેલો છે એની અસર ન આવે, કેવી વિચિત્રતા છે! એ પરરસથી ઘેરાઈ ગયેલો જીવ છે એટલે સ્વરસમાં એનો પ્રવેશ થાતો નથી. સ્વરસ અને સ્વરુચિ—આત્મરુચિ એ સાથે રહે છે. પરરસ અને પરરુચિ સાથે રહે છે. એકના રસમાં બીજાના રસનો હંમેશા અભાવ છે. કેમકે પરસ્પર વિરુદ્ધ રસ છે માટે. પરસ્પર વિરુદ્ધ રસ હોવાને લીધે એકના રસમાં બીજાના રસનો અભાવ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે એ ઘુંટાયા કરે પછી. એ રસ રગડ્યા કરે જીવ. ક્યાં સુધી?

કે દુર્ગતિને પામે ત્યાં સુધી. જાવ. એનું ફળ શું? એ બધો પરરસ રગડવાનું ફળ શું? જાય અધોગતિમાં. એનું ફળ દુઃખ છે.

ખરેખર તો આત્મા અનંત ચૈતન્ય, અનંત આનંદ અમૃતરસથી ભરેલો પદાર્થ છે. માણસ નથી કહેતા? બહુ જેને તંદુરસ્તી હોય, લાલચોળ જેવો દેખાતો હોય માણસ તો કહે, ભાઈ એને તો ચોંટીયો ભરશો ત્યાં લોહી નીકળશે. એટલે એટલું બધું એનામાં લોહી છે તંદુરસ્તીનું. એમ આત્મામાં એટલો બધો પ્રદેશે પ્રદેશે સ્વભાવરસ, આનંદરસ, શાંતરસ, ચૈતન્યરસ, અમૃતરસ ભરેલો છે કે જરાક એની રુચિ કરે તો પરિણામનું એ બાજુ વલણ ઢાળવાળું થઈ જાય એકદમ. અંદરથી રસના શેરડા ફૂટવા માંડે. એટલો રસથી ભરેલો છે. પણ પરરસ આડે સ્વરસને અવકાશ મળતો નથી. આ તકલીફ થાય છે. અંદર બહુ ભર્યું છે. એટલું બધું ભરેલું છે કે જરાક એને નિવૃત્ત થવાની જરૂર છે પરરસથી. તો એ પોતાનો જે અંદરનો રસ છે એ ઉલ્લસિત થઈને બહાર આવે.

જુઓને! ‘શ્રીમદ્‌જી’ કહે છે ને. બહુ શરૂમાં તો એમ કે મોક્ષની ભાવના થઈ હતી. બહુ શરૂ શરૂમાં મોક્ષની ભાવના થઈ હતી. તો હવે જ્યારે સ્વરૂપની સ્થિરતા થઈ ગઈ અને આત્મસ્વરૂપનો રસ જામ્યો ત્યારે એ મોક્ષની ઇચ્છા પણ હવે નિવૃત્ત થઈ ગઈ છે. જગતના પદાર્થોની પરરસની ઇચ્છા તો નથી પણ મોક્ષની ઇચ્છા પણ નિવૃત્ત થઈ ગઈ છે, ત્યારે હે નાથ! તું તુષ્ટમાન થઈને મને શું આપીશ હવે? એ આમાં લીધું છે. આગળ આવશે કે જૈનનું કેવળજ્ઞાન પણ જેને જોઈતું નથી. જૈનનું કેવળજ્ઞાન પણ જેને જોઈતું નથી એને તું શું દેવાનો હતો? એ બધી સ્વભાવરસની મસ્તી છે.

હવે સમ્યક્‌ત્વની પ્રધાનતા. દ્રવ્ય-ગુણનો અધિકાર કહીને વસ્તુનું બંધારણ સ્થાપી દીધું. હવે સમ્યક્‌ત્વની પ્રધાનતા લ્યે છે. ‘**જીવમાં ગુણો અનંત છે; તેમાં સમ્યક્‌ત્વ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, સુખ એ વિશેષરૂપ છે-પ્રધાન છે.**’ આ મુખ્ય ગુણો છે. આમ દર્શન-જ્ઞાન-ચારિત્ર-સુખ અને વીર્ય લઈએ છીએ, પણ આમાં સમ્યક્‌ત્વ લીધું છે.

મુમુક્ષુ :- સમ્યક્‌ત્વ..

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યક્‌ત્વ એટલે શ્રદ્ધા, દર્શન એટલે દર્શનઉપયોગ. એમ. ચેતનના બે ભેદ જ્ઞાન-દર્શન. ચારિત્ર સુખ એ વિશેષરૂપ છે અને પ્રધાન છે.

‘**વસ્તુનો યથાવત્ નિશ્ચય થવો તેને સમ્યક્ કહીએ.**’ યથાર્થ. યથાવત્ એટલે યથાર્થ વસ્તુનો નિશ્ચય થવો અથવા પોતાના સ્વરૂપ સન્મુખ થઈને જેવું સ્વરૂપ છે તેવું યથાસ્થિત પદાર્થ દર્શન થવું તેને સમ્યક્ કહીએ. સમ્યક્ દિશાસૂચક છે. એટલે અભિમુખ થાય છે, જે સન્મુખ થાય છે ત્યારે જ એને યથાસ્થિત પદાર્થદર્શન થાય છે. ત્યાં સુધી યથાસ્થિત

પદાર્થદર્શન નથી થતું. '**તેને સમ્યક્ કહીએ. તે અનંત પ્રકારે છે.**' હવે એના ઉપર ફૂટનોટ લીધી. '**અહીં દર્શન અપેક્ષાએ બે ભેદ, જ્ઞાન અપેક્ષાએ બે ભેદ ને ચારિત્ર અપેક્ષાએ બે ભેદ—એ રીતે સમ્યક્ત્વના છ ભેદ સમજાવ્યા છે. અને એ રીતે અનંત ગુણોની અપેક્ષાએ સમ્યક્ત્વના અનંત ભેદ પડે છે, તેથી અહીં સમ્યક્ત્વને અનંત પ્રકારે કહ્યું છે, એમ સમજવું.**' પછી બધા ગુણોની સાથે સમ્યક્‌ને લગાડી દીધું. '**તેને સમ્યક્ કહીએ. તે અનંત પ્રકારે છે.**' એટલે એના ભેદ-પ્રભેદની અપેક્ષાએ દર્શન, જ્ઞાન, ચારિત્ર બધા સમ્યક્ થયા ને? અનંતા ગુણો સમ્યક્ થયા તો અનંતા ગુણો સમ્યક્ થયા એટલે સમ્યક્‌ના એટલા ભેદ લઈ લેવા. એમ. સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ. એમાં બધા ગુણો સમ્યક્ થયા. સમ્યક્ થયા એટલે આત્માભિમુખ થયા અનંતે અનંત ગુણ.

'**સમ્યક્ નિર્વિકલ્પ દર્શન (ઉપયોગ) તેને કહીએ કે જે દેખવા-માત્ર પરિણમ્યું.**' જે આત્મ સ્વરૂપને દેખવા માત્ર પરિણમ્યું તે સમ્યક્ નિર્વિકલ્પદર્શન તેને કહેવામાં આવે છે. '**સમ્યક્ સવિકલ્પ દર્શન (ઉપયોગ) તેને કહીએ કે જે સ્વજ્ઞેયભેદોને જુદા જુદા દેખે છે ને પરજ્ઞેયભેદોને જુદા દેખે છે.**'

મુમુક્ષુ :- સવિકલ્પ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એમાં દર્શન લેવું અને આમાં જ્ઞાન લેવું. સવિકલ્પમાં ઓલો રાગનો વિકલ્પ નહિ. અહીં જ્ઞાન વિકલ્પ લેવો. વિકલ્પ એટલે ભેદ અહીંયાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યક્ નિર્વિકલ્પ દર્શન ઉપયોગ એટલે દર્શન ઉપયોગ લેવો ત્યાં. અને સમ્યક્ સવિકલ્પ દર્શન એટલે અહીંયાં જ્ઞાનોપયોગ લેવો.

મુમુક્ષુ :- જ્ઞાન.

પૂજ્ય ભાઈશ્રી :- અચ્છા. જ્ઞાન જાણવામાત્રપણે હોય તે નિર્વિકલ્પ સમ્યગ્જ્ઞાન છે.

'**સમ્યક્ સવિકલ્પ દર્શન ઉપયોગ તેને કહીએ કે જે સ્વજ્ઞેય...**' અહીં જ્ઞેય લીધું પાછું. કારણ કે દર્શનની અંદર તો ભેદ પડે જ નહિ. દર્શન છે એ કોઈ ભેદને ન જાણે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનમાં શું છે કે જાણવામાત્ર જ્ઞાન, પછી આચરણમાં જ્ઞાનનું આચરણ પણ લેવાય અથવા એવી રીતે જ્ઞાનનું વેદન પણ લેવાય. એમ અનેક રીતે જ્ઞાનને લેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યક્ત્વ ફરીને લઈએ.

**'સમ્યક્ નિર્વિકલ્પ દર્શન (ઉપયોગ) તેને કહીએ કે જે દેખવા-માત્ર પરિણમ્યું.'** એટલે એમાં બધું લઈ લેવું એમ. મહાસત્તા લઈ લેવી. ઠીક. **'સમ્યક્ સવિકલ્પ દર્શન (ઉપયોગ) તેને કહીએ કે જે સ્વજ્ઞેયભેદોને જુદા જુદા દેખે છે ને પરજ્ઞેયભેદોને જુદા દેખે છે.'** સ્વપરનો ભેદ પાડ્યો દર્શન ઉપયોગમાં. સ્વને દેખવું અને પરનું દેખવું. ઠીક છે. અને ઓલમાં સામાન્ય દેખવું લઈ લીધું. મહાસત્તા લઈ લીધી. બરાબર છે. એ રીતે બરાબર બેસે છે. સ્વપરના ભેદ જુદા પાડ્યા. પણ જ્ઞેય શબ્દ વાપર્યો છે ને? એના બદલે ખરેખર તો શું છે કે સ્વ અને પર એને દેખે છે. સમ્યક્ સવિકલ્પ દર્શન સ્વને જુદું પાડીને દેખે છે અને પરને પણ પરપણે જુદું દેખે છે. સ્વને સ્વપણે જુદું દેખે, પરને પરપણે જુદું દેખે. એમ લેવું.

મુમુક્ષુ :- બીજો કોઈ ભેદ નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- બીજો કોઈ ભેદ નહિ. પણ સમ્યક્ જે દર્શન ઉપયોગ છે પોતાનો એમાં સ્વને સ્વપણે દેખે છે, પરને પરપણે દેખે છે. સમ્યક્જ્ઞાનના કાળે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ના, એ કાંઈ નહિ. એ તો સત્તાને જ ગ્રહણ કરે છે. પરની સત્તાને પરરૂપે ગ્રહણ કરે, સ્વની સત્તાને સ્વરૂપે ગ્રહણ કરે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પરના અસ્તિત્વને સ્વરૂપે ન દેખે, સ્વના અસ્તિત્વને પરરૂપે ન દેખે. એમ. પછી જ્ઞેય તો એક કહેવા માત્ર છે એમાં. ખરેખર જ્ઞેય તો જ્ઞાનનું જ્ઞેય છે. દર્શનનું તો દશ્ય છે. દર્શનને તો દશ્ય છે. એટલે ખરેખર એમ લેવું જોઈએ કે સવિકલ્પ સમ્યગ્દર્શન સ્વદશ્યના ભેદને અને પરદશ્યના ભેદને જુદા જુદા દેખે છે. જ્ઞેય આવ્યું ને એટલે જ્ઞાન ઉપર જવાણું. એમ થયું.

મુમુક્ષુ :- ઢુંઢારીમાં એમ જ છે?

પૂજ્ય ભાઈશ્રી :- ખબર નહિ હવે. ઢુંઢારી તો સાથે રાખીએ તો ખબર પડે. પણ નહિતર અભિપ્રાય લઈ લેવો જોઈએ. ભલે જ્ઞેય શબ્દ વાપર્યો પણ દશ્ય લ્યો એટલે ચોખ્ખું થઈ જાય. જ્ઞેય જ્ઞાનનો વિષય અને દશ્ય દર્શનનો વિષય. એમ. જે જ્ઞાન જાણવામાત્ર પરિણમ્યું....

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સવિકલ્પમાં એટલો જ ભેદ પાડ્યો કે સ્વ અને પરનો. એમ.

એક નિર્ભેદ લીધું કે જેમાં સ્વપરનો ભેદ નહિ એવું પણ એક દર્શન ઉપયોગનું પરિણમન છે અને એક સ્વપરને ભેદ કરે એવું પણ દર્શન ઉપયોગનું પરિણમન છે. કેવી રીતે? કે જ્યારે સમ્યગ્દર્શન થયું અથવા શુદ્ધોપયોગ થયો તો એ પહેલા દર્શન ઉપયોગ તો થવાનો જ તે. તો એનો વિષય એકલો આત્મા જ રહેશે. કેમકે પછી જ્ઞાનનો વિષય એકલો આત્મા છે માટે. એવી રીતે. એવી રીતે ચક્ષુ ઇન્દ્રિયનો દર્શન ઉપયોગ થયો તો એમાં પરનો વિષય દર્શન ઉપયોગનો વિષય એટલો પર થશે. સ્વ નહિ થાય ત્યાં. એમ. એવી રીતે. એમ ભેદ પડે છે ખરા એમ કહેવું છે. દર્શન ઉપયોગમાં પણ સ્વ-પરના ભેદ પડે છે ખરા. એટલું લેવું છે. એને સવિકલ્પદર્શન લેવું. ભેદ પડે છે માટે સવિકલ્પદર્શન લેવું. એમ. અને 'નિયમસાર'માં લીધું ને કે દર્શન પણ સ્વપરપ્રકાશક છે. જેમ જ્ઞાન સ્વપરપ્રકાશક છે એમ દર્શન પણ સ્વપરપ્રકાશક છે. એટલે બે ભેદ થઈ ગયા એના. સ્વ તે પર નહિ અને પર તે સ્વ નહિ. એમ એવી રીતે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર.

'**(જે) જ્ઞાન જાણવામાત્ર પરિણમ્યું તે નિર્વિકલ્પ સમ્યગ્જ્ઞાન છે.**' એમ. જાણવું માત્ર. જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ.. જાણવામાત્રરૂપે સામાન્ય જ્ઞાન તે નિર્વિકલ્પ સમ્યગ્જ્ઞાન છે. '**(જે જ્ઞાન) સ્વજ્ઞેયભેદને જુદા જાણે છે ને પરજ્ઞેયને ભેદને જુદા જાણે છે...**' ઓલ-ામાં સ્વજ્ઞેયભેદ અને આમાં પરજ્ઞેયભેદ. એક જ સરખા શબ્દો લીધા છે. ખરેખર તો દર્શનનું દૃશ્ય થાય છે અને જ્ઞાનનું જ્ઞેય થાય છે. બેનો પ્રકાર જુદો જુદો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આમાં દેખાય છે એમ લીધું. એટલે એમાં દેખે છે એમાં પછી દૃશ્ય લઈ લેવું જોઈએ.

'**(જે જ્ઞાન) સ્વજ્ઞેયભેદને જુદા જાણે છે ને પરજ્ઞેયભેદને જુદા જાણે છે તેને સવિકલ્પ સમ્યગ્જ્ઞાન કહીએ. (જે) આચરણરૂપ પરિણમ્યું તેને નિર્વિકલ્પ સમ્યક્‌ચારિત્ર કહીએ.**' આચરણરૂપ પરિણમ્યું છે, સ્થિરરૂપે પરિણમ્યું છે, જામી જવા રૂપે પરિણમ્યું છે તેને નિર્વિકલ્પ સમ્યક્‌ચારિત્ર કહીએ. કેમકે વિકલ્પ તો જ્ઞાન-દર્શનમાં જ પડે છે સ્વપરના. પછી બીજા બધા ગુણો તો નિર્વિકલ્પ છે એમ કહેવું છે.

'**(જે) સ્વજ્ઞેયને આચરે છે ને પરજ્ઞેયના ત્યાગને આચરે છે...**' આમ લઈ લીધું. નાસ્તિથી લીધું. '**(જે) સ્વજ્ઞેયને આચરે છે ને પરજ્ઞેયના ત્યાગને આચરે છે તેને સવિકલ્પસમ્યક્‌ચારિત્ર કહીએ.**' અહીંયાં એટલો ભેદ ઊભો કર્યો સવિકલ્પ ચારિત્રનો. '**ઇત્યાદિ ઘણા ભેદો છે.**' એટલે આમાં તો ભેદ કરવા હોય તો અપેક્ષા કરીને ભેદ કરી

નખાય.

**‘અહીં કોઈ પ્રશ્ન કરે કે :- સમ્યક્ત્વ ઉપયોગ છે કે નહિ? જો ઉપયોગ હોય તો ઉપયોગના બાર ભેદ કેમ કહ્યાં? આઠ જ્ઞાનના અને ચાર દર્શનનાં; (તેમાં) સમ્યક્ત્વ તો ન લાવ્યા?’** અહીં કોઈ પ્રશ્ન કરે છે કે સમ્યક્ત્વ ઉપયોગ છે કે નહિ? જો ઉપયોગ હોય તો ઉપયોગના તો તમે બાર ભેદ પાડ્યા છે. આઠ જ્ઞાનના અને ચાર દર્શનના. જો સમ્યક્ત્વ ઉપયોગ નથી તો પછી પ્રધાન કઈ રીતે સંભવે છે? ચર્ચા કરે છે પોતે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- તમે સમ્યક્ત્વ ન લીધું અને ઉપયોગના તો બાર ભેદ લઈ લીધા જ્ઞાનના અને દર્શનના થઈને. તો પછી એને પ્રધાન કેવી રીતે કહો છો?

**‘તેનું સમાધાન આ સમ્યક્ત્વ ગુણ છે તે પ્રધાન ગુણ છે; કેમકે સર્વ ગુણો સમ્યક્ આનાથી છે,...’** એક સમ્યક્ગુણ જ્યાં શુદ્ધ થઈને પરિણમ્યો ત્યાં બધા ગુણ એને લઈને સમ્યક્ થયા એમ કહે છે. આ મૂળ છે. આ મૂળ ગુણ છે. એ રીતે પ્રધાન ગુણ છે. **‘સર્વ ગુણ-ોનું અસ્તિત્વપણું આનાથી છે, સર્વ ગુણોનો નિશ્ચય યથાઅવસ્થિતભાવ (આનાથી) છે. નિશ્ચયનું નામ સમ્યક્ત્વ છે કે જ્યાં વ્યવહાર, ભેદ, વિકલ્પ નથી, અશુદ્ધતા નથી, નિજ અનુભવ સ્વરૂપ સમ્યક્ છે.’** એને અનુભવસ્વરૂપ કહ્યો. અનુભવ સાથે લીધો. એટલે સમ્યક્‌ને અનુભવ સાથે લઈ લીધું. અનુભવની અંદર વ્યવહાર નથી, ભેદ નહિ, વિકલ્પ નહિ, અશુદ્ધતા નહિ. એવું જે નિશ્ચય પરિણમન એનું નામ સમ્યક્ છે. નિશ્ચય સ્વરૂપાનુભવ પરિણમન એનું નામ સમ્યક્ છે. અધિકાર જ સમ્યગ્દર્શનનો છે ને? સમ્યક્ત્વની પ્રધાનતા. એ તો પ્રકરણ છે આખું. મૂળ પ્રકરણ તો એ છે કે સમ્યક્ત્વની પ્રધાનતા છે. દર્શન અને જ્ઞાન અને ચારિત્ર આ રીતે પરિણમે છે તોપણ સમ્યક્ત્વની પ્રધાનતા છે.

**‘જ્ઞાન જાણવામાત્ર પરિણ્યું (તે) નિર્વિકલ્પ સમ્યગ્જ્ઞાન છે. જ્ઞાન જ્ઞેયોને જાણે છે તે અસદ્‌ભૂત ઉપચરિતનયથી છે.’** જ્ઞાન જ્ઞેયોને જાણે છે. કારણ કે જ્ઞેયો જ્ઞાનમાં નથી. છતાં જ્ઞેયોને જાણે છે એમ કહેવું એ કથન એ અસદ્‌ભૂત અને ઉપચાર. કેમકે પર છે. અને એમાં નથી માટે અસદ્‌ભૂત છે. તે ઉપચારનયથી કથન કરવામાં આવ્યું છે.

**‘દર્શન દેખવારૂપ પરિણમ્યું. (તેને) નિર્વિકલ્પ સમ્યક્ દર્શન કહીએ. (દર્શન) સ્વજ્ઞેયને જુદાં દેખે છે ને પરજ્ઞેયને જુદાં દેખે છે, તે ભેદ વ્યવહારથી (છે) એમ કહીએ. અસદ્‌ભૂત ઉપચરિતનયથી (દર્શન) પરને દેખે છે.’** એમ કહેવું. કેમકે દર્શનમાં તો કોઈ નય પડતા નથી. પણ અહીં નયના કથનની વાત ચાલે છે કે **‘અસદ્‌ભૂત ઉપચરિતનયથી (દર્શન) પરને દેખે છે. તે નિર્વિકલ્પરૂપ જ્ઞાન અને દર્શન સમ્યક્ થયાં તે સમ્યક્(ત્વ)**

**ગુણથી સમ્યક્ થયાં એ રીતે અનંત (ગુણો) સમ્યક્ થયા તે સમ્યક્ ગુણની પ્રધાનતાથી થયા.**' સમ્યક્ એટલે સ્વાભિમુખ. આત્મસન્મુખ થયા એનું કારણ સમ્યક્ ગુણ છે અને એની પ્રધાનતા છે. નહિતર તો જ્ઞાન અને દર્શન પરિણમી રહ્યા છે. પણ સમ્યક્‌ની પ્રધાનતા છે એમ કહેવું છે. સમ્યક્ ન હોય તો પ્રધાનતા નથી. સમ્યક્ હોય તો પ્રધાનતા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- '**દર્શન દેખવારૂપ પરિણમ્યું. (તેને) નિર્વિકલ્પ સમ્યક્ દર્શન કહીએ. (દર્શન) સ્વજ્ઞેયને જુદાં દેખે છે ને પરજ્ઞેયને જુદાં દેખે છે, તે ભેદ વ્યવહારથી (છે) એમ કહીએ. અસદ્‌ભૂત ઉપચરિતનયથી (દર્શન) પરને દેખે છે. તે નિર્વિકલ્પરૂપ જ્ઞાન અને દર્શન સમ્યક્ થયાં તે સમ્યક્(ત્વ) ગુણથી સમ્યક્ થયાં....**' ગુણ તો પરિણમ-તા હતા પણ સમ્યક્ થયા, આત્માભિમુખ થયા તે સમ્યક્ત્વ ગુણને કારણે થયા. '**એ રીતે અનંત (ગુણો) સમ્યક્ થયા તે સમ્યક્ ગુણની પ્રધાનતાથી થયા.**'

હવે '**શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી આ જીવ અનાદિથી કેવલજ્ઞાનાદિ અનંત ગુણોને ધારણ કરે છે, પરંતુ જ્યાં સુધી સમ્યક્ ન પ્રગટ્યું ત્યાં સુધી (તે ગુણો) અશુદ્ધ રહ્યા. (સ્વ પર્યાયના પુરુષાર્થરૂપ) કાળલબ્ધિ પામીને...**' પુરુષાર્થ સાથે લઈ લેવો એમ કહે છે. કૌંસ કરીને પુરુષાર્થ સાથે લઈ લેવો. '**કાળલબ્ધિ પામીને જ્યારે સમ્યક્ત્વ થયું ત્યારે સમ્યક્‌ની શુદ્ધતાથી તે ગુણો વિમળ થયા; તેથી પ્રથમ સમ્યક્ત્વ ગુણ થયો, પછી બીજા ગુણો થયા;...**' એટલે એ પાયાનો ગુણ છે, મૂળ ગુણ છે.

'**સિદ્ધ ભગવાનના ગુણોમાં પણ પ્રથમ સમ્યક્ત્વ જ કહ્યું; તેથી સમ્યક્ત્વ પ્રધાન છે. ઉપયોગ તો દર્શન અને જ્ઞાન છે, જ્યાં 'સમ્યગ્દર્શન' કહ્યું હોય ત્યાં સમ્યક્ત્વ સમજવું અને જ્યાં દર્શન કહ્યું હોય ત્યાં દેખવારૂપ દર્શન સમજવું. વસ્તુના નિશ્ચયરૂપ, અનુભવરૂપ સમ્યક્ત્વ છે તે પ્રધાન છે.**' હવે અહીંયાં એમને જે વાત લેવી છે ત્યાં અનુભવ પ્રધાનતા લેવી છે સમ્યક્ત્વની. વસ્તુનો નિશ્ચય થઈને જે અનુભવ થાય છે ત્યારે સમ્યક્ત્વ છે. ત્યાં સુધી સમ્યક્ત્વ નથી. એટલે સ્વાનુભવ હોય તો સમ્યક્ છે અને સ્વાનુભવ ન હોય તો સમ્યક્ નથી.

આમ તો સમ્યક્ છે એ અનિર્વચનીય ગુણ છે. વચનગોચર નથી. સ્વાનુભવથી, સ્વાનુભૂતિથી એના સદ્‌ભાવ અને એના અસદ્‌ભાવને નક્કી કરી શકાય છે. એટલી વાત. પંચાધ્યાયીકારે એ વાત ચર્ચી છે કે સમ્યક્ત્વ છે એ ... સમ્યક્ત્વગુણં સૂક્ષ્મમં અતિ સૂક્ષ્મમં વાચાં અગોચર. વાચાને અગોચર છે. ... કોઈ અધિકારી નથી એનો. વિધિથી એને કોઈ કહી ન શકે. વિધિથી એટલે અસ્તિથી કહી ન શકે. એવો વચન અગોચર છે. તો પછી કેવી રીતે

કથંચિત્ વચનગોચર થાય છે? કે સ્વાનુભવને લઈને. સ્વાનુભૂતિ સાથે એને અવિનાભાવી સંબંધ છે. આ તો એટલો મોટો ગ્રંથ નથી દ્રવ્યાનુયોગનો પણ એ દ્રવ્યાનુયોગનો મોટો ગ્રંથ છે. એટલે કે સ્વાનુભવની સાથે એને અવિનાભાવી સંબંધ હોવાથી સમ્યક્ત્વને નક્કી કરી શકાય છે કે અહીંયાં સમ્યક્ત્વ છે. સ્વાનુભવ તો શુદ્ધોપયોગમાં થાય છે અને શુદ્ધોપયોગ તો પછી છૂટી જાય છે. સ્વાનુભવ શુદ્ધોપયોગમાં થાય છે અને શુદ્ધોપયોગ છૂટી જાય તો પછી સમ્યક્ છૂટી ગયું? તો કહે ના, ના. લબ્ધપણે સ્વાનુભૂતિ રહે છે. એમ કરીને એની ચર્ચા કરી છે, લબ્ધ ઉપયોગની.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- '**શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી આ જીવ અનાદિથી કેવલજ્ઞાનાદિ અનંત ગુણોને ધારણ કરે છે,...**' સર્વજ્ઞશક્તિ, સર્વજ્ઞશક્તિ. જ્ઞાનશક્તિ અને સર્વજ્ઞશક્તિ બે જુદી લીધી છે. જ્ઞાનમાં સામાન્ય જાણવું અને ઓલું સર્વને જાણવું. બેય શક્તિ જુદી જુદી લીધી છે.

'**પરંતુ જ્યાં સુધી સમ્યક્ ન પ્રગટ્યું ત્યાં સુધી (તે ગુણો) અશુદ્ધ રહ્યા.**' એટલે સર્વજ્ઞશક્તિ છે એ પણ પ્રગટી જાય છે. અનંત ગુણો શુદ્ધ થયા એમાં સર્વજ્ઞશક્તિ પણ પ્રગટી જાય છે. કોને ? સમ્યગ્દૃષ્ટિને. એટલે તો એના ભેદો બધા અંતરમાંથી કાઢી શકે છે ને. શાસ્ત્ર ન ભણ્યા હોય છતાં સમ્યગ્દૃષ્ટિ ક્યાંથી કાઢે છે? કે એને સર્વજ્ઞશક્તિ પ્રગટી છે એમાંથી કાઢે છે. જરા આકરું પડે એવું છે.

**તા. ૩-૬-૧૯૯૧, પાના નં. ૧૨,**
**પ્રવચન નં. ૪**

'**હવે જ્ઞાનગુણનું સ્વરૂપ કહીએ છીએ.**' સમ્યક્ત્વનું આવી ગયું. હવે જ્ઞાનગુણનું સ્વરૂપ કહે છે. '**જ્ઞાન જાણપણું એ રીતે નિર્વિકલ્પ છે,...**' સામાન્ય. જ્ઞાન જાણપણું એ રીતે નિર્વિકલ્પ છે. '**તે સ્વજ્ઞેયને જાણે છે; તે પરજ્ઞેયોને જાણવામાં, જ્ઞાન નિશ્ચયથી જાણે તો જ્ઞાન જડ થાય-તાદાત્મ્યવૃત્તિથી એક થઈ જાય;...**' નિશ્ચયથી જાણે એટલે સ્પર્શીને ન જાણે. તો એક થઈ જાય. પદાર્થની વૃત્તિએ જાણે. જેવી રીતે સ્વને જાણે છે. તો જ્ઞાન સ્વને જાણે છે એ તાદાત્મ્યવૃત્તિએ જાણે છે—સ્પર્શીને જાણે છે. પણ પર સાથે તો તાદાત્મ્ય થઈ શકે નહિ એટલે એવી રીતે જાણે તો તો એક થઈ જાય. તો '**નિશ્ચયથી તો ન જો. ઉપચારથી જાણે...**' એટલે એને જાણવું ઉપચારથી કહ્યું છે. એ કારણથી.

હવે જો '**ઉપચારથી જાણે તો તો સર્વજ્ઞતા કઈ રીતે (બને)?**' પોતે ક્રોસ ક્વેશ્ચન ઉઠાવે છે. ઉપચારથી જાણે તો પછી સર્વજ્ઞતા કઈ રીતે બને? '**જો ઉપચારમાત્ર તો જૂઠો છે તો સર્વજ્ઞ(પણું) જૂઠું થાય,...**' ઉપચાર તો જૂઠાને કહેવાય છે. તો સર્વજ્ઞપણું જૂઠું કહેવું પડશે. પણ '**તે ન બને.**' સર્વજ્ઞને સર્વજ્ઞપણું જૂઠું છે એમ કહીએ તો તે ન બની શકે. તો '**તેનું સમાધાન :-...**' હવે આ એક સમસ્યા ઊભી થઈ કે જ્ઞાન સ્વને જાણે છે તેવી રીતે પરને નથી જાણતું તાદાત્મ્યવૃત્તિએ માટે તેને ઉપચારથી જાણવું કહીએ. ઉપચારને જૂઠો કહીએ તો સર્વજ્ઞપણું જૂઠું ઠરે છે. આ તો એક સમસ્યા ઊભી થઈ.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- તાદાત્મ્યપણે ન જાણી શકે.

મુમુક્ષુ :- સ્વપદાર્થને તો..

પૂજ્ય ભાઈશ્રી :- તાદાત્મ્યપણે જાણે. એટલું જાણવા-જાણવામાં ફેર છે. જાણવું બને છે પણ જાણવા-જાણવામાં આ ફરક છે. એ ફરક બતાવવા માટે ઉપચાર કહ્યો. પણ જાણવું છે એ તો કાર્ય છે અને એ નિશ્ચયરૂપ કાર્ય છે. એ ઉપચારરૂપ કાર્ય નથી. કેમકે એ શક્તિનું કાર્ય છે. એ અહીંયાં કહેશે કે શક્તિને ઉપચાર નથી. કથનને ઉપચાર છે, શક્તિને ઉપચાર નથી.

'**તેનું સમધાન : જેમ અરીસામાં ઘડો-વસ્ત્ર વગેરે દેખાય છે, ત્યાં જે દેખવું તે તો ઉપચાર દર્શન નથી,...**' અરીસામાં ઘડો ને વસ્ત્ર દેખાય છે તો અરીસામાં જે ઘડા અને વસ્ત્રની પર્યાય થઈ એ કાંઈ ઉપચરિત નથી. એ તો બરાબર અરીસાની જ અવસ્થા નિશ્ચય

અવસ્થા છે. '**(તેમ જ્ઞાન) જ્ઞેયોને પ્રત્યક્ષ દેખે છે તે તો જૂઠું નથી;...**' એવું જે કાર્ય થાય છે એ કાંઈ જૂઠું નથી. '**પરંતુ આટલું વિશેષ...**' હવે એમાં શું વિશેષતા સમજવી જોઈએ?

'**પરંતુ આટલું વિશેષ છે કે ઉપયોગ જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશક શક્તિ છે,...**' જે જ્ઞાનનો ઉપયોગ છે એનામાં સ્વપરને પ્રકાશવાની શક્તિ છે. '**તે પોતાના સ્વરૂપ-પ્રકાશનમાં નિશ્ચળ વ્યાપ્ય-વ્યાપક વડે લીન થયેલો અખંડ પ્રકાશ છે;...**' હવે જ્યાં સ્વપ્રકાશન આવે છે ત્યાં શું ફરક છે? કે સ્વરૂપ-પ્રકાશનમાં તો નિશ્ચળ છે. વ્યાપ્ય-વ્યાપક વડે લીન થઈને એ જાણે છે. એવો અખંડ પ્રકાશ છે. '**પરનું પ્રકાશન તો છે, પરંતુ વ્યાપકરૂપ એકતા નથી...**' સ્વને જાણવામાં વ્યાપ્ય-વ્યાપક ભાવ બની શકે છે, પરને જાણવામાં વ્યાપ્ય-વ્યાપકભાવ બની શકતો નથી. '**(અર્થાત્ પરને જાણતાં જ્ઞાન પર સાથે એકમેક થતું નથી),...**' એ એકમેક થઈ શકતું નથી '**તેથી ઉપચાર સંજ્ઞા થઈ.**' તેથી એને ત્યાં નામ આપ્યું. સંજ્ઞા એટલે નામ આપ્યું. ઉપચાર એવું નામ શું કરવા આપ્યું? કે વ્યાપ્ય-વ્યાપક થઈને જાણવું નથી થતું. પણ અવ્યાપકપણે જાણવું થાય છે તે વસ્તુની શક્તિ છે. વ્યાપ્ય-વ્યાપક થઈને પણ જાણવું થાય અને અવ્યાપક રહીને પણ જાણવું થાય. બે રીતે એનું જાણવું થાય. વ્યાપ્ય-વ્યાપક સ્વમાં થાય, પરમાં અવ્યાપકપણે જાણવું થાય. એવી જે '**વસ્તુશક્તિ ઉપચાર નથી...**' એ વસ્તુની શક્તિ કોઈ ઉપચાર નથી. તે પ્રકારનું એનું સામર્થ્ય છે એ ઉપચાર નથી.

એ આમાં લેશે. એમાં આ શક્તિ લીધી છે. જે સંસ્કૃતમાં લીધી છે ને? એનો આધાર આપ્યો છે પોતે. '**અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન...**' નિરુપાત્મક પ્રદેશ. નિરૂપાત્મ એટલે અમૂર્તિક આત્મપ્રદેશોમાં. નિરૂપ એટલે રૂપ નહિ. અરૂપ, અમૂર્તિક એવા આત્મપ્રદેશોમાં '**પ્રકાશમાન...**' એટલે વ્યક્ત થતી, પ્રગટ થતી. '**લોકાલોકના આકારોથી મેચક...**' લોક અને અલોકના આકારોથી મેચક '**(અર્થાત્ અનેક આકારરૂપ) એવો ઉપયોગ જેનું લક્ષણ છે...**' એ પ્રકારનો ઉપયોગ જેનું લક્ષણ છે. '**એવી સ્વચ્છત્વ શક્તિ છે.**' શક્તિ છે એ નિશ્ચય છે. એ ઉપચાર નથી. પણ એ સંબંધીનું કથન પર સાપેક્ષ આવતું હોવાથી તેને ઉપચાર એવી સંજ્ઞા કહેવામાં આવે, નામ આપવામાં, સંજ્ઞા આપવામાં આવે છે. એ ચોખવટ કરી છે અહીંયાં. એ સંબંધમાં વિશેષ લખે છે.

ફરીથી. '**જેમ અરીસામાં ઘડો-વસ્ત્ર વગેરે દેખાય છે, ત્યાં જે દેખવું તે તો ઉપચાર દર્શન નથી, (તેમ જ્ઞાન) જ્ઞેયોને પ્રત્યક્ષ દેખે છે તે તો જૂઠું નથી;...**' જ્ઞાન જ્ઞેયોને પ્રત્યક્ષ દેખે-જાણે તે કાંઈ જૂઠું નથી, જૂઠ નથી. પણ છતાં એને ઉપચાર કેમ કહ્યું? કે વ્યાપીને જાણતું નથી માટે ઉપાચર કહ્યું. બસ! આટલી અપેક્ષા છે. બહુ ચોખ્ખી વાત કરી છે. જે જ્ઞેયાકારો જ્ઞાનમાં ઊભા થયા તે નિશ્ચયથી છે. જ્ઞાનની નિશ્ચય પર્યાય છે તે. અને એ નિશ્ચય

પર્યાય છે તેમાં કોઈ જૂઠ નથી, ઉપચાર નથી.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ શક્તિનું જ કાર્ય છે. એટલે એમાં એ તો વાસ્તવિક કાર્ય છે, ખરેખર કાર્ય છે. પણ એને કહેવા જતાં સ્વમાં પરની અપેક્ષા આવે છે માટે એને ઉપચાર કહેવામાં આવે છે.

કેવળજ્ઞાન છે એ ઉપચરિત સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે. ચાર લીધા છે ને? ઉપચાર, અનુપચાર, સદ્‌ભુત અને અસદ્‌ભુત. એમાં કેવળજ્ઞાનને ઉપચરિત સદ્‌ભુત વ્યવહારનયના વિષયમાં નાખ્યું છે. કેમ? કે લોકાલોકનું જાણવું એમાં પર સાપેક્ષપણું લઈ લીધું કે પર જણાયું. પર જણાયું એમ કહેવું, સ્વમાં પરની અપેક્ષા લેવી એ વ્યવહાર. ઉપચાર. વ્યવહાર અથવા ઉપચાર. અને સદ્‌ભુત એટલા માટે કે જ્ઞાન પોતાનું છે. જ્ઞાન કોઈ પરનું થયું નથી, પરનું છે નહિ એટલા માટે.

મુમુક્ષુ :- પર્યાય...

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય છે માટે પણ વ્યવહાર કહેવાય. પણ ઉપચાર એટલા માટે પરની અપેક્ષા આવે છે માટે ઉપચાર. અને સદ્‌ભુત એટલે એનું શુદ્ધ પરિણમન છે માટે સદ્‌ભુત લીધું. એનું સત્ત્વ છે માટે સદ્‌ભુત લેવું.

'**(તેમ જ્ઞાન) જ્ઞેયોને પ્રત્યક્ષ દેખે છે તે તો જૂઠું નથી; પરંતુ આટલું વિશેષ છે કે ઉપયોગ જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશક શક્તિ છે, તે પોતાના સ્વરૂપ-પ્રકાશનમાં નિશ્ચળ વ્યાપ્ય-વ્યાપક વડે લીન થયેલો અખંડ પ્રકાશ છે; પરનું પ્રકાશન તો છે, પરંતુ વ્યાપકરૂપ એકતા નથી (અર્થાત્ પરને જાણતાં જ્ઞાન પર સાથે એકમેક થતું નથી),...**' પરને જાણે ખરું પણ એકમેક થઈને ન જાણે. એ પરિસ્થિતિ જ નથી, વસ્તુસ્થિતિ જ નથી એ. અને '**તેથી ઉપચાર સંજ્ઞા થઈ.**' વસ્તુની શક્તિ જે છે તે ઉપચાર નથી. અહીંયાં એમણે 'સમયસાર' ગાથા ૩૫૬ થી ૩૬૫ ઉપર 'જયસેનાચાર્ય'ની ટીકામાં પૃષ્ઠ ૪૬૬-૪૬૭નો આધાર આપ્યો છે. આપણે 'જયસેનાચાર્ય'ની ટીકાવાળું 'સમયસાર' નથી આપણી પાસે. છે આપણી પાસે? 'જયસેનાચાર્ય'ની ટીકાવાળું 'સમયસાર'. '**એ વાત વિશેષ લખીએ છીએ :-**' એ વાતને વિસ્તારથી જરા કહે છે.

'**કોઈ એક મિથ્યાવાદી એમ માને છે કે જ્ઞેયોનું જાણપણું છે તે જ અશુદ્ધતા છે,...**' જુઓ! અહીંયાં વાંધો છે. જ્ઞાનમાં જ્ઞેયો ઝળકે. આકારો, આકૃતિઓ ઊભી થાય માટે તે જ્ઞાનની અશુદ્ધતા છે. આ જે છે એ મિથ્યાવાદીપણું છે. એને વસ્તુના સ્વરૂપની ખબર નથી. અને એ અશુદ્ધતા ભુંસાડવા માટે જ્ઞાનમાંથી જ્ઞેયોને ભુંસાડવાનો પ્રયત્ન કરશે

અશુદ્ધતા માનીને. જ્યારે 'સમયસાર'ની છઠ્ઠી ગાથા એમ કહે છે કે જેવો સ્વરૂપપ્રકાશનમાં જણાય છે એવો જ પરપ્રકાશનમાં અમને તો જણાય છે. માટે પરપ્રકાશનમાં જ્ઞાયકને જાણવામાં અમને કાંઈ બાધ નથી. કેમકે અમારું લક્ષ જ્ઞાયક ઉપર છે. પરને જાણતી વખતે અમારું લક્ષ જ્ઞાયક ઉપર છે એટલે પરપ્રકાશનમાં અમને તો જ્ઞાયક તો જ્ઞાયક જ જણાય છે. કેવો? કે જેવો સ્વરૂપપ્રકાશનમાં જણાય છે એવો જ તે. એમ લઈ લીધું.

**'કોઈ એક મિથ્યાવાદી એમ માને છે કે જ્ઞેયોનું જાણપણું છે તે જ અશુદ્ધતા છે, જ્યારે તે મટશે ત્યારે અશુદ્ધતા મટશે...'** જુઓ, 'સમયસાર' કળશ-૨૫૧. ૨૫૧મો કળશ જુઓ એમ કહે છે. અનેકાંતનો અધિકાર શરૂ કરતાં જ એ વાત લીધી છે. ૨૪૬માં પૂરું કર્યું 'સમયસાર'. **'પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની...'** **'ज्ञेयाकारकलंङ्कमेच-कचिति प्रक्षालनं कल्पय'** **'જ્ઞેયાકારોરૂપી કલંકથી (અનેકાકારરૂપ) મલિન એવા ચેતનમાં પ્રક્ષાલન કલ્પતો થકો...'** એને એ કલંકથી ધોઈ નાખવું જોઈએ જ્ઞાનને. અનેક આકારો ઉત્પન્ન થયા તે કલંક છે અને એ કલંકિત જ્ઞાનને ધોઈ નાખવું જોઈએ.

**'એકાકાર કરવાની ઈચ્છાથી જ્ઞાનને...'** અને જ્ઞાનને એકાકાર કરવાની ઈચ્છાથી **'જોકે તે જ્ઞાન અનેકાકારપણે પ્રગટ છે તોપણ-ઈચ્છતો નથી...'** અનેકાકારપણાને ઈચ્છતો નથી. મારે તો એકાકાર જ્ઞાન જોઈએ. મારે અનેકાકાર જ્ઞાન ન જોઈએ. એમ જાણીને ઈચ્છતો નથી **'અને અનેકાંતનો જાણનાર તો...'** **'(અર્થાત્ જ્ઞાનને સર્વથા એકાકાર માનીને જ્ઞાનનો અભાવ કરે છે) અને અનેકાંતનો જાણનાર તો પર્યાયોથી જ્ઞાનની અનેકતા જાણતો (અનુભવતો) થકો,...'** પર્યાયોથી જ્ઞાનની અનેકતા જાણતો અને અનુભવતો થકો. **'વિચિત્ર છતાં અવિચિત્રતાને પ્રાપ્ત (અર્થાત્ અનેકરૂપ છતાં એકરૂપ) એવા જ્ઞાનને સ્વતઃક્ષાલિત (સ્વયમેવ ધોયેલું શુદ્ધ) અનુભવે છે.'** કેમકે એ વખતે પણ એકાકાર જ્ઞાન તો છે જ એને. સામાન્ય જ્ઞાન તો છે જ. એ વિશેષ જે જ્ઞેયાકાર જ્ઞાન છે એને એ કાઢી નાખવા માગે છે, અભાવ કરી નાખવા માગે છે. એવી રીતે તો એ કાંઈ નાશ થઈ શકશે નહિ.

**'એકાંતવાદી જ્ઞેયાકારફર (અનેકાકારરૂપ) જ્ઞાનને મલિન જાણી, તેને ધોઈને-તેમ-ાંથી જ્ઞેયાકારો દૂર કરીને, જ્ઞાનને જ્ઞેયાકારો રહિત એકાકારરૂપ કરવા ઈચ્છતો થકો, જ્ઞાનને નાશ કરે છે; અને અનેકાંતી તો સત્યાર્થ વસ્તુસ્વભાવને જાણતો હોવાથી, જ્ઞાનને સ્વરૂપથી જ અનેકાકારપણું માને છે.'** એટલે શું આમાં લેવું છે? કે જ્ઞાનની અંદર અનેકાકારપણું થવું એ જ્ઞાનનું સ્વરૂપ છે. તું સ્વરૂપ મટાડવાનો પ્રયત્ન કરમાં. જ્ઞેયાકારો જ્ઞાનમાં આવે ત્યારે તું જ્ઞેય પ્રતિ આકર્ષિત ન થા. એમ કરવાની તારે જરૂર છે. અને એમ કરવા જતાં તું એકાકાર જ્ઞાનની અંદર આકર્ષિત થા એ ઈચ્છનીય છે. પણ અનેકાકારપણું

મટાડવા જઈશ તો નહિ મટે એમ કહે છે. અને એને તું મલિનતા માનીશ તો એ તારો ભ્રમ છે નવો. એ કોઈ મલિનતા નથી. એ જ્ઞાનનું સ્વરૂપ છે એમ કહેવું છે.

**‘જ્ઞેયોનું જાણપણું છે તે જ અશુદ્ધતા છે, જ્યારે તે મટશે ત્યારે અશુદ્ધતા મટશે પરંતુ એમ તો નથી, કેમકે જ્ઞાન વિષે એવી સ્વ-પરપ્રકાશકતા પોતાના સહજ ભાવથી છે, તે અશુદ્ધભાવ નથી.’** એ અશુદ્ધભાવ નથી, એ દોષ નથી, એ અશુદ્ધભાવ નથી. **‘અરૂપી આત્મપ્રદેશોનો પ્રકાશ લોક-અલોકના આકારરૂપ થઈને મેચક ઉપયોગ (અનેકાકાર ઉપયોગ) થયો છે. આ સંબંધમાં કહ્યું છે કે-’** એમ કરીને આ શક્તિનું ઉદ્ધરણ કર્યું છે. અને એવું સ્વચ્છત્વ શક્તિનું એ સ્વરૂપ છે એમ કહ્યું છે. એટલે એ વસ્તુના સ્વરૂપમાં લીધેલી વાત છે.

આપણે ત્યાં આ પ્રશ્ન જરા ચર્ચાસ્પદ વધારે થયો છે, સ્વપરપ્રકાશકપણાનો. પણ આ બહુ ચોખ્ખું જ્ઞાનના પ્રકરણમાં બહુ ચોખ્ખું લઈ લીધું છે ‘દીપચંદજી’એ.

મુમુક્ષુ :- પરને નથી જાણતો એ વ્યાપકપણે નથી જાણતો.

પૂજ્ય ભાઈશ્રી :- વ્યાપકપણે નથી જાણતો. એમ જ છે, ખરેખર એમ જ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરને જાણતું નથી એવું કથન શાસ્ત્રમાં આવે છે ખરું પણ એની અપેક્ષા જુદી છે. ઈ પ્રકરણ જુદું છે, આ પ્રકરણ જુદું છે. બંને એકબીજામાં જો ભેળવવામાં આવે તો એકેયનો નિર્ણય ન થાય અને માણસ ખોટી રીતે મુંઝાઈ જાય. એ વિષય જુદો છે, આ વિષય જુદો છે. એ બે વિષયને એકબીજામાં સાંકળવા નહિ જોઈએ.

જ્યાં પરને જાણતું નથી એમ કહેવું છે ત્યાં સ્વપરપ્રકાશકતાનો નિષેધ કરવા માટે કહેવું છે એ પ્રકરણ જ નથી. આ એક ધ્યાનમાં રાખવા જેવી વાત છે કે ત્યાં સ્વપરપ્રકાશકપણાનો નિશ્ચય શક્તિનો નિષેધ કરવાનો ત્યાં હેતુ છે કે ઉદ્દેશ છે એ વાત જ નથી. ત્યાં બીજી અપેક્ષા છે, બીજી વિવિક્ષા છે એમ જાણવી જોઈએ અને જે છે તે જાણવી જોઈએ. એમ વાત છે. જ્ઞાનના અધિકારમાં એ વાત લીધી. એ પણ શાસ્ત્ર વચન છે. એટલે એની પણ કોઈને એલર્જી થાય કે જ્ઞાન પરને જાણતું નથી એમ કેમ તમે કહો છો? એ વાત અમે સાંભળવા માગતા નથી. તોપણ ખોટું છે. તેમ જ્ઞાન સ્વપરપ્રકાશક છે એની એલર્જી થાય કે એવી કેમ વાત કરો છો? જ્ઞાન પરને જાણતું નથી. તો એ પણ ખોટું. બેલેન્સ રહેવું જોઈએ. બે વાતને સમજીને વસ્તુના સ્વરૂપમાં બેલેન્સ રહેવું જોઈએ. તો વાંધો ન આવે. નહિતર જાણે-અજાણે પણ પોતે ભૂલમાં આવી જાય. સિદ્ધાંત ન સમજી શકે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા એમ કહેવામાં વાંધો નથી. એમ કહેવાય. એવું શાસ્ત્ર વચન પણ છે, જ્ઞાનીઓનું પણ એવું વચન છે. એમાં કાંઈ વાંધો નથી. પણ ત્યાં એવો હેતુ કોઈ પકડી લે કે જુઓ! સ્વપરપ્રકાશકને ઉડાડ્યું. જેમકે ૨૭૧ કળશ. તો એ હેતુ નથી ત્યાં. ત્યાં સ્પષ્ટ કર્યું કે આત્મા જ્ઞાતા અને છ દ્રવ્ય જ્ઞેય એવી અનાદિથી ભ્રાંતિ ચાલી આવી છે. આત્મા જ્ઞાતા અને છ દ્રવ્ય જ્ઞેય એ તો જિનાગમ સિવાય ક્યાંય છે નહિ. અન્યમતિમાં તો છ દ્રવ્ય જ નથી. જિનાગમનો એ વિષય છે. જો જિનાગમમાં છ દ્રવ્યનું નિરૂપણ હોય તો જ્ઞાનમાં જણાયા વગર નિરૂપણ આવ્યું ક્યાંથી? એ તો અરૂપી દ્રવ્યો છે. જગતમાં પ્રસિદ્ધ નથી. એનું કારણ કે અરૂપી દ્રવ્યો છે. જગતમાં એનો વ્યવહાર નથી માટે એની કોઈ પ્રસિદ્ધતા નથી. એક જિનાગમ સિવાય ક્યાંય એ વાત નથી. તો આગમ વિરુદ્ધતા કરીને એ વાત કાંઈ કહેવી નથી.

હવે ૨૫૧ થી ૨૭૦ સુધીના કળશ લ્યો તો એમાં સ્વપરપ્રકાશકતા બહુ સ્થાપી અનેકાંતના નામે. અને ૨૭૧માં અધ્યાત્મ સ્થાપવા માટે એ વાત જાણે ઉડાડતા હોય એવું લાગે. પણ ખરેખર ઉડાડવા માટે એ વાત નથી ત્યાં. ત્યાં એ હેતુ નથી. પણ સ્વપરપ્રકાશકતાને સ્વીકારનારો વિકૃતિમાં આવે છે અને જ્ઞેયમાં આકર્ષિત રહે છે, જ્ઞેયલુબ્ધતામાં રહે છે અને સામાન્ય ઉપર આવી શકતો નથી એવી જે એની પરિસ્થિતિ થઈ છે એ વિકૃતિનો નિષેધ છે ત્યાં. શક્તિનો નિષેધ નથી, સ્વભાવનો નથી પણ વિભાવનો નિષેધ છે ત્યાં. અને કોઈપણ તબક્કે વિકૃતિ તો સંભવિત છે. થઈ શકે છે. કોઈપણ તબક્કે વિકૃતિ તો થાય. એ વિકૃતિ કેમ ન થાય એ સમજવાનું છે. એના બદલે સ્વભાવને ઉડાડવા મંડે તો પાછો બીજો દોષ આવીને ઊભો રહે. એવું થાય. એટલે એ રીતે સંતુલન જાળવવામાં સૂક્ષ્મતા ઘણી છે.

હમણા ઓલા 'અલવર'વાળા ભાઈ આવ્યા ને? ત્યારે ચર્ચા થઈ કે અત્યાર સુધી મારી વૃત્તિ એવી રહી છે કે હું બધાને ખુબ સાંભળું છું. જે સંભળાવનાર મળે એને ખુબ સાંભ-ળું, એની સાથે ખુબ ચર્ચા કરું. પરિણામ એ આવ્યું છે કે હું પોતે ડહોળાઈ ગયો. કેમ? કે ઓલા એમ કહે કે ભાઈ એ કહે છે એ બરાબર નથી, હું કહું છું એ બરાબર છે. બીજા પાસે જઈએ તો કહે કે એમ નહિ હું કહું છું એ બરાબર છે. ઓલા ત્રીજા પાસે (જઈએ) તો કહે, એ બે કહે એ નહિ પણ હું કહું છું એ બરાબર છે. હવે પાંચ-સાત માણસોને એણે સમ-ાજમાંથી પસંદ કર્યા કે ભાઈ અહીંયાં જાવું... અહીંયાં જાવું... અહીંયાં જાવું. 'હુકમચંદજી' પાસે જાવું, 'યુગલજી' પાસે જાવું, 'લાલુભાઈ' પાસે જાવું. 'પંડિત હિંમતભાઈ' પાસે જાવું. 'દેવીલાલજી' ત્યાં અવારનવાર રહે છે. તો ઘણા પાંચ-સાત વ્યક્તિઓને પસંદ કરીને બધાનું ખુબ સાંભળે, બધાની સાથે ખુબ ચર્ચા કરે. પરિણામ એ આવ્યું કે ખુબ ડહોળાઈ ગયું. કાંઈ નિર્ણય જ કરી શકે નહિ. હવે શું કરવું? બીજું, મુંઝવણ ક્યાં થાય? કે આગમ અનુસાર વાત

આવે ત્યાં ઊભું રહેવું પડે. આગમનો આધાર આપે કહેનાર તો. આગમનો જેણે અભ્યાસ કર્યો છે એ લોકો એવા વિદ્વાનો છે. આગમનો આધાર આપશે કે જુઓ! હું કહું છું એવું આગમમાં આ જગ્યાએ છે, આગમમાં આ જગ્યાએ છે. કાંઈ સમાધાન થાતું નથી અને મૂંઝાવું પડે છે. કરવું શું?

ત્યારે એ વિષય ઉપર થોડી ચર્ચા ચાલી એક દિવસ કે આગમની અંદર જ્યારે પરસ્પર વિરુદ્ધ વિષયનું નિરૂપણ આવતું હોય કે આત્મા પરને પણ જાણે છે અને આત્મા સ્વને પણ જાણે અને આત્મા પરને નથી પણ જાણતો. સ્વને નથી જાણતો એ તો આવવાનું જ નથી. પણ સ્વને જાણે છે, પરને જાણે છે અને પરને નથી પણ જાણતો. આ ત્રણ વાત જ્યારે આવતી હોય અને ત્રણેના આગમ આધાર મળતા હોય ત્યારે શું કરવું? આ તો એક સ્વપરપ્રકાશપણાનું લીધું પણ એવા ઘણા મુદ્દા છે કે જેની અંદર બધાના પોતાના આગમ આધાર મળી રહે. નિશ્ચયનું ખેંચતા હોય એને નિશ્ચયના આધાર મળી રહે, વ્યવહારનું ખેંચતા હોય એને વ્યવહારના આધાર મળી રહે. અને ઉભયાભાસી હોય એને બંનેના આધાર પણ મળી રહે. પ્રમાણના આધાર પણ મળી રહે પ્રમાણાભાસીને કે જુઓ! અહીંયાં પ્રમાણની વિશેષતા કરી છે, જુઓ! અહીંયાં પ્રમાણની વિશેષતા કરી છે. હવે કરવું શું?

કરવું એ છે કે સરવાળે આત્માર્થ સધાય છે કે નહિ? નિશ્ચયથી, વ્યવહારથી કે પ્રમાણથી ત્રણેથી આત્માર્થ સધાવો જોઈએ. કેમકે જ્ઞાનીને તો નિશ્ચય પરિણમનથી પણ આત્માર્થ સધાય છે, વ્યવહાર પરિણમનમાં પણ એ આત્માર્થને સાધે છે અને પ્રમાણમાં પણ એ આત્માર્થને જ સાધે છે. તો ગોતવાનું તો આ છે. અને એ જ્યારે આત્માર્થ સધાય ત્યારે કોઈનો એકાંત થતો નથી, સંતુલન રહી જાય છે. તો એવું સંતુલન જોતા આવડવું જોઈએ, સંતુલન રાખતા આવડવું જોઈએ, સંતુલનને સમજતા આવડવું જોઈએ. તો કોને અનુસરવું અને કોને ન અનુસરવું એ ભેદ છાંટી શકાશે. નહિતર તો એમ લાગશે કે બરાબર છે. આ તો મોટા વિદ્વાન છે. ઘણું વાંચ્યું છે, ઘણાને એ સમજાવે છે, ઘણાને સમજાવી શકે છે માટે આપણે એને પૂછો. પૂછો એટલે એનો અર્થ કે આપણે થોડું એને અનુસરો. આસ્તિક્યબુદ્ધિથી જાય છે ને? તો એને તો આસ્થા આવી ગઈ. હવે આસ્થા આવે છે જ્યારે એ આસ્થાને ધક્કો લાગે એવી વાત પણ આવે છે સામે કે નહિ. તમે ઓલાની આસ્થા રાખી હતી પણ એ વાત બરાબર નથી. જ્યારે માણસને આળા ગુમડાને કોઈ ઘસીને લુતું હોય અને લોહી કાઢે અને પીડા થાય એવી વેદના થાય. આસ્થા એવી ચીજ છે, શ્રદ્ધા એવી ચીજ છે. કોઈ માતાજીને માનતો હોય એને વાંકુ બોલો માતાજીનું તો એને દુઃખ થાય. શ્રદ્ધા ચીજ એવી છે.

એટલે આટલે હદ સુધી સૂક્ષ્મતા આવે સમજવાની તો ખ્યાલ આવે કે બરાબર છે

આમાં પૂર્વાપર અવિરોધતા આવે છે.

એટલા માટે ૬૭૯માં 'શ્રીમદ્‌જી'એ વાત લીધી કે સર્વથી વિશિષ્ટ લક્ષણ જે પૂર્વાપર અવિરોધતા. જ્ઞાનીની વાણીનું સર્વથી ઊંચું લક્ષણ ક્યુ છે? ખાસ લક્ષણ વિલક્ષણ—પૂર્વાપર વિરોધતા. કેમકે વસ્તુમાં પૂર્વાપર વિરુદ્ધ ધર્મો છે. અને ઘણા એવા મુદ્દા છે કે જે પૂર્વાપર વિરુદ્ધ જાય છે. શ્રદ્ધા પર્યાયને સ્વીકારતી નથી અને જ્ઞાન દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને સ્વીકારે છે. શ્રદ્ધા ભેદને સ્વીકારતી નથી અને જ્ઞાન ભેદ-અભેદ બંનેને સ્વીકારે છે. હવે એનો વિરોધ કેમ મટાડવો? સંતુલન ગુમાવ્યા વગર વિરોધ મટાડીને જો આત્મહિત સાધતા ન આવડે તો ચક્કરમાં ફસાઈ જાય. તો કહે, આમાં તો બહુ સૂક્ષ્મ છે. એટલે બધે સુધી તપાસ રાખવી પડે? આગમનો આધાર આપે પછી પણ? નહિતર તો શું થાય કે આગમનો આધાર આપે એટલે માણસ મૌન થઈ જાય. બરાબર છે, તમારી વાત આગમ સંમત છે. તમે આગમના આધારથી આ વાત સાબિત કરી. હવે અમારે કાંઈ કહેવાનું રહેતું નથી. નહિ, અમારે હજી કહેવાનું રહે છે કે એ વાતનો આધાર લેતા એકાંત થાય છે કે સંતુલન જળવાય છે? આ વસ્તુ જોતા ન આવડે, તપાસતા ન આવડે, સમજતા ન આવડે તો ગોથું ખાવાની જગ્યા ઘણી છે. એ ચર્ચા થઈ. આ લોકોને બધાને લાગ્યું કે આટલી સ્પષ્ટ વાત નથી આવી. સંતુલનની આટલી સ્પષ્ટ વાત સંતુલનના પ્રકરણમાં નથી લખાણી.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- અપેક્ષા એટલે મર્યાદા જાળવે તો વિરુદ્ધતા કેવી રીતે આવે?

મુમુક્ષુ :- ન આવે પણ...

પૂજ્ય ભાઈશ્રી :- સામાને તો જે લાગવું હોય એ લાગે એની યોગ્યતા ઉપર આધારિત છે. પણ જે કહે છે એને અપેક્ષા બરાબર સમજાણી હોય, સંતુલન જળવાતું હોય તો એને તો દોષ નથી થવાનો. અને જેવું કહે છે, જેવું પરિણમીને કહે છે એવું જ સમજાય તો દોષ ન લાગે. નહિતર તો ભગવાનની વાણીમાંથી પણ જીવ દોષ ગ્રહણ કરે એકાંત પકડી લે તો. દિવ્યધ્વનિમાંથી ભૂલ કરે એ તો. એ તો એની સ્વતંત્ર યોગ્યતાનો વિષય છે ભૂલ કરનારની. કહેનાર યથાસ્થાને હોય અને જો સાંભળનાર પાત્ર હોય તો બંનેને સંધિ નિમિત્ત ઉપાદાનની થઈ અને સાંભળનારનું હિત સચવાય કે જળવાય. નહિતર ગડબડ થઈ જાય. પણ કહેનાર પોતે જ દોષિત હોય, એકાંત કરતો હોય તો એમાંથી તો કોઈ નિર્દોષ જન્મવાનો જ નથી. એમાં નિર્દોષતા જનમવાની નથી નિમિત્ત-નૈમિત્તિક સંબંધે તો. એમ છે.

મુમુક્ષુ :- ...એ એને ખ્યાલ આવી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આવી જાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ન આવે. એમાં શું છે કે પોતાને એટલી પરિપક્વ સમજણ ન હોય. અને પરિપક્વ સમજણ નહિ હોવાને લીધે કોઈ વાત ક્યારે પક્કડમાં રહે, કોઈ વાત ક્યારે પક્કડમાં રહે, કોઈવાર પોતાનું વજન ક્યારેક વયું જાય, કોઈ વખત પોતાનું વજન ક્યારેક વયુ જાય એવું બન્યા કરતું હોય છે મુમુક્ષુની ભૂમિકામાં. જ્યારે પોતાનું વજન કોઈ વાત ઉપર જતું હોય એની વિરુદ્ધ સામે વાત આવે ત્યારે પછી એને મુંઝવણ થાય. હું તો આમ પકડું છું, એ તો આમ કહે છે. હવે શું કરવું?

બીજું શું છે કે પોતે વધારે મૂંઝાતા હતા એનું કારણ કે થોડા આત્માર્થી માણસ છે. એટલે ભય પામતા હતા કે મારું અહિત થઈ જશે? ક્યાંક ખોટું ગ્રહણ થઈને, વિપરીત ગ્રહણ થઈને કાંઈક વિપર્યાસ વધી જશે? વિપરીત ગ્રહણ થઈ જશે? એવું તો નહિ થઈ જાય ને? એવું તો નહિ થઈ જાય ને? એ જાતનો ભય વિશેષ હતો અને એની અસર થોડી મૂંઝવણની અંદર વધારે હતી.

એટલે '**(અનેક આકારરૂપ) એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વ શક્તિ છે). તે જ સ્વચ્છ(ત્વ) શક્તિ છે. જેમ અરીસામાં જો ઘટ-પટ દેખાય તો નિર્મળ છે; અને જો ન દેખાય તો મલિન છે, તેમ જ જ્ઞાનમાં જો સકળ જ્ઞેય ભાસે તો નિર્મળ છે, તેમજ જ્ઞાનમાં જો સકળ જ્ઞેય ભાસે તો નિર્મળ છે,...**' શું કહે છે? જે જ્ઞાનમાં લોકાલોક ભાસે છે કેવળજ્ઞાનના કાળે એ એની પૂરી નિર્મળતાને પ્રસિદ્ધ કરે છે. અને છદ્મસ્થને નથી ભાસતું એ એની જ્ઞાનની મલિનતાને પ્રસિદ્ધ કરે છે.

એમ જો '**જ્ઞાનમાં જો સકળ જ્ઞેય ભાસે તો નિર્મળ છે, ન ભાસે તો નિર્મળ નથી. જ્ઞાન પોતાના દ્રવ્ય-પ્રદેશ વડે તો જ્ઞેયમાં જતું નથી-**' દ્રવ્ય-પ્રદેશ કીધા. પ્રદેશ નહિ પણ ફિઝીકલ જેને એરિયા કહેવાય. જ્ઞાનની પર્યાય પોતાના પ્રદેશોથી બહાર નીકળીને લંબાઈને ત્યાં સુધી જાતી નથી કોઈ જ્ઞેય સુધી. જ્ઞાન અહીંયાં નથી પહોંચતું. આ જ્ઞાનમાં પ્રતિભાસે છે. આ ચીજ જ્ઞાનમાં પ્રતિભાસે છે. જ્ઞાન અહીંયાં નથી જાતું. એમ કહેવું છે. દ્રવ્યપ્રદેશ વડે. એમ. દ્રવ્યપ્રદેશ એટલે ફિઝિકલ પર્યાય એની લેવી. એમ. ભાવ નહિ.

'**જ્ઞાન પોતાના દ્રવ્ય-પ્રદેશ વડે...**' દ્રવ્ય અને ભાવ. એમ. દ્રવ્યપ્રદેશમાં ભાવપ્રદેશ અને દ્રવ્યપ્રદેશ બે જુદી જુદી વાત છે એમ કહેવું છે. અહીંથી જ જુદુ પાડે છે. દ્રવ્યપ્રદેશ અને ભાવપ્રદેશ બે જુદી જુદી વાત છે. એમ. '**જ્ઞાન પોતાના દ્રવ્ય-પ્રદેશ વડે તો જ્ઞેયમાં જતું નથી-જ્ઞેયમાં તન્મય થતું નથી. જો એ પ્રમાણે તન્મય થઈ જાય તો જ્ઞેયાકારોનો નાશ થતાં જ્ઞાનનો વિનાશ થઈ જાય.**' ત્યાં એ પરિસ્થિતિ ઊભી થઈ જશે.

...હિમાલયનું માપ નીકળે કે આટલો ઊંચો હોવો જોઈએ, આટલા હજાર ફીટ ઊંચો હોવો જોઈએ અને હું જોઉં છું ત્યાંથી આટલો દૂર હોવો જોઈએ. આ તે જ્ઞાનની શક્તિ કેટલી ચમત્કારિક! એ કોઈ ચમત્કારિક શક્તિ છે જ્ઞાનની અંદર!!

'**વસ્તુનું સ્વરૂપ જ્ઞાનમાત્ર છે; તે સંબંધમાં ચાર પ્રશ્નો ઉપજે છે,...**' વસ્તુનું સ્વરૂપ જ્ઞાનમાત્ર છે. આ જ્ઞાનમાત્ર પોતે બહુ લે છે. જે 'સમયસાર'માં 'અમૃતચંદ્રાચાર્યે' પ્રયોગ કર્યો છે એ વાતનો પોતે પણ ઘણો પ્રયોગ કરે છે કે '**વસ્તુનું સ્વરૂપ જ્ઞાનમાત્ર છે; તે સંબંધમાં ચાર પ્રશ્નો...**' ઉઠાવી શકાય છે, '**એક તો પ્રશ્ન એ કે જ્ઞાન જ્ઞેયના અવલંબને છે કે પોતાના અવલંબને છે?**' પ્રશ્ન નંબર એક. '**બીજો પ્રશ્ન એમ કે જ્ઞાન એક છે કે અનેક છે?**' સંખ્યાએ જ્ઞાન કેટલા? '**ત્રીજો પ્રશ્ન એવો છે કે જ્ઞાન અસ્તિરૂપ છે કે નાસ્તિરૂપ છે? ચોથો પ્રશ્ન એવો છે કે જ્ઞાન નિત્ય છે કે અનિત્ય છે?**' આ ચાર પ્રશ્નો પોતે ઉઠાવ્યા છે.

'**તેનું સમાધાન આ પ્રમાણે છે :-**' પહેલો અવલંબનવાળો પ્રશ્ન છે. '**જે જેટલી વસ્તુ છે તેટલી દ્રવ્ય-પર્યાયરૂપ (છે),...**' જે જેટલી વસ્તુ છે તે બધી દ્રવ્ય-પર્યાયરૂપ છે. પછી છએ દ્રવ્ય એમાં આવી જાય છે. '**જ્ઞાન પણ દ્રવ્ય-પર્યાયરૂપ છે;...**' જ્ઞાનમાત્ર કહેતા જ્ઞાન પણ દ્રવ્યરૂપ પણ છે અને જ્ઞાન પર્યાયરૂપ પણ છે. '**દ્રવ્યરૂપ નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર વસ્તુ,...**' જે દ્રવ્યરૂપ જ્ઞાન છે તે તો નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર વસ્તુ છે અને '**પર્યાય માત્ર સ્વજ્ઞેય-પરજ્ઞેયને જાણે છે.**' એવો પ્રકાર પર્યાયની અંદર જ્ઞાનમાં છે.

'**જ્ઞેયના પર્યાય વડે જ્ઞાનનું પર્યાયરૂપ થવા વડે જ્ઞાન જ્ઞેયોના અવલંબને છે.**' જ્ઞેયના પર્યાય વડે જ્ઞાનનું પર્યાયરૂપ થવા વડે જ્ઞાન જ્ઞેયોના અવલંબને છે. એટલે કે, હવે એનો ખુલાસો કરે છે. '**(જે જ્ઞેયોને જાણવારૂપ પરિણતિ છે તે જ્ઞાનનો પર્યાય છે, તેથી જ્ઞાનનો પર્યાય કહેતા જ્ઞાન જ્ઞેયના અવલંબને છે એમ કહેવામાં આવે છે) અને વસ્તુમાત્ર (કહેતા) પોતાના અવલંબને છે.**' હવે શું કહે છે? કે જ્ઞેયોને જાણવારૂપ જે પરિણામ છે, જ્ઞેયના પર્યાય વડે જ્ઞાનના પર્યાયરૂપ જ્યારે થાય છે એટલે જ્ઞેયાકારે જ્ઞાન થાય છે ત્યારે જ્ઞેયનું અવલંબન છે એમ સાપેક્ષપણે કહેવાય. અપેક્ષા લઈને કહેવાય. પણ વસ્તુમાત્ર કહેવી હોય તો? નહિ કહેવાય. પોતાના અવલંબને છે. જ્ઞાનનો કોઈનું અવલંબન લીધા વગર જ જાણે છે. અવલંબન લેવાની એને કોઈ જરૂર નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અપેક્ષા લીધી એમાં.

મુમુક્ષુ :- ... પોતાથી જ જાણે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતાથી જાણે છે. પણ વિવિક્ષા બે પ્રકારે છે કે જ્યારે જ્ઞેયાકારો

ઝળકે છે ત્યારે જ્ઞેયના અવલંબને જ્ઞાન છે. ખરેખર એને જોવું હોય તો? કે જ્ઞાન કોઈના અવલંબન વગર સ્વતઃ જ પરિણમી રહ્યું છે, એને કોઈ જ્ઞેયની અપેક્ષા છે જ નહિ. એટલે જ્ઞેયની અપેક્ષા છે પણ અને જ્ઞેયની અપેક્ષા નથી પણ. બંને રીતે એને સમજવું જોઈએ.

મુમુક્ષુ :- અવલંબન શબ્દનો જે પ્રયોગ કર્યો એની પાછળ..

પૂજ્ય ભાઈશ્રી :- અવલંબનનો અનુસાર એમ અર્થ થાય છે. અનુસાર. અનુસાર. જેવું જ્ઞેય એવું જ્ઞાન. જ્ઞેય અનુસાર જ્ઞાન. એમ. આમાં પારદર્શકપણું છે અને આટલા રંગ છે. અનેક રંગ છે. પારદર્શકપણું છે. તો જેવું જ્ઞેય છે એવું જ સામે જ્ઞાન થાય છે. જ્ઞેય અનુસાર જ્ઞાન કહેવું હોય ત્યારે જ્ઞેયના અવલંબને એને કહી શકાય. કથનની અંદર. વસ્તુતાએ તે પોતાના અવલંબને છે. પોતાના અવલંબને કેમ છે? કે નિજશક્તિ છે. નિજશક્તિને કોઈની જરૂર પડતી નથી. પરને જાણવામાં? તો કહે છે, પરને જાણવામાં પણ પરની જરૂર નથી. કેમકે એની નિજશક્તિ છે. એમાં પરની જરૂર નથી એને. એટલે અધ્યાત્મમાં એને એમ કહેવામાં આવે છે કે આના કારણે મારું જ્ઞાન નથી. આ જ્ઞેયના કારણે મારું જ્ઞાન બિલકુલ નથી. જ્ઞેયના કારણે જ્ઞાન નથી. એમ.

મુમુક્ષુ :- વજન તો નિરપેક્ષતાને જ આપવું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વજન તો નિરપેક્ષતાને આપવું. કારણ કે પરસાપેક્ષપણાને જો વજન આપો તો અમસ્તો એ બાજુ તો ખેંચાયેલો જ છે. વધારે ખેંચાણ થાય.

'**જ્ઞાનને પર્યાય માત્ર કહેતાં અનેક છે, વસ્તુમાત્ર** (કહેતા) **એક છે.**' બીજા પ્રશ્નનો ઉત્તર છે. ત્રીજું. '**જ્ઞાન પર્યાયમાત્ર** (કહેતા) **નાસ્તિ છે, વસ્તુમાત્ર** (કહેતા) **અસ્તિ છે.**' જુઓ! અસ્તિ-નાસ્તિ ક્યાં લીધી! પર્યાયમાત્ર કહેતા નાસ્તિ છે. એ વાત 'સમયસાર'માં લીધી છે. પર્યાયમાત્ર કહેતા જ્ઞાન નાસ્તિ છે અને વસ્તુમાત્ર કહેતા અસ્તિ છે. કેમકે પર્યાય નાશ થઈ જાય છે, ત્રિકાળી નથી. એટલે પર્યાયમાત્ર જો કહેવામાં આવે તો એ નાસ્તિમાં જાય છે. એ એટલી વસ્તુ નથી. પર્યાયમાત્ર કહેતા જ્ઞાન નાસ્તિ છે, વસ્તુમાત્ર કહેતા અસ્તિ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે એ પરમાં જાય છે. પર્યાય પરમાં નાખે છે અહીંયાં. વસ્તુને સ્વમાં નાખી અને પર્યાયને પરમાં નાખી. પરકાળ. પરકાળ લઈ લીધો. પર્યાય છે તે પરકાળ લઈ લીધો. ૨૫૨. ૨૫૨ (કળશમાં) ચાર ભેદ લીધા ને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ. એ રીતે.

પછી '(**જ્ઞાન**) **પર્યાયમાત્ર** (કહેતા) **અનિત્ય છે, વસ્તુમાત્ર** (કહેતા) **નિત્ય છે.**'

એ તો સીધું સમજાય એવું છે. '**આ પ્રમાણે સમાધાન કરવું તે સ્યાદ્વાદ છે, અને એ જ પ્રમાણે વસ્તુનું સ્વરૂપ છે.**'

મુમુક્ષુ :- ચૌદ ભંગ છે એ જ પ્રમાણે છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ચૌદ ભંગ લીધા છે એમાં આ જ વિષય લીધો છે. 'સમયસાર'ના ઢાળામાં જ આ પ્રકરણ લખેલું છે.

'**જ્ઞાન વસ્તુ પોતાના અસ્તિત્વપણાથી ચાર ભેદવાળી છે.**' હવે એ જ વિષય લે છે પાછા. પોતાના અસ્તિત્વથી ચાર ભેદ છે. '**જ્ઞાનમાત્ર જીવ સ્વદ્રવ્યપણે અસ્તિ, સ્વક્ષેત્રપણે અસ્તિ, સ્વકાળપણે અસ્તિ અને સ્વભાવપણે અસ્તિ (છે),...**' દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચાર લઈ લીધા. '(તે) **પરદ્રવ્યપણે નાસ્તિ, પરક્ષેત્રપણે નાસ્તિ, પરકાળપણે નાસ્તિ ને પરભાવપણે નાસ્તિ (છે). જ્ઞાનનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જ્ઞેયમાં નથી.**' ચોખ્ખી વાત એ છે કે '**જ્ઞાનનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જ્ઞેયમાં નથી. જ્ઞેયના (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ) જ્ઞાનમાં નથી. જ્ઞાનના પોતાના નિજ લક્ષણની અપેક્ષા વડે (અને) અન્ય ગુણ લક્ષણ નિરપેક્ષતા વડે...**' હવે એ જ્ઞાનનું લક્ષણ નક્કી કરે છે. નિશ્ચય લક્ષણ. બીજાનું રૂપ વચ્ચે ન લેવું એમ કહે છે. અન્ય ગુણનું રૂપ ન લેવું વચ્ચે. અન્ય ધર્મ પણ ન લેવો.

મુમુક્ષુ :-...

પૂજ્ય ભાઈશ્રી :- એક જ્ઞાનને સ્પેસીફાઈ કરે છે. એટલે એનું ખાસ લક્ષણ શું?

'**જ્ઞાનના પોતાના નિજ લક્ષણની અપેક્ષા વડે (અને) અન્ય ગુણ લક્ષણ નિરપેક્ષતા વડે જ્ઞાનની સંજ્ઞા-સંખ્યા-લક્ષણ-પ્રયોજનતા જ્ઞાનમાં છે, અન્યની નથી.**' જ્ઞાનની સંજ્ઞા એવું જ્ઞાન જ્ઞાનમાં છે, એની સંખ્યા જ્ઞાનમાં છે, એનું લક્ષણ અને એનું પ્રયોજન તે જ્ઞાનમાં છે પણ અન્યની નથી. '**અન્ય ગુણોની સંજ્ઞા-સંખ્યા-લક્ષણ-પ્રયોજનતા અન્ય ગુણોમાં છે.**' પણ જ્ઞાનમાં નથી. એટલે એક જ્ઞાનગુણને ચોક્કસપણે નક્કી કરવા જતા એનું નામ. સંજ્ઞા એટલે નામ. એની સંખ્યા...

મુમુક્ષુ :- જ્ઞાનગુણ એક છે. સંજ્ઞા એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે દ્રવ્ય અને પર્યાય એમ બે રીતે લો તો પર્યાયથી અનેકપણું છે અને દ્રવ્યથી એકપણું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ના. બીજા કોઈ ગુણપણે નથી. એટલે બીજા કોઈ ગુણને જ્ઞાનનું નામ ન મળે, એની સંખ્યા જે છે એ પોતાની પોતાને છે. એનું લક્ષણ જે જાણવામાત્રપણું છે એ પણ બીજાને ન મળે. કેમકે બીજો કોઈ ગુણ જાણતો નથી. અને એનું પ્રયોજન જે છે

એ પણ જ્ઞાનમાં છે. જ્ઞાનનું પ્રયોજન જ્ઞાનમાં છે, બીજામાં નથી. પ્રયોજન એટલે વસ્તુભૂત કાર્ય કરવું. પોતાના ગુણ પ્રમાણે કાર્ય કરવું તે પ્રયોજન છે.

મુમુક્ષુ :- જ્ઞાનનું લક્ષણ પણ જાણવું અને પ્રયોજનમાં પણ જાણવું?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનનું લક્ષણ જાણવું છે અને પ્રયોજનમાં તો પછી નયવિવિક્ષા આવે છે. નય જ્ઞાનમાં જ પડે, બીજે ન પડે. તો જ્યારે જે જાણવાનું પ્રયોજન હોય તે. અથવા પારમાર્થિક પ્રયોજન, આત્મહિત તે પ્રયોજન. એવી રીતે પણ લઈ શકાય. એ જ્ઞાનનું પ્રયોજન જ્ઞાનમાં છે. જ્ઞાનથી જે આત્મહિત સધાય તે જ્ઞાનથી જ સધાય છે એમ કહેવું છે. એ રીતે પણ લઈ શકાય.

'**(વળી) તેમાં કોઈ એક વિશેષ ભેદ લખીએ છીએ,...**' આટલું કીધા પછી હવે એક વિશેષ ભેદ લખીએ છીએ. '**તે વિશેષ જ્ઞાનથી વિશેષ સુખ છે, જ્ઞાન (અને) આનંદનું સામીપ્યપણું છે.**' આ એક બહુ મહત્વનું નિરૂપણ એમણે આ પ્રકરણની અંદર કર્યું છે કે જ્ઞાન પોતે સુખરૂપ છે. અથવા જ્ઞાન જ્યારે ઓળખાય છે ત્યારે કયા રૂપથી ઓળખાય છે? જ્ઞાનથી આત્મા ઓળખાય છે. આત્મા ઓળખ્યો અને ભૂલો ન પડ્યો. જ્યારે કોઈને ઓળખે તો એનામાં ભૂલ ન થાય ગમે તે વેષ ધારણ કરે તો. એમ જ્ઞાનથી જ્ઞાનસ્વરૂપી આત્મા જ્યારે ઓળખવામાં આવે તો ક્યા રૂપે ઓળખવામાં આવે? કે સુખરૂપે ઓળખવામાં આવે. આ એક વિશેષતા છે જ્ઞાનની.

મુમુક્ષુ :- અવિનાભાવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ એનું એક એવું રૂપ છે કે જેનાથી એ ઓળખાય છે. આમ તો અનંત ગુણના રૂપ છે. પણ ઓળખવા માટે આ એક મુખ્ય ચિહ્ન છે. વિશેષતા છે. કે ભાઈ આ માણસને ઓળખવા માટે શું ખાસ લક્ષણ? તો કહે બે આંખ, બે કાન, નાક, હોઠ બધું બધાને હોય ચહેરા ઉપર. પણ ખાસ લક્ષણ શું? તો કહે ભાઈ, એને ફલાણું નાક ઉપર આમ છે કે તેમ છે કે કોઈ એક વાત ખાસ જુદી પાડી દીધી કે આનાથી એ માણસ જુદો ઓળખાય છે. એમ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... પણ જ્ઞાનને ઓળખવું કેવી રીતે? સુખના રૂપથી ઓળખાય.

મુમુક્ષુ :- જે જ્ઞાન સાથે સુખ હોય એ જ્ઞાન કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- એને જ્ઞાન કહેવું.

અથવા જ્યારે જ્ઞાન ઓળખાય છે ત્યારે સુખરૂપે ઓળખાય છે. અને ત્યારે એને પ્રતીતિ આવે છે કે બરાબર હવે મેં ઓળખ્યું. જાણે તે જ્ઞાન, વેદે તે જ્ઞાન એવું બધું સમજી શકાય છે. પણ જ્ઞાન ઓળખાય છે ત્યારે સુખરૂપે ઓળખાય છે. આ એક ઓળખવાનો

જે માર્મિક પોઈન્ટ છે એ એમણે આ જગ્યાએ નિરૂપણ કર્યો છે. આ એક વિશેષતા છે 'દીપચંદજી'ની પોતાની. આટલી બધી વાત લખી હવે એક બીજો ભેદ એટલે એક રહસ્ય તમને કહીએ છીએ. અંદરનો ભેદ છે આ. આપણે ન કહીએ કે ભાઈ, આ એક જરા ભેદ છે, અંદરની ગુપ્ત વાત છે. એટલે ભેદ છે. જ્ઞાન અને સુખને બહુ નજીકતા છે. જ્ઞાન પોતે જ સુખરૂપે છે. જ્યાં સુધી જ્ઞાન સુખરૂપે ન ઓળખાય ત્યાં સુધી આત્માની ઓળખાણ નથી થતી. આ સમકિતનું પહેલું કારણ, મુખ્ય કારણ, અનન્ય કારણ કહો તો આ છે. આ વાત એમણે આ જગ્યાએ બહુ સારી રીતે લીધી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જુઓ! એક બીજો દાખલો આપુ. એક માણસનો બે વર્ષની ઉંમરનો ફોટો હોય, પાંચ વર્ષની ઉંમરનો ફોટો હોય, દસ વર્ષની ઉંમરનો હોય, પછી પંદર-વીસ વર્ષની આસપાસનો હોય, પછી ત્રીસ વર્ષની આસપાસનો હોય, પચાસ વર્ષની આસપાસનો હોય, પોણોસો વર્ષની આસપાસનો હોય, નેવું વર્ષની આસપાસનો હોય. એક આલબમમાંથી કાઢીને એક મોટા પડદા ઉપર બાળપણથી માંડીને વૃદ્ધાવસ્થા સુધીના ફોટા લ્યો તો બધા ફોટામાં એ માણસ તમને ઓળખાશે. હવે તમને કોઈ પૂછે કે તમે કેવી રીતે નક્કી કરો કે આ બધા એના જ ફોટા છે? કેવી રીતે કહેશો? સમજાવો લ્યો. છે કોઈ સમજાવાની પદ્ધતિ? તમે સમજી શકશો એ વાતને કે બધામાં એક જ અણસાર આવે છે. આ જ વ્યક્તિ છે એવો અણસાર આવે છે. ફેરફાર ઘણો છે. ચહેરાની અંદર ઘણો ફેરફાર છે.

મુમુક્ષુ :- .. ફેર છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલો બધો ફેરફાર આવે કે યુવાન ઉંમર હોય ત્યારે મોટી મોટી મુછો હોય, ચશ્મા પહેર્યા હોય, હૃષ્ટપુષ્ટ શરીર થઈ ગયું હોય અને નાનો હોય ત્યારે દુબળો હોય, વૃદ્ધાવસ્થામાં કરચલી પડી ગઈ મોઢામાં એ બધું હોય. પણ છતાં માણસ એમ કહે કે નહિ, આ એ જ વ્યક્તિ છે, હોં! બધામાં છે એ જ માણસ. જો ધ્યાનથી જોઈએ તો ખ્યાલ આવે. અજાણ્યા માણસને છૂટા છૂટા ફોટા દેખાડો તો કોઈ વખત ન ઓળખે. ખ્યાલ નથી આવતો કોનો ફોટો છે. પછી કહો કે જુઓ આ માણસના આખા જીવનચરિત્રના ફોટા જોઈ લ્યો.

મુમુક્ષુ :- જ્ઞાનની સળંગતા છે?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એનો જે ચહેરો, એનું રૂપ છે. કહેવાનું મતલબ શું છે? એનું રૂપ છે. એ રૂપની ઓળખ બધા ફોટામાં છે કે ભાઈ એના રૂપથી આ માણસ ઓળખાય છે. બરાબર છે? આને સંક્ષેપમાં શું કહેવાય છે? એનું રૂપ. કે ભાઈ એ રૂપે છે એ રૂપે ઓળખાય જાય છે. ભલે ફોટો યુવાન અવસ્થાનો હોય કે બાળ અવસ્થાનો હોય, ભલે ફોટો.. એમ કહે,

જુઓ! બાળપણમાં કેવો લાગે છે આ માણસ? યુવાનમાં કેવો લાગે છે? વૃદ્ધાવસ્થામાં કેવો લાગે છે? પણ એનું રૂપ છે એ બધામાં ઓળખાય છે.

આ જેને રૂપ કહેવામાં આવે છે એ આ જ્ઞાનનું રૂપ છે. સુખ એ જ્ઞાનનું રૂપ છે. એ ઓળખાય ત્યારે જ્ઞાન ઓળખાય છે ત્યારે આત્મા ઓળખાય છે. એવું એની અંદર રહસ્ય છે.

**તા. ૯-૬-૧૯૯૧, પાના નં. ૨૬,**
**પ્રવચન નં. ૫**

'**જ્ઞાનનું લક્ષણ જાણપણું છે;...**' જ્ઞાનથી સમજવું સહેલું પડે. ગુણ તો જ્ઞાન સિવ-ાયના અનંતા છે પણ જ્ઞાનથી સમજવું સહેલું પડે. '**જ્ઞાનનું લક્ષણ જાણપણું છે; જ્ઞાન જાણપણારૂપ પરિણમે છે. અહીં પ્રશ્ન થાય છે કે જ્ઞાનની સિદ્ધિ જાણપણાથી છે કે પરિણમનથી છે?**' પ્રશ્ન ઉઠાવ્યો. પરિણમે છે માટે જ્ઞાનની સિદ્ધિ છે? કે જાણપણું થાય છે માટે જ્ઞાનની સિદ્ધિ છે? જ્ઞાનની સિદ્ધિ શેનાથી છે?

'**તેનું સમાધાન. કે જાણપણા વિના તો જ્ઞાનનો અભાવ થાય,...**' જાણપણા વિના જ્ઞાનનો અભાવ થાય. '**(અને) પરિણમન વિના જાણપણું હોય નહિ.**' એટલે જાણપણું અને પરિણમન બે જુદા જુદા રહેતા નથી. બે મુદ્દા જુદા જુદા છે પણ બે જુદા જુદા રહેતા કે થતાં નથી. જાણપણું અને પરિણમન આમ અભેદ જ છે એમ કહેવું છે. હવે જાણપણું અહીંયાં ગુણ લીધું છે અને '**પરિણમવું તે પર્યાય છે. પર્યાય વિના ગુણ હોય નહિ અને ગુણ વિના પર્યાય હોય નહિ. પર્યાય વડે ગુણ છે. અવિનાભાવી છે.**'

મુમુક્ષુ :- જાણન સ્વભાવ ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, જાણપણું એ જાણવાનો સ્વભાવ, જાણવાનો ગુણ. તો જ્ઞાનની સિદ્ધિ ગુણથી છે કે પરિણમનથી છે? તો કહે છે, પરિણમન વિના જાણપણું કેવી રીતે નક્કી કરવું? જાણપણું જાણવાની ક્રિયા થાય એના ઉપરથી જ ખ્યાલ આવે, એ વગર જાણપણું છે એમ કેવી રીતે નક્કી કરવું? થાય નહિ. આના ઉપર ...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પર્યાયથી નિશ્ચય થાય. પર્યાયમાં નિશ્ચય થાય અને પર્યાય વડે જ નિશ્ચય થાય. પર્યાય સિવાય બીજામાં નિશ્ચય ન થાય અને પર્યાય સિવાય બીજાથી નિશ્ચય ન થાય. આ પરિસ્થિતિ છે. અને પારમાર્થિક રીતે આ બહુ ઉપયોગી મુદ્દો છે.

'સમયસાર'નો જે સંવર અધિકાર લીધો છે, અધ્યાત્મદૃષ્ટિએ આ બહુ મહત્વનો વિષય છે. 'સમયસાર'નો જે સંવર અધિકારનો વિષય છે એમાં એમ લીધું છે કે જ્ઞાનક્રિયામાં જ્ઞાન છે. એથી જ્ઞાનક્રિયા વડે જ્ઞાનનું અભેદપણું છે. જ્ઞાનને ક્યાં શોધવું? જ્ઞાનસ્વભાવ. જ્ઞાન એટલે જ્ઞાનસ્વભાવ છે એને ક્યાં શોધવું? કે જ્ઞાનની ક્રિયામાં શોધવું. તો ત્યાં તો વળી

એમ લીધું છે. 'અમૃતચંદ્રાચાર્યદેવે' તો બહુ સારી શૈલી કરી કે જ્ઞાનક્રિયાના આધારે જ્ઞાન છે. જ્ઞાનક્રિયાના આધારે જ્ઞાન છે. માટે જ્ઞાન અને જ્ઞાન ક્રિયાને આધારઆધેય સંબંધ છે. એટલે એમ કહેવું છે કે તને જ્ઞાનક્રિયા સિવાય જ્ઞાનને ગોતવાનો બીજો કોઈ આધાર જ નથી તારે. અન્ય આધારની તું અપેક્ષા જ નહિ રાખતો એમ કહેવું છે. અન્ય આધારની અપેક્ષા જ તું નહિ રાખતો. એના જ આધારે તને મળશે. સ્વભાવ ક્યાંથી જડશે? કે જ્ઞાનક્રિયાના આધારથી જડશે. એટલે એમાંથી પરમાર્થ એ નીકળે છે કે જ્ઞાનક્રિયાના આધારે જ્ઞાનને શોધવું અને જે જ્ઞાન શોધાય તે જ્ઞાનના આધારે જ્ઞાનક્રિયાને પરિણમાવવી જ્ઞાતાભાવે—સ્વભાવરૂપ. બસ! આ સંવર થવાની અથવા ભેદજ્ઞાન થવાની આ પ્રક્રિયા છે. એ બહુ સારો વિષય લીધો છે સંવર અધિકારની અંદર.

મુમુક્ષુ :- જ્ઞાનક્રિયા ચાલી રહી છે એમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાંથી તમને જ્ઞાન જડશે. અને જ્ઞાનક્રિયાના આધારે જ્ઞાન મળશે અને જે જ્ઞાન મળે એના આધારે જાણપણું કરવું, એના આધારે જ્ઞાનક્રિયા જો પરિણમે તો સંવરની ઉત્પત્તિ થાય, ભેદજ્ઞાનની ઉત્પત્તિ થાય કે જે મોક્ષનું કારણ છે. આ સિવાય બીજું કોઈ મોક્ષનું કારણ નથી. આટલો સંક્ષેપ કરી નાખ્યો.

મુમુક્ષુ :- જ્ઞાનક્રિયાના આધારે જ્ઞાનને ગોતવું ત્યાં ભાવભાસન થાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્યાં ભાવભાસન થાય. કેમકે પ્રયોગ છે. ચાલતા પરિણામનો એ પ્રયોગ છે. પ્રયોગથી ભાવભાસન થાય. અને જે જ્ઞાનસ્વભાવનું ભાસન થાય એના આધારે જો જ્ઞાન પરિણમે તો જ્ઞાન શુદ્ધ થઈને પરિણમે. તો રાગની સાથે ન ખેંચાય. બસ! આ ભેદજ્ઞાન છે. આ સંવરની ક્રિયા આ રીતે થઈ. અને એ વિષય ઉપાડ્યો છે આચાર્ય મહારાજે. 'ઉપયોગમાં ઉપયોગ નહિ ઉપયોગ ક્રોધાદિમાં'. ક્રોધાદિ કહો કે વિભાવ કહો. વિભાવમાં જ્ઞાન નથી. જ્ઞાનમાં જ જ્ઞાન છે. આ જ્ઞાન અનુભયસ્વરૂપ છે.

જ્ઞાનક્રિયામાં રહેલું જ્ઞાન અનુભયસ્વરૂપ છે. ન તો પર્યાયસ્વરૂપ છે ન તો દ્રવ્યસ્વરૂપ છે. જેવું છે તેવું છે. એટલે એમાં દ્રવ્ય-પર્યાયનો ભેદ નહિ હોવાથી નિર્ભેદ છે અથવા અનુભય સ્વરૂપ છે. એ અવલંબનનો વિષય છે. આધાર લેવાનો વિષય એ છે. અનુભયની ઘૂંચ ઉકલી ગઈ ભાઈની. ચર્ચા ઠીક થઈ ગઈ ત્યાં. આ અનુભય કેમ કહે છે? આ કાંઈ સમજાતું નથી. એક કોરથી કહે છે કે નિત્ય છે અને બીજી કોરથી કહે છે નહિ નિત્ય અનિત્ય એકેય નથી. આ તે શું?

જો કેવળ નિત્ય જ હોત, આપણે હવે તર્ક લડાવીએ કે જો સ્વભાવ કેવળ નિત્ય હોત તો પર્યાયમાં આવત નહિ. જ્ઞાનક્રિયામાંથી જડત નહિ. ત્યાં તો આચાર્ય મહારાજે એમ કહ્યું

છે કે જ્ઞાનક્રિયા અને જ્ઞાનનું અભિન્નપણું છે, અભેદપણું છે. એવી વાત લીધી. અને જો કેવળ પર્યાયમાં જ હોત તો ત્રિકાળી ન હોત. તો ત્રણે કાળે એનું અસ્તિત્વ ન હોત. માટે અનુભયસ્વરૂપ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. 'સમયસાર'માં એ રીતે નથી ચાલ્યું. 'પંચાધ્યાયી' છે એ વિદ્વાનોનો ગ્રંથ છે. અને આ તો અજ્ઞાની હોય તોપણ સમજી લે એવો ગ્રંથ છે. એ તો બહુ વિદ્વતાવાળો ગ્રંથ છે. એકદમ વિદ્વાનોનો ગ્રંથ છે.

(સમયસાર ગાથા-૧૮૧ થી ૧૮૩). '**માટે જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (—રહેલું) છે...**' જ્ઞાન પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે. કેવા રૂપે અત્યારે પ્રતિષ્ઠિત છે? કે જાણનક્રિયાના રૂપમાં પ્રતિષ્ઠિત છે. ફરીથી. જ્ઞાન કે જાણનક્રિયા રૂપે પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત રહેલું છે '**તે જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે, (જ્ઞાન) જ્ઞાનમાં જ છે.**' અભિન્નપણું લઈ લીધું. ક્રિયા અને સ્વભાવનું અભિન્નપણું લઈ લીધું. જ્ઞાન જ્ઞાનમાં જ છે. પછી કૌંસમાં એનું સ્પષ્ટીકરણ કર્યું છે કે '**(જ્ઞાનનું સ્વરૂપ જાણનક્રિયા છે...**' અહીંયાં જાણનક્રિયા તે જ્ઞાનનું સ્વરૂપ લીધું. '**માટે જ્ઞાન આધેય અને જાણનક્રિયા આધાર છે.**' જાણનક્રિયાના આધારે જ્ઞાન જણાય છે.

નહિતર તો 'ગુરુદેવ' એમ કહેતા હતા કે દ્રવ્યનો આધાર લેવાનો હોય અને પર્યાયે આધાર લેવો પડે દ્રવ્યનો. અહીંયાં બીજી વાત છે કહે. પ્રવચનમાં સ્પષ્ટીકરણ આપતા. અહીં યાં બીજી વાત છે. અહીંયાં પર્યાય આધાર છે અને જ્ઞાન આધેય છે. તું મેળવીશ ક્યાંથી? ક્યાંથી તને જ્ઞાન જડશે? તો જાણનક્રિયામાંથી, જાણનક્રિયાના આધારે મળવાનું છે. માટે અહીંયાં જાણનક્રિયા આધાર છે અને જ્ઞાન આધેય છે. '**(જાણનક્રિયા આધાર હોવાથી એમ ઠર્યું કે જ્ઞાન જ આધાર છે. કારણ કે જાણનક્રિયા અને જ્ઞાન જુદા નથી.**' આધાર-આધેય અભિન્ન છે. '**આ રીતે એમ સિદ્ધ થયું કે જ્ઞાન જ્ઞાનમાં જ છે.**'

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. આધાર એટલે જેના આધારે મળે તે. આધાર એટલે અધિકરણ. જેના આધારે જડે તે. એમ.

મુમુક્ષુ :- મારફત?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. મારફતમાં વડે, દ્વારા આવે છે. ત્રીજી વિભક્તિ આવે. આ સાતમી વિભક્તિ છે વિભક્તિની દૃષ્ટિએ. સાધનમાં બધા સાધન જ છે. સાતે સાત જે વિ-ભક્તિ છે એ સાધનની છે. આમ તો છ વિભક્તિ છે. છઠ્ઠી તો છે ને એ સંબંધની જ છે

ખાલી. જ્યારે સાતમાથી છઠ્ઠી છે એ સંબંધની છે અને બાકીની જે છે એ કરણરૂપે છે. એટલે સાધનરૂપે છે. કર્તા થાય, કર્મ થાય, સાધન થાય, સંપ્રદાન થાય, અપાદાન થાય અને આધાર થાય. એ છએ છ કારકો છે. છ કારકો છે. સાત વિભક્તિમાં છ કારકો છે એમાં આ સાતમી વિભક્તિમાં જાય છે અને છઠ્ઠી વિભક્તિ જે છે વ્યાકરણમાં એ છઠ્ઠી વિભક્તિ સંબંધ વિભક્તિ કહેવાય છે. નો, ની, નુ, ના. આપણે ગુજરાતી વ્યાકરણમાં. એટલે ફલાણાનો, ફલાણાની. આ આત્માનો દેહ છે. આત્મા અને દેહને સંબંધ પકડ્યો. એમ. એટલે જેનો, જેની, જેનું, નો, ની, નું. ત્રણે પુરુષ અને સ્ત્રીલિંગ અને નાન્યેતર લિંગ. એ છઠ્ઠી સંબંધ વિભક્તિમાં જાય છે.

એ સંવર અધિકારની પહેલી ગાથાની અંદર બહુ મુદ્દાનો વિષય ચર્ચ્યો છે. અને એટલા માટે રાગાદિને એટલે ક્રોધાદિને કે વિભાવને અને જ્ઞાનને અત્યંત ભિન્નપણું સ્થાપવા માટે આધારઆધેય સંબંધ નથી એ વાત આમાં લીધી છે. એટલા માટે એ વાત લીધી આધારઆધેય સંબંધની કે જીવ અનાદિથી મિથ્યાત્વ અવસ્થામાં રાગનો આધાર લઈને પરિણમી રહ્યો છે. જ્યાં સુધી જીવ રાગનો આધાર છોડતો નથી ત્યાં સુધી એનું બહિર્મુખપણું છૂટતું નથી. કેમકે રાગ જ્ઞાનથી બાહ્ય છે. અને જ્યારે જ્ઞાન જ્ઞાનના આધારે પ્રથમ પહેલુંવહેલું આવે છે ત્યારે સ્વરૂપ નિશ્ચય અને સ્વરૂપ લક્ષ થઈ જાય છે. ત્યારે એણે રાગનો અભાવ કર્યો અંશે એમ 'ગુરુદેવે' (સમયસારની) ૧૪૪ (ગાથાના) પ્રવચનમાં કહ્યું. એ પહેલીવહેલી અંતર્મુખની શરૂઆત, સ્વસન્મુખતાની શરૂઆત ત્યાંથી થઈ. આંશિકપણે.

એટલે જ્ઞાનનો આધાર લેવા માટે જ્ઞાનક્રિયાની જરૂર છે. જ્ઞાનથી રાગ જુદું છે. રાગ ક્રિયાથી એને જુદું પાડ્યું. માટે રાગ અને જ્ઞાનને આધાર આધેય સંબંધ નથી. એ બતાવવા માટે અહીંયાં પહેલીવહેલી પ્રદેશભેદની વાત અહીંયાં કરી છે. આ ગાથામાં કરી છે. અત્યંત ભિન્નતા બતાવવા માટે. રાગના પ્રદેશ જુદા છે અને જ્ઞાનના પ્રદેશ જુદા છે એ વાત 'જયચંદ્રજી'એ ભાવાર્થમાં લીધી. આચાર્ય મહારાજે આધારઆધેય સંબંધની વાત કરી, 'જયચંદ્રજી'એ એને પ્રદેશભેદ લઈને ભાવાર્થની અંદર ચોખ્ખુ કરી નાખ્યું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સંવર કહો, વિધિ કહો, ધર્મની વિધિ કહો, ધર્મ કહો, મોક્ષનો માર્ગ કહો, મોક્ષનું કારણ કહો.

મુમુક્ષુ :- ... વિધિમાં જાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિધિમાં જાય છે. પ્રદેશ ભિન્નતાની વાત વિધિમાં જાય છે. કેમકે સ્વરૂપ આશ્રય કરાવવો છે. આધાર લઈને શું કરવું છે? સ્વભાવના આધારે પરિણમન થાય

તે સ્વભાવરૂપ થાય. સ્વભાવના આધારે થયેલું સ્વભાવરૂપ પરિણમન થાય. એટલે તો એમ કહ્યું કે જ્ઞાનક્રિયાના આધારે જ્ઞાનને શોધવું અને જ્ઞાનના આધારે જ્ઞાનક્રિયાનું પરિણમન કરવું. બસ! આમાં બધી વાત આવી ગઈ. આરાધનાની પૂરી વાત આવી ગઈ. આટલો સંક્ષેપ છે. આ ૧૮૧, ૮૨, ૮૩. આટલામાં જ તે. પછી અત્યંત ભિન્નતા માટે પ્રદેશભેદ લેવો. એ જોર દેવાની વાત છે.

'દીપચંદજી'એ પણ જ્ઞાનથી ઉપાડ્યું છે કે '**જ્ઞાનનું લક્ષણ જાણપણું છે;...**' કેમકે ક્રિયા થાય છે ને? જાણવાની. '**જ્ઞાન જાણપણારૂપ પરિણમે છે. અહીં પ્રશ્ન થાય છે કે જ્ઞાનની સિદ્ધિ એટલે પ્રસિદ્ધિ જાણપણાથી છે કે પરિણમનથી છે?**' તો ઉત્તર એમ કહે છે કે પરિણમનથી છે. જાણપણું તો ગુણ છે. જાણપણું તો ગુણમાં પણ છે. જાણવાના ગુણમાં જાણપણું છે પણ પરિણમન નથી. માટે સિદ્ધિ કહો, પ્રસિદ્ધિ કહો એ ક્રિયાથી છે, પરિણમનથી છે.

'**તેનું સમાધાન - જાણપણા વિના તો જ્ઞાનનો અભાવ થાય અને પરિણમન વિના જાણપણું હોય નહિ. જાણપણું ગુણ છે, પરિણમવું તે પર્યાય છે. પર્યાય વિના ગુણ હોય નહિ...**' અથવા પર્યાય વિના ગુણ પ્રગટ થાય નહિ. ગુણ પર્યાયમાં પ્રગટે છે એમ કહેવું છે અહીંયાં. આ વિષય એ ઉપાડ્યો છે પ્રકરણનો એમણે. ગુણપર્યાયમાં પર્યાય વિના ગુણ હોય નહિ, ગુણ વિના પર્યાય નહિ. બેય અવિનાભાવી લીધું અહીં તો. પર્યાય વડે ગુણ છે અથવા ગુણ અને પર્યાય અવિનાભાવી છે.

'**ત્યાં ફરી પ્રશ્ન ઉપજે છે...**' મૂળ વિષય ચોખ્ખો કરે છે પ્રકરણની અંદર. ફરી પ્રશ્ન ઉઠાવે છે પોતે. '**કે-પર્યાય ક્રમવર્તી છે અને ગુણ તો યુગપત્ (ત્રિકાળી) છે, તો ક્રમવર્તીથી યુગપત્ ગુણની સિદ્ધિ કઈ રીતે થાય છે?**' ચોખ્ખું કરવું છે.

'**તેનું સમાધાન-ગુણની સિદ્ધિ પર્યાયથી જ છે-**' ગુણની સિદ્ધિ પર્યાયથી છે એમ કહો કે દ્રવ્યની સિદ્ધિ પર્યાયથી છે એમ કહો કે સ્વભાવની સિદ્ધિ પર્યાયથી (છે) એમ કહો, બધી એક જ વાત છે. '**ગુણની સિદ્ધિ પર્યાયથી જ છે-તે કહીએ છીએ :-**' હવે એ બતાવીએ છીએ. '**અગુરુલઘુગુણની સિદ્ધિ પર્યાય વિના થતી નથી;...**' અગુરુલઘુગુણ છે એ ષટ્‌ગુણહાનિવૃદ્ધિરૂપ પરિણમે છે. ત્યારે જ એ ગુણની સિદ્ધિ થાય. નહિતર કેમ ખબર પડે? અથવા અનંતા ગુણો છે એમાં કેમ ખબર પડે? એના પરિણમન વગર આ ગુણ આવો છે અને આ ગુણ આવો છે એમ કેમ ખબર પડે? ગુણની સિદ્ધિ પર્યાય વગર થઈ શકે નહિ. '**એ જ પ્રમાણે સર્વ (ગુણોમાં) જાણો. અગુરુલઘુગુણનો વિકાર...**' વિકાર એટલે અહીંયાં પરિણમન, હોં! વિકાર એટલે વિશેષ કાર્ય. કેમકે એ તો શુદ્ધ જ પરિણમે છે.

**'તે ષટ્‌ગુણી વૃદ્ધિ-હાનિ છે. જો ષટ્‌ગુણી વૃદ્ધિ-હાનિ ન હોય તો અગુરુલઘુ ન હોય ! જો સૂક્ષ્મ ગુણનો પર્યાય ન હોય તો સૂક્ષ્મ (ગુણ) ન હોય.'** અગુરુલઘુગુણ સૂક્ષ્મ છે પણ એ સૂક્ષ્મ ગુણનો પર્યાય ન હોય તો સૂક્ષ્મતા કેવી રીતે આવે? **'જ્ઞાનસૂક્ષ્મ, દર્શનસૂક્ષ્મ તે સૂક્ષ્મ(ગુણ)ના પર્યાય છે. તેથી પર્યાય સાધક છે, ગુણ સિદ્ધિ (સાધ્ય) છે.'** લ્યો આ સાધ્યસાધકભાવ ઉતાર્યો. **'પર્યાય સાધક છે, ગુણ સિદ્ધિ (સાધ્ય) છે.'** છે ને? પર્યાય વડે ગુણની સિદ્ધિ છે એ ત્રીજી વિભક્તિ થઈ. અને પર્યાયના આધારે ગુણની સિદ્ધિ છે એ સાતમી વિભક્તિ છે. બેય સાધન જ છે સિદ્ધ કરવાના. વ્યાકરણમાં તો ખ્યાલ આવે ને?

વ્યાકરણમાં તો સાતે સાત વિભક્તિ છે. એ સાત પ્રકારે એક કાર્ય કરવામાં સાત વિભાગ પાડી શકાય છે. એને વિભક્તિ કહે છે. વિભાગની ક્રિયા કરે તે વિભક્તિ. સાત પ્રકારે વિભાગ પાડી શકાય. કોઈપણ પદને સાત વિભક્તિમાં વહેંચી શકાય છે. અને વચનમાં એકવચન, દ્વિવચન અને બહુવચનમાં વહેંચી શકાય. સાત વિભક્તિ અને ત્રણ વચન થઈને એકવીસ પદ થાય. કોઈપણ પદ આપો એના એકવીસ પદ હોય. સંસ્કૃત વ્યાકરણની અંદર આ વિષય બહુ ચોખ્ખો છે બીજી બધી ભાષા કરતા. અને સંસ્કૃત વ્યાકરણમાં એવા એકવીસ પદના બધા ઘણા બોલ આવે. સેંકડો હજારો પદ આવો. જેની સ્મૃતિ બહુ હોય એને જ એ સંસ્કૃત ભાષા આવડે કે આ પદનું આ વિભક્તિનું આ પદ કેવી રીતે છે? એ જ એનું અર્થઘટન કરી શકે સંસ્કૃત ભાષામાંથી. એ રીતે એ ભાષા વિશાળ ઘણી છે. જે પ્રાથમિક વ્યાકરણ છે એની અંદર તો મુખ્ય મુખ્ય જે પદો છે એ લે છે. પણ તોય ઘણા થાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આમાં દ્વિવચન આવે છે. એક સંસ્કૃતમાં જ દ્વિવચન આવે છે. બાકી બધામાં એકવચન અને બહુવચન આવે. જ્યારે સંસ્કૃતમાં એકવચન, દ્વિવચન અને બહુવચન એમ ત્રણ પદ આવે છે. અને સાત વિભક્તિ આવે. બધાના એકવીસ થાય. ભણતા હતા ત્યારે બહુ યાદ રહેતું હતું. બધા જેટલા હોય એના એકવીસ પદ કરી નાખીએ. ગોખી જ નાખીએ. ગમે તે પદ પૂછો તો ફટાફટ આવડે.

**'ષટ્‌ગુણી વૃદ્ધિ-હાનિનું સ્વરૂપ શું છે ? એવો પ્રશ્ન થયો. તેનું સમાધાન :- સિદ્ધ ભગવાન છે તેમને વિષે ષટ્‌ગુણી વૃદ્ધિ-હાનિનું સ્વરૂપ કહીએ છીએ :-' 'અહીંયાં માત્ર દૃષ્ટાંતરૂપ કથન છે, અગુરુલઘુગુણનું સૂક્ષ્મ પરિણમન તો આગમગમ્ય છે, વચન અગોચર છે, જુઓ, આલાપપદ્ધતિ પૃ.૮૯.'** એટલે આ તો એક સ્થૂળ દૃષ્ટાંત આપીએ છીએ. બાકી તો એ કેવળજ્ઞાનગોચર છે. ષટ્‌ગુણહાનિવૃદ્ધિ એક પરિણમનની અંદર સીધે સીધી કેવળજ્ઞાન સિવાય સીધી કોઈને ન દેખાય.

મુમુક્ષુ :- પર્યાય સાધક છે...

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય સાધક છે અને ગુણસિદ્ધિ સાધ્ય છે. પણ ષટ્ગુણી વૃદ્ધિ હાનીનું સ્વરૂપ શું છે એવો પ્રશ્ન થયો. એટલે એવો પ્રશ્ન ઉઠાવ્યો છે.

'**તેનું સમાધાન :- સિદ્ધ ભગવાન છે તેમને વિષે ષટ્ગુણી વૃદ્ધિ-હાનિનું સ્વરૂપ કહીએ છીએ.**' તો સિદ્ધ ભગવાનની પર્યાયને લઈને ષટ્ગુણી હાનિવૃદ્ધિનું સ્વરૂપ બતાવે છે કે '**સિદ્ધ પરમેશ્વર પોતાની...**'

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઉપરનું ફરીને લેવું છે?

'**જો સૂક્ષ્મ ગુણનો પર્યાય ન હોય તો સૂક્ષ્મ (ગુણ) ન હોય.**' '**અગુરુલઘુગુણનો વિકાર (પરિણમન) તે ષટ્ગુણી વૃદ્ધિ-હાનિ છે.**' એની ઉપર? '**તે કહીએ છીએ :- અગુરુલઘુગુણની સિદ્ધિ પર્યાય વિના થતી નથી; એ જ પ્રમાણે સર્વ (ગુણોમાં) જાણો. અગુરુલઘુગુણનો વિકાર...**' વિકાર એટલે અહીંયાં પર્યાય લેવું. એ કહ્યું હતું. વિકાર એટલે અહીંયાં અશુદ્ધતા ન લેવી. પણ વિશેષ ભાવને પર્યાય કહે છે. '**તે ષટ્ગુણી વૃદ્ધિ-હાનિ છે. જો ષટ્ગુણી વૃદ્ધિ-હાનિ ન હોય તો અગુરુલઘુ ન હોય!**' અગુરુ અને અલઘુ ન થાય. ષટ્ગુણહાનિ-વૃદ્ધિ ન હોય તો અગુરુ કે અલઘુ ન થાય. અને '**જો સૂક્ષ્મ ગુણનો પર્યાય ન હોય તો સૂક્ષ્મ (ગુણ) ન હોય.**' હવે અગુરુલઘુ છે એ સૂક્ષ્મ છે. તો એ સૂક્ષ્મ ગુણના કારણે છે. અને તેથી કરીને '**જ્ઞાનસૂક્ષ્મ, દર્શનસૂક્ષ્મ તે સૂક્ષ્મ (ગુણ)નો પર્યાય છે.**'

'**એવો પ્રશ્ન થયો. તેનું સમાધાન :- સિદ્ધ ભગવાન છે તેમને વિષે ષટ્ગુણી વૃદ્ધિ-હાનિનું સ્વરૂપ કહીએ છીએ :-**' દાખલો આપીને. છએ છ લીધા છે. '**સિદ્ધ પરમેશ્વર પોતાની શુદ્ધ સત્તાસ્વરૂપે પરિણમે છે, એમ કહીએ ત્યારે તેમાં અનંત ગુણમાંથી એક સત્તાગુણ આવ્યો,...**' સિદ્ધ પરમેશ્વરની સત્તા લીધી. એ આત્માને અનંત ગુણ છે એમાં સત્તા નામનો એક ગુણ છે. તો એ સત્તા છે એ પોતાની શુદ્ધ સત્તારૂપે જ્યારે પરિણમ્યો '**(તેથી) અનંત ગુણનો અનંતમો ભાગ થયો.**' જ્યારે પરિણમન થયું ત્યારે શું થયું? કે અનંત ગુણનો અનંતમો ભાગ થયો. '**તે પરિણમનની જે વૃદ્ધિ (ઉત્પાદ) તેને અનંતભાગવૃદ્ધિ કહીએ.**' શું કહ્યું? એક સમયની સિદ્ધ પરમાત્માની સત્તા પકડો તો તે અનંતમે ભાગે સત્તા છે. માટે તેને અનંતભાગવૃદ્ધિ કહીએ. આ રીતે એક ભેદ ઉપાડ્યો. અનંતભાગવૃદ્ધિ.

હવે અસંખ્યાત્ભાગ વૃદ્ધિ કહેવી છે. તે સિદ્ધ '**ભગવાનમાં અસંખ્ય ગુણની વિવક્ષા લઈને એમ કહેવું કે ભગવાન દ્રવ્યત્વ ગુણરૂપ પરિણમે છે. (ત્યારે) તેમાં અસંખ્યમાંથી**

**એક (ગુણ) આવ્યો;... ત્યાં અસંખ્યાતમો ભાગ થયો.**' ઓલા અનંતમાં લીધો, હવે અસંખ્યાત ગુણ લઈને કહીએ તો ત્યાં અસંખયાતમો ભાગ થયો. '**તે પરિણમનની વૃદ્ધિ તે અસંખ્યાતભાગવૃદ્ધિ કહીએ.**' અપેક્ષા પકડીને.

હવે '**સિદ્ધ ભગવાનમાં આઠ ગુણ છે,...**' મુખ્ય આઠ ગુણ. '**તેમાં કહેવું કે સિદ્ધ સમકિતરૂપે પરિણમે છે.**' ઓલામાં અસંખ્યાતમાં દ્રવ્યત્વ ગુણ લીધો. અનંતમાં સત્તા લીધી. અસંખ્યાતમાં દ્રવ્યત્વગુણ લીધો. હવે આઠ ગુણમાં સમકિત નામનો ગુણ લીધો. ત્યાં આઠ ગુણમાંથી એક ગુણ આવ્યો એટલે સંખ્યાતમો ભાગ થયો '**તે પરિણમનની વૃદ્ધિ તે અસંખ્યાતભાગવૃદ્ધિ કહીએ.**'

'**તે સિદ્ધ આઠે ગુણરૂપ પરિણમે છે, ત્યાં આઠ ગુણ પરિણમનની વૃદ્ધિ થઈ તે સંખ્યાતગુણીવૃદ્ધિ કહીએ.**' ઓલી સંખ્યાત ભાગ લીધી હવે સંખ્યાત ગુણ લીધી. આમાં શું લીધું? ભાગ કરીને ઉતરતી વાત લીધી, હવે ગુણ કહીને ચડતી વાત લેશે. કે પહેલા આઠ ગુણમાં વૃદ્ધિ થઈ, પછી '**સિદ્ધ અસંખ્યાત ગુણરૂપે પરિણમે છે ત્યાં અસંખ્યગુણ પરિણમનની વૃદ્ધિ થઈ તે અસંખ્યાતગુણી વૃદ્ધિ થઈ.**' એવી રીતે '**સિદ્ધ અનંતગુણરૂપ પરિણમે છે તે અનંતગુણ પરિણમનની વૃદ્ધિ થઈ તે અનંતગુણ વૃદ્ધિ કહીએ.**' એમ એક દ્રવ્યની પર્યાયમાં '**છ પ્રકારની વૃદ્ધિ વડે પરિણામ વસ્તુમાં લીન થઈ ગયા...**' છ પ્રકારની વૃદ્ધિ વડે પરિણામ વસ્તુમાં લીન થઈ ગયા '**ત્યારે ષટ્ પ્રકાર હાનિ (વ્યય) કહીએ.**'

'**છ પ્રકારની વૃદ્ધિ વડે પરિણામ વસ્તુમાં લીન થઈ ગયા...**' એ લીન થઈ ગયા ત્યારે પરિણામની હાનિ થઈ ગઈ ત્યારે એને હાનિ કહીએ. એ છએ પ્રકારની હાનિ થઈ ગઈ. છ પ્રકારની વૃદ્ધિ થઈ અને છ પ્રકારના હાનિ થઈ. હાનિ એટલે નાશ થયો, વ્યય થયા. ઉત્પાદને વૃદ્ધિ થઈ. ઉત્પાદને અહીંયાં વૃદ્ધિ કહી. વ્યયને અહીંયાં હાનિ કહી. એ રીતે છ પ્રકારે વૃદ્ધિ, છ પ્રકારે હાનિ. એમ ષટ્ગુણ હાનિવૃદ્ધિ. આ સ્થૂળ દૃષ્ટાંત છે. સૂક્ષ્મ પરિણમન તો કેવળજ્ઞાનગોચર છે એમ લેવું.

'**અગુરુલઘુગુણનથી વસ્તુની સિદ્ધિ છે. તેથી ગુણની સિદ્ધિ ગુણ-પર્યાયથી છે,...**' ગુણની સિદ્ધિ ગુણની પર્યાયથી છે. કોઈપણ ગુણની સિદ્ધિ ગુણની પર્યાયથી છે. '**દ્રવ્યની સિદ્ધિ દ્રવ્યપર્યાયથી છે,...**' દ્રવ્યની પર્યાયથી છે. '**પર્યાયની સિદ્ધિ દ્રવ્યગુણથી છે,...**' અને પર્યાય દ્રવ્યગુણ વડે સિદ્ધ થાય છે સત દ્રવ્યગુણ ન હોય તો પર્યાય સિદ્ધ થઈ શકે નહિ. '**દ્રવ્ય-પર્યાયની સિદ્ધિ દ્રવ્યથી છે...**' દ્રવ્ય અને પર્યાયની સિદ્ધિ દ્રવ્યથી છે '**(અને) ગુણપર્યાયની સિદ્ધિ ગુણથી છે.**' દ્રવ્યપર્યાય એટલે દ્રવ્યની પર્યાયની સિદ્ધિ દ્રવ્યથી છે. ગુણપર્યાયની એટલે ગુણની પર્યાયની સિદ્ધિ ગુણથી છે. અને '**દ્રવ્યમાંથી જ**

**પર્યાય ઊઠે છે, (જો) દ્રવ્ય ન હોય તો પરિણામ ઊઠે નહિ.**' પહેલા એમ લીધું કે દ્રવ્યની સિદ્ધિ ગુણપર્યાયથી છે, પર્યાયની સિદ્ધિ દ્રવ્યગુણથી છે અને દ્રવ્યપર્યાયની સિદ્ધિ દ્રવ્યથી છે. એવી જ રીતે ગુણપર્યાયની સિદ્ધિ ગુણથી છે. સામે સામે પરસ્પર લઈ લ્યે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ પહેલા તો એમ લાગ્યું કે વાક્યમાં કાંઈ લીધા વગર સીધું છે કેમ લીધું છે?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જૂની પ્રતમાં છે? આ વૃદ્ધિહાનિ થાય છે ત્યારે અલઘુગુણ રહે છે.

'**અગુરુલઘુગુણથી વસ્તુની સિદ્ધિ છે.**' અગુરુલઘુગુણથી વસ્તુની સિદ્ધિ છે. તો આ વૃદ્ધિ હાનિ થાય છે ત્યારે અલઘુગુણ રહે છે. ઠીક. વાક્ય છૂટી ગયું હશે એમ થાય છે? એકલું છે લીધું છે એટલે આમાં છૂટી ગયું હશે. એક લાઈન છૂટી ગઈ હશે એવું લાગે છે. પહેલા એમ લાગ્યું કે આ કેમ..? શુદ્ધિ પત્રકમાં હોય તો જોઈ લઈએ. ૩૦મું પાનું. નથી. શુદ્ધિ પત્રકમાં ૩૦મા પાના ઉપર કાંઈ નથી. ૧૮ પછી ૩૭મું પાનું છે. આખું વાક્ય છૂટી ગયું લાગે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જૂની પ્રતમાં છે. આમાં એ જ પ્રમાણે છે. એ જ પ્રત છે આ. ષટ્‌ગુણવૃદ્ધિહાનિ થાય છે ત્યારે અગુરુલઘુગુણ રહે છે. એમાં રહે સુધીના શબ્દો વાક્યના છૂટી ગયા છે. ખાલી 'છે' જ છે આમાં. નવી પ્રતમાં. તમારે 'છે' એમ જ છે ને? મોટા પેરેગ્રાફમાં પહેલી લીટી. એ રીતે એક વાક્ય છૂટી ગયું લાગે છે. કારણ કે એકલો 'છે' શબ્દ મૂકવાનો કોઈ અર્થ નથી સરતો પાછો.

'**તેથી ગુણની સિદ્ધિ ગુણપર્યાયથી છે,...**' એટલે ગુણની પર્યાયથી છે. ગુણની સિદ્ધિ ગુણની પર્યાયથી છે. '**દ્રવ્યની સિદ્ધિ દ્રવ્યપર્યાયથી છે,...**' દ્રવ્યની પર્યાયથી છે. '**પર્યાયની સિદ્ધિ દ્રવ્યગુણથી છે,...**' એટલે દ્રવ્ય અને ગુણથી છે. '**દ્રવ્ય-પર્યાયની સિદ્ધિ દ્રવ્યથી છે (અને) ગુણપર્યાયની સિદ્ધિ ગુણથી છે.**' એટલે દ્રવ્યની પર્યાયની સિદ્ધિ દ્રવ્યથી છે અને ગુણની પર્યાયની સિદ્ધિ ગુણથી છે. '**દ્રવ્યમાંથી જ પર્યાય ઊઠે છે, (જો) દ્રવ્ય ન હોય તો પરિણામ ઊઠે નહિ. દ્રવ્ય, વગર પરિણમે દ્રવ્યરૂપ કઈ રીતે હોય?**' જો એ દ્રવ્ય પરિણમ્યા વગરનું હોય તો એ દ્રવ્યરૂપ કેવી રીતે હોય? માટે એને દ્રવ્ય કહેવું એ જ બરાબર નથી. પરિણમ્યા વગર દ્રવ્ય કેવી રીતે હોય? '**માટે દ્રવ્યથી પર્યાયની સિદ્ધિ છે.**'

'**જો જ્ઞાનગુણ ન હોય તો જાણપણારૂપ કઈ રીતે પરિણમે?**' જો જ્ઞાનગુણ ન હોય તો એ વસ્તુ આત્મા જાણવારૂપ કઈ રીતે પરિણમે? આત્મામાં જ્ઞાનગુણ હોય જ નહિ તો.

(માટે) '**ગુણ દ્વારા પરિણતિ છે.**' એમ ગુણ દ્વારા, ગુણ વડે પરિણતિ થાય છે. '**જેમ દ્વાર ન હોય તો દ્વારમાં પ્રવેશ ક્યાંથી હોય? ગુણ ન હોય તો ગુણપરિણામ પણ ન હોય. (જો) સૂક્ષ્મ ગુણ ન હોય તો સૂક્ષ્મ ગુણનો પર્યાય ક્યાંથી થાય? આ પ્રમાણે સર્વ ગુણ વિષે જાણો. ગુણપરિણતિ ગુણમય હોય છે.**' ગુણની જે પરિણતિ છે તે ગુણમય જ છે. એમ કહીને જે મથાળુ બાંધ્યું છે કે ગુણની સિદ્ધિ છે એ પર્યાયથી થાય છે. અથવા...

.. વ્યક્ત છે એટલે જ્ઞાન પ્રગટ છે. વ્યક્ત શબ્દ નથી વાપર્યો. પ્રગટ છે, સાકારરૂપ છે અને અનુભવગોચર છે. ત્રણ શબ્દો વાપર્યા છે. પ્રગટ છે, સાકાર છે અને અનુભવગોચર છે. દર્શન અને જ્ઞાનમાં પણ જ્ઞાન સાકાર છે, પ્રગટ અનુભવગોચર છે. અહીંથી 'ગુરુદેવે' વાત લીધી હતી કે જેવું આ લક્ષણ પર્યાયમાં પ્રગટ છે તેવું જ પર્યાયમાં વ્યાપક છે એમ લીધું હતું. જ્ઞાન સાકાર છે અને પ્રગટ અનુભવગોચર છે. તેના દ્વારા જ આત્મા ઓળખી શકાય છે. બીજી કોઈ રીતે આત્મા ઓળખી શકાતો નથી. એમાં એમ કહ્યું કે જેવી રીતે આ લક્ષણ પર્યાયમાં વ્યક્ત છે એ જ સ્વભાવનું લક્ષણ દ્રવ્ય-ગુણમાં અવ્યક્ત છે. એ રીતે સ્વભાવ દ્રવ્યગુણપર્યાયમાં વ્યાપેલો છે. પણ પ્રગટ પર્યાયથી, અનુભવગોચરપણાથી તે પકડી શકાય છે. અનુભવથી તે પકડી શકાય છે અને જે દ્રવ્ય-ગુણમાં અવ્યક્ત છે એનો પણ નિર્ણય થઈ શકે છે. નહિતર જે દ્રવ્ય-ગુણમાં અવ્યક્ત હોય એનું અનુમાન કરવું પડે અને કલ્પના કરવી પડે. .... એવી રીતે જ્ઞાનલક્ષણથી સ્વભાવનો નિશ્ચય થઈ શકે છે, આત્માનો નિશ્ચય થઈ શકે છે, ઓળખી શકાય છે.

ઓળખવાના વિષયમાં જે સંવર અધિકારની ગાથા છે એમાં આગળ જે સ્પષ્ટીકરણ આપ્યું છે એ બહુ સરસ આપ્યું છે કે જેમ એક આકાશને લક્ષમાં લેવામાં આવે તો દશે દિશાની અંદર આકાશ એટલું બધું વ્યાપક હોવાથી તે કોઈના આધારે આકાશ રહ્યું છે એવા ભિન્ન આધારની અપેક્ષા જ્ઞાનમાં આવતી નથી. એવી જ રીતે આત્માને ભિન્ન આધારની, જ્ઞાન જ્ઞાનમાં જ રહ્યું છે, જાણનક્રિયાથી જ્ઞાનનો જે પત્તો લાગ્યો એ જ્ઞાન જ્ઞાનમાં જ રહ્યું છે અને રાગાદિને આધારે જ્ઞાન નથી એવી જ્યારે ભિન્ન આધારની જ્ઞાનને અપેક્ષા ઉદ્‌ભવ થતી નથી ત્યારે ખરેખરો જ્ઞાનસ્વભાવનો નિર્ણય થાય છે. આ એક બહુ સારી વાત અહીં યાં કરી છે.

જ્યાં સુધી નિરપેક્ષ જ્ઞાનની સિદ્ધિ જ્ઞાનથી જ્ઞાનમાં ન થાય એટલે કે નિર્ણય કરનાર જ્ઞાન છે એટલે જ્ઞાન પોતે પોતાથી પોતામાં નિર્ણય કરે છે અને એને કોઈ ભિન્ન આધારની અપેક્ષા નથી એવું જ્યારે બરાબર એને પોતાનું સ્વરૂપ સમજાય છે ત્યારે એને સ્વભાવનું અનંતુ સામર્થ્ય સમજાય છે. આ વિશ્વમાં મારું જ્ઞાનતત્ત્વ છે એ કોઈની અપેક્ષા વિના

અનાદિ અનંત ટકી રહ્યું છે. મારી હયાતી અનાદિઅનંત કોઈની અપેક્ષા રાખતી નથી. એવી મારી હયાતી છે, એવી મારી સત્તા છે. અનંતુ સામર્થ્ય ત્યાંથી પકડાય છે. બસ! સામર્થ્યની અનંતતા ભાસી એને શક્તિની અનંતતા ભાસી, એને એનો એટલો જ મહિમા આવે. ભાસવું જોઈએ, લાગવું જોઈએ.

ત્યાં પણ ભાસવું શબ્દ વાપર્યો છે. ત્યાં 'સમયસાર'ની અંદર ટીકામાં ભાસે છે એવો શબ્દ વાપર્યો છે. એટલે લાગે છે. લાગે એટલે ખલાસ થઈ ગઈ વાત. જ્યાં સુધી લાગતું નથી ત્યાં સુધી અપેક્ષા લાગ્યા કરે છે કે મને રાગની અપેક્ષા છે, રાગ અને રાગના વિષયની અપેક્ષા છે. રાગના વિષયને એ વિષયોની પ્રાપ્તિ કરવા માટે જે જે સાધનો જોઈએ એની અપેક્ષા છે. એમાં આખા જગતની અપેક્ષા છે. કોઈ વાત બાકી નથી રહેતી. એટલે કાં તો જીવ પોતાને પૂરેપૂરો નિરાધાર કલ્પે છે અને પોતેપોતાને પૂરેપૂરો નિરાધાર સમજીને, નિરાધાર ભાસીને નિરાધાર લાગે છે એટલે આધાર શોધવા માટે મથ્યા જ કરે છે. બહારમાં આધાર શોધવા માટે એનો પુરુષાર્થ વર્ત્યા જ કરે છે. કેમકે પોતે પોતાને નિરાધારપણે લાગી રહ્યો છે.

જ્યારે પોતે પોતાને કોઈના આધારની જરૂર નથી એવો લાગે ત્યારે એને ક્યાંય બહારમાં પુરુષાર્થ કરવાનું પછી જોર આવતું નથી. પુરુષાર્થ કરવાની એને કોઈ અપેક્ષા રહેતી નથી. જોવે છે કે મારું સર્વસ્વ અને સંપૂર્ણપણું પૂરેપૂરા સામર્થ્યથી હું મારામાં ભરેલો છું. એટલે એને ક્યાંય લાચારી કે પાંગળાપણું આધાર લેવાની પરિસ્થિતિ ઊભી થતી નથી. એ પુરુષાર્થને બહાર જતો અટકાવે છે અને અંતર્મુખ થવાની મોકળાશ કરી દે છે.

અહીંયાં ગુણની સિદ્ધિ પર્યાયથી છે. એટલે સ્વભાવને શોધવો હોય તો પર્યાય સિવાય બીજે સ્વભાવ નહિ જડે. પ્રગટ પર્યાય સિવાય સ્વભાવ પ્રગટપણે જાણવા નહિ મળે, અપ્રગટ સ્વભાવને પણ પ્રગટપણે જાણવો હોય તો પરિણામથી જ જાણી શકાશે. એટલા માટે સંવર અધિકારમાં જાણનક્રિયા એવો શબ્દ વાપર્યો છે. જ્ઞાન શબ્દમાં જાણનક્રિયા એવો શબ્દ વાપર્યો છે. કેમકે પરિણામ લેવું છે. એ સ્વભાવની સિદ્ધિ કરવા માટે વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ગુણપરિણતિ ગુણમય છે એટલે ગુણથી તન્મય છે એમ લેવું. જુદા નથી. પરિણામ અને સ્વભાવ જુદા નથી એમ કહેવું છે. મય એટલે તન્મય. અભેદતા સાધી છે. એટલે ત્યાંથી મળે છે એનું કારણ એ છે. પરિણામમાંથી સ્વભાવ જડે છે એનું કારણ એ છે કે ત્યાં તન્મયપણું છે માટે ત્યાંથી મળે છે. એટલે તો જ્ઞાન જ સાધન છે એમ લીધું 'પંચાધ્યાયીકારે'.

**प्रसिद्धं ज्ञानमेवैकं साधनादिविधौ चितः।**
**स्वानुभूत्येकहेतुश्च तस्मात्तत्परमं पदम्।।४०१।।**

એ ત્યાં પંચાધ્યાયીમાં લીધું, ૪૦૧ (ગાથા).

'**પરિણમનશક્તિ દ્રવ્યમાં છે**' એટલે અહીંયાં એમ લેવું છે, પરિણમન શક્તિ જે છે એ ગુણમાં નથી. દ્રવ્યમાં છે એમ કહીને ગુણમાં નથી એમ નિષેધ કરવો છે. કેમકે ગુણને બીજી શક્તિ ન હોય. બધી શક્તિઓ દ્રવ્યને હોય. જ્ઞાનશક્તિ દ્રવ્યને હોય અને પરિણમન શક્તિ પણ દ્રવ્યને હોય. દ્રવ્યત્વશક્તિ પણ દ્રવ્યને હોય. ગુણને બીજી ગુણની શક્તિ ન હોય. એમ લેવું છે.

'**કોઈ પ્રશ્ન કરે છે કે–**' આ દ્રવ્યાનુયોગ છે ને? દ્રવ્યાનુયોગમાં તો જરા સૂક્ષ્મતા એટલી આવવાની. '**કોઈ પ્રશ્ન કરે છે કે–ગુણદ્વારાથી જે પરિણતિ ઊપજી તે ગુણની છે કે દ્રવ્યની છે?**' અહીંયાં એક પ્રશ્ન ઉઠાવ્યો છે કે ગુણના દ્વારેથી જે પરિણતિ ઊપજી તે ગુણની છે કે દ્રવ્યની? '**જો ગુણની હોય તો, ગુણો અનંત છે તેથી પરિણતિ પણ અનંત હોય. અને (જો તે પરિણતિ) દ્રવ્યની હોય તો ગુણપરિણતિ શા માટે કહો છો?**' ક્રોસ કર્યો.

'**તેનું સમાધાન :– એ પરિણમન શક્તિ દ્રવ્યમાં છે;...**' પરિણમવાની શક્તિ તો દ્રવ્યમાં છે. પછી એ બધી આખા દ્રવ્યમાં વ્યાપેલી હોવાથી દરેક ગુણને તે પરિણમાવે છે એમ કહેવું છે. દરેક ગુણને કેમ પરિણમાવે છે કે પરિણમન શક્તિ દ્રવ્યમાં છે માટે અનંતા ગુણોને તે પરિણમાવી દેશે. જ્ઞાનને પરિણમાવશે, દર્શનને પરિણમાવશે. એમ. એમ કહેવું છે.

'**એ પરિણમન શક્તિ દ્રવ્યમાં છે; દ્રવ્ય ગુણોનો પુંજ છે, તે પોતાના ગુણરૂપે પોતે જ પરિણમે છે;...**' દ્રવ્ય પોતે જ પોતાના ગુણરૂપે પરિણમે છે. '**તેથી ગુણમય પરિણમતાં (તેને) ગુણપર્યાય કહીએ.**' અને પછી જે-તે ગુણ દ્વારે પરિણતિ ઊપજી તેને ગુણપર્યાય કહેવામાં વાંધો નથી પણ એક શક્તિને બીજી શક્તિ નથી એ જાણીને, સમજીને કહેવું. નહિતર કથન સાચું નથી. સાચું કહીએ તોપણ સાચું નથી. એમ કહેવું છે. '**તેથી દ્રવ્યની પરિણતિ, ગુણની પરિણતિ–એમ તો કહીએ છીએ;...**' દ્રવ્યની પરિણતિ અને ગુણની પરિણથિ એમ કહેવાય તો છે '**પરંતુ આ પરિણન શક્તિ દ્રવ્યમાથી ઊઠે છે, ગુણમાંથી નહિ.**' એમ કહેવું છે. સમજીને કહો. ગુણની પરિણતિ કહેવું હોય તો કહો પણ શક્તિ દ્રવ્યની છે એમ સમજીને કહો. સમજીને કહો પછી કહેવામાં દોષ નથી, ભાષાને દોષ નથી.

'**એની સાક્ષી સૂત્રજીમાં (તત્ત્વાર્થ સૂત્રમાં) દીધી છે કે–**' '**द्रव्याश्रया निर्गुणा गुणाः**' 'તત્ત્વાર્થસૂત્ર'ના પાંચમા અધ્યાયનું ૪૧મું સૂત્ર છે કે '**દ્રવ્યના આશ્રયે ગુણ છે ગુણના**

**આશ્રયે ગુણ નથી.**' '**निर्गुणा गुणाः**' '**द्रव्याश्रया गुणाः**' '**निर्गुणा गुणाः**' બીજી વખત '**गुणाः**' છે તે અધ્યાહાર રહે છે. '**द्रव्याश्रया गुणाः**' ત્યાં '**गुणाः**' અધ્યાહાર છે. '**निर्गुणा गुणाः**' ગુણના આશ્રયે ગુણ હોતા નથી. '**દ્રવ્યના આશ્રયે ગુણ છે ગુણના આશ્રયે ગુણ નથી.**'

પછી '**गुणपर्यायवद् द्रव्यं**' '**(-ગુણપર્યાયવાળું દ્રવ્ય છે)-એમ પણ કહ્યું છે. પર્યાય-વાળું દ્રવ્ય જ કહ્યું (પણ) ગુણ ન કહ્યો.**' '**गुणपर्यायवद् द्रव्यं**' ગુણવાળું પણ દ્રવ્ય છે અને પર્યાયવાળું પણ દ્રવ્ય છે. પર્યાયવાળો ગુણ છે એમ નથી કીધું. દલીલ કેવી રીતે કાઢી છે! '**गुणपर्यायवद् द्रव्यं**'માં. બંનેને દ્રવ્યની જ અપેક્ષા લગાડી છે.

'**અહીં કોઈ પ્રશ્ન કરે છે કે-જ્ઞાનસૂક્ષ્મ સર્વગુણસૂક્ષ્મ (તે) સૂક્ષ્મગુણના પર્યાયો છે, ગુણોમાં આ સૂક્ષ્મપણું સૂક્ષ્મગુણનું છે કે દ્રવ્યનું છે? (જો) દ્રવ્યનું છે તો સૂક્ષ્મ ગુણના અનંત પર્યાય શા માટે કહ્યા? અને (જો) સૂક્ષ્મગુણનું છે તો (તેને) દ્રવ્યની પરિણતિ શા માટે કહો છો?**' આ જ્ઞાનસૂક્ષ્મ, દ્રવ્ય સૂક્ષ્મ, દર્શન સૂક્ષ્મ એમ લીધું ને? તો કહે છે, પણ એ સૂક્ષ્મગુણ તો દ્રવ્યનો છે અને તેથી આખું દ્રવ્ય સૂક્ષ્મ હોવાથી આખા દ્રવ્યના જેટલા ગુણ હોય એ બધા સૂક્ષ્મ થઈ જાય એમ કહેવું છે. પછી ભેદથી સમજીને કહો હવે કે જ્ઞાનસૂક્ષ્મ, દર્શનસૂક્ષ્મ, અગુરુલઘુ સૂક્ષ્મ. પણ મૂળ વાત તો આખા દ્રવ્યને સૂક્ષ્મ કરનાર તો સૂક્ષ્મ ગુણ એક જ છે. પછી આખા ગુણના જેટલા ગુણ હોય એ બધાને એ સૂક્ષ્મ કરી નાખે છે. કેમકે અનંત ગુણોનો સમૂહ તે દ્રવ્ય છે માટે. એ રીતે સમજીને કહો તો પછી વાંધો નથી કે જ્ઞાનસૂક્ષ્મ, દર્શનસૂક્ષ્મ એમ સમજીને કહો તો વાંધો નથી. પણ મૂળ વાત તો જેમ પરિણમનશક્તિ દ્રવ્યની છે એમ સૂક્ષ્મત્વશક્તિ પણ દ્રવ્યની જ છે એમ કહેવું છે.

એ ચારે બાજુથી લઈને બહુ સારી રીતે આ દ્રવ્યાનુયોગના વિષયને 'ચિદ્‌વિલાસ'માં સૂક્ષ્મ કર્યો છે. ચારેય બાજુથી લઈને. અનેક ગુણોથી વાત લઈને સ્પષ્ટ કરી છે કે ગુણ એટલે શું? કે દ્રવ્યની શક્તિ છે એ. ગુણ એટલે કોઈ બીજી વસ્તુ નથી. એ દ્રવ્યની જ એક શક્તિ છે અને એને લઈને બધી શક્તિઓ તે ગુણમય જોવામાં આવે છે. કેમકે એ આખા દ્રવ્યમાં વ્યાપેલો છે. એટલે એનું રૂપ બધા ગુણમાં મળે છે. બહુ સ્પષ્ટ કર્યું છે. અનેક પ્રકરણો લઈને દ્રવ્યાનુયોગના વિષયને દ્રવ્યગુણપર્યાયને બહુ સ્પષ્ટ કર્યું છે. સ્વરૂપ ઘણું સ્પષ્ટ કર્યું છે. પછી કાર્યકારણના દૃષ્ટિકણથી સ્વરૂપ સ્પષ્ટ કરે છે. એવી રીતે સદ્‌ઉત્પાત અને અસદ્‌ઉત્પાદ તો 'પ્રવચનસાર'નો ૧૧૧-૧૨-૧૩ ગાથાનો વિષય જ છે. એ પણ એમણે આમાં લીધો છે. અહીં સુધી રાખીએ. કાલે પ્રશ્ન ફરીને રાખીશું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે ગુણપર્યાયવત્ દ્રવ્ય લીધું એટલે શું છે કે દ્રવ્યને પર્યાયવાળું લીધું છે. ગુણને પર્યાયવાળો નથી લીધો એમ કીધું. '**गुणपर्यायवद् द्रव्यं**' તો દ્રવ્ય છે એ ગુણોવાળું છે અને પર્યાયવાળું છે. પણ ગુણો પર્યાયવાળા છે એમ ન કહ્યું એમ કહે છે. દ્રવ્ય પર્યાયવાળું છે એમ કહ્યું. એવી ચોખવટ કરવી છે આમાં. એ પ્રકારની સ્પષ્ટતા છે.

**તા. ૧૦-૬-૧૯૯૧, પાના નં. ૩૧,**
**પ્રવચન નં. ૬**

પહેલા પ્રશ્નનો ઉત્તર ચાલી ગયો છે. પાનું-૩૧. '**કોઈ પ્રશ્ન કરે છે કે-ગુણદ્વારથી જે પરિણતિ ઊપજી તે ગુણની છે કે દ્રવ્યની છે?**' જેમ કે ઉપયોગ થયો. તો ઉપયોગ તો જ્ઞાનગુણની પર્યાય છે ને? '**જો ગુણની હોય તો, ગુણો અનંત છે તેથી પરિણતિ પણ અનંત હોય,...**' આ પ્રશ્ન છે હજી. '**અને (જો તે પરિણતિ) દ્રવ્યની હોય તો ગુણપરિણતિ શા માટે કહો છો?**' અને પરિણતિ દ્રવ્યની હોય તો ગુણ શા માટે કહો છો? આમ તો વિવિક્ષામાં તો બેય આવે છે શાસ્ત્રમાં. ગુણની પરિણતિની પણ વિવિક્ષા આવે છે અને દ્રવ્યની પરિણતિની પણ વિવિક્ષા આવે છે.

જેમકે મનુષ્યપણું. તો એ જીવદ્રવ્યની પરિણતિ છે. કોઈ એક ગુણની નથી. પણ ઉપયોગ કહો તો જ્ઞાનગુણની પરિણતિ છે. બેય વિવિક્ષા આવે છે. પણ અહીંયાં પ્રકરણ છે પરિણામશક્તિનું. તો પરિણામની જે શક્તિ છે—પરિણામશક્તિ. પરિણમવાની શક્તિ. પરિણામ શક્તિ એટલે પરિણમવાની જે શક્તિ છે વસ્તુમાં, એ વસ્તુની શક્તિ છે, પદાર્થની શક્તિ છે. કોઈ એક ગુણની એ શક્તિ નથી. એટલે કોઈ બીજા ગુણની શક્તિ નથી. એવી એક શક્તિ પોતે છે એ આખા દ્રવ્યની જ શક્તિ છે. પણ એક શક્તિને બીજી શક્તિ ન હોય. દ્રવ્યને અનંત શક્તિ હોય. એક ગુણને બીજો ગુણ ન હોય. એ મૂળ વાત આમાં સ્થાપવી છે, પ્રશ્ન ઉત્તર કરીને.

મુમુક્ષુ :- આમાં અનંત ગુણનું રૂપ એકમાં છે એ આમાં કેવી રીતે ઘટાવવું?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ આવશે. આ સૂક્ષ્મ ગુણથી એ વાત (લ્યે છે). બીજો પ્રશ્ન ત્યાંથી જ શરૂ કર્યો છે. કાલે હજી આપણે શરૂ કરતા હતા. એ બીજો પ્રશ્ન ત્યાંથી આવશે. એટલે એને અડીને જ લઈએ આપણે.

પહેલા પ્રશ્નમાં તો એટલી જ વાત છે કે ગુણની પરિણતિ છે કે દ્રવ્યની પરિણતિ છે? જો દ્રવ્યની હોય તો ગુણપરિણતિ શા માટે કહો છો? એમ કહેવું છે. તો '**તેનું સમાધાન-એ પરિણમન શક્તિ દ્રવ્યમાં છે;...**' પરિણમન શક્તિ છે એ દ્રવ્યમાં છે. '**દ્રવ્ય ગુણોનો પુંજ છે,...**' દ્રવ્ય છે એ ગુણોનો પુંજ છે. '**તે પોતાના ગુણરૂપે પોતે જ પરિણમે છે;...**' દ્રવ્ય છે એ પોતપોતાના ગુણ અનુસાર પોતે પરિણમી રહ્યું છે. '**તેથી ગુણમય પરિણમતાં**

**(તેને) ગુણપર્યાય કહીએ.**' એકેય ગુણની પર્યાયને ગુણપર્યાય કહેવામાં દોષ નથી. '**તેથી દ્રવ્યની પરિણતિ, ગુણની પરિણતિ-એમ તો કહીએ છીએ;...**' એમ કહેવામાં વાંધો નથી. '**પરંતુ આ પરિણમનશક્તિ દ્રવ્યમાંથી ઊઠે છે, ગુણમાંથી નહિ.**' મૂળ શક્તિ દ્રવ્યની છે. પછી દ્રવ્યની શક્તિ આખા દ્રવ્યમાં વ્યાપક હોવાથી બધા ગુણો પરિણમે છે. અને એ રીતે બધા ગુણો પરિણમતા હોવાથી પરિણમન શક્તિનું રૂપ પણ બધાને લાગુ પડી જાય છે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- .. કહેવામાં વાંધો નથી?

પૂજ્ય ભાઈશ્રી :- ના. કહેવામાં વાંધો નથી. ગુણપર્યાય કહેવામાં વાંધો નથી. અને દ્રવ્યપર્યાય કહેવામાં વાંધો નથી. સમજીને. પરિણમન કરવાની જે શક્તિ છે એ કોઈ ગુણને બીજા ગુણ હોય એમ ન લેવું. પણ દ્રવ્યને અનેક ગુણ હોય એમ લેવું. અને એ અહીંયાં કહેવા માગે છે.

મુમુક્ષુ :- આ વાત .. કોઈ એમ કહે કે પરિણમન તો દ્રવ્યનું છે, ગુણનું પરિણમન હોતું જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ બરાબર. એકાંત નથી. એવો એકાંત નથી. એટલે તો ગુણપર્યાય કહીએ. '**ગુણમય પરિણમતાં (તેને) ગુણપર્યાય કહીએ.**' એટલે તો ઉપયોગ જુદું નામ પાડ્યું. જ્ઞાનગુણના પરિણામનું નામ ઉપયોગ પાડ્યું છે. બીજા કોઈ ગુણના પરિણામને ઉપયોગ એવું નામ નહિ દઈએ. જ્ઞાન અને દર્શન બેના પર્યાયને ઉપયોગ કહેવાય છે તે ગુણપરિણતિ છે. સુખ છે એ ઉપયોગ નથી અને ઉપયોગ છે એ સુખ નથી. તો એ ગુણપરિણતિ જુદી જુદી થઈ ગઈ કે નથી ગઈ? અને જો જુદી ન હોય તો એનું લક્ષણ કેવી રીતે નક્કી થાય? અને એનું નામ કેવી રીતે નક્કી થાય? એના લક્ષણ પ્રમાણે, એના સ્વભાવ પ્રમાણે એનું નામ પાડવામાં આવે છે કે જાણે તે જ્ઞાન. જાણવાનું લક્ષણ એવું કાર્ય થતું હોવાથી એનું નામ જ્ઞાન એમ નક્કી થાય. એટલે જે લક્ષણભેદ, નામભેદ, સંખ્યાભેદ અને પ્રયોજનભેદ. ચાર ભેદ પડે. દરેક ગુણના પરિણામમાં ચાર ભેદ પડી જાય છે.

મુમુક્ષુ :- એમ કહે કે આ જ્ઞાન ઉપયોગ છે એ દ્રવ્યનું પરિણમન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં વાંધો નહિ. કહેવામાં વાંધો નહિ.

મુમુક્ષુ :- જ્ઞાનને ભલે કહેવાય પણ ખરેખર તો દ્રવ્યનું પરિણમન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ખરેખર દ્રવ્યનું પરિણમન છે.

મુમુક્ષુ :- ગુણનું પરિણમન નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ના, એટલે ગુણનું પરિણમન નથી એવો જો એકાંત લ્યો તો. બે

ગુણ વચ્ચેના પરિણામનો તફાવત નહિ સમજી શકાય. કેમકે ગુણ પરિણમનશીલ છે, દ્રવ્ય પરિણમનશીલ હોવાથી કોઈ ગુણ પરિણમનશીલ ન હોય એવું ન બને. નહિતર કોઈ ગુણભેદ એકાંતે નથી એવું થઈ જશે.

મુમુક્ષુ :- ગુણનું પરિણમન જુદું ન લેવામાં આવે તો ભેદ જ નહિ રહે.

પૂજ્ય ભાઈશ્રી :- તો કોઈ ગુણભેદ નહિ રહે.

મુમુક્ષુ :- ગુણને સમજવામાં પણ..

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ વ્યવસ્થા ઊભી નહિ થાય. ગુણને સમજવા માટે જ્ઞાનને સમજવા, સુખને સમજવા, શ્રદ્ધાને સમજવા, ચારિત્રને સમજવું, અસ્તિત્વને સમજવું એ કોઈ વાત નહિ રહે. અને એકાંતે ભેદ લ્યો. હવે આમથી લઈએ. શું કરવા એ લે છે? કે ગુણભેદ સમજતા ભેદવાસી જીવ હોવાથી અથવા ભેદમાં ઉભેલો જીવ હોવાથી, ભેદબુદ્ધિમાં ઊભેલો જીવ હોવાથી ગુણભેદનો એકાંત કરી લે છે. એક જુદી વસ્તુ હોય એવી રીતે ગુણને પકડે છે. તો એની પણ જ્ઞાનીઓ ના પાડે છે કે સર્વથા ગુણભેદ નથી. કેમકે ગુણ છે તે દ્રવ્યની એક વિશેષતા છે. અને એને દ્રવ્ય સાથે અભેદતા છે. માટે સર્વથા જો ભેદ લેશો તો તમને પરમાર્થ નહિ સમજાય.

મુમુક્ષુ :- ગુણની વ્યાખ્યા લઈએ તો દ્રવ્યના પુરા ભાગમાં અને તેની સર્વ અવસ્થામાં રહે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. દ્રવ્યના પૂરા ભાગમાં અને તેની સર્વ અવસ્થામાં હોય છે. બર-ાબર છે. એ ગુણની વ્યાખ્યા તરીકે વ્યાખ્યા બરાબર છે. હવે અહીંયાં પ્રશ્ન ઊભો થાય છે કે ગુણની પરિણતિ કહેવી કે ન કહેવી?

મુમુક્ષુ :- સર્વ અવસ્થામાં હોય તો ગુણની પરિણતિ થઈ ગઈને.

પૂજ્ય ભાઈશ્રી :- હા. થઈ ગઈ. સર્વ અવસ્થામાં છે.

મુમુક્ષુ :- .. પરિણતિ જેમ થઈ તેમ ગુણની પરિણતિ પણ

પૂજ્ય ભાઈશ્રી :- થઈ ગઈ.

મુમુક્ષુ :- ભલે હોય દ્રવ્યની પણ ગુણ એમાં દરેક પર્યાય...

પૂજ્ય ભાઈશ્રી :- આના ઉપરથી એક બીજો તર્ક લઈએ કે જીવમાં વીર્ય નામના ગુણથી પુરુષાર્થ થાય છે. પુરુષાર્થનું પરિણમન થાય છે. અને એ પુરુષાર્થ કરવો જોઈએ એવો ઉપદેશ આવે છે. આત્માએ આત્મહિત થાય, આત્માનું કલ્યાણ થાય એવો પુરુષાર્થ કરવો જોઈએ. આમ હોવા છતાં એનો એકાંત નથી કરાતો. એનું શું કારણ? એકલા વીર્યગુણને પકડીને એનો એકાંત નથી કરાતો. કેમકે એમાં બીજી વસ્તુ વ્યવસ્થા તૂટે છે. કેમકે વીર્યગુણ એકલો

છૂટો પાડીને તમે લ્યો છો ત્યાં. એકલો પુરુષાર્થને જુદો પાડો છો. જ્ઞાની એમ વિચારતા નથી. એક જગ્યાએ 'પરમાગમસાર'માં એ વાત આવી છે. જ્ઞાની એકલા ગુણને છૂટો, સર્વથા છૂટો પાડીને વિચારતા નથી. એક તો ક્રમબદ્ધ તૂટે. પહેલું શું તૂટે? એટલે આખુ દ્રવ્ય વીંખાય જાય. જે દ્રવ્યની વ્યવસ્થા છે સમયે સમયે સ્વકાળે પર્યાય થવાની એ તૂટી જાય છે.

બીજું, કે પુરુષાર્થ જે છે, જે ઉત્પન્ન થાય છે એને દ્રવ્યના બીજા ગુણો સાથે અનુસંધાન છે અને મુખ્ય એમાં જ્ઞાન અથવા રુચિ કામ કરે છે. શ્રદ્ધા અને જ્ઞાન કામ કરે છે. શ્રદ્ધા-જ્ઞાન વિના પુરુષાર્થ ન હોય. એટલે એક ગુણને સાવ છૂટો પાડો તો મિથ્યાત્વ થઈ જાય. તેમ એક ગુણને જો તમે છૂટો જ ન પાડો તો ગુણ ગુણીનો ભેદ નથી રહેતો. એકલો ગુણી જ રહે છે. ગુણ નથી રહેતો. ગુણ-ગુણી ભેદ નથી રહેતો. ભેદપણું પણ છે અને અભેદપણું છે. કથંચિત ભેદ છે, કથંચિત અભેદ છે. જેમ છે એમ જાણવું જોઈએ.

મુમુક્ષુ :- બધા ગુણ ...

પૂજ્ય ભાઈશ્રી :- પૂરા શુદ્ધ પણ થતા નથી અને પૂરા અશુદ્ધ પણ રહેતા નથી. પૂરા શુદ્ધ થતાં નથી કેમકે બધામાં ગુણભેદો છે.

મુમુક્ષુ :- આનું ગુણભેદ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. કથંચિત. અને સર્વથા અશુદ્ધ રહેતા નથી કેમકે બધા એક દ્રવ્યમાં અભેદ છે માટે. જો સર્વથા ભેદ હોત તો કેટલાક પૂરા અશુદ્ધ રહેત અને કેટલાક જ શુદ્ધ થાત. જો સર્વથા અભેદ હોત તો આ પૂરો શુદ્ધ થતાં બધા પૂરા શુદ્ધ થઈ જાત. માટે બધા પૂરા શુદ્ધ થતા નથી એનું કારણ ભેદ છે અને બધા અશુદ્ધ રહેતા નથી, બધા આંશિક શુદ્ધ થઈ જાય છે એનું કારણ અભેદપણું છે. બસ! ભેદ અને અભેદ બંને સિદ્ધ થઈ જાય છે.

મુમુક્ષુ :- બધા એકસાથે..

પૂજ્ય ભાઈશ્રી :- એકસાથે આંશિક શુદ્ધ થઈ જાય છે.

મુમુક્ષુ :- આંશિક શુદ્ધ થાય, પૂર્ણ શુદ્ધ...

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્ણ શુદ્ધ એકસાથે થાય નહિ. ચોથા ગુણસ્થાને શ્રદ્ધા શુદ્ધ થઈ જાય. ચારિત્ર બારમા ગુણસ્થાને શુદ્ધ થાય, જ્ઞાન તેરમા ગુણસ્થાને શુદ્ધ થાય અને અસિદ્ધત્વ ચૌદમા ગુણસ્થાનના છેડે શુદ્ધ થાય. બધા ગુણને જુદી જુદી મર્યાદા લાગુ પડે છે. માટે બધા ગુણો જુદા પણ છે અને સર્વથા જુદા નથી. કેમકે સર્વથા અશુદ્ધ રહેતા નથી માટે. એકદ્રવ્યપણું છે માટે.

મુમુક્ષુ :- આત્મામાં અનંત ગુણો છે એમાં અનંત ગુણ ... અને અમુક ગુણ એવા છે કે જે અશુદ્ધરૂપે..

પૂજ્ય ભાઈશ્રી :- હા. બરાબર છે. સંસાર અવસ્થામાં.

મુમુક્ષુ :- જુદા પરિણામ વગર તો એ સિદ્ધ થઈ શકે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એ થઈ શકે જ નહિ. જો ગુણભેદે ભેદ ન હોય તો અમુક શુદ્ધ અને અમુક અશુદ્ધ એમ કેમ રહે? કેમકે અનંતા તો શુદ્ધ જ પરિણમે છે. સંસાર અવસ્થામાં પણ. અને કેટલાક, કેટલાક જ. એ બહુ થોડા છે. પણ મુખ્ય છે એ. શ્રદ્ધા, જ્ઞાન, જ્ઞાન, ચારિત્ર, સુખ, વીર્ય વગેરે. કે જે સંસાર અવસ્થામાં અશુદ્ધ પરિણમે છે. જો ગુણભેદ ન હોય તો કેટલાક અનંતા શુદ્ધ અને આટલા અશુદ્ધ એવું શું કરવા? એ ગુણભેદને સિદ્ધ કરે છે. એમ.

મુમુક્ષુ :- ચોખ્ખો વિષય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચોખ્ખો વિષય છે.

મુમુક્ષુ :- ગુણભેદ.. ગુણની પર્યાયો થાય છે એ પણ સિદ્ધ કરે છે કે ગુણની પર્યાયો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગુણની પર્યાયો છે. ગુણપરિણતિ જ કહેવાય. એટલું તો કીધું કે તે ગુણમય પરિણમતા તેને ગુણપર્યાય કહીએ. તેથી દ્રવ્યની પરિણતિ, ગુણની પરિણતિ એમ તો કહીએ. દ્રવ્યની પરિણતિ પણ કહીએ, ગુણની પરિણતિ એમ તો કહીએ. '**પરંતુ આ પરિણમન શક્તિ દ્રવ્યમાંથી ઊઠે છે, ગુણમાંથી નહિ.**' પરિણમનની જે શક્તિ છે એ દ્રવ્યની શક્તિ છે.

મુમુક્ષુ :- એક વસ્તુના બે નામ આપ્યા છે. ગુણપરિણતિ અને દ્રવ્યપરિણતિ.

પૂજ્ય ભાઈશ્રી :- એક વસ્તુને બે નામ આપે છે એમ નહિ. બેયની અપેક્ષા જુદી જુદી છે પાછી. ગુણની પરિણતિને ગુણની પર્યાય કહીએ અને દ્રવ્યની પરિણતિને દ્રવ્યની પર્યાય કહીએ. એટલા માટે એક દૃષ્ટાંત આપ્યો કે મનુષ્યપણું એ ગુણપરિણતિ નથી. એ દ્રવ્યપરિણતિ છે. ચાર ગતિની પર્યાય તે દ્રવ્યપરિણતિ છે. એ આત્મા દ્રવ્ય મનુષ્યરૂપે થયો, દેવરૂપે થયો, નારકી રૂપે થયો, તિર્યંચરૂપે થયો. એ આખા દ્રવ્યની જ પરિણતિ કહેવાય. જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ તો એ ગુણપરિણતિ છે.

મુમુક્ષુ :- શક્તિ તો દ્રવ્યની છે.

પૂજ્ય ભાઈશ્રી :- શક્તિ દ્રવ્યની છે.

મુમુક્ષુ :- પરિણમન શક્તિ છે આ દ્રવ્યની છે.

પૂજ્ય ભાઈશ્રી :- બસ. પરિણમન શક્તિ દ્રવ્યની છે, દ્રવ્યમાં છે. બીજું શું છે કે દરેક ગુણ પોતે શક્તિ છે. એ પોતે શક્તિ છે એને બીજી શક્તિની જરૂર નથી. કેમકે પોતે જ શક્તિ છે. શક્તિને બીજી શક્તિની અપેક્ષા હોય તો એને શક્તિ કહેવાનું કોઈ કારણ રહેતું નથી. એને શક્તિ શું કહેવી? કે એને શક્તિની જરૂર નથી.

મુમુક્ષુ :- શક્તિ તો પોતે પૂર્ણ હોય અને નિરપેક્ષ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પૂર્ણ હોય અને નિરેપેક્ષ હોય એને શક્તિ કહેવાય.

એટલે '**આ પરિણમન શક્તિ દ્રવ્યમાંથી ઊઠે છે, ગુણમાંથી નહિ.**' એટલે એક શક્તિને જુદી પાડીને કહે છે. એની સાક્ષી 'તત્ત્વાર્થસૂત્ર'માં છે. કે '**द्रव्याश्रया निर्गुणा गुणाः**' એક જગ્યાએ અધ્યાર. '**द्रव्याश्रया गुणाः**' '**निर्गुणा गुणाः**' દ્રવ્યને આશ્રયે ગુણો હોય છે, ગુણને આશ્રયે ગુણ હોતા નથી. અને '**गुणपर्यायवद् द्रव्यं**' '**(-ગુણપર્યાયવાળું દ્રવ્ય છે)- એમ પણ કહ્યું છે. પર્યાયવાળું દ્રવ્ય જ કહ્યું (પણ) ગુણ ન કહ્યો.**' પણ છતાં અપેક્ષાથી બોલવામાં કાંઈ વાંધો નથી. પણ સૂત્રમાં તો '**गुणपर्यायवद् द्रव्यं**' લીધું છે. '**पर्यायवद् गुणं**' એમ નથી લીધું. સૂત્ર એવી રીતે બાંધ્યું છે કે દ્રવ્યને ગુણપર્યાયવાળું કહ્યું છે.

'**અહીં કોઈ પ્રશ્ન કરે છે કે-જ્ઞાનસૂક્ષ્મ સર્વગુણસૂક્ષ્મ...**' જ્ઞાન પણ સૂક્ષ્મ અને બધા ગુણ પણ સૂક્ષ્મ. '**(તે) સૂક્ષ્મ ગુણના પર્યાયો છે, ગુણોમાં આ સૂક્ષ્મપણું સૂક્ષ્મગુણનું છે...**' ગુણોમાં આ જે સૂક્ષ્મપણું છે, બધા ગુણોમાં જે સૂક્ષ્મપણું છે તે સૂક્ષ્મત્વ ગુણને લઈને છે '**કે દ્રવ્યનું છે ? (જો) દ્રવ્યનું છે તો...**' ... ... ...

... બે કેરી મીઠી હોય. લીલી પણ મીઠી હોય અને પીળી પણ મીઠી હોય. પીળીનો ભાવ વધારે લે અને લીલીનો ભાવ ઓછો લે. તો મીઠાશવાળો શું જોવે? કે મારે તો મીઠાશ સાથે પ્રયોજન છે. કલરની સાથે પ્રયોજન નથી. ચાખવામાં બંને મીઠી જ છે. આપણે આ લઈ લ્યો. પણ જેને રંગનો મોહ હોય એને પૈસા વધારે દેવા પડે. પણ કોઈ એમ કહે કે મારે રંગ જોતો નથી તો એ કામ ન આવે. કેમ? કે રસ અને રંગ અભેદ છે. રસ અને રંગ એક નથી અને અનેક પણ નથી. જો એક ગણો તો રસ તે રંગ અને રંગ તે રસ થઈ જાય. એમ તો બનવાનું નથી. અને તમે એમ કહો કે ના ના, એ સાવ જુદા છે. તો જુદું ..

'**જ્ઞાન જાણપણારૂપ પરિણમે છે એમ લક્ષ્ય-લક્ષણરૂપ ભેદથી તો એક પરિણામ-માં ભેદ છે, પરંતુ એવું તો નથી કે જ્ઞાનની પરિણતિ જુદી છે ને આત્માની (પરિણતિ) જુદી છે.**' એમ ન પાડી શકાય. રંગની પરિણતિ અને રસની પરિણતિને સાવ જુદી ન પાડી શકાય એમ કહે છે. રસમાંથી રંગ લઈ લ્યો એ નહિ બની શકે. છતાં રંગ તે રસ નથી અને રસ તે રંગ નથી. '**એમ માનવાથી (તે બંનેનું) સત્ત્વ જુદું ઠરે છે, સત્ત્વ જુદું થતાં વસ્તુ અનેક (થઈને) જુદી જુદી અવસ્થા ધારણ કરીને વર્તે. એમ થતાં તો વિપર્યય થાય છે,...**' વિપરીતતા થાય. અથવા '**વસ્તુનો અભાવ થાય છે.**' વસ્તુનો તો અભાવ નહિ થાય પણ શ્રદ્ધામાંથી વસ્તુનો અભાવ થઈ જશે. આખી વૈજ્ઞાનિક વાત લીધી છે. વિજ્ઞાનના દષ્ટિકોણથી વાત છે આ.

**'ત્યાં પ્રશ્ન ઊપજે છે કે-(ગુણ અને દ્રવ્યની) જુદી પરિણતિ માનવામાં શું દોષ છે?'** સર્વથા જુદી એમ. કથંચિત્ જુદી માને તો તો (બરાબર), ઈ તો કહી ગયા. પણ સર્વથા જુદી માનવામાં શું દોષ છે? **'ગુણ (અને) આત્માની અભેદ પરિણતિ માનવાથી તો જ્ઞાન જાણપણારૂપ પરિણમે, દર્શન દેખવારૂપ પરિણમે એમ કહેવું વૃથા થયું, અભેદમાં ભેદ ઊપજે નહિ, માટે સમાધાન કરો.'** ચોખ્ખું કરવા માટે ફરીને ભેદ-અભેદનો પ્રશ્ન ઉઠાવે છે.

**'સમાધાન :- દ્રવ્યના પરિણામની વૃત્તિ ઊઠતાં, દ્રવ્ય અનંત ગુણનો પુંજ છે તેથી ગુણથી પણ ઊઠી કહીએ;...'** દ્રવ્યમાં પરિણામ થયું, દ્રવ્યનું પરિણમન થયું એમ કહો તો દ્રવ્ય તો અનંત ગુણનો પુંજ છે તો પછી ગુણ પણ એની સાથે પરિણમી ગયા. **'દ્રવ્ય અને ગુણનાં સત્ત્વ બે નથી,...'** બંનેની સત્તા તો એક છે. સત્ત્વ એક છે એટલે સત્તા એક છે. જે દ્રવ્યની સત્તા છે તે જ ગુણની સત્તા છે. ઓલી મહાસત્તા છે અને આ અવાંતર સત્તા છે. સત્તા તો એક જ છે. નામ જુદા જુદા છે.

**'(પરિણામ) દ્રવ્યમય પરિણમતાં ગુણ આવ્યા તેથી ગુણમય પરિણામ છે.'** પરિણામ દ્રવ્યમય પરિણમતા ગુણ આવ્યા તેથી ગુણમય પરિણામ છે. પરિણામ દ્રવ્યને પરિણમ્યા એમ એ દ્રવ્યમાં તો ગુણ આવ્યા. માટે ગુણમય પરિણામ છે. **'આ પ્રકારે એક વસ્તુના પરિણામ નિર્વિકલ્પ છે. જ્ઞાનરૂપ આત્મા પરિણમ્યો તો પરિણામ જાણપણામાં આવ્યા. તેથી જ્ઞાન જાણપણારૂપ પરિણમે છે એવી વિવક્ષા છે તે જાણવી.'** આમાં શું છે કે દ્રવ્યની અપેક્ષાએ દ્રવ્યને કહેવાય, ગુણની અપેક્ષાએ પણ દ્રવ્યને કહેવાય અને પર્યાયની અપેક્ષાએ પણ દ્રવ્યને કહેવાય.

જેમકે જ્ઞાનલક્ષણથી આત્મા કહેવો હોય ત્યારે જ્ઞાન જે પરિણામ છે, લક્ષણ પરિણામમાં છે, તો ત્યાં એ પરિણામને દ્રવ્યદૃષ્ટિથી જોવું જોઈએ. પર્યાયદૃષ્ટિથી ન જોવું જોઈએ. પર્યાય દૃષ્ટિનો એકાંત (નહિ કરવો જોઈએ). ... બહુ સારો આપ્યો છે. (એક મુમુક્ષુને) એ વાત જરા 'આગ્રા'માં વધારે સારી લાગી કે આ વાત કોઈ દિવસ એવી રીતે નહોતી વિચારી. આચાર્ય મહારાજે પોતે જ પ્રશ્ન ઉઠાવ્યો છે અને પોતે જ ઉત્તર દીધો છે.

(સમયસાર પરિશિષ્ટ) **'કયું તે લક્ષ છે કે જે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે તેનાથી ભિન્ન પ્રસિદ્ધ થાય છે?'** લક્ષ્ય અને લક્ષણમાં ભેદ કર્યો. ભિન્નપણું લીધું. એક લક્ષણ બીજું લક્ષ્ય. તો લક્ષ્ય અને લક્ષણમાં ભેદ થયો ને? તો પ્રશ્ન ઉઠાવ્યો આચાર્યદેવે પોતે કે એવું કયું લક્ષ છે કે જે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે એટલે લક્ષણની પ્રસિદ્ધિ વડે, જ્ઞાનલક્ષણની પ્રસિદ્ધિ વડે તેનાથી એટલે જ્ઞાનથી ભિન્ન જુદું પ્રસિદ્ધ થાય છે.

ઉત્તર આપે છે કે **'જ્ઞાનથી ભિન્ન લક્ષ્ય નથી.'** જ્ઞાનની જે પર્યાય છે લક્ષણરૂપ એનાથી

ભિન્ન લક્ષ્ય નથી. કારણ કે-કયા કારણે નથી? **'કારણ કે જ્ઞાન અને આત્માને દ્રવ્યપણે અભેદપણું છે.'** જ્ઞાનની પર્યાય અને આત્મા દ્રવ્યથી તો એક જ છે. અમે અહીંયાં પર્યાયને દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યમાં લઈ જઈએ છીએ. પર્યાયને પર્યાયાર્થિકનયથી નહિ જોતાં પર્યાયને અમે દ્રવ્યાર્થિકનયથી જોઈએ છીએ અને દ્રવ્યને ઓળખી લઈએ છીએ. આ પદ્ધતિ છે. દ્રવ્ય છે ઈ, એમ કહે છે. પર્યાય દ્રવ્યનો અંશ હોવાથી તે દ્રવ્ય છે એમ કહેવું છે. દ્રવ્યના અંશને અમે દ્રવ્યાર્થિકનયથી જોઈએ છીએ. દ્રવ્યના અંશને અમે અહીંયાં પર્યાયાર્થિકનયથી જોતા નથી. બસ! આત્મા ઓળખાઈ જશે.

મુમુક્ષુ :- અલિંગગ્રહણના ૨૦મા બોલમાં આ જ વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ જ વાત છે. અલિંગગ્રહણના ૨૦માં બોલમાં. પણ ત્યાં તો વધારે ચોખ્ખું કર્યું છે કે દ્રવ્યને નહિ આલિંગિત એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે. ત્યાં અધ્યાત્મ પ્રધાનતા વિશેષ લીધી છે.

અહીંયાં શું છે કે જેને આત્મા ઓળખાતો નથી એવા સ્ટેજમાં ઊભેલા જીવને લક્ષમાં લઈને લક્ષ્ય-લક્ષણને ઓળખાવા માટેની ચર્ચા છે. અને ત્યાં અલિંગગ્રહણ જે છે એ જ્ઞાનપ્રધાન વાત છે. એટલે જે જ્ઞાની છે.. જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન છે ને? એને સમ્યગ્જ્ઞાનમાં સ્વસ્વરૂપ કેવી રીતે જ્ઞેય થાય છે? એવા દૃષ્ટિકોણને એપ્લાય કરેલો છે.

... સ્વભાવ કહો કે દ્રવ્યસ્વભાવ કહો. 'પ્રવચનસાર'માં કહ્યું, અન્વય તે દ્રવ્ય છે. ૮૦મી ગાથામાં. શું કહ્યું? દ્રવ્યની પરિભાષા શું કરી? અન્વય તે દ્રવ્ય છે. એ ચાલુ... ચાલુ... ચાલુ... ચાલુ.. એ પરિણામ દ્વારા જ પકડાય છે. બાકી દ્રવ્ય ક્યાં જોવામાં આવે છે? પ્રગટ પર્યાય જોવામાં આવે છે. દ્રવ્ય તો જોવામાં આવતું નથી. પરિણામ ઉપરથી દ્રવ્ય પકડાય. દ્રવ્ય પોતે જ પરિણામરૂપ હોવાથી, દ્રવ્ય પરિણામે પરિણમ્યું હોવાથી પરિણામ ઉપરથી દ્રવ્યની સિદ્ધિ કરાય છે. ... કરવા માટે અહીંયાં કેવો શબ્દ વાપર્યો છે દીપચંદજીએ? **'વસ્તુના પરિણામને સર્વસ્વ કહ્યું છે.'** .. એટલા માટે .. આધાર લીધો. એના આધારે .. પકડાશે. એ સિવાય પકડવાની કોઈ ચેનલ જ નથી. કોઈ બીજી રીતે પકડાઈ જાય એવું બને જ નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- તર્ક ગમે તેટલા કરી શકાય. તર્ક ગમે એટલા કરી શકે. અહીંયાં શું કહેવા માગે છે એટલું જોવાનું છે. વચનો તો બધા શાસ્ત્રોના છે. પરિણામને સર્વસ્વ કહો તો એ શાસ્ત્ર વચન છે અને પરિણામને પરદ્રવ્ય કહો તોપણ એ શાસ્ત્ર વચન છે. હવે પરિણામને પરદ્રવ્ય કહો તો પછી તર્ક ઉઠશે કે તો બંધારણ તૂટી જાશે. શું કરશો હવે? ભાઈ, બાપુ!

આ બંધારણનો અધિકાર ચાલતો નથી. જ્યાં જે અધિકાર ન ચાલતો હોય તેની વાત લઈ આવો વચ્ચે, એવી રીતે તો આખા જૈનદર્શનને ખોટું પાડવું હોય તો પાડી શકાય. કુતર્કથી તો આખા જૈન દર્શનને ખંડન કરી શકાય. આખા જૈનદર્શનનું ખંડન કરવું હોય તો થઈ શકે. 'શ્રીમદ્‌જી'એ નાની ઉંમરમાં એ વાત કરી છે. ૨૦-૨૨માં વર્ષે વાત કરી છે. ... એમાં કાંઈ આત્માનું હિત સધાયેલું નથી.

પહેલી વાત એ છે. ... બધી વાતોમાં પહેલી વાત એ છે આત્માર્થ, આત્મકલ્યાણ, આત્મ .. અન્યમતનું શાસ્ત્ર વાંચતો હોય તો વાંધો નથી, કોઈપણ શાસ્ત્ર વાંચતો હોય તો આત્માર્થને આત્મ કલ્યાણને.. ... વાંચન, વિચારણાનું કેન્દ્રસ્થાન આ (હોવું જોઈએ). જ્ઞાનીની વાણીમાં આશય ભેદ લીધો છે એ આ જ જગ્યાએથી વાત છે. જ્ઞાનીની વાણીમાં આશય ભેદ એટલે શું? કે એ વાણીનું કેન્દ્રસ્થાન આત્માર્થ છે, આત્મકલ્યાણ છે. ...

મુમુક્ષુ જીવે ઓછામાં ઓછું એટલું વિચારવું જોઈએ કે 'કૃપાળુદેવ' આપણાથી આગળ છે કે પાછળ છે? કે આગળ છે. બરાબર છે? જ્યારે મારાથી આગળ છે ત્યારે એમની વાતમાં સંદેહ કરતા પહેલા મારે ભય પામવાની જરૂર છે. એને ભવનો ભય લાગવો જોઈએ કે હું આ સત્પુરુષની વાતમાં શંકા કરું છું, મારા ભવ તો નહિ વધે ને? ભવભ્રમણ તો નહિ વધી જાય ને? પછી બીજું ડગલું ભરવાનું છે. પહેલું ડગલું આ એને હોવું જોઈએ. મારાથી આગળ છે એ વગર વિચાર્યે, વગર સમજ્યે કાંઈ કહે નહિ. સત્પુરુષ થયા કેવી રીતે એ તો નક્કી કરો.

જે પુરુષે અંદરમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ આત્મા શુદ્ધ છે, જ્ઞાનસ્વરૂપ છે, પૂર્ણ છે, એક અખંડ અભેદ છે એવો સૂક્ષ્મ વિકલ્પ છે એમાં પણ આત્મત્વ કર્યું નથી. એમાં પણ એક્તા કરી નથી એને ભિન્ન પાડી દીધો છે. જેમ દિવાલને ભિન્ન જોવે એવી રીતે વિકલ્પને ભિન્ન જોવે છે. કેવો જોવે છે? પોતાના અંતરંગમાં થતો સૂક્ષ્મ આત્માના સ્વરૂપ સંબંધીનો સૂક્ષ્મ વિકલ્પ અંતર્જલ્પ જેને કહેવાય એને પણ ભીંતની જેમ જુદો જોયો છે. એટલું જુદું પાડવાનું જેનું અંતરંગ સામર્થ્ય છે એવી સૂક્ષ્મ ભૂલ પણ જે રહેવા ન દે એનું નામ સત્પુરુષ છે. એ સ્થુળ ભૂલ કરે? સત્પુરુષને સમજ્યો નથી. .. સપને પણ વિચારવા જેવી નથી. આવી રીતે નક્કી કરવું પડે ઊંડા ઉતરીને. નહિતર કોઈના ને કોઈના વચનમાં શંકા કરવી એ મોટી વાત નથી. ગમે તેવો જાડી બુદ્ધિવાળો માણસ હોય ને, એ પણ બુદ્ધિવાળાની ભૂલ કાઢવામાં હોંશિયારી કરે. વ્યવહારમાં પણ. એક મોટું કામ હોય એમાં ક્યાંક ભૂલ થાય, કયાંક ભૂલ ન થાય. ભૂલ કરનાર બુદ્ધિવાળો હોય. તો જાડી બુદ્ધિવાળો કહી દે કે આટલી ખબર ન પડી? તમને આટલી બધી ખબર ન પડી? આમ તો બહુ ડહાપણ કરો છો. ભાઈ! ઉભો રહે. તારું કામ નથી કહેવાનું. એ જગ્યાએ તું હોત તો શું કરત એ કહેવું મુશ્કેલ છે.

મુમુક્ષુ :- બધું ઊંધું વાળ્યું હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

અમારે એવો પ્રસંગ થયો હતો. 'ગુરુદેવ'ની તો બહુ વિચિક્ષણતા હતી. 'દ્રવ્યદષ્ટિપ્રકાશ'નો ઉહાપોહ થયો. પછી વાત તો થાળે પડી ગઈ કે 'ગુરુદેવ' પોતાના હાથે આપશે. પછી એક રવિવારે ભાઈ 'રાજકોટ'થી આવ્યા. અમે બેયે વિચાર કર્યો કે એકાંતમાં 'ગુરુદેવ'ને મળવું તો ખરું. હવે એ તો કરવું શું? કે સવારના વ્યાખ્યાન પહેલા એકાંત તો મળે નહિ કાંઈ. કેવી રીતે મળવું? એટલે વિચાર કર્યો કે પોતે થોડાક પાટ ઉપર વહેલા આવે છે ત્યારે બહુ માણસો નથી હોતું. ઘણા ટાઈમસર આવે અને ઘણા ખરા મોડા આવે. બાકી ૧૫-૨૦ મિનિટ પહેલા તો કો'ક જ હોય એટલે અમે ચાહીને બેઠા.

એક ત્રીજા જણ હતા. શ્રીમંત માણસ, પૈસાવાળા માણસ હતા. એટલે 'ગુરુદેવે' અમારી સાથે વાત શરૂ કરી. કેમકે એકાંત હતું એટલે પોતે જ શરૂ કરી કે 'દ્રવ્યદષ્ટિપ્રકાશ'માં અહીં બધાને એમ કે બહુ કડક પડ્યું છે. એમ લાગે છે કે સમાજમાં વિરોધ થશે. વિચાર એમ આવ્યો કે એ લોકોને વંચાવીને છાપ્યું હોત તો સારું હતું. વંચાવ્યા વગર છાપ્યું એટલી જરાક ઉતાવળ થઈ ગઈ અને અહીંયાં વિરોધ થયો. અમે મનમાં સમજતા હતા. અમારે ચર્ચા આપસમાં થઈ હતી કે જો વંચાવા જાશું તો ના પાડી દેશે કે આ છાપવાનું નથી. બધાનો ખ્યાલ હતો. ચર્ચા ન કરીએ પણ કોણ કેટલું વિચારે છે એ તો ખ્યાલમાં હોય ને. એટલે ઈરાદાપૂર્વક અમે નહોતું વંચાવ્યું. પણ 'ગુરુદેવ'ને એવું તો કહેવાય નહિ. એટલે અમે તો સાંભળી લીધું. એ ત્રીજા ભાઈ બેઠા હતા એ બોલ્યા, એ 'ગુરુદેવ'ની હા માં હા પુરાવા ગયા. હા સાહેબ! આ લોકોએ બહુ મોટી ભૂલ કરી છે. 'ગુરુદેવ'ની આંખ ફરી સીધી. એ તમારું કામ નથી. શું કીધું? પોતે એમ બોલ્યા કે તમે ઉતાવળ કરી નાખી છે. એમાં ઓલા 'ગુરુદેવ'ની ફેવરમાં બોલ્યા અને 'ગુરુદેવ' એની અનફેવરમાં બોલ્યા.

આ લોકોએ ભૂલ કરી છે એ તમારે કહેવાની જગ્યા નથી. તમે એ સ્થાને નથી કે તમે એમ કહો આ લોકોને કે આ લોકોએ ભૂલી કરી છે. એ તમારું કામ નથી. તમે છાનામાના રહો. વચ્ચે નહિ બોલો. મોટા માણસ હતા, પીઢ માણસ હતા, કરોડપતિ માણસ. 'ગુરુદેવે' સીધી જ આંખ ફેરવી. એટલે પોતાને પાછું અનુકૂળ બોલે છે એટલે સારો છે એમ નથી 'ગુરુદેવ'ને. સીધી ના પાડી દીધી. એ તમારું કામ નથી. એણે ભૂલ કરી છે કે નથી કરી એ કહેવાનું તમારું કામ નથી. એટલે નીચેવાળો ઊંચાવાળાને એમ કહે કે ભૂલ કરી છે. એના સ્થાનમાં રહેવું જોઈએ, એની મર્યાદામાં રહેવું જોઈએ. મર્યાદા બહાર ન જવું જોઈએ. એ પ્રકાર આપણા સમાજમાં વિશેષ છે. આપણા સમાજની અંદર છના અડધા ત્રણ એટલી

ખબર ન પડતી હોય તત્ત્વજ્ઞાનમાં અને જજમેન્ટ બધાયના આપી દે. તમારે આમ કરાય અને તમારે આમ ન કરાય. આપણે ગુજરાતીમાં એમ કહે કે છના અડધની તો ખબર પડતી નથી અને ડહાપણ બધું કરે છે. છના અડધ ત્રણ. છના અડધા ત્રણ થાય એટલું પણ જેને ગણિત ન આવડતું હોય એ મોટા ગણિતના દાખલા-પ્રોબ્લેમ સોલ્વ કરવાની વાત કરે. એમ સામાન્ય ખબર ન હોય અને જેને ઘણી ખબર પડતી હોય (એને એમ કહે કે) તમે આ ભૂલ કરી છે, તમે આ ભૂલ કરી છે, તમે આ ભૂલ કરી છે. 'ગુરુદેવ' એવું નહોતા ચલાવતા. આ તો અમારો પ્રત્યક્ષ પ્રસંગ બની ગયેલો. એ તમારું કામ નથી. તમે એમ કેમ બોલો છો વચ્ચે? એટલે એમ કે અમારી વચ્ચેની વાતમાં અમે ગમે તે કરીએ, તમે વચમાં એમ કહી દો કે આમની ભૂલ છે એટલે શું?

મુમુક્ષુ :- બધા શાસ્ત્રોના લખાણ પણ એક આત્માર્થ માટે જ લખ્યા હશે ને?

પૂજ્ય ભાઈશ્રી :- તમામ સત્શાસ્ત્રનું કેન્દ્રસ્થાન આત્માર્થ છે. એટલે એ દૃષ્ટિકોણ કેન્દ્રમાં રાખીને જ બધા શાસ્ત્રો વંચાય અને વિચારાય. બીજી રીતે વાંચવા અને વિચારવા જાવ તો નુકસાન જ થાય. બીજું કાંઈ થાય નહિ.

મુમુક્ષુ :- પ્રયોજન સધાય છે કે નહિ? આવી દલીલ આપણે આપેલી.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો આ લોકો કહે જ છે ને કે જો બે દ્રવ્યની સર્વથા ભિન્નતા લ્યો છો તમે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ.. તો પછી બીજા જીવોની દયા પાળવી... સ્થાનકવાસીનો મોટો આરોપ છે આ. એ લોકો તો દયામાં એટલું બધું માને છે કે અમારા જેટલી દયા તો જૈનના બીજા બે ફિરકામાં નથી. દેરાવાસીમાં પણ નથી અને દિગંબરમાં પણ નથી. કેમકે અમે તો બોલવામાં પણ મુહપતિ રાખીએ.

મુમુક્ષુ :- વાયુકાયના જીવ ન હણાય.

પૂજ્ય ભાઈશ્રી :- વાયુકાયના જીવ ન હણાય અને પાણી પણ અમે પંદર પંદર દિ' સુધી ન નાહીયે. નહાવામાં બાલદી પાણી વપરાય જાય ને ડોલનું. એટલે અમે નહાતા નથી. કપડા પણ મેલા પહેરીએ. ધોઈએ નહિ જલ્દી. બહુ મેલા થાય તે દિ' ધોઈએ. ત્યાં સુધી અમે કપડા ન ધોઈએ. કેમકે પાણી વપરાય. પાણીના જીવો મરે ને. એટલે અમે તો સૌથી વધારે દયાને માનીએ છીએ. હવે તમે કહો છો કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી ન શકે પણ બેસે અમને કેવી રીતે? અમે આટલી બધી તો દયા પાળીએ છીએ. એ ગડબડ થાય.

જો આગમને આત્માર્થની દૃષ્ટિએ ન સમજાય એટલે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું નથી કરતું એમાં પણ આત્માર્થ છે. અને દયાનો વિકલ્પ જ્ઞાનીને વ્યવહારમોક્ષમાર્ગમાં જાણેલો તે કાળે પ્રયોજનવાન છે એમાં પણ આત્માર્થ છે. બેયમાં આત્માર્થ છે. એને દયાનો વિકલ્પ આવશે

જ્ઞાનીને. તે કાળે જાણેલો પ્રયોજનવાન. ... કે બે પદાર્થ ભિન્ન છે એમ નિશ્ચયનો એકાંત કરવા જતાં જેમ .. બીજા જીવોને .. હિંસા નહિ. ન ચાલે. એવી રીતે બે દ્રવ્યની ભિન્નતાને ...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્યાં ભાવ .. અમે ક્યાં કરી શકીએ છીએ? ભાવમાં તારી હિંસા થઈ એનું શું? ન્યાય તો ચારેય પડખેથી ..

.. પરદ્રવ્યના કાર્યો કરવાનું કર્તૃત્વનું જોર ખલાસ થઈ જાય. ઊંધો પુરુષાર્થ જે છે એની અંદર ... પાછો નથી વળી શકતો. અંતર્મુખ નથી થઈ શકતો એનું શું કારણ છે? કે પરપદાર્થ પ્રત્યે એટલા જોરથી ખૂંચે છે, એટલું બધું એનું વીર્ય ત્યાં રેડાય છે કે એ કર્તૃત્વમાં આવી જાય છે અને આ કરવું જ જોઈએ અને કર્યા વગર ચાલે નહિ અને કરી જ નાખું અને કર્યા વગર રહું નહિ. એ જે કર્તૃત્વ છે એ એના ... ... એના પ્રાણનો નાશ કરીને કર્તૃત્વ ઊભું કરે છે.

... જોઈ ન શકે. જોઈ શકે? એના પ્રાણ ખલાસ થઈ જાય. ડોકું મરડે ત્યાં પ્રાણ ખલાસ થઈ જાય. જોઈ ન શકે. એમ અહીંયાં એના જ્ઞાનપ્રાણ ખલાસ થાય છે, એનો કચ્ચરઘાણ નીકળી જાય છે કર્તૃત્વના એક વિકલ્પમાં. કર્તૃત્વ તોડવાનું .. ભિન્નતા પકડ્યા વગર કર્તૃત્વ છૂટે જ નહિ. હું બીજાનું કરું અને બીજો મારું કરે, એ રાગ અને દ્વેષ એના કોઈ દિવસ મટે નહિ. અને વસ્તુ.. એમાં પણ આત્માર્થ છે. મોટો આત્માર્થ છે. .. પરિણામને સર્વસ્વ કહ્યું છે તે કઈ રીતે ? કે આ રીતે પરિણામ વડે .. સ્વભાવ... પરિણામ દ્વારા, પરિણામના આધારે ..

'**જો પરિણામ ન હોય તો અન્વયી દ્રવ્ય ન હોય,...**' અન્વય ન હોય અને અન્વયી પણ ન હોય. અન્વય ક્રિયા લીધી છે. ... તરત પકડાય. ન જડે એવું બને નહિ. હાલતો-ચાલતો છું. પરિણામ છે એ તો જીવંત છે. પરિણમવું એ એનું જીવન છે. જીવતી ચીજ છે. પરિણમનથી જીવતી છે. નહિતર ખબર પડે? જડમાં અને ચેતનમાં શું ફર્ક છે? ચેતનનું જે પરિણમન છે એ પરિણમન ઉપરથી એનું જીવન પકડાય છે. પરિણમન જ જીવન કહેવાય છે ખરેખર તો. શબ્દો જુદા છે. પરિણમન તે જ જીવન છે, જીવન તે પરિણમન છે. બહેનશ્રીએ લીધું કે 'જાગતો જીવ ક્યાં જાય?' એમ કહે છે. ... જ્ઞાન જ્યોતિ... જ્ઞાન જ્યોતિ... જ્ઞાન જ્યોતિ... જ્યોતિ શબ્દ વાપર્યો છે. જેમ કોઈ ઝળહળતી જ્યોતિ હોય એમ આત્મા જ્ઞાનની ઝળહળતી જ્યોતિ છે. જ્ઞાન ઉપરથી અન્વયને પકડી લેવાની વાત છે. એક શબ્દમાં એટલી વાત છે. જ્ઞાનની જ્યોતિ છે, પ્રગટ જામતી જ્યોતિ છે. અન્વયને પકડી લીધું. એટલે તો એને .. કહ્યું એમ કહે છે. '**પરિણામ ન હોય તો અન્વયી દ્રવ્ય ન હોય, અનંત ગુણો પરિણમ્યા વગર દ્રવ્ય ન હોય.**' આખું દ્રવ્ય પરિણમે તો અનંત ગુણો સાથે સાથે બધા જ પરિણમે છે એમ કહેવું છે. અહીં સુધી રાખીએ...

**તા. ૧૧-૬-૧૯૯૧, પાના નં. ૩૧,**
**પ્રવચન નં. ૭**

**'પરિણમનશક્તિ દ્રવ્યમાં છે' 'વસ્તુના પરિણામને સર્વસ્વ કહ્યું છે. તે કઈ રીતે?'** વસ્તુના પરિણામને સર્વસ્વ કહ્યું છે. તો કહે છે, કઈ રીતે? **'પરિણામવડે અન્વય સ્વભાવ પમાય છે.'** એટલે. **'જો પરિણામ ન હોય તો અન્વયી દ્રવ્ય ન હોય, અનંત ગુણો પરિણમ્યા વગર દ્રવ્ય ન હોય. તેથી વસ્તુના વેદનમાં સર્વસ્વ પરિણામ તે વેદકતા છે.'** આ (અલિંગગ્રહણનો) ૨૦મો બોલ. **'તેથી વસ્તુના વેદનમાં સર્વસ્વ પરિણામ તે વેદકતા છે.'** પરિણામ લેતા લેતા વેદન ઉપર આવી ગયા. આ તો ચૈતન્યના પરિણામ છે ને? તો ચૈતન્યના પરિણામ છે તો... ગમે તેટલો અનાજનો ભંડાર ભર્યો હોય પણ જેટલું પોતાનું પેટ ભરવા કામમાં આવ્યું એટલું કામનું. એટલું પોતાનું. એના જેવી વાત છે.

વસ્તુનું સર્વસ્વ પરિણામમાં કેમ લીધું? કે વસ્તુના વેદનમાં સર્વસ્વ પરિણામ તે વેદકતા છે. એ વેદાય છે ને? સ્વાનુભવ થાય છે. અનંત ગુણના પરિણામનું જે વેદન આવે છે એ વસ્તુના વેદનમાં સર્વસ્વ પરિણામ એ વેદકતા છે. એ જ સર્વસ્વ છે, એટલું જ સર્વસ્વ છે.

**'ગુણ પરિણામથી ગુણના આસ્વાદનો લાભ થાય છે; દ્રવ્ય પરિણામથી દ્રવ્યના આસ્વાદનો લાભ થાય છે,...'** ગુણ પરિણામ વેદાય છે એટલે ગુણનો લાભ કહેવામાં આવે છે. દ્રવ્યના પરિણામો વેદાય છે એટલે દ્રવ્ય લાભ કહેવામાં આવે છે. વેદાય છે એને લાભ કીધો. એટલી પ્રાપ્તિ. લાભ એટલે એટલો અનુભવ, એટલી પ્રાપ્તિ એને લાભ કહે છે.

**'કહેવામાં તો લક્ષ્ય-લક્ષણ ભેદ એવો બતાવ્યો છે,...'** કહેવાની અંદર તો લક્ષ્ય અને લક્ષણ એવો ભેદ બતાવ્યો છે. એટલે આ વેદક લક્ષણ લીધું છે ને? **'કહેવામાં તો લક્ષ્ય-લક્ષણ ભેદ એવો બતાવ્યો છે, કેમકે લક્ષણ વગર લક્ષ્ય એવું નામ પામે નહિ.'** લક્ષણ વગર લક્ષ્યની ઓળખાણ થાય એવું પણ બને નહિ. એવું નામ પણ ન મળે અને લક્ષની ઓળખાણ પણ લક્ષણ વગર થાય નહિ. **'એ રીતે તો છે,...'** એ રીતે ભલે ભેદ છે. **'પરંતુ પરમાર્થથી અભેદ...'** પરમાર્થે લક્ષ-લક્ષણ અભેદ છે. **'પરંતુ પરમાર્થથી અભેદ નિશ્ચયમાં-નિર્વિકલ્પ વસ્તુમાં દ્વૈતકલ્પનાનો વિકલ્પ ક્યાં સંભવે છે?'** જે અદ્વૈત નિશ્ચય વસ્તુ છે એમાં તો બેપણાનો ભેદ જોવામાં આવતો નથી એટલે એનો વિકલ્પ પણ સંભવતો નથી.

**'એક અભેદ વસ્તુમાં સર્વ સિદ્ધિ છે, જેમ ચંદ્ર અને ચંદ્રનો પ્રકાશ એક જ છે.'** ચંદ્ર અને ચંદ્રનો પ્રકાશ એક જ છે. એવી રીતે આત્મા એનું પરિણમન એ સર્વસ્વ, પરિણામ

સર્વસ્વ લેવું છે ને અહીંયાં? દ્રવ્યદ્રવે છે એ એક જ છે. દ્રવ્યાર્થિકનયે બંને દ્રવ્ય જ છે એમ કહેવું છે. '**સામાન્યતાથી નિર્વિકલ્પ છે; વિશેષતાથી શિષ્યને પ્રતિબોધ કરવામાં આવે ત્યારે જેમ જેમ શિષ્ય, ગુરુના પ્રતિબોધવાથી ગુણનું સ્વરૂપ જાણી જાણીને વિશેષ ભેદી થતો જાય તેમ તેમ તે શિષ્યને આનંદના તરંગ ઊઠે, તે સમયે વસ્તુનો નિર્વિકલ્પ આસ્વાદ કરે.**' શું કહે છે? કે સામાન્યતાથી તો વસ્તુ નિર્વિકલ્પ છે. પણ '**વિશેષતાથી શિષ્યને પ્રતિબોધ કરવામાં આવે...**' એટલે એને ભેદ પાડી પાડીને સમજાવવામાં આવે વિશેષપણે અને '**જેમ જેમ શિષ્ય, ગુરુના પ્રતિબોધવાથી ગુણનું સ્વરૂપ જાણી...**' ગુણનું એટલે આત્માના વૈભવનું, સ્વભાવનું સ્વરૂપ જાણે અને '**વિશેષ ભેદી...**' એટલે જાણકાર થાય. ભેદને જાણે તે ભેદી. અહીંયાં ભેદને જાણે એટલે એના વૈભવને જાણે તે ભેદી. '**તેમ તેમ તે શિષ્યને આનંદના તરંગ ઊઠે,...**' એ આ રીતે છે.

એક માણસને તમે એમ કહો કે અબજોપતિ છે. તો એટલો મહિમા ન આવે. પણ એની પાસે પાંચ તો સોનાની ગાડી છે. પછી એની પાસે આટલા ઘરના એરોપ્લેન છે. આટલા તો એને ૨૦૦-૫૦૦ તો એના ઈન્ડસ્ટ્રી કારખાના છે. અબજોપતિ કહે એમાં એટલું બધું ન સમજે. પણ આટલા ભેદ પાડી પાડીને સમજાવે તો એને એનો મહિમા આવે. ઓહો..! એટલું બધું છે! હજી આટલું બધું છે! હજી આટલું બધું છે! એમ થાય. એમ આત્મા અભેદ છે, નિર્વિકલ્પ છે એમાં ન સમજાય પણ ગુરુ ભેદ પાડી પાડીને સમજાવે છે. એટલે એને વિશેષ આનંદના તરંગ ઊઠે છે.

આ વિષયમાં પૂજ્ય 'બહેનશ્રી'ને એક પ્રશ્ન પૂછ્યો હતો. એક પ્રશ્ન ચર્ચા કાઢી હતી કે આત્મામાં જે ગુણભેદ છે એ ગુણભેદને સમજતા એક બાજુથી તો મહિમા આવે છે. અને બીજી બાજુથી ગુણભેદને લક્ષમાં લેતા વિકલ્પ ઊઠે છે. માટે ગુણભેદનો નિષેધ કરીએ છીએ. આમ બે થરી વાત આવે છે. ક્રોસ થઈ ગયો ને સામે? ગુણના વૈભવને દર્શાવવા માટે, મહિમા ઊપજાવવા માટે ગુણનો વૈભવ ભેદ પાડી પાડીને દર્શાવે છે શાસ્ત્રની અંદર પણ. એટલે તો શાસ્ત્રમાં વિસ્તાર થયો. અભેદ અને નિર્વિકલ્પ કહે એમાં વિસ્તાર શું થાય? એટલે બીજી બાજુ ગુણભેદના વિકલ્પનો નિષેધ કરીએ છીએ. એક એમનો બોલ છે એ બહુ સરસ છે. એમના બોલ ઉપરથી જ ચર્ચા લીધી હતી.

આત્મા એવો છે કે એને ગુણભેદના વિકલ્પની પણ અપેક્ષા નથી. અપેક્ષા નથી એટલે અપેક્ષાનો અર્થ ઓલો વિવિક્ષા નહિ. અપેક્ષા એટલે અપેક્ષાબુદ્ધિ જેને આપણે કહીએ. ઈચ્છા-વાંચ્છા. એવો આત્મા નથી. નિર્વિકલ્પ તો એવો નિર્વિકલ્પ છે. ભલે જેને મહિમા ન આવતો હોય એને મહિમા ઉપજાવવા માટે ભલે ગમે તે કહેવામાં આવે. જેના અભેદ સ્વરૂપના

લક્ષમાં બધા ભેદ ગર્ભિત છે એને ભેદ વિકલ્પની કોઈ અપેક્ષા નથી. એટલે ગુણભેદની પણ અપેક્ષ રાખે એવો આત્મા નથી એમ કહેવું છે. ગુણભેદના વિકલ્પની અપેક્ષા રાખે એવો આત્મા નથી. એવો આત્મા મહિમાવંત છે. એ બોલ છે, બોલ બહુ સારો છે.

મુમુક્ષુ :- ભેદમાં રોકાય અભેદમાં જવાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભેદમાં રોકાય એટલે અભેદમાં જવાય નહિ. એ તો જેને અભેદથી અભેદનો મહિમા નથી આવતો એને ભેદથી અભેદનો મહિમા ઉપજાવવા માટે ભેદ કહેવામાં આવે છે. ભેદમાં રોકાવા માટે ભેદ નથી કહેવાતો પણ અભેદમાં જવા માટે અભેદનો મહિમા ઊપજે તે અર્થે ભેદ કહેવામાં આવે છે. ભેદમાં રહેવા માટે ભેદ કહ્યો નથી. એટલે એની અપેક્ષા નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ન સમજાતું હોય એને એટલી બધી વાતો કરવી પડે. પણ જેને ખબર પડી કે અબજો એટલે શું. કરોડોના કરોડો એનું નામ અબજો. સેંકડો કરોડો એનું નામ અબજો. એને કાંઈ કહેવાની જરૂર નથી.

‘**આ કારણે ગુણ-ગુણીનો વિચાર યોગ્ય છે.**’ એ ભૂમિકામાં જ્યાં સુધી ઓળખાણ ન હોય, મહિમા આવતો ન હોય ત્યાં સુધી ગુણ-ગુણીનો વિચાર યોગ્ય છે. ‘**ગુણના વિશેષને (પરિણામ) કહ્યા છે;...**’ અને ગુણ જે પરિણમ્યો વિશેષપણે, વિશેષભાવ થયો, સામાન્ય જે ગુણ હતો એમાંથી જે વિશેષ ભાવ થયો એને પરિણામ કહ્યા છે. ‘**આ પરિણામથી જ ઉત્પાદ-વ્યય વડે વસ્તુની સિદ્ધિ છે એમ કહીએ છીએ.**’ પરિણામ પ્રગટ છે અને પ્રગટતાથી વસ્તુ પ્રગટ છે. પરિણામની પ્રગટતાથી વસ્તુ પ્રગટ છે એમ કહેવું છે. એટલે વસ્તુની સિદ્ધિ થાય છે.

હવે ‘**કારણ-કાર્યભાવ**’ લે છે. આ લોજિક છે. ન્યાયનો વિષય છે. કાર્ય-કારણ ભાવ. ‘**પ્રથમ જ સર્વ સિદ્ધાંતનું મૂળ એ છે કે વસ્તુના કારણ-કાર્ય જાણવા;...**’ બધા સિદ્ધાંતનું મૂળ એ છે કે એના કારણ-કાર્યનું જાણપણું હોય તો એનું સિદ્ધાંતજ્ઞાન બરાબર હોય. કાર્યકારણ ન જાણે એને સિદ્ધાંતની ખબર નથી. કેમકે કોઈ વાતની સિદ્ધિ કરવી છે એ કારણ વગર કેવી રીતે સિદ્ધિ કરો? એમ કહે છે.

જેમ કે લક્ષ્યરૂપ જ્ઞાન પ્રસિદ્ધ છે. જ્ઞાનમાત્રપણું જે અનુભયસ્વરૂપ લીધું, તો જ્ઞાન પ્રગટ છે. કારણ કે.. ત્યાં એમ લીધું. જ્ઞાનને સ્વસંવેદનથી પ્રસિદ્ધિ છે. જ્ઞાનની સિદ્ધિ-પ્રસિદ્ધિ સ્વસંવેદનથી જ્ઞાનની સિદ્ધિ છે. તો ત્યાં પરિણામથી વસ્તુની સિદ્ધિ કરી નાખી. એ આગલું પ્રકરણ ચાલી ગયું એ આવી ગયું. અને પ્રસિદ્ધ હી જ્ઞાનં. જ્ઞાન પ્રસિદ્ધ છે એને

કારણ આપ્યું. એમ ને એમ કહી દીધું. જ્ઞાન પ્રસિદ્ધ છે એનું કારણ શું? કયા કારણે જ્ઞાન પ્રસિદ્ધ છે? કે વેદનગોચર થાય છે એટલા કારણે જ્ઞાન પ્રસિદ્ધ છે. એ વેદનમાં આવે છે. અનુભવાય છે માટે જ્ઞાન પ્રસિદ્ધ છે.

એ 'સમયસાર'માં જે જ્ઞાનમાત્ર કહ્યું છે અને જ્ઞાનથી જ વાત લીધી છે એનું આ કારણ છે. પુણ્ય-પાપમાં પણ જ્ઞાનથી વાત લીધી, જ્ઞાન કહીને પુણ્ય-પાપનો નિષેધ કર્યો, સંવરમાં પણ જ્ઞાનથી વાત લીધી, જાણનક્રિયામાં જ્ઞાન છે. નિર્જરામાં પણ જ્ઞાન સામાન્યની વાત લીધી. ૧૪૦મો કળશ છે. ૧૫મી ગાથાનો જે વિષય છે એ ૧૪૦મા કળશમાં ફરીને આવ્યો છે નિર્જરામાં. આત્મા જ્ઞાનનો અનુભવ આ રીતે કરે છે. ખરેખર તો આત્મા જ્ઞાનનો અનુભવ કઈ રીતે કરે? એવો જો પ્રશ્ન ઉઠાવવામાં આવે તો એનો ઉત્તર થઈ જાય આ કે આત્મા જ્ઞાનનો અનુભવ આ રીતે કરે છે.

'**એક જ્ઞાયકભાવથી ભરેલા મહાસ્વાદને લેતો, (એ રીતે જ્ઞાનમાં જ એકાગ્ર થતાં બીજો સ્વાદ આવતો નથી માટે) દ્વંદ્વમય સ્વાદને લેવા અસમર્થ...**' એટલે જેમાં વિકલ્પ ભેદ ન પડે. એવા સ્વાદ લેવા માટે અસમર્થ '**(અર્થાત્ વર્ણાદિક, રાગાદિક તથા ક્ષાયોપશમિક જ્ઞાનના ભેદોનો સ્વાદ લેવાને અસમર્થ), આત્માના અનુભવના-સ્વાદના પ્રભાવને આધીન થયો હોવાથી નિજ વસ્તુવૃત્તિને (આત્માની શુદ્ધપરિણતિને) જાણતો-આસ્વાદતો (અર્થાત્ આત્માના અદ્વિતીય સ્વાદના અનુભવમાંથી બહાર નહિ આવતો)...**' આ અનુભવનું વર્ણન લીધું. '**આ આત્મા જ્ઞાનના વિશેષોના ઉદયને ગૌણ કરતો,...**' કેવો છે? જ્ઞેયના નિમિત્તે જ્ઞાનમાં જે જ્ઞેયાકારોના ભેદ ઊપજે છે એ ભેદનો અનુભવ નહિ કરતો, જ્ઞેયાકારોના ભેદનો અનુભવ નહિ કરતો, એને ગૌણ કરતો. '**સામાન્યમાત્ર જ્ઞાનને અભ્યાસતો,...**' જુઓ! આ ૧૫મી ગાથાનો વિષય છે. '**विशेष-उदयं भ्रश्यत्**' જ્ઞાનના વિશેષોને ગૌણ કરતો. જ્ઞાનના વિશેષો તે જ્ઞેયાકારો છે. '**सामान्यं कलयन् किल**' '**સામાન્યમાત્ર જ્ઞાનને અભ્યાસતો. સકળ જ્ઞાનને એકપણામાં લાવે છે-એકરૂપે પ્રાપ્ત કરે છે.**' એકરૂપે, એક જ્ઞાનમાત્રપણે સકળ જ્ઞાનનો અનુભવ કરે છે. આ રીતે જ્ઞાનનો અનુભવ કરે છે. ટૂંકમાં જે વિશેષનો તિરોભાવ અને સામાન્યનો આર્વિભાવ—એ વાત અહીં યાં ૧૪૦માં લીધી છે.

પછી તો એવી ગાથા લીધી છે કે પણ જ્ઞાનના પાંચ ભેદ છે ને? તો કહે છે, એ પાંચ ભેદ અભેદને અભિનંદે છે. મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય-કેવળ એ એક જ જ્ઞાનપદ છે. પાંચ પદ નથી. એક જ જ્ઞાનપદ છે. કે જે જ્ઞાનપદ પરમાર્થ કલ્યાણસ્વરૂપ છે, પરમાર્થસ્વરૂપ છે, પરમાર્થભૂત છે અને સ્વભાવથી જ મોક્ષસ્વરૂપ છે, અવલંબનથી મોક્ષના કારણરૂપ કા-

રણપરમાત્મા. એ રીતે અહીંયાં નિર્જરા અધિકારમાં વિષયને ઘૂંટ્યો છે. જ્ઞાન છે તે સાક્ષાત્ મોક્ષ છે. આવું જ્ઞાન છે તે મોક્ષસ્વરૂપ છે. માટે મોક્ષાર્થીએ જ્ઞાનનું ધ્યાન કરવું. લ્યો ઠીક! પકડાય ક્યાંથી? સ્વસંવેદન વગર પકડાય નહિ, વેદકતા વગર પકડાય નહિ.

એટલે અહીંયાં સર્વસ્વ કહી દીધું. અહીંયાં વસ્તુનું સર્વસ્વ વેદકતામાં લઈ લીધું એનું કારણ આ છે. '**પ્રથમ જ સર્વ સિદ્ધાંતનું મૂળ એ છે કે વસ્તુના કારણ-કાર્ય જાણવા; જેટલા સંસારથી પાર થયા છે તે સર્વે પરમાત્માનાં કારણ-કાર્ય જાણી જાણીને થયા છે.**' પરમાત્મા કેવી રીતે થવાય? પરમાત્મા થવું તે કાર્ય છે અને એનું કારણ શું? એનું કારણ જે મોક્ષમાર્ગ એને જાણ્યા વિના કોઈ પરમાત્મા થઈ ગયા છે એમ છે નહિ. એટલે કારણ વગર કાર્ય નથી. પરમાત્મા જે કોઈ થયા, સંસારથી પાર થયા તે કારણ-કાર્યને જાણીને થયા. એમ કહે છે.

'**પરમાત્માનાં કારણ-કાર્ય જાણી જાણીને થયા છે. ત્રણે કાળે જે પરમાત્માને ધ્યાવવાથી મુક્ત થયા તેને (-તે પરમાત્માના) કારણ-કાર્ય જો ન જાણ્યા...**' ત્રણે કાળે જે પરમાત્માને ધ્યાવવાથી મુક્ત થયા તેના તે પરમાત્માના કારણ-કાર્યને જો ન જાણ્યા '**તો તેણે શું જાણ્યું?**' પછી જાણવા જેવું શું બાકી રહ્યું? કે કાંઈ એણે જાણ્યું નથી. કાંઈ સમજતો નથી. '**માટે કારણ-કાર્ય જાણવા જોઈએ.**'

'**તે કારણ-કાર્ય કઈ રીતે ઊપજે છે તે કહીએ છીએ :-**' 'કાર્તિકિયાનુપ્રેક્ષા'ની ગાથા ૨૨૨ અને ૨૩૦.

**पुव्वपरिणामजुत्तं कारणभावेण वट्टदे दव्वं।**
**उत्तरपरिणामजुदं तं चिय कज्जं हवे णियमा।।**

આ વિષય લીધો છે 'ફૂલચંદજીએ' 'જૈનતત્ત્વ મીમાંસા'માં. જે ચર્ચા ચાલીને એમાં આ વિષય ચાલ્યો હતો.

'**સિદ્ધાતંમાં એમ બતાવ્યું છે કે પૂર્વ પરિણામયુક્ત જે દ્રવ્ય છે તે કારણભાવ (રૂપ) પરિણમેલું છે. (અને) ઉત્તર પરિણામયુક્ત જે દ્રવ્ય છે તે કાર્યભાવ (રૂપ) પરિણમેલું છે. કેમ કે પૂર્વ પરિણામ ઉત્તર પરિણામનું કારણ છે, પૂર્વ પરિણામનો વ્યય તે ઉત્તર (પરિણામ)ના ઉત્પાદનું કારણ છે. જેમ માટીના પિંડનો વ્યય ઘટ કાર્યનું કારણ છે.**'

'**કોઈ પ્રશ્ન કરે કે-ઉત્તર પરિણામમાં ઉત્પાદમાં શું કાર્ય થાય છે? તેનું સમાધાન :- સ્વરૂપલાભ લક્ષણવાળો ઉત્પાદ છે,...**' કેવો ઉત્પાદ છે? જેમાં સ્વરૂપનો અનુભવ હોય એવું જેનું લક્ષણ છે એવો ઉત્પાદ છે. '**સ્વભાવ પ્રચ્યવન લક્ષણવાળો વ્યય છે;...**' અને વ્યય કેવો છે? કે જેમાં સ્વભાવનું પ્રચ્યવન છે. ચ્યવન એટલે ચ્યવી જવું, ચ્યવી જવું એટલે

છૂટી જવું, નાશ થઈ જવો. વિશેષ કરીને નાશ થવું તેને પ્રચ્યવન કરે છે.

**'સ્વભાવ પ્રચ્યવન લક્ષણવાળો વ્યય છે;...'** એનો આધાર આપ્યો છે 'પ્રવચનસ-ાર'નો ૧૫૦ નંબરના પાનાનો. **'તેથી સ્વરૂપલાભમાં કાર્ય છે.-આ નિઃસંદેહ જાણો. (ઉત્પાદના કાર્યરૂપ સ્વરૂપલાભ) પરમાત્મામાં સમયે સમયે થાય છે.'** જે સિદ્ધ પરમાત્મા છે એને સમયે સમયે સ્વરૂપ લાભ થાય છે. **'માટે હે સંતો! એવા કારણ-કાર્યને પરિણામ દ્વારા જાણો કારણ અને કાર્ય પરિણામથી જ થાય છે.'** કારણ અને કાર્ય એકબીજાને કારણ-કાર્યનો સંબંધ છે આગળ-પાછળનો.

**'વસ્તુના ઉપાદાનના બે ભેદ કહ્યા છે, તે કહીએ છીએ :- અષ્ટસહસ્રીમાં કહ્યું છે કે -'** ઉપાદાનને કારણ કહેવાય છે ને? એટલે અહીંયાં અષ્ટસહસ્રીના બે શ્લોક ટાંક્યા છે.

**त्यक्तात्यक्तात्मरूपं यत् पूर्वापूर्वेण वर्तते।**
**कालत्रयेऽपि तद्द्रव्यमुपादानमिति स्मृतम्।।१।।**
**यत्स्वरूपं त्यजत्येव यत्रात्यजति सर्वथा।**
**तत्रोपादानमर्थस्य क्षणिकं शाश्वतं यथा।।२।।**

**'અર્થ :- દ્રવ્યનો ત્યક્ત સ્વભાવ તો પરિણામ(રૂપ)-વ્યતિરેક સ્વભાવ છે, અને અત્યક્ત સ્વભાવ ગુણરૂપ-અન્વયસ્વભાવ છે. તે ગુણ તો પૂર્વે હતા તે જ રહે છે, પરિણામ અપૂર્વ-અપૂર્વ થાય છે.'**

મુમુક્ષુ :- અપૂર્વ એટલે નવા નવા?

પૂજ્ય ભાઈશ્રી :- નવા નવા થાય છે. પૂર્વે નહોતા તે.

**'આ દ્રવ્યનું ઉપાદાન છે તે પરિણામને તો તજે છે...'** એટલે એને ત્યક્ત સ્વભાવ કીધો અને ગુણનો ત્યાગ નથી થતો માટે અત્યક્ત સ્વભાવ કીધો. **'તે પરિણામને તો તજે છે પણ ગુણને સર્વથા તજતું નથી; તેથી પરિણામ ક્ષણિક ઉપાદાન છે અને ગુણ શાશ્વત ઉપાદાન છે. વસ્તુ ઉપાદાનથી સિદ્ધ છે.'** વસ્તુ કારણરૂપ છે. શક્તિ છે ને? ત્રિકાળ શક્તિ છે વસ્તુમાં અને એક કાર્યરૂપ વર્તમાન ક્ષણિક શક્તિ છે એમ બે લીધા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગુણ શાશ્વત ઉપાદાન છે. કેમકે શક્તિ છે ને? ગુણને શક્તિ કીધું. શક્તિનું બીજું નામ ઉપાદાન. ઉપાદાન કહો, ઉપાદાન નિજ શક્તિ, નિમિત્ત સંયોગ છે. નિમિત્ત ઉપાદાનના દોહામાં એ અર્થ કર્યો છે. ભૈયા 'ભગવતીદાસજી'. 'ભગવતીદાસજી'એ અર્થ કર્યો છે કે ઉપાદાન એટલે નિજશક્તિએ કહીએ. ગુણ કહો કે નિજશક્તિ કહો કે ઉપાદાન કહો. શબ્દો જુદા જુદા છે.

**'અહીં કોઈ પ્રશ્ન કરે છે કે ઉત્પાદાદિ જીવાદિકથી ભેદસ્વરૂપે સધાય છે કે અભેદરૂપ સધાય છે?'** ઉત્પાદ-વ્યય છે એ જીવની સાથે ભેદરૂપે સાધવો કે અભેદરૂપે સાધવો? **'જો અભેદરૂપ સધાય તો ત્રિલક્ષણપણું ન હોય, જો ભેદરૂપ સધાય છે તો સત્તાભેદ થતાં સત્તા ઘણી થઈ, ત્યાં વિપરીતતા થાય છે.'** ક્રોસ કર્યો છે. જો તમે ઉત્પાદાદિને અભેદરૂપે સાધો તો પછી ધ્રુવનું શું કરશો?

મુમુક્ષુ :- ત્રિલક્ષણ..

પૂજ્ય ભાઈશ્રી :- ત્રણ લક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ લક્ષણ નહિ થાય. અને જો તમે ભેદ સાધો તો બે સત્તા થઈ ગઈ. આ તકલીફ નડે છે બે સત્તાની. ક્ષણિક સત્ અને ત્રિકાળ સત્‌ની વાત નથી બેસતી. એટલે ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ એક જ સત્તા છે. વળી એમાં બે સત્ લાવ્યા ક્યાંથી? ત્યારે 'ગુરુદેવ' દાંડી પીટીને કહેતા, બે સત્ છે. શું કહેતા સીધું જ? બે સત્ છે. ત્રિકાળ અને ક્ષણિક.

**'તેનું સમાધાન :- લક્ષણભેદ છે, સત્તાભેદ નથી,...'** બે પદાર્થની જેમ બે સત્તાભેદ નથી. પણ બંનેના લક્ષણ એક નથી. ધ્રુવનું ધ્રુવત્વ છે અને પર્યાયનું ઉત્પાદ-વ્યયત્વ છે. **'તેથી સત્તા અપેક્ષાએ અભેદ અને સંજ્ઞાદિ (અપેક્ષાએ) ભેદ જાણવો. વસ્તુની સિદ્ધિ ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણેથી છે.'** વસ્તુની જે સિદ્ધિ છે તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણેથી છે. 'અષ્ટસહસ્રી'માં કહ્યું છે કે :-'

**पयोव्रतो न दध्यत्ति न पयोत्ति दधिव्रतः।**
**अगोरसव्रतो नोभे तस्मात्तत्वं त्रयात्मकम्।।६०।।**

**घटमौलि सुवर्णार्थी नाशोत्पादस्थितिष्वयम्।**
**शोक-प्रमोद-माध्यथ्यं जनो याति सहेतुकम्।।५९।।**

દેવાગમ-આપ્તમિમાંસા ગાથા-૫૯-૬૦ છે.

**'જેમ કોઈ પુરુષે દૂધનું વ્રત લીધું છે કે હું દૂધ જ પીશ.'** પાણી નહિ પીવું એમ. વ્રત લીધું કે મારે તો દૂધ પીવું પણ પાણી ન પીવું. **'તે દહીંનું ભોજન કરતો નથી,...'** દૂધનું વ્રત લીધું છે તે દૂધ જ પીએ છે અને દહીં પીતો નથી. **'અને જેને દહીંનું વ્રત છે તે દૂધનું ભોજન કરતો નથી, તથા જેને ગોરસનો નિયમ છે કે હું ગોરસ નહિ લઉં, તે ગોરસને ગ્રહણ કરતો નથી.'** એટલે એ દૂધ અને દહીં બંનેમાંથી એકેય નથી લેતો. **'માટે તત્ત્વ છે તે ત્રણે થઈને છે.'** ઉત્પાદ-વ્યય અને ધ્રુવ.

**'દૂધ છે તે ગોરસનો પર્યાય છે અને દહીં (પણ ગોરસનો) પર્યાય છે, એક પર્યાયમાત્રને ગ્રહણ કરવાથી ગોરસની સિદ્ધિ થતી નથી,...'** એકલા દૂધને પકડો તો, એકલા

દહીંને પકડો તો ગોરસની સિદ્ધિ નથી થતી. **'ગોરસ સર્વ (આખું) (તેમાં) આવી જતું નથી. તેમ એક ઉત્પાદમાં અથવા વ્યયમાં અથવા ધ્રુવમાં વસ્તુની સિદ્ધિ થતી નથી,...'** એ તો એક-એક અંશ જ છે. આખા અંશીનો એક અંશમાં સમાવેશ નથી થતો એમ કહેવું છે. **'(પણ) વસ્તુ ત્રણે વડે સિદ્ધ છે.'**

**'જેમ કોઈ પંચરંગી ચિત્ર છે, (તેમાંથી) એક જ રંગને ગ્રહવાથી ચિત્રનું ગ્રહણ થતું નથી; તેમ ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ ત્રણેમય વસ્તુ છે, (ઉત્પાદાદિ કોઈ) એક જ વડે તેનું ગ્રહણ થતું નથી. જો વસ્તુને ધ્રુવ જ માનો તો બે દોષ લાગે-એક...'** 'પ્રવ-ચનસાર'ની ૧૦૦ ગાથાની ટીકા. **'એક તો ધ્રુવનો જ નાશ થાય; ઉત્પાદ-વ્યય વગર (વસ્તુ) અર્થક્રિયાકારક ન હોય અને અર્થક્રિયા વગર વસ્તુની સિદ્ધિ ન થાય...'** અર્થ એટલે પ્રયોજનભૂત ક્રિયા. વસ્તુની પ્રયોજનભૂત ક્રિયા ઉત્પાદ-વ્યય-વગર હોય નહિ. **'અને અર્થક્રિયા વગરવસ્તુની સિદ્ધિ ન થાય...'** કેમકે કોની? પ્રયોજન કોનું? વસ્તુનું ને એમ. કે અર્થક્રિયા વગર વસ્તુની સિદ્ધિ ન થાય.

**'(વસ્તુમાં) ષટ્ ગુણી વૃદ્ધિ-હાનિ ન થાય; એમ થતાં (વસ્તુ) અગુરુલઘુ ન રહે ને વસ્તુ હલકી-ભારે થઈને જડ થઈ જાય,...'** અથવા નાશ થઈ જાય. **'તેથી ચિદ્‌ધ્રુવતા ન રહે. બીજો એ દોષ-ક્ષણવર્તી પર્યાય પણ નિત્ય થઈ જાય, એમ થતાં અધ્રુવ પણ ધ્રુવ થઈ જાય.'** સાંખ્ય માને છે એ રીતે કે ક્ષણવર્તી પર્યાય પણ ધ્રુવ થઈ જશે. એકલા ધ્રુવને માનો તો. **'વળી કેવળ ઉત્પાદ જ માનીએ તો...'** આમાં 'પ્રવચનસાર'ના બધા આધાર આવી જાય છે.

**'વળી કેવળ ઉત્પાદ જ માનીએ તો બે દોષ લાગે-એક તો ઉત્પાદના કારણ-વ્યયનો અભાવ થાય, વ્યયનો અભાવ થતાં ઉત્પાદનો અભાવ થાય.'** કેવળ ઉત્પાદને માનીએ તો ઉત્પાદનું કારણ તો આગલી અવસ્થાનો વ્યય થયા વિના કેવી રીતે ઉત્પાદ થયો? માટે એકલા ઉત્પાદને માનો તો વ્યયનો અભાવ માનવો પડશે. વ્યય જ નથી. વ્યયનો અભાવ થતાં ઉત્પાદનો આપોઆપ અભાવ થશે.

**'બીજો દોષ એ-જો અસત્‌નો ઉત્પાદ થાય તો આકાશના ફૂલની પણ ઉત્પત્તિ દેખાય...'** એકલો ઉત્પાદ માનો તો અસત્‌નો ઉત્પાદ માનવો પડશે. એ કલ્પના જૂઠી છે. આ અસત્‌નો ઉત્પાદ એટલે શું છે? પદાર્થ સત્ છે એમાંથી ઉત્પાદ થાય છે. સત્‌નો ઉત્પાદ છે. એટલે ધ્રુવ છે એમાંથી ઉત્પાદ છે. ધ્રુવ વગર ઉત્પાદ નથી. એમ લઈ લીધું. એ બહુ સૂક્ષ્મ આમાંથી નીકળે છે પર્યાયસત્તાનું. અસત્‌નો ઉત્પાદ નથી.

...પર્યાયનો નાશ થાય છે તોપણ પર્યાયનો તુચ્છ અભાવ નથી થતો. તુચ્છ અભાવ

એટલે સર્વનાશ જેને કહેવાય. પર્યાયત્વ ગયું પણ એનું સત્ત્વ છે, વસ્તુની યોગ્યતા રહી ગઈ.

અત્યારે ભગવાન મહાવીરસ્વામી સિદ્ધાલયમાં બિરાજે છે. એ ભગવાન મહાવીરસ્વામીનો જે સિદ્ધ દશાએ બિરાજમાન આત્મા છે એ આજથી ૨૫૦૦ વર્ષ પહેલા ત્રિશીલાદેવી રાણીના પુત્ર હતા એમ કહેવાય. કેમ એમ કહેવાય? અત્યારે સિદ્ધ છે છતાં પણ? કે એ યોગ્યતા એ દ્રવ્યની છે, એ દ્રવ્યમાં કાયમ જ છે. તુચ્છ અભાવ નથી. કોઈપણ પર્યાયનો તુચ્છ અભાવ નથી. એવી રીતે વ્યયને પણ સર્વથા વ્યય નથી લેવાતો. ઉત્પાદ જેમ અસત્‌નો નથી લેવાતો એમ એક સમયનું પરિણામ જે સત્ થયું એનો સર્વનાશ નથી લેવાતો.

પાણીનું તરંગ પાણીમાં સમાણું તો તરંગનો નાશ થયો કે એકલા પાણીનો નાશ થઈ ગયો? માનો કે એક મોટા તપેલાની અંદર પાણીનો તરંગ આવ્યો. હવે એમાં પચાસ કિલો પાણી છે એમાં તરંગની અંદર એક કીલો પાણી ઉછળ્યું. એ તરંગ પાછો બેસી ગયો. તો પાણી ૪૯ કિલો રહ્યું? કે તરંગ નાશ થઈ ગયો કે નહિ? પાણી પચાસે-પચાસ કિલો રહે. પાણીમાં જરાય ફેર ન પડે. એમ પર્યાય ઉત્પાદ થાય કે પર્યાયનો વ્યય થાય, ઉત્પાદ થાય તો વસ્તુ વધતી નથી, વ્યય થાય ત્યારે વસ્તુ ઘટતી નથી. એમ છે.

મુમુક્ષુ :— ધ્રુવ તો ...

પૂજ્ય ભાઈશ્રી :— ધ્રુવ તો ધ્રુવ જ રહે છે. ધ્રુવ તો ધ્રુવ જ રહે છે છતાં વસ્તુમાં ઉત્પાદ-વ્યય છે એ વસ્તુમાંથી આવે છે અને વસ્તુમાં જાય છે.

મુમુક્ષુ :— ...

પૂજ્ય ભાઈશ્રી :— હા, તો એનું જ્ઞેય છે એનું જ્ઞાન થાય છે કે જ્ઞેય નથી એનું જ્ઞાન થાય છે? જે ભૂતકાળમાં પર્યાયો થઈ ગઈ એ જ્ઞેયરૂપે એ દ્રવ્યમાં છે ત્યારે જ્ઞાન થાય છે કે જ્ઞેયરૂપે નથી ને જ્ઞાન થાય છે? જેમકે ત્રિશીલાદેવીના પુત્ર હતા એવું જ્ઞેય હજી ત્યાં છે એમ કહે છે. એ સિદ્ધ આત્મામાં એ જાતનું જ્ઞેયત્વ છે એનું જ્ઞાન થાય છે. એવું જ્ઞેય સામે નથી અને અહીંયાં કોઈને જ્ઞાન થાય છે એમ જ્ઞેય જ્ઞાનના સંબંધ વગર જ્ઞેય-જ્ઞાન હોતું નથી એમ કહેવું છે. કોઈને કોઈ રૂપમાં એ જ્ઞેય છે, અહીંયાં જ્ઞાન છે ત્યારે. નહિતર આકાશના ફૂલનું જ્ઞાન થાય એમ કહેવું છે.

'**કેવળ વ્યય જ માનવામાં આવે તો બે દોષ લાગે-એક તો વિનાશનું (-વ્યયનું) કારણ જે ઉત્પાદ તેનો અભાવ થાય, એમ થતાં વિનાશ પણ હોય નહિ; કારણ વગર કાર્ય હોય નહિ, બીજો એ દોષ-સત્‌નો ઉચ્છેદ થઈ જાય; અને સત્‌નો ઉચ્છેદ થતાં જ્ઞાનાદિ ચેતનાનો નાશ થઈ જાય.**' જો પર્યાયનો વ્યય થતાં એકલો વ્યય માનવામાં આવે તો આખી વસ્તુ નાશરૂપે માનવી પડશે. એ તો બને નહિ. '**માટે (ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ)**

**ત્રિલક્ષણારૂપ વસ્તુ છે.**' 'જુઓ, પ્રવચનસાર ગા.૧૦૦ ટીકા.' આ તો ગાથા જ છે ત્યાં. દ્રવ્યનો સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદ એ તો 'પ્રવચનસાર'ની ૧૧૧, ૧૨, ૧૩ એ ત્રણ ગાથા જ છે. 'દીપચંદજી'એ તો પરમાગમોમાંથી ઘણું લીધું છે. એ 'ગુરુદેવ' કહેતા હતા. આમ કેટલીક કોઈ કોઈ વાત .. કરી છે એટલે નવી લાગે પણ બધા મૂળિયા પરમાગમમાં રહેલા છે. જ્ઞાનીઓએ તે પરમાગમનું અધ્યયન કરીને પોતાની કૃતિમાં પોતાની ભાષામાં સ્પષ્ટ કર્યું છે. એમ છે.

હવે '**દ્રવ્યનો સત્‌ઉત્પાદ અને અસત્ ઉત્પાદ**' કહે છે. અન્યમતમાં તો આ વિષય જ નથી. પદાર્થનું વિજ્ઞાન નથી ને? કે એક જ પદાર્થને સત્ ઉત્પાદ કહેવો તે જ પદાર્થને અસત્ ઉત્પાદ કહેવો. હવે આ તો ચોખ્ખું વિરુદ્ધ લાગે. ઉપરછલ્લું જોઈએ તો સાવ વિરુદ્ધ લાગે. તમે શું વાત કરો છો? સત્‌નો ઉત્પાદ કહો અને અસત્‌નો ઉત્પાદ પણ કહો? અસત્‌નો ઉત્પાદ ક્યાંય થાતો હશે? સત્‌નો ઉત્પાદ કહો ત્યાં સુધી ઠીક છે પણ અસત્ ઉત્પાદ કેવી રીતે કહેવો? કે એ પણ છે. બધી અપેક્ષા અહીંયાં લાગુ પડે છે.

મુમુક્ષુ :— ...

પૂજ્ય ભાઈશ્રી :— હા. એને અનંત કાળની પર્યાયનું જ્ઞેય પડ્યું છે. તો જ એનો અનંત કાળ જાણેને? એ દ્રવ્યનો અનંત કાળ કયાંથી જોયો? જ્ઞેય વગર જ્ઞાન થયું ? તો તો આકાશના ફૂલનું જ જ્ઞાન થાય એમ કહેવું છે.

'**હવે દ્રવ્યનો સત્‌ઉત્પાદ અને અસત્‌ઉત્પાદ બતાવે છે. દ્રવ્યનો આ સત્‌સ્વભાવ અનાદિનિધન છે;...**' જે સત્તારૂપે જે સ્વભાવ છે એ તો અનાદિનિધન છે. '**દ્રવ્ય-ગુણ અન્વયશક્તિવાળાં છે;...**' અને એની અંદર એ સત્તામાં જે દ્રવ્ય-ગુણ છે એમાં અન્વયશક્તિ છે. એટલે તે રૂપે, પોતાના રૂપે એ ચાલુ ને ચાલુ .. છે. '**તે ક્રમવર્તી પર્યાયથી વ્યાપ્ત હોવા છતાં પણ,...**' દ્રવ્ય-ગુણ ક્રમવર્તી પર્યાયમાં વ્યાપી જતા હોવા છતાં પણ '**દ્રવ્યાર્થિકનયથી પોતાની વસ્તુના સત્ વડે જેવા છે તેવા ઊપજે છે.**' દ્રવ્યાર્થિકનયથી પોતાની વસ્તુના સત્ વડે જેવા છે તેવા ઊપજે છે.

મુમુક્ષુ :—

પૂજ્ય ભાઈશ્રી :— લઈએ એનો અર્થ. બે રીતે વાત લેવી છે ને એટલે. અહીંયાં દ્રવ્યાર્થિકનયથી વસ્તુ લીધી છે. તો વસ્તુ તો જે પર્યાયમાં વ્યાપી તો એ સત્‌નું ઉપજવું થયું એમ કહે છે. જે સત્તા છે એ પર્યાયમાં વ્યાપી, દ્રવ્ય-ગુણ છે એ પર્યાયમાં વ્યાપ્યા એટલે ઊપજ્યા એમ કીધું.

'**પર્યાયની અપેક્ષાએ ઉપજવું એવું છે. પરંતુ અન્વયશક્તિમાં તો જેવા ને તેવા**

**છે,...**' અન્વયમાં તો જેવા છે તેવા છે. પણ પર્યાયની અપેક્ષાએ એને ઉપજ્યા એમ કહેવા-માં આવે છે. '**પર્યાય શક્તિમાં અસત્ ઉત્પાદ બતાવ્યો છે; કેમકે પર્યાય નવા નવા ઉપજે છે...**' એ પર્યાય પર્યાયરૂપે ક્યારેય નહોતી માટે અસત્‌નો ઉત્પાદ છે. દ્રવ્ય-ગુણ, પર્યાયમાં વ્યાપ્યા તે સત્‌નો ઉત્પાદ છે. પર્યાય નવી ઊપજી એવી પર્યાય પર્યાયરૂપે નહોતી ઉપજેલી માટે તે અસત્‌નો ઉત્પાદ છે. નહોતી એનું ઉપજવું થયું છે. એમ. અભાવનો ભાવ થયો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ સત્ ઉત્પાદ છે.

મુમુક્ષુ :- પર્યાય નવી નવી થાય છે

પૂજ્ય ભાઈશ્રી :- તે અસત્ ઉત્પાદ છે.

'**કેમકે પર્યાય નવા નવા ઉપજે છે તેથી (તેને અસત્ ઉત્પાદ) કહ્યો છે; પરંતુ તે અન્વયશક્તિથી વ્યાપ્ત છે.**' તે પર્યાય પણ એકલી સાવ છૂટી નથી પડી પણ અન્વયશક્તિથી વ્યાપ્ત છે. '**(અસત્ ઉત્પાદ) પર્યાયાર્થિક નયથી છે.**' જે અસત્ ઉત્પાદ કહ્યો તે પર્યાયાર્થિક નયથી છે અને સત્ ઉત્પાદ છે તે દ્રવ્યાર્થિક નયથી છે. બસ અહીંથી સીધું પકડી લે છે.

...ઉત્પાદ લેવો. અને એકલા સમ્યગ્દર્શનને લેવું તો કહે એ તો અપૂર્વ થયું ભાઈ. કોઈ દિવસે જીવને સમ્યગ્દર્શન થયું નહોતું. તો કહે, તે અસત્‌નો ઉત્પાદ છે. સમ્યગ્દર્શન છે તે અસત્‌નો ઉત્પાદ છે. આત્મા સમ્યગ્દર્શનરૂપે પરિણમ્યો તે સત્‌નો ઉત્પાદ છે. કેમકે આત્મા કહીને દ્રવ્યાર્થિકનયે તે જ વાતને જોઈ. એકલા સમ્યગ્દર્શનને પકડીને પર્યાયાર્થિકનયથી વાત લીધી. જ્યારે પર્યાયાર્થિકનયથી વાત લેવી હોય ત્યારે દ્રવ્યાર્થિકનયની કોઈ વાત વચ્ચે ન લેવી. દ્રવ્યાર્થિકની લેવી હોય ત્યારે પર્યાયાર્થિકની વાત વચ્ચે ન લેવી. એ ૧૧૪મી ગાથા અને આ ૧૧૧, ૧૨, ૧૩, પછી તરત ૧૧૪ લીધી છે. જેમાં આ સ્પષ્ટ કર્યું કે જ્યારે અમે એક કહીએ ત્યારે બીજી વાત વચ્ચે તમારે ન લાવવી. એમ.

'**અહીં કોઈ પ્રશ્ન કરે કે-શું જ્ઞેય જ્ઞાન વિષે વિણસે છે? ઊપજે છે? (જો જ્ઞેયો જ્ઞાન વિષે ઊપજે છે એમ કહો તો) ત્યાં અસત્-ઉત્પાદ છે, (અને જો જ્ઞેયો જ્ઞાન વિષે નથી ઉપજતાં એમ કહો તો) જ્ઞેયો જ્ઞાન વિષે ન આવ્યા. જ્ઞેયના ઉપજવાથી (જ્ઞાનને ઉપજ્યું કહો છો કે જ્ઞાનના પર્યાય અપેક્ષાએ તેને ઊપજ્યું કહો છો?**' એક પ્રશ્ન છે આખો. પેરેગ્રાફ આખો પ્રશ્નરૂપે છે. ફરીથી. '**અહીં કોઈ પ્રશ્ન કરે કે-શું જ્ઞેય જ્ઞાન વિષે વિલસે છે? ઊપજે છે?**' જ્ઞેયો જ્ઞાનમાં ઉત્પાદવ્યયરૂપે થાય છે? ઊપજે અને વિણસે એટલે ઉત્પાદવ્યયરૂપ થાય છે? એટલે પ્રશ્ન કર્યો '**(જો જ્ઞેયો જ્ઞાનવિષે ઊપજે છે એમ કહો તો) ત્યાં અસત્-ઉત્પાદ છે,...**' કેમકે જ્ઞેયો તો જ્ઞાન વિષે છે નહિ. અને જો જ્ઞેયો જ્ઞાન વિષે નથી ઊપજતા એમ

કહો તો જ્ઞેયો જ્ઞાન વિષે આવ્યા જ નહિ એમ કહેવું પડશે. તો જ્ઞેયોના ઉપજવાથી જ્ઞાન ઉપજ્યું કહો છો તે જ્ઞાનના પર્યાય અપેક્ષાએ તેને ઊપજ્યું એમ કહો છો એ કેવી રીતે તમે કહો છો? આમ પ્રશ્ન ઉઠાવ્યો છે.

**'તેનું સમાધાન :- દ્રવ્ય વડે સત્ ઉત્પાદ છે, પર્યાયથી અસત્ ઉત્પાદ છે.'** આ સામાન્ય વ્યાખ્યા કરી દીધી. દ્રવ્ય વડે દ્રવ્યાર્થિક નયથી લ્યો તો સત્ ઉત્પાદ છે. એ પરિણામ સાથેનું દ્રવ્ય લઈ લેવું. દ્રવ્ય પરિણમ્યું એમ લઈ લેવું. એ સત્‌નો ઉત્પાદ છે. અને પર્યાયમાં એકલી પર્યાયને પકડીને વાત લેવી તો એ અસત્‌નો ઉત્પાદ છે. કેમકે નહોતી તે થઈ. **'જ્ઞેય-જ્ઞાયક, ઉપચાર સંબંધ છે,...'** જ્ઞેય-જ્ઞાયકને ખરેખર કોઈ સંબંધ નથી. કેમકે એકબીજાને અડતા નથી, એકબીજામાં આવતા નથી, એકબીજામાં ભળતા નથી. માટે ઉપચાર સંબંધ છે, કહેવામાત્ર સંબંધ છે. બાકી જ્ઞેયને ખબર નથી કે જ્ઞાન એને જાણે છે. જ્ઞેયને ખબર નથી કે જ્ઞાન એને જાણે છે.

જેમકે એક માણસને બીજા કેટલા માણસ જોવે છે એ માણસને ક્યાં ખબર છે? એક માણસ એક ટોળામાં છે કે એક હોલમાં છે. ત્યારે બીજા એને પાંચ કે પચ્ચીસ કે અમુક માણસો એને જોવે છે. એને ક્યાં ખબર છે કે મને કેટલા માણસ જોવે છે? છતાં એને જ્ઞેય-જ્ઞાયક સંબંધ કીધો કે આને આણે જાણ્યો, એણે પણ એને જાણ્યો, એણે પણ એને જોયો, એણે પણ એને જોયો. પૂછ્યું કે ફલાણાભાઈ ત્યાં હતા? તો કહે હા. પચ્ચીસ જણા એમ કીધું કે અમે એને જોયા હતા. તો ત્યાં એને જાણવા અને જણાવાનો સંબંધ છે એ તો કહેવામાત્ર છે. કેમકે જણાનારને ખબર નથી કે મને કોણે કોણે જાણ્યો? માટે એને તો સંબંધની ખબર પણ નથી. એટલે સંબંધને ઉપચારમાં ખતવ્યો.

મુમુક્ષુ :- પર્યાયથી અસત્ ઉત્પાદ ...

પૂજ્ય ભાઈશ્રી :- અસત્ ઉત્પાદ છે કેમ કે એ તો નવી જ ઊપજીને? સમ્યગ્દર્શનની પર્યાય(નું) એટલા માટે દૃષ્ટાંત લીધું કે સમ્યગ્દર્શનની પર્યાય અપૂર્વ થઈને? એ અસત્‌નો ઉત્પાદ છે. કારણ કે પહેલા નહોતી. પહેલા ક્યારેય સમ્યગ્દર્શન ઊપજ્યું નહોતું. એટલે અસત્ ઉત્પાદ થયો. પણ આત્મા સમ્યગ્દર્શનરૂપે પરિણમ્યો તે સત્ ઉત્પાદ છે. કેમકે એની સત્તામાં એ સ્વભાવ પડ્યો છે એ સમ્યગ્દર્શનરૂપે વ્યાપ્યો. માટે તે સત્‌નો ઉત્પાદ છે.

મુમુક્ષુ :— .. રાગના પરિણામમાં, રાગને અસત્ ઉત્પાદ...

પૂજ્ય ભાઈશ્રી :— કોઈ પણ પર્યાય લ્યો પછી. આ તો એક પર્યાય એટલા માટે લીધી કે સમ્યગ્દર્શન અપૂર્વ થાય છે એટલે દૃષ્ટાંતમાં લીધું. બાકી બધી પર્યાય લઈ લ્યો. એવી રીતે. એક જીવને જે રાગ જે સમયે થયો એ રાગ ક્યારેય થયો હતો? એ રાગ થયો હતો ક્યારેય?

એ રાગ નથી થયો. એ રાગ તો ગમે ત્યારે એક પર્યાય થઈ એ તો પહેલીવહેલી જ થઈ. સમયે સમયે જે પર્યાય થઈ એ તો પહેલીવહેલી જ થઈ છે. એ પર્યાય ક્યાં પહેલા થઈ છે? થઈ છે? જેમ કે કેવળજ્ઞાન. બધી પર્યાય નવી નવી છે. જે પહેલી કેવળજ્ઞાનની પર્યાય છે એ પાંચમી નથી. પાંચમી છે એ પંદરમી નથી અને પંદરમી છે એ અનંતમી પણ નથી. બધી નવી જ છે. બધી અપૂર્વ અપૂર્વ થાય છે. પર્યાય બધી જ અપૂર્વ થાય છે. માટે અસત્ ઉત્પાદ છે.

મુમુક્ષુ :- આત્મામાં નથી એટલે અસત્ ઉત્પાદ?

પૂજ્ય ભાઈશ્રી :- આત્મામાં નથી માટે એમ નહિ. એ પર્યાય નહોતી તે થઈ છે. અભાવનો ભાવ થયો છે એમ કહે છે. માટે તે અસત્ ઉત્પાદ છે. સત્ એટલે ભાવ, અસત્ એટલે નહોતો. નહોતો તે થયો. પર્યાયરૂપે તો નવો જ થયો ને? માટે અસત્ ઉત્પાદ છે.

મુમુક્ષુ :- 'સમયસાર'માં અભાવભાવ, ભાવઅભાવ શક્તિ આવે છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. છે. એ શક્તિ છે પાછી. એવી પણ શક્તિ જ છે. એ પણ શક્તિ છે એમ કહેવું છે.

**'દ્રવ્ય વડે સત્ ઉત્પાદ છે, પર્યાયથી અસત્ ઉત્પાદ છે. જ્ઞેય-જ્ઞાયક, ઉપચાર સંબંધ છે, ઉપચારથી જ્ઞેય જ્ઞાનમાં અને જ્ઞાન જ્ઞેયમાં;...'** ખરેખરે એકબીજામાં નથી. ઉપચારથી જ્ઞેય જ્ઞાનમાં છે અને જ્ઞાનમાં જ્ઞેયો છે એ ઉપચાર કહેવામાત્ર છે. કાંઈ કોઈ જ્ઞેય જ્ઞાનમાં આવતું નથી અને જ્ઞાન જ્ઞેયમાં જતું નથી. ફિઝીકલી કોઈ જતું નથી. ખાલી પ્રતિબિંબ પડે છે એ જ્ઞાનની જ પર્યાય છે. **'તેથી વસ્તુત્વથી સત્ ઉત્પાદ છે,...'** એટલે દ્રવ્ય વડે તો સત્‌નો ઉત્પાદ છે. **'પર્યાય વડે અસત્‌નો ઉત્પાદ છે.'** અસત્ ઉત્પાદ છે.

**'અહીં કોઈ પ્રશ્ન કરે છે કે-પર્યાય વગર દ્રવ્ય હોતું નથી, દ્રવ્યની સિદ્ધિ પર્યાયથી છે, પર્યાય વડે અસત્ ઉત્પાદ (છે) તેથી અસત્ ઉત્પાદ વડે સત્ ઉત્પાદ સિદ્ધ થયો!'** એમ થઈ ગયું તો પછી? પ્રશ્ન કર્યો. ઉત્પાદ વડે સત્ ઉત્પાદ કર્યો? **'(તેમ જ) દ્રવ્યથી પર્યાય થાય છે તેથી સત્ ઉત્પાદથી અસત્ ઉત્પાદ થયો! (-તો પછી) પર્યાય વડે અસત્ ઉત્પાદ દ્રવ્ય વડે સત્ ઉત્પાદ-એમ શા માટે કહો છો?'** ક્રોસ કર્યો. તમે એમ કહો છો કે પર્યાય વડે દ્રવ્યની સિદ્ધિ છે તો અસત્ વડે તમે સત્‌ની સિદ્ધિ કરી. વળી તમે એમ કહો કે દ્રવ્ય પોતે જ સત્ ઉત્પાદ થયો, દ્રવ્ય પોતે જ પરિણમ્યું પર્યાયમાં વ્યાપ્ય-વ્યાપકપણે. તો સત્‌નો ઉત્પાદ થયો. સત્ વડે અસત્‌નો ઉત્પાદ થયો? શું તમારે કહેવું છે? ક્રોસ કર્યો છે. આ તો જૈનદર્શનમાં જ આ આવે છે. બીજે તો ગોટો જ મારી દે. 'યોગીવાશિષ્ઠ' વાંચો તો ગોટો માર્યો હોય. પ્રશ્ન આવે તો કહે એ ઉત્તર તને પછી દેશું, અત્યારે નહિ. પછી આવે જ નહિ. હજી તું પાત્રતા તૈયાર કર. આ પ્રશ્ન માટે હજી તારે પાત્રતા તૈયાર કરવાની બાકી છે.

પ્રશ્ન ઉઠે છે. એનો અર્થ એમ થાય છે કે એ લોકોને પ્રશ્ન તો ઉઠે છે. ઉત્તર નથી એની પાસે. એટલે પછી શિષ્ય 'રામચંદ્રજી' જેવા છે. ગુરુ વશિષ્ઠ જેવા છે. તોપણ 'રામચંદ્રજી'ને એમ કહે છે કે તમારી પાત્રતા થોડું સમજ્યા પછી તૈયાર થશે ને ત્યારે હું એનો ઉત્તર દઈશ. પછી આગળ ક્યાંય ઉત્તર આવતો નથી. એવું છે.

બધા એકેએક ક્રોસ લીધા છે. અને જેટલી કથનની અપેક્ષાઓ છે અને વિવિક્ષાઓ છે એ કેવી રીતે એ બધી વિવિક્ષાઓ શાસ્ત્રમાં અપેક્ષાઓ ચાલી છે એ સ્પષ્ટ કર્યું છે. આવી બધી ચર્ચા કરીને એ બધી વિવિક્ષાઓ સ્પષ્ટ કરી છે. એટલે કોઈ જીવ ગમે તેવું વચન આવે તો એમાં મૂંઝાય નહિ. એને એમ ન લાગે કે આમ કેમ કહ્યું? અસત્ ઉત્પાદ કેમ કહ્યો? સત્ ઉત્પાદ કેમ કહ્યો? ફલાણું કેમ કહ્યું? કાંઈ એને પ્રશ્ન ન રહે. એટલા માટે સ્પષ્ટીકરણ આપ્યું. અહીં સુધી રાખીએ.

નોંધ :— પ્રવચન નં. ૮, ફક્ત ૯ મિનિટનું હોવાથી લેવામાં આવેલ નથી.

**તા. ૧૩-૬-૧૯૯૧, પાના નં. ૪૩**
**પ્રવચન નં. ૯**

વ્યવહારનું પ્રકરણ છે. 'આત્મઅવલોકન'માં પણ આ પ્રકરણ આપી દીધું છે. '**પર્યાયાર્થિકનયના અનેક ભેદ તેમજ ગુણના ભેદ વડે વ્યવહારનય કહીએ.**' બે પ્રકારે વ્યવહારનય કહે છે. એક પર્યાયાર્થિકનયના અનેક ભેદો છે પર્યાયોના તેના વડે અને એક ગુણના ભેદો વડે. એમ વ્યવહારનય બે રીતે પ્રવર્તે છે.

'**સામાન્યસંગ્રહ ભેદકવ્યવહારથી જીવ, અજીવ દ્રવ્ય કહીએ.**' એ આલાપપદ્ધતિ-માંથી વ્યાખ્યા લીધી છે. સામાન્યસંગ્રહ એટલે જીવરાશિ અને અજીવરાશિ એવા બે ભેદ કરીએ. સંગ્રહના ભેદક એટલે બે જ ભેદ કરીએ. છ દ્રવ્યમાંથી બે ભેદ પાડવામાં આવે— એક જીવો અને બાકીના અજીવો. પછી એજીવ કેટલા એ સંગ્રહનયમાં આવી ગયા પાંચે પાંચ. '**વિશેષસંગ્રહ ભેદવ્યવહારથી જીવ, સંસારી, મુક્તરૂપ કહીએ.**' પછી જીવનો સંગ્રહનયમાં ભેદ પાડવામાં આવે તો બે ભેદ પાડીએ તો એક સંસારી જીવો અને એક મુક્ત જીવો એવા બે ભેદ પાડીએ. એ પણ આલાપપદ્ધતિમાંથી લીધું છે.

'**શુદ્ધ સદ્‌ભુતવ્યવહાર, જેમ કે શુદ્ધ ગુણ, શુદ્ધ ગુણી (એવા) ભેદ કરીએ. અશુદ્ધસદ્‌ભૂતવ્યવહાર, જેમ કે મતિ આદિ ગુણ જીવના કહીએ. વ્યવહારના અનેક ભેદ છે.**' શુદ્ધ સદ્‌ભુતવ્યવહારમાં શુદ્ધ ગુણ અને શુદ્ધ ગુણી. શુદ્ધ સદ્‌ભુતવ્યવહાર અનુપચાર લીધો. ગુણ-ગુણીનો ભેદ અનુપચાર. અને શુદ્ધ અસદ્‌ભૂતવ્યવહાર. સદ્‌ભુત એટલે એનામાં છે, જ્ઞાનાદિ એનામાં છે. પણ અશુદ્ધ લીધા. મતિ આદિ અશુદ્ધ લીધા. એ જીવના કહીએ. એવી રીતે વ્યવહારના અનેક ભેદ છે. સદ્‌ભુત એટલે એનામાં હોવું, પછી શુદ્ધ અને અશુદ્ધ એવા બે ભેદ પાડવામાં આવે છે. ગુણ-ગુણીભેદને શુદ્ધ કહ્યા, મતિ આદિ જ્ઞાનને અશુદ્ધ કહ્યા. પર્યાય અશુદ્ધમાં જાય છે. બધી જગ્યાએ પર્યાયને અશુદ્ધનયના વિષયમાં (નાખવામાં આવે છે).

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. અશુદ્ધનયમાં જાય છે.

મુમુક્ષુ :- પર્યાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. અથવા શુદ્ધ લ્યો તો પછી ઉપચાર લેવામાં આવે છે. શુદ્ધ સદ્‌ભૂતમાં લ્યો તો ઉપચારમાં લેવું. જુદા જુદા જ્ઞાનીઓ જુદા જુદા દૃષ્ટિકોણથી એક જ વ્યવહારને જુદી જુદી રીતે કહે છે એવું પણ બને છે.

'**વ્યવહારથી પરપરિણતિરૂપ રાગ-દ્વેષ-મોહ-ક્રોધ-માન-માયા-લોભાદિ (છે તે) અવલંબન હેય કરવું; સંસારી જીવોએ એક ચૈતન્ય આત્મસ્વરૂપ વિષે અવલંબન કરવું;—સર્વથા સ્વરૂપ ઉપાદેય કરવું અને વૈરાગ્યતા, સંવર એકદેશ ઉપાદેય કરવા. વ્યવહાર-હેય-ઉપાદેયનો આવો ઉપદેશ જાણવો.**' હવે શું કહે છે? કે જીવ જે અત્યારે સંસારની અંદર જે પરિસ્થિતિમાં છે એમાં એને વ્યવહાર હેય છે અને નિશ્ચય ઉપાદેય છે. પણ વ્યવહારની અંદર સર્વથા હેયપણું નથી. કેટલોક વ્યવહાર એકદેશ ઉપાદેય છે, એકદેશ હેય છે. એટલું વિશેષ છે એની અંદર. જ્યારે નિશ્ચય સ્વરૂપ જે ચૈતન્ય આત્મસ્વરૂપ છે એ અવલંબનને યોગ્ય છે અને એમાં બીજો ભંગભેદ નથી. એ તો સમ્યક્ એકાંતે ઉપાદેય જ છે. સમ્યક્ એકાંતપણે ઉપાદેય જ છે.

ફરીથી. '**વ્યવહારથી પરપરિણતિરૂપ રાગ-દ્વેષ-મોહ-ક્રોધ-માન-લોભાદિ (છે તે) અવલંબન હેય કરવું;...**' એટલે એનું અવલંબન છોડવું. એ જીવને વ્યવહારથી પરપરિણતિરૂપ છે. પર આશ્રિત પરિણતિ તે બધી પરપરિણતિ છે. '**સંસારી જીવોએ એક ચૈતન્ય આત્મસ્વરૂપ વિષે અવલંબન કરવું;...**' એટલે અવલંબનનો વિષય તો એક પોતાનું શુદ્ધ ચૈતન્યછે. '**સર્વથા સ્વરૂપ ઉપાદેય કરવું...**' એની અંદર બીજો ભંગભેદ નથી. એ સમ્યક્ એકાંત છે. સર્વથા તે ઉપાદેય કરવાયોગ્ય છે. પછી વૈરાગ્ય, સંવર એ વ્યવહારના ભેદ છે. એ એકદેશ ઉપાદેય કરવા. એકદેશ ઉપાદેય કરવા એનો અર્થ એ છે કે એ સાધકદશામાં ઉપાદેય છે. સાધકદશામાં ઉપાદેય છે પણ સર્વથા ઉપાદેય નથી. કેમકે તે દશા છોડીને પૂર્ણ દશા પ્રાપ્ત કરવા યોગ્ય છે. એટલે એકદેશ ઉપાદેય (કહ્યું).

એવી રીતે '**વ્યવહાર-હેય-ઉપાદેયનો આવો ઉપદેશ જાણવો.**' તેમાં ઉપાદેયપણું પણ છે એકદેશ અને હેયપણું પણ છે. એમ સાથે રાખવું. જેમ કે નિસરણી છે ઉપર ચડવા માટે તે .. યોગ્ય છે. ઉપર જવા માટે નીચેના પગથિયા ઉપરથી, જેના ઉપર પગ મૂક્યો છે એ છોડી.. '**પર્યાયભેદ કરવો તે વ્યવહાર છે. સ્વ (-પોતામાં) સ્વભાવ, સ્વભાવી કહેવું તે શુદ્ધ વ્યવહાર છે.**' ગુણગુણી ભેદનો. તે શુદ્ધ વ્યવહાર છે. એ આલાપ પદ્ધતિમાંથી ... '**અને સ્વભાવથી અન્યથા કહેવું તે અશુદ્ધ વ્યવહાર છે.**' સ્વભાવવાનનો ભેદ પાડવો તે શુદ્ધ વ્યવહાર છે અને સ્વભાવથી બીજી રીતે કહેવું તે બધું અશુદ્ધતામાં જાય છે. સ્વભાવ

છોડીને ... ... ...

**पर्यायभावना सर्वे सर्वे भेदकरणा च जोगरक्षणा हि।**
**स्वभावतोऽन्यथा कथना तं व्यवहारं जिनभणितं।।**

'(૧) **પર્યાયના જેટલા ભાવ છે તે સર્વે વ્યવહાર નામ પામે છે.**' જેટલા પર્યાય છે એ બધા વ્યવહારના વિષયો હોવાથી એ પર્યાયના નામ પામે છે. '(૨) **જેટલા એકના અનેક ભેદ કરવામાં આવે તે સર્વે વ્યવહાર નામ પામે છે.**' એ પણ ગુણગુણી ભેદમાં જાય છે. ગુણી એક છે અને ગુણ અનેક છે. એક અનેકના ભેદ થઈ ગયા.

'(૩) **બંધાણું અને છૂટયું-એવા જેટલા ભાવ છે તે સર્વે વ્યવહાર નામ પામે છે.**' કર્મ બંધાણું અને કર્મ છૂટયું એ પણ વ્યવહાર નામ પામે છે. '**અને (૪) સ્વભાવથી અન્ય ભાવનું જે કથન છે...**' એટલે રાગાદિ વિકાર. '**તે સર્વ વ્યવહાર નામ પામે છે.-**' ... પ્રમત્ત-અપ્રમત્ત. પણ જે '**સ્વભાવથી અન્ય ભાવનું જે કથન છે તે સર્વ વ્યવહાર નામ પામે છે.-આવો વ્યવહાર જિનાગમ વિષે કહ્યો છે.**' આવો જે વ્યવહાર છે તે જિનાગમ વિષે કહ્યો છે.

અબુદ્ધિપૂર્વકમાં અનુપચાર ..બુદ્ધિપૂર્વકના રાગમાં ઉપચાર .. અસદ્‌ભુત ઉપચાર, અસદ્‌ભુત ઉપચાર અને ...

'**હવે અહીં વ્યવહારના પ્રકારોનું વિસ્તારથી વર્ણન કરે છે :- અહીં જે વિસ્તાર-વર્ણન કર્યું છે તે આત્મઅવલોકનમાં કહેલા ચાર પ્રકારના ક્રમ અનુસાર છે; (અને એ વર્ણન આત્મઅવલોકનમાં પણ અક્ષરશઃ છે).**' બંને ગ્રંથમાં (છે). રચનાર એક જ છે અને આ પ્રકરણ એમણે બેય ગ્રંથમાં લીધા છે.

પહેલો ભેદ. '**પર્યાયના જેટલા ભાવ છે તે સર્વે વ્યવહાર નામ પામે છે.**' '**આકાશ વિષે સર્વ દ્રવ્યોનું રહેવું, જીવ-પુદ્‌ગલને ગતિ-સ્થિતિમાં ધર્મ-અધર્મદ્રવ્યનો સહકાર હોવો; અથવા સર્વ દ્રવ્યોને પરિણામ પરિણામાવવામાં કાળની વર્તનાનો સહકાર હોવો; પુદ્‌ગલાદિની ગતિ વડે કાળ દ્રવ્યના પરિણામ ઉપજાવવા;...**' દિવસ-રાત, કલાક-મિનિટ વગેરે.

'**જ્ઞાન વિષે જ્ઞેય, જ્ઞેય વિષે જ્ઞાન, જ્ઞાન દર્શનની એક એક શક્તિ એક એક સ્વ-પર જ્ઞેય ભેદ પ્રત્યે જ લગાવવી,-આવા ભાવો; તેમજ પરસ્પર સર્વ દ્રવ્યોનો મેળાપ થવો-**' સંયોગ થવો. '**એવા એવા પર્યાયના ભાવો (તે વ્યવહાર છે.)**' છએ દ્રવ્યની વાત લઈ લીધી. જીવની પણ વાત લઈ લીધી. ત્યાં જ્ઞાન-દર્શન લીધા. રાગાદિ ન લીધા. કેમકે એ નથી લેવા. અન્ય ભાવમાં, સ્વભાવથી અન્ય ભાવમાં લેવા છે એટલે જ્ઞાનદર્શન જ લીધા.

**'વળી, વિકાર ઊપજ્યો ને સ્વભાવ નાશ થયો, તેમ જ સ્વભાવ ઊપજ્યો ને વિકાર નાશ થયો; જીવ ઊપજ્યો, જીવ મર્યો; આ પુદ્‌ગલ સ્કંધરૂપ થયા અથવા કર્મરૂપ થયા (અથવા) અવિભાગી પુદ્‌ગલ થયા, સંસાર પરિણતિ નાશ થઈ, સિદ્ધ પરિણતિ ઊપજી; આવરણ-મોહ અંતરાય કર્મની રોક નાશ થઈ, અનંતજ્ઞાન-અનંતદર્શન-અનંતચારિત્ર અને અનંતવીર્ય ખૂલ્યા; મિથ્યાત્વ ગયું. સમ્યક્ત્વ થયું; અશુદ્ધતા ગઈ, શુદ્ધતા થઈ; પુદ્‌ગલવડે જીવ બંધાયો, જીવનું નિમિત્ત પામીને પુદ્‌ગલો કર્મરૂપ થયા, જીવે કર્મોનો નાશ કર્યો, આ વણસ્યું, આ ઊપજ્યું,-એવા પર્યાયના ઊપજતા-વણસ-તા ભાવને લીધે સર્વે, વ્યવહાર નામ પામે છે.'** આ બધા દૃષ્ટાંત આપ્યા છે. મૂળ તો એમ કહેવું છે કે જે ભાવ, જેટલા ભાવો પર્યાયના ઊપજે-વિણસે, ઉત્પાદ-વ્યયરૂપ જે ભાવો થાય એ બધા વ્યવહારમાં જાય છે. એમ લેવું છે. **'એવા પર્યાયના ઉપજતા-વણસતા ભાવને લીધે સર્વે, વ્યવહાર નામ પામે છે.'** એક ભેદ થયો એ પર્યાયના ભાવોનો. હવે એકના અનેક ભેદ.

**'વળી, એક આકાશના લોક અને અલોક (એવા) ભેદ કરીએ;...'** તો વ્યવહારે. અખંડ આકાશ ત્યાં. બે ભેદ પાડ્યા—લોકાકાશ અને અવલોકાકાશ. **'કાળની વર્તનાના અતીત, અનાગત અને વર્તમાન (એવા) ભેદ કરવા,...'** ત્રણ કાળ લેવા. **'એ પ્રમાણે બીજું (પણ સમજવું). વળી, એક વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાય વડે ભેદ કરવા;...'** એકમાં અનેકના ભેદ કરવા. અથવા **'(એક સત્‌ના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે ભેદ કરવા; એક વસ્તુના કર્તા-કર્મ-ક્રિયા વડે ભેદ કરવા;...'** ધ્યાન-ધ્યાતા-ધ્યેય વડે ભેદ કરવા, જ્ઞાન-જ્ઞાતા-જ્ઞેય વડે ભેદ કરવા. એ બધા એમાં આવી જાય છે.

**'એક જીવ વસ્તુના બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા (એવા ભેદ કરવા); એક દ્રવ્ય સમૂહના અસંખ્યાત કે અનંત પ્રદેશો વડે ભેદ કરવા.'** એના ક્ષેત્રમાં ભેદ પાડવા છે. પછી **'(એક દ્રવ્યના અનંત ગુણ વડે ભેદ કરવા; એક ગુણના અનંત શક્તિ વડે ભેદ કરવા.) એક દ્રવ્ય-એક પર્યાયના અનંત પરિણામ વડે ભેદ કરવા,...'** ....

**'સમ્યક્ત્વ, આસ્તિકાય, શ્રદ્ધાન, નિયત, પ્રતીતિ, યત્ તત્ (જે છે તે), એતત્ (આ) (-એવા) સમ્યક્ત્વના નામ ભેદ કરવા); ચારિત્ર, આચરણ, (સ્થિર), વિશ્રામ, સમાધિ, સંયમ, સમય, અકાંતમગ્ન, સ્થગિત, અનુભવન, પ્રવર્તન-(એવા ચારિત્રના-નામભેદ કરવા); સુખ, આનંદ, રસ-સ્વાદ, ભોગતૃપ્તિ, સંતોષ (-એવા સુખના નામભેદ કરવા); વીર્ય, બળ-શક્તિ, બળ, ઉપાદાન, તેજ, ઓજ (પ્રતાપ)-(એવા વીર્યના નામભેદ કરવા).'** એ બધા એક જ ગુણના નામભેદ છે.

**'એક અશુદ્ધના વિકાર, વિભાવ, અશુદ્ધ, મળ, પરભાવ, સંસાર, આસ્રવ, રંજભાવ, ક્ષણભંગ, ભ્રમ-(એવા નામ ભેદ કરવા);...'** ...

**'એક જ્ઞાનના મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય અને કેવળ-પર્યાયવડે ભેદ કરવા-એ રીતે અન્ય (ગુણોમાં સમજવું); જ્ઞાન-દર્શન-ચારિત્ર વિગેરે એકેક ગુણમાં કોઈ જઘન્ય-ઉત્કૃષ્ટપણાથી પરિણતિભેદ કરવા, એક વસ્તુના નિશ્ચય-વ્યવહાર પરિણતિથી ભેદ કરવા-(એ પ્રમાણે) તે સર્વે ભેદભાવ, વ્યવહારપરિણતિ (એવા) ભેદ કરવા. એવી એવી રીતે એકેકના ભેદ કરવા તે સર્વે ભેદભાવ વ્યવહાર નામ પામે.'** ...

**'વળી ચિરકાળના (વિ)ભાવના વશથી, સ્વભાવ છોડીને દ્રવ્ય-ગુણ-પર્યાયને અન્યભાવ કહીએ. (જેમ કે-) જ્ઞાનીને અજ્ઞાની, સમ્યક્ત્વીને મિથ્યાત્વી, સ્વસમયીને પરમસમયી, સુખીને દુઃખી; અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર સુખ-વીર્યને અલ્પરૂપ કહીએ; જ્ઞાનને અજ્ઞાન, સમ્યક્ત્વને મિથ્યાત્વ, સ્થિર ને ચપળ, સુખને દુઃખ, ઉપાદેયને હેય, અમૂર્તિકને મૂર્તિક, પરમ શુદ્ધને અશુદ્ધ, એકપ્રદેશી પુદ્ગલને બહુપ્રદેશી, પુદ્ગલને કર્મત્વ, એક ચેતનરૂપ જીવને માર્ગણા-ગુણસ્થાનાદિ જેટલી પરિણતિ, વડે નિરૂપવો...'** ચૌદ માર્ગણા, ચૌદ ગુણસ્થાન, ચૌદ જીવસ્થાન વગેરે એ બધો વ્યવહાર છે. .. નિષેધ કર્યો. ૫૦ થી ૫૫ ગાથામાં 'સમયસાર'માં જીવસ્થાન, ગુણસ્થાન, માર્ગણાસ્થાન જીવને નથી એમ લેવું. કારણ કે વ્યવહાર છે.

**'વળી, એક જીવને પુણ્ય-પાપ, આસ્રવ-સંવર (-નિર્જરા)-બંધ અને મોક્ષપરિણતિ વડે નિરૂપવો (તે),...'** પણ વ્યવહાર છે. **'અને જેટલું વચનપિંડવડે કથન છે તે સર્વ વ્યવહાર નામ પામે.'** આ નિશ્ચયનું વચનથી કહેવાય એ પણ વ્યવહારમાં જાય છે. નિશ્ચયનો વિષય જે વચનથી કહેવાય તે વ્યવહારમાં જાય છે. તો 'પંચાધ્યાયી'એ એ શૈલી લીધી, ન ઈતિ, ન ઈતિ. કથન કરો એટલે વ્યવહાર થઈ જાય છે. નિશ્ચય તો કથનમાં આવતું નથી. એટલે વ્યવહારનો નિષેધ કરે છે. ... ન ઈતિ—એમ નહિ. વ્યવહાર .. એ રીતે વેદાંતમાં નેતિ નેતિ ... આત્માને એમ કહે છે કે પરબ્રહ્મ પરમબ્રહ્મ કેવો છે? કે જેને સ્મૃતિ નેતિ નેતિ કહીને પોકારે છે તે પરમ બ્રહ્મસ્વરૂપ છે. એ લોકો એમ કહે છે. જે 'પંચાધ્યાયી' કહે છે એવું જ એ કહે છે.

મુમુક્ષુ :- 'સમ્યગ્જ્ઞાનદિપીકા'માં 'ધર્મદાસ ક્ષુલ્લકે' કહ્યું એ જ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ એમ કહે છે. ઈ એક પદ્ધતિ છે. કેમકે પરમશુદ્ધ નિશ્ચયનો વિષય વચનગોચર નથી થતો. વચનગોચર કરવા જતા વ્યવહારનો ભેદ પડી જાય છે. કેમકે એક પણ વચન 'આત્મા' એમ કહેતા અનંત ગુણોનું આત્મીયપણું જેમાં છે તેને આત્મા

એમ કહે. તો એક આત્મીયપણાનો ધર્મ એમાં આવી ગયો—આત્મધર્મ. એમ દ્રવ્ય કહેતા દ્રવ્યત્વ ધર્મ આવી ગયો. સત્‌ કહેતા સત્તા ધર્મ આવી ગયો. ચિત્ત કહેતા ચૈતન્ય ધર્મ આવી ગયો, આનંદ કહેતા આનંદ ધર્મ આવી ગયો. એક ધર્મવાળો તો છે નહિ. અનેક ધર્મોથી અનિર્વચનીય છે એને એક ધર્મથી કહેવો તે વ્યવહાર છે. એમ.

આ ભાઈ એમાં મૂંઝાણા ને? કે નિત્ય અને અનિત્ય બે થઈને આખું દ્રવ્ય છે નિત્યઅનિત્યતાત્મક. એમાં અનિત્ય વ્યવહારનયનો વિષય છે પણ નિત્ય વ્યવહારનયનો વિષય કેમ 'પંચાધ્યાયી'માં કહ્યું? .. અત્યાર સુધી તો એમ સમજ્યા હતા કે નિત્ય નિશ્ચયનયનો પણ વિષય છે અને નિત્ય વ્યવહારનયનો પણ વિષય છે. બેય રીતે કહેવાય છે. ... ભેદ ગણીને વ્યવહાર પણ કહ્યો છે.

જીવને એક પદને જુદી જુદી રીતે જુદા જુદા દૃષ્ટિકોણથી કહે ત્યારે કયો દૃષ્ટિકોણ છે એ સમજાય તો મુંઝવણ ન થાય. નહિતર એમ થાય કે આમ કેમ કહે છે? ઘડીક તેને ને તેને નિશ્ચય કહે અને ઘડીક તેને પાછો વ્યવહાર કહે. પછી આમાં નિર્ણય શું કરવો અમારે? એમાં કાંઈ કરવાનો પ્રશ્ન નથી. એમ જ નિર્ણય થાય. એક જ વ્યક્તિને પિતા અને પુત્ર બેય એક જ વખતે છે. એના પિતાની અપેક્ષાએ એ પુત્ર છે અને એના જ પુત્રની અપેક્ષાએ એ પિતા છે. બંને એક જ વખતે કહી શકાય. બંને એક જ વખતે છે જ. ...

એટલે તો કહ્યું કે '**જેટલું વચનપિંડવડે કથન છે તે સર્વ વ્યવહાર નામ પામે.**' નાખી દીધું છેલ્લે. બધા વ્યવહારનો સરવાળો મારી દીધો. એટલે તો પર્યાયને દ્રવ્યાર્થિકનયથી કહેવાય છે અને દ્રવ્યને પર્યાયાર્થિકનયથી કહેવાય છે. દ્રવ્યને પર્યાયાર્થિકનયથી (કહેવાય)? કે હા, કહેવાય છે. એમાં શું છે? એ તો જૈનદર્શનમાં કથનશૈલીની આ તો વિશિષ્ટતા છે. સમજીને કહે છે એ બધું બરાબર જ કહે છે. વસ્તુના સ્વરૂપને સમજીને કહે છે એ યથાર્થ જ કહે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. જેમકે દ્રવ્યને પર્યાયાર્થિકનયથી એમ કહેવાય કે અનાદિઅનંત પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. તો પર્યાયોના પિંડને દ્રવ્ય કીધો. એમાં દ્રવ્ય ક્યાં આવ્યું? તો કહે છે, અનાદિઅનંત પર્યાયો જેમાંથી નીકળ્યા કરે છે એનો પિંડ છે એ દ્રવ્ય જ છે. તો દ્રવ્યને પર્યાયથી કીધું કે નહિ? અને જ્ઞાનલક્ષણને જ્યાં કહેવું છે એ પર્યાયમાં જ્ઞાનલક્ષણ છે દ્રવ્યાર્થિકનયથી એને ત્યાં દ્રવ્ય બતાવવું છે. પર્યાય નથી બતાવવી. લક્ષણથી લક્ષ બતાવવું છે અને લક્ષ છે ઈ દ્રવ્ય છે. જ્ઞાનલક્ષણને ત્યાં દ્રવ્યાર્થિકનયથી દ્રવ્ય કહીએ છીએ. જ્ઞાનને દ્રવ્ય કહીએ છીએ.

દ્રવ્યના એક અંશમાં દ્રવ્યનો ઉપચાર કરીને દ્રવ્ય કહીએ છીએ. પર્યાય દ્રવ્યનો અંશ છે.

એક અંશમાં દ્રવ્યનો ઉપચાર કરીને એને દ્રવ્ય કહીએ છીએ. એટલે સમજીને કહેવામાં કાંઈ ભાષાનો દોષ નથી. વગર સમજે કહે તો સાચું કહે એ એનું ખોટું છે. સમજીને કહે એમાં કોઈ ભાષાદોષ છે નહિ. કેમકે એના જ્ઞાનમાં વસ્તુનું સ્વરૂપ બરાબર છે. માટે એના વચનને નિર્દોષ સમજવું.

મુમુક્ષુ :- દ્રવ્ય પરિણામે છે એ પર્યાયાર્થિકનયથી છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પર્યાયાર્થિકનયથી કહેવાય છે. પરિણમતું દ્રવ્ય. પર્યાય તે ધર્મ. આ ભવ્યત્વ-અભવ્યત્વ શું છે? એ પર્યાયાર્થિકનયથી દ્રવ્યનું કથન છે. ભવ્યત્વ-અભવ્યત્વ. ખરેખર તો ભવ્ય-અભવ્ય ગુણ દ્રવ્યમાં છે. પણ ભવ્યત્વ-અભવ્યત્વ પર્યાયને લાગુ પડે છે. માટે એ પર્યાયની પ્રધાનતાથી દ્રવ્યનું કથન છે. અને એવા કથનો શાસ્ત્રમાં આવવાના. એટલા માટે એમાં ઓછાવત્તા પ્રમાણમાં સ્પષ્ટીકરણથી ખુલાસા કરવામાં આવે છે કે એવા કથન આવે ત્યારે કાંઈ મુંઝાવાની જરૂર નથી. વસ્તુનું સ્વરૂપ સમજી લેવું. સીધી વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. કાંઈ જરૂર નહિ. એ તો કીધું નહિ? પિતાને પિતા કહો એમાં કાંઈ અપેક્ષા ખોલીને થોડું કહે વ્યવહાર કરે ત્યારે. અપેક્ષા ખોલવાની વાતે વાતે જરૂર રહેતી નથી.

મુમુક્ષુ :- એ વખતે એ ભાવને...

પૂજ્ય ભાઈશ્રી :- બધા સમજી જાય. સમજી જ જાય. પરિચિત છે ને. વ્યવહારથી પરિચિત છે માટે સમજી જાય છે. અપરિચિત હોય એ ન સમજે. એમ શાસ્ત્રથી અપરિચિત હોય તે ન સમજે. પરિચિત હોય એ બધા સમજી જાય છે કે શાસ્ત્રકાર શું કહેવા માગે છે. એટલે એવી જે ખાસ .. એનો તો પરિચય હોવો જોઈએ શાસ્ત્રથી.

**'વળી એક સામાન્યથી-સમુચ્ચયથી વ્યવહારનો આટલો અર્થ જાણવો;-આટલો દ્રવ્ય વ્યવહાર જાણવો કે, જે ભાવ વસ્તુ સાથે અવ્યાપકરૂપ સંબંધવાળો હોય-વસ્તુ સાથે વ્યાપ્યવ્યાપક(રૂપ) એકમેક સંબંધવાળો ન હોય તે વ્યવહાર નામ પામે-આવું વ્ય-વહાર ભાવનું કથન દ્વાદશાંગ વિષે ચાલ્યું છે તે જાણવું.'** હવે આ સમુચ્ચય અર્થ લીધો છે. વ્યવહારનો આ સમુચ્ચય અર્થ લીધો છે કે **'આટલો દ્રવ્ય વ્યવહાર જાણવો કે, જે ભાવ વસ્તુ સાથે અવ્યાપકરૂપ સંબંધવાળો હોય-વસ્તુ સાથે વ્યાપ્યવ્યાપક (રૂપ) એકમેક સંબંધવાળો ન હોય તે વ્યવહાર નામ પામે-'** આ એક સમુચ્ચય વાત છે. મોટી વાત છે. **'આવું વ્યવહાર ભાવનું કથન દ્વાદશાંક વિષે ચાલ્યું છે તે જાણવું.'** એમ કહીને એટલા માટે લીધું છે કે જે ઉપાદેયભૂત વસ્તુ છે એમાં જેને વ્યાપ્ય-વ્યાપક સંબંધ નથી એ હેયરૂપ

વ્યવહાર જાણવો. એનું હેયપણું કરી નાખવું. એ દ્વાદશાંગની અંદર એ વાત લીધી છે. એ સમુચ્ચયપણે એમ જાણવું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે શું છે કે હેય-ઉપાદેયમાં પ્રયોજન છે. અને વ્યવહાર-માં પણ કેટલોક અંશે ઉપાદેય છે અને અંશે હેય છે. તો વ્યાપ્ય-વ્યાપકતાથી એને હેય-ઉપાદેયપણે વિચારી લેવું, સમુચ્ચયપણે. એ રીતે દ્વાદશાંગમાં સારાંશરૂપે કથન સમજવું.

મુમુક્ષુ :- બહુ સરસ..

પૂજ્ય ભાઈશ્રી :- એ વાત સારી કરી છે. પોતે અનુભવી છે ને એટલે સામાન્ય વ્યવહાર આ રીતે દ્વાદશાંગમાંથી પકડાય છે એમ કહેવું છે. વ્યવહાર હેય છે તો વ્યાપ્યવ્યાપકપણું નથી ત્યાં હેયપણું આવી જાય છે.

મુમુક્ષુ :- આ પ્રયોગપદ્ધતિથી નક્કી કરી શકાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બસ.

મુમુક્ષુ :- એ .. એટલે એ સ્વભાવ થયો.

પૂજ્ય ભાઈશ્રી :- એ સ્વભાવ થયો.

**'આ પ્રમાણે વ્યવહારનું સ્વરૂપ કહ્યું.'**

હવે 'નિશ્ચય'નું સ્વરૂપ કહે છે.

**जेसिं गुणाणं पचयं, णियसहावं च अभेयभावं च।**
**दव्वपरिणमणाधिणं तण्णिच्छयं भणियं ववहारेण।।**
**येषां गुणानां प्रचयं, निजस्वभावं च अभेदभावं च।**
**द्रव्यपरिणमनाधीनं, तं निश्चयं भणितं व्यवहारेण।।**

'**येषां गुणानां प्रचय**' પછી એનું ને એનું સંસ્કૃત છે. પેલું માગધી છે. એનું ને એનું સંસ્કૃત છે.

**येषां गुणानां प्रचयं एकसमूहं तं निश्चयं। पुनः येषां द्रव्य-गुण-पर्यायाणां निजस्वभावं निजजातिस्वरूपं तं निश्चयं। पुनः येषां द्रव्य-गुणानां गुणशक्ति पर्यायाणां यं अभेदभावं एकप्रकाशं तं निश्चयं। पुनर्येषां द्रव्याणां यं द्रव्यपरिणमनाधीनं तस्य द्रव्यस्य परिणाम आश्रयं भावं तं निश्चयं, एतादृशं निश्चयं व्यवहारेण वचनद्वारेण भणितं वर्णितं।।**

પહેલા વચનનું ગુજરાતી. '(૧) **જે નિજ અનંત ગુણો (છે)...**' '**येषां गुणानां प्रचयं**' વિસ્તાર. '**प्रचयं**' એટલે વિસ્તાર. '**જે નિજ અનંત ગુણો (છે) તેનો જે પરસ્પર એક જ સમૂહ-**' એટલે એક રૂપ. '**एकसमूहं**' એક પુંજ એકરૂપ. '**તે નિશ્ચયનું રૂપ જાણવું**'

**'तं निश्चयं।'** તે નિશ્ચયનું રૂપ જાણવું. અહીં નિશ્ચયના ભંગભેદ લેશે. આ એક પ્રકરણમાં નિશ્ચયના પણ કેટલા ભેદો છે એ બધા ભેદો બતાવશે આમાં.

એક તો અનંત ગુણોના એકરૂપને નિશ્ચયનું સ્વરૂપ કહ્યું. બીજું **'पुनः येषां द्रव्य–गुण–पर्यायाणां निजस्वभावं निजजातिस्वरूपं तं निश्चयं।'** **'એક નિજ દ્રવ્યના અનંત ગુણ–પર્યાયોનું જે કેવળ નિજ જાતિ સ્વરૂપ તે પણ નિશ્ચયનું રૂપ જાણવું.'** અનંત ગુણપર્યાય પણ એની જાતિના, આત્માની જાતિના. એને નિશ્ચયનું રૂપ જાણવું.

ત્રીજું. **'पुनः येषां द्रव्य–गुणानां गुणशक्ति पर्यायाणां यं अभेदभावं एकप्रकाशं तं निश्चयं।'** **'એક નિજ દ્રવ્યના અનંત ગુણોને એક હેવા (તેમ જ) ગુણના અનંત પર્યાયોને જે એક જ સ્વરૂપથી ભાવવા;...'** તેને પણ નિશ્ચય કહેવામાં આવે છે. **'द्रव्य–गुणानां गुणशक्ति पर्यायाणां यं अभेदभावं एकप्रकाशं तं'** શું કહે છે? કે એક નિજદ્રવ્યના અનંત ગુણોને એક કહેવા. આત્માને જ્ઞાનથી કહી દેવો એ નિશ્ચય. તેમ જ ગુણમાં અનંત પર્યાયોને જે એક દ્રવ્યરૂપથી ભાવવા. આત્મધર્મ. બસ, આત્મધર્મ. ધર્મ કહેતા બધું આવી ગયું એમાં. અનંત ગુણોનું પરિણમન આવી ગયું દ્રવ્યમાં. એને નિશ્ચય કહેવો.

ચોથું. **'पुनर्येषां द्रव्याणां यं द्रव्यपरिणमनाधीनं तस्य द्रव्यस्य परिणाम आश्रयं भावं तं निश्चयं, एतादृशं निश्चयं व्यवहारेण वचनद्वारेण भणितं वर्णितं।।'** **'તે જ દ્રવ્યને (આધીન) પરિણામ પરિણમે, અન્ય પરિણામ ન પરિણમે–એ નિશ્ચય જાણવો; એવા એવા ભાવોને વચનદ્વારથી નિશ્ચય સંજ્ઞા કહી.'** **'एतादृशं निश्चयं व्यवहारेण वचनद्वारेण भणितं वर्णितं।।'** ચાર ભંગ લીધા. એ જ દ્રવ્યને આધીન પરિણામ. જેમ કે રાગ છે એ એક દ્રવ્યને આધીન છે ... કહ્યો એને નિશ્ચય કહેવો. એ અશુદ્ધ નિશ્ચયમાં જાય છે. **'અન્ય પરિણામ ન પરિણમે–એ નિશ્ચય જાણવો; એવા એવા ભાવોને વચનદ્વારથી નિશ્ચય સંજ્ઞા કહી.'** નિશ્ચય નામ પાડ્યું પણ એ વચનવ્યવહારથી પાડ્યું નિશ્ચય નામ. નિશ્ચય નામ ખરું પણ વચનવ્યવહારથી.

મુમુક્ષુ :- વચન કહેવાથી નિશ્ચય થાય .. એમ સમજવાનું એને પણ નિશ્ચય કહેવું?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એને એમ સમજવું. હા. એ એની નિશ્ચય સમજણ છે. સમજણ તે નિશ્ચય સમજણ છે. વસ્તુનું જેવું સ્વરૂપ છે એવું સમજ્યો માટે તે નિશ્ચય સમજણ.

મુમુક્ષુ :- ખરો નિશ્ચય તો એ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ નિર્ણયને નિશ્ચય કહ્યો ત્યાં. નિર્ણયને નિશ્ચય કહ્યો.

હવે ભાવાર્થ. ભાવાર્થની અંદર ઘણું ખોલ્યું છે એમણે. ચૌદ વાત લીધી છે ભાવાર્થમાં.

'(૧) **હે સંત ! આ નિજ નિજ અનંત ગુણો મળીને જે એક પિંડ (રૂપ)...**' પહેલો બોલ. '**જે એક પિંડ (રૂપ) ભાવ-એક (રૂપ) સંબંધ જ (છે), તેને ગુણનો પુંજ કહીએ; તે ગુણ-પુંજને વસ્તુ એવું નામ કહીએ. આ વસ્તુત્વ એવું નામ ગુણના પુંજ સિવાય બીજા કોને કહીએ? એ ગુણ-પુંજને વસ્તુ કહીએ; માટે આ વસ્તુને નિશ્ચયસંજ્ઞા જાણવી.**' અનંતગુણનું એકરૂપ એવી જે વસ્તુ એને વસ્તુ એવું નામ આપો, સ્વભાવ એવું નામ આપો, એને નિશ્ચય સંજ્ઞા આપી શકાય. તો નિશ્ચય એવું નામ આપી શખાય છે. વચન વ્યવહારથી, એટલી મર્યાદા છે.

'**વળી, જે જે ગુણ જે જે સ્વરૂપને ધારણ કરીને ઊપજ્યા છે તે સર્વે પોતપોતાના રૂપને ધરે;...**' એક નિજદ્રવ્યના અનંત ગુણપર્યાયનું જે કેવળ નિજજાતિસ્વરૂપ. ભીજો ભાગ. '**વળી જે જે ગુણ જે જે સ્વરૂપને ધારણ કરીને ઊપજ્યા છે તે સર્વે પોતપોતાના રૂપને ધરે; ગુણ બીજા ગુણોથી પોતાના જુદા રૂપે અનાદિ અનંત રહે છે.-આવું જે જુદું રૂપ તેને નિજ જાતિ કહીએ.**' જેમકે જ્ઞાન. જ્ઞાનપણે અનાદિઅનંત. આનંદ. આનંદપણે અનાદિઅનંત રહે સત્તા સત્તાપણે.

'**પોતાથી પોતે અનાદિનિધન છે, તે રૂપ કોઈ બીજા-કોઈ રૂપ-સાથે ન મળે.**' તે પોતાનું રૂપ છોડીને બીજાની સાથે ભળે નહિ. '**વળી, જે રૂપ તે જ ગુણ, જે ગુણ તે જ સ્વરૂપ-**' જે રૂપ તે ગુણ અને ગુણ તે સ્વરૂપ. '**આવું જે છે (તે) તાદાત્મ્ય લક્ષણ (છે). વળી જો કોઈ તે રૂપ નાસ્તિ ચિંતવે તો (તેણે) ગુણની નાસ્તિ ચિંતવી. એ પ્રમાણે જે પોતપોતાનું રૂપ છે, તે રૂપને નિજ જાતિ-સ્વભાવરૂપ કહીએ, એવા નિજરૂપને નિશ્ચય સંજ્ઞા કહીએ.**' એટલે આ જ્ઞાનને જ્ઞાન અનાદિઅનંત લેવું, દર્શનને દર્શન અનાદિઅનંત લેવું, આનંદને આનંદ અનાદિઅનંત લેવું એ એની નિજજાતિ સ્વરૂપ છે. એ ક્યારેય છોડે નહિ. જ્ઞાન ક્યારેય સત્તારૂપે ન થાય, સત્તા ક્યારેય જ્ઞાનરૂપે ન થાય. અનંત ગુણો પોતપોતાના નિજરૂપે રહે તે તેનું નિશ્ચય સ્વરૂપ સમજવું. નિશ્ચયરૂપ જાણવું.

'**વળી, અનંત ગુણોના એક પુંજભાવને દેખવો, પણ (ગુણને) જુદા ન દેખવા; તેમ જ અનંત શક્તિ વડે જે ગુણ છે તે એક ગુણને જ દેખવો, તે શક્તિને જ દેખવી; તથા જઘન્ય ઉત્કૃષ્ટ એવા ભેદ ન દેખવા, તે શક્તિને એકને જ દેખવી-આવું જે અભેદ દર્શન-એક જ રૂપનું દર્શન-છે તેને પણ અભેદદર્શન (રૂપ) નિશ્ચય સંજ્ઞા કહીએ.**' આ જે ત્રીજો બોલ છે એ સમ્યગ્જ્ઞાનના જ્ઞેયરૂપ દ્રવ્યગુણનો વિષય છે. સમ્યગ્જ્ઞાનમાં નિશ્ચય દ્રવ્ય અને નિશ્ચય ગુણ કેવી રીતે જ્ઞેયરૂપ થાય છે. જ્ઞાનમાં જ્ઞેયરૂપ—સ્વજ્ઞેયરૂપ કેવી રીતે થાય છે? પોતાનું નિશ્ચય દ્રવ્ય અને પોતાનો નિશ્ચય ગુણ એ કેવી રીતે સ્વજ્ઞેયરૂપ (થાય છે). આ બોલ

જરા સૂક્ષ્મ લીધો છે.

**'અનંત ગુણોના એક પુંજભાવને દેખવો, પણ (ગુણને) જુદા ન દેખવા;...'** જ્યારે દ્રવ્યને જોવું હોય ત્યારે કોઈ ગુણને જુદો પાડીને ન જોવો. પણ બધા ગુણોનું એક અભેદસ્વરૂપે જોવું તે દ્રવ્યનું અભેદસ્વરૂપ સમ્યગ્જ્ઞાનમાં જણાય છે. હવે જ્યારે ગુણને જોવો હોય ત્યારે કેવી રીતે જોવો? કે અનંત શક્તિ વડે જે ગુણ છે તે એક ગુણને જ દેખવો. જ્યારે ગુણને દેખવો હોય ત્યારે એની પૂરી શક્તિથી અભેદ જોવો. શક્તિને ન દેખવી. શક્તિને ન દેખવી એટલે શું? કે એના જઘન્ય-ઉત્કૃષ્ટ એવા ભેદ ન દેખવા. કારણ કે એ પર્યાયમાં જાય છે. શક્તિ ઓછી-વત્તી તો પર્યાયમાં પરિણમે છે. પણ શક્તિમાત્રપણે, પરિપૂર્ણમાત્રપણે એને જોવી તે ગુણનું નિશ્ચય સ્વરૂપ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એવું ન લેવું. જ્ઞાનને જ્ઞાનમાત્રપણે જુઓ. એમ. અને દ્રવ્યને અનંતગુણના એકરૂપે જુઓ. એને કોઈ ગુણના ભેદથી ન જુઓ એમ. એવી રીતે.

મુમુક્ષુ :- તારતમ્યભેદ?

પૂજ્ય ભાઈશ્રી :- તારતમ્યભેદ ન જોવા. એ પર્યાયમાં આવે છે. તારતમ્ય ભેદ પર્યાયમાં આવે. જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ તારતમ્યભેદ છે એ પર્યાયમાં આવે. એને ન જોવા. પણ માત્ર શક્તિને જોવી. આવું જે અભેદદર્શન, શક્તિમાં પણ ભેદ નહિ, ગુણમાં પણ ભેદ નહિ અને દ્રવ્યમાં પણ ભેદ નહિ, એવું જે અભેદદર્શન અથવા એક જ રૂપનું દર્શન છે '**તેને પણ અભેદદર્શન (રૂપ) નિશ્ચય સંજ્ઞા કહીએ.**' તે નિશ્ચયથી પોતાના આવા સ્વરૂપને જ્ઞાન જોવે છે. એ જ્ઞાનનો નિશ્ચય નય લીધો અહીંયાં. આ રીતે જ્ઞાનનો નિશ્ચયનય પ્રવર્તે છે. અને એનો વિષય પણ નિશ્ચયસ્વરૂપ આ રીતે જણાય છે. એમ લેવું. સમ્યગ્જ્ઞાન તે નિશ્ચયનય અને એનો વિષય તે નિશ્ચય સ્વરૂપ. આ રીતે ત્રીજા ભેદ પ્રમાણે છે.

મુમુક્ષુ :- પહેલું અને ત્રીજું એકસાથે...

પૂજ્ય ભાઈશ્રી :- નિજ નિજ અનંત ગુણો મળીને જે એકપિંડરૂપ ભાવ એક સંબંધિત તેને ગુણનો પુંજ કહીએ. તે ગુણપુંજને વસ્તુ એવું નામ કહીએ. ત્યાં શું છે કે વસ્તુ અથવા સ્વભાવમાં અનંત ગુણ લઈ લીધા. આ નામ-બામ કાંઈ ન લીધું. વસ્તુનું કહેવું, સ્વભાવને કહેવું. ઓલામાં વચનનય છે, અહીંયાં જ્ઞાનનય લેવો. જ્ઞાનમાં જેવી વસ્તુ છે એ વસ્તુમાં બેય ભેદ લઈ લીધા. દ્રવ્યના અને ગુણના કે જેમાં ભેદ નથી પડતો જ્ઞાનને. જ્ઞાન ભેદ નથી પાડતું. એવી રીતે જે જ્ઞાનનું પ્રવર્તવું તેને નિશ્ચય સંજ્ઞા, નિશ્ચય એવું નામ દેવામાં આવે છે. એના વિષયને પણ નિશ્ચય કહેવાય છે અને જ્ઞાનને પણ નિશ્ચય કહેવાય છે. આ રીતે એક

નિશ્ચયના પ્રકરણમાં સમ્યગ્જ્ઞાનની પ્રવૃત્તિ આ પ્રકારે હોય છે એમ કહેવું છે. દ્રવ્ય-ગુણને જોવાવાળા સમ્યગ્જ્ઞાનની પ્રવૃત્તિ નિશ્ચયથી આ પ્રકારે છે અને નિશ્ચય દ્રવ્ય અને ગુણ આ રીતે જ્ઞેય થાય છે. એમ લેવું. આ બોલ સારો લીધો છે. કોઈપણ સમ્યગ્જ્ઞાની પોતાના દ્રવ્યને અને પોતાના ગુણને કેવી રીતે અભેદપણે જોવે. એવા અભેદદર્શનને અહીંયાં નિશ્ચય સંજ્ઞા એવું નામ દેવામાં આવે છે. એમ કહેવું છે. બેયને. વિષય અને વિષયી. બંનેને એક જ નામ મળે છે નિશ્ચય સંજ્ઞા.

પછી ચોથો બોલ છે એ જરા વિસ્તારથી કહ્યો છે. '(૪) **વળી, હે સંત!...**'

મુમુક્ષુ :- હે સંત! એમ કોને કહે છે?

પૂજ્ય ભાઈશ્રી :- જે શાંત થવા, સંત થવા આવ્યો છે એને સંત કહે છે. કોઈને શિખામણ આપવી હોય, ઉપદેશ આપવો હોય ત્યારે એ ઉપદેશ ગ્રહણ કરવાને યોગ્ય હોય એને ઉપદેશ દેવામાં આવે છે. એક તો એની યોગ્યતાને સ્વીકારવામાં આવે છે. ગુરુ પણ શિષ્યની યોગ્યતાને સ્વીકારે છે. અથવા આપણે વ્યવહારમાં નથી કહેતા? અરે..! ભલા માણસ! અરે..! ડાહ્યા માણસ! ભલો કહે, ડાહ્યો કહે. એમ કેમ કહે છે? કે એ જ રીતે એ અંગીકાર કરે. એને સ્વીકારવાની, સામાની વાતને સ્વીકારવાની પરિસ્થિતિ એવી છે એમ કહેવું છે.

મુમુક્ષુ :- છોકરા ..

પૂજ્ય ભાઈશ્રી :- તો છાનો રહે. .. વખાણ કરે છે એનું કારણ કે છાનો રહી જાય. એટલી સંજ્ઞા છે. બાળકને પણ બીજું મનમાં વિચાર શક્તિ એટલી નથી. આઠ વર્ષ સુધી પ્રયોજનભૂત વિચાર શક્તિ નથી પણ એટલી સંજ્ઞા છે એમાં. પશુમાં પણ એટલી સંજ્ઞા છે. ગુસ્સે થઈને કહો, કુતરાને હડ હડ કરો તો ભાગી જાય. એને પાળવાની દૃષ્ટિએ જે કાંઈ કહેવામાં આવે તો પૂંછડી પટપટાવીને નજીક આવે. તિર્યંચને પણ એટલી સંજ્ઞા છે. જીવનું એ સ્વરૂપ છે. સ્વરૂપે કરીને જીવ સર્વથી મહાન હોવાથી એને મહાનતા પ્રિય છે. પણ અસ્થાનની મહાનતાને અવગુણ કહે છે અને સ્વસ્થાનની મહાનતાને સદ્‌ગુણ કહે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, થઈ જાય. જીવની અંદર કુદરતી સ્વભાવ છે. જીવનો કુદરતી સ્વભાવ છે.

'**હે સંત ! ગુણના પુંજ વિષે તો કોઈ (જુદો) ગુણ નથી-એ વાત તો નિઃસંદેહ છે-એમ જ છે;...**' ભલે એ બીજા બીજા ગુણથી કહીએ છીએ પણ ગુણના પુંજ વિષે તો કોઈ જુદો ભાવ, કોઈ એક ગુણ જુદો પડ્યો છે એમ તો છે નહિ. દ્રવ્યની અંદર બધા એવી રીતે રહેલા છે કે કોઈ એક ગુણને જુદો ખેંચી શકાતો, પાડી શકાતો નથી. જેમ કે કેરીમાં

રસ અને રંગને જુદા પાડી શકાય નહિ. સમજવામાં જ્ઞાનમાં જુદો કહેવો એ બીજી વાત છે. પણ જેને જુદો પાડવો તે બીજી વાત છે. **'એ વાત તો નિઃસંદેહ છે-એમ જ છે; પરંતુ તે ભાવનો તે ગુણ છે, દ્રવ્ય-ગુણ-પર્યાયને ધારણ કરીને પરિણામ વડે પરિણમે છે. પરંતુ તે ભાવનો તે ગુણ છે.'** તે ભાવ એટલે તેવો સ્વભાવનો તે ગુણ છે. **'અને દ્રવ્ય-ગુણ-પર્યાયને ધારણ કરીને પરિણામ વડે પરિણમે છે.'** એમાં દ્રવ્યત્વ પણ છે, ગુણત્વ છે અને પર્યાયત્વ પણ લાગુ પડે છે.

**'તે ભાવ તે ગુણ-પરિણામથી જુદો નથી,...'** તે ભાવ તે ગુણ એટલે પરિણામથી જુદો નથી. **'પરંતુ તે જ ભાવરૂપ થઈને પરિણમે છે; (તે અહીં કહીએ છીએ) :- જેમ પુદ્‌ગલ વસ્તુ વિષે સ્કંધ-કર્મ-વિકાર કોઈ ગુણ તો નથી,...'** શું કહે છે હવે? એ પુદ્‌ગલ છે એમાં સ્કંધ નામનો ગુણ નથી. કર્મપણે પરિણમે છે ત્યારે કર્મ નામનો કોઈ ગુણ નથી. વિકારપણે પરિણમે છે ત્યારે વિકાર નામનો કોઈ ગુણ નથી.

**'પરંતુ તે પુદ્‌ગલ વસ્તુના પરિણામ તે સ્કંધ-કર્મ-વિકારભાવરૂપ સ્વાંગ ધરીને પરિણમે તો છે. બીજા કોઈ દ્રવ્યના પરિણામ એ (સ્કંધ-) કર્મ-વિકાર ભાવને ધારણ કરીને પરિણમતા નથી,...'** પુદ્‌ગલ સિવાય બીજા પાંચ દ્રવ્યમાં એ પ્રકાર નથી ઉત્પન્ન થતો. **'પણ આ એક પુદ્‌ગલ જ તે જ સ્વાંગ ધારણ કરીને વર્તે છે-એ નિઃસંદેહ છે. એવી જ રીતે આ જીવ વસ્તુના પરિણામ (પણ) રંજક (મલિન), સંકોચ-વિસ્તાર,...'** એટલે નાનું-મોટું ક્ષેત્ર. બાળક થાય પછી યુવાન થાય એવી રીતે.

**'અજ્ઞાન, મિથ્યાદર્શન, અવિરતિ આદિ ચેતન-વિકારરૂપે થઈને પરિણમે છે; એવો ચેતનવિકારભાવ તો તે ચેતનદ્રવ્યના પરિણામ વષે જ જોવામાં આવે છે, અચેતન દ્રવ્યના પરિણામ વિષે તે કદી જોવામાં આવતો નથી.'** ચેતન ચૈતન્યના પરિણામમાં છે. બીજા પાંચ દ્રવ્યમાં નથી. **'એ વાત નિઃસંદેહ છે. એ પ્રમાણે જે વિકારભાવ (છે, તે) પોત પોતાના દ્રવ્યના પરિણામ વિષે જ થાય છે, અને તે તે દ્રવ્યના પરિણામ આશ્રિત (જ તે વિકાર) હોય છે,-તે પણ નિશ્ચય સંજ્ઞા નામ પામે ઈતિ નિશ્ચયઃ'** એ ચોથો ભંગ કહી દીધો. જે દ્રવ્યના પરિણામ અન્ય પરિણામે ન પરિણમે એને આધિન જ પરિણમે. રાગ જીવને આધિન પરિણમે. પુદ્‌ગલને આધિન નહિ, આકાશને આધિન નહિ. સંક્ષેપ એનો એ છે કે જીવ અને પુદ્‌ગલમાં જે વિકાર છે તે પોતપોતાના દ્રવ્યને આધિન પરિણમે છે, બીજા કોઈ દ્રવ્યને આધિન પરિણમતા નથી.

એ રીતે અહીંયાં અશુદ્ધ પરિણમનને નિશ્ચય કહ્યો છે. અશુદ્ધ નિશ્ચય એને શાસ્ત્રમાં કહે છે. કેમકે નિશ્ચયથી એનો ભાવ છે ને? ખરેખર એણે એ ભાવને ધારણ કરી રાખ્યો છે.

માટે એને નિશ્ચય કહ્યો.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- નહિતર કોઈ એકાંત કરી જાય કે જીવ રાગ કરે છે તો કહે જીવને છે જ નહિ. કેમકે જીવનો સ્વભાવ નથી માટે જીવનો નથી. શાસ્ત્રમાં એને પુદ્‌ગલનો કીધો છે. જીવ વિકાર છે એ નિશ્ચયથી જીવને છે. પછી એનો નિષેધ કરવા પ્રયોજનવશ એને પુદ્‌ગલનો કહેવો એ બીજી વાત થઈ ગઈ. એનો આશ્રય છોડાવવા એને પુદ્‌ગલનો કહેવો એ બીજ વાત થઈ ગઈ. પણ જ્ઞાનમાં તો બરાબર ખ્યાલ છે કે પોતાનો વિકાર છે અને નાશ કરવો છે માટે જોરથી નિષેધ કરીએ છીએ.

મુમુક્ષુ :- પરિણમવું એ ગુણ છે?

પૂજ્ય ભાઈશ્રી :- વિકારરૂપે પરિણમવું તે નિશ્ચય છે. એમ કહે છે. એ દ્રવ્ય વિકાર રૂપે પરિણમ્યું તે તેનો નિશ્ચય છે. એમ કહેવું છે. પછી પરમશુદ્ધ નિશ્ચયના આશ્રયે નિષેધ કરવો એ બીજી વાત થઈ ગઈ. પણ આ રાખીને એ વાત છે. નહિતર એકાંત થઈ જાય.

જેમ કે ઘણા એમ સમજી લે છે કે સ્ફટિકની જે લાલાશ થઈ એ સ્ફટિકની છે જ નહિ. તો આસ્રવ છોડાવવા માટે રાગ જીવોને છે નહિ એમ કહેવું બરાબર છે. પણ ખરેખર તો એ સ્ફટિક જ લાલ પર્યાયે પરિણમ્યો છે, એમ જીવ જ રાગ પર્યાયે પરિણમ્યો છે. એ નિશ્ચય છે. એ નિશ્ચય જેને ન સમજાય તેને ઓલો પરમશુદ્ધનિશ્ચય સમજાય જાય એવું કોઈ દિ' બને નહિ. અથવા જેને અશુદ્ધનિશ્ચય ન સમજાય તેને શુદ્ધનિશ્ચયનું ગ્રહણ થઈ જાય એવું કોઈ દિવસ બનતું નથી. એટલે પહેલું પગથિયું અશુદ્ધનિશ્ચયને સમજવાનું છે. બીજું પગથિયું શુદ્ધનિશ્ચયને સમજવાનું છે. એમ છે. નહિતર તો આમાંથી સીધું આમ પકડે કે રાગ જીવમાં થતો જ નથી. કોઈ દિ' થયો જ નથી. કોઈ કાળે થયો નથી. જીવની અવસ્થામાં પણ નહિ. દ્રવ્ય-ગુણમાં તો નહિ પણ અવસ્થામાં પણ નહિ. એમ લઈ લ્યે.

આશ્રય છોડાવા કોઈવાર એમ કહે એ બીજો વિષય થઈ ગયો અને વસ્તુના સ્વરૂપનો નિશ્ચય કરવો એ બીજી વાત થઈ ગઈ. તો પ્રયોજન શું છે? આશ્રય છોડાવવાનું છે? કે એનું સ્વરૂપ નક્કી કરવાનું? જો પ્રયોજન આશ્રય કરવાનું હોય તો વાત સમજીને કીધી છે. પણ જ્યાં એમ પ્રકારણ ચાલે કે અહીં વસ્તુનું સ્વરૂપ સમજવું છે ત્યાં ઓલી વાત લગાડે તો એ સમજ્યા વગર લગાડે છે. એમ થઈ જાયક છે.

મુમુક્ષુ :- 'જ્યાં જ્યાં જે જે યોગ્ય...'

પૂજ્ય ભાઈશ્રી :- હા. એનું નામ 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તે.' એ એનું નામ છે. અહીંયાં પ્રકરણ શું ચાલે છે? અહીંયાં શું કહેવા ધારે છે? અને એ પ્રમાણે

એને ગ્રહણ કરવું જોઈએ. બધે એક જ વાત ગ્રહણ કરે, જ્યાં સ્વરૂપ સમજાવવું હોય ત્યાં પણ એમ કહે કે નહિ, રાગ જીવો નથી, તો એ બેલેન્સ ખોઈ બેસશે. એ એકાંત કરશે. એને સંતુલન રહેશે નહિ. વળી પાછું થાશે શું ખબર છે? કે એ જ જીવને જો પાછી કોઈ વેદના અને પીડા થાશે તો રાડું પાડશે. એ વખતે એને એમ કહો કે એ તો પુદ્‌ગલ છે એ ક્યાં જીવ છે? તું શું કરવા રાડ પાડે છે?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- મારાથી સહન થાતું નથી. તો એ રીતે એને વિચારવું જોઈએ. બીજાને પાછા એમ કહે, બીજાને પીડા થાય તો એમ કહે કે પુદ્‌ગલની છે ઈ. તમે શું આવી રીતે કરો? એ તો બધી પુદ્‌ગલની પર્યાયો છે. મને પીડા થાય છે.. મને પીડા થાય છે પણ એ તો પુદ્‌ગલની પર્યાય છે, જડની પર્યાય છે. તમે શું કરવા રાડ પાડો છો? એ પોતે રાડ પાડે પાછો. એમ પણ નથી. એ .. છે. એટલે જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ. ...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નિર્મળતાને જ પ્રસિદ્ધ કરે છે. નિર્મળતા ન હોત તો લાલ આવત નહિ. લાલ ઝાંય ન કહેત. આટલો સ્ફટીકનો કટકો હોય તો એમાં લાલ ઝાંય આવે. પણ આમાં લાલ ઝાંય પડે? આમાં .. પડે. તો એ લાલ ઝાંય પડી એ જ એની નિર્મળતાને સ્પષ્ટ કરે છે. સ્ફટીકપણાને વ્યક્ત કરે છે.

મુમુક્ષુ :- નિર્મળતા સ્વભાવ છે.

પૂજ્ય ભાઈશ્રી :- નિર્મળતા જ સ્વભાવ છે.

**તા. ૧૪-૬-૧૯૯૧, પાના નં. ૫૦**
**પ્રવચન નં. ૧૦**

... અપેક્ષાઓ કેટલા કેટલા પ્રકારે છે એ વાત આ પ્રકરણમાં કરી છે. નિશ્ચય શબ્દનો પ્રયોગ અનેક પ્રકારે થાય છે. પરમશુદ્ધ નિશ્ચયનય ઉપરાંત.

**'નિજ વસ્તુની જેટલી પરિણતિ (-ક્ષેત્ર) છે તેટલી પરિમિતિ વિષે જ દ્રવ્ય-ગુણ-પર્યાયનાં જ વ્યાપ્ય-વ્યાપક, થઈને વર્તે છે,...'** દ્રવ્ય-ગુણ-પર્યાયના વ્યાપ્ય-વ્યાપક થઈને વર્તે છે. **'પોતપોતાની સત્તા વિષે જ વ્યાપ્ય વ્યાપક થઈને અનાદિ અનંત રહે છે.-એને પણ નિશ્ચય કહીએ.'** એક ક્ષેત્ર અપેક્ષાએ પોતાનું સ્વરૂપ પોતાનું ક્ષેત્ર દ્રવ્ય-ગુણ-પર્યાય છોડીને ક્યાંય જાતું નથી. એને પણ નિશ્ચય કહે છે.

**'વળી, જે ભાવ જે ભાવનો પ્રતિપક્ષી-વૈરી હોય તે તેની સાથે જ વૈર કરે, બીજા સાથે ન કરે-એને પણ નિશ્ચય કહીએ.'** લ્યો ઠીક! વળી જે ભાવ જે ભાવનો પ્રતિપક્ષી એટલે વેરી હોય તે તેની સાથે જ વેર કરે અને બીજા સાથે ન કરે એને પણ નિશ્ચય કહીએ. કેવી અપેક્ષા કાઢી!

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે જ્યાં જે વાત ચાલતી હોય એ પ્રમાણે એનો અર્થ કરવો. એમ. નિશ્ચય શબ્દ છે. પણ જ્યાં જે પ્રકરણથી જે જ્યાં કહેવા ધારતા હોય એ પ્રમાણે એનો અર્થ સમજવો. પણ અહીંયાં પ્રતિપક્ષી ભાવમાં નિશ્ચય કહ્યો. જેમકે રાગ અને વીત-રાગતા. તો વીતરાગતાનો રાગ વેરી છે. નિશ્ચયથી છે. તે નિશ્ચયથી છે. વધ્ય-ઘાતક સંબંધ છે ને? એ નિશ્ચયથી છે. સ્વભાવ વિભાવને જે ઘાતકપણું છે એ નિશ્ચયથી છે. પુણ્ય-પાપ અધિકારમાં ખાસ એ વાત આચાર્યદેવ લ્યે છે. પુણ્ય અને પાપ બંનેને એક જાતિ ગણી અને તે આત્માનો ઘાતક છે. મોક્ષભાવનો એ તિરોધાયી સ્વરૂપ છે. તિરોધાયી શબ્દ વાપર્યો છે. એ નિશ્ચયથી છે.

**'જે કાળ વિષે જે કાંઈ જેમ થવાનું છે તેમ જ થાય-એને પણ નિશ્ચય કહીએ છીએ.'** લ્યો, આ ક્રમબદ્ધ આવી ગયું. અને એમાં 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'ની ૩૨૧-૨૨-

૨૩ અને 'સમયસાર'ની ૩૦૮ થી ૩૧૧ ગાથા અને 'પ્રવચનસાર'ની ગાથા ૯૯ની ટીકા. ત્રણે આધાર દઈ લીધા છે ફૂટનોટમાં. જે કાળે જે દ્રવ્યની જે પર્યાય જે રીતે થવાની તે જ થવાની. એને પણ નિશ્ચય જ કહીએ. સાતમામાં એ નાખી દીધું. ક્રમબદ્ધ નાખી દીધું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- છે ને. એ લીધું છે 'ગુરુદેવે' ક્રમબદ્ધના પ્રવચનો કર્યા ત્યારે 'કાર્તિકેયાનુપ્રેક્ષા'ની ગાથાનો આધાર આપેલો છે. એમાં તો ચોખ્ખું જ છે. જે દ્રવ્યે, જે ક્ષેત્રે, જે કાળે, જે ભાવે, જેની જે રીતે જે પ્રકારની અવસ્થા થવાની તે જ થવાની. એ તો વિસ્તારથી ત્રણ ગાથા કહી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રવચનો છે.

**'વળી, જે જે ભાવની જેવી જેવી...'** આમાં શું છે ઘણાને પુરુષાર્થ ઊડી જાય છે. દરેક પર્યાય જો એના કાળે થવાની તો હવે આપણે કાંઈ કરવાનું રહેતું નથી. ન કરતો જ્ઞાતા-દૃષ્ટા થઈ જાય છે. એક વખત તો અકર્તા થા.

મુમુક્ષુ :- એ જ પુરુષાર્થ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ જ પુરુષાર્થ છે. પણ પુરુષાર્થનું સ્વરૂપ એને એમ સમજાણું છે કે હું કાંઈક કરું ને. કર્તૃત્વનું જોર મારું એનું નામ પુરુષાર્થ છે. પર્યાયને પ્રગટ કરું જોરથી એનું નામ પુરુષાર્થ છે. પુરુષાર્થનું સ્વરૂપ એને સમજાણું નથી.

મુમુક્ષુ :- .. કેવળજ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ માની લે છે. સમ્યગ્દર્શન પુરુષાર્થ સાધ્ય નથી રહેતું. પણ એ તો પુરુષાર્થનો પર્યાય એ વખતે કાંઈ બંધ પડી જવાનો, વીર્યગુણનું પરિણમન બંધ પડી જશે એમ કહેવું છે? તો પછી કેવી રીતે પુરુષાર્થ નથી એમ કહેવાય? પુરુષાર્થ એ વખતે એ પ્રકારનો હોય છે.

**'વળી, જે જે ભાવની જેવી જેવી રીત વડે પ્રવર્તના છે (તે તે ભાવ) તેવી તેવી રીત પામીને પરિણમે-એને પણ નિશ્ચય કહે છે.'** જેમ કે મુનિપણા વગર કેવળજ્ઞાન ન થાય. શુક્લધ્યાનની શ્રેણી ચડ્યા વગર કેવળજ્ઞાન ન થાય. એ એની રીત છે. સમ્યગ્દર્શન વગર ભાવલિંગી મુનિપણું ન આવે એ એની રીત છે. સ્વરૂપ નિશ્ચય વગર સમ્યગ્દર્શન ન આવે એ એની રીત છે. અથવા પૂર્ણતાના લક્ષ વગર શરૂઆત ન થાય એ એની રીત છે. **'જે જે ભાવની જેવી જેવી રીત વડે પ્રવર્તના છે (તે તે ભાવ) તેવી તેવી રીત પામીને પરિણમે-એને પણ નિશ્ચય કહે છે.'** એ પણ નિશ્ચય છે. એ નિશ્ચયનું ઉલ્લંઘન થઈ શકે

નહિ. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એને ત્યાં નિશ્ચયથી કહેવામાં આવે છે. આમ નિશ્ચય. આમ નિશ્ચય છે એનો અર્થ કે બીજી રીતે ફેરફાર એ રીતે કાંઈ નહિ બને. એમ માનો કે ઉલ્લંઘન ન કરી શકાય એવું એ સત્ય છે. જેનું ઉલ્લંઘન ન કરી શકાય એવું એ સત્ય છે એમ કહેવું છે.

મુમુક્ષુ :- જે અભિપ્રાયે કહેવામાં આવ્યું છે તે અપેક્ષાએ એમ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ છે. સોએ સો ટકા એમ જ છે.

'**એક પોતાના સ્વદ્રવ્યનું પણ નિશ્ચય નામ છે.**' સ્વદ્રવ્યનું નામ પણ નિશ્ચય છે. દ્રવ્ય એને કહેવાય કે જેને બીજાની અપેક્ષા ન હોય. એ પણ નિશ્ચય છે. '**વળી, એક પ્રકાર આ છે કે એક ગુણના રૂપને મુખ્ય લઈએ ત્યારે બીજા સર્વે અનંત નિજ ગુણોનું જે રૂપ છે તે, તે (એક) ગુણરૂપના ભાવ થાય છે.**' એને પણ નિશ્ચય કહીએ. વળી એક પ્રકાર આ છે. એક ગુણમાં અનંત ગુણનું રૂપ આવી ગયું. '**કે એક ગુણના રૂપને મુખ્ય લઈએ...**' જેમકે જ્ઞાન અને જાણપણું. '**ત્યારે બીજા સર્વે અનંત નિજ ગુણોનું જે રૂપ છે તે, તે (એક) ગુણરૂપના ભાવ થાય છે.**' તે એક ગુણરૂપના ભાવે થઈ જાય છે.

મુમુક્ષુ :- એક ગુણના ભાવમાં એ ભાવ આવી જ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- આવી જ જાય છે. આવ્યા વગર રહે નહિ. એ પણ નિશ્ચય છે. એ નિશ્ચયના પ્રકરણમાં નાખ્યું. એનો ભાવાર્થ કર્યો છે એટલી વાતનો.

'**ભાવાર્થ :- કહેવામાં તો એક જુદું રૂપ લઈને કહીએ છીએ;...**' કે જાણે તે જ્ઞાન. '**પરંતુ તે જ એક ગુણનું રૂપ છે, (અને) તે જ સર્વનો રસ છે. વળી, જો કોઈ એમ જ માને કે અન્ય રૂપ નથી, એક જ છે,...**' બીજાનું રૂપ એને આવતું જ નથી અને એમ માની લે અને એક જ છે. '**તો ત્યાં અનર્થ ઊપજે છે. જેમ કે એક જ્ઞાનગુણ છે, તે જ્ઞાન વિષે, બીજા ગુણનું રૂપ નથી-એમ જેણે માન્યું તે પુરુષે જ્ઞાનને ચેતનરહિત, તેમ જ અસ્તિત્વ-વસ્તુત્વ-જીવત્વ અમૂર્તત્વ વગેરે સર્વ રહિત માન્યું. પરંતુ એમ માનતાં જ્ઞાનગુણ કઈ રીતે રહ્યો? શા કારણે રહ્યો? તે ન જ રહ્યો. તેથી અહીં એ વાત સિદ્ધ થઈ કે જે એક એક ગુણનું રૂપ છે તે સર્વ સ્વરસ છે (અર્થાત્ એક ગુણના રૂપમાં બધા ગુણોનું રૂપ અભેદપણે આવી ઝાય છે), આવા સર્વ સ્વરસને પણ નિશ્ચય કહીએ.**'

એ પ્રકરણ જુદું લેશે. એક ગુણને અનંત ગુણના રૂપનું પ્રકરણ તો હજી હવે પછી લખશે. આ વચ્ચે લઈ લીધું. '**વળી કોઈ દ્રવ્ય (બીજા) કોઈ દ્રવ્ય સાથે ન મળે, કોઈ ગુણ (બીજા) કોઈ ગુણ સાથે ન મળે (અને) કોઈ પર્યાય-શક્તિ (બીજી) કોઈ પર્યાયશક્તિ**

**સાથે ન મળે, આવો જે અમલિનભાવ તેને પણ નિશ્ચય કહીએ.**' આ અગુરુલઘુગુણનું રૂપ છે.

મુમુક્ષુ :- દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્રતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ કોઈની સાથે ન ભળે. પોતાનો જે ભાવ છે એ બીજાની સાથે ન ભળે. તે અમિલનભાવ છે.

'**નિશ્ચયનો સામાન્ય અર્થ તો આટલો કહીએ-સંક્ષેપથી આટલો જ અર્થ જાણવો.**' આ જે બાર પ્રકારે વાત કરી એ પ્રકારે નિશ્ચયનો સામાન્ય અર્થ જાણવો. '**નિજ વસ્તુ સાથે જે ભાવ વ્યાપ્યવ્યાપકરૂપ એકમેક સંબંધવાળો તેને નિશ્ચય જાણવો.**' પછી ૧૩મું. '**કર્તા ભેદ વિષે (તેમ જ) કર્મ ભેદ વિષે પણ (અને) ક્રિયા ભેદ વિષે પણ એ ત્રણેય ભેદ વિષે એક જ સ્વભાવને દેખવો;...**' કર્તા, કર્મ અને ક્રિયા ત્રણેયમાં એક જ સ્વભાવને દેખવો. '**એક ભાવના એ ત્રણ ભેદ નીપજે છે,-...**' જેમકે આત્મા જ્ઞાનમાત્ર છે. તો જ્ઞાતા-કર્તા, જ્ઞેય એનું કર્મ અને જ્ઞાન એની ક્રિયા. જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન. તો એમ કહે છે કે એ ત્રણેય ભેદને વિષે એક જ સ્વભાવને દેખવો. સળંગ. એ એક ભાવના ત્રણ ભેદ નિપજે છે. '**એવો (જે) એક ભાવ (તેને) પણ નિશ્ચય કહીએ.**' આને અનઉભયભાવ કહે છે. આ અનઉ-ભયભાવ નિશ્ચય કહ્યો અહીંયાં. કે એમાં દ્રવ્ય પણ ન લેવું અને પર્યાય પણ ન લેવી. કેમકે એ એક જ ભાવ રૂપે થયો, ત્રણ ભેદરૂપે થયો.

'**સ્વભાવ ગુપ્ત છે કે પ્રગટરૂપ પરિણમે છે (પરંતુ) તેની નાસ્તિ તો નથી,-આવો જે અસ્તિત્વભાવ તેને નિશ્ચય કહીએ.**' એટલે ગુપ્ત અને પ્રગટ બેય સ્વભાવ જ છે. બેયમાં સ્વભાવ જ છે. અસ્તિત્વપણું તો બેય પ્રકારે છે. ગુપ્તપણે પણ રહે છે અને પ્રગટપણે પણ થાય છે. એ અસ્તિત્વ ભાવ છે એને નિશ્ચય કહીએ. '**આવા આવા ભાવોને નિશ્ચય સંજ્ઞા જાણવી. જિનાગમ વિષે એમ કહી છે. એ પ્રમાણે નિશ્ચયનું વર્ણન પૂરું થયું.**' હવે આ વાત એમણે શું કરી કે જિનાગમમાં આ વાત છે એમ કહ્યું. હું આ નવું શાસ્ત્ર રચું છું એમાં આ વાત છે એમ નહિ. આ જિનાગમની બધી વાતો તમને કહી. એ રીતે નિશ્ચયનું વર્ણન પૂરું કર્યું. નહિતર વળી કોઈ એમ કહે કે આ તો 'દીપચંદજી પંડિતે' કીધું છે. શાસ્ત્રમાં એ વાત નથી. તો કહે છે, નહિ. જિનાગમમાં છે એ વાત મેં કરી છે. એ તો 'ગુરુદેવ' તો કહેતા. આવી વાતો જ્યારે અપ્રસિદ્ધ વાતો પ્રસિદ્ધ થાય તો આ બધી વાતના મૂળિયા પરમાગમોની અંદર રહેલા છે અને જ્ઞાની વિદ્વાનોએ, જ્ઞાની પંડિતોએ પોતાની રચનામાં પોતાની ભાષાથી મૌલિક રીતે એ વાતને ઉતારી છે. પ્રસિદ્ધ કરી છે. માટે પરમાગમમાં બધા મૂળિયા રહેલા છે.

હવે '**પર્યાયાર્થિક નયના પ્રકારો**' જે દ્રવ્યાર્થિકનયના પ્રકારો આગળ કીધા હતા. હવે

પર્યાયાર્થિક નયના પ્રકારો કહે છે.

મુમુક્ષુ :- આગમ તો જ્ઞાનીના અંતરમાંથી નીકળ્યા હોય છે. પછી પરમાગમથી વિરુદ્ધ વાત આવે ક્યાંથી?

પૂજ્ય ભાઈશ્રી :- હા. આગમનો જન્મ તો જ્ઞાનીઓમાંથી થશે. આત્મામાંથી બધા આગમ નીકળ્યા છે.

'**ઋજુસૂત્ર નય કહીએ છીએ :- સમયે સમયે જે પરિણતિ થાય તે સૂક્ષ્મ ઋજુસૂત્ર (એવો) ભેદ છે (અને) લાંબા કાળની મર્યાદાવાળો જે સ્થૂળ પર્યાય થાય તેને સ્થૂળ ઋજુસૂત્ર કહીએ.**' જેમકે સૂક્ષ્મ ઋજુસૂત્ર એટલે સમયે સમયની જે પર્યાય. ચાલતી પર્યાય. વર્તમાન ચાલતી પર્યાય તે ઋજુસૂત્ર નયનો વિષય છે. અને સ્થૂળ લાંબા કાળની પર્યાય, મનુષ્યપણું, મનુષ્ય આયુ. આ માણસ ૯૦ વર્ષ જીવ્યો. એ સ્થૂળ ઋજુસૂત્ર નય કહેવાય. સમય સમયની પર્યાય તે સૂક્ષ્મ ઋજુસૂત્ર નય કહેવાય.

'**દોષ રહિત શુદ્ધ શબ્દ કહેવા તેને શબ્દનય કહે છે.**' દોષરહિત શુદ્ધ શબ્દ કહેવો તેને શબ્દનય કહે છે. '**જેટલા શબ્દ તેટલા નય.**' લ્યો ! એટલે ઘણા નય છે. જેટલા શબ્દ એટલા નય. '**એક શબ્દના અનેક અર્થોમાંથી એક અર્થ મુખ્ય આરૂઢ થાય તેને સમભિરૂઢ કહીએ, જેમ કે ગો શબ્દના અનેક અર્થો છે, પરંતુ ગાય અર્થને વિષે તે સમભિરૂઢ છે.**' '**એક શબ્દના અનેક અર્થોમાંથી એક અર્થ મુખ્ય આરૂઢ થાય તેને સમભિરૂઢ કહીએ,...**' જેમ કે પાણી. તો પાણી એટલે જળ. એ સમભિરૂઢનયથી કહ્યું. પછી એના અનેક અર્થ થતા હોય. પાણી એટલે હાથ. પાણી એટલે હાથ. આ પાણીગ્રહણ કરે છે. એટલે હાથ. પાણીનો અર્થ સંસ્કૃતમાં હાથ થાય. એવા ઘણા અર્થ નીકળે. પણ મુખ્ય પાણી કહેતા જળ સમજાય એટલે એ સમભિરૂઢનો વિષય છે. રૂઢિગત જેનો અર્થ મુખ્યપણે થાય છે તે. એમ લેવું. રૂઢિ અર્થને સમભિરૂઢ કહીએ.

'**પરંતુ ગાય અર્થને વિષે તે સમભિરૂઢ છે. તે સમભિરૂઢના અનેક ભેદ છે.- સાદિરૂઢ, અનાદિરૂઢ, સાર્થકરૂઢ, અસાર્થકરૂઢ, ભેદરૂઢ, અભેદરૂઢ, વિધિરૂઢ, પ્રતિષેધ રૂઢ-ઇત્યાદિ ભેદો છે.**' કેટલાક કહેને કે આ શબ્દનો અર્થ શું? તો કહે એ રૂઢિવાચક છે. કાલે વાત ન થઈ? વાસણકુસણ. વાસણકુસણ બધું લાવો. ઘરની અંદર વાસણકુસણ વસાવો. તો વાસણ તો વસાવવું પણ કુસણ એટલે શું વસાવવું? એ રૂઢિ થઈ ગઈ. એનો કાંઈ અર્થ ન નીકળે. એ નિરર્થક છે એમ કહે છે. અસાર્થક અર્થ છે. કાંઈ પૈસા-બૈસા છે ખીચામાં? એમ કહે. શું કહે? પૈસા તો ઠીક પણ બૈસા શું વળી? એ અસાર્થક રૂઢિગત રીતે વપરાય છે. એવી રીતે. એમ આ સમભિરૂઢના બધા ભેદો છે. સાર્થક અને અસાર્થક. પૈસા સાર્થક પણ

બૈસા અસાર્થક. એમ.

**'જેવો પદાર્થ હોય તેવું જ તેનું નિરૂપણ કરવું તે એવંભૂતનય છે. જેમ કે इन्द्रतीति इन्द्रः न शक्रः (અર્થાત્ જે શાસન કરે છે તે ઇન્દ્ર છે, શક્ર નથી એમ કહેવું) તે એવંભૂત છે.'** ઇન્દ્રને ઇન્દ્ર કહેવો. શાસનકર્તા ઇન્દ્રને ઇન્દ્ર કહેવો. અથવા પૂજા કરતો હોય ત્યારે એને પૂજારી કહેવો. એ એવંભૂતનય.

મુમુક્ષુ :- શક્રનો અર્થ?

પૂજ્ય ભાઈશ્રી :- શક્રનો અર્થ પણ ઇન્દ્ર જ થાય છે. પણ ઇન્દ્ર એટલે શાસન કરનાર તરીકે. '**इन्द्रतीति इन्द्रः**' એમ. એટલે એના અર્થ પ્રમાણે. એનું જે કાર્ય થતું હોય એ પ્રમાણે એનો શબ્દ હોય. તો એને પણ એવંભૂત નયની અંદર ગણવામાં આવે છે. એવંભૂત એટલે એમ થયું. સમભિરૂઢ એટલે એવા પ્રકારની રૂઢિથી કહ્યું. અને ઋજુસૂત્ર એટલે એ રીતે વર્તમાન વર્તતી પર્યાય અનુસાર કહ્યું. આ બધી પદ્ધતિ જૈનદર્શન સિવાય ક્યાંય નથી. આટલા બધા વેદાંતના વાંચ્યા છે, ક્યાંય આવી વ્યવસ્થિત પદ્ધતિ નથી. જેને વ્યવસ્થિત વાત કહેવાય કે ભાઈ, તમે કઈ પદ્ધતિથી વાત કરો છો? જુઓ! આ અમારી પદ્ધતિ. વાત કરવાની અમારી આ પદ્ધતિ છે. એકદમ વ્યવસ્થિત વાત ચાલે છે.

**'હવે પર્યાયાર્થિક નયના છ ભેદ છે તે કહે છે.'** આલાપ પદ્ધતિનું પૃષ્ઠ ૫૯ થી ૬૩ અને નયચક્રનું પાનું ૬ અને ૭. **'અનાદિ નિત્ય પર્યાય, જેમ કે નિત્ય મેરુ આદિ.'** પર્યાય અનાદિ નિત્ય પર્યાય. મેરુ આદિ છે, પછી આ અકૃત્રિમ મૂર્તિ પ્રતિમાઓ જે છે એ પણ અનાદિ નિત્ય પર્યાય છે. પછી આ..

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. ભલે એમાં સૂક્ષ્મ ફેરફાર થાય. પરમાણુનું આવાગમ થાય પણ એવા સૂક્ષ્મ પરમાણુનું આવાગમન થાય તો એ પર્યાયમાં દેખત રીતે કોઈને ફેર ન લાગે. મેરુ મેરુ જ દેખાય. અનંતા પરમાણુઓનું આવાગમન થાય. વંટોળિયો આવે અને અનંતા પરમાણુ ઊડી જાય. અનંત પરમાણુ બીજા પણ આવે એની અંદર. પણ મેરુ તો મેરુ જ ગણાય.

મુમુક્ષુ :- મેરુની પર્યાય અનાદિની.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મેરુની પર્યાય અનાદિ છે એમ કહેવાય. એવી રીતે.

મુમુક્ષુ :- બેલેન્સ નથી રહેતું.

પૂજ્ય ભાઈશ્રી :- બેલેન્સ .. સામાન્ય ફેરફાર થાય તો એમાં મેરુંમાં શું ફેર થાય? ... જેમ કે લોક. લોકની પર્યાય અનાદિ નિત્ય છે. ... વગરના ફેરફારો કેવી રીતે થાય? લોક

તો લોક જ રહેવાનો છે. પરલોક પરલોક રહેવાનો છે. ... લોક .. એનો આકાર પણ એમ જ રહેવાનો. એટલે અનાદિની પર્યાય છે. પછી સાદિ પર્યાય. '**સાદિનિત્ય પર્યાય, જેમ કે સિદ્ધ પર્યાય.**' જેમ કે સિદ્ધ પર્યાય. એ નિત્ય રહે છે. પણ આની શરૂઆત એક વખત થઈ ગમે ત્યારે પણ. એ સાદિ નિત્ય પર્યાય, પેલી અનાદિ નિત્ય પર્યાય.

પછી '**સત્તાને ગૌણ કરીને...**' આ તો કેટલા પ્રકાર પર્યાયમાં ઉપજે છે એમ કહે છે. બીજે ક્યાંય નથી. આ વિષય બીજે ક્યાંય નથી. '**સત્તાને ગૌણ કરીને ઉત્પાદ-વ્યયગ્રાહકસ્વ-ભાવ અનિત્યશુદ્ધપર્યાયાર્થિક;...**' સત્તાને ગૌણ કરીને ઉત્પાદ-વ્યયગ્રાહકસ્વભાવ અનિત્ય શુદ્ધપર્યાયાર્થિક '**જેમ કે પર્યાયો સમયે સમયે વિનાશી છે.**' તો એ ધ્રુવ સત્તાને ગૌણ કરીને ફક્ત ઉત્પાદ-વ્યયવાળીને ગ્રહણ કરવું, અનિત્યપણાને જ ગ્રહણ કરવું. જે શુદ્ધ પર્યાયાર્થિક છે. અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક એને કહે છે. લ્યો ઠીક!

'**સત્તાસાપેક્ષ સ્વભાવ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક; જેમ કે પર્યાય એક સમયમાં ત્રયાત્મક છે.**' સત્તાસાપેક્ષ. સત્તાસાપેક્ષ એટલે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ સત્તા. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. એવા સ્વભાવ સાપેક્ષ. અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક. જેમકે પર્યાય એક સમયમાં ત્રયાત્મક છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ. પછી '**કર્મોપાધિ નિરપેક્ષ સ્વભાવ અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક,...**' બધા પર્યાયાર્થિકની જ વાત લેવી છે. '**કર્મોપાધિ નિરપેક્ષ સ્વભાવ અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક, જેમ કે સંસારી જીવોના પર્યાયો સિદ્ધપર્યાયસદશ્ય શુદ્ધ છે.**' એ કર્મોપાધિ નિરપેક્ષ વાત લેવી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. કર્મોપાધિ નિરપેક્ષ સ્વભાવ અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક. નિત્ય પર્યાય ન લેવી. અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક. જેમકે સંસારી જીવોના...

મુમુક્ષુ :- સિદ્ધ પર્યાય.

પૂજ્ય ભાઈશ્રી :- સિદ્ધ પર્યાયો સદશ્ય શુદ્ધ છે. એમ. જ્યારે સિદ્ધ થાય ત્યારે સિદ્ધ સદશ્ય. અથવા અનંતા ગુણ ... ઉપાધિ નિરપેક્ષ છે. એમ. સિદ્ધ સમાન જ છે.

પછી છઠ્ઠું. '**કર્મોપાધિ સાપેક્ષ વિભાવ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક; જેમ કે સંસ-ારી જીવોને જન્મ-મરણ છે. પર્યાયાર્થિક નયના આ છ ભેદ છે. પૃ. ૪૩ થી શરૂ કરીને અહીં સુધી નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને અવંભૂત એ સાત નોયનું વર્ણન કર્યું. આ નયોમાં પહેલા પહેલાનો નય પછીના નયની અપેક્ષાએ વિરૂદ્ધ મહાવિષયવાળો છે,...**' નૈગમ કરતા સંગ્રહ અને સંગ્રહ કરતા વ્યવહાર અને વ્યવહાર કરતા ઋજુસૂત્ર, અને ઋજુસૂત્ર કરતા શબ્દ અને શબ્દ કરતા સમભિરૂઢ, એના કરતા અવંભૂત. એ

બધાય '**પછીના નયની અપેક્ષાએ વિરૂદ્ધ મહાવિષયવાળો છે, અને પછી પછીના નય પહેલા નયની અપેક્ષાએ અલ્પ-અલ્પ અનુકૂળ વિષયવાળા છે.**' '**આ નયોમાં પહેલા પહેલાનો નય પછીના નયની અપેક્ષાએ વિરૂદ્ધ મહાવિષયવાળો છે, અને પછી પછીના નય પહેલા નયની અપેક્ષાએ સૂક્ષ્મ-અલ્પ અનુકૂળ વિષયવાળા છે.**' એટલે જેમ જેમ પછી જાવ એમ વિષય સૂક્ષ્મ થતો જાય છે. નયનો વિષય સૂક્ષ્મ થતો જાય છે.

'**આ સંબંધિત ઘણો સુંદર ખુલાસો તત્ત્વાર્થરાજવાર્તિક પૃ.૪૯૩-૪માં કર્યો છે. ટૂકમાં તેની સમજ આ પ્રમાણે :- જેમ કે એક પક્ષીનો અવાજ સાંભળીને એક માણસે કહ્યું કે આ નગરમાં પક્ષી બોલે છે-૧, બીજાએ કહ્યું-આ નગરમાં એક ઝાડ ઉપર પક્ષી બોલે છે-૨,...**' તો પહેલો સંગ્રહનય લીધો. પહેલા નૈગમનય લીધો પછી સંગ્રહનય લીધો. આમ તો '**જેમ કે એક પક્ષીનો અવાજ સાંભળીને એક માણસે કહ્યું કે આ નગરમાં પક્ષી બોલે છે-૧, બીજાએ કહ્યું-આ નગરના એક ઝાડ ઉપર પક્ષી બોલે છે-૨. ત્રીજાએ કહ્યું-ઝાડની મોટી ડાળ ઉપર પક્ષી બોલે છે-૩.**' આ તો પછી પછી સૂક્ષ્મતા આવતી જાય છે એમ કહેવું છે. '**ચોથાએ કહ્યું-નાની ડાળી ઉપર પક્ષી બોલે છે-૪. પાંચમાએ કહ્યું-ડાળીના એક ભાગ ઉપર બેસીને પક્ષી બોલે છે-૫. છઠ્ઠાએ કહ્યું-પક્ષી પોતાના શરીરમાં બોલે છે-૬. અને સાતમાએ કહ્યું-પક્ષી પોતાના કંઠમાં બોલે છે-૭.**' તો તેનું સ્થાન ચોક્કસ કરતા જાય છે.

એમ નૈગમથી માંડીને એવંભૂત સુધીમાં નયના વિષયનું સ્થાન ચોક્કસ થતું જાય છે એમ કહેવું છે. વધારે ચોક્કસ થતું જાય છે સૂક્ષ્મતા લઈ લઈને. એમ કહેવાનો અભિપ્રાય છે. ઠીક! આ જે કહ્યું ને? કે '**આ નયોમાં પહેલા પહેલાનો નય પછીના નયની અપેક્ષાએ વિરૂદ્ધ મહાવિષયવાળો છે, અને પછી પછીના નય પહેલા નયની અપેક્ષાએ સૂક્ષ્મ-અલ્પ અનુકૂળ વિષયવાળા છે.**' એટલે એનું સ્થાન વધારે ચોક્કસ થતું જાય છે. મોટી મોટી વાત કરે છે, આ સૂક્ષ્મ સૂક્ષ્મ વાત કરે છે.

'**જેમ આ દૃષ્ટાંતમાં પક્ષીના બોલવાનું સ્થાન પહેલાં મોટું બતાવ્યું છે અને પછી ક્રમે ક્રમે ઓછું થતું જાય છે તેમ નૈગમથી એવંભૂત સુધીના સાત નયમાં પણ સમજવું. નૈગમ નયનો વિષય સૌથી વધારે છે અને એવંભૂત નયનો વિષય સૌથી અલ્પ છે.**' કારણ કે એ વખતની થતી પર્યાય પૂરતી જ વાત લાગુ પડે છે. પૂજારી પૂજા કરતો હોય ત્યારે એને પૂજારી કહેવો. અમથો એને પૂજારી ન કહેવો. એમ. અમથો એ ફલાણા ભાઈ છે. એ જ્યારે પૂજા કરે ત્યારે પૂજારી કહેવો. એમ.

'**આ અપેક્ષાએ કહ્યું કે પહેલા પહેલા નયનો વિષય મહાન છે અને પછી પછીના**

**નયનો વિષય સૂક્ષ્મ-અલ્પ છે. વળી, પહેલા નયે જેટલા પદાર્થોનો વિષય કર્યો છે તેટલા પદાર્થોને બીજો નય વિષય કરતો નથી.**' કારણ કે વિષય ઘટતો જાય છે. '**આ અપેક્ષાએ પહેલા પહેલાના નયો વિરૂદ્ધ મહા વિષયવાળા છે, અને પછીના નયે જે પદાર્થનો વિષય કર્યો છે તે પદાર્થો પહેલા નયના વિષયમાં ગર્ભિત છે,...**' એટલે આવી જાય છે એની અંદર. '**પછી પછીના નયો અલ્પ અનુકૂળ વિષયવાળા છે. વિશેષ માટે જુઓ, તત્ત્વાર્થરાજવાર્તિક.**'

'**એ પ્રમાણે નયોના પ્રકારોનું વર્ણન કરીને તેનું ફલ બતાવતાં ગ્રંથકાર કહે છે કે નય-પ્રમાણ દ્વારા સુખ થાય છે.**' સાર લઈ લીધો. નય-પ્રમાણ દ્વારા સુખ થાય છે. અહીં તો એમ કીધું. કેમકે નયજ્ઞાન વગર જે મિથ્યાજ્ઞાન હતું ત્યારે અસુખ થતું હતું, જીવને દુઃખ થતું હતું. સમ્યગ્જ્ઞાન થયું અને એનું નયપ્રમાણયુક્ત જ્ઞાન થયું ત્યારે એને સુખ થયું. એમ લેવું.

મુમુક્ષુ :- નયની જેટલી અપેક્ષા છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ નયાભાસ છે. નય. નિ નય ટુ લીડ. ગુરુદેવ કહેતા ને. નય છે તે આત્મા પ્રત્યે કહો કે સુખ પ્રત્યે જે જ્ઞાન આત્માને દોરી જાય તેને નય કહેવામાં આવે છે. સમ્યગ્જ્ઞાનનો એક અંશ છે. સમ્યક્ પ્રમાણનો અંશ એને નય કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- સુખ વગર નય ..

પૂજ્ય ભાઈશ્રી :- સુખ વગર નય.. નયવાળા સુખી હોય એમ કહે છે.

.... કોઈ વાત અધ્ધર નથી. જૈનદર્શનમાં કોઈ વાત અદ્ધર નથી. ... પ્રયોજન છે. અથવા જે ભેદ વિકલ્પ પડે છે તે વ્યવહારમાં જાય છે અને વ્યવહારનો નિષેધ કરે તે નિશ્ચય. આ તો 'સમયસાર'ની પદ્ધતિ છે. અથવા એવો વિકલ્પ ઉત્પન્ન થતાં જેટલા અંશે સાધકને પણ પરસન્મુખતા રહે છે તેનો નિષેધ છે. મનાશ્રિત પરિણમન થાય ને વિકલ્પથી? તો એ સાધકદશામાં પણ જેટલું મનાશ્રિત પરિણમન, પરસન્મુખ પરિણમન છે એટલા અંશનો નિષેધ છે. પણ જેટલા અંશે સ્વસન્મુખતા અને સ્વસન્મુખતા તરફ દોરી જવાનો હેતુ પ્રયોજન છે એનો નિષેધ નથી. એમ સમજવા યોગ્ય છે. નહિતર ગડબડ થઈ જાય કે નયનો નિષેધ કરો, નયનો નિષેધ કરો. એમ નથી.

જેમ નયનો અહીં આદર કરાવ્યો કે એ શિવસુખસાધન છે. શિવનું સાધન છે, સુખનું સાધન છે. તો ત્યાં વિકલ્પ વધારી મૂકે. એ પણ કરવા યોગ્ય નથી. આ બેયનું સંતલુન જાળવવાનું છે. એમાં પણ સંતુલન આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ નયાતિક્રાંત થયો ત્યાં નયપક્ષને છોડાવાની વાત છે. કેમકે

અનાદિ મિથ્યાદષ્ટિને ત્યાં અનુભવ કરાવવો છે તો નયાતિક્રાંતપણું જ્યાં ૧૪૨, ૪૩, ૪૪ ગાથાનો વિષય લીધો છે ત્યાં નયજ્ઞાન તો હજી ઉત્પન્ન જ નથી થયું મુમુક્ષુને તો. પણ એને કોઈ નયનો પક્ષ રહી ગયો હોય છે તે પક્ષથી અતિક્રાંત કરાવવો છે. પક્ષ એટલે નયનો વિકલ્પ છે એમાં જે રાગ છે એની સાથે એકત્વબુદ્ધિ છે. એવા એકત્વબુદ્ધિના વિકલ્પને તોડવો છે એને નયાતિક્રાંત કીધો છે. નય તો ત્યાં છે જ ક્યાં. પણ નયનો પક્ષ છે.

બે રીતે એનો નિષેધ આવે છે. એક નયપક્ષનો ત્યાગ કરાવવા માટે એનો નિષેધ આવે છે અને એક નય સંબંધી રાગનો નિષેધ કરાવવા માટે એનો નિષેધ આવે છે. અથવા એ નયસંબંધિત પરસન્મુખતાને કારણે જે રાગ ઉત્પન્ન થાય છે, પરસન્મુખતા અને રાગનો નિષેધ કરાવવાનો ત્યાં અભિપ્રાય છે. એટલું જ સમજવા યોગ્ય છે મર્યાદિતપણે. એટલી અપેક્ષા ન સમજે અને નયને ધોકો મારે તો એ પણ એમાં સંતુલન નહિ રહે. એમાં જ્ઞાનનો નિષેધ થઈ જશે. નયજ્ઞાનનો અને પ્રમાણનો નિષેધ થઈ જશે. તો સમ્યગ્જ્ઞાનનો નિષેધ થઈ જશે. એ જરા વિચારવા જેવું છે.

એ બધો વિષય આપણે નથી ચર્ચાતો કે આ નયજ્ઞાનની અંદર નિષેધ શું? વગર નિષેધ શું? એ બધી ચર્ચા કરવી જોઈએ. કેટલા પ્રકારે નિષેધ આવે? નિષેધ આવે તો એ નિષેધની મર્યાદા શું? નથી નિષેધ એની મર્યાદા શું? એની ચર્ચા સ્પષ્ટ થવી જોઈએ. નહિતર ગેરમાર્ગે જવાનો. કેમકે શાસ્ત્રમાં જ્યાં વચન આવશે ત્યાં બધે અપેક્ષા નહિ ખોલી હોય. જે જે શાસ્ત્રો વચનો છે ત્યાં બધી અપેક્ષા નથી ખોલાતી.

મુમુક્ષુ :- શુદ્ધ નયાશ્રિત મુનિવરો...

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'શુદ્ધ નયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' નિશ્ચયનયાશ્રિત મુનિવરો. શુદ્ધ નહિ. 'નિશ્ચય નયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' એ 'સમયસાર'ની ગાથા છે. અને 'પંચાધ્યાયી'માં નયને ધોકો માર્યો છે. અપેક્ષા સમજવી પડશે ને. બંધ અધિકારમાં કહે, નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્ત કરે નિર્વાણની. સમ્યગ્દર્શનની નહિ, નિર્વાણની.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નિશ્ચયનયની જે પર્યાય છે એનો આશ્રય કરે એટલે વેદન કરે એમ ત્યાં છે. અનુભવ કરે. એમ એનો અર્થ છે ત્યાં. જે નિશ્ચયનય છે કે જે નિશ્ચય સ્વરૂપને અવલંબીને ઉત્પન્ન થયેલો છે માટે જ એનું નામ નિશ્ચયનય છે, એવા પર્યાયે પરિણમે તે નિર્વાણની પ્રાપ્તિ કરે એમ કહેવું છે. પર્યાયનો આશ્રય નથી કરાવ્યો, વેદન કરાવ્યું છે. અનુભવ કરાવ્યો છે. ત્યાં નયાશ્રિત વાત કરી. તો પ્રમાણનો પક્ષ કરવાવાળો કહે, નહિ. ત્યાં

પ્રમાણની વાત લેવી, નયની ન લેવી. શાસ્ત્રમાં તો નયનું વચન આવશે શું કરશો? અનુભૂતિ શુદ્ધ નયાશ્રિત છે. ૧૫મી ગાથા શુદ્ધ નયાત્મિકા. અનુભૂતિને શુદ્ધ નયાત્મિકા કહી છે.

'**સ્વ વસ્તુને દેખતાં, જાણતાં, પરિણમતાં સુખ થાય,...**' લ્યો, સીધી વાત તો આ છે. પોતાની સ્વરૂપરૂપ વસ્તુને સ્વ વસ્તુને દેખે, જાણે, પરિણમે તો એને સુખ થાય. '**આનંદ થાય; તે અનુપમ, અબાધિત, અખંડિત, અનાકુળ (અને) સ્વાધીન છે,...**' એવું જે સુખ અને આનંદ છે તેની ઉપમાં જગતમાં ક્યાંય નથી. એને કોઈ બાધા પહોંચાડી શકે નહિ. સાતમી નારકીના સંયોગોની પીડા છે એ બાધા પહોંચાડી શકે નહિ. અખંડિત— એમાં કોઈ ખંડ-છેદ પાડી શકે નહિ. વચમાં એને બાધા તો ન પહોંચાડી શકે પણ એને કોઈ અંશે પણ એને નુક્સાન કરી શકે નહિ. એને ખંડિત કરવું. કોઈ અંશે નુક્સાન ન કરી શકે. અને અનાકુળ—એમાં આકુળતા જરાય લાવી શકાય નહિ. એવું એ સ્વતંત્ર અને સ્વાધીન છે. કોઈની પરાધીનતા એને નથી.

'**(તે) સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયનું સર્વસ્વ છે.**' અને એ સુખ અને આનંદ છે એ બધા દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ એ સર્વસ્વ છે. સુખ અને આનંદ ન મળે તો શું કામનું? '**જેમ સર્વ ઉદ્યમ ફળ વિના વૃથા હોય,...**' ગમે તેટલો ઉદ્યમ કરવામાં આવે પણ એનું કાંઈ ફળ ન આવે તો? આખું વર્ષ વેપાર કર્યો. કમાણો? તો કહે, કાંઈ નહિ. એનો કાંઈ અર્થ નથી. એમ '**ફળ યુક્ત કાર્યકારી હોય, તેમ સુખ કાર્યકારી વસ્તુ છે. એ પ્રમાણે સુખ-અધિકાર પૂરો થયો.**' છેલ્લે-છેલ્લે સુખ અધિકાર લીધો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બાર અંગનો સાર આવી ગયો. પર્યાયાર્થિકનયના પ્રકારો કરીને એના ઘણા ભેદો છે અને ઘણો એનો વિષય વિશાળ છે એમ કહીને સરવાળે સુખની વાત કરી પાછી. સરવાળે સુખની વાત કરી.

મુમુક્ષુ :- બધાનું ફળ સુખ.

પૂજ્ય ભાઈશ્રી :- બધાનું ફળ સુખ. સુખમાં આવવું જોઈએ. સુખ ન આવે તો આ બધું જાણ્યું તે બધું નકામું. એ ઓલા જેવું છે. નાવ ડૂબવાની તૈયારી થઈ તો ઓલો ખારવાએ પૂછયું પંડિતજી! તરતા આવડે છે? તો કહે, તરવાનો અર્થ બહુ સરસ મને આવડે. આ શાસ્ત્રમાં આમ લખ્યું, આ શાસ્ત્રમાં આમ લખ્યું, આવી રીતે ભાવથી તરવું. પણ અત્યારે અહીં ડૂબશો એની વાત ચાલે છે. તો કહે, એ નથી આવડતું. ઓલા બધા પોથીમાં તરવાનું સમજ્યા એ બધું નકામું ગયું. એમાં પાણીમાં તરવાની કળા પણ વાંચી હોય લ્યો ઠીક! પુસ્તકો વાંચ્યા હોય એમાં. પણ તરતા ન આવડે તો શું કામ આવે? એવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- તરવા ઉપર મહાનિબંધ લખે. ઠીક! એને પાણીમાં નાખો તો ડૂબે. તરવા ઉપર થિસીસ લખવી હોય તો લખે. પી.એચ.ડી. થઈ જાય. એને પાણીમાં નાખ્યો હોય તો માંડે ગળકા ખાવા. જાય પાણી પીને નીચે. શું કામનું જ્ઞાન? એમ સુખ વગરની બધી સમજણ નકામી. આત્માને સુખ પમાડે તે જ્ઞાન કામનું. આત્માને સુખ ન પમાડે તે જ્ઞાન નકામું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પોતાને શું થાય? દુનિયાને બીજા બધાને સુખ થાય પણ પોતાને શું થાય?

જે દરિદ્રી માણસ હોય અને જેની જોળીમાં પૈસા ન હોય, ખાલી હોય. એ કેટલાને દાન આપે કહો જોઈ? ખાલી જોળી લઈને ભીખ માગવા નીકળ્યો હોય એ દાન કેટલાને આપે? દાન દેતો ફરે? કે ભીખ માગતો ફરે? એ શું દાન દેવાનો હતો? એ તો ભીખ માગશે બહાર. એમ જે પોતાને સુખી નથી કરતો એ બીજાને સુખી કેવી રીતે કરવાનો? પ્રશ્ન જ નથી.

હવે '**જીવન શક્તિ**' '**જીવનશક્તિ કહીએ છીએ :- આ આત્મા અનાદિનિધન છે, અનંત ગુણયુક્ત છે, એક એક ગુણમાં અનંત શક્તિ છે.**' પ્રત્યેક ગુણને પોતાની અનંત શક્તિ છે. એમાં પહેલી પ્રથમ જીવનશક્તિ છે. જીવત્વશક્તિ. આ ૪૭ શક્તિમાં આપણે પહેલી જીવત્વશક્તિ કહો કે જીવનશક્તિ કહો (એ લીધી છે).

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે તાકાત લેવી અહીંયાં. અનંત શક્તિ એટલે અનંત તાકાત છે. અપરિમિત શક્તિ છે.

'**આ આત્માને કારણભૂત ચૈતન્યમાત્ર ભાવ છે,...**' ચૈતન્ય જેના પ્રાણ છે. ન લીધું? જીવત્વશક્તિમાં ચૈતન્યપ્રાણ છે. '**તે ભાવને ધારણ કરનારી...**' '**આ આત્માને કારણભૂત ચૈતન્યમાત્ર ભાવ છે, તે ભાવને ધારણ કરનારી જીવનશક્તિ છે.**' ગુજરાતી 'સમયસાર' પાનું ૫૦૩માં પહેલી શક્તિનું વર્ણન-પરિભાષા છે. '**તે જીવનશક્તિ વડે જે જીવ્યો, જીવે છે અને જીવશે તેને જીવ કહીએ.**' અનંત શક્તિ છે ને? એટલે અનંત ભૂતકાળથી જે જીવ્યો અને અનંત ભવિષ્યકાળ જે જીવશે અને વર્તમાનમાં જીવી રહ્યો છે તેને જીવનશક્તિ કહીએ. એટલા માટે એનું નામ જીવ પાડ્યું. જીવત્વશક્તિને કારણે એનું નામ જીવ પાડ્યું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. વાંચવું છે?

મથાળુ એમ છે, હે જીવ! તારી જીવત્વ શક્તિથી જ તું જીવી રહ્યો છો. ચૈતન્યભાવ તે જ આત્માના જીવનનું કારણ છે. જ્ઞાતાસ્વભાવ સન્મુખ થયેલી જ્ઞાનપર્યાય વડે આત્માનું જીવન છે. જ્ઞાતાસ્વભાવ સન્મુખ થયેલી જ્ઞાનની પર્યાય વડે જ આત્માનું જીવન છે. જે જીવ આવી જીવનશક્તિને જાણે એનું આત્મજીવન જુદી જાતનું થઈ જાય. આ જીવનશક્તિરૂપ સંજીવનીનું સેવન કરે તો કદી મરણ થાય નહિ. કેમકે હું તો સદાય જાગતો જીવ છું. મારું મરણ છે નહિ. ક્યાંય નથી. સંતોએ આ જીવનશક્તિરૂપી સંજીવની આપીને આત્માનું અમર જીવન બતાવ્યું છે. હવે જીવો, એનું સેવન કરો. મરણની બીક ઊડી જાય લ્યોને. જો જીવત્વશક્તિથી પોતાનું સ્વરૂપ સમજાય તો એને મરણની બીક ઊડી જાય. પછી આ દસ પ્રાણરૂપ જે જીવતર કહેવામાં આવે છે—શ્વાસોશ્વાસ, ઇન્દ્રિયો એનો આધાર પણ એની જે આધારબુદ્ધિ છે જીવને એ આધારબુદ્ધિ પણ છૂટી જાય.

મુમુક્ષુ :- મરણનો ભય નીકળે એટલે બધો ભય નિકળી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- બધો ભય નિકળી જાય. પછી બીજા ભય તો એથી નીચેના છે. હવે જો ખાલી મરણનો ભય ન રહે તો પછી કોનો ભય રહે? મોટો ભય નથી પછી નાનો ભય ક્યાંથી આવવાનો જ હતો? એમ કહે છે. પછી કોઈ ભય રહેવાનો જ નથી. જાણે-અજાણ્યે પણ જીવને મરવાનો ભય સતાવે છે. એ ભય છૂટી જશે.

મુમુક્ષુ :- લાલબત્તી મૂકી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મરણની લાલબત્તી. પણ જીવત્વશક્તિ સમજે એને પછી બત્તીની જરૂર પડતી નથી. મારું મરણ જ નથીને. પછી મારે મરણનો ભય રાખવાનો કે મરણને લક્ષમાં રાખીને કોઈ કાર્ય કરવાની વાત રહેતી નથી. અજ્ઞાનીને એમ કહે કે ભાઈ! મરતા પહેલા સાધી લેજે. જ્ઞાની તો એમ કહે છે કે અમે દરેક વર્તમાનમાં સાધીએ છીએ. અહીંયાં રહીએ કે ગમે ત્યાં જઈએ. અમારે મરણનો પ્રશ્ન જ ક્યાં છે? મરણ જેવી કોઈ ચીજ છે નહિ અમારે. અહીંથી દેવલોકમાં રહેવાનું થાય કે અહીંયાં રહેવાનું થાય, અમને શું ફરક પડે છે? અમને કાંઈ દેવલોકની સગવડની અપેક્ષા નથી અને અહીંયાં કોઈ અગવડની અપેક્ષા નથી. કાંઈ નથી. અમે તો અમારું કામ કરીએ છીએ. પછી એને કાંઈ વચ્ચે જીવન-મરણનો પ્રશ્ન મુખ્ય થતો નથી.

જીવત્વશક્તિથી જીવી રહ્યો છું, સદાય જીવતો રહેવાનો છું અને જીવતો રહીશ. એને મારે આ વગર નહિ ચાલે એ વાત નથી રહેતી. આના વગર મને નહિ ચાલે એ વાત નથી

રહેતી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બધી શક્તિનું જે પરિણમન છે એ વિપરીત ત્યાં થઈ જાય છે. એક જ્ઞાન સિવાય બધું વિપરીત થઈ જાય. એટલે સમયે સમયે ભાવમરણ છે ત્યાં. પ્રતિક્ષણે ભાવમરણને અનુભવે છે. શક્તિ શક્તિરૂપે (રહે), પણ એનું પરિણમન છે ને એ હીણું થાય છે અથવા વિપરીત થાય છે. એમ કહેવું છે. જેમકે જ્ઞાનશક્તિ જ્ઞાનશક્તિરૂપે છે. જ્ઞાન ત્યાં અવરાય (તો) અક્ષરમાં અનંતમા ભાગે થાય. એમ. જ્ઞાન હીણું થઈ ગયું ને? એવી રીતે સુખનું દુઃખ થઈ ગયું. દુઃખી ઘણો થઈ ગયો, સુખ શક્તિ એમ ને એમ રહી ગઈ. દુઃખી બહુ થઈ ગયો. એમ જીવત્વશક્તિ એમ ને એમ રહી ગઈ અને ભાવમરણ એક શ્વાસોશ્વાસમાં અઢાર વખત. આ પરિસ્થિતિ ઊભી થઈ. પોતાના શક્તિના સ્વરૂપને નહિ સ્વીકારીને વાત છે. અસ્વીકાર કરીને વાત છે. મરણને સ્વીકારવું એમ કહો કે જીવત્વશક્તિનો અસ્વીકાર કરવો એમ કહો, બેય એક વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બસ. પોતાની શક્તિની પીછાણ કરી નથી એનું જ દુઃખ છે અને એનું જ ભવભ્રમણ છે. એના જ કારણે. પછી કોઈ ચિંતા નથી અને કોઈ ઉપાધિ નથી. પછી રસ્તો સાફ છે. શક્તિનો સ્વીકાર કરે તો. આ પોપટનો દાખલો એટલા માટે જ આપ્યો છે ને. કે પોપટ ભૂંગળીમાં કેમ પકડાય છે? ઉડવાની શક્તિને ભૂલે છે એટલે. એમ હું નિરાલંબ નિરપેક્ષપણે જીવન જીવી શકું છું. એવી શક્તિને ભૂલ્યો એ આધારબુદ્ધિથી દીન, હીન, પાંગળો, રાંકો થઈને ફરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વાધીન છે. સુખ સ્વાધીન છે. બે પ્રવચન થયા છે, જીવત્વ શક્તિ ઉપર.

આત્મામાં એક સાથે અનંત શક્તિઓ છે. એમાં આ પ્રથમ જીવત્વશક્તિનું વર્ણન છે. આ બધી શક્તિઓ આત્માના જ્ઞાનમાત્ર ભાવમાં અંતઃપાતીની છે. એટલે કે આત્માનું લક્ષ કરતા જ્ઞાનમાત્ર ભાવનું પરિણમન થયું, હું જ્ઞાતામાત્ર છું એમ પરિણમન થયું તેમાં આ શક્તિઓ ઊછળે છે, પ્રગટે છે, વ્યક્ત થાય છે અને પરિણમે છે. પણ એ જ્ઞાનમાત્ર ભાવની સાથે રાગ અને શરીર ઊછળતા નથી. એમનો તો અભાવ છે. અનંત શક્તિ ઉછળે છે અંતઃપાતિની થઈને અંદર પડે છે જ્ઞાનમાત્રમાં. એ બહુ સારો ટોન છે જ્ઞાનમાત્રનો. બધી શક્તિઓમાં જ્ઞાનમાત્ર ભાવમાં અંતઃપાતિની લાગુ કરી છે. અહીં સુધી રાખીએ.

**તા. ૧૬-૬-૧૯૯૧, પાના નં. ૫૯**
**પ્રવચન નં. ૧૧**

‘**તે સામાન્ય અને વિશેષ એવા બે ભેદવાળી છે.**’ દરેકમાં સામાન્ય-વિશેષાત્મક બંને લઈ લેવું. ‘**વસ્તુના સ્વરૂપને નિષ્પન્ન રાખવાનું જે સામર્થ્ય તે તો સામાન્ય વીર્યશક્તિ છે. વિશેષ વીર્યશક્તિના ત્રણ ભેદ છે-દ્રવ્યવીર્યશક્તિ, ગુણવીર્યશક્તિ, પર્યાયવીર્યશક્તિ.**’ સામાન્યમાં કોઈ ભેદ ન લેવો. એક વીર્યશક્તિ એ સામાન્ય સ્વરૂપ એનું થઈ ગયું. પછી એને દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદમાં લઈ જવું તે એનું વિશેષ સ્વરૂપ છે. એમ લીધું છે. ‘**(વળી) ક્ષેત્રવીર્ય...**’

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પર્યાયવીર્ય શક્તિ જુદી લીધી. પર્યાયનું વીર્ય જુદું. ત્રણેનું વીર્ય જુદું જુદું. દ્રવ્યનું દ્રવ્યપણે રહેવાનું વીર્ય, ગુણનું ગુણપણે રહેવાનું વીર્ય અને પર્યાયનું પર્યાયપણે રહેવાનું વીર્ય.

જેમ કે એમ લઈ શકીએ એમાં કે એક દ્રવ્ય છે એ એક પરમાણુ ભલે નાનામાં નાનો કણ છે પણ એનું જે જડવીર્ય છે એને ચેતન ન કરી શકાય. એટલે એ જડદ્રવ્ય છે એ જડદ્રવ્યમાં બીજો કોઈ ફેરફાર ન કરી શકાય. એ એનું દ્રવ્યવીર્ય છે. એ ત્રિકાળ એમ ને એમ જ રહે. પછી ગુણવીર્યમાં પ્રત્યેક ગુણ છે એ એના પોતાના ગુણત્વને ન છોડે. કોઈપણ પ્રક્રિયાથી વસ્તુના સ્વભાવને બદલાવી ન શકાય. જેમકે આત્મા અનંત કાળ નિગોદમાં રહ્યો. અથવા કેટલાક આત્માઓ હજી નિત્યનિગોદમાં જ છે. વ્યવહારરાશીમાં જ આવ્યા નથી. વ્યવહારરાશી એટલે પરિભ્રમણના ચક્કરમાં જ આવ્યા નથી. અનંત કાળથી એટલે અનાદિથી વર્તમાન સુધી હજી નિગોદમાં જ છે. બહાર જ નથી નીકળ્યા. તોપણ એનો સ્વભાવ એવો ને અકબંધ છે. ગુણવીર્ય છે એ. એ ગુણમાં કાંઈ ફેર નથી. જે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર એવા ને એવા જ છે. એ એનું ગુણવીર્ય છે. એ મટીને જડ ન થાય. અનંત કાળ નિગોદમાં રહ્યા છતાં જડ ન થાય તે દ્રવ્યવીર્ય. સ્વભાવમાં ફેરફાર ન થાય તે ગુણવીર્ય અને એક પર્યાય છે એનું વીર્ય પણ અનંતુ છે. એ સમયની એ પર્યાયને આઘી-પાછી ન કરી

શકાય, ઓછી-વત્તી ન કરી શકાય. એ પર્યાયનું પર્યાયત્વ છોડાવી ન શકાય. એ પર્યાયવીર્ય છે. સ્વતંત્ર છે એ. એવી રીતે ત્રણ ભેદ છે એના.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- છે? એક એક પ્રકરણ લીધા છે. એટલે આ ટૂંકાણમાં લઈ લીધું. બહુ સારી વાત છે. એ હિસાબે સ્પષ્ટીકરણ પોતે જ આપ્યું છે પછી ક્યાં સવાલ છે? ત્યાંથી જ લેવું એમને અડીને જ. એમની વાતને અડીને. વીર્યશક્તિમાં દ્રવ્યવીર્ય, ગુણવીર્ય, પર્યાયવીર્ય, ક્ષેત્રવીર્ય, કાળવીર્ય, તપવીર્ય, ભાવવીર્ય. પછી એક ગુણમાં સર્વ ગુણનું રૂપ આવે છે. પછીનું પ્રકરણ.

**'તે કેટલાક વિશેષો લખીએ છીએ. પ્રથમ જ દ્રવ્યવીર્ય લખીએ છીએ.' 'દ્રવ્યવીર્ય ગુણ-પર્યાયવીર્યનો સમુદાય છે.'** એટલે કોઈ જુદી ચીજ નથી. ગુણ-પર્યાયવીર્યનો સમુદાય તે દ્રવ્યવીર્ય. એ તો ગુણપર્યાયનો સમુદાય તે દ્રવ્ય છે. એથી ગુણપર્યાયના વીર્યનો સમુદાય તે દ્રવ્યવીર્ય છે. એ તો આપોઆપ જ થઈ જાય છે.

**'અહીં કોઈ પ્રશ્ન કરે છે કે-ગુણ-પર્યાયને દ્રવે, (તેમાં) વ્યાપે તે દ્રવ્ય છે, તેમ જ ગુણ-પર્યાયનો સમુદાય પણ દ્રવ્ય છે.-(એ રીતે) ગુણ-પર્યાયનો સમુદાય અને (ગુણ-પર્યાયમાં) વ્યાપવું (એ) વિશેષ જુદા છે, તો શું દ્રવ્ય પણ જુદા (બે પ્રકારના) છે?'** એમ બે જાતની વિશેષતા લીધી તો શું એ દ્રવ્ય પણ બે જાતના છે? એમ કહેવું છે. દ્રવ્ય તો એક જ જાતનું છે. પણ એને બે પડખેથી કહ્યું નહિ, અનેક પડખેથી કહી શકાય છે. આ સિવાયના પણ અનેક પડખેથી કહી શકાય છે.

એવી અમારે એક ચર્ચા ચાલી હતી. (એક મુમુક્ષુ) બહુ ચર્ચા કરતા હતા. મગજ બહુ હતુ. એમ કે વસ્તુમાં દ્રવ્ય-ગુણ-પર્યાય સિવાય કાંઈ છે જ નહિ. દ્રવ્ય-ગુણ-પર્યાય સિવાય કોઈ વાત લેવી નહિ. ત્રણ જ ભેદ લેવા. મેં કીધું, એવું ન હોય. વસ્તુમાં તો અનંત ભેદ છે. આપણે એક ચોથો ભેદ પકડીએ કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ લઈએ છીએ કે નહિ? ક્ષેત્રભેદ ચોથો લીધો કે નહિ? ચોથો લેવાય અને ચોવીસ પણ લેવાય. જેટલા લેવા હોય એટલા લેવાય. પણ અમુક કલ્પના કરીને બેસી જાય અને પછી ત્યાંથી આગળ ખસવું નહિ એવું ન થવું જોઈએ.

એમ અહીંયાં એમ કહે છે કે ગુણપર્યાયનો સમુદાય અને વ્યાપવું એ બે વિષય જુદા છે તો શું દ્રવ્ય જુદા જુદા છે? દ્રવ્ય બે પ્રકારના છે? એમ પ્રશ્ન ઉઠાવ્યો છે. મૂળ તો પ્રકરણ ચાલ્યું છે વીર્યનું. પણ આ પ્રશ્ન વળી દ્રવ્યના પ્રકારનો ઉઠાવ્યો છે.

**'તેનું સમાધાન :- વ્યાપકભાવના બે ભેદ છે :- (૧) ભિન્નવ્યાપક, (૨)**

**અભિન્નવ્યાપક, ભિન્નવ્યાપકના બે ભેદ છે :- બંધવ્યાપક, (અને) અબંધવ્યાપક. જેમ તલ વિષે તેલ બંધવ્યાપક છે, તેમ દેહ વિષે આત્મા બંધવ્યાપક છે; ધનાદિક વિષે અબંધવ્યાપક છે. (-ભિન્ન વ્યાપકપણાના આ બંને પ્રકારો)...'** છે. એ છૂટા છે. દેહમાં બંધવ્યાપક છે અને ધનાદિકને વિષે અબંધવ્યાપક છે. '**અશુદ્ધ અવસ્થામાં છે.**' '**(-ભિન્ન વ્યાપકપણાના આ બંને પ્રકારો) અશુદ્ધ અવસ્થામાં છે. અહીં શુદ્ધતામાં ગુણ-પર્યાયથી અભિન્ન વ્યાપક છે; તે અભિન્ન વ્યાપકના બે ભેદ છે-એકયુગપત્‌ સર્વદેશવ્યાપક અને બીજો ક્રમવર્તી એકદેશવ્યાપક.**' એ અભિન્ન વ્યાપકના પણ બે ભેદ છે, ગુણ અને પર્યાયને લઈને.

'**દ્રવ્ય (પોતાના) ગુણોમાં યુગપત્‌ સર્વદેશવ્યાપક છે (અને) પર્યાયમાં ક્રમવર્તી વ્યાપક છે;...**' પણ બંને અભિન્ન વ્યાપકના ભેદ છે. '**કેમકે સર્વે ગુણપર્યાયનું એક દ્રવ્ય નિપજેલું છે; તેથી સર્વ (વ્યાપક અને) ક્રમવ્યાપક અભિન્નતા ગુણ-પર્યાયથી થઈ. એટલે વ્યાપકપણામાં, ગુણ પર્યાયનો સમુદાય આવ્યો; માટે વ્યાપકતા અને 'ગુણ-પર્યાય(નો સમુદાય)' (એ તો) કહેવા માત્ર ભેદ છે, (-દ્રવ્ય કાંઈ બે ભેદરૂપ નથી.)**' એટલે એમને એમ કહેવું છે કે ગુણ-પર્યાયનો સમુદાય અને વ્યાપકપણું એ તો કથન કરવાની બે પદ્ધતિ થઈ, એક જ દ્રવ્યની. બાકી સમુદાયમાં વ્યાપવું જ છે. સમુદાય એટલે ભેગા થયા, જોઈન્ટ થયા, જેને યોગ કહીએ, મળવું થયું, સંયોગ થયો એમ નથી. ગુણપર્યાયનો સંયોગ થઈને દ્રવ્ય નથી થયું. એ વ્યાપ્યવ્યાપકભાવે છે એને જ સમુદાય કહેવામાં આવ્યો છે. એમ લેવું.

'**વસ્તુનો સ્વભાવ અન્ય અન્ય ભેદ વડે (તથા) સત્તાથી અભેદવડે સિદ્ધ છે.**' વસ્તુનો જે સ્વભાવ છે, જુદા જુદા પ્રકારના ભેદો વડે અને સત્તાથી અભેદ છે. એ રીતે સિદ્ધ છે એટલે સાબિત થાય છે. '**દ્રવ્યનું વિશેષ (-વર્ણન) પૂર્વે કહ્યું, તેને ટકાવી રાખવાની સામર્થ્યતા (તે) દ્રવ્યવીર્યશક્તિ છે.**' દ્રવ્યનું જે પૂર્વે વર્ણન કર્યું એને ટકાવી રાખવું. દ્રવ્યને દ્રવ્યપણે ટકાવી રાખવું. જે દ્રવ્ય હોય તેને તે દ્રવ્યપણે ટકાવી રાખવું એને દ્રવ્યવીર્યશક્તિ કહેવામાં આવે છે.

'**(અહીં) કોઈ પ્રશ્ન કરે છે :-**' જુઓ! કેટલા પ્રશ્ન ઉઠાવ્યા! છ પ્રશ્ન ઉઠાવ્યા છે. '**(૧) આ દ્રવ્યવીર્ય ભેદ છે કે અભેદ છે ?**' એક તો પહેલી વાત કે એને ભેદમાં લ્યો છો કે અભેદમાં લ્યો છો? '**(૨) અસ્તિ છે કે નાસ્તિ છે? (૩) નિત્ય છે કે અનિત્ય છે (૪) એક છે કે અનેક છે? (૫) કારણ છે કે કાર્ય છે ? (૬) સામાન્ય છે કે વિશેષ છે? તેનું સમાધાન કરીએ છીએ :-**' એક એકનું સમાધાનઆપશે. છએ છ પ્રશ્નનું.

પહેલું દ્રવ્યવીર્ય ભેદ છે કે અભેદ છે? '**(૧) સામાન્યપણે કહીએ ત્યારે તો દ્રવ્યવીર્ય**

**અભેદ છે અને ગુણોના સમુદાયની વિવક્ષાથી કહીએ ત્યારે ભેદ છે; ગુણોના ભેદ જુદા છે તેથી આ વિવક્ષામાં ભેદ આવ્યો, પરંતુ અભેદને સાધવાનું નિમિત્ત આ ભેદ છે. ભેદ વિના અભેદ હોય નહિ; તેથી (દ્રવ્યવીર્યને) ભેદ-અભેદ કહીએ.**' દ્રવ્યવીર્યને અભેદ પણ કહીએ છીએ અને ગુણોની અપેક્ષાએ ભેદ પણ કહીએ છીએ.

પછી અસ્તિ-નાસ્તિ લીધી. '(૨) **(દ્રવ્યવીર્ય) પોતાના ચતુષ્ટયથી અસ્તિ છે (અને) પરચતુષ્ટયથી નાસ્તિ છે.**' દ્રવ્યવીર્ય છે એ પોતાના સ્વચતુષ્ટયથી અસ્તિ છે અને પરચતુષ્ટયથી નાસ્તિ છે. એ અનંતુ વીર્ય છે પરચતુષ્ટય છે તે. નાસ્તિરૂપ પણ અનંતુ વીર્ય છે. જો અનંત વીર્ય નાસ્તિરૂપે ન હોય તો અનંતા દ્રવ્યોથી ભિન્ન કેવી રીતે રહી શકે? નાસ્તિરૂપે કેવી રીતે રહી શકે? માટે નાસ્તિત્વરૂપ વીર્ય છે એ પણ અનંતુ છે. અસ્તિત્વ તો પોતાનું અનંતુ ટકાવી છે તેથી અસ્તિવીર્ય પણ અનંતુ છે. એમ નાસ્તિવીર્ય પણ અનંતુ છે.

પછી નિત્ય છે કે અનિત્ય છે? '(૩) **દ્રવ્યવીર્ય નિત્ય છે, (અને) આ દ્રવ્યવીર્યમાં પર્યાયવીર્ય પણ આવે છે તે (પર્યાયવીર્ય) વડે અનિત્ય છે.**' અહીંયાં પ્રમાણનો વિષય દ્રવ્ય લીધું છે. દ્રવ્યમાં પર્યાય આવી ગઈ. પર્યાયની અપેક્ષાએ જુઓ તો તે અનિત્યવીર્ય છે અને દ્રવ્યની અપેક્ષાએ જુઓ તો તે નિત્ય વિર્ય છે. '**પરંતુ દ્રવ્યવીર્ય નિત્ય છે તેને પર્યાયવીર્ય સાધે છે,...**' પર્યાય જ એને સાધે છે. દ્રવ્યને કોણ સાધે છે? પર્યાય સાધે છે. સાધના તો પર્યાયમાં છે ને. '**તેથી અનિત્ય તે નિત્યનું સાધન છે.**' લ્યો આ સિદ્ધાંત કાઢ્યો આમાંથી. '**અનિત્ય તે નિત્યનું સાધન છે. તે (દ્રવ્યવીર્ય)નો નિત્યાનિત્યાત્મક સ્વભાવ છે.**' તે દ્રવ્યવીર્યનો નિત્ય-અનિત્યાત્મક સ્વભાવ છે.

'**(એ રીતે તે) અનેક ધર્માત્મક છે. નયચક્ર ગ્રંથમાં કહ્યુ છે કે –**' '**नानास्वभावसंयुक्तं द्रव्यं ज्ञात्वा प्रमाणतः**' નયચક્રની ગાથા ૧૭૩. '**(અર્થાત્ અનેક સ્વભાવ સંયુક્ત દ્રવ્યને પ્રમાણવડે જાણીને-) એ વચનથી પર્યાય સ્વભાવથી અનિત્ય છે.**' દ્રવ્યસ્વભાવથી નિત્ય છે અને પર્યાયસ્વભાવથી તે અનિત્ય છે. એમ નિત્ય-અનિત્ય બેય લઈ લીધું.

'**અહીં કોઈ પ્રશ્ન કરે છે –**' આ પેટા પ્રશ્ન છે '**કે પર્યાયને અનિત્ય કહો, પણ દ્રવ્યને અનિત્ય ન કહો.**' એ તો તમે પર્યાયની વાત કરી પણ દ્રવ્યની ન કહો. '**તેનું સમાધાન – ઉપચારથી દ્રવ્યને (અનિત્ય) કહીએ; લક્ષણથી પર્યાયને અનિત્ય કહીએ.**' કારણ કે પર્યાય પણ દ્રવ્યની છે ને? માટે. દ્રવ્યાર્થિકનયે પર્યાય પણ દ્રવ્યરૂપે જોવામાં આવે છે. દ્રવ્યાર્થિકનયે. તો પછી એને ઉપલક્ષણ કહી દીધું અને પર્યાયનું લક્ષણ અનિત્ય છે. ઉપલક્ષણથી તે નિત્ય છે. પર્યાય પણ નિત્ય છે.

'**(વળી અહીં) બીજો પ્રશ્ન થાય છે કે-ઉત્પાદ-વ્યય-ધ્રુવ તો સત્તાનું લક્ષણ છે અને**

**સત્તા દ્રવ્યનું લક્ષણ છે, (માટે તેને) પર્યાયનું લક્ષણ ન કહો.**' એમાં તો ત્રણે આવી ગયા ને? ઉત્પાદ ને વ્યય તો પર્યાયમાં જ છે. અને એ સત્તાનું લક્ષણ છે માટે પર્યાયનું લક્ષણ ન કહો. '**તેનું સમાધાન કરીએ છીએ :- ઉત્પાદ-વ્યય પણ પર્યાયસત્તાનું જ લક્ષણ (છે),...**' ઉત્પાદ-વ્યય પણ એ પર્યાયસત્તાનું જ લક્ષણ છે. અને '**ઉપચારથી (તેને) દ્રવ્યમાં કહીએ. નયચક્રમાં કહ્યું છે કે...**' '**द्रव्ये पर्यायोपचारः पर्याये द्रव्योपचारः**' દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર છે અને પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર થાય છે. '**(અર્થાત્ દ્રવ્યમાં પર્યાયનો ઉપાચર થાય છે અને પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર થાય છે) માટે (અનિત્ય પર્યાયનો) ઉપચાર કરીને (દ્રવ્યને અનિત્ય) કહીએ છીએ. અનિત્ય દ્રવ્ય મૂળભૂત વસ્તુ નથી-એમ જાણવું.**'

આમાં શું લેવું છે કે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને એકબીજાના દૃષ્ટિકોણથી જોઈ શકાય છે. દ્રવ્યને ગુણ-પર્યાયના દૃષ્ટિકોણથી, ગુણને દ્રવ્ય-પર્યાયના અને પર્યાયને દ્રવ્ય-ગુણના દૃષ્ટિકોણથી જોઈ શકાય છે. એને એ પ્રકારના નય કહેવામાં આવે છે. દૃષ્ટિકોણનો અર્થ જ નય છે. જે પ્રયોજનનો જે દૃષ્ટિકોણ હોય અથવા જે જ્ઞાતાનો અભિપ્રાય હોય, દૃષ્ટિકોણ કહો કે અભિપ્રાય કહો જ્ઞાતાનો એને જ નય કહેવામાં આવે છે. જ્ઞાતાના અભિપ્રાયને નય કહીએ. આ નયની વ્યાખ્યા છે.

પછી એ જ પ્રમાણે કથન કરવું તે શબ્દનય છે. જે અભિપ્રાયથી જોયું તે જ અભિપ્રાયથી કથન કરવું તેને શબ્દનય કહે છે. પર્યાયને દ્રવ્યગુણના અભિપ્રાયથી જોઈ, દ્રવ્યગુણના દૃષ્ટિકોણથી જોયા પછી એ પ્રકારે કથન કરવું પર્યાયનું તો તે દ્રવ્યાર્થિકનય છે. એવી રીતે દ્રવ્યને પર્યાયના દૃષ્ટિકોણથી જોયું તો શબ્દમાં પણદ્રવ્યને પર્યાયાર્થિકનયથી કહ્યું. એટલે એ રીતે બધી વિવિક્ષા ઊભી થાય છે. એટલે ક્યાંય ધૂંચવાડામાં પડવા જેવું નથી. કથન ભલે ગમે તે આવે. વસ્તુનું સ્વરૂપ એકવાર બરાબર સમજાય જાય પછી કથન ગમે તે દૃષ્ટિકોણથી કરે તો એને સમજમાં આવી જાય છે કે આમાં શું કહેવા માગે છે. કોને મુખ્ય કરે છે, કોને ગૌણ કરે છે. કયા દૃષ્ટિકોણને અપનાવીને આ વાત કહેવા માગે છે એ બધું સમજાય જાય છે. એટલે સામાનું જ્ઞાન પણ સમજાય જાય અને એની ભાષા પણ સમજાય જાય. એના ઉપર તો આપણે વિવિક્ષા છત્રીસી લીધી છે. 'તત્ત્વાનુશીલન'માં વિવિક્ષા છત્રીસી એના ઉપર જ લીધી છે. છત્રીસ પ્રકારે આવી વિવિક્ષા આવી શકે છે. ગુણોની, દ્રવ્યની, ભેદની, અભેદની.

ચોથું એક કે અનેક. '**(દ્રવ્યવીર્ય) દ્રવ્યથી એક છે અને ગુણ-પર્યાયના સ્વભાવથી અનેક છે; અનેક સ્વભાવવડે એક છે,...**' અનેક સ્વભાવ થઈને એક છે '**માટે અનેક ઉપચારથી કહીએ. એક સ્વભાવ સાધવાનું નિમિત્ત અનેકપણું એમ ઉપચારથી સાધ્યું**

**છે.**' પછી પાંચમું. પાંચમું છે કારણ અને કાર્ય. '**પૂર્વ પરિણામથી યુક્ત (તે) કારણરૂપ દ્રવ્ય છે (અને) ઉત્તર પરિણામથી યુક્ત (તે) કાર્યરૂપ દ્રવ્ય છે,...**' 'સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષા'ની ગાથા ૨૨૨ અને ૨૩૦ બે ગાથા લીધી છે.

'**પૂર્વ પરિણામથી યુક્ત (તે) કારણરૂપ દ્રવ્ય છે (અને) ઉત્તર પરિણામથી યુક્ત (તે) કાર્યરૂપ દ્રવ્ય છે,-કારણ કાર્ય-સ્વભાવ દ્રવ્યમાં જ છે; તેથી નયવિવક્ષા વડે દ્રવ્યમાં કારણ-કાર્ય સાધવામાં કોઈ દોષ નથી. પૂર્વ પરિણામ ગ્રાહકનય (અને) ઉત્તર પરિણ-ામ ગ્રાહકનય વડે (કારણ-કાર્ય) સાધવું.**' પહેલું જે પરિણામ થયું એને કારણરૂપે ગણવું, ત્યારપછી જે પરિણામ થાય તેને કાર્યરૂપે ગણવું. ક્યાં? મેળ પડતો હોય ત્યાં કારણ કાર્ય લગાડાય છે. વ્યવહાર કારણ-કાર્ય છે. ઉત્તર પરિણામ અને પૂર્વ પરિણામ બંને વચ્ચેનો આ વ્યવહાર છે. માટે જ્યાં સદશ્યતા હોય ત્યાં કારણ કાર્ય લાગે.

જેમ કે સ્વરૂપ નિશ્ચય પૂર્વ પરિણામમાં થયો હોય અને એ પૂર્વક ભેદજ્ઞાન થાય તો તે કારણ છે અને સ્વાનુભવ થવો તે કાર્ય છે. તો પૂર્વ પરિણામ કારણ અને ઉત્તર પરિણામ તે કાર્ય. પણ મિથ્યાત્વ પૂર્વ પરિણામ અને સમ્યક્ત્વ ઉત્તર પરિણામ એમ કરીને કારણકાર્ય લાગુ પડે નહિ. પણ મિથ્યાત્વ એકદમ ગળી ગયું છે તે કારણ છે અને અભાવ થયો તે કાર્ય છે. એમ લેવું. એટલે સદશ્યતા ઉપર કારણકાર્યના ઉપચાર લાગુ પડે. પૂર્વ પરિણામ અને ઉત્તર પરિણામ.

મુમુક્ષુ :- પૂર્વ પરિણામ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, દ્રવ્યના. પરિણામથી કહેવાય છે પણ આખા દ્રવ્યને જ લેવું. કારણ કે એક પરિણામ છે અને બીજું પરિણામ છે. પણ દ્રવ્ય વર્તે છે ને એની અંદર. એટલે મુખ્યપણે તો કારણકાર્યની અંદર પરિણામસહિતનું દ્રવ્ય લેવું.

મુમુક્ષુ :- આ એકલા પરિણામ છે?

પૂજ્ય ભાઈશ્રી :- એકલા પરિણામ છે. પછી કહેવાય ભલે પરિણામથી કહેવાય પણ એ દ્રવ્ય સાથે અધ્યાહાર તરીકે એમાં આવી જાય છે. 'જૈન તત્ત્વમીમાંસા'માં આ 'ફૂલચ-ંદજી'એ લીધું.

પછી છઠ્ઠું. સામાન્ય છે કે વિશેષ છે. '**દ્રવ્યવીર્ય સામાન્ય છે, તેને ગુણ-પર્યાયવીર્યથી વિશેષ કહીએ;...**' એ તો પહેલા ઉપોદ્‌ઘાતમાં જ કહી દીધું. '**તેથી સામાન્યવિશેષરૂપ તેનું જ છે.**' જ્યારે વીર્યશક્તિની વાત કરી ત્યારે જ બે ભેદ કહી દીધા, સામાન્ય અને વિશેષ.

હવે ગુણવીર્યની વાત કરે છે. '**ગુણવીર્યનું વિશેષ કહીએ છીએ :-**' એટલે એની જરા વિસ્તારથી વાત કરીએ છીએ. '**ગુણને (ટકાવી) રાખવાનું જે સામર્થ્ય તેને ગુણવીર્ય**

**કહીએ.**' ગુણને ગુણપણે ટકાવી રાખવાનું. જ્ઞાનશક્તિને જ્ઞાનશક્તિપણે સદાય રાખે. એમ. '**સામાન્ય-વિશેષ ગુણવીર્ય કહીએ છીએ. જ્ઞાનગુણમાં જ્ઞાયકપણાને (ટકાવી) રાખવાનું જે સામર્થ્ય છે તે જ્ઞાનગુણવીર્ય છે; દર્શનમાં દેખવાની શક્તિ છે તેને (ટકાવી) રાખવાનું જે સામર્થ્ય છે તે દર્શન (ગુણ)વીર્ય છે. સુખને (ટકાવી) રાખવાનું જે સામર્થ્ય છે તે સુખ (ગુણ)-વીર્ય છે. ઈત્યાદિ ગુણોને (ટકાવી) રાખવાનું સામર્થ્ય તે વિશેષ-ગુણવીર્ય છે; એકેક ગુણમાં વીર્યશક્તિના પ્રભાવથી આવું સામર્થ્ય છે તે કહીએ છીએ :-**' પ્રત્યેકને જુદી જુદી કીધી. હવે એક એક ગુણમાં વીર્યશક્તિના પ્રભાવથી આવું સામર્થ્ય છે. કેમકે આ તો દ્રવ્યની શક્તિ છે ને? એટલે દ્રવ્યની શક્તિ આખા દ્રવ્યમાં હોય તો બધા ગુણમાં એનો પ્રભાવ આવ્યા વગર રહે નહિ.

'**એક સત્તાગુણ વીર્યના પ્રભાવથી આવા મહિમાને ધારણ કરે છે કે દ્રવ્ય-સત્તાવીર્યના પ્રભાવથી દ્રવ્યના છે પણાની સામર્થ્યતા આવી, ગુણ-સત્તાવીર્યના પ્રભાવથી ગુણના છે પણાની સામર્થ્યતા આવી; પર્યાય-સત્તાવીર્યના પ્રભાવથી પર્યાયના છે પણાની સામર્થ્યતા આવી; એક સૂક્ષ્મગુણ-સત્તાવીર્યમાં એવી શક્તિ છે કે (તેને લીધે સર્વ ગુણ) સૂક્ષ્મ છે એવી સામર્થ્યતા થઈ.**' એવી રીતે બધામાં ઉતારે છે. વીર્યશક્તિના પ્રભાવથી પ્રત્યેક ગુણમાં, એક એક ગુણમાં એનું આવું સામર્થ્ય આવે છે.

મુમુક્ષુ :- દ્રવ્યગુણપર્યાય...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એના છેપણાનું સામર્થ્ય આવ્યું. આપણે લીધું ને કે પર્યાયની સત્તા. પર્યાયસત્તાવીર્ય. પર્યાયનું સત્તાવીર્ય. જે સમયે જે પર્યાયની સત્તા એટલે હયાતી એનું વીર્ય કેટલું? કે અનંતુ. એને કોઈ ખસેડી ન શકે. ન સ્વદ્રવ્ય કે ન પરદ્રવ્ય. એ સમયે તે જ પર્યાય થઈને ઊભી રહે તે પર્યાયસત્તાવીર્યનું અનંતુ સામર્થ્ય છે. કરોડ-લાખ કરોડ અનંતા દ્રવ્યો આખા જગતના ફરી વળે, એ દ્રવ્યની તે સમયની પર્યાય ન ફરે. એની સત્તાનું વીર્ય છે. એનું છે પણું, તે કાળે જે છે પણું છે એ એ જ કાળે રહે. અને જે જ્ઞાન એવું જાણે એને કોઈ વિકલ્પ ન રહે. આ પર્યાય આમ કેમ? વિકલ્પ ગયો એનો. વસ્તુનું જ્ઞાન વીતરાગતાને લાવે. વસ્તુનું જે વિજ્ઞાન છે એ વીતરાગતાને લાવે. બહુ સ્પષ્ટ વાત એ છે.

એટલે એ સત્તામાંથી પાછા સૂક્ષ્મગુણમાં લઈ આવ્યા. એક સૂક્ષ્મગુણ. સત્તાવીર્યમાં એવી શક્તિ છે કે, સૂક્ષ્મગુણની હયાતીના વીર્યમાં એવી શક્તિ છે કે તેને લીધે સર્વ ગુણ સૂક્ષ્મ છે. આમાં વીર્યગુણને લઈને શું લીધું છે? કે દરેક ગુણની શક્તિ લીધી ને? એ શક્તિ એનું વીર્ય છે. એ ગુણવીર્ય છે એમ કહે છે. દરેક ગુણને શું લીધું છે? શક્તિરૂપ લીધી છે. તો એ ગુણનું એ વીર્ય છે એમ કહેવું છે. એક સૂક્ષ્મગુણ લીધો દાખલા તરીકે. તો સૂક્ષ્મ ગુણની જે

હયાતી એનું જે વીર્ય છે એ એવી શક્તિ છે એમ કહે છે (કે) એને લીધે બધા ગુણ સૂક્ષ્મ થઈ જાય. બધા સર્વ ગુણ સૂક્ષ્મ છે એવી સામર્થ્યતા થઈ. જ્ઞાન સૂક્ષ્મ છે એવી સામર્થ્યતા આવી. જેમકે જ્ઞાન સૂક્ષ્મ છે એવી સામર્થ્યતા આવી. દર્શન સૂક્ષ્મ છે એવી સામર્થ્યતા આવી એમ.

**'ઇત્યાદિ સર્વે ગુણોમા વીર્યસત્તા (સત્તાવીર્ય)નો પ્રભાવ ફેલાઈ રહ્યો છે. આ પ્રકારે સર્વે ગુણોમાં પોતપોતાના ગુણગુણનું વીર્ય, અનંત પ્રભાવને ધારણ કરે છે,...'** આ પ્રકારે સર્વ ગુણોમાં પોતપોતાના ગુણગુણનું વીર્ય એવા અનંત પ્રભાવને ધારણ કરે છે.

મુમુક્ષુ :- એક એક ગુણમાં અનંતુ વીર્ય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અનંતુ વીર્ય છે.

મુમુક્ષુ :- સ્વભાવ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, અનંતુ વીર્ય છે.

**'વિસ્તાર (થઈ જાય તે) માટે (અહીં) લખ્યું નથી.'** એ રીતે અનંતા ગુણનો પ્રભાવ એક એક ગુણમાં વીર્યશક્તિના પ્રભાવથી આવું સામર્થ્ય છે એનો થોડોક નમુનો અહીંયાં આપ્યો. સત્તાથી અને સૂક્ષ્મતાથી. બેના નમુનાથી વાત કરી. એ પ્રકારે એક ગુણને અનંત પ્રભાવને ધારણ કરે છે. પોતાના ગુણનું અને બીજા અનંતા ગુણોનો પ્રભાવ ધારણ કરે છે.

**'જ્ઞાન અસાધારણ ગુણ છે, સત્તા સાધારણ ગુણ છે,...'** છેલ્લું આવ્યું ને? સામાન્ય છે તે વિશેષ છે. પાંચમું પૂરું થયું હવે છઠ્ઠું ફરીથી. **'જ્ઞાન અસાધારણ ગુણ છે, સત્તા સાધારણ ગુણ છે, એમાં સત્તાની મુખ્યતા લઈએ ત્યારે (એમ) કહીએ કે જ્ઞાન સત્તાના આધારે છે તેથી સત્તા પ્રધાન છે.'** જ્ઞાન સત્તાના આધારે છે અથવા સત્તાની પ્રધાનતા એમ લઈ શકાય કે એક સત્તાના આધારે અનંતા ગુણો રહેલા છે. સત્તાની મુખ્યતા થઈ ગઈ અને બાકી બધા ગુણોની ગૌણતા થઈ ગઈ.

**'સત્તા દ્રવ્ય-ગુણ-પર્યાયના રૂપને રાખે છે...'** ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ લીધું ને? **'સત્તા દ્રવ્ય-ગુણ-પર્યાયના રૂપને રાખે છે તેમજ જ્ઞાનના રૂપને પણ રાખે છે, તેથી અસાધારણ વડે સાધારણ છે.'** આત્માની જ્ઞાનસત્તા અસાધારણ વડે સાધારણ છે. સત્તા સાધારણ અને જ્ઞાનમય સત્તા તે અસાધારણ.

**'હવે જ્ઞાનની પ્રધાનતા કહીએ છીએ. જો જ્ઞાન ન હોત તો સત્તા અચેતન થઈને વર્તતી હોત.'** જીવની જે સત્તા છે, જો જીવને જ્ઞાન ન હોત તો એ અચેતન સત્તા (હોત). જડની સત્તા જેવી જીવની સત્તા થઈ ગઈ હોત. **'આ (સત્તાની) ચેતના જ્ઞાનથી છે...'** એવી જે જીવની સત્તાની જે ચેતના છે તે જ્ઞાનને લઈને છે. અથવા જીવ ચૈતન્યમયપણે હયાત રહે છે. જીવની હયાતી ખરી પણ કેવી? ચૈતન્ય હયાતી છે એ જ્ઞાનને લઈને છે.

'**(અને) ચેતનાવડે ચેતનની સત્તા છે,...**' ચેતના વડે ચેતનની સત્તા છે. ચેતન દ્રવ્ય લેવું અને ચેતના ગુણ લેવો. ચેતના વડે ચેતનની સત્તા છે. '**માટે ચેતન સત્તાને રાખવાનું કારણ જ્ઞાન ચેતના છે. જ્ઞાન વડે સર્વજ્ઞશક્તિ છે,...**' ત્યાં એકડો કર્યો છે પણ ફૂટનોટ નથી. '**જ્ઞાન વડે સર્વજ્ઞશક્તિ છે, (તે) સર્વેમાં પ્રધાન છે, પૂજ્ય છે. તે જ્ઞાન હોય તો સર્વે ગુણો હોય. જેમ નિગોદિયાને જ્ઞાન હીન છે, તેથી સર્વે ગુણો દબાયેલા છે, જ્ઞાન વધ્યું ત્યારે ગુણો વધતા ગયા. જેમ જેમ સ્વસંવેદન-જ્ઞાન વધ્યું તેમ તેમ સુખાદિ સર્વે ગુણો વધ્યા. બારમા ગુણસ્થાને ચારિત્ર શુદ્ધ થયું, પરંતુ (કેવળ) જ્ઞાન વિના અનંત સુખ (એવું) નામ ન પામ્યું, માટે જ્ઞાનગુણ સર્વ ચેતનામાં પ્રધાન છે.**'

'બહેનશ્રી'એ વચનામૃતમાં લીધું છે. આમાં પણ 'અનુભવપ્રકાશ'માં પણ છે કે આત્મા એ જ્ઞાનપ્રધાન અનંત (ગુણ)નો પિંડ છે. અનંત ગુણોનો પિંડ ખરો પણ જ્ઞાનપ્રધાન અનંત ગુણોનો પિંડ છે. એમ કહેવું છે. જ્ઞાન મુખ્ય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે સ્વભાવને પ્રતિબંધ છે. જ્ઞાનસ્વભાવ હજી પ્રતિબંધિત છે. અનંતમાં ભાગે છે. તો જ્ઞાન અનંતમાં ભાગે હોય અને સુખ અનંત ક્યાંથી થાય? કેમકે જાણવાનું તો અધુરું રહી ગયું. એને સુખ અનંતુ ક્યાંથી થાય? કે ન થઈ શકે. એ સમજાય એવી વાત છે. એટલે આત્મા જ્ઞાનપ્રધાન અનંત ગુણનો પિંડ છે. અને બુદ્ધિપૂર્વક જે અધ્યાત્મના માર્ગમાં જે બુદ્ધિપૂર્વકનો પ્રયત્ન છે એમાં પણ 'દિપચંદજી' એમ જ કહે છે કે વસ્તુનું જે સ્વરૂપ પ્રત્યક્ષ છે એ સ્વરૂપ પ્રત્યક્ષતાને પ્રતીતિ દ્વાર વડે પ્રત્યક્ષ કરી કરીને સ્વ-સંવેદનને વધારવામાં આવે છે. અને જ્યારે સ્વસંવેદનને વધારવામાં આવે છે ત્યારે અનંતા ગુણો સાથે ખીલવા માંડે છે. આમ પ્રતીતિ દ્વારા સ્વસંવેદન વધારવાની વાત છે. અને પ્રત્યક્ષતા છે એ જ્ઞાનનો જ ધર્મ છે. એટલે પ્રત્યક્ષ કરી કરીને, પ્રતીતિમાં પ્રત્યક્ષ કરી કરીને સાધકજીવ સ્વસંવેદન વધારે છે. અને એ સ્વસંવેદન વધતા એના બધા ગુણો ખીલવા માંડે છે, વિકાસ પામે છે.

'**જ્ઞાનગુણ સર્વ ચેતનામાં પ્રધાન છે. તેનાથી જ ચેતના સત્તા છે. સાધારણ સત્તા હતી તેને ચેતનાસત્તા એવું નામ મળ્યું તે ચેતનાને લીધે મળ્યું છે.**' એ વિશેષ સત્તા થઈ ચેતનાની. '**ચેતનામાં જ્ઞાન પ્રધાન છે.**' ચેતનાની અંદર જ્ઞાન પ્રધાન છે. ચેતનામાં જ્ઞાન અને દર્શન હોવા છતાં પણ જ્ઞાન પ્રધાન છે. કેમકે જ્ઞાનથી ઓળખાય છે, દર્શનથી ઓળખાતું નથી. '**ચેતનામાં જ્ઞાનપ્રધાન છે. સાધારણ સત્તા અપ્રધાન હતી તેને અસાધારણ ચેતનારૂપ જ્ઞાનની પ્રધાનતાથી અસાધારણ ચેતનસત્તા એવું પ્રધાન નામ મળ્યું.**' સાધારણ સત્તા-

માંથી એને અસાધારણ ચેતનસત્તા એવું પ્રધાન નામ મળ્યું. '**સત્તા જ્ઞાનમાં આવો મહિમા સત્તાજ્ઞાનના વીર્યથી છે,...**' પ્રકરણ તો એ ચાલે છે ને ગુણવીર્યનું. એટલે કે '**સત્તા જ્ઞાનમાં આવો મહિમા સત્તાજ્ઞાનના વીર્યથી છે, તેથી વીર્યગુણ પ્રધાન છે.**' વીર્ય તો શક્તિ છે ને. મૂળ વીર્ય છે એ તો શક્તિ છે. તેથી વીર્યગુણ પણ પ્રધાન છે.

એ તો આખો જે મોક્ષમાર્ગ છે એ પુરુષાર્થ પ્રધાન છે. જેટલી શક્તિ પુરુષાર્થની વ્યક્ત થાય વીર્યગુણમાં એટલું મોક્ષમાર્ગમાં મોક્ષફળ નજીક આવે. આ એનો સીધો હિસાબ છે. મોક્ષમાર્ગીને મોક્ષ કેટલો દૂર? કે જેટલો પોતાનો પુરુષાર્થ તીવ્ર થાય એટલો નજીક અને પુરુષાર્થ મંદ થાય એટલો દૂર. બસ! આથી બીજો કાંઈ હિસાબ ગણવાનો નહિ. બીજા બધા ગુણો આપોઆપ છે.

હવે પર્યાયવીર્ય. '**હવે પર્યાય વીર્યનું વિશેષ (સ્વરૂપ) કહીએ છીએ :- વસ્તુરૂપ પરિણમે તેને પર્યાય કહીએ.**' વસ્તુરૂપ પરિણમે એને પર્યાય (કહીએ). ગમે તે પર્યાય પરિણમે એને પર્યાય ન કીધું અહીંયાં, જોયું! જે વસ્તુ જેવી છે તે વસ્તુરૂપે પરિણમે તેને પર્યાય કહીએ. '**તેને નિષ્પન્ન રાખવાની...**' કારણ કે અહીંયાં વીર્યગુણનું પ્રકરણ ચાલે છે ને એટલે સ્વરૂપરચનાના સામર્થ્યરૂપ વીર્ય ગુણ છે. વિકાર કરે તે વીર્યગુણનું કાર્ય જ નથી એમ કરીને કાઢી નાખે છે. એ શૈલી જ આખી 'સમયસાર'ની છે ને. ઢાળો એ જ છે.

'**તેને નિષ્પન્ન રાખવાની સામર્થ્યતાને પર્યાયવીર્ય કહીએ.**' નિષ્પન્ન રાખવાની એટલે પર્યાયને પ્રગટ કરવાની, નિષ્પન્ન થવું એટલે ઉત્પન્ન કરવું, પ્રગટ કરવું, પ્રાપ્તિ કરવી એને નિષ્પન્નતા કહેવામાં આવે છે. એવા સામર્થ્યને પર્યાયવીર્ય કહીએ. '**(પરિણામ વડે) વસ્તુને વેદે, ગુણને વેદે ત્યારે વસ્તુ પ્રગટે,...**' પરિણામ વડે વસ્તુને વેદે એટલે ગુણને, ગુણને એટલે સ્વભાવને વેદે ત્યારે વસ્તુ પ્રગટે.

'**વસ્તુનું અને ગુણનું સ્વરૂપ પર્યાય દ્વારા પ્રગટ થાય છે.**' જેવી વસ્તુ છે અને જેવો એનો સ્વભાવ છે એ પર્યાય દ્વારા પ્રગટ થાય છે. '**વસ્તુરૂપ ન પરિણમે તો અવસ્તુ થઈ જાય,...**' વસ્તુ વસ્તુરૂપ ન પરિણમે તો તે અવસ્તુ થઈ જાય. '**ગુણરૂપ ન પરિણમે તો ગુણનું સ્વરૂપ ન રહે; જો જ્ઞાનરૂપ ન પરિણમે તો જ્ઞાન ન રહે.**' આત્મા જો જ્ઞાનરૂપે જ ન પરિણમે તો જ્ઞાન ન રહે. પછી જ્ઞાનને રહેવાનું કોઈ કારણ ન રહ્યું. '**તેથી સર્વ ગુણો ન પરિણમે. તો સર્વ ગુણો કઈ રીતે હોય? સર્વનું મૂળ કારણ પર્યાય છે.**' સર્વ ગુણ કઈ રીતે હોય? કે સર્વનું મૂળ કારણ પર્યાય છે. જુઓ! પર્યાયને કેટલી બધી મહત્તા આપી અહીંયાં પર્યાયવીર્યની વાત લેતા.

મુમુક્ષુ :- પર્યાય ...

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવ' બોલતા કે જ્ઞાનીના ગમા જેમ નાખે તેમ તમા. જેટલું કહે એનું બધું સવળું. કેમકે એને તો પદાર્થદર્શન છે ને. એટલે જ્યારે જે વાત કરે છે ત્યારે જે વિષય હાથમાં લે છે, જેમ કે અત્યારે પર્યાયનો વિષય, પર્યાયવીર્યનો વિષય હાથમાં લે છે. તો એની મહત્તા કેટલી એ દર્શાવશે અહીંયાં. સર્વનું મૂળ કારણ પર્યાય છે. પર્યાયની મહત્તા કરે ત્યારે એમ કહે કે જો પર્યાય ન હોત તો વસ્તુ ન રહેત ક્યાં? અવસ્થા—પર્યાય એટલે અવસ્થા. થા એટલે રહેવું. અવસ એટલે વસવું. પર્યાયની અંદર વસ્તુનું રહેવું થાય છે. અવસ્થા જ ન હોય તો વસ્તુ ક્યાં રહેત? માટે વસ્તુ એની અવસ્થામાં રહે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બધામાં પદાર્થદર્શન દેખાય આવે છે.

એમણે જે સિદ્ધાંતો કહ્યા છે એ શાસ્ત્રમાં છે પણ એમને જો પદાર્થ દર્શન ન હોય તો પોતાની સ્વતંત્ર કૃતિમાં ઉતારી ન શકે એને. પોતાની ભાષામાં મૌલિકતાથી જે ઉતારવું છે એ પદાર્થ દર્શનને લઈને છે. અને જે જે શાસ્ત્રો રચાયા તે બધા શાસ્ત્રકારોએ પદાર્થદર્શનપૂર્વક શાસ્ત્રો રચ્યા છે. કહેનારની શૈલી જુદી જુદી આવી છે, પદાર્થ એકનો એક કહેવાણો છે. આ વિશેષતા છે.

ઘણા મુમુક્ષુઓને એવું થાય છે કે શૈલી ન ગમે. કોઈ એમ કહે કે અમને 'ગુરુદેવ'ની શૈલી ગમે. અમને 'શ્રીમદ્જી'ની શૈલી નથી ફાવતી. કોઈ એમ કહે કે અમને 'શ્રીમદ્'ની શૈલી બહુ ગમે, 'ગુરુદેવ'ની એવી નથી ફાવતી. તો એનો અર્થ શું થાય છે? કે એને પદાર્થ દર્શન સાથે સંબંધ નથી, એને ભાષા સાથે સંબંધ છે. એટલે એને ભાષારૂપ પુદ્‌ગલ શબ્દનો રસ છે. પુદ્‌ગલરસ થઈ ગયો એને. એને વસ્તુનો રસ ન આવ્યો. એમ એનો અર્થ થાય છે. ત્યારે જેને પદાર્થ દર્શન છે ને એને કોઈપણ જ્ઞાનીની શૈલી હોય તો એને એ બધાની શૈલી ગમે. અને બધાની શૈલીની મૌલિકતાની જે સુંદરતા છે એ એને દેખાય જાય. વાહ! આ પણ જ્ઞાનીનું સામર્થ્ય છે કે આ રીતે વસ્તુને રજુ કરી શકે છે. પેલા પણ જ્ઞાનીનું સામર્થ્ય છે કે વસ્તુને એ રીતે રજુ કરી શકે છે પોતાની શૈલીમાં. દરેકને પોતાની શૈલીથી વસ્તુને પ્રદર્શિત કરવાનું સામર્થ્ય છે એ દરેકની શૈલીની શક્તિ ઉપર એને પોતાને મહિમા આવે છે. હવે જો એવું ન થતું હોય તો એને એકનું ગમે અને બીજાનું ન ગમે.

સમજવા માટે એક દૃષ્ટાંત લઈએ. આવ્યા હતા ને આપણે બ્રહ્મચારી સાથે. પછી એકાંતમાં આવ્યા. 'ગુરુદેવ'ની શૈલી બહુ સરસ છે. આપણે 'શ્રીમદ્જી'નો અહીંયાં પત્રનો સ્વાધ્યાય કરીએ છીએ અને એની શૈલીથી બધી વાત આવે છે તમારી. પણ 'ગુરુદેવ'ની શૈલી બહુ સરસ છે. 'ગુરુદેવ'ની શૈલીથી વાત લેવી જોઈએ. 'શ્રીમદ્જી'ની શૈલીથી વાત ન લેવી

જોઈએ. એનો કહેવાનો અભિપ્રાય એ હતો. મેં કીધું, શૈલી તો બધાની સુંદર છે. 'ગુરુદેવ'ની શૈલી પણ ખુબ સુંદર છે. 'શ્રીમદ્‌જી'ની શૈલી પણ ખૂબ સુંદર છે. અને 'અનુભવપ્રકાશ'માં 'દીપચંદજી'ની શૈલી પણ ખૂબ સુંદર છે. બધાની શૈલી તો સુંદર જ છે. કોઈની અસુંદર નથી લાગતી. પછી આના કરતા આ સારી છે એવી સરખામણી કરવાનું નહિ હોવું જોઈએ. બધાની સારી જ છે અને બધાનો લાભ ઉઠાવવો જોઈએ. બધાની શૈલીનો મુમુક્ષુએ તો લાભ ઉઠાવવો જોઈએ. એને લાભ લેવો જોઈએ બધાની શૈલીનો. આ સારી અને આ નહિ સારી, આ વધુ સારી, આ ઓછી સારી. એ માથાકૂટમાં અને એ દૃષ્ટિકોણમાં નહિ ઉતરવું.

મુમુક્ષુ :- ... ભાવમાં ઉતરે.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવમાં ઉતરે. હા. શબ્દથી ભાવ સમજાવો જોઈએ અને ભાવથી જ્ઞાનરસ ઉત્પન્ન થવો જોઈએ. એમ થવું જોઈએ.

આ તો વિચાર ક્યાંથી આવ્યો કે '**સર્વનું મૂળ કારણ પર્યાય છે.**' એમ લીધું. જોયું! કેમકે પરિણમે છે તો પર્યાય ને? દ્રવ્ય અને ગુણ તો પર્યાયરૂપે પરિણમે છે ને? જો પર્યાયરૂપે ન પરિણમે તો નિરર્થક થઈ જાય. એને અર્થ જ ન રહે. દ્રવ્યગુણનું સાર્થકપણું જ પર્યાયથી છે એમ કહે છે. નહિતર દ્રવ્યગુણ નિરર્થક થઈ જવાના.

મુમુક્ષુ :- દ્રવ્ય અને ગુણની સિદ્ધિ જ ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- સિદ્ધિ પણ ન થાય અને ભોગવટો પણ ન થાય. ભંડાર ભર્યો છે પણ ખાધુ એટલું પોતાનું. બાકીનું પડ્યું રહેવાનું. એમ કહેવું છે.

મુમુક્ષુ :- દ્રવ્યગુણને જાણવાનું માધ્યમ જ પર્યાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્યગુણને જાણવાનું માધ્યમ જ પર્યાય છે. એટલે સર્વનું મૂળ કારણ પર્યાય છે એમ લઈ લીધું.

'**પર્યાય અનિત્ય છે, (તે) નિત્યનું કારણ છે,...**' 'ગુરુદેવ' આ બહુ ઘૂંટતા હતા. અનિત્ય નિત્યનું કારણ છે. પર્યાય અનિત્ય છે પણ તે નિત્યનું કારણ છે. અનિત્ય જ નિત્યને દર્શાવે છે. અનિત્ય દ્વારા જ નિત્ય દેખાય છે. ખાસ લેતા હતા. '**નિત્ય-અનિત્ય વસ્તુ છે. પર્યાય(રૂપી) ચંચળ તરંગો દ્રવ્ય (રૂપી) ધ્રુવ સમુદ્રને દર્શાવે છે.**' પર્યાયરૂપી ચંચળ તરંગો દ્રવ્યરૂપી ધ્રુવ સમુદ્રને દર્શાવે છે. એ તરંગો શું દેખાડે છે? કે અંદરમાં ધ્રુવ દળ પડ્યું છે એને દર્શાવે છે એ તરંગો.

એ 'સોગાનીજી' બહુ સારી વાત કરી છે. એક ક્ષણવર્તી પર્યાય, સમયવર્તી પર્યાય ઉત્પન્ન થઈને વ્યય થઈ જાય છે પણ એક બહુ મહત્વનું કાર્ય થઈ જાય છે કહે છે. કે ઉત્પન્ન થઈને ચાલી તો જાય છે પણ ધ્રુવને દેખાડતી જાય છે પાછી. એમ ને એમ મફતની નથી

વઈ જતી. ઉત્પન્ન થઈને ધ્રુવને દેખાડતી ચાલી જાય છે પાછી. બહુ મહત્વનું કાર્ય કરી જાય છે. એટલે પર્યાયમાં અમે પર્યાયને નથી જોતા. પર્યાયને ધ્રુવને દેખાડે છે એમ અમે પર્યાયને જોઈએ છીએ. પર્યાયમાં પર્યાયાત્વને નથી જોતા. પર્યાયના પર્યાયાત્વને જોવાનું અમારું કામ નથી. એ ધ્રુવને દેખાડતી વઈ જાય છે અમે એમ જોઈએ છીએ. એ બહુ સરસ વાત કરી છે. કોઈ કોઈ વાત એવી આવી જાય છે. એ રીતે પર્યાયનું પણ પોતાના સ્થાનમાં મહત્વ છે. દડતો હીરો ન લીધું? દડતો હીરો છે. ધ્રવને દેખાડે છે.

નોંધ :— પ્રવચન નં. ૧૧, ફક્ત ૯ મિનિટનું હોવાથી લેવામાં આવેલ નથી.

**તા. ૧૯-૬-૧૯૯૧, પાના નં. ૬૫**
**પ્રવચન નં. ૧૨**

... અભેદ આદરવાનો વિષય છે. જાણવાની ભૂલ રહેતી હોય તો એ મટાડવા માટે ઠીક છે ભેદની વાત. બાકી એથી વધારે ભેદનો ઉપયોગ નથી.

મુમુક્ષુ :- પર્યાયવીર્ય અને પર્યાયશક્તિ એમાં ફેર શું છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એવું છે કે પર્યાયશક્તિ એક શબ્દ છે પણ એનો ઉપયોગ ઘણા જુદા જુદા પ્રકારે થાય છે. પર્યાયશક્તિ દ્રવ્યમાં છે તો એ દ્રવ્યરૂપે પર્યાયશક્તિ છે. પર્યાય પરિણમનશક્તિ કારણરૂપે, યોગ્યતારૂપે. એવી જ રીતે જે પર્યાય થઈ ગઈ એ પર્યાયમાં ગઈ એ કાર્યરૂપ પર્યાયશક્તિ છે. વર્તમાન જે પ્રગટ થાય એ ઈ સમયની પર્યાયશક્તિ એવી અચળ છે કે એને ક્યાંય ચલાયમાન ન કરી શકાય. ત્રણે પ્રકારે પર્યાયશક્તિ કહેવાય છે. અને એ પર્યાયનું વીર્ય પણ છે. એને પર્યાયનું વીર્ય પણ કહેવાય છે. ફેરફાર ન કરી શકાય એને પર્યાયનું વીર્ય પણ કહી શકાય છે.

મુમુક્ષુ :- ફેરફાર ન કરી શકાય માટે.

પૂજ્ય ભાઈશ્રી :- ન કરી શકાય માટે. એને આઘી-પાછી ન કરી શકાય, એને ફેરફાર ન કરી શકાય.

મુમુક્ષુ :- પરિણમનને હિસાબે ફેરફાર તો થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- પરિણમનને હિસાબે ફેરફાર થાય છે એ તો ઉત્પાદ-વ્યયરૂપ ફેરફાર છે. પણ એ સમયનો ફેરફાર ન થાય. અથવા પોતાના સ્વરૂપ જેવી જ પર્યાય થાય એને પણ પર્યાયવીર્ય કહેવામાં આવે છે. પર્યાયવીર્ય કહેવા પાછળ એ છે. કારણ કે વીર્યનું કાર્ય શું છે? કે સ્વરૂપ રચના. જેવું પોતાનું આત્મસ્વરૂપ છે એવું જ પ્રગટપણે પર્યાયમાં પ્રગટ થાય તો ત્યાં એ પર્યાયને પર્યાયવીર્ય કહેવામાં આવે છે. મૂળ વાત તો એ રીતે છે. વસ્તુને વેદે, ગુણને વેદે ત્યારે વસ્તુ પ્રગટે. એ વસ્તુ પ્રગટે એ પર્યાયવીર્યનું કામ છે. પર્યાયવીર્યનું કામ શું? કે વસ્તુ જેવી છે એવી પર્યાયમાં પ્રગટ થાય એ પર્યાયવીર્યનું કામ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, આમાં લીધું છે. વીર્યમાં તપવીર્ય લીધું છે. આમ તો બીજા લેવા હોય તો અનેક રીતે લઈ શકાય છે પણ આમાં એમને કોઈ વિશેષ વાત લાગી છે તપની અંદર. કેમકે માણસને વધારેમાં વધારે શક્તિનો પ્રયોગ કરવો હોય તો તપમાં થાય છે. એટલે વ્યવહારતપ અને નિશ્ચયતપ બેય વાત લઈ લીધી. કેમકે વધારેમાં વધારે શક્તિનો પ્રયોગ ક્યાં? કે તપની અંદર. એટલે વીર્ય એટલે શક્તિ છે તો એ દર્શાવવા માટે લીધું. બાકી તો અનંત ગુણોમાં કોઈપણ ગુણમાં ઉતારી શકાય છે. એવું નથી કે બીજામાં નથી. આટલું લીધું છે એ સિવાય ન જ ઉતરે એવું કાંઈ નથી. બીજે પણ ઉતારી શકાય છે.

ભેદ-પ્રભેદ તો જેટલા કરો.. આ અંગ પૂર્વ એના જ ભરાણા છે. જે દ્વાદશાંગ છે, બાર અંગનો વિસ્તાર છે એ બધા ભંગભેદના હિસાબે જ વિસ્તાર થયેલો છે. એટલે એ તો જેટલો પોતાનો ક્ષયોપશમ હોય અને શક્તિ હોય જ્ઞાનમાં એટલા ભંગભેદ જ્ઞાનમાં આવે એટલા વર્ણવી શકે છે જ્ઞાનીઓ. જેને જેટલો ક્ષયોપશમ. ગણધરદેવને સૌથી વધારે છે તો અંતર્મુહૂર્તમાં બાર અંગનો વિસ્તાર આવી જાય છે ક્ષયોપશમમાં.

મુમુક્ષુ :- ભંગભેદ છોડવા માટે છે તો ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે આમ તો સમજણની ભૂલમાં તો ભંગભેદની ભૂલ છે. ભંગભેદની ભૂલ પણ છે. એટલે જ્યાં જેની ઉપયોગીતા છે ત્યાં એ કામની ચીજ છે. બધાને બધી વાત તો લાગુ ન પડે. એમ એક વાત પણ બધાને લાગુ ન પડે. એટલે બધી વાતમાં ઘણા ભંગભેદ છે. પોતાનો વિચાર કરે કોઈ માણસ, પોતાનો જ વિચાર કરે તો એને એમ વિચારવું જોઈએ કે બધી વાત મને નહિ લાગુ પડે. મને કઈ વાત લાગુ પડે છે? મારી સમજણમાં આ જગ્યાએ આમ નહોતું પણ બીજી રીતે હતું. એમ એને પોતાને જો સ્વલક્ષ હોય તો પકડાય. વાંચનારને સ્વલક્ષે વાચના હોય તો એને પકડાય કે આ જગ્યાએ મને આમ નહોતું માનવામાં આવતું પણ મારી સમજણ આમ હતી. ત્યાં એને સુધારો કરવો રહ્યો. બાકી બધું એને ન લાગુ પડે. કેટલીક વાત તો એની સમજમાં હોય તો એને સીધેસીધું લાગે કે બરાબર છે આ કહે છે ઠીક છે, ઠીક છે. આગળ ચાલ્યો જાય તો એમાં કાંઈ એને વાંધો નથી. ક્યાં એને રોકાવું? કે જ્યાં પોતાની ભૂલ ભાંગતી હોય ત્યાં વિશેષ વિચાર કરી રોકાય અને ભૂલ ભાંગી નાખવી. એ રીતે વિપર્યાસ ટાળવા માટે—સમજણનો વિપર્યાસ ટાળવા માટે આ ભંગભેદની સમજણ કામમાં આવે છે. પછી અનુભવનો વિપર્યાસ ટાળવાની વાત આગળથી પછી. સમજણનો વિપર્યાસ એમ ને એમ રાખે અને અનુભવનો વિપર્યાસ ટાળવા

માટેનો પ્રયત્ન કરે તો એ પ્રયત્ન થઈ નહિ શકે પાછો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ...

**'એક ગુણમાં સર્વ ગુણોનું રૂપ સંભવે છે'** પ્રકરણ તો અનેક જાતના આવે છે ને. તો પોતાને હકાર આવે છે, નકાર આવે છે એ તો ખ્યાલ આવી જાય. હકાર આવે છે તો બરાબર કહે છે એ પ્રમાણે જ બેસે છે. નકાર આવે છે તો મારે ક્યાં ફેરફાર કરવો? અને કેવી રીતે બેસાડવું એ પ્રયત્ન એનો બાકી રહે છે.

**'વસ્તુમાં અનંત ગુણો છે. તે એક એક ગુણમાં સર્વ ગુણોનું રૂપ સંભવે છે.'** ચોખ્ખી વાત. પ્રત્યેક ગુણમાં અનંતે અનંત સર્વ ગુણનું રૂપ સંભવે છે. **'કઈ રીતે? તે કહે છે,...'** હવે એના અમુક દૃષ્ટાંત આપે. **'જો સત્તાગુણ છે તો સર્વે ગુણ છે;...'** સત્તાગુણનું વ્યક્તપણું શું? કે છેપણું તે. તો બધા ગુણને છેપણું છે? હા, છેપણું છે. બધા ગુણમાં છેપણું છે તો એ સત્તાગુણનું રૂપ બધાને છે. **'જો સત્તાગુણ છે તો સર્વે ગુણ છે માટે સત્તા વડે સર્વે ગુણોની સિદ્ધિ થઈ.'** એક સત્તા વડે સર્વ ગુણના હોવાપણાની સિદ્ધિ થઈ. સિદ્ધિ થઈ કે હોવાપણું સાબિત થયું એમ કહો.

મુમુક્ષુ :- દ્રવ્યમાં સત્તા ગુણ છે. દ્રવ્યના ગુણો અનંત છે. દ્રવ્યનું છેપણું કહેતા બધા ગુણોની સત્તા આવી જાય છે. ...

પૂજ્ય ભાઈશ્રી :- દરેક ગુણ છે એ એક એક શક્તિ છે. દરેક ગુણ પોતે એક એક શક્તિ છે. દ્રવ્યની ભલે શક્તિઓ છે પણ પ્રત્યેક જુદી જુદી જાતની શક્તિઓ છે દ્રવ્યની. એમ સત્તા ગુણ પણ એક શક્તિ છે અને એ આખા દ્રવ્યની શક્તિ છે. તો એનું રૂપ બધા ગુણોને આવે એટલા માટે કે દ્રવ્યનું જ એ રૂપ છે. જો દ્રવ્યનું રૂપ હોય અને માનો કે આપણે એક તર્ક ઉઠાવીએ કે બીજા ગુણોનું એ રૂપ ન હોય, તો એ બધા ગુણોમાંથી એનું રૂપ બાદ કરી લ્યો તો દ્રવ્યનું રૂપ ક્યાંથી રહેશે એ?

મુમુક્ષુ :- દ્રવ્યનું રૂપ છે, દ્રવ્યમાં બધા ગુણ છે તો દ્રવ્યનું રૂપ બધામાં આવી જાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. દ્રવ્યનું રૂપ બધામાં આવી જાય એટલે તો શક્તિનું રૂપ બધામાં આવી ગયું એમ કહે છે.

મુમુક્ષુ :- .. ન આવ્યું ને?

પૂજ્ય ભાઈશ્રી :- ના. બધામાં આવ્યું એનો અર્થ શું છે કે ભેદથી લ્યો તો અલગ અલગમાં છે અને અભેદથી લ્યો તો દ્રવ્યમાં છે. ભેદથી તો લ્યો તો બધામાં છે. હવે ભેદથી લેવું કે અભેદથી લેવું એટલો જ સવાલ છે. અભેદથી લ્યો તો દ્રવ્યમાં દ્રવ્યની શક્તિ છે. આખા

દ્રવ્યનું એ રૂપ છે.

મુમુક્ષુ :- ભેદથી લેવા જતા અનંત ભેદ પડી જાય. અનંત ટૂકડા થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. અનંત ભેદ કથંચિત્ છે. અનંત ભેદ છે એ કથંચિત્ અનંત ભેદ છે. સર્વથા નથી પણ કથંચિત્ અનંત ભેદ છે. દ્રવ્ય કરતા પર્યાયને લઈએ. પર્યાય તો ક્ષણિક છે અને દ્રવ્ય નિત્ય છે. કેવડો મોટો ભેદ છે? સ્વભાવને તદ્દન વિરુદ્ધતા છે. નિત્યતાથી અનિત્યતા અને અનિત્યતાથી નિત્યતા તદ્દન વિરુદ્ધ છે. બરાબર છે? છતાં કથંચિત્ જ ભેદ છે. સર્વથા ભેદ નથી. દ્રવ્ય પર્યાય વચ્ચે સર્વથા ભેદ નથી. કથંચિત્ ભેદ છે. કેમ? કે જો દ્રવ્યનો નાશ કરો તો એની પર્યાયનો નાશ થઈ જશે. એક દીવના દૃષ્ટાંતે.

દીવો એક દ્રવ્ય લઈએ અને પ્રકાશ એની પર્યાય લઈએ. હવે દીવો ઓલવી નાખો. દીવાનો નાશ કરી નાખો. પ્રકાશ રહેશે? કેમકે દીવો અને દીવાની પર્યાય છે એ અભેદ છે. હવે પ્રકાશનો નાશ કરો પછી દીવો રહેશે? કે નહિ રહે.

એવી રીતે જે કથંચિત્ અભેદપણું છે અને કથંચિત્ ભેદપણું છે એની બંનેની મર્યાદા સમજવી એ જ વસ્તુનું સ્વરૂપ સમજવું છે. અને એટલા માટે તો ચારે પડખેથી વાત લે છે. અનેક ગુણોથી અનેક પડખેથી વાત લેવાનું શું કારણ? કે વસ્તુનું જે સ્વરૂપ છે એના મુખ્ય મુખ્ય જે પાસા છે એ તો સમજવા જરૂરી છે. નહિતર ભંગભેદ સંબંધીનો જે વિપર્યાસ છે એ જ્યાં સુધી ઊભો હશે ત્યાં સુધી અભેદનો વિપર્યાસ ટળશે કેવી રીતે?

'**જો સત્તાગુણ છે તો સર્વે ગુણ છે; માટે સત્તા વડે સર્વે ગુણોની સિદ્ધિ થઈ.**' સત્તા વડે દ્રવ્યની સિદ્ધિ થઈ અભેદપણે. સત્તા વડે સર્વ ગુણોની સિદ્ધિ થઈ ભેદથી. બીજો દૃષ્ટાંત. '**જો સૂક્ષ્મ(ત્વ) ગુણ છે તો સર્વે ગુણો સૂક્ષ્મ છે;...**' હવે દ્રવ્યને સૂક્ષ્મત્વ ગુણ છે. અને આપણે એમ કહીએ કે ગુણને સૂક્ષ્મત્વપણું ન લાગુ પડે તો ગુણ સ્થુળ થાશે. એ કેવી રીતે બને? જેનું દ્રવ્ય સૂક્ષ્મ એના ગુણ સ્થૂળ એ કેવી રીતે બને?

મુમુક્ષુ :- દ્રવ્ય સૂક્ષ્મ એટલે ગુણ સૂક્ષ્મ થઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- ઓટોમેટિક થઈ ગયા. એમ કહેવું છે. દ્રવ્યમાં સૂક્ષ્મત્વ છે તો સર્વે ગુણ પણ સૂક્ષ્મ જ છે.

મુમુક્ષુ :- બધા ગુણોનું સૂક્ષ્મપણું છે એ દ્રવ્યમાં સૂક્ષ્મગુણ છે માટે છે.

પૂજ્ય ભાઈશ્રી :- માટે છે. બરાબર છે.

મુમુક્ષુ :- .. સૂક્ષ્મપણું...

પૂજ્ય ભાઈશ્રી :- માટે બધા ગુણો સૂક્ષ્મ છે તો બધા ગુણો સૂક્ષ્મ છે એવું ગુણોનું સૂક્ષ્મપણું પણ એમાં છે કે નહિ? ગુણને જોતા.

મુમુક્ષુ :- અનંત ગુણોનું સ્વરૂપ જ દ્રવ્ય છે. દ્રવ્ય સૂક્ષ્મ કહેતા બધા સૂક્ષ્મ થઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- બધા સૂક્ષ્મ થઈ ગયા એટલે કે પ્રત્યેક સૂક્ષ્મ છે.

મુમુક્ષુ :- અલગ અલગ પછી વિચારવાની જરૂર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ભલે વિચારવાની જરૂર ક્યારે રહે છે? કે કોઈ ગુણને સ્થૂળ માને ત્યારે. કોઈ ગુણને સ્થૂળ માની લે તો? અમુક ગુણ સૂક્ષ્મ છે અને અમુક ગુણ સ્થૂળ છે એમ માને.

મુમુક્ષુ :- આમાં દરેક ગુણમાં સૂક્ષ્મપણાનું રૂપ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, રૂપ છે. એ એનું રૂપ છે. દરેક ગુણને સૂક્ષ્મત્વ છે, સૂક્ષ્મપણું છે. દરેકગુણને હોવાપણું છે.

મુમુક્ષુ :- એ સૂક્ષ્મપણું એ આ સૂક્ષ્મગુણનું રૂપ છે. તો સૂક્ષ્મ ગુણ એમાં આવ્યો?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. સૂક્ષ્મ ગુણ ન આવ્યો પણ એનું રૂપ આવ્યું. એના જેવું આવ્યું. ગુણ ગુણમાં ન આવે. એક ગુણ બીજા ગુણમાં પ્રવેશ ન કરે. પણ આખા દ્રવ્યનો ગુણ હોવાથી એનું રૂપ ગુણમાં આવે. આ વિજ્ઞાન છે.

મુમુક્ષુ :- એવો સ્વભાવ એ ગુણમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવો ધર્મ છે લ્યોને આપણે. એવો ધર્મ છે.

મુમુક્ષુ :- એ ગુણ એમાં નથી?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ.

મુમુક્ષુ :- ગુણ એમાં નથી પણ...

પૂજ્ય ભાઈશ્રી :- ગુણમાં ગુણ નથી પણ ગુણમાં ધર્મ છે. અને એક ગુણને અનંતા ધર્મ છે એવા. અનંતા ગુણ હોવાથી, બીજા અનંતા ગુણ હોવાથી એક ગુણને અનંતા ધર્મ છે.

મુમુક્ષુ :- એ સુધાર્યા વગર તો ગુણની .. નહિ થાય

પૂજ્ય ભાઈશ્રી :- નહિતર ગુણનું સ્વરૂપ નહિ સમજાય. તમે એમ કહો કે જ્ઞાન છે એનું લક્ષણ તો જાણવું છે. જ્ઞાનનું લક્ષણ જાણવું. આ સિવાય અમે બીજું કાંઈ ન સમજીએ. તો એને પૂછીએ આપણે કે જ્ઞાનનું લક્ષણ જાણવું અસ્તિરૂપે કે નાસ્તિરૂપે? જાણવાની અસ્તિ છે તો જાણવું બને છે ને? તો સત્તાનું રૂપ આવી ગયું એની અંદર. હવે તમે કહો કે જ્ઞાન સૂક્ષ્મ છે કે સ્થૂળ છે? કે જ્ઞાન સૂક્ષ્મ છે. જ્ઞાન સૂક્ષ્મ છે તો સૂક્ષ્મ ગુણનું રૂપ આવ્યું. એમ એનું સ્વરૂપ જાણવું હોય તો એના ધર્મ તો જે પ્રયોજનભૂત ધર્મ છે એ તો સામે જાણવાના જરૂરી બને છે. નહિતર એનું સ્વરૂપ કેવી રીતે જણાશે? નહિતર શું થશે કે એનું લક્ષણ માનશે અને એના રૂપની ના પડશે. હવે એના રૂપની ના પાડે તો એનો જ નિષેધ થઈ ગયો. એ

ગુણનો જ નિષેધ થઈ ગયો ખરેખર તો. કેમકે એ જે રૂપ છે એ પણ એનું એક અંગ છે. એ ગુણનું એક અંગ છે. અંગભૂત છે.

મુમુક્ષુ :- અંગનો નિષેધ કરે તો આખા અંગીનો નિષેધ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- તો અંગીનો નિષેધ થઈ જાય. કેમકે ગુણ ખંડિત થતો નથી. ગુણ તો અખંડ જ રહે છે. અનંત રૂપવાળો ગુણ, પોતાના એક ગુણવાળો અને અનંત રૂપવાળો એવો ગુણ અખંડિત રહે છે. એનો ખંડ ન થાય.

આત્મા સ્વરૂપે અવિકારી છે. કોઈ ગુણ નથી એનામાં. અવિકારપણાનો કોઈ ગુણ નથી. એ ધર્મ છે આખા દ્રવ્યનો. દ્રવ્ય છે એ સ્વરૂપે અવિકારી છે. તો એના પ્રત્યેક ગુણ પણ અવિકારી છે. કેમકે એ દ્રવ્યનો ધર્મ છે માટે ગુણનો પણ ધર્મ છે. હવે અનેક જ્ઞેયો જ્ઞાનમાં જણાય, પ્રતભાસે, પ્રતિબિંબિત થાય. અનેક જ્ઞેયોનું જ્ઞાનમાં પ્રતિબિંબ આવે તોપણ જ્ઞાન અવિકારી રહેશે. હવે ભ્રાંતિ ક્યાં થાય છે? કે જ્ઞેયને જાણતા જ્ઞાનમાં રાગ-દ્વેષ થાય છે એ ભ્રાંતિ છે જીવને. બીજા જ્ઞેયો મારા જ્ઞાનમાં જણાય છે માટે મને એમ થાય છે કે આ સારું અને આ નહિ સારું. પણ જો મેં ન જાણ્યું હોત ને તો મને સારુ-નરસુ ન થાત. અને એ પડખાથી એ અધ્યાત્મ સાધવા માગે છે કે મારા જ્ઞાનમાંથી જ્ઞેયોને કાઢી નાખું. મારા જ્ઞાનમાંથી જ્ઞેયોને મટાડી દઉં અને હું એકાકાર જ્ઞાનની પ્રાપ્તિ કરી લઉં. એવી રીતે એકાકાર જ્ઞાનની પ્રાપ્તિ કરવા માગે છે.

ત્યારે અહીંયાં એમ કહે છે કે ભલે તારું સ્વરૂપ પ્રકાશન હોય એકાકાર જ્ઞાનનું કે સ્વપરપ્રકાશન હો. તને મુખ્ય ગૌણ કરતા આવડે છે? આવિર્ભાવ તિરોભાવ કરતા આવડે છે? કેમકે તારો જે સ્વપરપ્રકાશક (સ્વભાવ) છે એનો તો તું નાશ નહિ કરી શકે. એનો નાશ કરવા જઈશ તો તારા સ્વરૂપનો નાશ થશે. પણ તારું સ્વપરપ્રકાશક જ્ઞાન હોય કે સ્વરૂપપ્રકાશક જ્ઞાન હોય, બંને વખતે તારું અવિકારી સ્વરૂપ તો એમ ને એમ જ રહે છે. તપાસી લે, જ્ઞાન ક્યાં વિકારી થયું?

પરપદાર્થને જાણતા તો જ્ઞાન વિકારી નથી થયું પણ વિકારને જાણતા પણ જ્ઞાન વિકારી નથી થયું. અરે..! વિકારને જાણતા નહિ, વિકારની સમીપ નિગોદ દશામાં પ્રચુર વિકારની મધ્યમાં રહેલું જ્ઞાન, ઘેરાઈ ગયેલું જ્ઞાન, ત્યાં તો પ્રચુર છે ને? નિગોદની અંદર તો પ્રચુર વિકાર છે, તો પ્રચુર વિકારમાં ઘેરાઈ ગયેલું જે જ્ઞાન છે એ જ્ઞાન પણ વિકારી નથી થયું. જ્ઞાન સ્વરૂપથી જ અવિકારી રહે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એને ગુણને જ સમજવો છે. ગુણને એટલે સ્વભાવને, એના રૂપને

સમજવું છે. જોકે ગુણ તો પર્યાયમાં પ્રગટ થાય છે એટલે પર્યાય પણ અવિકારી નથી થતી જ્ઞાનની. વિકારી નથી થતી જ્ઞાનની. જ્ઞાનની પર્યાય વિકારી નથી થતી.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- એ ચારિત્રગુણનો પર્યાય છે. જ્ઞાનગુણનો પર્યાય જ નથી એ. રાગ છે એ ચારિત્રગુણનો પર્યાય છે. જ્ઞાનગુણનો પર્યાય નથી. એટલે તો જ્ઞાનથી આત્માને સમજાવવામાં આવે છે. અને એટલા માટે જ્ઞાનને ગમે તે અવસ્થામાં શુદ્ધ પણ કહેવામાં આવે છે એક ન્યાયે. જ્ઞાનનું અજ્ઞાનત્વ છે એ જ્ઞાનની અશુદ્ધતા છે. પણ અહીંયાં એ વાત નથી લેવી. અહીંયાં તો જાણપણું રહ્યું કે નહિ એને? બસ! એટલી શુદ્ધતા છે. જાણવું તે જ્ઞાનનું લક્ષણ છે અને અવિકારપણે રહેવું તે પણ જ્ઞાનનું સ્વરૂપ છે, તે જ્ઞાનનું રૂપ છે. માટે ત્યાંથી આત્માને ગ્રહણ કરી શકાય છે.

અથવા પ્રેક્ટિકલી લઈએ તો કે કોઈપણ જીવ છે એ પોતાના સ્વરૂપને ઓળખવા માગે છે. જ્ઞાનસ્વરૂપ છે આત્મા એમ જાણ્યું. પણ અંતરમાં ઓળખવા માગે છે કે એવો જ્ઞાનસ્વરૂપ એટલે કેવો હું? કે જાણું તો છું હું. પણ જાણતા-જાણતા હું એમ અનુભવું છું કે હું રાગી થયો, હું દ્વેષી થયો, હું કષાયી થયો, માની થયો, મોહી થયો. એવો સાથે સાથે અનુભવ આવે છે. ત્યારે હવે પૂછે છે, તારા એકલા જ્ઞાનને તપાસ કે એવા અનંત કષાયોના સમીપમાં, અનંત કષાયોની મલિનતાની મધ્યમાં, અરે..! નિગોદની પ્રચુર મલિનતાની મધ્યમાં રહેલું જ્ઞાન, એમાં ક્યાં કષાય ચોંટ્યો બતાવ? કયો રાગ ચોટ્યો, કયો મોહ ચોટ્યો છે? શું વળગેલું ચોંટ્યું છે? એકલા જ્ઞાનને જો. એકલા જ્ઞાનને જોતા તે અવિકારી છે. એને વિકારી કરવું હોય તોપણ કરી શકાતું નથી. એવું સ્પષ્ટ જોવા મળશે. જો એવું જોવા મળશે તો સ્વરૂપ મારું આવું છે એમ ઓળખાણ આવશે સીધી. સ્વરૂપની ઓળખાણ આવશે ત્યાંથી કે મારી શક્તિ કેટલી! અવિકારીપણે રહેવાની મારી શક્તિ કેટલી! કે અનંત કાળ પ્રચુર મલિન અવસ્થામાં ડૂબેલું રહેવા છતાં, ગોત્યું ન જડે જ્ઞાન ત્યાં, કેમકે અક્ષરના અનંતમા ભાગે થઈ ગયું છે. કષાય મલિનતા ઘણી પ્રચુર છે. તોપણ જેણે પોતાના અવિકારીપણાનો ત્યાગ કર્યો જ નથી. કેમકે એ એનું સ્વરૂપ છે. સ્વરૂપનો ત્યાગ ન કરે. એ એનું સ્વરૂપ જ છે. ત્યાંથી આત્મા પકડી લે, ત્યાંથી આત્મા ઓળખી લે.

એક માણસને એમ થઈ ગયું કે અરે..રે..! મારું બધું નાશ પામી ગયું. હું સાવ નિર-ાધાર થઈ ગયો. એવી સ્થિતિમાં સંસારી જીવ છે. કે હું તો નિરાધાર છું. મને આનો આધાર મળે તો સારું, મને આનો આધાર મળે તો સારું, મને આનો આધાર મળે તો સારું. એવા આત્માને એમ કહે છે કે તારે કોઈના આધારની જરૂર નથી. તું નિરાલંબ નિરપેક્ષ છો. તારા

જીવન માટે, તારા પરિણમન માટે, તારા સ્વરૂપ માટે તારી ગુણ વૈભવની સંપત્તિ અખંડ અને અક્ષુણ છે. ક્યાંય ખંડિત પણ નથી થઈ. તું રાજી થા. તારા સ્વરૂપને જોઈને તું રાજી થા કે તારી સંપત્તિ એમ ને એમ અખંડ રહી છે. બસ! આ સ્વરૂપને ઓળખાણ એક વખત કરવાની છે. ગમે તેમ કરીને પણ સ્વરૂપની ઓળખાણ કરવાની છે. એ જ્ઞાન લક્ષણથી થાય છે. તો જ્ઞાનમાં આ બધા રૂપ જણાય છે કે ઓહો..! મારે સુખ જોઈએ છે. સુખ માટે હું વલખા મારું છું, અનંત કાળથી વલખા મારું છું. પણ સુખનું નિધાન, સુખસ્વરૂપ તો હું પોતે જ છું. મારું જ્ઞાન જ સુખસ્વરૂપ છે. એ તો એનું રૂપ છે. એને નિધાન મળી ગયું. ઘરમાંથી જ નિધાન મળ્યું એવું થયું. એ રીતે એ કામમાં આવે છે.

ગુણનું રૂપ શું કામમાં આવે? કઈ રીતે કામમાં આવે? કે આ રીતે કામમાં આવે છે ગુણનું રૂપ. ઓળખવા માટે રૂપનું કામ છે. માણસ તો માણસ છે પણ માણસનું રૂપ ઓળખ્યા વિના આ ફલાણો માણસ છે એવો વ્યવહાર ન થઈ શકે. હું ઓળખતો નથી. માણસ તો ઘણા છે. ત્યાં ફલાણો હું કોણ હું ક્યાં ઓળખું છું? તો એની સાથે મારે કેવી રીતે વ્યવહાર કરવો? કોઈ એમ કહે કે ભાઈ તમારા ફલાણા ભાઈ પરદેશથી આવવાના છે. તમે એમને મળવા માટે જાજો. મારા કાકા થાય સગા. પિતાજીના નાના ભાઈ. ઓલો કહે, ભાઈ! હું જન્મ્યો ત્યારથી મેં એને જોયા નથી. એ ઘણા વર્ષથી પરદેશ રહે છે. હું એને લેવા જાવ તો ઓળખું કેવી રીતે? ત્યાં તો ટ્રેનમાંથી કે પ્લેનમાંથી સેંકડો માણસ ઉતરે છે. તો કેમ ખબર પડે કે આ મારા કાકા? ઓળખાણ વગર કાંઈ નક્કી ન થાય. તો ઓળખાણ માટે એનું રૂપ કેવું છે એ નક્કી કરવું પડે. માણસ તો માણસ છે. એમ જ્ઞાન તો જાણે છે પણ એનું રૂપ કેવું? રૂપ જાણ્યા વિના જ્ઞાન જુદું ન પડે. કેમકે અત્યાર સુધી એણે પોતાનું રૂપ જ જાણ્યું નથી. જે સ્વરૂપ સમજ્યા વિના.. પોતાનું રૂપ સમજ્યા વિના જ પામ્યો અનંત દુઃખ. ઓળખવા માટે રૂપની જરૂર છે. તે અનંત ગુણનું રૂપ, એક ગુણને અનંત ગુણનું રૂપ સંભવે છે.

એક ગુણ, એક જ્ઞાન લક્ષણ ઉપરથી આખો આત્મા કેમ ઓળખાય? કે જ્ઞાનની પર્યાયને અનંત ગુણનુ રૂપ છે. જ્ઞાનગુણને જો અનંત ગુણનું રૂપ છે તો કહેવાની જરૂર નથી એની પર્યાયને અનંત ગુણનું રૂપ છે. એક દ્રવ્યને જો અનંત ગુણ છે તો કહેવાની જરૂર નથી કે એક ગુણને અનંત ગુણનું રૂપ છે. જો એક ગુણને અનંત ગુણનું રૂપ હોય તો કહેવાની જરૂર નથી કે એક પર્યાયને પણ અનંત ગુણનું રૂપ છે. એમ છે ખરેખર તો. એટલા માટે એક જ્ઞાનલક્ષણ ઉપરથી આખો આત્મા ઓળખાઈ જાય છે. જેને ઓળખાય છે એને અવિશ્વાસ નથી આવતો કે મેં આત્માને ઓળખ્યો કે ન ઓળખ્યો? કેમકે બધા ગુણના નામ હું જાણતો નથી, બધા ગુણના લક્ષણ હું જાણતો નથી માટે મેં આત્મા ઓળખ્યો કે ન ઓળખ્યો? એમ

એને અવિશ્વાસ નથી આવતો. ઊલટાનો એને વિશ્વાસ આવે છે. કેવી રીતે? એક વેદનથી.

સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ. આ 'શ્રીમદ્‌જી'એ શબ્દ વાપર્યો ૭૫૧ (પત્રમાં). ઓળખાણનો શું શબ્દ વાપર્યો? પ્રતીતિ શબ્દ વાપરી લીધો ત્યાં. સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ એ સમ્યગ્દર્શન નિર્વિકલ્પનું અનન્ય કારણ છે. ઓળખાણ તે સમ્યગ્દર્શન નિર્વિકલ્પ થવાનું અનન્ય કારણ છે. પ્રતીતિ શબ્દ લીધો. કેમકે ઓળખાણ થાય ત્યારે વિશ્વાસ આવે. આ જ છે એમ વિશ્વાસ આવે. અને અનુભવ અંશ પ્રત્યક્ષ છે એટલે પ્રત્યક્ષ વડે ઓળખ્યો. ઓલો તો કોઈ બીજા માણસને ઓળખવો હોય તો એનું અનુમાન આપે કે જુઓ ભાઈ! એ આટલા ઊંચા હશે, સૌથી ઊંચા એ હશે બધાની અંદર, એની ઊંચાઈ ઘણી છે. અથવા સૌથી નીચા હશે, પછી એના મોઢા ઉપર આમ હશે, તેમ હશે, ફલાણું હશે, કપાળ ઉપર લાખુ હશે, આમ હશે કે જે બીજાને ન હોય એવું કોઈને કોઈ લક્ષણ બતાવી દે. પણ એ અનુમાન કરવું પડે. જ્યાં સુધી એને પ્રત્યક્ષ ન જોવે ત્યાં સુધી અનુમાન કરવું પડે. અહીં તો લક્ષણ પ્રત્યક્ષ છે. '**ज्ञानमात्रस्य स्वसंवेदनात् सिद्धि**'. એના વેદનથી, વેદન લક્ષણથી એની સિદ્ધિ થાય છે ત્યાં એટલે અનંત પ્રત્યક્ષને પકડે છે. એક પ્રત્યક્ષ અંશને પકડતા, ઓહો..! આમાં તો અનંત પ્રત્યક્ષતા ભરી છે અને એકલા પ્રત્યક્ષતાના જ્ઞાનના તેજનો પુંજ છે, નૂરનું પુર છે એ સીધું એને પકડમાં આવે છે. કેમકે પ્રત્યક્ષ અંશથી નક્કી કર્યું છે. બધા એની અંદર આવી ગયા. આખા દ્રવ્યના બધા ચિહ્નો એની અંદર ભેદ પાડ્યા વિના આવી ગયા. ઓળખાણ અભેદની થઈ ગઈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. હવે એને શું છે કે મુખ્ય લક્ષણ એનું ગંધ છે. બીજા ઘણા ફળો પીળા હોય.

મુમુક્ષુ :- જ્યાં ગંધ છે ત્યાં જ પીળાપણું છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં જ પીળાપણું છે. ગંધ એનું મુખ્ય લક્ષણ છે અને બાકી બધા એના રૂપ છે. આ કેરીનો આકાર લગભગ આવો હોય, પછી એનો રંગ આવો હોય. પણ મુખ્ય લક્ષણ એનું જે કેરીની જુદી વાસ આવે એ. બાકી બધા એના રૂપ લઈ લેવા. એવી રીતે સોનું. પીત્તળ પણ પીળું હોય અને સોનું પણ પીળું હોય. પણ સોનાપણું જે ઓળખે છે એ પીત્તળને જુદું પાડી દ્યે. એવી રીતે ઓળખાણ છે એ આખી સ્વતંત્ર વસ્તુ થઈ જાય છે.

આ ભંગભેદ એટલા માટે પણ ઉપયોગી છે. ઓળખવા માટે જરૂરી પડે છે. એ તો નયચક્રમાં ગાથા લીધી યુક્તિ મગ્ગેણ. અન્વેષણ કાળમાં એટલે સંશોધન કાળમાં એટલે નિર્ણય કરવાના કાળમાં યુક્તિમાર્ગથી જોવામાં આવે છે તત્ત્વને. ણો આરાહણ સમયે. આર-

ાધના સમયે નહિ. ... પ્રત્યક્ષ છે ત્યાં તો. આરાધન સમયે તો આત્મા પ્રત્યક્ષ છે કે હું આવો જ છું ને એમ જ્યાં પ્રત્યક્ષ છે એટલે એનું બળ આવે છે અનુભવનું. એટલે સૂક્ષ્મ ગુણ છે તો સર્વ ગુણો સૂક્ષ્મ છે.

'**જો વસ્તુત્વ ગુણ છે તો સર્વે (ગુણો) સામાન્ય-વિશેષતા સહિત છે; જો દ્રવત્વ ગુણ છે તો દ્રવ્યને દ્રવે છે-વ્યાપે છે; જો અગુરુલઘુત્વ ગુણ છે તો સર્વે ગુણો અગુરુલઘુ છે; જો અબાધિત ગુણ છે તો સર્વે ગુણો અબાધિત છે; જો અમૂર્તિક ગુણ છે તો સર્વે (ગુણો) અમૂર્તિક છે.**' હવે દ્રવ્ય અમૂર્તિક તો કોઈ ગુણ મૂર્તિક થાય એનો? પ્રશ્ન જ નથી. '**આ પ્રમાણે એક એક ગુણ સર્વમાં (અને તે) સર્વની સિદ્ધિનું કારણ છે.**' આવી રીતે પ્રત્યેક ગુણ, સર્વ ગુણમાં એનું રૂપ છે. અને તે સર્વની સિદ્ધિનું (કારણ છે). એમાં બધા સિદ્ધ થઈ જાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા.

એમાં અનંતે ગુણનું રૂપ સંભવે છે. સર્વ ગુણોનું રૂપ સંભવે છે. ન હોય એવું બની શકે જ નહિ.

મુમુક્ષુ :- .. ગુણ છે માટે આ ગુણમાં એવો ધર્મ છે...

પૂજ્ય ભાઈશ્રી :- છે એ તો સ્વતંત્ર. એનો જે ગુણ છે એ સ્વતંત્ર છે.

મુમુક્ષુ :- ધર્મ એનો પોતાનો સ્વતંત્ર...

પૂજ્ય ભાઈશ્રી :- હા, સ્વતંત્ર છે. ધર્મ પોતાનો સ્વતંત્ર છે.

મુમુક્ષુ :- કોઈના ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. આમ જુઓ તો સદશ્યપણું છે. જેમકે સુખગુણ છે અને જ્ઞાનનું જે સુખરૂપ છે એ બેને સદશ્યતા છે. એટલે જ્ઞાન પોતાનો પણ અનુભવ કરે છે અને પોતાનામાં પ્રતિબિંબિત થયેલો જે પોતાનો સુખગુણ એ બેય એકાકાર થાય છે ત્યાં. એટલે રસ પડે છે, ગાઢ રસ પડે છે. અનુભવના કાળમાં ગાઢ રસ પડે છે.

'**એકેક ગુણમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સાધીએ...**' છીએ. હવે એક એક ગુણમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સાધવામાં આવે છે. એ તો દરેકમાં એ સાધતા આવ્યા છે. ગુણને દ્રવ્યપણે પણ જોવાય છે, ગુણને ગુણપણે પણ જોવાય છે અને ગુણને પર્યાયરૂપે પણ જોવાય છે. '**તેનું જ્ઞાનરૂપ તો દ્રવ્ય છે,...**' દ્રવ્ય કેવું છે? કે જ્ઞાનસ્વરૂપી આત્મા, જ્ઞાનસ્વરૂપી દ્રવ્ય છે. '**તેનું (જાણપણારૂપ) લક્ષણ ગુણ છે,...**' એનું સ્પેશ્યલ લક્ષણ શું? કે જાણપણું એ એનો સ્વભાવગુણ છે. '**તેની પરિણતિ તે પર્યાય છે,...**' જાણવારૂપ કાર્ય થાય તે

પર્યાય છે. અને '**આકૃતિ તે વ્યંજનપર્યાય છે.**' આ ક્ષેત્રપર્યાય લઈ લીધી. જેવી દેહ પ્રમાણ આકૃતિ છે એ એની વ્યંજનપર્યાય છે. પેલી અર્થપર્યાય છે. જાણવારૂપ છે તે અર્થપર્યાય છે અને આકૃતિ છે તે વ્યંજનપર્યાય છે.

'**અહીં કોઈ પ્રશ્ન કરે છે કે-જે પરિણતિ તે પર્યાય છે,...**' જે પરિણતિ તે પર્યાય છે. '**જ્ઞાન જ્ઞેયો વિષે પર્યાય વડે આવ્યું છે, તો પરિણતિ તો ન આવી! તો પર્યાય (જ્ઞાન જ્ઞેયમાં) કઈ રીતે આવ્યું?**' એમ કહેવાયને કે ભાઈ જ્ઞાન જ્ઞેયમાં જાય છે. જ્ઞાન જ્ઞેયને પહોંચી વળે છે. તો પરિણતિ તો ન આવી. તો ત્યાં તો કાંઈ જ્ઞાન ગયું નથી. જ્ઞેયોમાં કાંઈ જ્ઞાન તો ગયું નથી. પરિણતિ તો આવી નથી. તો પછી કઈ રીતે જ્ઞાન જ્ઞેયોમાં આવ્યું? સર્વજ્ઞનું જ્ઞાન આખા લોકાલોકમાં પહોંચી વળે છે એમ કહે. સર્વજ્ઞની પરિણતિ તો ત્યાં ગઈ નથી. તો પછી જ્ઞાન કઈ રીતે જ્ઞેયમાં ગયું? એમ કહે છે.

'**તેનું સમાધાન :- (જ્ઞાનની) પરિણતિ અભેદરૂપે અથવા તાદાત્મ્યરૂપે (તો જ્ઞેયમાં) આવી નથી, પરંતુ પર્યાયની શક્તિ (જ્ઞેયમાં) ઉપચાર પરિણતિથી પરિણમી છે;...**' ખરેખર પરિણતિ નથી પણ ઉપચાર પરિણતિથી પરિણતિ છે. ઉપચારથી તેને જ્ઞેયાકાર કહીએ છીએ. ખરેખર તો જ્ઞાન તો જ્ઞાનાકારે છે. જ્ઞેયાકારે કહેવું તે ઉપચાર છે. સ્વમાં પરને લઈ આવ્યા તે ઉપચાર છે અથવા વ્યવહાર છે.

'**દ્રવ્ય-ગુણ-પર્યાય વસ્તુના છે.**' દ્રવ્ય-ગુણ-પર્યાય તો વસ્તુના છે. બીજી વસ્તુના નથી. પોતાની વસ્તુના છે. '**જે વસ્તુનું સત્ છે તે જ જ્ઞાનનું સત્ છે,...**' જે વસ્તુનું સત્ છે તે જ જ્ઞાનનું સત્ છે. '**કેમકે જે અસંખ્ય પ્રદેશ વસ્તુના છે તે જ (પ્રદેશો) જ્ઞાનના છે. તેથી અભેદ સત્તાની અપેક્ષાએ અભેદ ગુણ-પર્યાયની સિદ્ધિ થઈ.**' વસ્તુ જે ક્ષેત્રમાં રહી છે એ જ ક્ષેત્રમાં ગુણપર્યાયો રહ્યા છે. એટલે સત્તા તો બધાની એક જ છે દ્રવ્ય-ગુણ-પર્યાયની.

'**ભેદ (અપેક્ષા)માં જ્ઞાનરૂપ દ્રવ્ય, (જાણપણા) લક્ષણ ગુણ ને તેની પરિણતિ તે પર્યાય (એમ) ભેદ વડે (ત્રણે) સધાય છે.**' અને એવા ભેદ છે પણ ખરા. અભેદ વસ્તુમાં એવા કથંચિત્ ભેદ દ્રવ્ય-ગુણ-પર્યાયના છે પણ ખરા. અને એ રીતે પણ તે ભેદ વડે વસ્તુ સધાય છે. જે સીધો અભેદથી વસ્તુને સાધી શકતો નથી એને ભેદ છે તે વસ્તુને સાધવાનું એક સાધન છે. 'રાજમલજી'એ ત્યાં સુધી લીધું કે ભેદ છે એ ગુણગુણી ભેદ છે એ જ્ઞાન ઊપજવાનું એક અંગ છે. જ્ઞાન ઊપજવાનું એક અંગ છે. કેમકે જે સીધો નથી સમજતો એને તો ભેદ પાડ્યા વિના ગમે તેટલું (સમજાવો), અથવા પહેલોવહેલો જે અનાદિ અજ્ઞાની છે એને સીધું અભેદ સમજાય જ નહિ. એને જ્ઞાન તે આત્મા એટલો ગુણગુણીનો એક ગુણનો

ભેદ તો એને પાડવો જ પડે.

જેમ કોઈ સાવ અજાણ્યા માણસને ઓળખવો હોય તો કોઈ એક લક્ષણ તો એને કહેવું જ પડે કે આનાથી એ જુદો પડશે. નહિતર કેવી રીતે ઓળખે? હજાર માણસમાં આ માણસ ફલાણો એમ એકેય ભેદ પાડ્યા વગર એને કેવી રીતે ઓળખાવી શકો? અશક્ય જ છે. ઓળખાવી જ ન શકાય એને. એમ પોતે ભળી ગયો છે. પોતે પોતાના ભાવોથી વિશ્વરૂપપણે પોતાને અનુભવે છે. એક પુત્રની માતા એ પુત્રની માતા તરીકે આખેઆખી એને પોતાનો અનુભવ કરે છે. એટલે પુત્રમય એની પર્યાય થઈ ગઈ. એને એમ કહે કે એક અંશે તું માતા નથી એમ નક્કી કર. ૯૯ ટકા તું માતા પણ એક ટકો તું માતા નહિ. તો કહે, ના, એવું ન બને. હું સોએ સો ટકા એની જ માતા છું.

એવી રીતે જીવ જે જે પદાર્થો છે તે તે પદાર્થોને અવલંબીને પોતાને વિશ્વરૂપે, જગતના બધા પદાર્થોરૂપે કરી રહ્યો છે. એવો ભળી ગયેલો જીવ; ભાવે, હોં! દ્રવ્યે નથી ભળતો, ભાવે એવી રીતે જે ભળી ગયેલો જીવ એને સાવ નોખો પાડવો હોય તો એના ગુણના ભેદ પાડ્યા વિના, એના સ્વભાવનો ભેદ પાડ્યા વિના એ જુદો ઓળખાય કેવી રીતે કે બધામાં તું આ રીતે જુદો છો?

બધા ભાવો વિકારી થાય છે. એટલે એની આખી દૃષ્ટિ પણ વિકારી પર્યાય ઉપર જ છે. એટલે કે હું આવો જ છું... હું આવો જ છું... હું આવો જ છું. જેમ પુત્રની માતા સમજે છે તેમ. એને એ બધાથી જુદો પાડવા માટે એક જ્ઞાનલક્ષણ છે કે જો તારું જ્ઞાનલક્ષણ. એમાં માતાપણું નથી, પિતાપણું નથી, પુત્રપણું નથી, અરે..! કોઈ માતા-પિતાના રાગનો પણ એની અંદર સ્પર્શ નથી. જ્ઞાન જ્ઞાન જ રહે છે, રાગરૂપે પણ થાતું નથી. એ જુદો પડી જાય. એ એક લક્ષણ એવું છે કે અનંતા દ્રવ્યો અને ભાવોથી આત્માને ભિન્ન પાડે છે. એટલો પણ ભેદ ન પાડે અને કોઈને આત્મા ઓળખાઈ જાય એવું બને નહિ.

લક્ષણ વગર લક્ષની સિદ્ધિ થાય જ નહિ. આ તો 'ગુરુદેવે' લક્ષ-લક્ષણની ચર્ચાના જે પ્રવચનો કર્યા છે એમાંથી 'પરમાગમસાર'માં તારવેલું છે કે લક્ષણ વડે જ લક્ષની સિદ્ધિ થાય, લક્ષણ વિના લક્ષની સિદ્ધિ થવી જ અશક્ય છે અને અસંભવિત છે. બની શકે જ નહિ. હજાર માણસમાં આ માણસ ફલાણો એ કેવી રીતે ઓળખવો એક ભેદ પાડ્યા વિના એને? લક્ષણ એનું બતાવ્યા વિના. બની શકે જ નહિ ને. અશક્ય છે એ તો. એટલે ભેદનો ત્યાં ઉપકાર છે એટલો. લ્યો ઠીક! ઓળખવા માટે ભેદનો ઉપકાર છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કાર્ય જ્ઞાનનું છે. હા. કાર્ય તો જ્ઞાનનું છે. ભેદ પાડવો એ જ્ઞાનનું કાર્ય

છે અને અભેદપણે જાણવું એ પણ જ્ઞાનનું કાર્ય છે. ભેદથી ઓળખીને અભેદપણે અનુભવ કરવો એનું નામ કળા. કળા ત્યાં લાગુ પડે છે.

મુમુક્ષુ :- જ્ઞાનકલા..

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'જ્ઞાનકલા જિસકે ઘટ જાગી.' એ આ અનુભવ કરવાની કળા. વેદનની કળા. 'તે જગમાંહી સહજ વૈરાગી' કેમકે એને પછી અપેક્ષા નથી.

૬૩૮મો બોલ છે. લક્ષણની સિદ્ધિથી શું પ્રયોજન છે? વચમાં લક્ષણનો ભેદ શું કરવા લાવો છો? પ્રશ્ન આ છે. લક્ષણને પ્રસિદ્ધ કર્યા વિના સીધો આત્મા અનંત ધર્મવાળો છે એમ અમને સીધો જ લક્ષને ઓળખાવી દ્યોને, જણાવી દયોને. આ પ્રશ્ન છે. ઉત્તર. સિદ્ધાંત લઈ લીધો છે એક જ વચનમાં. લક્ષણના નિર્ણય વગર લક્ષ આત્મા નક્કી થઈ શકે નહિ. ફૂલ એન્ડ ફાઈનલ. લક્ષણના નિર્ણય વગર કોઈ કાળે પણ લક્ષ આત્મા નક્કી થઈ શકે નહિ. અને ત્રણે કાળે આત્માનું લક્ષણ જ્ઞાન છે. એ ૬૩૭માં સ્થાપ્યું કે ત્રણે કાળે આત્માનું લક્ષણ જ્ઞાન છે. પાછું અમુક પહેલા કાળે આત્માનું લક્ષણ જ્ઞાન છે અને પછી થોડોક આગળ વધ્યો એટલે આત્માનું લક્ષણ હવે જ્ઞાન નથી એમ નથી. ત્રણે કાળે આત્માનું લક્ષણ જ્ઞાન છે અને એ જ જ્ઞાનલક્ષણ વગર કોઈ રીતે આત્માનો નિર્ણય થઈ શકે નહિ. આત્મા નક્કી થઈ શકે નહિ.

મુમુક્ષુ :- ભેદ પાડ્યા વગર આત્મા ઓળખાય નહિ અને ઓળખાયા પછી ભેદ રહેતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખાયા પછી ભેદ વિલિન થઈ જાય છે, ગૌણ થઈ જાય છે. લક્ષણ ગૌણ થઈ જાય છે. એમાં શું થાય છે કે જ્યારે લક્ષણ વડે લક્ષ ઓળખાય છે ત્યારે લક્ષણમાં લક્ષ હતું તે ઓળખાણું. અભેદ હતું. લક્ષણની અંદર લક્ષ અભેદ હતું એ ઓળખાણું. એ લક્ષ એટલું બધું મહાન છે, લક્ષણ છે એ અનિત્ય છે એ ઉત્પાદ-વ્યયરૂપ ઊપજે-વિણસે છે, જ્યારે લક્ષ છે એ ઊપજતું-વિણસતું નથી, એ એમ ને એમ રહે છે અનુસ્યુતરૂપે, અન્વયરૂપે રહી જાય છે. એટલે જે મોટું છે એની મહત્તા આવે છે. અને મોટાની મહત્તા આવતા નાનું છે એ ગૌણ થઈ જાય છે. નાનું છે એ ગૌણ થઈ જાય છે. એમ લક્ષણ છે એ અનિત્ય છે અને નાનું છે. લક્ષ મહાન મોટું છે. જેવી લક્ષની ઓળખાણ થઈ કે લક્ષણ ઉપરનો ઉપયોગ વયો જાય છે. ઉપયોગ સીધો લક્ષ ઉપર ચાલ્યો જાય છે. લક્ષણ ઉપરથી ઉપયોગ લક્ષ ઉપર ચાલ્યો જાય છે. એટલે લક્ષ મુખ્ય થાય છે અને લક્ષણ ગૌણ થાય છે.

એટલે આપણે જે ત્રીજું પ્રકરણ લીધું છે સ્વરૂપ નિશ્ચયનું, એમાં એક આ વાત લીધી છે કે જ્યારે આત્માની ઓળખાણ લક્ષણ ઉપરથી થાય ત્યારે લક્ષણ ગૌણ થઈને લક્ષ મુખ્ય

થાય એવી પરિસ્થિતિ ઊભી થાય તો સમજવું કે આત્માની ઓળખાણ થઈ છે. ઓળખાણ થવાનું આ સ્વરૂપ છે. ઓળખાણ બરાબર થઈ છે એ કેવી રીતે જાણવું? કે મને લક્ષણથી લક્ષની ઓળખાણ થઈ છે એ કેમ નક્કી થાય? કે એનું પણ ચિહ્ન છે કે લક્ષણ ગૌણ થઈને લક્ષ મુખ્ય થઈ જશે. એ ૯-૧૦ વાતમાં એક વાત એ લીધી છે કે લક્ષણ ગૌણ થશે અને લક્ષ મુખ્ય થઈ જશે તો સમજવું કે ઓળખાણ બરાબર થઈ છે. એમ એ રીતે બને છે, એવું સહજ બને છે.

મુમુક્ષુ :- સરવાળો..

પૂજ્ય ભાઈશ્રી :- પછી શિખરને લક્ષમાં નથી લેતો. મંદિરમાં આવી ગયો એ શિખરને જોવા બેસે? દૂર હતો ત્યારે જોયું કે આપણું મંદિર દેખાય. આ 'સોનગઢ' જઈએ તો શિખર દેખાય છે. પણ અંદર જિનાલયમાં ગયા પછી શિખર સામે જોવે છે? ત્યારે ભગવાન સામે જોવે છે. એ શિખર જોયું, આપણું મંદિર જોયું ત્યારે એમાં ભગવાન જોઈ લીધા. ત્યારે આ મંદિરમાં આપણા ભગવાન છે એમ ખ્યાલ કરી લીધો. પણ શિખર મારફત. મંદિરમાં ગયા પછી? સીધા ભગવાન જ્યાં પ્રત્યક્ષ છે ત્યાં શિખરને જોવાની જરૂર રહેતી નથી.

મુમુક્ષુ :- ખ્યાલ પણ નથી આવતો.

પૂજ્ય ભાઈશ્રી :- ના, વિચાર પણ ન આવે. કુદરતી છે. ભગવાનની મુખ્યતા થઈ ગઈ ત્યાં મંદિર ગૌણ થઈ ગયું. સીધી વાત છે. અહીં સુધી રાખીએ....

**તા. ૧૯-૬-૧૯૯૧, પાના નં. ૭૨**
**પ્રવચન નં. ૧૩**

**'જ્ઞાન જ્ઞેયો વિષે પર્યાય વડે આવ્યું છે, તો પરિણતિ તો ન આવી! તો પર્યાય વડે (જ્ઞાન જ્ઞેયોમાં) કઈ રીતે આવ્યું?'** જ્ઞાન જ્ઞેયોમાં આવ્યું એ તો કથનમાત્ર છે. પરિણતિ વડે કોઈ જ્ઞાન જ્ઞેયોમાં જતું નથી. પણ જ્ઞેયોનું જાણવું થાય છે, જ્ઞેયોનો પ્રતિભાસ આવે છે એટલે જ્ઞાન જ્ઞેયોમાં ગયું એવું કથન અથવા જ્ઞેયો જ્ઞાનમાં આવ્યા એવું કથનમાત્ર છે. પરિણતિએ કોઈ એકબીજામાં પ્રવેશ થાય એ તો વસ્તુસ્થિતિ નથી.

**'તેનું સમાધાન :- (જ્ઞાનની) પરિણતિ અભેદરૂપે અથવા તાદાત્મ્યરૂપે (તો જ્ઞેયોમાં) આવી નથી, પરંતુ પર્યાયની શક્તિ (જ્ઞેયમાં) ઉપચાર પરિણતિથી પરિણમી છે;...'** પર્યાયની શક્તિ એટલે શું? કે પર્યાયમાં જે સ્વચ્છત્વ શક્તિ છે તે, તેને લઈને જ્ઞેયોનું જેવું છે એવું પ્રતિબિંબ ઊઠે છે એટલે એ પરિણતિ ત્યાં ગઈ છે એમ ઉપચારથી કહેવાય છે. ઉપચાર પરિણતિથી પરિણમી છે એટલે ઉપચારથી જ્ઞાન ત્યાં ગયું છે એમ કહેવાય. **'ઉપચારથી (તેને) જ્ઞેયાકાર કહીએ.'** છે તો એ જ્ઞાનનો જ પર્યાય પણ ઉપચારથી એને જ્ઞેયાકાર પણ કહીએ છીએ. કેમકે એકમાં બીજાનો આરોપ કર્યો. જ્ઞાનમાં જ્ઞેયનો આરોપ કર્યો. જ્ઞેયો જ્ઞાનમાં આવતા નથી. જ્ઞાન જ્ઞેયોમાં જતું નથી.

**'દ્રવ્ય-ગુણ-પર્યાય વસ્તુના છે.'** દરેક વસ્તુને પોતાના દ્રવ્ય-ગુણ અને પર્યાય છે. **'જે વસ્તુનું સત્‌ છે તે જ જ્ઞાનનું સત્‌ છે,...'** જે આત્માના વસ્તુની સત્તા છે, સત્‌ છે તે જ જ્ઞાનનું સત્‌ છે. **'કેમકે જે અસંખ્ય પ્રદેશ વસ્તુના છે તે જ (પ્રદેશો) જ્ઞાનના છે.'** અથવા જ્ઞાનની પર્યાયના છે. **'તેથી અભેદ સત્તાની અપેક્ષાએ અભેદ ગુણ-પર્યાયની સિદ્ધિ થઈ.'** અભેદ સત્તાની અપેક્ષાએ અભેદ ગુણ-પર્યાયની સિદ્ધિ થઈ.

**'ભેદ (અપેક્ષા)માં જ્ઞાનરૂપ દ્રવ્ય, (જાણપણા) લક્ષણ ગુણ અને તેની પરિણતિ તે પર્યાય (એમ) ભેદ વડે (ત્રણે) સધાય છે.'** બહુ ચોખ્ખું છે. **'ઉપચારથી સમસ્ત જ્ઞેયના દ્રવ્ય-ગુણ-પર્યાય જ્ઞાનમાં આવે છે.'** બીજા જ્ઞેયોના દ્રવ્ય-ગુણ-પર્યાય જ્ઞાનમાં જણાય જાય છે. **'ઉપચારના અનેક ભેદ છે...'** અનેક પ્રકારના ઉપચાર છે એ અહીંયાં

**'કહીએ છીએ :-'** એ ઉપચાર સમજાવે છે. જુઓ! આગળ પર્યાયની ભિન્નતા કહી ક્ષેત્રથી પણ. જ્યાં ક્ષેત્ર સત્તાની વાત આવી ત્યાં દ્રવ્યની સત્તા, ગુણની સત્તા, પર્યાયની સત્તા એમ પર્યાયની સત્તા (જુદી કહી). અહીંયાં કહે છે કે અભેદ છે. એમ 'સોગાનીજી'માં પણ બે વાત છે. અભેદ ક્ષેત્રની પણ વાત આવે છે અને ભેદ ક્ષેત્રની પણ વાત આવે છે. બંને અપેક્ષા સમજે તો બરાબર છે.

અધ્યાત્મમાં તો જીવને વ્યક્ત પર્યાય હોવાથી ત્યાંથી સહેલું પડે છે. ૩૯૦ થી ૪૦૪ 'સમયસાર'ની ૧૫ ગાથાઓ સાથે છે. એમાં છેલ્લી ગાથા એમ છે. છેલ્લી બે ગાથામાં વિષય એવી રીતે આવ્યો છે. ૪૦૩ અને ૪૦૪ છે. કારણ કે બધી ગાથાઓમાં તો એમ લીધું છે કે શાસ્ત્ર તે જ્ઞાન નથી.

**રે! શાસ્ત્ર તે નથી જ્ઞાન, જેથી શાસ્ત્ર કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, શાસ્ત્ર જુદું—જિન કહે;**
**રે! શબ્દ તે નથી જ્ઞાન, જેથી શબ્દ કંઈ જાણે નહીં,**
**રે! રૂપ તે નથી જ્ઞાન, જેથી રૂપ કંઈ જાણે નહીં,**

'વર્ણ તે નથી જ્ઞાન,...' એમ કરીને બધા બોલ લેતા લેતા પાંચેય ઈન્દ્રિયના સ્પર્શ સુધીના બોલ લઈ લીધા. પછી કર્મ જ્ઞાન નથી, ધર્મ, અધર્માસ્તિકાય જ્ઞાન નથી, કાળ જ્ઞાન નથી, આકાશ જ્ઞાન નથી એમ જ્ઞેયના વિષયો લઈ લીધા. એટલે જ્ઞેય-જ્ઞાયક સંકરદોષ, ભાવ્યભાવક સંકરદોષ. એમાં ક્યાંય જ્ઞાન નથી. 'નહિ જ્ઞાન અધ્યવસાન છે,...' અધ્યવસાન પણ જ્ઞાન નથી. અહીં સુધી નાસ્તિ લીધી. હવે છેલ્લી બે ગાથામાં અસ્તિ લે છે.

**રે! સર્વદા જાણે જ તેથી જીવ જ્ઞાયક જ્ઞાની છે,**
**ને જ્ઞાન છે જ્ઞાયકથી અવ્યતિરિક્ત ઈમ જ્ઞાતવ્ય છે.**

જ્ઞાન છે જ્ઞાયકથી અવ્યતિરિક્ત એમ જ્ઞાતવ્ય છે. જ્ઞાનને જ્ઞાયકથી અવ્યતિરિક્તપણું છે એમ જાણવાયોગ્ય છે. આવો એનો સાદો અર્થ છે. **'णाणं च जाणयादो अव्वदिरित्तं मुणेयव्वं।।'** **'કારણ કે જીવ નિરંતર જાણે છે માટે જ્ઞાયક એવો જીવ જ્ઞાની (-જ્ઞાનવાળો, જ્ઞાનસ્વરૂપ) છે, અને જ્ઞાન જ્ઞાયકથી અવ્યતિરિક્ત છે (-અભિન્ન છે, જુદું નથી) એમ જાણવું.'** હવે એની ટીકા કરતા એવી પદ્ધતિ લીધી છે. ટોન બહુ સારો છે.

**'હવે, જીવ જ એક જ્ઞાન છે,...'** અહીંથી શરૂઆત કરી. એ ગાથાની ટીકા કરતા કે **'હવે, જીવ જ એક જ્ઞાન છે, કારણ કે જીવ ચેતન છે; માટે જ્ઞાનને અને જીવને જ અવ્યતિરેક (-અભિન્નતા) છે. વળી જ્ઞાનનો જીવની સાથે વ્યતિરેક જરા પણ શંકનીય નથી...'** તમે શંકા કરશો નહિ. શંકાનો અવકાશ નથી કે જ્ઞાન અને જીવ જુદા છે. એવી ટીકા

કરી છે. '**अथ जीव एवैको ज्ञानं, चेतनत्वात्; ततो ज्ञानजीवयोरेवाव्यतिरेकः। न च जीवस्य स्वयं ज्ञानत्वात्ततो व्यतिरेक; कघ्चनापि शङ्कनीयः। न च जीवस्य**' જીવનું કાંઈ પણ વ્યતિરેકપણું એટલે ભિન્નપણું. '**कघ्चनापि**' એટલે થોડું પણ '**शङ्कनीयः**' થોડી પણ શંકા નહિ કરવી. '**स्वयं ज्ञानत्वात्ततो**' સ્વંય જ્ઞાનસ્વરૂપ હોવાને લીધે. આવી રીતે કાર્યકારણથી (વાત કરી છે). કારણ કે જીવ પોતે જ જ્ઞાન છે, જ્ઞાનથી જીવની ભિન્નતા હશે કે કેમ? એમ જરા પણ શંકા કરવા યોગ્ય નથી. '**कघ्चनापि शङ्कनीयः**' થોડી પણ શંકા કરવા યોગ્ય નથી. એવી રીતે જ્ઞાનને અને જીવને અવ્યતિરેકપણું એટલે અભિન્નતા સ્થાપી છે. 'સમયસાર'માં આ વિષય એ પદ્ધતિથી જ ચાલ્યો છે. જ્ઞાન અને જીવનો અભિન્નપણાનો.

હવે ઉપચારના ભેદો કહે છે કે '**(૧) સ્વજાતિ ઉપચાર, (૨) વિજાતિ ઉપચાર અને (૩) સ્વજાતિ-વિજાતિ ઉપચાર; દ્રવ્યમાં ત્રણે ઉપચાર, ગુણમાં ત્રણે ઉપચાર, પર્યાયમાં ત્રણે ઉપચાર...**' સ્વજાતિ ઉપચાર, પરજાતિ ઉપચાર અને સ્વપરજાતિ ઉપચાર. દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં. એમ નવ ભેદ થયા. '**નવ સ્વજાતિ, નવ વિજાતિ, નવ સ્વજાતિ-વિજાતિ, નવ સામાન્ય (-એ પ્રમાણે) છત્રીશ ભેદ જ્ઞાનમાં આવે ત્યારે જ્ઞાનમાં સધાય છે,...**' એવા છત્રીસે ભેદ જ્ઞાનમાં આવે ત્યારે જ્ઞાનમાં સધાય છે.

મુમુક્ષુ :- આમાં જ્ઞાનના નવ સજાતિય કીધા એ કઈ રીતે? સ્વજાતિમાં નવ ભેદ કઈ રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વજાતિ ઉપચાર, વિજાતિ ઉપચાર અને દ્રવ્યમાં ત્રણે ઉપચાર, ગુણમાં ત્રણે ઉપચાર અને પર્યાયમાં ત્રણે ઉપચાર. અસ્તિ-નાસ્તિની અપેક્ષાએ લેતા હોય તો. જોઈએ કાંઈ નીચે શું આવે છે.

મુમુક્ષુ :- ત્રણેમાં દરેકના નવ નવ ભેદ થાય છે એ આ પ્રમાણે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આગળમાં ૮૧માં પાને આ બાજુ નવ લીધા છે. જોઈએ કેવી રીતે લે છે એ.

'**જ્ઞાન અને દર્શન (એ બંને) ગુણો ચેતનાની અપેક્ષાએ સ્વજાતિ છે, લક્ષણ અપેક્ષાએ ઉપચારથી વિજાતિ છે (અને) બંને અપેક્ષા (સાથે લેતાં) સ્વજાતિ-વિજાતિ છે...**' બંને ગુણો ચેતનાની અપેક્ષાએ સ્વજાતિ છે. બંનેના લક્ષણ જુદા જુદા છે. લક્ષણ અપેક્ષાએ ઉપચાર વિજાતિ છે અને બંને અપેક્ષા લેતા સ્વજાતિ-વિજાતિ છે.

'**એક ગુણ દ્રવ્ય-ગુણ-પર્યાયને સાધે; (તથા) સ્વજાતિ, વિજાતિ અને મિશ્ર-એ સાધે ત્યારે અનંત ગુણોમાં છત્રીસ-છત્રીસ ભેદ ઉપચારથી સધાય છે.**' એક ગુણ છે એ સજાતિયપણું સાધે એની અપેક્ષાએ વિજાતીયપણું મિશ્રપણું લઈ લેવું. અને દ્રવ્ય-ગુણ-

પર્યાયની અપેક્ષાએ એના ત્રણેમાં ભેદ ઉતારતા છત્રીશ ભેદ થાય છે.

'**(જૈન સિદ્ધાંત દર્પણમાં આ સંબંધી નીચે પ્રમાણે વર્ણન છે-) એક પ્રસિદ્ધ ધર્મનો બીજામાં આરોપ કરવો તે અસદ્‌ભૂત વ્યવહારનો વિષય છે;...**' એક પ્રસિદ્ધ ધર્મનો બીજામાં આરોપ કરવો તે અસદ્‌ભૂત વ્યવહારનો વિષય છે. '**તેના ત્રણ ભેદ છે :-**' એ જૈન સિદ્ધાંત દર્પણની વાત (કરી છે).

મુમુક્ષુ :- અસદ્‌ભૂત એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- અસદ્‌ભૂત એટલે એમાં સત્તા ન હોય. સદ્‌ભૂત એટલે એમાં સત્તા હોવી. અને એમાં સત્તા ન હોવી. જેમાં સત્તા હોવી તે સદ્‌ભૂત, એની સત્તામાં ન હોવું તે અસદ્‌ભૂત. અસત્ ઉપરથી અસદ્ લીધું. એવી રીતે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અસદ્‌ભૂત વ્યવહાર છે. અથવા જ્ઞાન જ્ઞેયને જાણે છે, જ્ઞાને જ્ઞેયને જાણ્યું તો જ્ઞાન તો જ્ઞેયમાં આવ્યું નથી. બેય ભિન્ને ભિન્ન રહ્યા છે છતાં વ્યવહાર કરવો તે અસદ્‌ભૂત વ્યવહાર છે. એમ. એકબીજા વચ્ચે વ્યવહાર કરવો તે અસદ્‌ભૂત વ્યવહાર છે. પણ ગુણ અને ગુણીનો ભેદ તે સદ્‌ભૂત વ્યવહાર છે. કેમકે ગુણીમાં ગુણ છે. અને જ્ઞાનની પર્યાય આત્મામાં છે એ પણ સદ્‌ભૂત વ્યવહાર છે. કેમકે એક સત્તામાં છે દ્રવ્ય અને પર્યાય. માટે એ એનો સદ્‌ભૂત વ્યવહાર છે.

'**(જૈન સિદ્ધાંત દર્પણમાં આ સંબંધી નીચે પ્રમાણે વર્ણન છે-) એક પ્રસિદ્ધ ધર્મનો બીજામાં આરોપ કરવો...**' કેમકે એમાં એ છે નહિ. એકમાં બીજું છે નહિ. તેથી તે '**અસદ્‌ભૂત વ્યવહારનો વિષય છે; તેના ત્રણ ભેદ છે :-**'

મુમુક્ષુ :- એક પ્રસિદ્ધ ધર્મનો બીજામાં આરોપ કરવો..

પૂજ્ય ભાઈશ્રી :- બીજામાં આરોપ કરવો. એક ગુણનો બીજામાં આરોપ કરવો, એક ધર્મનો બીજામાં આરોપ કરવો. એ અસદ્‌ભૂત વ્યવહારનો વિષય છે. કેમકે એકબીજામાં આવતા તો નથી. અને તેના પણ ત્રણ ભેદ છે.

'**સજાતિ ઉપચાર, વિજાતિ ઉપચાર, સજાતિ વિજાતિ ઉપચાર. એ ત્રણેમાંથી દરેકના નવ નવ ભેદ થાય છે; તે આ પ્રમાણે :-**'

મુમુક્ષુ :- જ્ઞાનગુણમાં અનંત ગુણનું રૂપ છે તો એ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉપચારથી આવ્યું. જ્ઞાનમાં સુખ છે નહિ છતાં જ્ઞાન સુખસ્વરૂપે છે એમ કહેવું તે ઉપચાર છે. એક ગુણમાં બીજા ગુણનું ..

મુમુક્ષુ :- ...સદ્‌ભૂત થયો કે અસદ્‌ભૂત થયો?

પૂજ્ય ભાઈશ્રી :- અસદ્‌ભૂત થયો. બીજા ધર્મનો આરોપ કર્યો. મૂળ લક્ષણ તો એની જાણવાની શક્તિ તો જ્ઞાનની છે. સુખશક્તિ તો જુદી છે. પણ છતાં એને એનારૂપે કહેવું એ એક ધર્મનો બીજા ધર્મમાં ઉપચાર કર્યો કહેવાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. પણ એમ કહેવું. કથનની અંદર આવે. જેમકે જ્ઞાન જ્ઞેયને જાણે છે તે અસદ્‌ભૂત વ્યવહાર છે. તો એ ખોટું ઠરશે.

મુમુક્ષુ :- એ તો બહારની વસ્તુ છે પણ આ તો અંદરની વસ્તુ છે.

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુ અંદરની પણ એક ગુણ તો બીજા ગુણ સ્વરૂપે તો ન થઈ જાય ને.

મુમુક્ષુ :- એ તો ન થાય. એક ગુણનું રૂપ બીજા ગુણમાં છે...

પૂજ્ય ભાઈશ્રી :- નહિતર અહીંયાં તો આ રીતે લીધું છે કે દ્રવ્યગુણપર્યાયમાં એકબીજાનો આરોપ કરવો.

મુમુક્ષુ :- સુખગુણનો જ્ઞાનગુણમાં આરોપ કરવો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાનગુણમાં આરોપ કરવો. કોઈનો કોઈનામાં આરોપ કરવો. કારણ કે એક ગુણ તો બીજા ગુણને આશ્રયે જાય નહિ. એક ગુણ બીજા ગુણ સ્વરૂપે થઈ જાય નહિ. કારણ કે પોતાનું સ્વરૂપ છોડે નહિ. છતાં પણ આરોપ કરવો. એને એના રૂપે જોવો.

મુમુક્ષુ :- જ્ઞાનગુણને સુખગુણરૂપે જોવો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાનગુણને સુખરૂપે જોવું. એમ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં ફેર તો પડી જાય. સુખગુણ રૂપે જોવું. અહીંયાં એમ છે. સુખરૂપ તો એનું છે જ તે. રૂપ તો આવે છે. પણ સુખ ગુણરૂપે જોવું.

અનંત ગુણમાં એક ગુણ વિભુત્વ નામનો છે. વિભુત્વનો અર્થ એવો છે કે વ્યાપવું. તો બધા ગુણો આખા દ્રવ્યમાં વ્યાપે છે એનું કારણ વિભુત્વ છે. વ્યાખ્યા આપણે જોઈએ. વિભુત્વ શક્તિ. '**સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશક્તિ. (જેમ કે, જ્ઞાનરૂપી એક ભાવ સર્વ ભાવોમાં વ્યાપે છે.)**' સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશક્તિ. તો એમ કે બધામાં વ્યાપે છે. આખા દ્રવ્યમાં વ્યાપે છે.

મુમુક્ષુ :- અનંત ગુણોમાં વ્યાપક એવો એક ભાવ તે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. વ્યાપવું. પણ કોઈ ગુણ પોતાનું સ્વરૂપ છોડીને વ્યાપે છે, પોતાના સ્વરૂપનો ત્યાગ કરીને વ્યાપી જાય છે એમ નથી. પોતાના સ્વરૂપે રહે છે અને વ્યાપે

છે. એવી રીતે છે. જેમ ગુણ ગુણરૂપે રહે છે અને પર્યાયે પરિણમે છે. દ્રવ્ય દ્રવ્યરૂપે રહે છે અને પર્યાયે પરિણમે છે. એવી રીતે.

**'એ ત્રણેમાંથી દરેકના નવ નવ ભેદ થાય છે; તે આ પ્રમાણે :–'** આમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ઉતાર્યા છે. કે **'૧. દ્રવ્યમાં દ્રવ્યનો આરૂપ, ૨. દ્રવ્યમાં ગુણનો આરોપ, ૩. દ્રવ્યમાં પર્યાયનો આરોપ, ૪. ગુણમાં ગુણનો આરોપ, ૫. ગુણમાં દ્રવ્યનો આોપ, ૬. ગુણમાં પર્યાયનો આરોપ, ૭. પર્યાયમાં પર્યાયનો આરોપ, ૮. પર્યાયમાં ગુણનો આરોપ, ૯. પર્યાયમાં દ્રવ્યનો આરોપ. તેમાં સજાતિ દ્રવ્ય-ગુણ-પર્યાયનો એક બીજામાં આરોપ કરવો તે સજાતિ ઉપચાર છે. જેમ કે ચંદ્રના પ્રતિબિંબને ચંદ્ર કહેવો તે સજાતિ પર્યાયનો સજાતિ પર્યાયમાં આરોપ છે.'**

**'વિજાતિ દ્રવ્ય-ગુણ-પર્યાયનો એક બીજામાં આરોપ કરવો તે વિજાતિ ઉપચાર છે. જેમકે જ્ઞાનને મૂર્ત કહેવું તે વિજાતિ ગુણનો વિજાતિ ગુણમાં ઉપચાર છે.'**

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ગુણનો દ્રવ્યમાં આરોપ કરવો એટલે આપણે આ જે છત્રીશ વિવિક્ષા લઈએ છીએ. તો શું છે કે દ્રવ્યને દ્રવ્યરૂપે કહેવું, દ્રવ્યને ગુણરૂપે કહેવું અને દ્રવ્યને પર્યાયરૂપે કહેવું. એમ ગુણને ગુણરૂપે કહેવું, ગુણને દ્રવ્યરૂપે કહેવું અને ગુણને પર્યાયરૂપે કહેવું. બસ! એ જ પદ્ધતિ છે. 'તત્ત્વાનુશીલન'માં જે છત્રીશ વિવિક્ષા લીધી છે એમાં આ રીતે ત્રણ તેરી નવ. ત્રણેમાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ઉતરે છે. એવી રીતે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં, દર્શન-જ્ઞાન-ચારિત્ર-સુખ અને વીર્ય પાંચ ગુણ એ લીધા છે. અને પાંચેયને એકબીજામાં ઉતારીને પચ્ચીસ ભેદ એ લીધા છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના પરસ્પર ઉતારીને નવ ભેદ એ લીધા છે. પચ્ચીસ ને નવ ચોત્રીસ. પછી અભેદમાં ભેદનો આરોપ અને ભેદમાં અભેદનો આરોપ. એમ કરીને છત્રીશ વિવિક્ષા લીધી છે. એટલે લગભગ બધા એની અંદર જેટલા આરોપિત કથન છે એ બધા આવી જાય.

આમાં વિશેષ શું લીધું છે કે એકનું પોતાનું પોતામાં લેવું સજાતિપણે અથવા વિજાતિપણે લેવું અને સજાતિ-વિજાતિ મિશ્રપણે લેવું. એમ કરીને બીજા એના ત્રણ (ભેદ) લઈ લીધા. એટલે આમ તો છત્રીશ તેરી એકસો ને આઠ થઈ જાય. એવી રીતે લેવા જઈએ તો. અથવા દરેકમાં એવી રીતે નવ નવ લઈએ તો બધાને જે પાંચ ને ત્રણ આઠ ને બે દસ. દસ નવા નેવું. દસેયના નવ નવ ઉતારો તો બીજા નેવું થાય. એમ ભેદ-પ્રભેદ તો જેટલા વિચારો એટલા વિચારી શકાય છે. અને એ બધા કથનની પદ્ધતિના ભેદો છે.

સારાંશ એટલો છે કે કોઈપણ પ્રકારનું કથન આવે પણ જેને વસ્તુના સ્વરૂપનું જ્ઞાન છે

એટલે વસ્તુદર્શન છે એને મૂંઝવણ નથી. પણ જે કલ્પના કરે છે કે વસ્તુ આવી હશે? વસ્તુ આવી હશે? આવી હશે? એ ક્યાંક મૂંઝાય જાય છે કે અહીં તો આમ કીધું, વળી અહીંયાં તો આમ કીધું, ઓલાપણે આમ કીધું, પેલાપણે આમ કીધું. એ મૂંઝાવાનો જ છે.

એટલે 'શ્રીમદ્‌જી'એ કહ્યું કે કુતર્કથી કહો તો બધા શાસ્ત્રોનો ચારેય અનુયોગનું ખંડન કરી દઉં. કુતર્કથી કહો તો ચારેય અનુયોગનું ખંડન કરી દઉં. અને જો આત્મહિતના લક્ષે વિચારવામાં આવે, વસ્તુના સ્વરૂપને સમજવાનો વિચાર કરવામાં આવે તો ક્યાંય વિરોધ આવે એવું નથી. ભલે વસ્તુ વિચિત્ર છે અને એમાં અનેક વિરુદ્ધ ધર્મો પણ છે. એ વિરુદ્ધ ધર્મો પણ અવિરુદ્ધપણે વસ્તુમાં રહેતા હોવાથી ક્યાંય પણ વિરોધાભાસ ઉત્પન્ન થતો નથી. વિરુદ્ધતા આવતી નથી. એમ છે.

**'વિજાતિ દ્રવ્ય-ગુણ-પર્યાયનો એક બીજામાં આરોપ કરવો...' 'ચંદ્રના પ્રતિબિંબને ચંદ્ર કહેવો તે સજાતિ પર્યાયનો સજાતિ પર્યાયમાં આરોપ છે.'** દૃષ્ટાંત પણ કેવું ગોતી કાઢ્યું! **'વિજાતિ દ્રવ્ય-ગુણ-પર્યાયનો એક બીજામાં આરોપ કરવો તે વિજાતિ ઉપચાર છે. જેમકે જ્ઞાનને મૂર્ત કહેવું...'** મૂર્ત પદાર્થને જાણતા જ્ઞાન મૂર્ત થઈ ગયું એમ કહેવું. મને ઠંડી લાગી. સ્પર્શ ગુણની પર્યાય છે. અને કથન એવું આવે કે મને ઠંડી લાગી. તો એ વિજાતિ પર્યાયનો ઉપચાર છે જ્ઞાનમાં. જ્ઞાન કાંઈ ઠંડુ થાતું નથી. પણ ઠંડુ જાણે છે. તો જાણતા જાણે થયું એમ કહેવું એ ઉપચાર છે. વાસ્તવિક નથી.

મુમુક્ષુ :- ઠંડી મને લાગે છે એમ જાણ્યું ત્યારે...

પૂજ્ય ભાઈશ્રી :- વિજાતીય કહેવાય. કેમકે પુદ્‌ગલ છે ને. ઠંડીની પર્યાય પુદ્‌ગલની છે અને જ્ઞાન છે એ જીવ છે. તો બેયની જાત જુદી થઈ ગઈને. એક જીવ છે અને એક પુદ્‌ગલ છે. માટે વિજાતીય છે.

**'જ્ઞાનને મૂર્ત કહેવું તે વિજાતિ ગુણનો વિજાતિ ગુણમાં ઉપચાર છે. સજાતિ-વિજાતિ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં આરોપ કરવો તે સજાતિ-વિજાતિ ઉપચાર છે, જેમકે જીવ-અજીવરૂપ જ્ઞેયો જ્ઞાનનો વિષય હોવાથી તેને જ્ઞાન કહેવું...'** જીવ અને અજીવ બંને, બંને જ્ઞાનનો વિષય હોવાથી એને જ જ્ઞાન કહેવું. **'તે સજાતિ-વિજાતિ દ્રવ્યમાં સજાતિ-વિજાતિ ગુણનો આરોપ છે. (જુઓ જૈનસિદ્ધાંત દર્પણ પૃ.૩૨-૩૩)'**

**'ભેદ-અભેદવડે દ્રવ્ય-ગુણ-પર્યાય સધાય છે, એમ જાણવું. એક જ્ઞાન પોતાના સ્વભાવનું કર્તા છે, જ્ઞાનનો ભાવ તે કર્મ છે, જ્ઞાન પોતાના ભાવવડે પોતાને સાધે છે તેથી પોતે કરણ છે. પોતાનો સ્વભાવ પોતાને સોંપે છે તેથી પોતે સંપ્રદાન છે. પોતાના ભાવમાંથી પોતાને પોતે સ્થાપે છે તેથી અપાદાન પોતે છે, પોતાનો આધાર પોતે છે**

**તેથી અધિકરણ પોતે છે. (એ પ્રમાણે) આ જ છ કારકો એકેક ગુણમાં જુદા જુદા અનંત ગુણ પર્યંત સાધવા.**' એક એકમાં છ-છ સાધો. એક ગુણમાં છ કારકો છે. એવી રીતે અનંતા ગુણોના છ કારકો જુદા.

'**ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે ગુણે ગુણમાં સાધીએ છીએ, સૂક્ષ્મ(ત્વ) ગુણ છે, તેના અનંત પર્યાયો છે. જ્ઞાનસૂક્ષ્મ, દર્શનસૂક્ષ્મ, અનંત ગુણ સૂક્ષ્મ (તે સૂક્ષ્મત્વ ગુણના પર્યાયો છે). એક ગુણ સૂક્ષ્મની મુખ્યતાનો ઉત્પાદ બીજા ગુણની ગૌણતારૂપ સૂક્ષ્મનો વ્યય અને સૂક્ષ્મ(ત્વ) સત્તાવડે ધ્રુવ-એ પ્રમાણે સૂક્ષ્મ (ત્વ-ગુણ)માં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ઉતર્યા. એ રીતે સર્વે ગુણોમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સધાય છે.**' ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ તો જેમ દ્રવ્યમાં સધાય છે એમ ગુણમાં પણ સધાય છે. દ્રવ્યમાં અભેદપણે સાધવામાં આવે છે, ગુણમાં ભેદપણે સાધવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એક ગુણ સૂક્ષ્મની મુખ્યતાનો ઉત્પાદ, બીજા ગુણની ગૌણતારૂપ સૂક્ષ્મતાનો વ્યય અને સૂક્ષ્મત્વ સત્તા વડે ધ્રુવ. આમ તો પર્યાયને જ લાગુ પડે છે. ઉત્પાદ અને વ્યય તો સમજાવવા માટે લે છે. કોઈપણ એક ગુણની સૂક્ષ્મતાનો ઉત્પાદ થાય છે, ગૌણતાએ બીજા ગુણની સૂક્ષ્મતાનો વ્યય થાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બીજાને ગૌણ કરીએ ત્યારે એને ગૌણ કહીએ. આમ તો સૂક્ષ્મતા તો બધામાં છે. એટલે એકને ઉત્પાદમાં લીધું, એકને વ્યયમાં લીધું, જ્યારે સૂક્ષ્મત્વ ધ્રુવપણે રહી જાય છે. એ રીતે સર્વ ગુણમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સધાય છે. એ તો દ્રવ્યમાં સધાય એટલે ગુણમાં તો સધાય જ. સીધી વાત છે.

હવે '**પરિણામશક્તિના ભેદ**' કહીએ છીએ. '**હવે, વસ્તુ વિષે પરિણામશક્તિનું વર્ણન કરીએ છીએ :-...**' પરિણામ શક્તિ છે. ઘણું કરીને આ ૧૮મી શક્તિ છે. પરિણામશક્તિ. પહેલી વહેલી આ પરિણામશક્તિ વાંચી હતી 'આત્મધર્મ'માં, 'સોનગઢ' આવ્યા પહેલા. ૧૮મી પરિણામશક્તિ. 'આત્મધર્મ'માં એ વખતે છૂટક-છૂટક આપતા હતા. બધામાં નહિ. પણ કોઈ કોઈ 'આત્મધર્મ'માં એક એક શક્તિનું વર્ણન નાખતા હતા. અમે દુકાને બેસીને ચર્ચા કરતા હતા. એમની પાસે ચાર-પાંચ 'આત્મધર્મ' દુકાને પડ્યા હતા. મને કહે, આ તમે લઈ જજો. પછી વાંચી જુઓ કેમ લાગે છે તમને. ૧૯મી છે? તો આમ મેં પૂછેલું કે તમને 'કાનજીસ્વામી'નું કેમ લાગે છે? તો કહે, હું તો સારું જ કહું ને. હું તો ત્યાં જતો હોઉં એટલે સારું જ કહું ને. તમે પોતે સ્વતંત્ર રીતે વિચાર કરો. સ્વતંત્ર રીતે નક્કી કરો.

તમારો ઉપયોગ ચાલે છે તો તમને મારા કરતા વધારે ખ્યાલ આવશે. એમ કરીને એમણે આ બહુ મધ્યસ્થ રહીને જવાબ આપ્યો. જવાબ સારો લાગ્યો કે ભાઈ આ પોતાના પક્ષની વાત કરતા નથી. 'ગુરુદેવ' (સંવત) ૨૦૧૩ની સાલમાં 'સમ્મેદશીખર'ની યાત્રામાં હતા એ વખતે. એટલે એમાં એક આ પરિણામશક્તિ વાંચી. એમાંથી એમ થયું કે શક્તિનું વર્ણન જે રીતે કર્યું છે એ પદ્ધતિ અનુભવની પદ્ધતિ છે. તે દિ' વિચાર આવ્યો હતો. એટલે એમને કહ્યું કે તમે આ બધું.. એમની સાથે ચર્ચામાં કોઈ આવી વાત સૂક્ષ્મ નીકળતી નહોતી. મેં કીધું, તમે આત્મધર્મમાં બધું વાંચો છો? તો કહે, ના ના. કેટલોક વિષય તો સૂક્ષ્મ આવે છે અને મારો ઉપયોગ એટલો સૂક્ષ્મ નથી. એટલે મને તો વખત મળે એમાં...

.... શક્તિઓનું વર્ણન આવે છે. આત્મા મૂળ સ્વરૂપે તો એની શક્તિરૂપે છે કીધું. તો જેને આત્મજ્ઞાન કરવું એને શક્તિઓની જો વાત આવતી હોય તો એ તો સમજવાની પહેલા મહેનત કરવી જોઈએ. આ મૂળ સ્વરૂપે શક્તિનું સ્વરૂપ કેવું છે? આત્માનું સામર્થ્ય સ્વરૂપ કેવું છે? ભાઈ! તમારી વાત સાચી છે. હું તો કાંઈ એવું વાંચતો નથી અને સમજતો પણ નથી બહુ. પછી અમે ગયા ત્યારે ભાઈની પાસે પહેલા વહેલા વાત કરી હતી કે આ શક્તિઓનું વર્ણન છે એ આત્મધર્મમાં આવે છે એ અહીંયાં પુસ્તકરૂપે મળે છે? તો ભાઈ કહે, ના ના. એવું કોઈ પુસ્તક હજી બહાર નથી પડ્યું. પણ એમણે બીજા બે-ચાર ભાઈઓ બેઠા અને એમ કહ્યું કે આ ભાઈ છે એ ૪૭ શક્તિનું વર્ણન પુસ્તકરૂપે માગે છે. એવી રીતે કોઈ કોઈ બીજા પણ માગે છે. તો પછી આપણે ૪૭ શક્તિઓનું એક પુસ્તક બહાર પાડો ને. છપાવો કે આપણે. મારે રૂબરૂ એમણે ચર્ચા કરી. બે-ત્રણ જણા સાથે. હું તો ઓળખતો નહોતો. નવો નવો હતો. કોણ કોણ હતાએ. 'રામજીભાઈ' પ્રમુખ હતા એટલે એની પાસે એ વાત મૂકી. તો એમણે એ છપાવું જોઈએ એ વાત તે દિવસે વિચારી હતી. પછી છપાણું હતું. ત્યાર પછી પુસ્તકરૂપે બહાર પડ્યું.

મુમુક્ષુ :- ૨૦૧૬માં છપાણું.

પૂજ્ય ભાઈશ્રી :- પહેલી વહેલી ૨૦૧૬માં છપાણીને? મારો ૧૩માં પ્રવેશ છે. ૧૩માં 'ગુરુદેવ' પધાર્યા સમ્મેદશિખરની યાત્રાથી ત્યારથી શરૂઆત કરી. ૧૩માં વાત થઈ હશે. ૧૪માં વાત થઈ હોય. ચાર-છ મહિના પછી વાત થઈ હોય, ૧૪માં વાત થઈ હોય.

**'હવે વસ્તુ વિષે પરિણામશક્તિનું વર્ણન કરીએ છીએ :- ગુણસમુદાય દ્રવ્ય છે, તે દ્રવ્ય પોતાના ગુણ-પર્યાય સ્વભાવવડે ઉત્પાદ-વ્યય-ધ્રુવથી આલિંગિત છે.'** તે દ્રવ્ય પોતાના ગુણ-પર્યાય સ્વભાવ વડે ઉત્પાદ-વ્યય-ધ્રુવથી આલિંગિત છે. એને પરિણામ શક્તિ કહે છે. એ પરિણામશક્તિનું વર્ણન છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવથી આલિંગિત એવી પરિણામ

શક્તિ. પરિણામ શક્તિમાં ધ્રુવ લીધું છે. એકલો ઉત્પાદ-વ્યય નથી લીધો. કેમકે શક્તિ છે ને આ તો? શક્તિનું વર્ણન છે.

'**ગુણરૂપ સત્તાના બે ભેદ છે-એક સાધારણ, એક અસાધારણ. દ્રવ્યત્વ આદિ સાધારણ, જ્ઞાનાદિ અસાધારણ સત્તા છે.**' બીજા પદાર્થોને સરખા ગુણ હોય એને સાધારણ ગુણ કહેવા, બીજા પદાર્થોમાં ન હોય તેને અસાધારણ ગુણ કહેવા. અને એવી પણ એક શક્તિ છે સાધારણ, અસાધારણ અને સાધારણ-અસાધારણ.

'**જ્ઞાન-દર્શનાદિ વિશેષ ગુણોના સત્ત્વથી જીવ પ્રગટ્યો (અર્થાત્ જણાયો) ત્યારે (જીવના) વસ્તુત્વ વગેરે સર્વે ગુણો જણાયા.**' ત્યારે જીવના વસ્તુત્વ વગેરે સર્વ ગુણો જણાયા. '**માટે અસાધારણ વડે સાધારણ છે. સાધારણ વડે અસાધારણ છે. એ સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાના યથાઅવસ્થિતપણા વડે સ્વચ્છ થયા, ત્યારે પરના અભાવને લીધે અભાવશક્તિરૂપ થયા. નિજ વસ્તુનો સકળ ભાવ પરના અભાવ વડે ચિદ્વિલાસથી શોભિત સ્વરસથી ભરેલો, ત્યાગઉપાદાનશૂન્ય, સકળ કર્મનો અકર્તા, (તથા) અભોક્તા, સર્વકર્મમુક્ત આત્મપ્રદેશ, સહજ મગ્ન, પરમૂર્તિ રહિત અમૂર્તરૂપ, ષટ્કારકરૂપ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ, સંજ્ઞા-સંખ્યા-લક્ષણ-પ્રયોજનાદિ રૂપ, નિત્યાદિ સ્વભાવરૂપ, સાધારણાદિ ગુણરૂપ (તથા) અન્યોન્ય ઉપચારાદિ રૂપ-એવા અનંત ભેદ-અભેદ (રૂપ) છે. (તેમાં) સામાન્ય-વિશેષ આદિ અનંત નયોથી, અનંત વિવક્ષાઓથી અનંત સપ્તભંગ સાધવા.**' ભેદ કરવા જાવ તો ભેદનો તો પાર આવે એવું નથી. એટલા બધા ભેદ થઈ શકે એવું છે.

ફરીથી. '**જ્ઞાન-દર્શનાદિ વિશેષ ગુણોના સત્ત્વથી જીવ પ્રગટ્યો (અર્થાત્ જણાયો) ત્યારે (જીવના) વસ્તુત્વ વગેરે સર્વે ગુણો જણાયા.**' એ સામાન્ય ગુણ જણાયા વિશેષ દ્વારા. '**માટે અસાધારણ વડે સાધારણ છે. અને સાધારણ વડે અસાધારણ છે.**' કેમકે વસ્તુત્વમાં જ્ઞાનાદિ છે. એટલે સાધારણ વડે અસાધારણ છે અને અસાધારણ વડે સાધારણ છે. અસાધારણ વડે સાધારણ જણાય છે. '**તે સર્વે દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાના યથાઅવસ્થિતપણાવડે સ્વચ્છ થયા...**' એ બધા દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાના જેવું સ્વરૂપ છે એવું પ્રગટ થાય છે.

'**ત્યારે પરના અભાવને લીધે...**' અથવા વિકારના અભાવને લીધે '**અભાવશક્તિરૂપ થયા.**' અભાવશક્તિરૂપ થયા. વિકારનો અભાવ થયો ત્યારે અભાવશક્તિરૂપ થયા. '**નિજ વસ્તુનો સકળ ભાવ...**' હવે આ નિજ વસ્તુના સકળ ભાવમાં આ બધા ભેદ લઈ લીધા. આત્મા નિજ વસ્તુ તેનો સકળ ભાવ '**પરના અભાવ વડે...**' એટલે શુદ્ધ '**પરના અભાવ**

**વડે ચિદ્વિલાસથી શોભિત સ્વરસથી ભરેલો,...**' છે. ચૈતન્યના વિલાસથી શોભતો છે અને પોતાના આનંદરસથી અથવા આત્મરસથી, અમૃતરસથી ભરેલો છે.

'**ત્યાગઉપાદાનશૂન્ય,...**' છે. કોઈ પોતામાંથી કાંઈ ત્યાગ કરે નહિ, બીજાનું કાંઈ ગ્રહણ કરે નહિ. '**સકળ કર્મનો અકર્તા,...**' છે. પોતાનો સકળભાવ કહો કે પોતાનું સર્વસ્વ સ્વરૂપ કહો. '**સકળ કર્મનો અકર્તા, (તથા) અભોક્તા સર્વકર્મુક્ત આત્મપ્રદેશ,...**' છે. આત્મપ્રદેશમાં કોઈ કર્મનો સ્પર્શ નથી. અબદ્ધસ્પૃષ્ઠ છે. નહિ બંધાયેલું. '**સહજ મગ્ન,...**' છે. પોતાના સ્વરૂપમાં ત્રિકાળ મગ્ન છે. '**પરમૂર્તિ રહિત અમૂર્તરૂપ,...**' છે. ભલે પરપદાર્થો પ્રતિભાસે તોપણ પરમૂર્તિ રહિત અમૂર્તરૂપ છે.

'**ષટ્કારકરૂપ...**' છે. એમાં કર્તા, કર્મ, કરણ, અપાદાન, સંપ્રદાન, પોતાના કાર્ય કરવાનું સામર્થ્ય છએ પ્રકારે સંપૂર્ણ સામર્થ્ય પોતાનું છે. ષટ્કારકનો અર્થ જ એ છે કે પોતાનું પ્રયોજનભૂત કાર્ય કરવાના જે છ સાધનો જોઈએ એ છએ સાધનોથી આત્મદ્રવ્ય પોતે સંપન્ન જ છે. પરિપૂર્ણ સંપન્ન છે. જેમ કે કરણને સાધન કહેવામાં આવે છે. તો કરણ ગુણ છે, કરણ શક્તિ છે એ અનંત બેહદ કરણ શક્તિ છે. બેહદ સાધન શક્તિ છે. કોઈ પોતાના પ્રયોજનભૂત કાર્ય માટે બીજા સાધનની અપેક્ષા હોય તો આત્મા કાર્ય કરી શકે એ વાતમાં કાંઈ માલ નથી.

આ 'સોભાગભાઈ'નું દૃષ્ટાંત લઈએ આપણે તો વૃદ્ધવસ્થા (હતી). છેલ્લા છ-બાર મહિનાનો માંદગીનો ખાટલો. દરેક પત્રમાં એમ લખે કે ખૂબ જ નબળાઈ છે. શરીરની નબળાઈ એટલી છે કે ખાટલાવશ રહી જવું પડે. હવે એ પરિસ્થિતિમાં એમણે છેલ્લા દિવસોમાં સમ્યગ્દર્શન લીધું. અંદરનો પુરુષાર્થ તો નિરપેક્ષ થઈ ગયો કે નહિ? પોતાને પણ ખબર છે કે હવે થોડા દિવસો જ છે. જેઠ વદ દસમે દેહ છોડ્યો છે પણ એમને જેઠ સુદ નોમનો ભાસ થયેલો. ભાસનો અર્થ એ કે સાચું હોય અથવા સાચું ન પણ હોય. એનું નામ ભાસ. ચોખ્ખું ન હોય. જેઠ સુદ નોમ અને એમને સત્તર-અઢાર દિવસ એટલે એમ માનો કે પંદર દિવસ ત્યાર પછી સોળ દિવસ જીવ્યા છે. એટલે ખરેખર તો એમને ભાસ હતો એના બે-ત્રણ દિવસ પહેલા જ એ સમ્યગ્દર્શનને પામ્યા છે. અઢાર દિવસ પહેલા એટલે ઓગણીસમે દિવસે સમ્યગ્દર્શન પામ્યા છે. તો સોળ દિવસ તો એમણે ત્યાર પછી પોતાના ભાસના દિવસ પછી કાઢ્યા છે. એટલે ખરેખર એમને ખ્યાલ હતો કે ત્રણ દિવસ પછી મારું આયુષ્ય પૂરું થશે એ પહેલા ત્રણ દિવસ અગાઉ પામી ગયા છે. કેવી સ્થિતિ હશે કહો દેહની? જેને એમ ખ્યાલ હોય કે ત્રણ દિવસ પછી આ દેહ છોડવાનો છે. એની સ્થિતિ કેવી હોય? માનસિક સ્થિતિ કેવી હોય? એવી માનસિક સ્થિતિમાં જેણે સમ્યગ્દર્શન લીધું એણે કેટલું બળ કર્યું! કેમકે એનું સાધન પોતામાં છે. પોતાનું સાધન પોતામાં છે.

અહીં કોઈ એમ કહે કે કેન્સર છે. ત્યાં થઈ રહ્યું. પગ ભાંગી જાય. અને આકુળતા... આકુળતા... આકુળતા... આકુળતા... થવા માંડે. એને તો ખબર છે. થોડા દિવસ પહેલા ખ્યાલ આવ્યો છે. જેઠ સુદ નોમે તો કાગળ લખે છે. જેઠ સુદ નોમે મૃતક છે. સુદ નોમનું મૃતક છે. એ સુદ નોમ પૂરું થયા પછી લખે છે કાગળ. સુદ નોમનું મૃતક છે એમ ધાર્યું હતું. પણ સુદ નોમ ચાલી ગઈ છે. અને આપની કૃપાથી હવે દેહ અને આત્માનો સહજપણે ભિન્ન અનુભવ ફડાક દઈને થઈ ગયો અને પરિણતિ બરાબર ચાલે છે. હવે સહેજે દેહ અને આત્મા ભિન્ન જણાઈ રહ્યો છે.

મુમુક્ષુ :- સુદ નોમે..

પૂજ્ય ભાઈશ્રી :- સુદ નોમે લખે છે. ક્યારે લખે એ તો એમના પત્ર તો ઓલા પત્રના પુસ્તકમાં છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમનો પત્ર જોઈને. એમના પત્રમાં છે. એમના જે થોડાક પચ્ચીસેક પત્રો પ્રસિદ્ધ થયા છે ને એમાં એ વાત છે. ઓલા ..મોક્ષમાં છે.

મુમુક્ષુ :- ત્યાર પછી સોળમે દિવસે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્યાર પછી સોળમે દિવસે. વદ દશમ, જેઠ વદ દશમે દેહ છોડ્યો.

મુમુક્ષુ :- સુદ નોમ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સોળ દિવસ થયા. આમ તો એમણે જે લખ્યો છે પત્ર એના ઉપરથી એમના દેહાંત પહેલાના અઢાર દિવસ પહેલા એટલે ઓગણીસમે દિવસે એમને અનુભવ થયો છે. અઠવાડિયા પછી પત્ર લખ્યો છે. આજ દન આઠ થયા. દિવસને બદલે દન શબ્દ વાપરે ઝાલાવાડમાં. દન આઠ થયા. દેહ અને આત્મા સહજ ભિન્ન વર્તે છે. એટલે એ એમને એમના દેહાંત પછી.. ત્યારપછી ૧૩-૧૪ દિવસે એમણે દેહ છોડ્યો છે. દેહાંત પહેલા ૧૮-૧૯ દિવસનો આંતરો છે. એમને જે ધારણામાં આવ્યું હતું એના કરતા ત્રણ દિવસ પહેલા જ એમણે દેહ છોડ્યો છે.

વિચારવા યોગ્ય શું છે? કે જેને એવો ખ્યાલ આવી ગયો હોય કે ત્રણ દિવસ પછી આ દેહ છૂટી જવાનો છે એને સમ્યગ્દર્શન થાય છે. અને તે પણ જર્જરિત દેહની વૃદ્ધાવસ્થામાં, અશક્ત અવસ્થામાં થાય છે. આ વિચારવા યોગ્ય પ્રશ્ન છે કે આત્માનું સાધન આત્મામાં છે. છએ પ્રકારે. એક કાર્ય કરવામાં છ પ્રકારના જે કરણ જોઈએ, જેને કારક અહીંયાં કહે છે, છ પ્રકારના કાર્ય કરવાના કારકો જોઈએ એ છએ છ પૂરેપૂરા અનંત કારકો, અનંત શક્તિ સંપન્ન છએ કારકો પોતામાં છે. જ્યારે એ પોતે કરે ત્યારે થાય. ન કરે ત્યારે ન થાય. એવું છે. સકળ

ભાવ લેવો છે ને?

નિજ વસ્તુનો સકળ ભાવ. એમાં છ કારકો, ષટ્કારકરૂપ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવરૂપ. **'સંજ્ઞા-સંખ્યા-લક્ષણ-પ્રયોનાદિરૂપ નિત્યાદિ સ્વભાવરૂપ,...'** એ ધર્મ લીધો નિત્ય-અનિત્ય. આદિમાં બધા લઈ લેવા. **'સાધારણાદિ ગુણરૂપ...'** સાધારણ, અસાધારણ એમ. **'(તથા) અન્યોન્ય ઉપાચારાદિ રૂપ-એવા અનંત ભેદ-અભેદ (રૂપ) છે.'** સકળભાવમાં બધું એની અંદર આત્મામાં છે. **'(તેમાં) સામાન્ય-વિશેષ આદિ અનંત નયોથી, અનંત વિવક્ષાઓથી અનંત સપ્તભંગ સાધવા.'**

**'અનાદિઅનંત, અનાદિસાંત, સાદિશાંત અને સાદિ અનંત-એ ચાર ભંગ સર્વે ગુણોમાં લાગુ પડે છે. તે કહીએ છીએ :- પ્રથમ જ્ઞાનમાં સાધીએ છીએ.'** આ ચાર ભંગ છે ને? સાદિ સાંત અને અનાદિ અનંત. **'(૧) જ્ઞાન વસ્તુથી અનાદિ અનંત છે.'** જ્ઞાન વસ્તુ છે, પદાર્થ છે તે અનાદિ અનંત છે. **'(૨) જ્ઞાન દ્રવ્યથી અનાદિ, પર્યાયથી સાંત, (એ રીતે) અનાદિસાંત છે. (૩) જ્ઞાન પર્યાયથી સાદિસાંત છે.'** પર્યાયથી ઊપજે છે અને નાશ પામે છે. એટલે આદિ અને અંત બેય છે.

**'પર્યાયથી જ્ઞાન સાદિ, દ્રવ્યથી અનંત છે, તેથી સાદિ અનંત છે.'** એટલે કેવળજ્ઞાન સાદિ અનંત છે. કેવળજ્ઞાન સાદિ અનંત છે. **'એ પ્રમાણે દર્શનમાં એ જ રીત જાણો. સત્તામાં (એ ચાર પ્રકાર) સાધીએ છીએ :-'** એ ચારે પ્રકાર સત્તામાં ઉતારે છે. **'(૧) દ્રવ્યે સત્તા અનાદિઅનંત, (૨) દ્રવ્યે સત્તા અનાદિ, પર્યાયે સત્તા સાંત (એ રીતે સત્તા) અનાદિસાંત;...'** દ્રવ્ય અને પર્યાય લ્યો એટલે. દ્રવ્યથી અનાદિ અને પર્યાયથી અંતવાળી. **'(૩) પર્યાયે સત્તા સાદિસાંત;...'** એકલી પર્યાય લ્યો તો સાદિસાંત ગુણ છે. અને પર્યાય અને દ્રવ્યગુણ લ્યો તો **'પર્યાયે સત્તા સાદિ, દ્રવ્યે સ્તા તથા ગુણે સત્તા અનંત. (એ રીતે સત્તા) સાદિ અનંત છે. આ પ્રમાણે (સત્તામાં ચાર ભંગ) સાધતાં પ્રશ્ન ઊઠે છે કે સત્તા તો 'છે' લક્ષણવાળી છે, સાદિસાંતમાં (તો) સત્તાનો અભાવ થાય છે; ત્યાં (સત્તાનું) છે (એવું) લક્ષણ રહેતું નથી.'**

**'તેનું સમાધાન કરીએ છીએ-'** કેવા કેવા પ્રશ્નો ઉઠાવ્યા છે. **'તેનું સમાધાન કરીએ છીએ-પર્યાય સમયસ્થાયી છે, તેની સત્તા પણ સમય માત્રની કાળમર્યાદા સુધી છે લક્ષણ સહિત છે.'** પર્યાયનો અભાવ થાય છે એમ તમે જુઓ છો પણ અમે પર્યાયના સદ્‌ભાવને જોઈએ છીએ એની સત્તાથી. તો એમાં જ્યાં તે સમયવર્તી છે ત્યાં સુધી એનું છેપણું છે ને? આ ક્ષણિક સત્ નથી બેસતું. પણ ક્ષણિક સત્ છે. નહિ, સત્ તો ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું જ જોઈએ. સત્ કહો એટલે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ જ લેવા જોઈએ. તો કહે છે, નહિ, એવું

નથી. દ્રવ્ય સત્, ગુણ સત્ અને પર્યાય સત્. ગુરુદેવ તો ચોખ્ખું લેતા.

'**તેની સત્તા પણ સમય માત્રની કાળમર્યાદા સુધી છે...**' પર્યાયની સત્તા પણ સમયમાત્રની કાળમર્યાદા સુધી છે. '**લક્ષણ સહિત છે.**' અને 'છે' લક્ષણ સહિત છે. એમાં એનું સત્તાનું લક્ષણ છે. '**અનાદિઅનંતનો કાળ ઘણો છે તેથી પર્યાયમાં તે સંભવતો નથી.**' અનાદિઅનંતનો કાળ તો અનંત કાળ છે, એ કાંઈ પર્યાયમાં હોઈ શકે નહિ. '**પર્યાય સમયસ્થાયી ન હોય તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ એક સમયમાં સિદ્ધ ન થાય;...**' જ્યારે ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત સત્તા લેવી છે તો પછી એમાં ઉત્પાદ-વ્યય તો આવે જ છે. જો એ સમયસ્થાયી ન હોય તો સત્તાને ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળી સાબિત નહિ કરી શકો તમે. માનો કે સત્તાને ત્રિકાળી તમે લ્યો. એનો ઉત્પાદવ્યયમાંથી વ્યયમાં એનો અભાવ થાય છે. તો સત્તા નિત્ય જ રહી ગઈ. નિત્ય-અનિત્ય બે વાત ન રહી. પદાર્થ છે એ નિત્ય જ રહી ગયો, જે સાંખ્યનો વિષય છે એ જ રહી ગયો પછી. પછી ઉત્પાદવ્યય એ સત્તાના વિષયમાં ન આવ્યા. તો '**ઉત્પાદ-વ્યય-ધ્રુવ વિના સત્તા હોય નહિ,...**' કેમકે ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ છે. અસ્તિત્વગુણમાં એ ત્રણે લઈ લીધી છે.

'**સત્તાનો નાશ થતાં વસ્તુનો નાશ થાય. માટે પર્યાયની મર્યાદા સમય**(**પૂરતી**) **હોવાથી (સત્તાનું) સાદિસાંતપણું સિદ્ધ થયું, આ સર્વે પરિણામશક્તિના ભેદ છે. આમાં સર્વે ગર્ભિત છે તેથી તેના જ ભેદ છે.**' દરેક ગુણો આવી ગયા. ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં બધા ગુણો આવી જાય છે. કોઈ બાકી ન રહે.

મુમુક્ષુ :- બહુ સૂક્ષ્મતાની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરિણામ શક્તિ છે ને. વિષય સૂક્ષ્મ છે.

'ગુરુદેવ' તો પાછા અધ્યાત્મ શૈલી લે છે. આવી શક્તિ આવે ને ત્યારે અધ્યાત્મ શક્તિ લે છે. અધ્યાત્મ શું લે છે એમાં? કે તારા દ્રવ્યનો સ્વભાવ, કેમકે પરિણામ શક્તિ તો દ્રવ્યની છે, તો તારા દ્રવ્યનો સ્વભાવ શુદ્ધપણે જ પરિણમવાનો છે. એવી જ તારામાં શક્તિ છે. તું ભાન કર એટલે એવું જ પરિણમન થઈ જાય. બસ. બીજું કાંઈ કરવાનું તારે રહેતું નથી. તારા સ્વરૂપને જો. શુદ્ધપણે પરિણમવું એ તો તારું સ્વરૂપ જ છે. તું વિકલ્પ શું કરવા કરે છે કે મારે શુદ્ધ પરિણમવું છે, મારે શુદ્ધ પરિણમવું છે. તારા સ્વરૂપને જોને. શુદ્ધપણે પરિણમવાની શક્તિ છે એવું જે તારું સ્વરૂપ, એવી રીતે એને જોતા શુદ્ધપણે જ પરિણામ શક્તિનું પરિણમન થવા માંડશે. અને પરિણામ શક્તિ બધામાં વ્યાપેલી હોવાથી બધા ગુણોનું પણ અંશે પરિણમન શુદ્ધ થવા લાગશે. જાવ. કામ પૂરું થઈ ગયું.

મુમુક્ષુ :- આ પરિણામશક્તિને કારણે સ્વભાવને જોતાં બધા ગુણોનું પરિણમન શુદ્ધ

થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધ થઈ જાય છે. કારણ કે શુદ્ધપણે પરિણમવાની દ્રવ્યમાં શક્તિ છે. પરિણામ શક્તિ જ એવી છે. એટલે પોતે જ એવો છે કે શુદ્ધપણે પરિણમે.

એ આમાં લીધું છે 'અનુભવપ્રકાશ'માં કે તું પોતાને પોતાથી દૂર ન જો. દૂર ન જો એટલે શું? કે મારે આવું આમ પરિણમન કરવું છે, મારે તો આમ પરિણમન કરવું છે, હજી તો મને રાગ થાય છે, હજી તો મને મિથ્યાત્વ છે, તેથી મારે હજી આ ટાળવું છે. એમ તું દૂર ઊભો રહીને ન જો એમ કહે છે. પોતાને પોતાથી દૂરપણું ન સ્થાપ. એવા બોલ લીધા છે 'અનુભવપ્રકાશ'માં.

મુમુક્ષુ :- છતી વસ્તુને અણછતી ન કર.

પૂજ્ય ભાઈશ્રી :- છતી વસ્તુને અણછતી ન કર. પોતાને પ્રભુ જ સ્થાપ. એવા ઘણા બોલ આવે છે. સરસ છે.

જેને પોતાના જ્ઞાનમાં આવું વસ્તુદર્શન થાય એને એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે કે શુદ્ધ થઈને પરિણમવા લાગે. કેમકે આવી પરિણામ શક્તિ જેવી શક્તિઓ છે એની અંદર. જ્યારે એને એમ ખબર પડે કે શુદ્ધપણે પરિણમવાનો મારો સ્વભાવ જ છે, એ તો મારું સ્વરૂપ છે એમ જ્યાં પોતાનું સ્વરૂપ અંદરમાં જોવે ત્યારે એનું પરિણમન શુદ્ધ જ થઈ જાય. એમ જોતા જ પરિણમનની શુદ્ધતાનો પ્રવાહ ચાલુ થઈ જાય. એમ કહેવું છે. બસ! આ વિધિ લીધી.

વસ્તુને જોવું, વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ જોવું. એ જોતા જ વસ્તુ જેમ છે એમ પરિણમવી પણ શરૂ થઈ જાય આ વસ્તુની વિધિ થઈ ગઈ. એટલે તો જ્ઞાનથી વાત લે છે સમયસારાદિમાં. જ્ઞાનમાત્ર કહીને બહુ ઘણી ગંભીરતા લીધી છે. ઘણી ગંભીરતા લીધી છે. કેમકે વસ્તુ જ એવી છે કે પોતે પોતાના સ્વરૂપે પોતાને જોવે એટલે પોતાના સ્વરૂપરૂપે પરિણમવા લાગે છે એ તો. એટલે તો એનું નામ સમય એવું પાડ્યું કે જાણે અને પરિણમે. પોતે પોતાને જાણે અને પોતારૂપે પરિણમે માટે તે સમય છે. એમ છે. બસ! જાણે એટલે પરિણમે છે એમ કહે છે. આથી વધારે કાંઈ કરવાનું નથી. જેવું છે એવું જાણે. પરિણમન તો થઈ જ રહ્યું છે. પરિણમન તો અટકાવી શકાતું નથી તો તારો પરિણમનનો પ્રવાહ ચાલુ થઈ જશે.

જાણે, જાણતા પરિણમે અને જાણતા—પોતાને જાણતા પોતે પોતાના સ્વરૂપે પરિણમે ઈ એવો પરિણમે કે પરિણમનમાંથી બહાર ન નીકળે એવો પરિણમે. એવો અંદર વૈભવ છે પાછો. પદાર્થની અંદર એવા એવા ગુણોનો વૈભવ છે કે ત્યાં ને ત્યાં રહી જાય. એ પરિણમનમાંથી છૂટીને અન્યથા પરિણમનના અંશમાં આવે, ઉપયોગ બહાર આવે એ વસ્તુનું

સ્વરૂપ નથી એમ કહે છે. એવો વસ્તુમાં કોઈ ગુણ નથી માટે એવું વસ્તુનું સ્વરૂપ નથી. માટે એ બધું પરના પડખે નાખી દે છે. સ્વરૂપ દૃષ્ટિએ એ બધું પરના પડખે નાખી દે છે. અધ્યાત્મ વિદ્યા છે. અધ્યાત્મ વિદ્યા બહુ ખોલી 'ગુરુદેવે'.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ૪૭ શક્તિના જે પ્રવચનો આવ્યા છે એમાં આ ટોન બહુ સારો છે. આ જે વસ્તુને જોતા વસ્તુ પરિણમે છે. એટલે કે તારું જે આત્મસ્વરૂપ છે. ક્યારે ક્યાં વાંચ્યું બહુ યાદ નથી રહ્યું પણ તારું જે આત્મસ્વરૂપ છે એ તો એક મોટો શક્તિનો પર્વત છે.

જેમ કોઈ મેરુ પર્વત સમુદ્રની મધ્યમાં હોય તો એ સમુદ્રના મોજા ઉછળી ઉછળી અને એ મેરુ પર્વતનો પાદપ્રક્ષાલ કરે છે. કારણ કે એ તો-સમુદ્ર તો નીચેના ભાગમાં જ હોય ને. મેરુ તો ઊંચો હોય. તો એના ચરણ ધોવે છે. પાદપ્રક્ષાલ કહે ને ચરણ ધોવાનું? તો કહે છે, તારા પર્યાયરૂપી તરંગોને, પર્યાયરૂપી મોઝાને ઉછાળ. ઉછાળ તારા પર્યાયના સમુદ્રને અને તારી જે શક્તિનો પર્વત છે એનું પાદપ્રક્ષાલન કર. એવી શૈલી લીધી છે.

હવે '**પ્રદેશત્વશક્તિ**'. '**આત્મા વિષે પ્રદેશત્વશક્તિ છે, તેનું વર્ણન કરીએ છીએ.**' આમાં તો શક્તિઓનું લગભગ વર્ણન છે. 'ચિદ્‌વિલાસ' કહો એટલે ઘણી શક્તિઓનું વર્ણન એની અંદર આવી જાય છે. કેમકે ચૈતન્યનો વિલાસ. ચિદ્વિલાસ એટલે ચૈતન્યનો વિલાસ, આત્માનો વિલાસ. આત્માનો વિલાસ કહો કે આત્માના ગુણોનો વિલાસ કહો. આ લોકો મકાનના નામ પાડે છે કે નહિ? ફલાણા નિવાસ, ફલાણા વિલાસ, ફલાણા વિલા, વિલા પછી વિલાસ એમ નામ પાડે છે કે નહિ? તો શું કે એની અંદર ઘણો વૈભવ ભર્યો હોય. પોતાનું મોટું મકાન હોય, ઘણો વૈભવ ભર્યો હોય એમાં લહેર કરે. એમ આત્મા આત્મામાં વિલાસ કરે છે, અનંત ગુણોના પરિણમનથી. એમ લેવું છે. એટલે એક એક શક્તિઓને લેવાનું કારણ એ છે.

'અનુભવપ્રકાશ'માં અનુભવ સમુચ્ચયપણે લીધો. આમાં એક એક શક્તિનું પરિણમન લીધું અને એના ભેદ-પ્રભેદ લીધા. વિલાસ છે ને એટલે ભેદ-પ્રભેદ લીધા. વિલાસમાં તો ભેદ-પ્રભેદ આવે છે. તો જ વિસ્તાર થાય એનો.

**તા. ૨૦-૬-૧૯૯૧, પાના નં. ૭૬**
**પ્રવચન નં. ૧૪**

**‘આત્મા વિષે પ્રદેશત્વશક્તિ છે, તેનું વર્ણન કરીએ છીએ. સંસાર અવસ્થામાં અનાદિ સંસારથી પ્રદેશ-કાયા સંકોચ વિસ્તાર (પામે છે),...’** પ્રદેશને કાયા કહેવામાં આવે છે. પ્રદેશ એટલે કાયા. ક્ષેત્ર એટલે કાયા. કાયા એટલે ક્ષેત્ર વિસ્તારને કાયા કહે છે. આમ નથી કહેતા કે ભાઈ, આની કાયા મોટી છે, આની કાયા નાની છે. ક્ષેત્ર વિસ્તાર. આત્માના જે અરૂપી પ્રદેશો છે એ આત્માની કાયા છે. એટલે તો જીવાસ્તિકાય કહેવાય છે. ધર્માસ્તિકાય. એમ ત્રણને અસ્તિકાય (કહે છે). પુદ્‌ગલાસ્તિકાય પણ કહે છે. એને પણ ઓલા સ્કંધનો ક્ષેત્ર-વિસ્તાર છે એટલે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જીવને થાય છે. પુદ્‌ગલમાં સ્કંધ નાના મોટા છે. બસ! બાકી આકાશ, ધર્માસ્તિ, અધર્માસ્તિકાય ફિક્સ (છે).

**‘મુક્ત થતાં ચરમ શરીરથી કિંચિત્ ઊણા આકારને ધરે છે.’** છેલ્લે નિર્વાણ દશા થયા પછી સિદ્ધપદની અંદર તો જે છેલ્લું શરીર હોય એનાથી થોડો આકાર ઘટે અને એ કાયમ રહે છે. સંસાર અવસ્થામાં સંકોચ-વિસ્તાર થાય છે. એટલે જેવો દેહ એટલું આત્માનું ક્ષેત્ર નાનુ-મોટું રહે છે. પ્રદેશ વિસ્તાર નથી હોતો. આમ તો બધાના સરખા પ્રદેશે અસંખ્યાત લોકપ્રમાણ પ્રદેશો છે. તો જેટલો નાનો દેહ, મોટો દેહ છેલ્લે જે હોય એ પ્રમાણે (રહે). અને નિર્વાણ પ્રાપ્ત, મનુષ્યદશા સિવાય નિર્વાણ નથી પણ મનુષ્યમાં બધાને સરખી કાયા હોતી નથી. બધાનું ક્ષેત્ર નાનુ-મોટું હોય છે. એકસરખું દેખાતું નથી. કોઈનુ નાનું, કોઈનું મોટું. એ પ્રમાણે સિદ્ધદશામાં પણ નાના-મોટાપણું દેખાય છે. એ દરેકને પોતાના છેલ્લા શરીર પ્રમાણે (હોય છે).

જેમ કે ઋષભદેવ ભગવાનને પાંચસો ધનુષની કાયા હતી. તો સિદ્ધપદમાં એમનો આત્મા અત્યારે એમના પાંચસો ધનુષથી કિંચિત્ ન્યુન એટલું ક્ષેત્ર ધરાવે છે. મહાવીર ભગવાનને સાત હાથની કાયા હતી. અને એમનો નિર્વાણ પણ થયો તો એમને એનાથી

કિંચિત્ ન્યુન એટલો આકાર રહી ગયો. તો સિદ્ધાત્માઓ તરીકે બંને સરખા આત્માઓ પણ ક્ષેત્રમાં દરેકની ઊંચાઈ જુદી જુદી હોય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કહે છે. પણ એમ માનો કે અમુક જેમ કે આ કાનમાં કાણું છે, નાકમાં કાણું છે એવું ત્યાં નથી રહેતું. નાકનો આકાર રહે પણ આટલું જેમ માટીથી કોઈ બુરી દે એમ પ્રદેશો ત્યાં બધા આવી જાય. તો એટલો આકાર બહારથી થોડો ઘટે. એવી રીતે. ક્યાંય પોલાણ ન રહે. શરીરમાં જ્યાં જ્યાં પોલાણ છે ત્યાં પોલાણ કાંઈ ન રહે. ચૈતન્યઘન. એમ આખું જે મનુષ્યાકારે અરૂપી ચૈતન્ય આત્માનું પૂતળું રહી જાય, જેમ કાચનું પૂતળું હોય એમ. પણ ક્યાંય પોલાણ ન હોય એવી રીતે રહી જાય. એમ. એટલે એટલો આકાર ઘટે છે. નખ તો અમસ્તો એટલો આકાર ઘટે જ, કેમકે નખમાં પ્રદેશો નથી. એવી રીતે એટલો ફેર પડે છે.

'**એકેક પ્રદેશમાં અનંત ગુણો છે, એવા લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશો છે.**' લોક પ્રમાણે એટલે શું કે આ જે ચૌદ બ્રહ્માંડ છે ૩૪૩ ઘન રાજુ, એમાં એક એક પરમાણુ એક એક (પ્રદેશે) પાથરી દ્યો તો અસંખ્ય પરમાણુ એની અંદર સમાય. એક પરમાણુ ઉપર બીજો પરમાણુ ન રહે પણ એકને અડીને બીજો બાજુ બાજુમાં એમ પાથરી દયો તો અસંખ્ય પરમાણુ એની અંદર સમાય. એવી રીતે આત્માના પ્રદેશો લોકના એક એક આકાશના પ્રદેશે રહી જાય તો આખો ચૌદ બ્રહ્માંડ જેટલો એનો આકાર થઈ જાય. અત્યારે સંકોચાઈને નાના છે. પણ કેવળી સમુદ્‌ઘાત વખતે એ પ્રકારે આકાર થઈ જાય છે. આખા લોક પ્રમાણ થઈ જાય છે. પણ એની સંખ્યા છે એ લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશો છે. અસંખ્યાતના ઘણા ભેદ છે. એમાં લોકપ્રમાણ અસંખ્યાતનો ભેદ લેવો.

'**અભેદવિવક્ષામાં પ્રદેશત્વ, ભેદવિવક્ષામાં અસંખ્ય, (તથા) વ્યવહારમાં દેહપ્રમાણ કહીએ.**' આમ ત્રણ પ્રકારે એને કહેવાય છે. અભેદવિવક્ષાથી એને પ્રદેશત્વપણું કહેવામાં આવે છે. ભેદવિવિક્ષાથી એની સંખ્યા અસંખ્ય બતાવવામાં આવે છે. આમ તો અખંડ એકપ્રદેશી છે. પણ ભેદથી એને અસંખ્ય પ્રદેશી કહેવાય છે. અને વ્યવહારથી બતાવવા માટે એને દેહપ્રમાણ કહેવામાં આવે છે.

'**તેમજ અવસ્થાન વિવક્ષાથી લોકાગ્ર અવસ્થાનરૂપ થઈને નિવાસ કરે છે.**' અવસ્થાન એટલે રહેવાનું સ્થાન. ચોક્કસ રહેવાનું સ્થાન ક્યાં? લોકાગ્રે. સિદ્ધાત્માઓ બધા લોકાગ્રે રહે છે. '**એકેક પ્રદેશની ગણતરી કરતાં અસંખ્ય (પ્રદેશો) છે.**' એ અસંખ્યપણું એક એક પ્રદેશની ગણતરી કરતા એવા છે.

**'અહીં કોઈ પ્રશ્ન કરે છે કે–જિનાગમમાં...' 'लोकप्रमाणप्रदेशो हि निश्चयेन जिनागमे' 'આ પ્રમાણે કહ્યું છે. આ ભેદમાં અસંખ્ય કહેતાં નિશ્ચય સિદ્ધ થતો નથી, (કેમકે) નિશ્ચયમાં ભેદ સિદ્ધ થાય નહિ?'** આ ભેદમાં અસંખ્ય કહેતા નિશ્ચય સિદ્ધ થતો નથી. કેમકે નિશ્ચય તો અભેદ હોય છે. શું કહેવું છે? ઉપર કહ્યું ને? કે અભેદ વિવક્ષામાં નિશ્ચયથી માત્ર પ્રદેશત્વપણું જ લેવું. અને તમે અસંખ્ય પ્રમાણ કહો છો તો એમાં તો ભેદ પડ્યો સંખ્યાનો. નિશ્ચય કેવી રીતે થાય છે?

**'તેનું સમાધાન :- ભેદથી અસંખ્ય (પ્રદેશ હોવાનું) પ્રમાણ કર્યું, તેનાથી ઓછા કે વધારે (પ્રદેશો) નથી–આ નિયમરૂપ નિશ્ચય જાણવો.'** અહીંયાં આને નિશ્ચય કહે છે. ઓલો નિશ્ચય નહિ. અધ્યાત્મમાં જે ભેદને વ્યવહાર, અભેદને નિશ્ચય કહે છે એ વાત અહીંયાં નથી. અહીંયાં તો ચોક્કસ સંખ્યા, ઓછી પણ નહિ અને વધારે નહિ એવી ચોક્કસ સંખ્યા બતાવવાનો નિશ્ચય અહીંયાં (કહેવો છે), નિર્ણયને નિશ્ચય કહેવો છે અહીંયાં. વ્યવહાર-નિશ્ચયની વાત નથી આ. નિશ્ચય શબ્દ બેય જગ્યાએ આવે. નિર્ણય કરવો હોય એને પણ નિશ્ચય કર્યો એમ કહેવાય અને વ્યવહારના પ્રતિપક્ષમાં જાય એને પણ નિશ્ચય કહેવાય. બંને જુદી જુદી (વાત છે). અહીંયાં તો પ્રદેશની સંખ્યાનો નિર્ણય કરવો છે. ઓલામાં તો આત્માના સ્વરૂપનો નિયત સ્વભાવ શું છે એને નિશ્ચય કહેવો છે. નિશ્ચય શબ્દ તો બેય જગ્યાએ આવ્યો પણ અર્થ જુદો જુદો થાય.

મુમુક્ષુ :- અસંખ્યાત લોકપ્રમાણ. અસંખ્યાત પ્રદેશ કીધા, પણ પાછા કેટલા? કે લોકપ્રમાણ. એ રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- લોકપ્રમાણ. એટલે એવો જે નિર્ણય એને નિશ્ચય અહીંયાં કહે છે. ઓલો વ્યવહાર-નિશ્ચયવાળા નિશ્ચયની અહીંયાં વાત નથી. ભેદ-અભેદથી ભેદને વ્યવહાર કહેવો અને અભેદને નિશ્ચય કહેવો એ વાત પણ અહીંયાં નથી. એમ લેવું.

**'કોઈ પ્રશ્ન કરે છે કે–એક પ્રદેશમાં અનંત ગુણો છે તે સર્વ પ્રદેશોમાં છે. (જે અનંત ગુણો છે) તે (એક પ્રદેશમાં) આખા આવ્યા કે ઓછા આવ્યા?'** પ્રશ્ન કેવો ઉઠાવ્યો છે? કે એક પ્રદેશમાં અનંત ગુણો છે અને સર્વ પ્રદેશમાં પણ અનંત ગુણો છે. તો પછી એક પ્રદેશમાં આખા ગુણ આવ્યા કે અડધા આવ્યા? કે ઓછા આવ્યા? કેમકે અસંખ્ય પ્રદેશ છે તો પછી એક જગ્યાએ એક પ્રદેશમાં એક ગુણનો અસંખ્યમો ભાગ આવ્યો ને? એમ કહે છે. કે આખો ગુણ ત્યાં આવી ગયો? કે અસંખ્યમા ભાગે આવ્યો? આ પ્રશ્ન ઉઠાવ્યો છે.

**'તેનું સમાધાન :- સર્વ પ્રદેશોમાં જ્ઞાન છે. પ્રદેશ જુદા જુદા માનવાતી જ્ઞાન જુદું જુદું થઈ જાય; જ્ઞાનપ્રમાણ આત્મા દ્રવ્ય છે તે પણ જુદો જુદો થઈ જાય, એ રીતે**

**વિપરીત થાય છે; માટે વસ્તુમાં અંશકલ્પના નથી (તેમ જ) ગુણમાં પણ (અંશકલ્પના) નથી.**' બહુ સરસ ઉત્તર આપ્યો છે. '**પરંતુ પરમાણુમાત્ર ગજથી વસ્તુના પ્રદેશ ગણીએ ત્યારે એટલા (-અસંખ્ય) છે-એમ કહીએ છીએ. (પરંતુ) જેમ પ્રદેશોનું એકત્વ તે વસ્તુનું સ્વરૂપ છે તેમ જ્ઞાનસ્વરૂપ છે.**' આ બહુ સરસ વાત કરી છે. આમાં થોડો વિશેષ વિચાર કરવા જેવો છે.

પ્રશ્ન તો બહુ સરસ ઉઠાવ્યો છે કે જો તમે એક એક પ્રદેશ આત્માનો કહો તો એક પ્રદેશે એક ગુણનો અસંખ્યમો ભાગ આવે. કેમકે આખો ગુણ, આખા બધા પ્રદેશમાં વ્યાપી ગયો અસંખ્ય પ્રદેશોમાં, તો પછી એક પ્રદેશમાં તો એનો અસંખ્યમો ભાગ આવ્યો. બરાબર છે આ વાત? તો કહે છે, એ અંશ કલ્પના કરી છે. પ્રદેશના અંશની કલ્પના કરી છે એનું માપ બતાવવા માટે. વસ્તુતાએ એમાં કોઈ અંશ નથી. એક એક પ્રદેશ જુદા જુદા અંશે નથી એમ કહેવું છે.

મુમુક્ષુ :- પ્રદેશના ટૂકડા ટૂકડા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ટૂકડા ટૂકડા નથી.

હવે અધ્યાત્મની અંદર આ વિષયને એવી રીતે કહેવામાં આવે છે કે જ્ઞાનમાં ભેદરૂપ અંશકલ્પનાથી દ્રવ્યનો વિચાર કરવો કે દ્રવ્યને જોવું તે અશુદ્ધ દ્રવ્યનું દેખવું છે. શું કહે છે? એ અશુદ્ધ દરવ્યનું દેખવું છે.

મુમુક્ષુ :- સમયસાર કળશ.

પૂજ્ય ભાઈશ્રી :- છે ને. હા, એમાં પણ આવે છે. 'સમયસાર'માં પણ આવે છે. 'સમયસાર'માં 'જયચંદ્રજી' ભાવાર્થની અંદર પણ ક્યાંક ક્યાંક લ્યે છે. વસ્તુ એક અખંડ અભેદ હોવા છતાં એને ગુણભેદની અંશ કલ્પનાથી દેખતા તે અશુદ્ધ દ્રવ્યનું દેખવું થાય છે. નહિતર ગુણભેદો છે એમાં અશુદ્ધતા ક્યાં આવી? આપણે તો શું છે, અશુદ્ધતા કષાયને માનીએ છીએ. મલિનતા થાય ત્યાં અશુદ્ધતા માનીએ છીએ. પણ અંદરને અંદર જે અનંત ગુણો છે, અનંત ગુણોના ભેદને જોવા તે અશુદ્ધ દ્રવ્ય જોયું એને. અને અશુદ્ધ દ્રવ્ય કેમ કહ્યું? કે એવી રીતે સાધક અવસ્થામાં ભેદ પાડતા અશુદ્ધિરૂપ રાગની ઉત્પત્તિ અનિવાર્યપણે થઈ જાય છે. જો શુદ્ધ દ્રવ્યને જોવામાં આવે; માનો કે એ ગુણભેદ છે એ શુદ્ધ દ્રવ્યનું સ્વરૂપ છે એમ ઘડીભર લ્યો, તો એને જોતા શુદ્ધતા થવી જોઈએ. અશુદ્ધતા નહિ થવી જોઈએ. ક્યાંથી એ વાત કાઢી છે? કે શુદ્ધ દ્રવ્યને જોતા શુદ્ધતા થાય, અશુદ્ધ દ્રવ્યને જોતા અશુદ્ધતા થાય. શુદ્ધતા જોનાર શુદ્ધતાને લહે, અશુદ્ધતા જોનાર અશુદ્ધતાને લહે. એમાંથી એ કાઢ્યું છે. એટલે એને અશુદ્ધિ કહેવા પાછળ આ કારણ છે.

મુમુક્ષુ :- ભેદને જોતા તો અશુદ્ધતાની ઉત્પત્તિ થવાની.

પૂજ્ય ભાઈશ્રી :- અશુદ્ધતાની ઉત્પત્તિ થાય છે. એટલે ભેદથી આત્મા જુદો જુદો થઈ જાય છે એમ કહે છે. પછી પ્રદેશના ભેદ જુઓ કે ગુણના ભેદ જુઓ એ આત્મા જુદો જુદો થઈ જાય છે. એટલે ખરેખર જ્ઞાની આત્માને અવલંબે છે અથવા અનુભવ કરે છે ત્યારે કોઈ એક ગુણને જુદો પાડીને અનુભવ ન કરી શકે. પુરુષાર્થ પણ નહિ અને જ્ઞાન પણ નહિ. લ્યો. કોઈ એક ગુણને જુદો પાડીને અનુભવ ન કરી શકાય. આ એક પ્રયોજન અર્થે સમજવા જેવો વિષય છે. એટલા માટે વિચારની ભૂમિકાને ઓળંગીને અનુભવ થાય છે. કેમકે વિચારની અંદર કોઈ એક ભેદનું અવલંબન છે અથવા કોઈ એક ભેદને અવલંબતા વિચાર ઉત્પન્ન થાય છે. એટલે એ કક્ષાને ઓળંગીને જ્યારે જીવના ભાવ થાય ત્યારે એને અનુભવનો ભાવ થાય. ત્યાં સુધી ન થાય. આ વિષય જરા સૂક્ષ્મતાથી વિચારવા જેવો છે.

ફરીથી લઈએ. જુઓ! '**સર્વ પ્રદેશોમાં જ્ઞાન છે.**' આત્માના બધા પ્રદેશોમાં જ્ઞાન છે એ સળંગ છે. એક એક પ્રદેશે જ્ઞાનનો ટૂકડો નથી. જો જ્ઞાનની પર્યાય સર્વ પ્રદેશે સળંગ છે તો જ્ઞાનગુણ પણ સર્વ પ્રદેશે સળંગ છે. ન તો જ્ઞાનગુણનો ટૂકડો થાય, ન તો જ્ઞાનની પર્યાયનો ટૂકડો થાય. એમ સમજવું જોઈએ.

મુમુક્ષુ :- જ્ઞાનગુણ છે તે અખંડ છે અને એની પર્યાય પણ અખંડ જ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- એની પર્યાય પણ અખંડ જ હોય. એટલે તો આપણે બે-ત્રણ દિવસ પહેલા ચર્ચા થઈ ત્યારે આપણે એ વાત લીધી હતી કે સામાન્ય રીતે આંખથી જોનારને એમ લાગે છે કે મને અહીંયાં દેખાય છે. મને આ વાદળી રંગ દેખાણો તો મને આંખમાં વાદળી રંગ દેખાણો. વાદળી રંગનું જ્ઞાન મને આંખમાં થયું, આંખની જગ્યાએ થયું. ખરેખર એમ નથી. એ વાદળીરંગનું જ્ઞાન આત્માના બધા પ્રદેશે થયું છે. તો કોઈએ કીધું ને કે જ્ઞાનતંતુથી મગજમાં થાય છે ને ફલાણું ને એવી ચર્ચા થઈ હતી. પણ એ તો બધું તબીબી વિજ્ઞાનમાં જડમાં જ્ઞાન એ લોકો તો માને છે. એ લોકો એ જ્ઞાનતંતુને જ્ઞાનવાળા માને છે. કારણ કે એને આત્માથી જ્ઞાન થાય છે એ તો ત્યાં વિષય જ નથી. ડોક્ટરી જ્ઞાનમાં કોઈ આત્માથી જ્ઞાન થાય છે એ વિષય નથી. એટલે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પાંચેય ઇન્દ્રિયના.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આખા આત્મામાં એ ઠંડાપણાના જ્ઞાનનું પરિણમન થાય છે. નાકથી સુંઘીએ છીએ તો એમ લાગે છે કે અહીંયાં ગંધ આવી. પણ અહીંયાં ગંધ નથી આવતી.

અહીંથી દેખાય છે અને અહીંથી નથી દેખાતું. એટલે એમ લાગે કે બરાબર જ્ઞાન અહીંયાં થાય છે. પણ જ્ઞાનનું પરિણમન આખા આત્મામાં થાય છે. જો અમુક જ પ્રદેશમાં જ્ઞાનનું પરિણમન થાય અને બીજી જગ્યાએ જ્ઞાનનું પરિણમન ન થાય તો ત્યાં જ્ઞાનગુણ વ્યાપ્યો નથી એમ નક્કી થઈ જાય છે. તો એ નક્કી તો નહિ કરી શકાય કે જ્ઞાનગુણ અમુક જગ્યાએ વ્યાપે છે અને અમુક જગ્યાએ નથી વ્યાપતો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વચ્છતા નહિ. અમુક પ્રકારની વિશુદ્ધિ છે. અમુક પ્રકારની વિશુદ્ધિ છે. જેમકે આંખની જગ્યાએ રંગ રૂપ જોવાની વિશુદ્ધિ છે. એ પ્રદેશો, એ પ્રદેશોમાં ત્યાં પ્રતિબિંબ પડે. પણ જ્ઞાનનું પરિણમન તો પૂરા ક્ષેત્રમાં થાય.

મુમુક્ષુ :- .. એ જાણવાનું થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- એ જાણવાની વસ્તુ હોવાથી..

પૂજ્ય ભાઈશ્રી :- ના, એટલે એમાં એટલો ફેર જેને કહીએ એ નથી. એક જ પર્યાય છે. જે જોવે છે તે જ જાણે છે. જે જોવું છે એ જ જાણવું છે. વાદળી રંગ જોયો અને વાદળી રંગનું જ્ઞાન થયું, બેય એક જ વાત છે. પણ ક્યાં આપણી ભૂલ થાય છે? કે મને અહીંયાં વાદળી રંગ જણાયો. જ્યારે જાણવામાં વાદળી રંગનું પરિણમન બધા પ્રદેશોમાં છે.

મુમુક્ષુ :- પુરા પ્રદેશોમાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પુરા પ્રદેશોમાં છે. અને એથી સ્પર્શેન્દ્રિય આખી જગ્યાએ લેવ-ામાં આવી છે. પગથી માથા સુધી બધે સ્પર્શનું જ્ઞાન થાય છે. માટે સ્પર્શેન્દ્રિય છે એ આખા શરીરને લેવામાં આવી છે.

મુમુક્ષુ : એને અખંડ લેવામાં આવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને અખંડ લેવામાં આવી છે.

હવે ત્યાં પણ શું છે કે એ ઉપરની બાજુ, ઉપલી સપાટીને સ્પર્શેન્દ્રિય છે. ઉપરના પ્રદેશોમાં છે. અંદરના પ્રદેશોમાં સ્પર્શેન્દ્રિય નથી. જેમકે ઇન્જેક્શનની સોય છે. એ ઇન્જેક્શનની સોય જ્યારે અહીંયાં ઇન્જેક્શન મારે ત્યારે એ જગ્યાએ જે ઉપરના પ્રદેશો છે ત્યાં સ્પર્શનું જ્ઞાન થાય કે મને સોય વાગી. પછી એક દોરાવો ઊંડી ગઈ સોય, બે દોરાવો ગઈ, અડધી ઈંચ ગઈ કે એક મસલ્સ હોય. મસલમાં મારે તો એક ઈંચ સુધી સોય જાય તો ખબર ન પડે. અંદર સોય કેટલી ગઈ એ ખબર ન પડે. કેમકે ત્યાં સ્પર્શની વિશુદ્ધિ નથી. પ્રદેશો છે. આત્માના પ્રદેશો તો ઘન છે પણ ત્યાં વિશુદ્ધિ નથી. પણ જો ઉપરના પ્રદેશો છે

એ બધાને સ્પર્શની વિશુદ્ધિ છે. ઠંડાનું, ઊનાનું, ખરબચડાનું, લુખાપણાનું, સુંવાળાપણાનું એ બધું જ્ઞાન થાય છે. પણ એ એમ બતાવે છે કે જ્ઞાન બધે થાય છે.

જેમકે અશાતા વેદની. એ અંદરમાં થાય છે પાછું. પેટમાં કોઈને સડો થયો, ગાંઠ થઈ હોય. આંતરડામાં કોઈ સડો થયો, ફલાણું થયું. ત્યાં એને વેદના અને પીડા હોય છે. ડોક્ટર પૂછે કે ક્યાં છે? કે ભાઈ! મને આ ફલાણી જગ્યાએ પીડા થાય છે અંદરમાં. એ ત્યાં ખોલીને કાપીને જોવે ઓપરેશનમાં. હવે જો ત્યાં જ્ઞાન ન હોત તો ત્યાં વેદના ન થાત. વેદનાનું જ્ઞાન ત્યાં ન થાત. જ્ઞાન બધે સળંગ છે. જ્ઞાન બધે સળંગ છે. વેદનામાં આખા પિંડમાં ગમે ત્યાં વેદના થઈ શકે. જેમકે કોઈને હાડકુ સડે. તો જે હાડકું સડે એ જગ્યાએ એને વેદના થતી હોય. ત્યાં આત્માના પ્રદેશોમાં એને એમ લાગે. પણ એ પરિણમન પાછું એ વેદનાનું એ જ જગ્યાએ થાય છે એમ નથી. ગુમડું અહીં થયું માટે અહીંયાં જ વેદના થાય છે એમ નથી. એનું પરિણમન આખા આત્મામાં થાય છે.

એ રીતે વસ્તુની અખંડતાને સમજવી છે. આ પ્રકારથી શું છે, વસ્તુ અખંડ છે એમ સમજવું છે. અને વસ્તુ અખંડ છે એમ નથી સમજાતું ત્યાં સુધી વસ્તુના ટૂકડા થાય છે. એટલા માટે ઇન્દ્રિયજ્ઞાનને શાસ્ત્રની અંદર ખંડ ખંડ જ્ઞાન કહ્યું છે. અને આત્માના સર્વ પ્રદેશેથી અનુભવાતું એવું જે આત્માનું સ્વસંવેદનજ્ઞાન શુદ્ધોપયોગના કાળમાં (થાય) તેને અખંડ જ્ઞાન કહ્યું. ઇન્દ્રિયજ્ઞાનને ખંડ ખંડ જ્ઞાન અને અતીન્દ્રિયજ્ઞાનને અખંડ જ્ઞાન કહેવામાં આવ્યું. શુદ્ધોપયોગના કાળમાં દેહપ્રમાણ આનંદનું અને જ્ઞાનનું વેદન થાય છે. સર્વ પ્રદેશે. ઉપર ઉપર નહિ. ચૈતન્યઘન આત્મા વેદાય છે સર્વ પ્રદેશે, અંતર-બાહ્ય બધા પ્રદેશે. બહારના પ્રદેશો જ વેદાય સ્પર્શની જેમ એવું નથી પાછું.

આ પ્રદેશત્વ શક્તિમાં ઠીક પ્રશ્ન ઉઠાવ્યો છે. '**સર્વ પ્રદેશોમાં જ્ઞાન છે.**'

મુમુક્ષુ :- ... વિશુદ્ધિ છે માટે .. બાહ્ય નિમિત્ત છે કે ઉઘાડ છે માટે ..

પૂજ્ય ભાઈશ્રી :- જાણે છે એમ નથી. ઉઘાડ છે માટે જો જાણે. એમ નહિ. ઇન્દ્રિય છે એમ એનું લક્ષ હોય તો પાછું જાણે. જેમકે સાંભળવામાં લક્ષ ન હોય તો શબ્દો સંભળાય નહિ. બોલનાર બોલે જાય, આને ન ખબર હોય શું બોલાઈ ગયું. એવી રીતે જોવામાં લક્ષ ન હોય અને આંખ ખુલ્લી હોય, વિચાર બીજે ચાલતો હોય તો એને જેના ઉપર આંખ મૂકી હોય એની સામેનો પદાર્થ એ એમ કહે કે મેં જોયો નથી. મેં જોયું નહોતું. કેમ? તો કહે, મારું લક્ષ બીજે હતું. તમે એ બાજુ જ જોતા હતા. તો કહે, હા જોતો હતો એ બાજુ. પણ મારું લક્ષ જ નહોતું એટલે જોયું નથી. એમ કહી શકે ને?

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- .. જોતા હોય તો પણ આમ...

પૂજ્ય ભાઈશ્રી :- હા એ લખ્યું છે એમણે. નેત્રરહિત ચક્ષુની જેમ મારો ઉપયોગ કામ કરે છે. એટલે કે હું બીજા કામ કરું છું પણ એમાં ક્યાંય મારું લક્ષ નથી. લક્ષરહિત નેત્રની જેમ. લક્ષરહિત નેત્રની જેમ લક્ષરહિત ઉપયોગ હોય. ઉપયોગ નેત્ર છે. લક્ષરહિત હોય એટલે થઈ રહ્યું, કાંઈ ખબર ન પડે. કામ થઈ જાય. ઉપર ઉપરથી પણ કામ થઈ જાય. એને ખ્યાલ પણ ન હોય કે આટલું કામ કરી નાખ્યું. એ બધી અનુભવની કળાઓ છે. અનુભવમાં એ બધું બને છે. એટલે એને જ્ઞાનની કળા કહી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પહેલા સમજણથી તો અખંડતા સમજે. આ તો હજી સમજણનો વિષય છે. પછી અનુભવની વાત વળી બીજી છે. પણ સમજણમાં તો હું એક અખંડ પ્રદેશી છું. અસંખ્ય પ્રદેશની ભેદકલ્પનાથી સમજાવવા છતાં પણ ખરેખર હું અખંડ પ્રદેશી છું. ખરેખર તો હું એક અખંડ પ્રદેશી છું એમ પોતાને જો ખ્યાલમાં આવે તો એના બધા ગુણો કેવી રીતે અંદર પથરાયેલા છે અને એની પર્યાયો કેવી રીતે થાય છે એ એને સમજાય. નહિતર ખંડ ખંડ જ્ઞાનથી જે અનુભવ કરે છે એ અનુભવને એ સાચો અનુભવ માને. ખંડ ખંડ જ્ઞાનના અનુભવને એ સાચનો અનુભવ માને એ જૂઠનો અનુભવ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરિણમન આખા આત્મામાં છે.

મુમુક્ષુ :- એ જાણવાનું પરિણમન...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આખા આત્મામાં. વેદના કેવી છે એ આખો આત્મા જાણે છે. વેદના ભલે અમુક જગ્યાએ થાય છે. એટલે એનો લોકલ પોરશન છે એ આપણને એમ જ લાગે કે અહીંયાં જ મને પીડા થાય છે. પણ ખરેખર એ પીડાનું જ્ઞાન આખા આત્મામાં થાય છે. એમ જોવાય છે ભલે અહીંથી જ પણ એનું જ્ઞાન આખા આત્મામાં થાય છે. એમ છે. પણ અભ્યાસ એવો થઈ ગયો છે કે જીવ ત્યાં ખંડ પાડે છે. જોતી વખતે ચક્ષુ ઇન્દ્રિયનો ખંડ પાડે છે, સાંભળતી વખતે કર્ણેન્દ્રિયનો ખંડ પાડે છે. એવી રીતે એ ખંડ ખંડ જ્ઞાનથી જ્ઞેયવિશેષોમાં જ્ઞાનવિશેષોને રોકે છે. જુદાં જુદાં જ્ઞેયોમાં પોતાના જ્ઞાનવિશેષને રોકી લે છે. અને પોતાના અખંડ જ્ઞાનને એ ભૂલી જાય છે, ચૂકી જાય છે. એટલે એકાકાર જ્ઞાનનો, સામાન્ય જ્ઞાનનો અનુભવ નથી થતો એનું કારણ એ છે.

વિચારીને અને વિચાર કર્યા પછી પોતાના પરિણમનમાં એનું અવલોકન કરીને આ

સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. એવો જરા ઊંડો વિષય છે.

શું કહે છે, કે '**સર્વ પ્રદેશોમાં જ્ઞાન છે.**' આખા આત્મામાં, ચૈતન્યપિંડમાં જ્ઞાન છે. '**પ્રદેશ જુદા જુદા માનવાથી જ્ઞાન જુદું જુદું થઈ જાય;...**' અને એમ જ માને છે અત્યારે કે હું નાકથી સૂંઘું છું, જીભથી ચાખું છું, આંખથી જોઉં છું અને કાનથી સાંભળું છું. આમ બધું જુદું જુદું માને છે. એનું જ્ઞાન જુદું જુદું થઈ જાય. એ અખંડ જ્ઞાનને સ્વીકારી શકતો નથી. એમાં શું થાય છે કે પછી એ જ્ઞાનનો એને રસ ચડે છે.

જેમકે કોઈ માણસને ખાવાનો શોખ છે. ભાઈ, આપણને બીજું કાંઈ નહિ, સારામાં સારું ખાવાનું મળે એટલે બસ. કપડાનો શોખ નથી, અત્તરનો શોખ નથી. એમ કહે ને? સુંઘવાનો શોખ નથી. કાંઈ આપણને સંગીતનો શોખ નથી. આપણને એક ખાવાનો શોખ છે. તો એ શું કરે છે? કે એક જ્ઞાનનો જે અંશ છે જે જિહ્‌વા ઇન્દ્રિયથી કામ કરે છે એને જ આખો માની લીધો એણે. એટલે અંશમાં અંશીની કલ્પના થઈ ગઈ. જે અન્યમતમાં થાય જ છે. અંશમાં અંશીની કલ્પના. કોઈ આત્માને ક્ષણિક માને છે, કોઈ આત્માને નિત્ય માને છે. એ અંશમાં જ અંશીની કલ્પના છે, બીજું કાંઈ નથી. એ રીતે આત્મા છે એવો ન માનવો તે મિથ્યાત્વ છે, છે એવો ન જાણવો તે મિથ્યાજ્ઞાન છે, અજ્ઞાન છે.

'**સર્વ પ્રદેશોમાં જ્ઞાન છે. પ્રદેશ જુદા જુદા માનવાથી જ્ઞાન જુદું જુદું થઈ જાય; જ્ઞાનપ્રમાણ આત્મા દ્રવ્ય છે...**' જ્ઞાનપ્રમાણ આત્મદ્રવ્ય છે. આત્મદ્રવ્ય છે '**તે પણ જુદો જુદો થઈ જાય, એ રીતે વિપરીત થાય છે;...**' અહીંયાં આ વિપરીતતા ઊભી થાય છે. અને વિપરીતતા ઊભી થાય ત્યાં સુધી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને શાંતિ થાય નહિ કોઈ દિવસ. '**માટે વસ્તુમાં અંશકલ્પના નથી (તેમ જ) ગુણમાં પણ (અંશકલ્પના) નથી.**' ગુણમાં પણ અંશકલ્પના ન કરવી. હવે ઓલું વાંચો નિશ્ચયનું પ્રકરણ વાંચો.

૫૩માં પાને ત્રીજું છે ને. '**વળી, અનંત ગુણના એક પુંજભાવને દેખવો, પણ (ગુણને) જુદા ન દેખવા;...**' ત્રગડો કર્યો છે ને? ૫૩માં પાને. ૫૪માં પાને. મારે ૫૪મું પાનું છે. એમાં જે ત્રગડો કર્યો છે એ પેરેગ્રાફ. '**વળી, અનંતગુણના એક પુંજભાવને દેખવો, પણ (ગુણને) જુદા ન દેખવા;...**' આ સમ્યગ્જ્ઞાનની આત્માને દેખવાની પદ્ધતિ છે. ગુણને જુદા જુદા દેખે ત્યાં સુધી વિકલ્પ આવે એને. પણ અનંત ગુણોનો એક રસ છે આત્મા એને જોવો. એ અભેદનું અવલંબન છે. ઓલું ભેદનું અવલંબન છે. ભેદના અવલંબનથી રાગ ઊપજે, અભેદના અવલંબનથી વીતરાગતા.

'**તેમ જ અનંત શક્તિ વડે જે ગુણ છે તે એક ગુણને જ દેખવો, તે શક્તિને જ ન દેખવી; તથા જઘન્ય ઉત્કૃષ્ટ એવા ભેદ ન દેખવા, તે શક્તિને એકને જ દેખવી–આવું જે**

**અભેદ દર્શન–એક જ રૂપનું દર્શન–છે તેને પણ અભેદદર્શન (રૂપ) નિશ્ચય સંજ્ઞા કહીએ.'** હવે એ પ્રેક્ટિકલી કેવી રીતે જુએ છે માણસ. આપણે 'સોનગઢ' જઈએ છીએ ત્યારે બસમાંથી કે કારમાંથી શિખર દેખાય છે આપણા મંદિરનું. તો કહે, આપણું મંદિર દેખાણું. અથવા કોઈ 'સોનગઢ'નું એક મકાન દેખાય તો કહે હવે 'સોનગઢ' દેખાણું. શું કહે છે? આ જોવાની પદ્ધતિ હોવી જોઈએ. અંશને જોતા એકસાથે અંશી જ્ઞાનમાં ખડો થવો જોઈએ. આ જોવાની પદ્ધતિ સાચી છે. માત્ર અંશને જોવો એ જોવાની પદ્ધતિ સાચી નથી. એટલા માટે અહીંયાં અંશ કલ્પનાનો નિષેધ કર્યો છે કે વસ્તુમાં અંશકલ્પના નથી. નથી માટે તું એમ જો માં. એમ કહે છે. એ કલ્પના કરીશ જ નહિ. ગુણમાં પણ અંશકલ્પના કરીશ નહિ, પ્રદેશમાં પણ તું અંશકલ્પના કરીશ નહિ. એ તો માપ બતાવવા માટે પરમાણુના ગજથી માપ્યું હતું, એમ કહે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હવે એમાં એવું છે કે કોઈપણ પદાર્થના બધા ગુણોને જાણીને પદાર્થ નથી ઓળખાતો. સમ્મુચ્ચયપણે પદાર્થના કોઈ મુખ્ય ગુણથી એને—પદાર્થને દેખવામાં આવે છે. બીજા બધા ગુણો ઓળખાય એવું નથી બનતું.

જેમ કે દૂધ. ઉજળું એટલું દૂધ નહિ એમ કહે. પણ દૂધનો સ્વાદ હોય તે દૂધ. છાશનો રંગ પણ.. દહીંને જેરી નાખે એટલે દૂધ જેવી દેખાય જાડી છાશ. પાણી ન નાખ્યું હોય તો. બરાબર? અને આનું ચોખાનું પાણી હોય તો દૂધ જેવું લાગે. તપેલીમાં ચોખાનું પાણી અને ચોખા ધોયેલા હોય તો એમ લાગે કે આ દૂધ હશે. ગાયનું દૂધ સહેજ પીળું હોય ને. અને ચુનાનું પાણી હોય એ દૂધ જેવું દેખાય. હવે ચાર તપેલીમાં એકમાં દૂધ છે અને ત્રણમાં જુદા જુદા આ છે. તો બધાના બધા ગુણ નથી ઓળખતા આપણે. બધા ગુણ ઓળખો તો દૂધમાંથી જેટલી વાનગી થાય એટલી બધાને ખબર હોવી જોઈએ. છે બધાને ખબર? કે નહિ. ખાલી દૂધના સ્વાદથી નક્કી કર્યું કે આને દૂધ કહેવાય. એટલે જેનો એવો સ્વાદ ન આવે એ બધા દૂધ નથી. તો એક સ્વાદની મુખ્યતાથી દૂધનું સ્વરૂપ નક્કી કરી નાખ્યું. પછી કાંઈ દૂધના બધા જેટલા ગુણ છે અને જેટલી વાનગી બને છે અને એ બધી ખબર પડે તો જ દૂધને ઓળખે છે અને નહિતર દૂધની ખબર નથી પડતી એમ ન કહી શકાય. બરાબર છે?

એવી રીતે આત્મામાં જ્ઞાનથી આત્મા ઓળખાય જાય તો બધા ગુણોને ઓળખવાની જરૂર નથી. એમ તમે 'સોનગઢ'માં ભલે ઘરે ઘર નથી ફર્યા, ગલીએ ગલીએ નથી ફર્યા, બજારમાં નથી ફર્યા, બધી જગ્યાએ નથી ફર્યા પણ તમે 'સોનગઢ' સોંસરવા નીકળી ગયા તો તમે 'સોનગઢ' જોયું છે એમ કહેવાય. કેમકે એ ગામમાં તમે ફરીને આવો તો તમે કહી

શકો કે આ ગામમાં હું આવ્યો હતો. આ એ જ ગામ ‘સોનગઢ’ છે કે જ્યાં હું પહેલા આવ્યો હતો. બસ. એવી રીતે બધા ભેદો જાણવાની આવશ્યકતા નથી. પણ જેનાથી ઓળખાય એવો કોઈ એક મુખ્ય ભેદથી એને જાણી લ્યો એટલે ઓળખવાનું કામ પૂરું થઈ જાય છે.

મુમુક્ષુ :- પ્રયોજનભૂત.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયોજનભૂત કાર્ય પૂરું થઈ જાય છે. ઓળખવાનું જે પ્રયોજનભૂત કાર્ય છે એ ત્યાં પૂરું થઈ ગયું. પછી એ ઓળખાણનું પ્રયોજનભૂત કાર્ય થવાથી અનુભવવાનું પ્રયોજન સાધી શકાય છે. જ્યાં સુધી ઓળખાય નહિ ત્યાં સુધી અનુભવ ન થઈ શકે. એટલે તો અજ્ઞાનીમાં અજ્ઞાનીને એમ કહે છે કે જ્ઞાન તે આત્મા છે. જો તને જ્ઞાન થાય છે? તો કહે, હા થાય છે મને જ્ઞાન. તો બસ, એ જ્ઞાન તે જ આત્મા છે. પણ મને તો અત્યાર સુધી બીજા બીજા જે ભાવ થાય છે, વિભાવભાવ થાય છે એમાં આત્માપણું માન્યું છે. તો કહે છે, એ આત્મા નથી. જ્ઞાન તે આત્મા છે અને રાગાદિ તે આત્મા નથી. પોતાના અનુભવને તપાસે કે મને જ્ઞાનમાં તો હુંપણું કે આત્માપણું લાગતું નથી. અને એ સિવાય દેહાદિમાં અને રાગાદિમાં આત્માપણું મને લાગે છે. તો કહે છે, એ તારી ભૂલ છે.

એક સગવડ શું છે? કે જ્ઞાનીઓએ ભૂલ પણ બતાવી છે, જ્ઞાનીઓએ સ્વરૂપ પણ બતાવ્યું છે. એટલે જેને કામ કરવું છે એને સુગમતા છે. જેને કામ કરવું છે એને આટલી સુગમતા તો છે કે પહેલેથી બધી વાત ચોખ્ખી એને બતાવવામાં આવે છે. ફક્ત એને અંતર મેળવણી કરીને એ વાત સાચી છે એની સત્યતાની પ્રતીતિ કરવાની બાકી છે કે આ કહે છે એ જ બરાબર છે. પછી વાંધો નથી. સત્યની પ્રતીતિ આવ્યા પછી વાંધો નથી.

મુમુક્ષુ :- અનુભવપ્રકાશમાં લીધું, જે આ જ્ઞાન પરને જાણે છે તે જ જ્ઞાન નિજ વાનગી છે.

પૂજ્ય ભાઈશ્રી :- તે જ જ્ઞાન તારી વાનગી છે. જે આ જ્ઞાન પરને જાણી રહ્યું છે તે જ આ જ્ઞાન તારી વાણી છે. આ જ્ઞાન વાનગીને ઓળખીને અનેક સંતો, અનંત સંતો અજર-અમર થયા. આટલા શબ્દો લખ્યા છે. આ જ્ઞાનવાનગી ઓળખીને અનેક સંતો અજર-અમર થઈ ગયા. એવી વાત લખી છે. ઓછામાં ઓછું કાંઈ શાસ્ત્ર ન ભણ્યો હોય, એકેય શાસ્ત્ર ન વાંચ્યું હોય એવો જીવ લઈ લ્યો તોપણ આટલી વાતથી તો સમજી શકે કે જ્ઞાનને જો આત્મા કીધો હોય તો જ્ઞાન તો છે મારામાં. પણ હું જ્ઞાનને આત્મા જાણતો નથી અને માનતો નથી. રાગાદિ અને દેહાદિને આત્મા જાણું છું અને માનું છું. શ્રીગુરુ કહે છે કે આ તારી ભૂલ છે. તું જ્ઞાનને આત્મા છે એમ તપાસીને નક્કી કર. અમે કહીએ છીએ માટે માન એમ નહિ પણ તું તપાસીને નક્કી કર કે તારું સ્વરૂપ તારાથી ન છૂટે. તો રાગ છૂટી જાય છે, દેહ છૂટી જાય છે,

જ્ઞાન છૂટતું નથી. કોઈ જ્ઞાન વિનાનો આત્મા બતાવો. દેહ છૂટી જાય છે એ તો રોજની વાત થઈ ગઈ. ઘણાના દેહ છૂટે છે રોજ. ભલે તારો દેહ ન છૂટ્યો પણ બીજાના છૂટે છે એનો અર્થ કે એ આત્મા નથી. રાગ તો પ્રત્યક્ષ તારો પણ છૂટી જાય છે. જે ચીજ ઉપર રાગ હતો એ ચીજની તું ના પાડે છો કે નહિ, હવે મારે નથી ખાવું. એ તારું સ્વરૂપ હોય તો કેમ છૂટે? માટે યુક્તિથી તો નક્કી થાય છે. જો યુક્તિથી વાત તને બેસે છે તો અનુભવથી નક્કિ કર હવે. જો યુક્તિથી તને વાત સમજાણી તો અનુભવમાં કેમ વિપરીતતા? બસ! આ જગ્યાએ ઊંડા ઊતરવાનું છે. જે વાત વિચારથી, આગમથી, યુક્તિથી સમજાય છે તો એને અનુભવગોચર કરવાની છે. અનુભવને તપાસીને નક્કી કર.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ એમાં શું છે કે ત્યાં ચાલતો નથી તો બીજે પુરુષાર્થ કરી રહ્યો છે ને? પુરુષાર્થ એ ખર્ચ છે. તો ખર્ચ બીજે કરે તો અહીંયાં ખર્ચ ન કરે. એ તો સીધી વાત છે. એને પુરુષાર્થની મુડી ખર્ચાય છે બીજે. ખાવું, પીવું, જગતના સંસારના કાર્યો એમાં પુરુષાર્થ ખર્ચાઈ જાય છે. એટલે આત્મામાંથી આત્મજ્ઞાન કરવામાં કે અનુભવ કરવામાં પુરુષાર્થ નથી ખર્ચાતો.

એકવાર 'ગુરુદેવ' પાસે એકાંતમાં બેઠો હતો. સ્વાસ્થ્ય 'ગુરુદેવ'નું થોડું નરમ હતું એટલે પ્રવચનો કાંઈક બંધ હતા. પછી સાડા ત્રણ-ચાર વાગ્યે કોઈ 'ગુરુદેવ' પાસે ન હોય એ વખતે. એ વખતનો સાંજનો ટાઈમ હતો ચાર વાગ્યા આસપાસનો. 'ગુરુદેવ' રૂમમાં એકલા જ હતા. થોડી ચર્ચા ચાલી એમાં 'પ્રેમચંદભાઈ' આવી ચડ્યા. 'પ્રેમચંદભાઈ' 'રાણપુર'વાળા. 'પ્રેમચંદ મગનલાલ' અમારા 'રાણપુર'ના ખરાને એટલે ઓળખે. આમ મારા પ્રત્યે એને બહુ પ્રમોદ હતો એમ કે 'રાણપુર'માંથી અને અન્યમતમાંથી આ બાજુ આવેલા એટલે પ્રમોદ ઘણો કરતા હતા. અમારું કુટુંબ મોટું એમાંથી એમ કે આવડા મોટા કુટુંબમાંથી એક જ માણસ આ બાજુ આ આવે છે. પાછો 'ગુરુદેવ'ને પ્રેમ એટલે આમ મને જોઈને જરા વધારે ખુશી થયા કે આ તો 'ગુરુદેવ' પાસે એકાંતમાં તત્ત્વચર્ચાઓ કરે છે. એ તો સાંભળવા બેસી ગયા. એ તો બહુ જૂના. 'ગુરુદેવ' જ્યારથી મુહપતિમાં હતા ત્યારથી એમની પાછળ અને ઠેઠ સુધી વળગી રહ્યા. બહુ સાધારણ સ્થિતિમાં પણ નિવૃત્તિ લઈને 'સોનગઢ' જ રહ્યા છે એ.

મુમુક્ષુ :- 'ગુરુદેવ'ની ભક્તિ બહુ.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સારી. ભક્તિ હોય તો...

મુમુક્ષુ :- ભક્તિ સમજણપૂર્વકની.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો વાંચન એમનું હતું. વાંચન-વિચાર ખરો. એટલે બહુ ખુશી

થયા. પછી કાંઈક ચર્ચા કરતા કરતા વચમાં કાંઈક બોલ્યા. એટલે 'ગુરુદેવ'ને ખબર કે આ તો જૂના છે, બધું સમજે છે, ઘણો અભ્યાસ છે. એ બધું બરાબર, પણ પુરુષાર્થ કરવો જોઈએ. 'ગુરુદેવ' કહે. શું કીધું? બોલ્યા એટલે એમ કે વાત બરાબર છે. તમે કીધું એ ઠીક છે. પણ પુરુષાર્થ કરવો જોઈએ. સાહેબ! બરાબર છે, બરાબર છે. પુરુષાર્થ કરવો જોઈએ પણ અમે પુરુષાર્થ કરતા નથી.

કહેવાનો મતલબ શું છે કે સમજે માણસ. પણ એ સમજીને પછી એ અંગેનો જો પુરુષાર્થ ન કરે તો સમજણ તો અધ્ધર રહી જવાની. શું કામમાં આવવાની છે? કે તે સમજણ કાંઈ કામમાં નહિ આવે. પુરુષાર્થ કરવો જોઈએ. પુરુષાર્થ ન કરો તો શું કામમાં આવે? બહુ પ્રમોદ કરતા હતા તે દિવસે. 'ગુરુદેવે' મને પુરુષાર્થ કરવાનું કીધું, 'ગુરુદેવે' મને પુરુષાર્થ કરવાનું કીધું. વ્યક્તિગત તો 'ગુરુદેવ' ભાગ્યે જ વાત કરે એવી રીતે. સમષ્ટીગત ઉપદેશ આપે પણ વ્યક્તિગત એવી વાત ખાસ ન કરે. પણ એકાંતમાં જાય તો વ્યક્તિગત પણ વાત થાય. એકાંતમાં પરિચય વધારે તો વધારે સમીપ જાય ને? તો બધી વાત કરે.

એટલે '**જેમ પ્રદેશોનું એકત્વ તે વસ્તુનું સ્વરૂપ છે તેમ જ્ઞાનસ્વરૂપ છે.**' શું લીધું? જેમ પ્રદેશોનું એકત્વ અખંડપણું, અખંડ એક પ્રદેશી તેમ વસ્તુનું સ્વરૂપ છે અને તેમ જ્ઞાનસ્વરૂપ છે. એવી રીતે બધા ગુણ લઈ લેવા. એટલે જ્ઞાનથી આખો આત્મા પકડાશે. એટલા માટે તો અનુભવનો વિષય હોવાથી ત્યાં આસ્વાદ શબ્દ વાપરે છે. 'રાજમલજી' ખાસ કરીને અનુભવ શબ્દને બદલે આસ્વાદ શબ્દ વાપરે છે. જ્ઞાનનો આસ્વાદ તે આત્માનો અનુભવ-આત્માનો આસ્વાદ છે. આસ્વાદ શબ્દ લે છે.

હવે '**ક્રમના બે ભેદ છે-(૧) વિષ્કંભક્રમ અને (૨) પ્રવાહક્રમ;...**' એ આગળ આવી ગયું. આ શબ્દનો પ્રયોગ આગળના પ્રકરણમાં પણ કર્યો છે. એ 'પ્રવચનસાર'ની ૧૪૧ ગાથામાં 'પ્રચય' શબ્દ વાપર્યો છે. ક્રમની જગ્યાએ પ્રચય શબ્દ વાપર્યો છે. અને ઊર્ધ્વક્રમ. પ્રવાહને ઊર્ધ્વક્રમ કહે છે અને વિષ્કંભને ત્યાં તિર્યક પ્રચય કહે છે. ઊર્ધ્વ પ્રચય અને તિર્યક પ્રચય. એને અહીંયાં પ્રવાહક્રમ અને વિષ્કંભક્રમ પ્રદેશોમાં છે અને પ્રવાહક્રમ પરિણામમાં છે. વિષ્કંભક્રમ પ્રદેશોમાં છે અને પ્રવાહક્રમ છે એ પરિણામમાં છે.

'**દ્રવ્યમાં ક્રમભેદ નથી,...**' હવે જુઓ ભેદ-અભેદ કેવું છે? કે આમ આખો પિંડ, ચૈતન્યપિંડ એક આત્મા છે. પણ પ્રદેશકલ્પનાથી જુઓ તમે તો જે આ પ્રદેશ છે તે આ પ્રદેશ નથી. બે વચ્ચે વ્યતિરેકપણું છે. એ આ પ્રદેશ નથી, એ આ પ્રદેશ નથી. અથવા જે-તે પ્રદેશ પોતાનું સ્થાન કોઈ દિવસ ન બદલે. પછી ગમે તેટલું મોટું ક્ષેત્ર થાય એનું કે ગમે તેટલું નાનું ક્ષેત્ર થઈ જાય, ઝીણું ક્ષેત્ર થઈ જાય પણ કોઈ પ્રદેશ પોતાનું સ્થાન ન બદલે. એટલે

એક પ્રદેશ છૂટીને બીજા પ્રદેશે ન જાય, બીજો પ્રદેશ છૂટીને આ પ્રદેશે ન આવે. એ પોતાના જ પ્રદેશમાં રહે દરેક પ્રદેશ.

આમ વસ્તુ અકંડ હોવા છતાં એનો જે પ્રદેશ ક્રમ છે એને અહીંયાં ક્રમ કીધો છે. વિષ્કંભક્રમ કીધો છે. અને તે ક્ષેત્રમાં છે, પ્રદેશોમાં છે. પ્રવાહક્રમ પરિણામમાં છે. એમ એક પર્યાય તે બીજી પર્યાય નથી પણ કોઈ પર્યાય વચ્ચે પ્રવાહમાં ત્રુટકપણું નથી. જેમ પ્રદેશ વચ્ચે સાંધો નથી. એમ બે પર્યાય વચ્ચે પણ સાંધો નથી. એકધારી અનુસ્યુતિમાં પણ પર્યાય છે. બધી પર્યાયો એક અનુસ્યુતિ સાથે છે. એક એક પર્યાયને જે જુદી જોવે છે અને એક એક ગુણને જે જુદો જોવે છે એ અનુસ્યુતિ અન્વયને જોયા વગર જે ભેદકલ્પના કરે છે એને અશુદ્ધ પદાર્થનું દેખવું એમ કહે છે. એનાથી રાગ ઊપજે છે.

જુઓ! કેવળજ્ઞાનમાં કોઈ ભેદ-પ્રભેદ દેખાવો બાકી નથી. છતાં ત્યાં રાગની ઉત્પત્તિ થવાનું કારણ નથી. એક છદ્મસ્થ દશાવાળાને ભેદની મુખ્યતા ઉપયોગમાં થાય તો રાગની ઉત્પત્તિ અનિવાર્યપણે થઈ જાય. બાકી અભેદમાં ભેદનું જ્ઞાન થાય ત્યારે એને રાગ ન થાય પાછો. છદ્મસ્થને પણ અભેદમાં ભેદનું જ્ઞાન થઈ જાય છે. જ્યારે એને સ્વાનુભવ થાય છે ત્યારે જ્ઞાન પ્રમાણ થતાં એને સામાન્ય વિશેષનું જ્ઞાન સાચું ત્યારે પહેલુંવહેલું થાય છે સ્વાનુભવના કાળમાં. એટલે તો 'ગુરુદેવે' કહ્યું ને કે નિર્વિકલ્પદશામાં વ્યવહારની ઉત્પત્તિ છે. કેમકે પ્રમાણજ્ઞાન ત્યારે થયું ને? તો નિશ્ચય અને વ્યવહાર થઈને પ્રમાણ છે. પણ ત્યાં પ્રમાણનું જ્ઞાન ઉત્પન્ન થવા છતાં રાગની ઉત્પત્તિ નથી થતી. ત્યાં વ્યવહારની ઉત્પત્તિ થવા છતાં રાગની ઉત્પત્તિ નથી થતી.

આ જે જ્ઞાનના પરિણમનની જે પ્રક્રિયા છે એને બહુ ઊંડેથી અને સૂક્ષ્મતાથી જેટલી સમજાય એટલી સમજવા જેવી છે. કેમકે અનુભવ સૂક્ષ્મ છે અને એ વિષયનું જ્ઞાન પણ સૂક્ષ્મ છે. આત્મા પણ સૂક્ષ્મ છે અને એ વિષયનું જ્ઞાન પણ સૂક્ષ્મ છે. એટલે જેવી રીતે વિષ્કંભક્રમમાં પ્રદેશો છે તેવી જ રીતે પ્રવાહક્રમમાં પરિણામો છે. અહીંથી લેવું. જેવી રીતે તિર્યક પ્રચયની અંદર ક્રમ છે, પ્રદેશોનો ક્રમ છે. આ પ્રદેશ તે આ પ્રદેશ નથી. તે આ નથી.. તે આ નથી... તે આ નથી... તે આ નથી. એમ અહીંથી અહીં માંડીને જેટલા પ્રદેશો છે એ બધા ક્રમથી છે. છતાં સળંગપણું છે. એવી રીતે એક પર્યાય, બીજી પર્યાય, ત્રીજી પર્યાય, ચોથી પર્યાય એમ અનંતી પર્યાય પણ સળંગ છે. આખું દ્રવ્ય સળંગ છે અને પર્યાયોનો ક્રમ છે. પ્રવાહક્રમ છે. એવી રીતે સળંગ સમજવું જોઈએ. નહિતર એક એક પર્યાયનું ખંડ ખંડ જ્ઞાન થાય. એ અશુદ્ધતાનું કારણ થશે. અહીં સુધી રાખીએ...

**તા. ૨૧-૬-૧૯૯૧, પાના નં. ૭૬**
**પ્રવચન નં. ૧૫**

... **'સંસાર અવસ્થામાં અનાદિ સંસારથી પ્રદેશ-કાયા સંકોચ વિસ્તાર** (પામે **છે),...'** સંસાર અવસ્થામાં જેટલો જેટલો દેહપ્રમાણ સંકોચ વિસ્તાર જીવના પ્રદેશોમાં રહે છે. ક્ષેત્રફળ જેને કહીએ એ ક્ષેત્રફળ નાનું-મોટું થાય છે. ભલે મનુષ્યગતિ હોય તોપણ બાલ્ય અવસ્થામાં જે ક્ષેત્રફળ આત્મા રોકે છે, યુવાન અવસ્થામાં ફેર પડે છે, વૃદ્ધાવસ્થામાં ફેર પડે છે. શરીર જાડું-પાતળું. ભલે આમ ઉંચાઈમાં નીચું ન થાય ઊંચું થયા પછી, પણ જાડું-પાતળું તો કોઈપણ અવસ્થામાં થાય છે. એ પ્રમાણે સંકોચ-વિસ્તાર આત્મપ્રદેશોમાં થાય છે.

**'મુક્ત થતાં ચરમ શરીરથી કિંચિત્ ઊણા આકારને ધરે છે.'** અને મુક્ત અવસ્થામાં જેવડું શરીર હોય એના કરતા થોડું નાનું રહે છે. પછી એમાં પણ બધા સિદ્ધો જે મુક્ત અવસ્થામાં હોય છે અશરીરી દશામાં એમાં પણ જેને જેટલું છેલ્લું શરીર હોય (એનાથી કિંચિત્ ન્યૂન હોય). ઋષભદેવ ભગવાનને પાંચસો હાથનું હતું અને મહાવીર ભગવાનને સાત હાથનું હતું, ક્યાં પાંચસો ધનુષ અને ક્યાં સાત હાથ. એટલે સાત હાથનું એક ધનુષ કહેવાય છે આમ. લગભગ પ્રમાણ એવું છે. તો પાંચસોમાં ભાગે હોય એક સિદ્ધ. એક પાંચસો ગણા મોટા પ્રદેશના વિસ્તારવાળા હોય સિદ્ધાલયમાં પણ.

**'તે એકેક પ્રદેશમાં અનંત ગુણો છે, એવા લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશો છે.'** લોકના એક પ્રદેશે એક પ્રદેશ જો આવે તો આખો એક આત્મા લોકપ્રમાણ વિસ્તાર પામે. એટલે જેટલા લોકના અસંખ્ય પ્રદેશ એટલા જ એક આત્માના અસંખ્ય પ્રદેશ. એમ કહેવું છે. **'અભેદ વિવક્ષામાં પ્રદેશત્વ, ભેદવિવક્ષામાં અસંખ્ય, (તથા) વ્યવહારમાં દેપ્રમાણ કહીએ.'** આમ ત્રણ ભેદે બોલાય છે. અભેદ વિવિક્ષામાં તેને પ્રદેશપણું એમ કહીએ છીએ. જોકે છૂટા છૂટા પ્રદેશ નથી પણ ક્ષેત્ર વિસ્તાર છે એ બતાવવા માટે પ્રદેશપણું એમ કહીએ. ભેદવિવક્ષામાં એની સંખ્યા આપીએ કે અસંખ્ય પ્રદેશ છે અને જગતના વ્યવહારમાં એને દેહપ્રમાણ કહીએ. કે સંસારીને જેવડો દેહ હોય એટલું એનું ક્ષેત્રફળ આત્માનું હોય.

**'તેમજ અવસ્થાન વિવક્ષાથી લોકાગ્ર અવસ્થાનરૂપ થઈને નિવાસ કરે છે.'** તેને

ક્યાં રહેવું થાય જગતમાં? કે સાદિ અનંતપણે તો લોકાગ્ર રહે. બાકી જગતમાં એનું કોઈ અવસ્થાન નક્કી નથી ક્યાં રહે એ. કેમકે કોઈ નિયત જગ્યાએ કોઈ આત્મા રહેતો નથી. અને આનું તો દુઃખ છે બધાને. એક ઘર બદલવું પડેને તો ન ફાવે.

અહીંયાં 'ભાવનગર'ના ગામમાં ગીચ વસ્તીમાં રહ્યા હોય એને ફર્સ્ટ ક્લાસ બંગલો પ્લોટ એરિયામાં આપે તો એને ફાવે નહિ કે આટલું બધું આવવું-જાવવું છે ને એ નથી પોસાતું. ત્યાં તો બહાર નીકળીએ એટલે બજાર. ગામમાં. આ તો ગામમાં આવવું પડે. એમ થાય છે. અને બહાર રહ્યા હોય એને ગમે તેવું સારું મકાન ગામમાં આપો તો એમ કહે કે આ ગીચગીચાટ આપણને ન ફાવે. આપણને તો એકદમ શાંત જગ્યા જોઈએ. અહીંયાં રહ્યા હોય એને 'મુંબઈ'માં રહેવું ન ફાવે અને 'મુંબઈ' રહેતા હોય એને અહીંયાં રહેવું ન ફાવે. આ એક સાયકોલોજી માનસિક સ્થિતિ ઊભી થાય છે.

પણ આત્માની સ્થિતિ જ એ છે કે એને કોઈ અવસ્થાન જ નથી કે આ જગ્યાએ એ કાયમ રહે એવી કોઈ પરિસ્થિતિ સંસારમાં છે જ નહિ. ગામ અપેક્ષાએ તે એક ગામમાં રહ્યા હોય તો આયુષ્ય પર્યંત રહી શકે કે ભાઈ અહીંયાં જન્મ્યો, અહીંયા મોટો થયો, અહીંયાં જ દેહ પૂરો થયો. પણ પછી તો અવસ્થાન બદલે છૂટકો. ભલે તેનું તે ઘર હોય અને તેનું તે ગામ હોય તોપણ. અનાદિઅનંત કોઈ સ્થળ લોકની અંદર કોઈ આત્માનું નિશ્ચિત નથી. એક સાદિઅનંત સિદ્ધપદ નિશ્ચિત છે. ત્યાંથી પછી અવસ્થાન નથી બદલાતું. એટલે એટલી વાત લીધી છે.

**'તેમજ અવસ્થાન વિવક્ષાથી લોકાગ્ર અવસ્થાનરૂપ થઈને નિવાસ કરે છે. એકેક પ્રદેશની ગણતરી કરતાં અસંખ્ય (પ્રદેશો) છે.'** ગણતરી કરતા. બાકી તો અખંડ આત્મા છે. **'અહીં કોઈ પ્રશ્ન કરે છે કે-જિનાગમમાં 'लोकप्रमाणप्रदेशो हि निश्चयेन जिनागमे' આ પ્રમાણે કહ્યું છે. આ ભેદમાં અસંખ્ય કહેતા નિશ્ચય સિદ્ધ થતો નથી, (કેમકે) નિશ્ચયમાં ભેદ સિદ્ધ થાય નહિ?'** જ્યારે **'निश्चयेन जिनागमे'**. **'निश्चयेन'** એમ શબ્દ વાપર્યો છે. કે નિશ્ચયથી. **'निश्चयेन'**નું ગુજરાતી થાય છે નિશ્ચયથી. લોકપ્રમાણ પ્રદેશો કહ્યા છે. એટલો ભેદ પાડ્યો કે જેટલા લોકના અસંખ્ય પ્રદેશ એટલા આત્માના પ્રદેશ. અને એમાં તો, નિશ્ચયમાં તો અભેદ વસ્તુ હોય અને અહીંયાં નિશ્ચયથી ભેદ છે એમ કહ્યું? આવી એક શંકા ઉઠાવી.

**'તેનું સમાધાન :- ભેદથી અસંખ્ય (પ્રદેશ હોવાનું) પ્રમાણ કર્યું, તેનાથી ઓછા કે વધારે (પ્રદેશો) નથી-આ નિયમરૂપ નિશ્ચય જાણવો.'** અહીંયાં નિશ્ચય એટલે વ્યવહાર નિશ્ચયનો પ્રશ્ન નથી. શંકા ઉઠાવનારે નિશ્ચય અને વ્યવહારના ભેદથી ભેદ-અભેદની વાત કરી. અહીંયાં નિશ્ચય એટલે નિયમની વાત કરવી છે કે એનું જે પરિમાણ છે એ વધારે પણ નહિ

અને ઓછું પણ નહિ એમ નક્કી કરવું છે.

‘**કોઈ પ્રશ્ન કરે છે કે–એક પ્રદેશમાં અનંત ગુણો છે તે સર્વ પ્રદેશોમાં છે. (જે અનંત ગુણો છે) તે (એક પ્રદેશમાં) આખા આવ્યા કે ઓછા આવ્યા?**’ આ આપણે પ્રશ્ન ચાલ્યો હતો. આ થોડું ચાલી ગયું છે વિષ્કંભક્રમ અને પ્રવાહક્રમ એ ચાલી ગયું છે.

‘**તેનું સમાધાન :– સર્વ પ્રદેશોમાં જ્ઞાન છે. પ્રદેશ જુદા જુદા માનવાથી જ્ઞાન જુદું જુદું થઈ જાય;...**’ તેવું નથી. ‘**જ્ઞાનપ્રમાણ આત્મા દ્રવ્ય છે...**’ અથવા જ્ઞાનપ્રમાણ આત્મદ્રવ્ય છે અથવા દ્રવ્યપ્રમાણ જ્ઞાન છે એમ લ્યો. જો એમાં પ્રદેશો સાવ જુદા માનવામાં આવે તો ‘**તે પણ જુદો જુદો થઈ જાય. એ રીતે વિપરીત થાય છે;...**’ એટલે એનું અખંડ પ્રદેશીપણું માનવું રહ્યું એમ કહેવું છે.

‘**માટે વસ્તુમાં અંશકલ્પના નથી (તેમ જ) ગુણમાં પણ (અંશકલ્પના) નથી.**’ આ બહુ સારો મુદ્દો એમણે ચર્ચ્યો છે. વસ્તુમાં પણ અંશકલ્પના કે પ્રદેશમાં પણ અંશકલ્પના નથી. એક સમજવા માટે ભલે કહેવાય. વીસ વારનો તાકો. એ એની લંબાઈ બતાવવાની વાત છે. કે ઓગણીસ વાર નથી કે એકવીસ વાર નથી એટલું કહેવું છે. પણ વારે વારે કોઈ સાંધો નથી. આખો તાકો સળંગ છે વિસ્તારનમાં એમ કહેવું છે. એમ અહીંયાં લંબ-ઈ–પહોળાઈ બતાવવા માટે અસંખ્ય પ્રદેશ કહ્યા. એક પ્રદેશ અને બીજા પ્રદેશ વચ્ચે ખરેખર કાંઈ સાંધ નથી. સળંગ છે આત્મા. અસંખ્ય પ્રદેશી પણ અખંડ છે અને અખંડને બતાવવા માટે કોઈવાર એકપ્રદેશી છે એવો શાસ્ત્રમાં ‘પ્રવચનસાર’ની અંદર એકપ્રદેશી આત્મા છે (એમ કહ્યું છે). એકપ્રદેશ એટલે માપ નથી લેવું. ત્યાં અખંડપણું લેવું છે. એમાં અંશકલ્પનાથી વિપરીતતા થાય એમ કહેવું છે.

‘**પરંતુ પરમાણુમાત્ર ગજથી વસ્તુના પ્રદેશ ગણીએ ત્યારે એટલા (–અસંખ્ય) છે–એમ કહીએ છીએ. (પરંતુ) જેમ પ્રદેશોનું એકત્વ તે વસ્તુનું સ્વરૂપ છે તેમ જ્ઞાનસ્વરૂપ છે.**’ તેમ આત્મા જ્ઞાનસ્વરૂપ કહેતા એમાં કોઈ ભેદકલ્પના ન લેવી. એક પ્રદેશે અનંત ગુણ છે. તો એક પ્રદેશમાં જ્ઞાનગુણ માટે અનંતમો ભાગ આવ્યો કે ન આવ્યો? કે નહિ. ક્યાંય ન આવ્યો અનંતમો ભાગ. અથવા આખા આત્મામાં અનંત ગુણ છે તો એક ગુણને ભાગે અનંતમો ભાગ આવ્યોને આત્માનો? કે એમ નથી. આખા આત્મામાં બધે જ અનંતા ગુણો છે. એક પ્રદેશે કહો કે સર્વ પ્રદેશે કહો. બધે જ અનંતા ગુણો છે. એમ લેવું. એમ પ્રદેશોનું એકત્વ તે વસ્તુનું સ્વરૂપ છે. તેમજ જ્ઞાનસ્વરૂપ છે. એવી રીતે પ્રદેશ અનુસાર ગુણનું પણ એમ જ લેવું એમ કહે છે.

હવે ‘**ક્રમના બે ભેદ છે–(૧) વિષ્કંભક્રમ અને (૨) પ્રવાહક્રમ;...**’ ‘પ્રવચનસ-

૧૨'માં આ વાત લીધી છે. '**વિષ્કંભક્રમ પ્રદેશોમાં છે...**' તે તિર્યકપ્રચય અને પ્રવાહક્રમને ઊર્ધ્વપ્રચય ત્યાં કહ્યો છે. પ્રવાહક્રમ પરિણામમાં. '**દ્રવ્યમાં ક્રમભેદ નથી, વસ્તુના અંગ જ એવા ભેદને ધારણ કરે છે.**' જ્યાં ભેદની વાત આવી ત્યારે વસ્તુનું અંગ છે એમ લેવું. દ્રવ્ય તો ભંગભેદ વગરનું અભંગ છે. અભંગ છે એટલે જે દ્રવ્યસ્વભાવનું અવલંબન છે એને અધ્યાત્મ શાસ્ત્રમાં અભંગ અંગનું અવલંબન લેવું એમ કહેવામાં આવે છે. ભંગ અંગનું અવલંબન ન લેવું, અભંગ અવલંબન લેવું. એમ. એને અભંગ કહ્યું.

'**દ્રવ્યમાં ક્રમભેદ નથી, વસ્તુના અંગ જ એવા ભેદને ધારણ કરે છે. પણ અંગમાં ક્રમભેદ છે, વસ્તુમાં નથી.**' એ અંગની અંદર ક્રમભેદ લીધું છે. વસ્તુની અંદર તો ક્રમભેદ લાગુ પડતા નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અંગ એટલે અંશ, અંગ એટલે અંશ–ભેદ. એમ. એમાં ક્રમ લાગુ પડે. દ્રવ્યમાં ન લાગુ પડે ક્રમ. અથવા દ્રવ્ય કહેતા એ અભેદ છે એમાં ભેદ લાગુ ન પડે. અભેદમાં ભેદ ન દેખાય એનું નામ અભેદનય છે. જે નયથી અભેદ વસ્તુનું સ્વરૂપ છે તે જ નયથી વસ્તુને જોતા ભેદ દેખાય જ નહિ એનું નામ અભેદનય છે.

કેમકે એક વૈજ્ઞાનિક પરિસ્થિતિ એ છે કે છદ્મસ્થ અવસ્થામાં ભેદના અવલંબને રાગની ઉત્પત્તિ અનિવાર્ય છે, વિકલ્પની ઉત્પત્તિ અનિવાર્ય છે. કેવળજ્ઞાનીને સૌથી વધારે ભેદ જણાય છે. ઝીણામાં ઝીણા. કોઈ ભેદ બાકી નથી રહેતો. છતાં એમને રાગ કે વિકલ્પની ઉત્પત્તિ નથી થતી. પણ છદ્મસ્થ અવસ્થામાં એવું નથી બનતું. છદ્મસ્થને ભેદને અવલંબીને જ્ઞાન થાય, જ્ઞાન પરિણમે ત્યારે સાથે સાથે વિકલ્પની ઉત્પત્તિ થઈ જાય. અને ઉપદેશ નિર્વિકલ્પદશાનો હોવાથી અને નિર્વિકલ્પ સ્વરૂપને સમજાવવું હોવાથી ભેદને અત્યંત ગૌણ કરાવે છે ઉપદેશકો. આ ઉપદેશની શૈલી છે. યથાર્થ ઉપદેશની આ શૈલી છે. જીવનું સ્વરૂપ નિર્વિકલ્પ છે અને સ્વરૂપાકાર નિર્વિકલ્પદશા સુધી પહોંચાડવા માટે ઉપદેશની અંદર પણ એ શૈલીથી ઉપદેશ આવે છે. એવો સમ્યક્ હેતુ સમ્યક્ પ્રયોજનને વશ ઉપદેશ ચાલતો હોય છે, આચાર્યોનો, જ્ઞાનીઓનો. એવા પ્રયોજન અથવા હેતુના સમ્યક્‌પણાને નહિ સમજનારા અને શાસ્ત્રનો અભ્યાસ કરનારા ભેદને આગળ ધરે છે કે તમે આમ કહો છો પણ આમ કીધું છે એનું શું? તમે આમ કહો છો એનું આમ કીધું છે (એનું) શું?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ એમ જ કહે કે દ્રવ્યમાં ગુણભેદ ખરા કે નહિ? ત્યારે કહે છે, કહેનારને એ ખ્યાલમાં છે કે દ્રવ્યમાં ગુણભેદ છે, પ્રદેશભેદ છે, પર્યાયભેદ છે, ધર્મભેદ

છે અને ભેદ-પ્રભેદથી અનંતા ભેદ-પ્રભેદો છે. તોપણ એ તો જાણવાનો વિષય છે અને તે પ્રયોજનથી જાણવાના વિષયમાં તો એમ વાત છે કે ભેદો ભેદોનું જ્ઞાન કરાવવા નથી, ભેદો અભેદનું જ્ઞાન કરાવવા માટે છે. પ્રયોજન તો અભેદનું છે.

એટલે જ્યારે અભેદની પ્રધાનતાથી ઉપદેશ ચાલતો હોય ત્યારે ભેદને અત્યંત ગૌણ કરાવે અને અત્યંત ગૌણ કરાવવામાં એમ કહે કે ભેદ છે જ નહિ. એમ કહે. એનું નામ અત્યંત ગૌણ કરાવવું છે. વાણી એવી રીતે આવે, વચન એવી રીતે આવે. અને એનો બહુ સારો આધાર મળે છે 'સમયસાર'ની સાતમી ગાથા. 'સમયસાર'ની સાતમી ગાથામાં એમ કહ્યું કે આત્માને દર્શન, જ્ઞાન, ચારિત્ર વિદ્યમાન નથી. દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદો નથી એવી ભાષા ન વાપરી. કેમકે ભેદો કહેતા પણ, ભેદો નથી એમ કહેતા પણ ભેદો લક્ષમાં આવે.

આમાં જુઓ વિચિક્ષણતા શું છે 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની. કે આત્માને દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદો નથી એમ કહી શકતા હતા. એ તો મહાવિદ્વાન છે. 'અમૃતચંદ્રાચાર્ય'ની વિદ્વત્તા અસાધારણ છે. એટલે વાક્ય એમને બોલતા નથી આવડતું એવું કાંઈ નથી. કેમકે વિદ્વાનોને તો બહુ સારી રીતે વાક્ય બોલતા આવડે. આ તો આચાર્ય કોટીના ઉપદેશક છે. એટલે આત્માને દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદો વિદ્યમાન નથી કે આત્મામાં એવા ભેદો નથી એવી રીતે પોતે લખાણ નથી કર્યું. ટીકા એમ લખી છે કે આત્માને દર્શન-જ્ઞાન-ચારિત્રાણી ન વિદ્યંતે. એવું છે. આત્મામાં દર્શન-જ્ઞાન-ચારિત્ર વિદ્યમાન જ નથી એમ કહે છે. હવે પેલા વિદ્વાન હોય એને એકાંત લાગે. ભેદનો નિષેધ કરવો હતો ને. તમારે અભેદ સમજાવવું હોય તો ભેદનો નિષેધ કરો. અમે ક્યાં ના પાડીએ છીએ. પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી એમ કહેશો તો પછી કો'ક એમ સમજી લેશે કે દર્શન-જ્ઞાન-ચારિત્ર ગુણ જ નથી આત્મામાં. એવું કોઈ સમજી લેશે તો? આ ભય ઊભો કરે છે. તો એને એમ કહે છે કે ભાઈ, હવે આ જે અભેદ સમજવા આવ્યો છે ને એ ભેદથી થાકીને આવ્યો છે. અનાદિથી ભેદવાસનામાં જીવ ઊભો છે. ભેદથી ઘણું સમજ્યો છે અને અભેદ એને પકડાતું નથી એટલે અભેદનું ગ્રહણ કરાવવા અર્થે હવે ઉપદેશ ચાલે છે. માટે એ તું અહીંયાં શંકા કરીશ જ નહિ એમ કહે છે.

'સમયસાર'. '**આ જ્ઞાયક આત્માને બંધ પર્યાયના નિમિત્તથી અશુદ્ધપણું તો દૂર રહો,...**' પર્યાયમાં જે બંધનો સંબંધ છે અને અશુદ્ધિ છે, ભાવઅશુદ્ધિ, દ્રવ્યઅશુદ્ધિ, એ તો અહીંયાં અમારે ચર્ચા પણ નથી કરવી. એ છઠ્ઠી ગાથામાં સિદ્ધ કહી દીધું અમે કે જ્ઞાયકને ઈ કાંઈ છે નહિ. પ્રમત્તદશા નથી અને અપ્રમત્ત દશા પણ નથી. '**પણ એને દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ વિદ્યમાન નથી;...**' '**ज्ञायकस्याशुद्धत्वं, दर्शनज्ञानचारित्राण्येव न विद्यन्ते**' આમ લીધું છે લ્યો. દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ વિદ્યમાન નથી એમ નથી કહેતા. એવા ભેદ

નથી એમ નથી. એને દર્શન-જ્ઞાન-ચારિત્ર જ નથી. આ જોરથી જ્યારે ભેદનો નિષેધ કરવો હોય ત્યારે આવી રીતે કરાય.

અને 'જયચંદ્રજી'એ બહુ સરસ વાત કરી છે કે '**અહીં કોઈ કહે કે પર્યાય પણ દ્રવ્યના જ ભેદ છે, અવસ્તુ તો નથી;...**' કારણ કે ગુણભેદ હજી કોઈને ન સમજાય. બધા ગુણોનું એકરૂપ, ગુણોનું એકરૂપ તે દ્રવ્ય. પણ પર્યાયભેદ તો છે કે નહિ? અવસ્તુ તો નથી. '**તો તેને વ્યવહાર કેમ કહી શકાય?**' એ તો નિશ્ચય વસ્તુનું અંગ થયું. એને વ્યવહાર કેમ કહેવાય? '**તેનું સમાધાન :–**' એ વાત એ દૃષ્ટિકોણથી '**એ તો ખરું છે...**' એ પર્યાયના અંગ છે. માટે એ નિશ્ચય અંગ છે એનું. '**પણ અહીં દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરી ઉપદેશ છે.**' વસ્તુનું સ્વરૂપ નથી બતાવતા, ઉપદેશ કરીએ છીએ એમ કહે છે. અને '**અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે.**' આ બહુ સરસ વાત કરી છે. '**અહીં દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરી ઉપદેશ છે. અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે.**' ગૌણ કર્યા વગર, એને મુખ્ય કરે, એને મુખ્ય કરે, અપેક્ષાએ ભેદ છે, અપેક્ષાએ ભેદ છે (તો) અભેદ નહિ જણાય. એમ કહે છે. '**તેથી ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે.**' વ્યવહારને હંમેશા ગૌણ કરવો જોઈએ.

'**અહીં એવો અભિપ્રાય છે કે ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પદશા નથી થતી...**' કોને? સરાગીને. '**ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પદશા નથી થતી અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે;...**' જ્યાં સુધી ભેદ એના લક્ષમાં આવે, જ્ઞાનમાં આવે ત્યાં સુધી એને વિકલ્પ રહ્યા જ કરે. '**માટે જ્યાં સુધી રાગાદિક મટે નહિ...**' એટલે સરાગી હોય ત્યાં સુધી '**ભેદને ગૌણ કરી અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે.**' આ હેતુ છે. આ હેતુથી આત્માને દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી, વિદ્યમાન નથી એમ કહેવામાં આવે છે. અને તે પારમાર્થિક હેતુથી યોગ્ય જ છે એમ કહેવું છે.

'**વસ્તુના અંગ જ એવા ભેદને ધારણ કરે છે. પણ અંગમાં ક્રમભેદ છે, વસ્તુમાં નથી.**' દૃષ્ટાંત આપે છે. '**જેમ નરના...**' એટલે મનુષ્યના '**અંગમાં ક્રમભેદ છે (પણ) નરમાં...**' કાંઈ ક્રમ છે? મનુષ્યમાં ક્રમપણું છે? તમે ઉપરથી લ્યો તો એમ કહે કે ભાઈ પહેલા મસ્તક આવે. મસ્તકમાં પણ પહેલા આંખનું અંગ આવે પછી નાકનું અંગ આવે પછી મોઢું આવે પછી આ ગળું આવે. એમ અંગમાં ક્રમ પડે, પણ આખા મનુષ્યમાં શું ક્રમ પાડો તમે? મનુષ્યપણામાં કોઈ પહેલું-પછી નથી કે આ અંગ પહેલું અને આ અંગ પછી. હાથનું કામ હાથ કરે, પગનું કામ પગ કરે, મોઢાનું કામ મોઢું કરે. એમાં કાંઈ ક્રમ પડતો નથી. નરમાં ક્રમ નથી '**એ પ્રકારે જાણવું.**'

**‘જેમ અરીસામાં પ્રકાશ છે, (ત્યાં) આખા અરીસામાં (જેવો પ્રકાશ) છે તેવો જ અરીસાના એક પ્રદેશમાં છે.’** અહીંથી આપણે શરૂ કરવાનું છે. નર સુધી વાત આવી હતી. **‘જેમ અરીસામાં પ્રકાશ છે, (ત્યાં) આખા અરીસામાં (જેવો પ્રકાશ) છે તેવો જ અરીસ-ાના એક પ્રદેશમાં છે.’** પ્રકાશ એટલે શું સ્વચ્છતા લ્યો આપણે. અરીસો છે. ચોરસ કે ગોળ કે ગમે તેવો અરીસો હોય એમાં એની આખી સપાટીમાં બધે સ્વચ્છપણું છે. એક પ્રદેશમાં જેવું સ્વચ્છપણું છે એવું આખા અરીસામાં છે. **‘(જેવો પ્રકાશ) છે તેવો જ અરીસાના એક પ્રદેશમાં છે. તે પ્રદેશ અરીસામાં જુદો તો નથી...’** હવે ક્ષેત્રમાં જુઓ તો કોઈ પ્રદેશ એમાં જુદો નથી. અખંડ અરિસો આખો છે.

**‘પણ (જ્યારે) પરમાણુમાત્ર પ્રદેશને કલ્પીએ ત્યારે તે પ્રદેશમાં જાતિશક્તિ તો તેવી (અરીસા જેવી) જ છે,...’** જ્યારે એને ખંડ કલ્પના કરવામાં આવે ત્યારે બધા પ્રદેશમાં જાતિ અને શક્તિ આખા અરીસામાં છે એવી એક જગ્યાએ પણ કોઈપણ એક પોઈન્ટમાં છે. **‘પરંતુ સંપૂર્ણ વસ્તુ બધા પ્રદેશોનું નામ પામે છે.’** આખી વસ્તુ, બધા પ્રદેશોનું નામ આખી વસ્તુ એવું નામ પામે છે. **‘એ પ્રકારે જાતિ-શક્તિ ભેદથી તો પ્રદેશમાં ગુણ આવ્યો,...’** કોઈ એક પ્રદેશમાં જાતિ અને શક્તિનો એકસરખો ગુણ આવ્યો.

**‘પરંતુ સંપૂર્ણ આત્મવસ્તુ તો અસંખ્ય પ્રદેશમય છે;...’** એ મય છે એમ. અભેદ છે. અખંડ પ્રદેશમય જ આખી વસ્તુ છે. **‘એક પ્રદેશ લોકાલોકને જાણે તે જ સર્વ પ્રદેશો જાણે,...’** એક દૃષ્ટાંત લીધું હતું કે આમ આપણે વિચાર કરીએ છીએ કે આંખથી આ લાલ રંગ દેખાણો. આંખથી આ .. દેખાણું. પણ ખાલી આંખમાં પરિણમન નથી. જ્ઞાનનું પરિણમન બધા પ્રદેશે થાય છે. એમ છે. જેમકે અરીસામાં પ્રતિબિંબ પડે. તો અમુક જગ્યાએ એક અંગ દેખાય, અમુક જગ્યાએ બીજા અંગનું પ્રતીબિંબ, અમુક જગ્યાએ ત્રીજા અંગનું પ્રતિબિંબ હોય. તો જુદા જુદા પ્રદેશમાં જુદા જુદા અંગનું પ્રતિબિંબ પડ્યું એમ અરીસામાં કટકા ન થાય. આખા અરીસામાં એનું પરિણમન છે એમ લેવાય, એમ લેવું છે અહીંયાં. આખો અરીસો જ પરિણમે છે. એટલે એના એક પ્રદેશે જાતિ શક્તિનો ગુણ આવ્યો.

**‘પરંતુ સંપૂર્ણ આત્મવસ્તુ તો અસંખ્ય પ્રદેશમય છે; એક પ્રદેશ લોકાલોકને જાણે તે જ સર્વ પ્રદેશો જાણે,...’** જ્ઞાન તો સર્વ પ્રદેશમાં પરિણમે છે **‘પરંતુ સર્વ પ્રદેશોનો એકત્વભાવ તે વસ્તુ છે.’** એટલે એમ કહેવું છે કે એક ગુણ પૂરા પ્રદેશમાં પરિણમે છે. આ ગુણની વ્યાખ્યા છે પ્રદેશ અપેક્ષાએ. એક ગુણ સર્વકાળે પરિણમે છે અને પૂરા પ્રદેશમાં પરિણમે છે. એમ જ્ઞાનગુણ પૂરા પ્રદેશમાં પરિણમે છે. માત્ર આંખથી જોવે છે અને આંખ સિવાય બીજું જ્ઞાન ત્યાં નથી જોવાનું. એમ નથી. જ્ઞાન તો પૂરા પ્રદેશમાં થાય છે. પણ

પોતાને એવો અભ્યાસ હોય છે કે મને અહીંયાં જ જણાય છે. એવો અભ્યાસ થાય છે. ખરેખર એવું નથી. જ્ઞાનનો પર્યાય પૂરા પ્રદેશમાં પરિણમે છે એ વખતે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પરિણમી રહ્યું છે. તે વખતે આખા પ્રદેશમાં જ્ઞાન પરિણમી રહ્યું છે. આ ડોક્ટરો કહે છે ને કે જ્ઞાનતંતુઓ જ્ઞાનને લઈ જાય છે. જેમકે સ્પર્શનું જ્ઞાન. અહીંયાં સોય કોઈએ અડાડી તો કહે ખબર અહીંયાં પડી. હવે જો અહીંયાં સોય અડાડી તો અહીંયાં જ જ્ઞાન થવું જોઈતું હતું. અહીંયાં કેમ ખબર પડી?

મુમુક્ષુ :- એમ દેખાય છે..

પૂજ્ય ભાઈશ્રી :- એ બધું દેખાડે છે કે સળંગ આત્મા છે. એક પ્રદેશી આત્મા નથી. આત્મામાં પ્રદેશના ખંડ ખંડ નથી. ગમે તે જગ્યાએ જે કાંઈ જ્ઞાન થાય તે તરત જ બધે ખબર પડી જાય છે. આખા આત્મદ્રવ્યને એનું જ્ઞાન થઈ જાય છે.

મુમુક્ષુ :- ... ખસી જતા નથી?

પૂજ્ય ભાઈશ્રી :- ના, પ્રદેશો ખસતા નથી પણ આવરણનો એક પ્રકાર છે એ. જ્ઞાનના આવરણનો પ્રકાર છે. હવે લકવામાં અનેક જાતના લકવા થાય છે. કોઈને સ્પર્શનું જ્ઞાન થાય પણ પોતે હલન-ચલન ન કરી શકે. એને ટાઢું-ઊનું ખબર પડે, માખી બેસે એ ખબર પડે, સોય અડે એ ખબર પડે, બધી ખબર પડે પણ એ પોતે હલાવી-ચલાવી ન શકે. પોતાની ઈચ્છા પ્રમાણે તે હાથપગને હલાવી-ચલાવી ન શકે. જે અંગનો લકવા હોય એ અંગના હાથ-પગને એ ચલાવી ન શકે. બાકી આમ જ્ઞાન થાય. સ્પર્શાદિનું જ્ઞાન (થાય).

હમણા એક ભાઈ.. તમને તો ખબર પડી હશે. (એક મુમુક્ષુની) તબિયત બગડી છે. ભાઈને મગજમાં... સ્કેનિંગ કરાવી લીધું, એક જગ્યાએ લોહી જામી ગયું છે. આજથી પાંચેક-છ દિવસ પહેલા ઘરે સાંજે બેઠા હતા એમાં બોલવામાં કાંઈક ફેર પડ્યો, મોઢું ખેંચાવા માંડ્યું. એમના વાઈફને ખબર પડી કે કેમ તમે આમ બોલો છો? તો કહે ના ના, બરાબર છે મને કાંઈ થયું નથી. તો કહે ના ના, તમારું મોઢું એક બાજુ ખેંચાય છે અને બોલવામાં પણ લોચા વળે છે. તો કહે, મને તો કાંઈ એવું નથી લાગતું. તો કહે ના ના, તમે સૂઈ જાવ. પછી થોડી વધારે અસર થઈ અને પછી બેભાન થઈ ગયા એ વાત કરતા કરતા. અત્યારે પ્રાઈવેઈટ હોસ્પીટલમાં, ટોળિયાની હોસ્પિટલમાં રાખ્યા છે. બેશુદ્ધ પડ્યા છે. સાંજે સાંજે જતો હતો. હું નીકળ્યો ત્યાં સુધી તો શુદ્ધિમાં નથી આવ્યા. સાત દિવસ થઈ ગયા. પણ એ કહે છે કે હાથ અડાડીએ તો જરા આઘો લઈ લે છે. આમ કરીએ તો ફેરવી લે છે. આમ થઈ જાય છે, તેમ થઈ જાય છે. એ અમને પોતાને ખબર નથી કે હું શું કરું છું. પણ એવી સેન્સ છે કે જે

બાજુની અસર છે ઈ બાજુ, જમણી બાજુ અસર છે ત્યાં પણ એવી પરિસ્થિતિ છે. આમ તો સાંભળે એવી (પરિસ્થિતિ નથી).

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આત્માના પ્રદેશો ત્યાં છે પણ..

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે જ્ઞાન ત્યાં વેદનાનું નથી થતું. પણ જ્ઞાન જ નથી થતું એવું નથી. જે બહેરાશ થઈ એને એનું તો જ્ઞાન છે ત્યાં. જેમ કે આ કાને માણસ બહેરો થઈ જાય છે. ચાર ઇન્દ્રિય જીવ નથી થયો. પંચેન્દ્રિય છે. સંજ્ઞી પંચેન્દ્રિય છે. પણ શું થાય છે કે કાનમાં અમુક જાતનો અવાજ આવતો હોય છે. જે બહેરા હોય ને એને પૂછો. તો એ કહે કે જુદી જુદી જાતના બધા અવાજ (આવે). એમાં પણ ઘણી ક્વોલિટી છે બહેરાશ થવામાં. એનો અવાજ આવતો હોય છે. જો સાવ બહેરો હોય તો એનો પણ અવાજ ન આવે. પણ એનો અવાજ એટલો આવતો હોય છે કે બીજું ન સંભળાય એમ એનો અર્થ છે. કેમકે ... છૂટી જાય છે.

માણસ એમ કહે કે કાંઈ જોતો નથી આંધળો થઈ ગયો. ખરેખર એમ નથી. તમને શું દેખાય છે? એમ પૂછો તો કહે કે અંધારું દેખયા છે. બધું કાળુ કાળુ લાગે છે. પણ આંખને જોવાનો, કોઈ એક રૂપને જોવાનો, કોઈ એક રંગને જોવાનો તો ગુણ છે. એ ચાર ઇન્દ્રિય નથી થયો. પણ એને જેને ચક્ષુ ઇન્દ્રિયની લબ્ધિ કહે છે એ લબ્ધિમાં ફેરફાર છે. લબ્ધિની વધ-ઘટ છે.

... એક જ ઇન્દ્રિયના વિષયમાં કામ કરે. તો ચાર ઇન્દ્રિય છે એ નક્કી થઈ ગઈ? એકેન્દ્રિય જીવ થોડો છે એ વખતે? પણ બાકીની ચાર ઇન્દ્રિયની લબ્ધિ છે. એટલે એનો ઉપયોગ લબ્ધિનો ક્યારેક ક્યારેક ઉપયોગ થાય. લબ્ધ જ્ઞાન જુદું, લબ્ધિ જુદી પાછી, હોં! અને ક્યારેક ક્યારેક લબ્ધ જ્ઞાનને પણ લબ્ધિ એવું શાસ્ત્રમાં કહે છે. પણ લબ્ધ તો પરિણતિરૂપ છે. ત્યારે લબ્ધિ છે એ તો જેમ પુણ્યની લબ્ધિ થાય છે. ક્યારેક એનો ઉપયોગ થાય, એવી રીતે છે. એટલે એને પુણ્યાશ્રિત કહેવાય છે. આને પુણ્યનું ફળ કહેવાય છે. જેમ કોઈ રિદ્ધિ-સિદ્ધિની લબ્ધિ મળે છે ને? એમ એકેન્દ્રિયમાંથી પંચેન્દ્રિય થયો એ એની લબ્ધિ કીધી છે એને. લબ્ધિ એટલે પ્રાપ્તિ ત્યાં, અને એનો ઉપયોગ ક્યારેક ક્યારેક થાય એનું નામ લબ્ધિ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ખંડ ખંડ જ્ઞાનને દૃઢ કરે છે. ખંડ ખંડ જ્ઞાનની પ્રવૃત્તિમાં ખંડ ખંડ જ્ઞાનને દૃઢ કરી લે છે. ત્યારે એને સમજાવવામાં આવે છે કે ભાઈ! તારી વસ્તુ અખંડ

છે અને અખંડ જ્ઞાન એ તારો સ્વભાવ અને સ્વરૂપ છે. ખંડ ખંડ જ્ઞાન તારો સ્વભાવ અને સ્વરૂપ નથી. એ ઉપદેશનો વિષય ...

**'અહીં કોઈ પ્રશ્ન કરે છે કે-એક ગુણના અનંત પર્યાયો છે; અને એક પ્રદેશમાં એક ગુણ છે તેમાં અનંત પર્યાયો કઈ રીતે આવ્યા?'** એક પ્રદેશમાં એક ગુણ છે તેમાં અનંત પર્યાયો એક ગુણના અનંત પર્યાયો છે. એ તો ક્રમથી થાય છે ને અનંત? એક એક ગુણને જે અનંત પર્યાયો થાય છે એ તો ક્રમથી થાય છે. એક પ્રદેશમાં એક ગુણ છે તેના અનંત પર્યાયો કઈ રીતે આવ્યા?

**'તેનું સમાધાન :- એક પ્રદેશમાં સૂક્ષ્મત્વ ગુણ છે તેમ જ અનંત ગુણો છે, તે સર્વે સૂક્ષ્મ છે; તેથી સૂક્ષ્મ ગુણના સર્વે પર્યાયના જાતિભેદ-શક્તિભેદ એક છે એમ આવ્યું.'** અહીંયાં તો શું છે કે એક ગુણના અનંત પર્યાયો છે. એક જ પ્રદેશ નથી પણ એક પ્રદેશમાં અનંત ગુણ છે અને એના અનંત પર્યાયો છે એક જ પ્રદેશે. ગુણ પણ અનંતા છે અને એના પર્યાયો પણ અનંતા છે ભેદથી. તો કહે છે, એ સૂક્ષ્મત્વને કારણે છે. એટલા સૂક્ષ્મ છે બધા ગુણો કે એક પ્રદેશે બધા અવગાહે છે. આખા આત્મામાં પણ અવગાહે છે અને આત્માના દરેક પ્રદેશે પણ અનંત ગુણો અવગાહે છે. એની પર્યાયો પણ અનંત પર્યાયો અનંત ગુણની અનંત પર્યાયો પણ સર્વ પ્રદેશે સૂક્ષ્મત્વ હોવાને લીધે રહી શકે છે. **'તેથી સૂક્ષ્મ ગુણના સર્વે પર્યાયના જાતિભેદ-શક્તિભેદ છે.'** તેથી સૂક્ષ્મત્વગુણની અપેક્ષાએ લઈએ તો બધા એક જ છે. બધા સૂક્ષ્મ છે.

જાતિભેદ પણ એક છે એટલે એક જ સૂક્ષ્મત્વ જાતિના છે અને એક જ સૂક્ષ્મત્વ શક્તિના છે એમ લઈ શકો. અને ગુણ અપેક્ષાએ જુદા જુદા લ્યો તો જ્ઞાન જુદું, ચારિત્ર જુદું, આનંદ જુદો, .. જુદું એમ પણ લઈ શકાય. જાતિભેદ પણ લ્યો, ગુણભેદ પણ લ્યો અને અભેદ પણ લ્યો. સૂક્ષ્મત્વની અપેક્ષાએ બધા જ સૂક્ષ્મ છે. એમ ચૈતન્યની અપેક્ષાએ બધા ચૈતન્યજાતિના છે. સૂક્ષ્મત્વની અપેક્ષાએ બધા સૂક્ષ્મત્વ જાતિના છે. જડની અપેક્ષાએ બધા જડત્વ જાતિના છે.

**'વસ્તુનો એક ગુણ છે તે વસ્તુમાં વ્યાપક છે (અને) વસ્તુ સર્વે ગુણોમાં વ્યાપક છે.'** વસ્તુનો એક ગુણ વસ્તુમાં વ્યાપક છે અને વસ્તુ સર્વ ગુણોમાં વ્યાપક છે એવી અભેદતા છે. જુઓ! અભેદતા કેવી છે? કે વસ્તુનો એક ગુણ આખી વસ્તુમાં વ્યાપેલો છે અને આખી વસ્તુ? તો અનંતે અનંત ગુણમાં વ્યાપેલી છે. એટલે વસ્તુત્વ છે ને? વસ્તુત્વ ગુણ છે એને લઈને. અથવા વિભૂત્વગુણ છે કે આખી વસ્તુ? કે અનંત ગુણમાં વ્યાપેલી છે. એક ગુણ? તો આખી વસ્તુમાં વ્યાપેલો છે. પ્રત્યેક ગુણ? તો કહે, આખી વસ્તુમાં વ્યાપેલો છે. આખી

વસ્તુ? તો કહે, અનંતેઅનંત પ્રત્યેકમાં વ્યાપેલી છે. આવી ગુણ અને વસ્તુને—ગુણીને અભેદતા છે.

એમાં વિશેષ એમ લેવાય છે પાછું કે ભેદ મર્યાદિત છે. અભેદતા? તો કહે, અમર્યાદિત છે. કેમકે ભેદ તો ભેદ સુધીની મર્યાદામાં લાગુ પડે અને અભેદતા? તો કહે, અનંત ગુણોમાં વ્યાપવું થાય છે. વસ્તુને તો અભેદપણું જે છે એ અનંત ગુણોમાં અમર્યાદિત સમય માટે વ્યાપવું થાય છે. માટે અભેદતા અમર્યાદિત છે. ભેદ મર્યાદિત છે. એટલે અભેદનું પ્રાધાન્યપણું છે, ભેદનું ગૌણપણું છે.

**'વસ્તુનો એક ગુણ છે તે વસ્તુમાં વ્યાપક છે (અને) વસ્તુ સર્વે ગુણોમાં વ્યાપક છે.'** એટલે અભેદતા સાધવા માટે આ જે વસ્તુ વ્યવસ્થા છે એ વ્યાપકતાની અપેક્ષાએ બહુ ઉપકારી છે. ભેદજ્ઞાનમાં પણ જ્ઞાનની વ્યાપકતાથી વસ્તુનું ગ્રહણ થાય છે કે હું જ્ઞાનથી મારા આત્માને જોવ છું, સમજું છું ત્યારે મને એમ લાગે છે કે મારું જ્ઞાન પરપદાર્થમાં તો વ્યાપતું નથી, શરીરમાં પણ વ્યાપતું નથી અને રાગમાં પણ વ્યાપતું નથી. જ્ઞાન માત્ર જ્ઞાનમાં વ્યાપે છે. આમ જુદો પડી જાય છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાન પોતાનો અનુભવ કરે છે. અને જ્ઞાન જ્યારે પોતાનો અનુભવ કરે છે ત્યારે એ એમ જોવે છે કે જ્ઞાનમાં જ્ઞાનનું વ્યાપ્યવ્યાપકપણું છે. મારા અનુભવથી જોતાં, મારી વ્યાપ્ય-વ્યાપકતા મારામાં છે અને મારા સિવાય ક્યાંય નથી. એમ અનુભવગોચર થાય છે, વેદનગોચર થાય છે. એટલે ભિન્ન પડી જાય છે. અને જ્યારે મારી વ્યાપકતા નથી કોઈ રાગમાં કે પરમાં, ત્યારે મને કોઈ રાગની કે પરની અસર પણ મારા-માં થતી નથી. કારણ કે હું વ્યાપતો નથી. મારામાં કોઈ વ્યાપતું નથી, હું કોઈમાં વ્યાપતો નથી માટે મને કોઈ પરની અસર નથી. આવી રીતે પોતાનું મુક્તપણું અનુભવગોચર થાય છે. અથવા પરની જે અસર મને થાય છે એવો જે અધ્યાસ એની નિવૃત્તિ થઈ જાય છે. વ્યાપકતાનો મુદ્દો ભિન્ન પડવા માટે, રાગથી અને પરથી ભિન્ન પડવા માટે અને સ્વરૂપમાં અભેદતા સાધવા માટે બહુ મહત્ત્વનો મુદ્દો વ્યાપકતાનો છે.

જ્યાં સુધી વ્યાપકતા સુધી અભ્યાસ પરિણામનો ન થાય કે જ્ઞાન જ્ઞાનમાં જ વ્યાપે છે, ત્યાં સુધી જ્ઞાનની વેદકતા સુધી પહોંચાય નહિ અને જ્ઞાનનું સૂક્ષ્મ વેદન આવે નહિ. આવિર્ભૂત થઈને અને જ્ઞાનનું પ્રત્યક્ષપણું પણ વેદકતા વગર તો પ્રત્યક્ષપણાનો મુદ્દો સાધ્ય થતો નથી. એટલે પોતે પોતાથી પ્રત્યક્ષ છે એ વાત એ અનાદિથી અંધારામાં ઊભો છે એને ઇન્દ્રિયજ્ઞાનના અવલંબને ઊભો છે એ સ્થિતિ છૂટે.

અહીંયાં આ વાત બહુ સારી લીધી. '**વસ્તુનો એક ગુણ છે તે વસ્તુમાં વ્યાપક છે (અને) વસ્તુ સર્વે ગુણોમાં વ્યાપક છે.**' આ પરિસ્થિતિ છે. '**તેથી સૂક્ષ્મ(ત્વ) ગુણ પણ પોતાના પર્યાયવડે સર્વે ગુણોમાં વ્યાપક છે, અખંડિત છે.**' તેથી સૂક્ષ્મત્વગુણ પણ પોતાના પર્યાય વડે સર્વ ગુણોમાં વ્યાપક છે. સૂક્ષ્મપણું પણ પોતાના પર્યાય વડે સર્વ ગુણોમાં સૂક્ષ્મત્વ વ્યાપી ગયું છે. સૂક્ષ્મત્વ આખા દ્રવ્યમાં વ્યાપેલું છે. આખું દ્રવ્ય જ સૂક્ષ્મ થઈ ગયું છે એમ કહે છે. અને તે '**અખંડિત છે.**' એમાં ખંડ-બંડ ક્યાંય નથી. ગુણના ખંડ ન જોવા, પ્રદેશના ખંડ ન જોવા અને પર્યાયના ખંડ પણ ન જોવા.

એક આ ચિદ્‌વિલાસ જોતાં આ બધા ખંડ ઊડી જાય એવું છે. એવું સરસ એમણે દરેક પ્રકરણ લખ્યું છે. ભેદથી લખ્યું છે પણ અભેદતા જે દર્શાવી છે પ્રશ્ન ઉત્તર ઉઠાવીને એ બહુ સરસ લીધું છે. જેમ કે એક દૃષ્ટાંત લઈએ. પર્યાયભેદ તો છે ને વ્યતિરેક છે. ગુણભેદમાં તો શું છે કે વ્યતિરેકપણું નથી. તિર્યકપ્રચય છે. પણ ઓલા તો ઊર્ધ્વપ્રચય છે ને એટલે એક પર્યાયમાં બીજી પર્યાય નથી. અથવા એક પર્યાયના કાળે બીજી સર્વ પર્યાયનો અભાવ છે. ત્યારે જ એક પર્યાયનો સદ્‌ભાવ છે. અને બીજી પર્યાયનો સદ્‌ભાવ થતાં પહેલી પર્યાયનો અસદ્‌ભાવ થાય ત્યારે જ બીજી પર્યાયનો સદ્‌ભાવ થાય. ભલે તે જ કાળે. પણ બે પર્યાય એકસાથે ન રહે કોઈ ચીજની. જેમ કે આ આંગળી વળેલી હોય ત્યારે સીધી ન હોય અવસ્થામાં, સીધી હોય ત્યારે વળેલી ન હોય. કેમકે તે જ આંગળી વળે છે કે જે સીધી હતી. અથવા સીધી તે જ થાય છે કે જે વળેલી હતી. એટલે બે પર્યાય એકસાથે એક ચીજની ન રહી શકે. છતાં પણ બે પર્યાય વચ્ચે અનુસ્યુતિ છે. અન્વય વગર વ્યતિરેક નથી. આ એક પદાર્થની વાસ્તવિકતા છે.

પર્યાયને જોનાર કેવળ વ્યતિરેકને જોવે તો એને પર્યાયની કલ્પના થાય. પર્યાયનું જ્ઞાન ન થાય. પર્યાયનું જ્ઞાન એને ન થાય. જેમ કે ૧૧૪ ગાથા છે ને? એક ચક્ષુને બંધ કરી દેવાની, સર્વાથા બંધ કરી દેવાની જે વાત છે એ અપેક્ષિત વાત છે. જ્યારે દ્રવ્યાર્થિકનય કે પર્યાયાર્થિકનયનો વિષય સમજાવવા માટે કોઈ હેતુથી વાત છે. પણ દ્રવ્યાર્થિકનય કે પર્યાયાર્થિકનય પ્રમાણ વગર કદી પ્રવૃત્તિ ન કરે. પ્રમાણ વગર પ્રવૃત્તિ કરે? પ્રમાણ વગર તો નય જ ન હોય. પ્રમાણજ્ઞાન વગર જો નયની પ્રવૃત્તિ હોય તો એને નયાભાસ કહે છે. અથવા જે સૂત્ર છે 'ઊમાસ્વામી'નું સાપેક્ષા નયાઃ. અને નિરપેક્ષ નય તે મિથ્યા છે એમ કહે છે પાછા ત્યાં. પણ જો સર્વથા તમે ચક્ષુ બંધ કરો તો એ મિથ્યા નય થઈ જશે. માટે સર્વથા શબ્દ પણ અપેક્ષિત છે ત્યાં અથવા હેતુસર છે ત્યાં. એમ લેવું. એ ન સમજે તો ગડબડ થાય એવું છે. એકાંત થઈ જાય. સંતુલન ન રહે પછી. પછી સંતુલન ગુમાવી દે.

એટલે જ્યારે બીજા પણ આચાર્યના સૂત્રો હોય ત્યારે એને મેળ મેળવવાનો ખ્યાલ આવવો જોઈએ. અનુસંધાન રહેવું જોઈએ. નય, પ્રમાણ વગર કદી પ્રવૃત્તિ કરતો નથી. અથવા પ્રમાણના અંશને નય કહેવામાં આવ્યો છે. અંગ હોય અને અંગી ન હોય એવું કદી બને નહિ. કેમકે અંગીના નાશમાં અંગનો નાશ છે. જ્યારે તમે અંગી નથી એમ કહો તો પછી એનું અંગ જ નથી એમ તમારે સ્વીકારવું જ રહ્યું વગર દલીલે. માટે સર્વથા શબ્દ ત્યાં પ્રયોજનવશ છે. નહિતર તો ભેદનું જ સાધન થઈ જાય. ભેદ જ સધાય. કેમકે નયનો વિષય ભેદ છે. દ્રવ્યાર્થિકનયનો વિષય ભેદ છે. પર્યાયાર્થિકનયનો વિષય ભેદ છે. નયનો વિષય જ ભેદ છે. વસ્તુ તો અનુભય સ્વરૂપ છે. ન તો દ્રવ્યાર્થિકનયનો વિષય છે, ન તો પર્યાયાર્થિકનયનો વિષય છે અને છતાં અપેક્ષાએ નય પ્રમાણના વિષયમાં એને સમાવેશ કરવામાં આવે છે. કેમકે શ્રુતજ્ઞાન તો નય પ્રમાણ વગર છે જ નહિ.

પંચાધ્યાયીકારને એ કહેવું પડ્યું કે વસ્તુ છે તે અનુભય (સ્વરૂપ) છે. ત્યાં સ્વભાવ લેવો છે. કેમકે સ્વભાવ પર્યાયમાં વ્યક્ત છે અને દ્રવ્યમાં અવ્યક્ત છે. સળંગ છે. દ્રવ્યગુણપર્યાયમાં વ્યાપેલો છે સ્વભાવ. જ્ઞાનસ્વભાવ દ્રવ્યગુણપર્યાયમાં વ્યાપેલો છે. હવે જો તમે એને માત્ર પર્યાયાશ્રિત ખંડ પકડો તો અનિત્ય થઈ જાય વસ્તુ. સ્વભાવ અનિત્ય થઈ જાય. જો તમે દ્રવ્યાશ્રિત પકડો અવ્યક્ત ખંડને અને પર્યાયને મૂકી દયો તો કેવળ અનિત્ય થઈ જાય, કેવળ નિત્ય થઈ જાય. કાં કેવળ નિત્ય થઈ જાય, કાં કેવળ અનિત્ય થઈ જાય. એ બંને સ્વરૂપ છે એમ લઈએ તો? તો કહે ભેદ હજી લક્ષમાં રહે છે દ્રવ્યપર્યાયના. તો કહે, એનું ઉભયસ્વરૂપ કહી દો. તો કહે ના, અમારે ઉભયસ્વરૂપ નથી કહેવું. અમારે અનુભયસ્વરૂપ કહેવું છે. એ ભેદનો નિરસ કર્યો છે. અનુભયસ્વરૂપ કહીને ભેદનો અસ્ત કરી નાખ્યો છે, ભેદને નિરસ્ત કરી નાખ્યો. બહુ સારી (શૈલી છે).

એવી રીતે વ્યાપકપણું જે સ્વભાવનું વ્યાપકપણું છે. વસ્તુ એક ગુણ છે. '**વસ્તુનો એક ગુણ છે તે વસ્તુમાં વ્યાપક છે (અને) વસ્તુ સર્વે ગુણોમાં વ્યાપક છે.**' વસ્તુ સર્વ ગુણોમાં વ્યાપક છે. '**તેથી સૂક્ષ્મત્વ ગુણ પણ પોતાના પર્યાયવડે સર્વે ગુણોમાં વ્યાપક છે, અખંડિત છે. (જો) એક ગુણને ખંડખંડ પર્યાયવડે જુદો જુદો વ્યાપક કહેવામાં આવે તો સૂક્ષ્મ(ત્વ ગુણ) અનંત થઈ જાય.**' તો સૂક્ષ્મત્વ ગુણ પણ અનંત થઈ જાય. '**એક ન રહે; એમ થતાં દ્રવ્ય અનંત થઈ જાય.**' ખંડ જો પાડવામાં (આવે), ખંડથી જોવામાં આવે તો અનંત ખંડ થઈ જાય. એક વસ્તુના અનંત ટૂકડા થઈ જાય અને એવી શ્રદ્ધા અને એવું જ્ઞાન તેને મિથ્યાજ્ઞાન કહેવામાં આવે છે. અહીં સુધી રાખીએ...

**તા. ૨૯-૬-૧૯૯૧, પાના નં. ૭૮**
**પ્રવચન નં. ૧૬**

આમાં આધાર કોનો લેવાય છે ?

મુમુક્ષુ :- આધાર ધ્રુવનો લેવાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- સત્તાનો આધાર લેવાય છે. ધ્રુવ સત્તાનો આધાર લેવાય છે. બરાબર છે? અને ધ્યાન પોતાના સ્વક્ષેત્રની અંદર જેટલો ચૈતન્યપિંડ છે એની અંદર રમણતા કરે છે ધ્યાનથી. પરિણામની એકાગ્રતા થયા કરે છે. બરાબર છે? તો એવું જે ધ્રુવનું જે ક્ષેત્ર છે એના અવલંબનભૂત જે વિષય છે સત્તા એનું જરાય અવલંબન ન લેવાય. એમ કહેવું છે. પર્યાયનું અવલંબન ન લેવાય જરાય. બરાબર, એક સત્તા એક ક્ષેત્ર લ્યો તો? પર્યાયનું જો એક ક્ષેત્ર સર્વથા લ્યો તો એનું અવલંબન લેવું જ પડે.

મુમુક્ષુ :- નહિ એને ગૌણ ન કરી શકાય?

પૂજ્ય ભાઈશ્રી :- ગૌણ તો જ્ઞાનમાં કરી શકાય. પણ શ્રદ્ધામાં શું કરશો લ્યો? જ્ઞાનમાં તમે ગૌણ કરો પણ શ્રદ્ધામાં શું કરશો?

મુમુક્ષુ :- શ્રદ્ધામાં એને વિષય ન બનાવીએ, એને ન લઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- પણ ક્ષેત્ર એક હોય તો કેવી રીતે વિષય ન બને?

મુમુક્ષુ :- એ .. છે તો ન લઈએ આપણે.

પૂજ્ય ભાઈશ્રી :- એ કેવી રીતે બની શકે? જો સર્વથા એક ક્ષેત્ર હોય તો બની શકે કેવી રીતે?

મુમુક્ષુ :- શ્રદ્ધાનું કાર્ય જ ભેદ પાડવાનું નથી. પછી આનું અવલંબન લેવું અને આનું ન લેવું એ પ્રશ્ન ક્યાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ કેવી રીતે બને? ભાઈનો તર્ક સાંભળ્યો? ભાઈનો તર્ક છે એ કે તમે એ તો ભેદ પાડ્યો કે અમે ક્ષેત્રનું અવલંબન નહિ લઈએ. પર્યાયના ક્ષેત્રનું અવલંબન નહિ લઈએ, ધ્રુવના ક્ષેત્રનું (લઈશું). પણ શ્રદ્ધા તો એવો ભેદ પાડી શકતી જ નથી. એવો ભેદ પાડવાનો શ્રદ્ધામાં ગુણ જ નથી. તો શ્રદ્ધા જે અવલંબન લે છે એમાં પર્યાય આવતી

નથી. જો પર્યાય આવતી હોય તો એનું ક્ષેત્ર ત્યાં હોય તો આવી જ જાય.

‘દીપચંદજી’ છે એ સિદ્ધાંત જ્ઞાનની અંદર આટલી ચર્ચા કોઈ જ્ઞાની પંડિતોએ નથી કરી. દ્રવ્યાનુયોગની સૈદ્ધાંતિક ચર્ચા ‘દીપચંદજી’ જેવી કોઈએ નથી કરી.

મુમુક્ષુ :- એટલે જ કહું છું. ..

પૂજ્ય ભાઈશ્રી :- બુદ્ધિ કામ ન કરે. હા બરાબર છે.

મુમુક્ષુ :- છતાં બધા એમ કહે છે કે પંડિતજીએ લખેલું છે ને. આચાર્યે ક્યાં કહ્યું છે ક્ષેત્ર ભેદ છે એમ?

પૂજ્ય ભાઈશ્રી :- પંડિતજી જ્ઞાની હતા કે અજ્ઞાની એ નક્કી કરો પહેલા. પંડિત બે પ્રકારના—એક જ્ઞાની અને એક અજ્ઞાની. ‘ટોડરમલજી’ પંડિત કહેવાણા, ‘દીપચંદજી’ પણ ભલે પંડિત કહેવાણા. પણ જ્ઞાની કે અજ્ઞાની એ પહેલા નિર્ણય કરો.

મુમુક્ષુ :- નહિ, જ્ઞાની તો છે એમાં કાંઈ બે મત નથી.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર? એમનું ‘અનુભવપ્રકાશ’ વાંચ્યા પછી કોઈ એમ કહી શકે એવું નથી કે આને અનુભવ નથી. એમણે તો એમ લખ્યું છે કે અમે અમારા અનુભવનો રણસ્તંભ રોપ્યો છે. હવે પાછા નથી ફરવાના. બરાબર છે? રણસ્તંભ રોપે એ પાછા ન ફરે.

મુમુક્ષુ :- આ વિષય એમણે આચાર્યથી વિરુદ્ધ લખ્યો એટલે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. આચાર્યથી વિરુદ્ધ નથી લખ્યો. એમાં એવું છે કે જ્ઞાનીપુરુષ કોઈ વાત કરે ત્યારે શાસ્ત્ર શોધવા બુદ્ધિ જાય તો એને ‘શ્રીમદ્‌જી’ શાસ્ત્રસંજ્ઞા કહે છે. શું કહે છે? શાસ્ત્રસંજ્ઞા. શાસ્ત્ર અભિનિવેશ કહો. એટલે એમણે એક મુમુક્ષુને પૂછ્યું છે કે હું તમને જે કહું એ પરમસત્ય છે એમ માનવાની, સ્વીકારવાની તમારી બુદ્ધિ હોય તો. એ સ્વીકારતા તમને કોઈ લોકસંજ્ઞા આડી આવે એમ ન હોય તો. એ સ્વીકારતા પછી બુદ્ધિ પાછી શાસ્ત્રસંજ્ઞાએ ન ચડી જતી હોય તો. તો મારે તમને જે કહેવું છે એ કહીશ. કેટલી શરત મૂકી? જ્ઞાનીએ કહ્યું હોય પછી શાસ્ત્રમાં છે કે નહિ એ ગોતવા ન જાવું. અને શાસ્ત્રમાં ગોતવા જાય તો એનો અર્થ એમ થાય છે કે પોતે મતાર્થી છે, અમુક મત બાંધી રાખ્યો છે. જ્ઞાની કહે છે છતાં એને એ મત છોડવો નથી. મતાગ્રહ છે એનો. એમ નક્કી થાય છે. ત્યાં સુધી મુમુક્ષુજીવ અપરાધ કરે છે કે કોઈ એક શાસ્ત્રમાં એક જ જગ્યાએ વાત આવી હોય અને બીજી જગ્યાએ ન આવી હોય તો એમ કહે છે કે એક જ જગ્યાએ આવી છે ને. બીજા શાસ્ત્રોમાં ક્યાં આવી વાત છે?

મુમુક્ષુ :- કારણશુદ્ધપર્યાયની વાત આવી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવી એક બે વાતો છે. બીજી જગ્યાએ ક્યાં આવે છે? એક

જ શાસ્ત્રમાં એક જ જગ્યાએ વાત છે. એ પણ શાસ્ત્રસંજ્ઞા છે. અને એનો અર્થ એમ છે કે શાસ્ત્રકાર આચાર્ય છે કે મુનિરાજ છે તોપણ પોતાનો મત ફેરવવો નથી એટલે બીજા શાસ્ત્રનો આધાર મળે તો માનું નહિતર ન માનું. એમ એને કહેવું છે. અને એની ધીઠાઈ એવી છે કે બીજા શાસ્ત્ર કહેશે તો પણ નહિ માને. એ તો બહાનું જ છે એનું. એટલે એ પ્રકારનો મતાર્થ હોય ત્યાં આત્માર્થ નથી અને આત્માર્થ છે ત્યાં મતાર્થ નથી. બે પરસ્પર વિરુદ્ધ પ્રતિપક્ષમાં ઊભેલા છે.

મુમુક્ષુ :- પ્રવચનસારની જે શૈલી છે એમાં તો વીરનો ઉપદેશ એમ કહે છે, જિન ભગવાનનો ઉપદેશ એમ છે કે પૃથકૂત્વ બે પદાર્થ વચ્ચે હોય એમ લખ્યું છે. એ મૂળ ગાથા છે. એનું શું કરવું?

પૂજ્ય ભાઈશ્રી :- એ બરાબર છે. પણ એ અપેક્ષાએ વાત છે. અપેક્ષા તો અનેક છે કે નહિ? અનેક અપેક્ષા છે કે નહિ? અચ્છા. હવે 'સમયસાર' તો એ જ આચાર્ય, બંને એ જ આચાર્યો છે. 'કુંદકુંદાચાર્ય' અને 'અમૃતચંદ્રાચાર્ય'. બરાબર? 'સમયસાર'ની ૧૮૧-૮૨, ૮૩ ગાથા લ્યો.

મુમુક્ષુ :- ત્યાં તો દ્રવ્યકર્મથી જુદું પાડે છે પછી એમ કહે છે. એક વસ્તુની બીજી વસ્તુ નથી એમ કહી છે, સાહેબ! એ દ્રવ્યકર્મ લેવું એમ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં રાગ શબ્દ લીધો છે.

મુમુક્ષુ :- એ પણ ભાવકર્મનો રાગ હોય છે. દ્રવ્યકર્મમાં જે અનુભાગ છે, અનુભાગ શક્તિ જેને કહે છે એને પણ ભાવકર્મ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. એવી ચોખવટ ક્યાંય 'સમયસાર'માં છે? બીજા શાસ્ત્રમાં છે. પણ અહીંયાં દ્રવ્યકર્મના અનુભાગને અહીંયાં હું રાગ કહું છું પણ જીવના ચૈતન્ય પરિણ-ામને રાગ નથી કહેતો એવી ચોખવટ છે 'સમયસાર'માં? કાઢી ઘો. નહિતર એને ચિદ્‌વિકાર કીધા છે અને ચૈતન્યના .. કહ્યા છે એ હું કાઢી દઉં.

મુમુક્ષુ :- એ તો છે ચિદ્‌વિકાર કહે છે, ... પરંતુ એને પ્રદેશભેદ કહે છે ત્યાં પાછું ન હોય ને? ચિદ્‌વિકાર કીધો ત્યાં પાછો પ્રદેશભેદ ન કીધો હોય ને પાછો.

પૂજ્ય ભાઈશ્રી :- કેમ ત્યાં આધાર આધેય સંબંધ નથી એનો અર્થ શું છે? આધાર આધેય સંબંધ નથી એ તો કહ્યું છે અને એના ભાવાર્થમાં ચોખ્ખું લીધું છે.

મુમુક્ષુ :- ના, ભાવાર્થ .. કર્મનો ભાવકર્મ લઈ લે. આચાર્યનો મતભેદ તો ન હોવો જોઈએ ને.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, પણ ત્યાં ભાવકર્મનો અર્થ આખા 'સમયસાર'માં ભાવકર્મનો

અર્થ ચિદ્‌વિકાર લીધો છે પણ દ્રવ્યકર્મનો અનુભાગ તે ભાવકર્મ એવું ક્યાંય નથી લીધું.

મુમુક્ષુ :- જયસેનાચાર્યની ટીકામાં છે બે પ્રકારના ભાવકર્મ છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે અને બીજા શાસ્ત્રોમાં પણ છે એ મને ખબર છે. પણ આપણે જે છે કે આ 'ગુરુદેવ'ની વાત લ્યો. 'ગુરુદેવ'ના પ્રવચનોમાં લ્યો તો ક્યાંય એવી રીતે વાતની ચોખવટ નથી કરી. ત્યાં ચૈતન્યવિકારને જ રાગ કીધો છે એમણે. જ્યાં જ્ઞાન અને રાગને જુદા પાડવારૂપ ભેદજ્ઞાનથી સંવર થાય છે એ વિષય લીધો છે ત્યાં 'ગુરુદેવ'ના પ્રવચનમાં ચૈતન્યવિકારરૂપ રાગ લીધો છે. ત્યાં દ્રવ્યકર્મનું ભાવકર્મ નથી લેવાનું. કેમ? કે બુદ્ધિનો વિષય પોતાનો રાગ છે. દ્રવ્યકર્મ કે દ્રવ્યકર્મનો અનુભાગ એ બુદ્ધિનો વિષય જ નથી. છદ્મસ્થના જ્ઞાનમાં એ બુદ્ધિગ્રાહ્ય છે જ નહિ.

મુમુક્ષુ :- અત્યંત સ્વરૂપ વિપરીતતા કીધી છે. અત્યંત સ્વરૂપ વિપરીતતા શામાં હોય? અન્ય દ્રવ્યમાં હોય. અત્યંત સ્વરૂપ વિપરીતતા શબ્દ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાં 'પ્રવચનસાર'માં ને?

મુમુક્ષુ :- ૧૮૧ ગાથા તમે જે કહો છો ને એ.

પૂજ્ય ભાઈશ્રી :- કાઢો. આપણે લઈએ તો ખરા. ૧૮૧-૮૨-૮૩. આ તો ૮૭ કહેતા હતા ને.

'**ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી (અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી) કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી તેમને એક સત્તાની અનુપપત્તિ છે અને એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજીને આધાર-ધેયસંબંધ પણ નથી જ. તેથી (દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (દઢપણે રહેવારૂપ) જ આધારાધેય સંબંધ છે.**' બરાબર છે? '**માટે જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (-રહેલું) છે તે, જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે, જ્ઞાનમાં જ છે; ક્રોધાદિ કે જે ક્રોધાદિક ક્રિયારૂપ...**' હવે ક્રોધાદિક ક્રિયા લીધી છે. શું ક્રોધાદિક ક્રિયા લીધી છે એ જીવની લેવી કે જડની લેવી હવે? '**પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે...**'

મુમુક્ષુ :- ક્રોધાદિક જીવનો ભાવ લીધો છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. ક્રોધાદિક ક્રિયાને જીવભાવ લીધો છે 'ગુરુદેવે'.

'**એ ક્રોધાદિક્રિયાનું ક્રોધાદિથી અભિન્નપણું હોવાને લીધે, ક્રોધાદિકમાં જ છે. (જ્ઞાનનું સ્વરૂપ જાણનક્રિયા છે, માટે જ્ઞાન આધેય અને જાણનક્રિયા આધાર છે. જાણનક્રિયા આધાર હોવાથી એમ ઠર્યું કે જ્ઞાન જ આધાર છે, કારણ કે જાણનક્રિયા**

**અને જ્ઞાન જુદાં નથી. આ રીતે એમ સિદ્ધ થયું કે જ્ઞાન જ્ઞાનમાં જ છે. એવી જ રીતે ક્રોધ ક્રોધમાં જ છે.) વળી ક્રોધાદિકમાં, કર્મમાં કે નોકર્મમાં જ્ઞાન નથી...**' લ્યો, કર્મ અને નોકર્મ જુદું પાડ્યું છે ત્યાં ક્રોધાદિક સિવાય.

મુમુક્ષુ :- ભિન્ન ક્યાં પાડ્યું? ભેગા લીધા. ક્રોધાદિકમાં, કર્મમાં, નોકર્મમાં ત્રણમાં જ્ઞાન નથી.

પૂજ્ય ભાઈશ્રી :- '**વળી ક્રોધાદિકમાં, કર્મમાં કે નોકર્મમાં જ્ઞાન નથી...**' એટલે ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મ ત્રણ લીધા ત્યાં. પછી આને કેવી રીતે તમે દ્રવ્યકર્મમાં નાખો?

મુમુક્ષુ :- ભાવકર્મ દ્રવ્યકર્મ બે લેવાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- '**ક્રોધાદિકમાં, ક્રમમાં કે નોકર્મમાં...**' ત્રણે કર્મ લઈ લીધા તો આ ક્રોધાદિક ભાવકર્મ થઈ ગયું. દ્રવ્યકર્મ ક્યાં રહ્યું?

મુમુક્ષુ :- કર્મનો વિપાક હોય એને પણ ભાવકર્મ કહેવાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- તો પછી કર્મ વિપાક .. પણ અહીંયાં તો જ્યારે ક્રોધાદિકમાં, કર્મમાં અને નોકર્મમાં લીધું હોય એટલે દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ. જે પહેલી ગાથામાં લીધું કે 'સમયસાર' કેવો છે? કે દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ રહિત. તો ત્યાં ભાવકર્મ ક્યું લેશો?

મુમુક્ષુ :- ત્યાં તો જુદું લઈએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે? તો પછી અહીંયાં જ્યારે કર્મ-નોકર્મની સાથે ક્રોધાદિક લીધું હોય તો એ ભાવકર્મ જ લેવું પડે ને. એ સીધી વાત છે.

મુમુક્ષુ :- તેમને પરસ્પર અત્યંત સ્વરૂપ વિપરીતતા હોવાથી...

પૂજ્ય ભાઈશ્રી :- કર્મમાં કે નોકર્મમાં જ્ઞાન નથી અને જ્ઞાનમાં ક્રોધાદિક કર્મ કે નોકર્મ નથી એટલે ત્રણે લઈ લીધા ને? ભાવકર્મ જ આવ્યું ને? સીધી જ વાત છે. કારણ કે તેને પરસ્પર અત્યંત સ્વરૂપ વિપરીતતા હોવાથી. ભાવકર્મને અત્યંત સ્વરૂપ વિપરીતતા છે.

મુમુક્ષુ :- જીવના પરિણામ છે ને એ તો?

પૂજ્ય ભાઈશ્રી :- જીવના પરિણામ વિરુદ્ધ જાતિના છે. પ્રતિપક્ષ જાતિના છે. વધ્ય-ઘાતક સંબંધ છે.

મુમુક્ષુ :- પોતાનું સ્વરૂપ છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- દુષ્ટ છે, અનિષ્ટ છે અને ઘાતક છે.

મુમુક્ષુ :- પણ પોતાનો ચિદ્‌વિકાર છે એમ કહો છો ને?

પૂજ્ય ભાઈશ્રી :- ચિદ્‌વિકાર છે માટે ઈ જાતિ ફેર છે.

મુમુક્ષુ :- પોતાનું સ્વરૂપ છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર. જો સોજો ચડે ને મોઢું રૂપાળું દેખાયને. સાચવવા જાય તો મરી જાય. સોજો ચડે. દુબળો હોય. થોડા ઘોબા પડ્યા હોય. હાડકા દેખાતા હોય. સોજો ચડે અને રૂપાળું લાગે કે વાહ! જાડો થઈ ગયો. મરી જાય.

મુમુક્ષુ :- એ તો મરવાનો જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- કેમ શરીરની પર્યાય છેને ? અને પાછી સારી દેખાય છે હવે.

મુમુક્ષુ :- વિકારી છે.

પૂજ્ય ભાઈશ્રી :- વિકારી તો ઝેર છે એ. આત્મા આનંદ અમૃત છે.

મુમુક્ષુ :- તેમને પરમાર્થ ... આધારાધેય સંબંધ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા આનંદઅમૃત છે અને ભાવકર્મ એ ઝેર છે એમ કહે છે. એટલો બધો પ્રતિપક્ષ છે. એ તો અત્યંત સ્વરૂપ વિપરીતતા છે બે વચ્ચે.

મુમુક્ષુ :- પરમાર્થનો આધારાધેય સંબંધ નથી એમ કીધું પાછું.

પૂજ્ય ભાઈશ્રી :- '**તેમને પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી. વળી જ્ઞાનનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે તેમ (જ્ઞાનનું સ્વરૂપ) ક્રોધાદિક્રિયા પણ છે...**' ક્રોધાદિ ક્રિયા લે છે, પરિણમન લે છે. '**અને ક્રોધાદિકનું સ્વરૂપ જેમ ક્રોધાદિક્રિયા છે તેમ જાણનક્રિયા પણ છે એમ કોઈ રીતે સ્થાપી શકાતું નથી; કારણ કે જાણનક્રિયા અને ક્રોધાદિક્રિયા ભિન્ન ભિન્ન સ્વભાવે પ્રકાશે છે...**' ભિન્ન ભિન્ન વસ્તુએ પ્રકાશે છે એમ ન કીધું. ભિન્ન ભિન્ન સ્વભાવે પ્રકાશે છે. '**અને એ રીતે સ્વભાવો ભિન્ન હોવાથી...**' નીચે સ્વભાવ લઈ લીધો પાછો. '**વસ્તુઓ ભિન્ન જ છે.**' સ્વભાવ અભિન્ન હોવાથી વસ્તુ ભિન્ન છે.

મુમુક્ષુ :- વસ્તુ ભિન્ન જ્યારે કીધી ત્યારે બે દ્રવ્ય આવે એમ વાત કરી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, પણ સ્વભાવ અભિન્ન હોવાથી વસ્તુ ભિન્ન કહીએ છીએ. ઓલી રીતે નથી અમે કહેતા એમ કહે છે. ચોખવટ કરી છે કે બંનેના સ્વભાવ ભિન્ન હોવાથી અમે વસ્તુ ભિન્ન કહીએ છીએ. '**અને આ રીતે જ્ઞાનને અને અજ્ઞાનને આધારાધેયપણું નથી.**' પછી ત્યાં અજ્ઞાન શબ્દ વાપર્યો. ક્રોધાદિ ક્રિયા કાઢી નથી પાછી. હવે અજ્ઞાનને ક્યા કર્મનો વિપાક કહેશો કહો જોઈ? ક્રોધાદિને તો તમે ક્રોધ પ્રકૃતિનો વિપાક કહેશો. પણ અજ્ઞાનને કઈ પ્રકૃતિનો વિપાક કહેશો? મૂળમાં છે. '**नास्ति ज्ञानाज्ञानयोराधाराधेयत्वम्**' હવે અજ્ઞાનની કઈ પ્રકૃતિ લાવશો? કહો અજ્ઞાનની કોઈ પ્રકૃતિ હોય તો. બતાવો. ૧૪૭માં અજ્ઞાનની પ્રકૃતિ કાઢી દો. છે?

મુમુક્ષુ :- એ તો અજ્ઞાન કહેવું હોય તો ઓલાને અજ્ઞાન કહેવાયને.

પૂજ્ય ભાઈશ્રી :- તો પણ અજ્ઞાનની પ્રકૃતિ નથી. .. પદાર્થ જ અજ્ઞાન.. એની કોઈ

પ્રકૃતિ નથી.

મુમુક્ષુ :- .. લખી નાખ્યું ને પ્રસ્તાવનામાં? પ્રદેશભેદની વાત કેમ લીધી?

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાં 'દ્રવ્યદષ્ટિપ્રકાશ'માં ને?

મુમુક્ષુ :- હા, તમે પ્રસ્તાવનામાં લીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :- બીજા વખતમાં? ખ્યાલ નથી. પ્રદેશભેદનું વિચારી ... કારણ કે મૂળમાં તો નહોતું લીધું આમાં આવ્યું ત્યારે. 'મુંબઈ'માં એક વખત આ ગાથા વાંચી.

મુમુક્ષુ :- કોઈએ એમને પ્રશ્ન પૂછ્યો છે, પ્રદેશભેદ છે કે નહિ? એનો જવાબ આપ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. હા. બરાબર છે. ભાઈ સાથે ચર્ચા થઈ હતી.

મુમુક્ષુ :- મળી ગયું ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ ભાઈ સાથે ચર્ચા થઈ હતી. અમે આ ૧૮૧-૮૨-૮૩ 'મુંબઈ'માં વાંચીને? ઘરે પહોંચ્યો એટલે મુમુક્ષુભાઈનો ફોન આવ્યો કે અહીં દ્રવ્યકર્મ લેવું જોઈએ. પણ 'ગુરુદેવ' ભાવકર્મ લે છે. 'ગુરુદેવ' તો ભાવકર્મ લે છે એ ખબર છે પણ ફલાણા આપણા પંડિત છે એ દ્રવ્યકર્મ લે છે. મેં કીધું કે મારે 'ગુરુદેવ'નું માનવું કે ફલાણા પંડિતનું માનવું? એ તમે કહો હવે. તમે નક્કી કરાવો.

મુમુક્ષુ :- આગમનું ભાષાંતર કર્યું છે એટલે એ ...

પૂજ્ય ભાઈશ્રી :- આગમ અને અધ્યાત્મ જ્ઞાની જાણે છે. અજ્ઞાની ન જાણે. આગમ-અધ્યાત્મ બંને. જ્ઞાનીથી આગળ નથી કોઈ આગમમાં પણ અને અધ્યાત્મમાં પણ. એકેયમાં આગળ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કેટલામો પત્ર?

મુમુક્ષુ :- ૧૭ નંબરનો પત્ર છે.

પૂજ્ય ભાઈશ્રી :- '**પ્રદેશે પ્રદેશે મૈં માત્ર ચૈતન્ય-ચૈતન્ય વ આનંદ હી આનંદસે ઓત-પ્રોત વસ્તુ હૂં. સ્વરૂપરચના પર્યાયમેં સ્વતઃ હી હુએ જા રહી હૈ. ઇચ્છા તોડું, સ્વરૂપકી વૃદ્ધિ કરું આદિ વિકલ્પોંકા જિસ સહજ સ્વભાવમેં સહજ હી અભાવ હૈ. અરે! સહજ શુદ્ધપર્યાયકા ભી જિસ ત્રિકાલી ધ્રુવ વસ્તુ મેં સહજ હી અભાવ હૈ.**' અહીં તો પ્રદેશની વાત છે. પ્રદેશપણાની વાત છે. ... ચાલે છે પ્રદેશનો.

'**એક બાર શ્રી સોગાનીજી કે સાથ ચલ રહી તત્ત્વ-ચર્ચા મેં એક મુમુક્ષુને પ્રશ્ન કિયા કિ પર્યાયકા ક્ષેત્ર ભિન્ન હૈ યા અભિન્ન હૈ? ઇસકા ઉત્તર ઉન્હોંને દિયા કિ : દષ્ટિ કા વિષયભૂત પદાર્થ પર્યાયસે-ક્ષેત્રસે ભી ભિન્ન હૈ. ઐસે ઉત્તર મેં ઉપાદેયભૂત પરમપારિણ-**

**ત્મિકભાવ કી ઉપાદેયતા કી ઠોસ ધ્વનિ સન્નિહિત હૈ.'** હવે આમાં શું કહેવું છે? કે પર્યાયથી ક્ષેત્રને ભિન્ન ભાવ લેવામાં, ભિન્નતા લેવામાં અધ્યાત્મિક હેતુ છે.

મુમુક્ષુ :- અધ્યાત્મિક હેતુ હોવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- અધ્યાત્મિક હેતુ છે એની અંદર. અધ્યાત્મિક હેતુથી જ એ વાત કહેવાય છે. 'ગુરુદેવે' કહી હોય કે 'દીપચંદજી'એ કહી હોય કે 'સોગાનીજી'એ કહી હોય, ત્રણે જ્ઞાની છે, એ તો અનંત જ્ઞાનીનો એક મત હોય. અજ્ઞાની મત ભલે જુદો પડે. જ્ઞાનીનો કોઈ મત જુદો પડે નહિ. આ સીધી વાત છે. ગમે એ એક જ્ઞાનીએ કીધું હોય, તો બીજા જ્ઞાનીનો આધાર શોધવા ન જાવું. અને આ ચર્ચા આ ભાઈ સાથે (થયેલી), આ ભાઈ પ્રત્યક્ષ છે. આ ભાઈ સાથે થયેલી કલકત્તામાં. એમણે લખેલી મોકલેલી અમને. સમજ્યા? સંપાદકોને. અમને લખેલી મોકલેલી. પણ અમને એ વખતે ખ્યાલ હતો કે આ એક એવો વિરોધનો મુદ્દો મળશે કે 'સોગાનીજી'ને અજ્ઞાની ઠરાવી દેશે. માટે અત્યારે આપણે આ નથી લેવું. આ પછી પાછળથી નાખ્યું એનું કારણ આ છે બીજી આવૃત્તિમાં. આમાં નાખ્યું એનું કારણ એ છે કે તે દિ' નહોતું લીધું પાછું મોકલ્યું હતું એમને કે આ અત્યારે નથી લેવાના અમે. પછી એના ઉપર અમે ચર્ચા કરી હતી કે કેમ કરશું? બહુ મજાનો મુદ્દો છે. અમારે આપસમાં ચર્ચા થયેલી હતી કે ટોપ વાત છે. પણ અત્યારે લઈશું તો એક તો એમની પ્રસિદ્ધિ નથી. સમાજ સ્વીકારતો નથી. અને આ મુદ્દા ઉપર જોર કરી જાશે કે આગમની ભૂલ છે એમ કરીને. આગમમાં આમ જ છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એક વસ્તુમાં અને (બીજી વસ્તુના) બીજી વસ્તુમાં. જુઓ 'પ્રવચનસાર'. એમ કરીને લાવશે 'પ્રવચનસાર'ને. બધો ખ્યાલ હતો. બધી ચર્ચા થઈ હતી. અને ઈરાદાપૂર્વક નહોતું લીધું તે દિ'. આ પાછળથી નાખ્યું એનું કારણ કે ત્યારપછી તો 'ગુરુદેવે' ચોખ્ખું કરી નાખ્યું.

હમણા ૧૫૩માં 'બહેનશ્રીના વચનામૃત' ઉપરનો બોલ સાંભળ્યો 'સોનગઢ'માં. હમણા 'ગુરુદેવ'ની જન્મજયંતિ ગઈ તો એ જન્મ જયંતિના પ્રસંગે કેસેટ ચાલતી હતી. સવારની કેસેટમાં ૧૫૩ નંબરના વચનામૃતમાં ક્ષેત્ર ભિન્નતાનો વિષય ચાલ્યો હતો. વચનામૃત 'બહેનશ્રી'ના વંચાતા હતા. એમાં ક્ષેત્ર ભિન્નતાની વાત આવી હતી. એટલે એક મુમુક્ષુએ ઘરે જઈ અને વચનામૃત પ્રવચન કાઢ્યા અને ૧૫૩ બોલ વાંચ્યો. તો કહે આમાં એ વાત ઉડાડી છે.

મુમુક્ષુ :- એમાં નહોતો?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં નહોતો. તરત જ ખાત્રી કરી હતી. ઘરે જઈને અડધી કલાકમાં ખાત્રી કરી લીધી હતી કે 'ગુરુદેવ' જે ટેપમાં બોલ્યા એ લખનારે પ્રવચનમાં એ વાતને કાપી

નાખી.

મુમુક્ષુ :- વિષય નથી માટે કાપી નાખી હશે.

પૂજ્ય ભાઈશ્રી :- વિષય નથી એવી ખબર 'ગુરુદેવ'ને નહોતી પડતી ને? એમ થયો ને એનો અર્થ? હું વિષયાંતર કરું છું એવી ખબર 'ગુરુદેવ'ને નહોતી પડતીને તો પછી? અને એના કરતા બીજાને વધારે પડી ને? એ તો નક્કી થયું ને?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે એક વખત એમની સાથે ચર્ચા થઈ હતી કે ભાઈ તમે કેમ જુદા પડો છો? તો કહે, અમારા શબ્દકોષમાં એવો અર્થ જ નથી થતો. 'ગુરુદેવ' એવો અર્થ કરે છે. મેં કહ્યું કે જ્ઞાનીઓનો એ અધિકાર છે. તમને કવિઓને એ અધિકાર છે કે નહિ વ્યાકરણ તોડવાનો? તમને કવિઓને વ્યાકરણ તોડવાનો અધિકાર છે કે નહિ? આત્મા. એમાં અઢી અક્ષર છે. પણ એને જો પેલી માત્રાનો પ્રાસ મેળવવો હોય તો આતમા. ત આખો લખવાની એને છૂટ છે. એ શું કરવા શબ્દ તોડે છે? એ કવિ છે માટે એને છૂટ છે.

એમ જ્ઞાનીઓને જે ભાવ ભાસે એનો અર્થ કરવાનો એને અધિકાર છે. એનો અબ-ાધિત અધિકાર છે. એમાં પંડિતોનું કામ ન આવે પછી. એમની જિંદગીમાં આ જવાબ નહિ સાંભળ્યો હોય કોઈ દિ'. ચર્ચાઓ બહુ થઈ હતી. ઘણી ચર્ચાઓ થઈ હતી. આ વાત કરી હતી કે વિદ્વાનો અર્થ કરે અને જ્ઞાનીઓ અર્થ કરે એમાં ફેર પડે તો વિદ્વાનોએ એમ વિચારવું જરૂરી છે કે જ્ઞાનીઓને એ પ્રમાણે અર્થ કરવાનો અધિકાર છે. સ્વતંત્ર અર્થ કરે છે. અને 'રાજમલજી' કરે જ છે.

મુમુક્ષુ :- કળશ ટીકાકારે કર્યો જ છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- કળશ ટીકાકારે કેટલી જગ્યાએ કર્યો છે. સંસ્કૃત શબ્દનો અર્થ, સંસ્કૃતના શબ્દકોષમાં ન હોય. એક શબ્દમાં પેરેગ્રાફ ભર્યો છે આખો કે જે એમાંથી એ અર્થ શબ્દકોષમાં હોય જ નહિ. એનો પેરેગ્રાફ ભર્યો છે. એનો એ અધિકાર છે અને એ માન્ય રાખવો જોઈએ. પંડિતે, મુમુક્ષુએ એ માન્ય રાખવો અને સ્વીકાર રાખવો. પોતાના આત્મકલ્યાણ માટે હોં!

મુમુક્ષુ :- એ પ્રશ્ન થાય છે કે પર્યાયના કારક પર્યાયમાં હોય તો કારક નામ વગર કારક ક્યાંથી રહે? કારક કારકવાનને હોય.

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાયના કારકો પર્યાયથી અભેદ છે. અભેદ કારકોની વિવક્ષામાં એ વાત યોગ્ય જ છે.

હવે જો હું તમને કહું કે છ કારકો ખરા કે નહિ? શક્તિરૂપે છ કારકો છે ને 'સમયસ-

ાર'માં? બરાબર છે? એનું પરિણમન કારકરૂપ છે કે અકારકરૂપ છે પર્યાયમાં?

મુમુક્ષુ :- કારક રૂપે જ હોય ને.

પૂજ્ય ભાઈશ્રી :- તો પછી એક પર્યાયમાં છ કારકોનું પરિણમન નથી? તો પછી કેમ ના પાડી શકો તમે? મને તો સમજાતું નથી એ વાત કેવી રીતે ના પાડવામાં આવે છે.

મુમુક્ષુઃ- એ શક્તિ કોની છે પણ?

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. પર્યાયમાં છ કારકરૂપ પરિણમન છે કે નહિ? તો પર્યાયમાં છ કારકોનો અભાવ કેવી રીતે તમે બતાવો છો એ કહો?

મુમુક્ષુ :- એ ગુણનું પરિણમન છે. શક્તિ નામનો ગુણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે પણ પરિણમન તો કારકરૂપ છે કે અકારકરૂપ છે અ કહો. કારકનું પરિણમન કારકરૂપ છે કે અકારકરૂપ છે?

મુમુક્ષુ :- પણ ગુણનું છેને?

પૂજ્ય ભાઈશ્રી :- ભલે ગુણનું પરિણમન છે એનો વાંધો નથી અમને. તમારે તો હવે જે પ્રશ્ન છે વિવાદ છે એ પર્યાયનો છે. તો પર્યાયમાં છ કારકોરૂપ પર્યાયનું પરિણમન છે કે નહિ?

મુમુક્ષુ :- પણ એ એકલી પર્યાય છે દ્રવ્ય વગર? આકાશના ફૂલની જેમ...

પૂજ્ય ભાઈશ્રી :- કોણ ના પાડે છે? દ્રવ્ય વગરની પર્યાય કહેવાનો પ્રશ્ન જ નથી. ગુણની પર્યાય નથી એમ પણ કહેવાનો પ્રશ્ન નથી. પણ પર્યાયમાં છ કારકોરૂપ પરિણમન છે કે નહિ? આટલો જ સવાલ છે ? કે અભાવ છે છ કારકોનો? પર્યાયમાં પર્યાયના છ કારકોરૂપ પરિણમનનો સદ્‌ભાવ છે કે અભાવ છે? પ્રશ્ન આટલો જ છે મારો. આથી વધારે મારો પ્રશ્ન નથી. ઓલી વાત મને માન્ય છે કે દ્રવ્યની પર્યાય છે, ગુણની પર્યાય છે, બધું માન્ય છે. તમને આ માન્ય છે કે નહિ? આટલો જ મારો સવાલ છે.

મુમુક્ષુ :- 'પ્રવચનસાર'ની ૧૬મી ગાથા, સદ્‌ભાવ છે કારકોનો...

પૂજ્ય ભાઈશ્રી :- હા. કાર્ય કારકોના સદ્‌ભાવ લીધા. પણ ત્યાં દ્રવ્યના લે છે. આત્માના લઈ લે છે. એ તો ખ્યાલમાં છે. કારણ કે 'પ્રવચનસાર'ની શૈલી એ જાતની છે. પણ અહીં યાં તો પ્રશ્ન જરા બીજો છે.

મુમુક્ષુ :- 'પંચાસ્તિકાય'માં છે .. એમાં પર્યાયમાં કારકો..

મુમુક્ષુ :- નહિ ત્યાં પણ દ્રવ્ય જ છે. જીવને કારક બેયના લખ્યા છે. 'ગુરુદેવ' એક કરે છે પણ છે તો અનેક. ૨૦૧૩ની સાલમાં ચર્ચા ચાલી હતી. ૨૦૧૩ની સાલમાં ગુરુદેવ ગયા ત્યારે ઈસરીમાં વર્ણીજી સાથે ચર્ચા થયેલી. ઈ આધાર આપ્યો હતો ત્યાં.

પૂજ્ય ભાઈશ્રી :- મેં પણ બે વર્ષ પહેલા ચર્ચા લીધી. 'સોનગઢ'માં દિવાળી ઉપર

આઠ દિવસની શિબિરમાં. ત્યારે ચર્ચામાં કીધું. મેં એક ન્યાય આપ્યો હતો કે જો વિકારની સ્વતંત્રતા ન લ્યો, જો જીવની પર્યાયની સ્વતંત્રતા ન લેવામાં આવે અને એકલી દ્રવ્યને આધીન એકાંતે લેવામાં આવે તો જેવું દ્રવ્ય છે એવી જ પર્યાય અનાદિઅનંત થવી જોઈએ અને રહેવી જોઈએ. કેમકે એનામાં વિકાર થવાનો સ્વભાવ નથી માટે. વિકાર થવાનો પર્યાય ધર્મ છે. દ્રવ્યમાં ધર્મ પણ નથી, ગુણ પણ નથી અને કાંઈ નથી.

મુમુક્ષુ :- વસ્તુ પોતે ધ્રુવમાં નથી પણ વસ્તુનો પર્યાયનો ધર્મ છે આમ ઘટાવે છે. એમાં એક વસ્તુ એવી છે કે ધ્રુવ નથી કરતું વિકાર. તમે કીધું એ બરાબર પણ પર્યાય વિકાર કરે છે એ વસ્તુનો જ ધર્મ છે. વસ્તુનો ધર્મ કીધો, પર્યાયનો ધર્મ ન કીધો એમાં.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પર્યાય પ્રધાન વસ્તુની વાત કરી તમે.

મુમુક્ષુ :- આત્મા દ્રવ્ય નથી, આત્મા પર્યાયે પલટાય.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. એટલે એ પર્યાય પ્રધાન આત્માની વાત થઈ અથવા પર્યાય પ્રધાન દ્રવ્યની વાત થઈ. પણ પર્યાય પ્રધાન પર્યાયની વાત થઈ શકે, ગુણ પ્રધાન પર્યાયની થઈ શકે અને દ્રવ્ય પ્રધાન પણ પર્યાયની વાત થઈ શકે. ત્રણ વિવિક્ષા છે. તમે બે વિવિક્ષા માન્ય કરો અને ત્રીજી વિવિક્ષા માન્ય ન કરો તો એ કેમ ચાલે?

મુમુક્ષુ :- .. છે ને પણ. આની સાથે..

પૂજ્ય ભાઈશ્રી :- એ તો તમારી પક્કડ ત્યાં છે એટલે તમને એમ દેખાય છે. પણ વિવિક્ષા તો ત્રણ છે ને? ત્રણે વિવિક્ષા છે. અચ્છા, હવે એક વાત કરીએ આપણે કે અનાદિ અનંત પર્યાયોનો પિંડ તે દ્રવ્ય છે. બરાબર છે? તો આ પર્યાય પ્રધાન દ્રવ્યની વાત થઈ.

મુમુક્ષુ :- હા, અનાદિઅનંત પર્યાયનો પિંડ તે દ્રવ્ય, તો દ્રવ્ય તો આવ્યું ને?

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. તો દ્રવ્યની દ્રવ્ય પ્રધાનતાની વ્યાખ્યા થાય, આ પર્યાય પ્રધાન વ્યાખ્યા કરી. તો દ્રવ્યની દ્રવ્ય પ્રધાન વ્યાખ્યા થાય અને પર્યાયની પર્યાય પ્રધાન વ્યાખ્યા થાય. એમાં કાંઈ ટૂકડા નથી થતા. દ્રવ્ય પર્યાયના કોઈ ટૂકડા નથી થતાં. પર્યાય પ્રધાન ચર્ચા ચાલતી હોય ત્યારે પર્યાય સ્વતંત્રતાની વાત ચાલે કે પર્યાય તદ્દન સ્વતંત્ર છે એમ વાત ચાલે છે. એનો અર્થ એમ નથી કે દ્રવ્યની અનુસ્યુતિનો ખ્યાલ નથી. એમ નથી કાંઈ. જ્ઞાનીને એ ખ્યાલ નથી એ ભૂલવા જેવું નથી.

મુમુક્ષુ :- ન જ હોયને. નહિતર પછી પ્રમાણ જ્ઞાન વગર નય ક્યાંથી આવ્યો? નય લાવ્યા ક્યાંથી પ્રમાણ વગર? પ્રમાણમાંથી નય કાઢી શકોને તમે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રમાણ વગર નય હોય જ નહિ કોઈ દિવસ. બની શકે જ નહિ. પણ છતાં ૧૧૪મી ગાથામાં કહે છે કે સર્વથા દ્રવ્યાર્થિક ચક્ષુને બંધ કરીને તમે પર્યાયને જુઓ.

પર્યાયનું પર્યાયત્વ જ્ઞાનમાં લેવું હોય તો તમે દ્રવ્યાર્થિકનયના ચક્ષુને સર્વથા બંધ કરો. એમ કહે છે. સર્વથા શબ્દ શું કરવા વાપર્યો? પ્રમાણને કાઢી નાખવું છે એમને? એમ દ્રવ્યાર્થિકનયને જોવા માટે પર્યાયના ચક્ષુને સર્વથા બંધ કરો એમ કહે છે. શા માટે એમ કહે છે? એ આચાર્યો કહે છે ત્યાં. સર્વથા શબ્દ વાપરવાની શું જરૂર? કથંચિત્ વાપરવો જોઈતો હતો.

મુમુક્ષુ :- જે નયથી જુએ છે એ નયથી એમ જ દેખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- સર્વથા એમ જ દેખાય છે. એમ જ છે ખરેખર. એક નયથી આપણે વિચાર કરીએ કે આ માણસ ફલાણાનો પુત્ર છે અને ફલાણાનો પિતા છે. હવે પિતા અને પુત્ર બે સંબંધ એકસાથે છે એ માણસને. હવે એમાં ટકાવારી પાડશો?

મુમુક્ષુ :- ના. ન જ હોય. એ તો જે અપેક્ષાએ છે એ પોતે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- સોએ સો ટકા છે. પુત્રપણું પણ સોએ સો ટકા છે અને પિતાપણું પણ સોએ સો ટકા છે. એમ કહેવાય કે આ અમારા અધૂરા પિતા છે, પચાસ ટકા જ મારા પિતા છે એમ કહેવાય? આ પચાસ ટકા જ મારો પુત્ર છે એમ કહેવાય? મોટો અનર્થ થાય. સોએ સો ટકા લેવું જોઈએ. એટલા માટે સર્વથા શબ્દ ત્યાં વાપર્યો છે. એમ કહેવાનો અભિપ્રાય છે ત્યાં. પણ એનો અર્થ પ્રમાણને ઉડાડવું એવો ન થઈ શકે.

બીજું, કે 'કુંદકુંદાચાર્યે' એમ કહ્યું કે ચારે ભાવ છે એ પરદ્રવ્ય અને પરભાવ ને હેય છે. બરાબર છે? તો એ ચારેય ભાવમાં ક્ષાયિક પર્યાય છે એ કેવળજ્ઞાનની પર્યાય છે અને પરમાનંદની પર્યાય છે અને યથાખ્યાત ચારિત્રની પર્યાય છે. બરાબર છે? એને પરભાવ કેમ કહેવાય? અને પરભાવ નહિ પરદ્રવ્ય કેવી રીતે કહેવાય? એ તો એની પર્યાય છે.

મુમુક્ષુ :- પણ એ ભાવરૂપે નથી માટે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ તો પણ પરદ્રવ્ય કેમ કહેવાય એને? પરભાવ કહેવાય. એને પોતાના સ્વભાવનો અંશ કહો આગમ વિવિક્ષાથી તમે. બરાબર છે? પણ પરદ્રવ્યં પરભાવં હેયં ઈતિ. બધી જગ્યાએ તમે પ્રમાણને આગમને જો પકડી રાખોને તો તમારે ઘણા આચ-ાર્યોના વચનોનો નિષેધ કરવો પડે. આ પરિસ્થિતિ ઊભી થાય. માટે જ્યાં જે કહેવા ધારે છે એનું નામ વિવિક્ષા. વિશેષપણે કહેવાની ઈચ્છા. વિશેષપણે કહેવાની ઈચ્છા તેનું નામ વિવિક્ષા. ત્યાં તે જ વિશેષતાને અવધારવી જોઈએ. ઓલી વાત તો ખબર જ છે. દ્રવ્યની પર્યાય છે એ તો બધાને ખબર છે. હવે અહીંયાં કાંઈક વિશેષ કહેવું છે, એમ કહેવું છે.

મુમુક્ષુ :- પર્યાયમાંથી પર્યાય આવતી નથી અથવા તો પર્યાયનું અવલંબન લેવું નથી એમ બતાવવા માટે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ કહેવા માટે. હવે ત્યાં ઓલી અપેક્ષા તો લગાડાય જ નહિ

ને કે એને પરદ્રવ્ય કેમ કીધી? શબ્દ શું કરવા પરદ્રવ્ય વાપર્યો એવો વાંધો લેવાય ત્યાં? ન લેવાય.

એમ અહીંયાં પર્યાયનું ક્ષેત્ર શું કરવા જુદું કીધું એ વાંધો ન લેવાય. કેમકે એનું અવલંબન છોડાવવું છે. અને સ્વક્ષેત્રનું અને સ્વસત્તાનું અવલંબન લેવું છે શ્રદ્ધાએ. જ્યારે શ્રદ્ધાના વિષયમાં પર્યાય આવતી જ નથી તો દ્રવ્યથી નથી આવતી, કાળથી નથી આવતી, ભાવથી નથી આવતી અને ક્ષેત્રથી નથી આવતી એમ લેવું પડે. તો જ એનું અવલંબન આવે. તો જ જોર આવે નહિતર ન આવે.

મુમુક્ષુ :- પર્યાય જાણતો નથી એ તમારી વાત જે તમે લખી હતી એ ગૃહિત મિથ્યાત્વ કેમ થઈ જાય? એ જરા અઘરું પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'તત્ત્વાનુશીલન'માં છે એ? એ ચર્ચા લઈશું ક્યારેક. બહુ લાંબી ચર્ચા છે જરા. પણ એમાં ત્રણ વિવિક્ષા ખોલી છે. ત્રણ વિવિક્ષા ખોલી છે. એ ન્યાયમાં પણ ત્રણ વિવિક્ષા છે અને એ ત્રણેનું એકાંત કરીને સ્વપરપ્રકાશક ઉડાડે તોપણ ગૃહીતમાં જાય.

મુમુક્ષુ :- કાઢી ક્યાંથી?

પૂજ્ય ભાઈશ્રી :- બહુ ચર્ચાઓ થાય છે, ઘણી એવી ચર્ચાઓ થાય છે. બધી ચર્ચાઓ તો વર્ષોથી સ્વાધ્યાય ચાલે છે ને એટલે ઘણી ચર્ચાઓ થાય છે. એ બધી ઘણી ચર્ચાઓ થઈ ગયેલી છે ભૂતકાળમાં.

મુમુક્ષુ :- કેવળી લોકાલોકને જાણે છે કે નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. કાંઈ દોષ નથી. અપેક્ષા છે એની. અપેક્ષા છે. 'નિયમસાર'માં શુદ્ધભાવ અધિકારમાં લીધું કે ન લીધું? શુદ્ધ ઉપયોગ અધિકારમાં. કેવળી લોકાલોકને જાણવા તો એમાં શું દોષ છે? કે કાંઈ નથી. કેવળી કેવળ આત્માને જાણે એમાં શું દોષ છે? કે કાંઈ દોષ નથી. બરાબર છે? બે ગાથા લીધી કે ન લીધી? એટલે એમાં કાંઈ દોષ જ નથી. સમજીને કહે એમાં દોષ નથી.

મુમુક્ષુ :- એમને બધું પ્રત્યક્ષ થઈ ગયું. એમને ક્યાંથી નય હોય? કેવળીને બધું પ્રત્યક્ષ થઈ ગયું છે ને ભાઈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કેવળીને તો નય જ નથી.

મુમુક્ષુ :- તો પછી આ વાતો કેમ લખી?

પૂજ્ય ભાઈશ્રી :- કથનનો નય છે. એમ લખ્યું હતું કે કેવળી નિશ્ચયનયથી પોતાના આત્માને જાણે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ જ પ્રમાણે છે. પણ આપણે જે નીચે લખ્યું એ એણે ત્યાં નથી

લખ્યું. કારણ કે આપણે નીચે આવી રીતે એક પાટીયું કરાવીએ છીએ. બધા ફોટાની નીચે. એકાદું વચન નાખીએ છીએ. 'હે ગુરુદેવ ! આપકી વાણી કા સ્પર્શ હોતે હી માનો વિશ્વ કી ઉત્તમોત્તમ વસ્તુ કી પ્રાપ્તિ હો ગઈ હૈ.'

મુમુક્ષુ :- એ ક્યાંથી લખ્યું?

પૂજ્ય ભાઈશ્રી :- આ તો પછી આપણે બધાનો જે વિચાર થાય કે જે ભાઈ એકાદું વાક્ય નીચે નાખવું છે. અહીંયાં આમ નાખ્યું છે... અહીંયાં આમ નાખ્યું છે... અહીંયાં આમ નાખ્યું છે... અહીંયાં કાંઈક નાખીએ એમ. એકસરખું બધું દેખાય ને? એક સરખો દેખાવ આવી જાય ને એટલા માટે. અને ત્યાં એકલો ફોટો મઢાવેલો છે. મઢાવેલો ફોટો છે.

મુમુક્ષુ :- તમારો ચાલતો વિષય ચલાવો, ચિદ્‌વિલાસ

પૂજ્ય ભાઈશ્રી :- પાંચ મિનિટ છે. હવે આમાં એ જ પ્રકરણ આવ્યું. આપણી બરોબર ચર્ચા. પર્યાયના કારણ કાર્ય. છે?

**'એક સમયમાં કારણ કાર્યમાં ત્રણ ભેદ છે.'** દ્રવ્યના કારણકાર્ય, ગુણના કારણકાર્ય અને પર્યાયના કારણકાર્ય. અચ્છા જુઓ! 'સોગાનીજી'ના પત્રમાં આ વાત આવે છે. 'સોગ-ાનીજી'ના પત્રમાં એક મૂળમાં આવી વાત આવે છે. શબ્દ આગળ લ્યે છે કે પર્યાય હી પર્યાય કા કારણ હૈ.

મુમુક્ષુ :- હા, એ શબ્દ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે? એ આપણી ચર્ચામાં વાત થઈ હતી. મારા ઉપરનો જ એ પત્ર છે. પર્યાયના કારણ પર્યાય જ છે. બરાબર? હવે એ જ્ઞાનીનું વચન થયું કે ન થયું? આ 'દિપચંદજી'નું જ્ઞાનીનું વચન થયું કે નહિ? અને છ કારકોનું 'ગરુદેવ'નું જ્ઞાનીનું વચન થયું કે ન થયું? હવે ત્રણ ત્રણ જ્ઞાની જો એક વાતમાં મતભેદમાં ન હોય તો પછી અજ્ઞાની ...

મુમુક્ષુ :- અકારણ પારિણામિક દ્રવ્ય છે એ પરિણામી છે ને? અકારણ પારિણામિક દ્રવ્ય એ પરિણમે કે નહિ? 'ગુરુદેવે' એ જ જવાબ આપ્યો હતો. એક વાર પંડિતજીએ પૂછયું હતું કે બેય પરમાણુ સરખા છે, એક જ સમયે કેમ ફેરફાર થાય છે? તો કહ્યું, અકારણ પારિણામિક દ્રવ્ય.

પૂજ્ય ભાઈશ્રી :- અકારણપણું છે એનું. એમાં શું છે કે દ્રવ્યથી કહેવું હોય તો દ્રવ્યથી કહેવાય અને પર્યાયથી કહેવું હોય તો પર્યાયથી કહેવાય. કથન બેયથી પરિણામમાં નિર્દોષપણું છે. સમજીને. સમજણફેર હોય તો દ્રવ્યથી કહે તોપણ ખોટું છે. ભલે દ્રવ્યથી છે, પણ સમજ્યા વગર કહે તો દ્રવ્યથી કહે તોપણ ખોટું છે. અને પર્યાયથી કહે પણ સમજ્યા વગર કહે તો એનું ખોટું છે. વસ્તુનું સ્વરૂપદર્શન હોવું જોઈએ. આ સીધી વાત છે. વસ્તુમાં

સ્વરૂપદર્શન હોવું જોઈએ.

મુમુક્ષુ :- એટલે આપનું કહેવું એમ છે કે દ્રવ્ય... અકારણ પારિણામિક દ્રવ્ય કહે એ તો કોઈ વાંધો નથી. પરંતુ..

પૂજ્ય ભાઈશ્રી :- સમજીને કહેવું જોઈએ. પોતાને વસ્તુનું સ્વરૂપદર્શન હોય તો એને સમજીને કહેવું જોઈએ કે આ રીતે હું કહું છું. તો એની મર્યાદા એના જ્ઞાનમાં જળવાઈ રહે. દાખલા તરીકે આપણે બોલીએ છીએ કે પાણીનો પ્યાલો આપજો. તો આપણા જ્ઞાનમાં તો .. થઈ ગઈ છે કે પાણી ભરેલો પ્યાલો મગાવ્યો છે. આપણે કોઈ પાણીનો પ્યાલો મગાવ્યો નથી. તો જ્ઞાન તો વસ્તુ જેવી હોય એવી જ રહે. કથન ગમે તે આવે. સમજીને બોલે એ નિર્દોષ છે. સમજ્યા વગર બોલે એ સાચું બોલે તોપણ ખોટું છે અને ખોટું બોલે તોપણ ખોટું છે. બેય એનું ખોટું છે.

મુમુક્ષુ :- ... પર્યાય દ્રવ્ય એને બે પ્રકારનું ઉપાદાન કહ્યું. એક ત્રિકાળી ઉપાદાન અને એક ક્ષણિક ઉપાદાન.

પૂજ્ય ભાઈશ્રી :- હા. .. ઉપાદાન છે. ઉપાદાન બે લીધેલા જ છે ને. પહેલેથી ત્રિકાળી ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન લીધેલા જ છે.

મુમુક્ષુ :- .. સ્વીકારે છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વીકારે છે કે નથી સ્વીકારતા? હવે આવે છે કે નહિ યાદ બરાબર? ક્ષણિક ઉપાદાન હોય, ક્ષણિક ઉપાદાન એ કારક છે કે અકારક છે? એ કહે છે કે ક્ષણિક ઉપાદાન 'પ્રવચનસાર' સ્વીકારે છે. તો એ ઉપાદાન કારક છે કે ..? એ કારક જ છે. સંપ્રદાન કહો કે ઉપાદાન કહો.

મુમુક્ષુ :- .. અપાદાન જે છે એ ધ્રુવમાંથી આવે છે. અને ધ્રુવ ન હોય તો ઉપાદાન ક્યાંથી થાય?

પૂજ્ય ભાઈશ્રી :- ન હોય તો એ પ્રશ્ન નથી. અહીંયાં ક્ષણિક ઉપાદાન છે એમ જો તમે સ્વીકારતા હોય તો.

મુમુક્ષુ :- હા, પણ એ ધ્રુવ સહિત છે ઉપાદાન?

પૂજ્ય ભાઈશ્રી :- એ ક્યાં ના છે. ધ્રુવ વગર .. એ વાત સ્વીકાર છે. તો પછી ક્ષણિક ઉપાદાન કહેવાની જરૂર શું? તો પછી એકલું ત્રિકાળી ઉપાદાન જ કહેવું હતું. ક્ષણિક ઉપાદાનનું તમારે શબ્દ વાપરવાનો કાંઈ હેતુ તો હશે કે નહિ? તો એ હેતુની મર્યાદામાં રાખીને વાત કરો.

મુમુક્ષુ :- તો વાંધો ન આવે. તો આપણે સંમત છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે? એક કારકનો તમે સ્વીકાર કરો તો છએ કારકોનો તમારે સ્વીકાર કરવો પડે. એમાં બીજો ઉપાય જ નથી. તમે એક કારકનો સ્વીકાર કરો તો તમારે છએ કારકનો સ્વીકાર કરવો જ પડે.

મુમુક્ષુ :- કર્તા પરિણામી દ્રવ્ય કીધું. જે પરિણમે તે કર્તા, એમ લખ્યો છે ને શબ્દ? એ કળશ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જે પરિણમે તે કર્તા. બરાબર છે. પરિણમે તે કર્તા. તો એમ જ .. દ્રવ્ય પરિણમે છે માટે કર્તા. શું કામ કહ્યું એ? એ વિવિક્ષાની ના નથી.

હવે જુઓ પર્યાયને સાધનનું નામ આપવામાં આવે છે. પર્યાયને સાધન કહે છે ને? પર્યાયને સાધકદશામાં સાધન પર્યાય છે ને? ઉપાય અને ઉપેય. ઉપાય સાધન છે ને? અને ઉપેય સાધ્ય છે. તો સાધન કારક છે કે અકારક છે? સાધન પોતે કારક છે અને પર્યાય પોતે સાધન છે. તો અભેદ થયું કે નહિ કારક એની અંદર? પર્યાયમાં સાધન માનીને કારક અભેદ થયું કે નહિ? એક કારક હોય તો છએ કારકો સ્વીકારવા જ પડે. બીજો રસ્તો જ નથી. એમ છે. એટલે એ તો છએ કારકોને માન્યા વગર બીજો રસ્તો જ નથી. નહિતર પર્યાયનું સાધન નામ જ ઉડી જશે. દ્રવ્ય જ સાધન અને દ્રવ્ય જ સાધ્ય થઈ જશે. પર્યાય જેવી વાત જ નહિ રહે ત્યાં.

**તા. ૧-૭-૧૯૯૧, પાના નં. ૮૧**
**પ્રવચન નં. ૧૭**

... '**દ્રવ્ય કારણકાર્ય, ગુણ કારણકાર્ય અને પર્યાય કારણકાર્ય. પ્રથમ દ્રવ્યના કારણકાર્ય કહીએ છીએ :-**' બહુ ચોખ્ખો જ વિષય લીધો છે આમાં. દ્રવ્ય કારણકાર્ય, ગુણ કારણકાર્ય અને પર્યાય કારણકાર્ય. **દ્રવ્યના કારણકાર્ય.** '(૧) **દ્રવ્ય પોતે જ પોતાના સ્વભાવથી પોતાનું કારણ છે અને પોતે જ કાર્યરૂપ છે;...**' દ્રવ્ય પોતે જ પોતાના સ્વભાવથી પોતાનું કારણ છે અને પોતે જ કાર્યરૂપછે.

મુમુક્ષુ :- દ્રવ્ય પોતે જ કારણ છે?

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્ય જ કારણ અને દ્રવ્ય જ કાર્ય. દ્રવ્યને દ્રવ્યપણાનું કારણ શું? ચાલો. દ્રવ્યને કોઈ કારણ નથી, પોતે દ્રવ્ય છે. 'બહેનશ્રીના વચનામૃત'માં આવ્યું કે દ્રવ્ય એને કહેવાય કે જેને કોઈની અપેક્ષા કે સાધનની જરૂર ન પડે. તો એને એમ કહો કે એને બીજા કોઈના કારણની જરૂર ન પડે. એનું નામ દ્રવ્ય. અકારણીય છે. દ્રવ્ય પોતે અકારણીય છે. બીજાથી હોં! પોતે જ પોતાનું કારણકાર્ય છે.

મુમુક્ષુ :- કારણ તો બરાબર છે પણ કાર્ય?

પૂજ્ય ભાઈશ્રી :- કાર્ય એટલે પોતાની હયાતી, દ્રવ્યપણે પોતાની હયાતી રહેવી શાશ્વતપણે એ એનું કાર્ય છે. દ્રવ્યપણાનો ત્યાગ ન થવો તે તેનું કાર્ય છે. એમ. એનું કારણ શું? કે એનું કારણ પોતે (દ્રવ્ય). એનું કારણ શું? કોઈ એમ કહે કે દ્રવ્ય શાશ્વત રહે. આત્મા દ્રવ્યપણે શાશ્વત રહે એનું કારણ શું? તો કહે એ પોતે જ કારણ છે. દ્રવ્ય પોતે જ એવા રૂપે છે એ જ એનું કારણ છે. બીજું કોઈ કારણવશ નથી. એમ રહેવાનું બીજું કોઈ કારણવશ નથી. પોતે જ કારણ અને પોતે જ કાર્ય.

અથવા એમ અંદરોઅંદર કહી શકાય કે '**ગુણ પર્યાય તે દ્રવ્યનું કારણ છે. (અને દ્રવ્ય કાર્ય છે.)**' 'તત્ત્વાર્થસૂત્ર' પાંચમા અધિકારનું ૩૮મું સૂત્ર છે. '**ગુણ પર્યાયવાન દ્રવ્ય આવું સૂત્રનું વચન છે;...**' ગુણપર્યાયવત્ દ્રવ્યં. આ સૂત્ર છે 'ઉમાસ્વામી'નું. ગુણપર્યાયવાળું દ્રવ્ય છે. એટલે ગુણપર્યાયને કારણ કહો અને દ્રવ્યને કાર્ય કહો તો કહી શકાય.

**'પૂર્વ પરિણામ યુક્ત દ્રવ્ય કારણ છે અને ઉત્તર પરિણામ યુક્ત દ્રવ્ય કાર્ય છે;...'** એમ પણ લઈ શકાય. 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'ની ગાથા ૨૨૨ અને ૨૩૦. **'અથવા સત્‌ કારણ છે અને દ્રવ્ય કાર્ય છે;...' 'सत् लक्षणं द्रव्यं'** સત્‌ કારણ છે અને દ્રવ્ય કાર્ય છે. **'અથવા...' 'द्रव्यत्वयोगाद् द्रव्यं'** પહેલા પ્રકરણમાં આ બધી વાતો લીધી છે એમણે. **'द्रव्यत्वयोगाद् द्रव्यं' '(એટલે કે દ્રવ્યત્વના યોગથી દ્રવ્ય છે)– દ્રવ્યત્વગુણ કારણ છે અને દ્રવ્ય કાર્ય છે.'**

**'દ્રવ્યનાં કારણકાર્ય દ્રવ્યમાં જ છે,...'** દ્રવ્યથી બહાર નથી. **'દ્રવ્ય પોતે જ પોતાના કારણરૂપે સ્વભાવપણે પરિણમીને પોતાના કાર્યને પોતે જ કરે છે.'** બહુ બહુ તો તમે અંદરના ને અંદરના ગુણપર્યાય લ્યો. પણ એથી બહાર તો છે જ નહિ. બહારમાં તો છે જ નહિ એમ કહેવું છે. **'દ્રવ્યમાં જો કારણકાર્ય ન હોય તો દ્રવ્યપણું કેવી રીતે રહે?'** આ સીધી વાત છે. દ્રવ્યપણું જે રહે છે એ જ એના દ્રવ્યના કાર્યને પોતાના કારણની અંદર પ્રસિદ્ધ કરે છે. **'માટે સંસારમાં જેટલા પદાર્થો છે તે તે સર્વે પોતપોતાના કારણ-કાર્યને કરે છે. તેથી જીવદ્રવ્યનાં કારણકાર્ય વડે જીવનું સર્વસ્વ પ્રગટે છે. જે કાંઈ છે તે કારણ-કાર્ય જ છે (અર્થાત્‌ કારણ કાર્યમાં બધું આવી જાય છે).'**

મુમુક્ષુ :- દ્રવ્યની સિદ્ધિ પોતાના કારણકાર્યથી છે?

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્યની? હા, પોતાના કારણકાર્યથી છે. દ્રવ્યની સિદ્ધિ પોતાના જ કારણકાર્યથી છે. દ્રવ્યનું દ્રવ્યપણું તે કારણ અને દ્રવ્યનું દ્રવ્યપણે કાયમ રહેવું તે કાર્ય. બસ. આ નિશ્ચય છે. પછી જેટલા ભેદ પાડવામાં આવે દ્રવ્ય-ગુણ-પર્યાયના બીજું-ત્રીજું બધું વ્યવહારમાં જાય છે. આ નિશ્ચય છે.

**'હવે ગુણના કારણ કાર્ય કહીએ છીએ :-' '(૧) દ્રવ્ય-પર્યાય તે ગુણનું કારણ છે અને ગુણ કાર્ય.'** એમ પણ કહી શકાય. અને **'(૨) કેવળ દ્રવ્ય-પર્યાય (ગુણનું) કારણ છે એટલું જ નહિ પરંતુ ગુણ પણ ગુણનું કારણ છે અને ગુણ જ કાર્ય છે.'** અથવા એવી રીતે લઈએ. **'એક સત્તાગુણ સર્વે ગુણોનું કારણ છે અને સર્વે ગુણો (તેનું) કાર્ય છે.'** આધાર લીધો એટલા માટે. **'એક સૂક્ષ્મ(ત્વ) ગુણ સર્વે ગુણોનું કારણ છે અને સર્વે ગુણો કાર્ય છે.'** કેમકે બધા સૂક્ષ્મ છે. **'એક અગુરુલઘુ ગુણ સર્વે ગુણોનું કારણ છે અને સર્વે ગુણો કાર્ય છે...'** કેમકે એકબીજારૂપ થતા નથી. **'એક પ્રદેશત્વ ગુણ સર્વે ગુણોનું કારણ છે અને સર્વે ગુણો કાર્ય છે,...'** કેમકે બધા પ્રદેશમાં રહે છે. **'આ જ પ્રકારે એકેક ગુણ સર્વે ગુણોનું કારણ છે અને સર્વે ગુણો કાર્ય છે.'** એમ એકબીજા ગુણોને પણ કારણકાર્ય લાગુ પડે છે. દ્રવ્ય-પર્યાયને પણ કારણ-કાર્ય લાગુ પડે છે અને તે જ ગુણમાં તેનું પોતાનું

કાર્યકારણપણું લાગુ પડે છે. તે ગુણ પોતાના સ્વરૂપે રહે અને બીજાના સ્વરૂપે ન થાય એનું કારણ શું છે? કારણમાં એવો જ પોતે છે. સ્વરૂપે કરીને પોતે એવો છે. જ્ઞાન જ્ઞાનપણે રહે અને બીજા કોઈ ગુણરૂપે ન થાય. દર્શનરૂપે પણ ન થાય. નહિતર ચૈતન્યનો જ ભેદ છે જ્ઞાન અને દર્શન. જ્ઞાન જ્ઞાનપણે રહે અને દર્શનપણે ન થાય. કેમ? એવું કારણ જ્ઞાનમાં પોતાનું પોતાને છે. એવો ગુણ પોતે જ કાર્યરૂપે છે. સદાય ટકી રહે છે. એ વાત હવે કરે છે. ઓલામાં તો શું કહ્યું કે બીજા કારણ લીધા. દ્રવ્યપર્યાયને લીધા અને બીજા ગુણોને પણ લીધા.

મુમુક્ષુ :- એક ગુણ કારણ અને એક ગુણ કાર્ય.

પૂજ્ય ભાઈશ્રી :- કારણ કે દ્રવ્ય કારણ લીધું છે ને એટલા માટે. અનંત ગુણ આવી ગયા એમાં. અને એક ગુણ કારણ અને બીજો ગુણ કાર્ય એમ પણ લેવાય છે સત્તા વગેરેથી, પ્રદેશત્વ વગેરેથી. એમ બધું લાગુ પડે છે કારણકાર્યમાં.

**'હવે તે જ ગુણના કારણ (કાર્ય) તેમાં કહીએ છીએ :-' 'સત્તાનું નિજકારણ સત્તામાં જ છે;...'** સત્તાને કોઈનો આધાર નથી. બીજા ગુણને સત્તા આધાર છે. સત્તાના આધારે બીજા ગુણ રહ્યા છે પણ સત્તાને કોણ આધાર? કોઈ આધાર નથી. **'સત્તાનું નિજકારણ સત્તામાં જ છે; સત્તા, દ્રવ્ય-ગુણ-પર્યાયનાં હોવાપણારૂપ લક્ષણવાળી છે,...'** સત્તા છે તે દ્રવ્ય-ગુણ-પર્યાયના હોવાપણારૂપ લક્ષણવાળી છે.

**'તેથી ઉત્પાદ-વ્યય-ધ્રુવ કે જે સત્તાનું લક્ષણ છે તે-સત્તાનું કારણ છે...'** સત્તાનું લક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને સત્તા કાર્ય છે. કેમકે સત્તા પોતે ઉત્પાદ-વ્યય-ધ્રુવમય છે. અને પોતે જ કારણ છે અને પોતે જ કાર્ય છે. **'એ જ પ્રમાણે અગુરુલઘુત્વગુણ નિજકારણવડે નિજકાર્યને કરે છે. તે અગુરુલઘુત્વગુણનો વિકાર (પરિણમન) ષટ્‌ગુણી વૃદ્ધિ-હાનિ છે; એ વૃદ્ધિ-હાનિવડે જ અગુરુલઘુકાર્ય નીપજ્યું છે, તેથી અગુરુલઘુ પોતે પોતાનું જ કારણ છે. આ પ્રમાણે સર્વે ગુણો પોતપોતાનું કારણ છે અને પોતાના કાર્યને પોતે જ કરે છે.'** ખરેખર તો ગુણ કારણરૂપ છે એનું કાર્ય કરવા માટે. આપણે એમ કહીએ કે આ પદાર્થમાં કઈ જાતનો ગુણ છે? તો એ રીતે એનો ઉપયોગ કરો. સીમેન્ટમાં ચોંટવાનો ગુણ છે, ચુનામાં ચોંટવાનો ગુણ છે તો બે પત્થરને વાપરવામાં ઉપયોગ કરીએ છીએ. પણ એનું કારણ એનામાં છે. એમ ગુણનું કારણ—ગુણપણે પરિણમવાનું કારણ ગુણમાં જ છે. એ ગુણપણે જ પરિણમે અને બીજા ગુણપણે એ ન પરિણમે. એનું કારણ એનામાં જ છે. એની બહાર નથી ક્યાંય.

**'તેથી અગુરુલઘુ પોતે પોતાનું જ કારણ છે. આ પ્રમાણે સર્વે ગુણો પોતપોતાનું કારણ છે અને પોતાના કાર્યને પોતે જ કરે છે. અન્ય ગુણનિમિત્તકારણગ્રાહકનયની**

**વિવક્ષાથી અન્ય ગુણના કારણથી અન્ય ગુણનું કાર્ય થાય છે;...**' એવો એક નય છે. અન્ય ગુણ નિમિત્તકારણ ગ્રાહકનય. એને નિમિત્ત કહેવામાં આવે, બીજા ગુણને. એવા જ્ઞાનથી જોવામાં આવે તો અન્યગુણગ્રાહક નિરપેક્ષ એ વિવિક્ષાથી અન્ય ગુણનું કાર્ય થાય છે અને '**અન્યગુણગ્રાહક-નિરપેક્ષ, કેવળ નિજગુણગ્રાહકનયની વિવક્ષાથી નિજ ગુણ પોતે જ નિજના કારણકાર્યને કરે છે.**' એ પણ નય છે અને આ પણ નય છે. નિજગુણગ્રાહકનયની અપેક્ષાએ. શક્તિ છે ને. ગુણ તો પોતે જ શક્તિ છે. તો શક્તિને બીજાની શું જરૂર પડે? કારણ તો બીજાની જરૂર હોય એને એમ કહેવાય કે ભાઈ તમારા કારણે આમ થયું. પણ ગુણ પોતે જ શક્તિ છે એને શું કારણની જરૂર હોય? દ્રવ્ય પોતે અનંત શક્તિનો પુંજ છે માટે એને બીજાના કારણની જરૂર નથી. પ્રત્યેક ગુણ પોતે જ અનંત શક્તિ સ્વરૂપ છે માટે એને બીજા કારણની જરૂર નથી. હવે જે ઝઘડો છે એ પર્યાયનો છે. બાકી દ્રવ્ય-ગુણમાં તો વાત ચોખ્ખી જ છે. કેમકે પોતે શક્તિસ્વરૂપે છે, સામર્થ્યસ્વરૂપે છે. એને કોઈના કારણની જરૂર નથી. પર્યાયમાં હવે વિવાદ ઊભો થાય એવું છે થોડું.

'**કેવળ નિજગુણગ્રાહકનયની વિવક્ષાથી નિજ ગુણ પોતે જ નિજના કારણકાર્યને કરે છે. દ્રવ્ય વિના ગુણ હોય નહિ,...**' દ્રવ્ય વિના કોઈ ગુણ હોય નહિ. '**માટે ગુણકાર્યનું દ્રવ્ય કારણ છે;...**' ગુણરૂપી કાર્યનું દ્રવ્ય કારણ છે. ગુણ વિના દ્રવ્ય હોય નહિ. માટે ગુણકાર્ય અને દ્રવ્ય એનું કારણ. દ્રવ્યને કારણે ગુણ છે એકલો ગુણ જોવા મળતો નથી. અને પર્યાય ન હોય તો ગુણરૂપ કોણ પરિણમે? જો એની પર્યાય ન હોય તો પર્યાય વગર પરિણમે કોણ? જ્ઞાનની જાણવાની શક્તિ ખરી જ્ઞાનગુણમાં પણ જાણવાની પર્યાય ન થાય તો એ ગુણ શું કરે? '**માટે પર્યાય કારણ છે, ગુણ કાર્ય છે.**' જુઓ! કેવી રીતે વિચારે છે. પર્યાય કારણ છે. પર્યાયને કાર્ય ન લીધું અહીંયાં. પર્યાય કારણ છે અને ગુણ કાર્ય છે. કેમકે પર્યાયના કારણે ગુણ જણાયો. આ બહુ સારી વિવિક્ષા છે.

જ્ઞાનક્રિયાથી જ્ઞાન પકડાય છે. સંવર અધિકાર ૧૮૧,૮૨,૮૩ ગાથા. જ્ઞાનક્રિયા આધાર છે અને જ્ઞાન આધેય છે. એમ લીધું છે? બરાબર? તો આધાર કહો કે કારણ કહો, બેય એક જ વાત છે એ તો. જેના આધારે જણાયું, જેના કારણે જણાયો. જ્ઞાનસ્વભાવ ક્યાંથી જણાયો? કે જ્ઞાનક્રિયામાંથી જણાયો. માટે જ્ઞાનસ્વભાવને જાણવામાં જ્ઞાનક્રિયા કારણ થઈ. પર્યાય કારણ થઈ અને સ્વભાવ પકડાયો તે કાર્ય થયું. સ્વભાવ તે કાર્ય થયું. આવી પદ્ધતિ જૈનદર્શન સિવાય ક્યાંય નથી. વિજ્ઞાન અને વિજ્ઞાનને રજુ કરવાની પદ્ધતિ, ગજબ વાત છે!

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ધર્માસ્તિકાયનો સ્વભાવ—ગુણ જણાયો. નિમિતત્ત્વની પર્યાય

ઉપરથી એના સ્વભાવનું ગ્રહણ થયું એમ કહેવું છે. ગુણ જે પોતાનું કાર્ય પ્રસિદ્ધ કરે છે પર્યાયમાં એ પોતાના ગુણ અનુસાર જે કાર્ય પ્રસિદ્ધ થયું એ ગુણને પ્રસિદ્ધ કરે છે. જો કાર્યની એવી પ્રસિદ્ધિ ન થઈ હોત તો આ ગુણ છે એ કેમ ખબર પડત? કેમકે એ તો નિર્વિકલ્પ અને અરૂપી છે. ગુણ બધા અરૂપી અને નિર્વિકલ્પ છે. જો એનું કાર્ય પ્રસિદ્ધ ન હોત તો એ ગુણ છે કે નહિ એમ ખબર ન પડત. માટે પર્યાય કારણ અને ગુણ કાર્ય. આમ લેવું છે.

મુમુક્ષુ :- ફૂલમાં સુગંધ ન હોય તો ...

પૂજ્ય ભાઈશ્રી :- તો એમાં ગંધ નામનો ગુણ છે એમ કેમ ખબર પડત? જો ફૂલની સુગંધરૂપ પર્યાય પ્રગટ ન થઈ હોય તો પર્યાય કારણ બનીને એ ગુણને કેવી રીતે જણાવત, પ્રસિદ્ધ કરત? માટે ગુણની પ્રસિદ્ધિમાં પર્યાય કારણ છે. પર્યાય કારણ અને ગુણ કાર્ય. એમ છે.

'**એ પ્રમાણે ગુણ કારણકાર્યના અનેક ભેદ છે.**' આ રીતે દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી.

'**હવે પર્યાયના કારણકાર્ય કહીએ છીએ :- દ્રવ્ય (તથા) ગુણ તે પર્યાયનું કારણ છે...**' આ વાત તો પાછી પોતે કરી છે. દ્રવ્યગુણના કારણે પર્યાય ઊપજતી હોવાથી દ્રવ્યગુણ કારણ છે અને પર્યાય કાર્ય છે એ વાત સ્થાપીને ઓલી વાત કરી છે. જો એકાંત ઓલી વાત કરી હોત તો તો વિરોધ કરવો બરાબર યોગ્ય છે. પણ આ વાત એમના ખ્યાલમાં છે અને એ વાત પહેલી કરી છે એમણે. પછી ઓલી નિરપેક્ષ કારણકાર્યની વાત પર્યાયમાં લીધી છે. એટલે આ વાત પોતે જાણે છે, સ્વીકારે છે અને છતાં ઓલી વાત કરે છે. અજાણ્યા છે અને નથી કરતા એવું નથી કાંઈ.

મુમુક્ષુ :- બધી અપેક્ષાઓ લઈ લીધી.

પૂજ્ય ભાઈશ્રી :- બધી અપેક્ષાઓ. દ્રવ્યની, ગુણની, પર્યાયની બધી અપેક્ષાઓ લઈ લીધી છે. એમ નથી કે આ અપેક્ષા રહી ગઈ છે અને નથી કરતા. એવું નથી. પ્રત્યેક અપેક્ષાથી (વાત કરી છે).

મુમુક્ષુ :- આ ચિદ્વિલાસ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ ચિદ્વિલાસ છે. ચૈતન્યનો વિલાસ છે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં. આ ચિદ્વિલાસ છે.

'**દ્રવ્ય (તથા) ગુણ તે પર્યાયનું કારણ છે અને પર્યાય કાર્ય છે; કેમકે દ્રવ્ય વિના પર્યાય હોય નહિ,-જેમ સમુદ્ર વિના તરંગ હોતાં નથી તેમ...**' ચોખ્ખે ચોખ્ખું દૃષ્ટાંત લઈ લીધું. દરિયો નથી અને એના તરંગ ક્યાંય અધ્ધર છે મોજા? દરિયા વગરના મોજા છે? એ

હોઈ શકે નહિ. '**તેમ આ પ્રમાણે પર્યાયનો આધાર દ્રવ્ય છે,...**' પર્યાયનો આધાર તે દ્રવ્ય છે. પર્યાય દ્રવ્યના આધારે રહેલી છે એ વાત સ્થાપે છે પોતે. અજાણ્યા નથી એ વિષયથી. પછી ઓલી વાત કરે છે તો સમજીને કરે છે કે નહિ? નહિતર તો માણસને ભૂલ થાય કે ઓલી ખબર નથી.

'**દ્રવ્યમાંથી જ પરિણતિ ઊઠે છે.**' દ્રવ્યમાંથી જ પરિણતિ ઊઠે છે. '**(આલાપપદ્ધતિ-માંના પર્યાય અધિકારમાં) કહ્યું છે કે–**'

**अनाद्यनिधने द्रव्ये स्वपर्यायाः प्रतिक्षणं।**
**उन्मज्जंति निमज्जंति जलकल्लोलवज्जले।।**

જળમાં જળના કલ્લોલોની ઉત્પન્ન થાય છે તેમ. '**उन्मज्जंति**' અને '**निमज्जंति**' '**उन्मज्जंति निमज्जंति**' અંદર જાય અને બહાર આવે, અંદર ... બહાર આવે. એમાંથી તરંગ ઊઠે પાછો એમાં ને એમાં સમાય. તરંગ ઊઠે અને એમાં ને એમાં સમાય જાય.

મુમુક્ષુ :- પર્યાય ઊઠે અને પર્યાય સમાય જાય.

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય ઊઠે અને પર્યાય સમાય જાય.

'**(અર્થ :- જળમાં જળના કલ્લોલોની સમાન અનાદિનિધન...**' એટલે અનાદિઅનંત-ત્રણે કાળે '**દ્રવ્યમાં દ્રવ્યના નિજ પર્યાયો પ્રત્યેક સમયમાં ઉત્પન્ન થાય છે તથા નષ્ટ થાય છે.)**' '**उन्मज्जंति**' એટલે અંદરથી ઊભા થવા '**निमज्जंति**' એટલે અંદર સમાય જવા. અંદરથી ઊભા થવા અને અંદરમાં ને અંદરમાં સમાય જવા. ઉત્પન્ન થવા અને સમાય જવા. '**આ પ્રમાણે પર્યાયનું કારણ દ્રવ્ય છે.**' ચોખ્ખું લીધું આલાપપદ્ધતિનો આધાર લઈને. એટલે એ વાત તો ચોખ્ખી છે કહેનારને કે અજ્ઞાન નથી એ વિષયનું. એ તો નક્કી થયું ને?

'**હવે ગુણ તે પર્યાયનું કારણ છે એ કહીએ છીએ :- ગુણનો સમુદાય તે દ્રવ્ય છે; ગુણ વિના દ્રવ્ય ન હોય, અને દ્રવ્ય વિના પર્યાય ન હોય,–**' ગુણ વિના દ્રવ્ય ન હોય અને દ્રવ્ય વિના પર્યાય ન હોય. હવે જો દ્રવ્યનું કારણ ગુણ હોય, ગુણ વિના દ્રવ્ય નથી અને દ્રવ્ય વિના પર્યાય નથી તો ઓટોમેટિક પર્યાયનું કારણ ગુણ થઈ ગયું. '**એ રીતે ગુણ તે પર્યાયનું કારણ છે.–એક તો આ વિશેષણ (–પ્રકાર) છે. અને બીજું ગુણ વિના ગુણપરિણતિ ન હોય...**' એક એક ગુણના જે પરિણામ તેને ગુણપરિણતિ કહે છે. આખા દ્રવ્યની એક સમયની અવસ્થાને દ્રવ્યપરિણતિ કહે છે. અને એ જ વખતે અનંતા ગુણોના ભેદરૂપ પર્યાય તેને ગુણપરિણતિ કહે છે. જાણવું, દેખવું, ... થવું વગેરે. એટલે ગુણ વિના ગુણપરિણતિ ન હોય. '**માટે ગુણ પર્યાયનું કારણ છે.**' માટે ગુણ છે એ પર્યાયનું કારણ છે.

'**ગુણ પર્યાય (રૂપે) પરિણમે છે...**' ગુણ પોતે જ પર્યાયરૂપે પરિણમે છે. જ્ઞાનની

શક્તિ જાણવારૂપે પરિણમે છે ‘**ત્યારે ગુણપરિણતિ (એવું) નામ પામે છે, માટે ગુણ કારણ છે અને પર્યાય કાર્ય છે.**’ આ તો કારણકાર્ય ઉતાર્યા. નિમિત્તનૈમિત્તિક સંબંધ ઉતારવામાં આવે છે.

‘ગુરુદેવ’ અહીંયાં પધાર્યા હતા ત્યારે એકવાર રાત્રી ચર્ચામાં પ્રશ્ન કર્યો હતો. રાત્રી ચર્ચા ભાઈને ત્યાં ફળિયામાં રાખી હતી રાત્રે. જ્ઞાનનો પર્યાય એમાં સ્વભાવ જણાય. પર્યાયને આપ નિરપેક્ષ કહો છો. પ્રશ્ન શું હતો? કે જ્ઞાનનો પર્યાય ગુણ નિરેપેક્ષ આપે લીધું. ગુણનિરપેક્ષ પર્યાય છે. દ્રવ્ય નિરપેક્ષ પર્યાય છે. તો જે જ્ઞાનનો પર્યાય, જ્ઞાનનો ઉપયોગ લીધો એટલા માટે, પર્યાય કહેવાના બદલે એને ઉપયોગ લીધો કે જ્ઞાનનો ઉપયોગ છે એને જ્ઞાનનો જે સ્વભાવ અથવા જ્ઞાનની શક્તિ સાથે સંબંધ કઈ જાતનો? જ્ઞાનશક્તિમાંથી જ્ઞાનનો ઉપયોગ થયો અને જો જ્ઞાનના ઉપયોગને નિરપેક્ષ લેવો હોય તો જે જ્ઞાનશક્તિ છે એને અને આ જ્ઞાન ઉપયોગને શું સંબંધ રહ્યો?

‘ગુરુદેવે’ શું જવાબ આપ્યો ખબર છે? નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. કારણકાર્ય સંબંધ નહોતો લેવો એમને પોતાને એટલે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. પછી પ્રશ્ન ન પૂછ્યો વાત સમજાય ગઈ એટલે. જ્ઞાનમાં જ્ઞેય નિમિત્ત છે કે નહિ? જ્ઞાનમાં જ્ઞેય છે તે નિમિત્ત છે. તો જ્ઞાનની પર્યાયે પોતાની જ્ઞાનશક્તિને જાણી. ઉપયોગમાં શું જણાયું? કે આત્મામાં જ્ઞાન જ્ઞાનની શક્તિ છે. તો એ આત્મા અને એની શક્તિ એ જ્ઞાનમાં જ્ઞેયરૂપ નિમિત્ત થયા. જેમ પર નિમિત્ત છે એમ સ્વનિમિત્ત છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. એવો જવાબ દીધો હતો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઉપાદાન થઈ ગયું અને ઓલું નિમિત્ત થઈ ગયું. કેમકે પ્રશ્ન એ ચાલ્યો હતો કે પર્યાય નિરપેક્ષ છે. તો પ્રશ્ન ઉપયોગમાંથી લીધો. કેમકે જ્ઞાનગુણનો એ પર્યાય છે. એટલે જ્ઞાનગુણ પરિણમે છે ઉપયોગરૂપે. તો પછી ઉપયોગ છે એને જ્ઞાનસ્વભાવ સાથે શું સંબંધ? નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. જ્ઞાનસ્વભાવ એમાં નિમિત્ત પડ્યો. આ ક્ષણિક ઉપાદાન છે.

મુમુક્ષુ :- આ વાત કેમ બેસે?

પૂજ્ય ભાઈશ્રી :- જો આ વાત ન બેસે તો વસ્તુ જ બેસે એવી નથી. વસ્તુનું સ્વરૂપ જ બેસે એવું નથી. એનું કારણ છે. જે પર્યાય છે ને એ જાણવારૂપી ક્રિયા છે. જ્ઞાનમાં ક્રિયા છે અને ગુણ અને દ્રવ્ય અક્રિયા છે. હવે એમ બતાવી દ્યો કે અક્રિય કારણ અને ક્રિયા કાર્ય કેવી રીતે બતાવશો ચાલો? જેનું સ્વરૂપ અક્રિય રહેવાનું છે એ કારણ અને સક્રિય એનું કાર્ય કેવી રીતે થાય? ખરેખર તો બેય નિરપેક્ષ જ લેવું પડે. નહિતર વસ્તુનું સ્વરૂપ કોઈ દિવસ

બેસે એવું છે જ નહિ.

ત્રીજું આમાં લેવું છે. '**પર્યાયનું કારણ પર્યાય જ છે.**' આ બોલ્ડ ટાઈપમાં લીધું જોયું? '**પર્યાયનું કારણ પર્યાય જ છે. ગુણ વિના જ...**' હવે અહીંયાં દૃષ્ટિ બીજી લેવી છે. ગુણને સાથે નથી લેવો. કારણ કે ગુણની વાત પૂરી થઈ ગઈ, દ્રવ્યની વાત પૂરી થઈ ગઈ. હવે પર્યાયનું કારણ પર્યાય જ છે. ઓલામાં ક્યાંય ન લીધું. ગુણ પર્યાય વિના દ્રવ્યનું કારણ દ્રવ્ય છે એવી ભાષા ન વાપરી. દ્રવ્ય વિના કે પર્યાય વિના ગુણ ગુણનું કારણ છે એવી ભાષા ન વાપરી. અહીંયાં ચોખ્ખું લીધું કે '**ગુણ વિના જ (અર્થાત્ ગુણની અપેક્ષા વગર જ) પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે;...**' ત્યાં કેટલા બોલ લીધા પાછા. '**પર્યાયની સત્તા પર્યાયનું કારણ, પર્યાયનું સૂક્ષ્મત્વ પર્યાયનું કારણ છે, પર્યાયનું વીર્ય પર્યાયનું કારણ છે, પર્યાયનું પ્રદેશત્વ પર્યાયનું કારણ છે.**' જાઓ! ચાર બોલ લીધા. પર્યાયની સ્વતંત્રતા સિદ્ધ કરવા માટે.

જો પર્યાયની સ્વતંત્રતા ન લે તો પર્યાય દૃષ્ટિ કેવી રીતે છૂટે એ સમજાવો. ચાલો. જ્યારે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના ત્રિકાળી અક્રિય ચિદ્‌બિંબની અંદર અહંપણું સ્થાપે છે, શ્રદ્ધાએ કરીને, જ્ઞાને કરીને અને સ્વરૂપ સ્થિરતામાં આચરણ કરીને કે હું ત્રિકાળ ધ્રુવ અક્રિય ચિદ્‌બિંબ છું. પર્યાય ભલે ફર્યા કરે, હું ફરતો નથી. આવી જે દ્રવ્યદૃષ્ટિ છે એ દ્રવ્યદૃષ્ટિ કેવી રીતે ઊભી થાય? જો પર્યાયની સ્વતંત્રતા ન લેવામાં આવે તો દ્રવ્યદૃષ્ટિ થઈ જ ન શકે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- .. જ પડે એને. કાલે આપણે પહેલી દલીલ એ લીધી કે શ્રદ્ધામાં શું કરશો? જ્ઞાન જાણે છે. બધી અપેક્ષા તો જ્ઞાન જાણે છે કે દ્રવ્ય કારણ છે અને ગુણ કારણ છે એમ બધું જ્ઞાન જાણે છે. શ્રદ્ધા ક્યાં જાણે છે? એ તો આંધળી છે. શ્રદ્ધા આંધળી છે અને શ્રદ્ધાના વિષયમાં પર્યાય નથી આવતી. પર્યાયરહિત દ્રવ્ય શ્રદ્ધાનો વિષય છે. હવે શું કરશો? અને પર્યાય કોઈ ભેદ પાડવાની નથી. પાડવાનો એનામાં ગુણ નથી શ્રદ્ધામાં. શ્રદ્ધા કોઈ ભેદ પાડે નહિ અને શ્રદ્ધામાં ભેદ પાડવાનો ગુણ નથી. શું કરશો? કે પર્યાયની સ્વતંત્ર સ્વીકારવી જ રહી. પર્યાયનું કારણ પર્યાયમાં નાખવું રહ્યું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વીકારવી જ પડે. કેમકે બેના સ્વભાવ વિરુદ્ધ છે. એકનો સ્વ-ભાવ ધ્રુવ છે, એકનો સ્વભાવ અધ્રુવ છે. એક સમયના આયુષ્યવાળો છે. પર્યાય એક સમયની આયુષ્યવાળી છે, ત્રિકાળી છે અનાદિ અનંત આયુષ્યવાળું તત્ત્વ છે. 'ગુરુદેવ' તો વ્યાખ્યાનમાં ચોખ્ખું બોલતા. બે સત્ છે એમ જ બોલતા હતા. 'પ્રવચનસાર'માં એક સત્‌ની

વાત કરી. જ્યારે દ્રવ્ય પર્યાયની વાત આવે ત્યારે બે સત્ છે એમ ત્યાંથી શરૂ કરતા હતા કે બે સત્ છે. એક ધ્રુવ સત્, એક પર્યાય સત્. એક ક્ષણિક ઉપાદાન અને એક ધ્રુવ ઉપાદાન. ઉપાદાન પોતે જ કારણ છે. ઉપાદાન કહો કે અપાદાન કહો, એ તો એક શબ્દમાંથી બીજો શબ્દ બનેલો છે.

બહુ ચોખ્ખું લીધું છે. '**પર્યાયનું કારણ પર્યાય જ છે. ગુણ વિના જ...**' હોં! અહીંયાં ગુણ વિના જ પર્યાયનું કારણ પર્યાય છે. '**(અર્થાત્ ગુણની અપેક્ષા વગર જ) પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે;...**' જો ગુણનું કારણ પર્યાય લેવામાં આવે એકાંતે, કથંચિત્ છે, પણ એકાંતે લેવામાં આવે તો કોઈ પર્યાય વિકારી ન થઈ શકે. કોઈ જીવને સંસાર ન હોય. કોઈ પર્યાય વિકારી થાય નહિ અને કોઈ જીવને સંસાર હોય નહિ. સંસારનું દુઃખ કોઈ જીવને ન હોય. કેમકે એવો ગુણ નથી. ગુણ પ્રમાણે જ પર્યાયને થવાનું બંધન હોય તો કોઈ જીવને સંસાર ન હોય. પણ અનંત કાળ જીવનો સંસાર રહ્યો છે. દરેક જીવનો સંસાર અનંત કાળ છે. અનંત કાળ પહેલા સિદ્ધ થયા એ જીવનો સંસાર પણ અનંત કાળ હતો. અને અનંત કાળ પછી થાય એને તો અનંત કાળ છે જ સંસારનો. ક્યાંથી થયો? સંસાર ક્યાંથી આવ્યો? ગુણ શુદ્ધ છે અને સંસાર અશુદ્ધ છે. જો ગુણને એકાંતે કારણ લ્યો તો કારણ અનુસાર કાર્ય હોય. માટે ગુણ વિના જ પર્યાય પર્યાયનું કારણ છે.

આ બે વરસ પહેલા 'સોનગઢ'માં ચર્ચા ચાલી. પ્રશ્ન આવ્યો હતો. પ્રશ્નોત્તર હતો. કીધું, પર્યાય સ્વતંત્ર છે. ત્યાં કોઈ અત્યારે ચાલે એવું નથી. તે દિ'ની વાત જુદી હતી. .. વિદ્વાનો ભેગા થઈ ગયા. પૂરું કર્યા પછી. હોલમાં તો બહુ દલીલ ન કરી. પછી ..ની વાત કેવી રીતે કરી? સંસાર ક્યાંથી થયો? ઓલો શબ્દ આવ્યો છે ને? કે કોઈ જીવનો સંસાર ક્યાંથી થયો? એ ગુણ જ નથી એનો. થયો કેવી રીતે? આત્મામાં ગુણ નથી સંસારપણે થવાનો. સિદ્ધપણે રહેવાનો ગુણ છે પણ સંસારીપણે રહેવાનો ગુણ નથી. અને અનંત કાળ સમય સમય કરીને અનંત કાળ ગયો છે એનું શું? કે એ નિરપેક્ષ પર્યાય થાય. દ્રવ્ય-ગુણના સ્વભાવથી નિરપેક્ષ પર્યાય (થાય છે). આ તો વાત દાંડી પીટીને છે. સ્વીકારવું ન સ્વીકારવાનો આગ્રહ નથી. એમાં સૌ સ્વતંત્ર છે. પણ છે એ વસ્તુસ્થિતિ એ જ છે. આગમ એમ કહે છે, ગુરુ એમ કહે છે માટે તીર્થંકર પણ એમ જ કહે છે.

....એમ થવાની શક્તિ છે. પણ જ્યાં વિસદશ્યતા છે, વિરુદ્ધતા છે ત્યાં કેવી રીતે કારણ કહેશો ? વિરુદ્ધ કારણ કેવી રીતે હોય અને કાર્ય અવિરુદ્ધ કેવી રીતે હોય કારણથી? કારણથી કાર્ય વિરુદ્ધ કેવી રીતે હોય? માટે નથી. એમ કહેવું છે.

મુમુક્ષુ :- સિદ્ધદશામાં અગુરુલઘુગુણને લીધે ... હાનિવૃદ્ધિ ત્યાં થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં થાય જ છે, સ્વતંત્ર જ થાય છે.

અત્યારે જે ભૌતિક વિજ્ઞાન છે ને, ઈ આ વાત સ્વીકારે છે. આ પર્યાયનું વીર્ય પર્યાયનું કારણ છે ને? એ ભૌતિક વિજ્ઞાનમાં સ્વીકારવામાં આવે છે. આમ સામાન્ય રીતે ઉપલી સપાટીને પર્યાય કહે છે વિજ્ઞાન. તો દરેક પ્રવાહી હોય ને, એની જે ઉપરની સપાટી છે એને સર્ફેસટેન્શન કહે છે. ટેન્શન એટલે તાકાત ત્યાં. એની સપાટીની તાકાત. સપાટીની જે પર્યાય છે એની તાકાત હોય છે. જો એને તાકાત ન હોય તો ૫૦-૫૦ હજારની સ્ટીમર પાણીમાં ન તરે. જો પાણીને પાણીની સપાટીની તાકાત ન હોય ને તો એક તમે લોઢાની ખીલ્લી નાખો ને, પા તોલાની પાવલીભાર તો એ દરિયામાં નીચે બેસી જશે, ઉપર નહિ તરે. અને આખાની પ્લેટની બોડી છે એની. સ્ટીમરની બોડી કેવી છે? આઠ આની લોખંડની પ્લેટ છે અને હજારો ટન એનું વજન થાય છે. પણ પાણીમાં તરે છે. એનું સર્ફેસટેન્શન છે—તાકાત છે. એની પ્રવાહીમાં તાકાત છે.

જામર થાય છે ને? ત્યારે ટેન્શન માપે છે. એનું ટેન્શન માપે. પાણી રહ્યું ને અંદર? એટલે એનું ટેન્શન માપે. માપવાનું યંત્ર આવે છે. બધું જોયું છે માપતા, કેવી રીતે માપે છે. એનો કાંટો જેમ ઓલો ત્રાજવાનો કાંટો હોય ને એવી રીતે મપાય છે. ત્રાજવા જેવું હોય છે. મૂકે છે. આંખના ગોળા ઉપર મૂકે એ કાંટો બતાવે એનો આંક કે અત્યારે કેટલું પાણી છે. એ સર્ફેસટેન્શન છે માપવામાં આવે છે. આ પારો છે પારો લ્યોને. પાણીમાં ખીલ્લી નાખો તો ડૂબી જાય. અડધા પ્યાલામાં પ્રવાહી લિક્વિડ મરક્યુરી પારો ભર્યો હોય અને એના ઉપર લોઢાનો ટૂકડો નાખો તો ઉપર તરે. નીચે ન બેસે. એનું સર્ફેસટેન્શન વધારે છે. એ નીચે ન બેસે. લોઢાને ઉપર રાખી દે એવું પ્રવાહી છે.

એમ પર્યાયનું વીર્ય પર્યાયમાં છે એમ કહેવું છે. પર્યાયનું વીર્ય પર્યાયમાં છે. આ ભાષા ભારે વાપરી. '**ગુણ વિના જ પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે;...**'

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વિશેષ શું લીધું? ગુણ વિના પર્યાયનું અસ્તિત્વ છે, ગુણ વિના પર્યાયનું સૂક્ષ્મત્વ છે, ગુણ વિના પર્યાયની તાકાત સ્વતંત્ર છે અને ગુણ વિના જ પર્યાયના પ્રદેશો જુદા છે. પ્રદેશત્વમાં વાંધો પડે છે, પ્રદેશત્વમાં વાંધો પડે છે. તમે વીર્ય કહો ત્યાં સુધી વાંધો નહિ, એની સત્તા કહો ત્યાં સુધી (વાંધો નહિ), એની સત્તા કહો વાંધો નહિ, એનું સૂક્ષ્મત્વ કહો વાંધો નથી પણ આ પ્રદેશત્વ ક્યાંથી લાવ્યા? એમ કહે છે. એવું છે.

મુમુક્ષુ :- બધા ગુણ જ છે ને. બધા ગુણ લીધા.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું થયું કે આ જરા પ્રશ્ન ચર્ચાસ્પદ થયો ત્યારે ભાવાત્મક ક્ષેત્રનો

ખુલાસો કર્યો હતો 'બહેનશ્રી'એ. પણ એ તો શું કરવા કર્યો ભાવાત્મક ક્ષેત્રનો ખુલાસો? કે ઘણા (લોકો) પ્રદેશની અંદર બે ભાગ પાડી દેતા હતા. આ તો વિદ્વાનો-વાંચનકારો (એમ કરતા). એક જીવનો પ્રદેશ છે એની ઉપલી સપાટીમાં પર્યાય છે અને નીચે દ્રવ્ય-ગુણ છે. એ જ્યારે વાત સાંભળી ત્યારે હું ચોંકી ગયો. અરે..! આ જુદા પ્રદેશમાંથી આવું બધું લીધું છે? આવું બધું લોકો સમજ્યા છે? ભાઈ! એક પ્રદેશ નિરંશ છે. તમે ઉપર-નીચે કહો તો એના અંશ થઈ ગયા એક પ્રદેશમાં. એક પ્રદેશમાં ઉપલી સપાટીમાં પર્યાય અને નીચલી સપાટીમાં દ્રવ્ય-ગુણ, તો તમે એક પ્રદેશના અંશ પાડ્યા પણ એક પ્રદેશ તો નિરંશ છે, એના અંશ પડે નહિ. એક પરમાણુ નિરંશ છે એના પ્રદેશ પડે નહિ. અને એમાં અનંત ગુણની પર્યાયો એકસાથે હોય. ઉપર પર્યાય અને નીચે દ્રવ્ય-ગુણ, અંશ ક્યાંથી પાડ્યો? એમ નથી.

એમ નથી છતાં એની પર્યાયના પ્રદેશો જુદા છે. એકલું ભાવાત્મક નથી. દ્રવ્યાત્મક પણ લીધું છે પણ એ ભાવ સમજાવો જોઈએ સૂક્ષ્મપણે, જે ભાવ કહેવા માગે છે એ. અને એ વાત ટેલીવિઝનના દૃષ્ટાંતથી સમજાય છે, અરીસાના દૃષ્ટાંતથી સમજાય છે. એ પર્યાયનો નાશ થાય છે છતાં એ દ્રવ્યના પ્રદેશો રહી જાય છે, ગુણના પ્રદેશો એના એ રહી જાય છે અને પર્યાય એ વ્યતીત થઈ જાય છે. માટે એની સત્તા છે એ ગઈ. પર્યાયની સત્તાનો નાશ થયો તો એના પ્રદેશત્વ સાથે ...

'ગુરુદેવ' તો એક જગ્યાએ એવું બોલ્યા છે કે એકલું ભાવાત્મક ન લેવું. એવો પણ પ્રવચનમાં ખુલાસો આવ્યો છે. ટેપમાં જ હમણા આવ્યું હતું. વાત કરી હતી આમ કહેતા હતા. બરાબર છે. કેટલાક બીજી રીતે સમજી જાય છે એટલે ભાવાત્મક ખુલાસો લીધો છે. છતાં પર્યાયનું ક્ષેત્ર પર્યાયના પ્રદેશત્વ પર્યાયનું કારણ છે. પર્યાયનું પ્રદેશત્વ સ્વતંત્ર જ છે. કેમકે ક્ષણિક સત્‌ છે. અને એને વ્યાપવા માટેનું એનું ક્ષેત્ર છે. એ દ્રવ્ય-ગુણના ક્ષેત્રમાં પર્યાય નથી વ્યાપતી એમ કહેવું છે.

બહુ સૂક્ષ્મતાથી વિચારો તો દ્રવ્ય અને ગુણના ક્ષેત્રમાં પર્યાય નથી વ્યાપતી. એ ગુણમાં પણ નથી પેસતી અને દ્રવ્યમાં પણ નથી બેસતી. પર્યાય પર્યાયમાં જ વ્યાપ્યવ્યાપકભાવે રહે છે. પર્યાય પોતે વ્યાપક, વ્યાપનારી વ્યાપક પોતે અને વ્યાપ્ય પણ પોતે પોતામાં જ વ્યાપે છે. જો એમ ન હોય તો જે સ્વસંવેદન પર્યાય છે એ દ્રવ્યમાં હવે વેદાશે. દ્રવ્યમાં વેદન હોય નહિ. ગુણમાં વેદન હોય નહિ. સામર્થ્યરૂપ છે. વેદવાનો ધર્મ જ પર્યાયનો છે. એટલે જે પર્યાયના ધર્મો છે અનિત્ય કહો, અનિત્યત્વ પર્યાયનો ધર્મ છે લ્યો. દ્રવ્ય-ગુણને કેવી રીતે લાગુ પાડશો? જે અનિત્યત્વ પર્યાયનો ધર્મ છે એ દ્રવ્ય-ગુણને કેવી રીતે લાગુ પાડશો? કેમકે દ્રવ્ય-ગુણ નિત્ય છે અને વિરુદ્ધ ધર્મ છે આનો. તો એનો જો એક ધર્મ સ્વતંત્ર હોય તો ધર્મી

પરતંત્ર હોય એમ કેવી રીતે બને? એનો અનિત્યત્વ ધર્મ સ્વતંત્ર અને આખી ધર્મી પર્યાય સ્વતંત્ર નહિ એ કેવી રીતે બને? ધર્મ તો એનો એક અંશ છે. એ પણ સ્વતંત્ર છે. જો એનો અંશ પણ સ્વતંત્ર છે તો અંશી સ્વતંત્ર જ છે.

'ગુરુદેવે' તો બહુ જોરથી એ વાત કરી છે કે જેને એક સમયની પર્યાયની સ્વતંત્રતા નહિ બેસે તેને દ્રવ્યની સ્વતંત્રતા પણ નહિ બેસે. એક પર્યાયના પ્રદેશ ભિન્ન છે એમાં ૯૫ પાનાનો આધાર આપતા હતા. કોઈમાં ૯૭ પાનું છે. કોઈમાં ૯૩ પાનું હશે. એક-બે પાના આઘા પાછા થયા છે. પણ આનો આધાર આપતા હતા. પર્યાયનું ક્ષેત્ર ભિન્ન છે એના માટે 'ચિદ્‌વિલાસ'નો આ આધાર આપતા હતા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સારું કહેવાય.

'**(૪) ઉત્પાદ-વ્યય કારણ છે (ને પર્યાય કાર્ય છે). કેમ કે ઉત્પાદ-વ્યયવડે પર્યાય જાણવામાં આવે છે માટે તે પર્યાયનું કારણ છે અને પર્યાય (તેનું) કાર્ય છે.**' આ દડતો હીરો. ઉત્પાદ-વ્યય તે કારણ છે. એમ. એની ગતિ બતાવે છે. ગતિથી પકડાય જાય છે પર્યાય માટે ગતિ કારણ છે, પરિણમવાની જે ગતિ છે તે પરિણમનપણું કારણ છે અને પર્યાય કાર્ય છે. '**એ પ્રમાણે કાર્ય-કારણના ભેદ છે. વસ્તુનો સર્વરસ સર્વસ્વકારણ કાર્ય જ છે...**' વસ્તુનો જે સર્વરસ છે, આત્માનો જે આત્મારસ છે તે સર્વસ્વકારણ કાર્ય જ છે. '**કારણ કાર્ય જાણ્યા તેણે સર્વે જાણ્યું, આ પરમાત્માને અનંત ગુણો છે,...**' પોતાના પરમાત્માને અનંત ગુણો છે, '**અનંત શક્તિ છે, અનંત ગુણોના અનંતાઅનંત પર્યાયો છે, અનંત ચેતના-ચિહ્નમાં અનંત, અનંતાઅનંત સપ્તભંગ સધાય છે. આ વગેરે પ્રકારે વસ્તુનો અનંત મહિમા છે.**' આ રીતે વસ્તુનો મહિમા લાવવા માટે આ વાત કરી છે.

'**તે (મહિમાને) કોઈ ક્યાં સુધી કહે?**' એ મહિમાને કોઈ ક્યાં સુધી કહે? '**માટે જેઓ સંત છે તેઓ સ્વરૂપના અનુભવ(રૂપી) અમૃતરસ પીને અમર થાઓ.**' આમ વાત છે. આત્માના ચિદાનંદ અમૃતરસને ચૈતન્યરસ પીને અમૃત થઈ જાવ. એટલા માટે આટલી વાતો કરી છે.

**તા. ૨-૭-૧૯૯૧, પાના નં. ૮૧**
**પ્રવચન નં. ૧૮**

અત્યાર સુધી બધી દ્રવ્ય-ગુણ-પર્યાયની ચર્ચા ચાલી. હવે અધ્યાત્મનો વિષય છે.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- એક સમયમાં... છેલ્લું?

મુમુક્ષુ :- પર્યાયના....

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાયના કારણ-કાર્ય.

મુમુક્ષુ :- એક સમયના કારણ-કાર્યના ત્રણ ભેદ.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે પ્રકરણ પહેલેથી લેવું છે?

ફરીથી. '**એક સમયના કારણકાર્યમાં ત્રણ ભેદ**' એ પ્રકરણ છે. '**સમય સમય(નાં) કારણ કાર્ય દ્વારા આનંદનો વિલાસ થાય છે.**' સીધું જ એમ કીધું. કારણકાર્ય દ્વારા આનંદનો વિલાસ થાય છે. એટલે એમ કે કારણ-કાર્ય એ કોઈ માથાફોડ નથી. પણ જો યથાર્થ કારણકાર્ય સમજવામાં આવે તો પોતાના આત્માને શાંતિ અને આનંદ મળે. '**તે કારણકાર્ય પરિણામથી છે.**' એ આનંદનો વિલાસ છે એ પરિણામમાં થાય છે.

'**પૂર્વ પરિણામ કારણ છે...**' મારે પૂર્વ છપાયેલું છે. '**પૂર્વ પરિણામ કારણ છે તે ઉત્તર પરિણામ(રૂપ) કાર્યને કરે છે.**' કારણ-કાર્યનું આ લોજિક છે. એમાં કોઈ વખત પૂર્વ પરિણામના સદ્‌ભાવને કારણ કહે છે અને કોઈ વખત પૂર્વ પરિણામના અભાવને કારણ કહે છે. જેમકે પૂર્વ પરિણામમાં મિથ્યાત્વ ગળતું... ગળતું... ગળતું... ગળતું... અત્યંત ગળી ગયું. તો આમ જો તમે લ્યો તો મિથ્યાત્વ કારણ અને સમ્યક્‌ત્વ કાર્ય એ કારણકાર્યના ન્યાયને બંધબેસતી વાત નથી. વિસંગ વાત છે, સુસંગત વાત નથી. પણ મુમુક્ષુની ભૂમિકામાં જે મિથ્યાત્વ ગળતું... ગળતું... ગળતું... ગળતું... ગળતું... બહુ ગળી ગયું તો એ અભાવના કારણમાં ગયું. એટલે મિથ્યાત્વનો અભાવ તે કારણ છે પૂર્વપર્યાયમાં, ગળવા માંડ્યું અને સમ્યક્‌ત્વનો સદ્‌ભાવ કારણ છે. એને મુમુક્ષુતા કહે છે. સાચી મુમુક્ષુતા કારણ છે—સાચી પાત્રતા કારણ છે અને સમ્યગ્દર્શન કાર્ય છે. પણ એને અસ્તિથી પણ કહેવાય છે અને

નાસ્તિથી પણ કહેવાય છે કે તો પૂર્વ પરિણામ કારણ છે અને ઉત્તર પરિણામ તે કાર્ય છે. એવી રીતે.

**'તે એક જ કારણકાર્યમાં ત્રણ ભેદ સમાય છે, તે કહીએ છીએ.'** એવી જ રીતે આ પાછું ઊલટું છે કે કોઈ સમ્યગ્દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ થાય છે. તો પૂર્વપર્યાયમાં સમ્યગ્દૃષ્ટિ છે, ઉત્તર પર્યાયમાં મિથ્યાદૃષ્ટિ છે. કારણકાર્યની સુસંગતતા નથી. પણ ત્યાં અભાવ લેવો છે કે જે સમ્યગ્દર્શનનો વ્યય થયો, જે સમ્યગ્દર્શન સંબંધીના પુરુષાર્થની ચ્યુતિ થઈ એ કારણ છે અને મિથ્યાદર્શન તે કાર્ય છે. એમ. એવી રીતે કોઈ વખત અભાવને પૂર્વપર્યાયમાં કારણ લેવું પડે તો કોઈ વખત સદ્‌ભાવને પૂર્વપર્યાયમાં કારણ લેવું પડે. એમ પૂર્વપર્યાય તે કારણ છે અને ઉત્તરપર્યાય તે કાર્ય છે.

એવું કદી બનતું નથી કે એવી કારણકાર્યની શૃંખલા ન હોય, એવું કદી બનતું નથી. એટલા માટે આ એક દ્રવ્યાનુયોગનું વિજ્ઞાન છે. એવું ન બને કે કારણ વગર કાર્ય ઊપજે. એવું કોઈ દિવસ ન બને. જેમ કે કાળલબ્ધિનો વિષય શાસ્ત્રમાં આવે તો કાળલબ્ધિમાં કારણકાર્યની ચર્ચાને ગૌણ કરવી પડે. પરિભ્રમણ કરતા એવા જીવને જ્યારે એનો કાળ અર્ધપુદ્‌ગલપરાવર્તનની અંદર રહી ગયો, કોઈપણ પરિભ્રમણ કરતા એવા જીવને, ત્યારે તે સમ્યક્ત્વ ઉપજવાને લાયક છે. પછી ક્યારે ઊપજે એનો નિયમ નથી પણ સમ્યક્ત્વ ઉપજવાને તે યોગ્ય થયો. એવી જે યોગ્યતા કુદરતી એને કાળલબ્ધિ કહે છે. અને ત્યાં કારણકાર્યની ચર્ચા ગૌણ થાય છે. પણ સૂક્ષ્મપણે જો વિચારવામાં આવે તો એ જીવના પરિણામમાં પૂર્વ પર્યાયોમાં કોઈ કારણનું સત્ત્વ ઊભું થાય છે અને પછી કાર્ય થાય છે.

મુમુક્ષુ :- આમ તો પૂર્વપર્યાય જ કારણ હોય અને ઉત્તરપર્યાય હોયને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પૂર્વપર્યાય કારણ અને ઉત્તરપર્યાય કાર્ય. એમાં બે ભેદ છે કે એક સદ્‌ભાવ અને એક અભાવ. કોઈ વખત અભાવથી કારણને ગણવામાં આવે, કોઈવાર સદ્‌ભાવથી કારણને ગણવામાં આવે. અમુક વસ્તુ નહોતી માટે આમ થયું. તો અમુક એના પૂર્વપર્યાયમાં આમ હતું માટે આમ થયું. મૂળ તો કારણકાર્યનો જે વ્યવહાર છે પૂર્વ-ઉત્તર પર્યાય વચ્ચે એ વ્યવહાર છે આખરમાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં અભાવ જ લેવો પડે. સમ્યક્ત્વના સદ્‌ભાવને કારણ કહો અને પછી એના ફળમાં મિથ્યાત્વ આવ્યું એ તો સુસંગત જ નથી. ન્યાયથી જ સિદ્ધ થાતું નથી માટે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ના. એવા દાખલા બને છે. જેમ કે અગિયારમેથી પડે છે. પછી મિથ્યાદષ્ટિ સમ્યગ્દષ્ટિ થાય છે. પૂર્વપર્યાયમાં મિથ્યાદષ્ટિ છે, ઉત્તરપર્યાયમાં સમ્યગ્દષ્ટિ.

મુમુક્ષુ :- રાગ..

પૂજ્ય ભાઈશ્રી :- રાગ ગયો અને વીતરાગતા આવી, મિથ્યાદર્શન ગયું અને સમ્યગ્દર્શન આવ્યું, અજ્ઞાન મટ્યું અને જ્ઞાન થયું એ તો ગુણભેદે થયું સમજોને. સમગ્ર દશા લઈએ તો બંધમાર્ગમાંથી મોક્ષમાર્ગમાં આવી ગયો. બંધમાર્ગ કારણ અને મોક્ષમાર્ગ કાર્ય. કેવી રીતે બને?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. કોઈ વખત વ્યયને કારણ લેવું. મિથ્યાત્વનો વ્યય તે કારણ છે અને સમ્યક્‌ત્વનો ઉત્પાદ તે કાર્ય છે. હવે પછી ત્યાં કોઈ તર્ક કરે કે સમયે સમયે પર્યાયમાં મિથ્યાત્વનો વ્યય થાય છે અને સમયે સમયે નવું નવું મિથ્યાત્વ પાછું (થાય છે). યથાર્થ પ્રકારે મિથ્યાત્વનો વ્યય એ સમ્યક્‌ત્વનું કારણ છે. અયથાર્થ પ્રકારે તો સમયે સમયે થાય જ છે.

એ કારણકાર્યનું લોજિક ક્યાં નથી મેળ ખાતું? આ તો બહુ વિચાર કરીએ તો. કે જીવ નિગોદમાં પડ્યો છે. અનંત કાળથી નિગોદને લાયક પરિણામ કરે છે અને એના ફળમાં નિગોદને ભોગવે છે. સમયે સમયે નિગોદને લાયક પરિણામ કરે છે અને જન્મ-મરણ પણ એનું ફળ પણ એને નિગોદ જ મળે છે. એના પરિણામ પણ નિગોદમાં જવાના જ હોય છે. અનંત કાળ કાઢે છે. એવું નથી કે આયુષ્ય બહુ મોટું છે માટે અનંત કાળ કાઢે છે. આયુષ્ય તો ટૂંકામાં ટૂંકું છે ત્યાં. એક શ્વાસોશ્વાસમાં અઢાર વખત જન્મે-મરે. તોપણ અનંત કાળે બહાર ન નીકળે.

હવે ત્યાં પરિસ્થિતિ જ એવી છે કે વિચાર કરવાની કોઈ શક્તિ નથી. મન નથી. એકેન્દ્રિય છે. અને એના પરિણામ પણ એવા જ થાય છે કે જ્યાં એ જે ગતિમાં, જે સ્થિતિમાં રહ્યો છે એને લાયક પરિણામ થાય છે તો એને લાયક ફળ મળે છે. અનંત કાળ સુધી એવું બન્યા કરે છે. એવા કોઈ જીવને અબુદ્ધિપૂર્વક, કેમકે બુદ્ધિ તો ત્યાં છે જ નહિ, અકારણપણે કોઈ એવો પર્યાય થઈ જાય છે કે જેના ફળમાં બેઇન્દ્રિય થાય, ત્રણઇન્દ્રિય થાય, ચારઇન્દ્રિય થાય.

મુમુક્ષુ :- ત્યાં ...

પૂજ્ય ભાઈશ્રી :- એવો જ એને શું કરવા પર્યાય થયો? એમ થવાનું કારણ શું? કાંઈ હાથ ન આવે કારણ. પછી એમ કહી શકાય કે એ પર્યાય વ્યય થવા યોગ્ય હતી તે વ્યય થઈ તે કારણ અને નવી પર્યાય ઉત્પન્ન થઈ તે કાર્ય. એટલો નિયમ લાગુ પાડી શકાય. પણ બીજું કારણકાર્ય કોઈ બુદ્ધિપૂર્વકનું ત્યાં લાગુ નથી પડતું.

પણ અહીંયાં સામાન્ય સિદ્ધાંત છે. જ્યાં બે પર્યાયો વચ્ચે મેળ છે, સુસંગતતા છે ત્યાં પૂર્વ પરિણામને કારણ કહેવામાં આવે છે અને ઉત્તર પરિણામને કાર્ય કહે છે. આ તો આપણે સૂક્ષ્મતાથી સિદ્ધાંતને વિચારીએ તો અહીં સુધી વિચારવું જોઈએ.

'**તે એક જ કારણકાર્યમાં ત્રણ ભેદ સધાય છે,...**' એક જ કારણકાર્યની અંદર ત્રણ ભેદ સધાય છે '**તે કહીએ છીએ. જેમ ષટ્‌ગુણી વૃદ્ધિ-હાનિ એક સમયમાં સધાય તેમ વસ્તુના પરિણામમાં ભેદ કલ્પનાદ્વાર વડે કારણકાર્યના ત્રણ ભેદ સાધીએ છીએ. (તે આ પ્રમાણે-) દ્રવ્ય કારણકાર્ય, ગુણ કારણકાર્ય અને પર્યાય કારણકાર્ય.**' આ એનું પ્રકરણ છે.

'**પ્રથમ દ્રવ્યના કારણકાર્ય કહીએ છીએ :-**' એટલે પર્યાયની સ્વતંત્રતાની જે વાત કરે છે 'દીપચંદજી' એને કોઈ એમ નથી કહી શકે એવું કે કારકો દ્રવ્યમાં છે અને તમે પર્યાયમાં કેમ લ્યો છો? કેમકે એ વાત પોતે સારી રીતે સમજે છે અને છેલ્લે ઓલી વાત નાખી છે. પહેલા નાખી હોત તો ઓલા એમ કે તમે પાછળથી અમને આ વાત કરી. તો કહે નહિ. પહેલા ઓલી વાત તમને હું કહી દઉં છું. તમે સમજો છો એ વાત હું પહેલા કહું છું. હવે તમે નથી સમજતા એ વાત હું તમને કહું છું. એમ કહેવું છે. શૈલી છે.

'**દ્રવ્યના કારણકાર્ય.**' '**(૧) દ્રવ્ય પોતે જ પોતાના સ્વભાવથી પોતાનું કારણ છે અને પોતે જ કાર્યરૂપ છે;...**' દ્રવ્ય અનાદિઅનંત દ્રવ્યપણે રહે એવું કારણ દ્રવ્યને પોતાનું જ છે, કોઈ પરનું નથી કે ગુણપર્યાય વિના જ છે એમ સમજોને. દ્રવ્યને દ્રવ્યનું કારણ ગુણપર્યાય વિના જ સમજી લ્યો.

મુમુક્ષુ :- કોઈપણ જાતના ભેદ વગર.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈપણ જાતના ભેદ વગર, કોઈપણ જાતના અન્ય કારણ વગર દ્રવ્યનું દ્રવ્યપણે રહેવું તે મૂળમાં પોતે જ કારણ છે. અનાદિઅનંત દ્રવ્ય દ્રવ્યપણે રહે (એ) શા માટે રહે છે? કોના કારણે રહે છે? એ દ્રવ્ય જ એવું છે. દ્રવ્યનો સ્વભાવ એવો છે. પોતે જ કારણ છે અને દ્રવ્યપણે રહેવું તે કાર્ય છે. કારણકાર્ય બેય પોતામાં સમાઈ જાય છે.

મુમુક્ષુ :- દ્રવ્યમાં છએ કારકો લાગુ પડે એના પોતાના.

પૂજ્ય ભાઈશ્રી :- હા. દ્રવ્ય જ કારણ છે, દ્રવ્ય જ કર્તા છે, દ્રવ્ય જ કર્મ છે, દ્રવ્ય જ સાધન છે, દ્રવ્ય જ ઉપાદાન છે, દ્રવ્ય જ અપાદાન છે અને દ્રવ્ય જ .. સંબંધ છે. બીજા કોઈની સાથે એને સંબંધ નથી.

મુમુક્ષુ :- ગુણની અપેક્ષા નહિ, પર્યાયની અપેક્ષા નહિ, કોઈની નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ નહિ. પહેલો બોલ જ એ લે છે. ત્રણેમાં. દ્રવ્યમાં દ્રવ્યનું કારણ,

ગુણમાં ગણનું કારણ અને પર્યાયમાં પર્યાયનું કારણ. એ સ્થાપીને પછી બીજા કારણોને સ્થાપે છે.

'**(૨) ગુણ-પર્યાય તે દ્રવ્યનું કારણ છે (અને દ્રવ્ય કાર્ય છે.) ગુણ પર્યાયવાન્ દ્રવ્ય આવું સૂત્રનું વચન છે.**' '**गुणपर्यायवद् द्रव्यं**' 'તત્ત્વાર્થસૂત્ર'નું. '**ગુણ-પર્યાય તે દ્રવ્યનું કારણ છે...**' કેમકે ગુણ પર્યાય વડે દ્રવ્ય રચાયેલું છે, એટલે આ ભેદમાં ગયા. દ્રવ્યના ભેદમાં જાવ તો ગુણ પર્યાય છે. ગુણપર્યાય વડે દ્રવ્ય રચાયેલું હોવાથી ગુણપર્યાય તે કારણ અને દ્રવ્ય તે કાર્ય.

મુમુક્ષુ :- દ્રવ્યને કાર્ય કીધું.

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્યને કાર્ય કીધું. કારણ ગુણ પર્યાયને કીધા. આમાં શું છે સમજીને કહે ને એને ભાષા દોષ નથી અને વગર સમજે સાચું કહે તોપણ એનું વચન ખોટું છે. મુખ્ય વાત સમજણની છે.

પછી '**(૩) પૂર્વ પરિણામ યુક્ત દ્રવ્ય કારણ છે અને ઉત્તર પરિણામ યુક્ત દ્રવ્ય કાર્ય છે;...**'

મુમુક્ષુ :- પરિણામ યુક્ત દ્રવ્ય..

પૂજ્ય ભાઈશ્રી :- હા, દ્રવ્ય લીધું.

મુમુક્ષુ :- .. કારણ અને દ્રવ્ય કાર્ય.

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્ય કાર્ય છે. પરિણામની પ્રધાનતાથી લીધું કે પૂર્વ પરિણામયુક્ત દ્રવ્ય તે કારણ, ઉત્તર પરિણામયુક્ત દ્રવ્ય તે કાર્ય. ખેતરમાં માટી પડી હતી એને સારી રીતે પાણી નાખીને ગુંદીને પીંડો વાળીને ચાકડા ઉપર ચડાવ્યું ત્યાં સુધીની પૂર્વપર્યાયયુક્ત દ્રવ્ય થઈ ગયું તે. એ કારણ અને હવે ઘડો કે જે રામપાત્ર કે જે થશે તે કાર્ય એનું. પણ એમ ને એમ છૂટી માટી ખેતરમાંથી ઉપાડીને ચાકડામાં મૂકી દે એમાંથી કાંઈ ઘડો બને નહિ. પાણી પણ ન નાખે અને એનો પિંડ પણ ન કરે. પણ એને લોંદો બનાવ્યા પછી એ કોઈપણ વાસણ બનવાના કારણની પ્રક્રિયા ત્યાં સુધી થઈ. એટલે પૂર્વ પરિણામયુક્ત પદાર્થ તે કારણ અને ઉત્તર પરિણામ યુક્ત પદાર્થ તે તેનું કાર્ય. એમ લીધું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- 'ફુલચંદજી' વિદ્વાન છે ને એટલે કારણકાર્યની અંદર આ એક દલીલ છે એ સોલીડ દલીલ છે. આ દલીલને કોઈ જલ્દી કાપી ન શકે એવી દલીલ છે.

મુમુક્ષુ :- સુસંગત જે શબ્દ છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. કેમકે એ વિસંગતતામાં તો કારણ કાર્યનો ન્યાય ઉતરતો નથી.

વિરુદ્ધ જ્યારે અવસ્થા હોય ત્યારે એને કારણકાર્યપણું લાગુ કેવી રીતે પાડવું? એટલે એ મેળ નથી પડતો.

**'અથવા (૪) સત્ કારણ છે અને દ્રવ્ય કાર્ય છે;...'** સત્ એટલે અહીંયાં સત્તા લેવી. સત્તા કારણ છે અને દ્રવ્ય કાર્ય છે. કારણ કે દ્રવ્યનું હોવાપણું લીધું ત્યાં. હોવાપણું કારણ છે. પદાર્થની સત્તા તે એનું કારણ છે અને દ્રવ્ય કાર્ય છે. એટલે '**सत् लक्षणं द्रव्यं**' એ સૂત્ર લાગુ પડ્યું છે. ઓલાપણે '**गुणपर्यायवद् द्रव्यं**' એ સૂત્ર લાગુ પડ્યું. હવે ત્રીજું સૂત્ર લાગુ પાડે છે. ત્રણે મોક્ષશાસ્ત્રના સૂત્ર લીધા છે. '**द्रव्यत्वयोगाद् द्रव्यं**' એટલે એમણે આગમમાંથી જ લીધું છે. ઘરની ધોરાજી નથી. આગમમાંથી જ વિષયને ખેંચ્યો છે કે '**द्रव्यत्वयोगाद् द्रव्यं**' '**(એટલે કે દ્રવત્વના યોગથી દ્રવ્ય છે)–**' દ્રવ્યત્વ પણ એનો ગુણ છે અને સત્ પણ એનો ગુણ જ છે. એને ગુણની પ્રધાનતાથી દ્રવ્ય કહી દીધું અહીંયાં. દ્રવ્યની પ્રધાનતાથી દ્રવ્યને કીધું, પર્યાયની પ્રધાનતાથી દ્રવ્યને કીધું અને ગુણની પ્રધાનતાથી દ્રવ્યને કીધું. લ્યો, આ સીધેસીધી વાત આટલી છે. અને એને કારણ કાર્યની વિવિક્ષા લગાડી. એટલે કે '**દ્રવત્વના યોગથી દ્રવ્ય છે– દ્રવત્વગુણ કારણ છે અને દ્રવ્ય કાર્ય છે.**'

'**દ્રવ્યના કારણકાર્ય દ્રવ્યમાં જ છે, કેમ કે દ્રવ્ય પોતે જ પોતાના કારણરૂપ સ્વ-ભાવપણે પરિણમીને પોતાના કાર્યને પોતે જ કરે છે.**' આ દ્રવ્યના કારણકાર્ય દ્રવ્યમાં લઈ લીધા. બાકી બધી વાત દૂરની થઈ ગઈ. આમાં કોઈ દૂરપણું નથી. ગુણનું પણ દૂરપણું નહિ અને પર્યાયનું પણ દૂરપણું નહિ. દ્રવ્ય પોતે જ કારણ અને દ્રવ્ય જ કાર્ય છે. '**દ્રવ્યમાં જો કારણકાર્ય ન હોય તો દ્રવ્યપણું કેવી રીતે રહે?**' હવે આ વાત એવી છે કે જો દ્રવ્યમાં એનું કારણ કાર્ય ન હોય તો દ્રવ્યપણું કેવી રીતે રહે? ગુણમાં જો એનું કારણકાર્યપણું ન હોય તો ગુણપણું કેવી રીતે રહે? અને પર્યાયમાં એનું કારણકાર્ય ન હોય તો પર્યાયપણું કેવી રીતે રહે? આ એક દલીલ બધામાં લાગુ પડે. ત્રણેમાં લાગુ પડે. એ પ્રકારે સમજણમાં બરાબર બેસવું જોઈએ.

એટલે આ એક વાત તો ત્રણે જગ્યાએ લાગુ પાડી. '**દ્રવ્યમાં જો કારણકાર્ય ન હોય તો દ્રવ્યપણું કેવી રીતે રહે?**' ગુણના કારણ કાર્ય ગુણપણે ન હોય તો એનું ગુણપણું કેવી રીતે રહે? અને પર્યાયના કારણકાર્ય એનામાં ન હોય તો એનું પર્યાયપણું કેવી રીતે રહે? કે ન રહી શકે. આ સીધી સાદી સમજાય જાય એવી વાત છે. '**માટે સંસારમાં જેટલા પદાર્થો છે તે તે સર્વે પોતપોતાનાં કારણ-કાર્યને કરે છે.**' માટે બધા પદાર્થોમાં જ્યારે દ્રવ્યગુણપર્યાયને પોતાના કારણકાર્ય છે તો પછી તો બીજા પદાર્થને કારણકાર્યમાં લેવાની જરૂર રહેતી નથી. સૌ પોતપોતાના કારણકાર્યમાં નિશ્ચયપણે રહેલા છે. પછી સુસંગતતા જોઈને ઉપચાર કરવો

એ બધો વ્યવહાર છે. ગુરુ કારણ છે-ગુરુનો ઉપદેશ કારણ છે અને શિષ્યનું સાધકપણું તે કાર્ય છે. જે જ્ઞાન થયું તે કાર્ય છે. ખરેખર કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યમાં કામ કરતું નથી. સૌ પોતપોતાના કાર્ય કરે છે.

**'તેથી જીવદ્રવ્યનાં કારણકાર્ય વડે જીવનું સર્વસ્વ પ્રગટે છે.'** એટલે પહેલી વાત એને ઉપાદાનની દૃષ્ટિ કરાવવાની છે કે તારા કામ માટે તું સ્વતંત્ર છો અને તારું કામ આજે કર, કાલે કે ગમે ત્યારે કર, તારે જ કર્યે જ છૂટકો છે, બીજો કોઈ કરી દેવાનો નથી. નિમિત્ત ગમે તે હો. કામ તારે કરવાનું છે. એક વાત પાક્કી છે કે જીવના કારણકાર્ય જીવ વડે સર્વસ્વ પ્રગટે. જીવના કારણકાર્ય પોતામાં હોવાને લીધે બીજાથી એનું સર્વસ્વ પ્રગટવાનું નથી.

**'જે કાંઈ છે તે કારણ-કાર્ય જ છે...'** જે કાંઈ છે તે કારણકાર્ય જ છે. '**(અર્થાત્ કારણ કાર્યમાં બધું આવી જાય છે).**' આખું જગતમાં કોઈ કારણકાર્ય સિવાય બાકી રહેતું નથી. જ્યારે દ્રવ્યગુણપર્યાયમાં આખું જગત આવે છે અને કારણકાર્યમાં દ્રવ્યગુણપર્યાય આવી જાય છે પછી હવે કાંઈ એમાં બાકી રહેતું નથી. આ નવ તત્ત્વમાં આખું જગત સમાડ્યું છે. કેમકે સર્વજ્ઞ અનુસારીણી નવ તત્ત્વની પ્રસિદ્ધિ છે. પછી ભેદ સંકેલ્યા તો કહે દ્રવ્યગુણપર્યાયમાં આખું જગત આવી જાય છે. કેમકે જગતમાં કાં કોઈ દ્રવ્ય હોય કાં કોઈ ગુણ હોય કાં કોઈ પર્યાય હોય. એટલે ત્રણમાં બધું આવી જાય છે. નવમાંથી ત્રણમાં લઈ આવ્યા. હવે ત્રણમાંથી બેમાં લઈ આવ્યા કે કારણકાર્યમાં બધુ આવી જાય છે, જાવ. કારણકાર્યમાં કોઈ બાકી નથી રહેતું. આ તો કેવી રીતે વિકલ્પનો વિસ્તાર સંક્ષેપપણું પામીને વિકલ્પાતીત દશામાં ચાલ્યો જાય. કેમકે આ બધી જે વાતું છે એમાં વિકલ્પનો વિસ્તાર થાય છે. તો એને સંકેલીને નવમાં લાવ્યા. હેયપણું કેટલું? ઉપાદેયપણું કેટલું? પછી? પછી તો દ્રવ્યગુણપર્યાયમાં બધું આવી જાય છે. ત્રણમાં લઈ આવ્યા. ત્રણમાંથી કારણકાર્યમાં લઈ જઈને બેમાં લઈ આવ્યા.

મુમુક્ષુ :- બેને છોડીને સ્વભાવમાં...

પૂજ્ય ભાઈશ્રી :- પછી એકમાં આવી જાય કે કારણ પણ દ્રવ્ય અને કાર્ય પણ દ્રવ્ય, કારણ પણ પર્યાય અને કાર્ય પણ પર્યાય. જાવ. હવે દ્રવ્યપર્યાયના વિકલ્પ કરવાનો પ્રશ્ન નથી. એક ક્ષણિક ઉપાદાન છે, એક શાશ્વત ઉપાદાન છે. બંનેમાં પોતપોતાની શક્તિ છે. ઉપાદાન નિજ શક્તિ છે. બંનેમાં પોતપોતાની શક્તિ છે. જ્યારે બંનેમાં પોતપોતાની શક્તિ છે તો પછી શક્તિને કોની અપેક્ષા હોય? જો પર્યાય પોતે ક્ષણિક ઉપાદાન છે એટલે ક્ષણિક શક્તિ છે તો શક્તિને કોની જરૂર પડી એ કહો. અને કોઈની જરૂર પડે તો એને શક્તિ કેમ કહેવી એ કહો. એ તો વાત રહેતી નથી.

**'હવે ગુણના કારણ કાર્ય કહીએ છીએ :–'** **'ગુણના કારણકાર્ય'** **'(૧) દ્રવ્ય-પર્યાય તે ગુણનું કારણ છે અને ગુણ કાર્ય.'** દ્રવ્ય અને પર્યાય તે ગુણનું કારણ છે. અહીંયાં પહેલા એ લીધું છે. દ્રવ્ય અને પર્યાયને ગુણનું કારણ કીધું અને ગુણ છે તે કાર્ય છે. કેમકે દ્રવ્યના આશ્રયે ગુણ છે માટે દ્રવ્ય કારણ અને ગુણ કાર્ય. પર્યાયમાં ગુણ પ્રગટ થાય છે માટે પર્યાયના કારણે ગુણની ખબર પડે છે માટે પર્યાય કારણ અને ગુણ કાર્ય. એમ દ્રવ્ય પર્યાય તે ગુણનું કારણ છે અને ગુણ કાર્ય છે.

હવે **'(૨) કેવળ દ્રવ્ય-પર્યાય (ગુણનું) કારણ છે એટલું જ નહિ પરંતુ ગુણ પણ ગુણનું કારણ છે અને ગુણ જ કાર્ય છે.'** એટલે દ્રવ્ય પર્યાય વિના ગુણ ગુણનું કારણ છે અને ગુણ ગુણનું કાર્ય છે એમ લેવું અહીંયાં. ગુણપર્યાય વિના દ્રવ્ય દ્રવ્યનું કારણ છે અને દ્રવ્ય કાર્ય છે. એમ દ્રવ્ય પર્યાય વિના, ગુણપર્યાય વિના દ્રવ્ય દ્રવ્યનું કારણ છે અને દ્રવ્ય કાર્ય છે. હવે દ્રવ્ય પર્યાય વિના ગુણ ગુણનું કારણ છે અને ગુણ કાર્ય છે. અને દ્રવ્યગુણ વિના પર્યાય પર્યાયનું કારણ છે અને પર્યાય પર્યાયનું કાર્ય છે. આમ ત્રણેમાં સિદ્ધાંત ઉતારી લેવો છે. એના વિના. એ એક અપેક્ષા છે, એક વિવિક્ષા છે.

મુમુક્ષુ :- દ્રવ્યગુણપર્યાય સ્વતંત્ર ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. નહિતર શું થાય કે દ્રવ્યનું દ્રવ્યપણું—દ્રવ્યત્વ, ગુણનું ગુણપણું એટલે ગુણતત્વ અને પર્યાયનું પર્યાયપણું એટલે પર્યાયત્વ અબાધિત ન રહે, બાધા પામે. અબાધિત ન રહી શકે.

જ્યારે એક સમયની પર્યાય સત્ છે એમ કહેતા અહેતુક છે, સત્ છે અને અહેતુક છે. બસ! અહેતુનો અર્થ શું? કોઈ હેતુ નહિ. ગુણપર્યાયનો હેતુ જેને નથી. એક સમયનું સત્ છે. સત્ અહેતુક છે. અને એ સમયની પર્યાયરૂપ જે સત્ એને કોઈ ખસેડી શકે એમ નથી. ન સ્વદ્રવ્ય, ન પરદ્રવ્ય. 'ગુરુદેવ' તો ચોખ્ખી ભાષા વાપરતા કે દ્રવ્ય પર્યાયનો દાતાર નથી. શું કહેતા? જે વિવાદ છે એ આ વાતનો છે કે દ્રવ્ય જ પર્યાયને દે છે અને દ્રવ્યમાંથી પર્યાય આવે છે. ત્યારે 'ગુરુદેવ' ચોખ્ખી ભાષા વાપરતા હતા કે દ્રવ્ય પર્યાયનો દાતાર નથી. હાલ, તારે શું કહેવું છે? દ્રવ્ય પર્યાયનો દાતાર નથી. અને જો દ્રવ્ય પર્યાયનો દાતા હોય તો આ ભગવાનઆત્મા સંસારની પર્યાયનું દાન આપે પોતાને? શું કરવા આપે? નિગોદની પર્યાયનું દાન આપે એને? અનંત કાળ તો નિગોદમાં ગયો છે. કેવી રીતે આપે? માટે દ્રવ્ય પર્યાયનો દાતાર નથી.

મુમુક્ષુ :- દ્રવ્ય પર્યાયનો દાતાર હોય તો પર્યાયમાં સંસાર હોવો જ ન જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હોવો જ ન જોઈએ.

મુમુક્ષુ :- પર્યાય તો પર્યાય .. કાયમ રહે પછી દ્રવ્યનું શું કારણ છે?

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્યનું કારણપણું ત્યાં સુસંગત થતું જ નથી ને. દ્રવ્યમાં તો એવું કોઈ કારણ નથી કે સંસાર અંદરથી ઊપજે. માટે સુસંગતતા રહેતી નથી, વિસંગતતામાં ન્યાય લાગુ પડતો નથી. વિરુદ્ધ પર્યાય હોય ત્યાં ન્યાય કેવી રીતે લાગુ પડે કારણ કાર્યનો? ન્યાય લાગુ પડતો નથી. સીધી વાત તો એ છે.

**'કેવળ દ્રવ્ય-પર્યાય (ગુણનું) કારણ છે એટલું જ નહિ...'** એમ કહે છે. એ તો નહિ. **'પરંતુ ગુણ પણ ગુણનું કારણ છે અને ગુણ જ કાર્ય છે.'** એટલે દ્રવ્યપર્યાય વિના ગુણ ગુણનું કારણ છે અને ગુણ કાર્ય છે. એમ લઈ લેવું. **'એક સત્તાગુણ સર્વે ગુણોનું કારણ છે. અને સર્વે ગુણો (તેનું) કાર્ય છે.'** હવે ગુણ ગુણમાં કારણકાર્ય ઉતારે છે, એકબીજા ગુણમાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એકબીજા પરસ્પર કારણકાર્યમાં ઉતારે છે અને પછી એ પણ કાઢી નાખવાનું છે.

મુમુક્ષુ :- પર્યાયમાં મોક્ષ થાય છે એટલે પર્યાય જ કારણ છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- છતાં દ્રવ્યના અવલંબને જ થાય એમ પાછું કહેવામાં આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. દ્રવ્યના અવલંબને થાય એ વાત મર્યાદિત છે. જો સર્વથા દ્રવ્યનું અવલંબન આવે તો પર્યાય દ્રવ્યરૂપ થઈ જાય, ભળી જાય. એટલા માટે 'પ્રવચનસાર'માં અલિંગગ્રહણની ગાથાનો ૨૦મો બોલ એ રીતે છે કે દ્રવ્યથી નહિ આલિંગીત એવી જે શુદ્ધ પર્યાય એ આત્મા છે. દ્રવ્યને આત્મા ન કીધો. શુદ્ધ પર્યાયને આત્મા કીધો. અને એ શુદ્ધપર્યાયને દ્રવ્યથી નહિ આલિંગીત એવી શુદ્ધ પર્યાય તે આત્મા (એમ કહ્યું). આવી વાત શું કરવા કરી? એવી વાત કરવાનું શું કારણ? કે પર્યાય સ્વતંત્ર છે. અને આજથી ૩૦ વર્ષ - ૩૫ વર્ષ પહેલાના પ્રવચનો વાંચો તો એમાં પણ એ વાત ચોખ્ખી લખી છે કે પર્યાય પર્યાયનું કારણ છે. 'ગુરુદેવ'ના અલિંગગ્રહણ ઉપરના ૨૦મા બોલના પ્રવચનો હમણા મને ભાઈ વાંચવા આપી ગયા હતા. 'સદ્‌ગુરુ પ્રવચનપ્રસાદ' ૩૦-૩૫ વર્ષ પહેલા લખાયેલા પ્રવચનો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ૩૦-૩૫ વર્ષથી તો એ બંધ થઈ ગયું છે. એ પહેલા લખાયેલા પ્રવચનો છે. એવી વિવિક્ષા છે. નહિ આલિંગીત. અવલંબે છે એ તો લક્ષ કરે છે એટલે અવલંબે છે. ભાવમાં હુંપણું કરે છે એટલી જ વાત છે. પણ હુંપણું કરે છે એ પર્યાયનું સત્ત્વ જ જુદું

રહે છે. કેમકે ઓલું ધ્રુવતત્ત્વ છે. એટલે અચલિત તત્ત્વ છે અને આ ચલિતતત્ત્વ છે. બેનો સ્વભાવ જ વિરુદ્ધ છે. એક નિત્ય છે, એક અનિત્ય છે. એક શાશ્વત છે, એક ક્ષણિક છે. બેને મેળ ક્યાં પડે એવું છે? તો કહે છે, નહિ આલિંગીત એવી પર્યાય તે શુદ્ધ આત્મા છે. તે જ આત્મા છે. એને અમે આત્મા અહીંયાં કહીએ છીએ. અને એનું છેલ્લું પ્રવચન સાંભળવા મળ્યું. 'ગુરુદેવ'ની છેલ્લી જન્મજયંતિ જે ૯૧મી થઈ મલાડમાં, એ તો ૨૦મા બોલ ઉપરના કાંઈ બે પ્રવચનો આવ્યા છે! એકદમ સૂક્ષ્મ પ્રવચન મલાડમાં (આવ્યા છે).

ત્યાં એમ કહ્યું કે અહીંયાં અમે પર્યાયને મુખ્ય કરીએ છીએ અને દ્રવ્યને ગૌણ કરીએ છીએ. બોલો! અત્યાર સુધી દ્રવ્યની મુખ્યતા અને પર્યાયની ગૌણતાનો વિષય બહુ ચાલ્યો. હવે અહીંયાં આ શાસ્ત્રના આ વચનને અનુસરીને એમ કહીએ છીએ કે અહીંયાં પર્યાયની મુખ્યતા છે અને દ્રવ્યની ગૌણતા છે. કેમકે વેદન દ્રવ્યમાં આવે છે. વેદનની અપેક્ષાએ પર્યાયની મુખ્યતા હોય, વેદનની અપેક્ષાએ દ્રવ્યની મુખ્યતા આવી શકે જ નહિ. કેમકે દ્રવ્યમાં વેદન નથી. અપેક્ષા સમજવી જોઈએ. અવલંબન નથી લેવડાવતા. એમ કરીને પર્યાયનું અવલંબન નથી લેવડાવતા. પણ જો દ્રવ્યની મુખ્યતામાં સ્વસંવેદનની પર્યાય અપેક્ષિત ...

... દ્રવ્યની પ્રતીતિ વડે સ્વસંવેદનને વધારે છે. જ્ઞાની શું કરે છે? દ્રવ્યના લક્ષે પ્રતીતિને પ્રત્યક્ષ કરી કરીને સ્વસંવેદનને વધારે છે. જે પ્રત્યક્ષતા થઈ એ સ્વસંવેદનનો વિષય છે. અને એ વગર સંધિ થાય એવું નથી. દ્રવ્ય પર્યાયની સંધિ થઈને કાર્યની નિષ્પત્તિ થવી જોઈએ એ થાય નહિ. એકાંત દ્રવ્યના અવલંબનનો વિષય લ્યો તો ચોખ્ખો સાંખ્ય થઈ જશે. ચોખ્ખુ સાંખ્ય થશે. સાંખ્યમાં બીજી વાત જ નથી. એ લોકો એક જ વાત કરે છે, બીજી વાત નથી. દ્રવ્ય, દ્રવ્ય ને દ્રવ્ય. કૂટસ્થ અને ધ્રુવ સિવાય બીજી કોઈ વાત નથી. પર્યાયનું વિજ્ઞાન જ નથી ને ત્યાં તો. અહીંયાં એ વાત છે.

એટલે એમ કહેવું પડ્યું કે શુદ્ધ પર્યાય તે આત્મા છે એમ નહિ, આ શુદ્ધ પર્યાયને અહીંયાં અમારે બીજી રીતે વર્ણવવી છે કે દ્રવ્યથી નહિ આલિંગીત એવી શુદ્ધ પર્યાય તે આત્મા. જાવ. દ્રવ્યને અવલંબને શુદ્ધ પર્યાય થઈ એ તો આખા શાસ્ત્રો ભરી દીધા અમે. દ્રવ્યના અવલંબને સમ્યગ્દર્શન થયું, દ્રવ્યના જ અવલંબને વિશેષપણે પંચમ ગુણસ્થાન થયું, મુનિપણું થયું અને કેવળજ્ઞાન થયું. દ્રવ્યના અવલંબને શુક્લધ્યાન થયું. એ તો શાસ્ત્ર ભર્યા છે. હવે એક બીજી વાત સમજો કે દ્રવ્યથી નહિ આલિંગીત એવી શુદ્ધ પર્યાય તે આત્મા. એ પર્યાયની સ્વતંત્રતાનો વિષય છે.

મુમુક્ષુ :- પર્યાય દ્રવ્યને અડતી જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ક્યારેય અડતી જ નથી ને, સ્પર્શતી જ નથી ને. એમ જ કહે

છે એ. અને એટલા માટે એમ કીધું કે દ્રવ્ય પર્યાયનો દાતાર નથી. જાવ. દ્રવ્ય પર્યાયને દે છે એ તો બધા સમજે છે પણ દ્રવ્ય પર્યાયને નથી દેતું એ કોઈ સમજે છે? એમ કહે છે. વાત બેય શાસ્ત્રમાં આવે. અવલંબનની પણ આવવાની અને નિરાલંબપણાની પણ આવવાની. જેમ છે એમ ન સમજે તો એક પણ વિપર્યાસ રહે અને જ્ઞાન સમ્યક્ થાય, સ્વાનુભવ થાય એમ બને નહિ. વિપર્યાસ પોતે જ જ્ઞાનને સન્મુખ નથી થવા દેતું. આમ જ્ઞાન છે અને આમ થાવું છે–સ્વસન્મુખ એ વિપર્યાસ ન થવા દે. આ ઓલી કોર ખેંચે છે. વિપર્યાસ છે એ પરસન્મુખતામાં જ્ઞાનને ખેંચે છે. એ કેવી રીતે આવે? ઓલી કોર ખેંચાયેલું જ્ઞાન આ બાજુ વળે કેવી રીતે?

આટલું બધું સૂક્ષ્મ તો દ્રવ્યાનુયોગના ગ્રંથો સિવાય અને જૈનદર્શન સિવાય ક્યાંય મળે એવું નથી. નહિતર ભલભલા એ લોકો... 'શંકરાચાર્ય' તો કેટલા ક્ષયોપશમવાળા. આદ્ય શંકરાચાર્ય જે હતા ... ગાદી છે. ચાર ગાદી ... પણ એ પહેલા આદ્ય શંકરાચાર્ય છે જેણે એ મત શરૂ કર્યો... એ લોકો સાંખ્યને .. ઉપનિષદનો તત્ત્વજ્ઞાનનો વિષય વધારેમાં વધારે એ લોકોમાં છે અત્યારે. ફાટ ફાટ ઉઘાડ હતો. વિવિક્ષા જ્ઞાન અને અપેક્ષા જ્ઞાનનું વિજ્ઞાન એ જૈનદર્શનનું સમજી નથી શક્યા. એની પાસે તો નથી પણ સમજી નહોતા શક્યા. ઉપનિષદ ઉપર એણે સંસ્કૃતની ટીકાઓના મોટા થોથાના થોથા ભર્યા છે પુસ્તકોના. સંસ્કૃતમાં ટીકાઓ કરી છે. સંસ્કૃતના એ બધા ખાં. વાતો સંસ્કૃતમાં કરી શકે. સામાન્ય વ્યવહારિક વાતો સંસ્કૃતમાં કરે. એટલા બધા તૈયાર. અઘરામાં અઘરી ભાષા દુનિયામાં સંસ્કૃત છે. એથી કોઈ અઘરી ભાષા નથી. એનું વ્યાકરણ એટલું અઘરું છે. એણે એમ કીધું, સ્યાદ્વાદ હૈ સો સંશયવાદ હૈ. આ એણે તોડ કાઢ્યો. અભ્યાસ કર્યો. જૈન શાસ્ત્રનો અભ્યાસ કર્યા પછી એમણે ટોટલ માર્યો કે સ્યાદ્વાદ હૈ સો સંશયવાદ હૈ. વસ્તુકે સ્વરૂપકા કોઈ ઠિકાના નહિ હૈ. એવો વિષય છે. ભલભલા ગોથું ખાય જાય એવો વિષય છે.

તમે એમ એક બાજુથી કહો કે પર્યાય અવલંબે દ્રવ્યને તો શુદ્ધ થાય. દ્રવ્યનું અવલંબન આવ્યા વિના પર્યાયની શુદ્ધતા થાય જ નહિ. પર્યાયને પર્યાયનું અવલંબન જ ન હોય. વળી પાછા તમે ને તમે એમ કહો કે દ્રવ્યને નહિ આલિંગીત એવી શુદ્ધ પર્યાય એને જ આત્મા કહીએ છીએ. ઓલો આત્મા નહિ. દ્રવ્ય તે આત્મા નહિ, પર્યાય તે આત્મા. અને તે પર્યાય એવી કે દ્રવ્યને નહિ અવલંબતી એવી પર્યાય, નહિ આલિંગીત કરતી એવી પર્યાય. માથુ ફરી જાય એવું છે. એક બાજુ આમ કહો અને પાછી એની વિરુદ્ધ વાત કરો તમે. એ પદાર્થનો .. છે. એ પદાર્થનું વિજ્ઞાન છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બે ચીજ છે, એકબીજામાં ... થતું નથી, એકબીજાને સ્પર્શતું નથી. પર્યાય પર્યાયનું પર્યાયત્વ ગુમાવ્યા વિના ભાવથી દ્રવ્યમાં અહંપણું સાધે છે અથવા કરે છે ભાવમાં અથવા અનુભવે છે ભાવમાં. પણ પર્યાયનું પર્યાયત્વ તે સમયનું અબાધિત રાખીને. હન્ડ્રેડ પરસન્ટ. નહિતર એ પર્યાયને એમ કહેવાય કે સ્વરૂપાકારે થઈ, દ્રવ્યાકારે થઈ, સ્વાકાર ભાવે થઈ. આ બધું કહેવાય. અભેદ થઈ. પણ છતાં એ દ્રવ્યને અડી જ નથી, દ્રવ્યને સ્પર્શી જ નથી. દ્રવ્ય દ્રવ્યમાં રહ્યું, દ્રવ્ય દ્રવ્યપણે રહ્યું, પર્યાય પર્યાયપણે રહી ગઈ.

પાછા એમ કહે કે પદાર્થની અંદર પર્યાય ઘંટીના પડની જેમ ઉપર નથી ફરતી. નીચલી ઘંટીનું પડ એમ ને એમ કૂટસ્થ નથી રહેતું. કેમકે વ્યાપ્યવ્યાપકપણું પ્રદેશત્વમાં છે. વળી સૂક્ષ્મતા જોઈએ તો કહે, પ્રદેશત્વમાં વ્યાપ્યવ્યાપક છે પણ પર્યાય ઉપર ઉપર થાય છે. માથુ ફરી જાયને. પરસ્પર વિરુદ્ધ કેટલીક વાતો તમારે કરવી છે?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુ દર્શન વગર પત્તો જ ખાય એવું નથી.

પરસ્પર વિરુદ્ધતા આવ્યા વિના રહે જ નહિ. જ્ઞાની-અજ્ઞાનીને માનીને મુખ્ય લક્ષણ કાઢ્યું છે કે પરસ્પર અવિરોધપણું એવી જે જ્ઞાનીની વાણીનું મુખ્ય લક્ષણ છે. એ આગમ અપેક્ષાએ છે. અધ્યાત્મ અપેક્ષાએ તો એનો જે આશય છે એ મુખ્ય લક્ષણ છે. જે જ્ઞાનીની વાણીનો આશય હોય છે તે આશય અજ્ઞાનીની વાણીમાં કદી આવે નહિ. એ અંદર ટોન જ ન આવે. એનો રણકાર જ બીજો છે અને આનો રણકાર બીજો છે. રૂપિયો સાચો અને ખોટો ખખડવામાં જ ફેર છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સોએ સો ટકા એક માણસ એના પિતાનો પુત્ર છે, સોએ સો ટકા કે અધૂરો? અને સોએ સો ટકા તે જ વખતે, તે જ સમયે એના પુત્રનો પિતા છે. પિતા પણ સોએ સો ટકા અને પુત્ર પણ સોએ સો ટકા. એક જ સમયે. એવા સેંકડો સંબંધ સોએ સો ટકા છે. મામાનો ભાણેજ સોએ સો ટકા અને ભાણેજનો મામો પણ સોએ સો ટકા. બહેનનો ભાઈ પણ સોએ સો ટકા. જેટલા સંબંધ ગણો એ બધા સોએ સો ટકા છે. કોઈ ઓછા ટકાવાળા સંબંધ નથી. આ તો વસ્તુનું સ્વરૂપ છે. અને છતાં સોએ સો ટકા કોઈનો સંબંધી નથી. આટલા સોએ સો ટકા સો સંબંધો, હજાર સંબંધો હોવા છતાં સોએ સો ટકા એ કોઈનો સંબંધી નથી. નિરપેક્ષ નિરાલંબ છે. આ પણ સોએ સો ટકા છે. અને સૌથી મુખ્ય એ વાત છે. માનવું પડે કે ન માનવું પડે? માનવું પડે. એ વાસ્તવિકતા છે. માનવું જ પડે. એમાં ચાલે નહિ.

મુમુક્ષુ :- .. એક સમયમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એક સમયમાં આપે ઉત્પાદ-વ્યય-ધ્રુવ લીધા એટલા માટે અમે નમસ્કાર કરીએ છીએ. આ કોઈ વિભૂતિ જોઈને નમસ્કાર નથી કરતા કે ભામંડળ બહુ સારું છે, શરીર તેજસ્વી છે. એ કોઈ કામ નથી.

'શ્રીમદ્‌જી'એ તો કેવું અલંકારિત ભાષામાં કહ્યું છે. સમંતભદ્રાચાર્યની વાત કરી છે. જેમ ગુફામાંથી સિંહ બહાર નીકળીને ત્રાડ નાખે તો આખું જંગલ ધ્રુજે એનું. જંગલનો રાજા છે ને. એની ત્રાડ સાંભળેને તો જંગલ આખુ ધ્રુજે. બધા પ્રાણીઓ ધ્રુજી ઊઠે કે આ ગુફામાંથી બહાર નીકળ્યો. કોને ખાશે હવે કેમ ખબર પડે? ભૂખ્યો નીકળ્યો છે. અંદર ગુફા-માં સૂતો હતો. એમ સમંતભદ્રાચાર્યે સિંહની જેમ ત્રાડ નાખી છે. એમ કરીને વાત કરી છે ઉત્પાદ-વ્યય-ધ્રુવની.

'**એક સત્તાગુણ સર્વે ગુણોનું કારણ છે અને સર્વે ગુણો (તેનું) કાર્ય છે.**' કેમકે સત્તામાં બધા સમાઈ જાય છે માટે. '**એક સૂક્ષ્મ(ત્વ) ગુણ સર્વે ગુણોનું કારણ છે અને સર્વે ગુણો કાર્ય છે.**' કેમકે બધાયમાં સૂક્ષ્મતા એણે લાવી દીધી. '**એક અગુરુલઘુ ગુણ સર્વે ગુણોનું કારણ છે અને સર્વે ગુણો કાર્ય છે...**' કેમકે ગુણ ગુણરૂપે રહે અને બીજા રૂપે ન થાય. '**એક પ્રદેશત્વગુણ સર્વે ગુણોનું કારણ છે અને સર્વે ગુણો કાર્ય છે,...**' એક પ્રદેશમાં બધા સમાય જાય છે. '**આ જ પ્રકારે એકેક ગુણ સર્વે ગુણોનું કારણ છે અને સર્વે ગુણો કાર્ય છે.**' આ પરસ્પર ઉતાર્યા. ગુણમાં ગુણ. એક ગુણ બીજા ગુણમાં એવા અનંતા ગુણોમાં પરસ્પર કારણ અને કાર્ય ઉતાર્યા.

'**હવે તે જ ગુણનાં કારણ (કાર્ય) તેમાં કહીએ છીએ :-**' બીજા ગુણ વિના, દ્રવ્ય વિના અને પર્યાય વિના. પર્યાયમાં તો બે પર્યાય સાથે હોતી નથી પણ ગુણ તો બધા એકસાથે હોય છે. તો કહે છે, દ્રવ્ય કારણ નહિ, પર્યાય કારણ નહિ અને બીજો ગુણ પણ કારણ નહિ. એક ગુણ છે એ પોતે જ કારણકાર્યમાં ઊભો છે. જાવ. અને '**તે જ ગુણના કારણ (કાર્ય) તેમાં કહીએ છીએ :- સત્તાનું નિજ કારણ સત્તામાં જ છે;...**' સત્તાનું કારણ સત્તામાં છે. સત્તા કોઈના આધારે નથી. પોતાની સત્તાની ગુણની હયાતી કઈ બીજી સત્તાને આધારે હોય? અવગાહન લે છે કે આકાશ છએ દ્રવ્યને અવગાહન આપે છે. આક-ાશને કોણ અવગાહન આપે? કે કોઈ નહિ. એમ સત્તા બધાની હયાતી આપે. સત્તાને કોણ હયાતી આપે? કે કોઈ નહિ.

જો એક ગુણ તમને સત્તા બેસતી હોય કે સત્તાને કોઈ બીજા ગુણનું કાર્યકારણપણું નથી. દ્રવ્યની સત્તા અને પર્યાયની સત્તા અને ગુણની સત્તામાં સત્તાગુણ કારણ તમે લઈ

શકો. પણ સત્તા ગુણને કોનું કારણ લેશો હયાતી માટે? કેવી રીતે મળશે તમને? સત્તાનું કારણ કેવી રીતે શોધશો? કે એની હયાતીનું કારણ શું? એ શક્તિ જ છે હયાત રહેવાની. હયાત રહેવાની એની શક્તિ છે. એ પોતે શક્તિ જ કારણ છે અને પોતે જ કાર્ય છે. એક ગુણમાં એ ઉતરે છે તો અનંત ગુણમાં ઉતરી ગયું, જાવ. લોજિક તો બહુ સરસ છે.

બીજા ગુણની વાત નહિ કરતા સત્તાગુણની વાત કરી, જુઓ. હવે ગુણનું કારણ ગુણ છે એમ સમજાવવું છે ત્યારે સત્તા ગુણનો દાખલો લીધો કે હયાતીમાં સત્તાને કોનું કારણ તમે કહેશો? કોઈનું કારણ નહિ. તો (કોઈ કહે), દ્રવ્ય પર્યાય અને બીજા ગુણ? તો કહે છે, એને સત્તા કારણ છે. દ્રવ્યને, પર્યાયને અને બીજા ગુણોને આ સત્તાગુણ કારણ છે. પણ સત્તાગુણને કોણ કારણ થાય? જાવ. કોઈ કારણની અપેક્ષા જ મળે એવું નથી. માટે ગુણ જ ગુણનું કારણ અને ગુણ જ ગુણનું કાર્ય છે. એક ગુણમાં સિદ્ધ થાય છે, અનંત ગુણમાં સિદ્ધ થઈ જાય છે. જાવ. આવી વાત છે.

'**સત્તા, દ્રવ્ય-ગુણ-પર્યાયનાં હોવાપણારૂપ લક્ષણવાળી છે,...**' હવે એ સત્તાનો વિસ્તાર કરો તો એના ભેદમાં દ્રવ્ય-ગુણ-પર્યાય આવશે. એટલે એ લક્ષણવાળી છે. '**તેથી ઉત્પાદ-વ્યય-ધ્રુવ કે જે સત્તાનું લક્ષણ છે તે-સત્તાનું કારણ છે અને સત્તા કાર્ય છે.**' ઉત્પાદ-વ્યય-ધ્રુવ કારણ. કારણ કે તે મય સત્તા છે. અને તેજ તેનું કાર્ય. '**એ જ પ્રમાણે અગુરુલઘુત્વગુણ નિજકારણવડે નિજકાર્યને કરે છે.**' અગુરુલઘુત્વ ગુણનું બીજું કોણ કારણ હોય? કહો! એ પોતે જ કારણ છે અને પોતે જ કાર્ય છે.

'**તે અગુરુલઘુત્વગુણનો વિકાર (પરિણમન)...**' વિકાર એટલે અહીંયાં વિશેષ કાર્ય. કારણ કે એ તો શુદ્ધ જ પરિણમે છે ત્રણે કાળે. '**ષટ્‌ગુણી વૃદ્ધિ-હાનિ છે; એ વૃદ્ધિ-હાનિવડે જ અગુરુલઘુકાર્ય નીપજ્યું છે, તેથી અગુરુલઘુ પોતે પોતાનું જ કારણ છે. આ પ્રમાણે સર્વે ગુણો પોતપોતાનું કારણ છે...**' એક ગુણમાંથી બધા ગુણોનું લઈ લેવું. '**અને પોતાના કાર્યને પોતે જ કરે છે.**'

હવે બે નય ઉતાર્યા અહીંયાં. '**અન્યગુણ નિમિત્તકારણગ્રાહકનયની વિવક્ષાથી...**' ગુણગુણનું કારણ લીધું ને? સૂક્ષ્મત્વ અને સત્તા બેય. '**અન્યગુણ નિમિત્તકારણ ગ્રાહકનયની વિવક્ષાથી અન્ય ગુણના કારણથી અન્ય ગુણનું કાર્ય થાય છે; અન્યગુણગ્રાહક-નિરપેક્ષ, કેવળ નિજગુણગ્રાહકનયની વિવક્ષાથી નિજ ગુણ પોતે જ નિજના કારણકાર્યને કરે છે.**' આ .. છે એ આખરી છે, છેલ્લી હદ. પછી કોઈ આગળ હદ નથી. વિવિક્ષા નથી. એ ટોપ વાત છે.

એ રીતે '**દ્રવ્ય વિના ગુણ હોય નહિ, માટે ગુણકાર્યનું દ્રવ્ય કારણ છે;...**' દ્રવ્ય

વિના તો કોઈ ગુણ હોતા નથી અધ્ધર. માટે ગુણનું કાર્યનું દ્રવ્ય કારણ છે. '**પર્યાય ન હોય તો ગુણરૂપ કોણ પરિણમે? માટે પર્યાય કારણ છે, ગુણ કાર્ય છે. એ પ્રમાણે ગુણકાર-ણકાર્યના અનેક ભેદ છે.**' આ રીતે બધા ભેદો સમજી લેવા, જે રીતે છે તે રીતે. એ પહેલી વાત પાછી ફરીને દોહરાવી છે. દ્રવ્ય પર્યાય ગુણનું કારણ છે એ વાત એમણે ફરીને દોહરાવી છે. આપણે એ પહેલા ભેદમાં આવી જાય છે. જે એકડો કર્યો, એકડા અને બગડા બેયમાં આવે છે. એ રીતે પર્યાયના કારણકાર્ય હવે પર્યાયના કારણકાર્ય કહેશે. અહીંયાં દ્રવ્યગુણના આવ્યા.

**તા. ૩-૭-૧૯૯૧, પાના નં. ૮૧**
**પ્રવચન નં. ૧૯**

... વાત તો સ્પષ્ટ છે. પણ એ એક વિવિક્ષા છે. બીજી પણ વિવિક્ષા છે, ત્રીજી પણ વિવિક્ષા છે, ચોથી પણ વિવિક્ષા છે. એમ બધી વિવિક્ષા જેટલી થઈ શકે એટલી લીધી છે.

દૃષ્ટાંત આપ્યું છે કે **'જેમ સમુદ્ર વિના તરંગ હોતા નથી તેમ આ પ્રમાણે પર્યાયનો આધાર દ્રવ્ય છે,....'** અથવા દ્રવ્યને આધારે પર્યાય રહેલી છે. દ્રવ્ય વિના પર્યાય ન હોઈ શકે. **'દ્રવ્યમાંથી જ પરિણતિ ઉઠે છે.'** જે પર્યાય ઉત્પન્ન થાય છે એ પણ સમુદ્રમાંથી તરંગ ઉત્પન્ન થાય એમ આત્મામાંથી આત્માની અવસ્થા ઉત્પન્ન થાય છે. અને અનુભવગોચરપણે જોવે માણસ તોપણ ખબર પડે કે મારા વિચારો, મારા ભાવો, મારું જ્ઞાન આ મારામાંથી જ ઉત્પન્ન થાય છે. કોઈ બીજા પદાર્થમાંથી મારી અવસ્થા ઉત્પન્ન થતી નથી. મારી અવસ્થા મારામાંથી જ ઉત્પન્ન થાય છે. મારામાં ને મારામાં મારામાંથી ઉત્પન્ન થાય છે.

એના ઉપર શ્લોક આપ્યો છે આલાપ પદ્ધતિનો.

**अनाद्यनिधने द्रव्ये स्वपर्यायाः प्रतिक्षणं।**
**उन्मज्जंति निमज्जंति जलकल्लोलवज्जले।।**

**'(અર્થ :- જળમાં જળના કલ્લોલોની સમાન...'** જળના તરંગોની સમાન **'અનાદિનિધન...'** એટલે હંમેશા. **'દ્રવ્યમાં દ્રવ્યના નિજ પર્યાયો પ્રત્યેક સમયમાં ઉત્પન્ન થાય છે...'** પોતાની અવસ્થા જેમ પાણીમાં તરંગો થયા જ કરે છે એમ જીવની અવસ્થા ઉત્પન્ન થયા કરે છે અને નષ્ટ થાય છે. ઉત્પન્ન થયા કરે છે અને નષ્ટ થયા કરે છે. **'આ પ્રમાણે પર્યાયનું કારણ દ્રવ્ય છે.'** આ એક વિવિક્ષા થઈ કે આ પ્રમાણે પર્યાય એક કાર્ય છે અને એનું કારણ પદાર્થ પોતે છે, જીવ પોતે છે, દ્રવ્ય પોતે છે.

**'હવે ગુણ તે પર્યાયનું કારણ છે એ કહીએ છીએ :- ગુણોનો સમુદાય દ્રવ્ય છે; ગુણ વિના દ્રવ્ય ન હોય,...'** દ્રવ્ય જ્યારે કારણ કહ્યું ત્યારે દ્રવ્ય તો ગુણોનો સમુદાય છે. જેમાં અનેક ગુણ રહેલા છે એ દ્રવ્ય છે. એના વિના કોઈ દ્રવ્ય હોય, ગુણો વિના કોઈ દ્રવ્ય હોય, ગુણસમુદાય વિના કોઈ દ્રવ્ય હોય એમ તો બને નહિ. **'અને દ્રવ્ય વિના પર્યાય ન**

**હોય,...**' ગુણ વિના દ્રવ્ય હોય અને દ્રવ્ય વિના પર્યાય નહિ. એટલે ઓટોમેટિક જ એ તો સાબિત થઈ ગયું કે ગુણ વિના પર્યાય નથી. અથવા ભેદદષ્ટિથી જુઓ તો જે દ્રવ્યની પર્યાય છે એમાં અનેક ગુણોની પર્યાય છે ભેદથી જુઓ તો, જ્ઞાન, દર્શન, આનંદ વગેરે.

આમ દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય બેય જોવાય છે. જેમકે મનુષ્યપણું દ્રવ્યપર્યાય છે. કે આ જીવ મનુષ્ય થયો, આ જીવ ઢોર થયો, પશુ થયો, પક્ષી થયો, આ જીવ દેવ થયો. એ દ્રવ્યપર્યાય કહેવાય છે. પણ જ્ઞાનની જાણવાની પર્યાય તે ગુણપર્યાય છે. આનંદની પર્યાય તે ગુણપર્યાય છે, અસ્તિત્વની પર્યાય—હયાતીની પર્યાય તે ગુણપર્યાય છે. એવી રીતે દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય એમ બે ભેદે પર્યાય જોવામાં આવે છે.

અહીંયાં એ લોજિક લીધું છે કે જો દ્રવ્યપર્યાય સાબિત થાય છે તો ગુણ વિના દ્રવ્ય નથી. માટે દ્રવ્ય કારણ કહો કે ગુણ કારણ કહો બંને એક જ વાત થઈ ગઈ આપોઆપ. '**એ રીતે ગુણ તે પર્યાયનું કારણ છે.**' આ પ્રકાર તે પણ ગુણ તે પર્યાયનું કારણ છે. '**એક તો આ વિશેષણ (-પ્રકાર) છે. અને બીજું ગુણ વિના ગુણપરિણતિ ન હોય...**' ભેદથી જુઓ તો. જ્ઞાનની પર્યાય જ્ઞાનગુણ ન હોય અને જ્ઞાનની પરિણતિ હોય, જ્ઞાનની શક્તિ આત્મામાં ન હોય અને એ જાણવાનું કાર્ય કરે એમ તો બને નહિ. કેમકે જડ છે તો આ જડમાં જાણવાની શક્તિ નથી તો એનામાં જ્ઞાનનું કાર્ય નથી. કેમકે શક્તિ નથી. અને ગુણ વિના ગુણપર્યાય હોય નહિ. આનામાં જાણવાનો ગુણ નથી તો ગુણપર્યાય ન હોય એનામાં. જાણવાની અવસ્થા પણ ન હોય.

'**ગુણ વિના ગુણપરિણતિ ન હોય માટે ગુણ, પર્યાયનું કારણ છે. ગુણ પર્યાય (રૂપે) પરિણમે છે...**' ગુણ પોતે જ પર્યાયરૂપે પરિણમે છે. '**ત્યારે ગુણપરિણતિ (એવું) નામ પામે છે, માટે ગુણ કારણ છે અને પર્યાય કાર્ય છે.**' આમ દ્રવ્યગુણ તો લીધા. હવે પર્યાયની વાત લખે છે. '**પર્યાયનું કારણ પર્યાય જ છે. ગુણ વિના જ (અર્થાત્ ગુણની અપેક્ષા વગર જ) પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે;...**' પર્યાયનું હોવાપણું છે એ જ પર્યાયનું કારણ છે. કેમકે ગુણ કૂટસ્થ છે અને પર્યાય કૂટસ્થ નથી, પર્યાય ચલિત છે અને ગુણ અચલિત છે. માટે અચલિત કારણ અને ચલિત કાર્ય એ વિસંગત છે, સુસંગત નથી. માટે કારણકાર્ય ત્યાં લાગુ નથી પાડતા. તો પછી એનું કારણ કોણ? એ પોતે જ કારણ. એની હયાતી પોતે જ કારણ છે. એક સમયની પર્યાયની વિદ્યમાન છે તે સમયે તે સત્ અહેતુક જ છે. એનું કોઈ બીજું કારણ નહિ. પોતે જ પોતાનું કારણ, પોતે જ કાર્યરૂપે છે. પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે.

મુમુક્ષુ :- ગુણ તો ધ્રુવ છે અને આ અધ્રુવ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ અધ્રુવ છે.

મુમુક્ષુ :- ધ્રુવ અધ્રુવનું કારણ કેમ થાય?

પૂજ્ય ભાઈશ્રી :- ધ્રુવ કારણ અને અધ્રુવ કાર્ય (એ) વિસંગત છે. ધ્રુવનું કાર્ય ધ્રુવ હોવું જોઈએ એના બદલે ધ્રુવ કારણ અને અધ્રુવ એનું કાર્ય એ મેળ ખાતું નથી, એમ કહે છે. વિભાવ કારણ અને સ્વભાવ કાર્ય કે સ્વભાવ કારણ અને વિભાવ કાર્ય એ ન મેળ ખાય. એ વાત ન્યાયથી ગળે ઉતરે એવી નથી. એટલા માટે કારણ કાર્યનો વ્યવહાર સુસંગતતા વિના એ વ્યવહાર કરી શકાતો નથી. છે વ્યવહાર. કારણકાર્ય છે એ વ્યવહાર છે પણ એ વ્યવહાર સુસંગતતા આધારિત છે. સુસંગતતા વગર એ વ્યવહાર ન્યાયસંપન્ન નથી, ન્યાય વિરુદ્ધ છે. એટલે ચોખવટ કરી છે કે '**ગુણ વિના જ પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે;...**' ગુણની અપેક્ષા અમે અહીંયાં નથી લેતા. દ્રવ્ય-ગુણની અપેક્ષાની વિવિક્ષા જુદી છે, આ વિવિક્ષા તદ્દન જુદી છે.

પર્યાયનું અસ્તિત્વ તો પર્યાયનું કારણ છે પણ '**પર્યાયનું સૂક્ષ્મત્વ પર્યાયનું કારણ છે,...**' જે પર્યાયનું સૂક્ષ્મત્વ છે તે દ્રવ્યગુણનું સૂક્ષ્મત્વ નથી. જે દ્રવ્યગુણનું સૂક્ષ્મત્વ છે તે પર્યાયનું સૂક્ષ્મપણું નથી એમ કહેવું છે. '**પર્યાયનું વીર્ય પર્યાયનું કારણ છે,...**' પર્યાયનું બળ સર્કેસટેન્શનની વાત કરી. પર્યાયનું બળ પર્યાયનું કારણ છે. જે પ્રગટ પર્યાયમાં બળ છે એ બળ અને જે ગુણમાં કે દ્રવ્યમાં બળ છે એ બળ બે બળ જુદા જુદા છે. પર્યાયનું બળ પર્યાય રીતે કામ કરે છે. ગુણનું બળ ગુણ રીતે કામ કરે છે.

જેમકે ચકમકમાં અગ્નિ છે શક્તિરૂપે, પણ એનાથી કોઈ સળગે નહિ. એમાં કોઈને સળગાવાનું બળ નથી. પણ અગ્નિ પ્રગટ થાય એમાંથી એને સળગાવાનું બળ છે. કેટલું? કે એની સાથે લોઢુ ઘસે ને એક તિખારો નીકળે તો આખી દુનિયાને સળગાવી શકાય. કેટલું બળ એમાં? કે આખી દુનિયાને સળગાવવી હોય તો સળગાવી શકાય એક તિખારામાંથી. અને એ ચકમકના પત્થરના ડુંગરા પડ્યા હોય ને તો કોઈ ન સળગે. લાખો વર્ષ સુધી પડ્યા રહે. માટે પર્યાયનું બળ જુદું, ધ્રુવનું બળ જુદું. બેયનો પ્રકાર જ જુદો. બેયનું કાર્ય જ જુદું છે, બેયની હાલત જ જુદી છે, સ્થિતિ જુદી છે. માટે પર્યાયનું વીર્ય પર્યાયમાં છે. એનું બળ જ જુદા પ્રકારનું છે. પ્રગટ બળ છે, ઓલું અપ્રગટ બળ છે. અપ્રગટ બળ કાંઈ કામમાં નથી આવતું. એ તો એમ ને એમ અનાદિથી પડ્યું છે.

એટલા માટે શુદ્ધ પર્યાયને આત્મા કીધો છે. એટલા માટે શુદ્ધ પર્યાયને ૨૦મા બોલમાં આત્મા કીધો છે કે જેટલું ઉપયોગમાં આવ્યું એટલું કામનું છે. પર્યાયમાં પરિણમ્યું એટલું કાર્ય સાધક થયું, કાર્ય સાર્થક થયું. બાકી અંદર ગમે તેટલું પડ્યું હોય નહિ. શું કામ લાગે?

અનાજના ભંડારમાં લાખો મણ અનાજ પડ્યું હોય. એને તાળુ માર્યું હોય અને ચાવી ન હોય તો ભુખે મરી જાવું પડે. તાળુ ખુલે એવું ન હોય કે તૂટે એવું ન હોય. શું થાય? એમ આત્મામાં અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સુખ અનાદિથી અનંત કાળ ભરેલા છે પણ પ્રગટ ન કરે તો દુઃખી થાય સંસારમાં. દુઃખીના દાળિયા થઈ જાય. એટલો દુઃખી થાય કે જાણે દુઃખના ડુંગર નીચે દટાઈ ગયો એવો દુઃખી થાય. કોઈના મરણ થાય છે, કોઈને પીડા થાય છે, કાંઈ થાય છે, કાંઈ થાય છે. કેટલો દુઃખી થાય? અંદર આનંદનો દરિયો ભર્યો છે. દરિયો પણ ટૂંકો પડે એટલો આનંદ ભર્યો છે. પ્રગટ થાય એનું બળ જુદું છે. અપ્રગટની વાત જુદી છે.

મુમુક્ષુ :- ... અનુભવથી સિદ્ધિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે અનુભવ પર્યાયની જે પર્યાયના સ્થાનમાં કિંમત છે એ યથાસ્થાને સમજવી રહી. દ્રવ્યની જે દ્રવ્યના સ્થાનમાં કિંમત છે તે યથાસ્થાને સમજવી રહી. પોતપોતાના સ્થાનમાં પોતાની કિંમત છે.

મુમુક્ષુ :- દ્રવ્યના સ્થાનમાં કિંમત તો એનું જે...

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્યમાં અનંતુ ભર્યું છે. હા, બધો માલ ત્યાં ભર્યો છે. અનંત ગુણોનું ગોદામ ત્યાં ભરેલું છે. અનંત જ્ઞાન, અનંત સુખ, અનંત શક્તિ, અનંત ગુણો એવા છે. એવા એક એક ગણીએ તો એવા અનંત ગુણો છે અને એક ગુણની અનંત શક્તિ છે.

મુમુક્ષુ :- શક્તિમાંથી વ્યક્તિ આવે છે, ત્યારે આધાર..

પૂજ્ય ભાઈશ્રી :- હા. શક્તિનું અવલંબન લેવામાં આવે છે અને શક્તિ વ્યક્તિરૂપે પ્રગટ થાય છે. પણ એટલું રાખીને વાત છે અથવા એટલું એમાં સમજવા યોગ્ય છે કે શક્તિ શક્તિરૂપે અકબંધ રહીને વ્યક્તિરૂપે પરિણમે છે. જ્યારે શક્તિમાંથી વ્યક્તિ થાય છે તો એટલી શક્તિ ઘટી એમ નથી. દસ મણ અનાજની કોઠીમાંથી એક મણ અનાજ કાઢ્યું લોટ દળવા માટે તો પાછળ નવ મણ રહ્યું એવું ત્યાં નથી. એમ જ્ઞાનમાં કોઈ ગડદી થાય નહિ. ગમે તેટલું જાણે તો જ્ઞાનની પર્યાયમાં ગડદી થાય છે? તો એક પર્યાયમાં ખૂટતું નથી જ્ઞાન, તો આ તો ગુણ છે, ખૂટે કેવી રીતે?

એક માણસ પાંચ વાતને યાદ રાખે છે અને એક માણસ પાંચ હજાર વાતને યાદ રાખે છે. વેપારી હોય છે પ્રોવિઝન સ્ટોરના. ગમે તે ચીજ કહો. એને કેટલોગ જોવો ન પડે. બિસ્કીટના પડિકાનો આ ભાવ અને નાડાછડીનો આ ભાવ, કોઈ ચીજ વારથી માપીને આપે, કોઈ ચીજ નંગ ઉપર આપે, કોઈ ચીજ જોખીને કિલોમાં આપે, ઘાસલેટ માગો તો લિટરમાં આપે. લિટરમાં, કિલોમાં, મિટરમાં અને નંગમેળમાં. અને હજારો ચીજ હોય એની દુકાનમાં.

એને ભાર ન લાગે કે ઘણી ચીજનો ભાવ યાદ રાખવો પડે છે એવો ભાર ન લાગે. સાવ રમતમાત્રમાં (કહી દે). તમે માગો અને આના પૈસા આટલા આપી દો.

એક જ્ઞાનની પર્યાયમાં પણ એટલી શક્તિ છે કે ગમે તેટલા જ્ઞેયો આવે તોપણ એમાં કોઈ ગડદી થતી નથી. સમાય જાય. અવકાશ આપે છે ને? આ અવગાહન ગુણ જેને કહે છે, અવકાશ આપવાનો ગુણ છે—જગ્યા આપવાનો ગુણ છે. ગમે તેટલા પદાર્થો જાણવા મળે નહિ. આખી દુનિયાના પર્યટને નીકળે. કોઈ માણસોએ સેંકડો પુસ્તકો વાંચ્યા હોય કે કોઈએ હજારો પુસ્તકો વાંચ્યા હોય, ગમે એટલું વાંચે, ગમે એટલું વિચારે, ગમે એટલું સાંભળે, ગમે એટલું જોવે, જ્ઞાનમાં ક્યાંય પણ તકલીફ ન ઊભી થાય કે હવે બહુ જાણ્યું ને હવે મારા જ્ઞાનમાં જગ્યા નથી એમ કોઈ નહિ કહે. ઉલટાનો એમ કહેશે કે હજી લાવો, હજી મારે જાણવું છે. પરદેશ જાવું છે. દેશનું બધું જાણી લીધું, હવે પરદેશની મુસાફરી કરું. ત્યાંથી એને ચંદ્રલોકમાં અને મંગળ ઉપર લઈ જાય તો ત્યાં પણ જવા તૈયાર છે. એને જ્ઞાનમાં ગડદી નથી થતી. જો પર્યાયની આ સ્થિતિ છે (તો) ગુણ કેવડો મોટો હશે! એની મહાનતા પર્યાય કરતા વિશેષ છે. અને પરિણમનની અપેક્ષાએ પર્યાયની મહાનતા છે. જો એનું પરિણમન ન હોય તો એનો ઉપયોગ નથી. ઉપયોગ નથી તો ચીજ નકામી છે. જે ચીજનો ઉપયોગ નહિ તે ચીજ નકામી.

ઉપયોગમાં આવી શકે છે માટે માણસ સોનાનો સંગ્રહ કરે છે. જેનો ઉપયોગ ન થતો હોય તો કોઈ સંઘરે ખરું? અથવા ઘરમાં કચરો નીકળે છે એ કેમ ઉકરડે નાખી આવે છે? કે એનો ઉપયોગ નથી કાંઈ. પણ અંદર હીરાની રજ અને સોનાની રજ હોય તો ઉકરડે નાખી આવે? તો પડીકુ વાળીને બજારમાં વેચવા જાય. હીરાના કારખાનામાં હીરાની રજ વેચાય છે કે નહિ? એ કાંઈ સાવરણી વાળીને ઉકરડે નથી નાખી આવતા. ઘરનો કચરો નાખીએ છીએ એવી રીતે. ઉપયોગ (પ્રમાણે) કિંમત છે.

**'પર્યાયનું પ્રદેશત્વ પર્યાયનું કારણ છે.'** પર્યાયનું પ્રદેશત્વ જુદું છે એ એટલા માટે જુદું છે કે પર્યાય વિલીન થાય છે, પર્યાયનો નાશ થાય છે, જ્યારે ગુણનો અને દ્રવ્યનો નાશ થતો નથી. જો સર્વથા એક પ્રદેશત્વ હોય તો આનો નાશ થતાં આનો નાશ સાથે સાથે અંશે તો થવો જોઈએ. ભલે પૂરો ન થાય તોપણ.

મુમુક્ષુ :- સમય પૂરતો તો થવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈક તો થવો જોઈએ. કોઈ પ્રકારે, કોઈ અંશે અને કોઈ રીતે તો થવો જ જોઈએ. માટે એનું પ્રદેશત્વ પણ જુદું છે.

મુમુક્ષુ :- દ્રવ્ય-ગુણના પ્રદેશ જુદા, પર્યાયના પ્રદેશ જુદા.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રદેશ જુદા. પણ એ પર્યાયના પ્રદેશ પર્યાય નાશ થયો તો દ્રવ્યગુણનો કોઈ પ્રદેશ નાશ ન પામે. માટે એ પ્રદેશ સાથે એને સંબંધ નથી એમ કહેવું છે. જુદાનો અર્થ શું છે કે એની સાથે એને સંબંધ નથી. પર્યાયને પોતાના ક્ષેત્ર સાથે સંબંધ છે. પર્યાય ગઈ એનું ક્ષેત્ર પણ ગયું.

જેમ કે અરીસા ઉપર ગમે એટલા પ્રતિબિંબો આવે તો અરીસામાં કેટલા ડાઘા પડે? રંગબેરંગી હજારો-લાખો પ્રતિબિંબો આવે. મેલા-ઘેલા વસ્ત્રોના, મેલના, ઉકરડાના બધા પ્રતિબિંબ આવે, અરીસાને કેટલા ડાઘા પડે? એમ જ્ઞાનને કોઈ ડાઘ ન પડે. ગમે તે જાણે તોપણ. બીજું, કે એમાં કાંઈ રહે નહિ. એ પ્રતિબિંબ બધા ચાલ્યા જાય તો અરીસામાંથી કેટલું વયું ગયું? અરીસામાંથી શું ખૂટ્યું? આટલા બધા પ્રતિબિંબ આવીને ચાલી ગયા પછી અરીસામાં કાંઈ વધ્યુ નહિ, અરીસામાં કાંઈ ઘટ્યું નહિ. આમ છે. કેમકે એ બધી પર્યાયનું ક્ષેત્ર પર્યાયમાં છે એ દ્રવ્યના ક્ષેત્રને એની સાથે કાંઈ લેવાદેવા નથી.

ઓલું તો શું કરે છે? કે એક જ ક્ષેત્રમાં એને અંદર ભાગ પડાવે છે. એમ નથી. એનું ક્ષેત્ર જ જુદું છે એમ કહેવું છે અહીં તો. પર્યાયનું પ્રદેશત્વ જ પર્યાયનું કારણ છે. દ્રવ્યનું પ્રદેશત્વ પર્યાયનું કારણ નથી. એમ કહેવું છે. છે ત્યાં ને ત્યાં તો? એ છે ત્યાંથી ઉપર છે થોડું. એ ઉપર ઉપર જ રહી જાય છે. ત્યાં અંદર પ્રવેશ જ નથી ને એનો પર્યાયનો દ્રવ્યમાં. પછી એના પ્રદેશને એ શું કરે? એના ક્ષેત્રને શું કરે? કાંઈ ન કરે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- જ્યાં દ્રવ્ય છે ત્યાં જ પર્યાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્યાં દ્રવ્ય છે ત્યાં જ દ્રવ્યની પર્યાય છે. છતાં પણ એની સત્તા જુદી, એનું સૂક્ષ્મત્વ જુદું, એનું વીર્ય જુદું, એનું પ્રદેશત્વ જુદું. ચાર ભેદ લીધા છે.

મુમુક્ષુ :- ...ઉપર ઉપર તરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'સમયસાર'માં પણ આવે છે. ઉપરી તરંતિ. ૨૦ કે ૨૧મો શ્લોક છે. ઉપરી તરંતિ એમ આવે છે.

મુમુક્ષુ :- રાગાદિ ભાવ ઉપર ઉપર તરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિભાવ બધા ઉપર ઉપર (તરે છે), રાગાદિ ભાવો ઉપર ઉપર છે. પર્યાયો બધા ઉપર ઉપર થાય છે. પર્યાય છે જ ઉપલી સપાટી ખરેખર તો. અંતર્મુખ થવાવાળાને તો પર્યાયની સાવધાની રાખવાની કે પર્યાયનું જ્ઞાન કરવાની સાવધાની રાખવાની એટલા માટે જરૂર નથી કે પર્યાય તો અનુભવગોચર છે. એના ઉપર તો લક્ષ પણ આપતા નથી તોપણ અનુભવગોચર છે. લક્ષ ત્રિકાળી દ્રવ્ય ઉપર છે અને પર્યાય અનુભવગોચર છે. એટલે એકસાથે બંનેનો અનુભવ ગણીને પ્રમાણ કહેવામાં આવ્યું, યુગપદ ગણીને પ્રમાણ

કહેવામાં આવ્યું છે. એ કારણ છે.

ચોથું. '**ઉત્પાદ-વ્યય કારણ છે (ને પર્યાય કાર્ય છે).**' ઉત્પાદ-વ્યયને પર્યાયના જ અંગો લીધા. '**ઉત્પાદ-વ્યય કારણ (ને પર્યાય કાર્ય છે).**' દ્રવ્યગુણ કારણ છે અને પર્યાય કાર્ય છે નહિ. ઉત્પાદ-વ્યય પોતે કારણ છે. '**કેમ કે ઉત્પાદ-વ્યય વડે પર્યાય જાણવામાં આવે છે...**' નવી પર્યાય ઊપજી, ઉપજેલી પાછી નાશ પામી, ઉત્પન્ન થઈને પાછી નાશ પામી. '**માટે તે પર્યાયનું કારણ છે અને પર્યાય (તેનું) કાર્ય છે.**' એ પોતે જ કાર્ય છે પાછું.

'**એ પ્રમાણે કાર્ય-કારણના ભેદ છે. વસ્તુનો સર્વરસ સર્વ સ્વકારણ કાર્ય જ છે...**' એ પ્રમાણે કાર્ય-કારણના ભેદ છે. હવે કહે છે કે '**વસ્તુનો સર્વરસ સર્વ સ્વકારણ કાર્ય જ છે. કારણ કાર્ય જાણ્યા તેણે સર્વે જાણ્યું,...**' વસ્તુનો સર્વરસ કહો એટલે એકરસ. વસ્તુ વસ્તુરૂપે જે એકરસ છે તે પોતે જ પોતાનું વસ્તુનું કારણકાર્યરૂપે છે અને એ જેણે જાણ્યું તેણે સર્વ જાણ્યું. '**આ પરમાત્માને અનંતગુણો છે,...**'

મુમુક્ષુ :— આ ન સમજાયું—વસ્તુનો સર્વરસ...

પૂજ્ય ભાઈશ્રી :— જેમ કે આત્મા છે તો આત્માનો આત્મરસ.

મુમુક્ષુ :- આત્માનો આત્મરસ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આત્મા છે એનો આત્મરસ. ચૈતન્યનો ચૈતન્યરસ. એ રસ જેણે જાણ્યો, અનુભવ્યો. રસ તો વેદવાનો વિષય છે. એણે સર્વ જાણ્યું. પછી એણે કાંઈ જાણવાનું બાકી રહેતું નથી. એટલે શું કહેવું છે? કે રસની અંદર અભેદતા છે. અભેદપણે જેણે આત્મરસ વેદ્યો એણે આખો આત્મા જાણ્યો. એને આત્માને જાણવામાં કાંઈ બાકી ન રહ્યું. ભલે ભેદ ન જણાય તોપણ. અનેક ભેદો ન જણાય તોપણ એણે બધું જાણ્યું એમ કહેવું છે.

હવે માનોને કે તમે એક સાકર છે. એમાં ગુણ તો ઘણા છે. પણ તમે એનો રસ ચાખ્યો એટલે બધું આવી ગયું. કેમકે એ રસપ્રધાન પદાર્થ છે. એવી રીતે કેરી છે. કેરી ખાધી, એનો રસ માણ્યો એટલે એના બધા ગુણ ભલે કોઈ એના ઉપર મહાનિબંધ લખનાર હોય અને એ જેટલા ગુણનું વર્ણન કરે એટલું તમને વર્ણન ન આવડતું હોય કે ન ખબર પડતી હોય તો તમને કેરી કેવી હોય એનું જ્ઞાન થઈ ગયું. આ કેરી બહુ સારી ક્વોલિટીની છે, કેરી બહુ સારી છે. સમજાય ગયું. એ રીતે.

મુમુક્ષુ :- 'ગુણ અનંતકે રસ સબૈ અનુભવરસ કે માંહી.'

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'ગુણ અનંતકે રસ સબૈ અનુભવરસ કે માંહી'. એ અનુભવરસની અંદર બધા ગુણોનો રસ એટલે સર્વસ્વ આવી ગયું. એમાં બધું સર્વસ્વ આવી ગયું.

'**આ પરમાત્માને અનંત ગુણો છે, અનંત શક્તિ છે, અનંત ગુણોના અનંતાઅનંત**

**પર્યાયો છે, અનંત ચેતના-ચિહ્નમાં અનંત, અનંતાઅનંત સપ્ત ભંગ સધાય છે.**' એક ચૈતન્ય લક્ષણમાં અનંતા સપ્ત ભંગ સધાય છે. '**આ વગેરે પ્રકારે વસ્તુનો અનંત મહિમા છે. તે (મહિમાને) કોઈ ક્યાં સુધી કહે?**' એને કોઈ ક્યાં સુધી કહે? સર્વજ્ઞને પણ દિવ્યધ્વનિમાં આત્માના મહિમામાં પૂરું પડતું નથી. વચનઅગોચર મહિમા છે. અને સામાન્ય સ્થૂળ પદાર્થો વચનઅગોચર છે તો આત્મા તો સૂક્ષ્મ પદાર્થ છે.

દૃષ્ટાંત આપતા 'ગુરુદેવ'. ઘી મોળું લાગે અને કાજુ મોળા લાગે અને કાકડી મોળી લાગે. હવે બતાવો કે ત્રણે મોળા લાગે એમાં કેવી રીતે તમે એનો તફાવત સમજાવશો? એના સ્વાદનો તફાવત સમજાવો. ત્રણ ચીજ સ્વાદમાં મોળી છે એનો તફાવત સમજાવો. ત્રણેની મોળાશ જુદી જુદી છે. કે એક જાતની છે? કહેવાય મોળાશ. પણ સ્વાદની સૂક્ષ્મતા વિચારવામાં આવે તો ત્રણેની મોળાશ જુદી છે. ઘીની જુદી જાતની મોળાશ છે, કાકડીની જુદી જાતની છે, કાજુની જુદી જાતની છે.

મરચુ અને મરી બેય તીખા છે. સમજાવી દ્યો એનો તફાવત કે શું તીખાશમાં કેવી રીતનો ફેર છે. ઈ શબ્દથી ન સમજાવી શકાય. ચાખો એટલે ખબર પડે કે બરાબર બેય તીખા છે પણ બેયમાં ફેર છે. હવે આ તો બધા જડ સ્થૂળ પદાર્થો છે એની પર્યાયોમાં પણ આટલી સૂક્ષ્મતા છે કે જે વચનઅગોચર છે. વચનમાં-વાણીમાં ન આવે. તો આત્માના બધા ગુણો કેવી રીતે વાણીમાં આવે?

'**કોઈ ક્યાં સુધી કહે? માટે જેઓ સંત છે તેઓ સ્વરૂપના અનુભવ(રૂપી) અમૃતરસ પીને અમર થાઓ.**' માટે જે સંત છે અથવા જે સમજદાર છે એ આત્માને અનુભવીને એના અમૃતરસને પીને અજર અમર થઈ જાઓ. અનુભવરસ પીને અજર અમર થાઓ એમ કહે છે. એ કારણકાર્યનો વિષય પૂરો થયો.

હવે '**પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય**' એટલે પરમાત્માની પ્રાપ્તિનો ઉપાય. અહીંયાં નિજ પરમાત્માની વાત છે. પરમાત્મા બે છે. એક પોતે અને એક બીજા. બીજા પરમાત્મા છે એ દર્શનીય છે, વંદનીય છે. તે તે પ્રકારનો રાગનો સદ્‌ભાવ હોય ત્યાં સુધી. પછી તો કાંઈ પ્રશ્ન નથી વંદ્યવંદકપણું (હોતું નથી). એટલે એ તો ખાલી દર્શન એનું પ્રાપ્ત થાય છે. એથી વધારે એનો કોઈ લાભ નથી. જ્યારે નિજ પરમાત્મા છે એ અનુભવમાં આવે છે અને એની શાંતિ, એનો પરમાનંદ એનો અનુભવ થાય છે. એ અનુભવ થાય એને પ્રાપ્તિ કહે છે. પ્રાપ્તિનું બીજું નામ અનુભવ, અનુભવનું બીજું નામ પ્રાપ્તિ.

બહારમાં પદાર્થનો સંયોગ થાય ત્યારે પ્રાપ્તિ આપણે કહીએ છીએ. પણ કોઈ પદાર્થને અનુભવી શકાતા નથી. એટલે એ સંયોગને પ્રાપ્તિ કહેવાય છે. અહીંયાં અનુભવને પ્રાપ્તિ

કહેવાય છે નિજ પદાર્થમાં. આમ પ્રાપ્તિ શબ્દના બે અર્થ છે. પરપદાર્થની અપેક્ષાએ સંયોગમાત્ર છે અને નિજપદાર્થની અપેક્ષાએ અનુભવમાત્ર છે. એને પ્રાપ્તિ કહેવામાં આવે છે.

'**હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે–હે પ્રભો! એવા પરમાત્માનું સ્વરૂપ કઈ રીતે પામીએ?**' એટલે પોતાના. પાછળ કહ્યું ને કે '**સ્વરૂપના અનુભવ(રૂપી) અમૃતરસ પીને અમર થાઓ.**' તો જે આત્માનો અનુભવ છે એ આત્માના પરમસ્વરૂપનો અનુભવ હોવાથી એને પરમ આત્મા અથવા પરમાત્મા કહેવામાં આવે છે.

પરમાત્મા બે શબ્દની સંધિથી થયેલો એક શબ્દ છે. પરમ + આત્મા. આત્માનું પરમ સ્વરૂપ, ઉત્કૃષ્ટ સ્વરૂપ, પરમ ઉપાદેય સ્વરૂપ અથવા પરમ શુદ્ધ સ્વરૂપ અથવા મૂળ સ્વરૂપ એને પરમ-આત્મા એમ કહેવામાં આવે છે અને એની સંધિ થાય ત્યારે મને કાનો મા થઈ જાય છે. આ છે એ અલોપ થઈને મને કાનો મા થાય છે—પરમાત્મા. પરમાત્મા એટલે પર એટલે બીજા અને આત્મા એમ નથી. કેમકે પરમ એમ છે. એટલે પરમાત્મા છે. પરમાત્મા એટલે પરમ-આત્મા. પોતાનું મૂળ સ્વરૂપ એને પરમાત્મા કહેવામાં આવે છે. એવું મૂળ સ્વરૂપ જેને અવસ્થામાં વ્યક્ત થયું એને પ્રસિદ્ધપણે પરમાત્મા કહેવામાં આવે છે. અને મૂળ સ્વરૂપ અંદરમાં શક્તિરૂપે હોવાથી અપ્રસિદ્ધપણે એને પરમાત્મા કહેવામાં આવે છે. શક્તિરૂપે પરમાત્મા અને વ્યક્તિરૂપે પરમાત્મા.

નીચે હવે કથન કરીએ છીએ. વાત કરીએ છીએ. કથન એટલે વાત કરવી. સંસારી જીવ છે એ '**અંતરાત્મા થઈને પરમાત્માને ધ્યાવે છે.**' કેવી રીતે? સંસારી જીવ છે તે બહિરાત્મા છે. બહિરાત્મા એટલે શું? કે બાહ્ય પદાર્થને આત્મા માનનારો તે બહિરાત્મા. બાહ્ય પદાર્થ એટલે શું? કે જે આત્મામાં નથી અને આત્માથી બહાર છે એ બધા બાહ્ય પદાર્થ છે. જેમકે શરીર. શરીર તે આત્મા નથી. જ્યારે બંનેનું આયુષ્ય પૂરું થાય એટલે સ્થિતિ પૂરી થાય સાથે રહેવાની, સ્થિતિ એને આયુષ્ય કહે છે, શાસ્ત્ર ભાષામાં એને આયુષ્ય કહે છે, ચાલતી ભાષામાં એમ કહીએ કે જીવ અને શરીરને સાથે રહેવાની મુદત, એ મુદત પૂરી થાય, સ્થિતિ પૂરી થાય એટલે જીવ પોતાનો રસ્તો પકડે અને શરીરના સંસ્કાર પછી બાકી જે રહ્યા હોય એ કરી નાખે. એની જે રૂઢિ રિતરિવાજ હોય એ પ્રમાણે. કોઈ દાટે ને કોઈ બાળે ને કોઈ કાંઈ કરે. જે કરે તે.

તો એક જડ છે અને એક ચૈતન્ય છે. આત્મા ચૈતન્ય છે અને શરીર જડ પરમાણુની રચના છે. એ કાંઈ એક પદાર્થ નથી. પણ અનંત પરમાણુનો જથ્થો છે શરીર છે એ. પરમાણુ બધા વિખરાય જાય છે. પછી રાખ થઈને વિખરાય કે દાટે તો માટી થઈને વિખરાય. ત્યારે એ શરીરને નભાવવાના જે સાધનો છે ઘર, મકાન, પૈસા, અનાજ, આબરૂ, કીર્તિ, કપડા,

દાગીના જે કાંઈ, એને આત્મા માનનાર, શરીરને આત્મા માનનાર અને શરીરના સંબંધિત સગા-સંબંધી, બીજા સંયોગોને પોતાપણે માનનાર, આત્માપણે માનનાર તે બધા સંસારી જીવો બહિરાત્મા છે. સંસારી જીવો કોને કહેવા? બહિરાત્માને સંસારીજીવો કહેવા. બહિરાત્મા કોને કહેવા? કે આત્મામાં નથી એવા બાહ્ય પદાર્થોને આત્માપણે એટલે પોતાપણે સ્વીકારનાર, શ્રદ્ધા કરનાર, માનનાર, જાણનાર, અનુભવ કરનાર અને એ રીતનો વ્યવહાર કરનાર સાચું માનીને એ બધા સંસારીજીવો બહિરાત્મા છે.

તે બહિરાત્મપણું છોડીને. હવે એમ કહે છે. રાખીને નહિ પણ છોડીને. શેમાંથી છોડીને? શ્રદ્ધા અને જ્ઞાનમાંથી. જે સંસારી જીવો બહિરાત્મપણું એના શ્રદ્ધા જ્ઞાનમાંથી છોડીને આત્માનું મૂળ સ્વરૂપ ઓળખીને કે જે પરમાત્મ સ્વરૂપ છે, આત્માનું પરમસ્વરૂપ છે, એ અંતર્મુખ થઈને. અંતરાત્મા એટલે શું? કે પરિણમનની દિશા બે છે. એક બહારમાં અને એક અંતરમાં અંતર્મુખ થવાની. એ બાહ્ય દિશા છોડીને અંતર્મુખ થઈને એટલે અંતરાત્મા થયો ત્યારે એ. અને અંતરાત્મા થઈને પરમાત્મસ્વરૂપને એટલે પોતાના મૂળ સ્વરૂપનું ધ્યાન કરે છે, ધ્યાવે છે ત્યારે તે અંતરાત્માપણું સાધન છે અને પરમાત્મપણું એનું સાધ્ય છે. આમ એક સાધનસાધ્યની પરિસ્થિતિ ઊભી થાય છે.

શું કહ્યું? કે '**(જીવ) અંતરાત્મા થઈને પરમાત્માને ધ્યાવે છે. તે અંતરાત્મા(પણું) ચોથા ગુણસ્થાનથી શરૂ કરીને બારમા ગુણસ્થાન સુધી છે.**' પછી તો તેરમા ગુણસ્થાને પોતે પરમાત્મા થઈ ગયો. તો એ સાધકદશા લીધી. '**તે અંતરાત્મા(પણું) ચોથા ગુણસ્થાનથી...**' ગૃહસ્થદશામાં પણ હોય છે, પશુની દશામાં પણ સંજ્ઞી પંચેન્દ્રિયને હોય છે, નારકીને હોય છે અને દેવલોકના દેવને પણ થઈ શકે છે. બાહ્ય દિશા છોડીને અંતર્મુખની દિશા પરિણામમાં ઉત્પન્ન થાય ત્યારે અંતરાત્મપણું થાય. અને એવી અંતર્મુખની દિશા કે દશા ક્યારે થાય? કે અંતઃતત્ત્વસ્વરૂપ જે આત્માનું મૂળ પરમાત્માસ્વરૂપ એનું ધ્યાન અથવા અવલંબન કરે ત્યારે.

આત્મા ત્રણ પ્રકારે કહેવાય છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. જેને જીવ કહીએ સંસારમાં તે બધા બહિરાત્મા છે. એમાંથી કોઈ જીવ આત્માનું મૂળ સ્વરૂપ, અંતઃતત્ત્વ, મૂળ તત્ત્વ સમજીને જે પરમાત્મતત્ત્વ છે. આત્મા સો પરમાત્મા એમ કહે છે ને? માગધી ભાષામાં એને અપ્પા કહે છે અને કર્ણાટકની ભાષામાં પણ એને અપ્પા કહે છે. છે ને આપણે? કલ્યાણ અપ્પા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિજ લિંગ અપ્પા. નિજ લિંગ આત્માનું લિંગ એટલે ચિહ્ન

ચૈતન્ય. જ્ઞાન તે આત્માનું ચિહ્ન છે. એ નિજલિંગ અપ્પા છે આત્મા. આત્મા પોતે કલ્યાણમય છે. એટલે કે એમાં કોઈ અશાંતિ નથી, મૂળ સ્વરૂપમાં ઉપાધિ નથી. પરમ કલ્યાણસ્વરૂપ જ પોતે છે એટલે એને કલ્યાણ અપ્પા પણ કહેવાય છે. એ બાજુ બધા એવા નામ છે. માણસોના નામ જ એવા છે એ બાજુ. મૂળ તો શું છે કે એ બાજુ આજે જૈનધર્મ છે એ વધારે ટકી રહ્યો. દક્ષીણ ભારતમાં.

મુમુક્ષુ :- ગોમટેશ્વર બાજુ કર્ણાટકમાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કર્ણાટકમાં. બધા એવા જ નામ છે. 'મુંબઈ'માં તો પચરંગી પ્રજાને, તો 'મુંબઈ'માં તો એ લોકોની પણ વસ્તી છે એટલે એ બધા નામ ત્યાં જાણવા મળે. 'મુંબઈ'માં રહેતા હોય એ બધા જાણતા હોય.

શું કહે છે? સંસારી જીવ પોતાના પરમાત્માને ઓળખીને એનું ધ્યાન કરે ત્યારે એ અંતર્મુખ થાય ત્યારે એને અંતરાત્મા થયો એમ કહેવાય. એ ધ્યાન કરતા... કરતા... કરતા... કરતા... કરતા... જેવું પરમાત્મસ્વરૂપ છે એવી જ દશા થઈ જાય ત્યારે એને પ્રગટપણે પરમાત્મા થયો એમ કહેવામાં આવે. એને પરમાત્મા થયા એમ કહો, ભગવાન થયા એમ કહો. જીવમાંથી શિવ થયા એમ કહો. જીવમાંથી શિવ થઈ ગયા એ. શિવ એટલે કલ્યાણ. પરમકલ્યાણ સ્વરૂપ સધાય ગયું. સાધ્યની સિદ્ધિ થઈ ગઈ, મોક્ષ થઈ ગયો એનો. મોક્ષ થઈ એમ કહો, ભગવાન થઈ ગયા એમ કહો, પરમાત્મા થયા એમ કહો. એમાં બારમા ગુણસ્થાન સુધી સાધકદશા છે. '**તેનું કથન સંક્ષેપથી લખીએ છીએ.**'

'**ચોથા ગુણસ્થાનવાલો જીવ શ્રી સર્વજ્ઞે કહેલા વસ્તુસ્વરૂપને ચિંતવે છે, તેને સમ્યક્ત્વ થયું છે તે સમ્યક્ત્વના ૬૭ ભેદ છે. તે કહીએ છીએ.**' લ્યો! સમ્યક્ત્વના ૬૭ ભેદ. 'પંચાધ્યાયી' એમ કહે કે સમ્યક્ત્વ કહી શકાતું નથી. ન વક્તું ન શ્રોતું ચ અધિકારી ... એવો શબ્દ પડ્યો છે. અહીં કહે છે કે ૬૭ ભેદથી કહીએ ચાલો. સૂક્ષ્મત્વ એવું છે. સર્વથા કહી શકાતું નથી. નથી કહી શકાતું એનો અર્થ શું છે કે સર્વથા કહી શકાતું નથી. અથવા બહુભાગે કહી શકાતું નથી. પણ સર્વથા અવક્તવ્ય હોત તો સમ્યક્ત્વ એવો શબ્દ પણ વક્તવ્ય ન હોત. એક શબ્દ પણ વક્તવ્ય ન હોત. સમ્યક્ત્વ એવું જે નામ પડ્યું એ એના કથંચિત્ વક્તવ્યને બતાવે છે. પછી એનું વિશેષ વક્તવ્ય છે એ એના અવિનાભાવી અન્ય અન્ય ગુણધર્મોના જે પ્રકારો સાથે એની ઝળક બહાર આવે છે એથી એને ઓળખાવાય છે. બીજા ગુણધર્મોની પ્રધાનતાથી એની ઓળખ કરવામાં આવે છે. એ રીતે સમ્યક્ત્વના અનેક ભેદ અને અનેક પ્રકાર પાડવામાં આવ્યા છે. અથવા આગમ વિવિક્ષાથી એના ત્રણ ભેદ લીધા છે. ઉપશમ સમ્યક્ત્વ, ક્ષયોપશમ સમ્યક્ત્વ અને ક્ષાયિક સમ્યક્ત્વ.

‘**સમ્યક્ત્વના ૬૭ પ્રકાર. પ્રથમ, શ્રદ્ધાનના ચાર ભેદ છે...**’ એમાં ૧ થી ૪ અહીંયાં લે છે. ૬૭ - ૬૭ લેવા છે ને? એટલે ૧ થી ૪નું વર્ણન કરશે પછી ૫ થી ૭ નું ત્રણનું સાથે વર્ણન કરશે. પછી ૮ થી ૧૭નું કરશે. એવી રીતે કરે છે. વ્યવસ્થિત વાત છે જરા. ‘**પ્રથમ, શ્રદ્ધાનના ચાર ભેદ છે તેના પ્રથમ. પરમાર્થસંસ્તવન, ૧; બીજો મુનિત પરમાર્થ ૨. ત્રીજો યતિજનસેવા ૩; અને ચોથો, કુદષ્ટિપરિત્યાગ ૪. એ ચાર ભેદમાંથી પહેલો ભેદ કહીએ છીએ.**’ ચારેયનું વર્ણન કરશે હવે. ચાર નામ આપ્યા. હવે નામ પ્રમાણે એનું સ્વરૂપ શું છે એ કહેશે. જુઓ આ ‘દીપચંદજી’ને કેટલા ભેદ-પ્રભેદનો ખ્યાલ છે સિદ્ધાંતની અંદર! ગમે તેવો વિદ્વાન હોય તો ઊભો રહી જાય એવું છે. અત્યારે તો આપણે જેટલા વિદ્વાનોને મળીએ છીએ એમાં કોઈ પણ વિદ્વાન છે એને ઊભા રહી જવું પડે.

‘**૧. (પરમાર્થસંસ્તવ) સાત તત્ત્વો છે. તેમનુંસ્વરૂપ જ્ઞાતા ચિંતવે છે.**’ સંસ્ત્વ એટલે ચિંતવવું. પરમાર્થનું ચિંતવન કરનારો સમ્યગ્દષ્ટિ તેને પરમાર્થ સંસ્તવ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. અથવા જેને સમ્યક્ત્વ હોય તેને પરમાર્થ સ્વરૂપનું ચિંતવન અને સ્તવન હોય છે. એમ કહેવું છે. અહીંયાં સંસ્તવ એટલે ચિંતવે છે. ‘**સાત તત્ત્વો છે. તેમનું સ્વરૂપ જ્ઞાતા ચિંતવે છે.**’ જ્ઞાતા કહો કે સમ્યગ્દષ્ટિ કહો. જેને સમ્યક્ત્વ છે તે ચિંતવે છે.

‘**ચેતના લક્ષણ, દર્શનજ્ઞાનરૂપ ઉપયોગ-આદિ અનંત શક્તિ સહિત અનંત ગુણોથી શોભિત મારું સ્વરૂપ છે;...**’ મારું પરમસ્વરૂપ છે, પરમાર્થ સ્વરૂપ આવું છે. ‘**અનાદિથી પરસંયોગ સાથે મળ્યો છે,...**’ અનાદિથી જુદા જુદા શરીરોનો સંયોગ અને બીજા પરિ-વારોનો સંયોગ થયો છે. ‘**અનાદિથી પરસંયોગ સાથે મળ્યો છે, તો પણ (મારો) જ્ઞાન ઉપયોગ મારા સ્વરૂપમાં જ્ઞેયાકાર થાય છે, પર જ્ઞેયરૂપ થતો નથી;...**’ અનંત જ્ઞેયો જણાય છે. પણ જ્ઞાન જ્ઞાનરૂપે રહે છે. કોઈ જ્ઞેયરૂપે જ્ઞાન થતું નથી. મેચકરૂપે પણ મારું જ્ઞાન છે અને અમેચકરૂપે પણ મારું જ્ઞાન છે. એકાકારરૂપે પણ મારું જ્ઞાન જ છે અને વિશ્વરૂપે પણ મારું જ્ઞાન જ છે. જ્ઞાન જ્ઞાન જ છે. જ્ઞાન બદલીને કોઈ બીજારૂપે થયું નથી. કોઈ જ્ઞેયરૂપે થતો નથી.

‘**(મારી) જ્ઞાનશક્તિ અવિકારરૂપ અખંડિત રહે છે.**’ એમાં કોઈ જ્ઞેયોથી વિકાર આવતો નથી અથવા કોઈ એમાં ભંગભેદ પડતો નથી અથવા અનેક ભેદોને જાણતું જ્ઞાન ભેદાતું નથી. જ્ઞેયાકારથી અનેક ભેદોરૂપે પરિણમતું હોવા છતાં જે ભેદાતો નથી. ભેદરૂપે થતું હોવા છતાં જે ભેદાતું નથી. એમ છે. એવું અખંડત રહે છે. એ ‘સમયસાર’માં અમુક પદ્ધતિ બહુ સારી આવી છે. વિશ્વરૂપપણું સ્થાપતા જાય અને અભેદતા સાધતા જાય. એમાં ચૌદ ભંગમાં તો ઘણી વાતો કરી છે. અનેકાંતના જે ચૌદ (શ્લોક) લીધા છે એમાં ઘણી વાત કરી છે. બહુ

સરસ વાત કરી છે. 'અમૃતચંદ્રાચાર્યે' જે પરિશિષ્ટ લખ્યું છે (એમાં) જૈનદર્શન ખુલ્લુ કરી નાખ્યું છે એમ કહીએ તો (ખોટું નથી). પછી ભૂલ ન પડે. જો એ ચૌદ ભંગ સમજી લે પછી ન તો ભેદના વિષયમાં ભૂલ પડે ન તો અભેદના વિષયમાં ભૂલ પડે. ભેદાભેદ બધું બરાબર જણાય જાય. એની મર્યાદા સહિત બધું બરાબર જણાય જાય.

શું કહે છે? '**મારા સ્વરૂપમાં જ્ઞેયાકાર થાય છે, પર જ્ઞેયરૂપ થતો નથી; (મારી) જ્ઞાનશક્તિ અવિકારરૂપ અખંડિત રહે છે. જ્ઞેયોનું અવલંબન કરે છે,...**' જ્ઞાન જ્ઞેયોનું અવલંબન કરે છે પણ નિશ્ચયથી પરજ્ઞેયોને સ્પર્શતું નથી કે વેદતું નથી, અનુભવતું નથી. ભલે જ્ઞેયોનું અવલંબન કરે એથી શું થઈ ગયું? જ્ઞાન જ્ઞાન જ રહે છે. તોપણ જ્ઞાન તો જ્ઞાન જ રહે છે. જ્ઞાન મટીને બીજું કાંઈ થાતું નથી, જ્ઞેયરૂપ થતું નથી. '**(ઉપયોગ) પરને દેખતો (હોવા) છતાં અણદેખતો છે,...**' દેખતા છતાં એ અણદેખતો છે. દેખે છતાં નથી દેખતો.

મુમુક્ષુ :- .. દેખે છતાં દેખતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આમાં શું છે કે જ્યારે જ્ઞેયોની ઉપાધિ ન ગ્રહણ કરે. એમ કહેવું છે. જેમ કે એક માણસને કહીએ, ઘરમાં દીકરો હોય એને કીધું કે ભાઈ, તારે આવી રીતે કામ નથી કરવાનું, આમ નથી કરવાનું. તો એ એમ જ કરે પાછો. ભલે પાંચ વર્ષનો છોકરો હોય. તોફાન કરમાં તું. કાચના વાસણને અડમાં ફૂટી જશે. કાચના રમકડાને તારે નહિ અડવાનું, નહિ લેવાનું. બીજા લે. તારા માટે રમવાના બીજા છે. ઓલા શો-કેસમાં છે ઈ નહિ અડતો. અને તોપણ એ લે. વળી એને મૂકાવી દે અને વળી પાછો લે. પછી આપણે શું કહીએ એને? કે તું સાંભળતો નથી? તને કહીએ છીએ પણ તું સાંભળતો નથી. એટલે નથી સાંભળતો? સાંભળતો છતાં સાંભળતો નથી. સાંભળતો છતાં સાંભળતો નથી. એમ જ્ઞેયોને દેખવા છતાં, જાણવા છતાં જ્ઞેયોની ઉપાધિ જે ધારણ કરતું નથી, નિર્વિકાર રહે છે, નિરૂપાધિક રહે છે જે જ્ઞાન એ દેખતું છતાં દેખતું નથી, જાણતું છતાં જાણતું નથી. અધ્યાત્મનો એ એક ન્યાય છે.

મુમુક્ષુ :- ઈષ્ટ-અનિષ્ટ કરતો નથી જાણવા છતાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા, કોઈ ઉપાધિ નથી. સારું-નરસુ કરતો નથી, રાગ-દ્વેષ કરતો નથી, કાંઈ કરતો નથી. માત્ર જાણે છે. તો માત્ર જાણે છે એને એમ કહે છે કે જાણે છતાં જાણતો નથી. કેમકે એની કાંઈ એને ઉપાધિ નથી. જાણવું-ન જાણવું બંને સરખું જ છે એને. પર જ્ઞેયને જાણવું, ન જાણવું એ બધું એને સરખું છે. કોઈ ઉપાધિ નથી એને.

એટલા માટે આ બે વિવિક્ષા લીધી ૧૭-૧૮ ગાથામાં કે અજ્ઞાની જીવને નિરંતર અનુભૂતિસ્વરૂપ આત્મા અનુભવમાં આવતો હોવા છતાં પણ, એને એનો અનુભવ નથી. તો કહે છે, અનુભવતો છતાં નહિ અનુભવે છે એને. શું કીધું ત્યાં? મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જીવ

અનુભવતો હોવા છતાં નથી અનુભવતો. અને જ્ઞાની? તો કહે છે, જ્ઞાની પરને જાણતો-અનુભવતો કહેવાતો હોવા છતાં એ જાણતો અને અનુભવતો નથી. આમ ઊલટી-સુલટી વિવિક્ષા આવી ગઈ ને, લક્ષ ફેરે. અજ્ઞાનીને પોતાના અનુભૂતિસ્વરૂપ આત્મા ઉપર લક્ષ નથી. એટલે અજાણ્યો છે. જાણતો હોવા છતાં અજાણ્યો છે. અને જ્ઞાનીને આત્મા ઉપર લક્ષ છે એટલે પરપદાર્થને ખાતો, પીતો, બોલતો, ચાલતો, દેખતો હોવા છતાં કહે છે કાંઈ કરતો નથી. બોલે છે છતાં બોલતા નથી, ખાય છે છતાં ખાતા નથી. બોલે છે છતાં મૌન છે. અને ખાય છે છતાં ઉપવાસી છે.

ભાગવતમાં એ કથા આવે છે. એક દુવાર્સા કરીને કોઈ મુનિ છે. બહુ મોટા તપસ્વી અને ઉપવાસી મુનિ છે. તો ગોપાંગનાઓને એની પાસે મોકલે છે કે તમે એની પરીક્ષા કરો. ગયા તો કહે, તપસ્વી તો મોટા છે, ઉપવાસી મોટા છે પણ અમે એને સ્વીકારતા નથી. કેમ? તો કહે છે, 'શ્રીકૃષ્ણ' જેવા એ નથી. તો કહે પણ 'શ્રીકૃષ્ણ' તો ખાય છે. છપ્પન ભોગ આરાધે છે. અર્ધ ચક્રી હતા ને ત્રણ ખંડના ધણી. એને ત્યાં તો એ પ્રકારના ભોજન હોય બધા રજવાડી. તો કહે છે, આ ખાય છે છતાં ઉપવાસી છે અને ઓલા ઉપવાસી છે છતાં ઉપવાસી નથી. એ બધી અધ્યાત્મની દૃષ્ટિ એ લોકો પાછા ઉતારે છે.

કથા આવે છે એને અદ્યાત્મદૃષ્ટિએ ઉતારે છે. પછી એની બહારમાં પ્રતીતિ કરાવે છે કે એક બાજુ ગંગા નદી હોય છે અને આ બાજુ સામે કાંઠે યમુના નદી હોય છે. યમુના નદી છે ને ત્યાં? 'મથુરા'માં. 'આગ્રા', 'મથુરા', 'દિલ્હી' બધા યમુના નદીના કાંઠા ઉપરના જુદા શહેર છે. 'દિલ્હી'માં પણ યમુના છે. 'મથુરા'માં, 'આગ્રા'માં બધે વહેતી વહેતી જાય છે. તો એ લોકો નદીને માતા કહે. ગંગા માતા, યમુના માતા. નદીમાં પાણી હતું બહુ. ગઈ ત્યારે તો ત્યારે પાણી નહોતું અને વળતા જ્યારે પાછી આવી ત્યારે નદીમાં પુર આવેલું. તો કહે પણ પુર આવે ત્યારે શું કરવું? તો કહે, માતાને વિનંતી કરવી કે આમનું તપ હોય તો તમે અમને રસ્તો આપો. એટલે પાણી રસ્તો કરી દેશે. તમે ચાલીને બહાર નીકળી જજો. બે વચમાં રસ્તો થઈ જશે તમારા માટે. ચમત્કારિક રીતે. તો દુર્વાસા ઉપવાસી હોય તો હે યમુનામૈયા! તમે રસ્તો કરી દેજો. પાણીએ રસ્તો ન કરી દીધો. તો કહે, 'શ્રીકૃષ્ણ' ઉપવાસી હોય તો રસ્તો કરી દ્યો. રસ્તો કરી દીધો પાણીએ. એવી બધી કથા આવે.

તો કહે પણ ખાય છે ને. ખાય છે છતાં ઉપવાસી છે. ૧૬૧૦૮ રાણી છે ને. તો કહે નહિ અખંડ બ્રહ્મચારી છે કહે. એ બધા બોલ આવે છે એમાં. એવા બધા બોલ આવે છે. બોલે છે ને. તો કહે છે, નહિ, મુનિ છે. મૌન છે. બોલે છે છતાં મૌન છે, ખાય છે છતાં ઉપવાસી છે. એ અહીંયાં આપણે બધા સમ્યગ્દૃષ્ટિને લાગુ પાડે છે. અને આટલો બધો ત્રણ

ખંડનો વહિવટ કરે છે. તો કહે છે, સ્થિતપ્રજ્ઞ છે. એમની પ્રજ્ઞા પોતાના પરમબ્રહ્મમાં સ્થિત થયેલી છે. સ્થિતપ્રજ્ઞ છે. એ અધ્યાત્મનો વિષય વેદાંતની બરાબર કોઈ અન્યમતમાં નથી. વેદાંતમાં ઘણું ઉતાર્યું છે. બીજા બધા અન્યમતોમાં એટલું બધું તત્ત્વજ્ઞાન નથી. જેટલું વેદાંતમાં છે એટલું.

અહીંયાં કહે છે કે '**જ્ઞેયોનું અવલંબન કરે છે, (પણ) નિશ્ચયથી પર જ્ઞેયોને સ્પર્શતું નથી; (ઉપયોગ) પરને દેખતો (હોવા) છતાં અણદેખતો છે, પરાચરણ કરવા છતાં અકર્તા છે–**' આ તો ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે ને સમ્યગ્દૃષ્ટિની? કે '**પરાચરણ કરવા છતાં અકર્તા છે–**' ખાય છે, પીએ છે, બોલે છે, હાલે છે, ચાલે છે. એ ચાલે છે ને? તો કહે છે, ના સ્થિર છે. આત્મામાં સ્થિર છે. નથી ચાલતા કહે. બોલે છે? તો કહે, ના મૌન છે. એ આ 'બનારસીદાસે' લીધું છે, હોં! 'બનારસીદાસે' એવું એક પદ ઉતાર્યું છે 'નાટક સમયસાર'માં.

'**એવા ઉપયોગના પ્રતીતિભાવને શ્રદ્ધે છે. અજીવાદિ પદાર્થોને હેય જાણીને શ્રદ્ધા કરે છે. વારંવાર ભેદજ્ઞાન વડે સ્વરૂપચિંતન કરીને સ્વરૂપની શ્રદ્ધા થઈ, તેનું નામ પરમાર્થસંસ્તવ કહીએ.**' પરમાર્થની શ્રદ્ધા થઈ. આત્માના પરમ સ્વરૂપની, મૂળ સ્વરૂપની જેને શ્રદ્ધા છે એ અપેક્ષાએ એને પરમાર્થ સંસ્તવ નામનું સમ્યક્ત્વ કહેવામાં આવે છે. એ રીતે બીજા પણ એના ભેદ કહેશે.

**તા. ૪-૭-૧૯૯૧, પાના નં. ૮૬**
**પ્રવચન નં. ૨૦**

... અને એ ઉપાય છે એ સાધકદશા છે. સાધકની પર્યાય કહો કે સાધકદશા કહો. અને એ સાધકદશા ચોથા ગુણસ્થાનથી લઈને બારમા ગુણસ્થાન સુધી છે. એમાં ચોથા ગુણસ્થાનને સમ્યક્ત્વ દશા કહેવામાં આવે છે. અને એ સમ્યક્ત્વના ૬૭ ભેદ છે. એમાં પહેલા ચાર ભેદને બતાવે છે. એક પરમાર્થસંસ્તવન, બીજો મુનિત પરમાર્થ ત્રીજો યતિજનસેવા અને ચોથો, કુદષ્ટિપરિત્યાગ. આ ચાર પ્રકારે સમકિતની વિશેષતાઓ છે. આ તો સમ્યક્ત્વ પોતે અનંતગુણ સંપન્ન છે. સર્વગુણાંશ તે સમ્યક્ત્વ. જે સમ્યક્ત્વમાં અનંત ગુણ છે એમાંથી આ ૬૭ બતાવશે અહીંયાં. કેમકે કેટલાક તો વચન અગોચર છે.

‘(૧) **પરમાર્થસંસ્તવ...**’ આપણે પહેલો ફરીથી લઈએ. ‘**સાત તત્ત્વો છે. તેમનું સ્વરૂપ જ્ઞાતા ચિંતવે છે.**’ જ્ઞાતા એટલે જેને સમ્યક્ત્વ છે તે. ‘**ચેતના લક્ષણ, દર્શનજ્ઞાનરૂપ ઉપયોગ-આદિ અનંત શક્તિ સહિત અનંત ગુણોથી શોભિત મારું સ્વરૂપ છે;...**’ પોતાના પરમાર્થ સ્વરૂપને પણ એ ચિંતવે છે કે ચેતના જેનું લક્ષણ છે, દર્શનજ્ઞાન જેનો ઉપયોગ છે, અનાદિઅનંત જેનું સામર્થ્ય અથવા શક્તિ છે અને અનંત ગુણોથી જે શોભાયમાન છે. અનંત દિવ્ય ગુણોથી જે શોભાયમાન છે એવું મારું સ્વરૂપ છે.

‘**અનાદિથી પરસંયોગ સાથે મળ્યો છે,...**’ મારો આત્મા અનાદિથી પરસંયોગ સાથે મળ્યો છે. અન્ય સંયોગ. પર એટલે અન્ય. ‘**તો પણ (મારો) જ્ઞાન ઉપયોગ મારા સ્વરૂપમાં જ્ઞેયાકાર થાય છે, પર જ્ઞેયરૂપ થતો નથી;...**’ ભલે ગમે તેટલા સંયોગ આવ્યા પણ જ્ઞાન તો જ્ઞાન જ રહ્યું છે. મારા સ્વરૂપમાં ભલે જ્ઞેયાકાર ઉત્પન્ન થતા હોય તોપણ કોઈ જ્ઞેયરૂપે મારું જ્ઞાન થતું નથી. જ્ઞાન તો જ્ઞાન જ રહે છે. ‘**(મારી) જ્ઞાનશક્તિ અવિકારરૂપ અખંડિત રહે છે.**’ જ્ઞાનમાં કોઈ જ્ઞેય વિકાર ઉપજાવી શકે નહિ, થઈ શકે નહિ. એટલે એ તો અખંડપણે અવિકારરૂપે જ્ઞાનરૂપે જ રહે છે. બસ! અહીંથી સ્વરૂપ ઓળખાય છે. જો સ્વરૂપ અવિકારી છે ત્રિકાળ તો જ્ઞાન પણ ત્રિકાળ અવિકારી રહે છે. તારું લક્ષણ પણ એવું જ છે એમ કહે છે. ગમે તે જ્ઞેયો આવે. અરે..! ગમે તેવા વિભાવના પરિણામ થયા અને જ્ઞાન એમાં ઘેરાયેલું રહ્યું. જ્ઞાન, જ્ઞાન મટીને વિભાવરૂપ થયું નથી કે જ્ઞેયરૂપ થયું નથી. એવું અવિકારરૂપ

અખંડિત ત્રિકાળ રહે છે.

‘**જ્ઞેયોનું અવલંબન કરે છે, (પણ) નિશ્ચયથી પર જ્ઞેયોને સ્પર્શતું નથી;...**’ ભલે જ્ઞેયોને અવલંબને ઉપજતું હોય તોપણ તેને અડતું નથી. ‘**ઉપયોગ પરને દેખતો (હોવા) છતાં અણદેખતો છે,...**’ ખરેખર તો ઉપયોગ છે એ પરને દેખે છે તોપણ ખરેખર અણ-દેખતો છે. કેમકે એ ખરેખર પરની સાથે કાંઈ સંબંધ કરતો નથી. ‘**પરાચરણ કરવા છતાં અકર્તા છે–**’ પરાચરણ-પરને આશ્રિત આચરણ કરવા છતાં પણ એ અકર્તા છે. એનું કાંઈ કરી શકતો નથી. રાગને કરી શકતો નથી, રાગના વિષયરૂપ પુદ્‌ગલને પણ કાંઈ કરી શકતો નથી. ‘**એવા ઉપયોગના પ્રતીતિભાવને શ્રદ્ધે છે.**’ એવું જે ઉપયોગનું સ્વરૂપ છે અથવા જ્ઞાનનું સ્વરૂપ છે અથવા જ્ઞાનલક્ષણથી આત્માનું જે સ્વરૂપ છે એને પ્રતીતિ લાવીને શ્રદ્ધે છે કે આવો જ હું છું.

‘**અજીવાદિ પદાર્થોને હેય જાણીને શ્રદ્ધા કરે છે.**’ અજીવ પદાર્થોને જાણે છે એમાં કોઈ મારા સુખનું કારણ નથી માટે ઉપાદેય નથી એમ પ્રતીતિ કરે છે. ‘**વારંવાર ભેદજ્ઞાન વડે સ્વરૂપચિંતવન કરીને સ્વરૂપની શ્રદ્ધા થઈ,...**’ વારંવાર ભેદજ્ઞાન વડે સ્વરૂપચિંતવન કરીને સ્વરૂપની શ્રદ્ધા થઈ આ રીતે સ્વરૂપ ચિંતવન છે એમાં ભેદજ્ઞાન સાથે લીધું. અને એ રીતે સ્વરૂપની શ્રદ્ધા થઈ. ‘**તેનું નામ પરમાર્થસંસ્તવ કહીએ.**’ આ પ્રકારના પરિણમનને પરમાર્થસંસત્વ કહેવામાં આવે છે અને એ આત્માની સમ્યક્ દશા છે.

મુમુક્ષુ :- અનાદિથી પર જ્ઞેયો સાથે ભળ્યો છે એ અન્ય અન્ય સંયોગો...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે શું છે કે ભાવમાં અધ્યાસિતપણે પોતાને સેળભેળ થઈ ગયો હોય એમ માને છે. જેમકે ખાવા બેસે તો એને એમ થાય કે જાણે ગળ્યો રસ મારામાં ઉતરે છે. જીભ મારફત મારા આત્મામાં ગળપણનો રસ અંદર ઉતરે છે. કડવુ લાગે ત્યારે જાણે કડવો રસ મારામાં ઉતરે છે. ભાવે એમ. ખરેખર જ્ઞાન ભળતું નથી. જ્ઞાન તો જ્ઞાન જ રહે છે. જ્ઞાનમાં કોઈ રસ રહેતો નથી. જ્ઞાન કડવું કે ગળ્યું થતું નથી. જ્ઞાન કોરેકોરું નકોર જ રહે છે એમ કહે છે.

‘**૨. (મુનિતપરમાર્થ)–જિનાગમ–દ્રવ્યસૂત્ર–દ્વારા અર્થને જાણીને જ્ઞાનજ્યોતિનો અનુભવ થયો, તેને મુનિતપરમાર્થ કહીએ.**’ કેમકે દ્રવ્યસૂત્ર છે જિનાગમ એ ગણધરદેવ-મુનિના લખેલા છે. દ્રવ્યસૂત્ર છે એ. કેમકે ભગવાનની તો દિવ્યધ્વનિ છે એમાં કાંઈ શા-સ્ત્રરચના નથી. શાસ્ત્રરચના ગણધરદેવ કરે છે. એ મુનિપદે બિરાજમાન છે. માટે ‘**જિનાગમ–દ્રવ્યસૂત્ર–દ્વારા અર્થને જાણીને...**’ એના વાચક દ્વારા વાચ્યને જાણીને ‘**જ્ઞાનજ્યોતિનો અનુભવ થયો,...**’ એ જે દ્રવ્યશ્રુતનો વિષય પોતાનું શુદ્ધ સ્વરૂપ છે, પરમાર્થતત્ત્વ છે

જ્ઞાનજ્યોતિ તેનો જેને અનુભવ થયો એ પરમાર્થ પ્રાપ્ત થયું. ત્યાં પરમાર્થની પ્રાપ્તિ થઈ. સમ્યક્ થયું. '**તેને મુનિતપરમાર્થ કહીએ.**' આ નિમિત્ત પ્રધાન છે. મુનિતપરમાર્થ તે નિમિત્ત પ્રધાન વાત છે.

પછી '**૩. (યતિજનસેવા)...**' ત્રીજો ભેદ. '**વીતરાગ સ્વસંવેદન દ્વારા શુદ્ધ સ્વરૂપનો રસાસ્વાદ થયો, તે વિષે પ્રીતિ-ભક્તિ-સેવા, તેને યતિજનસેવા કહીએ.**' લ્યો ઠીક!

મુમુક્ષુ :- અસ્તિથી વાત લીધી.

પૂજ્ય ભાઈશ્રી :- અસ્તિથી વાત લીધી. આમ તો વીતરાગ સ્વસંવેદનના ધારણ કરનારા જે યતિ એમની સેવા તે યતિજનસેવા. સીધો શબ્દનો અર્થ એમ થાય. પણ વાત આમ લીધી છે કે પોતાના '**વીતરાગ સ્વસંવેદન દ્વારા શુદ્ધ સ્વરૂપનો રસાસ્વાદ થયો,...**' અનુભવ થયો અને એની ઘણી પ્રીતિ અને ભક્તિ થઈ. બસ! મારી અનંત કાળાવલી હવે આ આત્મતત્ત્વના ભોગવટામાં જ, સ્વસંવેદનમાં જ રહો. આ વાત 'સમયસાર'માં છે હોં! એવી ભાવના 'સમયસાર'માં છે. તે કળશ છે. '**તેને યતિજનસેવા કહીએ.**' લ્યો.

મુમુક્ષુ :- સ્વસંવેદનનું પરિણમન તેને જ યતિજનસેવા કીધી.

પૂજ્ય ભાઈશ્રી :- એને જ યતિજનસેવા કીધી. અથવા જે યતિજન છે એમની આજ્ઞા સ્વસંવેદન કરવાની છે. સ્વસંવેદન પ્રગટ કરો એવી એમની આજ્ઞા છે, એવું એમનું ફરમાન છે. એને અનુસરણ કર્યું એટલે એમની સેવા કરી.

મુમુક્ષુ :- એમના ચરણની સેવા...

પૂજ્ય ભાઈશ્રી :- એમના વચનની, એમના ચરણની સેવા કરી. માટે યતિજન છે. ઘટાવવું હોય એમ ઘટાવાય.

'**૪ (કુદષ્ટિપરિત્યાગ)- પરાલંબી બહિર્મુખ મિથ્યાદષ્ટિ જનોના ત્યાગને કુદષ્ટિપરિત્યાગ કહીએ.**' જે મિથ્યાદષ્ટિ જીવો છે એનો સંગ ન કરે. જે પરના અવ-લંબને મિથ્યાદષ્ટિપણે બહિર્મુખભાવે પરિણમી રહ્યા છે એવા જીવોનો સંગ ન કરે, એવા જનોનો સંગ ત્યાગે એને કુદષ્ટિજનોનો પરિત્યાગ કર્યો. એને કુદષ્ટિપરિત્યાગ કહીએ. એ પણ નિમિત્તપ્રધાન વાત છે.

મુમુક્ષુ :- ભાવોથી સંગ ન કરે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સંગ ન કરે એટલે શું છે કે એના સંગની પ્રીતિ ન રાખે. એનો સંગ કરવાની એને રુચિ ન હોય, એના સંગ કરવાની એને પ્રીતિ ન હોય. એમ. અને એની અપેક્ષાબુદ્ધિ ન હોય કે હું એનો સંગ રાખીશ તો મને કાંઈક અનુકૂળતા મારી રહેશે. એવું ન રાખે. એ બધા પ્રકારના પરિણામને સંગબુદ્ધિ અથવા સંગ કહેવામાં આવે છે.

એમ તો શું છે કે જ્ઞાનીપુરુષનો સંગ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જ કરે છે. પણ એ અજ્ઞાની સંગ કરે છે જ્ઞાનીનો. એ વખતે બંનેનો એકબીજાને સંગ હોવા છતાં જ્ઞાની અજ્ઞાનીનો સંગ કરે છે એમ ન કહેવાય. કેમકે બળવાન જ્ઞાની છે માટે. પણ એવી પ્રીતિ-રુચિ કે અપેક્ષા રાખતા જ્ઞાની પોતાના પરિણામમાં નુકસાન કરે અને અજ્ઞાનપણું પામે, સમ્યક્‌થી ચ્યુત થાય ત્યારે એણે કુસંગ કર્યો, અસત્સંગ કર્યો માટે એનું ફળ મળ્યું એમ કહેવામાં આવે છે. સંગ કરવાનો અર્થ આ છે. પ્રીતિ, રુચિ, ભક્તિથી સંગ કરે, અપેક્ષા બુદ્ધિથી સંગ કરે તો નુકસાન થાય. એ પ્રકારમાં ન આવવું એમ કહે છે.

એટલે તો એમ કીધું ને કે જ્ઞાનીનો સંગ કરવો. જો જ્ઞાનીનો સંગ ન મળે તો કેવા મુમુક્ષુનો સંગ કરવો? કે જે મુમુક્ષુએ પોતાના જીવનની અંદર આત્મકલ્યાણ કરવાનો એકમાત્ર ધ્યેય રાખ્યો હોય અને પોતે પણ એવો ધ્યેય અંગીકાર કર્યો હોય તો એક માર્ગે ચાલવાવાળાનો સંગ કરવો. તો વાંધો નહિ આવે. બાકી જેનો-તેનો સંગ કરવો નહિ એમ કહે છે. અને એના માટે શાસ્ત્રની અંદર ઘણું વજન છે. બહુ નુકસાન થાય છે. એવી રીતે સંગ કરતા ઘણું નુકસાન થાય છે જીવને.

'**હવે સમ્યક્‌ત્વના ત્રણ ચિહ્નો કહીએ છીએ-**' એમાં ૫, ૬ અને ૭ ભેદ લઈ લીધા. ત્રણ. '**૧. (જિનાગમશુશ્રુષા)-અનાદિની મિથ્યાદૃષ્ટિને છોડીને, જિનાગમમાં કહેલ જ્ઞાનમય સ્વરૂપને પામીએ, (તેમાં) ઉપકારી જિનાગમ છે, તે (જિનાગમ) પ્રત્યે પ્રીતિ કરે. એવી પ્રીતિ કરે કે જેમ દરિદ્રીને કોઈએ ચિંતામણિ દેખાડ્યો ત્યારે તે વડે ચિંતામણિ પામ્યો. તે વખતે તે દેખાડનાર પ્રત્યે જેમ તે દરિદ્રી પ્રીતિ કરે, તેવી પ્રીતિ શ્રી જિનસૂત્ર પ્રત્યે (સમ્યગ્દૃષ્ટિ) કરે, તેને જિનાગમશુશ્રુષા કહી છે.**' સુશ્રુષા. સેવાને સુશ્રુષા કહે છે. સેવા છે એ ચાલતી ભાષાનો શબ્દ છે અને સાહિત્યની પરિભાષામાં, શાસ્ત્રીય પરિભાષામાં સુશ્રુષા કહે છે એને. જિનાગમની સેવા કરવી. જે જિનાગમથી પોતાના જ્ઞાનમય સ્વરૂપને પામી શકાય છે એવા જિનસૂત્રોની ભક્તિ કરવી, પૂજા કરવી, બહુમાન કરવું અને એની સાચવણી કરવી. જેમ દરિદ્રીને કોઈએ ચિંતામણી દેખાડ્યો હોય એવી રીતે. કેવો સાચવે? કે આ તો મારો જીવન આધાર છે. એવી જેને ભક્તિ આવે જીવન આધાર જેવી જિનસૂત્રો પ્રત્યે, એને આગમભક્તિ કહે છે, પરમાગમની ભક્તિ કહે છે.

પહેલુંવહેલું 'સોનગઢ'માં પરમાગમ મંદિર (રચાયું). પરમ-આગમોનું પહેલુંવહેલું મંદિર ... અને એનો ઉત્સવ ઉજવાયો. તો એની અંદર પરમાગમની ભક્તિ રહેલી છે. વચમાં થોડું .. થયું અને કામ અટક્યું હતું. 'ગુરુદેવ'ને પરમાગમ પ્રત્યે એટલી ભક્તિ હતી કે અરે..રે..! દોઢ વર્ષથી આ કામ અટકીને પડ્યું છે. ઊંઘ ઉડી જાય કોઈવાર એમ કહેતા હતા. રાત્રે બે

વાગે ઊંઘ ઉડી જાય અને વિકલ્પ આવે આવો. આ પરમાગમ અધૂરું પડ્યું છે. એનું નામ પરમાગમ ભક્તિ કહેવાય. પરમાગમની સુશ્રુષા કહેવાય. પાછા કહે જાહેરમાં. થવાનું હતું તો વળી કોઈને જોડાણા અને વિકલ્પ આવ્યો. એવો ઉત્સવ હોય ત્યારે અમારે ચર્ચા થયેલી આ પરમાગમની ભક્તિ શું ચીજ હોય.

ભાગવતમાં એક પ્રસંગ આવે છે. મહાભારતનું યુદ્ધ પૂરું થયું. કૌરવો હારી ગયા. પાંડવો જીત્યા. પછી પાંડવોએ એક યજ્ઞ કરો ધાર્મિક. એ ધાર્મિક વિધિ વિધાન કરે. એમ આ યજ્ઞ કરે છે. યજ્ઞ કર્યો ત્યારે 'શ્રીકૃષ્ણ' ઉપસ્થિત રહ્યા એ ધાર્મિક કાર્યમાં. અને બધા જમવા બેસે પછી પત્રાવાળામાં જમે એટલે પત્રાવાળા ઉપાડી લે ત્યારે 'શ્રીકૃષ્ણ' સાવરણો લઈને એંઠવાડ વાળી નાખે. શું કરે? કામવાળા આપણે કરે ને? આ બધા જમી લીધું એંઠવાડ પડ્યો છે. એ એંઠવાડ સાવરણો લઈને શ્રીકૃષ્ણ વાળે. ત્રણ ખંડના ધણી. પુણ્ય કેટલા? બહારમાં પણ ત્રણ ખંડના ધણી. લોકો પરમાત્મા કહે એને. વાસુદેવ પરમાત્મા. એ સાવરણો લઈને વાળે. નાનામાં નાનું કામ, હલકામાં હલકું કામ ધર્મનો ઉત્સવ હોય તો મોટા પુરુષ પણ કરે એમ કહેવાનો અહીંયાં દાખલો બેસાડે છે. બહારમાં ઘણા પુણ્ય હોય, ઘણી મોટપ હોય, લોકો એને મોટા તરીકે કહેતા હોય, પણ એવું હીણામાં હીણું કામ છે એ પોતે કરે. એ તો ત્યાં એ લોકોએ એવી રીતે દૃષ્ટાંત બેસાડ્યા છે. નિર્માનપણું કેવું હોય? અભિમાન ન હોય તો કેવું હોય? એ બધા દાખલા એવા લીધા છે. અમારે ચર્ચા થઈ હતી એ વખતે. જુઓ! પરમ-ાગમની ભક્તિ કેવી કહેવાય. પ્રસંગે ગમે તે કામ હોય તો ઉપાડી લે. આ ઉત્સવ પરમાગમનો બરાબર થવો જોઈએ. એને જિનાગમ સુશ્રુષા કહે છે.

બીજો ભેદ '**૨. (ધર્મસાધનમાં પરમઅનુરાગ)–નિજધર્મરૂપ અનંતગુણનો વિચાર તે ધર્મસાધન છે; તેમાં પરમ અનુરાગ કરે;...**' જ્યાં પોતાના નિજધર્મની વિચારણા થતી હોય, જ્યાં એના વિચારનો પ્રસંગ હોય એટલે સત્સંગ-સ્વાધ્યાય એ ધર્મસાધનમાં પરમ અનુરાગ કરે. એટલે બીજા જે રાગના વિષય હોય એને ગૌણ કરી નાખે. એને એટલી મુખ્યતા કરે એને પરમ અનુરાગ કહે છે. એ '**ધર્મસાધનમાં પરમ અનુરાગ બીજું ચિહ્ન છે.**'

ત્રીજું '**૩ (જિનગુરુવૈયાવૃત્ય)–જિનગુરુ દ્વારા જ્ઞાન–આનંદ પામીએ છીએ,...**' જ્ઞાન અને આનંદ પામીએ છીએ '**માટે તેમની વૈયાવૃત્ય–સેવા–સ્થિરતા કરે; તે જિનગુરુ-વૈયાવૃત્ય ત્રીજું ચિહ્ન કહીએ એ ચિહ્ન અનુભવીના છે.**' યતિજનસેવામાં બીજો અર્થ કર્યો છે એનું કારણ કે આ ચિહ્ન બીજું છે પાછું. વૈયાવૃત્ય શબ્દ આવે છે એની અંદર. એટલે ઓલી સેવા આત્માની લઈ લીધી અને અહીંયાં વૈયાવૃત્યમાં બહારની સેવા લીધી.

મુમુક્ષુ :- સ્થિરતામાં શું લેવુ?

પૂજ્ય ભાઈશ્રી :- વૈયાવૃત્ય કરે, સેવા કરે, સ્થિરતા કરે. એના સંગમાં રહે સ્થિરપણે એમ. ચંચળતા કરીને ઘડીક અહીંયાં રહે, ઘડીક અહીંયાં જાય એમ નહિ. સ્થિરતા કરે. સેવા કરે, વૈયાવૃત્ય કરે, સ્થિરતા કરે. '**તે જિનગુરુવૈયાવૃત્ય ત્રીજું ચિહ્ન કહીએ એ ચિહ્ન અનુ-ભવીના છે.**' એ અનુભવી જીવોને એવા પરિણામ હોય છે.

હવે ૮થી ૧૭ નવ ભેદ કહે છે બીજા. એના ખાલી નામ જ આપ્યા છે. '**૧. અરિહંત ૨. સિદ્ધ, ૩. આચાર્ય, ૪. ઉપાધ્યાય, ૫. સાધુ, ૬. પ્રતિમા, ૭. શ્રુત, ૮. ધર્મ, ૯. ચાર પ્રકારના સંઘ અને ૧૦. સમ્યક્ત્વ;–આ દશનો વિનય કરે; તે વડે સ્વરૂપની ભવના થાય છે.**' આ દસ વિનયના ભેદ કીધા છે. ૮ થી ૧૭. એટલે ૮નો આંકડો ગણ્યો, એ સાત પૂરા થયા છે ને? એટલે દસ ભેદ થઈ ગયા.

મુમુક્ષુ :- વિનય કરવા યોગ્ય આ.

પૂજ્ય ભાઈશ્રી :- બધા વિનય કરવા યોગ્ય છે. જુઓ! આવ્યું કે ન આવ્યું? સમ્યગ્દૃષ્ટિ આવ્યા કે ન આવ્યા?

મુમુક્ષુ :- સમ્યક્ત્વ...

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યક્ત્વનો વિનય કરે એટલે શું? સમ્યગ્દૃષ્ટિનો વિનય કરે.

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. પાંચ પદ લીધા. અને બીજા પાંચ પદમાં પ્રતિમા, શ્રુત એટલે શાસ્ત્રો, પ્રતિમા, સિદ્ધાંત ધર્મ, ચાર પ્રકારના સંઘ અને સમ્યક્ત્વ. આ દશેયનો વિનય કરે.

મુમુક્ષુ :- .. બધામાં ન આવ્યા..

પૂજ્ય ભાઈશ્રી :- ન આવ્યા એટલે સમ્યક્ત્વ જુદા લીધા.

મુમુક્ષુ :- પંચમ ગુણસ્થાનથી ..

પૂજ્ય ભાઈશ્રી :- ..માં પંચમ ગુણસ્થાન કીધું છે એટલે ચોથા ગુણસ્થાનવાળાને.. બરાબર છે.

મુમુક્ષુ :- પંચમ ગુણસ્થાન પૂરતો...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે સમ્યક્ત્વ જુદા લેવા. બરાબર છે. એ દશેયનો વિનય કરે અને એ દશનો વિનય શા માટે કરે? કે તે વડે સ્વરૂપની ભાવના થાય છે. આત્મસ્વરૂપની ભાવના થાય છે માટે.

મુમુક્ષુ :- .. વિનય કે પૂજા ... સ્વરૂપની ભાવના થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સ્વરૂપની ભાવના. સ્વરૂપની ભાવના થાય છે એટલે વિનય કરે એમ. આ દશનો વિનય કરે. શા માટે વિનય કરે? હેતુ શું છે ? કે ... વિનય કરવાથી સ્વરૂપની

ભાવના ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- .. કરે છે ..

પૂજ્ય ભાઈશ્રી :- વગર ઓળખે તો અનંત વાર કર્યું છે. આ તો ચોખ્ખી વાત છે. ઓળખીને કરે એ વાત તો .. પછી અરિહંત હોય તો ઓળખવા પડે, સિદ્ધને ઓળખે. એકને ઓળખે એ બધાને ઓળખે. નવેય પદને, દસેય પદને. એકને ઓળખે એ બાકીના નવ પદને ઓળખે. એકને ન ઓળખે એ નવેયને ન ઓળખે. જાત બધી એક છે. આમ છે.

બીજું શું છે કે 'શ્રીમદ્‌જી' સત્પુરુષની શા માટે વધારે વાત લે છે? અને ઊંચા ગુણસ્થાને બિરાજમાન એવા અરિહંત-સિદ્ધની વાત કેમ ઓછી લે છે? કે સિદ્ધ ભગવાન તો અવેલેબલ નથી લોકમાં. અરિહંતો કેટલા અવેલેબલ? તો અત્યારે તો કાળ જ ગયો. પચ્ચીસો વર્ષથી તો એ વાત પૂરી થઈ ગઈ. હવે રહ્યા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. તો અત્યારે ૬૦૦-૭૦૦ વર્ષથી દેખાતા નથી. અને હોય તો પણ જંગલમાં મળે. એટલે એની પણ અવેલેબીલીટી પણ બહુ ઓછી. કેમકે ક્યાં હોય એનો ક્યાંય મેળ નહિ. આજે તમે અહીંયાં જુઓ અને કાલે અહીંયાં હોય નહિ પાછા. ગમે ત્યારે ગમે ત્યાં વિહાર કરી જાય. એટલે એની અવેલીબીલીટી ઓછી. વળી જો કદાચ નગરમાં પધારે તો ઉપદેશ દેવા બંધાયેલા નહિ. એને વિકલ્પ હોય તો દે, નહિતર ચાલતા થઈ જાય. જાવ. જય નારાયણ. ઉપદેશનો એવો .. મળે.

ત્યારે એક સત્પુરુષ એવા છે કે જે વસ્તીમાં મળે છે અને તમે ગમે તેટલું પૂછો એને સંકોચ નથી. તમે વધુમાં વધુ લાભ લઈ શકો એવી પરિસ્થિતિ છે. અને નિમિત્તપણે ધર્મ એક સરખો છે. અરિહંતનો, સાધુનો કે સત્પુરુષ (હોય), નિમિત્તત્વ ધર્મમાં તારણબુદ્ધિમાં ત્રણેય સરખા છે. તમને શું વાંધો છે? માટે એમ કીધું છે. એટલે સત્પુરુષની વાત વધારે .. એ યોગ પણ વધારે થાય એવો છે. વધારે કાળ માટે થાય એવું છે. વધારેમાં વધારે તમે એનો લાભ લઈ શકો એમ છો. અને આ સુગમમાં સુગમ ઉપાય છે. સાધુને તો ગોતવા જંગલમાં જાવું પડે ગરજ હોય તો. અને તો મળે કે ન મળે. અને મળે તો ઉપદેશ આપે કે ન આપે. આટલી નોન અવેલેબીલીટી છે. એના પ્રમાણમાં સત્પુરુષનો યોગ ઘણો છે અને એમને પણ વીતરાગતા ઉપરના ગુણસ્થાનવાળા કરતા ઓછી છે અને રાગ વધારે છે તો એમની કારુણ્યવૃત્તિમાં પણ રાગ વિશેષ છે માટે એમની પ્રવૃત્તિ પણ વિશેષ છે. એમના ઉપદેશનો લાભ મળે, સમજવા મળે, વાતચીતનો યોગ મળે, સંયોગ મળે એટલો પ્રકાર થાય. એ બધો વિચાર કરીને એ વાત કરેલી છે. એમ ને એમ અદ્ધરથી નથી કરી. આ બધો વિચાર કર્યો છે.

એ ૧૭ ભેદ થયા. '**હવે ત્રણ શુદ્ધિ કહીએ છીએ—મન-વચન-કાય શુદ્ધ કરીને સ્વરૂપ ભાવે,...**' શુદ્ધ કરીને સ્વરૂપને ભાવે, ભાવના કરે. '**અને સ્વરૂપભાવી પુરુષોમાં એ**

**ત્રણે લગાવે;...'** કોને? પોતાના મન-વચન-કાયાને. પોતે સ્વરૂપને ભાવે અને જે મુમુક્ષુઓ સ્વરૂપની ભાવના કરતા હોય એમાં પણ પોતાના મન-વચન-કાય લગાવે. ભક્તિમાનની ભક્તિ કરે છે. 'શ્રીમદ્‌જી'ના શબ્દમો કહીએ તો ભક્તિમાનની ભક્તિ કરે છે. એનું નામ ખરી ભક્તિ કહેવાય. હું તો સત્પુરુષની ભક્તિ કરું પણ એના ભક્તોની આપણે કાંઈ ભક્તિ થોડી કરીએ? એ પણ મુમુક્ષુ અને આપણે પણ મુમુક્ષુ. એના ભક્તિમાનની ભક્તિ કરે.

મુમુક્ષુ :- દાસાનુદાસ.

પૂજ્ય ભાઈશ્રી :- દાસાનુદાસ.

**'મન-વચન-કાય શુદ્ધ કરીને સ્વરૂપ ભાવે, અને સ્વરૂપભાવી પુરુષોમાં એ ત્રણે લગાવે; સ્વરૂપને નિઃશંક-નિઃસંદેહપણે ગ્રહે.'** એ પ્રમાણે ૧૮, ૧૯ અને ૨૦ મન-વચન-કાયાના બોલ લીધા. એટલે પ્રવૃત્તિ આવી ગઈ. બાહ્ય પ્રવૃત્તિ પણ આવી ગઈ. જેવી અંતરવૃત્તિ છે તેવી જ બાહ્ય પ્રવૃત્તિ હોય છે. મેળ ખાય છે એમ લેવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સ્વરૂપને. સ્વરૂપને લીધું છે ને? પોતાના સ્વરૂપને નિઃશંકપણે અને નિઃસંદેહપણે ગ્રહે, ગ્રહણ કરે. એ અંતર પુરુષાર્થ લીધો સાથે સાથે. કેટલીક વાતોમાં તો બહુ ઊંડો વિચાર છે. આમ ઉપર ઉપરથી લાગે કે આમ કહેવું છે, આનું આમ છે, આવું આમ છે, ઘણો ઊંડો વિચાર છે.

મુમુક્ષુ :- મન-વચન-કાય શુદ્ધ કરીને સ્વરૂપને નિઃશંકપણે કરે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સ્વરૂપને ભાવે અને નિઃશંકપણે ગ્રહણ કરે. પોતાની ભાવના...

...અનુભવાંશે પ્રતીતિ. પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ એ સમ્યગ્દર્શનનું કારણ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિઃશંકપણે ગ્રહે. બરાબર છે. પોતાના ભાવે અને .. સમ્યગ્દષ્ટિનું લક્ષણ છે ને આ તો? સમ્યક્ત્વનું લક્ષણ છે. સમ્યક્ત્વીને એને શંકા તો હોય જ નહિ. એના તો આઠ અંગ જ છે સીધા. એમાં નિઃશંક તો પહેલું અંગ છે.

પછી બીજા પાંચ ૨૧ થી ૨૫ પાંચ ભેદ બીજા લે છે. **'૧. સર્વજ્ઞ-વચનને નિઃસંદેહપણે માને;...'** ભગવાનના વચનને નિઃસંદેહપણે માને. **'૨. મિથ્યામતની અભિલાષા ન કરે;...'** જે મિથ્યા સંપ્રદાયો ચાલે છે.ખોટી માન્યતાવાળા એને ચાહે નહિ અને એની અભિલાષા ન કરે અથવા ઇચ્છે નહિ. **'પરદ્વૈતને ન ઇચ્છે.'** અન્યમતને ન ઇચ્છે, ન અભિલાષે. પછી **'૩. પવિત્ર સ્વરૂપને ગ્રહે, પર ઉપર ગ્લાનિ ન કરે.'** બીજા ઉપર ઘૃણા ન કરે, તિરસ્કાર ન કરે બીજાનો અને પોતાના પવિત્ર સ્વરૂપનું ગ્રહણ કરે. **'૪. મિથ્યાત્વી**

**પરગ્રાહી દ્વૈતની મન વડે પ્રશંસા ન કરે. તેમજ ૫. વચન વડે (તે મિથ્યાત્વીના) ગુણ ન કહે.**' મન અને વચન. બંને વખતે એનું અનુમોદન (ન કરે). મન-વચન-કાયાથી એનું અનુમોદન ન કરે. પ્રશંસા કરવી, અનુમોદના કરવી, એના ગુણ ગાવા એવું ન કરે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એમાં શું છે કે મિથ્યા જે અન્યમતિ છે એમાં એની જે પ્રશંસા છે કે એના મનથી એની પ્રશંસા છે કે વચનથી પ્રશંસા છે ત્યાં દર્શનમોહ તીવ્ર હોય તો જ થાય. એટલે એ માત્ર ચારિત્રમાં લેવાની જરૂર નથી. દર્શનમોહ સહિત જ એ દોષ થાય છે. એ વગર ન થાય.

પછી ૨૬ થી ૩૩ આઠ ભેદ બીજા કહે છે. '**સમ્યક્ત્વની પ્રભાવનાના આઠ ભેદ કહે છે– તેના આઠ ભેદ-૧. પવયણી (અર્થાત્ સિદ્ધાંતને જાણનાર)...**' પ્રવચન કરનાર પવયણી. સિદ્ધાંતના પ્રવચનો કરનાર, સિદ્ધાંતને જાણનાર. '**ધર્મકથા, ૩. વાદી, ૪. નિમિત્ત, ૫. તપસી. ૬. વિદ્યાવાન, ૭. સિદ્ધ, ૮. કવિ. તે હવે કહીએ છીએ–**' એક એકના આઠે આઠના સ્વરૂપને કહે છે. આટલા તો નામ લીધા. આઠ ભેદના નામ લીધા, હવે આઠેયના સ્વરૂપને કહે છે.

'**૧. સિદ્ધાંતમાં સ્વરૂપને ઉપાદેય કહે,...**' એને સિદ્ધાંતનો જાણનાર કહ્યો. પુણ્ય-પાપને ઉપાદેય ન કહે પણ આત્માની ઉપાદેયતા કહે તે સિદ્ધાંતનો જાણનાર છે. એને પવયણી કહેવા. પ્રવચન કરનારો. ખરેખર એને પ્રવચન કરનારો કહેવો. પછી બીજા છે ધર્મકથા '**નિજધર્મનું કથન કહે,...**' બીજાની વાત પુણ્યરૂપી ધર્મને ન કહે. નિજધર્મને--આત્મધર્મને કહે. ત્રીજું વાદી '**હઠવડે દ્વૈતનો આગ્રહ હોય તે છોડાવે અને મિથ્યાવાદ મટાડે,...**' એ રીતે. ચોથું '**સ્વરૂપ પામવામાં નિમિત્ત જિનવાણી,...**' સ્વરૂપ પામવામાં જે જિનવાણી છે, '**ગુરુ તથા સ્વધર્મી છે અને નિજ વિચાર છે; નિમિત્તપણે જે ધર્મજ્ઞ છે તેમનું હિત કહે.**' જે ધર્મના નિમિત્તો હોય તેનું હિત વાંચ્છે. જેમકે ભગવાનનું મંદિર બનાવ્યું છે. જિનપ્રતિમા ધર્મનું નિમિત્ત છે. પુણ્યનું નિમિત્ત નથી. ધર્મનું નિમિત્ત છે. તો એનું હિત ચાહે કે આ જિનમંદિર હજારો વર્ષ સુધી કેવી રીતે રહે. વધુમાં વધુ લોકો એનો કેમ લાભ લે અથવા આ માર્ગની ઉન્નતિ થાઓ. ત્રણે કાળે જિનમાર્ગ જયવંત વર્તો. એવી રીતે. એવી રીતે એનું હિત કહે અથવા હિત ચહે. એ નિમિત્તની વાત લીધી.

'**૫. પરદ્વૈતની ઈચ્છા મટાડીને નિજ પ્રતાપ પ્રગટ કરે,...**' એવું તપ લીધું. નિશ્ચય તપ. આત્માના પ્રતાપને પ્રગટ કરે તે તપ. અને પરદ્વૈતની ઈચ્છા ન કરે. એ બાહ્ય તપ છે એની વાત અહીં નથી. એને તપસી કીધા કે જે વિદ્યાવાન છે. '**૬. વિદ્યાવડે જિનમતનો**

**પ્રભાવ કરે, જ્ઞાનવડે સ્વરૂપનો પ્રભાવ કરે,...**' જિનધર્મની પ્રભાવના કરે. પ્રભાવના અંગ જ છે ને? '**૭. સ્વરૂપાનંદીનું વચનવડે હિત કરે, સંઘની સ્થિરતા કરે, જેના વડે સ્વરૂપની સિદ્ધિ થાય તેને સિદ્ધ કહીએ.**' સિદ્ધ એટલે સ્વરૂપની સિદ્ધિ થાય તેને સિદ્ધ કહીએ. એટલે સમ્યગ્દષ્ટિ છે અહીંયાં સમ્યક્ત્વનું અંગ છે ને? એટલે વચન વડે સ્વરૂપાનંદીનું હિત કરે, સંઘની સ્થિરતા કરે. સંઘની વાત આગળ આવી ગઈ છે અને જેના વડે સ્વરૂપની સિદ્ધિ થાય તેને સિદ્ધ કહીએ. એ રીતે સ્વરૂપની સિદ્ધિ થાય એવા પરિણામને કરે સમ્યગ્દષ્ટિ તો.

આઠમું કવિ લીધું છે. '**કવિ સ્વરૂપ સંબંધી રચના રચે,...**' સમ્યગ્દષ્ટિ કવિ હોય એ જગતની કવિતાઓ ન કરે. '**સ્વરૂપ સબંધી રચના રચે, પરમાર્થને પામે, પ્રભાવના કરે.**' આ આઠ ભેદો છે. '**આ આઠ (ભેદો) વડે જિનધર્મનો-સ્વરૂપનો-પ્રભાવ વધે એમ કરે.**' એ આઠેય પ્રકાર વડે સ્વરૂપનો પ્રભાવ વધે, જિનધર્મનો પ્રભાવ વધે એમ કરે '**એ અનુ-ભવીનું લક્ષણ છે.**' એ સમ્યગ્દષ્ટિનું લક્ષણ છે. નાના-મોટા ઘણા ભેદ લીધા છે.

મુમુક્ષુ :- સરસ લખ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાંય ભૂલ પડતી હોય અને ક્યાંય ભૂલો પડતો હોય તો પોતાની ભૂલ સુધારી લે. કોઈ ભેદ-પ્રભેદમાં પોતાની ભૂલ પડતી હોય તો માણસ સુધારી લે.

પછી ૩૪ થી ૩૯. '**હવે છ ભાવના કહે છે – ૧. મૂળભાવના, ૨. દ્વારભાવના, ૩. પ્રતિષ્ઠાભાવના, ૪. નિધાનભાવના, ૫. આધારભાવના અને ૬. ભાજનભાવના (તેનો ખુલાસો કરે છે) :-**' આ તો નામ લીધા. હવે છએની વ્યાખ્યા કરે છે કે '**૧. (મૂળભાવના)-સમ્યક્ત્વ-સ્વરૂપ-અનુભવ તે સકળ નિજધર્મ-મૂળ-શિવમૂળ છે. જિનધર્મરૂપી કલ્પતરુનું મૂળ સમ્યક્ત્વ છે એમ ભાવે.**' '**दंसणमूलो धम्मो**' દર્શન પ્રાભૃતનું બીજું સૂત્ર. '**दंसणमूलो धम्मो**' એટલે સમ્યક્ત્વરૂપી મૂળ ધર્મની ભાવના સમ્યગ્દષ્ટિને હોય જ. એ એટલી બધી એને મૂળ ભાવના હોય કે એ પોતે સમ્યગ્દર્શનને અંગીકાર કરી લીધું. એ મૂળભાવના છે.

પછી '**૨. (દ્વારભાવના)-ધર્મનગરમાં પ્રવેશવા માટે સમ્યક્ત્વદ્વાર છે.**' એમાં પણ સમ્યક્ત્વ છે. માટે મૂળમાં એ છે અને દરવાજો પણ સમ્યગ્દર્શન જ છે. એ રીતે દ્વારપણે એની ભાવના કરે. પ્રવેશવાનું દ્વાર. ચોથું ગુણસ્થાન એ મોક્ષમાર્ગમાં પ્રવેશવાનો દરવાજો. '**(પ્રતિષ્ઠાભાવના)-વ્રત-તપની, સ્વરૂપની પ્રતિષ્ઠા સમ્યક્ત્વથી છે.**' સમ્યક્ત્વ વગરના વ્રત, તપ, પ્રતિષ્ઠા પામતા નથી. એની શોભા સમ્યગ્દર્શનને લઈને છે. સમ્યગ્દર્શન ન હોય તો એની શોભા નથી. એવી રીતે વિચારે છે પ્રતિષ્ઠાભાવના.

'**૪. (નિધાનભાવના)-અનંત સુખ દેવાને નિધાન સમ્યક્ત્વ છે.**' અનંત સુખની ખાણ સમ્યક્ત્વ છે. નિધાન અંદરથી પ્રગટ્યું, ઘરમાંથી નિધાન નીકળ્યું. અનંત ગુણની

દૌલત નીકળી. એ સમ્યક્ત્વને લઈને છે. એ રીતે નિધાનભાવના છે. પછી '**૫. (આધારભાવના)–નિજગુણોનો આધાર સમ્યક્ત્વ છે.**' જેમ મૂળને લઈને આખું વૃક્ષ છે. એમ સમ્યક્ત્વને લઈને બધા ગુણોનું વૃક્ષ છે. વિશાળ ફેલાવો જે છે અનંત ગુણોનો એનો આધાર સમ્યક્ત્વ છે. અને '**૬. (ભાજનભાવના)–સર્વે ગુણોનું ભાજન સમ્યક્ત્વ છે.**' ભાજન એટલે પાત્ર. સમ્યગ્દર્શનને લઈને બધા ધર્મો છે. એ એનું પાત્ર છે. '**(આ) છ ભાવનાઓ સ્વરૂપરસ પ્રગટ કરે છે.**' છએ ભાવનાથી આત્મરસ પ્રગટ થાય છે. સમ્યગ્દૃષ્ટિને આ છએ ભાવના હોય છે. એટલે સમ્યગ્દૃષ્ટિને સમ્યક્ત્વનો મહિમા ઘણો હોય છે એ વાત અહીંયાં સ્થાપી આ રીતે.

મુમુક્ષુ :- આધાર સમ્યક્ત્વ આધેયમાં શું છે?

પૂજ્ય ભાઈશ્રી :- એને મૂળ પણ લાગુ પડે છે, એને નિધાનપણું પણ લાગુ પડે છે એને દરવાજો એવો અર્થ પણ લાગુ પડે છે, એને આધારપણું લાગુ પડે છે, એને ભાજનપણું પણ લાગુ પડે છે. સમ્યગ્દર્શનને બધા વિશેષણો લાગુ પડે છે. એમ લેવું.

મુમુક્ષુ :- સ્વરૂપરસ પ્રગટ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ બધી વિશેષતાઓ જે સમ્યક્ત્વની છે તે તે વિશેષતાઓ દ્વારા, આત્મરસ—સ્વરૂપરસ પ્રગટ થાય છે એમ કહેવું છે. એટલે તો શાસ્ત્રમાં એવા વચન આવે કે સમ્યગ્દૃષ્ટિ સમ્યક્ત્વનું ધ્યાન કરે છે. વિદ્વાન હોય અને પંડિત હોય એમ કહે કે સમ્યગ્દર્શન તો પર્યાય છે. પર્યાયનું ધ્યાન કરાય કે સ્વરૂપનું ધ્યાન કરાય? આવી કેમ વાત લખે છે? ભાઈ! એ સમ્યક્ત્વનો મહિમા ત્યાં કહેવો છે. અને સ્વરૂપ ધ્યાન કરે છે તે સમ્યગ્દૃષ્ટિ છે પણ સમ્યક્ત્વનો મહિમા વધારવા માટે એમ કહે કે સમ્યગ્દૃષ્ટિ સમ્યક્ત્વનું પણ ધ્યાન કરે છે. અથવા રત્નત્રયનું ધ્યાન કરે છે એમ કહે. રત્નત્રય તો પર્યાય છે. પર્યાયનું ધ્યાન કરતા હશે? એનો મહિમા ગાવો હોય ત્યારે એમ જ કહેવાય. એમ કહે ને કે ભાઈ આની કામવાળી છે એ મોટર લઈને આવે છે. શું કહે? આની કામવાળી છે સાંજવારી ઘરે કાઢવા આવે છે એ એની પોતાની ગાડી લઈને આવે છે. તો જેના ઘરે સંજવારી કાઢનારીને ત્યાં મોટર હોય, એના ઘરમાં પૈસા કેટલા હશે એમ કહેવું છે. એ રીતે મહિમા કરવાની એક પદ્ધતિ છે. વધારે મહિમા એનાથી દેખાય છે. ઓછો મહિમા નહિ પણ (વધારે મહિમા દેખાય છે).જેને પગાર આપતા-આપતા સંજવારી કાઢવાવાળીને એટલા બધા પૈસા આપ્યા કે એણે મોટર ખરીદી. તો પૈસા આપવાવાળા પાસે પૈસા કેટલા? એમ એક વિશેષતા બતાવવાની ઈન્ડાયરેક્ટ સ્પીચ કહે છે. ડાયરેક્ટ વાત કરે, કોઈ ઈન્ડાયરેક્ટ વાત કરે.

**તા. ૫-૭-૧૯૯૧, પાના નં. ૮૮**
**પ્રવચન નં. ૨૧**

... કૌશલ્યતા એટલે ક્યા પ્રકારની કૌશલ્યતા? કૌશલ્યતા કહો, કુશળતા કહો, નિપુણતા કહો, પ્રવિણતા કહો. એકાર્થવાચક શબ્દ છે. '**પરમાત્મભક્તિ,...**' કૌશલ્યતા એટલે શું? પરમાત્મભક્તિ. '**પરપરિણામ (અને) પાપ-પરિત્યાગ(રૂપ) સ્વરૂપ, ભાવસંવર અને શુદ્ધ ભાવપોષક ક્રિયાને કૌશલ્યતા કહીએ.**' લ્યો! પોતાના સ્વરૂપની ભક્તિ, પરપરિણામનો પરિત્યાગ, ભાવમાં સંવર અને શુદ્ધભાવને પોષણ મળે એવી ભાવની ક્રિયા એને અહીંયાં કુશળતા અથવા કૌશલ્યતા કહેવામાં આવે છે. આ અંદરની ટેકનીક છે.

મુમુક્ષુ :- બહારની કૌશલ્યતા ન લીધી.

પૂજ્ય ભાઈશ્રી :- બહારની સંસારની અકાર્યોની કુશળતા ન લીધી. શાસ્ત્રની કુશળતા ન લીધી, વાંચનની, લેખનની કુશળતા ન લીધી, પંડિતની વિદ્વતાની કુશળતા નહિ. ભાવમાં શુદ્ધભાવની ક્રિયા થવામાં કુશળતા.

મુમુક્ષુ :- એ કુશળ બાકી બધા અકુશળ.

પૂજ્ય ભાઈશ્રી :- એ કુશળતા છે, ખરી કુશળતા એ છે.

પછી '**૨. (તીર્થસેવા)-અનુભવી વીતરાગ સત્પુરુષોના સંગને તીર્થસેવા કહીએ.**'

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સમેશિખરની યાત્રા જઈને ત્યાં દાન દેતા આવે એને તીર્થસેવા નથી કહી. અનુભવી વીતરાગ પુરુષોના સંગને તીર્થસેવા કહી છે. આ સાચી તીર્થસેવા છે. કેમકે તે તારનાર છે. અનુભવી પુરુષો તે તારનાર છે. એની સેવા માટે એ પોતે જ તીર્થસ્વરૂપ છે. અનુભવી પુરુષ મૂર્તિમાન તીર્થસ્વરૂપ જ છે એ. એની સેવા તે તીર્થસેવા, જાવ.

૧૦૦મું પાનું છે. પછી '**૩. (ભક્તિ)-જિનસાધુ (અને) સ્વધર્મીની આદરતા વડે (તેમનો) મહિમા વધારવો તેને ભક્તિ કહીએ.**' જૈન સાધુ હોય વીતરાગી સંત અને પોતાના સાધર્મી હોય, સાધર્મી અપભ્રંશ થયેલો (શબ્દ) છે, મૂળ સ્વધર્મી (છે), સ્વધર્મી. પછી આપણે બોલવામાં સાધર્મી કહીએને. મૂળ શબ્દ એ સ્વધર્મી છે. જે આત્મધર્મ છે, પોતે

જે માર્ગે ચાલે એ જ માર્ગે ચાલનારને સ્વધર્મી અથવા સાધર્મી (કહે છે). એકસરખો ધર્મ તે સ્વધર્મી. એના વડે મહિમા વધારવો, એની આદરતાથી એનો મહિમા વધારવો તેને ભક્તિ કહેવામાં આવે છે. ઓળખીને મહિમા કરે એ ભક્તિ છે. એ ખરેખર ભક્તિ છે.

મુમુક્ષુ :- સ્વધર્મીની અનાદરતા કરી..

પૂજ્ય ભાઈશ્રી :- તે અભક્તિ છે. તે અભક્તિ છે સીધી વાત છે, ચોખ્ખી વાત છે. પ્રતિપક્ષ છે.

'**૪. (સ્થિરતા)-સમ્યક્ત્વભાવની દઢતા તે સ્થિરતા છે.**'

મુમુક્ષુ :- સ્વધર્મીની આદરતા વડે મહિમા વધારવો.

પૂજ્ય ભાઈશ્રી :- મહિમા વધારવો બહારમાં. ભક્તિ તો મહિમાના પરિણામ જ છે એટલે એ વધારવો એનું નામ ભક્તિ છે. મહિમા વધે એનું નામ ભક્તિ છે. ઓછો થયો એનું નામ ભક્તિ નથી.

મુમુક્ષુ :- સત્પુરુષોનો મહિમા જેટલો થાય એટલો ઓછો :ત.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ ભક્તિ છે. દેવ, ગુરુ, શાસ્ત્ર અને સત્પુરુષને ઓળખીને એનો વિશેષ આદર કરે, એનો મહિમા વધારે એ ભક્તિનું સ્વરૂપ છે.

પછી '**૪. (સ્થિરતા)-સમ્યક્ત્વભાવની દઢતા તે સ્થિરતા છે.**' 'શ્રીમદ્‌જી' એમ લખે છે સમ્યક્ત્વનું નિર્મળત્વ છે એ વીતરાગતાનું સ્વરૂપ સ્થિરતાનું કારણ છે. પાયામાં સમ્યક્ છે ને એટલે. વિષય સમ્યક્‌નો ચાલે છે. '**૫. (પ્રભાવના)- પૂજા-પ્રભાવ કરવો તે પ્રભાવના છે.' સમ્યક્ત્વની પૂજા અને પ્રભાવ કરવો તે પ્રભાવના છે. 'એ ભૂષણ સમ્યક્ત્વનાં છે.**' એ સમ્યક્ત્વના અલંકાર છે અથવા સમ્યગ્દષ્ટિના એ અલંકાર છે.

પછી પાંચ સમ્યક્ત્વના લક્ષણ લીધા છે. '**સમ્યક્ત્વનાં પાંચ લક્ષણ છે, તે ક્યા ક્યા? (તે કહે છે) :- ૧. ઉપશમ, ૨. સંવેગ, ૩. નિર્વેદ, ૪. અનુકંપા અને ૫. આસ્તિક્ય.**' ઉપશમ કહે છે, કોઈ શમ કહે છે અથવા ઉપશમ કહે છે. બેય એક જ વાત છે. ઉપશમનું સ્વરૂપ.

મુમુક્ષુ :- 'કૃપાળુદેવે' શમ, સંવેગ કીધું.

પૂજ્ય ભાઈશ્રી :- સામાન્ય રીતે શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા એટલા શબ્દો બોલાય છે. એ શમની જગ્યાએ ઉપશમ કહો તો એ જ વાત છે અને આસ્થાની જગ્યાએ આસ્તિક્ય કહો તોપણ એક જ વાત છે. વાત તો બંને એક જ છે.

'**૧. (ઉપશમ)-રાગ દ્વેષને મટાડીને સ્વરૂપને ભેટવું તે ઉપશમ છે.**' રાગ-દ્વેષને મટાડીને સ્વરૂપને ભેટવું તે ઉપશમ છે. અથવા રાગ-દ્વેષનો જે રસ છે એ ઘટવો યથર્થ પ્રકારે

મુમુક્ષુની ભુમિકામાં તેને ઉપશમ કહેવામાં આવે છે. '**૨. (સંવેગ)–નિજધર્મ તથા જિનધર્મ પ્રત્યે રાગ તે સંવેગ છે.**' નિજધર્મ તથા જિનધર્મ પ્રત્યે રાગ તે સંવેગ છે. વેગ એટલે જોર. નથી કહેતા? ભાઈ, આ માણસ બહુ આવેગમાં આવી ગયો છે. પણ આ પોતાના સ્વરૂપ પ્રત્યેનો છે, ધર્મ પ્રત્યેનો વેગ છે માટે એને સંવેગ કહેવામાં આવે છે. સારો, યથાર્થ. સંનો અર્થ સારો અથવા યથાર્થ એમ કહેવું છે. અથવા સમ્યક્ ... એ સંવેગ છે.

'**૩. (નિર્વેદ)–વૈરાગ્ય ભાવ તે નિર્વેદ છે.**' સંસારમાં ક્યાંય સુખ નથી એવો જે સંસાર પ્રત્યેનો ઉદાસીન ભાવ એને વૈરાગ્ય કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- આમાં રાગ છે ..

પૂજ્ય ભાઈશ્રી :- રાગ તે સંવેગ. રાગ નહિ પણ ખરેખર તો વેગ છે. વેગ શબ્દ લેવો જોઈએ. નિજધર્મ તથા જિનધર્મ પ્રત્યે વેગ. પછી ઓલું તો વ્યવહારમાં જાય છે રાગ તો વ્યવહાર સંવેગમાં જાય છે. ખરેખર તો પોતાના ધર્મ પ્રત્યેનો જે સ્વરૂપનો પ્રત્યેનો વેગ તે સંવેગ છે. આમ તો આત્મસ્વરૂપની રુચિ એને સંવેગ કહેવામાં આવે છે. કેમકે એમાં વેગ હોય છે.

મુમુક્ષુ :- પુરુષાર્થ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વેગ એટલે પુરુષાર્થ. સ્વરૂપ પ્રત્યયી જોર તે સંવેગ. અને જ્યારે સ્વરૂપ પ્રત્યયી થાય ત્યારે સંસાર પ્રત્યે ઉદાસીનતા આવે એને નિર્વેદ કહે છે. અનુકંપા. સ્વદયા, પરદયા તે અનુકંપા છે. એ તો સ્વદયા હોય એને પર દયા હોય જ. એને અનુકંપા કહેવામાં આવે છે. એ અનુકંપા છે.

'**૫. (આસ્તિક્ય)–સ્વરૂપની (તેમ જ) જિનવચનોની પ્રતીતિ તે આસ્તિક્ય છે.**'

મુમુક્ષુ :- નિશ્ચય અને વ્યવહાર બે સાથે સાથે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બેય સાથે લઈ લીધા છે.

'**સ્વરૂપની (તેમ જ) જિનવચનોની પ્રતીતિ...**' જિનવચનોનો વિષય પણ સ્વરૂપ જ છે. જિનવચનોનો મુખ્ય વિષય આત્મસ્વરૂપ છે. એની પ્રતીતિ ઓળખાણપૂર્વક. ભાવભાસનપૂર્વક પ્રતીતિ તે આસ્તિક્ય છે. '**એ અનુભવીના લક્ષણો છે.**' અનુભવપૂર્વક પ્રતીતિ આવી તે અનુભવીના લક્ષણો છે.

'(**૫૦–૫૫) હવે છ જૈનસાર લખીએ છીએ–**' જૈનસારનો શબ્દ શું થયો? જૈનનો સાર એમ? '**૧. વંદના, ૨. નમસ્કાર, ૩. દાન, ૪. અનુપ્રયાણ, ૫. આલાપ (અને) ૬. સંલાપ.**' એ છ અનુભવીના લક્ષણો છે. અનુભવીના લક્ષણો એમ કરીને લખ્યું છે ને?

મુમુક્ષુ :- આ જૈનસાર છે હવે. ઓલા દુષણો વચમાં આવી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- એ અનુભવીના લક્ષણ. હવે છ જૈનના (કહે છે). એ અનુભવીના

લક્ષણો ઉપરમાં જાય છે. અને એ તો સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ પ્રસિદ્ધપણે લોકો આમ જ કહે છે આ પાંચ લક્ષણોથી. શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા.

'**૧. (વંદના)–પરતીર્થ, પરદેવ (અને) પરચૈત્ય–તેમને વંદન ન કરે;...**' નાસ્તિથી લીધું. પરતીર્થ, પરદેવ અને પરચૈત્ય. ચૈત્ય એટલે મંદિર, બીજા દેવ એટલે કુદેવ, રાગી-દ્વેષી દેવ અને પરતીર્થ એટલે રાગી-દ્વેષી દેવની .. એને વંદના ન કરે. સમ્યગ્દૃષ્ટિ હોય એ વંદના ન કરે. '**૨. (નમસ્કાર)–(તેમની) પૂજા કે નમસ્કાર ન કરે;...**' '**૩. (દાન)–(તેમને) દાન ન કરે,...**'

મુમુક્ષુ :– વંદના અને નમસ્કારમાં શું ફેર?

પૂજ્ય ભાઈશ્રી :– અહીં પૂજાના અર્થમાં નમસ્કાર લીધો છે. વંદન એટલે ભાવથી વંદવું અને શરીરથી નમવું એને વંદના કહે છે. તેમને દાન પણ ન કરે. કેમકે અનુમોદના આવે છે. એને દાન કરે એનો અર્થ એમ થાય કે એ પણ ફાલો-ફુલો. એવો અભિપ્રાય પણ વૃદ્ધિ પામો એમ એનો અર્થ થઈ જાય.

'**૪. (અનુપ્રયાણ)– અનુપ્રયાણ કહેતાં ખાન-પાનથી અધિક ન કરે.**' તેને ખવડ-ાવી-પીવડાવીને પોષણ ન આપે. એટલે તો આપણે ત્યાં પ્રશ્ન કરે છે ને કે અમે પહેલા સ્થાનકવાસી હતા, હવે અમે સ્થાનકવાસી નથી. પણ અમે પહેલા પરિચય તો બધા મહા-રાજ સાથે થયો હોય અપાસરે જતા હોય એટલે, તો પછી એ પ્રમાણે મહારાજ અમારે ઘરે આવી ચડે તો પછી એને અમારે આહાર વહોરાવવો કે ન વહોરાવવો? આ પ્રશ્ન આપણે ત્યાં ચાલે છે ને? તો કહે છે, એને પોષણ આપવાની વાત નથી. એને એમ કહે કે ભાઈ, ઠીક છે. ધર્મબુદ્ધિથી અમે કાંઈ આ ધર્મનું પોષણ આપવા માટે તમને આહાર નથી આપતા. અનુકંપાનો વિષય જુદો છે. તમે જરૂરિયાતમાં છો અને તમને દેવું એ બીજી વાત છે પણ તમને તમારા અભિપ્રાયને પોષણ આપવા માટે વાત નથી. તમને પોષણ આપવું નથી. કેવો અર્થ કર્યો છે અનુપ્રયાણનો!

મુમુક્ષુ :– એ આવે છે ત્યારે તો ધર્મલાભ એમ બોલે છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો એને ચોખવટ કરવી પડે કે ધર્મ અને લાભ બેમાંથી એકેય આમાં નથી અમારે. આમાં ધર્મ નથી અને આમાં લાભ પણ નથી. પછી તો આપને ખપતું હોય તો લ્યો. અમારે ધર્મ પણ નથી અને લાભ પણ નથી. એ લે ના પાડે તો? ધર્મલાભની ના પાડે તો લે? કે લઈ લ્યે?

મુમુક્ષુ :– તોપણ લઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– કોઈ જરૂરિયાતમાં હોય તો લઈ જાય. આપણે જરૂરિયાતવાળાને દેવું

એ બીજી વાત છે. ગરીબ માણસ નથી આપતા? એ બીજી વાત છે કે એ જરૂરિયાતમાં છે. અને ધર્મમાં બીજી વસ્તુ છે. પણ એટલી નૈતિક હિંમત જોઈએ.

મુમુક્ષુ :- આવી ચોખવટ..

પૂજ્ય ભાઈશ્રી :- કો'ક કો'ક નીકળે છે એવા ભાઈ. કો'ક નીકળે. બાકી તો લગભગ બધા સેહશરમમાં આવી જાય છે માણસો. પણ કો'ક નીકળે છે એવા. ઓલો ચોંકે. બહુ પાકા લાગે છે. સમજણની અંદર બહુ દઢ લાગે છે. કેમ આ ભાઈનો દાખલો નથી? 'જામનગર'માં 'ગુરુદેવ' મુહપતિમાં હતા તો એમણે દિગંબર શાસ્ત્રો વાંચ્યા. ખબર પડી કે આ સ્થાનકવાસી ધર્મ નથી બરાબર. પોતે મૂળ સ્થાનકવાસી. સંપ્રદાયથી પોતે સ્થાનકવાસી. અંદરમાં ફરી ગયા હતા. તો 'ગુરુદેવ' ગયા વહોરવા માટે એટલે કો'કનું ઘર પૂછ્યું કે ફલાણાનું ઘર કઈ બાજુ? તો કહે, મહારાજ! આની કોરની શેરીએ ચાલ્યા જાવ. બતાવવા સાથે ન ગયા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ કરે છે, કો'ક કરે છે. એવા દાખલા બન્યા છે. કોઈ કોઈ કરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તમને આહાર આપીએ છીએ પણ ખોટી પ્રરૂપણા કરશો નહિ, નહિતર સંસાર વધી જાશે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પોતે કહેતા વવાણિયામાં. એમનો એમ પ્રશ્ન છે કે મુમુક્ષુઓમાં આવી હિંમત હોય ખરી? આપણા મુમુક્ષુમાં આવી કોઈની હિંમત હોય? એમ કહે છે. એક તો પરિચિત હોય મહારાજ અને પછી પરિચિતને ત્યાં આવે. સમજણમાં ફેર પડ્યો હોય તો આટલી હિંમતથી કહી શકે? એવા નીકળે. કોઈ હિંમતવાળા હોય છે (એ) ચોખ્ખું કહે.

પછી '**૫. (આલાપ) પ્રણતિ સહિત સંભાષણ, તેને આલાપ કહીએ, તે ન કરે,...**' પ્રણતિ એટલે પ્રશસ્તી. એની વિશેષતા, બહુમાનસહિત એનું ભાષણ કરવું તેને આલાપ કહે છે.

મુમુક્ષુ :- એક પ્રશ્ન થાય છે,...

પૂજ્ય ભાઈશ્રી :- એક વ્યવહારની જુદી વસ્તુ છે પણ એને સ્પષ્ટતા તો કરવી જોઈએ. જો એટલો સ્નેહ જમાડવા જેટલો પ્રેમ હોય બે વચ્ચે, કે તમે બહુ ગંભીર ભૂલ કરો છો. આ બાબતમાં તમે ઘણી ગંભીર ભૂલ કરો છો. આપણી વચ્ચે ઘણો સ્નેહ છે માટે મારી કહેવાની ફરજ છે. પછી વાંધો નથી. એ વાતમાં પોતે સ્પષ્ટ વક્તા હોવા જોઈએ, સ્પષ્ટ કહેવું જોઈએ અને તો જ ખરેખર એ જમાડવા સુધીનો સાચો પ્રેમ છે. નહિતર લોકસંજ્ઞા છે. કોઈ આપણા

ઘરે આવ્યા તો જમાડી દેવા. લોકસંજ્ઞાએ નથી જમાડવા. સાચો પ્રેમ હોય તો સાચો પ્રેમ એને કહે છે કે એનું અહિત થતું રોકે. ખબર પડે કે એનું અહિત થાય છે અને છતાં ન રોકે તો એના પ્રત્યેનો પ્રેમ નથી પણ દુશ્મન છે એનો ખરેખર તો. કેમકે ઓલાને ખબર જ નહિ પડે કે આના પેટમાં શું છે. એ એનો દુશ્મન છે ખરેખર તો, પ્રેમ નથી એને. ઓલો તો ધોખામાં રહી જશે કે અમારે તો બહુ સંબંધ છે. અમારી બે વચ્ચે તો ખુબ સ્નેહ છે. અમને તો કોઈ દિ' એવું કીધું નથી એમણે. એમ કહેશે એ તો. કોઈ એમ કહેને કે બહુ ખરાબ કહેવાય. તમને તો પહેલા કહેવું જોઈએ, બચાવી લેવા જોઈએ તમને. ખરેખર જો પ્રેમ હોય તો એને બચાવવા જોઈએ. બચાવવા જોઈએ, બચાવવાનો પ્રયત્ન કરવો. પછી બચે, ન બચે એ તો સ્વતંત્ર જીવ છે.

'**૬. (સંલાપ)–ગુણ-દોષ (સંબંધી) પૂછવું કે વારંવાર ભક્તિ-સંલાપ ન કરે.**' ગુણ-દોષ સંબંધી પૂછવું કે વારંવાર ભક્તિ-સંલાપ ન કરે.

મુમુક્ષુ :- સમજાણું નહિ કાંઈ.

પૂજ્ય ભાઈશ્રી :- ગુણ-દોષ સંબંધી પૂછવું. આલાપ અને સંલાપ. લાપ એટલે ભાષણ કરવું. નથી કહેતા? સંગીતના આલાપ. અવાજ કાઢીને બોલવું. પછી આ બે આગળ પ્રત્યય લગાડ્યા છે. .. સહિત સંભાષણ તેને આલાપ કહીએ. પ્રશસ્તિ સહિત હશે. અને સંલાપનો અર્થ ગુણ-દોષ સંબંધી પૂછવું. ચર્ચા કરવી, એની ભક્તિ સંલાપ ન કરે. વારંવાર એના ગુણોને આગળ કરીને એની ભક્તિ સંલાપ એટલે ભાષણ ન કરે. આ જાતના ગુણ હોય છે, આમ છે... આમ છે.. આમ છે... એ પ્રકારે. એ બંને પ્રશંસામાં જાય છે. પરમત પ્રશંસા જેને કહે છે, એમાં જ જાય છે.

મુમુક્ષુ :- ચર્ચા...

પૂજ્ય ભાઈશ્રી :- શ્રદ્ધા?

મુમુક્ષુ :- ચર્ચા.

પૂજ્ય ભાઈશ્રી :- ગુણ-દોષની ચર્ચા જ થઈ ને. પૂછવું એટલે ચર્ચા થઈને. પણ ભક્તિસહિત એમ. ભક્તિ એટલે આસ્થા આવી ગઈને એમાં? વારંવાર ભક્તિ સંલાપ ન કરે. બહુમાનથી ન કરે. આમ ચર્ચા કરે એનો વાંધો નથી. પણ ભક્તિપૂર્વક ન કરે. ગુણ-દોષની ચર્ચા ભક્તિપૂર્વક ન કરે, બહુમાનપૂર્વક ન કરે. કેમકે અનુમોદના આવી જાય. ભક્તિ હોય ત્યાં અનુમોદના આવી જાય. મૂળ તો અનુમોદનાનો જે દોષ છે ને એ જરા સૂક્ષ્મ દોષ છે અને જલ્દી નથી પકડાતો. એટલે આ બધા દોષ આવા બધા ભેદ-પ્રભેદમાં એવી વાત સાફ આવે છે કે આવી રીતે કોઈ આ પ્રકારે અનુમોદના ન આવે, કોઈ આ પ્રકારથી અનુમોદના ન આવે,

કોઈ આ પ્રકારથી ન આવે. કોઈ વંદન-નમસ્કારથી ન આવે, કોઈ ખવડાવા-પીવડાવવાથી ન આવે, કોઈ બોલવા-ચાલવાથી ન આવે એમ. એના બધા ભેદ-પ્રભેદ છે. અનુમોદના નહિ આવવી જોઈએ એમ કહેવું છે. અન્યમત પોતે કરે નહિ, કરાવે નહિ અને અનુમોદે નહિ. એમ ત્રણ વાત આવી ગઈ.

મુમુક્ષુ :- અમે ગુણ-દોષ જાણતા ન હોય ઈ શું કહે? ઈ કહે, ગુણ-દોષ બતાવો તો ગુણ-દોષ તો એ જાણતા ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- વધારે સારું. પછી ક્યાં ચર્ચા કરવી? પછી ચર્ચા કરવાની ક્યાં વાત રહી? પછી ભક્તિ કરવાની ક્યાં વાત રહી? પછી તો ભક્તિનો પણ પ્રશ્ન નથીને.

'**હવે સમ્યક્ત્વના (છ) અભંગ કારણો લખીએ છીએ :- જે (સમ્યક્ત્વના) ભંગના કારણો પામીને ન ડગે...**' અભંગ કારણ હોય તો ભંગ ન પડે. ભંગના કારણો પ્રાપ્ત થાય તોપણ વિચલિત ન થાય, ડગે નહિ એને અભંગ કારણ ખહીએ છીએ. '**તેના છ ભેદ :- ૧. રાજા, ૨. જનસમુદાય, ૩. બળવાન, ૪. દેવ, ૫. પિતાદિક વડીલજનો (અને) ૬. માતા :- એ (સમ્યક્ત્વના) અભંગપણામાં છ ભય (છે એને) જાણતો રહે (અને) તેમના ભયથી નિજધર્મ-જિનધર્મને ન તજે.**' રાજાના ભયથી પણ ધર્મ ન છોડે, લોકોના ભયથી પણ ધર્મ ન છોડે. ઘણા માણસો છે, આપણે થોડા છીએ, એ જાજા છે માટે આપણે છોડી દ્યો. એમ નથી. પછી કોઈ બળવાન હોય, આપણા ઉપર આ જાતનું દબાણ આવશે. ફલાણું તશે, એ કોઈના બળને વશ ન થાય.

દેવ. દેવને આધીન ન થાય. ભાઈ! એણે દેવ સાધેલો છે. ભુતડું, વ્યંતર, કુદેવ, ફલાણા દેવને સાધેલા છે. આમાં સુરધનને સાધેલા છે. તંત્ર-મંત્ર, મંત્ર-તંત્ર જાણે છે. માટે આપણને દુઃખી કરશે. એવી રીતે ધર્મ છોડે નહિ. પિતાદિક વડીલજનો. કુટુંબમાંથી પ્રેશર આવે. બોલ! તારે એ ધર્મમાં જાવું હોય તો તને વારસો નહિ મળે. વીલમાં તારુ નામ નહિ લખું. બીજા છોકરાને આપી દઈશ. તું બીજા ધર્મમાં ચાલ્યો ગયો. એ દરકાર ન કરે એમ કહેવું છે. અને માતા. માતા કે પિતા એટલે વડિલો કોઈ પણ એમાં પછી લઈ લેવા. વડીલોને ન માને. વડીલોનું માનવું જોઈએ કે ન માનવું જોઈઅ? શું કરવું? વડીલોને ન માનવું? કેવું શીખડાવે છે તમારા મંદિરમાં? એમ કહે છે. સંસારમાં તો એવી શીક્ષા આપે કે માતા, પિતા, વડીલોનું સન્માન કરવું. એ કહે તેમ કરવું. તેમના આજ્ઞાંકિતપણે રહેવું.

મુમુક્ષુ :- વડીલોની .. ન માનવી.

પૂજ્ય ભાઈશ્રી :- તમારા ધર્મમાં કેવું શીખડાવે છે કે માતા-પિતાનું ન માનવું, વડીલોનું ન માનવું? સાચું માનવું, ખોટું ન માનવું. આત્માનું હિત થાય એવું માનવું. અહિત થાય એવું

ન માનવું. .... કહે. સંસારમાં તો લાભ-નુકસાન એટલું બધું સમજે, એમ કહે કે બાપના કૂવામાં બુડી ન મરાય. શું કહે? એમાં એવું ડહાપણ કરે પાછા. સંસારમાં એવું ડહાપણ કરે કે બાપના કૂવામાં ડૂબી ન મરાય. બાપાએ ભલે એ ધંધો કર્યો. આપણે એ ધંધો નથી કરવો. આપણે તો જે વધારે કમાણી હોય એ ધંધો કરાય. એમ કહે છે. ધર્મમાં કહે, નહિ બાપ-દાદાનો ધર્મ તો માનવો જ જોઈએ.

આત્માનું હિત થાય તે માનવું અને અહિત થાય એ ન માનવું. ઉલટા એને સમજાવવા. વડીલો, મા-બાપ, માતા હોય, પિતા હોય એને સમજાવી શકાય કે આ સાચું છે. મને સાચું સમજાણું છે. તમે પણ સાચું સમજવાનો પ્રયત્ન કરો. હું કહું છું માટે માનો એમ નહિ પણ તમે સમજીને માનો. સમજવાનો પ્રયત્ન કરો. તમને પ્રેમ છે, મને પ્રેમ છે તો હું કાંઈ તમને નુકસાન થાય એવું તો નહિ કહું. તમને નુકસાન થાય એવું તો હું કહેવાનો નથી. માટે વિશ્વાસ રાખો તમે. એને સમજવાનો પ્રયત્ન કરવો. એમ વાળવાનો પ્રયત્ન કરવો. પછી વળે ન વળે જુદી વાત છે. પણ વાળવાનો પ્રયત્ન કરવો જોઈએ. એમ વાત છે.

મુમુક્ષુ :- બધામાં આત્માનું હિત ક્યાં છે એ જોવું.

પૂજ્ય ભાઈશ્રી :- કેન્દ્ર સ્થાન એ જ છે. બધા કથનમાં આશય આ છે. સત્પુરુષની વાણીનો આશય જ આ છે. બીજો આશય નથી. પછી ગમે તે ઈસ્યુ ઊભો થાય. મુદ્દો ગમે તે ઊભો થાય ચર્ચાનો. પણ આશય એક જ છે કે આત્મકલ્યાણ કેમ થાય. આ સિવાય બીજો કોઈ આશય નથી.

છેલ્લી વાત છે. '**હવે સમ્યક્ત્વના છ સ્થાનો લખીએ છીએ-**' આ ષટ્ પદ લીધા. છ સ્થાનમાં છેલ્લે છે ષટ્ પદ લીધા. આપણે ચાલે છે એ વિષય પ્રવચનમાં અત્યારે '**૧. જીવ છે, ૨. નિત્ય, ૩. કર્તા, ૪. ભોક્તા, ૫. અસ્તિધ્રુવ (મોક્ષ)...**' અસ્તિ ધ્રુવ એટલે શું છે કે પછી મોક્ષ થઈને નાશ પામતો નથી માટે એને ધ્રુવ કહે છે. મોક્ષ છે '**અને ૫. (મોક્ષનો) ઉપાય.**' પણ છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. અનંત જ્ઞાનીઓનો એક મત હોય એ સાબિત કરવું પડે એમ છે? 'શ્રીમદ્જી'એ ૧૯૫૧માં લખીને આ? આત્મસિદ્ધિ. આસો વદ એકમે, ૧૯૫૧. ૨૯મા વર્ષમાં. ૯૪ વર્ષ થયા ને? આમાં તો તિથી નીચે નાખી જ છે ને. ૧૯૫૨. આસો વદ એકમ, ગુરુવાર ૧૯૫૨. ૯૫ વર્ષ પહેલા લખી. ૯૪-૯૫ વર્ષ પહેલા લખી. અને આ બસ્સો-અઢીસો વર્ષ પહેલા થયા છે 'દીપચંદજી'. બેયે એક વાત લખી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ એકડો કરીને હજી નીચે આવશે. મોક્ષના ઉપાયમાં એ આવશે. છ પદમાં છઠ્ઠા પદમાં એકડો કર્યોને, ત્યાં તત્ત્વાર્થસૂત્રની વાત લેવી અને ફુદડી કરી છે ત્યાં 'શ્રીમદ્‌જી'ના છ પદની વાત લેવી. એમ. બેય જુદી વાત. ફૂટનોટ બે છે. એક નથી. બે ફૂટનોટ છે. એક ફુદડીવાળી અને એક એકડાવાળી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા.

હવે પહેલું '**૧. આત્મા અનુભવસિદ્ધ છે...**' અનુભવથી હું છું એમ લાગે છે એ આત્મા. અનુભવથી સિદ્ધ છે કે હું જીવ છું. '**ચેતનામાં ચિત્ત લીન કરે; જીવ અસ્તિ(રૂપ) છે તે કેવળજ્ઞાનવડે પ્રત્યક્ષ છે.**' આમ કેવળજ્ઞાન વડે પ્રત્યક્ષ છે અને આમ ચેતનામાં ચિત્ત લીન કરે ત્યાં અનુભવ આવે કે હું છું, આત્મા છે, હું પોતે છું, મારી હયાતી મને વેદનથી પકડાય છે, ગ્રહણ થાય છે. તેથી જીવ અસ્તિરૂપ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સંમતિ તર્કમાં સિદ્ધસેન દીવાકરે ઉપર પહેલા છ પદની ગાથા બે પ્રકારે હકારમાં અને નકારમાં જણાવી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બનવા જોગ છે. ટૂંકામાં વાત તો પરંપરાથી ચાલી આવે છે. કાંઈ કપોળ કલ્પનાથી 'શ્રીમદ્‌જી'એ લખી છે એવું પણ નથી. એમ કહેવાનું છે. મૂળ સિદ્ધ તો એ થાય છે ને કે આ વિષય પરંપરાથી જિનાગમને વિષે ચાલ્યો આવે છે. અનેક જ્ઞાનીઓએ એની પ્રરૂપણા કરી છે એમ કહેવાનો અર્થ છે ને? બેય એક જ વાત છે. ભાવાર્થ તો એક જ છે ને.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અસ્તિ-નાસ્તિથી.

મુમુક્ષુ :- સંમતિ તર્કમાં અસ્તિ-નાસ્તિથી બતાવ્યું છે.

મુમુક્ષુ :- આમાં તો અસ્તિ જ આવીને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. આમાં તો અસ્તિથી જ વાત છે, અસ્તિથી જ વાત છે. એમાં શું છે અસ્તિથી વાત કરતા કોઈ વાત નાસ્તિની આવી જાય. જેમકે આત્મા છે એ અનુભવ સિદ્ધ છે પણ આત્મા કાંઈ દેહાદિ સ્વરૂપ નથી. એટલે નાસ્તિ (આવી ગઈ).

... દ્રવ્યાર્થિકનયથી તે નિત્ય છે. કેમકે પર્યાયાર્થિકનયથી નિત્ય નથી. માટે એટલી ચોખવટ કરી છે કે દ્રવ્યાર્થિકનયથી તે નિત્ય છે.

'૩. **(આત્મા) પુણ્ય-પાપનો કર્તા છે.**' પુણ્ય અને પાપના પરિણામને એ કરે છે. અને '**(આત્મા) ભોક્તા પણ છે. (આ પુણ્ય-પાપનું કર્તાભોક્તાપણું) મિથ્યાદષ્ટિમાં છે. નિશ્ચયનયથી (આત્મા તેનો) કર્તા કે ભોક્તા નથી.**' એટલી ચોખવટ કરી. એમણે એટલી ચોખવટ કરી. એટલે કર્તા છે અને કર્તા નથી, ભોક્તા છે અને ભોક્તા નથી. બેય વાત સમજી લેવી. એટલે અસ્તિ-નાસ્તિથી સંમતિ તર્કમાં લીધી છે એ આ પ્રકારે લીધું હોય. એમ.

પછી '**૫. નિર્વાણ સ્વરૂપ અસ્તિ ધ્રુવ છે. વ્યક્ત નિર્વાણ તે અક્ષય મુક્તિ છે.**' અક્ષય એટલે ક્ષય ન થાય તેવી મુક્તિ તે વ્યક્ત નિર્વાણ છે. અસ્તિ ધ્રુવ છ. નિર્વાણસ્વરૂપ. સ્વરૂપ છે તે અસ્તિ ધ્રુવ છે. ત્રિકાળ અસ્તિ છે. આત્મા મુક્તસ્વરૂપ જ છે. અને વ્યક્તપણે અક્ષય મુક્તિ છે સાદિઅનંત. એ રીતે મોક્ષનું સ્વરૂપ છે કાળ પરિમાણથી.

'૬. **(સમ્યગ્) દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષનો ઉપાય છે.**' મોક્ષ ઉપાય ધર્મ. દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ. '**૧-સમ્યક્ત્વના એ ૬૭ ભેદો પરમાત્માની પ્રાપ્તિનો ઉપાય છે.**' આ ૬૭ પ્રકારથી પરમાત્માને સાધે છે. સમ્યગ્દૃષ્ટિ જીવો પરમાત્માને પ્રાપ્ત કરે છે એમાં ૬૭ પ્રકારના પરિણામ હોય છે. એમ લેવું.

'**જ્ઞાતાના વિચાર**'

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. .. છે. સાધ્ય એક જ છે અને સાધનાની વિશેષતાઓ છે. સાધના એક પ્રકારે છે પણ આ બધી એની વિશેષતાઓ છે. અસ્તિથી-નાસ્તિથી અનેક પ્રકારે એની વિશેષતાઓ પ્રદર્શિત કરવામાં આવે છે. પણ એટલા માર્ગ નથી. માર્ગ એક જ છે. માર્ગની વિશેષતાઓ અનેક છે. એટલે એના કથન અનેક પ્રકારે આવે છે. તો કોઈ એમ સમજે છે કે માર્ગ અનેક છે. એવું નથી.

મુમુક્ષુ :- એક જ ભાવને ૬૭ રીતે બતાવ્યો?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એક ભાવને આથી વધારે બતાવે. કેમકે એક ભાવની અંદર ગુણ અનંત છે. એમાં જેટલા વક્તવ્ય છે એટલી વિશેષતાઓ કહે. કેમકે એટલા ગુણ છે એની અંદર. કોઈવાર કોઈ ગુણથી વાત કરે, કોઈવાર કોઈ ગુણથી વાત કરે. જેમકે સંવેગ કહ્યો તો વીર્યગુણથી વાત કરી પુરુષાર્થની અને આસ્તિક્ય છે એ શ્રદ્ધાગુણથી વાત કરી. તો બેય ગુણ છે. સમ્યગ્દૃષ્ટિના પરિણમનમાં સંવેગ પણ છે અને આસ્તિક્ય પણ છે. એવા અનંત ગુણ છે એના પરિણામ. સર્વગુણાંશ તે સમ્યક્ત્વ. એવા અનંત ગુણો પ્રગટ કર્યા છે. અનંતે અનંત પ્રગટ છે. એમાંથી જે વક્તવ્ય છે એવા અનેક ગુણોથી વાત આવે.

હવે '**જ્ઞાતાનો વિચાર**' કહે છે કે '**જ્ઞાતા એવો વિચાર કરે છે કે-ઉપયોગ જ્ઞેયોનું**

**અવલંબન કરે છે, જ્ઞેયાવલંબી થાય છે. જ્ઞેયને અવલંબનધારી શક્તિ જ્ઞેયનું અવલંબન કરીને છોડી દે છે. જ્ઞેયનો સંબંધ અસ્થિર છે, જ્ઞેયપરિણામ પણ છૂટી જાય છે; તેથી જ્ઞેય, જ્ઞેયપરિણામ નિજ વસ્તુ નથી.**' જ્ઞેય અને જ્ઞેયપરિણામ તે નિજ વસ્તુ નથી. નિજ વસ્તુ હોય તો છૂટે નહિ. એમ કહે છે. જ્ઞેય તો નિજવસ્તુ નથી પણ જ્ઞેયને અવંલબતો એવો ઉપયોગ પણ નિજવસ્તુ નથી. આ જ્ઞાતાનો વિચાર છે.

મુમુક્ષુ :- એ શું છે કહે છે કે જ્ઞેય પરિણામ એટલે રાગ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. જે જ્ઞાન પરજ્ઞેયને અનુસરે એ જ્ઞેયાવલંબી છે અને એ છૂટી જશે. કેમકે પરમાં સ્થિર રહી શકે એવું વસ્તુનું વિજ્ઞાન જ નથી કે કોઈ પરિણામ પરમાં સ્થિર રહી શકે. સ્વમાં સાદિઅનંત રહી શકે, પરમાં ન રહી શકે. એટલે છૂટી જાય તે પોતાની વસ્તુ નહિ. એમ કહે છે. પોતાની વસ્તુ હોય એ છૂટે નહી અને છૂટે તે પોતાની વસ્તુ નહિ. રાગ છૂટે છે માટે રાગ પોતાની વસ્તુ નહિ. જ્ઞેય અવલંબીત જ્ઞાન છૂટે છે માટે એ પોતાની વસ્તુ નહિ એમ. એટલે કહ્યું ને જ્ઞેયને જ્ઞાન સાથેનો સંબંધ અસ્થિર છે. એને અહીં જ્ઞેયપરિણામ કીધા. તે છૂટી જાય છે. '**તેથી જ્ઞેય, જ્ઞેયપરિણામ નિજ વસ્તુ નથી. જ્ઞેયને અવલંબનારી શક્તિને ધરનારી ચેતનાવસ્તુ છે.**' આત્મા. એવા પરિણામને ધારણ કરનાર તો આત્મા છે. '**જ્ઞેય (સાથે) મળવાથી અશુદ્ધ થઈ,...**' જ્ઞેયને અવલંબવાથી અથવા તદાકાર ભાવ કરવાથી, તન્મયતા કરવાથી તે ત્યાં પોતાના ભાવમાં અશુદ્ધતા થઈ.

'**પરંતુ શક્તિ શુદ્ધ ગુપ્ત છે.**' એમાં જે શક્તિ છે એ તો ગુપ્ત છે અને શુદ્ધ છે. એમાં અશુદ્ધતા નથી થતી. '**જે શુદ્ધ છે તે રહે છે, અશુદ્ધ છે તે રહેતું નથી,...**' એમ કહે છે. કપાસ છે એ સફેદ છે. એમાંથી પહેલુંવહેલું કાપડ બને તે સફેદ બને. એને રંગ ચડાવે એ રંગ જાય પણ સફેદાઈ કાઢવી હોય તો જાય ખરી? સફેદ પણ એક રંગ છે—ધોળો અને બીજા પણ રંગીન કાપડ હોય. કોઈપણ પ્રક્રિયાથી કોઈપણ કાપડનો રંગ મટાડી શકાય પણ સફેદાઈને મટાડી શકાય? કે આની સફેદાઈ કાઢી નાખો. ઈ નહિ થાય.

મુમુક્ષુ :- કોઈ દિ' નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એ એનું મૂળ સ્વરૂપ છે. એમ વસ્તુમાં શક્તિ છે એ શુદ્ધ છે અને જે પરિણામમાં અશુદ્ધતા થાય છે એ એની ચીજ નથી. અશુદ્ધ ચાલી જઈ શકે પણ શુદ્ધતા જઈ શકે નહિ એમ કહેવું છે. મૂળ સ્વરૂપ છે એનું. ક્યાં લઈ ગયા વાતને જોયું!

'**જ્ઞેય (સાથે) મળવાથી અશુદ્ધ થઈ,...**' એટલે તન્મય થવાથી અશુદ્ધ થયું, અશુદ્ધતા થઈ તે અશુદ્ધતા રહેતી નથી. એ ચાલી જાય છે. '**માટે અશુદ્ધ (તો) ઉપરનો મળ છે.**' એ તો મળ છે અથવા મેલ છે. '**અને શુદ્ધ (તે) સ્વરૂપની શક્તિ છે. જેમ સ્ફટિક**

**વિષે લાલ રંગ દેખાય છે (તે) સ્ફટિકનો સ્વભાવ નથી તેથી મટી જાય છે,...**' પણ એની નિર્મળતા મટાડી શકાય? કે ચાલો, સ્ફટિકને નિર્મળતા વગરનો કરી નાખો. એ ન થાય. એ એનું મૂળ સ્વરૂપ છે, એ કંઈ છૂટે નહિ.

મુમુક્ષુ :- એટલે જ કીધું ને, વિભાવ છોડીને સ્વભાવમાં આવી જા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સ્વભાવ નહિ જાય. વિભાવ જાશે પણ સ્વભાવ નહિ જાય. એમ કહેવું છે.

'**જેમ મયૂર (પ્રતિબિંબવાળા) અરીસામાં મોર પદાર્થ દેખાય છે, પણ (ખરેખર અરીસામાં) મોર પદાર્થ નથી, અરીસામાં તો માત્ર પ્રતિબિંબ છે.**' અરીસામાં મોર નથી પણ એનું પ્રતિબિંબ છે. '**કર્મદૃષ્ટિમાં આત્મા પરસ્વરૂપ થયેલો ભાસે છે પરંતુ આત્મા પર થતો નથી.**' કર્મ પ્રસંગે કર્મના ઉદયે કર્મ પ્રસંગ ઊભો થયો તો કહે, આ જીવ મનુષ્ય થયો. ખરેખર મનુષ્યપણું આત્મામાં પેસી ગયું નથી. મનુષ્યપણું આવીને ચાલ્યું જાશે. મનુષ્યપણે જન્મશે, મનુષ્યપણું પૂરું થઈ જશે. આત્મા જન્મતો નથી અને આત્મા મરતો નથી એમ કહેવું છે.

મુમુક્ષુ :- હું મનુષ્ય છું એ...

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર નથી મનુષ્ય. એ તો ઓલા જેવું છે, મોટો શ્રીમંત માણસ હોય પણ નાટક કરતો હોય તો ભિખારીનો વેષ લે. માલિક પોતે હોય પણ એ પોતે નાટક કરતો હોય. પછી નાટક કરતા કરતા પોતે ભિખારીનો વેશ લે. હોય એની પાસે ઘણો પૈસો. એ વખતે એવી ભીખ માગે કે બીજાને દયા આવી જાય. જોનારને દયા આવી જાય. એ માને કે હું ભિખારી છું? એને ખબર છે કે આ બધાને લુટું છું. અત્યારે જે બેઠા છે એ બધાને લૂટું છું. એમ છે.

એમ '**કર્મદૃષ્ટિમાં આત્મા પરસ્વરૂપ થયેલો ભાસે છે...**' કર્મના ઉદયની જેને દૃષ્ટિ છે, એવો છું એવી જેની શ્રદ્ધા થઈ ગઈ છે. કર્મ ઉપર જેને શ્રદ્ધા છે એને એમ લાગે છે કે હું માણસ થયો, હું ફલાણો થઈ ગયો. તો આત્મા એ રૂપે આત્મા આત્માનું સ્વરૂપ છોડીને કોઈ બીજારૂપે થતો નથી.

'**જેમ ધતૂરાને પીવાથી દૃષ્ટિ શ્વેત શંખને પીળો દેખે છે,...**' ધતુરાનો રસ પીધો હોય તો સફેદ શંખ હોય એ પીળો દેખાય એને. '**પંરતું (તે) દૃષ્ટિ વિકાર છે,...**' આ થાય છે કે નહિ કમળો? કમળો હોય તે પીળું ભાળે એમ નથી કહેતા? એ દૃષ્ટિવિકાર છે. સામે ચીજ એવી થઈ નથી કાંઈ. પીળી વસ્તુ થઈ ગઈ નથી. સફેદ વસ્તુ પીળી બની નથી ગઈ. દૃષ્ટિવિકાર છે. '**દૃષ્ટિનાશ નથી.**' પણ દૃષ્ટિવિકાર છે. દૃષ્ટિનાશ જુદી વસ્તુ છે અને દૃષ્ટિવિકાર

જુદી ચીજ છે. દૃષ્ટિ છે ત્યાં એમ કહે છે. અહીંથી શક્તિ પકડ એમ કહે છે. પૂછે કે શ્રદ્ધા કેવી રીતે કરવી? તો કહે છે, તું ઊંધી શ્રદ્ધા તો કરે છે કે નહિ? તો શ્રદ્ધા તારી નાશ નથી પામી. શ્રદ્ધામાં વિકાર કર્યો છે. દૃષ્ટિનાશ નથી પામી, દૃષ્ટિવિકાર થયો છે.

**'તેમ (જીવ) મોહની ઘેલછાથી પરને પોતા(રૂપ) માને છે...'** તેમ જીવ મોહની ઘેલછાથી પરને પોતારૂપ માને છે, શરીરને પોતારૂપ માને છે, સંયોગને પોતારૂપે માને છે. **'પરંતુ પર તે પોતા(રૂપ) થતું નથી.'** 'ગુરુદેવ' તો બહુ કહેતા. અનંતા શરીરોમાં પોતાપણું કર્યું. જ્યાં જ્યાં જન્મ્યો અને જે જે શરીર એને સંયોગમાં આવ્યું પૂર્વકર્મના ભાગ્યવશે, એમાં એણે ઘણું પોતાપણું કર્યું. ખવડાવ્યું, પીવડાવ્યું, લાલન-પાલન કર્યું, ખૂબ પાળ્યું-પોસ્યું, અનંતા શરીરોનું એવું કર્યું એણે અનંત કાળથી. એકેય રજકણ સગો ન થયો. જ્યારે એને છૂટા પડવાનો વારો આવ્યો ત્યારે એકેય રજકણે એની શરમ ન રાખે કે ભાઈ! તને આટલા આટલા વર્ષથી ખવડાવ્યું-પીવડાવ્યું, હવે તું થોડા પરમાણુ તો મારી સાથે રહે. ત્યારે પરમાણુને વાચા આપી કે તું મુર્ખ છો. તું મુર્ખ છો કે મારા ઉપર તેં મમતા કરી. અમે તારા જેવા મુર્ખા નથી કે તારા ઉપર મમતા કરીએ.

મુમુક્ષુ :- જ્યાં જ્યાં ગયો ત્યાં નવા નવા ભીંતડા રંગ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- જ્યાં ગયો જે ઘરે ગયો ત્યાં ભીંતડા રંગવા માંડ્યો. આ ભીંત સરસ કરું, આ દિવાલ સારી રાખું. અનંતા ચૌર્યાશી લાખના યોનિના ભીંતડા રંગ્યા. નવરો જ થયો નહિ. બધી મહેનત વ્યર્થ ગઈ, નકામી ગઈ. કેમકે સાથે કાંઈ આવે નહિ. એક પરમાણુ સાથે નહિ આવે. એકેય પરમાણુ સાથે નહિ આવે.

'ગુરુદેવ' માર્મિક ભાષામાં કહેતા, શરીર તારું તો નથી પણ તારા સંયોગમાં રહ્યું છે તે તારું થઈને રહ્યું નથી. પૂછી લે શરીરને કે હું તો બહુ મમતા કરું છું. તને મારા ઉપર કેટલી મમતા? કેમકે પ્રેમ તો અરસપરસ જોઈએ ને? શરીર ના પાડે કે મને કાંઈ મમતા નથી તારા ઉપર. મારો ટાઈમ થાશે એટલે તું કોણ અને હું કોણ. આમ છે.

**'જેમ કઠિયારાને ચિંતામણિ પ્રાપ્ત થયો, (પણ) તેની પરીક્ષા ન જાણી,...'** કે આ ચિંતામણિ રત્ન બહુ કિંમતી વસ્તુ છે. પથરો જાણ્યો કે આ પણ પથરો છે. **'તોપણ ચિંતામણિનો પ્રભાવ ન ગયો.'** એથી કાંઈ ચિંતામણિનો પ્રભાવ હોય એ કાંઈ ચાલ્યો ન જાય. **'તેમ (જીવે) અજ્ઞાનથી સ્વરૂપનો મહિમા ન જાણ્યો...'** પોતામાં અનંત ગુણ દિવ્ય ગુણો ભરેલા છે આત્મામાં. એની મહત્તા કેટલી છે એ ન જાણી. **'તોપણ સ્વરૂપનો પ્રભાવ ન ગયો.'** આ ઓપરેશન કરીને અંગ-ઉપાંગ કાપી નાખે છે ને? જીભનું કેન્સર થાય તો જીભ કાપી નાખે, હાથનું કેન્સર થાય તો હાથ કાપી નાખે, પગનું કેન્સર થાય તો પગ કાપી નાખે.

આત્મામાં તો કાંઈ કપાય નહિ. આત્મામાંથી કાંઈ કપાય નહિ.

આ પછી ઘણાને બાટલા ચડાવે છે ને છેલ્લે છેલ્લે? તો નસ એવી થઈ ગઈ હોય ને કે હાથમાં ન આવે. સ્લીપ થઈ જાય. પછી શું કરે? કે એને જેમ આ લાકડું હોય એને આમ આડો છેદ મારે તો એને ક્ષેત્રફળ વધારે મળે ને? એવી રીતે એને બે કોરથી કાપે નસને. આખી નસ દેખાય લીલી. એક આમ અને એક આમ. બે રીતે છરી મૂકે. કાં અહીંથી ચડ-ાવે, કાં અહીંથી સોય ચડાવે. પણ છેદ એવી રીતે પાડે. એટલા પ્રદેશો આત્માના ન કપાય. ચોખ્ખો દેખાય ખાડો કે આવી રીતે કાપ્યું છે. આત્માના પ્રદેશોમાં છેદ નથી પડતો ત્યાં. એને છરી નથી અડી શકતી આત્માને. ડોક્ટરની છરી આત્માને નથી અડી શકતી. એ ન માને કે આત્મા શાશ્વત કે અવ્યાબાધ છે કે નથી એ ન માનતો હોય તોપણ એનો પ્રભાવ ન જાય કાંઈ. શાશ્વત રહેવાની એની શક્તિ નાશ ન પામે.

પોતાનું મૃત્યુ હું મરી જઈશ એમ માનીને દુઃખી થાય. મૃત્યુતુલ્ય દુઃખને અનુભવે. બેશુદ્ધ થઈ જાય એટલું બધું દુઃખ થાય. પણ છતાં આત્માનું શાશ્વતપણું ચાલ્યું ન જાય. એ તો નહિતર રહેવાનો તે રહેવાનો અને રહેવાનો. એમાં કાંઈ ક્ષણિક માન્યે નિત્યતા છૂટી નહિ જાય એમ કહે છે. બહુ સારો ન્યાય તો ઓલો વેદનનો છે કે હું ઠંડીને વેદુ છું, ગરમીને વેદું છું, ગળપણને વેદું છું, કડવાશને વેદું છું. પણ જ્ઞાનનું જ્ઞાનવેદન ચાલ્યુ ન જાય. જ્ઞાનનું જ્ઞાનવેદન ચાલ્યું ન જાય. ભલે ગમે તેટલા અધ્યાસે, પરવેદનના અધ્યાસે સ્વસંવેદનને ઉત્પન્ન ન થવા દે તોપણ જ્ઞાનનું જ્ઞાનવેદન ચાલ્યું ન જાય. આબાળગોપાળને અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા નિરંતર અનુભવમાં સદાય અનુભવમાં આવી રહ્યો છે. એનો પ્રભાવ ન જાય. એવી વસ્તુ અનંત શક્તિ સંપન્ન છે. ગમે તેટલા વિભાવ થાય, ગમે તેટલા પરસંયોગ થાય, ગમે તેટલા છેદન-ભેદન થાય. આ પાટા નીચે જીવડા આવી જાય છે ને? એ જીવો હોય. ટ્રેન ચાલતી હોય એમાં પાટા નીચે આવી જાય. હવે આખી ટ્રેનનું વજન ક્યાં અને ક્યાં જીવડું. આત્માને કાંઈ ન થાય. એનો આત્મા એ શરીર છોડીને બીજે વયો જાય. પણ આત્મા પાટા નીચે આવીને ચેપાય જાય એવું બનતું નથી. એ એન્જિનનો પાટો એને ચેપી ન શકે. ત્યાંથી નીકળી જાય એ. જ્યાં શરીર ચેપાય ત્યાં એ ત્યાંથી રવાના થઈ જાય. એને ચેપી ન શકે. અને ત્યાં રહે તોપણ ચેપી ન શકે એને. અડી જ ન શકે એને. એમ છે. એવી શક્તિ છે એ શક્તિને સ્વીકારે કે ન સ્વીકારે, શક્તિને ન સ્વીકારે એટલે કાંઈ આત્માની શક્તિ ચાલી ન જાય એમ કહે છે. એનો પ્રભાવ ન જાય. એમ જ્ઞાતા વિચારે છે. આ જ્ઞાતાનો વિચાર છે. એવું જ્ઞાતા વિચારે છે કે મારી શક્તિ ચાલી જતી નથી. પછી સંસાર કેમ મટે એ આવશે. અનંત સંસાર કેમ મટે?

**તા. ૬-૭-૧૯૯૧, પાના નં. ૯૧**
**પ્રવચન નં. ૨૨**

**'જેમ વાદળાની ઘટામાં સૂર્ય છુપાયો છે,...'** (ઉપરના) ચાર પેરેગ્રાફ છોડીને પાંચમો પેરેગ્રાફ. **'જેમ વાદળાની ઘટામાં સૂર્ય છુપાયો છે, પરંતુ છુપાયેલો પણ પ્રકાશને ધરે છે.'** એનું જે પ્રકાશ ધારણ કરવાનું સ્વરૂપ છે એનો નાશ નથી. દેખાતો નથી, નીચે ઊભેલાને દેખાતો નથી સૂર્ય. એટલા ઘટાટોપ વાદળા છે કે સૂર્ય નથી દેખાતો. પરંતુ છુપાયો છે એ પણ પોતાના પ્રકાશને ધારણ કરીને બેઠો છે. **'રાત્રિની જેમ અંધારું નથી;...'**

મુમુક્ષુ :- પ્રકાશ દેખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રકાશ દેખાય છે. જ્ઞાનસ્વરૂપી આત્મા જાણે છે. અજ્ઞાની પણ એમ પૂછે છે કે આત્મા દેખાતો નથી એમ કહે છે. એને એમ કહે છે કે તને પણ રાત્રિની જેમ અંધારું નથી. જાણવાનું કામ તારુ પણ ચાલુ જ છે.

**'તેમ આત્મા કર્મઘટામાં છુપાયો છે,...'** જેને કર્મના ઉદય પ્રસંગો તે જ સર્વસ્વ એવો જેનો પ્રકાર છે એને બધા એક દેખાય છે આત્માપણે એમાં એને આત્મા ચોખ્ખો આત્મા ક્યાંય દેખાતો નથી. એટલે એમ કહે છે કે, એ કર્મઘટામાં છુપાયો છે. એમ જ્ઞાની કહે છે. **'તોપણ (તેનાં) દર્શન-જ્ઞાન પ્રકાશ કરે છે,...'** જાણવાના કાર્યનો નાશ નથી થયો. **'નેત્ર દ્વારા દર્શન પ્રકાશ કરે છે, તથા ઇન્દ્રિય દ્વારા (અને) મન દ્વારા (જ્ઞાન) કરે છે-જાણે છે; અચેતનની જેમ જડ નથી.'** આ લાકડાનો કટકો પડ્યો છે એમ કાંઈ આત્મા નથી. જાણે તો છે, દેખે તો છે.

**'આવું સ્વરૂપ પરમ ગુપ્ત છે તોપણ જ્ઞાતા તેને પ્રગટ દેખે છે.'** સ્વરૂપ ઘણું ગુપ્ત છે તોપણ જ્ઞાતા હોય એ તો, જે સ્વરૂપનો જ્ઞાતા છે એ તો પ્રગટ જોવે છે કે મારું સ્વરૂપ તો ત્રિકાળ નિત્ય ઉદિત છે. સદાય પ્રગટ જ છે. અરે..! પ્રગટ-અપ્રગટની અપેક્ષા મને લાગુ પડતી નથી. એવું પ્રસિદ્ધ છે. પ્રસિદ્ધ સુસિદ્ધ આવે છે કે નહિ?

મુમુક્ષુ :- પ્રસિદ્ધ વિશુદ્ધ સુસિદ્ધ સ્વરૂપ.

પૂજ્ય ભાઈશ્રી :- સિદ્ધ સ્વરૂપે પ્રસિદ્ધ જ છે.

મુમુક્ષુ :- ... પૂજામાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પૂજામાં તો આવે પણ એનો ભાવ પકડાય નહિ.

'**જે બંધરૂપથી મુક્ત થવા ચાહે, તે કેવી રીતે શુદ્ધ થાય?**' જે બંધરૂપથી મુક્ત થવા ચાહે તે કેવી રીતે શુદ્ધ થાય? '(**તે કહીએ છીએ) :-**' એવા પ્રશ્નનો અહીંયાં ઉત્તર છે કે જે બંધાયેલો છે એને પોતાને ખ્યાલ આવે છે કે મારે કેવી રીતે મુક્ત થવું? એવી જેની જિજ્ઞાસા છે, ભાવના છે એને કહીએ છીએ.

'**જે પોતાની ચેતના પ્રકાશ શક્તિ ઉપયોગવડે પ્રગટ છે તેને પ્રતીતિમાં લાવે.**' પ્રતીતિમાં લાવવાનો અર્થ શું થાય છે? હુંપણે પ્રતીતિ કરવી એનું નામ પ્રતીતિમાં લાવ્યો. પ્રતીતિ હુંપણું કરે છે. પ્રતીતિભાવ છે તે હુંપણું કરે છે. '**જે પોતાની ચેતના પ્રકાશ શક્તિ ઉપયોગવડે પ્રગટ છે...**' કહે છે કે આત્મા તો પ્રગટ દેખાતો નથી. ત્યારે કહે છે કે '**ચેતના પ્રકાશ શક્તિ ઉપયોગ વડે પ્રગટ છે.**' તું કેમ ના પાડે છે? એમાં હુંપણાની પ્રતીતિ લાવ. બહુ સંક્ષેપમાં વાત લઈ લીધી. જ્ઞાન તે હું, હું જ્ઞાન છું. બસ! આટલું લે. હું જ્ઞાન છું એટલું જ લઈ લે. હુંપણું બીજેથી છોડીને ભાવમાં. વિકલ્પમાત્ર નહિ પણ હુંપણું ... હુંપણું આવે એને પ્રતીતિમાં લાવે એમ કહે છે.

'**પાણીનાં તરંગની જેમ બડબડિયાં (-વિકલ્પ) છા છે તો થાઓ,...**' આ વિકલ્પ છે એ તો પાણીના બડબડિયા છે. ઘડીકમાં થાય ને મટે... થાય ને મટે.. થાય ને મટે... બડબિડાયાનું કાંઈ આયુષ્ય ન હોય. પાણીના બડબડિયાને આયુષ્ય ન હોય. એમ આ વિકલ્પ છે જીવને એ પણ બધા બડબડિયા છે. ઉપલી સપાટીના બડબડિયા છે. '**પાણીના તરંગની જેમ બડબડિયાં (-વિકલ્પ) થાય છે તો થાઓ, પણ પરિણામ દર્શન-જ્ઞાનમાં ડૂબતાં નિજ સમુદ્રમાં મળે (અને સ્વભાવનો) મહિમા પ્રગટ કરે.**' પોતાનું જે જ્ઞાનદર્શન છે એમાં પરિણામ ડૂબે અને પોતાના સ્વભાવ સમુદ્રમાં ભળે અને સ્વભાવનો મહિમા પ્રગટ કરે. મહિમા દ્વારા ભળે એમ. મહિમા કરીને ભળે. જેનો મહિમા કરે તેની સાથે ભાવે અભેદતા સાધે. એમ સ્વરૂપને ઓળખીને સ્વરૂપનો મહિમા કરે તો એની સાથે અભેદતા સાધે.

'**પરમાં પરિણામને લીન કરે છે પરંતુ (પર)વસ્તુ તો જુદી છે, તે છૂટી જાય છે, ખેદ થાય,...**' છે. આમ કહે કે, અમારે એકાગ્રતા અને લીનતા કેવી રીતે કરવી? પરવસ્તુમાં તો લીનતા કરે છે. આ રાજકારણના સમાચાર આવે છે કે નહિ? કેવા એકાગ્ર થઈને સાંભળે? બહુ શરૂઆતમાં ... મંદિર નહોતું એ પહેલા ૨૬ની સાલની પહેલાની વાત છે. ઘોઘા દરવાજે એક રૂમ ભાડે લઈને વાંચતા અમે. તો ત્યાં ઓલા પાટિયા મૂકે. દશાશ્રીમાળીની વાડીમાં .. મેડી છે ને? એની ઉપર વાંચતા હતા. અને બહાર બધા પાટિયા મૂકે જૂના. ત્યાં વાંચવા ઊભા હોય. ત્યાં ગાડી પાર્ક કરવાનું પણ ઈ સ્થળ. જરાક ગલીમાં લાલ .. ઝાંપો છે ત્યાં

ગલીમાં પાર્ક કરતા. ત્યાં કોઈ ઊભા હોય, હોર્ન મારે અને બમ્પર અડે ત્યાં સુધી ખબર ન પડે. એવા લીન થઈને વાંચતા હોય. જુઓ આ એકાગ્રતા કરતા આવડે છે કે નહિ જીવને. કેવી એકાગ્રતા કરે છે. એને ખબર નથી આગળ-પાછળ શું થાય છે એની ખબર નથી. રાજકારણનો એવો રસ. જેની જેને રુચિ, લ્યોને. ત્યાં એકાગ્રતા થયા વિના રહે નહિ. એને કાંઈ લેવા કે દેવા કાંઈ ન મળે. એવી રુચિ હોય. આ ક્રિકેટ જોવે છે ને. કલાકો સુધી બેસી રહે. તડકા ખાય અને હારે કો'ક, જીતે કો'ક અને ઝઘડી પડે કો'ક. કેટલી એકાગ્રતા છે!

મુમુક્ષુ :- હાર્ટ એટેક આવી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હાર્ટ એટેક આવી જાય. ઠીક! સુખ થાય કે દુઃખ થાય? કહો! આવું છે. એવો મહિમા પરવસ્તુનો કર્યો, પરમાં લીન થાય પરંતુ એ તો જુદું છે. એમાં તો દુઃખ સિવાય બીજું કાંઈ થવાનું નથી.

**'મેલા થાય ત્યાં પરિણામ ન ગોપવવા, સ્વરૂપમાં લગાડવા.'** પરવસ્તુમાં પરિણામ જે છે એમાં તો મલિનતા થયા વિના રહેશે નહિ. **'અશુદ્ધ જ્ઞાનમાં પણ જાણપણું તો ન ગયું.'** અશુદ્ધ જ્ઞાન મેલું જ્ઞાન છે ત્યારે પણ જાણવાનું એનું જે કાર્ય છે એ તો એનું સ્વરૂપ છે, એ કાંઈ નાશ પામતું નથી. જાણવાનું તે ન ગયું. **'તે જાણપણા તરફ જોતાં, નિજ જ્ઞાન જાતિ છે, એવી ભાવનામાં નિજ રસાસ્વાદ આવે છે.'** શું કીધું? એ જાણપણા તરફ જોતાં. વિચારતા ન કીધું. પોતાને જે જાણવાનું કાર્ય થાય છે એના તરફ જોતાં. જાણનાર પોતાને જોવે એમ કહે છે. જાણનાર પરને ન જોવે પણ પોતાને જોવે. જાણનાર પોતાને જ જોવે. એમ પોતા તરફ જોતાં નિજ જ્ઞાન જાતિ છે. એની પોતાની જાતિની પરખ આવે છે.

જ્ઞાન સ્વભાવ શું અથવા જ્ઞાનની જાતિ શું? આ એની ઓળખાણ છે. પણ પોતા તરફ જોવે તો ઓળખાય ને. પોતાના તરફ ન જોવે ત્યાં સુધી ન ઓળખે. ઓળખાણમાં વિચારથી ઓળખાતો નથી. વિચાર સાધન નથી. વિકલ્પ કરે, વિચાર કરે એ સાધન નથી. પણ પોતે પોતાને જોવે. જોવું તે સાધન છે, વિચારવું તે સાધન નથી. વિચાર પહેલા હોય છે, જ્યાં સુધી જોવે નહિ ત્યાં સુધી વિચાર હોય ખરો પણ એને પોતાને ખ્યાલમાં હોવું જોઈએ કે આ વિચાર છે તે સાધન નથી. જોવું તે સાધન છે.

મુમુક્ષુ :- કેવી રીતે જોવું?

પૂજ્ય ભાઈશ્રી :- જેમ કે આ બીજાને જોવે છે એ કેવી રીતે જોવે છે? એ સમજાવો. આને મારે કેવી રીતે જોવું? જોવું એટલે આને જોવે એવી રીતે આને જોવે. આને જોવે છે એવી રીતે આને જોવે છે, એવી રીતે આને જોવે છે, એવી રીતે જોનારને જો એમ કહે છે. આને જોવે છે... આને જોવે છે... આને જોવે છે... આને જોવે છે.. એવી રીતે આને જો.

જે રીતે જોવે છો એ જ રીતે જોવનો છે. આમાં બહિર્મુખપણું છે, આમાં અંતર્મુખ છે. એ સહેજે થાય છે. જોનાર પોતે હોવાથી બહુર્મુખપણું રહેતું નથી. આ તો બાહ્ય ચીજો છે એ તો જોતાં તો બહિર્મુખ ભાવ થાય છે જ્ઞાનને. જ્યારે જોનાર પોતે છે એટલે સ્વસન્મુખ થઈને જોવું પડે છે. પ્રયત્ન કરવો જોઈએ. પોતાને પોતે જોવે એમ પોતાને એ જાતનો પ્રયત્ન કરવો જોઈએ. પ્રયત્ન કરે તો પ્રયત્નમાં નિષ્ફળ નહિ જાય. પણ પ્રયત્ન ન કરે તો કોઈ દિ' સફળ નહિ થાય અને કરશે તો નિષ્ફળ નહિ જાય. આ ગેરેન્ટેડ વાત છે.

જરાક અંદર જોવે કે અનુભવમાં કોણ આવે છે? અનુભવમાં કોણ આવે છે? તો પહેલા તો એમ લાગશે કે અત્યારે ગરમી પડે છે તો ગરમી અનુભવાય છે. ઠંડી પડે તો ઠંડીનો અનુભવ (થાય છે), ખાઈએ ત્યારે બધા સ્વાદ અનુભવમાં આવે છે. અનુભવમાં એ બધું આવે છે એવું તને લાગે છે. તો જેને અનુભવમાં આવે છે એમાં એનો પ્રવેશ છે કે નથી? અનુભવમાં એ બધું આવ્યું. એ તો સર્વ સામાન્ય અનુભવ છે. તો કહે છે, જેને અનુભવમાં આવે છે એમાં એનો પ્રવેશ છે કે નથી પ્રવેશ? જરાક જો, ધ્યાનથી જો. એ જે ચીજ છે એ જો આમાં પ્રવેશી ગઈ હોત તો કાયમ રહી જાય. કારણ કે જ્ઞાન કાયમ રહે છે. પણ એ ચીજ આમાં આવી નહોતી અને આવતી નથી. જ્ઞાન રહી જાય છે. અને જે મારામાં આવ્યું હતું એવો જે અનુભવ થયો હતો એ અનુભવ ખલાસ થઈ જાય છે. આવ્યો હોય તો ક્યાં જાય? મારા ખીચામાં અમુક ચીજ આવી તો મારા કબજામાં આવી એ જાય ક્યાં? એમ જો મારામાં આવતું હોય તો મારામાંથી જાય ક્યાં? મારામાં આવ્યું જ નથી. ભ્રમ થયો હતો કે મારામાં આવ્યું. જોવે તો ખ્યાલ આવે એવી વાત છે. બરાબર ધ્યાનથી જોવે તો ખ્યાલ આવે એવી વાત છે.

જ્ઞાની તો એટલું કહે છે કે તને એક ભ્રમ થાય છે કે મારામાં બીજા પદાર્થનો પ્રવેશ થાય છે—ઠંડીનો, ગરમીનો, કડવાનો, ગળપણનો. એ તારો ભ્રમ છે અને તારી ભૂલ છે. જરાક ધ્યાનથી જો એવું કાંઈ થાતું જ નથી. ધ્યાનથી જોવે તો ખબર પડે એવી વાત છે. ભૂલ દેખાડે છે તો ભૂલ દેખતા ભૂલ છૂટી જાય. અને જ્યારે એને ખબર પડે કે મારામાં કોઈ અન્ય દ્રવ્યભાવનો પ્રવેશ નથી ત્યારે જ્ઞાનનો સ્વાદ અથવા પોતે પોતાને જોવે છે એવો પ્રકાર આવે છે ત્યારે એ સમજાય છે કે પોતાને જોતા પોતામાં કોઈ નથી એમ જોયું ને એણે? એણે પોતાને જોયો, સ્વસન્મુખ થઈને જોયો.

'**જાણપણા તરફ જોતાં,...**' હવે લ્યોને આમ આપણે બીજી રીતે કહીએ. અરીસામાં મોર દેખાય છે. તમે મોરની સામે જુઓ છો કે મોર બહુ સરસ છે. એવો સરસમજાનો મોર છે રંગબેરંગી પીછાવાળો. ત્યારે કોઈ તમને એમ કહે, એવી સૂચના આપે કે તમે અરીસાને

જુઓ, મોરને નહિ જુઓ. તો કહે કેમ? તમે જ્યાં જુઓ છો ત્યાં અરીસો છે, મોર નથી. તમે જે મોરને જુઓ છો ત્યાં મોર છે જ નહિ. શું કહો છો તમે? મેં હાલતો-ચાલતો મોર જોયો ત્યાં. તો કહે, તમે હાલતો-ચાલતો જોયો તોપણ ત્યાં મોર નથી અને ખાત્રી કરવી હોય તો પથરો મારો. અરીસો તૂટી જશે. મોર હોય તો ઊડી જાય. મોર હોય તો પથરો મારો તો ઊડી જાય અને અરીસો હોય તો ફૂટી જાય. ખાત્રી થઈ જશે કે ત્યાં અરીસો છે. પણ મોરમાં આકર્ષિત થયેલી નજર અરીસાને જોઈ શકતી નથી. એને એમ કહે છે કે તમે અરીસો જુઓ.

હવે આમાં તમારો પ્રશ્ન આવે છે ભાઈ! મોર દેખાય છે અને અરીસાને કેવી રીતે જોવો? લ્યો ઠીક! તમે એમ કહો છો કે મને મોર દેખાય છે. તમે ખરેખર ત્યાં જઈને જોતા નથી. ઘડિયાળ પાસે જ્ઞાન જાતું નથી ઘડિયાળને જોવા. ઘડિયાળનું પ્રતિબિંબ જ્ઞાનમાં આવે છે. તમે તો અરીસાને મોર જ જોવો છો. ખરેખરા મોરને જોતા નથી. અરીસાના મોરના પ્રતિબિંબને જુઓ છો. તો ભ્રમ થાય છે કે જ્ઞાન ત્યાં જાય છે. હવે મોરને નહિ જોતાં અરીસાને જુઓ એમ કહે છે. આ કળા જો આવડે એટલે જીવ સ્વસન્મુખ થાય. દિશા ફરે. દિશા ફરે એની દશા ફરી જાય.

જ્યાં પ્રતિબિંબ પડે છે ત્યાં પ્રતિબિંબ ઝીલનાર જ્ઞાનને જુઓ એમ કહે છે. જે જ્ઞાનમાં અન્ય પદાર્થોનું પ્રતિબિંબ ઝળકે છે, પ્રતિભાસે છે, ઉઠે છે તો પ્રતિબિંબ ઝીલનારને જુઓ. પ્રતિબિંબને ન જુઓ એમ કહે છે. તોપણ એ જણાય ને ન જોવે એ કેવી રીતે બને? તો કહે છે, મુખ્ય ગૌણ થઈ શકે છે. જેમ તમે પ્રતિબિંબને મુખ્ય કર્યું ત્યારે અરીસો ગૌણ થઈ ગયો હતો. ગૌણ થઈ ગયો હતો એટલે અરીસો તમને હતો તોપણ નહોતો દેખાતો. એમ તમે જ્યારે અરીસાને જોશો ત્યારે પ્રતિબિંબ હશે તોપણ તમને નહિ દેખાય અથવા દેખાવા છતાં નહિ દેખાય. એવી ગૌણતા આવી જશે. બસ! આટલી વાત છે. જે છે એ રમત આટલામાં છે.

મુમુક્ષુ :- પંદરમી ગાથા લાગુ પડે અહીં?

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞેયાકાર જ્ઞાનને તિરોભૂત કરીને જ્ઞાન સામાન્યનો આવિ-ર્ભાવ કરવો એ જ કળા છે. પંદરમી ગાથા એ જ વિધિની કળા છે. જ્ઞાન જ્ઞાનને અનુભવે તે જ્ઞાનાનુભૂતિ છે અને જ્ઞાનાનુભૂતિ છે તે જ આત્માનુભૂતિ છે. બીજો કોઈ આત્માનો અનુભવ આ સિવાય કોઈ નવી ચીજ નથી, બીજી ચીજ નથી.

એ કહે છે, '**અશુદ્ધ જ્ઞાનમાં પણ જાણપણું તો ન ગયું. તે જાણપણા તરફ જોતાં, નિજ જ્ઞાન જાતિ છે, એવી ભાવનામાં...**' પોતાના જ્ઞાનની જાતિ આવી છે '**એવી ભાવનામાં નિજ રસાસ્વાદ આવે છે.**' જ્ઞાનનો નિરાકુળ સ્વાદ આવે છે. અથવા જ્ઞાનનું

જ્ઞાનવેદન અનુભવાય છે એને નિજસ્વાદ કહેવામાં આવે છે.

**‘આ વાત કંઈ કહેવા માત્ર નથી, ચાખવામાં (–અનુભવમાં) સ્વાદ છે;...’** આ બહુ સરસ કહ્યું છે. અમે જે અનુભવની વાત કરીએ છીએ એ કહેવામાત્ર નથી. અનુભવવાની વાત અનુભવથી સમજો. માત્ર કહેવાથી ન સમજો, સાંભળવાથી ન સમજો, અનુભવની વાત અનુભવથી સમજો. આ મીઠાઈનો સ્વાદ બહુ સારો છે, એવી સરસ મીઠાઈ છે.. એવી સરસ મીઠાઈ છે. તમે જિંદગીમાં કોઈ દિ’ નહિ ખાધી હોય એવી સરસ મીઠાઈ છે. તો કહે, પણ એ કેવી રીતે એનો સ્વાદ આવે? એ તો ખાવ ત્યારે આવે. બાકી વખાણ સાંભળીને એનો સ્વાદ ન આવે. ગમે એટલા વખાણ કરે અને આખો દિ’ વખાણ સાંભળે તો એનો સ્વાદ આવે કાંઈ? ન આવે. જોયા કરે તોપણ ન આવે, સુંઘ્યા કરે તોપણ ન આવે.

**‘આ વાત કંઈ કહેવામાત્ર નથી, ચાખવામાં (–અનુભવમાં) સ્વાદ છે; (એ સ્વાદ) જેણે ચાખ્યો તે જાણે છે, લખાણમાં (તે) આવતો નથી.’** આટલું આવે છે. આથી વધારે નથી આવતું. લખાણમાં નથી આવતું એટલે કહીએ એટલું આવે છે. બાકી આથી વધારે નથી આવતું. જેણે ચાખ્યો હોય એ જાણે છે. અને જેણે ચાખ્યો એણે એવો રસ લાગ્યો કે હવે એ સ્વાદને છોડતો નથી. ચાખ્યો એણે પાછો કેવો ચાખ્યો? કે પછી એને બીજો સ્વાદ ભાવતો નથી. આત્માના સુખનો સ્વાદ જેણે ચાખ્યો એને બીજું સુખ સુખરૂપે લાગતું નથી.

**‘આ તરફ બાહ્યમાં દેખી દેખીને અંતરને વિસર્યો છે...’** પરપદાર્થ સન્મુખ થઈને પરપદાર્થને દેખી દેખીને પોતાના સ્વરૂપને ભૂલી ગયો, વિસર્યો છે. **‘તેથી જ ચોરાશીમાં લોટે (–ભટકે) છે.’** ચોર્યાશી લાખ યોનિમાં જન્મ-મરણ કરે છે એનું કારણ પોતાને ભૂલ્યો છે. **‘જેમ લોટનજડીને દેખી દેખીને બિલાડી લોટે છે,...’** લોટનજડી નામની એક વનસ્પતિ થાય છે. બિલાડીના ટોપ નથી કહેતા? ઉકરડામાં થાય, બગીચામાં થાય. બિલાડી એને જોવે એટલે આમ આમ થાય. એ જાતનું કોઈ એને રંગનું આકર્ષણ હશે. એ જાતની આકૃતિને જોવે એટલે આમ આમ થવા માંડે. એટલે એમ લાગે કે બિલાડી નાચવા કેમ લાગી?

મુમુક્ષુ :- બિલાડીના ટોપ કહે એ જ લોટનજડી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, લોટનજડી તો બિલાડી લોટે છે એમ કહે છે. લોટનજડીને દેખી દેથીને એટલે એનું નામ લોટનજડી પાડ્યું. એને જોઈને એ લોટે છે માટે એનું બિલાડીનું ટોપ. ટોપ કહો કે એને લોટનજડી કહો.

મુમુક્ષુ :- બિલાડીના ટોપ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ એને જોઈ જોઈને લોટે છે.

**‘તેમ બાહ્યમાં દેખી દેખીને જીવ ભટકે છે.’** એને ટોપ જોવો ગમે છે આમ આમ થયા

કરે છે. એમ આ બહારમાં બાહ્ય પદાર્થોને જોઈ જોઈને પોતે ભટકે છે. '**જો બાહ્યમાં દેખવાનું છોડે તો લોટવાનું છૂટે; માટે પર દર્શન મટાડી નિજ અવલોકનવડે આ મુક્તપદ છે, અનુભવ છે, અનંત સુખ (રૂપ) ચિદ્વિલાસનો પ્રકાશ છે.**' બહારમાં જે પદાર્થો દેખાય એનું ઇષ્ટ-અનિષ્ટપણું ન ભાસે તો રસ શું આવે? લોટે છે એ તો ઇષ્ટપણું રાખીને કે અનિષ્ટપણું રાખીને લોટે છે. જે છે ઈ છે. નિરસ થઈ ગયેલું જ્ઞાન એના લક્ષમાં એ રહેશે નહિ.

જ્ઞાન બે કામ કરે છે. જાણે છે એટલું જ નહિ, લક્ષપૂર્વક જાણે છે. પરપદાર્થને પરલક્ષે જાણે છે. હવે લક્ષ કરવાનું સમજે નહિ અને પરને જાણવાનું છોડવાની વાત કરે તો એ સમજતા નથી. એક જ જ્ઞાનમાં બે પ્રકારની પ્રક્રિયા છે. પરનું જાણવું અને પરનું લક્ષ કરવું. તો પરનું લક્ષ છોડાવવું છે પહેલા. હવે ... એ એવી રીતે જાણ્યું કે હું પરને જાણું છું માટે મને રાગ-દ્વેષ થાય છે. એમ નથી ખરેખર. સ્વલક્ષ સહિત પરને જાણ ... એટલે આત્માનું લક્ષ કરાવવા 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાય.' તું પરલક્ષ મટાડી દે. પછી પર જણાશે તોપણ તને કાંઈ નુકસાન થશે નહિ. પર જાણવાથી નુકસાન નથી પણ પરલક્ષે પરને જાણવાથી નુકસાન છે. જ્ઞાનીઓ પરને જાણે છે એને કાંઈ નુકસાન નથી થતું. અને કેવળી પણ સર્વથા પરને જાણે છે, ... પરને જાણે છે તોપણ નુકસાન નથી. કેમકે ત્યાં તો લક્ષનું નામનિશાન જ નથી. સંપૂર્ણ અંતર્મુખ છે. પછી જાણવાનો દોષ નથી. વાત છે લક્ષ ફેરવવાની, પહેલા મૂળમાં વાત લક્ષ ફેરવવાની છે. લક્ષ ફરે તો કોઈ ઉપાધિ આવતી નથી.

મુમુક્ષુ :- સરસ વિષય આવ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- શું કીધું? '**બાહ્યમાં દેખી દેખીને જીવ ભટકે છે. જો બાહ્યમાં દેખવાનું છોડે...**' પરલક્ષ છે એટલે બહારમાં એ દેખે છે. પરલક્ષ મટાડે તો એને બહારમાં દેખવાનો કોઈ ચાર્મ નથી રહેતો. પછી જે કાળે જે જ્ઞાનમાં જે જ્ઞેય થવાનું હોય તે થાય પણ એને લક્ષ નથી એટલે કાંઈ ઉપાધિ નથી, એને કાંઈ આકર્ષણ નથી. પરને જાણવાથી એને કોઈ નુકસાન નથી અને દોષ નથી આવતો. '**માટે પર દર્શન મટાડી નિજ અવલોકનવડે આ મુક્તપદ છે, અનુભવ છે,...**' નિજ અનુભવ છે '**અનંત સુખ (રૂપ) ચિદ્વિલાસનો પ્રકાશ છે.**'

બીજું શું છે કે પરવેદન તો થતું જ નથી. જ્યાં પરલક્ષ છે ત્યાં નિજવેદન તિરોભૂત થાય છે. પણ જ્યાં સ્વલક્ષમાં આવે છે અને પરલક્ષ મટે છે એટલે નિજવેદન આવિર્ભૂત થાય છે. અને એમાં જ્ઞાન થાય છે કે જ્ઞાનમાં પર વેદાતું નથી. જણાય અને વેદાય નહિ તો એની કોઈ ઉપાધિ નથી. વેદાય ત્યારે ઉપાધિ ગ્રહણ કરે છે કે આ સારું લાગ્યું અને આ ખરાબ લાગ્યું. એ રીતે એકત્વ છૂટી જાય છે.

સંકરદોષ તે દોષ છે. પછી એ જ્ઞેય-જ્ઞાયક સંકરદોષ હોય તોપણ દોષ છે અને ભાવ્ય-ભાવક સંકરદોષ હોય તોપણ દોષ છે. એ સંકરદોષને દોષ કહે છે. જાણતા સંકરદોષ કરે જ્ઞેયજ્ઞાયકપણે કે ભાવ્યભાવકપણે ત્યારે એ દોષિત છે. પણ જાણે અને સંકરદોષ ન થાય તો જાણવાનો દોષ નથી. કેમકે જાણવું સ્વભાવ છે એટલા માટે.

મુમુક્ષુ :- સંકરદોષ એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- સંકરદોષ એટલે એકત્વ થવું. ભેળસેળ—એડલ્ટ્રેશન, તન્મય થવું, એકાગ્ર થવું, પરપ્રવેશભાવ જેને કહેવામાં આવે છે. જેમકે આપણે અત્યારે સ્વાધ્યાય કરીએ છીએ. તમારો ઉપયોગ સાંભળવામાં છે કર્ણેન્દ્રિય ... એમાં બીજો અવાજ આવે છે. આ ચકલાનો અવાજ આવે છે, કોઈ પક્ષી ઉડી જાય, કોઈ સંગીત વાગે આ તે, વાહન નીકળે. ત્યારે તમને એમ થાય કે મને આ બીજો આવ્યો એમાં દખલ થાય છે. ત્યારે તમારા જ્ઞાનમાં બીજો શબ્દ જાણે આવતો હોય એમ તમારા જ્ઞાનને વિક્ષેપ કરતો હોય એવો તમે અનુભવ કરો છો. એ ખોટો અનુભવ છે. કેમકે તમે શબ્દને જ્ઞાનમાં ભેળવ્યો. શું કર્યું એ વખતે? જે શબ્દ તમારા જ્ઞાનથી બહાર છે અને દૂર છે એને તમે તમારા જ્ઞાનમાં અંદર ભેળવ્યો. પણ તમારું લક્ષ નહોય તો? સાંભળવામાં એટલા એકાગ્ર હોય કે બીજો અવાજ તમને સંભળાતો હોય છતાં ન સંભળાય. કેમકે કાનના કોડિયાને ઢાંકણા નથી. સંભળાવા છતાં સંભળાતું નથી એનું નામ દુર્લક્ષપણું છે. લક્ષ ફેરવો. પહેલું કામ લક્ષ ફેરવવાનું છે. પછી કોઈ ચિંતા નથી. જો જ્ઞાનમાં લક્ષ ફરી જાય તો જ્ઞાન શું જાણે છે અને શું નથી જાણતું એને ચિંતા કરવાની જરૂર નથી. પરને જાણે છે કે નથી જાણતું એની ચિંતા કરવાની કોઈ જરૂર નથી. મૂળ ચાવી આ છે આ વિષયની. કેટલું ઊંડેથી કાઢ્યું હશે 'શ્રીમદ્‌જી'એ! 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુ-ખદાયી.' 'જિનપદ નિજપદ એક્તા ભેદભાવ નહિ કાંઈ, લક્ષ તવાને તેહનો.' જિનપદ એવું જે નિજપદ છે એનું લક્ષ તવા માટે આ બધા શાસ્ત્રો લક્ષ ફેરવવા માટે છે. એકવાર લક્ષ ફરી ગયું, કોઈ ચિંતા નથી. લક્ષ ફેરવે નહિ અને ગમે તે કરે નહિ. હજાર શાસ્ત્રો વાંચે, હજાર શાસ્ત્રો સાંભળે, હજાર આત્માના વિકલ્પો કરે. લક્ષ ન કરે ત્યાં સુધી બધું નકામું છે. આ વિજ્ઞાન છે.

હવે '**અનંત સંસાર કેમ મટે?**' એ વિષયનું સ્પષ્ટીકરણનું આ એક પ્રકરણ લખ્યું છે. '**કોઈ કહે કે સંસાર અનંત છે. તે કેમ મટે?**' આવી જેને જિજ્ઞાસા છે એનું સમાધાન આપે છે, હોં! સંસારમાંથી છૂટવાની જેની જિજ્ઞાસા છે એને માટે સમાધાન છે. પણ અમને મજા આવે છે ખાવામાં, પીવામાં લહેર કરીએ છીએ. બધી અનુકૂળતા અને સગવડતાઓ છે. કોઈ તકલીફ અમને નથી તેથી અમને કાંઈ વાંધો નથી. એને એમ કહે છે કે તું હજી પરિભ્રમણ કર. હજી તારે છૂટવાનો સમય નજીક દેખાતો નથી.

**'તેનું સમાધાન :- વાંદરાનું ફસાવું એટલું જ છે કે મૂઠીને છોડતો નથી;...'** બહુ ટૂંકામાં આ પદ્ધતિ છે. 'ધર્મદાસજી'ની પણ આ પદ્ધતિ છે. 'દીપચંદજી'એ પણ આ પદ્ધતિ લીધી છે. વાંદરાનું ફસાવું એટલે એક ઘડાની અંદર દાળિયા (ભર્યા હોય). દાળિયા બહુ ભાવે વાંદરાને. આપણે 'ઈડર'માં દાળિયા નાખીએ છીએ ને. દાળિયા બહુ ખાય વાંદરા. એક ઘડાની અંદર દાળિયા ભરેલા છે. વાંદરાએ જોયું કે છે. મારી ભાવતી ચીજ તો આ ઘડામાં છે. હાથ નાખ્યો, મૂઠો ભર્યો. થોડા તો લેવા ગમે નહિ. તો સરખો મુઠો ભર્યો. મુઠો ભરીને હાથ કાઢવા ગયો તો હાથ નીકળે નહિ. એને થયું કે હાથ મેં નાખ્યો હતો. .. કૂદ્યા કરે. એને બાંધે તો કૂદે કેટલું? એટલે એકદમ ભય થઈ જાય છે કે મને પકડ્યો, હું ફસાઈ ગયો. ચણા લેવા ગયો એમાં હું ફસાઈ ગયો. મને ઘડાએ પકડ્યો... મને ઘડાએ પકડ્યો. માંડે રોવા. એમ વાંદરાનું ફસાવું એટલું છે કે મુઠ્ઠીને છોડતો નથી. જો ચણા છોડી દે તો હાથ નીકળી જાય બહાર. ચણા મૂકવા નથી એની ફસામણ એને લાગે છે.

એમ સંસારના પદાર્થોને મૂકવા નથી. આ સારું છે... આ સારું છે... આ સારું છે.. એમ કહે કે ભાઈ! શું કરીએ એવા સંસારમાં ફસાણા છીએ ને, એવા સંસારમાં ફસાણા છીએ ને. ભાઈ! તેં બચકો બાંધ્યો છે એટલે તું છૂટતો નથી. મુઠ્ઠીમાં તો તેં સંસારને પકડ્યો છે. સંસારે તને પકડ્યો નથી. પણ આ સારું... આ સારું... મારું ઘર બહુ સારું છે, મારુ કુટુંબ બહુ સારું. મારી આબરૂ પણ બહુ સારી. મારું શરીર સારું. બધું સારું. મારે આ બધું સારું. આ સારું... આ સારું... આ સારું... બસ! આ મુઠ્ઠીમાં પકડ્યું છે. આ એમાં ફસાણો છે, બીજું કાંઈ નથી. વાંદરાનું ફસાવું એટલું જ કે મુઠ્ઠી છોડતો નથી. ઘડાએ એને નથી પકડ્યો કાંઈ. ઘડાને એને પકડતા આવડતો નથી કે વાંદરાને કેવી રીતે પકડવો. એમ સંસારને ખબર નથી કે જીવને કેવી રીતે ફસાવવો. પણ જીવ પોતે મુઠ્ઠીમાં બચકો ભરે છે.

**'પોપટનું ફસાવું એટલું જ છે કે નળીને છોડતો નથી.'** એને એમ થાય છે કે મને પકડ્યો અને ઊંધો કરી નાખ્યો. ખોટી વાત છે. છોડી દે ભૂંગળીને તો જાય આકાશમાં ઉડવા. એને એમ થાય છે કે ઘર વગર કેમ રહેવાય? અનાજ વગર કેમ રહેવાય? જમવામાં રોટલી વગર કેવી રીતે જીવાય? એ આ ભૂંગળીને છોડતો નથી. નિરાલંબ નિરપેક્ષ અનંત જીવત્વશક્તિને લઈને સદાય જીવે કોઈના વગર, એક પરમાણુના આધાર વગર, અપેક્ષા વગર જીવે એવો જીવનો સ્વભાવ છે. એને જીવવા માટે કોઈની જરૂર નથી. હવાની, પાણીની, અનાજની, સગાની, સંબંધીની, કુટુંબની, ઘરની, બહારની, પૈસાની કોઈની જરૂર નથી. શક્તિએ એવો છે. પણ વિશ્વાસ આવવો જોઈએ.

મુમુક્ષુ :- છોડીને જંગલમાં જઈએ ત્યારે ને?

પૂજ્ય ભાઈશ્રી :- જાય, ન જાય કોઈ સવાલ જ નથી. મૂળ મુઠ્ઠી છોડી દે. ગમે ત્યાં હોય પહેલા મુઠ્ઠી છોડી દે. મુઠ્ઠી છોડ્યા વગર જંગલમાં જાશે તો ત્યાં પક્કડ આવશે. મારું ઘર આવું હતું, આવું સરસ મારું ઘર હતું, આવો સરસ મારે પરિવાર મજાનો હતો. ત્યાં સાંભરશે ગયા પછી. જંગલમાં જઈને સાંભરશે. પછી શું કરશે? ઘરમાંથી ગયો જ નથી. હજી ઘરમાં જ સલવાણો છે. બહાર જ નથી ગયો.

આ દીક્ષા લે છે. પછી એક કુટુંબને બદલે કેટલા કુટુંબમાં મમત્વ કરે છે? અમે 'ભાવનગર'માં જઈએ તો પચ્ચીસ કુટુંબ એવા છે અમારી બાજુના, આપણા ઘરવાળા કરતા બધું કામ સારામાં સારું કરે. એટલી સેવા કરે. અને 'રાજકોટ'માં જાય તો ત્યાં પણ એવા ૨૫-૫૦ છે. અને 'અમદાવાદ'માં જઈએ તો ત્યાં પણ ૫૦-૧૦૦ એવા છે પાછા. એક કુટુંબ છોડ્યું અને સેંકડો કુટુંબ કરી નાખ્યા. બધે મમતા. બધાના સમાચાર પૂછે. ફલાણાનું કેમ આજ કેમ નથી દેખાણા? એ કેમ ન આવ્યા? ખબર નથી અમે આવવાના હતા? મહા-રાજ પધારવાના હતા ખબર નથી? કહેવરાવ્યું નથી તમે? .. સમાચાર કહેજો આવી જાય. રાહ જોઈને બેસે. એની અંદર ઘરના થઈ ગયા કે નહિ? એક ઘર છોડ્યું ને કેટલા ઘર કર્યા? આ પરિસ્થિતિ છે. એના કરતા ઘરમાં (રહીને) મમત્વ છોડે એટલું કરવાનું છે. બીજા એના સ્થાનમાં હોય એનો વાંધો નથી. ઘર ઘરના સ્થાનમાં, કુટુંબ કુટુંબના સ્થાનમાં. પરિણામમાં પલટો મારે.

'**કૂતરાનું ફસાવું એટલું જ છે કે તે ભસે છે.**' બીજો ભસે એટલે એ પણ ભસે છે. કો'ક ચોર આવ્યો લાગે છે, કો'ક ચોર આવ્યો લાગે છે. એને કાંઈ ખબર નથી ચોર ક્યાં છે. '**કોઈ ત્રણ વાંકવાળી દોરડીમાં સર્પ માને છે.**' વાંકીચૂકી દોરડી પડી છે. સર્પ એવો વાંકોચૂકો ચાલે છે એટલે એને ભય થાય છે. લાગે છે સર્પ. એમાં એક બાજું ગાંઠ મારી હોય એક છેડે. તો કહે, અહીંયાં મોઢું લાગે છે. બરાબર છે, સર્પ જ છે. પણ દોરડી કાંઈ કરડે નહિ. કલ્પના થાય છે જીવને એમ કહે છે. ગમે તે પદાર્થ જોઈને સારાની, નરસાની, ભયની એ બધી કલ્પના થાય છે. '**દોરડીમાં સર્પ માને છે. ત્યાં સુધી જ (તેને) ભય છે. મૃગ, મૃગજળમાં જળ માનીને દોડે છે, તેથી જ દુઃખી છે.**' ત્યાં પાણીનો છાંટો પણ નથી અને ત્યાં પાણી માનીને દોડે છે અને દુઃખી થાય છે.

'**તેમ આત્મા પરને પોતારૂપ માને છે, એટલો જ સંસાર છે,...**' કેટલો સંસાર છે? પોતાની માન્યતાનો સંસાર છે. પરને પોતારૂપ માને છે એટલો સંસાર છે. પરમાં પોતાપણું ન માને એટલે એને સંસાર નથી. જાવ. '**પરને પોતારૂપ માને છે,...**' એના ફળમાં જન્મે છે, એના ફળમાં મરે છે, એના ફળમાં ચૌર્યાશી લાખ યોનિમાં રખડે છે. બસ! આટલી વાત

છે. બહુ દુઃખી થાય છે. સંસારમાં ઘણો દુઃખી થાય છે. કારણ કે પરને પોતાપણે માન્યું એટલું જ, આથી વધારે કોઈ કારણ નથી. સ્વપ્નામાં ઘણા સંયોગો મળ્યા. સપનું ગયા પછી ખલાસ.

મુમુક્ષુ :- આમાં કોઈ ક્રિયા આવી નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- માન્યતા કરી એ ક્રિયા હતી. સાચી માન્યતા કરી એ પણ ક્રિયા થઈ. ખોટી માન્યતા એ ક્રિયા હતી અને સાચી માન્યતા કરી એ પણ ક્રિયા છે. બસ! માન્યતાની ક્રિયા પહેલા કરવાની છે.

**'તેમ આત્મા પરને પોતારૂપ માને છે, એટલો જ સંસાર છે,...'** અને એમાં જ નરક-નિગોદ આદિના ભવ પડ્યા છે. જે પરને પોતારૂપે માન્યો એમાં નરક નિગોદના ભવ પડ્યા છે. આમ છે.

મુમુક્ષુ :- દોઢ લીટીમાં તો ફેંસલો બોલાવી દીધો.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે.

પરને પોતારૂપ માન્યો એ જ ભવ છે, એ જ ભવનું કારણ છે. એ જ દેહ છે અને એ જ દેહના રોગનું કારણ છે. પીડાનું કારણ પણ એ છે. અને એ જ નરક નિગોદમાં જવાનું કારણ છે. એટલો જ સંસાર છે.

**'ન માને તો મુક્ત જ છે.'** એમ આત્મામાં કાંઈ આવી ગયું નથી અને ભળી ગયું નથી. માન્યતાએ દુઃખી છે, માન્યતાએ સુખી છે. કલ્પનામાત્ર છે. એ સિવાય બીજું કાંઈ નથી. **'જેમ એક નારીએ કાષ્ટની પૂતળી બનાવીને,...'** આ દૃષ્ટાંત છે 'અનુભવપ્રકાશ'માં. લાકડાની પૂતળી પોતાની સાઈજની બનાવી. **'તેને અલંકાર-વસ્ત્ર પહેરાવીને પોતાના મહેલમાં પથારીમાં સુવાડી રાખી, (અને તેને) લૂકડાથી ઢાંકી દીધી. ત્યાં, તે નારીનો પતિ આવ્યો, તેણે એમ જાણ્યું કે મારી નારી શયન કરે છે. તેને હલાવે, પવન નાંખે, પરંતુ તે (પૂતળી) તો બોલે નહિ.'** એમ થાય કે કાંઈક તકલીફ લાગે છે. બોલી શકતી નથી. બેભાન થઈ છે કાં તો. અને કાં તો એટલી વેદના લાગે છે કે એને બોલવાની શક્તિ નથી રહી. તે ખુબ સેવા કરે. **'પવન નાંખે,...'** હલાવે-ચલાવે પણ કાંઈ બોલે નહિ. **'પરંતુ તે (પૂતળી) તો બોલે નહિ. આખી રાત બહુ સેવા કરી.'** આખી રાત જાગ્યો, ઉજાગરો કર્યો. ખૂબ સેવા કરી. **'પ્રભાત થયું ત્યારે તેણે જાણ્યું કે (આ તો) કાષ્ટની (પૂતળી) છે.'** આ ક્યાં સ્ત્રી છે? આ તો લાકડાની પૂતળી છે. **'ત્યારે તે પસ્તાયો કે મેં જૂઠી સેવા કરી.'**

**'તેમ (અનાદિથી) આત્મા પર અચેતનની સેવા વૃથા કરે છે.'** જેટલી સેવા કરે છે એટલી જડ અને પુદ્‌ગલની સેવા કરે છે, અચેતનની સેવા કરે છે. બહુ દૃષ્ટાંત લીધા છે

આમાં. ઘણા દૃષ્ટાંતો લીધા છે. એક માણસ.. જુઓ! કેવી રીતે કહે છે.

એક માણસ સમજણો થાય છે. એને ખબર પડે છે કે મારે મારા કુટુંબ પરિવારનું ભરણપોષણ, પાલનપોષણ કરવું જોઈએ એટલું જ નહિ પણ મારે તો મારા કુટુંબને એવી સંગતિમાં રાખવો જોઈએ, એવા સુખીપણે રાખવો જોઈએ અને એવા સરખી રીતે (રાખું કે) એને બધાને એની ઈચ્છા પ્રમાણે મળે. જેને જેવી ઈચ્છા થાય એવું બધું લાવી દઈએ, એ બધું એને મળી શકે. એવી રીતે મારે બધું કરવું જોઈએ. ખૂબ મહેનત કરે. બહુ પરિશ્રમ કરે.

પછી જ્યાં ઓચિંતુ મૃત્યુ નજીક આવે, કાંઈક એકાદો હૃદયમાં વાલ છે એ કામ કરતો બંધ થાય. ડોક્ટર એમ કહે કે ભાઈ! ગડબડ છે મોટી. આમાં અમારું કાંઈ કામ આવે એવું હવે નથી. એને એમ થાય કે મહેનત તો બહુ કરી. આખી જિંદગી આ બધા માટે મહેનત કરી આપણે. હવે આમાં તો મારા પૈસા કામ આવે એવું નથી અને આ પરિવાર પણ કામ આવે એવું નથી. એક જણને એમ કહો કે તમારો વાલ કાઢીને મને બેસાડી દ્યો. તમારો વાલ કાઢતા તમતે વયા જાશો. હા પાડે? ન હા પાડે? ડોક્ટરે એમ કહે, બચવાનો એક રસ્તો છે. બીજો જીવતો હોય એનો વાલ કાઢી નાખો. એ વયો જાય અને તમે બચી જાવ. કેમકે તમે આખા કુટુંબનું ભરણ-પોષણ કરો છો. આ બધાના ભરણપોષણ માટે તમને રાખી દઈએ. એકાદાને ઓછો કરો. કોઈ હા ન પાડે. પાડે હા કોઈ? એકેય હા ન પાડે? પછી ઓલાને ખબર પડે કે ત્યારે આ તો મેં પૂતળીની સેવા કરી. જીવતાની સેવા નથી કરી પણ જડ પૂતળાની સેવા કરી છે. આમ બરાબર એને દેખાય જાય સંસારનું સ્વરૂપ. સગા કેટલા સગા? સગા તે કેટલા સગા? એમાં પાછો વૃદ્ધ થઈ ગયો હોય. તો શું કહે ઓલા? કે બાપા! અમથા તમે તો જવાની તૈયારીમાં છો. આમેય નકામા છો ને તમે. તમે શું કરવા બીજાને મારીને જીવવાની વાત કરો છો?

ડોસા એમ કહે કે ભાઈ એકાદો કો'ક મને આપો. આખી જીંદગી તમારા માટે મહેનત કરી. સાવ આ તો આપણે હેન્ડ ટુ માઉથ—હાથે-પગે હતા એમાંથી આટલી બધી સમૃદ્ધિની છોળોમાં મારી જિંદગીનો મારો પરિશ્રમ અને મહેનત છે. અને તમને અહીં સુધી લઈ આવ્યા સમૃદ્ધિની છોળોમાં. હવે એકાદ જણો તો કો'ક વાલ આપો. મારે હજી જીવવું છે. હજી મારે નથી મરવું. તો કહે, પણ હવે તમે નકામા છો. તમે શું કરવા માગણી કરો છો? એમ જ કહી દે. તમારું હવે કાંઈ કામ નથી. માંડો હાલવા અહીંથી.

મુમુક્ષુ :- જાવાજોગ છો.

પૂજ્ય ભાઈશ્રી :- હવે તમે જાવાજોગ છો. હવે રહેવાજોગ નથી એમ કહે. મેં તમારે આટલું કર્યું. એમાં શું થયું? તમારી ફરજ હતી. અમે કરીએ જ છીએ ને હવે. અમે અમારા

કુટુંબ પરિવારનું, તમે તમારા કુટુંબ પરિવારનું કર્યું. અમે અમારા કુટુંબ પરિવારનું કર્યું. ત્યારે એને ખ્યાલ આવે કે મૂર્ખામી તો મેં ઘણી કરી. મારું હિત કરવાનો વખત હતો એ વખત મેં આમાં બગાડ્યો. હવે આ બધા કહે છે કે તમે મૂર્ખતા કરી એમાં અમે શું કરીએ? શું કહે? મૂર્ખાઈ તમે કરી એમાં અમે શું કરીએ? એમાં અમારો શું વાંક? એમ કહે. એવું છે.

'**તેમ (અનાદિથી) આત્મા પર અચેતનની સેવા વૃથા કરે છે.**' અચેતન કે ચેતન હોય પણ પરની સેવા વૃથા કરે છે. '**જ્ઞાન થતાં તે જાણે છે કે આ જડ છે ત્યારે તે તેનો સ્નેહ ત્યાગે છે અને સ્વરૂપાનંદી થઈને સુખ પામે છે.**' જ્યારે એને ભિન્નતાની ખબર પડે છે ત્યારે એને ભ્રમ છૂટી જાય છે. પછી એને પોતાનો આનંદ મળે છે અને સાદિઅનંત કાળ પર્યંત શાશ્વત સુખને પામે.

**તા. ૭-૭-૧૯૯૧, પાના નં. ૯૩**
**પ્રવચન નં. ૨૩**

... કોઈપણ વિષય ક્યારે લંબાઈ કે જ્યારે એનો રસ આવે ત્યારે. નથી લંબાતો એનો અર્થ શું? કે રસ નથી પોતાનો. રસ ક્યારે આવે જીવને? હિત ભાસે તો આવે. કોઈ જીવને રસ ક્યાં છે? પોતાનું સુખ છે અને પોતાનું હિત છે ત્યાં રસ છે. જ્યાં પોતાનું સુખ અને પોતાનું હિત નથી ત્યાં રસ નથી. ગામનું છ માળનું મકાન જોઈને કાંઈ રસ આવે છે? પોતાનું જેટલું છે એટલું સરખું રાખવાનો રસ આવે તો બધું વ્યવસ્થિત રાખો. આપણા ઘરમાં જેટલું છે એટલું બધું વ્યવસ્થિત રાખો. એ કાર્યમાં રસ આવશે. ભલે નાનામાં નાનું હોય. કેમકે પોતાપણું છે. મારું હિત છે, મારું સુખ છે એવું લાગે તો રસ આવ્યા વિના રહે નહિ અને એ એવો રસ આવે કે એ રસ છોડવો ગમે નહિ. બીજા કામમાં એ રસ ચાલુ રહી જાય.

મુમુક્ષુ :- ખરેખર હિત પાછળ ઊંડો વિચાર નથી કર્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નથી કર્યો. નહિતર તો આ રસ એવો છે કે બીજા ઉદય તો આવવાના જ પાછા, એના ક્રમથી ઉદય તો શરૂ થવાના જ બધાય પણ એમાં રસ ન રહે અને આનો રસ ચાલુ રહી જાય. આ એવો રસ છે. અન્યમતિમાં આ વેદાંતમાં તો બહુ દૃષ્ટાંત છે. એને બ્રહ્મરસ કહે છે. એ રસ એવો છે કે પછી એને બીજું ગમે તે કરે તો એ રસ છૂટતો નથી. હરિરસ કહે છે એને. આ ઈશ્વરકર્તાવાળા એને હરિરસ કહે છે. હવે એકવાર હરિરસ ચાખ્યો પછી બીજું કાંઈ એને ભાવે નહિ. એવા તો એ લોકો હોય છે. કલ્પનામાં આટલા બધા તન્મય થાય છે. કોઈ બીજો આત્મા, પરમાત્મા કોઈ બીજો મળે એમ નથી પણ છતાં.

મુમુક્ષુ :- સાહસ ખેડવાની જે વાત આવે છે એમાં પરિણામમાં સાહસ ખેડવાની વાત છે. પરિણામનું સાહસ. પરિણામમાં અંતરંગમાં...

પૂજ્ય ભાઈશ્રી :- માણસને બીક લાગે છે કે ભાઈ, આપણું ધ્યાન ધંધામાં ઓછું થઈ જશે તો? આપણો ધંધો બગડી જશે તો? એમાં કાંઈક નુક્સાન જાશે તો? આમ લાગે છે ને? એવા બધા વિકલ્પો ઉત્પન્ન થવાના ને. એ બધું આવવાનું. કારણ કે એ બધી મમતામાં

જે રસ લીધા છે એટલે જેવા આ બાજુ વળશે એટલો ઓલો સામો આવવાનો જ છે. સામે પોતાના પરિણામ આવવાના જ છે. એ ભયના અને એ બંધી અંદરની જેને એમ કહીએ કે એ તો વિગ્રહ શરૂ થાય છે. એક ઘર્ષણ શરૂ થાય છે. પોતાની માન્યતા અને પોતાના પરિણામ સાથેની, પોતાના રસ સાથેની લડાઈ શરૂ થાય છે. એક વખત તો લડાઈ કરવી જ પડે એમ છે અંદર. એ વગર અંદરના દુશ્મન મરે એવું નથી. અરિહંતાણં ક્યાંથી બોલીએ છીએ? અંદરના દુશ્મનોને હણી નાખ્યા. કેવી રીતે હણી નાખ્યા? કે નિર્દય થઈને હણી નાખ્યા. એમાં પછી દયા નહોતી રાખી. આમ દયાના સાગર છે પણ પોતાના દુશ્મનને હણવામાં નિર્દય થઈને હણે. નમો અરિહંતાણં. એનું નામ અરિહંતાણં છે. દુશ્મનની સામે તો લડવું જ પડે. બીજો રસ્તો નથી. આવશે, બધા સામે આવશે. જેટલા જેટલા ભાવ ભાવ્યા છે પોતાના સ્વરૂપથી વિરુદ્ધ અને જે જે રસ લીધા છે એ રસ વિપાકથી જે જે કર્મો બંધાણા છે એ વિપાક આવવાના સામે અને એ પ્રકારના ખેંચાણ પણ થવાના પરિણામમાં. પણ પોતે શક્તિવાળો ઘણો છે. અનંત શક્તિનો ધણી છે. ગમે તે સામો આવે તો પહોંચી વળે એવો છે. ઈ પહોંચે. પણ લડવું પડે. ન લડે એવું નહિ, લડવું તો એણે પડે. એકવાર તો અંદરમાં ઘર્ષણ થાય, થાય ને થાય.

લડાઈમાંથી પસાર થાય અને લડાઈ જીતી જાય પછી શાંતિ છે. પછી રસ્તો મોકળો છે. પણ એક વખત તો સામે લશ્કર આવવાનું છે અને એની સામે બરાબર લડવાનું છે. આખા જગતને જીતવું સહેલું છે, અંદરના દુશ્મનોને જીતવા એટલા સહેલા નથી એમ કહે છે. આ લોકોમાં તો બધી બહુ પદ રચના છે. 'હરિનો માર્ગ છે શૂરાનો નહિ કાયરનું કામ જો ને.' આ શુરવીરનો માર્ગ છે. કાયર માણસોનું કામ નથી. કેવો શુરો? કે 'પ્રથમ પહેલું મસ્તક મૂકી વળથી લેવું નામ.' આ માર્ગે ચડવું હોય તો માથું મૂકવાની છે તારી તૈયારી? એમ કહે છે. એક વાર માથુ ઉતારીને દેવું હોય તો દેવા તૈયાર છું. એક મરણિયો સોને ભારે પડે એમ કહે છે કે નહિ? મરવા તૈયાર થયો એટલે ખલાસ. એવી તૈયારી (જોઈએ).

આ લોકોમાં શીખોમાં એક આવે છે ઈતિહાસનો પ્રસંગ ગુરુગોવિંદસિંહનો. મુસલમાનોની વસ્તી વધતી જતી હતી. એ લોકો બધાને મુસલમાન બનાવતા હતા. હિન્દુ સ્ત્રીઓને પરણીને પણ એ લોકો બધાને મુસલમાન કરતા હતા. અને રાજ એ લોકોનું હતું. બળવાન લશ્કર, બધું એની પાસે બળ હતું. પછી આ શીખ પ્રજા છે એ બહુ જનુની અને ધર્મચુસ્ત પ્રજા છે. નદીની સામે સામે પડાવ હતો. આ બાજુ મોટુ મોગલ સૈન્ય પડ્યું છે. આ બાજુ બહુ નાનુ શીખોનું સૈન્ય હતું. સામે સામે લડે તો હારી જ જાય. એમાં કાંઈ બીજો પ્રશ્ન હતો જ નહિ. પણ વચ્ચે નદી હતી એટલે ઘા દૂર ઊભા ઊભા કરતા હતા બધા. તોપના ગોળા

અને પિસ્તોલના. વચ્ચે મોટી નદી હતી. એક દિ' રાતે ગુરુગોવિંદસિંહે છે એણે મીટીંગ કરી રાત્રે બાર વાગે. માથુ ઉતારીને હું એમ કહું કે અત્યારે તમે તમારા હાથે મને તમે તમારું માથું ઉતારીને દ્યો તો પોતાની ચોટલી પકડીને પોતાની તલવારથી ડોકું ઉડાડી દે અને કહે, લ્યો આ મારું માથું. એટલા મારી સાથે રહે અને બાકીના બધા અહીંથી વયા જાય. મારી સાથે લશ્કરમાં ન જોઈએ. મારા લશ્કરમાં માથુ ઉતારીને દે એટલા એક બાજુ આવી જાય. બાકી બધા ઘરે વયા જાવ. તમારા કુટુંબ-પરિવાર ભેગા વયા જાવ. અહીંયાં મારી સાથે કામ નથી. એટલે મારો હુકમ થયો એ પ્રમાણે તમે બધા માથુ ઉતારીને દેવા તૈયાર છો.

એવા નીકળ્યા અમુક માણસો. જેટલા નીકળ્યા એને એમ કીધું કે આ રાત્રે બાર વાગ્યા છે. મૂકો નદીમાં પડતું. અત્યારે તરીને સામે વયા જાવ. અડધી કલાક, કલાકમાં તમે સામે કાંઠે પહોંચશો. આખું સૈન્ય સૂતું હશે. ભલે મોટું સૈન્ય રહ્યું. ઊંઘતુ સૈન્ય છે ને તૂટી પડો. ખલાસ. એ બધા મુસલમાનોને કાપી નાખ્યા. મુઠ્ઠીભર માણસોએ મોટા સૈન્યના બધાને (કાપી નાખ્યા). કારણ કે ઓલા લોકો હજી જાગે, શસ્ત્ર સંભાળે એ પહેલા તો આ લોકોએ ફટાફટ મારી નાખ્યા. અને એ લડાઈ હારી ગયો મુસલમાન બાદશાહ. નહિતર એમ કહેવાય છે કે જો આ લડાઈ શીખ ન લડ્યા હોત તો અત્યારે બધાય મુસલમાન હોત હિન્દુસ્તાનમાં. હિન્દુ જ ન હોત એમ કહે છે. એ લોકોની ભાષામાં એમ કહે છે. બધા મુસલમાન કરી નાખ્યા હોત. કોઈ હિન્દુનો બચ્ચો જીવતો ન રહેવા દીધો હોત. બધાને વટલાવીને મુસલમાન કરી નાખ્યા. એક હાથમાં તલવાર અને બીજા હાથમાં કુરાન. બોલ મુસલાન થા છો કે તલવારથી મારી નાખું? એમ કહે. એવી પરિસ્થિતિ થાય.

આ તો એક બહારનો પ્રસંગ હતો. દેશનો, જાતનો, સંપ્રદાય ... હવે અહીં તો પોતાના આત્માનું વિચારવાનું છે. સૌથી મોટી વાત એ છે કે પોતાની જાતને અને પોતાના આત્માનો ઉદ્ધાર કરવાની વાત છે. તૈયારી તો પૂરપૂરી હોવી જોઈએ. મારા આત્માનું હિત કરવા માટે હું કોઈપણ કામ કરવા તૈયાર છું. મારું હિત થતું હોય તો મારે એમાં બીજો વિકલ્પ કરવાનો નથી હવે. બસ! વાત પૂરી થઈ ગઈ.

**'સ્વરૂપમાંથી દર્શનજ્ઞાનનો પ્રકાશ ઊઠે છે. તે (દર્શન-જ્ઞાન) પર પદને દેખી જાણીને અશુદ્ધ થાય છે.'** પરપદને પરસન્મુખ થઈને, પરને અવલંબિત થઈને જાણતા એ અશુદ્ધ થાય છે. કેમકે એ પરને પોતારૂપે ત્યાં જાણે છે. પરને પરરૂપે ત્યાં જાણતો નથી. માટે અશુદ્ધ થાય છે. અશુદ્ધતા તો મેળવણીથી થાય ને? તો મેળવી લે છે, જાણતા એને પોતાની સાથે મેળવી લે છે. અથવા પોતાના સ્વરૂપલક્ષ વગર પરને જાણે છે માટે અશુદ્ધ થાય છે. સ્વરૂપલક્ષે પરના જાણવામાં પરનું પરપણું જણાય છે એટલે અશુદ્ધતા જાણવાથી નથી

થતી. એ પરિસ્થિતિ ઊભી થાય છે.

**'અહીં એટલું વિશેષ છે કે જ્યાં રાગાદિ પરિણામરૂપે દેખવું-જાણવું છે ત્યાં વિશેષ અશુદ્ધતા છે...'** ઓલું કહ્યું ને? પરને દેખી-જાણીને અશુદ્ધ થાય છે. તો કહે છે, એટલી વાત વિશેષ ત્યાં સમજવી કે **'રાગાદિ પરિણામરૂપે દેખવું-જાણવું છે...'** રાગના અભિપ્રાયથી, દ્વેષના અભિપ્રાયથી, ઇષ્ટ-અનિષ્ટપણાના અભિપ્રાયથી દેખવું-જાણવું થાય છે ત્યાં અશુદ્ધતા વિશેષ છે. **'સામાન્ય પદની દશાથી દેખે-જાણે છે ત્યાં સામાન્ય અશુદ્ધતા છે.'** એટલે પરસન્મુખતા થાય છે એટલી અશુદ્ધતા થાય છે. પણ રાગના અભિપ્રાયથી કે દ્વેષના અભિપ્રાયથી દેખવું-જાણવું થાય ત્યાં તીવ્ર અશુદ્ધતા થાય. કેમકે અભિપ્રાયપૂર્વક એને રાગ-દ્વેષ થયો છે. અને એક અભિપ્રાય વિના પણ રાગ-દ્વેષ થાય છે. એમ બે પ્રકાર બને છે.

મુમુક્ષુ :- પહેલો અજ્ઞાની છે વિશેષમાં અને આ જ્ઞાની છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

**'ચોથા ગુણસ્થાનવાળાને એકદેશ ઉપયોગની સંભાળ થઈ છે, ત્યાં, (તેને) એકદેશ શુદ્ધતા જાણવી.'** જેટલો પોતાનો ઉપયોગ એટલે જ્ઞાનની સંભાળ થઈ, સ્વરૂપની સંભાળ થઈ ત્યાં એટલી શુદ્ધતા પણ થઈ. આંશિક સંભાળ છે ત્યાં આંશિક શુદ્ધતા છે. કેમકે એમાં ક્રમ પડે છે. જ્યારથી શુદ્ધતા શરૂ થાય છે ત્યારથી એ શુદ્ધતા ક્રમશઃ શરૂ થઈને, વૃદ્ધિગત થઈને પૂર્ણ થાય છે. એ પ્રકાર આવે છે.

**'હવે પાંચમા ગુણસ્થાનમાં અપ્રત્યાખ્યાન સંબંધી રાગાદિ ગયા તેટલી અશુદ્ધતા ગઈ અને સ્થિરતા ચઢતી ગઈ; ત્યાં એકદેશ સ્થિરતા થતાં એક દેશ સંયમ નામ પામ્યો.'** સ્વરૂપમાં જેટલી સ્થિરતા તેટલો પરમાર્થ સંયમ. જેટલો પરમાર્થ સંયમ તેટલો આપોઆપ વ્યવહાર સંયમ. કેમકે રાગ થતો નથી. રાગ થતો નથી તો રાગના વિષયમાં પ્રવૃત્તિ પણ થતી નથી. એટલે બહારમાં ત્યાગ તરીકે દેખાણો. મૂળમાં પરમાર્થ સંયમ છે. સ્વરૂપમાં સ્થિરતા થઈ. અને સ્વરૂપમાં સ્થિરતા થઈ એટલી વીતરાગતા વધી. વીતરાગતા જેટલી વધી એટલો રાગનો અભાવ થયો. જેટલો રાગનો અભાવ થયો એટલી રાગની પ્રવૃત્તિનો સહજ જ પણે પ્રકાર ઊભો નથી થતો એને વ્યવહાર સંયમ કહેવામાં આવે છે. એ પ્રકારે પાંચમા ગુણસ્થાનથી શરૂઆત થાય છે.

મુમુક્ષુ :- પાંચમુ આવે પછી કોઈ પડે નહિ એવું છે? મિથ્યાત્વ ન થાય એવું છે?

પૂજ્ય ભાઈશ્રી :- ના, એવું કંઈ નથી. અગિયારમા સુધી પડવાની જગ્યા છે. પોતે પાંચમે આવી ગયો, પછી છઠ્ઠે-સાતમે આવી ગયો, પછી આઠમે, નવમે, દસમા સુધી આવી ગયો અને આગળ અગિયારમામાં આવ્યો તો વળી પાછો આવે. પડવાની સ્થિતિ અગિયારમા

સુધી.

મુમુક્ષુ :- પંચમ ગુણસ્થાનનું બંધારણ કાંઈ?

પૂજ્ય ભાઈશ્રી :- આ કહ્યું એ. કે અપ્રત્યાખ્યાન સંબંધી રાગાદિનો અભાવ થવો. રાગનો અભાવ થયો અને શુદ્ધતા થઈ. અશુદ્ધિ એટલી નાશ પામી. એટલે એટલો વિકલ્પ જાય. જેટલી વીતરાગતા એટલો રાગનો અભાવ. એમાં અગિયાર પગથિયા છે. જેટલી સ્થિરતા એટલું પગથિયું આગળ, જેટલી સ્થિરતા એટલું પગથિયું આગળ. અને એટલા વિકલ્પ છૂટી જાય. જેટલા વિકલ્પ છૂટે, વિકલ્પ ઉત્પન્ન જ ન થાય. છૂટી જાય એટલે શું? ઉત્પન્ન જ ન થાય. ઉત્પન્ન ન થાય એટલે એની પ્રવૃત્તિ ક્યાંથી થવાની? જે વિકલ્પ ઉત્પન્ન ન થયો એની પ્રવૃત્તિ ક્યાંથી થવાની? પ્રવૃત્તિ તો વિકલ્પ તીવ્ર થયા પછી શરૂ થાય છે. સામ-ાન્ય વિકલ્પમાં પણ પ્રવૃત્તિ નથી થતી. મનમાં સામાન્ય વિકલ્પ આવે. માનો કે બાર વાગ્યા. ખબર પડી કે ભૂખ લાગી. તો તરત મને ખાવા જોઈએ છે એવું નહિ થાય. કાંઈ નહિ. પા, અડધી કલાક ભલે ને જાય, કાંઈ વાંધો નહિ. વિકલ્પ આવે ખાવાનો તો કાંઈ પ્રવૃત્તિ નહિ થાય પણ ખરેખરી ભૂખ લાગી હોય, હવે જમવા જોઈશે, હવે જમી લઈ આપણે. હવે મોડું કરવું નથી. પ્રવૃત્તિ તો તીવ્ર વિકલ્પમાં થાય છે. મંદ વિકલ્પમાં તો પ્રવૃત્તિ પણ થતી નથી. તો વિકલ્પ જ ઉત્પન્ન ન થાય તો પ્રવૃત્તિ ક્યાંથી થાય? મંદ વિકલ્પને પ્રવૃત્તિ નથી તો વિકલ્પ જ નથી એને પ્રવૃત્તિ ક્યાંથી થાય? એટલે જેટલો જેટલો વિકલ્પ ગયો, વિકલ્પની પ્રવૃત્તિ ગઈ અભાવ થઈ એટલો બાહ્ય ત્યાગ દેખાય છે એને વ્યવહાર સંયમ કહે છે અને જેટલી સ્વરૂપ સ્થિરતા થઈ એને પરમાર્થસંયમ કહે છે.

મુમુક્ષુ :- ચારથી બારમા ગુણસ્થાન...

પૂજ્ય ભાઈશ્રી :- બહારમાં બુદ્ધિપૂર્વકનો રાગ છઠ્ઠા સુધી અને અબુદ્ધિપૂર્વકનો દસમા સુધી. અગિયારમામાં ઉપશમ થયું અને બારમા (ગુણસ્થાને) ક્ષય છે. યથાખ્યાત ચારિત્ર પ્રગટ થઈ જાય બારમે ત્યાં પછી રાગ નથી. બારમે રાગ નથી, અગિયારમે નથી, અગિયારમે ઉપશમ છે. દસમા સુધી રાગ છે.

મુમુક્ષુ :- બારના છેડા સુધી હોય રાગ.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. રાગ નીકળી ગયો. યથાખ્યાત ચારિત્ર થયું પછી રાગ નથી.

મુમુક્ષુ :- સમય જ ક્યાં જાજો રહે છે?

પૂજ્ય ભાઈશ્રી :- સમય ભલે ઓછો હોય તોપણ ઓછા સમય માટે રાગ નથી ત્યાં. યથાખ્યાત ચારિત્ર થઈ ગયું એટલે રાગનો ક્ષય થયો ત્યાં.

મુમુક્ષુ :- મોહ ક્ષયાત્‌.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મોહ ક્ષય થયો ત્યાં. એને રાગ ક્ષય થઈ ગયો ત્યાં. ઓલામાં ઉપશમ થયો અગિયારમામાં. દસમાં સુધી સૂક્ષ્મ સાંપ્રાય. સૂક્ષ્મ રાગ દસમા સુધી.

મુમુક્ષુ :- બારમામાં જ્ઞાન પૂરું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ના, જ્ઞાન તો પૂરું છે. એ જુદી વાત છે.

મુમુક્ષુ :- વિકલ્પમાં તીવ્ર દુઃખ લાગવું જોઈએ એ પાત્રતા છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પાત્રતાનું લક્ષણ છે. મુમુક્ષુની ભૂમિકામાં વિકલ્પોમાં જે દુઃખ લાગે એ પાત્રતાનું કારણ છે. પાત્રતા હોય એને જ લાગે. વિકલ્પમાં દુઃખ ન લાગે તો સમજવું કે હજી પાત્રતાનું ઠેકાણું નથી.

મુમુક્ષુ :- કોઈ પણ વિકલ્પ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. કોઈપણ વિકલ્પ. અમુકમાં તો બધાને લાગે છે. જે તીવ્ર આકુળતાવાળા વિકલ્પ છે એમાં તો ઘણાને લાગે છે. પણ અમુક સારા લાગે છે. એની સામે પ્રતિપક્ષના સારા લાગે છે.

મુમુક્ષુ :- મંદિરે આવીએ, શાસ્ત્ર વાંચીએ, ચાલો આમ કરીએ એ પણ વિકલ્પ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં પણ દુઃખ લાગે. એવું છે. વિકલ્પમાત્રમાં દુઃખ છે. આવું છે.

મુમુક્ષુ :- આત્માના વિચારો કર્યા કરીએ ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં પણ દુઃખ લાગે.

મુમુક્ષુ :- તીવ્ર?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જેટલી પાત્રતા પછી. તીવ્ર લાગે તો ઘણી સારી પાત્રતા છે. ઓછું લાગે તો જરા ઓછી પાત્રતા છે. પણ છે દુઃખ. અને લાગવું જોઈએ દુઃખ. દુઃખ છે એમાં દુઃખ ન લાગે તો જ્ઞાન આંધળું. જેમાં દુઃખ છે એમાં દુઃખ ન લાગે એ જ્ઞાન આંધળું. કેમકે દુઃખ છે અને દુઃખને જોતો નથી. તમે એમ કહો કે આ ચીજ આટલી નજીક છે તો મને દેખાતી નથી અને ઓલી ચીજ મને દેખાય છે. વાત સાચી છે? આ ચીજ છ ઈંચ નજીક છે તોપણ મને નથી દેખાતી. મારા આંગળા છ ઈંચ નજીક રાખું તો મને નથી દેખાતા કે આ ચાર આંગળા છે. અને ઓલા પણે ઓલા ચાર આંગળા દેખાડે છે એ મને દેખાય છે. એ વાત સાચી છે? એમ દુઃખ પર્યાયમાં કેટલું નજીક છે? દુઃખ તો પર્યાયમાં છે. કેટલું નજીક છે? એ નજીક નથી દેખાતું. મને ગામ આખાની ખબર પડે છે.

દૂરની વસ્તુ બધી દેખાય છે. મારી પર્યાયમાં દુઃખ છે મને દેખાતું નથી. બાકી શાસ્ત્રમાં તમે કહો એ ગાથાનો અર્થ કરી દઉં. શાસ્ત્ર પારંગત છું હું. દૂરની વસ્તુ મને જણાય છે પણ

મારી વસ્તુ મને નથી જણાતી. નજીક છે એ. એને જ્ઞાની એમ કહે છે કે આ મૂઢ છે. આનું નામ મૂઢતા કે પોતાની પર્યાયમાં દુઃખ છે એ પોતાને નથી જણાતું અને શાસ્ત્રની મોટી સૂક્ષ્મ અગિયારમા ગુણસ્થાનની અને બારમા ગુણસ્થાનની વાત મને સમજાય છે. ઝીણામાં ઝીણી વાત મને સમજાય છે. સ્થૂળ દુઃખ મને દેખાતું નથી અને સૂક્ષ્મ વાત મને સમજાય છે. વાત ખોટી છે. એ બધી વાતો છે. ખરેખર એને કાંઈ સમજાતું નથી. દુઃખને દુઃખ નથી સમજતો, દુઃખ તો સ્થૂળ છે. જે દુઃખને દુઃખ નથી સમજતો એ બીજી સૂક્ષ્મ વાતોને-સ્વભાવને સમજે છે એ વાત રહેતી નથી. આમ છે. વાસ્તવિકતા તો આમ છે. પછી કલ્પનાએ એના ઘોડે ગમે તેમ ચડે માણસ. બાકી આ વાસ્તવિકતા છે.

શું કહે છે? '**રાગાદિ પરિણામરૂપે દેખવું-જાણવું છે ત્યાં વિશેષ અશુદ્ધતા છે (અને) સામાન્ય પદની દશાથી દેખે-જાણે છે ત્યાં સામાન્ય અશુદ્ધતા છે. ચોથા ગુણસ્થાનવ-ાળાને એકદેશ ઉપયોગની સંભાળ થઈ છે,...**' પાંચમા (ગુણસ્થાન) સુધી આવી ગયા. જેટલી વીતરાગતા થી સ્થિરતા વધી, સ્વરૂપસ્થિરતા એટલો સંયમ નામ પામ્યો. '**છઠ્ઠા ગુણસ્થાનમાં પ્રત્યાખ્યાન (આવરણ સંબંધી રાગાદિક)નો અભાવ થયો અને સ્થિરતા વિશેષ થઈ; સકળ આકુળતાનું કારણ સકળ પાપ છે,...**' અહીંયાં સ્થિરતા વિશેષ થઈ. '**સકળ આકુળતાનું કારણ સકળ પાપ છે, તેનો અભાવ થયો;...**' સકળ સંયમ કહે છે ને. કોઈ સાવદ્યયોગ રહેતો નથી, બધું પાપ જાય છે. છઠ્ઠા ગુણસ્થાનથી પાપના પરિણામ નથી થતા. પાપના પરિણામ નથી થતા એટલે પાપ અંગેની બધી આકુળતા વઈ ગઈ. મુનિને પાપના પરિણામ નહિ હોવાથી એ અંગેની કોઈ આકુળતા, અશુભ પરિણામ યોગ્ય કોઈ આ-કુળતા મુનિને હોતી નથી. એકલી શાંતિ છે એમને. ઘણી શાંતિ છે. જુઓ! ભૂખ લાગે પણ પાપના પરિણામ ન થાય. આહાર માટે નીકળે પણ પાપના પરિણામ ન થાય. જો ભૂખની વેદનાથી પણ પાપના પરિણામ ન થાય તો પછી બીજા કોઈ ઠંડી-ગરમીથી પાપના પરિણામ થવાનો તો પ્રશ્ન જ નથી રહેતો. આ તો બહુ ઊંડા વિચાર કરવા જેવા બધા વિષય છે.

જ્ઞાનીઓએ એટલું ટૂંકામાં લખી નાખ્યું કે '**સકળ આકુળતાનું કારણ સકળ પાપ છે,...**' અને સકળ પાપ ગયું અહીંયાં. સર્વસાવદ્યયોગનો ત્યાગ થયો એટલે સકળ પાપ ગયું એનું. એનો અભાવ થયો. '**પણ અશુભભાવ એવો ગૌણતારૂપ થઈ ગયો કે દુર્ગતિના કા-રણરૂપ પાપબંધ થતો નથી.**' એવી મુનિદશા આવે અને એને દુર્ગતિ થાય એ બનતું નથી. ચોથા ગુણસ્થાને છે. પહેલા એવું થઈ જાય, મુનિદશામાં એવું નથી થતું. મુનિદશાએ પહોંચે એને આયુષ્યનો બંધ ન પડ્યો હોય પહેલા. એને દુર્ગતિ ન હોય. કેમકે એટલું તો શુભ વધી જાય છે. નિયમથી દેવલોકમાં જાય. મુનિ કાં તો પૂર્ણ કરે સાધના. અધૂરી રહે તો નિયમથી

દેવલોકમાં જાય. બીજો પ્રકાર જ નથી ત્યાં. કારણ કે સકળ પાપનો નાશ કરી ચૂક્યા છે.

મુમુક્ષુ :- જે મુનિપદમાં આવવાના હોય જીવો (એનું) દ્રવ્ય જ બીજું કોઈ હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉપાડ જ બીજો હોય છે. દુર્ગતિ ન થાય.

મુમુક્ષુ :- પહેલા આયુ બંધ તો હોય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, નહિ. મિથ્યાત્વ અવસ્થામાં આયુબંધ સુધી ન આવ્યા હોય.

જેમ સમ્યગ્દૃષ્ટિને અશુભ ઉપયોગ હોય તોપણ આયુબંધ એ કાળે ન પડે. જુઓ! કુદરતની રચના જુઓ! આ દ્રવ્યનો સ્વભાવ છે. સમ્યગ્દૃષ્ટિને અશુભભાવ છે. આયુબંધ ન થયો હોય તો અશુભભાવ હોય એ વખતે એને આયુબંધ ન પડે. અશુભ આયુમાં બંધ ન પડે. કેવી વ્યવસ્થા છે! એમ મુનિ હોય એને મનુષ્ય પછી ભવ બાકી હોય તો દેવનો જ ભવ આવે. બીજો એને કોઈ દુર્ગતિનો બંધ ન હોય. સકળ પાપનો નાશ કર્યો છે. દુર્ગતિના કારણરૂપ પાપબંધ થતો નથી. જેટલું વિચ્છેદ ગયું એટલો વિચ્છેદ ગયો. એ તો કરણાનુયોગ અનુસાર બધા વિચ્છેદ છે કે નહિ?

**'(ત્યાં) શુભ મુખ્ય છે (ને) શુદ્ધ ગૌણ છે. શુદ્ધ ગૌણ હોવા છતાં પણ તે મુખ્યતાને દોરે છે તેથી મુખ્ય જેવું જ કામ કરે છે. (શુદ્ધ) ગૌણ હોવા છતાં પણ તે બલિષ્ઠ છે.'** છઠ્ઠા ગુણસ્થાનની વાત ચાલે છે. છઠ્ઠા ગુણસ્થાનમાં શુભ મુખ્ય છે અને શુદ્ધ ગૌણ છે. બુદ્ધિપૂર્વકનો રાગ થાય છે ને તોપણ બળવાન શુદ્ધ છે. શુભનું બળવાનપણું નથી એમ કહે છે. પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિમાં થતાં શુભ પરિણામ છઠ્ઠા ગુણસ્થાને જોવામાં આવે છે. છતાં પણ જે પરિણતિની શુદ્ધતા છે એ બળવાન છે.

**'છઠ્ઠાવાળાને ભેદવિજ્ઞાનના વિચારમાં...'** એટલે ભેદજ્ઞાનનો પ્રયોગ ચાલુ હોવાથી **'શુદ્ધોપયોગરૂપ સાતમું (ગુણસ્થાન) જલ્દી થાય છે.'** અંતર્મુહૂર્તમાં સાતમું આવી જ જાય છે. એટલે એનું શુભ છે એ ટકતું નથી. શુભ વિકલ્પ છે એનો શુભભાવ ટકતો નથી. આમ જુઓ તો એની લેશ્યા ઊંચામાં ઊંચી હોય. મુનિને નીચેની ત્રણ લેશ્યા હોય જ નહિ. કૃષ્ણ, નીલ ને કાપોત તો આવે જ નહિ. ..પદ્મ અને શુક્લ લેશ્યા હોય છતાં પણ એને શુભ પરિણામમાં એટલી ચીકાશ ન હોય. તરત જ સાતમું આવી જાય. ટકી ન શકે. રસ ન લંબાય. શુભનો રસ ન લંબાય. ... સાતમામાં આવી જાય છે.

**'શુભ ઉપયોગમાં ગર્ભિત શુદ્ધતા છે તેથી સાતમાનું સાધક છઠ્ઠું છે.'** એ શુભ ઉપયોગમાં જે છઠ્ઠે શુભ ઉપયોગ છે એમાં પણ એટલી શુદ્ધતા છે કે છઠ્ઠું સાધક છે અને સાતમું સાધ્ય છે. સાધ્ય-સાધકભાવ લાગુ પાડ્યો. ટકે નહિ. અથવા મુનિરાજને છઠ્ઠા ગુણસ્થાને પુરુષાર્થ એટલો વર્તે છે કે છઠ્ઠામાં નહિ રોકાય. અંતર્મુહૂર્તમાં સાતમામાં આવી

જશે. આમ તો એક જ કામ માટે નીકળ્યા છે એ. દીક્ષા લીધી અને મુનિદશામાં આવ્યા એટલે એ તો પૂર્ણતા લેવા—કેવળજ્ઞાન લેવા જ નીકળ્યા છે. એ કંઈ પંચ મહાવ્રત પાળવા નીકળ્યા છે, કોઈને ઉપદેશ દેવા નીકળ્યા છે, શાસ્ત્ર રચના કરવા નીકળ્યા છે એ પ્રશ્ન નથી. વિકલ્પ લંબાઈ જાય અને થઈ જાય એ જુદી વાત છે. શાસ્ત્ર લખાઈ જાય એ જુદી વાત છે. એ તો કેવળજ્ઞાનનો પુરુષાર્થ માંડ્યો છે અને કેવળજ્ઞાનનો પુરુષાર્થ લેવા માટેની જે એની તૈયારી હોય એ તૈયારીમાં પડ્યા છે. અહર્નિષ રાત્રી અને દિવસ. રાત્રે બીજું કામ નથી, દિવસે બીજું કામ નથી. જ્ઞાન-ધ્યાન... જ્ઞાન-ધ્યાન... જ્ઞાન-ધ્યાન સિવાય બીજી પ્રવૃત્તિ નથી. છતાં પૂરો પુરુષાર્થ ન ચાલે તો દેવલોકમાં જાય. બાકી લેવા એ નીકળ્યા છે કેવળજ્ઞાન. **'તેથી સાતમાનું સાધક છઠ્ઠું છે.'**

મુમુક્ષુ :- પૂર્ણતાના લક્ષે શરૂઆત.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો મુમુક્ષાતામાં શરૂઆત કરી છે એવી તો. સાચું મુમુક્ષુપણું ત્યાંથી શરૂ થયું છે. એટલે જ્યાં સુધી પૂર્ણતા નહિ થાય ત્યાં સુધી પગ વાળીને નહિ બેસે. મુનિદશા આવશે તોપણ હવે મુનિપણું આવી ગયું વાંધો નથી એમ નથી. સુદર્શન ચક્ર સમ્યગ્દર્શનનું આવી ગયું એટલે પગ વાળીને બેસે નહિ એમ કહે છે. એનું નામ પૂર્ણતાનું લક્ષ છે. લક્ષ ફરે નહિ. ન ફરે એનું નામ લક્ષ. ફરે તો એનું નામ લક્ષ નહિ.

**'(છઠ્ઠા ગુણસ્થાને) ક્રિયા (અને) ઉપદેશ હોય છે. પરંતુ વિશેષ સ્થિરતાને લીધે (ત્યાં) સકલવિરતિ સંયમ નામ પામે છે.'** સ્થિરતા ઘણી છે, પરિણતિ પણ ઘણી તીવ્ર છે માટે છઠ્ઠા ગુણસ્થાને પણ સકળ સંયમ એમ કહેવામાં આવે છે. ખરેખર તો પરમાર્થ સંયમ સાતમે છે અને છઠ્ઠે તો વિકલ્પ છે, અસંયમ છે અને પ્રમાદ છે. તોપણ એક ન્યાયે એને સકળ સંયમ છે એમ કહેવામાં આવે છે.

**'સાતમા ગુણસ્થાનથી શરૂ કરીને આગળ આગળ વીતરાગ નિર્વિકલ્પ સમાધિ વધતી ગઈ,...'** ક્યાંય વિકલ્પ નથી પછી. નિર્વિકલ્પ સમાધિ વધતી ગઈ અબુદ્ધિપૂર્વકનો રાગ છે. **'નિષ્પ્રમાદ દશા થઈ, પોતાના સ્વભાવનો રસાસ્વાદ મુખ્ય થયો...'** તો એકલો ચૈતન્યરસ છે એના પૂરમાં આવી ગયા છે. અંદરથી પૂર ઉપડ્યું છે અને વધતા વધતા ગુણસ્થાન અનુસાર એ વધતો જાય છે અને અંતર્મુહૂર્તમાં તો એ પૂર્ણ થઈ જાય. એ રીતે અનંત સંસારનો નાશ થઈ જાય છે. આ પ્રકારે અનંત સંસારનો નાશ થઈ જાય છે.

હવે મનનો વિસ્તાર થોડી મનની ભૂમિકાનો વિચારર કરે છે.

**તા. ૯-૭-૧૯૯૧, પાના નં. ૧૦૨**
**પ્રવચન નં. ૨૪**

**'સમાધિના તેર ભેદ છે તે કહીએ છીએ :-'** 'અનુભવપ્રકાશ'માં આ નામ લીધા છે. **'૧. લય, ૨. પ્રસંજ્ઞાત, ૩. વિતર્ક-અનુગત, ૪. વિચાર-અનુગત, ૫. આનંદ-અનુગત,...'** અનુગત એટલે અનુસરીને. **'૬. અસ્મિતાઅનુગત, ૭. નિર્વિતર્ક અનુગત, ૮. નિર્વિચાર-અનુગત, ૯. નિરનંદ-અનુગત, ૧૦. નિરસ્મિતાઅનુગત, ૧૧. વિ-વેકખ્યાતિ, ૧૨. ધર્મમેઘ અને ૧૩ અસંપ્રજ્ઞાત-એ તેર જ સમાધિના ભેદ છે. તેમાં અસંપ્રજ્ઞાતના ભેદ છે-એક પ્રકૃતિલય અને બીજો પુરુષલય.'** આ રીતે તેર નામ લીધા. હવે એ તેરનું વર્ણન કરે છે, દરેકનું વર્ણન કરે છે.

**'પ્રથમ લયસમાધિ કહીએ છીએ :-' 'લય એટલે પરિણામોની લીનતા;...'** લય એટલે પરિણામોની લીનતા. **'નિજ વસ્તુ વિષે પરિણામ વર્તે એટલે રાગ-દ્વેષ-મોહ મટાડીને દર્શન-જ્ઞાનરૂપ પોતાના સ્વરૂપને પ્રતીતિમાં અનુભવે.'** એને લય કહે છે અથવા લીનતા કહે છે. આમાં શું છે કે સમાધિના ભેદ કહો, ચારિત્રના ભેદ કહો, પછી ઉપસર્ગ-પરિષહજયના ભેદ કહો. ૨૨ પ્રકારના ઉપસર્ગ થાય છે. પછી લક્ષણના દસલક્ષણ ધર્મ એમ કરીને લક્ષણના ધર્મના પ્રકાર કહો. એ ગમે એટલા ભેદોથી વાત આવે પણ એક વીતર-ાગભાવ તે જ ધર્મ છે. જેમાં સમ્યગ્દર્શન હોય છે, સમ્યગ્જ્ઞાન હોય છે, સમ્યક્‌ચારિત્ર હોય છે. આત્માની નિરાકુળ, નિર્વિકલ્પ શાંતિ અને આનંદ હોય છે અને તદ્‌ અનુરૂપ પુરુષાર્થ હોય છે. આ જે પાંચ મુખ્ય ગુણોનું જે સમ્યક્‌ પરિણમન છે એ સમ્યક્‌ પરિણમનના નિમિત્તાશ્રિત, પૂર્વપર્યાયાશ્રિત કે અનેક પ્રકારના બીજા દૃષ્ટિકોણ આશ્રિત ભેદ-પ્રભેદ કહેવામાં આવે છે. મૂળ વાત એક જ છે. એક જ પ્રકાર છે, બે પ્રકાર ક્યાંય નથી. અથવા 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' એ સિદ્ધાંત ક્યાંય ખંડિત થાતો નથી. એ રાખીને વિચારવાના છે આ બધા ભેદ-પ્રભેદ. ગમે તે જગ્યાએ આવતા હોય પછી.

ફરીને લઈએ. **'લય એટલે પરિણામોની લીનતા; નિજ વસ્તુ વિષે પરિણામ વર્તે એટલે રાગ-દ્વેષ-મોહ મટાડીને દર્શન-જ્ઞાનરૂપ પોતાના સ્વરૂપને પ્રતીતિમાં અનુભવે.'**

પ્રતીતિસહિત અનુભવે એમ કહેવું છે. એકલા અનુભવ(ની વાત) નથી પણ અહીંયાં પ્રતીતિસહિતનો અનુભવ છે. એમાં હેતુ છે કે અનુભવની વાત ઘણા કરે છે પણ પ્રતીતિના વિષયથી અજાણ્યા હોય છે. અમને અનુભવ આવે છે. અનુભવમાં જેવો અનુભવાય છે એવી પ્રતીતિ નિરંતર રહી છે? પછી વિચારમાં પડી જાય. કેમકે એ તો એને વિષય જ અજાણ્યો લાગે. આ તો જ્ઞાનીઓ જે લખે છે એ તો અનુભવપૂર્ણ વચન હોય છે. એમાં મહત્વ એ વાતનું છે.

'**(પહેલાં) જેમ દેહમાં પોતાપણાની બુદ્ધિ હતી તેમ હવે આત્મામાં બુદ્ધિ ધરી; જ્યાં સુધી સ્વરૂપમાંથી તે બુદ્ધિ ન ખસે ત્યાં સુધી પોતામાં લીનતા છે, તેને (લય) સમાધિ કહે છે.**' એવી જે સ્વરૂપની સ્વરૂપમાં સ્વરૂપબુદ્ધિ, આત્મામાં આત્મબુદ્ધિ રહે તેને લય સમાધિ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- લય એટલે લીનતા?

પૂજ્ય ભાઈશ્રી :- લય એટલે લીનતા.

હવે '**લયના ત્રણ ભેદ છે-શબ્દ, અર્થ અને જ્ઞાન. લય (એવું પદ તે) શબ્દ થયો,...**' બે અક્ષરનો એક શબ્દ થયો. '**પોતામાં પરિણામની લીનતા તે અર્થ થયો, અને શબ્દ તથા અર્થનું જાણપણું તે જ્ઞાન થયું. ત્રણે ભેદ લયસમાધિના છે.**' આ ત્રણ ભેદ લય સમાધિ સંબંધિત કહ્યા. '**શબ્દ આગમવડે, અર્થ આગમ, અર્થઆગમવડે જ્ઞાનઆગમ (એમ) શ્રી જિનાગમમાં કહ્યું છે.**' શબ્દ આગમ વડે અર્થ આગમ, શબ્દ આગમ વડે અર્થઆગમ. શબ્દઆગમ, અર્થઆગમ અને જ્ઞાન આગમ. '**શબ્દ આગમવડે અર્થઆગમ, અર્થઆગમવડે જ્ઞાનઆગમ-(એમ)**' સાધ્યસાધકના ભેદો '**શ્રી જિનાગમમાં કહ્યું છે.**' એનાથી. વડે એટલે એનાથી સધાય છે એમ.

મુમુક્ષુ :- શબ્દ, અર્થ અને જ્ઞાન એમાં...

પૂજ્ય ભાઈશ્રી :- શબ્દ એટલે શું છે કે જે કોઈ વાચક છે અક્ષરાત્મક તે શબ્દ છે કે અનઅક્ષરાત્મક હોય એને પણ શબ્દ કહે છે. શબ્દ કહો, વાણી કહો, વચન કહો. અને એનો જે અર્થ થાય હતને અર્થ કહે છે. શબ્દાર્થ જેને આપણે કહીએ. અને એનું જે જ્ઞાન એ વાચ્યાર્થ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અર્થની અંદર શું છે કે શબ્દનો અર્થ એટલી મર્યાદા લેવી છે અને જ્ઞાનમાં એનું વાચ્ય આવી જાય છે. એને જ્ઞાનઆગમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- શબ્દ, અર્થ અને ભાવ...

પૂજ્ય ભાઈશ્રી :- ભાવ કહો કે જ્ઞાન કહો. બેય એક જ છે. શબ્દ, અર્થ અને ભાવ. અર્થની અંદર શબ્દાર્થ લેવો છે, ભાવની અંદર જ્ઞાન લેવું છે. ભાવમાં બીજી કોઈ વાત નથી.

'**કોઈ કહે કે શબ્દ (શબ્દ-લયસમાધિ એવો ભેદ) શા માટે કહ્યો?**' કોઈ કહે કે શબ્દલય સમાધિ એવો ભેદ શા માટે કહ્યો? '**તેનું સમાધાન :- શુક્લધ્યાનના ભેદમાં શબ્દથી શબ્દાંતર બતાવ્યું છે તે રીતે (અહીં) જાણવું.**' એ તો એકદમ ઉપયોગની ફરવાની અસ્થિરતા બંધ થાય તો કેવળજ્ઞાન ઊપજી જાય. કેમકે કેવળજ્ઞાનમાં ઉપયોગ ફરતો નથી. જો કેવળજ્ઞાનમાં ઉપયોગ ફરતો નથી તો એનો બીજો અર્થ એમ થાય છે કે કેવળજ્ઞાન થયા પહેલા ઉપયોગ ફરે છે.

ફરીથી વિચારીએ. આ બાજુથી ઉપરથી જો વિચારીએ તો કેવળજ્ઞાનમાં ઉપયોગ બદલ-તો નથી. નિરવશેષ અંતર્મુખ ઉપયોગ રહી જશે એનું નામ કેવળજ્ઞાન છે. પછી ઓલા જ્ઞેયો પ્રતિભાસે છે એનું કાંઈ અહીંયાં પ્રયોજન નથી. અહીંયાં તો ઉપયોગની સ્થિરતાનું પ્રકરણ છે ને? તો ઉપયોગ એટલો સ્થિર છે કે પરિણમન છે પણ જરા પણ એમાં સ્વજ્ઞેયથી જ્ઞેયાંતર થતું નથી. બીજું જ્ઞેય આવતું નથી એની અંદર. તો જ્યાં સુધી એવું ઉપયોગનું પરિણમન નથી ત્યાં સુધી નીચેના શુક્લધ્યાનના પાયામાં, બે પાયા નીચે છે, એમાં ઉપયોગનું પરિવર્તન છે. એક જ્ઞેયથી બીજા જ્ઞેયો ઉપર ઉપયોગનું પરિવર્તન છે એ વાત નક્કી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આવ્યો હતો? લખીને મોકલ્યો હતો? એમાં તો એક આ ક્ષેત્રવાળો જ આવ્યો હતો પ્રશ્ન.

મુમુક્ષુ :- ક્ષેત્ર...

પૂજ્ય ભાઈશ્રી :- પ્રદેશભેદનું તો યાદ છે. એકસાથે હતો કે વારાફરતી મોકલેલો?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમ? મારો એવો ખ્યાલ છે કે એક જ પ્રશ્ન આવ્યો હતો તમારો. મારો એવો ખ્યાલ છે. કેમકે કામ તો મારા હાથથી જ હતુ બધું. ઉત્તર હતો એમાં કાંઈ?

મુમુક્ષુ :- એ એના ઉત્તરરૂપે જ ખુલાસો છે. ઉપયોગનું પરિવર્તન...

પૂજ્ય ભાઈશ્રી :- પરિવર્તન થાય છે.

મુમુક્ષુ :- સોગાનીજીએ બહુ સારો ખુલાસો કરેલો.

પૂજ્ય ભાઈશ્રી :- સૂક્ષ્મ પરિવર્તન થાય છે. એ તો આમાં પણ લીધું છે જ્ઞેયથી જ્ઞેયાંતર.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અચ્છા, બરાબર.

મુમુક્ષુ :- .. પાછળથી આવેલાને ત્યારે મારે જરા વાત થઈ હતી. ...

પૂજ્ય ભાઈશ્રી :- શુક્લધ્યાનનો તર્ક આમાં તત્ત્વાર્થસૂત્રમાં કર્યો છે એમાં શાસ્ત્ર આધાર સાથે ભાઈએ લીધું છે ત્યાં સુધી બનતા સુધી એમાં એ વાત લીધી છે. સૂક્ષ્મ પરિવર્તન છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- ચારિત્રને તમે સર્વથા ઉપયોગથી ભિન્ન કેવી રીતે લઈ શકો? જો સ્વરૂપની સ્થિરતા તે જ ચારિત્ર છે. ઉપયોગની સ્વરૂપ સ્થિરતા તે ચારિત્ર છે અને અસ્થિરતા તે અચારિત્ર છે ખરેખર તો. અધ્યાત્મના પ્રકરણમાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો અબુદ્ધિપૂર્વકનો રાગ. પણ એ તો અબુદ્ધિપૂર્વકનો રાગ ચારિત્રગુણના પરિણનમાં (હોય), પણ જ્ઞાનગુણથી વિચારીએ તો શું?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સૂક્ષ્મ. એમાં લીધું છે, શુક્લધ્યાનના પરિણમનમાં એ વાત લીધી છે. આમાં જે લખ્યું છે એ વાત બીજે પણ આવે છે. આમાં તો 'દીપચંદજી'એ સ્પષ્ટ લખ્યું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- છે, બીજે આવે છે એ તો ખ્યાલ છે. ક્યાં ક્યાં આવે છે એ યાદ નથી પણ આવે છે એ ખ્યાલ છે.

... વળી તમે લખ્યું કે આત્માને પ્રત્યક્ષ જાણે. ઉત્તર મારી બુદ્ધિ અનુસાર લખ્યો છે તમે પણ જિનવાણીથી તથા પોતાની પરિણતિથી મેળવી લેશો. અધ્યાત્મ તથા આગમ ગ્રંથોનો અભ્યાસ રાખજો. મારી તો એટલી બુદ્ધિ નથી પણ તમારા જેવા .. પરસ્પર વિ- ચાર છે એ મોટી વાત છે. નમ્રતાથી. આ છે લ્યો. આવ્યો. 'અનુભવ તો નિર્વિકલ્પ છે ત્યાં ઉપરના અને નીચેના ગુણસ્થાનમાં ભેદ ...' કેમકે ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પ, પાંચમે નિર્વિકલ્પ, સાતમે, આઠમે, નવમે, દસમે શું ફેર છે?

'**પરિણામની મગ્નતામાં વિશેષતા છે. જેમ બે પુરુષ નામ લે છે એ બંનેના પરિણામ નામ વિષે છે. ત્યાં એકને તો મગ્નતા વિશેષ છે તથા બીજાને થોડી છે એમ આમાં પણ જાણવું.**' એમાં પ્રશ્ન કે '**જો નિર્વિકલ્પ અનુભવમાં કોઈ વિકલ્પ નથી તો શુક્લધ્યાનનો પ્રથમ ભેદ જે પૃથક્ત્વ વિતર્ક વિચાર કહ્યો છે તેમાં પૃથક્ત્વ વિતર્ક નાના પ્રકરના શ્રુતનો વિચાર અર્થ, વ્યંજન, યોગ, સંક્રમણ એમ કહ્યું છે. એમ કેમ કહ્યું? વિતર્કકથન બે પ્રકારે હોય છે. એક સ્થૂળરૂપ અને બીજું સૂક્ષ્મરૂપ. જેમ સ્થૂળ રૂપે તો છઠ્ઠા ગુણસ્થાનમાં સંપૂર્ણ બ્રહ્મચર્ય વ્રત કહ્યું પણ સૂક્ષ્મતાએ નવમા ગુણસ્થાને મૈથુન**

**સંજ્ઞા કહી. એમ અનુભવમાં નિર્વિકલ્પતા સ્થૂળરૂપે કહી છે.'** જુઓ! ચોથે ગુણસ્થાને શુક્લધ્યાન પહેલાની નિર્વિકલ્પતા સ્થૂળપણે કહી છે.

**'તથા સૂક્ષ્મતાથી પૃથક્ત્વ વિચારાદિ ભેદવા કષાયાદિ દસમા ગુણસ્થાન સુધી કહ્યા છે. ત્યાં પોતાના તથા અન્યના જાણવામાં આવી શકે. એવા ભાવનું કથન સ્થૂળ જાણવું અને જે પોતે પણ ન જાણી શકે, માત્ર કેવળી ભગવાન જ જાણી શકે એવા ભાવનું કથન સૂક્ષ્મ જાણવું. ચરણાનુયોગાદિમાં સ્થૂળ કથનની મુખ્યતા છે અને કરણાનુયોગમાં સૂક્ષ્મ કથનની મુખ્યતા છે. એવા ભેદ અન્ય ઠેકાણે પણ જાણવા. એ પ્રમાણે નિર્વિકલ્પ અનુભવનું સ્વરૂપ જાણવું.'** લ્યો!

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ પ્રશ્નમાં જ એ વાત આવી જાય છે ખરેખર તો કે તેમાં પૃથક્ત્વ વિતર્ક નાના પ્રકારના શ્રુતનો વિચાર. શ્રુત તો જ્ઞાનનું થયું કે નહિ? શ્રુતજ્ઞાનનો ઉપયોગ. શ્રુત એટલે શ્રુતજ્ઞાનનો ઉપયોગ અહીંયાં. દ્રવ્યશ્રુતની વાત નથી, ભાવશ્રુતની વાત છે. વિચાર એટલે કે અર્થ, વ્યંજન, યોગ અને સંક્રમણ આટલું લીધું. એટલે એ સૂક્ષ્મપણે એટલો ઉપયોગ શ્રુતનો ફરે છે એ વાત પાકી થઈ ગઈ અહીંયાં. અને એ શાસ્ત્રો છે કેવળીગમ્ય. એટલે માને, ન માને એ બીજી વાત છે. કેમકે ન પકડાય એટલે ન માને. એ વાત બહુ સ્પષ્ટપણે છે. ઘણા આગમમાં મળે છે આ વાત. કારણ કે આ તો મૂળ પરંપરાથી વાત ચાલી આવે છે જે સંક્રમણની, ઉપયોગનું સંક્રમણ છે અથવા જ્ઞપ્તિક્રિયા. ત્યાં 'પ્રવચનસાર'માં ચરણાનુયોગસૂચક ચૂલિકામાં જ્ઞપ્તિક્રિયા એને કહી છે. એક જ્ઞેયથી બીજા જ્ઞેય ઉપર જાય તેને જ્ઞપ્તિક્રિયા કહી છે. એટલે એને અસ્થિરતાનું નામ આપ્યું છે. જ્ઞાનપ્રધાન ચારિત્રની વાત ચાલી છે ત્યાં. તમે શબ્દલય સમાધિ, અર્થલય સમાધિ, જ્ઞાનલય સમાધિ એમ કેમ ભેદ પાડો છો? એવો ભેદ શા માટે પાડો છો? તો શુક્લધ્યાનના દૃષ્ટાંતથી વાત લીધી. શુક્લધ્યાનના ભેદમાં શબ્દથી શબ્દાંતર બતાવ્યું છે. સૂક્ષ્મપણે એ પ્રકાર ઉપયોગની અંદર થાય છે. તે રીતે અહીં જાણવું. એ દૃષ્ટાંત લીધું હતું. શુક્લધ્યાનનું તો અહીં દૃષ્ટાંત લીધું છે. લય સમાધિના ત્રણ ભેદ કહેવા માટે એ દૃષ્ટાંત કાઢ્યું છે ત્યાં. બોલો.

હવે **'જ્યાં દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારદ્વારા વસ્તુમાં લીન થવું (તે અર્થ-લયસમાધિ છે); જ્ઞાનમાં પરિણામ આવ્યા (તો) ત્યાં જ લીન થયા, દર્શનમાં પરિણામ આવ્યા (તો) ત્યાં જ લીન થયા. લયસમાધિના વિકલ્પ-ભેદને મટાડીને નિજમાં વિશ્રામ, આચરણ, સ્થિરતા, જ્ઞાયકતા વર્તે છે.'** શું કહે છે પૂર્વપર્યાયની અંદર શબ્દ સાંભળે કે આત્મા અથવા સ્વરૂપ કે ગમે તે વાચક શબ્દ આવ્યો. શબ્દ ઉપરથી સાધકને એના અર્થનો ખ્યાલ આવી જાય

છે. અર્થ ઉપરથી જ્ઞાનમાં એના વાચ્યનો ભાવ આવતા ત્યાં સ્થિરતા થાય છે અથવા લીનતા થાય છે અથવા એ રૂપ આચરણ થઈ જાય છે, તન્મયતા—તદ્‌રૂપતા થઈ જાય છે એટલે એને સમાધિ કહે છે. તો એ ત્રણ ભેદ લીધા એટલા માટે કે આવો એક પ્રકાર બને છે. શબ્દથી અર્થ ઉપર જવાય છે, અર્થથી ભાવ ઉપર જવાય છે અને સ્થિરતા અને આચરણ ઊભું થાય છે.

ભેદ પાડવાના કારણ છે. પૂર્વ પર્યાય, વર્તમાન પર્યાય બંનેના ઉપચાર આવે છે વર્તમાન સ્થિરતા ઉપર. જેટલી વર્તમાનમાં સ્વરૂપ સ્થિરતારૂપ સમાધિ થાય.. મૂળ તો સમાધિ એટલે સ્વરૂપસ્થિરતા. સમ એટલે વીતરાગભાવે. રાગ નહિ, દ્વેષ નહિ એનું નામ સમ. સમનો અર્થ એ છે. નહિ રાગ, નહિ દ્વેષ. સમભાવ જેના ઉપરથી લીધો 'પ્રવચનસાર'માં. અને એને જ સમાધિ કહે છે. સમભાવ કહો, સમતા કહો, સમાધિ કહો કે જેમાં રાગ અને દ્વેષ અને મોહ ત્રણમાંથી કોઈ ન હોય. અથવા વિભાવના અભાવરૂપ. સ્વભાવ પરિણામને સમભાવ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- સમ એટલે તટસ્થ લેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- સતત નહિ જેટલો છે એટલો.

મુમુક્ષુ :- તટસ્થ એમ. આ માણસ તટસ્થ છે એમ.

પૂજ્ય ભાઈશ્રી :- તટસ્થ. તટસ્થ ને? તટસ્થ. તટસ્થ તો એવા ભાવમાં છે કે એક બાજુ રહી જાય એને તટસ્થ કહે છે. તટ એટલે કિનારો. કિનારે રહેલો તે તટસ્થ. હવે કિનારામાં શું છે કે પ્રવાહમાં નથી તણાતો તે. કોઈ પક્ષના પ્રવાહમાં ન તણાય તેને તટસ્થ કહે છે. તટસ્થ કહો, મધ્યસ્થ કહો. આપણે નથી કહેતા? અમે તો તટસ્થ છીએ આમાં. આની સાથે લેવા-દેવા નથી, આની સાથે લેવા-દેવા નથી. આટલું જાણીએ છીએ એ તમને કીધું. અમે તટસ્થ છીએ. અહીંયાં લીનતાનો પ્રકાર કહેવો છે. સ્વરૂપની લીનતાનો પ્રકાર લેવો છે. એટલે અન્ય વિષય સાથે જેને સંબંધ નથી. સીધો સંબંધ પોતાના સ્વરૂપના આચરણ, વિશ્રામ, સ્થિરતા, લીનતા, એકાગ્રતા, રમણતા એ બધા ભાવ છે એમાં. પછી એનું નામ પાડે છે. તો પૂર્વ પર્યાય અનુસાર એનું નામ પાડે કાં વર્તમાનમાં કોઈ અંશ વર્તતો હોય એની સાથે એના નામને જોડે. એ બધા ઉપચાર છે નામ પાડવામાં. મૂળ વાત એક જ છે. પણ અનેક ભેદે એને સમજાવવામાં આવે છે.

ભેદથી સમજાવવાનું કારણ એ છે કે કોઈ ભૂલ ન કરે. એટલી વાત છે. એ વિષયની કોઈ ભૂલ ન કરી બેસે. કેમકે આ સમાધિના નામ ઉપર અન્યમતોમાં ઘણા મતોએ એ નામનો ઉપયોગ કર્યો છે, એ શબ્દનો ઉપયોગ બહુ પ્રચલિત છે. આધિ, વ્યાધિ, ઉપાધિ અને સમાધિ. બધાયમાં છેલ્લા બે અક્ષર છે એ સરખા છે. બાકી બધા ઉપસર્ગ લાગ્યા છે

એ બધાયના અર્થ જુદા જુદા થાય છે. જે પરિણામમાં બે અક્ષર છે એના આગલા ઉપસર્ગ લાગતા વ્યાધિ-તો કહે શરીરના રોગની સાથે જોડાયેલા આકુળિત પરિણામને વ્યાધિના પરિણામ કહે છે. ઉપાધિ-તો કહે, જ્ઞેયનો અધ્યાસ લઈને, પોતામાં અવધારણ કરીને જીવ એ જ્ઞેય સાથેની પ્રવૃત્તિ કરે તેને ઉપાધિવાળા પરિણામ કહે છે. આધિ, વ્યાધિ, ઉપાધિ તો બહુ પ્રચલિત શબ્દો છે. એના ઉપરથી એક ચોથો શબ્દ લીધો કે સ્વરૂપની અંદર પરિણામ સ્વરૂપના આધારે લીન થઈને વર્તે એને સમાધિ કહીએ કે જે સમ પરિણામ હોવાથી, રાગ-દ્વેષરહિત વીતરાગ પરિણામ હોવાથી એને સમાધિ કહીએ.

'**લયસમાધિના વિકલ્પ-ભેદને મટાડીને...**' હવે શું છે કે જે છેલ્લે જ્ઞાનમાં લીધું ને કે સ્વરૂપમાં લીનતા થાય તેને લય કહીએ, સમાધિ કહીએ. તોપણ એવો વિકલ્પ નહિ એમ કહે છે. એવું જે સમજાણું એવો વિકલ્પ નહિ. જ્ઞાનને સમજણ કહેવાય છે. તો કહે છે, એ વિકલ્પવાળું જ્ઞાન નહિ. એને મટાડીને. '**નિજમાં વિશ્રામ, આચરણ, સ્થિરતા, જ્ઞાયકતા વર્તે છે.**' એ વાત છે અહીંયાં. એને અહીંયાં સમાધિ કહેવામાં આવે છે.

'**જે જે ઇન્દ્રિયવિષય પરિણામ વડે ઇન્દ્રિય-ઉપયોગ નામ ધાર્યું હતું.**' જે જે ઇન્દ્રિયવિષય પરિણામ વડે ઇન્દ્રિય-ઉપયોગ નામ ધાર્યું હતું. જેમ કે ચક્ષુ ઇન્દ્રિયનો વિષય કર્યો ત્યારે એને ચક્ષુદર્શન કીધું અથવા એને આંખથી જોવાનો નેત્રનો ઉપયોગ કહ્યો. કર્ણેન્દ્રિયનો ઉપયોગ, નેત્રેન્દ્રિયનો ઉપયોગ, રસના ઇન્દ્રિયનો ઉપયોગ એવું નામ ધારણ કર્યું. '**અને સંકલ્પવિકલ્પરૂપ મન ઉપયોગ નામ પામ્યું હતું...**' પછી જે ઉપયોગ મન દ્વારા પ્રવર્ત્યો એને ભાવમન કીધું. '**તે ઉપયોગ છૂટતાં...**' એટલે છએ છ. પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનનો '**ઉપયોગ છૂટતાં બુદ્ધિ દ્વારા જ્ઞાન ઉપયોગ ઊપજે.**' એટલે શ્રુતજ્ઞાનની બુદ્ધિ દ્વારા એક જ્ઞાન ઉપયોગ ઊપજે.

'**તે (ઇન્દ્રિય-ઉપયોગ અને સંકલ્પવિકલ્પરૂપ મન-ઉપયોગરૂપ) જાણપણું બુદ્ધિથી જુદું છે.**' આ જે ઉપયોગ ઊપજે તે બુદ્ધિથી જુદું છે. મન પણ ન લેવું એમાં એમ કહે છે. '**જ્ઞાન, જ્ઞાનપરિણતિ વડે જ્ઞાનને વેદતાં આનંદ પામે છે અને લીન થતાં સ્વરૂપમાં તાદાત્મ્ય હોય છે.**' આ લક્ષણ બતાવ્યું એનું. એ છએ પ્રકારથી જુદો પડીને, જુદું પડીને જ્ઞાન જ્ઞાનપરિણતિ વડે જ્ઞાનને વેદે. જ્ઞાન પોતે પોતાથી પોતાને વેદે. વેદ્યું એની ખાત્રી શું? અથવા એનું લક્ષણ શું? કે જ્ઞાન જ્ઞાનને વેદતા આનંદને પામે. આ એક નવો ફેક્ટર જ્ઞાનવેદનની અંદર જન્મ પામે છે. એમ લેવું. વિચારથી, સમજણથી અને અનુભવ અંશથી એમ જણાય કે જ્ઞાનમાં જ્ઞાનવેદન રહેલું છે અને જ્ઞાન જ્ઞાનને વેદે છે. પણ જ્ઞાન જ્ઞાનને સારી રીતે વેદે, સારી રીતે એટલે સંવેદન જેને કહેવામાં આવે એવી રીતે વેદે એટલે તીવ્રપણે

વેદે, લીન થઈને વેદે, જ્ઞાન જ્ઞાનમાં લીન થઈને વેદે તેને જ્ઞાનનું સ્વસંવેદન, પોતાને પોતાનું વેદન નહિ પણ સ્વસંવેદન કહેવું છે. સ્વ એટલે પોતાને પોતાનું. વેદન નહિ પણ સંવેદન કહેવું. સ્વસંવેદન. સને માથે મીંડું. સં ઉમેર્યું. સંવેદન જેને કહેવામાં આવે છે. એવું જ્યારે થાય ત્યારે સાથે સાથે આનંદ ઊપજે એમ કહે છે. જ્યારે જ્ઞાનનું જ્ઞાનમાં સ્વસંવેદન આવે ત્યારે આનંદની ઉત્પત્તિ થયા વિના રહે નહિ. ત્યારે આનંદની ઉત્પત્તિ થાય. એટલે એને સ્વાનુભવ કહે છે. સ્વસંવેદનને સ્વાનુભવ કહે છે, એને અનુભૂતિ કહે છે, એને સમાધિ કહે છે. આ વાત એટલા માટે લીધી. એને સમાધિ કહે છે. સમાધિમાં આનંદની ઉત્પત્તિ હોય એને સમાધિ કહે છે. સમાધિ અને અનુભૂતિ તો અન્યમતિ વાપરે છે આ વેદાંતવાળા. તો એને પૂછો કે તમને આનંદની ઉત્પત્તિ થઈ? તો કહે, હા. કેવો આનંદ? તો કહે, વચનથી ન કહી શકાય એવો આનંદ થયો. ત્યાં સુધી વાત છે ત્યાં.

મુમુક્ષુ :- અનિર્વચનીય છે.

પૂજ્ય ભાઈશ્રી :- અનિર્વચનીય. પણ એ તો કોઈપણ શાંતિને વચનમાં કેવી રીતે કહો શકો? મનની શાંતિ વચનથી નથી કહેવાતી.

ત્યારે અહીંયાં નાસ્તિથી એક પ્રશ્ન સ્થૂળપણે સમજી શકાય એવો કરી શકે છે કે વર્તમાન ચાલતો રાગ છે એ જુદો પડે છે? રાગ જુદો પડી જાય છે? જેમ બીજું જ્ઞેય જુદું જણાય છે એવો રાગ જુદો દેખાય છે? જેમકે આ ચીજ છે એ જુદી દેખાય છે. એમ રાગ જુદો દેખાય છે? એમ પૂછે. કારણ કે એને તો મનની શાંતિ, રાગરૂપ શાંતિને જ એ અનુભૂતિ સમજે છે. ત્યારે ઓલામાં તો જુદી પડે મનની શાંતિ. આને મનની શાંતિ જુદી ન પડે. એટલે સ્થુળ પ્રશ્નમાં પકડાય જાય અને જ્સ ક્ષેત્રથી પકડાય જાય. એ કહે અહીંયાં થાય છે અને અહીંયાં થાય છે. અનુભૂતિ એમ થાતી નથી. અખંડ પ્રદેશમાં થાય છે.

‘**જ્ઞાન, જ્ઞાનપરિણતિવડે જ્ઞાનને વેદતાં આનંદ પામે છે અને લીન થતાં સ્વરૂપમાં તાદાત્મ્ય હોય છે.**’ .. શ્રદ્ધા નામ પ્રતીતિ હોય અને લીનતા હોય. બધી ચારે વાત લેવી. શ્રદ્ધા, જ્ઞાન, લીનતા અને આનંદ. માટે જ્યારે દ્રવ્ય-ગુણમાં ‘**પરિણામ વિચરે ત્યારે ત્યાં શ્રદ્ધા કરે અને લીન થાય.**’ તેને લયસમાધિ કહેવામાં આવે છે. આ લય એટલે લીન થવું. આમ તો લય ઉપરથી શબ્દ આવ્યો છે વિલય—નાશ પામવું. શેનું નાશ પામવું? કે વિકલ્પોનું નાશ પામવું, વિકલ્પોનો વિલય થવો. આ નાસ્તિ અપેક્ષા છે. અને એક લય સીધા શબ્દનો અર્થ છે લય લાગી નથી. માણસ કહેતા? કે આને હવે એની લય લાગી છે. પછી અપભ્રંશ થઈને એમ કહે છે કે લે લાગી છે. આગ લાગે ત્યારે શું કહે છે? આગ લાગે ત્યારે લે લાગી છે એમ કહે છે કે નહિ? એનો અર્થ શું થાય છે? કે આગ એટલી ઝડપથી પોતાના બાળવાયોગ્ય

પદાર્થને ભરખી જાય છે કે જોતજોતામાં ભસ્મ કરી નાખે. પરિણામની લીનતામાં ઉગ્રતા શું ચીજ છે એ સમજાવવી છે. સ્વરૂપમાં લીનતા થાય ત્યારે પરિણામની સ્થિરતા વખતેની ઉગ્રતા કેવી આવે એ સમજાવવા માટેના આ ભેદ પ્રભેદ લેવામાં આવે છે. એને લય લાગી છે, લે લાગી છે એમ કહે. જેની લય લાગી છે એ સિવાય એને બીજું કાંઈ આવતું નથી, ભાવમાં બીજું કાંઈ આવતું નથી એને લય કહેવામાં આવે છે. એનું નામ લયસમાધિ છે. એવું સમજાવવા એને લયસમાધિ નામ આપ્યું છે.

પછી '**પ્રસંજ્ઞાત સમાધિ**' '**હવે પ્રસંજ્ઞાત સમાધિનો ભેદ કહીએ છીએ :- સમ્યક્‌ત્વને જાણે અને ઉપયોગ વિષે એવો ભાવ ભાવે કે ચેતનનો પ્રકાશ અનંત છે, પરંતુ (તેમાં) દર્શન-જ્ઞાન-ચારિત્ર મુખ્ય છે; મારી દષ્ટાશક્તિ નિર્વિકલ્પ ઊઠે છે, જ્ઞાનશક્તિ વિશેષને જાણે છે, ચારિત્ર પરિણામ વડે વસ્તુને અવલંબીને-વેદીને-વિશ્રામ કરીને આચરીને સ્થિરતાને ધારણ કરે છે. પોતે પોતાના સ્વભાવકર્મને કરીને કર્તા થાય છે. સ્વભાવ કર્મ છે. નિજ પરિણતિવડે પોતે પોતાને સાધે છે, પોતાની પરિણથિ પોતાને સોંપે છે,...**' છ કારક લીધા. '**પોતે પોતાને પોતામાં પોતાથી સ્થાપે છે, પોતાના ભાવનો પોતે આધાર છે. (એ પ્રમાણે) પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને સારી રીતે વિચારીને સ્થિરતાવડે રાગાદિ વિકારને ન આવવા દે; જેમ જેમ ઉપયોગનું જાણપણું વર્તે તેમ તેમ ધ્યાનની સ્થિરતામાં આનંદ વધે, અને સમાધિ સુખ થાય. વીતરાગપરમાનંદ સમરસીભાવના સ્વસંવેદનને સુખ-સમાધિ કહીએ. દ્રવ્ય દ્રવવાના ભાવરૂપ છે, ગુણ લક્ષણભાવરૂપ છે અને પર્યાય પરિણમનલક્ષણ વડે વેદનાના ભાવરૂપ છે-એ પ્રમાણે વસ્તુરસનું સર્વસ્વ જણાવવાયોગ્ય ભાવ છે તેને સમ્યક્ પ્રકારે જાણીને સમાધિને સિદ્ધ કરે; તેને પ્રસંજ્ઞાત સમાધિ કહીએ.**'

'**આમાં પણ ત્રણ ભેદ છે. પ્રસંજ્ઞાત (એવો શબ્દ તે) શબ્દ છે. (એ) શબ્દનો જે સમ્યગ્જ્ઞાનભાવ તે અર્થ છે અને તેનું (શબ્દ તથા અર્થનું) જાણપણું તે જ્ઞાન છે.-એ ત્રણે ભેદ અહીં જાણવા. જાણનારના મતને જાણી-માનીને તેમાં મહાતદ્‌રૂપપણે સમાધિ ધારીએ. તે પ્રસંજ્ઞાત (સમાધિ) કહીએ.**' હવે આમાં પ્રજ્ઞા શબ્દ તો પ્રચલિત છે. જેમ વેદન શબ્દ પ્રચલિત છે, પ્રજ્ઞા શબ્દ પ્રચલિત છે. તો વેદનમાં સં ઉમેરીને સંવેદન કર્યું. જ્ઞાન શબ્દ પ્રચલિત છે એમાં પ્ર ઉમેરીને પ્રજ્ઞા કહી એને. પ્રજ્ઞા કહેવામાં આવે છે ને? પવિત્ર જ્ઞાનને પ્રજ્ઞાછીણી એ જ્ઞાનની પર્યાયની વાત કરી. ભગવતી પ્રજ્ઞા. ભગવતી પ્રજ્ઞા એટલે પવિત્ર જ્ઞાન. તો જ્ઞાનને પ્ર લગાડ્યું. પ્ર ઉપસર્ગ લગાડ્યો. આગળ લાગે એને ઉપસર્ગ કહે, પાછળ લાગે એને પ્રત્યય કહે છે. કોઈપણ શબ્દ અથવા ધાતુને આગળ લાગે તેને ઉપસર્ગ કહે છે,

પાછળ લાગે એને પ્રત્યય કહે છે. આગળ આ ઉપસર્ગ લાગે છે. તો પ્ર ઉપસર્ગ લાગ્યો, સ ઉપસર્ગ લાગ્યો. તો અહીંયાં પ્રસંજ્ઞાત એ નામ પાડ્યું સમાધિનું. જ્ઞાનની પ્રધાનતાથી આચરણના પરિણામ, સમાધિના પરિણામને વર્ણવે છે. એવા જે સમાધિને પરિણામને પ્રસંજ્ઞાત સમાધિ કહીએ. આમ વાત છે. કેવી રીતે નામ પાડ્યું પ્રસંજ્ઞાત સમાધિત. મૂળ જ્ઞાનની વાત લેવી છે.

એ જ્ઞાનમાં સ પ્રત્યય લગાડ્યો, પ્ર પ્રત્યય લગાડ્યો. પ્રજ્ઞા. સ્વસંવેદનનો જે સ, પ્રજ્ઞાનો જે પ્ર એ બેય આમાં લગાડ્યા. સંપ્રજ્ઞાત. જ્ઞાત એટલે જાણ્યું. જ્ઞાત તો આપણે કહીએ છીએ ને? જે જ્ઞાત તે તો તે જ છે. નથી પ્રમત્ત કે અપ્રમત્ત એક બીજો ભાવ છે પણ જ્ઞાત તે તો તે જ છે. જ્ઞાત. એ જ્ઞાત શબ્દ અહીંયાં આવ્યો. એ જ્ઞાનને બે પ્રત્યય લાગ્યા. સંજ્ઞાત અને પ્રસંજ્ઞાત. એક શબ્દે આખો બન્યો છે ચાર અક્ષરનો. જ્ઞ માથે જ્ઞાત, જાણેલું. સંજ્ઞાત-સારી રીતે જાણેલું. પ્રસંજ્ઞાત-પવિત્રપણે સારી રીતે જાણેલું. એમ પ્રસંજ્ઞાત સમાધિ નામ પાડ્યું. કેવો શબ્દ છે અને કેવો એનો અર્થ છે અને કેવો એનો ભાવ છે. આમ તો શબ્દ, અર્થ અને જ્ઞાન ત્રણે લેવું પડે છે ને એટલે ત્રણે લઈએ. એકલો શબ્દ આવે સંપ્રજ્ઞાત એટલે અજાણ્યો લાગે. આ વળી પ્રસંજ્ઞાત સમાધિ એવું કેવું નામ પાડ્યું હશે? પણ મૂળ છે જ્ઞાત ઉપરથી. જ્ઞ ઉપરથી જ્ઞાત-સંજ્ઞાત અને પ્રસંજ્ઞાત.

મુમુક્ષુ :- સ ઉપર મીંડું ...

પૂજ્ય ભાઈશ્રી :- છે ને. સ ઉપર મીંડું છે. સંવેદનનો સ. સ્વસંવેદન. એમાં સ ઉપર મીંડું આવે. એમ. વેદન અને સંવેદન. સને માથે મીંડું. અથવા મ અડધો લ્યો. સને માથે મીંડુ ન લઈએ તો મ અડધો લેવો પડે.

હવે શું જાણે? તો કહે સમ્યક્ત્વને જાણે. પહેલું સમ્યક્ત્વ લીધું છે. તો કહે છે, દર્શન-જ્ઞાન-ચારિત્રને જાણે. '**ઉપયોગ વિષે એવો ભાવ આવે કે ચેતનનો પ્રકાશ અનંત છે.**' પોતાના આત્માને જાણે, પોતાના સ્વરૂપમાં અનંત પ્રકાશ છે. ચેતના તેજનો પુંજ છે. આત્મા ચૈતન્ય તેજનો પુંજ છે. એમ. ચૈતન્યનો સમૂહ કહે છે, ચેતપુંજ કહે છે. મૂળ તો વાત એ છે કે અનંત તેજનો પુંજ હોવા છતાં, અનંત પ્રકાશનો પુંજ હોવા છતાં કેવો ઢંકાઈને પડ્યો છે! જેમ ઘટાટોપ વાદળા થાય તો આવડા મોટા સુરજને ઢાંકી દે. અંધારું ઘોર કરી નાખે. બહુ વાદળા અને બહુ વરસાદ હોય તો સૂર્ય તો ન દેખાય પણ એટલું બધું અંધારું હોય કે કોઈ જંગલની અંદર મોટરની જે લાઈટ હોય ને હેડલાઈટ? એમાં તમને બે-ચાર ફૂટથી આગળ કાંઈ દેખાય નહિ. આ ઝાકળ નથી થાતી? પાણીમાં એ જાતનું અંધારુ કરવાનો પ્રકાર ઊપજે છે એટલે. આ મોટા પર્વત ઉપર જાય છે ને ગાડીઓ? દાર્જિલિંગ ને

એ બાજુ. એરોપ્લેનમાં જે લાઈટ ગોઠવી હોય એવી ફોગ લાઈટ ગોઠવવી પડે છે. ત્યાંની જે ઉપર જનારી ગાડીઓ મોટા ભાગે જીપ હોય છે ત્યાં. એન્જિન તાકાતવાળું હોય ને એટલે જીપમાં ઉપર જવાય છે. અને આગળ ફોગ લાઈટ હોય છે. પાણીથી જે અંધારું ઊપજે એને પણ ભેદીને થોડો પ્રકાશ થાય એટલે થોડું સાત-આઠ-દસ-પંદર ફૂટ સુધી દેખાય. નહિતર તો બે ફૂટથી વધારે હેડલાઈટ ન દેખાય.

મુમુક્ષુ :- સર્ચ લાઈટ.

પૂજ્ય ભાઈશ્રી :- હા એ સર્ચ લાઈટ કહો, ફોગ લાઈટ કહો. જે આને હોય છે, એર-પ્લેનને હોય છે. તો એ એરોપ્લેનમાં એવી પીળી ફોગ લાઈટ એટલા માટે રાખવામાં આવે છે. અને છતાં એ બહુ ગાઢ હોય ને તો એને બંધ રાખી દેવું પડે. એનું જો એટલું બધું તીવ્ર પ્રમાણ હોય તો કહે હવે બંધ રાખો. ઉતરવા-ચડવાનું બંધ રાખો. પ્રકાશને અંધકાર રોકે છે જો બળવાન હોય તો. અંધકાર બળવાન હોય તો. અને અંધકારને ભેદે છે પ્રકાશ જો પ્રકાશ બળવાન હોય તો. બેય પ્રતિપક્ષ છે સામાસામા. એમ આત્મા અનંત પ્રકાશનો પુંજ છે. અહીંયાં શું વાત આવી જુઓ !

**'ઉપયોગ વિષે એવો ભાવ ભાવે કે ચેતનનો પ્રકાશ અનંત છે.'** એવો ભાવ ભાવે. આ એવો ભાવ નથી ભાવતો એટલે અંધારું ઘોર છે. છે તો ખરેખર ચેતનમાં અનંત પ્રકાશ છે પણ એને ખબર નથી અને ભાવતો નથી એટલે અંધારું ઘોર છે. ગોતે છે આત્માને. મારો આત્મા ક્યાં? મને કોઈ આત્મા દેખાડો. મારો આત્મા ક્યાં છે? મને કોઈ આત્મા દેખાડો. તો કહે છે, ભાઈ! તારો આત્મા છે એમાં અનંત ચૈતન્યનો પ્રકાશનો પુંજ છે એમ તને તું તારા ભાવમાં ભાવ. એક સુવિધા એ છે કે ઓલાપણે તો સાવ અંધારું હોય છે. અહીંયાં એનું એક કિરણ જ્ઞાનમાં ખુલેલું હોય છે. સદાય. જાણવારૂપ અને વેદવારૂપ. સર્વનાશ થાય નહિ. અને મનુષ્યપણામાં સંજ્ઞી પંચેન્દ્રિયમાં તો સારી રીતે ખુલેલું છે. જ્યાં મનસહિત વિકાર છે ત્યાં તો સારી રીતે ખીલેલું છે. બસ ત્યાંથી પ્રકાશનો પુંજ હાથમાં આવે છે.

આ સોનાની ખાણ મળે છે ને? એ કાંઈ એવી રીતે નથી મળતી. એ એના ભૂસ્ત-રશાસ્ત્રી હોય છે. એ લોકોને અમુક એક ઢેફું કે પત્થર હાથમાં આવી જાય છે ક્યાંકથી. ઉપર જ. ખેતરમાં કે ડુંગરો ચડતા કે એવી રીતે જ ક્યાંક કે જે જમીન સાવ નકામી જેવી હોય. એમાંથી એને ખ્યાલ આવે છે કે આમાં સોનાના રજકણ ક્યાંક ક્યાંક છે. અને ટનબંધી સોનું પછી એમાંથી નીકળે છે. એ ખાણમાંથી પછી ટનબંધી સોનું નીકળે છે. પણ હોય છે એ માટી સાથે મળેલું. એને તપાવીને, માટીને ગાળીને, બાળીને, રાખ કરીને, સોનાની તો રાખ થાય નહિ એટલે સોનાની લગડી એમાંથી નીકળે છે. મૂળ ક્યાંક એને પગ મૂકવાની જગ્યા

મળે છે કે આમાં ક્યાંક છે. રજકણ છે ક્યાંક. ઝીણો રજકણ છે. સોનાનો રજકણ માટી સાથે છે.

એમ રાગ સાથે ક્યાંક જ્ઞાન મળેલું અને જ્ઞાનનો પ્રકાશ જુદો જોવે છે તો એમાંથી જ્ઞાનની ખાણનો પત્તો કાઢે છે. એના શાસ્ત્રીઓ. ઓલા ભૂસ્તર શાસ્ત્રીઓ એમ આત્મજ્ઞાનના શાસ્ત્રીઓ અંદરથી ખોદે છે. અને એ પ્રકાશના પુંજમાંથી, પ્રકાશના કિરણમાંથી એનો પુંજ પકડી લે છે. એ ભાવવાની વાત લે છે.

પછી અનેક ગુણોની વાત લીધી. એમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર લીધા. એમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ લીધા. છ કારકો લીધા. એ બધી ઘણી વાતો લઈને એ બધાને જાણીને પ્રકાશના પુંજને જાણે. એને સંપ્રજ્ઞાત અને વીતરાગ થાય ત્યારે એને સંપ્રજ્ઞાત સમાધિ કહેવામાં આવે છે. વિશેષ લઈશું કાલે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો ષટ્‌કારક લીધા ને. ષટ્‌કારકમાં સાધનમાં સાધે છે. સોંપે છે એટલે એમાં સંપ્રદાન લીધું. પહેલા કર્તા લીધો સૌથી પહેલા. પોતાના સ્વભાવકર્મને કરીને કર્તા થાય છે. પછી સ્વભાવ તે કર્મ છે—બીજું કારક. નિજ પરિણતિ વડે સાધન નામનું ત્રીજું. પોતાની પરિણતિ વડે પોતાને સોંપે છે એ ચોથું સંપ્રદાન. પોતે પોતાને પોતામાંથી સ્થાપે છે એ અપાદાન પાંચમું અને પોતે પોતાનો આધાર રાખે છે એ છઠ્ઠું. એ છ કારક લીધા. જેમ દર્શન-જ્ઞાન-ચારિત્ર ગુણ લીધા એમ આ છ કારકોના છ ગુણ લીધા. એમ એના સ્વભાવ વડે સંપ્રજ્ઞાત એટલે સારી રીતે જાણે છે અને લીન થાય છે.

મુમુક્ષુ :- એટલે કર્તા, કર્મ?

પૂજ્ય ભાઈશ્રી :- હા કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એ છએ છ લીધા. જેમ દર્શન-જ્ઞાન-ચારિત્રના ગુણ લીધા એમ આ છ ગુણ લીધા. ત્રણ શક્તિ બીજી છ શક્તિ આ લીધી. એમ પ્રધાનપણે જે જે શક્તિઓ છે એના દ્વારા જાણપણું વર્તે પછી જેમ જેમ ઉપયોગનું જાણપણું વર્તે, એને વિચારીને સ્થિરતા કરે ત્યારે રાગાદિ વિકારને ન આવવા દે એટલે ઉત્પન્ન ન થાય અને સ્થિરતામાં આનંદ વધે ત્યારે સમાધિસુખ થાય. એને સંપ્રજ્ઞાત સમાધિ કહેવામાં આવે છે. લેશું, કાલે વિશેષ લઈશું...

**તા. ૧૩-૭-૧૯૯૧, પાના નં. ૧૦૪**
**પ્રવચન નં. ૨૫**

.. હોય તો પણ દ્રવ્યશ્રુત છે, પુસ્તકારૂઢ ન હોય તોપણ દ્રવ્યશ્રુત છે. ભગવાનની વાણીને પણ દ્રવ્યશ્રુત કહેવામાં આવે છે. વચનમાત્ર દ્રવ્યશ્રુતમાં જાય છે. '**અર્થમાં મન લગાવવું તે ભાવશ્રુત છે.**' પછી જે દ્રવ્યશ્રુતનો વિષય આત્મા છે એને ભાવથી, એનું જ્ઞાન ભાવથી કરવામાં આવે તે ભાવશ્રુત છે. શ્રુત એટલે શ્રુતજ્ઞાન અને ભાવપૂર્વક તે જ્ઞાન થવું તે ભાવશ્રુત. આમ સીધોસાધો અર્થ એ છે. પછી એ ભાવનો આંક બાંધવામાં આવે છે કે આત્મા જેણે પોતાના આત્મભાવનાથી સાંભળ્યો, શ્રુત એટલે સાંભળ્યો અને એવા ભાવથી આત્મા સાંભળ્યો કે આત્માકાર ભાવ થઈ ગયા. એવો જે આત્માકારભાવ તેને ભાવશ્રુત કહેવામાં આવે છે. આ શ્રુતજ્ઞાન. ભાવશ્રુતજ્ઞાન એટલે આત્માનો અનુભવ તેને ભાવશ્રુતજ્ઞાન કહે છે ને? એનું ભાવશ્રુતજ્ઞાન ક્યાંથી નામ પડ્યું? કે સ્વરૂપ ભાવનાથી એ જ્ઞાન ઉત્પન્ન થયું છે. જ્ઞાન તો જ્ઞાન છે પણ જ્ઞાન શુષ્ક-કોરું પણ હોય છે અને ભાવનાથી ભીંજાયેલું પણ હોય છે. તો ભાવશ્રુતજ્ઞાન ક્યાંથી ઊપજ્યું? અને જો ભાવથી ન સાંભળ્યું તો એણે સાંભળ્યું શું? જો ભાવથી ન સાંભળ્યું તો એણે સાંભળ્યું શું? એમ કહે છે. એવી રીતે ભાવશ્રુતજ્ઞાન લેવું.

મુમુક્ષુ :- આનંદની ઉત્પત્તિ થાય એને ભાવશ્રુતજ્ઞાન કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. હવે લેશે.

'**વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ સમરસીભાવવડે ઉત્પન્ન આનંદ તે ભાવશ્રુત છે.**' આ એનો આંક બાંધ્યો. જે જ્ઞાનની સાથે આનંદની ઉત્પત્તિ ન હોય એને જ્ઞાન શું કહેવું? એમ કહે છે. જે જ્ઞાન સાથે આનંદની જ ઉત્પત્તિ ન હોય એને જ્ઞાન શું કહેવું? એને જ્ઞાન ન કહેવું.

મુમુક્ષુ :- ક્ષયોપશમજ્ઞાન થયું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ ક્ષયોપશમજ્ઞાન પણ હવે એ પરલક્ષી જ્ઞાન જે ક્ષયોપશમજ્ઞાન છે ને એને પછી જ્ઞાનમાં શું નાખવું એમ. એને જ્ઞાન શું કહેવું એમ. જ્ઞાન તો ભાવશ્રુતજ્ઞાન તે જ્ઞાન છે. એમ. ત્યાંથી જ્ઞાનનો આંક શરૂ થાય છે મોક્ષમાર્ગમાં તો.

મુમુક્ષુ :- મારો પ્રશ્ન એ છે કે ક્ષયોપશમજ્ઞાન એટલે મનજનિત જ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ક્ષયોપશમજ્ઞાન છે. પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનથી જેટલું જ્ઞાન થાય..

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, આ મનાતીત વિષય છે. જ્યારે આનંદ ઊપજે છે ત્યારે અતીન્દ્રિય મનાતીત જ્ઞાન થાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. મન એટલે ઉપયોગ અહીંયાં. ભાવમન એને કહે છે. ભાવ-મનની બે પરિભાષા છે. એક મનના નિમિત્તે ઉપયોગ વર્તે તેને પણ ભાવમન કહે છે અને પૂર્વપર્યાયમાં આત્માના વિચાર એવા મનના સંપર્કથી થતા હોય એ છોડીને આત્માનો અનુભવ થાય ત્યારે ભાવમન આગળ વધીને અનુભવ કરે છે એમ કહેવાય. પૂર્વપર્યાયનો આરોપ થાય છે. એટલે 'ટોડરમલજી'એ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં અનુભવને મનજનિત પણ કહ્યો છે અને મનરહિત પણ કહ્યો છે. એ બે વાત તો પરસ્પર વિરુદ્ધ છે. સ્વાનુભવ મનજનિત પણ છે અને મનરહિત પણ છે. બેય વાત કરી છે.

ઘણા પ્રશ્ન શું કરે છે? કે જો મનાતીત દશાની વાત આવે તો કહે 'ટોડરમલજી'એ તો મનજનિત કહ્યો છે 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં. ભાઈ! 'ટોડરમલજી'એ તો મનજનિત પણ કહ્યો છે અને મનરહિત પણ કહ્યો છે. પછી હા પાડે. હા, બેય વાત કરી છે. તો પછી એક પ્રશ્ન શું કરવા કર્યો? મનરહિત એટલે મનની ભૂમિકાને ઓળંગીને આગળ વધી ગયો માટે મનરહિત. મનજનિત એટલે પૂર્વપર્યાયમાં મન સાથે સંબંધ હતો. બીજી કોઈ ઇન્દ્રિયોના વ્યાપાર સાથે સંબંધ નહોતો એમ બતાવવા માટે મનજનિત કહે છે. અને મનમાં પણ એ જ વિચાર હતો અને બીજો વિચાર નહોતો. આત્માનો જ વિચાર મનમાં હતો એમ બતાવવા માટે પૂર્વપર્યાય લઈ લીધી. બીજા વિચારથી પણ ન થાય. મનમાં પણ બીજો વિચાર હોય તોપણ આત્માનો અનુભવ ન થાય. બીજી ઇન્દ્રિયના જ્ઞાનમાં તો વિષય બીજો જ છે આખો. આત્મા વિષય જ નથી થતો. એ તો જડ જ પદાર્થ છે પણ મનનો વિષય આત્મા બને પછી આ સ્વાનુભવ થાય માટે મનજનિત કહીએ છીએ. પણ મનનો વિષય બીજો પદાર્થ હોય તો આત્માનો અનુભવ ન થાય એવું સમજાવવા અથવા એવું સૂચિત કરવા માટે પણ એને મનજનિત છે એમ કહેવામાં આવે છે.

એમાં પણ પાછું ઊંડું છે કે આત્માનો વિચાર કરે પૂર્વપર્યાયમાં એમાં પણ પર્યાયાર્થિક નયના વિષયથી અનુભવ ન થાય. એ વિચારમાં પણ શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો જે વિષય છે

એ મનમાં હોય પછી અનુભવ થાય. ગુણભેદ અને પર્યાયના વિચારથી અનુભવ ન થાય. એમ છે. એટલું કહેવા માટે મનજનિત કીધો છે. મનની પણ છેલ્લી અવસ્થા આવી જ હોવી જોઈએ, ગમે તે ન ચાલે.

મુમુક્ષુ :- ક્રમ પણ આવો જ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પૂર્વ ક્રમ એવો જ છે. નિયત પૂર્વ ક્રમ છે. બીજા ક્રમથી ન થાય એમ લેવું.

મુમુક્ષુ :- લક્ષમાં પણ આત્મા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, લક્ષમાં શુદ્ધાત્મા છે અને વિચાર પણ એનો જ છે. બેય વાત છે. લક્ષમાં શુદ્ધાત્મા હોય અને બીજો વિચાર આવે ખરો પણ અનુભવ ન થાય એમ કહેવું છે. લક્ષ છે એ મનજનિત નથી. લક્ષ છે એ મનજનિત નથી. એ તો મનથી બહારનો વિષય થઈ ગયો. મનજનિત શું કરવા કીધો? કે પૂર્વપર્યાયમાં અહીંયાં જ મન લાગેલું છે, બીજે મન લાગેલું નથી. એટલે મન લગાડવું એમ કીધું. ત્યાં મન લગાડવું—આત્મામાં મન લગાડવું, બીજે મન લગાડવું નહિ.

મુમુક્ષુ :- ઉપચારથી વાત કરી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પૂર્વપર્યાય. પૂર્વપર્યાય ઉપર ઉપચાર કર્યો. પણ પૂર્વ પર્યાય ઉપચાર કર્યો એ ઉપચારને યોગ્ય પૂર્વપર્યાય છે માટે ઉપચાર કર્યો. ઉપચારને અયોગ્ય પૂર્વપર્યાય ઉપર ઉપચાર પણ નથી થતો.

જેમકે બે જીવ લઈએ. બેય આત્માનો વિચાર કરે છે એમ લઈએ. તો જેને અનુભવ થાય એની પૂર્વપર્યાય ઉપર ઉપચાર આવે. પણ જેને અનુભવ ન થાય એને પૂર્વ પર્યાય ઉપર ઉપચાર આવે? કે ન આવે. તો એનો અર્થ શું થાય છે? કે બંનેની પૂર્વ પર્યાયમાં આત્માનો વિચાર હોવા છતાં એક ઉપચારને યોગ્ય છે અને એક ઉપચારને અયોગ્ય છે. બે પ્રકાર જુદા છે. આ પહેલોવહેલો ક્રોસ કર્યો હતો ‘જામનગર’માં ભાઈને. પહેલો પ્રશ્ન મારો આ હતો.

કોઈએ પ્રશ્ન પૂછ્યો હતો કે પૂર્વપર્યાય સમ્યક્ સન્મુખની ... ગણવી કે ન ગણવી અનુભવ થાય ત્યારે? તો કહે અનુભવ થાય તો ગણવી અને અનુભવ ન થાય તો ન ગણવી. પૂર્વપર્યાય તો ઉપચાર છે. મેં કીધું ઉપચારને યોગ્ય છે કે ઉપચારને અયોગ્ય છે? જો ઉપચારને યોગ્ય છે અને ઉપચારને અયોગ્ય છે એમ બે પ્રકાર પડતા હોય તો આ પ્રકાર ક્યો? એ ક્રોસ કર્યો હતો. ૨૦૧૭ની સાલ ‘જામનગર’માં પંચ કલ્યાણક (હતા). ૩૦ વર્ષ થયા લ્યો બરાબર. ૪૭ ચાલે છે ને? .. પોષ મહિનો. પહેલાવહેલા મળ્યા હતા. ચર્ચા ચાલતી હતી.

એટલે એનો એક ચોક્કસ ભાગ છે, નિયત એ પણ એક સ્પષ્ટ પ્રકાર છે આખો. એ

પ્રકારમાં આવ્યા વિના કોઈનો થતો નથી. ઉપરટપકે એમ લાગે કે આ પણ આત્માનો વિચાર કરે છે, આ પણ આત્માનો વિચાર કરે છે. પણ એમાં આત્માના વિચારમાં આટલું બાદ કરવાનું છે કે પર્યાયાર્થિકનો કે વ્યવહારનયનો કોઈ વિષય ન હોય મનને. આત્માનો વિચાર હોવા છતાં પણ વ્યવહારનયનો વિષય ન હોય. નિશ્ચયનયનો વિષય હોય તોપણ શુદ્ધ નિશ્ચયનયનો વિષય હોય. શુદ્ધનયનો વિષય પણ લક્ષપૂર્વક હોય. અને શુદ્ધનયના વિષયનો વિચાર હોય લક્ષપૂર્વક હોય તોપણ તેની માત્રામાં સાથે પુરુષાર્થ હોય. વિકલ્પ તૂટે એટલો એને નિર્વિકલ્પ દશા થાય એટલો પુરુષાર્થ આવે. વધતો પુરુષાર્થ એટલે હદે આવે ત્યારે અનુભવ થાય. આટલી મર્યાદા છે.

મુમુક્ષુ :- વિચારમાં પણ એટલો પુરુષાર્થ હોવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- વિચાર વખતે પણ પુરુષાર્થ વધતો પુરુષાર્થ એટલી હદે વધે કે વિકલ્પને તોડી નાખે ત્યારે અનુભવ થાય. ત્યાં સુધી ન થાય.

એમાં પણ એવું બને. લક્ષ થઈ જાય. શુદ્ધાત્માનો વિષય પણ હોય વિચારમાં પણ પુરુષાર્થ ઓછો હોય. તો જેટલું કારણ આપે એટલું કાર્ય થાય. જે આ 'બહેનશ્રી'નો સિદ્ધાંત છે વચનામૃતમાં એ વાત છે. જેટલું કારણ આપે એટલું કાર્ય થાય. એ પુરુષાર્થનું કારણ છે. એટલે મોક્ષમાર્ગ પણ પુરુષાર્થના આધારે છે. જ્ઞાન એનું જનક છે, જ્ઞાન એનો ઉત્પાદક છે. અને મોક્ષમાર્ગમાં પણ જેટલો પુરુષાર્થ તીવ્ર એટલો મોક્ષ નજીક—સમીપ. જેટલો પુરુષાર્થ મંદ એટલો મોક્ષને કાળ દૂર. એટલે મુખ્ય ફેક્ટર થઈ ગયો પુરષાર્થ. મુખ્ય વાત થઈ ગઈ પુરુષાર્થની બધે. પહેલેથી તે છેલ્લે સુધી.

એક એક ગુણસ્થાનમાં અસંખ્ય ભેદ છે. આઠમું ભલે ક્ષણવર્તી હોય, નવમું (ક્ષણવર્તી હોય) તોપણ અસંખ્ય ભેદ છે. પણ અસંખ્ય ન સમજી શકાય છદ્મસ્થને, જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ સમજી શકાય. એવા ભેદ કેમ? પુરુષાર્થના કારણે, બીજું કાંઈ નહિ. શ્રદ્ધા-જ્ઞાન સરખું જ છે. બેય જીવ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હોય. એક જીવને મુનિપણું લીધા પછી એક હજાર વર્ષ લાગે. ચરમશરીરી ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હોય અને બીજા જીવને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન (થાય). કેમ? પુરુષાર્થ ઓછો. બીજું કાંઈ નહિ. શ્રદ્ધા-જ્ઞાન તો સરખા છે.

મુમુક્ષુ :- કાળલબ્ધિ?

પૂજ્ય ભાઈશ્રી :- કાળલબ્ધિથી લ્યો તો કાળની મુખ્યતાથી વાત છે પણ પુરુષાર્થથી લ્યો તો પુરુષાર્થની મુખ્યતાથી વાત છે. કાળલબ્ધિમાં પુરુષાર્થ આવી જાય છે અને પુરુષાર્થમાં કાળલબ્ધિ આવી જાય છે. બે જુદા નથી રહેતા. જ્યારે જે પ્રકારનો પુરુષાર્થ તીવ્ર થયો તે જ તેની કાળલબ્ધિ છે. કાળલબ્ધિ કોઈ બીજી ચીજ નથી. કાળ એટલે પર્યાય અને લબ્ધિ

એટલે પ્રાપ્તિ.

બે સગા ભાઈ ઋષભદેવ ભગવાનના પુત્રો. ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ચરમશરીરી. ભરત મહારાજા મુનિદશા લઈને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામ્યા. વ્યવહારમાં જ ન આવ્યા. મુનિદશાના પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિના વ્યવહારમાં આવ્યા જ નહિ. વ્યવહારના પરિણામમાં જ ન આવ્યા. ક્રિયામાં પણ ન આવ્યા અને પરિણામમાં પણ ન આવ્યા. કેમકે એ પહેલા તો ચોથું કે પાંચમું ગુણસ્થાન હોય. પહેલું સાતમું પ્રગટે. છઠ્ઠામાં આવ્યા વગર સીધા ગયા આઠમે, નવમે, દસમે, બારમે. શ્રેણી માંડી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. શ્રેણિક મહારાજાને ક્યાં છે? ‘વ્રત નહિ, પચખાણ નહિ, નહિ ત્યાગ વસ્તુ કોઈનો મહાપદ્મ તીર્થંકર થશે શ્રેણિક ઠાણાંગ જોઈ લ્યો.’ છે જ ને.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અરે..! એક નમસ્કાર મંત્ર રોજ બોલવો એટલું પણ વ્રત ન હોય. કેટલું? રોજ પંચ પરમેષ્ઠીનો નમસ્કાર મંત્ર મારે બોલવો એટલું પણ વ્રત ન હોય અને ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હોય. ત્યાં ક્યાં બોલે છે? અને બાહુબલી ભગવાનને એક હજાર વર્ષ મુનિદશામાં લાગ્યા. બે સગા ભાઈ ચરમશરીરી ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ. પુરુષાર્થ પુરુષાર્થમાં ફેર. શરીરનું બળ બાહુબલીનું વધારે હતું ભરતરાજા કરતા. એ સાબિત કરી દીધું એમણે. પણ આત્માનું બળ ભરત મહારાજાનું હતું. પુરુષાર્થ એમનો તીવ્ર હતો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. લક્ષને મનની જરૂર નથી.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ મનાતીત થઈ ગયો. એટલું મનાતીતપણું થયું. અમસ્તું મનાતીત ઘણું ચાલે છે. હું મનુષ્ય છું એવી પરિણતિને ક્યાં મન લાગે છે? અને મનમાં ખબર પણ નથી કે હું મનુષ્ય છું એવી મારે પરિણતિ ચાલે છે. તમારા મનને ખબરેય નથી કે હું મનુષ્ય છું એવી મારી પરિણતિ ચાલે છે. ચાલે જ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પ્રથમ વિચાર છે. પહેલા મનથી વિચાર કરે છે. પરિણતિ પછી થઈ જાય છે. પહેલા તો દરેક મનનો ભાવ થાય છે. મનની ભાવના થયા પછી જ પરિણતિ થાય છે. ભાવના, ઉપયોગ અને પરિણતિ, ભાવના, ઉપયોગ અને પરિણતિ. એમ ક્રમ છે. વારંવાર ઉપયોગથી ભાવના ભાવે અને એની પરિણતિ થઈ જાય. એવી રીતે નામ પાડ્યું.

... મારું નામ ફલાણું-ફલાણું-ફલાણું. પહેલા કોઈ બોલાવે તો એને ખબર ન પડે. બાઘાની જેમ જોવે કોને બોલાવે છે. બાળકને ખબર ન પડે કે આ મને બોલાવે છે કે બીજા કો'કને બોલાવે છે. પછી એને પરિણતિના સંસ્કાર શરૂ થાય કે ફલાણો એટલે હું. એટલે એનું નામ બોલે એટલે તરત ધ્યાન જાય એનું. એક દશા એવી હોય કે એને ખબર ન પડે. પછી એક દશા એવી થાય કે એને ખબર પડે કે આ નામ મારું છે. એટલું દઢ થયા પછી એને વિકલ્પ ન કરવો પડે કે મારું નામ ફલાણું. એનો એને વિકલ્પ કરવો ન પડે એ બાળકને પણ. એમ પરિણતિ થઈ જાય છે.

પરિણતિને મનની જરૂર નથી. અહીંયાં શું થાય છે? મન જાય છે પછી શું થાય છે? અસંજ્ઞી પંચેન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, ત્રણેન્દ્રિય, બે ઈન્દ્રિય અને એકેન્દ્રિય અને એકલી પરિણતિ જ છે, મન ક્યાં છે? એને ક્યાં મન છે? પરિણતિ જ છે એકલી. ભલે રાગ-દ્વેષ-મોહ બધુંય છે એની અંદર પણ પરિણતિ જ છે ને. બીજું શું છે? એકલી પરિણતિ છે. મન નથી. એથી પણ ઉપયોગ થાય છે પણ પરિણતિ વિશેષ છે.

અહીંયાં વિતર્ક એટલે વિચાર લેવો છે. વિતર્કનો અર્થ થાય છે વિચાર. અને અનુગત એટલે વિચારને અનુસરીને થયેલી સમાધિ. સમાધિ એટલે નિર્વિકલ્પ શુદ્ધોપયોગ. તો ક્યા વિચારને અનુસરીને સમાધિ થઈ? કે શુદ્ધાત્માના વિચારને અનુસરીને સમાધિ થઈ એમ કહેવું છે અહીંયાં. હવે ચોખ્ખું થઈ જશે. '**દ્રવ્ય શ્રુતવડે વિચાર કરવો...**' કોનો? શુદ્ધાત્માનો. '**તે વિતર્કશ્રુત છે.**' અથવા એ વિચારરૂપ શ્રુત છે. '**અર્થમાં મન લગાવવું તે ભાવશ્રુત છે.**' અને એ જે મનનો વિષય થાય શુદ્ધાત્મા એમાં મનને લગાવવું એટલે એની ભાવના થવી એ ભાવશ્રુત છે. આપણે નથી કહેતા કે ભાઈ, એનું મન લાગતું નથી કાંઈ. કામ કરે છે પણ એનું મન લાગતું નથી. તો એમાં સકરવાર શું હોય? જેમાં જેનું મન ન હોય જે કામમાં, કામ કરવાનું મન ન હોય એમાં એનો એ કામમાં ભલીવાર હોય નહિ. એમ આત્માનો વિચાર કરે પણ મન બીજે લાગેલું હોય તો? આત્માની પ્રાપ્તિ ન થાય. પણ આત્માનો વિચાર કરે ત્યાં મન લાગવું જોઈએ. મન કહો, અહીંયાં રુચિ સહિતનું મન કહો, રસ સહિતનું મન કહો, ભાવના કહો. એ બધું એમાં આવી જાય છે. એ ભાવશ્રુત છે. અને એનો આંક ક્યાંથી શરૂ થાય? એને ભાવશ્રુતની મહોર ક્યાંથી લાગે? કે આનંદ સાથે ઊપજે ત્યારે. આનંદ ઊપજે ત્યારે શું શું હોય? કે એક તો વીતરાગભાવ હોય. ચારિત્રની અંદર રાગ-દ્વેષ-મોહનો અભાવ હોય.

'**વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ...**' હોય. આત્માના જ્ઞાનમાં જ્ઞાનવેદન હોય અને એ એવું જ્ઞાનવેદન હોય કે એ વખતે વિકલ્પ ચાલુ ન થાય, બંધ થઈ જાય. એવું નિર્વિકલ્પ

સ્વસંવેદન. અને સમરસી એટલે એકરસ—એકસરખો-એકાકાર રસ-આત્મરસ એવા '**ભાવ-વડે ઉત્પન્ન આનંદ...**' થયો એને અહીંયાં પહેલું વહેલું અમે ભાવશ્રુત છે એવો આંક બાંધીએ છીએ. આ ભાવશ્રુતનો પહેલો આંક શરૂ થયો. '**કઈ રીતે? તે કહીએ છીએ.**'

'**ભાવશ્રુત અર્થમાં ભાવ (છે);...**' ભાવશ્રુત છે એના અર્થમાં ભાવ કહેવો છે. શ્રુત પણ એક ભાવ છે, જ્ઞાન પણ એક ભાવ છે.

મુમુક્ષુ :- ૧૫મી ગાથામાં આવે છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ જ નિર્વિકલ્પ વીતરાગ સ્વસંવેદન સમરસીભાવ આનંદસહિત તેને ભાવશ્રુત કહે છે. એ ૧૫મી ગાથાનો વિષય છે. મુખ્યપણ ભાવશ્રુતનો એ અર્થ કરવામાં આવે છે.

'**ભાવશ્રુત અર્થમાં ભાવ (છે); ત્યાં, દ્રવ્યશ્રુતનો અર્થ એવો છે કે દ્રવ્યશ્રુતમાં જ્યાં ઉપાદેય વસ્તુનું વર્ણન છે ત્યાં અનુપમ આનંદઘન ચિદાત્મા અનંત ચૈતન્ય ચિહ્નના અનુભવનો રસાસ્વાદ બતાવ્યો છે.**' શબ્દથી વર્ણન કરીને. દ્રવ્યશ્રુતમાં શબ્દથી વર્ણન કરીને શું બતાવ્યું છે? કે '**અનુપમ આનંદઘન ચિદાત્મા...**' જેની કોઈ ઉપમા નથી એવો આનંદનો, ઘનિષ્ટ આનંદનો પિંડ, અનંત આનંદનો પિંડ આત્મા, ચૈતન્ય આત્મા, અનંત ચૈતન્યચિહ્ન. એનું લક્ષણ પણ અનંત છે. અંત નથી આવતો. જ્ઞાનલક્ષણ, ચૈતન્યલક્ષણ પણ અનંત છે. કાળથી અનંત છે અને ભાવથી પણ અનંત છે. એનો અંત લાવી શકાતો નથી. એવા ચિહ્નથી, એવા લક્ષણથી અનુભવનો રસાસ્વાદ જેને આવ્યો, એ લક્ષણના આધારે જેને અનુભવનો રસાસ્વાદ આવ્યો. રસાસ્વાદ ત્યાં બતાવ્યો છે. વર્ણનથી બતાવ્યો છે. જેટલું શક્ય છે એટલું. પૂરેપૂરું તો બતાવી ન શકાય પણ કથંચિત્ બતાવ્યો છે એમ લેવું.

'**અનાદિથી મન-ઈન્દ્રિય દ્વારા ચેતનાવિકાર વર્તતો હતો...**' અનાદિથી મન-ઈન્દ્રિય દ્વારા ચેતનાનો વિકાર વર્તતો હતો '**તે શુભ-અશુભથી વિકાર છોડાવીને શ્રુતવિચારવડે જ્ઞાનાદિ ઉપયોગની પ્રવૃત્તિ દ્વારા પોતાનું સ્વરૂપ પિછાણ્યું.**' શું વાત આવી?

મુમુક્ષુ :- .ચેતનાની સાથે વિકાર શબ્દ કેમ લેવો?

પૂજ્ય ભાઈશ્રી :- કેમ આ મન ઈન્દ્રિય દ્વારા પ્રવર્તતો હતો ને ચેતના વિકાર.

એમ છે કે ચેતનાના ત્રણ ભેદ છે. કર્મચેતના, કર્મફળચેતના અને જ્ઞાનચેતના. ચેતનાના ત્રણ પ્રકાર. એમાં જ્ઞાનચેતના તે શુદ્ધચેતના છે અને કર્મચેતના અને કર્મફળચેતના તે ચેતના વિકાર છે, વિકૃત ચેતના છે, મલિન છે અથવા આત્માનો સઉપાધિકભાવ છે. ત્યાંથી છોડ-ાવીને. એમાં શુભ-અશુભ વિકાર સાથે હોય છે જીવને. '**શ્રુતવિચારવડે...**' શ્રુત વિચાર વડે એટલે દ્રવ્યશ્રુતના આધારથી, નિમિત્તે જે વિચાર થયો એમાં આત્માનો વિચાર લીધો.

**'જ્ઞાનાદિ ઉપયોગની પ્રવૃત્તિ દ્વારા...'** કારણ કે એમાં ઉપયોગ મુખ્ય છે, જ્ઞાનની પ્રવૃત્તિ વિચારની અંદર મુખ્ય છે. રાગનો અંશ છે પણ જ્ઞાન મુખ્ય છે. તેની **'પ્રવૃત્તિ દ્વારા પોતાનું સ્વરૂપ-પીછાણ્યું.'** પહેલુંવહેલું જે છે એ પોતાનું સ્વરૂપ ઓળખ્યું. જ્ઞાનથી પોતાનું સ્વરૂપ જ્ઞાનલક્ષણથી ઓળખ્યું પહેલુંવહેલું. એ વિચારની ભૂમિકામાં. સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ. આ ઓળખાણ, અસ્તિત્વ ગ્રહણ, આ ઓળખાણ. સ્પષ્ટ પ્રતિભાસ થવો તે ઓળખાણ. અને ત્યારથી આશ્રયભૂત સ્વરૂપનું લક્ષ થઈ જાય એનું નામ ઓળખાણ. લક્ષ રહે. છૂટે નહિ એનું નામ લક્ષ રહે તે ઓળખાણ. એવું પહેલુંવહેલું પીછાણ્યું.

મુમુક્ષુ :- એ જ્ઞાનને ભાવશ્રુતજ્ઞાન કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- એ જ્ઞાનને ભાવશ્રુતજ્ઞાન શાસ્ત્ર પદ્ધતિએ, આગમ પદ્ધતિએ પ્રસિદ્ધપણે નથી કહેતા. પણ છે ખરું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે છે ખરું.

એ તો 'ગુરુદેવ'ને પ્રશ્ન પૂછયો હતો. બીજી ભાષામાં પ્રશ્ન પૂછયો હતો કે આવી રીતે નિર્ણય થયો અને સ્વરૂપસન્મુખ થયો તો એ જ્ઞાન જાત્યાંતર થયું કે નહિ? કેમકે 'આત્મધર્મ'માં એક વિષય આવ્યો હતો. ત્યાંથી એ વિષય છેડ્યો હતો કે ત્યાંથી એક ભાવ વધતો વધતો પુરુષાર્થનું કોઈ અપૂર્વ પરાક્રમ કરીને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનરૂપે પરિણમી જાય છે, નિર્વિકલ્પ દશામાં આવી જાય છે. વધતો વધતો એવો ભાવ લીધો હતો. એટલે એને અડીને પ્રશ્ન કર્યો કે આ વધતો વધતો ક્યો ભાવ છે કે જે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં પરિણમે છે? તો કહ્યું, જ્ઞાનભાવ છે.

જ્ઞાનભાવ વધતો વધતો સમ્યગ્જ્ઞાનરૂપે પરિણમે છે તો પછી શ્રદ્ધા? તો કહ્યું, શ્રદ્ધા મિથ્યા છે, પણ મંદ મિથ્યાત્વ છે. તરત કહી દીધું પાછું. મિથ્યાત્વ મંદ છે. ઘણું મંદ થયું છે. એ તો અનુભાગ ઘણો કપાઈ ગયો છે. પણ જાતિ મિથ્યાત્વની છે. જાતિ મિથ્યાત્વની આવી એટલે જાતિનો પ્રશ્ન કર્યો ત્યાંથી. પછી જ્ઞાનની જાતિ કઈ છે? જ્ઞાન જાત્યાંતર થયું છે કે નથી થયું? આ સીધો પ્રશ્ન કર્યો. તો કહ્યું, કહેવાય નહિ પણ છે ખરું. આગમમાં વિવિક્ષા સમ્યગ્દર્શ પછી જાત્યાંતરપણાની છે એટલે કહેવાય નહિ. પણ સન્મુખ થયું એનો અર્થ કે છે ખરું. કેમકે સાધવા મંડ્યું છે માટે છે ખરું. પણ કહેવાય નહિ. પછી એટલો જ ખુલાસો કર્યો કે બધા આત્માના જ્ઞાનનો, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરતા હોય ને એટલે એમ કહેવા બેસો તો માની લે પાછા કે આપણને નિર્ણય તો થઈ ગયો છે. માનવા માંડે. પછી કોઈ રવાડે-બીજે રસ્તે ચડી જાય. એટલે ન કહેવાય. એ પણ ખુલાસો કર્યો. એવી બધી ચર્ચાઓ જાહેરમાં ન

થાય. ખાનગીમાં થાય.

**‘જેમ દીપકની આડા ચાર પડદા હતા,...’** આ દૃષ્ટાંત ‘અનુભવપ્રકાશ’માં લીધેલું છે. **‘તેમાંથી ત્રણ પડદા દૂર થતાં પ્રકાશ પીછાણ્યો (અને તેથી) દીપક છે-અવશ્ય છે (એમ) પ્રકાશનો અનુભવ થયો.’** હવે પહેલો પડદો બહુ કાળો હતો પાંચ પડદામાંથી. પછી બીજો પડદો આછો કાળો હતો. પછી ત્રીજો પડદો એથી બ્રાઉન હતો, ચોથો પડદો સાવ ઝાંખો કાળો હતો. અને પાંચમો પડદો તો ધોળો જ હતો. પણ પડદો હતો તોપણ. ચાર પડદા ગયા અને ધોળા પડદા પાછળ દીવો હતો તે દેખાણો. દીવો છે. નક્કી દીવો છે પાછળ. પાંચેય પડદા પાછળ દીવો તો હતો જ. એટલે પાંચેય પડદા પાછળ દીવો છે એમ તો ખ્યાલમાં આવતો હતો. કેમકે દીવા વગરના પાંચ પડદા રાખો અને દીવાવાળા પાંચ પડદા રાખો તો ફેર પડી જાય. પાછળ તો દીવો છે.

એક પડદો હટ્યો વધારે પ્રકાશ થયો, બીજો હટ્યો વધારે પ્રકાશ થયો, ચાર હટ્યા તો નક્કી થઈ ગયું કે દીવો છે. આ નિર્ણય થઈ ગયો. એમ છે. એનું નામ ઓળખાણ. અવશ્ય છે એમ કીધું. ‘**(ચોથો પડદો દૂર થતાં દીપક સાક્ષાત્ પ્રગટ થશે)**’ એ છેલ્લો છે. આમાં ચાર લીધા છે. પાંચ લ્યો, ચાર લ્યો એ તો દૃષ્ટાંત છે. છેલ્લો પડદો દૂર થતાં સાક્ષાત્ પછી દીવો દેખાશે. ‘**તેમ (આત્માના ચૈતન્યપ્રકાશ આડા ચાર કષાયરૂપ ચાર પડદા છે), ત્રણ કષાય-ચોકડી ગઈ ત્યારે ચેતના પ્રકાશ સ્વજાતિ જ્યોતિનો અનુભવ નિજવેદનથી એવો થયો; ત્યારે ચેતનાપ્રકાશનો અનુભવ એવો થયો કે પરમાત્મભાવનો આનંદ આ ભાવશ્રુત-આનંદમાં માનો કે પ્રતીતિરૂપે સંપૂર્ણ પ્રાપ્ત થયો છે.**’ ઉપશમ સમ્યગ્દર્શનમાં સંપૂર્ણ લીધું. કેમકે ઉપશમ સમ્યગ્દર્શનમાં મોહના ઉદયનો ભાવ છે—દર્શનમોહનો અને ભાવની અપેક્ષાએ એની નિર્મળતા ક્ષાયિકવત્ ગણવામાં આવે છે. પ્રથમ ઉપશમ. અને બધાયને પહેલું ઉપશમ જ થાય છે પછી ક્ષયોપશમ થાય છે. એમાં કેવળીગમ્ય મળ છે. પોતાને ખબર ન પડે. એને તો એમ જ લાગે કે મને ... એવી રીતે છે.

મુમુક્ષુ :- આ ત્રણ કષાય ચોકડી કહી એનો એક ...

પૂજ્ય ભાઈશ્રી :- ના, ના. ત્રણ કષાયનો અભાવને? ત્રણ કષાય ચોકડી ગઈ. ચોકડીના ત્રણ કષાય. ‘**ત્રણ કષાય-ચોકડી ગઈ ત્યારે ચેતના પ્રકાશ સ્વજાતિ જ્યોતિનો અનુભ નિજવેદન એવો થયો; ત્યારે ચેતનાપ્રકાશનો અનુભવ એવો થયો કે પરમાત્મભાવનો આનંદ આ ભાવશ્રુત-આનંદમાં માનો કે પ્રતીતિરૂપે સંપૂર્ણ પ્રાપ્ત થયો છે.**’ એમાં તો અનંતાનુબંધી લેવા છે. એના ઉપરથી કૌંસ બાંધ્યો છે. ‘**(આત્માના ચૈતન્યપ્રકાશ આડા ચાર કષાયરૂપ ચાર પડદા છે)**’ ચાર કષાયમાં તો ક્રોધ, માન, માયા, લોભ એ ચાર છે.

ખરેખર તો શું છે કે કષાય ચોકડી ગઈ. ક્રમ ન લીધો. પણ કષાય ચોકડી ગઈ ત્યારે ચેતના પ્રકાશનો સ્વજાતિનો અનુભવ થયો. ઈ પહેલી. એમ લેવું જોઈએ. ત્રણ કષાયનો અભાવ. ત્રણ કષાયની ચોકડી નહિ પણ કષાયની ચોકડી ગઈ. ત્યારે એવો વેદનથી અનુભવ થયો કે જાણે પરમાત્માનો આનંદ આ ભાવશ્રુત આનંદમાં માનો કે પ્રતીતિરૂપ સંપૂર્ણ થયો.

'(જ્યારે) **ચોથો પડદો જશે ત્યારે કૃતકૃત્ય પરમાત્મા થઈ નિવડશે.**' એ પછી એ તો એટલું લઈ લીધું કે મુનિદશા સુધીની વાત લઈ લીધી.

મુમુક્ષુ :- એક ચોકડીમાં એક પડદો, બે ચોકડીમાં બીજો પડદો...

પૂજ્ય ભાઈશ્રી :- એમ લે પણ વિષય અનુસંધાન બેસવું જોઈએ ને. કેમકે પહેલા ઓળખાણ થઈ. પછી વર્ણનમાં રસાસ્વાદ બતાવ્યો. પછી અનાદિથી મન ઇન્દ્રિય દ્વારા જે ચેતનાવિકાર વર્તતો હતો તે છોડાવીને જ્ઞાનાદિ ઉપયોગની પ્રવૃત્તિ દ્વારમાં પોતાનું સ્વરૂપ પીછાણ્યું હજી તો. અને એમાં '**ત્રણ પડદા દૂર થતાં પ્રકાશ પીછાણ્યો (અને તેથી) દીપક છે–અવશ્ય છે (એમ) પ્રકાશનો અનુભવ થયો. (ચોથો પડદો દૂર થતાં દીપક સાક્ષાત્ પ્રગટ થશે)...**' એ અનુભવ થયો એમ લેવું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્યાંથી પહેલો સ્વાનુભવ થયો એ વાત લેવી છે. કેમકે અહીંયાં કોઈ કેવળજ્ઞાનનું પ્રકરણ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... અને જો લેવું હોય તો પેરેગ્રાફ પાડીને જુદો લેવો જોઈએ કે ત્યાંથી વિષય જ જુદો શરૂ કરીએ છીએ કે ત્રણ કષાયની ચોકડીનો નાશ થાય પછી ચોથી ચોકડીનો નાશ થાશે ત્યારે કેવળ પરમાત્મા થઈ જશે. '**અનુભવના પ્રકાશની જાત તો તે જ છે, અન્ય નથી.**' ઠીક છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ચોકડી એટલે ચાર. ચોકડીનો અર્થ થાય છે ચાર અને કષાય ચોકડીનો અર્થ થાય છે ક્રોધ, માન, માયા, લોભ. અને ચાર કષાયની ચોકડી આગમથી પ્રસિદ્ધ છે. અનંતાનુબંધી, પ્રત્યખાનાવરણીય, અપ્રત્યાખ્યાનાવરણીય અને સંજ્વલન એ ચાર. એવી રીતે.

મુમુક્ષુ :- ચાર ચોકડી એટલે ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. છે. હા એમ જ છે. એક ચોકડી એટલે ચાર. અનંતાનુબંધીની જાતના ચાર.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો ત્રણ શબ્દ કાઢી નાખવો જોઈએ. કષાય ચોકડી ગઈ ત્યારે ચેતના પ્રકાશ સ્વ જાતિ... કેમકે પહેલા પીછાણ્યો છે. અને પછી કષાયની ચોકડ-ી જાય ત્યારે નિજવેદનથી અનુભવ થયો. ચેતનાપ્રકાશ સ્વજાતિ. ત્યાં જાતિ લીધી અને નિજવેદનથી અનુભવ થયો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- દર્શનમોહનીયની કેટલી પ્રકૃતિ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પછી ચોથો પડદો ક્યો લેશો છેલ્લો? છેલ્લે લીધું કે જ્યારે ચોથો પડદો જશે ત્યારે...

મુમુક્ષુ :- ત્યારે કેવળજ્ઞાન થયું.

પૂજ્ય ભાઈશ્રી :- ચારિત્રમોહને કષાય કહે છે. કષાય ચોકડીમાં ચારિત્રમોહને લેવો, દર્શનમોહનીય ન લેવો?

મુમુક્ષુ :- 'અનુભવપ્રકાશ'માં લીધું ને એ... આમાં લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- જોઈએ. ત્યાં પાંચ પડદાની વાત છે એવો ખ્યાલ છે. ત્યાં ચાર પડદા નહિ ત્યાં પાંચ પડદાની વાત છે. ચૌદ પાના પછી .. પાનું.

મુમુક્ષુ :- ... ...

પૂજ્ય ભાઈશ્રી :- બારમા પાને છે.

'**જેમ કે–દીપકને પાંચ પડદા છે.**' અહીંયાં ચાર લીધા પણ આમાં પાંચ છે. મને અહીંયાં પાંચનો ખ્યાલ હતો. '**દીપકને પાંચ પડદા છે. એક પડદો દૂર થતાં ઝીણો બારીક ઉદ્યોત થતો બીજો પડદો દૂર થતાં ચડતો (વધારે) પ્રકાશ થયો.**' એટલે તો ઓલા કાળા પડદાની, પાંચ પડદાની વાત કરી હતી ઈ આના ઉપરથી વાત કરી હતી. '**ત્રીજો જતાં વધારે થયો. ચોથો જતાં અધિક ચડતો થયો (વળી) પાંચમો ગયો ત્યારે નિરાવરણ પ્રકાશ થયો. એ પ્રમાણે જ્ઞાનાવરણના પાંચ પડદા છે.**' એમાં એમ લીધું. જ્ઞાનના આવરણ. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવજ્ઞાન.

'**મતિજ્ઞાનાવરણ જતાં સ્વરૂપનું મનન કર્યું.**' એવી રીતે લીધું છે. ત્યાં કષાય શબ્દનો પ્રયોગ નથી કર્યો. અને એ પાંચ જ્ઞાનમાં પણ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ લીધા છે પાછા. પાછા ઓલા ચોકડીવાળી વાત નથી કે દર્શનમોહનીયની વાત નથી. ત્યાં જ્ઞાનાવરણીયની વાત લીધી પાછી. ત્યાં જ્ઞાનાવરણીયની વાત છે. એ બીજી વાત થઈ ગઈ.

**‘કોઈ એવી વિતર્કણા કરે છે કે-વિશેષ લક્ષણ અવયવને જાણનારું જ્ઞાન છે અને સામાન્ય-વિશેષરૂપ પદાર્થના નિર્વિકલ્પ સત્તામાત્ર અવલોકનરૂપ દર્શન છે; જ્ઞાન છે તે દર્શનને જાણે છે તો ત્યાં જ્ઞાનમાં સામાન્ય અવલોકન કઈ રીતે થયું? અને દર્શન છે તે જ્ઞાનને પણ દેખે છે. જ્ઞાન દર્શનને જાણે છે, (ત્યાં) દર્શન તો સામાન્ય છે, તે સામાન્યને જાણતાં સામાન્યનું જ્ઞાન થયું; તો ત્યાં વિશેષ જાણવું કઈ રીતે થયું?’**

**‘તેનું સમાધાન :-’** આ તો પાછો બીજો જ પ્રશ્ન ઉઠાવ્યો છે. જે ઓલી સમાધિની વાત હતી એમાંથી પાછો દર્શન-જ્ઞાનનો બીજો જ પ્રશ્ન ઉઠાવ્યો છે. **‘તેનું સમાધાન :- ચિદ્‌પ્રકાશમાં આ પ્રમાણે સિદ્ધ થાય છે. જ્ઞાને દર્શનના સર્વ પ્રદેશ જાણ્યા, દર્શનનું સ્વ-પર દેખવાપણું સર્વ જાણ્યું. દર્શનનું લક્ષણ, સંજ્ઞાદિ ભેદ, દ્રવ્ય-ક્ષેત્રાદિ ભેદ એ સર્વને જ્ઞાન જાણે છે એટલે દર્શનના વિશેષને જ્ઞાન જાણે છે.’** એવી રીતે દર્શનના વિષયને જ્ઞાન જાણે છે એટલે વિશેષ સામાન્યનું પણ થયું અને વિશેષનું પણ જ્ઞાન થયું એમ કહે છે.

પ્રશ્ન એ છે પ્રશ્ન કરનારનો કે દર્શન તો સામાન્ય છે અને સામાન્યને વિષય કરે છે. તો જ્ઞાને દર્શનને વિષય કર્યો તો એમાં જ્ઞાને સામાન્યને જાણ્યું પણ વિશેષ શું રહ્યું? જ્ઞાનને વિષય તો વિશેષ છે. તો ભેદસહિત જાણ્યું માટે. એવો ઉત્તર આપ્યો છે. **‘લક્ષણ, સંજ્ઞાદિ ભેદ, દ્રવ્ય-ક્ષેત્રાદિ ભેદ...’** એવી રીતે બધા ભેદથી દર્શનને **‘જ્ઞાન જાણે છે એટલે દર્શનના વિશેષને જ્ઞાન જાણે છે.’** દર્શનના સામાન્ય સ્વરૂપને પણ જાણે છે અને દર્શનના વિશેષને પણ જાણે છે. એટલે એવી રીતે લેવાનું છે કે દર્શનનો વિષય સામાન્ય છે પણ દર્શન પોતે વિશેષ છે. દર્શનનો વિષય છે અને દર્શન પોતે વિશેષ છે. માટે જ્ઞાનને એમાં બાધા આવ-તી નથી એમ લેવું. એટલે દર્શનના વિશેષને જ્ઞાન જાણે છે. એટલે સામાન્ય વિશેષ બેય જાણપણું થઈ ગયું જ્ઞાનમાં..

**‘અને જ્ઞાનને દર્શન કઈ રીતે દેખે છે? કે તેનું સમાધાન જાણવું...’** જાણવું... જાણવું... તે જ્ઞાનનું સામાન્ય લક્ષણ. **‘અને સ્વ-પરને જાણવું તે જ્ઞાનનું વિશેષ (લક્ષણ)-એ બંને લક્ષણમય જ્ઞાન છે (તે) જ્ઞાન સંજ્ઞાદિ ભેદવાળું છે; તેને નિર્વિકલ્પરૂપ દેખે છે,...’** એવા ભેદ પાડીને દેખતું નથી પણ ભેદ વગર દેખે છે. એવી રીતે લેવું. **‘તેથી સામાન્ય અવલોકન થયું.’**

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જે ગુણનું.. આમાં ક્યાંથી વાત સમજવા માટે પકડવી કે જે ગુણનું જે પ્રકારે પરિણમવારૂપ કાર્ય છે તે ગુણ તે જ પ્રકારે પરિણમે ને? બસ! આ એની ચાવી છે. જો ગુણના સ્વભાવને, પરિણમવાના સ્વભાવને સમજે તો જ્ઞાનદર્શનને જાણે એમાં વાંધો

નહિ આવે અને દર્શન જ્ઞાનને દેખે એમાં પણ વાંધો નહિ આવે. બેમાંથી કોઈનો વાંધો નહિ આવે. પોતાની રીતે પરિણમશે.

દર્શન પણ જ્ઞાનમાં જ્ઞેય છે કે નહિ? દર્શનમાં જ્ઞેયત્વ છે કે નહિ? બસ! પતી ગયું. જ્ઞાન દર્શનને જાણે. જો એનામાં જ્ઞેયત્વ હોય તો. પતી ગઈ વાત? જ્ઞાનમાં દશ્યપણું છે કે નહિ? જ્ઞાન પોતે દશ્ય છે કે નહિ? કે છે. તો દર્શન એને દેખે. વાત પૂરી થઈ ગઈ. સીધી વાત લઈ લ્યો અહીંથી. પછી કોઈ આપત્તિ નહિ આવે સમજવામાં.

**'(જ્ઞાન અને દર્શન) એ બંનેનો પ્રકાશ એક ચેતનસત્તાથી થયો છે, તે બંનેની સત્તા એક છે–આવો તર્ક સમાધાનકારથી ભાવશ્રુતમાં થયો છે.'** લ્યો! આ દર્શન-જ્ઞાનનું સમ-ાધાન પણ ક્યાં થયું? કે ભાવશ્રુતમાં થયું. એટલે એમ કહે છે કે જેને નિર્વિકલ્પ સ્વસંવેદન આનંદસહિત ભાવશ્રુત પ્રગટે એને દર્શનનું સ્વરૂપ પણ જાણ્યું ભાવશ્રુતમાં અને એણે જ્ઞાનનું સ્વરૂપ પણ જાણ્યું. એમ કહેવું છે. **'આ ભાવશ્રુતનું નામ વિતર્ક છે.'**

મુમુક્ષુ :- વિતર્કમાં ...

પૂજ્ય ભાઈશ્રી :- એ વિચાર લીધો.

મુમુક્ષુ :- મૂળ વિષયમાં આવી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. **'આ ભાવશ્રુતનું નામ વિતર્ક છે.'** આવી રીતે અભેદ જ્ઞાનમાં અનેક ભેદોનું જ્ઞાન થઈ જાય છે માટે એને વિતર્કજ્ઞાન કહીએ. ભાવશ્રુતરૂપ વિતર્કજ્ઞાન કહીએ.

**'અનુગત કહેતાં તે (વિતર્ક)ની સાથે જ સુખ થયું...'** એને અનુસરીને સુખ થયું **'તેને (વિતર્ક અનુગત) સમાધિ કહીએ.'** જાવ. આવી રીતે ઉતાર્યું. વિતર્ક અનુગત સમાધિ. સમાધિનો અર્થ સુખ કર્યો. પાછો વિચાર અનુગત જુદો લેશે. આમાં વિચારમાંથી નિર્વિકલ્પ સમાધિમાં લઈ ગયા, નિર્વિકલ્પ સમાધિમાં બધા ભેદ સમાઈ ગયા એને વિતર્ક કીધો. આ દર્શન-જ્ઞાનનો પ્રશ્ન એટલે ઉઠાવ્યો કે બેયનો વિષય સૂક્ષ્મ છે અને કોઈને સમ્યગ્જ્ઞાન ને અનુભવ થયા પહેલા કદાચ એ વિષય ન સમજાય. પણ અનુભવ થાય તો સમજાય જાય. માટે એના ભાવશ્રુત જ્ઞાનને વિતર્ક કહીએ છીએ. આમ લીધું છે.

મુમુક્ષુ :- ... વિતર્ક એટલે વિચાર લેવાનો?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વિચારમાં વળી શું લેશે જોઈએ હવે.

શ્રુતના જુદા જુદા અર્થ વિચારવા તેને વિચાર કહીએ. જુદા જુદા અર્થો વિચારે એને વિચાર કહીએ. અને પછી એનાથી સમાધિ સુખ પ્રગટ કરે, એવા વિચારપૂર્વક એને વિચાર અનુગત સમાધિ કહેશે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વિતર્કનો અર્થ અહીંયાં ભેદ. અભેદમાં ગર્ભિત ભેદ. અભેદમાં ભેદ ગર્ભિત છે. એવું જે જ્ઞાનનું સ્વરૂપ. ભેદ ગર્ભિત જે અભેદ શ્રુતજ્ઞાનનું સ્વરૂપ તે વિતર્ક અનુગત સમાધિ કહીએ. કેમકે એ જ્ઞાનનો ચમત્કાર છે. આ એક જ્ઞાનનો ચમત્કાર છે કે જે ભેદો વિચારથી ન જાણ્યા હોય એવા કેટલાક ભેદો અભેદ અનુભવ થયા પછી જ્ઞાનમાં આવી જાય. જેનો ઉપયોગ પહેલા થયો જ ન હોય. એવા ભેદ વિચારનો જ્ઞાનમાં ઉપયોગ જ ન થયો હોય. એ પહેલા અભેદ નિર્વિકલ્પ સમાધિ થઈ જાય અને પછી એનો ઉપયોગ થાય. એવું બને. તો એ જ્ઞાન ક્યાંથી થયું? કે અનુભવમાંથી થયું—અભેદ અનુભવમાંથી. માટે અભેદમાં બારેય અંગના ભેદ ગર્ભિત છે. ઉપયોગ કો'કનો થાય અને કો'કનો ન પણ થાય. નય અનંતા છે. અને બધા નય પ્રમાણજ્ઞાનના અંશમાં સમાય જાય છે. તો પ્રમાણ થયું કે ન થયું? કે નિર્વિકલ્પ અભેદ પ્રમાણ થયું. યુગપદ્ અનુભવ દ્રવ્ય પર્યાયનો થયો ત્યારે. નિર્વિકલ્પ અનુભવના કાળે. જ્ઞાન પ્રમાણ થયું. તો એની બારેય અંગના ભેદ સમાઈ ગયા. બારેય અંગના ભેદનો ઉપયોગ થશે? કે નહિ થાય. કેમકે એ તો અનંત છે. અનંત નય છે, અનંત સમય નથી. એના સાધકદશાના અનંત સમય જ નથી. અસંખ્ય સમયની સાધકદશા છે. જાઓ! માટે જરૂરી નથી. બધા ભેદનો ઉપયોગ થવો તે જરૂરી નથી. છતાં પણ બધા ભેદનું જ્ઞાન છે? કે હા, અભેદમાં બધા ભેદનું ગર્ભિત જ્ઞાન આવી જાય છે.

મુમુક્ષુ :- સર્વગુણાંશ તે સમ્યક્ત્વ કીધું. અનુભવમાં તો બધા ગુણ આવી જ ગયા?

પૂજ્ય ભાઈશ્રી :- બધા ગુણ અનુભવમાં આવી ગયા પણ એને બધા ભેદની ખબર ન હોય.

મુમુક્ષુ :- અનંત ગુણ અનુભવ આવી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- ખબર ન હોય તોપણ. પણ આ તો ન્યાય, તર્ક, ભેદ જે વિચાર ગમ્ય છે, જેનો ઉપયોગ થઈ શકે અને ન પણ થાય છતાં એનું જ્ઞાન છે એને. ઉપયોગ ન થાય પણ જ્ઞાન છે એનું. વાપરે તો જ પૈસા છે એવું નથી. મૂડી છે એનું નામ પૈસા છે. સો રૂપિયાની મૂડી છે. તો સોએ સો વાપરો તો અમે માનીએ. તો કહે નહિ, એવું નથી જરૂરી. પચ્ચીસ વાપરે તોપણ સોની જ મૂડી છે, પચાસ વાપરે તોપણ સોની જ મૂડી છે અને નવ્વાણુ વાપરે તોપણ સોની જ મૂડી છે અને સો વાપરે તોપણ સોની જ મૂડી છે. પણ અહીં તો કહે છે કે બધા સોએ સો વાપરતા જ નથી કોઈ. કેટલાક જ વપરાય છે. નયજ્ઞાન તો કેટલુંક જ થાય છે. બધું નયજ્ઞાન ઉદય નથી થતું. છતાં અનંત નયોનો ધણી છે પ્રમાણજ્ઞાન. એવી રીતે લેવું. એટલે ભેદ ગર્ભિત છે એ રીતે વિતર્ક અનુગત સમાધિ છે.

**'છદ્મસ્થને તે (સુખ) ભાવશ્રુતના વિલાસથી ચૈતન્યપ્રકાશને જાણતાં-વેદતાં-**

**અવલોકતાં-અનુભવતાં થાય છે. જ્ઞાતાને પોતાના આનંદથી સમાધિ ઊપજે છે.**' '**તેના ત્રણ ભેદ છે.**' શબ્દ, અર્થ અને જ્ઞાન. એમ. '**પ્રથમ તો વિતર્ક એવો શબ્દ છે, તેનો અર્થ, શ્રુત-વિતર્કનો અર્થ છે. (અને) તે અર્થનું જ્ઞાન, તેને જ્ઞાન કહીએ. શબ્દ દ્વારા, અર્થ દ્વારા જ્ઞાન અને જ્ઞાન દ્વારા આનંદરૂપ સમાધિ છે. એ પ્રમાણે વિતર્કસમાધિનું સ્વરૂપ કહ્યું તે જાણવું.**' આમ લીધું. વિતર્કનો એવો અર્થ લીધો. શ્રુતની અંદર જે ભેદ ગર્ભિત છે, ઉદય થાય ન થાય એ પૂર્વક જે સમાધિનો આનંદ છે એને વિતર્ક અનુગત સમાધિ કહેવું. એમ.

**તા. ૧૪-૭-૧૯૯૧, પાના નં. ૧૦૬**
**પ્રવચન નં. ૨૬**

'**વિચાર અનુગત સમાધિ**' સમાધિ વર્ણન પાનું-૧૧૭. '**હવે, વિચાર-અનુગત સમાધિ કહીએ છીએ :- શ્રુતના જુદા જુદા અર્થ વિચારવા તેને વિચાર કહીએ.**' શ્રુતના જુદા જુદા અર્થ વિચારવા. દ્રવ્યશ્રુતના જુદા જુદા અર્થ વિચારવા. આ દ્રવ્ય-ગુણ-પર્યાયની ચર્ચા છે એ વિચાર જ છે ને બધા. દ્રવ્યથી પર્યાયને જોવી, પર્યાયથી દ્રવ્યને જોવું અથવા દ્રવ્યને પર્યાયના દૃષ્ટિકોણથી જોઈ શકાય છે. પર્યાયને દ્રવ્યના દૃષ્ટિકોણથી જોઈ શકાય છે. એ પ્રકારે અનેક અર્થ વિચારવા.

'**શ્રુતના અર્થ દ્વારા સ્વરૂપના વિચારમાં વસ્તુની સ્થિરતા-વિશ્રામ-આચરણ-જ્ઞાયકતા-આનંદ-વેદના-અનુભવ.**' શ્રુતના અર્થ દ્વારા સ્વરૂપમાં વિચારમાં વસ્તુની સ્થિરતા, વસ્તુમાં વિશ્રામ, વસ્તુમાં આચરણ, વસ્તુની જ્ઞાયકતા, વસ્તુનો આનંદ, વેદના અને અનુભવ. '**નિર્વિકલ્પ સમાધિ થાય છે તે કહીએ છીએ.**' ત્યાં ફુલપોઈન્ટ ન જોઈએ. '**અનુભવ નિર્વિકલ્પ સમાધિ થાય છે તે કહીએ છીએ.**' એ અર્થપૂર્વક થાય. વિચારીને અર્થ કરવામાં વિચાર કરે અને ત્યારપછી આવો જે નિર્વિકલ્પ અનુભવ થાય એને વિચાર અનુગત સમાધિ કહેવામાં આવે છે. અનુગત એટલે અનુસરીને થયેલી. એને અનુગત કહે છે. વિચારને અનુસરીને ઉત્પન્ન થયેલી નિર્વિકલ્પ સમાધિ એને વિચાર અનુગત સમાધિ કહીએ.

હવે અર્થ કહે છે. '**અર્થ કહેતાં ધ્યેય (રૂપ) વસ્તુદ્રવ્ય, અથવા ગુણ અથવા પર્યાય.**' અર્થને ત્રણેય લાગુ પડે છે. અર્થ કહેતા દ્રવ્ય અથવા ગુણ અથવા પર્યાય. બધાને અર્થ કહે છે. અર્થને ભાવ કહેવામાં આવે છે ને એટલે. '**દ્રવ્ય-વિચાર અનેક પ્રકારે છે; ગુણ-પર્યાયરૂપ અથવા સત્તારૂપ અથવા ચેતનાપુંજ-એ પ્રમાણે દ્રવ્યને વિચારી પ્રતીતિમાં લીન થતાં સમાધિ થાય છે. કેવળ વિચાર જ ન કરે પણ પોતાને અનુભવે.**' આમ કહે છે. વસ્તુનો વિચાર, દ્રવ્યનો વિચાર અનેક પ્રકારે થાય છે પણ માત્ર વિચારે નહિ પણ પ્રતીતિમાં લીન થતાં, પ્રતીતિપૂર્વક લીન થતાં સમાધિ થાય છે. લીન થવામાં પ્રતીતિ કારણ છે. જાણવાના

કારણે પ્રતીતિ થાય છે, જાણવાથી પ્રતીતિ ઊપજે છે અને પ્રતીતિથી લીનતાનું બળ ઊપજે છે એમ કહેવું છે.

મુમુક્ષુ :- પ્રતીતિ વિના લીનતા થાય જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- માત્ર જાણવાથી ન થાય. જો આમ લઈએ કે જાણે કે આત્મા આવો છે... આત્મા આવો છે... આત્મા આવો છે... આત્મા આવો છે. એમ નહિ. હું આવો જ છું એમ પ્રતીતિ આવે ત્યારે એને લીનતાનું જોર આવે નહિતર લીનતાનું બળ ન આવે. એટલે એકલું જાણપણું, પ્રતીતિ વિનાનું એકલું જાણપણું તે નિષ્ફળ જાય છે. એમ લેવું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે અવભાસન પહેલાનું જે જાણવું છે એ અવભાસન અર્થે હોય તો અવભાસનના કાળે પ્રતીતિનો પ્રકાર ઊભો થાય છે. સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ. નિર્ણયની પરિભાષા એ કરી છે. ઓળખાણની પરિભાષા એ કરી 'શ્રીમદ્‌જી'એ. ત્યાં પ્રતીતિ શબ્દ નાખ્યો છે. ઓલી પ્રતીતિ નથી અનુભવકાળની. પણ પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તે સમકિતનું કારણ છે એમ લીધું. પ્રતીતિ એટલે નિર્ણય, ખાત્રી, વિશ્વાસ. જ્ઞાનની પર્યાય છે આ બધી. પંચાધ્યાયીમાં એ ગાથા છે આખી. શ્રદ્ધા, પ્રતીતિ, વિશ્વાસ આ બધી જ્ઞાનની પર્યાયો છે. એવી એક ગાથા છે.

'ગુરુદેવ'ને પ્રશ્ન કર્યો હતો ગાથા ઉપરથી કે 'પંચાધ્યાયી'માં એને જ્ઞાનની પર્યાય કેમ કીધી છે? શ્રદ્ધા નામ આપ્યું છે, પ્રતીતિ નામ આપ્યું છે, વિશ્વાસ નામ આપ્યું છે. પ્રસિદ્ધપણે તો રૂઢિગત એવો અર્થ આપણે નથી કરતા. તો કહ્યું, સમ્યગ્દર્શન પહેલાની આ વાત છે ને એટલે એમ વાત કરી છે. ઓળખાણ જ્ઞાનમાં થાય છે. માટે એ જ્ઞાનભાવની વિશેષતા (છે), ઓળખે છે એવું જે જ્ઞાન એની વિશેષતાઓ લેવી. પછી તરત ખ્યાલ ગયો કે બરાબર, પ્રકરણ તો એ ચાલે છે. સમ્યગ્દર્શન પહેલાની ભૂમિકાનું પ્રકરણ ચાલે છે પંચાધ્યાયીમાં. ઉત્તરાર્ધમાં છે. ૪૧૩મી ગાથા છે.

**अर्थादाद्यत्रिकं ज्ञानं ज्ञानस्यैवात्र पर्यायात्।**
**चरणं वाक्कायचेतोभिर्व्यापारः शुभकर्मसु॥४१३॥**

એ ચારેયમાંથી વાસ્તવમાં પ્રથમના શ્રદ્ધા, રુચિ અને પ્રતીતિ એ ત્રણેય જ્ઞાનની જ પર્યાયો હોવાથી જ્ઞાનરૂપ છે. શ્રદ્ધા, રુચિ અને પ્રતીતિ એ ત્રણેય જ્ઞાનની જ પર્યાય હોવાથી જ્ઞાનરૂપ છે એમ લખ્યું. ૪૧૨માં એ સ્પષ્ટ નામ છે.

**तत्त्वार्थाभिमुखी बुद्धिः श्रद्धा सात्मयं रुचिस्तथा।**
**प्रतीतिस्तु तथेति स्यात्स्वीकारश्चरणं क्रिया॥४१२॥**

તત્ત્વાર્થના વિષયમાં સન્મુખ બુદ્ધિને શ્રદ્ધા કહે છે. તત્ત્વાર્થના વિષયમાં સન્મુખ બુદ્ધિ. બુદ્ધિ જ્ઞાનની પર્યાય છે તો કહે છે, નહિ, શ્રદ્ધા કહે છે. અનુભવાંશેમાં સન્મુખ થયો છે ને? તત્ત્વાર્થના વિષયમાં તન્મયપણાને રુચિ કહે છે. અને તત્ત્વાર્થનું સ્વરૂપ જે પ્રકારે છે તે જ પ્રમાણે છે એવો સ્વીકાર કરવો તેને પ્રતીતિ કહે છે અને તે પ્રકારનું આચરણ કરવું તેને અનુસરણ કહે છે. એમાં પહેલા જે ત્રણ છે એ ત્રણે જ્ઞાનની પર્યાયો છે એમ કહે છે. '**ज्ञानस्यैवात्र पर्यायात्**' આ જે ચાર વાત કરી એમાં '**त्रिकं ज्ञानं ज्ञानस्यैवात्र पर्यायात्**'. પહેલી આ ત્રણ જ્ઞાનની પર્યાય કહીએ છીએ. એ હજી શ્રદ્ધા, રુચિ અને પ્રતીતિને જ્ઞાનની પર્યાય કહી છે. શ્લોકની અંદર ૪૧૩માં.

જ્ઞાનની પર્યાયને અપેક્ષા શું છે? સમ્યગ્દર્શન પહેલા જ્ઞાન જ સાધન છે ને? જ્ઞાનની જ પર્યાયો છે. 'શ્રીમદ્‌જી'એ પ્રતીતિ શબ્દ વાપર્યો છે. સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ. અનુભવનો અંશ પકડ્યો, એનો– જ્ઞાનમાંથી વેદન અંશનો આધાર લીધો એના ઉપરથી નિર્ણયમાં જોર આવ્યું કે આવો જ છું. નિર્ણય જ્ઞાનની પર્યાય છે. પણ એનું એક પડખું શું છે કે આવો જ છું એમ નિર્ણય છે. એ પ્રતીતિનો અંશ છે. જ્ઞાનને પ્રતીતિનું રૂપ છે એ શ્રદ્ધાનું રૂપ છે જ્ઞાનનું. છે જ્ઞાનની પર્યાય. શ્રદ્ધાનું રૂપ ત્યાંથી શરૂ થાય છે. એ ૪૧૩ છે. જ્ઞાનની જ પર્યાયો છે.

એટલે એવી રીતે અર્થ વિચારે. એમ. શ્રુતના અર્થ દ્વારા સ્વરૂપના વિચારમાં. એમ અનેક પ્રકારે વિચાર છે આનો. એમ. જે શ્રુતનો અર્થ છે એનો અનેક પ્રકારે આમ વિચાર છે. પણ માત્ર વિચાર જ ન કરે. '**કેવળ વિચાર જ ન કરે. પણ પોતે પોતાને અનુભવે. જે જ્ઞાનગુણનો પ્રકાશ, તેનો વિચાર કહેતાં પ્રાપ્તિ થાય, તે જ ધ્યાન છે. પર્યાયને સ્વરૂપમાં લીન કરે, મનને દ્રવ્યમાંથી ગુણમાં લાવે, ગુણમાંથી પર્યાયમાં લાવે અથવા બીજા પ્રકારે ધ્યેયને ધ્યાવે તેને (અર્થથી) અર્થાંતર કહીએ.**' એક ભાવથી બીજા ભાવ ઉપર ઉપયોગ ગયો તે અર્થથી અર્થાંતર કહીએ. '**અથવા સામાન્ય-વિશેષ દ્વારા કે ભેદ-અભેદ દ્વારા વસ્તુમાં ધ્યાન ધરીને સિદ્ધિ કરે તેને પણ અર્થથી અર્થાંતર કહીએ.**' વિચાર કરી કરીને એકથી બીજા ઉપર. પછી એકાગ્ર થાય ત્યારે અર્થાંતર થઈ એને વિચાર અનુગત સમાધિ કહીએ. ધ્યાન લાગે ત્યારે, નિર્વિકલ્પ સમાધિ થાય ત્યારે.

'**શબ્દ એટલે વચન. એક દ્રવ્ય વચન, બીજું ભાવ વચન. અહીં ભાવ વચન સમજવું. ભાવશ્રુત એટલે વસ્તુના ગુણમાં લીનતા. ભાવ વચનમાં ગુણ-વિચાર દ્વારા હતું તે ફરી બીજા ગુણમાં બીજા વિચાર ન કરતાં સ્થિરતા વડે આનંદ થાય છે. વસ્તુને પામવાના બીજા બીજા (નવા નવા) વિચાર શબ્દ દ્વારા અંતરંગમાં થાય તેને શબ્દાંતર કહીએ. ઉપયોગમાં એમ જાણ્યું કે હું દ્રવ્ય છું, હું જ્ઞાનગુણ છું, હું દર્શન છું, હું વીર્ય છું.**'

એ પ્રકારે. આમાં શું છે કે વિકલ્પને ભાવવચન કહે છે. શબ્દને દ્રવ્યવચન કહે છે, અનેક વિચાર વિકલ્પને ભાવવચન કહે છે અને નિર્વિકલ્પને ભાવશ્રુત પછી કહી દે છે. પછી ત્યાં વચન નથી રહેતું. ત્યાં ભાવશ્રુતજ્ઞાન કીધું. પછી વચન ન કહ્યું, એને જ્ઞાન કહ્યું. એવી રીતે. અપેક્ષા છે બધી વાત કરવાની કથનની અપેક્ષાઓ છે.

મુમુક્ષુ :- ભાવવચન છે ત્યાં વિકલ્પ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવવચન છે..

મુમુક્ષુ :- ભાવશ્રુત છે ત્યાં નિર્વિકલ્પ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં નિર્વિકલ્પ દશા (છે). અને જે શબ્દ છે તે દ્રવ્યવચન છે. ઓલું ભાવવચન છે.

**'એક દ્રવ્ય વચન, બીજું ભાવ વચન. અહીં ભાવવચન સમજવું.'** વિચાર એટલે અહીં ભાવવચન સમજવું એમ કહે છે. **'ભાવશ્રુત એટલે વસ્તુના ગુણમાં લીનતા.'** જ્યારે ભાવશ્રુત થયું ત્યારે નિર્વિકલ્પ લીનતા આવી ગઈ. એમ. **'ભાવ વચનમાં ગુણ-વિચારદ્વાર હતું...'** ભાવવચનની અંદર તો ગુણ આદિનો વિચાર દ્વાર હતો **'તે ફરી બીજા ગુણમાં બીજા વિચાર ન કરતાં સ્થિરતા વડે આનંદ થાય છે.'** કોઈ એક શબ્દ આવે કે આત્મા. તો આત્મા શબ્દ ઉપરથી બીજા શબ્દના વિચારમાં નહિ જતાં એ વિચાર,... પેલા શબ્દ છે તે દ્રવ્યવચન થયું, વિકલ્પ ઉઠ્યો તે ભાવવચન થયું, પછી વાચ્યમાં જે લીનતા થઈ તે ભાવશ્રુત થઈ ગયું. એમ લઈ લેવું. અને એવો ક્રમ પડે છે કોઈવાર કે શબ્દ સાંભળવા મળે. શ્રીગુરુના મુખેથી એવો શબ્દ આવે કે આત્મા છે. તો આત્મા કહેતા આત્માનો વિચાર ઊપજીને એમાં લીનતા થાય. તો શબ્દવચન, ભાવવચન અને ભાવશ્રુત આ ત્રણે પ્રકાર થઈ ગયા. એમ લેવું. સ્થિરતા વડે આનંદ થાય. પછી બીજા ગુણમાં વિચાર ન જાય.

**'વસ્તુને પામવાના બીજા બીજા (નવા નવા) વિચાર શબ્દ દ્વારા અંતરંગમાં થાય તેને શબ્દાંતર કહીએ.'** એ રીતે પામવા માટે પાછા ફરીને બીજા વિચાર થાય. લીનતા છૂટીને પાછા બીજા શબ્દથી બીજા વિચાર થાય. **'ઉપયોગમાં એમ જાણ્યું કે હું દ્રવ્ય છું, હું જ્ઞાનગુણ છું, હું દર્શન છું, વીર્ય છું.'** હું છું એટલે હું છું. **'અહં, એટલે પોતે પોતાના પદમાં દ્રવ્ય-ગુણ દ્વારા અહં એવી શબ્દ-કલ્પના વડે સ્વપદની પ્રતીતિ સ્થાપી,...'** અહં એવો શબ્દ. એની કલ્પના એટલે વિચાર થયો. અને ત્યાં પછી આગળ ચાલતા પોતાના નિજપદની **'પ્રતીતિ સ્થાપી અને આનંદકંદમાં સ્વરૂપાચરણ વડે સુખ થાય છે તે સમાધિ છે.'** એ પ્રતીતિપૂર્વક જે આનંદકકંદમાં આચરણ કર્યું, વિશ્રામ કર્યો, લીનતા થઈ બધું એકાર્થ છે, ત્યારે જે સુખ ઉપજ્યું એને સમાધિ કહીએ છીએ. સમાધિ છે એ સુખરૂપ છે.

અધ્યાત્મ શાસ્ત્રોમાં તો જ્યાં જ્યાં આત્મિક સુખની વાત આવે છે ત્યાં અમૃત શબ્દને જોડવામાં આવે છે. સુખામૃત જ એને કહે છે. એકલો સુખ શબ્દ નથી વાપરતા. સુખામૃત એને કહે છે. કેવું સુખ છે? કે અમૃત જેવું સુખ છે. અથવા એવું સુખ છે કે જેને અનુભવતા જાણે અમૃત પી લીધું પછી એને મરણ થતું નથી. અમૃત પીધું એટલે પછી એને મરણ નથી. એટલે એને સુખામૃત કહેવામાં આવે છે. ખાસ કરીને 'પરમાત્મપ્રકાશ'માં એ શબ્દ પ્રયોગ વધારે છે. ભાવનાનો ગ્રંથ છે ને. 'પરમાત્મપ્રકાશ'માં સુખામૃત-સુખામૃત શબ્દ બહુ ચાલ્યો છે.

'**વચનજોગના ભાવથી ગુણસ્મરણ થયું;...**' વચનયોગના ભાવથી ગુણનું સ્મરણ થયું. '**વિચાર સુધી વચન હતું,...**' વિચાર હતો ત્યાં સુધી વચન હતું. ભાવવચન લીધું ત્યાં. અને '**વિચાર છૂટી જતાં મન જ લીનતામાં રહી ગયું-વચનયોગથી છૂટીને મનોયોગમાં આવ્યો તેને યોગથી યોગાંતર કહીએ.**' વિચારથી છૂટીને એકાગ્રતામાં આવ્યો તેને યોગથી યોગાંતર કહ્યું. વચનયોગથી છૂટીને મનોયોગમાં આવ્યો.

'**વિચાર એવો શબ્દ છે, ધ્યેય (રૂપ) વસ્તુ એવો વિચારનો અર્થ છે...**' ઠીક! વિચારનો અર્થ શું? કે ધ્યેયરૂપ વસ્તુ. રૂઢિ અર્થથી બીજો અર્થ છે. '**વિચાર એવો શબ્દ છે, ધ્યેય(રૂપ) વસ્તુ એવો વિચારનો અર્થ છે અને તે ધ્યેયરૂપ વસ્તુના વિચારને જાણે તે જ્ઞાન છે-આ પ્રમાણે (ત્રણ) જુદા ભેદ લગાડવા.**' એ દરેકમાં લેશે. ત્રણ ભેદ- શબ્દ, અર્થ અને જ્ઞાન એમ ત્રણે ભેદ લેશે. '**અથવા વિચારમાં જે ઉપયોગ આવે તે ઉપયોગમાં પરિણામની સ્થિરતા તે જ ધ્યાન,...**' વિચારમાં એટલે ધ્યેયરૂપ વસ્તુમાં જે ઉપયોગ આવે તે ઉપયોગમાં પરિણામની સ્થિરતા તેને ધ્યાન કહીએ. '**તેનાથી ઊપજેલો જે આનંદ તેમાં લીનતા (રૂપ) વીતરાગ નિર્વિકલ્પ સમાધિ (છે)...**' તેનાથી ઊપજેલો જે આનંદ એ આનંદમાં લીનતા એટલે તન્મયતા, એકરસપણું એ વખતનો જે વીતરાગભાવ, રાગરહિતપણું, વિકલ્પના અભાવપણું તે નિર્વિકલ્પપણું એવી જે દશા તેને સમાધિ કહેવામાં આવે છે. '**તેનું નામ વિચાર-અનુગત સમાધિ કહીએ.**'

મુમુક્ષુ :- ઉપયોગમાં પરિણામની સ્થિરતા ...?

પૂજ્ય ભાઈશ્રી :- અથવા વિચારમાં જે ઉપયોગ આવે તે ઉપયોગમાં પરિણામની સ્થિરતા. એ તો ઉપયોગ પોતે પરિણામ છે. પણ એમાં શું કહેવું છે કે જ્યારે નિર્વિકલ્પ સમાધિ લાગે છે ત્યારે સર્વે ગુણોના પરિણામ ઉપયોગ જ્યાં સ્થિર થયો છે ત્યાં સ્થિર થાય છે. અનંતે અનંત ગુણના પરિણામ ઉપયોગ જ્યાં સ્થિર થયો ત્યાં સ્થિર થાય છે. આમ તો ઉપયોગ પોતે પરિણામ છે પણ એ જ્ઞાનગુણનું પરિણામ છે. અને નિર્વિકલ્પ સ્થિરતામાં તો

બધા ગુણોના પરિણામ ત્યાં સ્થિર થઈ જાય જ્યાં ઉપયોગ સ્થિર થયો છે.

મુમુક્ષુ :- ઉપયોગને સ્વભાવમાં લઈ શકાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. લઈ શકાય. ઉપયોગનો અર્થ સ્વભાવ પણ થાય છે. એ તો વિચારનો અર્થ ધ્યેયરૂપ વસ્તુ ન કરી? હવે વિચાર તો વિકલ્પ છે નહિતર. ધ્યેયરૂપ વસ્તુ, એને અનુસરીને સમાધિ લાગી તે વિચાર અનુગત સમાધિ કહીએ. હવે શબ્દ તો શબ્દ છે પણ એનો અર્થ શું કરવો એના ઉપર બધો આધાર છે. શબ્દને ખબર નથી મારો અર્થ શું થાય છે? એટલે જુદા જુદા જ્ઞાનીઓ જુદો જુદો અર્થ કરે છે. અને જે જ્ઞાનીઓ જે જે પ્રકારે જુદો જુદો અર્થ કરે છે તે તે પ્રકારે તે તે જ્ઞાનીઓને તેવો તેવો અર્થ કરવાનો અધિકાર છે. કેમકે એના જ્ઞાનમાં વસ્તુ બરાબર છે. માટે એ જે અર્થ કરે એ સાચો. પંડિત એમ કહે કે આવો અર્થ ન કરાય. તો કહે, એ તમારી પાસે રાખો પંડિતાઈ. અમારા જ્ઞાનમાં વસ્તુ આવ્યા પછી જે વચન નીકળ્યું તે વચનસિદ્ધ છે. એને વચનસિદ્ધિ કહે છે. ઠીક! અમારા જ્ઞાનમાં વસ્તુ આવ્યા પછી જે વચન નીકળ્યું તે વચનસિદ્ધ છે, વચનસિદ્ધિ છે અમારે. આમાં કાંઈ પંડિતાઈ વિષય નથી. બંધન નથી જ્ઞાનીને એવું. જ્ઞાન થયા પછી એને બંધન નથી. વચનનું બંધન નથી કે તમારે આમ જ બોલવું પડે, એમ ન ચાલે. એનો આમ જ અર્થ કરવો પડે, આ શબ્દનો તમારે આમ જ અર્થ કરાય. નહિ. અમારે બંધન નથી એનું. જાવ! આવું છે.

એટલે તો 'રાજમલજી'એ કીધું ને કે અનુભવ થયો એને શાસ્ત્ર ભણવાની અટક નથી. અટક એટલે બંધન અહીંયાં. કોઈ અનુભવીને પૂછે કે તમે શાસ્ત્ર વાંચો છો ને? રોજ શાસ્ત્ર સ્વાધ્યાય કરો છો ને? એ પોતાની દૃષ્ટિએ પૂછે. એને બંધન નથી. 'સોગાનીજી'ને એવો પ્રશ્ન થયો હતો. ભાઈએ જ એવો પ્રશ્ન કર્યો હતો. એમાં થયું એવું કે સહેજ શંકા પડી હશે. નિશ્ચયપ્રધાન એકદમ વાત આવી એને એમ થયું કે આ એકધારી આવી જ વાત કરે છે તો થોડું પૂછીએ જરા. હમણા તમે શાસ્ત્ર ક્યુ વાંચો છો? સામાન્ય રીતે શું છે કે માણસ જે શાસ્ત્ર વાંચતો હોય એના પરિણામ ઉપર એ શૈલીની અસર હોય. તો કોઈ એવું શાસ્ત્ર વાંચે છે કે એની અસરથી આમ બોલે છે? લીધો છે, પ્રશ્ન-ઉત્તર લીધો છે.

તો કહ્યું, મને હમણા શાસ્ત્ર વાંચવાની આદત નથી, ટેવ છૂટી ગઈ છે. શાસ્ત્ર વાંચવાની ટેવ જ છૂટી ગઈ છે. કેમકે વખત મળે ઓછો. થોડો વ્યવસાયમાં સમય જાય. બાકી સમય ઓછો રહે. એટલે એ પોતે પોતાનો જે સમય મળે એ ધ્યાનમાં બેસતા હતા. શાસ્ત્ર વાંચન કરવા નહોતા બેસતા. એ તો પ્રશ્ન-ઉત્તર લીધો નથી જરા કડક પડે એટલે. કારણ કે આપણે ત્યાં શાસ્ત્રની ક્રિયા, શાસ્ત્ર વાંચનની ક્રિયા વધારે છે અને જે ક્રિયા વધારે હોય એનું મિથ્યાત્વ અવસ્થામાં ક્રિયાવાદી જીવ થઈ જાય ઓછા-વત્તા આંતરાપણે. જે ક્રિયા કરતો

હોય એનો ક્રિયાવાદી થઈ જાય. કોઈ એ પ્રશ્ન કરે તો કે તમે આખો દિ' વેપાર-ધંધો કરી ઘરે આવો પછી શાસ્ત્ર વાંચવા બેસતા હશો ને ઘરે આવ્યા પછી તો? ઘરે તો પછી વેપાર નથી. તો કહ્યું, પણ બજારમાં જ એટલો બધો કંટાળી જાવ છું 'તો ફિર ઘર પર આકે શાસ્ત્ર કી સગડી કૌન જલાવે?' શું કીધું? 'ફિર ઘર પર આ કરકે શાસ્ત્ર કી સગડી કૌન જલાવે?' કહે. શાસ્ત્રને સગડી કહે અને એ સગડી કોણ સળગાવે? 'સોનગઢ'માં તો સહન થવું મુશ્કેલ હતું. એ બોલ નથી લીધો. બહુ કડક હતા એ કો'ક કો'ક નથી લીધા. પરિચય નહિ કોઈને અને માન-અપમાનનો તો મુખ્ય માણસોને પહેલેથી પ્રશ્ન રહે. કીધું, આ તો નિશ્ચયાભાસીમાં લઈ જવા માટે મિથ્યાત્વ ભળી જશે પાછું. પછી કો'ક કો'ક બોલ કાઢી નાખ્યા. આપણે ત્યાં શાસ્ત્રની બહુ પક્કડ છે. બીજી ક્રિયા નથી પણ શાસ્ત્રની ક્રિયા છે વાંચનની, એમાં શાસ્ત્રને સગડી કહેશું તો આ બધી ધમાલ થાશે ખોટી. જોકે ધમાલ તો થઈ જ હતી.

મુમુક્ષુ :- નવી એડીશનમાં આ વાત લઈ લીધી હોત તો?

પૂજ્ય ભાઈશ્રી :- એ ચર્ચા કરી હતી ભાઈ સાથે. કોઈ કોઈ વાતો યાદ આવી એ. એ કહે, એવું ન કરવું. પછી કોઈ પ્રમાણિકતા ઉપર શંકા મૂકે. પુસ્તકની અંદર જ્યારે ફેરફાર થાય ત્યારે પ્રમાણિકતા ઉપર શંકા મૂકે.

મુમુક્ષુ :- પોતાનું ઉમેર્યું.

પૂજ્ય ભાઈશ્રી :- કે આ તમે તમારા ઘરનું ઉમેર્યું. એટલે પછી આખું એનું જે મહત્વ છે એ કોઈવાર ઘટાડવાની વાત ઊભી થઈ જાય. સાંજે થોડી ચર્ચા ચાલી હતી કે ઉમેરવું કે ન ઉમેરવું? બાદ કર્યું છે એ તો ખબર છે. લગભગ ૧૫-૨૦ ટકા જેટલું બાદ કરેલું છે. એમાં કોઈ કોઈ રિપીટેશન છે.

... વિરોધ થયો હતો. એક તબક્કો એવો આવ્યો કે પુસ્તક પ્રસિદ્ધ કરવું જ નહિ. એનું પ્રકાશન જ બંધ રાખો. ભલે છપાઈ ગયું. પુસ્તક જ ન આપવું. એટલું જોર આવ્યું. ત્યારે 'ગુરુદેવે' એમ કીધું કે કાંઈ નહિ હવે પ્રકાશન ન કરીએ તો ત્રીજા ભાગનું ન કરીએ. પહેલો ભાગ તો ભલે પ્રકાશિત થતો. પહેલો ભાગ તો ભલે પ્રકાશિત થઈ જતો. ત્રીજો ન કરવો. એટલું રાખ્યું. પછી સાવ પ્રકાશિત ન થાય એમ પાછું પોતાને ન ગમ્યું તો કહે, એ મારા હાથે આપીશ. ખાસ ખાસ, મને એમ થયું કે આપણા જે ખાસ ખાસ છે ને એને હું આપીશ. મારે પાસે મૂકી જજોને થોડા. પોતાને પ્રકાશનનો ભાવ હતો. પણ મુખ્ય માણસો વિષયને વસ્તુને જીલવા તૈયાર નહિ. એટલે પોતે મર્યાદા કરી નાખી. એવું બોલ્યા હતા. ભાઈ ૩૦-૩૦ વર્ષથી સામે બેસીને સાંભળે છે એને આકરું પડે છે, કઠણ પડે છે. પણ પરમસત્ય તો આવું જ છે. આ તો નગ્ન સત્ય છે. પરમ સત્ય છે. પણ આ ૩૦-૩૦ વર્ષથી સામે બેસીને

સાંભળે છે એને આકરું પડે છે. કાંઈ નહિ, આપણે ખાસ ખાસ છે એને આપવું. એવી ચર્ચાઓ 'ગુરુદેવે' કરી છે વિરોધના વિષયમાં.

એ વિચાર અનુગત સમાધિ થઈ.

હવે **'આનંદ-અનુગત સમાધિ'** '**હવે, આનંદ-અનુગત સમાધિ કહીએ છીએ :- જ્ઞાન વડે નિજસ્વરૂપને જાણે, તે જાણતાં આનંદ થાય તે જ્ઞાનાનંદ...**' તે જાણતા આનંદ થાય તે જ્ઞાનાનંદ. '**દર્શનવડે નિજપદને દેખતાં આનંદ થાય તે દર્શનાનંદ, નિજસ્વરૂપમાં પરિણમતાં આનંદ થાય તે ચારિત્રાનંદ. આનંદને વેદવાવાળાને સહજપણે પોતાની પરિણતિ પોતપોતાના દર્શન-જ્ઞાનમાં રહે ત્યારે આનંદ જાણવો.**' આનંદ એ વગર ન થાય. એકાગ્રતા વગર આનંદ ન થાય. એ એટલા માટે કહે છે કે ઘણા વિચારમાં એકાગ્રતા થાય ત્યારે એમ કહે છે કે અમને તો એકાગ્રતા થઈ ગઈ હતી. અમને એક આત્માનો જ વિ-ચાર ચાલતો હતો. માટે આત્મા સિવાય અમારી ક્યાંય એકાગ્રતા નહોતી. તો એને પૂછીએ કે નિર્વિકલ્પ આનંદ આવ્યો ત્યાં પ્રદેશે-પ્રદેશેથી? તો એકાગ્રતા અમે કહીએ. નહિતર એકાગ્રતા વિકલ્પમાં છે, વસ્તુમાં નથી. વસ્તુમાં એકાગ્રતા થાય તો આનંદ આવ્યા વગર ન રહે.

એમ '**આનંદને વેદવાવાળાને સહજપણે પોતાની પરિણતિ પોતપોતાના દર્શન-જ્ઞાનમાં રહે ત્યારે આનંદ જાણવો. જ્ઞાનનું જ્ઞાન કરતાં, દર્શનને દેખતાં અને વેદનારને વેદતાં ચેતનાપ્રકાશનો આનંદ થાય છે.**' આમાં શું છે કે દરેક ગુણ પોતાના સ્વરૂપને સેવે છે એમ કહે છે. ત્યારે આનંદ ઊપજે છે. સ્વભાવની સેવા કરે છે, સ્વરૂપની સેવા કરે છે. કેમકે પરિણામ તો પોતામાં સમાય છે ને? અંતુર્ખ થઈને પરિણામ પોતામાં સમાય જાય છે.

'શ્રીમદ્‌જી'એ એક દૃષ્ટાંત લીધો છે. '**આજે જ્યમ સમ દેશમાં છાયા જાય સમાય.' સૂર્ય જ્યારે માથે આવે ત્યારે એનો પડછાયો ક્યાંય ન પડે. એની છાયા એમાં ને એમાં સમાય જાય. 'આવે જ્યમ સમ દેશમાં છાયા જાય સમાય.**' એમ બરાબર જ્યારે એકાગ્રતા થાય ત્યારે બધાય પરિણામ એમાં સમાય જાય. અનંત ગુણોના પરિણામ સ્વરૂપમાં સમાય જાય. ભાવ બહુ સારો ખેંચ્યો છે. એ કહે છે કે '**જ્ઞાનનું જ્ઞાન કરતાં, દર્શનને દેખતાં અને વેદનારને વેદતાં ચેતનાપ્રકાશનો આનંદ થાય છે. પોતે પોતાને વેદતાં અનુભવમાં સહજ ચિદાનંદ સ્વરૂપનો આનંદ થાય છે, તે આનંદના સુખમાં સમાધિનું સ્વરૂપ છે.**' તે આનંદના સુખમાં સમાધિનું સ્વરૂપ છે.

'**ધ્યાનમાં વસ્તુને વેદી વેદીને આનંદ થાય છે.**' ધ્યાનમાં વસ્તુને વેદી વેદીને આનંદ થાય છે. '**આનંદની ધારણા ધરીને સ્થિર રહેવું તેને આનંદ-અનુગત સમાધિ કહીએ.**' જ્યાં સુધી આનંદ ન થાય ત્યાં સુધી સમાધિ નથી એવી આનંદની ધારણા ધરીને સ્થિર થઈ

જવું તે આનંદ અનુગત સમાધિ કહીએ. એટલે આનંદની પ્રધાનતાથી વાત છે સમાધિની.

'સોગાનીજી'ના એક પત્રમાં વિષય આવે છે. નિર્વિકલ્પ સમાધિનું વર્ણન આવે છે કે હવે ત્રિકાળી ગુબ્બારાને ફુલાવ્યા વિના અને પૂર્ણપણું કર્યા વિના મને ચેન નહિ પડે. એટલે નિર્વિકલ્પ આનંદમાં આવ્યા પછી એમ થાય છે કે હવે આ આનંદ પૂરો પ્રગટ કરી નાખું. પણ અરે..! યોગ્યતા તેં સાથ આપ્યો નહિ. આનંદથી વૃત્તિ ચ્યુત થઈ ગઈ. એમ કરીને પછી એ વિષય લીધો છે.

બીજું એ લીધું હતું, ચર્ચામાં એક વાત (કરી હતી). લોકોને આ વાત નિશ્ચયાભાસી જેવી લાગે. પણ અમને તો આનંદ આવે છે ને! અમને તો આનંદ પ્રગટ આવે છે. અને એ તો પર્યાયમાં પ્રગટ થાય છે પછી નિશ્ચયાભાસ ક્યાં રહ્યો? નિશ્ચયાભાસીને આનંદ ન આવે. નિશ્ચયની વાત જોરથી કરે પણ એને આનંદ ન આવે. આને આનંદ આવે છે. આ બધી ચર્ચા નીકળીને ત્યારે તે કહ્યું હતું ભાઈએ. આનંદની ચર્ચા થોડીક ચાલી હતી કે બધા ગુણમાં આનંદ એવો એક ગુણ છે (કે એ) મેગ્નેટિક રૂપ પ્રોપર્ટી છે. ખેંચે. ધર્મીજીવને સ્વરૂપનું અંતર્મુખી ખેંચાણ કેમ છે? કે અંદર આનંદ ભર્યો છે માટે ખેંચાણ છે. એ આનંદનું જે સરોવર અંદર છે એમાં ડૂબકી લગાવવા માટે પર્યાય જાય છે. એટલે આનંદ છે એ જેમ મેગ્નેટ ખેંચે ચુંબક (એમ) પર્યાયને ખેંચે છે અંદરમાં. એ એક ગુણ બધા ગુણમાં એ એક ગુણ બહુ વિશિષ્ટ છે. આનંદનો. પરિણમનને અંદર ખેંચી જાય છે. એટલે આનંદ અનુગત સમાધિ લીધી. આમાં એક ભેદ પાડ્યો.

નહિતર તો જ્ઞાનાનંદ, દર્શનાનંદ, ચારિત્રાનંદ એમ બધું આનંદ લીધો પણ આત્માનો આનંદ. એ ભેદપણે લીધો. અભેદપણે પોતે પોતાને વેદતા અનુભવમાં સહજ ચિદાનંદ સ્વરૂપનો આનંદ થાય છે તે આનંદમાં '**આનંદના સુખમાં સમાધિનું સ્વરૂપ છે. ધ્યાનમાં વસ્તુને વેદી વેદીને આનંદ થાય છે. આનંદની ધારણા ધરીને સ્થિર રહેવું તેને આનંદ-અનુગત સમાધિ કહીએ.**' આ રીતે આનંદને અનુસરીને સમાધિ એ નિર્વિકલ્પદશા છે, આનંદના આકર્ષણને લઈને. એટલે આનંદની પ્રધાનતાથી અનુભવ થયો તે.

'**જીવ અને કર્મના અનાદિ સંબંધ (રૂપ) બંધનવડે અવ્યાપકમાં વ્યાપકપણે એકત્વ જેવી દશા થઈ રહી છે;...**' જેમાં વ્યાપી શકતો નથી દેહમાં અને રાગમાં, એમાં અનાદિ સંબંધ વડે '**અવ્યાપકમાં વ્યાપકણે એકત્વ જેવી દશા થઈ રહી છે; ભેદજ્ઞાનબુદ્ધિ વડે તે જીવ-પુદ્‌ગલને જુદા જુદા કરે જાણે.**' ભેદજ્ઞાન એનો પૂર્વ પ્રયોગ છે. '**નોકર્મ અને દ્રવ્યકર્મવર્ગણા જડ મૂર્તિક (છે) અને મારું જ્ઞાયકરૂપ જ્ઞાન ઉપયોગ (છે) એવા લક્ષણ વડે...**' જુઓ! લક્ષણમાં જ્ઞાન લીધું. જ્ઞાન લક્ષણ વડે '**જીવ-પુદ્‌ગલને જુદા જુદા પ્રતીતિ-**

**માં જાણે.**’ જાણે એમાં પ્રતીતિસહિત જાણે એમ કીધું. પ્રતીતિમાં જાણે. એકલું જાણે એમ નહિ પણ પ્રતીતિમાં જાણે. ‘**જ્યાં સ્વરૂપમગ્નતા થઈ,...**’ એ પ્રતીતિમાં જાણતા જ્યાં સ્વરૂપ મગ્નતા થઈ ‘**ત્યાં (તે) સ્વરૂપમગ્નતા થતાં જ આનંદ થયો.**’ મગ્નતા થઈ ત્યારે આનંદ ઊપજ્યો. આનંદ ઊપજ્યો તો મગ્નતા થઈ નહિતર મગ્નતા નથી થઈ. એમ લેવું.

‘**આનંદ એવો શબ્દ છે, આનંદ શબ્દનો આનંદ એવો અર્થ છે.**’ બીજો અર્થ નથી થતો એમ કહે છે. ‘**આનંદ શબ્દનો આનંદ એવો અર્થ છે. આનંદ શબ્દને તથા આનંદ અર્થને જાણે તે જ્ઞાન છે-એ ત્રણે ભેદ આનંદ અનુગત સમાધિમાં લગાડવા. જ્યાં આનંદ અનુગત સમાધિ છે ત્યાં સુખનો સમૂહ છે.**’ તારતમ્યતા. સમૂહ છે એટલે ઘણું સુખ. આનંદમાં ઘણું સુખ ઊપજે છે એમ લેવું. એટલે આનંદ પાછળ જીવની ભાવના આનંદ માટે ચાલુ રહે છે. મારી હવે પછીની સર્વ કાળાવલી આ આત્મતત્ત્વના ભોગવટામાં એટલે આનંદના ભોગવટામાં વહો. એ આનંદ પ્રધાનતાથી વાત છે. ‘સમયસાર’માં એ કળશ છે.

**તા. ૧૫-૭-૧૯૯૧, પાના નં. ૧૦૮**
**પ્રવચન નં. ૨૭**

(ત્રણ) શાસ્ત્ર ચાલે છે. 'આત્મસિદ્ધિ', 'ચિદ્વિલાસ' અને 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'.

મુમુક્ષુ :- અમારે ગુરુવારે 'બહેનશ્રીના વચનામૃત' ચાલે છે. 'ગુરુદેવ'ના ટેપ પ્રવચનો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ટેપ પ્રવચનો. બરાબર છે.

'ચિદ્વિલાસ'માં સમાધિ વર્ણન. છઠ્ઠી '**અસ્મિતા-અનુગત સમાધિ**' અસ્મિ. અસ્મિ એટલે હોવું. મૂળ સંસ્કૃત શબ્દ છે અસ્મિ. એટલે હોવાપણું—સત્તા. સત્તાનો સૂચક છે એ. અહં બ્રહ્માસ્મિ. એમ કહે છે ને? અહં અસ્મિ-હું છું. મૂળ શબ્દ છે અસ્મિ.

'**પરપદને પોતાનું માનીને જીવે અનાદિથી જન્માદિ દુઃખ સહન કર્યા,...**' પરપદને પોતાનું માનીને જીવે અનાદિથી જન્માદિ દુઃખ સહન કર્યા. એટલે એણે પોતાની હયાતી ત્યાં પરપદમાં સ્વીકારી. '**પણ એક અસ્મિતા-અનુગત સમાધિ પ્રાપ્ત કરી નથી.**' સમાધિમાં છઠ્ઠો બોલ. ૧૧૯ પાનું છે મારામાં. 'સમાધિ વર્ણન' નામનું પ્રકરણ છે. એમાં અન્યમતિઓ સમાધિ કેવી કેવી કહે છે એ વાત આવી ગઈ. હવે જૈનદર્શન અનુસાર તેર ભેદે સમાધિની વાત કરે છે. તેર પ્રકારથી. સમાધિ તો એક જ છે. પણ તેર પ્રકારથી એની વાત કરે છે. એમાં પોતાનું હોવાપણું પરપદમાં, શરીરાદિમાં માનીને જીવે અનાદિથી જન્મ-મરણાદિ દુઃખ સહન કર્યા છે પણ એક અસ્મિતા અનુગત સમાધિ પ્રાપ્ત કરી નથી. એટલે પોતાની સત્તાને અનુસરીને સમાધિ પ્રાપ્ત કરી નથી એમ કહેવું છે. પોતાની સત્તાને અનુસરીને.

'**તે (જન્માદિ દુઃખ) દૂર કરવા માટે આ સમાધિ શ્રી ગુરુદેવે કહે છે :-**' હું કહું છું એમ નથી કહેતા. શ્રી ગુરુદેવ કહે છે, શ્રી ગુરુ આમ કહે છે. '**अहं ब्रह्मोऽस्मि**' '(**હું બ્રહ્મ છું**)...' આ ચાર વેદ છે એનું એક મુખ્ય વચન છે. ચાર વેદને ચાર, જેમ ટ્રેડ માર્ક હોય ને? એમ ચાર વેદના ચાર વચનો છે. એમાં '**અર્વે સ્રૂસ્રળજ્ઞડાશ્નપ**' ઈ એક વેદનું વચન છે. બીજું છે તત્ત્વમસી. તત્ત્વ છું. તું તે. હું તત્ત્વ છું. તત્ત્વમસી. હું તત્ત્વ છું. એમ. ત્રીજું એક સૂત્ર છે એક વેદનું પ્રજ્ઞાનં બ્રહ્મ. જ્ઞાન તે બ્રહ્મ છે. ચોથું યાદ નથી રહ્યું. એ બનતા સુધી યજુર્વેદનું છે. યજુર્વેદ એટલે આયુર્વેદ જેને કહેવામાં આવે છે. શરીરાશ્રિત વિજ્ઞાન જેને તબીબી વિજ્ઞાન

એવો એક વેદ છે.

મુમુક્ષુ :- ત્રણેમાં વાત એક જ આવી.

પૂજ્ય ભાઈશ્રી :- ત્રણેમાં વાત એક જ છે અને આપણને એમ લાગે કે એ બરાબર છે.

મુમુક્ષુ :- એ લોકો એમ કહે છે કે જૈનો અમારામાંથી નીકળ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો શ્વેતાંબરો એમ જ કહે છે આજે. શ્વેતાંબરો તો ઈતિહાસ બતાવે તમને કે જુઓ અમારામાંથી કેવી રીતે દિગંબરો નીકળ્યા હતા અને ક્યારે નીકળ્યા હતા અને કવી રીતે નીકળ્યા હતા. એનો ઈતિહાસ બતાવી દે. એ પણ પુસ્તકો બનાવી નાખે. એટલે 'શ્રીમદ્‌જી'એ એ પ્રશ્નને ગૌણ કરી નાખ્યો કે બધા અજ્ઞાન પ્રકારના જેટલા મતો છે અન્યમતો કે જે અવાસ્તવિક છે. વસ્તુના વાસ્તવિક સ્વરૂપ સાથે જે અભિપ્રાયને મેળ નથી અને એક વસ્તુગત અભિપ્રાય જેને આપણે જૈનમત કહીએ છે, સ્વભાવિક વસ્તુ જેવી છે તેવો, એ બધા અભિપ્રાયો જગતમાં અનાદિથી જીવો ધરાવે છે. બધા પ્રકારના અભિપ્રાય ધરાવનારા જીવો અનાદિથી છે. કોઈ જૂનો પણ નથી અને કોઈ નવો પણ નથી. માટે જૂના-નવા ઉપર એની કિંમત આંકવાનું છોડી દ્યો તમે. કેમકે જ્ઞાનીઓ અને સિદ્ધો અનાદિ છે. અનાદિનું અજ્ઞાનીઓનું જગત પણ અનાદિથી છે. હવે જયારે બેય પક્ષવાળા અનાદિથી છે પછી આ જૂના છે માટે સાચા અને આ નવા છે માટે આ સાચા એવી વાત ક્યાં વિચાર જ કરવાની રહી? એનો વિચાર ક્યાં કરવાનો રહે છે? એ વાત મૂકી દેવી ત્યાં. સત્યનો સત્યપણે ઓળખીને નિર્ણય કરવો, અસત્યનો અસત્યપણે ઓળખીને નિર્ણય કરવો. બસ! આ યોગ્ય છે જીવને માટે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- '**अहं ब्रह्मोऽस्मि**' એટલું વેદ વચન છે.

મુમુક્ષુ :- એમાં .. ક્યાં છે?

પૂજ્ય ભાઈશ્રી :- બ્રહ્મમાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે એ જે વેદ છે ઉપનિષદનો વિષય છે એમાં સાખ્યમતની પ્રધાનતા છે અને એમાં સર્વવ્યાપક બ્રહ્મ લીધો છે.

મુમુક્ષુ :- એ ભૂલ કેમ થાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ બધું એક જ છે. આખું જગતની વ્યાપ્ય-વ્યાપકપણે એક જ હું પરમતત્ત્વ છું. તમે અને હું જુદા નથી એમ કહે છે.

મુમુક્ષુ :- એકો અહં કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એકો અહં બહુસ્યં. પછી જુદા જુદા રૂપે હું દેખાવ છું પણ એ હું જ છું. પછી એનું લોજિક શું ઊભું કર્યું છે? એક બહુ સારું લોજિક ઊભું એ લોકોએ કર્યું છે કે જે આ રાગદ્વેષ થાય છે ને એ બેપણું સ્વીકારતા રાગ-દ્વેષ થાય છે. આ તમારું અને આ ઘર મારું અને આ તમારું. માટે મને મારા ઘર પ્રત્યે રાગ, તમારા ઘર પ્રત્યે મને દ્વેષ. આ મારું-તારું થયું ને એ જ અજ્ઞાન છે. બે હોય તો મારું-તારું થાય ને. માટે મારું-તારું મટાડવા માટે બેપણું ન માનવું. ન્યાય લીધો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બધા અસ્તિત્વને. જડ-ચેતનના અનંતા અસ્તિત્વ ધરાવનારા પદાર્થોનો એમાં નિષેધ છે. પણ એ લોકો એમ કહે છે કે તમે જેને સ્વીકારો છો એ જ તમારું અજ્ઞાન છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' કહે છે, બેય જણાતું નથી, જ્ઞાન જ જણાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન જણાય છે તો જ્ઞાન કેવડું, કેટલામાં, એનું દ્રવ્ય શું, ક્ષેત્ર શું, કાળ શું, ભાવ શું એ બધી વ્યવસ્થા છે જૈનદર્શનમાં. અહીંયાં તો પછી કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો વિષય જ નથી રહેતો. જ્યારે બીજી ચીજ જ નથી પછી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વિચારવાનો ક્યાં પ્રશ્ન રહ્યો? સ્વભાવ-વિભાવ વિચારવાનો ક્યાં પ્રશ્ન રહ્યો? ક્યાં ચૂકી જાય છે એ વાત? કે તમે એમ કહો છો કે આ હું છું અને આ બીજો છે એ અજ્ઞાન છે. એમ કહો છો ને? તો કહે અજ્ઞાન કોને થયું? અજ્ઞાન કો'કને થયું ને? તમને તો નથી થયું. કેમકે તમે તો બધાને એક માનો છો. એટલે તમને અજ્ઞાન નથી અને મને અજ્ઞાન છે. તો આપણે બે એક છીએ એમાં એક જગ્યાએ જ્ઞાન અને અજ્ઞાન આ શું છે? છે કાંઈ વસ્તુ વ્યવસ્થા? ચૂકી જાય છે.

એક વેદાંતીને મળવાનું થયું હતું. અમારે સગા થાય. તમે આ બધું એક માનોને પછી કાંઈ તમને મુંઝવણ નહિ થાય. એક નરકે જાય, એક સ્વર્ગે જાય, એકને બહુ દુઃખ થાય, એકને કાંઈ દુઃખ ન થાય, એક લીલાલહેર કરતો દેખાય, એ દુઃખી... દુઃખી... દુઃખી... દુઃખી બહુ દુઃખી દેખાય. આ બેને એક કેવી રીતે તમે માનશો? જ્યાં પરસ્પર વિરુદ્ધ દશા છે જ્ઞાન અને અજ્ઞાન, સુખ અને દુઃખ. બેને એક કેવી રીતે કરશો?

મુમુક્ષુ :- દુઃખની જે વ્યાખ્યા આપી એ ભ્રમ છે.

પૂજ્ય ભાઈશ્રી :- મને ભ્રમ છે એમ તમારે કહેવું છે ને? અને તમને ભ્રમ નથી એમ પણ તમારે કહેવું છે ને? કે આપણને બેયને ભ્રમ છે એમ કહેવું છે? ચૂકી જાય છે વાત. નથી ટકે એવું.

મુમુક્ષુ :- ... ભ્રમ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો આપણે આપણી રીતે વિચારીએ છીએ એટલે '**अहं ब्रह्मोऽस्मि**' આપણને બરાબર લાગે છે. એ લોકો એમ નથી માનતા. એની કલ્પના બીજી છે આખી એની પાછળની. પછી એ લોકો ધ્યાનમાં બેસે છે અને સમાધિની એવી વાતો કરે છે. સમાધિના મોટા ગ્રંથો છે એને ત્યાં.

મુમુક્ષુ :- પતંજલિ યોગ દર્શન.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઘણું છે. બુદ્ધિવાળા માણસો ઘણા થયા. ક્ષયોપશમવાળા માણસો ઘણા થયા. ઋષિઓ, મુનિઓ, આ શંકરાચાર્ય વગેરે બહુ થયા. એ ઘણું સાહિત્ય રચાણું. એટલે 'શ્રીમદ્‌જી'એ કીધું ને કે આ જૈનના નામે સ્થાનવાસીનો વાડો ચાલે છે. પૂરા પાંચ પુસ્તક કોઈએ રચ્યા નથી. કોઈ બુદ્ધિવાળો જ થયો નથી. બુદ્ધિ હોય તો શાસ્ત્ર રચે ને. પુસ્તક બનાવવું હોય તો બુદ્ધિ જોઈએ. કોઈ પાંચ પુસ્તક પુરા કોઈએ રચ્યા નથી. આ મૂર્તિપૂજના ૪૫માંથી ૩૨ જુદા કાઢી નાખ્યા. આ અમારા શાસ્ત્ર. કોઈએ રચ્યા નથી. કોઈ રચના કરનારો બુદ્ધિવાળો થયો જ નથી. આ વેદાંત જેવા અન્ય દર્શનમાં હજારોગમે શાસ્ત્રો છે ત્યાં. હજારો શાસ્ત્રો છે એના. આમાં તો પાંચ શાસ્ત્ર નથી પૂરા. જૈનનું નામ શું જોઈને આપે છે? મૂળ તો મૂર્તિને ઉડાડીને? એટલે બહુ કડક થયા છે પોતે. 'શ્રીમદ્‌જી' મૂર્તિને ઉડાડી એમાં બહુ કડક થયા છે. મૂર્તિનો નિષેધ કરે (એટલે) જ્ઞાનીને પણ હુંકરાટો આવી જાય છે.

મુમુક્ષુ :- સત્યનો નિષેધ છે.

પૂજ્ય ભાઈશ્રી :- સત્યમાં પણ એવું છે ભાઈ! મૂર્તિ જેવું તો કોઈ બીજું એક ન્યાયે તો શાસ્ત્ર કરતા મૂર્તિનું નિમિતત્ત્વ વધે છે. એક ન્યાય એવો છે કે શાસ્ત્રમાં છે એ આત્માનું શબ્દોથી વર્ણન છે. જ્યારે જૈન પ્રતિમા તો આત્માનું મૂર્તિમંત સ્વરૂપ છે. અમૂર્તની મૂર્તિ કરી નાખી છે. દેખાડે છે. એક કહે છે અને એક દેખાડે છે એ બે વચ્ચે મોટો ફેર છે. કહેવામાં વસ્તુ પરોક્ષ છે, દેખાડવામાં વસ્તુ પ્રત્યક્ષ છે. એટલો બધો મોટો ફેર છે. એનો નિષેધ કરે? એમ. એટલે સહન નથી કરતા. એનો નિષેધ કરાય? એમ કહે.

લખ્યું છે પોતે. વીતરાગતાનું અને ધ્યાનનું અવલંબન એવી જે જિનપ્રતિમા એનો અજ્ઞાનપણે એક વાડો ચલાવવા, જુદો વાડો ચલાવવા માટે નિષેધ કર્યો, દોરા-ધાગા જેવી વાત સ્થાપીને. એની સામે સ્થાપ્યું શું? મુહપતિ, દોરો અને ધાગો. એને તો મુખ્ય ચિહ્ન એ સિવાય તો બીજું કાંઈ જુદા પડવાનું સાધન નથી. મૂર્તિ ન જોઈએ. તો બીજું જોઈએ શું ત્યારે? તો કહે, અમારે મુહપતિ જોઈએ. બસ! આટલામાં એ સ્થાપ્યું. બહુ કડક નિષેધ કર્યો છે, બહુ જોરથી નિષેધ કર્યો છે.

મુમુક્ષુ :- જ્ઞાનીઓના જ્ઞાનનો નિષેધ...

પૂજ્ય ભાઈશ્રી :- અવલંબનનો નિષેધ કર્યો, ધ્યાનના અવલંબનનો નિષેધ કર્યો છે. જ્ઞાની મૂર્તિ જોવે એટલે સીધું પોતાનું સ્વરૂપ જોવે છે એ તો. ડાયરેક્ટ. જ્ઞાનીને તો વસ્તુ લક્ષમાં છે ને? ભગવાનની મૂર્તિ જોવે છે તો સીધું જ એ પોતાનું સ્વરૂપ જોવે છે ત્યાં તો. અંદરમાં મારું આવું ચૈતન્યબિંબ આ રીતે હું બિંબ જ છું. હું જ જિનબિંબ છું. આવું જ મારું જિનબિંબ છે દેહાકારે. અને તેનું ઠરવાનું ચાલુ થાય. જોવે ઈ ભેગું ઠરવાનું ચાલુ થાય છે. એ તો ચારિત્રનું કારણ છે. જ્ઞાનીઓને તો ધ્યાનનું એટલે ચારિત્રનું કારણ છે, અજ્ઞાનીઓને જ્ઞાનનું અને સમ્યગ્દર્શનનું કારણ છે અને મુમુક્ષુને ભેદજ્ઞાનનું કારણ છે.

ભેદજ્ઞાન ન કરતા હોય એને ભેદજ્ઞાનનું કારણ છે, ભેદજ્ઞાન કરતા હોય એને સમ્યગ્દર્શનનું કારણ છે અને સમ્યગ્દર્શને પરિણમતા હોય એને ધ્યાનનું અને ચારિત્રનું કારણ છે. બધા તબક્કે. જ્યાં સુધી વિકલ્પ છે ત્યાં સુધી. મુનિઓ દર્શન કરવા કેમ આવે છે? મુનિરાજ દર્શન કરવા આવે છે એનું કારણ એ છે. એ તો ચારિત્રમાં આવેલા છે. સર્વસંગપરિત્યાગી છે તોપણ જિનદર્શન કરવા આવે છે. એટલે વિકલ્પ છે ને? તો વિકલ્પની સામે આલંબન આપે છે. એટલે અસ્તિથી લીધું છે. અને સાવ અબુધ જેવા હોય એને શાતાનું કારણ છે. સાવ અબુધ ગવાર (હોય) એને શાતાનું કારણ છે. એને શાતા ઊપજે છે એમ છે દર્શન કરે ત્યાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એટલે એનો અર્થ એમ છે કે એકાંતે ઉપકારી જ છે. એકાંતે સર્વ જીવોને ઉપકારી છે. કોઈને પ્રતિકૂળતા... એટલે એમાં શું વાત છે કે એનો નિષેધ શું અપેક્ષાએ કર્યો? કે છળ પકડી લીધો. હિંસાનો એક છળ પકડી લીધો કે મંદિર બનાવો એટલે હિંસા થાય. એકાંતે જે લાભનું કારણ છે, એકાંતે બધાને સુખનું કારણ છે, એકાંતે બધાને ઉપકારી છે અને અનુપકારી થવાનો કોઈ પ્રસંગ જ નથી, અવસર જ નથી એનો નિષેધ કરી નાખ્યો! ગજબ કરી! એટલે કડક થઈ ગયા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો છે જ ને. પણ એ તો એવું છે કે જ્યાં છળ પકડેને એ બધા ગોસાળા જેવા હોય. ગોસાળાએ શું કીધું? કે તમે નિયત સ્થાપો છો? નિયત સ્થપાય જ નહિ. ના, એનો નિયતવાદ હતો. નિયત એણે સ્થાપ્યું હતું. તમે પણ નિયત સ્થાપો છો અને હું પણ નિયત સ્થાપું છું. તો પછી (કોઈએ કહ્યું), તને આમ થાય તો? તો કહે ના, તો નિયત નથી. તારું કોઈ લૂંટે તો? એ નિયત છે કે નહિ? તો કહે ના. તો તો હું સામનો કરું કહે. લૂંટવા ન દઉં. કેમ નિયત નથી? એના જેવું છે. બધું નિયત ખરું પણ મને લૂંટે તો

એમાં નિયત નહિ. એમ મંદિર બનાવવામાં હિંસા થાય પણ ઉપાશ્રય? તો કહે ના, એમાં વાંધો નહિ. ઠીક! એવું. જ્યાં વિપરીતતા હોય ત્યાં સાંગોપાંગ ન્યાય સંપન્નતા હોય જ નહિ. જ્યાં જ્યાં વિપરીતતા હોય ત્યાં સાંગોપાંગ ન્યાય સંપન્નતા નીકળે જ નહિ.

મુમુક્ષુ :- ઉપાશ્રય બાંધવાનો નિષેધ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં?

મુમુક્ષુ :- સાધુઓ ઉપાશ્રયમાં .. ઉતરે.

પૂજ્ય ભાઈશ્રી :- ઉતરે નહિ તો ક્યાં રહે?

મુમુક્ષુ :- બીજા કોઈ મકાનમાં. એને માટે બનાવેલા મકાન...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પણ અત્યારે કોઈને ખબરેય નહિ હોય. એ તો કોઈને અત્યારે ખબરેય નહિ હોય એવું લાગે. તો પછી આ ઉપાશ્રય બનાવવાનું નીકળ્યું ક્યાંથી? જ્યારે સાધુઓ ઉપાશ્રયમાં ઉતરતા નથી તો પછી આ ઉપાશ્રય એ લોકોએ બનાવવાનું શરૂ ક્યાંથી કરી નાખ્યું?

મુમુક્ષુ :- શ્વેતાંબરનું જોઈને અનુકરણ કર્યું.

પૂજ્ય ભાઈશ્રી :- શ્વેતાંબરનું જોઈને મંદિરનું અનુકરણ કરે નહિ. ઉપાશ્રય ન કરે તો પછી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, પણ સાધુના આચારમાં તો એવી વાત છે કે ગૃહસ્થના ઘરમાં રહેવાય નહિ, ગૃહસ્થના ઘરમાં નિવાસ કરાય નહિ.

મુમુક્ષુ :- ખાલી ઘર હોય ને.

પૂજ્ય ભાઈશ્રી :- પણ ખાલી કોના માટેનું? ગૃહસ્થે પોતાના માટે બનાવ્યું હોય અને ખાલી રાખ્યું હોય. કુદરતી ખાલી હોય તો ઉતરે એમ થયું ને? બરાબર. ખાલી હોય તો ઉતરે. પણ એવું તો કાંઈ બને નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર.

મુમુક્ષુ :- .. ક્યારેક આપણી સાથે દર્શન કરવા આવ્યા હોય તો કહે કે તમારા જૈનના મંદિરમાં આવીએ એટલે શાંતિ... શાંતિ... શાંતિ લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવિક જ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વચ્છતા હોય. અને બીજું શું છે કે આપણે ત્યાં બીજી કોઈ પ્રકારની

ક્રિયાનો નિષેધ છે ને. એ લોકો જેમ પ્રસાદ ધરાવે, બીજું કરે, ત્રીજું કરે, આ કરે, તે કરે. એવું કાંઈ આપણે ત્યાં બીજી આરંભ-સમારંભની પરિસ્થિતિ નથી ને એટલે. એટલો તો ફરક પડેને સ્વભાવિક છે. બાહ્ય દૃષ્ટિએ તો આચારમાં તો ફરક છે. જૈનોના આચારમાં અને અન્યમતીમાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નિરવશેષ અંતર્મુખપણું છે. વીતરાગ પ્રતિમા સિવાય ક્યાંય નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ દેખાડી શકાય એવી ચીજ નથી એ દેખાડે છે. વર્ણન ન કરી શકાય એવી ચીજ જિનપ્રતિમા દર્શાવે છે. અંતર્મુખપણાનું શું વર્ણન કરો? જિનપ્રતિમા સીધું જ અંતર્મુખપણું દેખાડે છે. વીતરાગતા. તો રાગનો નાશ. હવે એ કેવી રીતે દેખે? વર્ણન શું કરો એનું? પ્રતિમા જોવે એટલે વીતરાગતા, નીતરતી વીતરાગતા છે. એ વસ્તુ મળે છે એને.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ... બહુ સારી વાત છે. એ વાત લંબાવીને ભાવી જિન નૈયગમનયે પૂજ્ય છે ત્યાં સુધી વાત લઈ લીધી છે. દેવના પ્રકરણમાં ભાવી જિનની વાત લઈ લીધી. સ્થાપનાનો વિષય છે ને, દેવના પ્રકરણમાં સ્થાપનાનો વિષય લીધો છે.

પોતાના સ્વસંવેદનને સંભારે છે. એ સ્વસંવેદનનું શું વર્ણન કરે? વેદનનું વર્ણન શું કરે? જિન પ્રતિમાના દર્શનથી દર્શન કરનાર પોતાના સ્વસંવેદનને સંભારે છે. અથવા પોતાના સ્વસંવેદનના સ્મરણથી સંભાળે છે પોતાને. સ્વસંવેદનમયી આત્માને સંભાળે છે. બહુ સારો વિષય છે.

મુમુક્ષુ :- મારું શુદ્ધ સ્વરૂપ કેવું છે? તો આવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મારું સ્વરૂપ કેવું? કે આ જિનબિંબ છે એવું. મારું જ સ્વરૂપ છે, સીધું એમ જ આવે એમાં. એ તો ન્યાય પણ કોઈ લોકોત્તર ન્યાય છે એની અંદર. સમજાય તો એની કિંમત જુદી આવે એવું છે. અને નહિતર તો અન્યમતિની જેમ દર્શન કરીને વયા જાય. જેમ દરેક પોતપોતાના મંદિરમાં દર્શન કરવા જાય. અન્યમતિઓએ મંદિરો એટલે સ્થાપ્યા, મૂર્તિઓ એટલે સ્થાપી એ લોકોએ કે જૈનધર્મનો બાહ્ય વૈભવ જોઈને પણ એ લોકોને એમ થયું કે લોકોને આકર્ષણ કરવા હોય તો આપણે આ અનુકરણ કરવું પડશે. કે અમારે પણ મંદિર છે અને આવો અમારા મંદિરમાં દર્શન કરો. હવે થોડીઘણી નકલ કરીને પણ એટલા માટે સ્થાપ્યું કે એણે મંદિર બનાવ્યા, માથે શિખર બનાવ્યા, માથે ધજા લગાડી બધું કર્યું એણે. મૂળ તો અહીંથી, પરંપરા તો અહીંથી ચાલુ થઈ છે.

**‘તે (જન્માદિ દુઃખ) દૂર કરવા માટે આ સમાધિ શ્રીગુરુદેવ કહે છે : ‘अहं ब्रह्मोऽस्मि’ (હું બ્રહ્મ છું) શુદ્ધ ચૈતન્યમય પરમજ્યોતિ હું છું;...’** શુદ્ધ ચૈતન્યમય પરમજ્યોતિ હું છું **‘જીવનો પ્રકાશ દર્શન-જ્ઞાન છે,...’** દર્શન-જ્ઞાન એ જીવનો પ્રકાશ છે. **‘જીવ સદા પ્રકાશે છે.’** દર્શન-જ્ઞાનથી જીવ સદા પ્રકાશે છે અથવા પ્રસિદ્ધ થાય છે. પ્રકાશ થાય એમાં પ્રસિદ્ધિ થાય. તો કહ્યું, જીવ દર્શન-જ્ઞાનથી પ્રકાશતો હોવાથી પ્રસિદ્ધ છે. સ્વ જીવમાં લેવું પછી. અન્ય જીવની વાત નહિ. પોતાનો જીવ પોતાના દર્શન-જ્ઞાનથી પ્રકાશે છે. હું જીવ છું એમ કેમ નક્કી કર્યું? કે મારા પ્રકાશથી. ક્યા પ્રકાશથી? કે દર્શન-જ્ઞાનના પ્રકાશથી હું જીવ છું એમ પ્રસિદ્ધ મને થાય છે.

આમાં લક્ષ-લક્ષણની ચર્ચામાં એ જ વાત લીધી છે ને ‘અમૃતચંદ્રાચાર્યે’. પ્રસિદ્ધ હી જ્ઞાનં. જ્ઞાન પ્રસિદ્ધ છે. પ્રસિદ્ધં હી જ્ઞાનં. કેમ પ્રસિદ્ધ છે? કે જ્ઞાનમાત્રસ્ય સ્વસંવેદન પ્રસિદ્ધત્વાત. સ્વસંવેદનને લઈને એનું પ્રસિદ્ધપણું છે. વેદનથી પ્રકાશે છે. વેદનથી પ્રસિદ્ધ થાય છે. બીજું પ્રસિદ્ધ થવાનું કોઈ સાધન નથી.

જ્ઞાન દર્શનથી **‘જીવ સદા પ્રકાશે છે. સંસારમાં શુદ્ધ પરમાત્માને શુદ્ધ દર્શન-જ્ઞાન હોય છે...’** જે વીતરાગ કેવળજ્ઞાની છે સંસારમાં શુદ્ધ પરમાત્મા અરિહંતદેવ તેમને **‘શુદ્ધ દર્શન-જ્ઞાન હોય છે ને અંતરાત્માને એકદેશ શુદ્ધ દર્શન-જ્ઞાન હોય છે.’** સાધક અવસ્થા અંતરાત્માની. **‘દર્શન-જ્ઞાનનો પ્રકાશ જ્ઞેયને દેખે જાણે છે;...’** એ દર્શન-જ્ઞાનનો પ્રકાશ જે કોઈ જેનામાં જ્ઞેયત્વ છે તે બધાનું એને જ્ઞાન થાય છે, જાણવું થાય છે, દેખવું થાય છે.

**‘તે શક્તિ શુદ્ધ છે.’** એવી જે શક્તિ છે તે શક્તિમાં કોઈ મિલાવટ થઈ શકતી નથી. કેમકે એ તો શક્તિરૂપે છે. વ્યક્તિમાં ફેરફાર થાય. શક્તિમાં ફેરફાર થાય નહિ. **‘તે શક્તિ શુદ્ધ છે. તેમાં એવા ભાવ કરે છે કે આ દર્શન જ્ઞાન આત્મા વગર હોય નહિ,...’** આ દર્શન-જ્ઞાન આત્મા વગર હોય નહિ. જ્યાં જ્યાં દર્શન-જ્ઞાન છે ત્યાં ત્યાં આત્મા છે. દર્શન-જ્ઞાનથી આત્માનું અસ્તિત્વ ગ્રહણ થાય છે. જ્યાં જ્યાં દર્શન-જ્ઞાન છે ત્યાં ત્યાં આત્મા છે. એમ દર્શન-જ્ઞાનથી અસ્તિત્વ ગ્રહણ થાય છે. અસ્તિત્વ ગ્રહણથી દર્શન-જ્ઞાન નહિ. દર્શન-જ્ઞાનથી અસ્તિત્વ ગ્રહણ થાય છે. આ જરા વિચારણીય વિષય છે. નહિતર ઘણા એમ લે છે. અસ્તિત્વ પકડો... અસ્તિત્વ પકડો... અસ્તિત્વ પકડો. ક્યાંથી પકડશો? દર્શન-જ્ઞાન વગર અસ્તિત્વ ગ્રહણ થાય નહિ.

આ વિદ્વાનો અહીંયાં ભૂલા પડેલા છે. અસ્તિત્વને પકડો. અસ્તિત્વ લક્ષણ લેવું. સત્ દ્રવ્ય લક્ષણં. એમ. સત્ દ્રવ્ય લક્ષણં કહ્યું છે સૂત્રમાં. પણ એ તો છએ દ્રવ્યનું સામાન્ય લક્ષણ લીધું છે. જીવનું લક્ષણ સત્ નથી લીધું. ઉપયોગ લક્ષણો જીવો લીધું છે. જીવને ઉપયોગ

લક્ષણ કીધા છે. જીવની વાતમાં ઉપયોગની વાત છે. બેમાં ફેર છે. જીવનું લક્ષણ શું? સત્તા-સત્ કે ઉપયોગ? તો કહે છે, ઉપયોગ. એમાં વિવાદ ચાલે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સત્તાથી પકડવો આત્માને. સત્તા જીવનું લક્ષણ છે, ઉપયોગ નહિ.

મુમુક્ષુ :- ઉપયોગો લક્ષણં...

પૂજ્ય ભાઈશ્રી :- સત્ દ્રવ્ય લક્ષણં પણ આવે છે ને. બેય સૂત્ર છે. સત્ દ્રવ્ય લક્ષણં છે એ છએ દ્રવ્યના લક્ષણમાં વાત છે અને ઉપયોગ જીવના લક્ષણની વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- .. ઉપયોગ પણ જીવનો સ્વભાવ છે અને અસ્તિત્વ પણ જીવનો સ્વભાવ છે. મુમુક્ષુએ શું કરવું? જ્યારે અનેક સ્વભાવ છે અને લક્ષણના સૂત્રો બે જગ્યાએ છે તો મુમુક્ષુએ શું કરવું? આ પ્રશ્ન છે.

મુમુક્ષુ :- જેમાં પ્રયોજનની સિદ્ધિ થાય એ કરવું.

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાંથી પ્રયોજનની સિદ્ધિ થાય? અસ્તિત્વથી થાય કે જ્ઞાનથી થાય?

મુમુક્ષુ :- જ્ઞાનથી જ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- 'બહેનશ્રી'ને આ પ્રશ્ન પૂછ્યો હતો. વિવાદ ત્યાં છે. પ્રશ્ન પૂછ્યો હતો. પ્રશ્ન એમ પૂછ્યો હતો કે જેમ આત્મા અસ્તિત્વપણે છે, અસ્તિત્વ સ્વરૂપે છે એમ આત્મા જ્ઞાનપણે જ્ઞાનસ્વરૂપે પણ છે. મુમુક્ષુએ ક્યાંથી શરૂ કરવું? અસ્તિત્વથી કે જ્ઞાનથી? આ પ્રશ્ન કર્યો હતો. તો કહ્યું, જ્ઞાનથી. જ્ઞાનથી શરૂ કરવું, જ્ઞાનસ્વરૂપે છું એમાં અસ્તિત્વ આવી જાય છે.

મુમુક્ષુ:- જ્ઞાનથી જ અસ્તિત્વ પકડાય.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનથી જ અસ્તિત્વ (પકડાય). જ્ઞાન એવું પ્રસિદ્ધ છે કે જ્ઞાનથી અસ્તિત્વ પકડાય છે. એટલું કહ્યું પણ બીજું પડખું નહોતું કહ્યું એટલે ચોખ્ખું કરાવ્યું. કે જ્ઞાનમાં અસ્તિત્વ આવી જાય છે પણ અસ્તિત્વમાં જ્ઞાન નથી આવતું બરાબર છે? તો કહ્યું, હા, બરાબર છે. કેમકે અસ્તિત્વ સામાન્ય છે. છએમાં છે. માટે એમાં જ્ઞાન ન આવે. જ્ઞાનમાં અસ્તિત્વ આવી જાય છે. પણ શ્રદ્ધાનો વિષય અસ્તિત્વ છે અને સમ્યગ્દર્શન અમારે કરવું છે માટે અસ્તિત્વ ગ્રહણ કરવું છે એમ લેવાય છે. જે કલ્પના થાય છે, મુમુક્ષુને જે કલ્પના થાય છે એનું કારણ આ છે કે શ્રદ્ધાનો વિષય શુદ્ધ સત્તા છે એટલે અસ્તિત્વ છે. માટે અસ્તિત્વ ગ્રહણ કરીએ એટલે સમ્યગ્દર્શન ઊભું થાય, ઉત્પન્ન થઈ જાય. તો કહે છે, નહિ. જ્ઞાન જ સાધન છે. અને જ્ઞાનના સ્વસંવેદન કાળે મિથ્યાત્વ પલટીને સમ્યક્ત્વ થાય

છે. એમ છે ખરેખર.

'**એવા ભાવ કરે છે...**' એમ. '**તેમાં એવા ભાવ કરે છે કે આ દર્શન જ્ઞાન આત્મા વગર હોય નહિ, એ મારો સ્વભાવ છે–એમ દર્શન-જ્ઞાનને પ્રતીતિમાં માને.**' આમ પ્રતીતિ કરે. દર્શન-જ્ઞાન સ્વરૂપે છું એમ પ્રતીતિ કરે. પ્રતીતિમાં છું આવશે? સત્તા ગ્રહણ કરશે. પણ દર્શન-જ્ઞાન સ્વરૂપે છું એમ લેવું. એવો ભાવ કરવો. એમ પ્રતીતિમાં માનવું.

'**अहं अस्मि**' '**(હું છું) એમ પોતાને દર્શન-જ્ઞાનમાં સ્થાપે,...**' જોયું ! '**अहं अस्मि**' એમાં પણ દર્શન-જ્ઞાનમાં સ્થાપે પોતાને એમ કહે છે. હું છું... હું છું... પણ ક્યાં સ્થાપીશ તું એને? કહે છે કે દર્શન-જ્ઞાનમાં ચૈતન્યપણામાં તું સ્થાપ. ભેદથી કહેવું હોય તો દર્શન-જ્ઞાન. અભેદથી કહેવું હોય તો એક ચૈતન્યમાં પોતાને સ્થાપ. '**(હું છું) એમ પોતાને દર્શન-જ્ઞાનમાં સ્થાપે, ધ્યાનમાં...**' '**अहं अस्मि–अहं अस्मि**' અને ધ્યાનમાં પછી જે શ્રદ્ધા-જ્ઞાન થઈ ગયું, હવે ધ્યાન કરવામાં '**अहं अस्मि–अहं अस्मि**' એમ ટૂંકું કરવા માટે. કારણ કે નિર્વિકલ્પ થવું છે ને. તો વિકલ્પ જેટલા ઓછા થાય એટલું લેવું છે.

મુમુક્ષુ :- '**अहं ब्रह्मोऽस्मि**' એમ લીધું પહેલા.

પૂજ્ય ભાઈશ્રી :- '**अहं अस्मि–अहं अस्मि**' પછી '**अहं अस्मि**' એટલે ટૂંકું કર્યું. બીજા પદમાં ટૂંકું કરી નાખ્યું. બ્રહ્મ કાઢી નાખ્યું, જ્ઞાન-દર્શન કાઢી નાખ્યું એમ. કેમકે ધ્યાન તો નિર્વિકલ્પ છે ને.

'**જેમ દેહમાં અહંબુદ્ધિ ધરીને પોતાપણું માને છે તેમ દર્શન-જ્ઞાનમાં હું પણું માનીને અહં (બુદ્ધિ) ધરે.**' દર્શન-જ્ઞાનમાં—'**ધ્યાનમાં અહંપણું માને ત્યારે અનાદિ દુઃખનું મૂળ એવું દેહાભિમાન છૂટે,...**' આત્મામાં આત્માપણું, અહંપણું થાય ત્યારે દેહમાં અહંપણું છૂટે. બે જગ્યાએ ન રહે એકસાથે. '**સ્વરૂપમાં પોતાપણું જાણે અને જ્ઞાનસ્વરૂપ ઉપયોગ હું છું–**' સ્વરૂપમાં પોતાપણું જાણે અને જ્ઞાનસ્વરૂપ ઉપયોગ હું છું. એમ. જ્ઞાનસ્વરૂપ ઉપયોગ હું છું. '**એવી અહંબ્રહ્મબુદ્ધિ આવે; ત્યારે બ્રહ્મમાં અહંબુદ્ધિ આવતાં એવું સુખ થયું...**' બ્રહ્મમાં અહંબુદ્ધિ આવતા એવું સુખ થયું '**કે દુઃખલોકને છોડીને અવિનાશી આનંદ લોકને પામ્યો;...**' બેય જગ્યાએ લોક લીધું. જોયું?

મુમુક્ષુ :- બ્રહ્મ એટલે ...?

પૂજ્ય ભાઈશ્રી :- બ્રહ્મ એટલે ધ્રુવતત્ત્વને બ્રહ્મ કહે છે.

મુમુક્ષુ :- આપણી દૃષ્ટિને..

પૂજ્ય ભાઈશ્રી :- અહં બ્રહ્મ બુદ્ધિ. હા. અહં બ્રહ્મ બુદ્ધિ. એવી અહં બ્રહ્મ બુદ્ધિ. એમાં શું છે બ્રહ્મ જે શબ્દ છે એ જ્ઞાન-દર્શનને પણ સૂચવે છે અને ત્રિકાળી ધ્રુવત્વને પણ

સૂચવે છે. સ્વભાવ. ધ્રુવ જે સ્વભાવ છે એને બ્રહ્મ કહે છે. જેમ કે હું પણ બ્રહ્મ છું અને એક પરમાણુ પણ બ્રહ્મ છે. બ્રહ્મ છે એટલે ત્રિકાળ શાશ્વત એકરૂપે છે એ એના સ્વભાવથી. એને બ્રહ્મ કહે છે. બ્રહ્મ ન ફરે. ન કહે કે મારું બ્રહ્મ વાક્ય છે? બ્રહ્મ એટલે ન ફરે એને બ્રહ્મ કહેવાય. ધ્રુવ રહે એને બ્રહ્મ કહે છે. મારું વચન તે બ્રહ્મ વચન છે એમ નથી કહેતા? એટલે કે એ વચન નહિ ફરે. બ્રહ્મ એટલે ન ફરે એને બ્રહ્મ કહે છે. એવું ને એવું જે સદાય રહે એને બ્રહ્મ કહે છે. આ મૂળ સેન્સ એ જાતની છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આ જૈનદર્શનની તો વાત જ ક્યાં છે. જૈનદર્શનની તો વાત જ જુદી છે. પછી એમ કહ્યું ને, જૈનદર્શનમાં એમ કીધું કે હું પણ બ્રહ્મ છું, તું પણ બ્રહ્મ છે અને તે પણ બ્રહ્મ છે. શું લીધું? હું પણ બ્રહ્મ, તું પણ બ્રહ્મ અને તે પણ બ્રહ્મ. એટલે બધાય ત્રિકાળ છે. એ બધાનું એક કર્યું એણે કે બધું મળીને એક બ્રહ્મ છે. માટે બધું બ્રહ્મ છે. આ બધી ગાયો છે પણ બધી ગાય પ્રત્યેક જુદી જુદી છે. તો ક્હે, એક ટોળું કીધું ને? એ સંગ્રહનયથી ટોળું એક કીધું. પણ એ સંગ્રહનયથી એમ વચન છે. એ ટોળાનો અર્થ જ એમ થાય છે કે એની અંદર ઘણા છે એનું નામ ટોળું.

રૂપિયાની થેલી. હજાર રૂપિયાની આ કોથળી છે. તો હજાર રૂપિયા એક છે? કે હજારે જુદા જુદા થયા? અત્યંત જુદા છે. એમ. જ્યાં ગૃહીત મિથ્યાત્વ છે ત્યાં કલ્પનામાંથી ઉત્પન્ન થયેલી ગૃહીત મિથ્યાત્વની બધી વાતો હોય. જેને જેને ગૃહીત થાય એ મૂળમાં એની સત્‌ને વિષે કોઈ અસત્‌રૂપ કલ્પના થઈ છે. જરાક ખસ્યો, કલ્પના થઈ ગઈ. એટલા માટે વિચાર અને સીધા અવલોકન જ્ઞાનમાં શું તફાવત છે? કે વિચારમાં વસ્તુ પરોક્ષ છે. ત્યાં કલ્પના થવાનો અવકાશ છે. અવલોકનમાં વસ્તુ પ્રત્યક્ષ છે અને જ્યાં વસ્તુ પ્રત્યક્ષ છે ત્યાં કલ્પના થતી નથી. આટલો ફેર છે.

મુમુક્ષુ :- ઘણો ફેર છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણો ફેર છે, બહુ મોટો ફેર છે. એટલે પદ્ધતિમાં અવલોકન લેવાનું કારણ એ છે. વિચાર પદ્ધતિ તો બહુ મર્યાદિત વાત છે. આમ તો વસ્તુ પરોક્ષ રહી જાય છે. ગમે એટલું વિચારે તોપણ વસ્તુ પરોક્ષ રહે છે. અવલોકનમાં તો વસ્તુ પ્રત્યક્ષ છે.

**'જેમ દેહમાં અહંબુદ્ધિ ધરીને પોતાપણું માને છે તેમ દર્શન-જ્ઞાનમાં હું પણું માનીને અહં (બુદ્ધિ) ધરે.'** એમ દર્શન-જ્ઞાનમાં હુંપણું કરે એમ કહે છે. **'દર્શન-જ્ઞાનમાં, ધ્યાનમાં અહંપણું માને ત્યારે અનાદિ દુઃખનું મૂલ એવું દેહાભિમાન છૂટે, સ્વરૂપમાં પોતાપણું જાણે અને જ્ઞાનસ્વરૂપ ઉપયોગ હું છું-'** જ્ઞાનસ્વરૂપ ઉપયોગસ્વરૂપ હું છું એવી

અહં બ્રહ્મબુદ્ધિ આવે. એવી રીતે જ્ઞાનસ્વરૂપમાં અહંબ્રહ્મબુદ્ધિ આવે-ધ્રુવપણું આવે '**ત્યારે બ્રહ્મમાં અહંબુદ્ધિ આવતા...**' એટલે બ્રહ્મ કહો કે સ્વભાવ કહો. ત્રિકાળી સ્વભાવ-માં અહંબુદ્ધિ આવતાં '**એવું સુખ થયું કે દુઃખલોકને છોડીને અવિનાશી આનંદલોકને પામ્યો;...**' અહીંયાં લોક શબ્દ લીધો. ત્યાં દુઃખના અનુભવને છોડીને આનંદના અનુભવને પામ્યો. આનંદલોક. આખો લોક છે આનંદનો. લોક્યંતિ ઇતિ લોક. અનુભવમાં આવે તેને લોક કહે છે. આનંદના અનુભવને પામ્યો. દુઃખાનુભવને છોડીને આનંદના અનુભવને પામ્યો એમ કહે છે. એટલે ત્યાં શું છે? લોક્યંતે એટલે અનુભવમાં આવે તે. અવલોક્યંતે. એના ઉપરથી અવલોક શબ્દ આવ્યો છે. મૂળ શબ્દ તો લોક છે. પછી એના ઉપરથી અવલોક એમ શબ્દ આવ્યો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું, સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થયું, સમ્યક્‌ચારિત્ર પ્રાપ્ત થયું, સમ્યક્ પુરુષાર્થની પ્રાપ્તિ થઈ અને આનંદ પોતે તો સમ્યક્ જ છે. પાંચેય મુખ્ય ગુણ લઈ લેવા. આ તો આનંદલોક લીધોને એમાંથી ઓલું અવલોકન યાદ આવ્યું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો વાત તો અનંતા જ્ઞાનીઓની એક જ છે. શૈલી બધાની જુદી જુદી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તેર ભેદ લીધા છે. સમાધિના તેર ભેદ લીધા છે. અને બ્રહ્મસમાધિ અન્યમતિ પણ કહે છે અને જૈનમતિ પણ બ્રહ્મસમાધિ કહે છે. બેયમાં મોટો ફેર છે એમ કહેવું છે. વાત અનંતા જ્ઞાનીઓની એક, છતાં બધા જ્ઞાનીઓની શૈલી અનેક. સૂત્રો અનેક બધાનો સિદ્ધાંત એક. અને છતાં બધા જ્ઞાનીઓની જે શૈલી છે એ બધી જ શૈલી સુંદર છે.

મુમુક્ષુ :- બધી શૈલી એકને જ બતાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એકને બતાવે છે માટે બધાયમાં સુંદરતા છે. કેમકે એનો વિષય સુંદર છે માટે શૈલી પણ સુંદર છે. નહિતર આ તકલીફ થાય છે. ભાઈ! 'ગુરુદેવ'ની શૈલી અમને બહુ ગમે. અમને 'શ્રીમદ્'ની શૈલી એટલી નથી ગમતી એવી 'ગુરુદેવ'ની શૈલી ગમે. એમ 'ગુરુદેવ'વાળા એમ કહે. તો 'શ્રીમદ્'વાળા એમ કહે કે અમને 'શ્રીમદ્'ની શૈલી એવી ગમે છે ને અમને તમારા 'ગુરુદેવ'ની શૈલી નથી એવી ગમતી. ભાઈ! બેય શૈલી સુંદર છે અને બેય ગમે ત્યાં તું ઠેકાણે આવ્યો છો. એક ગમે છે ત્યાં સુધી હજી તારે ઠેકાણે નથી આવ્યું. એમ સમજી લે.

મુમુક્ષુ :- એ સમજ્યા વગરની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :-.. વગરની છે. શૈલી બધાની સુંદર છે. 'દીપચંદજી'ની શૈલી લ્યો, 'શ્રીમદ્‌જી'ની શૈલી લ્યો, 'ટોડરમલજી'ની શૈલી લ્યો, 'ગુરુદેવ'ની શૈલી લ્યો, 'બહેનશ્રી'ની શૈલી લ્યો, 'સોગાનીજી' શૈલી બધાયની જેટલી શૈલી છે એ બધી સુંદર લાગે છે. બધાયમાં પોતપોતાની મૌલિકતા અને સુંદરતા રહેલી છે. ગમે તે જ્ઞાનીઓની શૈલી હોય.

મુમુક્ષુ :- 'રાજમલજી'ની...

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહુ સુંદર શૈલી છે. એ પણ એટલી સુંદર શૈલી છે 'રાજમલજી'ની.

મુમુક્ષુ :- 'રાજમલજી'ની વાત તો ધડાકાબંધ!

પૂજ્ય ભાઈશ્રી :- ઘણી સરસ. ભાવાર્થ કરીને એ કાંઈ ચોખવટ કરે છે! બહુ સરસ વાત કરે છે!! વસ્તુ સુંદર છે ને! એ શૈલીનો વિષય જ એટલો સુંદર, સર્વાંગ સુંદર છે. એટલે એને કહેનાર તો એની ભાષામાં સુંદરતા આવ્યા વિના રહે જ નહિ.

શું કહે છે? કે '**દુઃખલોકે છોડીને અવિનશી આનંદલોકને પામ્યો; હું બ્રહ્મ-હું બ્રહ્મ હું બ્રહ્મ છું એમ વારંવાર બુદ્ધિદ્વારા પ્રતીતિ કરે...**' જુઓ! બુદ્ધિ દ્વારા, જ્ઞાન દ્વારા પ્રતીતિ કરે. પ્રતીતિ દ્વારા જ્ઞાન કરે એમ નહિ, જ્ઞાન દ્વારા પ્રતીતિ કરે. જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન થાય. '**ત્યારે કેટલોક કાળ ધ્યાનમાં એવો પ્રતીતિ ભાવ દઢ રહે પછી (એ પ્રમાણે) દઢ રહેતાં રહેતાં અહંપણું (-હુંપણું) છૂટી જાય અને અસ્મિ (-છું એવો ભાવ) રહે,...**' આ 'અનુભવપ્રકાશ'માં લીધું છે.

'**अहं ब्रह्मोऽस्मि**' એમાં '**ब्रह्मोऽस्मि**' રહે. '**अहं अस्मि**' બ્રહ્મ છૂટી જાય. પછી એકલું ખાલી અસ્મિ રહે એમ કહે છે. હું એવો ભાવ પણ રહી જાય છે. '**અસ્મિ એટલે ચૈતન્ય છું એવો (ભાવ) રહે,...**' '**દઢ રહેતા રહેતાં અહંપણું (-હુંપણું) છૂટી જાય અને અસ્મિ (-છું-એવો ભાવ) રહે,...**' છું માં હુંપણું આવી ગયું એમ. છું... છું... છું... એમાં હુંપણું આવી ગયું. અને હું છું એમાં બ્રહ્મપણું આવી ગયું એમ. '**અસ્મિ એટલે ચૈતન્ય છું એવો (ભાવ) રહે, ચૈતન્ય હું છું એવો ભાવ (અસ્મિભાવ) રહી જાય છું-છું એવો ભાવ રહી જાય ત્યારે પરમાનંદ વધે...**'

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે વિકલ્પ ઘટતા... ઘટતા... ઘટતા... વિકલ્પ ઘટી જાય છે એમ કહે છે.

'**અને વચનાતીત મહિમાનો લાભ થાય,...**' એને વચનાતીત મહિમાનો લાભ થાય. '**પરમાનંદ વધે અને વનાતીત મહિમાનો લાભ થાય,...**' એટલે પ્રાપ્તિ થાય. '**તથા**

**સ્વપદની પ્રતીતિરૂપ રહ્યા કરે–**' સ્વપદની નિર્વિકલ્પ પ્રતીતિરૂપ રહ્યા કરે. સ્વપદ છે એ નિર્વિકલ્પપણે પ્રતીતિરૂપ રહ્યા કરે '**તેને અસ્તિમા અનુગત, સમાધિ કહીએ.**' એ પ્રકારને અહીંયાં અસ્મિતા અનુગત સમાધિ કહીએ. '**अहं ब्रह्मोऽस्मि**' એવા વિકલ્પથી નિર્વિકલ્પ સુધી આવે ત્યારે એને અસ્મિતા અનુગત સમાધિ કહીએ. એ તો પૂર્વ પર્યાયના ભેદ પાડ્યા છે, બીજું કાંઈ નથી. સમાધિ તો સમાધિ છે એક પ્રકારની. '**તેનાથી અપૂર્વ આનંદ વધે છે.**' અને એવી સમાધિમાં અપૂર્વ આનંદ વૃદ્ધિગત થઈ જાય છે.

'**અહંઅસ્મિ (અર્થાત્ હું છું) એવો શબ્દ છે, સ્વરૂપમાં હું છું એવો ભાવ તે તેનો અર્થ છે,...**' હું મારા સ્વરૂપમાં છું એવો અહંઅસ્મિનો અર્થ થાય છે. '**અને તે (બંને)નું જાણપણું તે જ્ઞાન છે.**' શબ્દનું પણ જ્ઞાન, અર્થનું પણ જ્ઞાન તેને જ્ઞાન કહેવામાં આવે છે. '**એ પ્રમાણે ત્રણે ભેદ આમાં પણ લગાડવા.**' એ બધી જગ્યાએ લેશે. શબ્દ, શબ્દનો અર્થ અને એ બંનેનું જ્ઞાન. શબ્દ, અર્થ અને જ્ઞાન.

મુમુક્ષુ :- ટોડરમલજીએ લીધું છે, ચિન્માત્ર...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં એ લીધું છે. વિકલ્પ ઘટે છે એ વાત લીધીને. સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ અનુભવનું વર્ણન એમ કરીને વાત લીધી છે. એમાં એ વાત લીધી છે.

મુમુક્ષુ :- શૈલી ફેર છે પણ વાત એ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વચન તો શબ્દ બધાયના પ્રકૃતિ અનુસાર (જુદા જુદા રહેવાના). વચનનો ઉત્પાદ શું છે? કે પૂર્વની વાચા વર્ગણાની જે પ્રકૃતિનો અનુબંધ થયો છે એ પ્રમાણે વચનવર્ગણા આવશે. એ કાંઈ જીવનું સ્વરૂપ નથી અને જીવ એનો કર્તા-હર્તા નથી. પૂર્વે જે પ્રકારનો પ્રકૃતિયોગ થયો છે એ પ્રકારે અહીંયાં એવો ઉદય આવશે, એ પ્રમાણે થાશે. ભાષાની માથાકુટ તો જ્ઞાનીઓ ક્યારેય કરતા જ નથી. બધાની ભાષામાંથી ભાવ પકડાય છે એટલે એની સુંદરતા અનુભવાય છે. બસ! આ સીધી સાદી વાત છે.

**તા. ૧૬-૭-૧૯૯૧, પાના નં. ૧૦૯**
**પ્રવચન નં. ૨૮**

‘**નિર્વિતર્ક-અનુગત સમાધિ**’ વિતર્ક તો આવી ગયું. વિતર્ક એટલે વિચાર, ભેદ લીધો હતો. ‘હવે, **નિર્વિતર્ક-અનુગત સમાધિ કહીએ છીએ :- અભેદ નિશ્ચલ સ્વરૂપભાવ(રૂપ)...**’ ઓલામાં ભેદ લીધો હતો. વિતર્કમાં ભેદો લીધા હતા. આત્માનું જ્ઞાન, દર્શન વગેરે. ‘**અભેદ નિશ્ચલ સ્વરૂપભાવ(રૂપ) દ્રવ્યમાં અથવા ગુણમાં કે જ્યાં વિતર્કણા નથી,...**’ જ્ઞાનમાત્ર એવી વિતર્કણા નથી. ચત્‌સ્વરૂપ જીવ ચિત્‌સ્વરૂપ જ છે.

કહે છે ને? ઓલા ૨૬ કળશ આવ્યા છે. ભેદ નથી, અભેદ નથી. ચિત્સ્વરૂપથી જીવ ચિત્સ્વરૂપ જ છે. ‘**खलुचिद् चिद् एव**’. એ અભેદની મુખ્યતાવાળી વાત છે. પણ અભેદમાં ભેદ નહિ એનું નામ અભેદ ત્યાં એવી રીતે. અભેદ નિશ્ચળ સ્વભાવરૂપ દ્રવ્યમાં અથવા ગુણમાં કે જ્યાં વિતર્કણા નથી અને ‘**નિશ્ચળતામાં નિર્વિકલ્પ નિર્ભેદ ભાવના (છે),...**’ નિશ્ચળતામાં નિર્વિકલ્પ નિર્ભેદ ભાવના છે. ‘**એકાગ્ર, સ્વસ્થિર, સ્વપદમાં લીનતા છે, ત્યાં નિર્વિકલ્પ સમાધિ કહીએ.**’

‘**નિર્વિતર્ક એવો શબ્દ છે. નિર્વિતર્ક એટલે તર્કરહિત સ્વપદમાં લીનતા-એવો તેનો અર્થ છે, અને તેનું જ્ઞાન તે જ્ઞાન છે. ત્રણ ભેદો આમાં પણ લગાડવા.**’ એ તો ભેદથી વિરુદ્ધ, વિતર્કથી વિરુદ્ધ તે નિર્વિતર્ક. એ રીતે એક સમાધિનો ભેદ પાડ્યો છે. એવી વિચારની સામે ‘**નિર્વિચાર-અનુગત સમાધિ**’ વિચાર એટલે વિકલ્પ લીધો હતો ત્યાં.

‘હવે, **નિર્વિચાર-અનુગત સમાધિ કહીએ છીએ :- અભેદ સ્વાદમાં એકત્વ અવસ્થા જાણી, ત્યાં વિચાર નથી, સ્વરૂપ ભાવનાની નિશ્ચળવૃત્તિ થઈ છે, દ્રવ્યમાં હોય તોય નિશ્ચળ છે, ગુણભાવના હોય તોય નિશ્ચળ છે અને પર્યાયવૃત્તિ પણ નિશ્ચળ છે,...**’ બધે અલ્પવિરામ જ હજી લે છે. ‘**રાગાદિ વિકાર મૂળમાંથી ગયા, સહજાનંદ સમાધિ પ્રગટી, નિજ વિશ્રામ પ્રાપ્ત થયો, વિશુદ્ધ વિશુદ્ધ થતો ગયો, સ્થિરતા થઈ, નિર્વિકલ્પદશા થઈ; અર્થથી અર્થાંતર, શબ્દથી શબ્દાંતર કે જોગથી જોગાંતર-(એવો)**

**વિચાર મટ્યો, ભેદ વિચારરૂપ વિકલ્પથી છૂટ્યો અને પરમાત્મદશાની નજીક આવ્યો. (–આવી દશાને) નિર્વિચાર સમાધિ કહીએ.**' એક જ વાક્ય લીધું છે આખા પેરેગ્રાફનું.

'**અભેદ સ્વાદમાં એકત્વ અવસ્થા જાણી,...**' હવે જે સ્વાદ છે એટલે વેદન છે. સ્વાદ એટલે વેદન. એને સ્વાદ કહે છે. અધ્યાત્મની ભાષામાં એને સ્વાદ, આસ્વાદ એ અનુભવનો, વેદનનો બીજો શબ્દ છે. અભેદ અનુભવ કહો, અભેદ વેદન કહો કે અભેદ સ્વાદ કહો, એમાં પોતે એકમેક છે, તન્મય છે, એવી અવસ્થા જાણી. '**ત્યાં વિચાર નથી,...**' એ તો છે એને જાણે છે, એનો વિચાર નથી.

જેમ કે શુદ્ધોપયોગ થાય છે ત્યારે જે સ્વસંવેદન અનુભવરૂપ થાય ત્યાં પોતે તન્મયપણે પોતાના સ્વાનુભવમાં લીન રહે છે. ત્યાં કોઈ વિચાર નથી. ત્યાં કોઈ વિચાર નથી. તો વિચાર નથી તો ત્યાં શું છે? આ પ્રશ્ન એક ઉઠાવીએ. જો ત્યાં વિચાર નથી તો પછી શું છે ત્યાં ? તો કહે જે સ્વાદ છે અથવા વેદન છે, જે અનુભવ છે એમાં અભેદભાવ છે, એકત્વપણું છે અને એનું ત્યાં જ્ઞાન છે. વેદનપૂર્વકનું જ્ઞાન છે. આ સિવાય કાંઈ નથી. ત્યાં વિચાર નથી. ત્યાં વિચાર નથી, વિકલ્પ નથી. એ તો પછી નીચે કહેશે બધે. વિચાર નથી, વિકલ્પ નથી, કાંઈ નથી.

'**અર્થથી અર્થાંતર, શબ્દથી શબ્દાંતર કે જોગથી જોગાંતર–**' નથી. એટલે મન-વચન-કાયાનો યોગ. એમ ક્યાંય પણ ઉપયોગ ફરતો નથી. સ્વરૂપ ભાવતા ભાવતા '**સ્વરૂપ ભાવનાની નિશ્ચળવૃત્તિ થઈ છે,...**' સ્થિરવૃત્તિ થઈ ગઈ છે. સ્વરૂપમાં ભાવતા ભાવતા સ્વરૂપની સ્થિર વૃત્તિ થઈ ગઈ. એટલે એકાગ્રતાની પણ ભાવના એવા શબ્દથી કહેવાનો અધ્યાત્મ શાસ્ત્રમાં રિવાજ છે. સ્વરૂપ એકાગ્રતાને સ્વરૂપભાવના કહેવામાં આવે છે. એને નિશ્ચય ભાવના કહે છે. અને જે સ્વરૂપ ભાવનાનો વિકલ્પ વિચારમાં સ્વરૂપની ભાવના છે, કોરો વિકલ્પ નહિ પણ ભાવનાયુક્ત જે સ્વરૂપનો વિચાર વિકલ્પ છે એને પણ સ્વરૂપની ભાવના કહે છે.

બે રીતે સ્વરૂપની ભાવના કહે છે કે સ્વરૂપની ભાવના રાખો. ભાવના એટલે પ્રાપ્તિ સંબંધીની તીવ્રતા. સ્વરૂપની ભાવના એટલે સ્વરૂપ પ્રાપ્તિની તીવ્રતા ભાવમાં રહ્યા કરવી. પરિણતિરૂપે, ઉપયોગરૂપે, ગમે તે રૂપે પણ રહ્યા કરવી. પણ જ્યાં સુધી એકાગ્રતા નથી ત્યાં સુધી ચંચળવૃત્તિ છે. એ ભાવનાની ચંચળવૃત્તિ છે. અને સ્વરૂપમાં એકાગ્રતા થઈ ત્યાં તે ભાવનાની નિશ્ચળ વૃત્તિ છે. અહીંયાં નિશ્ચળ વૃત્તિનો વિષય ચાલે છે. કેમકે સમાધિનું પ્રકરણ છે ને? એટલે નશ્ચળવૃત્તિનો વિષય ચાલે છે.

'**સ્વરૂપ ભાવનાની નિશ્ચળવૃત્તિ થઈ છે, દ્રવ્યમાં હોય તોય નિશ્ચળ છે, ગુણભાવના**

**હોય તોય નિશ્ચળ છે અને પર્યાયવૃત્તિ પણ નિશ્ચળ છે,...**' ત્રણેમાં લઈ લીધું દ્રવ્ય, ગુણ અને પર્યાય એવા ભેદ નથી પડતા. કેમકે ભેદ પડે તો ચંચળતા આવે. ભેદ નથી પડતા. એટલે દ્રવ્યપ્રધાન એકાગ્રતા, ગુણપ્રધાન કે પર્યાયપ્રધાન છે ત્યાં. પણ મૂળ એકાગ્રતા સ્વરૂપમાં છે. અને જ્યાં સ્વરૂપમાં છે ત્યાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયના ત્રણ ભેદ તો નથી પણ સામાન્ય વિશેષના બે ભેદ પણ નથી. દ્રવ્ય-પર્યાયવાળા બે ભેદ નથી. ગુણને એક વખત કાઢી નાખો, દ્રવ્યમાં સંકેલી લ્યો તો દ્રવ્ય પર્યાયના કે સામાન્ય વિશેષના પણ ભેદ નથી. એટલા માટે નિશ્ચયના વિષયને અનુભય સ્વરૂપ કીધો છે. જે ભાઈની સમસ્યા હતી ને, ભાઈની સમસ્યા હતી.

ભેદ તો વ્યવહારનો વિષય અને અભેદ પણ વ્યવહારનો વિષય કીધો અને ભેદ-અભેદ નહિ એવો અનુભય તે નિશ્ચયનો વિષય કીધો. આ કેવી રીતે? આ જરા સમસ્યા થઈ હતી એમને 'પંચાધ્યાયી' ઉપરથી. મુંઝાણા હતા જરા. કીધું, બરાબર છે. અહીંયાં અભેદ પણ અભેદનો એક ભેદ એમ ગણીને અભેદની વાત લેવી છે. માટે વ્યવહારમાં નાખ્યો છે. કેમકે એ એક ભેદ થઈ ગયો ને. અને સ્વભાવને તો દ્રવ્ય-ગુણ-પર્યાયનો કે સામાન્ય-વિશેષનો ભેદ જ નથી. પ્રગટ-અપ્રગટ કેમ નથી સ્વભાવ? સ્વભાવ પ્રગટ પણ નથી અને સ્વભાવ અપ્રગટ પણ નથી. કેમ? કેમકે તે અનુભયસ્વરૂપ છે. પ્રગટ પર્યાય છે, દ્રવ્ય અપ્રગટ છે. સ્વભાવ અનુભય સ્વરૂપ છે. એટલે અહીંયાં એમ લે છે.

'**દ્રવ્યમાં હોય તોય નિશ્ચળ છે,...**' કેમકે ત્રણેયમાં છે. ગુણમાં હોય તોય નિશ્ચળ અને પર્યાયમાં હોય તોય નિશ્ચળ. નિશ્ચળ કહો, ધ્રુવ કહો. બેય એક જ છે. '**દ્રવ્યમાં હોય તોય નિશ્ચળ છે, ગુણભાવના હોય તોય નિશ્ચળ છે અને પર્યાયવૃત્તિ પણ નિશ્ચળ છે,...**' ત્યાં તો. દ્રવ્ય-ગુણ તો અમસ્તા પણ નિશ્ચળ છે પણ પર્યાયવૃત્તિ પણ અહીંયાં નિશ્ચળ છે એમ કહ્યું. એવો પ્રકાર છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- પછી દ્રવ્યમાં થંભી ગઈ એમ કહો તોપણ નિશ્ચળ છે. સ્વભાવમાં એટલે ગુણમાં થંભી ગઈ એમ કહો તો નિશ્ચળ છે અને પર્યાય તો ત્યાં નિશ્ચળ થઈ જ છે. બીજો વિષય નથી એને માટે. એ નિશ્ચળ થઈ જ છે.

'**રાગાદિ વિકાર મૂળમાંથી ગયા,...**' એ વખતે રાગાદિ વિકાર છે એ મૂળમાંથી ગયા અને મૂળમાંથી કાઢવાનો આ એક જ પ્રકાર છે. બીજો કોઈ પ્રકાર જગતમાં નથી. '**રાગાદિ વિકાર મૂળમાંથી ગયા, સહજાનંદ સમાધિ પ્રગટી,...**' અને જે સમાધિ પ્રગટી એમાં સહજ આનંદ આવ્યો. '**નિજ વિશ્રામ પ્રાપ્ત થયો,...**' આત્માને ત્યાં આરામ મળ્યો,

વિશ્રામ મળ્યો. ઠર્યો આત્મા. આત્મા આત્મામાં ઠર્યો.

'**વિશુદ્ધ વિશુદ્ધ થતો ગયો,...**' સમયે સમયે એમાં વિશુદ્ધતા અવસ્થા દૃષ્ટિએ વિશુદ્ધ વિશુદ્ધ થયો ગયો અને '**સ્થિરતા થઈ, નિર્વિકલ્પદશા થઈ;...**' ત્યાં નિર્વિકલ્પ દશા થઈ ગઈ. પછી કોઈ ત્યાં વિકલ્પ નથી. કેમકે આ તો સમાધિ છે ને. અને ત્યાં અર્થથી, શબ્દથી કે યોગથી અર્થાંતર, ગુણાંતર, શબ્દાંતર કાંઈ રહેતું નથી.

'**ભેદ વિચારરૂપ વિકલ્પથી છૂટ્યો...**' જ્ઞાન-દર્શન-ચારિત્ર એ કોઈ વિચાર ત્યાં નથી. એટલે નિર્વિચાર લીધો. કોઈ વિચાર નથી. '**અને પરમાત્મદશાની નજીક આવ્યો.**' જ્યાં વિકલ્પથી છૂટ્યો ત્યાં પરમાત્મસ્વરૂપની નજીક આવ્યો, સમીપ આવ્યો. સ્વરૂપની સમીપ આવ્યો. સ્વરૂપનો આશ્રય કર્યોને. '**(-આવી દશાને) નિર્વિચાર સમાધિ કહીએ.**' આ નિર્વિચાર દશા. આમ તો અનેક શબ્દોથી સમાધિવર્ણન છે મૂળ તો. જે કહેવો છે એ તો એક જ ભાવને કહેવો છે. પણ અનેક રીતે કહી શકાય છે એનું કારણ કે એના પાસાને વિચારવામાં આવે, એમાં રહેલા ગુણોને વિચારવામાં આવે, એ થવા માટેની પૂર્વ પર્યાયોની રીત-પદ્ધતિને વિચારવામાં આવે તો એ બધી અનેક રીતે કહેવાની કથનની પદ્ધતિ છે.

પછી '**નિરાનંદ-અનુગત સમાધિ**' લ્યો. આનંદ અનુગત સમાધિ કહી હતી. હવે નિરાનંદ લીધું એમાંથી. અસ્મિતા સુધી અસ્તિ લીધું. સાતમાથી નાસ્તિ શરૂ કરી છે. એમાં પહેલા વિતર્કની નાસ્તિક કરી, વિચારની નાસ્તિ કરી હવે આનંદની નાસ્તિ કરે છે. '**હવે નિરાનંદ-અનુગત સમાધિ કહીએ છીએ :-**' કયો આનંદ? કે '**સંસાર-આનંદ સર્વ છૂટ્યો,...**' બધા વિશેષણ આત્માને લાગુ પડે છે, સમાધિને લાગુ પડે છે. આ શૂન્યવાદ એમાંથી નીકળ્યો છે.

મુમુક્ષુ :- સમાધિમાંથી?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સમાધિમાંથી. જ્ઞાનીઓએ આત્માને શૂન્ય થઈ ગયો એમ કહી દીધું કે હવે આત્મા શૂન્ય થઈ ગયો. પણ શેનાથી? કે વિકલ્પથી શૂન્ય થઈ ગયો. અથવા વિભાવથી શૂન્ય થયો. તો કહે, આત્મા શૂન્ય થઈ ગયો. તો કહે, કબુલ છે અમારે. બધા અવગુણના વિશેષણો એવી રીતે લાગુ પાડવામાં આવે. કહેવાય ને અવગુણ જેવું કેમ નામ પાડ્યું હશે? પણ એ પણ એક અપેક્ષા છે.

'**સંસાર-આનંદ સર્વ છૂટ્યો, ઇન્દ્રિયજનિત વિષયવલ્લભદશા ગઈ, વિકલ્પવિચાર દ્વારા જે આનંદ હતો તે મિથ્યા જાણ્યો.**' શાતાનો આનંદ. આત્માનો વિચાર વિકલ્પ કરતા જે શાતાનો આનંદ ઊપજે એને પણ મિથ્યા જાણ્યો. એ આનંદ ખરેખર આનંદ નહોતો. 'રાજમલજી' તો બહુ ચોખ્ખુ લખે છે કે આત્માનો વિચાર, વિકલ્પ ગુણભેદથી ઉત્પન્ન થાય એ બધું બંધનું કારણ છે. કોઈ એમ જાણશે કે આ આત્માનો વિચાર છે માટે કાંઈ સાધકદશા

છે એવું નથી. એ પણ બંધનું કારણ છે. એક નિર્વિકલ્પ સ્વરૂપ અનુભવ, સ્વરૂપ આસ્વાદ, પ્રત્યક્ષ સ્વરૂપનો આસ્વાદ તે જ અબંધદશા છે. બહુ ચોખ્ખુ લખે છે. છે. ૧૧૦માં છે.

**'અહીં કોઈ ભ્રાંતિ કરશે કે મિથ્યાદષ્ટિનું યતિપણું ક્રિયારૂપ છે. તે બંધનું કારણ છે. પણ સમ્યગ્દષ્ટિનું જે યતિપણું શુભ ક્રિયારૂપ તે મોક્ષનું કારણ છે. કે સમ્યગ્દષ્ટિ વ્રત, શીલ, સંયમ પાળે તો મોક્ષે જાય. મિથ્યાદષ્ટિને બંધ થાય. કારણ કે અનુભવ અને જ્ઞાનદશા તથા દયા, વ્રત, સંયમ ક્રિયા બંને મળીને જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષય કરે. આવી પ્રતીતિ કેટલાક જીવો, અજ્ઞાની જીવો કરે છે. ત્યાં સમાધાન આમ છે કે જેટલી શુભ-અશુભ ક્રિયા.'** હવે એમાં બધું લઈ લીધું. **'બહિર્જલ્પરૂપ વિકલ્પ અથવા અંતર્જલ્પરૂપ દ્રવ્યોના વિચારરૂપ છ દ્રવ્યના વિચારરૂપ અથવા શુદ્ધસ્વરૂપનો વિચાર ઈત્યાદિ સમસ્ત કર્મબંધનું કારણ છે.'** લ્યો! શુદ્ધ સ્વરૂપનો વિચાર પણ કર્મબંધનું કારણ છે. આત્માના શુદ્ધ સ્વરૂપનો વિચાર કર્મબંધનું કારણ છે. આવી ક્રિયાનો આવો જ સ્વભાવ છે. **'શુદ્ધ સ્વરૂપ પરિણમનમાત્રથી મોક્ષ છે.'** વિચારથી મોક્ષ નથી પણ પરિણમનથી મોક્ષ છે. એ ૧૧૦માં ચોખ્ખુ લીધું. એટલું ખોલીને પછી ટીકા કરી છે.

**'વિકલ્પવિચાર દ્વારા જે આનંદ હતો તે મિથ્યા જાણ્યો.'** એટલે વિચાર વિકલ્પ તો બંધનું કારણ છે પણ એ વખતે શાતા જે થઈ, શાંતિ થઈ એ પણ મિથ્યાભાવ છે. સાચી શાંતિ નથી. **'પરમિશ્રિત આનંદ આવતો હતો તે ગયો અને સહજાનંદ પ્રગટ્યો.'** જુઓ! ઓલી જે શાતાની શાંતિ આવી વિચાર વખતે, શુદ્ધ સ્વરૂપના વિચાર વખતે, એને એમ કીધું કે પરમિશ્રિત આનંદ આવતો હતો. રાગમિશ્રિત આનંદ છે, વિકલ્પમિશ્રિત આનંદ છે. એમ છે. એ સમજે છે ત્યાં. જેને ભેદજ્ઞાન છે એ આ વાત સમજે છે કે આ રાગનો ભાગ છે અને એ મિથ્યાભાવ છે. એમાં મારે છેતરાવા જેવું નથી.

મુમુક્ષુ :- શુદ્ધ સ્વરૂપનો વિચાર એવિકલ્પમિશ્રિત આનંદ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. કેમકે ત્યાં શાંતિ લાગેને થોડી? શુદ્ધ સ્વરૂપનો વિચાર કરે એટલે શાંતિ તો લાગે. આત્માની શાંતિ અને આ શાંતિ એમાં એક સમ્યક્ શાંતિ છે અને એક મિથ્યા શાંતિ છે એમ કહે છે. મિથ્યાને મિથ્યા જાણે તો છેતરાય નહિ. નહિતર છેતરાયા વિના રહે નહિ. કેમકે અશાંતિનો જીવને ઘણો અનુભવ છે, અશાંતિ ઘણી છે જીવને. એમાં થોડીક શાંતિ થાય તો છેતરાય જાય. તો કહે છે, નહિ. એ મિથ્યા શાંતિ છે.

એ વાત લીધી છે, 'શ્રીમદ્જી'એ ૨૫૪ પત્રમાં એ વાત લીધી છે. જે મુમુક્ષુજીવને રોકાવાના ત્રણ કારણો લીધા એમાં આ લોકની અલ્પ પણ સુખેચ્છાનો વિષય લીધો ત્યાં એમ લીધું કે મુમુક્ષુતામાં પણ કેટલીક શાંતિ અથવા શાતા અનુભવાય છે અને એટલા માટે

તે જીવની યોગ્યતા રોકાઈ જાય છે. કેમકે મિથ્યા શાંતિમાં એને ઠીક લાગ્યું. તો એની યોગ્યતા રોકાઈ જશે એમ કહે છે. હવે અહીં તો અનુકૂળતા થાય ત્યાં રોકાય જાય. અથવા પ્રતિકૂળ-તામાં ખેદાય જાય એ બેય એક જ વાત છે એ તો. અનુકૂળતામાં રાજી થવું કે પ્રતિકૂળતામાં નારાજ થવું બેય એક જ વાત છે. એ તો સ્થૂળ એકદમ તીવ્ર પરિણામ છે રોકાવાના. પણ આત્માનો વિચાર કરતા શાતા અને શાંતિ ઊપજે અને મુમુક્ષુજીવને સારુ લાગે તો એની યોગ્યતા રોકાઈ જશે. સમ્યગ્દર્શન થવા માટેની યોગ્યતા એની રોકાઈ જશે. આવી વાત છે. એટલે ભૂમિકાની યોગ્યતામાં કેટલી શરતું છે. આ સમ્યગ્દૃષ્ટિ કેમ નિરાસ્રવ છે અને કેમ નિર્બંધ છે એવો જે તોલમાપ જોખ છે એ કાંઈ મફતનું નથી કહ્યું. એની ભૂમિકા આવી છે હજી તો. પછી ત્યાંથી આગળ વધીને સમ્યગ્દૃષ્ટિ થશે. આ ભૂમિકા પછી તો એણે સ્વરૂપનો નિર્ણય લીધો છે. અને એ પહેલા તો નિર્ણયનો પણ સવાલ નથી. ક્યાંથી આગળ વધે?

સમ્યગ્દર્શન કેમ સહેલું નથી દેખાતું એનું કારણ આ છે કે આ બધી શરતો છે એની આગળ. એ પત્ર બહુ સરસ છે. ક્રમ જ એવો લીધો છે એમણે કે દૃઢ મોક્ષેચ્છા છે, પૂર્ણતાના લક્ષે શરૂઆત કરી છે. પછી પોતાના ભાવોનું અવલોકન કરીને સ્વચ્છંદ મટાડ્યો છે, સ્વચ્છંદ ઘટ્યો છે. જો સ્વચ્છંદ ઘટ્યો હોય તો હવે આગળ આ ત્રણ વાત બીજી છે કે શાતાની શાંતિ પણ નહિ. સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિથી ઓછો વિનય વર્તે છે? એમ પૂછ્યું. સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિથી પણ કાંઈક ઓછો વિનય વર્તે છે? એટલે વિનયની ઓછપ લીધી છે. પરમ વિનયની ઓછપ લીધી છે. અને પદાર્થનો નિર્ણય નથી થયો ત્યાં સુધી સમ્યગ્દર્શન થાય એવું નથી. આટલો ક્રમ લઈ લીધો છે. એક પત્રમાં આટલો ક્રમ લીધો છે. પૂર્ણતાના લક્ષે શરૂઆતથી માંડીને આ બધી વાત લીધી છે.

મુમુક્ષુ :- ૨૫૪?

પૂજ્ય ભાઈશ્રી :- હા ૨૫૪માં મુમુક્ષુતાની આદિથી અંત સુધીની ભૂમિકાને બહુ સ્પષ્ટ કરી છે. શરૂઆત અહીંથી કરે અને અહીં સુધી પહોંચે એ સમ્યગ્દર્શનના નિશ્ચય કારણને પામ્યો, અનન્ય કારણને પામ્યો, ખરા કારણને પામ્યો. નિશ્ચય એટલે અહીંયાં ખરું કારણ. કે એને સમ્યગ્દર્શન થાય, થાય ને થાય જ.

મુમુક્ષુ :- રાજકોટમાં લીધો હતો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ જ લીધો હતો. આ જ પત્ર લીધો હતો. 'રાજકોટ'માં આ જ પત્ર લીધો હતો. ચર્ચામાં પણ એ પ્રશ્ન (ચાલેલો), એક જ પ્રશ્ન ચાલ્યો હતો. 'કૃપાળુદેવ'ના વચનોમાંથી મુમુક્ષુતાની શરૂઆતથી માંડીને મોક્ષમાર્ગે પહોંચી શકાય એવી પદ્ધતિનો વિષય ક્યાં આવે છે? એ ચર્ચા હતી. એમાં શું છે કે ત્યાં જ્ઞાનમંદિરમાં આપણા બે-ત્રણ મુમુક્ષુઓ

નિયમીત જાય છે અને સામાન્ય ચર્ચા એવી ચાલે છે કે ભાઈ! તમે વાંચન કરો, વિચાર કરો, પૂજા કરો, ભક્તિ કરો આ બધું શુભભાવમાં જાય છે અને એથી આત્માને કોઈ ગુણ નથી. ત્યારે એ લોકો ભક્તિ આદિમાં બહુ ભાવથી ભક્તિ કરે છે અને ઘણી ભાવથી જ્યારે ભક્તિ કરે ત્યારે એને એમ લાગે કે બસ! તોય આત્માને કાંઈ લાભ જ નહિ આનાથી? આનાથી આત્માને લાભ જ નહિ?

જેમ આપણે રોજ સ્વાધ્યાયમાં આવે માણસ અને ઘણી સારી ભાવનાથી સ્વાધ્યાય કરતા હોય અને એને એમ કહો કે તમે આ બધું કરો છો એનો કાંઈ અર્થ જ નથી. સાવ નકામું. હજી બધું બહારનું બહાર જ થાય છે. અંદરમાં હજી કાંઈ આવ્યા નથી ત્યાં સુધી બધું નકામું. એક વખત તો માણસને ગળે ન ઉતરે. પછી નકામું હોય તો રોજ ઉઠીને માથાફોડ કરવી, શું કરવાને ટાઈમ બગાડવો? બાવાના બેય બગડે ભાઈ! ઓલું થાય નહિ અને આ પણ થાય નહિ. એના કરતા તો ઓલું કરવું સારું. આનાથી કાંઈ લાભ ન હોય તો પછી ઓલું કરવું શું ખોટું? એકવાર તો ગળે ન ઉતરે.

ત્યારે આની પદ્ધતિ શું છે? કે જેનાથી માણસ શરૂઆત કરે છે, શરૂઆત કરીને આગળ વધે છે અને યથાર્થ મોક્ષમાર્ગમાં પહોંચે છે એવી કોઈ પદ્ધતિ હોય તો આ સમસ્યા છે ચર્ચાની. કીધું, કુદરતી બરાબર આપણે પત્ર જ આ પસંદ કર્યો છે. મને તો ખબર નહોતી કે તમારે લોકોને શું ચર્ચા ચાલે છે. પણ વિચાર આવ્યો કે પદ્ધતિની દૃષ્ટિએ આ પત્ર સારો છે તો આ લઈએ. એમના જે પત્રક સુચવ્યા હતા એમાં બધે પાત્રતાનો વિષય વધારે હતો. પૂછાવ્યું હતુ ક્યા ક્યા પત્રોમાંથી સ્વાધ્યાય કરવો છે? તો બધા પાત્રતા વિષયસ પત્રો હતા. એમાં આ પણ હતો. કેમકે આ પણ ભૂમિકાનો જ વિષય છે એટલે આ પત્રનો પણ ઉલ્લેખ હતો. એટલે ચર્ચામાં પણ એ વિષય ચાલ્યો અને સ્વાધ્યાયમાં પણ એ વિષય ચાલ્યો.

મુમુક્ષુ :- ચર્ચા ચાલતી હતી?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્રણ દિવસ સવારે ચર્ચા રાખી હતી. સ્વાધ્યાયની ખાલી ચર્ચા, પ્રશ્નોત્તરી. કોઈપણ પ્રશ્ન પૂછે. બાકી સ્વાધ્યાયમાં એ લોકાને પ્રશ્ન પૂછવાની પદ્ધતિ નથી. સ્વાધ્યાયમાં તો સાંભળવું જ. કોઈ પ્રશ્ન પૂછે નહિ. પાછળથી ગમે તે વાતચીત કોઈ કરે એ જુદી વાત છે. ચાલુ સ્વાધ્યાયમાં કોઈ પૂછતું નથી. મેં કીધું એવું નહિ રાખવું. બહુ સ્ટ્રિક્ટ નહિ થઈ જવું. એ જ વખતે કોઈની એવી અંતર જિજ્ઞાસા હોય તો પૂછે તો એમાં કોઈ બાધ નથી, પૂછવામાં કોઈ અપરાધ નથી, કોઈ દોષ નથી. જ્યારે માણસને જિજ્ઞાસા ઊઠે અને પૂછે એ વખતે એને પૂછવાની છૂટ હોવી જોઈએ. અને એ તો એક શું છે કે શિસ્તની દૃષ્ટિએ એ લોકોએ નિયમ પાળે. બીજી કોઈ આગળ-પાછળની સમજણ નથી. પણ શિસ્તની દૃષ્ટિએ

રાખેલો છે. અને કેટલોક અનુભવ એવો થયો છે કે કોઈ માણસો એવા પણ હોય છે કે જે પોતાનો ક્ષયોપશમ દેખાડવા માટે પ્રશ્નો પૂછતા હોય છે. એ પણ અનુચિત લાગે છે. એવો ઢંગ ઊભો થાય, દેખાય એવો ઊભો થાય. બીજું, વિષયાંતર કરી નાખે છે કોઈ પ્રશ્નો પૂછીને. આ બે વાતથી એ લોકો નારાજ છે. એટલે અમે આ નિયમ કરેલો છે. મેં કીધું, ઠીક છે. એ દૃષ્ટિએ એ વાત બરાબર છે. પણ પાછુ એનું એકાંત પકડવા જતા જિજ્ઞાસાને રોકવી પડે કે જિજ્ઞાસાને દબાવવી પડે એ વસ્તુ પણ ઉચિત નથી. અને એ તો દરેક વાતમાં બેય બાજુની સંભાળ તો રાખવી જ પડે છે. ખાય માણસ તોપણ વધારે પડતું ખાવું ન જોઈએ અને વધારે પડતું ભૂખ્યા રહેવું ન જોઈએ. નહિતર હોજરી સંકોચાય જાય. વધારે પડતું ખાય તો ...

**'પરમપદવીની નજીક ભૂમિકા ઉપર આરૂઢ થયો, અહીં જ્યાં વિભાવ મટ્યો...'** બેય જગ્યાએ પરમપદની નજીકની ભૂમિકા લીધી છે. એટલે આશ્રય ભૂમિકા લીધી છે. અને જ્યાં વિભાવ મટ્યો. એ પણ ઓલામાં લીધું છે. **'ત્યાં એમ જાણ્યું કે આ મુક્તિ દ્વારમાં પ્રવેશ નજીક છે,...'** હવે મુક્તિના દ્વારમાં પ્રવેશ નજીક છે. હવે મારી મુક્તિ બહુ નજીક છે. હું અવશ્ય મુક્ત પામી જઈશ. **'અવિઘ્નપણે મુક્તિવધુ સાથેનો સંબંધ તથા અતીન્દ્રિય ભોગ થવાનું નજીક જાણ્યું-'** અવિઘ્નપણે. હવે મને કોઈ વિઘ્ન નડવાનું નથી. અવશ્ય મારી મુક્તિ થઈ જશે અને પરમાનંદનો ભોગવટો થશે. **'આવી (દશા)ને નિરાનંદ-અનુગત સમાધિ કહીએ.'** જે મનનો આનંદ, કૃત્રિમ આનંદ, શાતાનો આનંદ, મનની શાંતિ એનો નાશ તેને અહીંયાં નિરાનંદ કહેવામાં આવે છે. આત્માનો આનંદ તો ખરો જ એમાં.

**'નિરાનંદ એવો શબ્દ,...'** એ એક શબ્દ છે. નિરાનંદ એક એવો શબ્દ છે. **'પર-(ઇન્દ્રિયજનિત) આનંદ રહિત એવો તેનો અર્થ અને તેનું જાણપણું તે જ્ઞાન-એ ત્રણ ભેદ આમાં પણ લગાડવા.'** દરેકમાં ત્રણ ભેદની વાત તો કરે જ છે—શબ્દ, અર્થ અને જ્ઞાન.

મુમુક્ષુ :- ભાવ તો એક છે, જુદા જુદા એંગલથી સમજાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જુદા જુદા દૃષ્ટિકોણથી એક જ વિષયને સમજાવે છે. એટલે એમાં શું છે કે ક્યાંય વિવાદ ઊભો ન રહે. કોઈ ક્યાંયથી વિવાદ ઊભો કરે, કોઈ કોઈ પ્રકારે વિવાદ ઊભો કરે, કોઈ કોઈ પ્રકારે વિવાદ ઊભો કરે. તો જ્ઞાનીઓએ તો જેટલા એના ભેદ પ્રભેદ પોતાના જ્ઞાનમાં આવ્યા એનય ફેંસલા કરીને ગયા. એટલે વિવાદ પછી ઊભો ન રહે. એમ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, અને એ પડખેથી કોઈને અસમાધાન રહેતું હોય તો એને

સમાધાન થઈ જાય. અને વિવાદ પણ ત્યારે જ ઉત્પન્ન થાય છે ને કે એ પડખેથી સમાધાન ન થયું હોય તો.

પછી દસમીમાં '**નિરસ્મિતા-અનુગત સમાધિ**' '**હવે, નિરસ્મિતા-અનુગત સમાધિ કહીએ છીએ :-**' '**ब्रह्म अहं अस्मिः**' '**(અર્થાત્ હું બ્રહ્મ છું)-એવો જે અસ્મિ ભાવ હતો. તે અસ્મિભાવ (હું છું-એવો વિકલ્પ) પણ દૂર થયો, વિકાર અત્યંત મટી ગયો,...**' લ્યો! હું છું એવો વિકલ્પ મટ્યો. એ વિકલ્પની નાસ્તિ. પોતાના હોવાપણાના વિકલ્પની નાસ્તિ થઈ તે નિરઅસ્મિતા અનુગત સમાધિ કહીએ.

'**અસ્મિ (-હું છું-એમ) મેં માન્યું હતું તે પણ મટી ગયું; નિજપદનો જ ખેલ છે, પરનું બળ ન થયું; પરમ સાધક છે, પરમ સાધ્ય સાથે ભેટ થઈ છે, (તે ભેટ) એવી થઈ છે કે મન મળી ગયું.**' મનનો વિકલ્પ ન રહ્યો. '**સ્વરૂપમાં પોતે પોતાને જ સ્વસંવેદન વડે જાણ્યો પણ પરમાત્મદશા નજીકમાં નજીક છે.**' આ એક આપણે ત્યાં પ્રશ્ન ઊભો થયેલો છે કે સ્વાનુભવ વખતે પર્યાય જણાય કે ન જણાય? આ પ્રશ્ન ઊભો થયેલો છે. સ્વાનુભવ વખતે પર્યાય જણાય કે ન જણાય? 'ગુરુદેવે' ઉત્તર આપ્યો કે સ્વાનુભવ વખતે પર્યાય વેદાય છે.

મુમુક્ષુ :- વેદાય છે એમ જવાબ આપ્યો?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વેદાય છે એમ જવાબ આપ્યો. તો કહે, જણાય કે ન જણાય? પ્રશ્ન પૂછનારને એમ હતું કે વેદાય છે એ અમને ખબર છે પણ ન જણાય એવો અમારો અભિપ્રાય છે. એ અભિપ્રાયને તમે બરાબર સ્પષ્ટ કરી દ્યો કે ન જણાય. એમ. અમે માનીએ છીએ એવો જવાબ આપો એમ એનો અર્થ છે.

મુમુક્ષુ :- મહોર મારી દ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- મહોર મારી દ્યો.

એટલે ફરીને પ્રશ્ન પૂછ્યો કે પણ પર્યાય જણાય કે ન જણાય? તો કહ્યું વેદાય. તોપણ એક જ જવાબ દીધો. હવે ઉત્તરમાં ગંભીરતા ઘણી છે કે જો વેદનપૂર્વક જણાય એમ કહીએ તો તમને બેસવાનું નથી. કેમકે પૂછનારનો અભિપ્રાય તો 'ગુરુદેવ' સમજે છે. પૂછનારને એમ પૂછવું હતું કે સ્વાનુભવ વખતે દ્રવ્ય જણાય અને પર્યાય ન જણાય. કેમકે દ્રવ્યદૃષ્ટિ છે ને? દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ અને દ્રવ્યમાં એકાગ્રતા થઈ માટે દ્રવ્ય જણાય અને પર્યાય ન જણાય. પ્રશ્ન પૂછનારે તો પોતે નક્કી કરીને કરેલો પ્રશ્ન હતો અને 'ગુરુદેવ'ને એ પાછી ખબર હોય છે કે આ શું અભિપ્રાય લઈને પૂછે છે. એટલે એ જો ખરેખર જિજ્ઞાસુ હોય તો આવા ઉત્તર ઉપર બહુ વિચાર કરે. અને બહુ વિચાર કરે તો પોતાની જે ભૂલ છે એ જડી જાય. અને

કાઢી નાખે. પછી 'ગુરુદેવ' સ્પષ્ટીકરણ ન આપે. શોધક જીવ હોય તો શોધશે અને નહિતર અમથો પણ ક્યાં સમજવાનો છે. કહેશું તોપણ નથી સમજવાનો.

કેમકે સામાન્ય રીતે જે જીવો પોતે અભિપ્રાય નક્કી કરીને જ્ઞાનીને પૂછે છે એ પોતાનો અભિપ્રાય ફેરવવા માટે તો કદી તૈયાર હોતા જ નથી. આ એક તકલીફ અથવા આપત્તિ હોય છે એને. એક વખત જ્ઞાની કહે ને તો એને પોતાનો અભિપ્રાય ફેરવવો ન ગમે. અને એ ખ્યાલ હોય છે. બધો ખ્યાલ હોય છે પાછો. એટલે એ સ્વચ્છંદમાં આવી જાય વધારે. એટલે જો જિજ્ઞાસામાં રહે તો સ્વચ્છંદ છૂટે. એમાં પણ કરુણા છે. એને સ્પષ્ટીકરણ અને ખુલાસો ન આપવામાં પણ જ્ઞાનીઓની કરુણા છે. એને જિજ્ઞાસામાં રાખી દે. જો ખરો જિજ્ઞાસુ હોય અને શોધક હોય તો એને વાંધો ન આવે. અને નહિતર ત્યાંથી બગડે નહિ, નહિતર ત્યાંથી બગડે. સ્પષ્ટીકરણ આપે અને એને નુક્સાન થાય. વિરોધમાં આવી જાય. વિરોધમાં વયો જાય. 'ગુરુદેવ' કહે છે પણ આપણને બેસતું નથી. ભલે કહે કે ન કહે. પરિણમન તો એવું જ આવે એને. અને એ ખબર હોય છે જ્ઞાનીઓને કે આને ક્યાં મુશ્કેલી ઊભી થઈ છે. તો એ બચાવી લે છે. બચાવવા માટેનો પ્રયત્ન કરે છે. પછી બચવું, ન બચવું એ તો એની યોગ્યતા ઉપર આધારિત છે. પણ પોતાને કરુણાભાવ હોય છે એટલે એ મર્યાદામાં રહીને ઉત્તર આપે છે.

જે વેદાય એ તો જણાય જ. વેદાય અને ન જણાય એ પ્રશ્ન રહેતો નથી. પણ એને તો જણાય એ બેસતું નથી. એક વાત. બીજું, જણાય, તો એનું તો જાણવું એમ છે કે ઉપયોગ મૂકીને જાણે તેને જાણ્યું કહેવાય. એનો અનુભવ શું છે? કે કેટલા વાગ્યા? તો કહે ઘડિયાળ સામું જોઈએ તો ખબર પડે કેટલા વાગ્યા. અહીંયાં કયો શબ્દ લખ્યો છે? આ નિરસ્મિતા કેટલામો ભેદ? તો કહે, એકડે મીંડે દસ, આ દસમી વાત ચાલે છે. ઉપયોગ મૂકીએ તો જાણીએ અને નહિતર ન જણાય આ એનો અનુભવ છે. અને ત્યાં પર્યાય જણાય છે એ પર્યાય ઉપર ઉપયોગ મૂક્યા વગર પર્યાય જણાય છે. ઉપયોગ દ્રવ્ય ઉપર હોય છે અને પર્યાય જણાય જાય છે. આ પરિસ્થિતિ હોય છે. એ વાત એને સમજમાં નથી. એનો કોઈ એને ખ્યાલ નથી. પોતાના અનુભવ પ્રમાણે પ્રશ્ન છે. પોતાનો અનુભવ રાખીને પ્રશ્ન છે. મારા અનુભવમાં કાંઈક ભૂલ છે અને મારે એ ભૂલ ટાળવી છે અને એના માટે મારે શું સમજવું અને કેમ સમજવું એની જિજ્ઞાસા નથી. કેમકે ઉત્તર પહેલા નક્કી કરીને પ્રશ્ન પૂછે છે. તો એનો ઉત્તર સાચો હોય ને તો જ્ઞાની સાચો ઉત્તર ન આપે.

એવો એક પ્રશ્ન થયો હતો 'બહેનશ્રી' પાસે. એક મુમુક્ષુએ એવો પ્રશ્ન પૂછ્યો કે આત્માનો અનુભવ થાય એ પહેલા તો જ્ઞાનમાં નિર્ણય થાય માટે જ્ઞાન જ સાધન છે ને? તો ખરેખર

જ્ઞાન સાધન છે અને નિર્ણય હોય. પણ એણે નિર્ણય ખોટો કરી રાખ્યો હતો. અને જો એમાં હા પાડે તો એણે જે નક્કી કર્યું છે એના ઉપર મહોર લાગી જાય. એટલે બધે એ તો એમ જ કહેતો ફરે કે મેં વિચાર્યું હતું એ સાચું હતું અને મેં નક્કી કરી લીધું છે પૂછીને. એટલે એનું જે ખોટું છે એ એવું ખોટું પાકું થઈ જાય કે એને કોઈ છોડાવી જ ન શકે પછી. કેમકે એને શ્રદ્ધા છે એવા જ્ઞાનીને પૂછ્યું અને જ્ઞાનીએ હા પાડી દીધી. તો 'બહેનશ્રી' ના જ પાડતા ગયા. હું ઊભો હતો એ વખતે. તો પહેલા દલીલ કરતા ગયા કે હું આમ કહેવા માગું છું... હું આમ કહેવા માગું છું એટલે મારું તમે સાચું કહો. એ ના જ પાડતા ગયા. એમ નહિ, એમ નહિ.. એમ નહિ.. એમ નહિ.

હવે એનો અર્થ શું થાય? કે પોતે નક્કી કરીને પૂછે છે. જિજ્ઞાસાથી નથી પૂછતો. પણ પોતે જે નક્કી કર્યું છે એમાં ભૂલ છે એને સાચું ઠરાવવા માટે પૂછવા જાય છે. જાણે કેવી રીતે હા પાડે. એને તો ખબર પડી જાય છે. પ્રશ્ન પૂછે ત્યાંથી ખબર પડી જાય છે કે આ શું લઈને આવ્યો છે. એના પેટમાં શું પડ્યું છે, શું ભર્યું છે એ બધી ખબર છે. અને એ કેવી રીતે નુકસાનમાં જાશે એ પણ એને ખબર છે. આટલી ઊંડી દૃષ્ટિ હોય છે. પ્રશ્ન પૂછનારો ક્યાં ઊભો રહીને પૂછે છે. એવા ઘણા પ્રકાર બને છે.

એક જણે એવો પ્રશ્ન પૂછ્યો હતો 'બહેનશ્રી'ને કે આત્માનું અંતર શોધન કરે, અંતર સંશોધન કરે એને આત્માનો નિર્ણય થાય ને? એટલે પોતે નક્કી કરીને ગયેલા. અંતર સંશોધન કરવું જોઈએ અને અંતર સંશોધનથી હું પ્રયત્ન કરું છું એ મારો પ્રયત્ન બરાબર છે. એ પ્રયત્ન બરાબર કરાવવાની મહોર મારવાની વાત હતી. એટલે 'બહેનશ્રી'એ એમ કહ્યું કે ભેદજ્ઞાન કરો, ભેદજ્ઞાન કરો. અંતરમાં રાગ અને જ્ઞાન જુદા છે નિર્ણય કરવા માટે ભેદજ્ઞાન કરો. સંશોધન કરવું કે નહિ? તો કહે, ભેદજ્ઞાન કરો. ત્યારે હું નહોતો પણ એ ભાઈએ આવીને વાત કરી કે મારો આ પ્રશ્નોત્તર (થયા). ખાસ મેં સમય માગ્યો હતો કે મારે મારી થોડીક વિચારણા છે એ સંબંધીનો પ્રશ્ન પૂછવો છે. બધાની વચમાં પૂછવાનો મને જરા સંકોચ થાય છે. પછી કાંઈક ટાઈમ આપ્યો હશે. એટલે બધો સમાજ ન હોય, બે-ચાર જણા, એક-બે જણા હોય એમાં કાંઈ વાધો નહિ. આવો જવાબ આપ્યો.

મેં કહ્યું, જવાબ આપ્યો તો પછી વિચાર કરવો જોઈએ. જ્ઞાનીને એવી ખબર હોય છે કે આને અત્યારે શું દેવું? ભેદજ્ઞાનપૂર્વક અંતર સંશોધન કરવું એમ કહેવાનો અભિપ્રાય છે. એમ ને એમ અંતર સંશોધન કોઈ બીજી પદ્ધતિએ ન કરી જાવું એમ કહેવા માગે છે. એવો કાંઈ ખ્યાલ આવ્યો? તો કહે, ના. એવો ક્યાંય ખ્યાલ ન આવ્યો. તો એ વખતે શું ખ્યાલ આવ્યો? કે મેં વિચાર્યું હતું એ પ્રમાણે જવાબ ન આવ્યો એટલે મને એમ થયું કે આમ કેમ

જવાબ દે છે? આમ કેમ જવાબ દે છે? એવો ભાવ રહ્યો હતો. મેં કીધું, તમે જિજ્ઞાસા લઈને નહોતા ગયા પણ તમારી વાત નક્કી કરાવવા ગયા હતા. એવું નક્કી કરાવવા ન જાવું.

પોતાની અંતર જિજ્ઞાસામાંથી પ્રશ્ન પૂછવો અને જે કહે છે એ પ્રમાણે મારે એ રસ્તે કેવી રીતે જાવું, કેવી રીતે એ રસ્તે ચડવું એવી તૈયારીમાં આવીને પ્રશ્ન પૂછવો. તો ઈ કહે છે એ લાઈને ચડી જવાશે. એમને ખબર છે કે તમારે કઈ લાઈને ચડવું. કયા પગથિયે ઊભા છો અને કયા પગથિયે પગ મૂકવાનો છે એ એમને ખબર છે, તમને ખબર નથી. એવી તૈયારીથી પ્રશ્ન પૂછ્યો હોય તો ન્યાલ થઈ જાય. સીધો સડેડાટ રસ્તે ચડી જાય. અને નહિતર પ્રશ્ન પૂછે, ઉત્તર મળે અને એનું પરિણામ શૂન્ય આવે. બીજું કાંઈ ન આવે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો ક્રમ છૂટે પછી તો ગમે તે ગડબડ થવાની જ છે. ક્રમમાં આવે એને એક કુદરતી વ્યવસ્થા છે કે ક્યાંક ભૂલ્યો હોય તો ભૂલ છૂટવાની એને પરિસ્થિતિ છે. લગભગ ભૂલે નહિ પણ ભૂલે તો એ એની ભૂલ છૂટી જાય છે. એ તો મુખ્ય વાત છે.

મુમુક્ષુ :- મહોર મરાવવાનો ભાવ જ કેવી રીતે આવે?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રશ્ન જ નથી કાંઈ, એ પ્રશ્ન જ નથી.

શું કહે છે અહીં? '**વિકાર અત્યંત મટી ગયો, અસ્મિ (-હું છું-એમ) મેં માન્યું હતું...**' વિકલ્પથી, હોં! હું છું... હું છું... હું છું... હું છું... હું છું. અસ્તિત્વ ગ્રહણની જે પક્કડ આવે છે ને? એ માન્યું હતું તે પણ મટી ગયું. '**નિજપદનો જ ખેલ છે,...**' આમાં તો પોતાના પદનું જ પરિણમન છે. '**પરનું બળ ન થયું;...**' એમાં ક્યાંય વિકલ્પનું બળ ન થયું. પરનું બળ કહો, વિકલ્પનું બળ ન થયું.

'**પરમ સાધક છે, પરમ સાધ્ય સાથે ભેટ થઈ છે,...**' સ્વસન્મુખ થયો તે સાધક છે અને પોતાના સ્વરૂપ સાથેની ભેટ થઈ. '**(તે ભેટ) એવી થઈ છે કે મન મળી ગયું.**' એટલે મન નાશ પામી ગયું. મળી ગયુંનો અર્થ લય પામી ગયું. '**સ્વરૂપમાં પોતે પોતાને જ સ્વ-સંવેદન વડે જાણ્યો...**' જાણ્યો. પછી તમારે શું શબ્દ છે? એ મિસ પ્રિન્ટ છે. પણ જોઈએ. '**પણ પરમાત્મદશા નજીકમાં નજીક છે.**' 'પણ' જોઈએ.

મુમુક્ષુ :- 'સ્વસ્વરૂપમાં પોતે પોતાને જ સ્વસંવેદન વડે જાણ્યો પણ પરમાત્મદશા...'

પૂજ્ય ભાઈશ્રી :- પણ ને બદલે અમારે ય છપાણો છે. મિસ પ્રિન્ટ છે.

પરમાત્મદશા નજીક છે. એમ જાણ્યું. '**સ્વસંવેદન વડે જાણ્યો પણ પરમાત્મદશા નજીકમાં નજીક છે.**' પછી બધા બોલ લીધા છે એ સંબંધીના. વિશેષતાઓ બધી (લીધી છે), સમાધિદશાની વિશેષતાઓના બોલ લીધા છે. કેવી કેવી વિશેષતા સમાધિમાં થાય છે

એ વાત લીધી છે. પછી વિવેકખ્યાતિ, ધર્મમેઘ, અસંપ્રજ્ઞાત. સંપ્રજ્ઞાતની લીધી, અસંપ્રજ્ઞાત પાછળ લે છે. બસ! આ છેલ્લું પ્રકરણ છે. પછી પૂરું થાય છે.

મુમુક્ષુ :- આપણે હવે ક્યું લેશું?

પૂજ્ય ભાઈશ્રી :- વિચાર એમ કર્યો છે કે ચર્ચા જેવું રાખવું છે એટલે ચર્ચાનો વિષય લઈએ તો 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' લઈએ. અને ગુરુવારે 'નિયમસાર' કે 'કળશટીકા' બેમાંથી જે લેવું હોય એ ગુરુવારે રાત્રે રાખીએ. એમ કરી નાખીએ.

**તા. ૧૭-૭-૧૯૯૧, પાના નં. ૧૧૦**
**પ્રવચન નં. ૨૯**

... એ પણ મટી ગયો. વિકલ્પ એવો માન્યતાનો વિકલ્પ મટ્યો. '**નિજપદનો જ ખેલ છે, પરનું બળ ન થયું; પરમ સાધક છે, પરમ સાધ્ય સાથે ભેટ થઈ છે, (તે ભેટ) એવી થઈ છે કે મન મળી ગયું. સ્વરૂપમાં પોતે પોતાને જ સ્વસંવેદન વડે જાણ્યો પણ પરમાત્મદશા નજીકમાં નજીક છે.**' અહીં સુધી કાલે ચાલ્યું હતું. પણ પરમાત્મદશા નજીકમાં નજીક છે. '**પરમ વિવેક થવાનું... સોપાન છે.**' પછી ખાલી જગ્યા વચ્ચે રાખી છે. પરમ વિવેક થવાનો આ પ્રારંભ છે એમ કહીએ. સોપાન છે એટલે પ્રારંભ છે એમ કહીએ.

'**માન વિકાર ગયો ને વિમળ ચારિત્રનો ખેલ થયો,...**' માન વિકાર ગયો એટલે પરપદમાં અહંપણું ગયું તે નિરઅસ્મિતા. આમ તો પરપદમાં અહંપણું હતું એ પણ એક અસ્મિતા હતી. એનો અભાવ કર્યો તે નિરસ્મિતા. માન ગયું એમ કહો અથવા વિકલ્પમાં હું પણું હતું તે ગયું એમ કહો. વિકલ્પના કોઈ વિષયમાં હુંપણું થતું હતું તે ગયું. એ બધું નિરસ્મિતા છે. '**માન વિકાર ગોય ને વિમળ ચારિત્રનો ખેલ થયો, મનની મમતા મટી ને સ્વરૂપમાં એવો હળી-મળી એકમેક થઈ ગયો કે તે આનંદ કેવળીગમ્ય છે,...**' મનમાં જે મમત્વ પરપદાર્થ પ્રત્યે થતું હતું તે મટ્યું. સ્વરૂપમાં એકમેક થઈ ગયો. હળી-મળી ગયો એ ચાલુ ભાષા છે. એકમેક થઈ ગયો અથવા અભેદભાવ થઈ ગયો અને જે આનંદ ઊપજ્યો તે આનંદ કેવળીગમ્ય છે. કેમકે એ આનંદની ઉપમા અથવા એ આનંદને વર્ણવી શકાય એવું ભાષાનું સામર્થ્ય નથી.

'**ત્યાં સમાધિમાં સુખના કલ્લોલ ઊઠે છે;...**' કલ્લોલ એટલે તરંગ. એક પછી એક સુખની પર્યાયો ઉત્પન્ન થાય છે. '**ત્યાં સમાધિમાં સુખના કલ્લોલ ઊઠે છે; દુઃખની ઉપાધિ મટી ગઈ છે,...**' અથવા સમાધિનો અર્થ જ એ છે કે નિરુપાધિક પર્યાયને જ સમાધિ કહેવ-ામાં આવે છે. ઉપાધિનો અભાવ તે સમાધિ. 'શ્રીમદ્જી' આ બે શબ્દ બહુ સાથે સાથે વાપરે છે. અહીંયાં ઉદયરૂપ ઉપાધિમાં સમાધિ છે. ઉપાધિ અને સમાધિ સાથે છે એવો શબ્દ વાપરે છે. એટલે પરિણામમાં અંશે ઉપાધિ પણ છે, ઉપાધિને યોગ્ય બહારમાં પરદ્રવ્યની પ્રવૃત્તિ

પણ છે અને અંદર આત્મામાં સમાધિભાવ પણ વર્તે છે. બેય એકસાથે છે.

‘**દુઃખની ઉપાધિ મટી ગઈ છે, આનંદ-ઘરમાં પહોંચી ગયો છે,...**’ પોતાનું જે ઘર છે એ આનંદમય છે એ આનંદમય ઘરમાં નિવાસ કર્યો છે. ‘**રાજ્ય કરવાનું રહ્યું છે,...**’ હવે પોતાના સ્વરૂપમાં પોતે રાજે છે. પોતાના રાજ્યને રાજે છે. ‘**તો હમણાં રાજ્યનો કળશાભિષેક થશે,...**’ લ્યો. અભિષેક કરે છે ને ગાદીએ બેસાડે ત્યારે? રાજ્યાભિષેક (કરે). એમ અનાદિનો સંસારમાં પરિભ્રમણ કરતો આત્મા પરમાત્મપદમાં બિરાજમાન થયો તો એનો રાજ્યાભિષેક કર્યો. આચાર્યો ચતુર્થ ગુણસ્થાનથી ઘણા આગળ હોવા છતાં કોઈપણ જીવ જ્યારે મોક્ષમાર્ગને પ્રાપ્ત કરે છે ત્યારે પ્રમોદથી ઘણો મહિમા કરે છે. જ્ઞાનીઓ તો કરે જ પણ આચાર્યો પણ કરે છે. આ એક મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવાનું મહત્ત્વ સહજ દર્શાવતી પરિસ્થિતિ છે. આગમની અંદર પણ આ પરિસ્થિતિ ખુલ્લી છે. કેમકે મોક્ષમાર્ગના પ્રારંભમાં જ સૌથી મોટો જે આત્માના સ્વભાવથી વિરુદ્ધ દર્શનમોહનો દુશ્મન હતો એનો નાશ થાય છે. આત્માનો સૌથી મોટો દુશ્મન તે દર્શનમોહ.

‘રાજમલજી’ તો લખે છે કે સમ્યગ્દષ્ટિને ચારિત્રનો બંધ થાય છે. દર્શનમોહનો બંધ નથી થતો પણ ચારિત્રમોહ અનુસાર બંધ થાય છે પણ તે બંધમાં શક્તિ નહિ હોવાથી તે બંધ થતો નથી એમ કહીએ છીએ. શું કહે છે? તે બંધમાં જીવને બાંધવાની શક્તિ નહિ હોવાથી જીવ બંધાતો નથી માટે એને અબંધ કહીએ છીએ અમે.

એક દૃષ્ટાંત આપ્યું છે કે જેમ કોઈ સર્પ છે એના ઉપર કોઈ ગારુડી મંત્ર મારે છે તો એ સર્પ કરડતો નથી. એના ઉપર મંત્ર મારી દીધો એ સર્પ કરડતો નથી. અથવા ત્યાં ને ત્યાં ખોડાય જાય છે. જો એ ફેણ રાખીને આમ ફુંફાડો મારવા તૈયાર થયો એમાં એના ઉપર મંત્ર નાખ્યો તો એમ ને એમ રહી જાય. હલીચલી જ ન શકે ત્યાંથી. જાણે રમકડું હોય સર્પનું એવી રીતે સ્થિર થઈ જાય. કાંઈ કરી ન શકે. એને બાંધી દીધો એમ કહે છે. સર્પને બાંધી દીધો. એટલે એ મૂળ ભાષા એ રાખી છે ઢુંઢારી. કિલે હુએ સર્પકે સમાન હૈ. ચારિત્રમોહ છે એ કિલે હુએ સર્પકે સમાન હૈ. મિથ્યાદર્શન જતાં એ ચારિત્રમોહના રાગ-દ્વેષ ઉકેલે હુએ સર્પકે સમાન હૈ. કિલે હુએ અને ઉકેલે હુએ. મૂળ ઢુંઢારી ભાષા રાખી છે. ગુજરાતીમાં એમ રાખ્યું છે, હિન્દીમાં પણ એમ જ રાખ્યું. એમાંથી ભાવ એવો નીકળે છે કે એને કીલે એટલે ખીલ્લી મારી દીધી જાણે. હવે હલી-ચલી ન શકે. જ્યાં મિથ્યાત્વ થાય તો એ જ જીવને પાછો નવીન બંધ શરૂ થઈ જાય. જેવો મિથ્યાદષ્ટિને થાય એવો જ બંધાય એ પાછો.

એટલે ગ્રંથ ગ્રંથોમાં મોક્ષમાર્ગમાં પ્રવેશ થાય છે એનો ઘણો મહિમા કરવામાં આવ્યો છે. ૧૪૭ પ્રકૃતિમાંથી ૨૬ પ્રકૃતિ તો મિથ્યાદષ્ટિને બંધાતી નથી. એ તો સમ્યગ્દર્શનના સદ્‌ભાવ-

માં મોક્ષમાર્ગી જીવને જે વિશિષ્ટ પુણ્યના પ્રકાર છે એવી પ્રકૃતિ છે. સર્વાર્થસિદ્ધિના દેવ, બીજું ને ત્રીજું ને તીર્થંકર પ્રકૃતિ ને આ, તે એવી ૨૬ પ્રકૃતિ ગોત્રની, નામકર્મની (બંધાતી નથી). ૧૨૧માંથી ૪૧ પહેલી, હવે ૧૪૭માંથી ૧૨૧ રહી. એમાં ૪૧ સમ્યગ્દર્શન થતાં જાય. ૪૧ પ્રકૃતિનો બંધનો વિચ્છેદ થઈ જાય છે. એવી ૪૧ પ્રકૃતિનો નવીન બંધ એને ન થાય. જૂનો થયો હોય તો ખરી જાય. નવો ન થાય. હવે ચાર થઈને ચૌદ ગુણસ્થાનમાં ૧૨૧ જવાની છે. ચાર થઈને ચૌદ ગુણસ્થાનના અગિયાર ગુણસ્થાન છે. પહેલા તો ત્રણ કાઢી નાખ્યા ચૌદમાંથી. આ ચોથામાં ૪૧ ચાર ગઈ. હવે દસ ગુણસ્થાનની અંદર બાકીની ૮૦ પ્રકૃતિ રહી. એક ગુણસ્થાનમાં ૪૧ અને દસ ગુણસ્થાનમાં ૮૦. એવરેજ કરો તો આઠનો ભાગ આવ્યો. પછી કોઈમાં પાંચ જાય છે, કોઈમાં સાત જાય છે, કોઈમાં નવ જાય છે, કોઈમાં આઠ જાય છે. એવી રીતે જાય છે. એટલે મોટો ભાગ મોક્ષમાર્ગમાં આવતા નુક્સાન મટી જાય છે. મોટા ભાગનું નુક્સાન મટી જાય છે.

દર્શનમોહના રાજાને માર્યો. એમ કહે છે, શાબાશ છે તને! ધન્ય છે તને! હવે તો બધા સૈન્ય છે. હવે તો એ બધું સૈન્ય છે અને ભાગવા માંડયું છે પાછું. એ સામું આવતું નથી. હવે ભાગતું સૈન્ય છે. એને મારવું શું અને એને હરાવવું શું એમ કહે છે. આ પરિસ્થિતિ છે. આ એક મોક્ષમાર્ગની સુવિધા છે, સુંદરતા છે. એટલે ગમે તેમ કરીને પણ જીવે મોક્ષમાર્ગમાં પ્રવેશ કરી લેવો એવો ભાર દેવામાં આવે છે, વજન દેવામાં આવે છે.

**'હમણાં રાજ્યનો કળશાભિષેક થશે, કેવજ્ઞાનરૂપી રાજ્યમુકુટ કિનારે ધર્યો છે,...'** સામે ધર્યો. હવે કેવળજ્ઞાનનો રાજમુકુટ સામે ધર્યો છે કે હવે તમારે બસ કેવળજ્ઞાને બિરાજમાન થવાનું છે. સમ્યગ્દર્શન થયું તો કહે છે, હવે કેવળજ્ઞાનમાં બિરાજમાન થઈ જાવ તમે. **'સમય નજીક છે,...'** અનંત કાળમાં થોડો કાળ એ તો કાંઈ ગણતરી નથી એની. સમય નજીક છે. સંખ્યાત કાળની શું ગણતરી? **'હમણાં જ શિર ઉપર કેવળજ્ઞાન મુકુટ ધારણ કરશે–આનિરસ્મિતા–અનુગત સમાધિ છે.'** **'શબ્દ, અર્થ અને જ્ઞાન એ ત્રણ ભેદ આમાં પણ લગાડવા.'** જે બધા આગળ નવમાં લગાડ્યા છે એ પ્રમાણે આમાં પણ એ શબ્દ છે, એનો અર્થ આ થાય, એ બંનેનું જ્ઞાન તે જ્ઞાન છે.

પછી **'વિવેકખ્યાતિ સમાધિ'** **'હવે, વિવેકખ્યાતિ સમાધિ કહીએ છીએ :- પ્રકૃતિ અને પુરુષનું વિવેચન કહેતાં જુદો જુદો ભેદ જાણવો તેને વિવેક કહીએ.'** આ ભેદજ્ઞાનને વિવેક કહે છે ને. પ્રકૃતિ કહો કે વિભાવ કહો. પુરુષ નામ આત્માનો સ્વભાવ કહો. સાંખ્યની પરિભાષામાં પ્રકૃતિ પુરુષનો વિષય આવે છે. **'જુદો જુદો ભેદ જાણવો...'** એટલે એનું સ્વરૂપ જુદું જુદું જાણવું **'તેને વિવેક કહીએ.'** જુઓ! જ્ઞાન અને રાગ જીવને એક સમયની

સમકાલીન દશામાં છે પણ રાગ તે જ્ઞાન નથી અને જ્ઞાન તે રાગ નથી એમ વિચાર આવે છે પણ બંનેનો જુદો જુદો અનુભવ કરવો એ બીજી વાત છે. રાગ તે જ્ઞાન નથી, જ્ઞાન તે રાગ નથી એવું વિચારવું, વિકલ્પ થવો એ જુદી વાત છે અને બંનેનો ભિન્ન ભિન્ન અનુભવ થવો તે જુદી વાત છે. અહીંયાં ભિન્ન ભિન્ન અનુભવ થાય છે એને વિવેક કર્યો એમ કહેવામાં આવે છે. એનું નામ ભેદજ્ઞાન છે.

મુમુક્ષુ :- વિચાર કરે એ રાગ જ થયો ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિચારમાં પણ રાગ થયો પણ એ વિચારમાં અનાદિનું રાગ સાથેનું જ્ઞાનનું પાછું એકત્વ છે. એકલો રાગ નથી પણ એકત્વબુદ્ધિ સહિતનો રાગ છે. જ્ઞાન અને રાગની એકત્વબુદ્ધિનો અભાવ કરવા જેવો છે એવો વિચાર પણ એકત્વબુદ્ધિમાં થઈ શકે છે. ત્યાં સુધી બંધ છે. ત્યાં સુધી એ વિચારમાં પણ આસ્રવ અને બંધ છે.

એકલા શુદ્ધ ચૈતન્યનો સ્વપણે અનુભવ થતાં રાગાદિનો ભિન્ન સ્વાદ અનુભવમાં આવે પોતાના સ્વાદથી, પરપણે, ત્યારે એને અબંધ ભાવ છે. ત્યારે એને વિવેક કર્યો એમ કહેવામાં આવે છે. આ વિવેકખ્યાતિ સમાધિ છે ને. વિવેક પ્રસિદ્ધ થયો. ખ્યાતિ નામ પ્રગટ થયો એવી સમાધિ છે.

મુમુક્ષુ :- રાગ ઉત્પન્ન ન થયો..

પૂજ્ય ભાઈશ્રી :- ઉત્પન્ન ન થયો એને છૂટી ગયો કહો અથવા હોવા છતાં ભિન્નપણે અનુભવાય છે એ રાગનો ત્યાગ છે. રાગમાં પોતાપણું નહિ થઈ શકતું હોવા છતાં અધ્યાસે કરીને પોતાથી એનું ભિન્નપણું નહિ અનુભવવું એટલે એકત્વબુદ્ધિએ પોતારૂપે અનુભવ કરવો તે રાગનું ગ્રહણ છે. બસ! આમ ગ્રહણ ત્યાગ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, છે. ૩૪મી ગાથામાં છે. રાગનો ત્યાગ પણ નામમાત્ર છે. નામ-માત્ર છે. ખરેખર આત્માને રાગનું ગ્રહણ થયું જ નથી. એટલે એ તો ત્યાગ પણ નામમાત્ર છે, કહેવામાત્ર છે. ઉપચારથી ત્યાગ કહેવાય છે. આત્મા તો રાગના ત્યાગસ્વરૂપે જ છે ખરેખર તો. અપોહક શબ્દ લીધો છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં અપોહક શબ્દ લીધો છે. ગ્રહણ જ ક્યાં કર્યો છે એમ કહે છે. અધ્યાસે કરીને માન્યું હતું તે ભેદજ્ઞાન થતાં અધ્યાસ મટ્યો, અનુભવ થતાં અધ્યાસ મટ્યો તો જેમ છે એમ અનુભવ થયો. ભિન્નનો ભિન્નપણે અનુભવ થયો. બસ! એમાં એને ત્યાગ કરવાનો ક્યાં પ્રશ્ન છે?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ફરીથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એને ઉદયગત પરિણામ એટલા માટે નથી કહેતા કે એવી કોઈ કર્મની પ્રકૃતિ સામે બાંધી નથી કે જેમાં મારે પરિપૂર્ણ શુદ્ધ થવું છે એવો ભાવ આવે, એને અનુસરીને ભાવ આવે. માટે એને ઉદયના પરિણામ નથી કહેતા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, રાગ છે. એ વિવેક છે અને એ વિવેક છે તે આત્મભાવ છે. ખરેખર તો આત્માને અનુસરતો ભાવ તે આત્મભાવ છે. અને કોઈ એમ કહે કે પણ અહીંયાં હજી તો સમ્યગ્દર્શન થયું નથી અને આત્મભાવ ક્યાંથી લાવ્યા? તો કહે એ ભવ્યત્વનો ભાવ છે.

મુમુક્ષુ :- ભવ્યત્વમાં તો ઉત્પન્ન થયેલો ભાવ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભવ્યત્વનો પરિપાક આવ્યો હવે. ભવ્યત્વ પાક્યું. 'ઈડર'માં આ ચર્ચા થોડી થઈ હતી. ૨૫૪માં પત્રમાં શરૂઆતમાં એ વાત થઈ હતી કે કોઈ જીવે પહેલા તો એવી કર્મની પ્રકૃતિ નથી બાંધી કે મારે પૂર્ણ શુદ્ધ થવું છે એવો ધ્યેય બાંધે. તો એવો ધ્યેય તો વિચારદશામાં એણે બાંધ્યો જ. અહીંયાં તો હજી કાંઈક નિર્વિચાર અને અનુદય પરિણામ તો નથી મોક્ષમાર્ગના. તો પછી આવી પ્રકૃતિ તો બાંધી નથી અને બાંધી નથી એનો ઉદય નથી તો પછી આવો ભાવ ક્યાંથી થયો? તો કહે એને ભવ્યતા સમીપ આવી છે. ભવ્યતાના પરિપાકમાંથી ઉત્પન્ન થયેલો ભાવ છે. હવે એ આસન્નભવ્ય જીવ છે, નિકટ ભવ્ય જીવ છે. ભવ્યતા હવે એની (પાકી ગઈ છે). આ ભવ્યતા એની બોલે છે, લ્યો.

મુમુક્ષુ :- સંસારી જીવ રાગ વગરનો નથી પણ આવા પરિણામવાળો જીવ રાગ વગરનો છે?

પૂજ્ય ભાઈશ્રી :- રાગ વગરનો સર્વથા નથી. સર્વથા નથી. પણ એક અંશ એવો છે કે જેમાં ભવ્યતાનો .. છે. એમ. જે પ્રયોજન છે, હેતુ છે એ ભવ્યતાને અનુસરતા ભાવનું છે. પછી બાકીનો ભાગ રાગભાગ છે. જેમ નિર્વિકલ્પ દશા છે. તો શુદ્ધોપયોગ કાળે પણ અબુદ્ધિપૂર્વકનો રાગ અને કર્મના ઉદયનું અનુસરણ છે. ત્યારે પણ. સર્વથા વીતરાગ નથી થયો. એમ અહીંયાં સર્વથા કર્મનો ઉદય મટી ગયો છે અને એનું અનુસરણ મટી ગયું છે એમ નથી. પણ એ ભવ્યતાના પરિપાકમાં આવો કોઈ એક અપૂર્વ ભાવ આવ્યો. એ અપૂર્વ ભાવ એને એ લાઈન ઉપર લઈ જશે. ત્યાંથી પછી એ લાઈન જુદી શરૂ થઈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ નિર્ણયના કાળમાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નિર્ણના કાળમાં તો સીધી વાત છે કે અવલંબન ત્યાં સ્વભાવ અંશનું થાય છે. જ્ઞાનક્રિયાના આધારે જ્ઞાન પકડાય છે ત્યાં. જ્ઞાન કહો કે આત્મા. એટલે આધાર બદલાય જાય છે ત્યાં. રાગનો આધાર છૂટે નહિ. એટલે રાગનો અભાવ કહ્યો. આધાર છૂટવાની અપેક્ષાએ. ઉદયમાનપણાની અપેક્ષાએ નહિ. એ તો વિચારદશામાં જ નિર્ણય થાય છે, સવિકલ્પદશામાં જ નિર્ણય થાય છે. પણ જે ભાવે પોતાના જ્ઞાનસ્વભાવનો આધાર લઈને નિર્ણય કર્યો જે જ્ઞાને એ જ્ઞાનમાં એ વખતે એણે રાગનો અંશે અભાવ કરીને નિર્ણય કર્યો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થ છે અને એ પ્રમાણે ખસ્યો છે રાગથી. રાગના અવલંબનથી ખસ્યો છે.

અત્યાર સુધીની જેટલી ધાર્મિક ક્રિયા કરી હતી એ રાગના અવલંબને કરી હતી. સ્વભાવનો નિર્ણય સ્વભાવના અવલંબને થયો, રાગના અવલંબને નહિ. અને પોતાને પોતાના સ્વભાવનું અવલંબન લેવું તે આત્મગુણ છે. તે જ્ઞાનગુણ છે અથવા આત્મગુણ છે. ૧૪૨ (કળશ, સમયસારમાં) 'અમૃતચંદ્રાચાર્યદેવે' લીધું કે '**ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि**।'. તું ગમે તેટલા પંચ મહાવ્રતના અને તપના ભારથી તૂટી મર તોપણ. એમ લખ્યું છે. ભગ્નાત. ભગ્ના થઈ જાય એટલે ભાંગી મરે તોપણ બંધનો અભાવ નથી. તો પછી કેવી રીતે બંધનો અભાવ છે? કે '**ज्ञानं ज्ञानगुणं विना**'. જ્ઞાન જ્ઞાનગુણ વિના કોઈ રીતે મુક્તિ થાય એવું નથી. જ્ઞાનગુણ એટલે શું? આ સવાલ ઊભો થાય. જ્ઞાનનો જ્ઞાનગુણ એટલે શું? કે જ્ઞાન, જ્ઞાનને અવલંબે તે જ્ઞાનનો જ્ઞાનગુણ. બસ! જ્ઞાન રાગને અવલંબે તે જ્ઞાનનો અવગુણ. એ અનાદિ પરિસ્થિતિ છે. અને જ્ઞાન જ્ઞાનને અવલંબે તે જ્ઞાનનો ગુણ.

મુમુક્ષુ :- .. વિચાર જે થયો એ વિચારમાં રાગનું અવલંબન છૂટી ગયું? સ્વરૂપ નિર્ણયમાં રાગનું અવલંબન છૂટી ગયું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અંશે છૂટયું. સર્વથા નહિ.

મુમુક્ષુ :- જે એના આધારે ચાલતો હતો ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ ફેર પડ્યો. એ ફેર પડ્યો એટલે નિર્ણય કર્યો, જ્ઞાને જ્ઞાન સ્વભાવના આધારે નિર્ણય કર્યો. આમ તો વિચારમાં નિર્ણય કરે છે જીવ સામાન્ય રીતે પણ રાગના આધારે નિર્ણય કરે છે. અને રાગના આધારે કરેલા નિર્ણયમાં ભાવ ભાસતો નથી. ભાવ ભાસતો નથી એટલે મહિમા આવતો નથી, મહિમા આવતો નથી એટલે પુરુષાર્થ ઉપડતો નથી. આ પરિસ્થિતિ છે. એટલે શું થાય કે નિર્ણય કર્યા પછી જિજ્ઞાસા બંધ થાય છે.

કે આત્મા કેવો છે એ તો મને ખબર છે. શાસ્ત્ર કહે છે અને હું પણ જાણું છું એ જ પ્રમાણે છે. એ જ પ્રમાણે શ્રીગુરુ કહે છે, જે પ્રમાણે પરમાગમ કહે છે એ પ્રમાણે હું જાણું છું. પણ મારે હવે પુરુષાર્થ ઉપાડવાનો રહે છે. એમ નથી. પુરુષાર્થ તો ઉપડી જાય છે. ઉપાડવાનો રહેતો નથી પણ ઉપડી જાય છે. એટલે એ અયથાર્થ નિર્ણય છે. આગમ અનુકૂળ હોવા છતાં પણ તે અયાર્થ નિર્ણય છે.

મુમુક્ષુ :- રાગનો આધાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે રાગનો આધાર છે. વિધિમાં ફેર છે મોટો. જે અનાદિ પરિસ્થિતિ છે એમાં ફેર પડ્યો જ નથી. જે રાગના આધારે વિચારની પરિસ્થિતિ છે, વિકલ્પની પરિસ્થિતિ છે એ એમ ને એમ રહી છે. તો એને એમ કહેવું પડે કે એણે આત્માનો નિર્ણય નથી કર્યો એણે અનાત્માનો નિર્ણય કર્યો છે. આત્માનો નિર્ણય કર્યો હોય એને તો સ્વ-સન્મુખતા આવ્યા વિના રહે નહિ. અથવા સ્વસન્મુખતામાં જ આત્માનો નિર્ણય થાય. બીજી રીતે આત્માનો નિર્ણય થઈ શકતો નથી. એમ.

પૂર્ણતાના લક્ષે જે શરૂઆત છે અને એ શરૂઆત થયા પછી જે સ્વરૂપ નિર્ણય સુધીની વચ્ચેના ગાળાની પરિસ્થિતિ છે એ સામાન્ય મુમુક્ષુ કરતા એની જાત જુદી જ છે. મુમુ-ક્ષુતામાં તત્ત્વજ્ઞાનનો અભ્યાસ થાય, પૂજા, ભક્તિ, દયા, દાન, તીર્થયાત્રા આ બધું થાય છે. અને એ જીવને પણ એવા જ પરિણામ થાય. કેમકે ઉદયભાવમાં એવા એવા પ્રકાર હોય છે એને. પણ બે વચ્ચે જાત ફેર ઘણી છે. અથવા જેને પૂર્ણ શુદ્ધિનું લક્ષ થયું એને પ્રયોજનની દૃષ્ટિ એટલી બધી તીક્ષ્ણ થઈ જાય છે કે દરેક પ્રસંગે એના પોતાના પ્રયોજનને એટલું બધું મુખ્ય કરે છે, શુદ્ધિનું જે પ્રયોજન છે એને એટલું મુખ્ય કરે છે કે એનો વિવેક કરવાની જે પરિસ્થિતિ છે એ બધી એકદમ પ્રયોજનની મુખ્યતાથી છે. અને સ્વરૂપની ભાવના એટલી બધી છે, સ્વરૂપપ્રાપ્તિની ભાવના એટલી બધી આવે છે. કેમકે પૂર્ણ થઈ જવું છે, અધૂરું નથી રહેવું. એ ભાવનાની પ્રધાનતાવાળા પરિણમનમાં એક ન્યાયે એમ કહી શકાય કે એની અંદરની આખી દુનિયા બદલાઈ જાય છે. અંદરની દુનિયા જ બદલાઈ ગઈ એની. કોઈ નવી જ દુનિયામાં એનો પ્રવેશ છે. પછી ચાલે છે એ નવી દુનિયામાં ચાલે છે. એ પ્રકાર છે. એવા વાસ્તવિક પ્રકારમાં ન આવે જીવ ત્યાં સુધી કોઈ કાર્ય સિદ્ધિ થવાનો કે સફળતા થવાનો પ્રશ્ન નથી.

એટલે બહુ વાસ્તવિક શરૂઆતથી લાઈનફેર થઈ જાય છે. એ લાઈનમાં આવી ગયો એને પોતાને શંકાનો સવાલ નથી. એને જેમ 'ગુરુદેવ' કહે કે ભાઈ, આ વાત જ એવી છે કે મોક્ષના ભણકારા અંદરથી વાગે એ વાત સાવ સાચી છે. પોતે તો પોતાના અનુભવથી વાત

કરી છે. આ વાત જ એવી છે કે જીવને પોતાને અંદરથી મોક્ષનો ભણકારો આવે. કેમકે એણે મોક્ષનું ધ્યેય બાંધી લીધું છે અને એ અનુસરણ એનું ચાલુ થઈ ગયું છે. ધ્યેયને અનુસરતું પરિણમન જે છે, ચાલ છે એ ચાલે છે એ. પછી એનો ભણકારો તો મોક્ષનો જ આવે ને. એટલે લક્ષ શબ્દ વાપર્યો છે 'ગુરુદેવે'. પૂર્ણતાના લક્ષે શરૂઆત. લક્ષ એટલે શું? ખસે નહિ એનું નામ લક્ષ. એને સ્મરણ ન કરવું પડે કે મારે પૂર્ણતા પ્રાપ્ત કરવી છે એવો વિકલ્પ ન કરવો પડે. લક્ષ બંધાઈ ગયું એટલે લક્ષ જ થાય બધું. એના લક્ષે જ થાય બધું.

મુમુક્ષુ :- પૂર્ણતાના લક્ષરૂપ ભાવ છે એ ભાવ ઉદયથી જુદો પડી ગયો?

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે એવું પૂર્વે કોઈ નિબંધન નથી. આ અપૂર્વ છે, પૂર્વાનુપૂર્વ નથી. એટલે આ માર્ગનો પ્રારંભ જ અપૂર્વ છે. એની પ્રગતિ પણ અપૂર્વ છે. પછી એ પ્રગતિમાં આવતો સ્વરૂપ નિશ્ચય પણ અપૂર્વ છે અને સ્વરૂપ નિશ્ચયપૂર્વક વર્તતો પુરુષાર્થ પણ અપૂર્વ છે અને એનું ફળ પણ સમ્યગ્દર્શન અપૂર્વ છે. છેક સુધી બધું અપૂર્વ અપૂર્વ પર્યાય જ છે.

મુમુક્ષુ :- આવો ભાવ પહેલા આવ્યો જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- આ એક આખી લાઈન નિયત છે. જેમ મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિયત છે. ચાર ગુણસ્થાનથી છેક બારમા ગુણસ્થાન સુધી. એમ આ પણ એની કેડી છે એક. એટલે કેડી શબ્દ વાપર્યો છે. ઓલો તો રાજમાર્ગ છે મોક્ષનો. આ એનો એપ્રોચ વે છે. એનો એપ્રોચ. રાજમાર્ગને એપ્રોચ કરવાની આ કેડી છે. પણ એ નિયત જ છે. હવે નિયત કેમ છે? કે આ એક પદાર્થ છે અને પદાર્થનું વિજ્ઞાન છે. જે એની સિદ્ધિ પદાર્થની સિદ્ધિ થાય છે એ એનું પરિણમન થાય છે એ એક વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે. વિજ્ઞાન તો નિશ્ચિત જ હોય ને. વિજ્ઞાન કાંઈ બદલાયા કરે?

... કેન્સરનું સંસ્કૃત નામ અર્બુદ છે. તો કહે એ મટે ખરું? તો કહે, અમુક પરિસ્થિતિમાં મટે, અમુક પરિસ્થિતિ બહાર જાય તો ન મટે. એ તો કોઈપણ રોગ સાધ્ય અને અસાધ્ય થઈ જ જાય છે ને. તો કહે, રોગ થવાના કારણો શું? આવો રોગ થવાના શું કારણ? તો એણે પાંચ કારણો આપ્યા. એમાં કુપથ્ય, અપથ્ય પછી સંયોગીક કારણ પછી એક કારણ આપ્યું પૂર્વ કર્મ. આયુર્વેદમાં છે. ચોંકી ગયા બધા. હવે ઓલો માણસ જૈન નથી. ઓલા ભાઈ ગર-ાસિયા હતા એટલે વૈષ્ણવ હોય. એણે તો વાંચેલું અને ભણેલું. કેમકે 'ગુરુદેવ'ને આવું બ્લડ કેન્સર થવાનું શું કારણ છે? એમને તો પથ્ય આહાર છે. ચાર રોટલી ખાય છે. દૂધીનું રોજ શાક ખાય છે, ભાત ખાય છે, મગની દાળ ખાય છે. મગની દાળ, દૂધીનું શાક અને રોટલી અને ભાત અને દૂધ. આટલો ખોરાક છે. વળી કોઈ બજારુ ચીજ છે નહિ એની અંદર. તેલ પણ તાજુ, ઘી પણ તાજુ, મસાલો પણ તાજો. બધું તાજે તાજું. એ તો બહેનોને ખબર

હશે બધા તૈયારી કરતા હતા. ત્રણ-ચાર દિવસથી વધારે નહિ. બધે તાજેતાજુ બનાવે. ઘી પણ તાજેતાજુ બનાવી નાખે. તેલ પણ તાજુતાજુ ઘાણીમાંથી બે-ચાર દિવસનું કઢાવે. બધું જ તે. કોઈ એવી ચીજ નહિ કે જેનાથી કોઈ રોગ થાય. એ તો પૂર્વ કર્મ માનવું પડે. એમાં તો કોઈ શાસ્ત્ર વાંચનારાથી ના પાડી શકાય એવું છે નહિ એ પૂર્વ કર્મ. એ પણ એક રોગનું કારણ છે.

પછી એણે વાત કરતા કરતા એવી સરસ વાત કરી કે જુઓ! આ વિજ્ઞાન છે. એમના હિસાબે આયુર્વેદ પાંચ હજાર વર્ષ પહેલા લખાયેલું છે. આમ તો ભગવાનની વાણીમાં આવેલી ચીજ છે. ચાર વેદનો વિષય છે એ ભગવાનની વાણીમાં આવેલો છે. આયુર્વેદ પણ ભગવાનની વાણીમાંથી નીકળેલી ચીજ છે. એટલે અમે એ કહેતા આયુર્વેદનો નિષેધ ન કરવો. ભગવાનની વાણી છે એ. પછી ઈ કહે, પાંચ હજાર વર્ષ પહેલા જે આ તબીબી વિજ્ઞાન આયુર્વેદમાં લખાયેલું છે, શરીરના ગુણધર્મો પાંચ હજાર વર્ષ પહેલા જે મનુષ્ય શરીરના હતા એ જ અત્યારે હોય. એમાં કાંઈ ફેર ન પડે. પાંચ હજાર વર્ષ પહેલા માણસને કફ થતો હતો અને અત્યારે કફ થાય છે. એ જ રચના છે. એ જ ફેફસા, એ નાડી, એ નાડીના ધબકારાનું એ જ વિજ્ઞાન છે આજે પણ. પાંચ હજાર વર્ષ પહેલા જે શાસ્ત્રમાં નાડીનું વિજ્ઞાન છે એ જ આજે છે. અમે એમ કહી દે કે આ માણસને વાયુ વધી ગયું છે. નાડીના ધબકારા ઉપરથી. આને પિત્ત વધેલું છે, આને કફ વધેલો છે. અમારે સ્ટેસ્થોસ્કોપ મૂકવાની જરૂર નથી કે અહીં બડખો બોલે છે કે નથી બોલતો. નાડ ઉપર આંગળી મૂકીએ એટલે કહી દઈએ કે આને કફ ભરાઈ ગયો છે. એ વિજ્ઞાન છે. પાંચ હજાર વર્ષે વિજ્ઞાન નથી બદલાતું. ચુપ કરી દીધા બધાને. પ્રશ્ન પૂછવાવાળાને. એ પોતે માત્ર વૈદ નહોતો પણ એ વૈદક ઉપર કોલેજોની અંદર લેક્ચર આપતા હતા.

મુમુક્ષુ :- અભ્યાસ

પૂજ્ય ભાઈશ્રી :- અભ્યાસ એટલે એને તો વૈદોને સમજાવવાના હોય તો પછી હોય જ ને. અહીંયાં નહિ, 'મુંબઈ'માં જઈને લેક્ચર આપે, 'મદ્રાસ'માં જઈને લેક્ચર આપે. રહે છે 'વીંછીયા'માં પણ...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- 'વીંછીયા'માં રામસિંહજી. એને લઈ આવ્યા હતા. દોઢ મહિના ટ્રીટમેન્ટ કરી હતી. 'ગુરુદેવ'ના બ્લડ કાઉન્ટ નોર્મલ લઈ આવ્યા હતા એ એકવાર તો. જે પહેલું વહેલું ૨૭ હજારે આવ્યા હતા એ ૨૨ હજારે આવી ગયા હતા. પછી કહે, તમારા બધાની હથેળી જુઓ અને 'ગુરુદેવ'ની હથેળી જુઓ. તમારા લોહીનો રિપોર્ટ કાઢવો ન પડે કહે. કોની

હથેળી ફિકી છે અને કોની લાલ છે જોઈ લ્યો. બહુ જાણકાર માણસ હતા.

આપણે મુદ્દો હતો કે વિજ્ઞાન નથી બદલાતું. એમ કાર્યપદ્ધતિનું વિજ્ઞાન છે એ ક્યારેય નથી બદલાતું. ઉપર ઉપરથી એમ જાણવા મળે કે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો, આત્માને ઓળખવો, ઓળખવા માટે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો. પણ એ બધી જાડી જાડી વાત છે. અને સેંકડો માણસ કરે છે, હજારો માણસ તત્વજ્ઞાનનો અભ્યાસ કરે છે. પણ કેવી રીતે ઓળખવો? જ્ઞાનલક્ષણથી ઓળખવો એમ વાત આવી તોપણ જ્ઞાનલક્ષણથી કેવી રીતે ઓળખવો? એનું બધું જે ઊંડાણ છે એ વિષયનું, જે વિધિના વિષયનું ઊંડાણ છે એ ઊંડાણમાં જો ન જાય તો એમ ને એમ વાંચે જાય અને સાંભળે જાય... વાંચે જાય અને સાંભળે જાય... ધારણા થાય. બીજું કાંઈ થાય નહિ. પરલક્ષી કોરી ધારણા થઈ જાય. એટલે એનો ક્રમ સમજી લેવો જોઈએ અને એ ક્રમ અનુસાર પોતાનું પરિણમન ન હોય તો એણે એ ક્રમ ગોઠવવાનો પહેલો પ્રયત્ન કરવો જોઈએ. એમ ને એમ આડેધડ ચાલવાથી કોઈ લાભ થવાનો નથી, ઉભાંગડે ચાલવાથી કોઈ લાભ થતો નથી.

મુમુક્ષુ :- વિધિને બરોબર સમજી લેવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર સમજી લેવી જોઈએ. પ્રારંભ ક્યાંથી થાય? પ્રારંભ થયો હોય તો પ્રગતિ કેમ થાય? પ્રગતિ થાય એના ઉપરથી પ્રારંભ અને પ્રારંભ ઉપરથી પ્રગતિનો અરસપરસ મેળ મળે છે કે નથી મળતો? કે એમ ને એમ ઉપર ઉપરના પરિણામ છે? આત્મકલ્યાણની ભાવના ઉપર ઉપરની તો અનંત વાર જીવને થઈ છે પણ એનાથી કોઈ કાર્ય થતું નથી. આવી કોઈ ધ્યેયપૂર્વકની અપૂર્વ ભાવના હોય તો થાય.

મુમુક્ષુ :- ભાવના રાગથી ઉત્પન્ન થયેલી ભાવના હતી કે મારે આત્મકલ્યાણ કરવું છે. માતાજી કહે છે, રાગ-દ્વેષમાંથી ઉત્પન્ન નહિ થયેલી ભાવના.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ થયેલી ભાવના. ચૈતન્યમાંથી ઉત્પન્ન થયેલી ભાવના જોઈએ. એમ છે. ચૈતન્યમાં ક્યાં ઉદય આવ્યો? આવે છે ને? ચૈતન્યનો કેમ ઉદય આવ્યો? રાગ-દ્વેષમાં ઉદય આવ્યો. પણ ચૈતન્યમાં ક્યાં ઉદય આવ્યો? એ તો ઉદયના અભાવસ્વ-ભાવે છે. એવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે ધ્યેય બાંધવું જોઈએ. પરિપૂર્ણ શુદ્ધ થવું છે. જેને 'કૃપાળુદેવ' દૃઢ મોક્ષેચ્છા કહે છે અને 'ગુરુદેવે'તો સૂત્ર જ આપ્યું છે. ધ્યાન સમાધિનું એ બાજુ નથી અત્યારે એમ લાગે છે. પણ 'ગુરુદેવે' તો સૂત્ર આપ્યું છે અને જે દિવસે સૂત્ર આપ્યું તે દિવસે સ્વાધ્યાય મંદિરની દિવાલ ઉપર દોઢ ફૂટના અક્ષરથી એ સૂત્ર લખાયેલું છે કે 'પૂર્ણતાના લક્ષે

શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.' એ પહેલા શરૂઆત જ નથી ને. ગમે તે કર્યું હોય તોપણ. પૂર્ણતાનું લક્ષ ન છૂટે એવું પરિણન ચાલે છે? પછી ગમે તે ઉદયમાં ચાલતો ન હોય, શાસ્ત્ર વાંચતો હોય કે દુકાને જઈને બેસતો હોય. જેને જે ઉદય હોય એ. એનું લક્ષ તો અહીંયાં જ હોય. જો લક્ષ ન ફરે તો એણે લક્ષ બાંધ્યું છે. ફરે તો એણે બાંધ્યું નથી. માત્ર વિચાર કર્યો છે ઉદયાધીન. એ ઉદયાધીન વિચાર છે. લક્ષ બાંધ્યું તો એ ભવ્યતાના પરિપાકમાંથી આવેલો પર્યાય છે. કર્મના ઉદયના આશ્રયે નથી પછી. બસ! પછી આખી લાઈનનું અનુસંધાન છે એ બધું યથાર્થ જ ચાલે છે. એની ભાવના યથાર્થ, એની લગની યથાર્થ, એની તાલાવેલી યથાર્થ, એના પ્રયોજનની દૃષ્ટિ યથાર્થ, એની જાગૃતિ યથાર્થ, એનું અવલોકન યથાર્થ એ બધા પ્રકાર આવે. અને એની ભેદજ્ઞાનની પદ્ધતિ પણ યથાર્થ. એ બધી યથાર્થતાનો વિકાસ થઈને સ્વરૂપ નિશ્ચય સુધી આવી જાય. યથાર્થ સ્વરૂપ નિશ્ચય થયો કે એટલો પુરુષાર્થ અને એટલો મહિમા અને એવું ભેદજ્ઞાન ચાલે કે ગણતરીના દિવસોમાં સ્વાનુભવમાં પહોંચે. કેમકે સમ્યક્ સન્મુખતા વર્તે છે. પછી તો સન્મુખ જ આગળ ચાલે છે.

'ગુરુદેવે' તો ત્યાં સુધી એ દશાને એકવાર કહેલું કે એક ન્યાયે તો સમ્યગ્દૃષ્ટિ અને સમ્યક્ સન્મુખમાં કાંઈ ફેર નથી. ૧૪૩ ગાથા ચાલતી હતી. ૧૪૩-૪૪માં એ વિષય છે ને પક્ષાંતિક્રાંતનો. ભલે કે પક્ષમાં ઊભો છે, પણ ભેદજ્ઞાન એવું ચાલે છે કે જાણે સમ્યગ્દૃષ્ટિને ભેદજ્ઞાન ચાલતું હોય એવું ચાલે! એક ન્યાયે.... કેમકે સમ્યગ્દૃષ્ટિ રાગનો નિષેધ કરે છે. આ રોગનો નિષેધ કરે છે ભેદજ્ઞાનમાં. સમ્યગ્દૃષ્ટિને અનુભવ પરિણતિ છે, આને નિર્ણયની પરિણતિ છે. જે નિશ્ચયનો પક્ષ થયો છે એ તો નિર્ણયમાં આવ્યો ત્યારે પક્ષ થયો છે ને? અમથો ક્યાં થયો છે? એની પરિણતિ થઈ ગઈ છે અને આને અનુભૂતિની પરિણતિ છે. એક ન્યાયે તો એના જેવો જ છે એ તો. કેમકે એની પરિણામની જે જાત છે અને ગતિ છે, એટલે તો જાત્યાંતર લઈ લીધું ને પોતે? જ્ઞાન જાત્યાંતર થયું છે. એ એટલા માટે લીધું. એક ન્યાયે તો બેય સરખા છે. ત્યાં સુધી બોલેલા. કેમકે પછી તો એને થોડો કાળ જ છે અનુભવ થવામાં. અનુભવની બહુ સમીપ છે એ.

મુમુક્ષુ :- ... એટલા માટે જિન કહ્યા છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એને જિન કહ્યા છે. એ તો કરણ લબ્ધિમાં કહ્યા. પણ બહુ નજીકના ક્ષણમાં છે એ તો. કરણ લબ્ધિમાં જિન કહ્યા છે 'ગોમ્મટસાર'ની અંદર. 'ગોમ્મ-ટસાર'માં એ ગાથા છે કરણલબ્ધિની.

મુમુક્ષુ :- કરણલબ્ધિમાં આવ્યો તો જિન થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- એને જિન કહ્યા છે ત્યાં 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' આચાર્યદેવે.

'સમ્યગ્જ્ઞાનચંદ્રિકા' લખી 'ટોડરમલજી'એ. તો પોતે ઉહાપોહ કર્યો કે આને જિન શા માટે કહો છો? આને તમે જિન શા માટે કહો છો? કે જિનત્વ પ્રાપ્ત થયું માટે જિન કહીએ છીએ, જાવ. સમ્યક્ પ્રકારે એટલે સ્વસન્મુખ થઈને... સમ્યક્‌નો અર્થ જ આત્માભિમુખ થવું તે છે. આત્માની અભિમુખ થઈને વિષય કષાયનો અથવા દર્શનમોહ ઉપરનો. વિષયકષાય કરતાં સૌથી મોટો તો દર્શનમોહ છે એના ઉપર વિજય મેળવ્યો હોવાથી. જિન તો જીતે છે એને જિન કહે છે ને. વિજય મેળવ્યો છે માટે એને જિન કહીએ છીએ. જિનત્વ પ્રાપ્ત કર્યું છે એણે. આ જિનત્વની શરૂઆત જે તેરમે ગુણસ્થાને સયોગી જિન થાય છે એનો અંશ અહીંયાં કરણલબ્ધિમાં ઊભો થાય છે એમ કહેવું છે આચાર્યદેવને. અનુભવ પછી થશે તોપણ.

મુમુક્ષુ :- હજી દર્શનમોહ ઊભો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. દર્શનમોહ ઊભો છે. પણ એ એટલો મંદ છે કે જેમ પરમાણુને એક ગુણની ચીકાશ નવા બંધનું કારણ નથી એમ ત્યાં બંધનું કારણ નથી. એક ગુણ ચીકાશ છે એની. સદ્‌ભાવ છે એટલી જ વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. રાજા જ છે. રાજાના કુંવરને રાજા કહે છે ને. રાજા કુંવરને રાજા કહે. કેમકે એનો અભિષેક કરવાનો છે માટે રાજા.

મુમુક્ષુ :- ...જિન કહી દીધા.

પૂજ્ય ભાઈશ્રી :- જિન કહી દીધા એને. હવે જિન પૂજા કરવી કે ન કરવી? જિન તો કહ્યા છે પણ જિન પૂજા કરવી કે ન કરવી? આ તો કરણાનુયોગના આધારો મળ્યા છે. દ્રવ્યાનુયોગમાં તો આચાર્યો મહિમા કરે જ છે પણ કરણાનુયોગમાં પણ આ વાત છે, કથાનુયોગમાં પણ આ વાત છે. નવાઈની વાત તો એ છે કે આ જે દિગંબરો છે એમાં તો 'છ ઢાળા' તો રોજનો બોલવાનો વિષય છે. અને એમાં તો ચોખ્ખું આવે છે. એમાં તો ચોખ્ખું આવે છે. 'લેશ ન સંયમ પૈ સૂરનાથ જજે હૈં.' જજે એટલે પૂજે. સૂરનાથ એટલે ઈન્દ્ર. સૂર એટલે દેવ. દેવોનો રાજા તે ઈન્દ્ર. ભગવાનને લેશ સંયમ નથી. હજી તો જન્મ થયો છે, બાળક અવસ્થામાં છે પણ એની ઈન્દ્ર પૂજા કરે છે. આ કથાનુયોગમાં આવે છે. ચરણ-ાનુયોગમાં 'સમંતભદ્રસ્વામી' 'રત્નકરંડ શ્રાવકાચાર' આચારનો ગ્રંથ, ચરણાનુયોગનો ગ્રંથ છે. ૨૮મી ગાથામાં છે. ચારેય અનુયોગમાંથી એ વાત નીકળે છે. એટલો મહિમા મોક્ષમાર્ગના પ્રારંભનો ચારેય અનુયોગમાં ગ્રંથ ગ્રંથોની અંદર જે છે એ એની વાસ્તવિકતાને પ્રસિદ્ધ કરે છે. કોઈ કલ્પના નથી પણ એ વાસ્તવિક્તાને પ્રસિદ્ધ કરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- યોગ્યતા તો સમય સમયની છે પણ એ યોગ્યતા ભવ્યતાના પાકની છે એમ કહેવું છે. યોગ્યતા એટલે કઈ? તો ભવિતવ્યતા આવી ગઈ હવે. એમાંથી નીકળેલી વાત છે. એટલે ચાર ભાવ છે એને ઉદય સાથે સબંધ છે. ક્ષાયિકને તો અનુદય સાથે સંબંધ છે. ઉપશમને પણ અનુદય સાથે સંબંધ છે. પણ એનું અવલંબન પારિણામિકભાવ છે. એમ આ ભવ્યતા પારિણામિક ભાવમાં જાય છે. એટલે પારિણામિકભાવ સાથે સંબંધ લેવો એને. પારિણામિક ભાવ બાજુ જાય છે. ક્યાં લઈ જવું એને? કે પારિણામિકભાવમાં. પાંચ ભાવથી તો બહાર નથી. તો કહે છે, પારિણામિકભાવ સાથે એને સંબંધ છે. એટલે ચૈતન્યમાંથી નીકળેલી ભાવના લીધી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પારિણામિકભાવ સાથે સંબંધ લેવો અહીંયાં. એમ. એ આત્મામાંથી ઉગેલી વાત છે, ચૈતન્યમાંથી ઉગેલી વાત છે. કોઈ સામાન્ય વિચાર આવ્યો છે એવી વાત નથી.

જે પૂર્ણતાના લક્ષમાં જે પૂર્ણપદ છે, પરમાત્મપદ, સિદ્ધપદ એનું બીજ છે અહીંયાં. એનું બીજ છે. બીજજ્ઞાન ત્રણ જગ્યાએ બોલાય છે, પ્રકરણવશ. એક અહીંયાં. કેમકે આ બીજ છે. પછી એક સ્વરૂપ નિર્ણય થઈને સંસ્કાર પડે ત્યારે એ સંસ્કારને બીજ કહે છે. ત્રીજુ, સમ્યગ્દર્શન કાળે પણ જે બોધ થયો એને બોધિબીજ કહેવામાં આવે છે. કેવળજ્ઞાનનું બીજ. એમ ત્રણ અપેક્ષા છે. એટલે ત્રણે પ્રકાર જુદી જુદી રીતે જ્ઞાનીઓના વચનમાં આવે છે.

એક જગ્યાએ 'શ્રીમદ્‌જી' 'સોભાગભાઈ'ને એમ કહે છે, કે તમને બીજજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી હજી આમ કેમ છે કે આગળનો ભેદ સમજાતો નથી? અમને પ્રશ્ન થાય છે તમારા માટે? કે તમને બીજજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી આગળનો ભેદ કેમ સમજાતો નથી? એક પત્રમાં પ્રશ્ન કર્યો છે. એ બીજજ્ઞાન ક્યુ? સ્વરૂપનિર્ણય તો થયો નથી. સ્વરૂપનિર્ણય માટે તો એમને જિજ્ઞાસામાં મૂક્યા, ૪૭૦-૭૨માં કે 'સુધારસ છે મુખને વિષે વરસે છે, કોઈ અપૂર્વ કારણ છે.' એમ કરીને જિજ્ઞાસા ઊભી કરી છે ચાહીને. તો એ બીજજ્ઞાન ક્યુ? કે આ બીજજ્ઞાન છે કે જેમને પોતાને શુદ્ધિની આત્મકલ્યાણની ભાવના આત્મામાંથી ઉત્પન્ન થઈ છે સ્વરૂપપ્રાપ્તિની ભાવના. આત્મ કલ્યાણ કહો, પૂર્ણતાનું લક્ષ કહો, પૂર્ણ કલ્યાણ કહો. એ ઉપરાંત એમને એક બીજું કારણ બની ગયું કે 'શ્રીમદ્‌જી'ને ઓળખી લીધા છે. એ પણ બીજજ્ઞાનમાં જાય છે. જ્ઞાનીની ઓળખાણ બીજજ્ઞાનમાં જાય છે. એ નિષ્ફળ નથી જાતી. સ્વરૂપ લક્ષ નિષ્ફળ જતું નથી, જ્ઞાનીની ઓળખાણ નિષ્ફળ જતી નથી, સ્વરૂપની ઓળ-

ખાણ નિષ્ફળ જતી નથી અને સમ્યગ્દર્શન નિષ્ફળ જતું નથી. આટલી વાત ત્રણ કાળમાં નિષ્ફળ ન જાય. લ્યો! એટલે એમ કહ્યું. તમને બીજજ્ઞાનની પ્રાપ્તિ (થવા) છતાં આગળનો ભેદ કેમ સમજાતો નથી? અમને પ્રશ્ન થાય છે. તમારી પરિણતિ તો આગળ ચાલવી જોઈએ.

પણ શું હતું કે જે વિદ્યમાન... અહીં થોડું વિષયાંતર થાય છે પણ જરા વિચારી લઈએ એ વિષય જરા વિચારવા જેવો છે કે પ્રસંગ શું બને છે? કે વિદ્યમાન જ્ઞાની હોય અને એની ઓળખાણ થઈ હોય તો એના પ્રત્યે એટલી બધી ભક્તિ આવે કે એને એકવાર તો એમ થાય કે મને પરમાત્મા મળી ગયા પછી મારે હવે શું લેવાનું બાકી છે? મારા પરમાત્મા મારી નજર સામે બિરાજે છે અને એના ચરણમાં મારો નિવાસ છે. હવે હું નિર્ભય થઈ ગયો છું. મારે જોઈએ શું? હવે કાંઈ મારે જોઈતું નથી ને. એક ન્યાયે તો એવા પરિણામ આવી જાય છે. એવા જીવને પણ પદાર્થ નિર્ણય કરવો આવશ્યક છે. એ વાત એમણે ૨૫૪માં લીધી. એટલે ક્રમમાં એને ત્રીજો બોલ લીધો.

સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ એ બીજું કારણ છે અને એ બંને કારણ થયા હોય તોપણ પદાર્થ નિર્ણય કરવા માટેની કાંઈક યોગ્યતાની ઓછપને લીધે મિથ્યા સમતા આવે છે અથવા આકુળતા મટતી નથી. કેમકે પરિણામમાં તો શાંતિ આવવાની નથી. શાંતિના પિંડ ઉપર દૃષ્ટિ ગયા વિના શાંતિ આવવાની નથી એટલે આકુળતા તો રહેવાની છે. ઉદયભાવ પણ છે અને ઉદય પણ છે. એટલે પદાર્થ નિર્ણય કરવો એને આવશ્યક છે. એ બાજુ એનું લક્ષ જ્ઞાની દોરે છે કે તમે ભલે ગમે તેટલી મારી ભક્તિ કરો પણ હું અને તમે જુદા એ જુદા છીએ. હું કાંઈ તમારી કરી દઉં એ તો કોઈ વસ્તુસ્થિતિની મર્યાદામાં તો છે નહિ. તમારા પરિણામ ઘણા યોગ્ય છે પણ પદાર્થ નિર્ણય કરવો આવશ્યક છે. એ સ્વરૂપ નિશ્ચય થાય તો એને સ્વરૂપ સન્મુખતાના પરિણામમાં સન્મુખતામાં આગળ વધીને અનુભવ થાય. વિમુખતામાં આગળ વધીને કાંઈ અનુભવ ન થાય. સન્મુખતામાં આગળ વધીને અનુભવ થાય. એટલે એ વિષય એમણે છેલ્લા કારણમાં એ ત્રીજું નાખ્યું છે. ત્રણમાં એ ત્રીજું નાખેલું છે.

મુમુક્ષુ :- સત્પુરુષને યથાર્થ ઓળખ્યા પછી પણ પદાર્થનો નિર્ણય કરવો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કરવો આવશ્યક છે, એ આવશ્યક છે. એને નિર્ણય થવો સુગમ છે. પણ તથારૂપ નિર્ણય કરવાનો પ્રકાર એને આવવો જોઈએ એના પરિણામમાં. એ દિશા બાજુ એ વળે જ નહિ તો કામ ન થાય. નિર્ણય કરવા બાજુ વળે તો કામ થાય. નિર્ણય કરવા બાજુ ન વળે તો કામ કેમ થાય? બહુ બહુ તો અવલોકન થાય, અવલોકનથી પોતાના દોષ જોવે, સ્વચ્છંદ ઘટાડે, દર્શનમોહ મંદ થાય, બધું થાય. પણ એ દર્શનમોહની મંદતા અને જ્ઞાનસ્વભાવના આધારે થયેલા નિર્ણયના કાળે થયેલી દર્શનમોહની મંદતા એ તબક્કો

બીજો છે પાછો. આગળનો તબક્કો છે. જુદા જુદા સ્તરની વાત છે. એક સ્તરની વાત નથી. ત્યાં પ્રવેશ કર્યા પછી આગળનો ભેદવિજ્ઞાનનો વિષય એમાં પણ દર્શનમોહ મંદ થાય છે. એ આગળ આગળના સ્તરની વાત છે. બધા તબક્કા જુદા જુદા છે. એ લાઈન ન પકડે તો કામ કેવી રીતે થાય? એટલે છેવટે ઉપાડ્યા છે 'ઈડર'. ચાલો હવે 'ઈડર'. આપણે અહીંયાં નથી કામ કરવું, ત્યાં જઈને વિચાર કરશું હવે. તબિયત બરાબર નથી. કાંઈ તબિયતને થવાનું નથી, ચાલોને. કેટલી નિઃશંકતા છે એમની! રસ્તામાં કાંઈ થવાનું નથી. એવું છે.

મુમુક્ષુ :- સત્પુરુષને ઓળખ્યા પછી ...

પૂજ્ય ભાઈશ્રી :- ઓઘે હોય. ઓઘે સત્પુરુષ માને છે. સત્પુરુષ માને છે પણ ઓઘે માને છે. અને ઓઘભક્તિ પણ એટલે બધી દેખાય કે જાણે સર્વાર્પણબુદ્ધિથી કરતા હોય, ઓઘબુદ્ધિએ. ઓઘસંજ્ઞા તે ઓઘસંજ્ઞા છે અને ઓળખાણ તે ઓળખાણ છે. બે વચ્ચે મોટો ફેર છે. ૫૦ લાખનો હીરો લીધો હોય તો પચાસ લાખનો છે એમ સમજીને સાચવે. પણ ઓળખે તો ખબર પડે કે પચાસ લાખનો નથી. આ તો પચાસ લાખમાં આવી ગયો છે, છે પચાસ કરોડનો. પછી કેટલો ફેર પડે? એવી વાત છે આ. ઓળખાણ એ ઓળખાણ છે. જ્ઞાનથી મૂલ્ય થાય એ કાંઈ રાગથી મૂલ્ય થાય કોઈ દિવસ? બને જ નહિ. જુદી જ વાત છે. રાગ કાંઈ જ્ઞાનની બરાબરી કરી શકે? જાત જ જુદી છે. દુશ્મન છે એકબીજાના. વધઘાતક સંબંધ છે બંનેને. રાગ જ્ઞાનને ઘાતે છે, જ્ઞાન રાગને ઘાતે છે. જે બળવાન હોય તે ઘાતે. એટલી વાત છે.

આમાં વિવેક થવો જોઈએ. પુરુષ અને પ્રકૃતિ.

મુમુક્ષુ :- સાંખ્યમાં તો જુદું જ લીધું છે, પુરુષ અને પ્રકૃતિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ લોકો પ્રકૃતિને જડ કહે છે. દિવ્યધ્વનિમાં પણ પ્રકૃતિને જડ કીધી છે ને. પણ ચૈતન્યવિકાર છે. એને એ લોકો વળી ત્રીજું નામ આપે છે માયાનું. એને માયા કહે છે. પછી એવો ગોટો વાળે છે, માયા કહીને એવો ગોટો વાળે છે કે ક્યાંય વિષય ચોખ્ખો જ નથી થતો એ લોકોના શાસ્ત્રમાં. પ્રકૃતિ ભલે જડ, પુરુષ નામ આત્મા ભલે ચૈતન્ય. આ સંસાર? તો કહે, માયાનો. હવે એ માયા શું છે જડ છે કે ચેતન છે? એનો કોઈ ખુલાસો નથી. કોઈ ખુલાસો નથી એનો. ચૈતન્ય વિવર્ત કહે છે કોઈ વખત. ચૈતન્ય વિવર્ત એવો શબ્દ આવે છે 'યોગવશિષ્ઠ'માં. ચૈતન્ય વિવર્ત. ચૈતન્ય વિવર્ત કહે છે માયાને. બહુ ચોખ્ખું નથી. વૈજ્ઞાનિક પદ્ધતિથી કોઈ વાત એટલી ચોખ્ખી નથી.

મુમુક્ષુ :- વિવર્ત શબ્દે પરિણતિ તો આવી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિવર્ત વિવર્ત કહે છે અને પાછા એમ કહે છે કે એને ચૈતન્ય

સાથે કાંઈ લેવાદેવા નથી. ચોખ્ખુ નથી, વિજ્ઞાન ચોખ્ખુ નથી. પણ મૂળ શું છે લીધું છે દિવ્યધ્વનિમાંથી લીધું છે મૂળમાંથી. એટલે બધું રહી ગયું છે એ રહી ગયું છે એ બધુ ઉભાંગડે લાગે આડેધડ. જેમ આ શ્વેતાંબરમાં કોઈ વાત બરાબર આવે, કોઈ વાત બરાબર ન આવે. એવું બધું છે. બધાયમાં એવું છે. અમુક વાત મેળ ખાય, અમુક વાત મેળ ન ખાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પછી તો શું છે કે જૈન શાસ્ત્રો વાંચનારા કલ્પનાએ ચડે છે તો એ શાસ્ત્ર વાંચનારા તો કેટલી કલ્પનાએ ચડે કહો જોઈ. મૂળ જૈનાગમ વાચનારા પણ કલ્પનાએ ચડે છે તો જે કલ્પનાથી શાસ્ત્રો રચ્યા એનો અભ્યાસ કરનારા, એ આગમનો અભ્યાસ કરનારાને કેવી કલ્પનાઓ થાય? એટલે પછી આખો અન્યમત એમાંથી પાંગરી જાય. અહીં સુધી રાખીએ...

**તા. ૧૮-૭-૧૯૯૧, પાના નં. ૧૧૧**
**પ્રવચન નં. 30**

**'પ્રકૃતિ અને પુરુષનું વિવેચક કહેતાં જુદો જુદો ભેદ જાણવો તેને વિવેક કહીએ.'** આમાં ભેદજ્ઞાનને પણ વિવેક કહે છે. ભેદજ્ઞાનરૂપી વિવેક જેને પ્રગટ્યો છે એને સ્વાનુભવમાં પરમાત્માના દર્શન થાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો ભેદજ્ઞાન તો પોતાના દોષથી કરવાનું છે. કારણ શું છે કે જડ કર્મ છે એ જણાતા નથી. છદ્મસ્થને કાંઈ જ્ઞાનમાં દેખાતા નથી, જણાતા નથી. તો જે ચીજ જણાતી નથી એનાથી કેવી રીતે ભેદજ્ઞાન કરશે?

મુમુક્ષુ :- શક્ય નથી.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. હવે એક બીજું કે નુકસાન એ જડ કર્મ કરે છે કે પોતાનો દોષ કરે છે? દુઃખ અને અશાંતિ કોણ આપે છે? કે પોતાનો દોષ, પોતાનો વિભાવ. કાંઈ જડ કર્મ દુઃખ આપતા નથી. તો કોનાથી દૂર થાવું? એ દુઃખથી મુક્ત થાવું છે, દોષથી મુક્ત થાવું છે. અને દોષથી મુક્ત થતાં જડ કર્મ આપોઆપ છૂટા પડે છે. જડ કર્મ છે, પોતાના જીવ સાથે એણે સંયોગ કર્યો છે એ સંયોગને પોતે સ્વયં છોડી દે છે. જ્યારે જીવ દોષને છોડે છે ત્યારે કર્મ છે એ જીવના સંબંધને છોડી દે છે આપોઆપ. અને કર્મને જીવનો સંગ છોડ-ાવવા માટે આ સિવાય બીજી કોઈ વિધિ પણ નથી. આ સિવાય કઈ બીજી વિધિ છે કે જે કર્મો જીવની સાથે લાગેલા છે એ છૂટા પડે? કે જીવ દોષ છોડે તો જ છૂટા પડે. જો દોષ ન છોડે તો છૂટા ન પડે. અથવા બીજા વળગતા રહે. એટલે ભેદજ્ઞાન તો રાગથી જ કરવાનું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જે બુદ્ધિગમ્ય વિષય જ નથી એમાં પ્રયત્ન જીવ બુદ્ધિપૂર્વક કેવી રીતે કરે? કર્મનો કરણાનુયોગનો વિષય કેવળજ્ઞાનગમ્ય છે. અને શાસ્ત્રોમાં કેવળજ્ઞાનની પરંપરા અનુસાર એ વસ્તુ વ્યવસ્થામાં કથન રહી ગયા છે. બાકી છદ્મસ્થ જીવનો કોઈ વિષય નથી જ્ઞાનનો કે જેને લઈને એ સંબંધી કોઈ પ્રયત્ન કરી શકાય. એવું તો બનતું નથી.

'ટોડરમલજી'એ આ વાત લખી છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આ વાત એમણે નાખી છે. પોતે કરણાનુયોગના જબરજસ્ત અભ્યાસી. એટલું જ નહિ કરણાનુયોગ પ્રધાન એમની કથની રહી છે. મોક્ષમાર્ગ પ્રકાશક અધ્યાત્મ ગ્રંથ છે પણ એમની કથની આગમ પ્રધાન છે કરણાનુયોગની. કેમકે એમને એ અભ્યાસ ઘણો હતો. 'ગોમ્મટસાર'ની ટીકા કરી બહુ મોટી. અને ત્યાં સુધી પ્રસ્તાવનામાં, 'સમ્યગ્જ્ઞાન ચંદ્રિકા'ની પ્રસ્તાવનામાં ત્યાં સુધી લખી ગયા કે અધ્યાત્મ શાસ્ત્ર અને દ્રવ્યાનુયોગના શાસ્ત્ર વાંચનારાઓએ કરણાનુયોગનો તિરસ્કાર કરીને એનું વાંચન ન કરવું એવો દોષ નહીં કરતા, નહિતર ભગવાનની વાણીનો તિરસ્કાર થઈ જશે. એવું લખ્યું છે. તિરસ્કાર નહિ કરતા. તમને ન સમજણ પડે, તમે ન વાંચો બીજી વાત છે પણ તિરસ્કાર ન કરતા. એમાંથી જોકે બોધ એમ નીકળે છે કે ચારેય અનુયોગમાંથી કોઈ અનુયોગનો તિરસ્કાર ન કરવો જોઈએ. કેમકે બધી ભગવાનની વાણી છે. કરણાનુયોગ પણ ભગવાનની વાણી છે, કથાનુયોગ પણ ભગવાનની વાણી છે, ચરણાનુયોગ પણ ભગવાનની વાણી છે, દ્રવ્યાનુયોગનો તો પ્રશ્ન જ રહેતો નથી તિરસ્કાર કરવાનો.

**'બીજા ભેદ મટ્યા અને શુદ્ધ ચિદ્‌પરિણતિ (તથા) ચૈતન્ય પુરુષ એ બંનેની પ્રતીતિ (પૂર્વક) જ્ઞાનમાં વેવેક થયો. ચિદ્ પરિણતિ વસ્તુને અને વસ્તુના અનંત ગુણોને વેદનારી છે,...'** ચિદ્ પરિણતિ એટલે ચૈતન્યના આશ્રયે શુદ્ધ પરિણતિ થઈ તે. વસ્તુને અને વસ્તુના અનંત ગુણને વેદનારી છે. આત્માને વેદે છે, અનુભવે છે એનું નામ શુદ્ધ ચિદ્ પરિણતિ છે. તેના આધારે અને આત્માના આધારે વિવેક થયો એટલે હું જુદો છું એમ જાણ્યું.

**'અનંત ગુણોને વેદનારી છે, ઉત્પાદ-વ્યય કરે છે, ષટ્‌ગુણી-વૃદ્ધિ-હાનિ લક્ષણ છે, વસ્તુને વેદીને તે આનંદ ઉપજાવે છે.'** એમ આત્માને સ્વરૂપને વેદીને તે આનંદને ઉત્પન્ન કરે છે. **'જેમ સમુદ્રમાં તરંગ ઊપજે છે તે સમુદ્રભાવને જણાવે છે...'** સમુદ્રના તરંગ સમુદ્રના સ્વરૂપને જણાવે છે. **'તેમ (ચિદ્ પરિણતિ) સ્વરૂપને જણાવે છે. સકળ-સર્વસ્વ પરિણતિને પ્રકૃતિ કહીએ અને પુરુષ કહેતાં પરમાત્મા, તેનાથી પ્રકૃતિ ઊપજે છે.'** અહીંયાં એને પ્રકૃતિ કીધી. એમ પણ કહી શકાય કે જે કૂટસ્થ છે તે આત્મા તે પુરુષ અને એમાંથી ઊપજી તે પરિણતિ તેને પ્રકૃતિ કહીએ. એમ પણ કહી શકાય છે **'સકળ-સર્વસ્વ પરિણતિને પ્રકૃતિ કહીએ...'** બધા પરિણામ માત્રને. **'અને પુરુષ કહેતાં પરમાત્મા, તેમાંથી પ્રકૃતિ ઊપજે છે.જેમ સમુદ્રમાંથી તરંગ ઊપજે છે તેમ.'**

**'પુરુષને અનંતગુણધામ,...'** એટલે અહીં જડ પ્રકૃતિની તો વાત જ નથી. એમ. **'પુરુષને અનંતગુણધામ, ચિદાનંદ, પરમેશ્વર કહીએ. તે બંનેનું જ્ઞાનમાં જાણપણું થયું,**

**પણ પ્રત્યક્ષ ન થયું વેદ્યવેદકમાં પ્રત્યક્ષ છે...**' જાણપણામાં પ્રત્યક્ષ નથી પણ વેદ્યવેદકમાં પ્રત્યક્ષ છે.

'**પણ સંપૂર્ણ કેવળજ્ઞાન જેવું પ્રત્યક્ષ નથી...**' સાધક છે સાધક અવસ્થામાં. '**થોડા જ કાળમાં પરમાત્મા થશે-આને વિવેકખ્યાતિ સમાધિ કહીએ.**' આ રીતે વિવેક છે. બીજા ભેદ તો મટ્યા પણ શુદ્ધ ચિદ્‌પરિણતિ અને ચૈતન્ય પુરુષ એવા બે ભેદ રહ્યા. એ બંનેની પ્રતીતિપૂર્વક જ્ઞાનનો વિવેક થયો. એટલે પરિણામને અને પુરુષને એટલે આત્માને, ધ્રુવને અને ઉત્પાદ-વ્યયને યથાસ્થાને જાણ્યા એનું નામ વિવેક. લ્યો, વિવેકનો આવો અર્થ કર્યો છે. સામાન્ય વિશેષના ભેદને વિવેક કહ્યો. આ રીતે લીધું છે આમાં. ઓલી વાત જ નથી. જડ કર્મની પ્રકૃતિની વાત નથી લીધી અને રાગાદિની પ્રકૃતિની પણ વાત નથી લીધી. એને વિવેક કહીએ.

પ્રકૃતિ અને પુરુષનું વિવેચન કહેતા જુદો જુદો ભેદ જાણવો તેને વિવેક કહીએ. અને એ વિવેકમાં બીજા ભેદ નહિ પણ શુદ્ધ પરિણતિ અને ચૈતન્ય પુરુષ એ બંનેની પ્રતીતિપૂર્વક જ્ઞાનમાં વિવેક થયો. એમ એ બંનેનું જેવું સ્વરૂપ છે એવું જાણ્યું, પ્રતીત કરી એને અહીંયાં વિવેક કહે છે. અને વેદ્યવેદક ભાવમાં તે પ્રત્યક્ષ છે, જાણવામાં તે પ્રત્યક્ષ નથી. જાણપણું થયું ત્યાં સુધી પ્રત્યક્ષ ન થયું પણ વેદ્યવેદકમાં પ્રત્યક્ષ છે.

આત્માના જાણવાના અને વેદવાના ભાવને અહીંયાં પ્રત્યક્ષ-પરોક્ષ કહીને જુદા પાડ્યા છે. મોક્ષમાર્ગમાં અથવા અધ્યાત્મના પ્રકરણમાં અનુભવની પ્રધાનતા છે, જાણવાની નથી. અથવા અનુભવમાં અનુભવગોચર જાણપણું આવી જાય છે, અનુભવનું જાણપણું આવી જાય છે, બીજું જાણપણું ભલે ન આવતું હોય. અને જાણપણામાં ગમે તેટલું જાણપણું કરે, આત્માનું, સ્વભાવનું, પરિણતિનું અને બીજું ગમે તેટલું કરે વિભાવનું, વેદન નથી આવતું. વેદનમાં જાણપણું આવે છે, જાણપણામાં વેદન નથી આવતું. એટલો ફેર છે.

મુમુક્ષુ :- શિવભૂતિ મુનિને ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. વેદન હતું.

મુમુક્ષુ :- બધું જાણપણું આવી ગયું એમાં.

પૂજ્ય ભાઈશ્રી :- કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા. કેમકે વેદ્યવેદકભાવ હતો. જાણપણું ભલેને ઓછું હોય. એની સાથે કાંઈ નિસ્બત નથી.

મુમુક્ષુ :- આ પ્રકરણ સમાધિનું હોવા છતાં રાગ-દ્વેષ પણ...

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ નહિ. સમાધિના .. છે.

મુમુક્ષુ :- દ્રવ્ય પર્યાયના ભેદ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, દ્રવ્ય પર્યાયના ભેદ... '**થોડા જ કાળમાં પરમાત્મા થશે-આને વિવેકખ્યાતિ સમાધિ કહીએ.**' એમ લીધું છે.

મુમુક્ષુ :- છેલ્લા તબક્કાની વાત.

પૂજ્ય ભાઈશ્રી :- છેલ્લા તબક્કાની વાત લીધી. એવું નથી લેવું, સમ્યગ્દર્શન થશે એ વાત નથી લેવી. સાધક છે, થોડા જ કાળમાં પરમાત્મા થશે. આને વિવેકખ્યાતિ સમાધિ કહીએ.

'**શબ્દ, અર્થ અને જ્ઞાન એવા ત્રણ ભેદ અહીં પણ લગાડવા.**' શબ્દ, એનો અર્થ અને બંનેનું જ્ઞાન એ ત્રણ ભેદ અહીં પણ લગાડવા. લાગુ કરવા.

પછી '**ધર્મમેઘ સમાધિ**' બારમી. '**હવે ધર્મમેઘ સમાધિ કહીએ છીએ :- ધર્મ કહેતાં અનંત ગુણ અથવા નિજધર્મ ઉપયોગ, તેની વિશુદ્ધતા મેઘની જેમ વધી.**' વરસાદ પડે છે ને. સાંબેલાના ધારે વરસે છે કોઈ એમ કહે. કોઈ એમ કહે કે બારે મેઘ વરસે છે અત્યારે. એવો અંદરથી પ્રવાહ છૂટ્યો. એમાં શું છે કે અંદર તો ભર્યું છે ઘણું. આત્માના સામર્થ્યની અંદર એટલું બધું ભર્યું છે કે બહાર આવે એની તારતમ્યતાના ઘણા ભેદ છે. ઉત્કૃષ્ટ તારતમ્યતા એટલી છે કે અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લઈ લે. કોઈ જીવ એટલો બધો તૈયાર હોય કે મિથ્યાત્વ અવસ્થામાં તો એ દ્રવ્યલિંગી થઈ ગયો હોય. પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, સર્વસંગપરિત્યાગ એટલો વૈરાગ્ય અને એટલું કષાયનું મંદપણું, કષાયરસના મંદપણા સહિત દ્રવ્યલિંગી મુનિ થઈ ગયો હોય. અને જ્યાં સમ્યગ્દર્શન લે પછી ધ્યાનમાંથી બહાર જ ન નીકળે. સમ્યગ્દર્શન વખતે નિર્વિકલ્પ ઉપયોગ સમાધિમાં રહે તે એમ ને એમ નિર્વિકલ્પ ઉપયોગની અંદર અંતર્મુહૂર્તમાં જામેલો રહે અને કેવળજ્ઞાન લઈ લ્યે, જાઓ. તો અંદરથી મેઘની જેમ વર્ષા નીકળે. એવો ફાટે અંદરથી બંબો. બધા ગુણોનો પ્રવાહ તરબોળ. જેમ કહેને કે ભાઈ અહીંયાં રણની જેમ ધૂડ ઉડતી હતી અને જળબંબાકાર કરી નાખ્યું. પાણી-પાણી થયું. મેઘ વરસ્યો. એમ આખું જાણે દ્રવ્ય જ ફરી ગયું. અંતર્મુહૂર્તમાં તો સંસારી મટીને પરમાત્મા થઈ જાય છે. એટલી શક્તિ અંદર પડી છે. અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લેવાની શક્તિ પડી છે. જે લે છે એ અંતર્મુહૂર્તમાં જ લે છે ને. સાધકદશામાં અસંખ્ય સમય ગાળ્યા પછી પણ અથવા ભવભવાંતર કર્યા પછી પણ .. તો અંતર્મુહૂર્તમાં જ લે છે. એને કોઈને કેવળજ્ઞાન લેવામાં વધારે સમય નથી લાગતો.

'**ધર્મ કહેતાં અનંત ગુણ અથવા નિજધર્મઉપયોગ,...**' આ નિજધર્મ ઉપયોગ એટલે પોતાના સ્વરૂપના નિર્વિકલ્પ ઉપયોગને નિજધર્મ ઉપયોગ કહેવામાં આવે છે. ઉપયોગ બહાર જાય તો એને પરધર્મ ઉપયોગ કહેવામાં આવે છે. '**તેની વિશુદ્ધતા મેઘની જેમ વધી.**'

જેમ મેઘ વરસે તેમ ઉપયોગનો આનંદ વધ્યો, વિશુદ્ધતા વધી. **'ચારિત્ર ઉપયોગમાં અનંત ગુણની શુદ્ધ પ્રતીતિ વેદના થઈ.'** ચારિત્ર ઉપયોગમાં પણ એવી સ્થિરતા થઈ કે અનંત ગુણની શુદ્ધિ અને પ્રતીતિની વેદના થઈ. વેદે છે ને? ચારિત્રમાં તો વેદન છે.

**'કેવળજ્ઞાનમાં લઈએ તો ત્યાં અનંત ગુણો વ્યક્ત થયા; જ્ઞાન ઉપયોગમાં ચારિત્ર શુદ્ધ હોય (છતાં) ત્યાં કેવળજ્ઞાન ન પણ હોય.'** જ્ઞાનના ઉપયોગમાં ચારિત્ર શુદ્ધ હોવા છતાં ત્યાં કેવળજ્ઞાન ન પણ હોય. **'બારમા ગુણસ્થાને ચારિત્ર શુદ્ધ તો છે પણ કેવળજ્ઞાન નથી;...'** એટલે ચારિત્ર જુદી વાત છે, જ્ઞાન જુદી વાત છે. ગુણ જ જુદા જુદા છે.

મુમુક્ષુ :- ચારિત્ર પહેલું પૂરું થાય અને જ્ઞાન પછી પૂરું થાય એમ કેમ?

પૂજ્ય ભાઈશ્રી :- એ વસ્તુનું વિજ્ઞાન કહો કે વસ્તુનો સ્વભાવ કહો કે વસ્તુનું સ્વરૂપ કહો એમાં આમ કેમનો પ્રશ્ન નથી. અગ્નિ કેમ ઊનો? અગ્નિ શા માટે ઊનો હોય? ઊની કેમ છે? સ્વભાવમાં તર્કનો અવકાશ નથી. એમ છે.

**'બારમા ગુણસ્થાને ચારિત્ર શુદ્ધ તો છે પણ કેવળજ્ઞાન નથી; બારમા ગુણસ્થાને યથાખ્યાતચારિત્ર છે અને તેરમે-ચૌદમે ગુણસ્થાને પરમ યથાખ્યાત ચારિત્ર છે;...'** એ જ્ઞાનને હિસાબે. પછી ત્યાં પરમ એવું નામ આપે છે પણ કાંઈ ચારિત્ર વધ્યું ઘટ્યું નથી. **'તેથી ચારિત્ર અપેક્ષાએ ધર્મમેઘસમાધિ બારમા ગુણસ્થાને થઈ.'** લ્યો! આ ધર્મમેઘ સમાધિ છે એ બારમા ગુણસ્થાનનું બીજું નામ લીધું છે. બારમા ગુણસ્થાને જે મેઘની જેમ શુદ્ધિ વધી (કે) પૂર્ણ શુદ્ધિ થઈ ગઈ, યથાખ્યાત ચારિત્ર થઈ ગયું, કષાયનો સર્વથા અભાવ થઈ ગયો. વીતરાગ-પૂર્ણ વીતરાગ થયો એને ધર્મમેઘ સમાધિ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- બાર-તેરનો સમય બહુ ...

પૂજ્ય ભાઈશ્રી :- ઓછો છે. એ તો અંતર્મુહૂર્તમાં આઠથી બાર ગુણસ્થાન પૂરા થઈ જાય છે. આઠથી બાર અંતર્મુહૂર્તમાં પૂરા થાય. તેરમા ગુણસ્થાને આવી જાય. એ બધા સમ-ાધિના જ ગુણસ્થાન છે. સાતમું પણ સમાધિનું છે. કેમકે અપ્રમત્ત છે. આઠમું પણ સમાધિ, નવમામાં પણ સમાધિ, દસમામાં પણ સમાધિ અને બારમામાં પણ સમાધિ. પણ ટોચની સમાધિ ગણીને ધર્મમેઘ સમાધિ એને કહી બારમા (ગુણસ્થાનને). ઉત્કૃષ્ટ સાધકદશા. બારમું ગુણસ્થાન એટલે ઉત્કૃષ્ટ સાધકદશા.

મુમુક્ષુ :- બારેમેઘ વરસ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- બારમેઘ વરસ્યા.

**'કેવળજ્ઞાનમાં (તો પરમાત્મદશા) વ્યક્ત છે તેથી ત્યાં સાધકસમાધિ ન કહીએ.'** પછી ત્યાં ધ્યાન છે, સમાધિ છે એવા શબ્દનો પ્રયોગ તેરમા ગુણસ્થાને નથી થતો.

મુમુક્ષુ :- સાધક ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્યાં સાધકપણું નથી કહેતા. આમ તો ત્યાં શુક્લધ્યાન છે. પણ ત્યાં ધ્યાન છે એમ સામાન્ય રીતે નથી કહેવામાં આવતું.

મુમુક્ષુ :- કૃતકૃત્ય થઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- કૃતકૃત્ય થઈ ગયા. પરમાત્મદશા પ્રગટ થઈ ગઈ.

‘**કેવળજ્ઞાનમાં (તો પરમાત્મદશા) વ્યક્ત છે તેથી ત્યાં સાધકસમાધિ ન કહીએ. અહીં બારમા ગુણસ્થાનમાં સાધક છે, અંતરાત્મા છે.**’ બારમા ગુણસ્થાનમાં પરમાત્મા નથી થયા, અંતરાત્મા છે. ‘**આને ધર્મમેઘ સમાધિ કહીએ. તેમાં પણ શબ્દ, અર્થ અને જ્ઞાન એ ત્રણ ભેદ લગાડવા.**’ આ ત્રણ ભેદ ત્યાં પણ લગાડી દેવા. શબ્દ છે, એનો અર્થ થાય છે, એ બંનેનું જ્ઞાન થાય છે.

હવે ‘**અસંપ્રજ્ઞાત સમાધિ**’ છેલ્લી. ‘**હવે, તેરમી અસંપ્રજ્ઞાત સમાધિ કહીએ છીએ :- જેમાં પરવેદના નથી, નિજને જ વેદે છે, જાણે છે,...**’ અ છે એ પર અપેક્ષાએ લીધું છે. કેમકે સંપ્રજ્ઞાત સમાધિ આગળ આવી ગઈ. સ્વરૂપ વેદનને સંપ્રજ્ઞાત સમાધિ કહે છે એ તો પહેલી જ આવી ગઈ. આથી વિરુદ્ધ શું? કે પરને ન વેદે તે. પર અપેક્ષાએ ‘અ’ લઈ લીધો છે. ‘**જેમાં પરવેદના નથી, નિજને જ વેદે છે, જાણે છે, પરનું વિસ્મરણ છે,...**’ પરનું તો વિસ્મરણ છે. પર છે કે નહિ એનું સ્મરણ પણ ત્યાં નથી. ‘**નિજ અવલોકન છે–**’ નિજ અવલોકન કહો, નિજ અનુભવન કહો. ‘**તેને અસંપ્રજ્ઞાત (સમાધિ) કહીએ.**’ નામથી જુદી વાત છે પરની અપેક્ષાએ. બાકી તો જે સમાધિ છે એ સમાધિ જ છે.

‘**બારમા ગુણસ્થાનના અંત સમય સુધી તો ચારિત્ર વડે પરવદેના મટેલી, કેમકે ત્યાં મોહનો અભાવ થયો હતો; તેરમા ગુણસ્થાને જ્ઞાન કેવળ અદ્વૈત થયું.**’ તેરમા ગુણસ્થાને જ્ઞાન કેવળ અદ્વૈત થયું. ‘**ત્યાં જ્ઞાનમાં નિશ્ચયથી (–તન્મયપણે) પરનું જાણપણું નથી; વ્યવહારથી લોકાલોક પ્રતિબિંબિત થયા–તેથી એમ કહ્યું કે...**’ જુઓ! પ્રતિબિંબ શબ્દ વાપર્યો છે ને? ‘**વ્યવહારથી લોકાલોક પ્રતિબિંબત થયા–**’ આ શબ્દની સામે વાંધો પાડે છે ને લોકો. ઘણા શાસ્ત્રોમાં છે. ‘કળશટીકા’માં છે, ‘સમયસાર’માં છે. બધે પ્રતિબિંબ શબ્દનો પ્રયોગ કર્યો છે. આચાર્યોએ પણ કર્યો છે.

‘**તેથી એમ કહ્યું કે આ સમાધિ ચારિત્ર વિવક્ષામાં બારમા ગુણસ્થાનના અંતે છે.**’ અસંપ્રજ્ઞાત સમાધિ ક્યા છે? કે બારમા ગુણસ્થાનના અંતે છે. એટલે શું કહેવું છે કે પ્રકૃતિના ઉદયમાં ચારિત્રમોહને એને લઈને અસ્થિરતા ભાવમાં કર્મના ઉદય પ્રત્યે જેટલા પરિણામ જાય છે એટલા પરિણામ પુદ્‌ગલને વેદે છે, પરને વેદે છે એમ કહે છે. એવો જે પરવેદનનો

અભાવ ક્યાં થયો? કે બારમા ગુણસ્થાને થઈ ગયો. માટે ત્યાં અસંપ્રજ્ઞાત સમાધિ લઈ લેવી બારમા ગુણસ્થાનને છેડે.

મુમુક્ષુ :- દસમા ગુણસ્થાનના અંત સુધી કર્મનું વેદન હોય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ લીધું.

મુમુક્ષુ :- મોહનીયનો સંબંધ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મોહનીયનો સંબંધ છે એટલે એનું વેદન છે એમ કીધું. ચારિત્રમોહને વેદે છે જીવ, અનુભવે છે જીવ એમ કહે છે. ભલે એકત્વપણે નથી અનુભવતો પણ અનુભવે છે. માટે ત્યાં પૂર્ણ સમાધિ કહીએ. ત્યાં પૂર્ણ સમાધિ લેવી. શબ્દ તો શબ્દ છે પણ લખનારનો અભિપ્રાય શું છે એ પોતે સ્પષ્ટ ન કરે તો એક શબ્દ ઉપરથી લખનાર શું કહેવા માગે છે એવો અર્થ બીજા ન કાઢી શકે. એટલે 'શ્રીમદ્‌જી'એ એક પત્રમાં ચોખવટ કરી છે કે માનો કે શાસ્ત્રમાં આવું લખ્યું હોય તોપણ એ શાસ્ત્રના લખનારનો તે વખતે શું અભિપ્રાય હતો તેમ જાણ્યા વિના બીજો તર્ક વિતર્ક કરવો કરવો ન ઘટે. એમ કરીને જે અર્થ .. અનુકૂળ નથી એમાં આ વાત મૂકી છે.

મુમુક્ષુ :- પરનું વેદન તો ચોથે પણ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એક ન્યાયે પરનું વેદન ચોથે નથી. અને એક ન્યાયે પરનું વેદન બારમા ગુણસ્થાનમાં પણ છે. છેડે નથી. એટલે અહીં છેડે લીધું છે. '**બારમા ગુણસ્થાનના અંત સમય સુધી તો ચારિત્ર વડે પરવેદના મટેલી, કેમકે ત્યાં મોહનો અભાવ થયો હતો;...**' એમ લીધું છે.

એમ કહે છે ને કે ચોથું ગુણસ્થાન થયું એટલે હવે તે જ્ઞાની થયા અને તેના સર્વ પરિણામ જ્ઞાનમયી છે. તો કહે, એમને રાગ થયો ને? એ પરિણામ પણ જ્ઞાનમય છે. કેમ? કે રાગનો નિષેધ કરે છે માટે. પુણ્યના પરિણામ થયા ને? કે પુણ્ય છે તે હેય છે એવું જ્ઞાન ત્યાં વર્તે છે માટે જ્ઞાનમય પરિણામ છે. વળી કહે કે બારમા ગુણસ્થાને અજ્ઞાની છે. તો ત્યાં આ જ્ઞાનનો નિષેધ નથી કાંઈ. ચોથા ગુણસ્થાને જે જ્ઞાનમયપણું કહ્યું એનો નિષેધ નથી. ત્યાં જે નિષેધ છે એ તો જ્ઞાનનું અલ્પત્વ છે એમ બતાવીને અજ્ઞાન કહેવું છે. એ આખી વિવિક્ષા જ જુદી છે. એમ વાત છે.

મુમુક્ષુ :- બારમા ગુણસ્થાનના અંતે...

પૂજ્ય ભાઈશ્રી :- બારમા ગુણસ્થાનના છેડે તો બિલકુલ પછી પરવેદન રહેતું નથી. સર્વથા ચારિત્ર થઈ ગયું યથાખ્યાતચારિત્ર એટલે સર્વથા ચારિત્ર થઈ ગયું એટલે ત્યાં તો પછી પરવેદન રહેતું નથી. પણ દસમા સુધી છે.

મુમુક્ષુ :- દસમા સુધી તો ...

પૂજ્ય ભાઈશ્રી :- પ્રકૃતિનો ઉદય છે અંદર. અને એને અનુસરતું અબુદ્ધિપૂર્વકનું પરિણમન છે. અબુદ્ધિપૂર્વકનું પરિણમન છે માટે ત્યાં પરવેદન છે. પણ એકત્વ જે ચોથા ગુણસ્થાને છૂટ્યું એ તો ક્યાંય નથી, ચોથે પણ નથી અને દસમે ગુણસ્થાને પણ નથી.

મુમુક્ષુ :- દસ, અગિયાર અને બાર...

પૂજ્ય ભાઈશ્રી :- અગિયારમાં તો આવે નહિ ક્ષપક શ્રેણીવાળો. દસથી સીધો બારમામાં આવે. બારમાની અંદર પછી જેટલું છે એ બાકીનું ખલાસ થઈ જાય છે. જે કાંઈ રહે છે એ ખલાસ થઈ જાય છે છેલ્લે છેલ્લે. અને બારમાના છેડે કાંઈ રહેતું નથી. એમ લેવું. ઘાતિ કોઈ રહેતા નથી. ઘાતિને વેદે. અઘાતિને વેદવાનો પ્રશ્ન નથી.

મુમુક્ષુ :- જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય જે રહી જાય એટલા પૂરતું જ રહે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલા પૂરતું જ રહે. ઘાતિ ગયા ને એટલા પૂરતું.

મુમુક્ષુ :- દસમાના અંત સમયમાં...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. જેટલો ઉદય છે એટલું. જે જે પ્રકૃતિઓ બાકી રહી ગઈ અને જેનો ઉદય સંચિત કર્મનો રહ્યો એટલા કર્મને વેદે છે, એટલો પુદ્‌ગલને વેદે છે, એટલું પરવેદન છે એમ લેવું છે. પણ કેવું? કે પાછા વળતું, આગળ વધતું નહિ. વળતા પાણી જેને કહીએને આપણે? એમ ઓસરતું છે. ઓટ આવે છે એમાં. ઉદય બાજુનો ઉત્સાહ નથી. ઉદયથી ઓટ આવે છે પરિણામની અંદર. પરિણામ પાછુ વળે છે ત્યાં. પણ છે તો ખરું ને. જેમકે ઓટનું પાણી પહેલા અહીંયાં હતું પણ પાણી તો હતું ને. ભલે ઓટનું હતું તોપણ. પછી ભલે અહીંથી ખસી ગયું અને ખસતું જાય છે. પણ પાણી છે એ તો છે જ ગણાય ને. એમ એવી રીતે.

મુમુક્ષુ :- ઉદયાધીન...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અંશ રહે છે. ઉદયાધીન અંશ રહે છે. બહુભાગ અંશ પાછો વળી જાય છે. કોઈ અંશ રહે છે એટલા પૂરતો. અને છેલ્લો જે જઘન્ય અંશ રહે છે એ નવા બંધનું કારણ નથી થતું. કેમકે ચીકાશ ગઈ. એક અંશ ચીકાશ છે એ નવા સંબંધનું કારણ થતું નથી. જેમ પરમાણુમાં એમ રાગમાં. અબુદ્ધિપૂર્વકનો છેલ્લો અંશ છે એ નવા બંધનું કારણ નથી થતું.

મુમુક્ષુ :- કોઈ વિવિક્ષાથી એમ કહેવાય છે કે પરનું વેદન... ..અજ્ઞાનીને પણ પરનું વેદન થતું નથી, પરનું વેદન કરી શકતો નથી. એક ન્યાય આ પણ આવે છે. ચોથામાં પરનું

વેદન છૂટી જાય એકત્વ જે હતું એ છૂટી જાય. દસમા સુધી ...

પૂજ્ય ભાઈશ્રી :- અપેક્ષા જુદી જુદી છે. દરેક જગ્યાએ વાદ જુદી જુદી કહેવા માગે છે. ત્યાં અધ્યાસ લેવો છે. જે ખરેખર પુદ્‌ગલને અનુભવી શકાતું નથી એમ કહેવાનું છે. ચોથા ગુણસ્થાને અધ્યાસનો અભાવ છે. ... પ્રકારનો અનુભવ નથી થતો કે પરપદાર્થ મને વેદાય છે, ભોગવાય છે. એવો અનુભવ નથી થતો. મને જ્ઞાન વેદાય છે. મારા ગુણનું વેદન છે, મારા સ્વરૂપનું વેદન છે, મારા ચૈતન્ય પરિણામનું વેદન છે. વિભાવનો મારામાં અભાવ છે એનું પણ મને વેદન નથી. એવો ત્યાં અનુભવ છે. છતાં વિભાવ એની દશામાં છે.

મુમુક્ષુ :- દશાનું વેદન છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ દશાનું વેદન છે. ભલે તન્મય થઈને નથી પણ દશાનું તો વેદન છે કે નહિ? એ અહીંયાં લેવું છે. છેલ્લે છેલ્લે અહીંયાં લેવું છે. દશાને વેદવી, વિભાવદશાને વેદવી, વિભાવદશાને એકત્વપણે વેદવી બે જુદી જુદી વાત છે. એમ કહેવું છે. અને અજ્ઞાન અવસ્થામાં તો દેહની અશાતાને વેદું છું એમ માને છે. ઠંડી, ગરમીને વેદું છું, ગળપણને અને કડવાશને વેદું છું એમ અનુભવ થાય છે. ત્યાં સુધીની વાત છે. એમ પરના વેદનની છે.

‘**તેરમા ગુણસ્થાને જ્ઞાન કેવળ અદ્વૈત થયું. ત્યાં જ્ઞાનમાં નિશ્ચયથી (-તન્મયપણે) પરનું જાણપણું નથી;...**’ ત્યાં જ્ઞાનમાં નિશ્ચયથી પરનું જાણપણું નથી. એમાં ચોખવટ કરી કે તન્મયપણે પરનું જાણપણું નથી એને નિશ્ચય કહે છે. પણ પ્રતિબિંબ પડતું નથી એમ કહેવાનો અભિપ્રાય નથી. એમ કહેવું છે. ‘**વ્યવહારથી લોકાલોક પ્રતિબિંબિત થયા-તેથી એમ કહ્યું કે આ સમાધિ ચારિત્ર વિવક્ષામાં બારમા ગુણસ્થાનના અંતે છે.**’ તેથી એમ કહ્યું કે આ સમાધિ ચારિત્ર વિવિક્ષામાં બારમા ગુણસ્થાનના અંતે અસંપ્રજ્ઞાત નામની સમાધિ છે. કેમકે ત્યાં પછી કોઈ પુદ્‌ગલનો ઉદય નથી રહેતો અને એ પ્રત્યેનો કોઈ પરિણામ અંશ પણ નથી રહેતું.

‘**કેવળ(જ્ઞાન)માં વ્યક્ત છે, ત્યાં સાધકઅવસ્થા નથી, પ્રગટ પરમાત્મા છે.**’ કેવળજ્ઞાન થયું તે તેરમા ગુણસ્થાને તો પ્રગટ પરમાત્મા જ પોતે છે. ‘**આ અસંપ્રજ્ઞાત સમ-ાધિના ભેદ જાણવા. સાધક અવસ્થામાં કહેવાયેલા (શબ્દ), જ્ઞાનાદિ ત્રણ ભેદ અહીં પણ લગાડવા.**’ ‘**સમાધિના આ તેર ભેદ છે તે પરમાત્મપદ પામવાના સાધક છે.**’ જુદા જુદા પડખાથી એટલા માટે કીધું કે આવા જુદા જુદા પડખેથી લોકોને ભ્રમ રહે છે અને વિવાદમાં આવી જાય છે માટે એની ચોખવટ કરે છે દરેક પ્રકારની.

મુમુક્ષુ :- આ સમાધિના ભેદનું જે પ્રકરણ છે એ પોતે જાણે છે કે શાસ્ત્રમાં આવે છે?

પૂજ્ય ભાઈશ્રી :- આપણે તો શાસ્ત્રમાં કાંઈ જોયું નથી. એમણે વાંચ્યું હોય અને એમ-

ાંથી લીધું હોય એ જુદી વાત છે. આપણે તો જોયેલું નથી તેર ભેદવાળું કોઈ સમાધિ પ્રકરણ આવતું નથી. 'શુભચંદ્રાચાર્ય'નું જ્ઞાનાર્ણવ છે પણ એમાં સમાધિના તેર ભેદની વાત નથી આવતી. બીજે ક્યાંય જોવામાં નથી.

**'આ ગ્રંથમાં પહેલાં તો પરમાત્માનું વર્ણન કર્યું (અને) પછી પરમાત્મપદની પ્રાપ્તિનો ઉપાય દેખાડ્યો, જે પરમાત્માનો અનુભવ કરવાને ચાહે તે આ ગ્રંથને વા-રંવાર વિચારે.'** જેને પરમાત્માનો અનુભવ કરવો હોય એણે આ ગ્રંથ વાંચવો. એટલે એમ કહેવું છે કે હું પણ મારા પરમાત્મસ્વરૂપનો અનુભવ કરીને આ ગ્રંથની રચના કરું છું. માત્ર કોઈ બીજું શાસ્ત્ર વાંચ્યું છે અને એ શાસ્ત્ર વાંચ્યું એટલે મને સમજાણું છે અને એ સમજાણું એ ક્ષયોપશમના આધારે હું નથી કહેતો. એમ કહે છે. મને પરમાત્માનો અનુભવ વર્તે છે, મેં પરમાત્માનો અનુભવ કર્યો છે અને આ વર્ણન કર્યું છે. માટે જેને પરમાત્માનો અનુભવ કરવો હોય એણે આ વાંચવું, સમજવું.

મુમુક્ષુ :- વાંચવું અને વારંવાર વિચારવું.

પૂજ્ય ભાઈશ્રી :- આ ગ્રંથને વારંવાર વિચારે. એ તો છે જ. ખાલી વાંચી જાય એથી શું? ઘણા ક્ષયોપશમવાળાની એ પદ્ધતિ હોય છે. વાંચી જાય અને ઘણું વાંચી જાય પણ ઊંડા ન ઉતરે. એ પદ્ધતિ બરાબર નથી. થોડું વાંચે એનો વાંધો નહિ. પણ જ્યાં પ્રયોજનભૂત વિષય હોય એના ઊંડાણમાં જેટલી શક્તિ હોય એટલી શક્તિનો પ્રયોગ કરીને એના ઊંડાણમાં જાય એવી રીતે એનું વાંચન હોવું જોઈએ. એના બદલે વાંચી જાય ફટાફટ. વાંચી જાય, ઘણું વાંચે એનો અર્થ શું થયો? એમાં શું જાણપણું થઈ જાય. બુદ્ધિ હોય, ક્ષયોપશમ હોય, ધારણા શક્તિ હોય, સમજવાની શક્તિ હોય તો થઈ જાય.

... વિશાળતાનો વિષય નથી. અધ્યાત્મ તો ઊંડાણનો વિષય છે. કૂવો જેમ ઊંડો ખોદો અને પાણી નીકળે અને તળાવ પહોળું હોય તોપણ પાણી હોય છે. આ કૂવાની જેમ ઊંડા ઉતરવાની વાત છે. જાજું પાણી તળાવમાં હોય એ કામ નથી અહીંયાં. એ જ્ઞાનનું કામ નથી. જ્ઞાનના એવા પાણીનું કામ નથી. ઊંડો કેટલો જાય છે જીવ એની કિંમત છે.

**'આ ગ્રંથ દીપચંદજી સાધર્મીએ કર્યો છે. સાંગાનેરમાં નિવાસ હતો, (ત્યાંથી) આમેરમાં આવ્યા...'** આંબેર નહિ પણ 'આમેર'માં આવ્યા. અત્યારે 'આમેર' કરીને ગામ છે. 'સાંગાનેર' પણ ગામ છે. બેય 'જયપુર'ની બાજુના જ ગામડા છે. 'સાંગાનેર'ના વતની હતા. પછી 'આમેર'માં આવીને વસ્યા હતા. **'આવ્યા ત્યારે આ ગ્રંથ કર્યો. સંવત્ ૧૭૭૯ના...'** આજે ૧૯૭૯માં બસ્સો વર્ષ પૂરા થયા. ૨૧ અને ૪૭. ૬૮. ૨૬૮ વર્ષ પહેલા આ ગ્રંથ પૂરો કરેલો છે. **'ફાગણ વદ ૫ના રોજ આ ગ્રંથ પૂર્ણ કર્યો. સંતજનો તેનો**

**અભ્યાસ કરજો.**' લ્યો ઠીક! ૨૬૮ વર્ષ પહેલા આ ગ્રંથ લખ્યો. અઢીસો વર્ષ પહેલા એમની હયાતી હતી. 'સાંગાનેર'ના મૂળ વતની હતા પછી 'આમેર'માં આવીને રહેલા. 'આમેર' તો અત્યારે ઘણું નાનું ગામ છે અને તોપણ ત્યાં જિનમંદિરો છે અત્યારે. 'આમેર'માં જિનમંદિરો છે. 'સાંગાનેર'માં પણ જિનમંદિરો છે.

મુમુક્ષુ :- 'સાંગાનેર'માં...

પૂજ્ય ભાઈશ્રી :- 'જયપુર' તો પાછળથી વસેલું છે. આ ગામડા જૂના હશે એવું લાગે છે. આમાં 'સાગાનેર, આમેર' એ બધા જૂના ગામડા છે. અઢીસો વર્ષ પહેલા તો આ જુઓને 'સાંગાનેર'થી 'આમેર'માં આવ્યા છે 'દીપચંદજી' પોતે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. રાજસ્થાનની રાજધાની. 'આમેર'નો કિલ્લો છે. આમેરનો કિલ્લો છે. ત્યાં રાજધાની હતી પહેલા પછી 'જયપુર' વસેલું છે. ત્યાં અમે ગયા હતા 'આમેર' ગયા ત્યાં દર્શન કરવા જિનમંદિરમાં. કિલ્લા ઉપર થઈને જાવું પડે છે. પહાડ ઉપર કિલ્લો છે. ત્યાં એક માતાનું મંદિર છે. હજી પણ .. થાય છે. અમે લગભગ ૧૧-૧૨ના ગાળામાં ત્યાં પહોંચ્યા હતા. રોજ ત્યાં પ્રાણીનો વધ બોકડાને કાપતા હશે. પછી તો ત્યાં લોહીના ડાઘા રહે ને? એટલે જૂનું લોહી હોય એ કાળું થાય, નવું હોય એ લાલ હોય. પણ તાજા ડાઘા દેખાતા હતા. જુઓ! આજે આ કામ કોઈકે કર્યું લાગે છે. હજી એવી અંધશ્રદ્ધા ચાલે છે કે આજે પણ રોજ ત્યાં પ્રાણીઓનો વધ કરે છે. માતાના મંદિરે. માતાનું મંદિર ... અંધશ્રદ્ધામાં આ જમાનામાં પણ એવું ચાલે છે. માણસોનો હાલોચાલો ન હોય એ વખતે ... અત્યારે તો જરાક સમાજની અંદર ઉકળાટ થાય. હિંસામાં ધર્મ માને છે. આ અંધશ્રદ્ધા શું શું કરાવેક છે. મિથ્યાત્વનો કણિયો રહ્યો હોય તો કેવું બાળે. ગામ બાળે. જેમ અગ્નિનો કણિયો ગામ બાળે એમ મિથ્યાત્વનો કણિયો શું કરાવે? આપણે તો હજી કાપતા ન જોયા હોય પણ લોહી જુઓ તો ત્રાસ થાય. .. કાપે ત્યાં તો પછી ઘણું બગડેલું હોય. તોપણ ત્રાસ થાય. હજી અહીંયાં આવું ચાલતું હશે? મિથ્યાત્વમાંથી પાંગરીને બધું થાય છે. આમ કરવાથી લાભ છે, પરદ્રવ્યની ક્રિયાથી લાભ છે એ અહીં સુધી પરદ્રવ્યની ક્રિયા જાય છે. એક શરીરની ક્રિયાથી ધર્મ માને એ બોકડો વધેરશે. આજે આમ માને છે, કાલે (બોકડો વધેરશે). આજે એમ કહે છે કે હું શરીરથી ધર્મ કરું છું. આ સ્વાહા કર્યું. કાલે શું કરશે કહી ન શકાય.

મુમુક્ષુ :- કલકત્તામાં હજી થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'કલકત્તા'માં થાય છે મહાકાળીના મંદિરમાં. આ પણ કાળીનું જ મંદિર હતું. ખાસ કરીને કાળીનું મંદિર હોય છે, કાળીમાનું ત્યાં હિંસા થતી હોય છે.

મુમુક્ષુ :- 'ટોડરમલજી' પહેલા થઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'ટોડરમલજી'ને પોણા બસ્સો વર્ષ થયા. આમને લગભગ પોણા ત્રણ સો વર્ષ પહેલા થયા. 'ટોડરમલજી' પહેલા સો વર્ષ પહેલા થયા. પણ રાજસ્થાનમાં જ્ઞાનીઓ થતા આવ્યા છે. છેલ્લા ૩૦૦-૪૦૦ વર્ષમાં 'બનારસીદાસ'ને લગભગ ૪૦૦ વર્ષ થયા, સાડા ચારસો વર્ષ થયા. ત્યારથી જોઈએ છીએ તો એ 'બનારસીદાસ', પછી આ 'દોલતરામજી', 'બુધજનજી', 'ભાગચંદજી', 'ટોડરમલજી', 'દીપચંદજી'.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- .. થયા, થયા. ઘણા થતાં આવ્યા છે. એ બધાની સ્તુતિઓ, ભજનો બધું પ્રસિદ્ધ છે. ગુજરાતમાં છેલ્લા સો વર્ષમાં 'શ્રીમદ્‌જી' થયા અને 'ગુરુદેવ' થયા. આપણે ગુજરાતમાં કોઈ .. દેખાતું નથી. આટલા સેંકડો વર્ષમાં કોઈ નથી દેખાતું.

મુમુક્ષુ :- હશે જ નહિ ને?

પૂજ્ય ભાઈશ્રી :- આ બાજુ કોઈ દિગંબર ધર્મ પણ નહિને. શ્વેતાંબરનો ફેલાવો છે. દિગંબર નથી. ત્યાં તો દિગંબર ધર્મ રહી ગયો ને રાજસ્થાનમાં, યુ.પી.માં, એમ.પી.માં દિગંબર ધર્મ રહી ગયો.

મુમુક્ષુ :- યુ.પી.માં ઓછો છે, મધ્યપ્રદેશ કરતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મધ્યપ્રદેશ કરતા એમ.પી. ઘણો છે. યુ.પી. અને એમ.પી.માં એમ.પી.માં વધારે છે. બરાબર છે.

મુમુક્ષુ :- એમ.પી. અને રાજસ્થાન.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ.પી. રાજસ્થાનમાં જોકે શ્વેતાંબર થોડો વ્યાપ્યો વધારે છે. ઓલાપણે યુ.પી.માં ઓછો છે. યુ.પી.માં શ્વેતાંબર ઓછો છે. દહેરાદુન બાજુ તો કોઈ ઓળખે જ નહિ. 'દરેહાદુન' આપણે ગયા હતા તો જૈન કહો એટલે દિગંબર જ સમજે. શ્વેતાંબર સમજે જ નહિ ત્યાં. શ્વેતાંબર મંદિર પણ નથી.

મુમુક્ષુ :- એ બાજુ દિગંબરની વસ્તી ઘણી છે.

પૂજ્ય ભાઈશ્રી :- દિગંબરની વસ્તી ઉત્તરમાં પાછી ઘણી છે. 'સહરાનપુર', 'દહેરાદુન', 'હસ્તિનાપુર' એ બાજુ ... એક 'સીતાજી'નું મંદિર છે 'દહેરાદુન'માં. શ્વેતાંબર કેટલા? તો કહે, અહીં કોઈ શ્વેતાંબર સમજે જ નહિ. જૈન અટક એ દિગંબર જ સમજે. અટક જ જૈન લખે એ લોકો. દિગંબર સાહિત્ય તો જ્ઞાનીઓના વચનો છે ને? એટલે એમાંથી કોઈને કોઈ... કોઈને કોઈ સંસ્કારી જીવોને યોગ થાય અને પામી જાય. એમ બને છે. મૂળ વચનો રહી જાય છે, શાસ્ત્રો રહી જાય છે તો કોઈ સંસ્કારી જીવોનો યોગ મેળ થઈ જાય છે.

દોહો છે છેલ્લો.

**દેવ પરમ મંગળ કરો, પરમ મહાસુખદાય**
**સેવત શિવપદ પામીએ, હે ત્રિભુવનકે રાય.**

હે સર્વજ્ઞ ત્રિભુવનના દેવ તમે મંગળ કરો. મહાસુખના આત્મિક મહાન સુખના દેનારા છે અને એમની સેવા કરતા શિવપદને પામીએ. ભગવાનની ભક્તિ કેટલી આવી છે! એમની સેવા કરતા શિવપદને પામીએ. ભાવ આવે છે ને? જિનેન્દ્રને જોવે છે તો પોતાને આત્મભાવ એ નિમિત્તે ઉત્પન્ન થાય છે. આરોપ ભગવાન ઉપર કરે છે. યોગ્યતા પોતાની છે પણ આરોપ ભગવાન ઉપર કરે છે. એક લોકોત્તર સજ્જનતા છે એ બધી. કરે છે પોતે, આરોપ ગુરુ ઉપર અને ભગવાન ઉપર કરે છે. લોકોત્તર સજ્જનતા છે.

‘**એ પ્રમાણે શ્રી સાધર્મી શાહ દીપચંદ કાસલીવાલકૃત ચિદ્‌વિલાસ નામના અધ્યાત્મગ્રંથનો ગુજરાતી અનુવાદ સંપૂર્ણ થયો.**’ આ ગ્રંથ અહીંયાં પૂર્ણ થયો.

**તા. ૧૯-૭-૧૯૯૧, પાના નં. ૮૧**
**પ્રવચન નં. 31**

...ગુણ વિના જ દ્રવ્ય પર્યાય છે અને પર્યાય પણ દ્રવ્યગુણ વિના છે. એનું એક આખું પ્રકરણ છે. કાર્યકારણનું જે પ્રકરણ છે એ એવું પ્રકરણ 'ચિદ્‌વિલાસ'માં લીધું છે. બહુ સૂક્ષ્મ છે ને આ તો સિદ્ધાંતનો ગ્રંથ. તો એમાં પ્રકરણ એવું લીધું છે.

'**એક સમયનાં કારણ-કાર્યમાં ત્રણ ભેદ**' દ્રવ્યના કારણકાર્ય દ્રવ્યમાં જ છે, ગુણના કારણકાર્ય ગુણમાં જ છે અને પર્યાયના કારણકાર્ય પર્યાયમાં જ છે.

મુમુક્ષુ :- એ તો ષટ્‌કારકમાં આવે જ છે ને કારણકાર્ય તો.

પૂજ્ય ભાઈશ્રી :- જુઓ, જે પર્યાયવીર્ય કહેવાય છે, પર્યાયની તાકાત. હવે વીર્ય નામનો તો એક ગુણ છે આત્મામાં, પુરુષાર્થ નામનો તો ગુણ છે. છતાં એ તો ધ્રુવ અને શક્તિરૂપ છે અને પર્યાય તો વ્યક્તરૂપ છે. તો શક્તિ આવે છે એની વાત જુદી છે અને વ્યક્તિની વાત જુદી છે. દિવાસળીની અગ્નિ કોઈને બાળે નહિ. પણ એક તણખો હોય તો આખા ગામને બાળે. પ્રગટ અગ્નિ છે એ તણખારૂપે હોય તો આખા ગામને બાળે. અને ગોડાઉનની અંદર માસીચના બંડલના બંડલ ખડક્યા હોય એની અંદર લાખો દિવાસળી હોય. કાંઈ વાંધો નહિ. બાજુમાં પેટ્રોલનું ગોડાઉન હોય તોપણ વાંધો નથી. ઘાસતેલના ડબા ભર્યા હોય બાજુમાં તો વાંધો નથી. તણખો હોય તો એને દૂર રાખવું પડે. પેટ્રોલની ટાંકી ઉપર એમ લખવું પડે કે નેકેડ લાઈટ વન હન્ડ્રેડ યાર્ડ અવે—દૂર રાખવા. ૧૦૦ મીટર પેટ્રોલને દૂર રાખો. શેનાથી? કે સળગતી અગ્નિથી. માચીસનું આખું માચીસ ત્યાં મૂકી દયો તો કાંઈ વાંધો નથી. તણખો ન મૂકાય. બાજુમાં ન રખાય તણખો. પકડી લે. દૂરથી પકડી લે એને. અગ્નિને સ્પર્શ આપવાની જરૂર નથી. એ દૂરથી પકડે. ઓલી અગ્નિ છે એ તો દૂરથી પકડે એના દાહ્યને. અને શક્તિરૂપ અગ્નિ હોય તો એના ઘરમાં મૂકે તો વાંધો નથી. કાંઈ ન થાય. તો શક્તિ-વ્યક્તિનો આ ડિફરન્સ તો સમજવો જોઈએ ને. કેટલું સ્વતંત્ર છે એ. વ્યક્તિ કેટલી સ્વતંત્ર છે. એમ પર્યાય સ્વતંત્ર છે. હજારો દૃષ્ટાંતથી બેસે એવું છે કે પર્યાયની સ્વતંત્રતા છે.

મુમુક્ષુ :- સ્વરૂપ મહિમાવંત હોવા છતાં પણ પર્યાય અંતર્મુખ નથી વળતી એ બેયની

સ્વતંત્રતા દેખાડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાયની સ્વતંત્રતા અનંત કાળથી ઊંધી ચાલે છે. સંસારમાં જે સંસારી પર્યાય છે જીવની એ અનંત કાળથી વિપરીત શું કરવા ચાલે? સ્વભાવમાં તો એવો ગુણ જ નથી પરિણમવાનો. સ્વરૂપમાં એવી શક્તિ નથી કે સંસારપર્યાય થાય જીવની.

જ્યારે આ પ્રશ્ન આવ્યો ત્યારે પહોલો મોટો દૃષ્ટાંત એ જ આપ્યો હતો કે જીવની પર્યાયમાં અનંત કાળથી સંસાર છે એ પર્યાયની સ્વતંત્રતાને સાબિત કરી દે છે. જીવમાં કોઈ સ્વભાવ છે સંસારરૂપે થવાનો? સુખ ગુણમાં દુઃખ થવાનો કોઈ ગુણ છે? કે નહિ. પણ દુઃખ તો સુખની વિપરીત પર્યાય છે. વિકૃત પર્યાય છે એનું નામ દુઃખ છે. ગુણ નથી એવો. તો તો કોઈ દિ' દુઃખ મટે જ નહિ. એ એની સ્વતંત્રતા છે. ગુણ અવિકૃત હોવા છતાં પર્યાય વિકૃત થાય છે એ શું બતાવે છે? એની સ્વતંત્રતા વગર બતાવે છે? જો ગુણને આધિન પર્યાય હોય તો કોઈ પર્યાયમાં વિકાર હોય જ નહિ. કોઈ ગુણની પર્યાયમાં વિકાર જ ન થાય. કેમકે ગુણ એવો હોય તો કોઈ શુદ્ધ ન થાય, અવિકારી ન થાય. માટે પર્યાય સ્વતંત્ર છે. બહુ સીધી વાત છે.

આમાં તો બહુ લીધું છે. આમાં તો પર્યાયનું ક્ષેત્ર ભિન્ન, પર્યાયનું વીર્ય ભિન્ન એમ ચાર બોલ લીધા છે. 'ગુરુદેવ' વારંવાર એનો આધાર આપતા હતા. એમને ખ્યાલ હતો કે આ નથી બેસતું એટલે વારંવાર 'ચિદ્વિલાસ'નો આધાર આપીને બોલતા હતા. '**પર્યાયનું કારણ પર્યાય જ છે. ગુણ વિના જ (અર્થાત્ ગુણની અપેક્ષા વગર જ)**' એટલે આના ઉપર 'ગુરુદેવ'ને 'ભાવનગર' પધાર્યા ત્યારે એક પ્રશ્ન પૂછયો હતો કે જ્ઞાનનો જે ઉપયોગ એ જ્ઞાનગુણની પર્યાય કહેવાય છે. એને અને જ્ઞાનગુણને સંબંધ શું તો પછી? આપણે સંબંધ નથી એ તો આપ સ્પષ્ટ કહો છો, એ રાખીને વાત છે. પર્યાય સ્વતંત્ર છે. પણ જ્ઞાનની પર્યાય જ્ઞાનગુણને જાણ્યો કે નહિ? આત્મામાં જ્ઞાનશક્તિ છે અને એની પર્યાય ઉપયોગરૂપે થાય છે. તો એ ઉપયોગ અને જ્ઞાનગુણને શું સંબંધ? તો કે નિમિત્ત-નૈમિત્તિક. કર્તા-કર્મ ન કીધું. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. શું? કે જ્ઞાનના ઉપયોગમાં જેમ બીજું જ્ઞેય જણાઈ ગયું નિમિત્ત તરીકે એમ જ્ઞાનગુણ જણાઈ ગયો નિમિત્ત તરીકે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહ્યો. કર્તાકર્મ સંબંધ ન કહ્યો ઉત્તરમાં. આ તો સીધી ચર્ચા ચાલી હતી. આ પ્રશ્ન જાહેરમાં પૂછયો હતો 'ભાવનગર' પધારેલા ત્યારે. જ્ઞાનના ઉપયોગને જ્ઞાનગુણ સાથે શું સંબંધ? નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. જે પરને જાણે એ સ્વને જાણે. પતી ગયું જાવ. એક સ્વજ્ઞેય અને એક પરજ્ઞેય. ફિનીશ. એવી વાત છે.

મુમુક્ષુ :- ક્ષેત્રમાં કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- એ ગુણ વિના જ.. ગુણ વિના જ ગુણની અપેક્ષા વગર જ પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે. હવે જ્યારે પર્યાયની સત્તા છે એ સત્તા છે એ ક્ષેત્ર જે છે એ સત્તાગુણની અવસ્થા છે. પ્રદેશત્વ છે એ સત્તાગુણની અવસ્થા છે. હવે જો ગુણ વિના જ પર્યાયની સત્તા પર્યાયનું કારણ હોય તો ક્ષેત્ર જુદું થયું કે ન થયું? અને જો બંનેનું સર્વથા એક ક્ષેત્ર હોય તો, ગુણ અને પર્યાયનું સર્વથા એક ક્ષેત્ર હોય તો પર્યાયના વિનાશ કાળે ગુણનું ક્ષેત્ર વિનાશ થઈ જાય. ગુણના ક્ષેત્રનો વિનાશ થઈ જાય.

ટીવીનો પડદો છે. બરાબર? એના ઉપર પિક્ચર આવે છે. એ બંનેનું ક્ષેત્ર એક થયું કે નહિ? પણ સર્વથા એક નથી. જો સર્વથા એક હોય તો પિક્ચરમાં આગ લાગે ત્યારે પડદામાં આગ લાગી જાય. જે પિક્ચરમાં આગ લાગી હોય, એનું જો ક્ષેત્ર સરખું હોય તો પિક્ચરમાં આગ લાગે તો પડદામાં લાગે અને એ પિક્ચર બદલાઈ જાય તો પડદો પણ બદલાય જાય. પડદો એમ ને એમ રહી જાય છે અને પિક્ચર બદલાયા જ કરે છે. માટે એક ક્ષેત્ર હોવા છતાં પણ કથંચિત્ ક્ષેત્ર ભિન્નતા છે.

મુમુક્ષુ :- એ રીતે પણ કથંચિત્ તો બેસે છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં કથંચિત્ ભિન્ન છે. સર્વથા ભિન્ન હોય તો બે પદાર્થ થઈ જાય. એટલે એક અપેક્ષાએ જે ગુણના પ્રદેશો છે તે પર્યાયના પ્રદેશો છે. પણ પર્યાય બદલાય જાય છે અને ગુણ નથી બદલાતા માટે ક્ષેત્ર ભિન્નતા પણ છે.

મુમુક્ષુ :- સાયન્સ છે.

પૂજ્ય ભાઈશ્રી :- સાયન્સ એટલે ભૌતિક સાયન્સ તો કાંઈ નથી એની પાસે. એવું સરસ છે. સૂક્ષ્મ .. છે ને એટલે. ઘાટકોપર હું વાંચનમાં આવેલો ત્યારે .. ત્યાં ક્ષેત્ર ભિન્નતાનો (પ્રશ્ન) ચાલ્યો હતો. અને સૂર્યકીર્તિ ભગવાનની સ્થાપના ઘાટકોપરમાં થઈ ત્યારે પેલા એક મુમુક્ષુએ તો બીજાને કાંડુ પકડીને ઊભા રાખી દીધા હતા. ક્ષેત્ર ભિન્નતા કેવી રીતે કહો છો? મારે તો એ બરાબર વાંચનમાં એજન્ડા ઉપર વિષય આવ્યો. પછી આગમ અધ્યાત્મની વિવિક્ષા જુદી જુદી આપી. હવે જેને પ્રશ્ન હોય એ કહો. ખુલ્લી પછી ચેલેન્જ આપી. હવે આમાં પ્રશ્ન હોય ઈ કહો. આગમથી ક્ષેત્ર ભિન્નતા નથી, અધ્યાત્મથી ક્ષેત્ર ભિન્નતા ... જો ત્રિકાળીનું અવલંબન લેવું હોય તો અને પર્યાયનું અવલંબન છોડવું હોય તો. દ્રવ્યની સત્તાનું અવલંબન લેતા પર્યાયની સત્તાનું અવલંબન ન રહે. માટે પર્યાયની સત્તા ભિન્ન છે, જાવ. અધ્યાત્મનો વિષય છે. આગમથી? તો કહે, એક દ્રવ્યની સત્તામાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેની એક જ સત્તા છે. ભિન્ન સત્તા નથી. કેમકે અસ્તિત્વ ઉત્પાદવ્યયધ્રુવયુક્તં છે.

**'પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે; પર્યાયનું સૂક્ષ્મત્વ પર્યાયનું કારણ છે, પર્યાયનું**

**વીર્ય પર્યાયનું કારણ છે, પર્યાયનું પ્રદેશત્વ પર્યાયનું કારણ છે.**' ચાર બોલ લીધા છે. એમાં પ્રદેશનો બોલ લીધો છે આમણે. અહીંથી .. પર્યાયની સત્તા જુદી, ભિન્ન સત્તા છે.

મુમુક્ષુ :- આમાં કોઈ પંડિતજીને કાંઈક વાંધો હતો ને?

પૂજ્ય ભાઈશ્રી :- એ આ જ છે. પર્યાયની સત્તા ભિન્ન છે એ ભાઈ માને છે. એ તો 'ગુરુદેવ' કહેતા હતા અને શાસ્ત્ર કહે છે. ... પણ એ કેટલુંક નથી બેસતું એમ નથી. એક નથી બેસતું તો બધું નથી બેસતું. એક ન બેસે તો બધું ન બેસે.

મુમુક્ષુ :- આખું અધ્યાત્મ નથી બેસતું એમ થઈ ગયું ને?

પૂજ્ય ભાઈશ્રી :- આખું અધ્યાત્મ. આખું અધ્યાત્મ બેસતું નથી તો અધ્યાત્મની એવી વાત આવે ત્યારે એલર્જીક કન્ડીશન થાય સીધી જ તે. થયા વગર રહે નહિ. કેમકે વિરુદ્ધતા છે ને? એ વિપરીતતા કામ કરે છે. સીધી એલર્જી (થાય).

હવે કહો કયા ધર્માત્માને અધ્યાત્મ નથી? 'સોગાનીજી'ની વિશિષ્ટ એક વાત છે. પણ ક્યા ધર્માત્માને અધ્યાત્મનું પડખું ન હોય? એ તો એમનું હૃદય છે. અધ્યાત્મ જ એમનું હૃદય છે, એ જ એમનું સર્વસ્વ છે. જેટલા ધર્માત્મા અનંતા છે એ બધાની એલર્જી ઊભી થાય, દેવ-ગુરુ-શાસ્ત્રની એલર્જી ઊભી થાય. હવે મૂળ પ્રકરણ લઈએ.

મુમુક્ષુ :- એલર્જીની અંદર એક દ્વેષભાવમાં આવી જવાય એવું બને?

પૂજ્ય ભાઈશ્રી :- આવી જાય. અણગમો થાય ને એ દ્વેષભાવ છે. આવી જ જાય.

મુમુક્ષુ :- તત્ત્વનો દ્વેષ થવા માંડે.

પૂજ્ય ભાઈશ્રી :- તત્ત્વનો દ્વેષ થાય, આત્માનો દ્વેષ, સ્વરૂપનો દ્વેષ થઈ જાય. કેમકે કહેનાર આચાર્ય હોય છે, જ્ઞાની ધર્માત્મા હોય છે. કોઈ એમ કહે કે અમને એના વચન સાથે વાંધો નથી, એમની સાથે વાંધો નથી પણ એમના વચન સાથે વાંધો છે. આ એમની સાથે વાંધો થઈ ગયો.

બાળક પ્રિય છે. ઘરની અંદર બાળક છે એ પ્રિય છે તો એની તોતડી વાણી પ્રિય કેમ લાગે છે? કેમકે બાળક પ્રિય છે માટે. અમને 'શ્રીમદ્ રાજચંદ્ર' ગમે પણ એમના વચન ન ગમે તો શું દશા થાય? કે તમને 'શ્રીમદ્ રાજચંદ્ર' જ ગમતા નથી. એમ છે. ... બાકી અમે એમને વંદન કરીએ છીએ. તારા વંદન ખોટા છે. એ વ્યક્તિ ગમે, જ્ઞાની ગમે તો જ્ઞાનીના વચનોની પ્રીતિ, ભક્તિ થયા વગર રહે નહિ. જેને જ્ઞાનીની ભક્તિ છે એને જ્ઞાનીના વચનોની પ્રીતિ ભક્તિ હોય, હોય ને હોય જ. જેને જ્ઞાનીના વચનોની પ્રીતિ-ભક્તિ નથી એને જ્ઞાનીની પ્રીતિ ભક્તિ છે જ નહિ. આ સીધી વાત છે. બાળકની સાથે નક્કી કરી લ્યોને ઘરમાં. બાળક પ્રત્યે તને પ્રીતિ છે તો એની તોતડી વાણી કેમ સારી લાગે છે? એક અક્ષર બોલે ત્યાં તું

રાજી રાજી થઈ ગયો. એકના બે અક્ષર બોલે તો કેમ વધારે રાજી થયો? કેમકે તને બાળક ગમે છે. એવું છે. પોલ ચાલે એવું નથી. વાણી ગમે તો જ્ઞાની ગમે, જ્ઞાની ગમે તો વાણી ગમે. એને સીધું જ કનેક્શન છે.

મુમુક્ષુ :- ઘણી વાત ન સમજાય એવી આવતી હોય. આ બધી વાત તો ખુબ સૂક્ષ્મ છે. સાધારણ રીતે તો સમજાય એવી છે નહિ. એ વખતે મુમુક્ષુની માનસિક સ્થિતિ હોવી જોઈએ?

પૂજ્ય ભાઈશ્રી :- જિજ્ઞાસા. ન સમજાય તો જિજ્ઞાસા રાખે. જિજ્ઞાસા એ એક એવી જ્ઞાનની પર્યાય છે, એ પણ જ્ઞાનની પર્યાય છે અને શ્રદ્ધા પ્રધાન જ્ઞાનની, રુચિ પ્રધાન જ્ઞાનની પર્યાય છે કે જેના ફળસ્વરૂપે એને જ્ઞાન થાય. જો જિજ્ઞાસાવૃત્તિમાં રહે તો જેની જિજ્ઞાસા હોય એની પૂર્તિ થાય. પણ જિજ્ઞાસા મરી ગઈ હોય તો જ્ઞાન ન થાય. એટલે જિજ્ઞાસામાં રહેવું. સીધી વાત છે. તો એનું જ્ઞાન વહેલું-મોડું થાશે. તરત નહિ થાય તો વહેલું-મોડું થાશે. પણ જિજ્ઞાસા ખલાસ ન કરવી. જિજ્ઞાસા ચાલુ ને ચાલુ રહેવી જોઈએ.

એવી જ રીતે દ્રવ્યત્વ છે તે દ્રવે છે, વ્યાપે છે. જો અગુરુલઘુત્વગુણ છે તો સર્વે ગુણોનું પરિણમન અગુરુલઘુરૂપે છે.

મુમુક્ષુ :- દ્રવે છે અને પછી વ્યાપે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બેય એક ભાવમાં લીધું. દ્રવવું અને વ્યાપવું એક ભાવમાં લીધું. દ્રવ્ય પર્યાયરૂપે દ્રવે છે એમ કહો કે દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે એમ કહો, બેય એક જ વાત છે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- દ્રવ્યની પર્યાય

પૂજ્ય ભાઈશ્રી :- હા, દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે.

મુમુક્ષુ :- વ્યાપવું એ તો પ્રગટપણું છે?

પૂજ્ય ભાઈશ્રી :- હાતો.

મુમુક્ષુ :- તો દ્રવ્ય પ્રગટ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પર્યાયમાં પ્રગટ છે દ્રવ્ય. નહિતર તો ક્યાંથી પત્તો લાગે? સરનામું ક્યાંથી મળ્યું? ઓળખાણ ક્યાંથી થઈ? પ્રગટ દ્રવ્ય ઉપરથી તો દ્રવ્યની ઓળખાણ થઈ. માટે ત્યાં છે. ત્યાં સ્વભાવ છે. વ્યાપેલો છે.

વૃક્ષત્વ ક્યાં નથી? મૂળમાં વૃક્ષત્વ નથી? થડમાં વૃક્ષત્વ નથી? ડાળીઓમાં વૃક્ષપણું નથી? પાંદડામાં નથી? ફૂલ, ફલમાં (નથી)? બધા અંગ-ઉપાંગરૂપે વૃક્ષ જ પાંગર્યું છે. એમ દ્રવ્ય જ ગુણપર્યાયે પાંગર્યું છે. આ તો 'બહેનશ્રી'ની ગામઠી ભાષા છે. દ્રવ્ય જ ગુણપર્યાયે

પાંગરેલું છે. જેમ વૃક્ષ એના થડ, ડાળી, શાખા, પ્રશાખા, ફળ, ફૂલ અને પાંદડારૂપે પાંગરેલું છે એમ દ્રવ્ય જ ગુણપર્યાયે પાંગરેલું છે. અનંતા ગુણોમાં દ્રવ્ય પાંગર્યું છે, અનંતા પર્યાયોમાં પણ દ્રવ્ય પાંગરેલું છે. એમ. આ પ્રમાણ દૃષ્ટિ છે. આ પ્રમાણ દૃષ્ટિ છે. નય દૃષ્ટિમાં એનો વિષય એક અંગ છે. પ્રમાણમાં આખો પદાર્થ છે. પછી તમે ગુણને જુઓ તો એમાં પ્રમાણ પ્રધાનતાથી છે, પર્યાય પણ પ્રમાણ પ્રધાનતાથી છે.

મુમુક્ષુ :- આવા બધા કથનો આવે એને આગમપદ્ધતિથી આગમ પદ્ધતિના કથનો કહી શકાય?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે આગમપદ્ધતિ પણ છે અને એમાં અધ્યાત્મમાં પણ બધું કામ આવે છે. પ્રમાણ પણ અધ્યાત્મમાં કામમાં આવે છે, નય પણ અધ્યાત્મના કામમાં આવે છે. નિક્ષેપ પણ અધ્યાત્મના કામમાં આવે છે. એમ પણ છે. જ્યાં જેમ છે ત્યાં તેમ લેવું જોઈએ. 'સમયસાર'ની પદ્ધતિ છે એ પ્રમાણ પ્રધાન છે લ્યો. 'પ્રવચનસાર'ની પદ્ધતિ તો પ્રમાણપ્રધાન છે જ, પણ 'સમયસાર'ની પદ્ધતિ પણ પ્રમાણપ્રધાન છે.

મુમુક્ષુ :- દૃષ્ટિપ્રધાન કહીએ છીએ એ કઈ રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- એમનો એઈમ છે એ દૃષ્ટિના વિષયને પકડાવવાનો છે. પણ થ્રૂ પ્રમાણ. પ્રમાણની થ્રૂ એ વાત છે, વાયા પ્રમાણ છે. વાયા પ્રમાણ દૃષ્ટિના વિષયને પકડાવે છે.

મુમુક્ષુ :- વિવેચન તો ભારોભાર અધ્યાત્મનું આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ એ પ્રમાણ મારફત આવે છે. તમે બીજી ગાથાથી શરૂઆત જુઓ કે જે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત છે તેને સ્વસમય કહીએ છીએ. કોણ? જીવ. જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત છે તેને સ્વસમય કહીએ છીએ. તો જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત છે કે દર્શન-જ્ઞાન-ચારિત્ર જીવમાં સ્થિત છે? કઈ શૈલી છે? પ્રમાણની શૈલી છે. અચ્છા ૪૭ શક્તિ તો નિશ્ચય સ્વરૂપ છે જીવનું. એક એક શક્તિનું પરિણમન કેવું થાય એવી રીતે વ્યાખ્યા કરી છે.

એક એક શક્તિની વ્યાખ્યા શું છે? કે વિશદ્ સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ. તો સ્વસંવેદન તો પર્યાયમાં થાય છે. નિર્મળ જેનું સ્વસંવેદન હોય તે પ્રકાશશક્તિ છે. તો પ્રકાશશક્તિની વ્યાખ્યા જ પર્યાય પ્રધાન કરી છે અને શક્તિ છે એ ધ્રુવ છે. સામાન્ય વિશેષની એકસાથે વ્યાખ્યા થઈ કે નહિ? એટલે પ્રમાણ પ્રધાન વ્યાખ્યા થઈ કે નહિ? દર્શાવવી છે શક્તિને અને દર્શાવે છે પર્યાયથી. તો પ્રમાણ પ્રધાન વ્યાખ્યા થઈ કે નહિ? તમે બીજી ગાથાથી માંડીને છેલ્લે સુધીની વાત લ્યો તો આમ છે. હવે એ શૈલી શું કરવા 'સમયસાર'માં લીધી? કે સામે અજ્ઞાની

જીવ ઊભો છે. એને તો પર્યાયનો જ પરિચય છે. એટલે એને તો પર્યાય તે જ જીવ છે.

નાના છોકરાને એની લાકડીને ઘોડો કહેતો હોય તો ત્યારે એને એમ કહી દે કે તારા ઘોડાને આઘો રાખ આડો આવે છે મને. તારી લાકડી આઘી રાખ એમ કહે તો એમ ન સમજે. એ સામું જોયા કરે. લાકડી આઘી લઈ લે એમ કહે તો એ સામું જ જોયા કરે, એ સમજે નહિ કાંઈ. ઘોડો આઘો લઈ લે એમ કહે તો તરત આઘો લઈ લે. કમેકે એ એનો ઘોડો છે. એને લાકડી નથી એનો તો ઘોડો છે. એ ઘોડો ઘોડો કરીને ફરે છે.

એમ જીવને પર્યાય છે એ જ જીવ છે. પર્યાયદૃષ્ટિ છે ને? એને ત્યાંથી જ સમજાવવો એ વધુમાં વધુ અનુકૂળ છે. એ આચાર્યદેવની બહુ ઊંડી સમજણ છે એની પાછળ. શૈલી ઊભી કરવામાં, એ તો બધી શૈલી જાણે છે, સમર્થ આચાર્ય છે એટલે એ તો ઘણી શૈલીઓ જાણે છે. દાર્શનિક શૈલીથી એમણે 'અષ્ટપાહુડ' લખ્યું. જ્ઞાનપ્રધાન શૈલીથી એમણે 'પ્રવચનસાર' લખ્યું. તો પ્રમાણ પ્રધાન શ્રદ્ધાને સમજાવવા, વિષય સમજાવવા માટે એમણે 'સમયસાર' લખ્યું. પણ પ્રમાણ પ્રધાન લેવું પડ્યું એમને. કેમકે સામે મિથ્યાદૃષ્ટિ જીવ છે. એ પર્યાયને જ ઓળખે છે. એટલે 'જીવ ચરિત-દર્શન-જ્ઞાન સ્થિત સ્વસમય નિશ્ચય જાણવો; સ્થિત કર્મપુદ્‌ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો.' ત્યાંથી લીધું છે એમણે. જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર ખરેખર તો આત્મામાં સ્થિત થયા છે. ત્યારે એને સ્વસમય કહેવાય છે. પણ એમ ન કીધું, આમ કીધું. આપણે પણ નથી કે આનો જીવ ત્યાં ભટકે છે? શું કહે છે? કે આનો જીવ ત્યાં રહી ગયો. એક માણસ કામ બગાડે તો કહે એનો જીવ બીજે છે. કામ એનું બગડે છે કેમ? કે એનો જીવ બીજે છે. ખરેખર તો જીવ જીવમાં છે. પણ સમજાવવું એ વધારે અનુકૂળ છે. તરત એ વાત સમજાય જાય એને, પકડાય જાય. એવી શૈલીથી કથન આવે છે. એવું જ 'સમયસાર'નું છે. એવા તો 'સમયસાર'માં કથનો તમને સેંકડો મળે. હવે આ દૃષ્ટિથી વિચારો તો તમને સેંકડો કથન પ્રમાણના મળશે.

મુમુક્ષુ :- ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય...

પૂજ્ય ભાઈશ્રી :- ન સમજાવી શકાય અનાર્યને. પોતે સ્પષ્ટીકરણ આપ્યું છે. અમે અનાર્યની ભાષામાં જ અહીંયા વાત કરવાના છે. વ્યવહારની ભાષામાં જ નિશ્ચય સમજાવવાના છે.

મુમુક્ષુ :- છતાં પણ વ્યવહારને અંગીકાર નથી કરવાનો.

પૂજ્ય ભાઈશ્રી :- છતાં '**वहारनयो नानुसर्तव्यः**' બ્રાહ્મણે મ્લેચ્છની ભાષામાં મ્લેચ્છને સમજાવવું પણ પોતે મ્લેચ્છ થઈને ન સમજાવવું. એવી વાત છે.

પાનું-૭૧ છે. પ્રકરણ છે '**એક ગુણમાં સર્વ ગુણોનું રૂપ સંભવે છે**' વસ્તુ પદાર્થ એક

અખંડ અભેદ દ્રવ્ય હોવાથી અને પ્રત્યેક ગુણ એ પદાર્થની—દ્રવ્યની વિશિષ્ટતા હોવાથી અને પ્રત્યેક ગુણ આખા પદાર્થમાં વ્યાપક હોવાથી બીજા ગુણોમાં પણ, પ્રત્યેક બીજા ગુણોમાં પણ બીજા સર્વ ગુણોનું રૂપ હોય છે, સંભવિત છે. એ પ્રકરણ છે.

દ્રવ્યાનુયોગનો આ વિષય છે. દ્રવ્યાનુયોગના અનેક જે સૂક્ષ્મ સિદ્ધાંતો છે એ માંહેનો આ એક સિદ્ધાંત છે. કાલે પણ આપણે આ વિષય ઉપર વાત ચાલી હતી કે પરમાર્થની પ્રાપ્તિમાં આ સિદ્ધાંતની ઉપયોગિતા શું છે? પરમાર્થની પ્રાપ્તિમાં એક ગુણમાં સર્વ ગુણ-ોનું રૂપ સંભવે છે એની ઉપયોગીતા શું છે? એની ઉપયોગીતા એ છે કે કોઈપણ છદ્મસ્થ જીવને આત્માના અનંતે અનંત ગુણોનું પૃથક્ પૃથક્ ગુણોનું ભિન્ન ભિન્ન જ્ઞાન થઈ શકતું નથી, સંભવિત નથી. બાર અંગમાં પણ ગણધરદેવે જે કાંઈ તત્ત્વજ્ઞાન ગૂંથ્યુ છે, ભગવાનની વાણી સાંભળીને, સર્વજ્ઞની વાણી સાંભળીને ગૂથ્યું છે એમાં પણ આત્માના સર્વે ગુણોનું કથન સંભવિત નથી એટલે આવ્યું નથી. કેમ? કે આત્માના અનંત ગુણો તો વક્તવ્ય જ છે, વચનગોચર જ નથી. વચન અગોચર એવા અનંત ગુણો હોવાથી તેના નામ—સંજ્ઞા પણ નથી. કેમકે સંજ્ઞા હોય તો વચનગોચર થઈ જાય. એટલે એના નામ સંજ્ઞાઓ પણ નથી. અને ખુદ ગણધરદેવ પણ એ અનંત ગુણોને પૃથક્ પૃથક્ જાણતા નથી. કેવળી જાણે છે.

કેવળી સર્વ ગુણોને કેવળજ્ઞાની પૃથક્ પૃથક્ પણ જાણે છે છતાં પણ એમની વાણીમાં પણ એ આવતા નથી. ગણધરદેવની વાણીમાં તો ક્યાંથી આવે? પણ એમની વાણીમાં આવતા નથી. 'ત્રિલોકસાર'નામનો ગ્રંથ છે એમાં ત્યાં સુધી વાત લીધી છે કે કેવળજ્ઞાનમાં જે કાંઈ વસ્તુનું સ્વરૂપ અનંત ગુણમય આવે છે તેના અનંતમાં ભાગે દિવ્યધ્વનિમાં આવે છે. અનંતમા ભાગે. કેમકે અનંતમો ભાગ એવો છે કે જે વચનગોચર છે. અનંતમા ભાગે દિવ્યધ્વનિમાં આવે છે અને એના અનંતમા ભાગે ગણધરદેવની વાણીમાં બાર અંગમાં એ વ્યક્ત થાય છે. આટલું તો દિવ્યધ્વનિ અને છદ્મસ્થની વાણી વચ્ચેનું અંતર છે.

એટલે બીજા એથી નીચેના સાધકજીવોને, મુમુક્ષુજીવોને તો બહુ ગણતરીમાં ઈને-ગીને જેને કહી શકાય, બહુ ઓછા અલ્પ સંખ્યામાં આત્મગુણો છે એ એને જણાય છે, સમજાય છે, ક્ષયોપશમમાં આવે છે. અને તેથી એક ગુણમાં અનંત ગુણોનુ રૂપ સંભવે છે એ સિદ્ધાંત ન્યાયથી સમજી શકાય છે, ન્યાયથી તેને સંમત કરી શકાય છે. તોપણ બધા ગુણોમાં એ વાત જ્ઞાનમાં આવવી મુશ્કેલ પડે છે. એ કારણ છે એનું.

એટલે અહીંયાં કેટલાક ગુણોની વાત 'દીપચંદજી' સાહેબે આ પ્રકરણની અંદર કહી છે. જેમ કાલે વાત થઈ હતી એમના પરિચય વિષેની કે 'દિપચંદજી' સાહેબ આજથી અઢીસો વર્ષ પહેલા 'જયપુર' પાસેના 'આમેર'ના વતની હતા, 'આમેર'ના રહીશ હતા અને એમનું

અધ્યાત્મજ્ઞાન, આત્માનુભવ અને એમનું સિદ્ધાંતજ્ઞાન એ ઘણું જ બળવાન હતું. એમનો અનુભવ પણ બળવાન હતો, એમની ભૂમિકાનો અને એમનું સિદ્ધાંતજ્ઞાન પણ ઘણું જ સૂક્ષ્મ અને બળવાન હતું. એટલે એમણે ઘણી વિશિષ્ટ વાતો એમની પોતાની રચનામાં કરી છે. અહીંયાં આપણે કાલે ક્યાં સુધી આવ્યું હતું?

મુમુક્ષુ :- **'જો દ્રવ્યત્વ ગુણ છે તો દ્રવ્યને દ્રવે છે-વ્યાપે છે;...'**

પૂજ્ય ભાઈશ્રી :- વ્યાપે છે. જે દ્રવ્યત્વ ગુણ છે તે તો દ્રવ્યને દ્રવે છે અથવા દ્રવ્યમાં વ્યાપે છે. તો એ બધા ગુણો પણ દ્રવ્યમાં વ્યાપેલા છે અને બધા ગુણો પણ પર્યાયરૂપે દ્રવે છે. દ્રવ્યત્વ ગુણને લઈને બીજા બધા ગુણો પણ દ્રવે છે અથવા સર્વ પૂરા દ્રવ્યમાં એ વ્યાપે છે.

મુમુક્ષુ :- દ્રવે છે અને વ્યાપે છે એ એકાર્થ લીધું છે?

પૂજ્ય ભાઈશ્રી :- એકાર્થમાં લીધું છે. હાયફન કર્યો છે એટલે એકાર્થમાં લીધું છે.

**'જો અગુરુલઘુત્વ ગુણ છે તો સર્વે ગુણો અગુરુલઘુ છે;...'** આત્મામાં અથવા પદાર્થ છએ દ્રવ્યમાં આ સામાન્ય છે. અગુરુલઘુ નામનો ગુણ છે. તો એ બધા ગુણોના પરિણમનમાં અગુરુલઘુત્વ છે. જ્ઞાનમાં પણ અગુરુલઘુત્વ છે. કેમકે નિગોદમાં એ અલઘુ છે અને કેવળજ્ઞાનમાં તે અગુરુ છે. એમ અગુરુલઘુત્વનું રૂપ જ્ઞાનને પણ છે.

મુમુક્ષુ :- અગુરુ-અલઘુ એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- અલઘુ એટલે લઘુ નહિ એટલે નાનું નહિ. અને અગુરુ એટલે મોટું નહિ. ગુરુ એટલે મોટું. તો જ્ઞાન નાનું થાય, ઓછું થાય, ઘટતું જાય તો નિગોદમાં જાય. તો એથી પછી એ અલઘુ છે. ત્યાંથી એની હદ પૂરી થઈ ગઈ. લઘુ થવાની હદ એની પૂરી થઈ ગઈ. એટલે અલઘુ પરિણમન રહી જાય છે ત્યાં. સૌથી મોટું થાય, મહાન થાય, મહાન થાય તો કેવળજ્ઞાન થાય. પણ કેવળજ્ઞાન થાય પછી અગુરુ થઈ જાય એ. ત્યાંથી પછી આગળ ન જાય. એટલે અગુરુલઘુંપણું ત્યાં છે. એ રીતે અગુરુલઘુને સમજવું.

મુમુક્ષુ :- ત્યાં એના પ્રદેશની અપેક્ષાએ પણ કીધું છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રદેશમાં તો ફિક્સ જ છે. પોત પોતાના સર્વે...

મુમુક્ષુ :- નિગોદથી નાનો પ્રદેશ આત્માનો ન થઈ શકે.

પૂજ્ય ભાઈશ્રી :- ન થાય. હા, નિગોદથી નાનો ન થાય અને લોકાકાશથી મોટો ન થાય એ પણ ક્ષેત્ર અપેક્ષાએ પણ એનું વ્યાપવું અગુરુલઘુ છે. પછી ષટ્‌ગુણહાનિવૃદ્ધિ સ્વરૂપે પણ અગુરુલઘુ છે.

મુમુક્ષુ :- એ એક વિષય નથી બરાબર (સમજાતો).

પૂજ્ય ભાઈશ્રી :- એ વિષય તો કેવળજ્ઞાન ગમ્ય જ છે. પણ એક ગુણથી ગુણાંતર ન થાય, એક પર્યાય પર્યાયથી પર્યાયાંતર ન થાય અને એક દ્રવ્ય દ્રવ્યથી દ્રવ્યાંતર ન થાય એ પણ અગુરુલઘુગુણની મર્યાદાને કારણે જ છે. એવા ત્રણ-ચાર પ્રકારો અગુરુલઘુને અનુલક્ષીને પ્રસિદ્ધ છે. પણ સર્વથા એ ગુણ કેવળજ્ઞાન ગોચર છે. છદ્મસ્થને જ્ઞાનગોચર નથી. કેમકે ષટ્‌ગુણહાનિવૃદ્ધિ છે એ છદ્મસ્થના સીધા જ્ઞાનનો વિષય નથી થતો.

મુમુક્ષુ :- ત્યાં ન્યાય શું કહેવા શું માગે છે એ પણ નથી સમજાતું. ષટ્‌ગુણહાનિવૃદ્ધિમાં કહેવા શું માગે છે એ પણ નથી સમજાતું.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એમાં શું છે કે એક સમયની પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ છે અને એમાં હાનિવૃદ્ધિ થાય છે.

મુમુક્ષુ :- એક સમયની પર્યાયમાં.

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાયમાં હાનિવૃદ્ધિ થાય છે. હવે ક્યા પ્રકારે થાય છે? એ કેવળજ્ઞાનનો વિષય છે. એ છદ્મસ્થના જ્ઞાનનો વિષય નથી. કેમકે એટલો સૂક્ષ્મ ઉપયોગ છદ્મસ્થને હોતો નથી.

મુમુક્ષુ :- ષટ્‌ગુણ હાનિ - ગુણહાનિ વૃદ્ધિ કીધું એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- ગુણ એટલે એની વોલ્યુમ-તારતમ્ય, તારતમ્ય. એટલે ગુણમાં આપણે નથી ક્હેતા કે આ બે ગુણી વાત છે. આ એના કરતા દસગણું સારું છે. એમ નથી કહેતા? આ સો ગણું સારું છે.

મુમુક્ષુ :- મલ્ટીપ્લાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મલ્ટીપ્લીકેશન. ગુણ એટલે મલ્ટીપ્લીકેશન.

**'જો અબાધિત ગુણ છે તો સર્વે ગુણો અબાધિત છે;...'** અવ્યાબાધત્વ જે છે એને લઈને બધા કોઈપણ ગુણની સર્વથા બાધા ન થઈ શકે અથવા બાધા ન પહોંચાડી શકાય. **'જો અમૂર્તિક ગુણ છે તો સર્વે (ગુણો) અમૂર્તિક છે.'** આત્મા અમૂર્તિક (છે), અમૂર્તિક નામનો એમાં ગુણ છે તો બધા ગુણો પણ અમૂર્તિક છે.

મુમુક્ષુ :- મૂર્તિક ધર્મ લેવો કે ગુણ?

પૂજ્ય ભાઈશ્રી :- ગુણ લીધો છે. અમૂર્તિક ગુણ છે. 'દીપચંદજી'એ ઘણી વિશેષ વાતો લીધી છે.

**'આ પ્રમાણે એક એક ગુણ સર્વમાં છે (અને તે) સર્વની સિદ્ધિનું કારણ છે.'** હવે અહીંયાં આપણે કાલે જેમ વિચાર્યું હતું કે આ વિષય ક્યાં પરમાર્થમાં ઉપયોગી થાય છે. જ્ઞાનલક્ષણથી જ્યારે આત્માની ઓળખાણ થાય છે—ભાવભાસન થાય છે ત્યારે જ્ઞાન

સુખરૂપે ભાસ્યમાન થાય છે. અને જ્ઞાન જ્યારે સુખરૂપે ભાસ્યમાન થાય છે, ગુણ કીધો છે તો સુખગુણનું રૂપ પણ જ્ઞાનને મળેલું છે એટલે જ્ઞાન સુખરૂપે જ્યારે ભાસ્યમાન થાય છે ત્યારે પોતાનામાં અનંત જ્ઞાન અને પોતામાં જ અનંત સુખ પોતાનું ભરેલું છે, વિદ્યમાન છે, હયાત છે એ પણ પોતાને ભાસ્યમાન થાય છે. ભાસ્યમાન થવાથી એને વિશ્વાસ આવે છે.

જ્યાં સુધી વિચાર કરે છે ત્યાં સુધી એને વિશ્વાસ નથી આવતો. અથવા એ વિશ્વાસ એનો અડગ વિશ્વાસ નથી. વિચાર કરે ન્યાયથી, યુક્તિથી. આગમથી સંમત કરે તો એક ન્યાયે એમ કહેવાય કે મને ગુરુની વાતમાં, ભગવાનની વાતમાં મને વિશ્વાસ છે એમ કહેવાય. પણ એ વિશ્વાસનું ઠેકાણું નથી. આજે વિશ્વાસ છે અને કાલે શંકા એને પડશે. કેમકે એવું જે વિચારવું છે એમાં રાગની પ્રધાનતા છે. રાગના અવલંબને એવી વાત વિચારી રહ્યો છે જીવ. માટે આધાર બરાબર નહિ હોવાથી, આધાર છે એ યોગ્ય નહિ હોવાથી એ વિશ્વાસ ડગી જાય છે અથવા એ વિશ્વાસ ટકતો નથી.

જ્યારે જ્ઞાનના આધારે જ્ઞાનતત્ત્વ એવા આત્માનો નિશ્ચય થાય ત્યારે એને જે વિશ્વાસ આવે છે એ વિશ્વાસ કદી ડગતો નથી. અથવા એ વિશ્વાસ આવવાથી જે મહિમા અને રસ ઊપજે છે અને એને કારણે જે રુચિની ઉત્પત્તિ થાય છે ગુણ નિધાનની રુચિ (થાય છે), ત્યારે જીવને અવશ્ય આત્મસ્વભાવના સંસ્કારની પ્રાપ્તિ થાય છે કે જે સંસ્કાર કદી પણ નિર્મૂળ થતા નથી. એ સંસ્કારને બીજ કહેવામાં આવે છે. કેવળજ્ઞાનનું બીજ કહેવામાં આવે છે. અને એ બીજમાંથી અંકુર ફૂટ્યા વગર રહેતા નથી. અને એમાંથી વટવૃક્ષ થઈને સંપૂર્ણ દશા થયા વિના રહેતી નથી એવું એ બળવાન બીજ છે. સ્વભાવ અનંત સામર્થ્યસ્વરૂપ હોવાથી એના સંસ્કારનું પણ સામર્થ્ય આટલું અનંત છે. સ્વભાવનું સામર્થ્ય અનંત હોય એમાં વિચાર કરવાનો તો પછી અવકાશ કે શંકા કરવાનો અવકાશ નથી. જેના સંસ્કારનું સામર્થ્ય આટલું અનંત છે એ વસ્તુનું સામર્થ્ય કેટલું!

એ રીતે આ એક ગુણને અનંત ગુણનું રૂપ છે એ સ્વરૂપ નિશ્ચય થવામાં પરમ ઉપકારી છે. આ પ્રકરણ ક્યાં ઉપકારી છે? એક ગુણમાં સર્વ ગુણોનું રૂપ છે તો જ્ઞાન તો એક જ્ઞાનશક્તિની પર્યાય છે, જ્ઞાનગુણની પર્યાય છે છતાં એક લક્ષણથી, એક જ્ઞાનના લક્ષણથી આખા દ્રવ્ય સ્વભાવની, અનંત (ગુણ) સંપન્ન દ્રવ્ય સ્વભાવનો નિશ્ચય અથવા ભાવભાસન કેમ થયું? કે એક ગુણને અનંત ગુણનું રૂપ છે તેથી ભિન્ન ભિન્ન અનંત ગુણો ભલે ન જણાયા પણ અભિન્નપણે એને બધા ગુણો સહિતના એક દ્રવ્યની ઓળખાણ થઈ.

જેમ સોનાનું સોનાપણું એક ગુણ છે અને કસોટી ઉપર ઘસતા ઘસતા એની પરખ આવી જાય તો એક ગુણથી આખું સોનું ઓળખાય જાય. બીજા બધા ગુણોનું એને જ્ઞાન

થઈ જાય, આખા દ્રવ્યનું જ્ઞાન થઈ જાય, આખી ધાતુનું, સંપૂર્ણ ધાતુનું જ્ઞાન થાય તો એને એ પરખ આવ્યા પછી ક્યારે પણ એ જીવ છેતરાતો નથી. એને સોનાની જગ્યાએ કોઈ બીજી ચીજ આપી જાય તો એ જીવ કદી ભૂલમાં પડતો નથી. કેમકે એ કસોટી ઉપર ઘસતા જ નક્કી કરી લે છે કે આમાં સોનું છે કે નહિ.

એવી રીતે જ્ઞાનલક્ષણથી જ્યારે પોતાના આત્માની ઓળખાણ થાય છે પરિચયપૂર્વક ત્યારે, આત્મસ્વભાવનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પ હોય તોપણ એ વિકલ્પ છે તે વિભાવ છે અને સ્વભાવ નથી એવી ઓળખાણ એને મોજૂદ હોવાથી કદી પણ એ વિકલ્પમાં સ્વભાવની ભ્રાંતિ એને થતી નથી અથવા વિકલ્પમાં પોતાપણાની ભ્રાંતિ થતી નથી. કેમકે સ્વભાવ પોતારૂપે ભાસ્યો છે અને વિકલ્પ છે એ સ્વભાવથી વિરુદ્ધ જાતિનો ભાવ હોવાથી એ સ્વ-ભાવનો વિકલ્પ હોવા છતાં પણ એમાં ભૂલ થતી નથી. વિકલ્પ વિકલ્પ છે અને તે સ્વભાવ અંશ નથી એવું ત્યાં બરાબર ભાવભાસન ચોકખું રહે છે અને તેથી ભેદજ્ઞાન બરાબર થાય છે.

મુમુક્ષુ :- અહીંયાં સર્વગુણાંશ તે સમ્યક્ત્વ એ પણ આને જ કારણે? આ રૂપને કારણે?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એમાં તો બીજું કહેવું છે. એમાં તો એમ કહેવું છે કે જ્યારે સમ્યક્ત્વ પ્રગટ થાય કોઈપણ જીવને ત્યારે અનંતે અનંત સર્વ ગુણો યથાસંભવ ભૂમિકા અનુસાર શુદ્ધ પરિણમનરૂપ એનું પરિણમન શુદ્ધ થઈને પરિણમનનો પ્રવાહ ચાલુ થઈ જાય.

મુમુક્ષુ :- એનું કારણ આ..

પૂજ્ય ભાઈશ્રી :- એનું કારણ એ સમ્યક્ત્વ ગુણ છે. સમ્યક્ત્વગુણના નિમિત્તે એક ગુણ અનંત ગુણમાં નિમિત્ત પડે છે. એક ગુણ બીજા ગુણમાં નિમિત્ત પડે છે. કેમકે જ્ઞાન સમ્યક્ ક્યારે થયું? કે સમ્યગ્દર્શન પ્રગટ્યું ત્યારે. ચારિત્ર પણ સમ્યક્ ક્યારે ગણાયું? કે સમ્યગ્દર્શન પ્રગટ થયું ત્યારે.

મુમુક્ષુ :- એનું કારણ આ રૂપ છે એ ન લેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- ના. અહીં રૂપનો સવાલ નથી. ત્યાં નિમિત્ત-નૈમિત્તક સંબંધ છે. અથવા એક સમ્યક્ત્વગુણ, એક પાયાનો ગુણ એવો છે કે પૂરો શુદ્ધ થઈને પરિણમે છે અને એ પૂરો શુદ્ધ પરિણમતા વસ્તુ અનાથી અભેદ હોવાથી, વસ્તુના સર્વ ગુણોની આંશિક શુદ્ધિ થાય, થાય ને થાય જ. આ એક વિજ્ઞાન છે, સાયન્સ છે—પદાર્થનું સાયન્સ છે.

મુમુક્ષુ :- વસ્તુ પોતે સર્વ ગુણોમાં વ્યાપ્ય છે માટે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વસ્તુ સર્વ ગુણોમાં વ્યાપ્ય છે અને પ્રત્યેક ગુણ આખી વસ્તુમાં વ્યાપ્યવ્યાપકપણે છે. આવી એક અભેદતા હોવાને લીધે અથવા વસ્તુનું વૈજ્ઞાનિક સ્વરૂપ આવું અભેદ હોવાને લીધે જ્યારે એક ગુણ પરિપૂર્ણ શુદ્ધ થાય, તો બીજા કોઈ ગુણમાં

સર્વથા અશુદ્ધિ રહે એવું ન બને કદી. એમ થાય છે. એટલા માટે સર્વ ગુણાંશ તે સમ્યક્‌ત્વ એ સૂત્ર 'શ્રીમદ્‌જી'એ લીધું છે.

મુમુક્ષુ :- એ વસ્તુની વ્યાપકતાને જાણે. કારણ કે ગુણ તો બીજા ગુણમાં વ્યાપતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એક ગુણ બીજા ગુણમાં વ્યાપતો નથી.

મુમુક્ષુ :- એટલે વસ્તુની વ્યાપકતાને કારણે.

પૂજ્ય ભાઈશ્રી :- એક ગુણ બીજા ગુણમાં નથી વ્યાપતો પણ એક ગુણ આખા દ્રવ્યમાં વ્યાપે છે.

મુમુક્ષુ :- હા. પૂર્ણ પ્રદેશમાં પ્રદેશે પ્રદેશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પૂર્ણ પ્રદેશમાં વ્યાપે છે.

મુમુક્ષુ :- હા, એટલે વસ્તુ વ્યાપક છે પૂરા પ્રદેશમાં, સર્વ ગુણોમાં માટે સર્વ ગુણાંશ તે સમ્યક્‌ત્વ એ લીધું.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- ... કંઈ સમજાતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એ ઉઘાડમાં ભાવ ભાસતો નથી. જ્ઞાનમાં અસ્તિત્વ ભાસે છે. જ્ઞાનમાં અસ્તિત્વનું રૂપ ભાસે છે. કેમકે જ્ઞાન 'છે'. તો જ્ઞાનની હયાતી તે હયાતી તે અસ્તિત્વનું રૂપ છે. જાણવું તે જ્ઞાનની શક્તિ છે, ગુણ છે અને હયાતી તે તેનું રૂપ છે. એમ જ્ઞાનમાં કષાયનો અભાવ એટલે આકુળતાનો અભાવ એ સુખનું રૂપ છે. કારણ કે જ્ઞાન કષાયના અભાવસ્વભાવે છે એટલે આકુળતાના અભાવસ્વભાવે છે અને આકુળતા લક્ષણ દુઃખ છે. એટલે જ્ઞાનમાં સુખનું રૂપ ભાસે છે પણ અસ્તિત્વમાં જ્ઞાનનું રૂપ નથી ભાસતું. એટલે એ ઉઘાડમાં નથી ભાસતું. ત્યાં જ્ઞાનાવરણીય, ભાવ જ્ઞાનાવરણીયનો સવાલ ઊભો થાય છે. એટલે છદ્મસ્થને તો મર્યાદા છે. દ્રવ્યાનુયોગના સૂક્ષ્મ સિદ્ધાંતોમાં છદ્મસ્થ જીવની મર્યાદા છે.

મુમુક્ષુ :- એમ તો જ્ઞાનગુણનું રૂપ બીજા કોઈ ગુણમાં ભાસતું નથી. કારણ કે બીજા કોઈ ગુણો બીજા કોઈને જાણતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નથી. પણ છતાં એ અનંતે અનંત ગુણમાં ચૈતન્યનું રૂપ ભાસે છે. ચૈતન્ય છે એમાં જ્ઞાન ગર્ભિત છે. ચૈતન્યમાં જ્ઞાન ગર્ભિત છે. આત્મા ચૈતન્ય પદાર્થ હોવાથી અને ચેતના એનો ગુણ હોવાથી એના સર્વ ગુણ ચૈતન્ય છે. જેમકે અસ્તિત્વ ગુણ સાધા-રણ છે. પરમાણુમાં પણ અસ્તિત્વ ગુણ છે અને આત્મામાં પણ અસ્તિત્વ ગુણ છે. પણ

પરમાણુનો અસ્તિત્વ ગુણ જડપણે છે અને આત્માનો અસ્તિત્વ ગુણ ચૈતન્યપણે છે. અને ચૈતન્યમાં જ્ઞાન ગર્ભિત છે. એટલે ન્યાયથી બેસે, પણ ઉઘાડમાં સીધું નથી આવતું. એટલે ત્યાં જ્ઞાનનું આવરણ નડે છે. પકડાય છે આવરણ હવે? એવી રીતે આવરણ પકડવું જોઈએ.

મુમુક્ષુ :- સૌ પ્રથમ જાતિની પરખ સ્વરૂપ નિશ્ચય વખતે જ આવે છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- ભાવભાસન વખતે પણ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવભાસન. સ્વરૂપનિશ્ચય કહો કે ભાવભાસન કહો બે એક જ છે. એટલે જાતિ પરખ ત્યાં થઈ છે. જ્યારે ભાવભાસન થયું ત્યારે જાતિ પરખાઈ ગઈ. અને એ એક એનું ફાઈનલ સ્ટેજ છે. એ પહેલા જે એનો ભેદજ્ઞાનનો અને અવલોકનનો જે પ્રયોગ છે એ પરિચયનો એનો પ્રોસેસ છે. કેમ? કે સંપૂર્ણ ઓળખાણ ક્યારે થાય? કે એ પહેલા કેટલોક પરિચય સાધવામાં આવ્યો હોય તો. વિના પરિચય ઓળખાણ નથી, કોઈપણ પદાર્થની, કોઈપણ ચીજની. પછી કાપડ હોય કે ખાંડ હોય, સોનું હોય કે ચા હોય. વ્યક્તિ હોય કે જડ પદાર્થ હોય, પરિચય વગર ઓળખાણ કોઈ સાધી શકે નહિ. એટલે પરિચયનો જે પ્રોસેસ છે એ પ્રયોગાત્મક પ્રોસેસ છે અને એમાં અવલોકન અને ભેદજ્ઞાન છે. અવલોકનથી શરૂઆત છે. અવલોકન કરતા કરતા ભેદજ્ઞાન ઉપર આવે અને ભેદજ્ઞાનનો જેટલો પ્રયાસ ચાલે પ્રયોગમાં એના એક તબક્કે ઓળખાણ થાય છે. ત્યાર પછી જે ભેદજ્ઞાન ચાલે એ અસ્તિત્વ ગ્રહણના પ્રયાસરૂપે છે અને એના એક તબક્કે અસ્તિત્વ શ્રદ્ધા ગ્રહણ કરી લે છે વ્યાપ્યવ્યાપકભાવે પ્રસરીને, ત્યારે સમ્યગ્દર્શન અને સ્વાનુભવની ઉત્પત્તિ થાય છે. એમ લેવું.

મુમુક્ષુ :- સ્વરૂપ નિશ્ચય પછી જે પ્રયત્ન થાય છે એ અસ્તિત્વ ગ્રહણના લક્ષે થાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને પોતાનું સ્વરૂપ ભાવભાસનમાં અસ્તિત્વ ગ્રહણ થયું.

મુમુક્ષુ :- ત્યાર પહેલા પરિચયમાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાર પહેલા પરિચયનો તબક્કો છે. પછી તો એના અનુભવ કરવાના પ્રયત્નનો તબક્કો છે અને ફળસ્વરૂપે અનુભવ થાય છે. અનુભૂતિ કેવી છે? તો 'સમયસાર' એમ કહે છે કે ભેદવિજ્ઞાન મૂલામ. ભેદવિજ્ઞાન જેનું મૂળ છે એવી અનુભૂતિ છે. એમ કહ્યું.

'**એકેક ગુણમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સાધીએ...**' હવે ગુણમાં દ્રવ્ય સાધે છે અને પર્યાય સાધે છે. '**(જેમ કે) એક જ્ઞાન ગુણ છે. તેનું જ્ઞાનરૂપ તો દ્રવ્ય છે,...**' આખું દ્રવ્ય જ જ્ઞાનસ્વરૂપી છે. હવે અનંત ગુણ છે એમાં એક જ્ઞાનગુણ છે તો દ્રવ્યનો અનંતમો ભાગ આવ્યો કે નહિ? જ્ઞાનના ભાગમાં દ્રવ્યનો અનંતમો ભાગ આવ્યો કે નહિ? આખું દ્રવ્ય જ્ઞાન સ્વરૂપે છે. આખું દ્રવ્ય સુખ આનંદસ્વરૂપે છે. બધાયમાં આખેઆખું જ લાગુ પડે છે.

મુમુક્ષુ :- આખા દ્રવ્યમાં વ્યાપે છે એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. જેમ કે એક માણસના બે હોદ્દા છે. એ એના પુત્રનો પિતા છે તો એને પિતાનો હોદ્દો છે અને એના પિતાનો એ પુત્ર છે. તો બેય ૫૦-૫૦ ટકા છે? ૫૦ ટકા પિતા અને ૫૦ ટકા પુત્ર છે એક માણસ? કે નહિ. એ સોએ સો ટકા પુત્ર પણ છે અને સોએ સો ટકા પિતા પણ છે. એ જેવી રીતે છે એવી જ રીતે સોએ સો ટકા આત્મા જ્ઞાનસ્વરૂપી છે અને સોએ સો ટકા સુખસ્વરૂપે છે.

મુમુક્ષુ :- જે દૃષ્ટિએ જોઈએ એ પૂર્વક એની વાત...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવું છે. એટલે આ એક દૃષ્ટિકોણ કેળવવાનો વિષય છે. કોઈ દૃષ્ટિકોણ સાધ્ય કરવાનો વિષય છે.

જેમકે સામાન્ય રીતે આપણે જ્ઞાનને જાણવારૂપે જ સમજીએ છીએ. એટલે જ્ઞાન તે જાણે એ. જાણવાનું કાર્ય કરનારો એક જીવનો પર્યાય. એ જ્ઞાન આપણે એમ જાણીએ છીએ. આ એક સર્વસામાન્ય કોન્સેપ્ટ જેને કહેવાય, સ્વીકાર જેને કહેવાય એને આટલું જ આપણે સમજીએ છીએ, સામાન્યપણે. ત્યારે અધ્યાત્મના પ્રકરણમાં જ્ઞાનને સમજવા માટે એક બીજો દૃષ્ટિકોણ આપ્યો છે કે અનુભવ દૃષ્ટિએ જ્ઞાનને સમજ તું. કેવી રીતે? જ્ઞાન જાણે છે એ દૃષ્ટિએ તો તું જ્ઞાનને સમજે છો અને એમાં તો અનંત સંસાર ગયો છે. અનુભવના દૃષ્ટિકોણથી જ્ઞાનને સમજ. વેદનની દૃષ્ટિએ જ્ઞાનને સમજ. અહીંથી અધ્યાત્મનું પ્રકરણ શરૂ થાય છે.

મુમુક્ષુ :- આ લાઈન જ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એની બ્રાંચ જુદી પડે છે.

મુમુક્ષુ :- મુમુક્ષુની ભૂમિકા શરૂ થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુની ભૂમિકામાં જો કાંઈ જ ન શરૂ થતું હોય તો એના ફળસ્વરૂપે અનુભવ આવે ક્યાંથી? જો કોઈ અનુભવની કાર્યપદ્ધતિ સ્પેસીફિકલી ઉત્પન્ન ન થતી હોય તો એનું રિઝલ્ટ એવું જે અનુભવ એ ક્યાંથી આવે? ઓરિએન્ટેડ પર્યાય જેને કહીએ. ઓરિએન્ટેડ રિઝલ્ટ જેને કહીએ એ ક્યાંથી ઉત્પન્ન થાય? કાર્યકારણની શૃંખલા તો હોવી જોઈએ ને. કાર્યકારણનો સિદ્ધાંત ન હોય તો પછી વસ્તુનું સ્વરૂપ જ ન સિદ્ધ થાય કોઈ રીતે. એટલે તો 'ભાગચંદજી'એ જિનવાણીના એક પદમાં લીધું, કારણ પરંપરા ક્રમકી. કર્મ બંધકી ભયી નિર્જરા, કારણ પંરપરા ક્રમકી. એ કારણની પરંપરાનો એક ક્રમ છે. વ્યવસ્થિત વસ્તુ સ્વરૂપ સુવ્યવસ્થિત છે અને એનું પ્રતિપાદન પણ સુવ્યવસ્થિત છે.

મુમુક્ષુ :- અહીંયાં એક જ્ઞાનગુણ છે એનું જ્ઞાનરૂપ જે દ્રવ્ય છે એમ કીધું.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે દ્રવ્ય જ્ઞાનસ્વરૂપે છે એમ કહેવું છે. આપણે સાદી ભાષામાં એમ બોલીએ છીએ કે આત્મા તો જ્ઞાનસ્વરૂપી છે. હવે જ્ઞાન તો અનંત ગુણ માંહેનો એક ગુણ છે. એ જ્ઞાનસ્વરૂપી અનંતમે ભાગે? તો કહે નહિ, જ્ઞાનસ્વરૂપી પૂરેપૂરો છે. એમ કહેવું છે.

... ઓળખાણના કાળમાં સ્વસન્મુખતા આવે છે. અને સ્વસન્મુખતા વેદ્યવેદકભાવે આવે છે. જાણવામાં તમે પરસન્મુખ રહી શકો છો. જ્ઞાનના વેદનમાં તમે પરસન્મુખ ન રહી શકો. જ્ઞાન જ્ઞાનને વેદે ત્યારે જ્ઞાનને સ્વસન્મુખ થવું જ પડે. તો જ જ્ઞાન વેદાય. નહિતર જ્ઞાન વેદાતું હોવા છતાં એનું વેદન ન પકડાય. જ્ઞાનનું વેદન ક્યારે પકડાય? કે જ્ઞાન સ્વસન્મુખ થાય ત્યારે. એટલે 'ગુરુદેવે' એક બહુ સરસ સ્ટેટમેન્ટ આપ્યું છે કે પરાશ્રયબુદ્ધિ છૂટી અંતર્મુખ થવામાં જ્ઞાન જ કારણ છે, બીજું કોઈ કારણ નથી. અને ત્યારે જ ભાવભાસન અથવા લક્ષલક્ષણનો નિશ્ચય થાય છે. લક્ષણથી લક્ષનો નિશ્ચય થાય છે. 'ગુરુદેવશ્રી'એ પરિશિષ્ટ ઉપર જ્યારે પ્રવચનો કર્યા એ પ્રવચનો ઉપરથી, એમાંથી આ લીધેલી વાત છે.

મુમુક્ષુ :- આત્માને અનુભવ માટે એકાંત જ્ઞાન જ કારણ છે?

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે અનુભવ બીજો ગુણ કરી પણ નથી શકતો. બીજા ગુણમાં અનુભવ થતો નથી. એટલે બીજું કારણ લાવો પણ ક્યાંથી તમે? લાવવું હોય તોપણ ક્યાંથી લાવો? એક વાત. સ્વાનુભૂતિ જ્ઞાનમાં થાય છે, સ્વસંવેદન જ્ઞાનમાં થાય છે. સ્વસંવેદન કહો કે સ્વાનુભૂતિ કહો. બંને એક જ છે. એ તો જ્ઞાનનો જ પર્યાય છે. બીજા ગુણને તો સ્વસંવેદનનો પ્રશ્ન નથી.

અને સ્વસંવેદન થાય, જ્ઞાનના જ્ઞાનવેદનથી ઓળખાણ થાય ત્યારે ૭૫૧ પત્રમાં જે 'કૃપાળુદેવે' કહ્યું કે પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તેને અમે બીજું સમકિત કહીએ છીએ. સમકિતના કારણમાં સમકિતનો ઉપચાર કરીને અમે એને સમકિત કહીએ છીએ. ભાવભાસનને અમે સમકિત કહીએ છીએ. એમ કહ્યું. તો અનુભવાંશે લીધું એટલે વેદન અંશે લીધું. અનુભવ કહો, વેદન કહો બેય એકાર્થ છે ત્યાં. અનુભવાંશે એટલે જ્ઞાન જ્ઞાનને વેદીને ભાવભાસનમાં આવે છે. એટલે ભાવભાસનના કાળમાં પણ જ્ઞાનની પ્રધાનતા છે, અનુભવના કાળમાં પણ સ્વસંવેદનની પ્રધાનતા છે અને એ વખતે ઓટોમેટિક ત્યાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિ છે સ્વાનુભૂતિના કાળમાં. એને એ ભાવભાસનના કાળમાં આપોઆપ સ્વયં જ દર્શન...

**તા. ૨૬-૪-૧૯૯૩, પાના નં. ૭૧**
**પ્રવચન નં. ૩૨ (સ્થળ-ઈડર)**

પૂજ્યશ્રી 'દીપચંદજી' કૃત 'ચિદ્‌વિલાસ' નામનું શાસ્ત્ર છે. 'ચિદ્વિલાસ' એટલે શુદ્ધાત્મ-ાનું આનંદમય પરિણમન એને ચિદ્વિલાસ કહે છે. જેમકે દુનિયાના વૈભવ વિલાસમાં જીવને આનંદ આવે છે. અહીંયાં અલૌકિક આત્મિક આનંદનો અનુભવ થાય છે. આત્મિક આનંદના અતીન્દ્રિય આનંદના અનુભવનું બીજું નામ ચિદ્‌વિલાસ છે—ચૈતન્યનો વિલાસ છે. એવા શિષર્ક નીચે એમણે અઢીસો વર્ષ પહેલા લગભગ આ રચના કરી છે.

'દીપચંદજી કાસલીવાલ' એક સમર્થ જ્ઞાનીપુરુષ થયા. જેમનું સિદ્ધાંતજ્ઞાન, દ્રવ્યાનુયોગનું સિદ્ધાંતજ્ઞાન અને જેમનું અધ્યાત્મજ્ઞાન ઘણું બળવાન હતું. 'જયપુર' પાસે નજીકમાં એક 'આમેર' કરીને ગામ છે. જ્યારે 'જયપુર'ની વસાહત નહોતી થઈ ત્યારે રાજસ્થાનના રાજાઓની રાજધાની 'આમેર'માં હતી. આજે પણ 'આમેર'માં કિલ્લો છે મોટો. જિનમંદિર છે કિલ્લા ઉપર. ઉંચાઈ ઉપર છે. .. ઉપર. 'દીપચંદજી' 'આમેર'ની રહીશ હતા. અને એમની ઘણી રચનાઓ છે. એમાં 'અનુભવપ્રકાશ' અને 'આત્મઅવલોકન' એ તો પ્રસિદ્ધ છે. એ સિવાય 'ચિદ્‌વિલાસ' ગ્રંથ છે એ પણ દ્રવ્યાનુયોગનો અને અધ્યાત્મના સૂક્ષ્મ સિદ્ધાંતોનો ગ્રંથ છે.

એમાં એક પ્રકરણ છે કે **'એક ગુણમાં સર્વ ગુણોનું રૂપ સંભવે છે'**. અહીંયાં આત્માના ગુણોની વાત લેવી છે. અને આત્માના ગુણોને ઓળખતા માત્ર એક ગુણ નથી ઓળખાતો પણ આખું દ્રવ્ય ઓળખાય છે. કેમકે આત્મદ્રવ્યના બધા ગુણોનું રૂપ પ્રત્યેક ગુણને છે. સર્વ ગુણોનું રૂપ પ્રત્યેક ગુણોને છે. એ આ પ્રકરણનો વિષય છે. અને તેથી એક ગુણ પરથી અનંત ગુણમય એવું આત્મતત્ત્વ છે એની ઓળખાણ થાય છે.

આ પ્રકરણ સમજવાનો આત્મલાભ શું? એ દૃષ્ટિકોણથી વિચારીએ તો આત્માને ઓળખવા માટે, આત્મસ્વરૂપનું ભાવભાસન થવા અર્થે આ વિષય સમજવો પ્રયોજનભૂત છે અથવા કામની વસ્તુ છે. એટલે એ વિષય ઉપર એમણે શું શું કહ્યું છે એ વિચારીએ.

**'વસ્તુમાં અનંત ગુણો છે.'** સર્વ પદાર્થમાં પરમાણુ હોય તોપણ એમાં અનંત ગુણો

છે અને આત્મા છે એમાં પણ અનંત ગુણો છે. '**તે એક એક ગુણમાં સર્વ ગુણોનું રૂપ સંભવે છે.**' તે એક એક એટલે પ્રત્યેક. એક એક એટલે પ્રત્યેક ગુણોમાં સર્વ ગુણોનું રૂપ સંભવે છે. '**કઈ રીતે?**' સંભવે છે? '**તે કહે છે, જો સત્તાગુણ છે તો સર્વે ગુણ છે...**' હવે ત્યાંથી લીધું કે પદાર્થની હયાતી શા કારણે છે? કે એના સત્તા ગુણને લઈને. શાસ્ત્ર ભાષામાં એને અસ્તિત્વ ગુણ કહે છે. સાદી ભાષામાં એને સત્તાગુણ કહે છે અને એથી સાદી ભાષા લઈએ તો હોવાપણાનો ગુણ. પદાર્થ પોતાની હયાતી ધારણ કરીને રહેલો છે. કોઈપણ પદાર્થ પોતાની હયાતીથી પોતાના સ્વરૂપને સૂચવે છે, પોતાના સ્વરૂપને પ્રસિદ્ધ કરે છે. જો પદાર્થ હયાત જ ન હોય તો વાત ખલાસ થઈ જાય છે.

જેમ કે સંસારમાં અનેક વાતો છે. પણ માણસની બિન હયાતી થઈ જાય પછી? વાત બધી પૂરી થઈ ગઈ તે અંગેની. એનામાં શું ગુણ હતા એ વાતનો લાભ નથી રહેતો. એણે શું અપરાધ કર્યો એને કોઈ શિક્ષાનો સવાલ ઊભો નથી થતો. માણસ પૂરો થયો એટલે એનું બધું પ્રકરણ પૂરું થઈ ગયું. એટલે હયાતી છે એ હયાતીમાં બધા ગુણો, '**જો સત્તાગુણ છે તો સર્વે ગુણ છે; માટે સત્તા વડે સર્વે ગુણોની સિદ્ધિ થઈ.**' સત્તા એટલે હયાતી, અસ્તિત્વ. તો પદાર્થના અસ્તિત્વ ગુણને લઈને એ પદાર્થમાં બધા ગુણોનું અસ્તિત્વ રહ્યું. અસ્તિત્વ પદાર્થનો એક ગુણ છે.

છે વૈજ્ઞાનિક વિષય. દ્રવ્યાનુયોગ એટલે વિજ્ઞાનનો વિષય છે. તો પદાર્થનું જે અસ્તિત્વ છે એ અસ્તિત્વમાં શું શું ભર્યું છે? કે અનંત ગુણોનું અસ્તિત્વ રહેલું છે. પદાર્થના અસ્તિત્વ-માં અનંત ગુણોનું અસ્તિત્વ રહેલું છે. બરાબર છે? એટલે પદાર્થનું જે અસ્તિત્વ છે.. એટલા માટે શરૂઆત અહીંથી કરી છે કે જે શ્રદ્ધાનો વિષય છે એ અસ્તિત્વમાત્ર જ છે. સમ્યગ્દર્શન અથવા સમ્યક્‌શ્રદ્ધા એ શું કામ કરે છે? કે આત્મસ્વરૂપના નિજ અસ્તિત્વને ગ્રહણ કરવું એટલું જ જેનું માત્ર કાર્ય છે. એટલે સત્તાથી એમણે શરૂ કર્યું છે.

સંસારી જીવને વધુમાં વધુ શેનું દુઃખ છે? કે પોતાના મરણનું અને બિન હયાતીનું. એની પાછળ પછી એના પેટા ભેદમાં બધા દુઃખ છે. સૌથી વધારે દુઃખ શેનું? કે મરણ. મરણ એટલે શું? કે બિન હયાતી. મારી હયાતી નહિ રહે તો? આનું સૌથી વધારે દુઃખ છે જીવને. અહીંયાં પહેલી એ વાત પાયામાં નાખે છે કે તું એક આત્મા છો કે જેની હયાતી, જેની સત્તા, જેનું રહેવાપણું શાશ્વત છે. તારું બિનહયાત થવું, તારો નાશ થવો, મરણ થવું એ વસ્તુસ્થિતિની બહારની વાત છે, છે જ નહિ. આવી તારી હયાતીનો વિશ્વાસ કરવો, એની શ્રદ્ધા કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનમાં આથી વધારે કોઈ વાત નથી.

અને એક હયાતી જો અનાદિઅનંત છે તો એનું બીજું પડખું આપોઆપ સાબિત થાય

છે કે એ કોઈની મદદ વગર અનાદિઅનંત છે. એટલે સ્વતંત્ર રીતે પોતાની સત્તા આત્મા ધારણ કરીને શાશ્વતપણે જીવે છે અથવા રહે છે. રહે છે કહો કે જીવતો પદાર્થ હોવાથી જીવે છે એમ કહો.

પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ સ્વીકારવું એનું નામ સમ્યગ્દર્શન છે. કોઈની મદદ વગર, કોઈના આધાર વગર અને કોઈના કારણકાર્ય વગર. અકારણપણે, મદદ વિના, સહાય વિના પોતાની હયાતીને સ્વતંત્ર અને શાશ્વતપણે સ્વીકારવી એવો જે સ્વીકારનો ભાવ એને સમ્યગ્દર્શન અથવા સમ્યક્‌શ્રદ્ધા કહેવામાં આવે છે. જ્યારે મારી હયાતીમાં હયાત રહેવા માટે કોઈની જરૂર નથી તો પછી મારે કોઈની અપેક્ષા અને કોઈની દીનતા, કોઈની લાચારી કાંઈ કરવાની જરૂર રહેતી નથી. એટલે શરીર વિના પણ હું જીવું છું અને શરીરના ટકવાના નિમિત્તભૂત એવા આહાર, પાણી અને હવા વિના પણ હું જીવું છું. અને હું કાયમ જીવતો રહું છું, અનાદિથી જીવતો છું અને અનંત કાળ જીવતો રહીશ. આટલો જ સ્વીકાર કરવાનો છે.

નિગોદમાં આહાર-પાણી ક્યાં છે? ત્યાં તો રસના ઇન્દ્રિય જ નથી. આહાર લેવા માટે મોઢુ નથી, જીભ નથી, દાંત નથી, કાંઈ નથી. એ તો બે ઇન્દ્રિયથી શરૂ થાય છે આહાર તો. એકેન્દ્રિયમાં તો આહાર છે જ નહિ. અને અનંત કાળ તો એક ઇન્દ્રિયમાં કાઢ્યો છે નિગોદમાં જીવે. તો આહાર, પાણી અને હવા વગર જીવ્યો કે ન જીવ્યો? કે અનંત કાળ જીવ્યો. જો એકેન્દ્રિય આહાર, પાણી અને હવા વગર જીવે છે તો તું તો પંચેન્દ્રિય છો, જીવવાનો પ્રશ્ન ક્યાં છે? જીવને જીવવા માટે અને પોતાની હયાતી માટે કોઈ પરમાણુની જરૂર નથી, કોઈ પદાર્થની જરૂર નથી, કોઈ બીજા જીવની જરૂર નથી, કોઈની પણ કાંઈ જરૂર નથી.

આવું પોતાના અસ્તિત્વનું અવલંબન લેવું શ્રદ્ધામાં, આધાર લેવો એ જીવને નિરાકુળ સુખ શાંતિનું કારણ છે. એટલે એનું ફળ શું આવ્યું? કે આકુળતા મટી. અહીંથી જીવું, આના કારણે જીવું, આના આધારે જીવું, આની ઓશિયાળી એ કોઈ વાત રહેતી નથી. પોતાના શાશ્વત અસ્તિત્વનો આધાર અને અવલંબન જેણે લીધું એને સુખ શાંતિ માટે ક્યાંય કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. હરહાલતમાં એને શાંતિ, આત્મશાંતિ જળવાય રહે છે. આત્મશાંતિ એના ગુણમાંથી પ્રગટ થાય છે. એટલે સમ્યગ્દર્શન થતાં અનંતા ગુણોનું શુદ્ધ પરિણમન થાય છે એમાં શાંતિ અને આનંદ અને સુખનું પરિણમન પણ થાય છે અને એનો અનુભવ પણ થાય છે. એને તો ચિદ્‌વિલાસ કહ્યું અહીંયાં. એનું નામ જ ચિદ્વિલાસ એમ કહ્યું. એટલે પહેલી વાત એ કરી.

'**જો સત્તાગુણ છે...**' એટલે તું હયાત છો, તારી હયાતી તું અનુભવે છો એમાં ભૂલ

એ છે કે હું શરીરને લઈને જીવું છું, હું આહાર પાણીને લઈને જીવું છું અને બીજી અનુકૂળ-તાઓ છે માટે હું જીવી શકું છું, નહિતર હું જીવતો ન રહી શકું. આ ભૂલ છે જીવની. અથવા મિથ્યાશ્રદ્ધા છે, વિપરીત શ્રદ્ધા છે. અને એ સત્તા ગુણ છે તો સર્વે ગુણ એ સત્તામાં જ છે. '**માટે સત્તા વડે સર્વે ગુણોની સિદ્ધિ થઈ.**' કેમકે આ તો દ્રવ્યની સત્તા છે. સત્તાગુણ કોનો છે? કે દ્રવ્યનો. એટલે પદાર્થની સત્તા એના સત્તાગુણને લઈને છે અને એ પદાર્થની સત્તા સત્તાગુણને લઈને હોવાથી એ પદાર્થમાં રહેલા અનંત ગુણોની સત્તા પણ શાશ્વત થઈ ગઈ. પદાર્થ શાશ્વત થયો તો અનંત ગુણોની સત્તા પણ શાશ્વત થઈ ગઈ. તો અનંતા ગુણોને સત્તાનું રૂપ મળ્યું કે ન મળ્યું? કે અનંતા ગુણોને સત્તાનું રૂપ મળ્યું. અને અનંતા ગુણો છે એ છેપણું એ જ અસ્તિત્વ સૂચક છે. છેપણું શું બતાવે છે? અસ્તિત્વને બતાવે છે. '**માટે સત્તા વડે સર્વે ગુણોની સિદ્ધિ થઈ. જો...**'

હવે એક એક ગુણ બીજા બીજા લે છે. '**જો સૂક્ષ્મ(ત્વ) ગુણ છે તો સર્વે ગુણો સૂક્ષ્મ છે;...**' આત્મા સૂક્ષ્મ પદાર્થ છે. સ્થૂળ પદાર્થ હોત તો ઇન્દ્રિયો દ્વારા પણ જણાતો હોત. આંખથી પણ દેખાતો હોત, કાનથી સંભળાતો હોત અથવા નાકથી સૂંઘવા મળતો હોત. પણ એવું કાંઈ સ્થૂળ એનું રૂપ નથી. માટે આત્મા સૂક્ષ્મ ગુણને ધારણ કરનારો એક પદાર્થ છે. તો આખું દ્રવ્ય સૂક્ષ્મ છે તો દ્રવ્યમાં રહેલા બધા ગુણો સૂક્ષ્મ છે. આ કેવી રીતે બેસે છે. ગુણ છે એ તો પદાર્થનો છે. હવે એ પદાર્થના ગુણથી આખો પદાર્થ એવો છે. એટલે બધા ગુણ એવા છે. એમ ન્યાય બેસે છે આમાં. ન્યાય કેવી રીતે બેસી શકે એવી વાત છે. ગુણ તો પદાર્થનો છે.

જેમ કે આપણે સ્ફટિક લઈએ. સ્ફટિકમાં નિર્મળતા પારદર્શકપણું એક એનો ગુણ છે. બીજા પત્થરમાં એ ગુણ નથી. પણ સ્ફટિક છે એ ટ્રાન્સપરન્ટ છે. તો એ આખો પદાર્થ જ ટ્રાન્સપરન્ટ છે. તો એનો કોઈ ગુણ એથી વિરુદ્ધ કેવી રીતે હોય? જેમ કે આત્મામાં સૂક્ષ્મત્વ ગુણ છે તો એનો કોઈ ગુણ સ્થૂળ ન હોય. આત્મામાં સત્તાગુણ છે તો એનો કોઈ ગુણ અભાવરૂપ ન હોય. બધા ગુણનો સદ્‌ભાવ જ હોય. એવી રીતે એક ગુણ એ આખા પદાર્થનો ગુણ હોવાથી, એ ગુણ બધામાં પોતાનું રૂપ ધારણ કરે છે. એ બધાને પોતાનું રૂપ ધરાવે છે.

હવે શું છે કે આ બધી વાતો બહુ સૂક્ષ્મ અને ઝીણી પડે એવી છે. એક મુદ્દાની વાત કરી લઉં કે આ જીવને જરૂર તો સુખની છે. જગતના જીવને, કોઈપણ જીવને શેની જરૂર છે? સુખની જરૂર છે. અને સુખ પાછળ એની પ્રવૃત્તિ છે. જીવની પ્રવૃત્તિ શેની પાછળ છે? કે સુખ પાછળ છે. કોઈપણ જીવની પ્રવૃત્તિ જુઓ તો શું કરવા પ્રવૃત્તિ કરે છે? એને સુખ મળે એટલા માટે એ પ્રવૃત્તિ કરે છે. એટલે પ્રયોજન સુખનું થઈ ગયું. હવે આત્મસ્વરૂપની

ઓળખાણ જ્ઞાનલક્ષણથી થાય છે. એક અસાધારણ ગુણ એવો છે કે જેને લઈને આત્મા જ્ઞાનસ્વભાવી છે, જ્ઞાનસ્વરૂપી છે એવું...

એમ જ્યારે જ્ઞાનલક્ષણથી આત્માની ઓળખાણ થાય છે ત્યારે એક જ્ઞાનલક્ષણમાં અનંત ગુણનું રૂપ હોવાથી આખા દ્રવ્યની ઓળખાણ થાય છે. અને એ આખા ગુણમાં પણ બધા ગુણનો મતલબ નથી જીવને. જીવને એક સુખનો જ મતલબ છે. ત્યારે ઓળખાણ વખતે જે મહત્વનો મુદ્દો ઓળખાય છે એ આ છે કે જ્ઞાનસુખરૂપ છે. જ્ઞાન કેવું છે? સુખરૂપે જ્ઞાન છે. જ્ઞાનનું રૂપ જણાય છે. જેમ કોઈ માણસની ઓળખાણ ક્યારે ગણાય? કે એ માણસને હજાર માણસમાંથી ઓળખી કાઢવામાં આવે ત્યારે. હજાર માણસ ઊભા હોય. કે તમે ફલાણા ભાઈને ઓળખો છો? હા. એ હજારમાંથી એ માણસને જુદો પાડી દે છે. ક્યાંથી એને ઓળખ્યો? કે એના રૂપથી એને ઓળખતો હતો.

મુમુક્ષુ :- રૂપ અને સ્વરૂપ એમાં શું ફેર છે?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપમાં તો બધા ગુણ આવી જાય છે અને રૂપમાં બધા ગુણોનો ધર્મ આવી જાય છે. જેમ કે જ્ઞાન છે એનો ગુણ છે એ એનું સ્વરૂપ છે. તમારા પ્રશ્નનો ઉત્તર વિચારજો. જ્ઞાનમાં જાણવું એ એનું સ્વરૂપ છે. જાણવું કે અનુભવ કરવો એ જ્ઞાનનું સ્વરૂપ છે પણ સુખ એનું રૂપ છે.

જેમકે એક માણસ છે. તો બધા જ માણસોને બે આંખ છે, બે કાન છે, નાક છે, હોઠ વગેરે મોઢું છે. અને આ બધું મનુષ્ય તરીકે બધાને કોમન છે. બરાબર છે? પણ દરેકનું રૂપ અનકોમન છે. તો મનુષ્યને મનુષ્યની જે મુખાકૃતિ હોવી કે અંગઉપાંગો હોવા તે એનું સ્વરૂપ છે. મનુષ્યપણું એનું સ્વરૂપ છે. પણ દરેકનું પોતપોતાનું રૂપ ઇન્ડીવિઝ્યુલ જુદું છે. એકનું રૂપ તે બીજાનું રૂપ નથી. અને એનાથી માણસ જુદો ઓળખાય છે. ફલાણા ભાઈને ઓળખો છો? હા, ઓળખું છું. પણ એ આમ .. માણસ છે. કાંઈ વાંધો નહિ. હું એને ઓળખું છું પછી ક્યાં સવાલ છે? તો કહે ક્યાંથી ઓળખે છે તું? કે એના રૂપથી ઓળખું છું.

હવે એમ કહે છે કે તું આત્માને ક્યાંથી ઓળખે છે? આપણે એ દૃષ્ટાંતને સિદ્ધાંત-માં લાગુ પાડવાનો છે. આત્માને તું ક્યાંથી ઓળખે છે? તો કહે છે, જ્ઞાનલક્ષણથી. તો જ્ઞાનલક્ષણ એ તો એનો સ્વભાવ થયો. જ્ઞાનસ્વભાવને તે ઓળખ્યો એ એનું સ્વરૂપ છે. પણ એનું રૂપ શું છે? કે એનું રૂપ સુખ છે. અહીંથી આત્મા ઓળખાય છે. ઓળખાણ રૂપથી છે. સ્વરૂપ છે એ જ્ઞાનસ્વભાવ છે અને રૂપ એનું સુખ છે.

મુમુક્ષુ :- ઓળખાણ એની રૂપથી છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઓળખાણ એની રૂપથી છે. નહિતર તો જ્ઞાનને તો બધા સમજે

છે પણ ક્યાંય સુખ દેખાતું નથી. અને ભ્રાંતિગત સુખ પાંચેય ઇન્દ્રિયોના વિષયમાં દેખાય છે કે જ્યાં નહિ હોવાથી એને જ્ઞાનીઓએ કલ્પના કહી છે. એ તો આભાસ છે તને, તારી એ કલ્પના છે, ત્યાં સુખગુણ નથી, સુખની પર્યાય પણ નથી, સુખનું રૂપ પણ નથી અને સુખની ગંધ પણ નથી અને સુખનું નામનિશાન પણ ત્યાં નથી. અને તેથી તને તૃપ્તિ થઈને સુખની પ્રાપ્તિ પણ થતી નથી એટલે તૃપ્તિ પણ તને થતી નથી. એટલે આત્મા જે જ્ઞાનસ્વરૂપી છે એ સુખરૂપ છે. નિર્ભ્રાંત દર્શનની કેડીમાં આખું પ્રકરણ એના ઉપર લખેલું છે ને. ઓળ-ખાણનું તો પ્રકરણ લખ્યું છે.

... જ્ઞાનનું રૂપ તે સુખ છે. કેમકે જ્ઞાનમાં રાગ કે કષાય નથી માટે જ્ઞાન કષાયના અભાવરૂપ છે માટે સુખરૂપ છે. કષાયના અભાવરૂપ કહો કે દુઃખના અભાવરૂપ કહો. માટે જ્ઞાન સુખરૂપ છે. અને જ્ઞાન સુખરૂપ છે એટલે જે સુખ માટે અનંત કાળથી જીવ પ્રયત્ન કરે છે એ સુખ એને નિરાકુળ સુખ તો એને પોતામાં દેખાયું માટે એ સુખનું ઉપયોગને આકર્ષણ થાય છે અને અનંત ગુણોના પરિણામ આત્મા તરફ વળવાનું એક કારણ હોય તો આત્માનું જે સુખ છે એ એક જ કારણ છે.

મુમુક્ષુ :- માટે એને ચુંબકીય કીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને મેગ્નેટીક પ્રોપર્ટી ઓફ ધી સોલ એમ કહ્યું છે. એ આખા સર્વ ગુણોના પરિણમનને અંદર ખેંચવાનું કારણ જે છે એ અનંત સુખનો ભંડાર અંદર ભરેલો છે એ એક જ છે. એટલા માટે જેને જેને સ્વરૂપ નિશ્ચય થાય તેને અનુભવ થયા વિના રહે નહિ અથવા સ્વરૂપ નિશ્ચય તે અનુભવનું અનન્ય કારણ છે એનું કારણ કે એ સ્વરૂપમાં સુખનું રૂપ દેખાણું છે. જ્ઞાન સુખરૂપ છે એમ દેખાણું છે. ઓળખાણની અંદર રૂપનું મહત્વ છે. એકલા સ્વરૂપનું નથી પણ રૂપનું પણ મહત્વ છે. જ્ઞાન લક્ષણમાં જે જ્ઞાન સુખરૂપ ... એ સાથે સાથે ઓળખાય જાય છે.

મુમુક્ષુ :- વેદનથી ઓળખાણ થાય એમ કીધું હતું...

પૂજ્ય ભાઈશ્રી :- જ્યારે ઓળખાણ થાય છે એટલે ભાવ ભાસે છે ત્યારે જ્ઞાન સુખરૂપે ભાસે છે. અને એટલું લંબાય છે એ જ્ઞાન કે સુખરૂપ છે એમ નહિ પણ આ મારા આત્મામાં કેટલું સુખ છે? કે જેની હદ નથી એટલું સુખ છે. એટલો નિશ્ચય આવે છે.

મુમુક્ષુ :- ત્યાં વેદન જ સુખનું છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- વેદન સુખનું છે પણ અનુભવમાં જે વેદન છે એવું નહિ હોવા છતાં પણ ભાવભાસન છે ત્યાં. એને વેદન એટલા માટે નથી કહેતા કેમકે વેદન લક્ષણ પકડાય છે એ જ્ઞાનના સ્વસંવેદનના આધારે ભાવભાસન થાય છે. એકલા વિચારથી ભાવભાસન નથી

થતું.

જે પોતાનું જ્ઞાન સામાન્ય છે એમાં રહેલું જે જ્ઞાનવેદન છે એ વેદનના આધારે આખા સ્વરૂપનો નિશ્ચય થાય છે. તો એની અંદર અનંત જ્ઞાન અને અનંત સુખ એ બે વાત ભેગી છે. અનંત જ્ઞાન અને અનંત સુખ છે એ વાત ભેગી છે. જેમકે તિર્યંચ છે. તો તિર્યંચને ઉઘાડ ઓછો છે. બહુ વિચારશક્તિ નથી. તિર્યંચને ઉઘાડ ઓછો છે. બહુ માણસ જેટલું વિચાર નથી શકતું પ્રાણી-પશુ-પક્ષી જે કોઈ હોય તે. પણ એ પોતાના પરિણમનમાં શાંતિ-અશાંતિને, સુખ-દુઃખને સમજી શકે છે. કીડી હોય તોપણ એ તડકેથી છાંયે વઈ જશે. કીડી ત્રણ ઇન્દ્રિય પ્રાણી છે. એને આંખ નથી. સ્પર્શેન્દ્રિય છે, રસના ઇન્દ્રિય છે અને ત્રીજી ઘ્રાણેન્દ્રિય છે. અને ઘ્રાણેન્દ્રિય એની સતેજ છે જરા તીવ્ર છે. એટલે એને મીઠાપણમાં સુખ છે. ગળપણમાં સુખ છે એને. એનો નિશ્ચય શું છે? એવા તીવ્ર નિશ્ચયમાં જ કીડી થઈ છે ઈ. જે કીડી થઈ છે એનું કારણ એ છે તિ ગળપણ અતિ પ્રિય છે. તો અતિ ગળપણ પ્રિય છે તો એને ગળપણ જ્યાં હોય ત્યાં એ મરી જાય તોપણ જાય. તો એને ગળપણ માટે બધી શક્તિઓ એની ઉઘાડની બધી શક્તિઓ નાકની જગ્યાએ છે. એક ખાંડનો દાણો પડ્યો હોય તોપણ એને ગંધ આવે છે. મનુષ્યને ન આવે પણ એને ગળપણની ગંધ આવે છે. તો કીડી ત્યાં ચાલી જાય.

હવે એ કીડી ત્યાં ગઈ શું કરવા? કે એને સુખની ખબર પડે છે. ગમ નથી એને વિચાર કરવાનો. પણ જેવી એની ગંધ આવી ગળપણની તો એ બાજુ ગતિમાન કરશે. એ ગતિ કરે છે એનો ભાવ એમાં પ્રદર્શિત થાય છે કે એને ત્યાં ગમ્યું છે, એને ત્યાં ગમે છે અને ત્યાં સુખ છે. તો સુખની ખબર પડે છે જીવને. દુઃખની ખબર પડે છે. તડકો હશે તો છાંયે વઈ જશે. સુખ-દુઃખની ખબર પડે છે. અને ખબર પડે છે એ જ્ઞાન છે. એ બે ગુણની બધાને ખબર પડે છે. જ્ઞાન અને સુખ. જ્ઞાન અને સુખ ઉપરથી આત્માની ઓળખાણ થાય છે.

મુમુક્ષુ :- જે આ વેદનનો વિષય આવે છે એ વેદનના વિષયમાં વેદાય છે તે સુખ એમ માનવું એ બરાબર નથી. વેદવું કોને કહીએ? વેદાય એવું છે આત્મામાં? અનંત ગુણોમાંથી તો સુખ જ વેદનમાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. આમ તો વેદન કરવાનો ગુણ જ્ઞાનનો છે પણ સુખને એનું રૂપ છે. સુખને જ્ઞાનનું રૂપ છે. અને પ્રયોજન સુખનો અનુભવ કરવાનું હોવાથી એમ લાગે છે કે હું સુખનો અનુભવ કરું છું. પણ ખરેખર સુખનું જ્ઞાનમાં પ્રતિબિંબ પડે છે. સુખની પર્યાયનું પણ જ્ઞાનમાં (પ્રતિબિંબ પડે છે). કારણ કે જ્ઞાન અનંતા ગુણોને જાણે છે, એમ સુખને જાણે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સુખને જાણે છે. પોતે સુખરૂપ છે...

મુમક્ષુ :- સુખગુણ અન્યને જાણવા.. જેમ જ્ઞાનગુણ અન્યને જાણે છે તો સુખમાં જ્ઞાનનું રૂપ હોવાથી સુખે પણ અન્યને જાણવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ ઉઘાડમાં ચોખ્ખું નથી થતું. અહીંયાં જ્ઞાનાવરણીયનો પ્રતિબંધ આવે છે. જ્ઞાનને સુખનું રૂપ છે એ ચોખ્ખી વાત છે. એ ભાવ ભાસે છે. સુખ ચૈતન્યમય છે એ ભાવ ભાસે છે. પણ જ્ઞાનનું રૂપ નથી ભાસતું. હવે ચૈતન્ય તો જ્ઞાનદર્શન સહિત જ છે. છતાં પણ એને જ્ઞાનનું રૂપ છે એમ ભાસતું નથી.

મુમુક્ષુ :- ચૈતન્યને તો પાછું ભાસે છે બરાબર.

પૂજ્ય ભાઈશ્રી :- ભાસે છે.

મુમુક્ષુ :— સુખ ચૈતન્યમય કેવી રીતે કહો છો?

પૂજ્ય ભાઈશ્રી :- અચેતનને સુખ હોય? ચેતન પદાર્થને જ સુખ હોય ને. આ પાનું ફાટી ગયું તો એને કાંઈ દુઃખ થાય? સુખ તો ચેતનને જ થાય છે. માટે સુખ ચૈતન્યમય છે. જડ પદાર્થમાં સુખ ન હોય. કેમકે સુખ ચૈતન્યને હોય છે. સુખ ચૈતન્યને જ હોય. એટલે ચેતના છે ત્યાં સુખ છે, સુખ છે ત્યાં ચેતના છે. એમ છે.

મુમુક્ષુ :- ઉપરનો પેરેગ્રાફ છે એમાં ...

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે.

(નિર્ભ્રાંત દર્શનની કેડીએ) ૫૪માં પાનાનો નીચેનો પેરેગ્રાફ. '**અનાદિથી જીવને રાગ અને રાગના વિષયમાં સુખાનુભવ-સુખના વિશ્વાસ સહિત છે.**' સુખનો અનુભવ સુખના વિશ્વાસ સહિત છે. એટલે અન્ડર પ્રેજ્યુડાઈસ. કેટલો? તમને કેરી સારી નથી લાગતી. પણ તમે પહેલેથી નિર્ણય કર્યો છે કે કેરી સારી જ છે. એ તમારા નિશ્ચયપૂર્વક તમારો અનુભવ છે. એટલે સુખનો અનુભવ સુખના નિશ્ચયપૂર્વક છે. દુઃખનો અનુભવ દુઃખના નિશ્ચયપૂર્વક છે. આ ભૂલ થઈ છે. જો નિશ્ચય ફરી જાય તો સુખનો અનુભવ નથી. ત્યાં તમને કેરીનું ગળપણ જણાય પણ સુખનો અનુભવ ન થાય. શરીરની વેદના જણાય પણ દુઃખનો અનુભવ ન થાય. શરીરનો રોગ જણાય પણ દુઃખનો અનુભવ ન થાય.

મુમુક્ષુ :- નિશ્ચયમાં રૂપ પકડાય જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- નિશ્ચયમાં શું છે કે આખો આત્મા જ પકડાય છે. એટલે અભિપ્રાયનું બહુ મોટું મૂલ્ય છે. એ નિશ્ચયરૂપ છે અભિપ્રાય છે એ. એટલે તો અભિપ્રાયનું પ્રકરણ ચાલે છે.

હવે અહીં શું કીધું? '**અનાદિથી જીવને રાગ અને રાગના વિષયમાં સુખાનુભવ-સુખના વિશ્વાસ સહિત છે.**' અભિપ્રાય સહિત છે. '**પરંતુ ઉપરોક્ત ભૂમિકાની નિર્મળતાને લીધે આ વિશ્વાસમાં (નિર્ણયમાં) તિરાડ પડે છે,...**' એટલે પહેલી વહેલી જે મુમુક્ષુની ભૂમિકા છે એમાં એને સુખ માટે શંકા પડે છે.

... વાત તો કાંઈક જ્ઞાનીઓની વિચારવા જેવી તો ખરી. હજી આપણને સુખ લાગે છે. વિશ્વાસ બદલાણો નથી એટલે જ્યાં ત્યાં સુખ લાગે છે, અનુભવાય છે. પણ જ્ઞાનીઓ કહે છે કે જો ભાઈ! 'પશ્ચાત્ દુઃખ તે સુખ નહિ'. લાડવો ખાતા ખાતા ના શું કરવા પાડી? કે હવે નથી ખાવો. વાત તો કાંઈક વિચાવા જેવી તો ખરી. એ તિરાડ પહેલી વહેલી પડે છે. એ તિરાડ પડે છે, એ વિશ્વાસમાં જ્યારે તિરાડ પડે છે ત્યારે '**અંતરમાં પોતાના પરિણમતા ભાવોનું સૂક્ષ્મ અવલોકનનો અભ્યાસ થતાં આ સુખ કલ્પનામાત્ર છે-તેમ સમજાવા લાગે છે.**' આ અવલોકન થયું એ કલ્પનાનું બરાબર ચિત્ર આવે છે કે મને કલ્પના થાય છે. ખરેખર ત્યાં સુખ નહોતું પણ મને સુખની કલ્પના થાય છે. અથવા જે પદાર્થ પ્રત્યે પહેલા રાગ હતો એ પદાર્થ પ્રત્યે દ્વેષ થાય છે. એવું બને છે.

જે લાડવો ખાવામાં રાગ હતો એ લાડવો ખાઉં તો હવે વોમિટ થશે એવી પરિસ્થિતિ આવે છે. .. છે. અબખે પડી જાય છે એમ નથી કહેતા? એટલો બધો એ ચીજ ખાવાનો રાગ હતો પણ ખુબ ખાધું ને એકવાર એમાં અબખે પડી ગયું. એટલે દ્વેષ થઈ ગયો પછી. પછી તો જોવે ત્યાં એને અણગમો થઈ આવે. પહેલા જોતા જ રાગ થતો હતો એ જોતા જ અણગમો થઈ જાય છે. ખરેખર ત્યાં સુખ નહોતું, ત્યાં દુઃખ પણ નહોતું. પણ એ બંને કલ્પના થાય છે જીવને.

'**આ રીતે (માત્ર ઉપલક વિચારથી નહિ, પરંતુ) અવલોકનથી સમજવાની પદ્ધતિએ આગળ વધતા મુમુક્ષુને રાગમાં આકુળતા લક્ષણ દુઃખ લાગવાની શરૂઆત થાય છે. રાગ સ્વયં દુઃખરૂપ હોવા છતાં પૂર્વગ્રહ અને ભ્રમણાથી તેમાં સુખ લાગતું હતું - તેમાં ભૂમિકાની નિર્મળતા થતાં મૂળમાંથી ફેર પડવાનો શરૂ થાય છે. જે જ્ઞાનને રાગમાં દુઃખ હોવા છતાં દુઃખ ન લાગે તે જ્ઞાન ભલે અનેક શાસ્ત્રોના ભણતરવાળું હોય, તોપણ રાગરસની તીવ્રતાને લઈને વિપરીત અને મલિન છે. તેથી દુઃખના સ્થૂળ પરિણામને પણ જેમ છે તેમ જાણવા સમર્થ નથી.**'

મારે તો જે પકડવું છે એ બીજી વાત છે. જ્ઞાન સુખરૂપ છે એ વાત લખાણી છે એ લેવું છે. ૫૬માં પાને. ૫૬માં પાને વચ્ચે છે. '**જ્ઞાનની જ્ઞેયથી ભિન્નતા અને નિરપેક્ષતા અવલોકનથી સમજાય છે...**' એટલે નિરાલંબ નિરપેક્ષ સત્તા સમજાણી '**કે જ્ઞાન જ્ઞાનના**

**આધારે જ છે.**' એને કોઈના આધારની, કારણની અને મદદની જરૂર નથી. '**સાથે સાથે જ પોતાના અનંત સામર્થ્યનો અને આનંદ સ્વરૂપનો સ્પષ્ટ પ્રિભાસ આવે છે.**' સુખ કહો કે આનંદ કહો, એનો સ્પષ્ટ પ્રતિભાસ આવે છે કે હું જ્ઞાન છું, માત્ર જાણવારૂપ નથી પણ આનંદરૂપ પણ છું. અને આનંદરૂપ છું નહિ પણ અનંત આનંદ મારામાં ભર્યો છે.

મુમુક્ષુ :- અહીંયાં પ્રતિભાસ છે એટલે વેદનથી?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રતિભાસ એટલે ભાવ ભાસવો. પણ વેદન અંશે. જે 'કૃપાળુદેવે' ૭૫૧માં કહ્યું કે સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ. અનુભવ અંશ છે. પણ શુદ્ધોપયોગમાં જે અનુભવ છે એવો નહિ.

મુમુક્ષુ :- એટલે આ રાગસહિત છે?

પૂજ્ય ભાઈશ્રી :- રાગસહિત છે, રાગસહિત છે. ત્યારે વિચાર વિકલ્પ ચાલુ છે, સવિકલ્પ દશામાં છે. પણ એણે જ્ઞાનને જુદું પાડ્યું. ભેદજ્ઞાનનો તો પ્રયોગ ચાલે છે. જ્ઞાનને જુદું પાડ્યું, વેદનથી જુદું પાડ્યું અને એ વેદન અંશમાં પ્રત્યક્ષ અંશ અને સુખ ... છે. એટલે આખી અનંત જ્ઞાનની ખાણ...

મુમુક્ષુ :- અહીંયાં વેદનથી જુદું પડે છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ વેદન ખાલી ત્યાં સવિકલ્પ દશા સાથેનું વેદન છે.

મુમુક્ષુ :- અહીંયાં વેદન એટલે પ્રતીતિ સમજવું કે પછી પાછું ત્યાં પ્રતીતિ કહો ...

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં વિશ્વાસનો સવાલ છે. અહીંયાં જ્ઞાનની પર્યાય છે પ્રતીતિ વખતે. વિશ્વાસ કરવો, અવિશ્વાસ કરવો એ જ્ઞાનનું કાર્ય છે. પણ એ શ્રદ્ધાપ્રધાન જ્ઞાનનું રૂપ છે. જ્ઞાન જે વિશ્વાસ કરે છે એ શ્રદ્ધાપ્રધાન જ્ઞાનનું રૂપ છે. અને જ્ઞાન જે નિર્લેપ રહે છે કે તમે હજાર સ્વાદ ખાધા, જ્ઞાનમાં કયો ચોંટ્યો? એકેય ચોંટેલો છે સ્વાદ?

મુમુક્ષુ :- સ્વાદ લેતી વખતે પણ ચોંટતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે એનો સ્વભાવ નિર્લેપ રહેવાનો છે. લોપાવાનો એનો સ્વભાવ નથી. તો એ ચારિત્ર પ્રધાન જ્ઞાનનું રૂપ છે. જ્ઞાનની નિર્મળતા છે એ સ્વચ્છત્વ નામનો ગુણ છે એ પ્રધાન જ્ઞાનનું રૂપ છે.

'તત્ત્વાનુશીલન'માં આપણે ૪૦-૪૫ જે જ્ઞાનના રૂપ લીધા છે એ બધા જુદા જુદા ગુણના જ રૂપ છે. એટલે જો એક ગુણનું રૂપ પણ જ્ઞાનને લાગુ પડે તો અનંત ગુણનું રૂપ લાગુ પડે છે એ ન્યાય છે. ઉઘાડમાં કેટલું આવે એ બીજી વાત છે. જેમકે આત્મામાં અનંત ગુણ છે. તો બધા કાંઈ છદ્મસ્થને જ્ઞાનમાં નથી આવતા. પણ ઓળખાણ થાય એમાં આખા દ્રવ્યની ઓળખાણ થાય છે. એમાં અનંતા ગુણોનો અભેદભાવે સમાવેશ છે. ભલે જુદા જુદા

ન ઓળખાય તોપણ.

મુમુક્ષુ :- અહીંયાંનું વેદન અને નિર્વિકલ્પ વેદન એ બે જાત જુદી સમજવી?

પૂજ્ય ભાઈશ્રી :- જાત જુદી નથી પણ તારતમ્યમાં ઘણો ફેર છે. કેમકે જ્ઞાનવેદન તો જ્ઞાનનું વેદન જ છે. પણ તામ્યમાં શું છે કે જે જ્ઞાનનો અનુભવ છે એમાં વિકલ્પ છે એ ઓબ્સ્ટ્રેકલ છે. અવરોધ છે એને વચ્ચે. જ્યારે નિર્વિકલ્પદશા છે ત્યારે ઓબ્સ્ટ્રેકલ આઉટ થઈ ગયો છે. એટલું જ નહિ જે વેદન છે એ જેમ દૂધનો ઉભરો આવે એમ ઉભરીને બહાર આવે છે. અહીંયાં ઉપડ્યું નથી. પકડાણું છે વેદન. પણ એ ઉભરાયને અનુભવ નથી થયો. એટલે તારતમ્યભેદ છે. ગુસ્સો છે પણ આંખો હજી લાલ નથી થઈ, આખો ચહેરો લાલ નથી થયો પણ અંદર હજી ગુસ્સો છે. તીવ્ર થાય એટલે આખું મોઢું ફરી જાય.

એવી રીતે અહીંયાં ભાવભાસન વખતે વેદનથી ઓળખાણ છે પણ જે સ્વાનુભવમાં નિર્વિકલ્પ અનુભવ છે એમાં .. છે. ત્યાં અતીન્દ્રિય જ્ઞાન એક અતીન્દ્રિય દશા ધારણ કરે છે. વિચારદશામાં મન છે ત્યાં વિચાર ચાલે છે. મનમાં વિચાર ચાલે છે. એટલે ઉઘાડનું જે ક્ષેત્ર છે એ ખાલી જ્યાં મન છે ત્યાં જ પકડાય છે. જ્ઞાનનું વેદન ઈ જગ્યાએ પકડાણું. તમને તીખું જીભે જ લાગે છે, કડવું જીભે લાગે છે. પરિણમન તમારા આખા આત્મામાં છે. પણ લાગે છે તમને જીભની જગ્યાએ તીખું અને કડવું. વેદાય છે એટલી જ જગ્યાએ. એમ અહીં યાં પણ મનના વિચાર સાથે આ ભાવભાસન છે. એટલે ત્યાં વેદન છે એ ખાલી મનની જગ્યાએ જ પકડાણું. અને નિર્વિકલ્પ અનુભવમાં આખા ક્ષેત્રની અંદર જેમ ટ્યુબલાઈટ થાય એવી રીતે પ્રકાશ થાય છે વેદનનો.

મુમુક્ષુ :- અહીંયાં વેદન ભાવભાસનમાં વેદન મનથી પકડાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- મન સાથે છે. મનસહિત છે માટે એટલામાં જ વેદન પકડાય છે. જ્યારે અનુભવમાં તો આખો ચૈતન્યપિંડનો પ્રદેશે પ્રદેશે અનુભવ છે—વેદન છે સુખનું અને આનંદનું.

બલ્બની અંદર શું છે કે લાઈટ ક્યાં છે? ફિલામેન્ટ છે ત્યાં જ લાઈટ છે. ફિલામેન્ટ સિવાય લાઈટ નથી થઈ. જ્યારે ટ્યુબલાઈટમાં એના પ્રદેશે પ્રદેશે લાઈટ છે. ફિલામેન્ટ નથી ત્યાં. આખી ટ્યુબ સળગે છે અને લાઈટ આપે છે. જ્યારે બલ્બની અંદર ફિલામેન્ટ સળગે છે અને લાઈટ આપે છે. સમજાણું? એમ ભાવભાસનના કાળમાં જ્યાં વેદન મનમાં છે, જ્ઞાનનો પર્યાય જ્યાં વિચાર કરે છે કે મારો આત્મા આવો. જ્ઞાન જ્ઞાનને પકડે છે. ત્યાં શું છે કે જ્ઞાન પોતે જ જ્ઞાનને પકડે છે. પણ એ વિચારસયુંક્ત જ્ઞાન છે કે એનું વેદન મનમાં જ છે. જ્યારે અનુભવમાં તો આખો જેટલો ચૈતન્ય પિંડ છે એમાં પ્રસરી ગયો. ઉપયોગ એમાં

વ્યાપ્યવ્યાપકરૂપે પ્રસરી ગયો છે. ઉભરીને આવે, ઉભરાયને આવે છે. એ જ્ઞાન અને આનંદ ઉભરાયને આવે છે. બહુ મોટો ફેર છે, ઘણો ફેર છે.

'બહેનશ્રી'એ ડાયરીમાં લખ્યું છે કે આમાં ને આમાં ઘણો ફેર છે. વેદન આધારીત હોવા છતાં ભાવભાસનમાં અને અનુભવમાં ઘણો ફેર છે. એ (એક મુમુક્ષુ) સાથે ચર્ચા થઈ કે આવું લખ્યું છે. લખે જ ને.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... ભાવભાસનનો વિષય લીધો છે ડાયરીમાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તમને યાદ ન રહે ને. ક્યાંથી યાદ રહે? સ્વાભાવિક છે. વાંચ્યું હોય ત્યારે મેળવ્યું તો હોય બધું. પણ એ તો મેળવ્યું હોય એટલે વિષય તો પરિચીત હોય એટલે કાંઈ સવાલ નથી રહેતો. એને તો નવીનતા લાગે ને. અપરિચીત વિષય સામે હોય ત્યારે નવીનતા લાગે. એમણે તો પહેલા ડાયરી વાંચી છે પણ ધ્યાન હમણા છેલ્લા પાંચ-છ મહિનામાં ખેંચાણું છે કે આ સમ્યગ્દર્શનનું કારણ છે અને એમાં આવું આવું છે, આટલી આટલી વાતો છે. ઝાઝી વાતો જાણવી હોય તો ૩૦ પાના ભર્યા છે. લખાણમાં ૩૦ પાના છે. વિવેચન કરવા જાઓ તો કેટલું થાય લાંબુ. એક એક વાત.

'**સાથે સાથે જ પોતાના અનંત સામર્થ્યનો અને આનંદ સ્વરૂપનો સ્પષ્ટ પ્રતિભાસ આવે છે. આ સ્વભાવનું અવભાસન છે.**' અથવા ભાવભાસન છે. '**જ્ઞાનને પોતાના નિજ અવલોકનમાં સ્વલક્ષણભૂત પ્રગટ જ્ઞાનવેદનથી પ્રસિદ્ધ થવા યોગ્ય પોતાનો આત્મા ભાસ્યમાન થાય છે કે જેના ભાસ્યમાન થવાથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની પર્યાયો મર્યાદામાં આવે છે.**' એ ખેંચાણ શરૂ થાય છે. આનંદ ભાસ્યો એટલે એના ઉપયોગને ખેંચાણ શરૂ થયું, આકર્ષણ ઊભું થઈ ગયું સુખ બાજુનું.

મુમુક્ષુ :- આપણે ૧૪૪મી ગાથામાં જે મતિ શ્રુતજ્ઞાન મર્યાદામાં ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ આ મર્યાદા. મર્યાદા એટલે ખેંચાણ શરૂ થયું. એ બાજુનું આકર્ષણ શરૂ થયું.

એમાં શું થાય છે કે મુમુક્ષુજીવ છે હજી. પૂર્વકર્મનો ઉદય ચાલુ છે બધાને. એટલે અનેક પ્રકારના બહારના કાર્યોમાં એની પ્રવૃત્તિ ચાલુ થાય. પહેલા પ્રવૃત્તિ ચાલતી હતી અને હવે પ્રવૃત્તિ ચાલે છે (એમાં) ફેર શું પડ્યો? કે પહેલા ત્યાં સુખ છે એના ખેંચાણથી પ્રવૃત્તિ હતી. હવે અહીંયાં ભાવભાસન થયું એટલે ભાવભાસન જડનું પણ થઈ ગયું કે ત્યાં સુખ નથી. એટલે નિશ્ચય બદલાઈ ગયો. નિશ્ચય બે જગ્યાએ ન રહી શકે. એટલે ત્યાંથી સુખનો નિશ્ચય

તૂટીને, બદલાઈને સુખ અહીંયાં છે એમ નિશ્ચય બદલાઈ ગયો. નિશ્ચયની પર્યાય ફરી. એટલે જે પ્રવૃત્તિ હતી બહારમાં, જે કર્મના ઉદય સાથે અને જે જે પ્રસંગોની ઉદયમાન કાર્યોની જે પ્રવૃત્તિ હતી એમાં નીરસતા ઉત્પન્ન થઈ ગઈ. કેમકે સુખ હોય તો જ રસ આવે. નહિતર જીવને રસ ન આવે.

મુમુક્ષુ :- અભિપ્રાય ન રહ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવભાસન એટલે તો બહુ મોટી વાત છે. સુખ તો દેખાતું જ નથી ત્યાં સુધી. પ્રત્યક્ષપણે ત્યાં સુખ જ નથી દેખાતું, ભાસતું જ નથી એને. એટલે નીરસતા આવી ગઈ. ત્યાં ઉપયોગ જાય ત્યાં રાગનો વિકલ્પ જાય, પ્રવૃત્તિ થાય પણ પરિણામ છટકી છટકીને આ બાજુ આવે. અવારનવાર ત્યાંથી છટકી જાય. ઉદયમાં જે પરિણામો લાગેલા હોય એમાંથી છટકવા માંડે કે અરે..! અહીંયાં આવડો મોટો સુખનો ભંડાર ભર્યો છે ને! અહીંયાં મોટો સુખનો ભંડાર ભર્યો છે ને! એમ પરિણામ છટકી છટકીને આ બાજુ આવે. ઉદયમાન પ્રવૃત્તિ છે અને હજી એટલી કોઈ જ્ઞાનદશા પ્રગટ નથી થઈ એટલે પરિણામો જાય પણ ત્યાંથી વારંવાર છટકીને આ બાજુ આવે. એટલે નિશ્ચય બદલાઈ ગયો આખો. એટલે આખી પરિસ્થિતિ છે એના જેને એમ કહે કે ચેન્જ ઓફ એલાઈમેન્ટ—આખું જે સ્થાપત્ય છે એની ફેરબદલીની એક પ્રક્રિયા પ્રોસેસ છે એ ચાલુ થઈ જાય.

મુમુક્ષુ :- આ જે ખેંચાઈ ખેંચાઈને આવે છે એને જ સહજ પુરુષાર્થ સમજવો?

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- એટલે સહજ જ આવ્યા કરે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સહજ જ આવે.

મુમુક્ષુ :- એ સહજ પુરુષાર્થ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ સહજ પુરુષાર્થ છે. પુરુષાર્થની તારતમ્યતા થોડી વધે છે. ભાવભાસન પછી પુરુષાર્થની તારતમ્યતા વધે છે. ખેંચાણ બાજુનો પુરુષાર્થ છે.

મુમુક્ષુ :- ભાવભાસન પછી જ સહજતા શરૂ થાય?

પૂજ્ય ભાઈશ્રી :- સહજતા શરૂ થાય. ચૈતન્યવીર્યની સ્ફુરણા કહી છે 'ગુરુદેવે' એને. ભાવભાસન થતાં ચૈતન્યવીર્યની સ્ફુરણા થાય છે. ૨૧૦ નંબરનો બોલ છે 'પરમાગમસાર'નો.

'**પહેલાં આ શ્રદ્ધામાં, જ્ઞાનમાં, રુચિમાં અને લક્ષમાં આવવું જોઈએ.**' આ એક જ લક્ષના માટે બધી વાત કરી છે. કેમકે એ વખતે રુચિ વધે છે. એ વખતે જ્ઞાનમાં ભાવ-ભાસન આવે છે. એ વખતે લક્ષ થઈ જાય છે. અને શ્રદ્ધા એટલે અહીંયાં વિશ્વાસ. વિશ્વાસ ઉત્પન્ન થાય છે. '**તો એના વીર્યમાં સ્વભાવ સન્મુખની સ્ફુરણા ચાલ્યા કરે,...**' આ

પુરુષાર્થ ત્યાંથી જાગૃત થયો, સ્ફુરાયમાન થયો. '**આ સમ્યક્ પહેલાંની વાત છે. આ જ સમ્યગ્દર્શનનો ઉપાય છે બીજો કોઈ ઉપાય જ નથી.**' આ પુરુષાર્થનું વલણ જે બદલાણું એ જ સમ્યગ્દર્શનનું કારણ છે પૂર્વ પર્યાયમાં. બીજું કોઈ સમ્યગ્દર્શનનું કારણ નથી.

મુમુક્ષુ :- કાર્ય કારણની સંધિ આવી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- ... લક્ષ થયું, ભાવભાસન થયું એ જ્ઞાનનો પર્યાય છે, એ પુરુષાર્થની દિશા બદલવાનું કારણ થયું, અંતર્મુખની દિશા શરૂ થઈ અને આગળ વધીને અનુભવો કરશે. અને એટલા માટે જે સમસ્યા (હતી કે) અંતર્મુખ કેમ થવું એ સમસ્યા અહીંયાં સમાપ્ત થઈ. પુરુષાર્થની અંતર્મુખની દિશા ચાલુ થઈ ગઈ, ભાવભાસનથી જ. એટલે હવે અંતર્મુખી પુરુ-ષાર્થ કેમ કરવો એ સમસ્યા ન રહી. બાકી ગમે તેટલા શાસ્ત્ર વાંચે તો અંતર્મુખી પુરુષાર્થ કેમ કરવો એ સમસ્યા ઊભી જ રહે, જો ભાવભાસન ન થાય તો. એમ.

બીજું, કે જે વેદન પ્રત્યક્ષતા છે અને જે અનંતી પ્રત્યક્ષતા છે એ સુખને પણ લાગુ પડે છે. એટલે 'કૃપાળુદેવે' સ્પષ્ટ શબ્દ વાપર્યો—પરમાર્થની એટલે આખા સ્વભાવની સ્પષ્ટ એટલે પ્રત્યક્ષ, અનુભવાંશે પ્રતીતિ. વેદન અંશે વિશ્વાસ આવ્યો છે. આને અમે બીજું સમકિત કહીએ છીએ. આટલી વાત છે. પ્રત્યક્ષમાં શું બાકી રહ્યું પછી? પ્રત્યક્ષતા છે એ પુરુષાર્થને જોર દેવામાં એક બુસ્ટરનું કામ કરે છે. પુરુષાર્થનું જોર ઉત્પન્ન થાય અને એ જોર વધતું જાય. એનો બુસ્ટીંગ પોઈન્ટ હોય તો પ્રત્યક્ષતા છે. એટલે સમ્યક્ સન્મુખ જીવ હોય કે જ્ઞાની જીવ હોય તે સ્વરૂપને પ્રતીતિમાં પ્રત્યક્ષ કરી કરીને સ્વસંવેદનને વધારે છે. એ વચન એમણે 'અનુભવપ્રકાશ'માં લીધું છે.

મુમુક્ષુ :- ચૈતન્યવીર્ય શબ્દ પણ અનુભવપ્રકાશમાં ઘણી જગ્યાએ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ પ્રત્યક્ષ કરી કરીને સ્વસંવેદનને વધારે છે. એ જે પુરુષાર્થનું વૃદ્ધિગતપણું થવું છે એનું કારણ મૂળમાં પ્રત્યક્ષતા છે—સ્વરૂપની પ્રત્યક્ષતા છે. એ બહુ મોટી વાત છે. અને જ્યાં સુધી સ્વરૂપની પ્રત્યક્ષતા પ્રત્યક્ષ અંશે પ્રત્યક્ષ નથી થતી ત્યાં સુધી જીવ અંધારામાં ઊભો છે. અને અંધારામાં ગમે તેટલા કૂદકા મારે તો એ નકામા છે. બધું નકામું જાય, એકેય એને કામમાં નથી આવતું.

મુમુક્ષુ :- ખરેખર તો સુખ સંબંધીનો જે અભિપ્રાય છે એ ભાવભાસન થતાં જ બદલાય છે. અને એની પહેલા જે થાય છે ફક્ત ત્યાં તિરાડ જ પડે છે. એની પહેલા જે થાય છે...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ખાલી તિરાડ પડે છે. પહેલા તિરાડ પડે છે.

મુમુક્ષુ :- અવલોકન દ્વારા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અવલોકન દ્વારા તિરાડ પડે છે. બરાબર છે. સુખમાં સુખનો

આભાસ થાય છે પણ સુખ મળતું નથી. અવલોકન કરું છું તો ખરેખર કાંઈ સુખ આવતું નથી.

મુમુક્ષુ :- એટલે અહીંયાં અભિપ્રાય બદલાયો છે એમ ન કહી શકાય?

પૂજ્ય ભાઈશ્રી :- ના. ભાવભાસન વગર..

મુમુક્ષુ :- ફક્ત તિરાડ જ પડી છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવભાસન વગર અભિપ્રાય (ન બદલાય).

એટલે જે આ અનંત ગુણમાં એક ગુણને અનંત ગુણનું રૂપ છે એનો પ્રથમ પરિચય ભાવભાસનના કાળમાં થાય છે. પહેલો પરિચય ક્યાં થાય? કે ભાવભાસનના કાળમાં થાય કે જ્ઞાન સુખરૂપ છે. આત્મા અનંત સુખરૂપ છે એનો પત્તો લાગ્યો ત્યારે એ પોતાના ભૂતકાળને જો વિચારે જીવ તો એને બહુ સ્પષ્ટ ખ્યાલમાં આવે કે અરે..! જ્યાં સુખ નહોતું ત્યાં સુખની ભ્રાંતિથી એ સુખ લેવા માટે મેં શું શું નથી કર્યું? ઊંધા માથે તપશ્ચર્યા મેં પણ કરી. કેમ? કે એનાથી મને સુખ મળશે એમ માન્યું હતું. અને જિંદગી હોડમાં મૂકીને જાનના જોખમે સંસારની પ્રવૃત્તિ કરી. કોઈ જગ્યાએ તો જાનનું જોખમ ઊભુ થઈ જાય છે. જેમ કે પ્લેનની મુસાફરી કરે છે. પચાસ હજાર ફૂટથી નીચે પડે તો હાડકુ હાથમાં ન આવે. કેમ? મારે કામ છે, જવું પડે. ટાઈમ બગાડવો પોસાય નહિ. સુખના કારણે એને બધા જોખમ લીધા. ભૂખ્યો રહ્યો છે, તરસ્યો રહ્યો છે, ટાઢ-તડકા વેઠ્યા છે, ભૂક-તરસ વેઠી છે અને જાનની બાજી લગાવી છે. શું કરવા? સુખ માટે. કેટલા કાળ સુધી આ જીવે આમ કર્યું છે? અનંત કાળ.

હવે જે માણસ, જે જીવ આટલી બધી શક્તિ ખર્ચવા તૈયાર હતો અભિપ્રાયથી એ હવે અનંત સુખની પ્રત્યક્ષ ખાણ દેખાય જાય એ બધી શક્તિ ત્યાં ન લગાવે તો શું કરે? એના પુરુષાર્થને રોકી કેવી રીતે શકાય? જેમ દુઃખ પડે ત્યારે રડવું માણસ નથી રોકી શકતો અને સુખ આવે ત્યારે પ્રસન્નતાને-હસવાને નથી રોકી શકતો. હર્ષને રોકી નથી શકતો, શોકને રોકી શકતો નથી. તો આટલો અનંત સુખનો દરિયો ઉછાળા મારતો દેખાય એને, આખો દરિયો ડોલે એવું સુખ છે એ તો, તો એના પુરુષાર્થને કોણ રોકી શકે? જગતમાં કોઈ દ્રવ્ય અને કોઈ ભાવ એવા નથી કે જીવના આ સુખને અનુભવ લેતા તે રોકી શકે એવા પુરુષાર્થને. એવું કોઈ જગતમાં નથી પછી. કોઈની પહોંચ નથી અંદર. આત્મામાં અંદર તો કોઈની પહોંચ નથી. અંદર કોણ દખલ કરી શકે? અવાજ આવે અને બીજો અવાજ આવે તો નાના અવાજને મોટો અવાજ મારી જાય. પણ એ તો અવાજ બહાર છે માટે એ બહારમાં ને બહારમાં એ દખલ થઈ. પણ અંદરમાં તો કોઈની પહોંચ નથી કે અંદરમાં કોઈની દખલ નથી. સુખ અંદરમાં ભર્યું છે. પરિણામ અંતર્મુખ થાય છે. કોઈ .. નથી એને બહિર્મુખ કરવા માટે કે

વાળી દે એને.

મુમુક્ષુ :- આપે લખ્યું છે પરિણામ ઉલ્લસી પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઉછળીને જ જાય. સીધી જ વાત છે.

માણસ પંદર દિ'નો ભૂખ્યો હોય કે તરસ્યો હોય તો એ હળવે હળવે ન જમે. એ ખાતી વખતે અક્રાંતિયો થઈને ખાય. કેમકે ભૂખનો ભડકો એવો છે એનો. .. નથી. એને બહુ મોટો .. અને એમાં અનંત સુખની ખાણ દેખાણી હોય તો ઉછળીને ન જાય તો શું કરે? ધીમે ધીમે જાય પછી? પછી તો દોટ જ મૂકે. એ તો સીધી વાત છે. બહુ સ્વભાવિક પ્રક્રિયા છે.

એમણે વળી લોજિક પછી લીધું છે કે '**માટે સત્તા વડે સર્વે ગુણોની સિદ્ધિ થઈ. જો સૂક્ષ્મ(ત્વ) ગુણ છે તો સર્વે ગુણો સૂક્ષ્મ છે; જો વસ્તુત્વ ગુણ છે તો સર્વે (ગુણો) સામાન્ય-વિશેષતા સહિત છે;...**' સર્વે ગુણો સામાન્ય વિશેષતા સહિત છે એટલે ગુણ સામાન્ય અને પર્યાય એનું વિશેષ. '**જો દ્રવત્વ ગુણ છે તો દ્રવ્યને દ્રવે છે–**' પરિણામનું દ્રવવું થાય છે એ દ્રવત્વને લઈને છે.

મુમુક્ષુ :- અહીંયાં વસ્તુત્વમાં પર્યાય કીધી એ તો પણ દ્રવવું જ થયું ને?

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુત્વ ગુણ છે તો સર્વે ગુણો વસ્તુરૂપ છે અને વસ્તુ સામાન્ય વિશેષ (સ્વરૂપ) છે.

મુમુક્ષુ :- હા, એટલે પર્યાય સહિત ત્યાં એને પણ પર્યાય કીધી અને દ્રવ્યમાં પણ દ્રવવું એટલે પર્યાય કીધી.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ઘણી રીતે પર્યાયનું આવશે. એક પર્યાયના કેટલા ... આવશે એક પર્યાય થવામાં. પરિણામ શક્તિને લઈને પણ પરિણામ થાય છે. દ્રવ્યત્વ ગુણને લઈને પણ પરિણામ થાય છે, વસ્તુત્વને લઈને પણ પરિણામ થાય એવી તો કેટલીય શક્તિઓ છે પરિણામ થવામાં તો. આમ વાત ભળતી દેખાય પણ શક્તિ બધી જુદી જુદી છે.

મુમુક્ષુ :- તો પછી દ્રવ્યત્વ ગુણનો ફરક શું રહ્યો?

પૂજ્ય ભાઈશ્રી :- એ જ ચર્ચા થઈ હતી ત્યાં. ભાઈ આવ્યા ત્યારે. અહીંયાં ૪૭ શક્તિ-માં જ્ઞાનશક્તિ એક છે અને સર્વજ્ઞશક્તિ એક બીજી છે. સાકાર ઉપયોગમયી જ્ઞાનશક્તિ અને આત્મજ્ઞાનમય લોકાલોકને જાણનારી સર્વજ્ઞશક્તિ, આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ. મેં કીધું, આ 'ગુરુદેવ' સાથે ચર્ચા કરી છે. તો 'ગુરુદેવ' કહે છે કે બે શક્તિ છે. આ બે શક્તિ છે કે એક શક્તિ? તો કીધું, નહિ, બે શક્તિ છે. આચાર્યે જુદી પાડી છે પછી પ્રશ્ન ક્યાં રહે છે? એવી બધી વાતો છે. હવે એમાં .. નથી. પહોંચ થાય એવું નથી. પણ છે એ હકીકત છે. આ ચર્ચા થઈ હતી એક ગુણ અને અનંત ગુણની.

પર્યાયના ષટ્‌કારકો છે ને? એ છ શક્તિ છે ગુણ રૂપે અને પર્યાયમાં એનું પરિણમન છે. એક ગુણને અનંત ગુણનું રૂપ હોય તો જ એ પર્યાયની સ્વતંત્રતા સમજાય નહિતર ન સમજાય. એટલે જેને પર્યાયની સ્વતંત્રતા ન સમજાય એને આ સિદ્ધાંત ન બેસે. એમને આ સિદ્ધાંત નથી બેસતો. ષટ્‌કારક સામે વાંધો છે અને આ સિદ્ધાંત ...

મુમુક્ષુ :- આ સિદ્ધાંત સાથે વાંધો લ્યો તો દ્રવ્યનું અસ્તિત્વ જ આખું જોખમમાં આવી ગયું. દ્રવ્યનો સ્વીકાર...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે કહ્યું કે એમને પ્રમાણની પણ ખબર નથી. કેમ? કે છ કારકો પરિણમ્યા ત્યારે એનું પરિણમન છ કારકોરૂપે પર્યાયમાં આવ્યું. તો એમણે ગુણોને પરિણમ-તા જ નથી જોયા. છ કારકની જે છ શક્તિ છે એને પરિણમતી નથી જોઈ. પરિણમન સહિત જોવે ત્યારે જ પ્રમાણ થાય. કારણ કે સામાન્ય વિશેષના યુગપત્ જ્ઞાનને પ્રમાણ કહ્યું. એ પ્રમાણનો પક્ષ ખોટો કરે છે. અહીં શું સિદ્ધ કર્યું? .. પ્રમાણનો પક્ષ ખોટો છે. પ્રમાણાભાસ છે. પ્રમાણ નથી પ્રમાણાભાસ છે.

મુમુક્ષુ :- ફરીથી લ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- જે છ કારકો છે એ તો શક્તિરૂપ છે અને શક્તિની વ્યક્તિરૂપ એનું પરિણમન છે પર્યાયમાં. તો એ છએ કારકો, જેમ જ્ઞાનનો પર્યાય ઉપયોગ છે. જ્ઞાનશક્તિના પર્યાયને આપણે શું કહીએ છીએ? ઉપયોગ. તો જીવ હોય એ ઉપયોગ વગરનો હોય નહિ. તો એના જે છ કારકોનું નિરંતર પરિણમન છે તો એ છએ કારકોની પર્યાય તો એક પર્યાય જીવની પર્યાયમાં છે. તો પર્યાયમાં કારકો નથી એવી વાત ક્યાં રહી? પર્યાયને પર્યાયના કારકો એ ધર્મરૂપ છે એના.

મુમુક્ષુ :- તો એના સ્વતંત્ર કેમ કહેવાણા?

પૂજ્ય ભાઈશ્રી :- ગુણ અસ્વતંત્ર છે?

મુમુક્ષુ :- નહિ, જે ગુણ છે, છ કારકના છ ગુણો એનું પરિણમન થાય છે અને એવું પર્યાયમાં રૂપ છે. એમ જ થયું ને. તો હવે પર્યાયના પોતાના સ્વતંત્ર ષટ્‌કારકથી પર્યાય પરિણમે છે એ પર્યાયની સ્વતંત્રતા કેવી રીતે થઈ?

પૂજ્ય ભાઈશ્રી :- એ સ્વતંત્ર એવી રીતે રહી કે જે પર્યાય છે તે ગુણ નથી અને ગુણ છે તે પર્યાય નથી. જે ગુણત્વ છે તે પર્યાયત્વ નથી. કેમકે ગુણત્વ ધ્રુવ છે અને નિત્ય છે. અને પર્યાયત્વ અધ્રુવ અને અનિત્ય છે. જો ગુણ તે જ પર્યાય હોય તો પર્યાય નિત્ય થઈ જાય.

મુમુક્ષુ :- તો તો બધામાં રૂપ જે છે જેનું જેનું રૂપ છે એ સ્વતંત્ર પોતાનું રૂપ થઈ ગયું, બીજા ગુણનું રૂપ છે એમ...

પૂજ્ય ભાઈશ્રી :- એને પોતાનું રૂપ છે પણ એક દ્રવ્યની પર્યાય હોવાથી એક અખંડ અભેદ દ્રવ્યની પર્યાય હોવાથી. જ્ઞાનને કેમ સુખનું રૂપ છે?

મુમુક્ષુ :- તોપણ એમાં સુખગુણને કાંઈ લેવા દેવા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. નહિ. કાંઈ નહિ.

મુમુક્ષુ :- જ્ઞાનમાં જે સુખનું રૂપ છે એ સુખગુણથી સ્વતંત્ર રીતે જ્ઞાનનું પોતાનું જ કેરેક્ટર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પોતાનું જ કેરેક્ટર છે.

મુમુક્ષુ :- તો એનું રૂપ શું કામ કીધું?

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ્ઞાન જાણવાનું કાર્ય કરે છે તો કર્તાપણાનું રૂપ છે એ કર્તાપણાની જે કારકની શક્તિ છે એનું રૂપ છે આ.

મુમુક્ષુ :- તો એને રૂપ શું કામ કીધું? જ્યારે એ બે સ્વતંત્ર વસ્તુ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એનું રૂપ છે માટે એને રૂપ કીધું.

મુમુક્ષુ :- એના જેવું છે માટે જ એને કહેવું છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એના જેવું છે માટે એનું રૂપ છે એમ કીધું. નહિતર કેવી રીતે સમજાવવું કહો? નહિતર સમજાવવું કેવી રીતે એને?

મુમુક્ષુ :- આપે દૃષ્ટાંત આપ્યું શરીરનું.

પૂજ્ય ભાઈશ્રી :- આ માણસનું એવું રૂપ છે કે એનો વર્ણ તાંબા જેવી કાયા છે એમ નથી કહેતા આપણે? તો એ તાંબુ થોડું છે? એમ તાંબાના રંગને અને આ રંગને સીમીલારિટી છે માટે તાંબાનું રૂપ આવ્યું એને કે તાંબા જેવી કાયા છે આની. આની કંચન જેવી કાયા છે. સોના જેવું રૂપ છે એમ નથી કહેતા? સોનું સોનું છે. પણ સમજાવવું કેવી રીતે? સિમીલારિટી છે માટે સમજાવ્યું. સોનું સોનું છે. કંચન વર્ણ છે એ તો જુદો વર્ણ છે.

**તા. ૨૬-૪-૧૯૯૩, પાના નં. ૭૧**
**પ્રવચન નં. ૩૩ (સ્થળ-ઈડર)**

... જ્ઞાન, જ્ઞાન પોતાને વેદે છે ત્યારે ભાવભાસન થાય છે. એટલે સ્વસન્મુખતામાં ભાવભાસન થાય છે. વેદવામાં જાણવું સમાવિષ્ટ છે. કેવું વેદન આવ્યું એ જ્ઞાન જાણી લે છે, પણ જાણવામાં વેદનનો સમાવેશ નથી. કેમકે જાણવામાં તો અત્યાર સુધી જાણ્યા જ કર્યું છે, બીજું વેદન આવ્યું જ નથી એને, ભાવભાસન થયું જ નથી.

મુમુક્ષુ :- માટે વેદનથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કારણ કે વેદમાં એકલું જ્ઞાન છે અને જાણવામાં સ્વપરપ્રકાશત્વ બંને આવી જાય છે.

મુમુક્ષુ :- અને જ્ઞાન સ્વસન્મુખ થાય ત્યારે જ વેદન છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યારે વેદન ગ્રહણ થાય છે. વેદન તો જ્ઞાન સામાન્યમાં ત્રણે કાળ છે. આબાળગોપાળ બધાને અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા (અનુભવાય) છે પણ સન્મુખતમાં એને ગ્રહણ થાય છે, પકડાય છે, આવિર્ભૂત થઈને.

મુમુક્ષુ :- ઈસીલિયે જ્ઞાન પરકો નહિ જાનતા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- એ અસ્તિત્વ નથી બીજાનું માટે અસ્તિત્વ ગ્રહણ ત્યાં નથી. જ્ઞાન પરને વેદતું નથી ખરેખર તો. જાણે તો છે પણ વેદતું નથી. જ્ઞાન સ્વપરપ્રકાશક છે પણ સ્વપરવેદક નથી. એટલે જ્ઞાન પરને જાણે ખરું પણ પરને વેદી ન શકે. એટલે જ્યાં જ્ઞાન પરને જાણતું નથી એવી વાત આવે ત્યારે વેદતું નથી એ ભાવમાં, એ આશયમાં એ વાત ચાલે છે એમ સમજવું જોઈએ.

જેમ કે જ્ઞાનમાં પરનું અસ્તિત્વ તો નથી. જ્ઞાનમાં પરનું અસ્તિત્વ તો નથી તો વેદનમાં તો અસ્તિત્વ વેદાય છે. અસ્તિત્વનું ગ્રહણ વેદન વગર કેવી રીતે આવે? વેદન વગર અસ્તિત્વ ગ્રહણ ન થાય. અને ત્યાં પરનું અસ્તિત્વ નહિ હોવાથી પરનું વેદન કે પરનું અસ્તિત્વ ગ્રહણ થતું નથી. એટલે એ વેદનના આશયમાં એ વચન છે. એ ન સમજવામાં આવે તો ગડબડ ઊભી થઈ જાય પાછી. કલ્પના થાય. કાંઈક બીજી જ કલ્પના થાય કે ખરેખર જ્ઞાન પરને

જાણતું નથી. જો ખરેખર જ્ઞાન પરને જાણતું નથી તો એ વાત જ પરને જાણવાપૂર્વકની છે. કેમ કે પરને જાણતું નથી એ વાત જાણ્યા વગર ક્યાંથી આવી? માટે એ જાણતું નથી એ નાસ્તિમાં અસ્તિ ગર્ભિત છે. એ પરને જાણતું નથી એ નાસ્તિમાં જ અસ્તિ ગર્ભિત છે.

મુમુક્ષુ :- એ કેવી રીતે? જ્ઞાન પરને જાણતું જ નથી એમાં અસ્તિ કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- જેમકે હું એમ કહું કે ભાઈ! હું બોલી શકતો નથી. એમ તમને કહું કે મને બોલતા આવડતું નથી અને હું બોલી શકતો નથી. મારા મોઢામાં જીભ નથી, મારી જીભ કપાઈ ગઈ છે માટે હું બોલી શકતો નથી. પણ આટલું બધું મેં કેવી રીતે કહ્યું? મારી જીભ વગર કેવી રીતે મેં કહ્યું કે હું બોલી શકતો નથી? તમને કેવી રીતે મેં બતાવ્યું કે હું બોલી શકતો નથી? એવું હું ક્યાંથી બોલ્યો? કે મારી જીભ છે માટે હું બોલ્યો. નહિતર તો એમ પણ ન બોલી શકત કે હું બોલી શકતો નથી.

મુમુક્ષુ :- હું આત્મા નથી તો આત્મા સિદ્ધ થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા સિદ્ધ થઈ ગયો. હું પરને જાણતો નથી. તો પરની નાસ્તિરૂપ જ્ઞાન તો તમને થઈ ગયું. આ તો બહુ વિવાદસ્પદ પ્રશ્ન થયેલો છે. પછી એક વખત એવી રીતે કાંઈક ચર્ચા ચાલી હતી... એમ લીધું, આપણે એક શુદ્ધોપયોગવાળા જીવને પૂછીએ. જેને આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો હોય તો નિર્વિકલ્પ અનુભમાં તો વિકલ્પ પણ નથી અને પર સંબંધીનું લક્ષ પણ નથી અને જાણવું પણ નથી. તો એ જીવ જ્યારે અનુભવની બહાર નીકળ્યો અને સવિકલ્પ દશામાં આવ્યો. પછી વાતચીત કરી શકે. નિર્વિકલ્પ દશામાં તો વાતચીતનો પ્રસંગ પણ નથી. બરાબર? એ તો નિર્વિકલ્પ ધ્યાનસ્વરૂપ છે. તો જ્યારે એ જીવ નિર્વિકલ્પદશા છોડીને, પૂરી કરીને સવિકલ્પદશામાં આવ્યો ત્યારે આપણે એને પૂછવા માટે પૂછ્યું કે ભાઈ! તમને આત્માનો અનુભવ થયો? તો કહે, હા, મને આત્માનો અનુભવ થયો. તો આત્માનો અનુભવ થયો એમાં બીજા કોઈનો અનુભવ થયો હતો? તો કહે ના ના. એકલો આત્મા હતો મારા અનુભવમાં તો. તમારા અનુભવમાં એકલો આત્મા જ હતો? હા, એકલો આત્મા હતો. બીજું કોઈ નહિ? બીજું કોઈ નહિ. તો બીજું કોઈ નહિ એવા બીજાના નાસ્તિત્વનું જ્ઞાન થયું કે ન થયું? જો નિર્વિકલ્પ અનુભવમાં પણ અન્યની નાસ્તિનું જ્ઞાન ગર્ભિત છે, સમાવિષ્ટ છે તો સવિકલ્પ દશામાં જાણતો નથી એવી વાત કોઈ ઊભી જ નથી રહેતી. માટે પરને સર્વથા જાણતો નથી એ વાત સમજણ વગરની છે. એ વાત બિલકુલ સમજણ વગરની છે. સર્વથા જાણતો નથી એ વાત ચાલી શકે એવી છે જ નહિ.

મુમુક્ષુ :- પરને જાણવું વ્યવહાર છે એ વ્યવહારનું...

પૂજ્ય ભાઈશ્રી :- એ કથન વ્યવહાર છે. જ્ઞાન વ્યવહાર નથી. વ્યવહારને વચન

કથનમય પણ છે અને જ્ઞાનનય પણ છે. જ્ઞાનનય તે નિશ્ચય પરિણમન છે જ્ઞાનનું. કાઢોને 'ચિદ્વિલાસ' કાઢો ને. 'ચિદ્વિલાસ' છે આપની પાસે? નથી? એમાં જ્ઞાનગુણનું પ્રકરણ લખ્યું 'દીપચંદજી સાહેબે'. લ્યો, એ જ હાથમાં આવ્યું. ૧૪માં પાને.

'**હવે જ્ઞાનગુણનું સ્વરૂપ કહીએ છીએ. જ્ઞાન જાણપણું એ રીતે નિર્વિકલ્પ છે, તે સ્વજ્ઞેયને જાણે છે; તે પરજ્ઞેયોને જાણવામાં, જ્ઞાન નિશ્ચયથી જાણે તો જ્ઞાન જડ થાય-તાદાત્મ્યવૃત્તિથી એક થઈ જાય;...**' તાદાત્મ્યપણે તન્મય થઈને જાણે તો બે એક થઈ જાય. '**તેથી નિશ્ચયથી તો ન જાણે,...**' નિશ્ચયથી ન જાણે એટલે તાદાત્મ્યપણે ન જાણે, તન્મય થઈને ન જાણે. ઉપચારથી જાણે '**ઉપચારથી જાણે તો સર્વજ્ઞતા કઈ રીતે (બને)? જો ઉપચારમાત્ર તો જૂઠો છે તો સર્વજ્ઞ(પણું) જૂઠું થાય,...**' તો સર્વજ્ઞપણું એ ઉપચરિત વિશેષણ ગણાય. ખરું વિશેષણ ન ગણાય, નિશ્ચય વિશેષણ ન ગણાય. આ તો પોતે ઉઠાવીને જવાબ આપ્યો છે. જે દલીલ બીજા આપે એ પહેલા પોતે ઉઠાવીને પ્રતિપાદન કર્યું છે પરનું જાણવાનું.

'**તેનું સમધાન :- જેમ અરીસામાં ઘડો-વસ્ત્ર વગેરે દેખાય છે, ત્યાં જે તેખવું તે તો ઉપચાર દર્શન નથી,...**' દેખવું ઉપચારદર્શન નથી. '**(તેમ જ્ઞાન) જ્ઞેયોને પ્રત્યક્ષ દેખે છે તે તો જૂઠું નથી; પરંતુ આટલું વિશેષ છે કે ઉપયોગ જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશક શક્તિ છે,...**' વિશેષતા શું છે? કે જ્ઞાનરૂપ ઉપયોગમાં સ્વપરપ્રકાશક શક્તિ છે. શક્તિ ઉપચારથી હોય કે નિશ્ચયથી હોય? શક્તિ તો જીવનું સ્વરૂપ છે, નિશ્ચય સ્વરૂપ છે જીવનું. સ્વપરપ્રકાશક શક્તિ હમારી. 'બનારસીદાસે' ગાયું કે નહિ? 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી' તો શક્તિ તો જીવનું નિશ્ચય સ્વરૂપ છે, મૂળ સ્વરૂપ છે એ તો. એ કાંઈ ઉપચારથી હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- તન્મય થઈને જાણે તો જ જણાય?

પૂજ્ય ભાઈશ્રી :- તન્મય થઈને નથી જાણતો છતાં એમ કહે કે હું એને જાણું છું તે ઉપચાર છે.

મુમુક્ષુ :- તન્મય થઈને જાણે..

પૂજ્ય ભાઈશ્રી :- હા, તન્મય થઈને જાણતો જ નથી. છતાં જાણે છે એમાં તનમ્યતા બતાવે તો એ ઉપચારથી વાત છે. ખરેખર એમ નથી.

'**ઉપયોગ જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશક શક્તિ છે, તે પોતાના સ્વરૂપ-પ્રકાશનમાં નિશ્ચળ વ્યાપ્ય-વ્યાપક વડે લીન થયેલો અખંડ પ્રકાશ છે; પરનું પ્રકાશન તો છે પરંતુ વ્યાપકરૂપ એક્તા નથી...**' પરનું પ્રકાશન છે પણ વ્યાપકરૂપ એકતા નથી. '**(અર્થાત્ પરને જાણતાં જ્ઞાન પર સાથે એકમેક થતું નથી), તેથી ઉપચાર સંજ્ઞા થઈ.**' તેથી ઉપચાર સંજ્ઞા થઈ.

**'વસ્તુશક્તિ ઉપચાર નથી...'** કેટલું ચોખ્ખું કર્યું! વસ્તુની શક્તિ તે (ઉપચાર નથી). શક્તિ ઉપચારે ન હોય. એ તો નિશ્ચય સ્વરૂપ છે. આ વાત ચોખ્ખી કરી છે.

મુમુક્ષુ :- એનો મતલબ કે પરને જાણવું એ નિશ્ચયથી છે, પણ તન્મય થઈને જાણે એવું કહેવું એ વ્યવહાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- તે વ્યવહાર છે. બસ! આટલી જ વાત છે. આથી વધારે (કોઈ વાત નથી).

મુમુક્ષુ :- પરને જાણે છે એ તો નિશ્ચય કથન થયું ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરને જાણે છે એને વ્યવહાર કથન એટલા માટે કહ્યું કે એમાં પર છે એવો એક સંબંધ જોડ્યો જ્ઞાનને. પર સાથે સ્વમાં પરની અપેક્ષા લીધી. વ્યવહાર શા માટે? કે સ્વમાં પરની અપેક્ષા લીધી માટે વ્યવહાર. કથન વ્યવહારનું છે. પણ જાણવાનો પર્યાય વ્યવહાર નથી. એ તો નિશ્ચય જાણવું છે એનું. એટલે જ્ઞાન છે એ નિશ્ચય છે અને એ સંબંધીનું કથન છે તે ઉપચરિત કથન, વ્યવહાર કથન છે. એટલે કથન અને જ્ઞાન બે જુદી જુદી વાત છે એમ કહેવું છે. એટલે એમાં શાસ્ત્ર ભાષામાં એવી પદ્ધતિ છે કે વચનને કહેવાય છે, કથનને કહેવાય છે, જે પરિભાષા છે એને. અને જે જ્ઞાનનો પર્યાય છે એને જ્ઞાનનય કહેવાય છે. જ્ઞાનનય અને વચનનય એમ નયના બે ભેદ છે. એ ચૈતન્ય છે અને એક જડ છે. બે ભેદે નય પ્રવર્તે છે. એક જ્ઞાનપણે અને એક વચનપણે. તમે 'નિયમસાર' વાંચો ...

મુમુક્ષુ :- વચનને નય કહેવું ઉપચાર છે?

પૂજ્ય ભાઈશ્રી :- શાસ્ત્રની અંદર તો અનેક નયના કથનો છે અને એ બધાને નય જ કહેવાય છે. તો એનું નામ કથનનય. અને જ્ઞાનનો પર્યાય તે જ્ઞાનનય. બરાબર? હવે એની અંદર તફાવત રહે છે એમ કહેવું છે અહીંયાં. આપણે શું વિચારવું છે? કે એની અંદર તફાવત છે.

'નિયમસાર'ની ગાથા-૧૫૯. **'અહીં, જ્ઞાનીને સ્વ-પર સ્વરૂપનું પ્રકાશકપણું કથંચિત્ કહ્યું છે.'** આ ગાથાનો વિષય છે. શુદ્ધોપયોગ અધિકારની પહેલી ગાથા. ગાથા-૧૫૯. **'पराश्रितो व्यवहारः'** **'એવું (શાસ્ત્ર) વચન હોવાથી,...'** સિદ્ધાંત સૂત્ર છે. **'पराश्रितो व्यवहारः'** એટલે જ્ઞાન સ્વપરને જાણે છે, પ્રકાશે છે એમ કથન પરાશ્રિત આવ્યું માટે એને વ્યવહાર કહ્યો. કથન પરાશ્રિત આવ્યું માટે વ્યવહાર કહ્યો. પણ પરિણમન તો સ્વઆશ્રિત સ્વપરપ્રકાશક છે કેવળજ્ઞાનનું. કેવળજ્ઞાન તો સ્વઆશ્રિત સ્વપરપ્રકાશક છે. તો એ કાંઈ વ્યવહાર નથી, કેવળજ્ઞાન કાંઈ વ્યવહાર નથી. એ તો નિશ્ચય પરિણમન છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પર કી અપેક્ષા કથન મેં આ ગઈ ન? સો વ્યવહાર હૈ. અપેક્ષા ક્યોં લી? પર્યાય તો આત્મા કા, સ્વપરપ્રકાશકપના પર્યાય તો આત્માકા હૈ. ઉસકો બતાને કે લિયે પરકી અપેક્ષા ક્યોં લી? ઈસલિયે વ્યવહાર.

એવું શાસ્ત્ર વચન હોવાથી... હવે એક બહુ સરસ વાત આમાં આવી છે. વિચારવા જેવી વાત હવે આવે છે. '**વ્યવહારનયથી તે ભગવાન પરમેશ્વર પરમભટ્ટારક...**' દેવાધિદેવ, અરિહંત પરમાત્મા કેવળજ્ઞાન જેને પ્રગટ થયું છે તે. '**વ્યવહારનયથી તે ભગવાન પરમેશ્વર પરમભટ્ટારક આત્મગુણોનો ઘાત કરનારા ઘાતિકર્મોનાં નાશ વડે...**' જ્ઞાનાવરણીય આદિ ચારેય ઘાતિ કર્મોનો '**પ્રાપ્ત સકળ-વિમળ કેવળજ્ઞાન અને કેવળદર્શન વડે ત્રિલોકવર્તી તથા ત્રિકાળવર્તી સચરાચર દ્રવ્યગુણપર્યાયોને એક સમયે જાણે છે અને દેખે છે.**' એટલે શું કીધું? કે કેવળી પરમાત્મા વ્યવહારનયે ત્રણ કાળવર્તી પદાર્થને જાણે છે. વ્યવહાનયે જાણે છે. મારે તો વાંધો છે. આ વાત સામે મારે વાંધો છે કે કેવળજ્ઞાનીને નય નથી પછી વ્યવહારનયે જાણે છે એમ કહેવાય જ કેમ? શ્રુતજ્ઞાન સમાપ્ત થઈ ગયું. બારમા ગુણસ્થાને શ્રુતજ્ઞાન સમાપ્ત થયું એટલે નયજ્ઞાન સમાપ્ત થઈ ગયું. કેમકે નય તો શ્રુતજ્ઞાનનો અવયવ છે. તો કેવળી પરમાત્મા કેવળજ્ઞાન વડે લોકાલોકને વ્યવહારનયે જાણે છે એ વાત ક્યાંથી આવી? એમને નય નથી તો નયથી જાણવાની વાત ક્યાંથી આવી?

મુમુક્ષુ :- અમારી પાસે તો નય છે.

પૂજ્ય ભાઈશ્રી :- અહીં તો એમ કીધું કે કેવળી પરમાત્મા વ્યવહારનયે જાણે છે. 'નિયમસાર'નું જે કથન છે એમાં તો કેવળી પરમાત્મા વ્યવહારનયે જાણે છે. તો કેવળી પરમાત્માને નય હતા કે દિ'? કોઈ દિવસ નથી.

મુમુક્ષુ :- એકી સાથે જાણ્યા એને નય કેમ હોય?

પૂજ્ય ભાઈશ્રી :- એને નય હોઈ શકે જ નહિ. પણ એ કથનનયની વાત છે, જ્ઞાનનયની વાત નથી. કેમકે જ્ઞાનમાં નય જ નથી ત્યાં. પણ એમ કહેવું તે કથનનો નય છે. જ્ઞાનનો નય ત્યાં છે જ નહિ. છતાં કથનનો નય છે. એમ કથનનય અને જ્ઞાનનય વચ્ચેનું જો અંતર ન સમજવામાં આવે તો મોટો ગોટાળા ઊભા થાય.

એકવાર ત્યાં 'સોનગઢ'માં 'મોક્ષમાર્ગ પ્રકાશક' વાંચતી વખતે આ ચર્ચા બહુ કરી હતી. આપણા (એક મુમુક્ષુ) ગુંચવાતા જાતા. કેમકે કથનનય અને જ્ઞાનનય વચ્ચેનો તફાવત શું છે એ (ખબર નથી હોતી). અને લગભગ માણસો એમ સમજે છે કે જે જ્ઞાનનયને વચનગોચર કરવામાં આવે તેને કથનનય કહીએ. જ્ઞાન જે રીતે જાણે એ રીતે એનું કથન કરીએ તે કથનનય. નહિ. સર્વથા એવું નથી. અહીં તો જ્ઞાનનો નય ન હોય તો વચનનો

નય હોય છે અને આ 'નિયમસાર'નો પુરાવો છે. આ 'નિયમસાર'ના કથનનો પુરાવો છે કે 'નિયમસાર'માં કથનનય કહ્યો છે પણ ત્યાં જ્ઞાનનય નથી કેવળીને. (કેવળીને) કેવી રીતે હોય? માટે નયજ્ઞાન વગર અહીંયાં વ્યવહારનયની પરિભાષા ચાલી છે. કેવળીને નિશ્ચયનય પણ નથી, કેવળીને વ્યવહારનય પણ નથી અને છતાં બંને નયથી કથન કર્યું છે. એ બધા કથનનય છે. વ્યવહારનય ત્યાં જ્ઞાનનય છે જ નહિ. નિશ્ચયનય પણ ત્યાં નથી અને વ્યવહા-રનય પણ નથી.

મુમુક્ષુ :- .. જ્ઞાનનય અને વચનનય..

પૂજ્ય ભાઈશ્રી :- બેય છે, બેય છે એની અંદર. પણ જ્યાં જ્યાં જે રીતે હોય (ત્યાં તે રીતે સમજવું). ક્યાંક તો એવું હોય છે કે જ્ઞાનનયના કથનને જ કથનનય કહેવામાં આવે છે. પણ ક્યાંક એવું નથી પણ હોતું. ત્યાં પાછું જુદું પાડતા સમજવું જોઈએ. નહિતર ગડબડ મોટી ઊભી થાય. એક વખત મુંબઈ આવેલો. (એક મુમુક્ષુ) મુંબાદેવી (મંદિરમાં) વાંચતા હતા. પછી આ વાત સ્વાધ્યાયમાં ચાલતી હતી 'નિયમસાર'ની. પછી મને કહ્યું તમે હમણા રોકાવ એટલા દિવસ સ્વાધ્યાય ચલાવો. એટલે મેં કહ્યું શું વાંચવું છે? અમારે આ ચાલે છે. એ વાંચો એટલે અમારે વધારે સ્પષ્ટ થાય. હમણા એ જ ચર્ચાય છે. એ જ સ્વાધ્યાયમાં ચાલે છે એટલે થોડું વધારે સ્પષ્ટ થશે. એટલે આ વાંચ્યું.

વાંચ્યું એટલે પહેલું મેં તો કાંઈ બહુ વિચારીને બેઠેલો નહિ. એણે કીધું એ આપણે શરૂ કર્યું એટલે આગળ-પાછળ તો કાંઈ વિચારીને વાંચીને જવાનો પ્રશ્ન નહોતો. જેવું વાંચ્યું એટલે લાઈટ થઈ કે આ કેવળીને નય કહે છે. એ જ વખતે લાઈટ થઈ. કેવળીને નય હોતા નથી અને આ કથન તો આમ આવ્યું. તો કેવળીને નય હોતા નથી એ પહેલા નક્કી કરેલું છે ને ભાઈ તમે સ્વાધ્યાયમાં? તો કહે, ના. એ તો અમે વિચાર્યું જ નથી. તો પછી આ સ્વાધ્યાય કેવી રીતે ચાલે છે? કેવળીને નયવાળા સ્વાધ્યાય ચાલે છે? કેવળીને નય કેવી રીતે હોય? તો કહે, એમાં તો બે મત નથી. કેવળીને નય ન હોય એમાં તો કોઈ ભૂલ કરે નહિ. કથન ચોખ્ખું છે કે કેવળી નયથી જાણે છે અહીંયાં તો. ભાઈ! આ કથનનય છે. જ્ઞાનનય કેવળીને હોઈ શકે નહિ. આટલું જુદું પાડવું જોઈએ. આ બહુ સ્પષ્ટ થયું. આ તો આવી રીતે સ્પષ્ટ જ નહોતું થયું. એવી રીતે આ સ્વાધ્યાય ચાલે છે, શાસ્ત્ર આગમ વચન છે એ તો પરમ-ાગમ છે 'નિયમસાર' તો અને ચોખ્ખું લખ્યું છે, કેવળી વ્યવહારનયથી જાણે અને કેવળી નિશ્ચયનયથી આત્માને જાણે અને કેવળી વ્યવહારનયથી લોકાલોકને જાણે અને કેવળજ્ઞાન સ્વપરપ્રકાશક છે એમ સિદ્ધ કર્યું છે. હવે પાયામાં જ કેવળીને નય નથી. આનું શું કરવું? એ 'નિયમસાર'માં આવે છે. પણ એનો અર્થ બીજો છે. લખાણ પ્રમાણે એનો અર્થ નથી.

મુમુક્ષુ :- અર્થઘટન કરવામાં ઘણી જવાબદારી છે.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ જવાબદારી છે, બહુ જવાબદારી છે. શાસ્ત્રમાં આવે છે એવું ન ચાલે. શાસ્ત્રમાં આવે છે તો એની યથાર્થતા સમજવી જોઈએ.

ઘણીવાર તો અર્થ સાચો હોય અને અયથાર્થ હોય છે. આ તો અર્થ જ ખોટો કરે છે અહીં તો. અહીં તો અર્થ જ ખોટો થાય. પણ અર્થ સાચો કરે અને યથાર્થતા ન હોય. એટલી બધી સૂક્ષ્મતા છે.

મુમુક્ષુ :— એ કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :— આગમ અનુસાર અર્થ હોય. અને છતાં ત્યાં જે કહેવાનો આશય છે એ જળવાતો ન હોય. દ્રવ્યશ્રુત જ્ઞાનીની વાણી છે. જ્ઞાનીની વાણી એટલે દ્રવ્યશ્રુત છે. અને દ્રવ્યશ્રુતની કોઈ વિશિષ્ટતા છે. જ્ઞાનીની વાણીનો અને અજ્ઞાનીની વાણીનો જે તફાવત છે એને ડિસ્ટીંગ્યુશ ક્યાંથી કરવી? જુદી ક્યાંથી પાડવી? કે આશયે ભિન્નતા હોય છે. એ ‘કૃપાળુદેવે’ લીધું ૬૭૯માં. ૬૭૯ પત્રમાં એ વિષય લીધો.

**‘સર્વ જીવોને એટલે સામાન્ય મનુષ્યોને જ્ઞાની અજ્ઞાનીની વાણીનો ભેદ સમજાવો કઠણ છે. એ વાત યથાર્થ છે.’** બધાય સામાન્ય મનુષ્યો દ્રવ્યશ્રુત વાંચે, જ્ઞાનીની વાણી સાંભળે એટલે એને બધું બરાબર અર્થઘટન આવડે એટલે શબ્દાર્થ, ભાવાર્થ, નયાર્થ, મતાર્થ આ બધાય અર્થ સાચા હોય અને છતાં યથાર્થતા ન હોય. શબ્દનો શબ્દાર્થ, એનો ભાવાર્થ, એનો નયાર્થ, એનો મતાર્થ આ બધા સાચા હોય અને છતાં યથાર્થતા ન હોય. આવું બને છે. આટલો સૂક્ષ્મ વિષય છે.

મુમુક્ષુ :- .. કહ્યું કે આગમ અનુસાર નિર્ણય ...

પૂજ્ય ભાઈશ્રી :- હા કહ્યું છે. આગમ અનુસાર નિર્ણય હોય તોપણ ખોટો છે ભાવ-ભાસન નથી એટલે. એ ખોટો નિર્ણય છે.

મુમુક્ષુ :- એ બાજુ કોઈ માનવા તૈયાર નથી. મારો આગમ અનુસાર...

પૂજ્ય ભાઈશ્રી :- હા, માને નહિ, માને નહિ. આગમ અનુસાર ચોખ્ખું આમ કહે છે એમ જ હું સમજું છું ને. તો કહે છે, તારી ભૂલ છે, હજી ભૂલ છે આમાં. એવી વાત છે. એ યથાર્થ છે.

**‘કેમકે કંઈક શુષ્કજ્ઞાની શીખી લઈને જ્ઞાનીના જેવો ઉપદેશ કરે...’** શુષ્કજ્ઞાની પણ કાંઈક, સેમ ડીટો ટુ ડિટો, બરાબર એની નકલ કરીને કહે. ભાષામાં, ચેષ્ટામાં બધી રીતે નકલ કરે. શીખી લે એવું અને એવી જ રીતે કહે. એ જ શબ્દથી પ્રતિપાદન કરે. એવો જ ભાવ જાણે પોતાને આવતો હોય એવી એની ચેષ્ટા હોય. એ બધું શીખેલું હોય. **‘એટલે તેમાં**

**વચનનું સમતુલ્યપણું જોયાથી શુષ્કજ્ઞાનીને પણ સામાન્ય મનુષ્યો જ્ઞાની માને...**' સામાન્ય મનુષ્ય તો જ્ઞાની માને પણ '**મંદ દશાવાન મુમુક્ષુ જીવો પણ તેવા વચનથી ભ્રાંતિ પામે;...**' સામાન્ય મનુષ્યો અને મંદ દશાવાન મુમુક્ષુ કીધા. મંદ દશાવાન નહિ પણ મધ્યમ દશાવાન મુમુક્ષુઓ પણ અહીંયાં ભૂલ કરે. એક ઉત્કૃષ્ટ દશાવાન મુમુક્ષુઓ ભૂલ ન કરે એમ કહેશે. '**પણ ઉત્કૃષ્ટદશાવાન પુરુષ શુષ્કજ્ઞાનીની વાણી, જ્ઞાનીની વાણી જેવી શબ્દે જોઈને પ્રાયે ભ્રાંતિ પામવા યોગ્ય નથી,...**' ઉત્કૃષ્ટ દશાવાન ભ્રાંતિ ન પામે. એમાં એ ભૂલે નહિ. '**કેમકે શુષ્કજ્ઞાનીની વાણીમાં આશયે જ્ઞાનીની વાણીની તુલના હોતી નથી.**' આશય બરાબર નથી હોતો, આશય જળવાતો નથી.

મુમુક્ષુ :- આશય સંબંધી જરા વધારે સ્પષ્ટતા કરશો.

પૂજ્ય ભાઈશ્રી :- કરેક્ટ. આ પ્રશ્ન અહીંયાં થવો જોઈએ. આશય એટલે શું? આ પ્રશ્ન અહીં થવા યોગ્ય છે. આખું જે દ્રવ્યશ્રુત છે એ પ્રયોજનને સાધતી વાણી છે. અંદરમાં પ્રયોજનને સાધતા સાધતા એ વાણી નીકળેલી છે. એટલે પ્રયોજનને સાધવું તે અહીંયાં આશય છે. શુષ્કજ્ઞાની હોય એ વાણી કરે પણ એ વખતે એને પ્રયોજન ન સધાતું હોય. અને જ્ઞાનીને પ્રયોજન સધાતા સધાતા એ વાત ...

બીજી રીતે લઈએ હવે. આખા દ્રવ્યશ્રુતને જ્ઞાનીઓએ કેન્દ્રિત ક્યાં કર્યું છે? સેન્ટ્રલાઈઝ ક્યાં કર્યું છે? સમજાણું? કે કોઈ એક જગ્યાએ એ વિષયને કેન્દ્રિત કરે છે. જેટલો વિસ્તાર કરે છે, વાણીમાં તો વિસ્તાર આવે છે, એ બધા વિસ્તારને એ કોઈ એક જગ્યાએ કેન્દ્રિત કરે છે અને એ કોઈ એક જગ્યાએ જ્યારે કેન્દ્રિત કરે છે એ વાતને કહેતા કહેતા ત્યારે એના જ્ઞાનમાં કોઈ કેન્દ્ર બિંદુ છે ત્યાં એ કેન્દ્રિત કરે છે. આ જે કેન્દ્રબિંદુ છે તે આશય છે. શું છે? આ જે કેન્દ્રબિંદુ છે એ જ્ઞાનીની વાણીનો આશય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઘણા એવી રીતે આંખો બંધ કરે છે આજકાલ. આંખો બંધ કરે છે એવું કામ ન આવે. એ આહા..હા...! કરતા હતા તો ઘણા આહા..હા...! કરે છે અત્યારે. એવું ન ચાલે. એ નેચરલ ફોર્મ હતું. કૃત્રિમતાથી પણ એવું કરી શકાય છે અને એવું થઈ શકે છે કૃત્રિમતાએ. એટલું જો એમ જોવા જાય તો એમ ચાલે નહિ.

એના જ્ઞાનમાં કેન્દ્રબિંદુ હોય છે. એટલે એ ચારે બાજુથી વિષયને એક જગ્યાએ લઈ આવે છે. જેટલું જેટલું એ કહે છે એને એક જગ્યાએ લઈ આવે છે. જેટલું જેટલું કહે છે એને કેન્દ્રસ્થાને લઈ આવે છે. એ જ્ઞાનીની વાણીમાં જ બને. કેમકે એ પોતાના કેન્દ્ર સ્થાનમાં ઊભા રહીને સાધતા સાધતા એ વાતો કરે છે. ત્યારે પેલાને તો વસ્તુ જ દેખાતી નથી ક્યાંથી

સાધે? કેન્દ્ર સ્થાન જ નથી એની પાસે તો એના જ્ઞાનમાં તો. કેન્દ્રબિંદુ જ નથી. એટલે એનું લક્ષ તો જેવું જ્ઞાનીએ કહ્યું એવું હું બરાબર કહું, જેવું એમણે કહ્યું, મારી નકલમાં ફેર ન પડે, નકલમાં ફેર ન પડે એટલું જ એ જોવે છે. ભાઈ! નકલમાં અસલ નહિ આવે. નકલ એ નકલ છે આખરમાં અને અસલ એ અસલ છે આખરમાં. એ નકલ કરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, કલ્પિત જ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવની વાત કરે. અનુભવ ન હોય તો એ કલ્પિત વાત છે. કેમકે અનુભવ સ્વયં અતીન્દ્રિય છે. અનુભવ પોતે અતીન્દ્રિય છે અને પોતે ઇન્દ્રિયજ્ઞાનમાં વિચારીને એ વાત કરે છે. અને ઇન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયજ્ઞાન બંને પ્રતિપક્ષવાળા જ્ઞાન છે. એક પક્ષવાળા જ્ઞાન નથી. વિરુદ્ધસ્વભાવી જ્ઞાન છે. એકની દિશા ઇન્દ્રિય બાજુ છે એટલે પરસન્મુખ છે. અતીન્દ્રિય જ્ઞાન તો અંતર્મુખ થયેલું છે. બેય પ્રતિપક્ષમાં ઊભેલા છે. એકની દિશા આમ છે, એકની દિશા આમ છે. દિશાનો જ પ્રતિપક્ષ છે. એવી વાત છે.

મુમુક્ષુ :- પ્રયોજન સાધતા સાધતા એ વાત કરે છે આ બધી. પ્રયોજનનું એટલે ત્યાં આત્મહિત લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- વિધિ.

મુમુક્ષુ :- વિધિનો વિષય?

પૂજ્ય ભાઈશ્રી :- વિધિનો વિષય છે. કથન છે એ એક વિધાન છે. કથન શું છે? કથન પોતે એક વિધાન છે. કથનને વિધાન એવી સંજ્ઞા કેમ મળી? વિધિને સ્થાપે છે માટે તેને વિધાન કહીએ. વિધિ, વિધાન, વિધેયક. અહીંયાં ત્રણ છે. જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન જેવી વાત છે. એ પોતે વિધેયક છે—કહેનાર પોતે વિધેયક છે ત્યાં. એની પર્યાય વિધિ છે અને એનું કથન વિધાન છે. એમ છે. એવી રીતે છે એ વાત. વિધેયક દ્વારા વિધિરૂપ પરિણમીને કરાતા કથનને વિધાન કહીએ. કહેવાતા કથનને વિધાન કહીએ.

મુમુક્ષુ :- એટલા માટે ઓળખાણ પણ અહીંથી જ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખાણ પણ અહીંયાંથી થાય છે. સન્મુખતા ત્યાંથી આવી એટલે ત્યાંથી યથાર્થતા આવી. એટલે યથાર્થતા બહુ સૂક્ષ્મતાએ લઈએ તો પૂર્ણતાના લક્ષથી જે કાંઈ ચડતી શ્રેણીના પરિણામ આવે છે એમાં પ્રાયે અયથાર્થતા નથી થતી. એ બહુ જ ગંભીર સૂત્ર છે. પૂર્ણતાના લક્ષે શરૂઆતની ગંભીરતા અહીંયાં છે. એટલે યથાર્થતામાં આવવું હોય એને આ પાયો બાંધવો રહ્યો. વાસ્તવિક શરૂઆત, વાસ્તવિક શબ્દ એ યથાર્થતા સૂચક છે. કેમ?

કે વાસ્તવિકનો પ્રતિપક્ષ કલ્પના છે અથવા વિપર્યાસ છે અથવા અવાસ્તવિકપણું છે. એટલે પ્રતિપક્ષનો નિષેધ કરો તો વાસ્તવિક છે. તો ત્યાં કલ્પનાનો નિષેધ, વિપર્યાસનો નિષેધ અને અવાસ્તવિકતાનો નિષેધ છે. એ સૂત્રની અંદર બહુ મોટી વાત કરી છે. અથવા જે સૂત્ર છે એ ડિરાયવ્ડ થયેલું છે. પ્રિન્સીપલ ઇસ ડિરાયવ્ડ બાય. એ ઘણા અનુભવના નિચોડ પછી ડિર-યવ્ડ થયેલું છે. એની અંદર અનુભવનો નિચોડ મૂકેલો છે. પોતાની જ્યારે શરૂઆત થયેલી 'ગુરુદેવ'ને, એનું મૂળીયું વિચારીને જ્ઞાનમાં લીધું કે મુમુક્ષુની ભૂમિકામાં હું ક્યાંથી ઉપડ્યો? મારો ઉપાડનો પાયો શું છે કે જે પાયા ઉપર આટલું બધું ચણતર થયું આજે? એ પાયો શું છે? એ પાયાને પોતે પોતાના અનુભવને સ્મરણમાં લઈને સૂત્રરૂપે મૂકી દીધો છે. કેટલી બધી ગંભીરતા છે!!

મુમુક્ષુ :- આ વાત જ્યારે અવલોકન પદ્ધતિએ ... ગઈ વિચાર તો એનાથી બહાર રહે.

પૂજ્ય ભાઈશ્રી :- એ આગળ છે. વિચારસહિત છે પણ એ એક કદમ આગળ છે એ. વિચારથી એક કદમ આગળ. અને એ અવલોકન છે એ પ્રયોગનો પ્રારંભ છે ત્યાંથી. પ્રયોગમાં જેને આવવું હોય એને અવલોકન શરૂ કરવું જોઈએ. નહિતર એનો પ્રયોગ શરૂ ન થાય. અને વિચારી વિચારીને ગમે તેટલું વિચારે, ક્યાં કલ્પના કરશે એને પોતાને ખબર નહિ પડે. બહુ સરસ વાત કરી છે.

મુમુક્ષુ :- પરને જ્ઞાન જાણતું નથી. જ્યારે આવા શબ્દ સામે આવે ત્યારે એ.. વેદતું નથી. જાણવાનો શબ્દ જે છે ત્યાં વેદવા માટેનો...

પૂજ્ય ભાઈશ્રી :- વેદવા માટેનો આશય ત્યાં છે એમાં આવા જાણવાની વાત કહેવાય છે એમ સમજી લેવું.

મુમુક્ષુ :- આ સમજી લે તો પછી ...

પૂજ્ય ભાઈશ્રી :- પછી વાંધો ન આવે, પછી વાંધો ન આવે.

આપણે 'તત્ત્વાનુશીલન'માં એ ખુલાસો કર્યો જ છે. 'તત્ત્વાનુશીલન' આવી ગયું તમારી પાસે? જ્ઞાનના પ્રકરણમાં એ ખુલાસો કરેલો જ છે. ન્યાય કાઢેલો છે.

મુમુક્ષુ :- પ્રયોજન સિદ્ધિ, તત્વાનુશીલન..

પૂજ્ય ભાઈશ્રી :- હા.

**'એ આદિ નાના પ્રકારના ભેદથી જ્ઞાની અને શુષ્કજ્ઞાનીની વાણીની ઓળખાણ ઉત્કૃષ્ટ મુમુક્ષુને થવા યોગ્ય છે. જ્ઞાનીપુરુષને તો સહજસ્વભાવે તેની ઓળખાણ છે,...'** એટલે જ્ઞાની તો સહજસ્વભાવે ઓળખી શકે છે કે આ વાણી જ્ઞાનીની છે કે અજ્ઞાનીની છે. એ તો સહેજે ઓળખી શકે છે. **'કેમકે પોતે ભાનસહિત છે. અને ભાનસહિત પુરુષ**

**વિના...**' જુઓ! શું કહે છે ફરીથી ધ્યાનમાં લેજો. '**અને ભાનસહિત પુરુષ વિના આ પ્રકારનો આશય ઉપદેશી શકાય નહીં, એમ સહેજે તે જાણે છે.**' અહીંયાં ફરીને આશય લીધો. '**આ પ્રકારનો આશય...**' ભાન વગર ઉપદેશી શકાય નહિ એમ તે ઉત્કૃષ્ટ મુમુક્ષુ અને જ્ઞાની જાણી શકે છે. એથી નીચેની કોટીવાળા જીવો, મધ્યમ કક્ષાના મુમુક્ષુઓ કે મંદદશાના, જઘન્ય કોટીના મુમુક્ષુઓ એ તફાવતને નહિ સમજી શકે. એટલે સામાન્ય મનુષ્યો ન સમજી શકે એ બનવા યોગ્ય છે અને તેથી તેને અજ્ઞાનીમાં જ્ઞાનીપણાની ભ્રાંતિ થવા યોગ્ય છે. એમ કહેવું છે. 'આશય' શબ્દનો પાંચ જગ્યાએ પ્રયોગ કર્યો છે આ પત્રની અંદર.

મુમુક્ષુ :- ઉત્કૃષ્ટ મુમુક્ષુ કોને લેવો?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉત્કૃષ્ટ મુમુક્ષુ સમ્યક્ સન્મુખને તો કહેવાય જ. પણ કોઈ પ્રયોગે ચડેલો જીવ હોય અને સમ્યક્ સન્મુખ થવાની યોગ્યતાની સમીપ હોય તોપણ એને ઉત્કૃષ્ટ મુમુક્ષુ કહેવામાં વાંધો નહિ. એમાં શું છે કે પ્રયોગ છે એ અનુભવપદ્ધતિ છે. વિચારપદ્ધતિ એવા સ્ટેજથી કોઈ આગળ વધીને અનુભવપદ્ધતિમાં પ્રવેશ કરે એને પ્રયોગપદ્ધતિ આપણે કહીએ. અને અનુભવની વાણીમાં, અનુભવ પદ્ધતિમાં આવેલો જીવ અનુભવ વાણીને જુદી પાડવાની યોગ્યતા ધરાવે છે, ક્ષમતા ધરાવે છે. કેમકે પોતે અનુભવ પદ્ધતિમાં પ્રવેશેલો છે. તો અનુભવ પદ્ધતિમાં જે જીવ આવે તે અનુભવ વાણીને સમજવાને કાબેલ છે. ત્યાં એને ઉત્કૃષ્ટ મુમુક્ષુ કહીએ.

મુમુક્ષુ :- પ્રથમ પ્રકારનું સમકિત હોય એને ઉત્કૃષ્ટ મુમુક્ષુ કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઠીક છે. હવે તો વિષય થોડો ખુલ્લો થયો છે ને એટલે થોડું... થોડું... થોડું.. જુદા જુદા પડખેથી વાતને ટેલી તો કરવી જોઈએ. વાત તો બરાબર છે.

મુમુક્ષુ :- પ્રથમ પ્રકારના સમ્યક્ત્વમાં આવવામાં પાણી ઉતરી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જે પ્રથમ સમકિતમાં આવશે એ તો બીજા સમકિતમાં આવવાનો જ છે. બીજા સમકિતમાં આવશે એ ત્રીજા સમકિતમાં આવવાનો જ છે.

એકચ્યુલ તો ૭૫૧મો પત્ર લખીને 'કૃપાળુદેવે' મુમુક્ષુને લાઈન પકડાવી દીધી છે. જો તમે ગહેરાઈથી આ વિષયનો વિચાર કરો તો મુમુક્ષુ તો પૂજા, ભક્તિ, શાસ્ત્ર સ્વાધ્યાય, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે એટલે બધા મુમુક્ષુની જમાતમાં ગણાય જાય છે કે આ બધા મુમુક્ષુ કહેવાય. પણ સમ્યગ્દર્શનની લાઈનનું અનુસંધાન ક્યાંથી? એ લાઈન ક્યાંથી જુદી પડે? આ તો બધા કરે છે અને કાંઈ બધા પામતા નથી. કો'ક જ પામે છે. હજારો જણા તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે છે, હજારો પૂજા-ભક્તિ કરે છે અને હજારો મુમુક્ષુ મંડળોમાં રજીસ્ટર થઈ જાય છે. પણ એ બધા પામતા નથી. તો એનો અર્થ કે એક લાઈન કો'ક જુદી પડે છે પામવાવા-

ળાની એ વાત તો નક્કી છે. અને એ લાઈન નક્કી કઈ? એ 'કૃપાળુદેવે' ૭૫૧મો પત્ર લખીને ઉપકાર કરી નાખ્યો. 'કૃપાળુદેવે' ઉપકાર કર્યો અને 'સોભાગભાઈ'એ તે ઉપકાર કરાવ્યો.

આપણે 'સોભાગભાઈ'ની ચર્ચા કરતા હતા ને. હું તમને પૂછું છું હવે કે 'આત્મસિદ્ધિ' વાંચનારાઓએ એમાં ત્રણ સમકિત છે, ત્રણ પ્રકારના સમકિત પ્રતિપાદિત થયા છે એ કોઈ એકને સૂઝયું હોય તો બતાવો. ચાલો. 'આત્મસિદ્ધિ' લાખો માણસોએ વાંચી છે અત્યાર સુધીમાં. 'આત્મસિદ્ધિ' શાસ્ત્ર ૧૯૫૩માં લખાણું. ૩૦મું વર્ષ એટલે ૧૯૫૩. અને આજે ૨૦૪૯ ચાલે છે. એટલે ૯૬ વર્ષ તો પાકા થયા ને? ૨૦૫૩માં સો વર્ષ થાશે. બરાબર? ચાર ઓછા ગણો એટલે ૯૬ વર્ષ તો પાકા થયા ને? ૯૬ વર્ષમાં લાખો માણસોએ વાંચી છે. કેમકે પાંચ જનરેશન પિરીયડ, ચાર થી પાંચ પેઢી ચાલી ગઈ એની અંદર. અને લાખો માણસો એને વાંચનારા છે. એમાં ત્રણ સમકિતનું પ્રતિપાદિત કરે છે એ 'સોભાગભાઈ' કાઢી શક્યા અને બીજા કેમ નથી કાઢી શકતા? આ એની યોગ્યતાનું .. થાય છે. શાસ્ત્ર નહોતા ભણ્યા અને ખાંખાના પંડિતો ત્રણ સમકિત છે એની અંદર એ નથી સમજ્યા હજી. આજે નથી સમજ્યા.

મુમુક્ષુ :- ત્રણ સમકિતનો...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પત્ર જ છે આખો. ૭૫૧ નંબરનો પત્ર જ છે એ તો.

મુમુક્ષુ :- પ્રથમ, દ્વિતીય તૃતીય..

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્રણ સમકિતનો પત્ર જ છે એ તો. અને એમણે પત્રમાં પ્રશ્ન જ એ રીતે પૂછયો છે કે 'આત્મસિદ્ધિ' શાસ્ત્રમાં આપે ત્રણ પ્રકારના સમકિતનું પ્રતિપાદન કર્યું છે તો મને જરા વધારે સ્પષ્ટીકરણ જોઈએ છે. પદ્યમાં લખ્યું છે પણ મારે હવે ગદ્યમાં જોઈએ છે. એમ કરીને એણે પોતે વાત ખોલાવી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. નહિ. આ તો ત્રીજું સમકિત છે એ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકમાં આવે છે. કેમકે એ પરમાર્થ સમકિત છે. ત્રીજું સમકિત છે એ પરમાર્થ અથવા નિશ્ચય સમકિત છે. એટલે એ ખરેખર સમકિત જ છે. જ્યારે પેલા બે છે એ તો સમકિતના કારણ છે. એ કારણમાં કાર્યનો ઉપચાર કરીને સમકિત કીધા છે. કારણ એટલે? એવા કારણ નથી કે સમકિત થાય પણ અને ન પણ થાય. એવું નથી. થાય, થાય ને થાય એની વાત છે અહીંયાં તો. એની વાત છે.

ત્યારે હવે મુમુક્ષુની ભૂમિકાની જ્યારે વાત છે ત્યારે મુમુક્ષુને માટે તો એ જરાક એને માથામાં હથોડો વાગવો જોઈએ. માથા ઉપર હથોડો વાગવો જોઈએ કે એને કે મુમુક્ષુની દશા-

માં સમકિત હોય કે જે નિશ્ચય સમકિતનું કારણ હોય? એ કઈ ચીજ? હવે જોવાની ખુબી ઈ છે કે 'સોભાગભાઈ'ની મુમુક્ષુની ભૂમિકામાં જ્ઞાનની નિર્મળતા કેટલી? હજી બીજું સમકિત નહોતું થયું. પહેલું સમકિત હતું. જ્ઞાનની નિર્મળતા કેટલી? તમારો તો સાંજની ચર્ચાનો પ્રશ્ન છે. ભાઈ! યોગ્યતા સમજવી એ કાંઈ સહેલી વાત નથી. યોગ્યતા તો યોગ્યતા છે. એ એક બહુ ઈન્ડીપેન્ડન્ટ ફેક્ટર છે, મુમુક્ષુની દશાનો બહુ સ્વતંત્ર મુદ્દો છે એ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સમકિત એમને નહોતું. સમકિત એમને દેહ છોડ્યા પહેલા ૧૭ કે ૧૮મે દિવસે થયું છે. એવી વાત પુસ્તકમાં ક્યાંથી આવે? એ વાત પુસ્તકમાં ન આવે. એટલે અત્યારે તો ઈતિહાસ પુસ્તક ઉપરથી જ વાંચવાનો રહ્યો. એટલે બધાને કેમ ખબર પડે?

એમાં થયું શું? અમારે એક વખત સ્વાધ્યાય કરતા કરતા અમે ૬૮૦ નંબરનો એક પત્ર વાંચ્યો. ૬૮૦ નહિ પણ એમનો દેહાંત થયો છે ૩૦ની સાલમાં. ૭૮૦ નંબરનો પત્ર વાંચ્યો. ૭૮૦ નંબરનો પત્ર એમના દેહાંત થયા પછીનો પહેલો પત્ર છે. એ એના પરિવાર ઉપર એમણે લખ્યો છે. દિલાસા પત્ર આપણે લખેને? માણસનો સ્વર્ગવાસ થાય તો દિલ-ાસાનો પત્ર લખે. એમ દિલાસાનો પત્ર લખ્યો છે. એ દિલાસાનો પત્ર વાંચતા હતા એમાં એમના ગુણગાન એમણે ગાયા છે કે એમનામાં કેવા કેવા ગુણ હતા. એમાંથી શંકા પડી કે આ સમ્યગ્દર્શન પામ્યા હોય એવી વાતનો આમાં કાંઈક સંકેત મળે છે. ચોખ્ખું તો ક્યાંય નથી આવતું એટલે કોઈપણ ન કહી શકે કે સમ્યગ્દર્શન થયું છે. પણ સંકેત ત્યાંથી મળ્યો ચર્ચા કરતા કરતા કે આમાં સંકેત છે.

પછી અમે જ્યારે એ ચર્ચા કરતા હતા ત્યારે એક અમારા મુમુક્ષુ ભાઈ સાથે બેઠેલા. એણે એમ કહ્યું કે 'સોભાગભાઈ'એ 'કૃપાળુદેવ'ને જે પત્રો લખ્યા હતા એ પત્રો અત્યારે 'વવાણિયા'ની અંદર આ લોકોની પાસે છે સંગ્રહાલયમાં. એ વાત અમારા જાણવામાં નહો-તી. એટલે અમે ગાડી લઈને 'વવાણિયા' વયા ગયા. અમે એ વખતે વિચાર કર્યો કે આપણે 'વવાણિયા' જાવું છે હવે. એટલે અમે તરત જ બે-ત્રણ દિવસમાં જ 'વવાણિયા' ગયા. અને 'વવાણિયા' જઈને એ પત્રો કઢાવ્યા. એ પત્રો અમે વાંચ્યા. એમાં એમણે દેહાંત પહેલા ૧૦-૧૧ દિવસે જે પત્ર લખ્યો છે એમાં એમણે લખ્યું છે કે આજથી આટલા દિવસ પહેલા આપની કૃપાથી મારો દેહ અને આત્મા બે ફાડ ફડાક દઈને જુદો પડી ગયો હતો. અને હવે સહજપણે એ દશા છે. જુદું છે. જુદું જ જણાય છે. એટલે એ દેહાત્મબુદ્ધિ છૂટી અને જે અનુભવ થયો એનો ઉલ્લેખ પોતે કરેલો છે. પોતે તો લખી શકતા નહોતા, મરણ પથારીએ હતા. બહુ અશક્તિ હતી. પણ એમણે લખાવેલો છે પત્ર. એમના દીકરા ને એ બધા સેવામાં

હોય એની પાસે લખાવેલો છે. કેમકે 'અંબાલાલભાઈ' એમની સેવામાં હતા. પત્ર લખાવેલા છે. એમાં એમણે ઉલ્લેખ કરેલો છે.

એટલે એ સંકેત હતો એ બરાબર હતો એમ ખ્યાલ આવી ગયો. એ વાત તો જેણે વાંચ્યું હોય એને જ ખબર પડે. એ વગર કેમ ખબર પડે? કોઈને સમ્યગ્દર્શન થઈ જાય અને એનું વચન કાંઈ બહાર ન હોય તો ખબર કેવી રીતે પડે? બીજા માણસો તો એમ કહે કે ભાઈ! અમે તો એમને સમ્યગ્દૃષ્ટિ તરીકે જોયેલા નથી. એમ જ કહે ને. બીજું શું કહે?

મુમુક્ષુ :- 'સોગાનીજી'માં એમ જ બન્યું.

પૂજ્ય ભાઈશ્રી :- 'સોગાનીજી'માં એમ જ થયું હતું. 'સોગાનીજી' માટે 'ગુરુદેવ'ને જ્યારે એમના વિષયક બે લિટી લખવાનું કહ્યું ત્યારે એમણે શું લખી આપ્યું? કે ભાઈશ્રી 'નિહાલચંદ્ર સોગાની'નો આત્મા સારા સંસ્કાર લઈને ગયો છે. અનુભવ લઈને ગયા છે એ નથી કહ્યું. તો એ સદેહે વિદ્યમાન હતા ત્યાં સુધી એ અનુભવી પુરુષ છે એમ 'ગુરુદેવે' નથી જાણ્યું અને કહ્યું પણ નથી. માટે એ નહોતા? પણ એમનો અક્ષરદેહ જોઈને એમણે કહ્યું કે એ સમ્યગ્દૃષ્ટિ હતા. કહ્યું કે ન કહ્યું?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. વ્યાખ્યાનમાં અનેક વાર કહ્યું છે. એક રાતમાં સમિતિમાં બેઠા બેઠા અનુભવ લીધો છે. એ તો જાહેર પ્રવચનમાં હજારો માણસોની વચ્ચે બોલેલા છે. એ એમનું પુસ્તક એટલે અક્ષરદેહથી એમણે (કહ્યું). આત્મા તો કોઈને દેખાતો નથી. જ્ઞાનીને બીજાનો આત્મા નથી દેખાતો. કાં તો દેહ દેખાય છે અને કાં અક્ષરદેહ દેખાય છે, કાં વાણી દેખાય છે.

મુમુક્ષુ :- મુદ્રા અને વાણી ને?

પૂજ્ય ભાઈશ્રી :- મુદ્રા અને વાણી બે જ છે.

૬૭૯માં એમણે એ વાત કરી છે કે કોઈ જ્ઞાની ઉપસ્થિત ન હોય, કોઈ જ્ઞાની ઉપસ્થિત ન હોય તોપણ વિશેષ પ્રજ્ઞાવંત જ્ઞાનીપુરુષ કોઈ હોય તો તેમની મુખવાણી સમજી શકે છે કે આ જ્ઞાનીપુરુષ હતા. મુખવાણીથી સમજી શકે છે એમ નહિ પણ મુખવાણીથી એ કેવા જ્ઞાની હતા એ પણ સમજી શકે છે. જેમ કે એકાવતારી હતા એમ કહ્યું. 'સોગાનીજી' એકાવતારી હતા એ 'ગુરુદેવે' ક્યાંથી કહ્યું? એ વાત 'શ્રીમદ્‌જી'એ સ્થાપી છે આ ૬૭૯માં.

**'પૂર્વ કાળે જ્ઞાની થઈ ગયા હોય, અને માત્ર તેની મુખવાણી રહી હોય...'** પત્ર વગેરે. **'તોપણ વર્તમાનકાળે જ્ઞાનીપુરુષ એમ જાણી શકે કે આ વાણી જ્ઞાનીપુરુષની છે; કેમકે રાત્રીદિવસના ભેદની પેઠે અજ્ઞાની જ્ઞાનીની વાણીને વિષે આશયભેદ હોય**

**છે,...'** શું શબ્દ વાપર્યો? એ આશય ભેદ દિવસ અને રાતની જેમ જુદો જુદા પરખાય. રાત્રે દિવસની ભ્રાંતિ ન થાય ગમે તેટલું ચંદ્રનું અજવાળુ ન હોય તો. અને દિવસમાં ગમે તેટલા ઘટાટોપ વાદળા હોય તો એમાં રાત્રીનો આભાસ ન થાય. એ દિવસ તે દિવસ જ દેખાય, રાત રાત જ દેખાય. એટલો આશયભેદ જ્ઞાનીની વાણીમાં અને અજ્ઞાનીની વાણીમાં જ્ઞાનીપુરુષ પારખી શકે છે.

**'અને આત્મદશાના તારતમ્ય પ્રમાણે...'** હવે એથી આગળ વાત લીધી કે એમણે તારતમ્ય પારખ્યું અક્ષરદેહ ઉપરથી. **'આત્મદશાના તારતમ્ય પ્રમાણે આશયવાળી વાણી નીકળી છે.'** પાવરફુલ વાણી નીકળી હોય 'સોગાનીજી'ની જેમ. ધડાકા મારતી, ધડાકા મારતી વાણી હોય. **'તે આશય, વાણી પરથી વર્તમાન જ્ઞાનીપુરુષને સ્વાભાવિક દષ્ટિગત થાય છે.'** એ પકડી લે કે આનો પાવર કો'ક જુદી જાતનો છે. આને જાજા ભવ હોય નહિ. તો તારતમ્ય પકડ્યું. જ્ઞાનદશા પકડી, આગળ વધીને એમની તારતમ્યતાવાળી જ્ઞાનદશા પકડી. **'અને એ કહેનાર પુરુષની દશાનું તારતમ્ય લક્ષગત થાય છે. અત્રે જે 'વર્તમાન જ્ઞાની' શબ્દ લખ્યો છે, તે કોઈ વિશેષ પ્રજ્ઞાવંત, પ્રગટ બોધબીજસહિત પુરુષ શબ્દના અર્થમાં લખ્યો છે.'** એકલી જ્ઞાનદશા નહિ. પ્રગટ બોધબીજ હોય તો પકડી લે. વિશેષ પ્રજ્ઞાવંત હોવા જોઈએ. સામાન્ય પ્રજ્ઞાવંત હોય તો બોધબીજ હોય તો ન પણ પકડે.

મુમુક્ષુ :- આપ .. કહી ગયા .. વાણી જોરદાર .. પછી હાથે કેવી રીતે પકડી લે?

પૂજ્ય ભાઈશ્રી :- એ વાત જવા દો.

**'જ્ઞાનીના વચનોની પરીક્ષા સર્વ જીવને સુલભ હોત તો નિર્વાણ પણ સુલભ જ હોત.'** તો મોક્ષ સુલભ હોત. જેટલો મોક્ષ દુર્લભ છે એટલા જ્ઞાનીને ઓળખવા દુર્લભ છે. એમ કહે છે. એની વાણીને ઓળખવી દુર્લભ છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ભાવ ભાસે. બરાબર ભાસે. આશય ફરી જાય છે ને? રાત્રીદિવસની જેમ આશય ફરે છે એમ કહે છે. આશયભેદ રાત્રીદિવસ જેટલા અંતરવાળો છે એમ કહે છે. બહુ મોટી વાત છે.

હવે 'સોભાગભાઈ'ની કિંમત આવશે અહીંયાં ૭૫૧ ઉપરથી. **'આત્મસિદ્ધિમાં કહેલા સમકિતના પ્રકારનો વિશેષાર્થ જાણવાની જિજ્ઞાસાનો કાગળ મળ્યો છે.'** 'સોભાગભાઈ'નો કાગળ મળ્યો છે. તમે જે સમકિતના પ્રકાર કહ્યાં છે, તો મારી જિજ્ઞાસા છે કે એ પ્રકારનું ચોખ્ખું વર્ણન મારે જોઈએ છે. મારી આ જિજ્ઞાસા છે. હું સમજી ગયો એમ નથી કહેતા. મારી જિજ્ઞાસા છે એમ કહે છે. પછી 'કૃપાળુદેવ' લખે છે કે **'આત્મસિદ્ધિમાં**

**ત્રણ પ્રકારના સમકિત ઉપદેશ્યા છે.**' પહેલું સમકિત. પહેલું સમકિત એમણે ગાથા-૧૭ નંબરમાં લખ્યું છે. ૧૭ નંબરની જે ગાથા છે, ૧૭મી ગાથા એમાં પહેલા સમકિતનું વર્ણન આવી ગયું છે.

'**(૧) આપ્તપુરુષના વચનની પ્રતીતિરૂપ, આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ સ્વચ્છંદ નિરોધપણે આપ્તપુરુષની ભક્તિરૂપ એ પ્રથમ સમકિત કહ્યું છે.**' અથવા કોઈપણ જ્ઞાનીના વચનોથી જ્ઞાનીપુરુષ છે એમ કોઈ ઉત્કૃષ્ટ મુમુક્ષુ જ્યારે ઓળખી લે ત્યારે તે પુરુષને પ્રથમ સમકિતની પ્રાપ્તિ ગણવી. કેમ? કે જેને જ્ઞાની ઓળખાય ત્યારે તે જ્ઞાનીમાં તેને પરમેશ્વર બુદ્ધિ ઉત્પન્ન થાય છે. પરમેશ્વર બુદ્ધિ ઉત્પન્ન થાય ત્યારે ૨૨૫ પત્રમાં જે કાલે ભાવ દેખાડ્યો કે આ દેહધારી દિવ્યમૂર્તિ પરાત્મા જ છે. એ .. એ ભાવ લઈ લેવો ત્યાં. અને એવો ભાવ જ્યારે આવે ત્યારે એને આપ્તપુરુષ કહ્યા. જ્ઞાની ન કહ્યા એને. શું કહ્યા? આપ્તપુરુષ તો અરિહંતને કહેવાય છે. તો અહીંયાં જ્ઞાનીને આપ્તપુરુષ કહ્યા. કેમકે પરમેશ્વર બુદ્ધિ આવી.

'**આપ્તપુરુષના વચનની પ્રતીતિરૂપ,...**' એના વચનમાં, એની પ્રતીતિ નામ ખાત્રી એટલી એને આવે કે એને સ્વપ્નમાં પણ શંકા પડે નહિ. જાગૃત અવસ્થામાં તો શંકા ન પડે પણ એને સ્વપ્નમાં પણ શંકા પડે નહિ. '**આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ,...**' એનો એક વિકલ્પ એટલે આજ્ઞા. ભગવાનની આજ્ઞા, વિકલ્પ એની આજ્ઞા. આજ્ઞા કરે ત્યારે આજ્ઞા નહિ. એનો વિકલ્પ એ એની આજ્ઞા છે. અને અપૂર્વ રુચિ એની. એનો વિકલ્પ સિદ્ધ થવો જોઈએ. વિકલ્પ પ્રમાણે બનવું જોઈએ. અપૂર્વ આજ્ઞાની રુચિ થાય. એટલું આજ્ઞાંકિતપણું આવે. અને '**સ્વચ્છંદનિરોધપણે...**' એ કહે એમાં પોતાનું કાંઈપણ પોતાના અભિપ્રાયમાં ફેર પડે નહિ. કાપી નાખે, પોતાના અભિપ્રાયને કાપી જ નાખે. એમ કેમ ..? આને કાપો. જો ન કાપે તો સ્વચ્છંદ ઊભો થયો. હું સમજું છું એ આવ્યા વગર ન રહે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... અથવા કોઈપણ જ્ઞાની જ્ઞાની તરીકે માન્ય થયા પછી એની અવગણના નહિ, એનું ગૌણપણું નહિ, એની વિમુખતા નહિ. કોઈપણ ભોગે. કોઈપણ ભોગે એને ગૌણ ન કરે, એની અવગણના ન કરે, એની વિમુખતા ન કરે. એને એના પ્રત્યે બહુમાન આવ્યા વગર રહે નહિ. તો સ્વચ્છંદ ન થાય. નહિતર સ્વચ્છંદ થયા વગર રહે નહિ. આ જ્ઞાની બરાબર છે પણ આમાં 'શ્રીમદ્‌'ની ભૂલ છે. 'ગુરુદેવ'ની ભૂલ ન પડી. 'શ્રીમદ્‌'ની ભૂલ થાય. એ સ્વચ્છંદ છે જીવનો, એ જીવનો સ્વચ્છંદ છે. એટલે સ્વચ્છંદનિરોધ ભક્તિ આવવી (જોઈએ). સ્વચ્છંદ અટકી જાય. નિરોધ એટલે સ્વયં અટકી જવું. એનું નામ

નિરોધ. એ જ્ઞાનીની ઓળખાણ હોય તો જ થાય. એક જ્ઞાનીની ઓળખાણ હોય, એક હીરાને ઓળખે, દુનિયાના બધા હીરાને ઓળખે અને કાચને પણ ઓળખે. એક જ્ઞાનીને ન ઓળખે, એકેય જ્ઞાનીને ન ઓળખતો નથી અને અજ્ઞાનીની ઓળખ નથી. એને સમકિત કહેવાનું કારણ આ છે.

**સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ,**
**સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ.**

આ ૧૭મી ગાથા છે. એને સમકિત જ કહ્યું છે.

મુમુક્ષુ :- .. શ્વેતાંબર મત નિષેધને લાયક નથી. 'ટોડરમલજી'એ કહ્યું ... એમાં શું આશય હોય?

પૂજ્ય ભાઈશ્રી :- એ પત્ર .. ૮૦૭ પત્રની વાત કરો છો ને? ૭૦૮ પત્રની વાત કરો છો ને? ૭૦૮ નંબરના પત્રની વાત કરો છો ને? એ તો બહુ ધ્યાનથી વાંચવા જેવો છે. આપણે લોકો જે સમજ્યા છીએ એ વાત નથી ત્યાં. એ વિષયમાં આપણા સમાજમાં જે માન્યતા છે એ વાત એમણે નથી કરી. એ બહુ એક એક શબ્દ એમનો તોળી તોળીને લખાયેલો છે અને તોળી તોળીને એવે તોળવા જેવો છે અને વાંચવા જેવો છે. અમે તો જાહેર વાંચનમાં એ પત્ર વાંચ્યો છે અને એની કેસેટ પણ ઉતરેલી છે. કોઈવાર ...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એ આપણી સમજણ જ ફેર છે એની અંદર. એમના શબ્દ બહુ ધ્યાનથી, એમના પત્ર બહુ ધ્યાનથી વાંચવા જેવા છે. બે જ્ઞાનીમાં વિરુદ્ધતા હોય નહિ, બેના મતમાં વિરુદ્ધતા હોય નહિ. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ, આગળ જ્ઞાની થઈ ગયા વર્તમાનમાં હોય, થાશે કાળ ભવિષ્યમાં માર્ગ ભેદ નહિ કોઈ.' એ એમણે જ કહ્યું છે. કોઈ જ્ઞાનીમાં કોઈ ફેર પડવાનો પ્રશ્ન રહેતો જ નથી. એ બધું બહુ ધ્યાનથી વાંચવા જેવું છે. એમ ને એમ સ્થૂલ ઉપયોગે વાંચવા જેવા પત્ર નથી. બહુ સૂક્ષ્મ ઉપયોગે વાંચવા જેવા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે એ વાત એમણે કહી છે કાંઈક અને આપણે સમજ્યા છીએ કાંઈક. એવું થયું છે એની અંદર. એવી વાત છે.

એટલે આ જે એમને પહેલું સમકિત કીધું છે એનો ઉલ્લેખ એમણે ૧૯૪મા પત્રમાં પોતાને માટે કરેલો છે કે જો જ્ઞાનીને એકવાર પણ ઓળખે તો નિયમથી જ્ઞાની થયા વિના રહે નહિ. ૧૯૪માં પોતાનો પુરાવો આપીને એ વાત એમણે લખી છે.

**તા. ૨૭-૪-૧૯૯૩, પાના નં. ૭૧**
**પ્રવચન નં. ૩૪ (સ્થળ-ઈડર)**

...પહેલા બધા બ્રહ્મચારી બહેનોને આપ્યા, બ્રહ્મચારી ભાઈઓને આપ્યા પછી સમ-ાજમાં ... અત્યારે બધા સર્વસામાન્ય વાંચે છે. જે દિવસે 'ગુરુદેવે' આજ્ઞા કરી કે હું મારા હાથે આપીશ. એ પહેલા મારા હાથે પાંચ-સાત જણને અપાઈ ગયા હતા. જે નજીકના પરિચયવાળા હતા એમને. બધાયના માગી લીધા. એક જણે નહોતું આપ્યું. એક જણાએ મગાવ્યું હતું. બહારગામ 'મુંબઈ' રહેતા હતા. પત્ર લખી નાખ્યો કે 'ગુરુદેવ'ની આજ્ઞા થઈ છે અને આ પુસ્તક મને પાછું મોકલી દેજો. મોકલ્યું નહિ, જવાબ નહિ આપ્યો. છ-સાત પુસ્તક હતા એમાં એક જણે ન આપ્યું. બાકી બધાએ પાછા આપી દીધા. જે મુમુક્ષુઓ વાંચવા લઈ ગયા હતા એ બધાએ પાછા આપી દીધા. એમાં એક મુમુક્ષુએ કોપી કરી લીધી. આ એમાંથી 'ઘાટકોપર'નું મંડળ ઊભું થયું.

મુમુક્ષુ :- કોપીઓ બહુ થઈ હતી.

પૂજ્ય ભાઈશ્રી :- કોપીમાં એવું થયું ઓલા ભાઈ ખરા ને? 'ભાવનગર'વાળા ભાઈ. એને વાંચવા આપેલું. એને ત્યાં એના સસરા આવેલા જે ઘાટકોપર રહેતા હતા. તો એ લોકો ઘરે વાંચતા હતા અને મેં માગ્યું પાછું. એટલે તરત પાછું ન આપ્યું. નકલ કરીને પાછું આપી દીધું. મને પાછું કહેલું નહિ કે નકલ કરી લીધી છે. એ ઘાટકોપર ગયા એક નકલમાંથી તો ગમે તેટલી નકલ થાય. ત્યાં બધી એમાં ને એમાં નકલ થઈ ગઈ. એમના ગ્રુપમાં નકલ થઈ ગઈ અને ત્યાં સ્વાધ્યાય ચાલવા માંડ્યો. એ વાત બહાર આવી ગઈ. પછી મેં કીધું, આ કેવી રીતે નકલ કરી? મેં તો આપ્યા નથી. તો કહ્યું, આવી રીતે નકલ કરી. ...

મુમુક્ષુ :- .. આખા હિન્દુસ્તાનમાં નકલો ઘણી થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સૌથી વધારે નકલ થઈ હોય તો... એનું કારણ છે કે સંખ્યા ઘણી અને પુસ્તકો મર્યાદિત હતા. 'ગુરુદેવ' જોઈ જોઈને આપતા હતા, જોઈ જોઈને આપતા હતા. એમ બોલેલા, કાંઈ વાંધો નહિ. જે ખાસ ખાસ છે એને આપવું. મારા હાથે આપવું. ખાસ ખાસ છે એને મારા હાથે આપીશ. બોલાવીને આપે ખાનગીમાં રૂમમાં બોલાવીને. એવું છે.

**'મિથ્યાશ્રદ્ધાને લીધે અપ્રયોજનભૂત ઉપર તેનું લક્ષ જાય છે.'** એટલે આ એક મહત્વપૂર્ણ વિષય છે કે અપ્રયોજનભૂત ઉપર વિશેષે કરીને પોતાની શક્તિ ખર્ચવી નહિ, એ વાતને લંબાવવી નહિ. એને સમજીને, સમજાય તો ઠીક, ન સમજાય તો છોડી દેવી. પોતાના પ્રયોજન ઉપર વધારે સમય અને શક્તિનો ખર્ચ કરવો.

મુમુક્ષુ :- પાત્રતા મંદ કષાયરૂપ પરિણામ નથી. પાત્રતા અને મંદ કષાયના પરિણામમાં ફરક છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. મંદ કષાય એ ચારિત્રમોહની મંદતા સૂચવે છે અને પાત્રતા તે દર્શનમોહની મંદતા સૂચવે છે. બે વચ્ચે ઘણો મોટો ફેર છે. અહીંયાં દ્રવ્યલિંગી લીધા છે એ ચારિત્રમોહના મંદતાવાળો છે. પણ અપ્રયોજનભૂત ઉપર એનું લક્ષ ગયું છે તો એનો દર્શનમોહ ત્યાં વધ્યો છે એમ કહે છે. અને એવું બને છે.

ધર્મના ક્ષેત્રની અંદર પ્રાયઃ આ પરિસ્થિતિ ઊલટી બને છે. જે ઓઘસંજ્ઞાએ ધર્મ કરે છે એ શું કરે છે? કે ઉપવાસ કરે, તપશ્ચર્યા કરે. શું માને છે એને? ધર્મ માને છે. તો પંદર-પંદર દિવસના ઉપવાસ કરે, મહિના-મહિનાના ઉપવાસ આજે સંપ્રદાયમાં કરે છે ને લોકો? તો ધર્મબુદ્ધિએ કરે છે. એના ગુરુ પાસે જઈને ધર્મબુદ્ધિએ પચ્ચખાણ લે છે કે નહિ? તો ધર્મબુદ્ધિએ જ્યારે ઉપવાસના પચ્ચખાણ લે છે ત્યારે એને કષાય તો મંદ થાય છે પણ દર્શનમોહ એ વખતે એનો તીવ્ર થાય છે. કેમકે એ ધર્મ નથી, ધર્મનું સાધન નથી અને ધર્મ માને છે. એ જ વખતે કષાય તીવ્ર થાય છે. એવું જ છે. એ તો ચારિત્રગુણનો ક્ષયોપશમ છે.

એવું જ જ્ઞાનના ક્ષયોપશમમાં ફસામણ છે. શાસ્ત્ર આદિ વાંચવાનું થાય ત્યારે જ્ઞાનનો ક્ષયોપશમ વધે. કોઈપણ જીવ પહેલા વાંચતો હોય અને પછી વાંચતો હોય, જે સમય ગયો .... એમાં એનો શાસ્ત્ર સંબંધીના જ્ઞાનનો ક્ષયોપશમ વધે, વધે ને વધે. નિશાળે ભણે તો એનો વધે, ડોક્ટરનું ભણે તો એનો વધે, વકીલનું ભણે તો એનો વધે. જે ચીજનું ભણતર થાય એનો ક્ષયોપશમ તો વધવાનો જ છે. હવે એ જે દશા વધી, શાસ્ત્રજ્ઞાનના ક્ષયોપશમની દશા વધી એમાં જો અહંપણું થયું તો દર્શનમોહ વધ્યો છે. કેમકે દર્શનમોહ છે એ પર્યાય-બુદ્ધિ છે. 'પર્યાયમૂઢા પરસમયા' જે પર્યાયમાં પોતાપણાને લીધે માત્ર પર્યાયને પોતાપણે અવધારણ કરી, એવો જે પ્રકાર છે પરિણમનનો એ દર્શનમોહની પર્યાયબુદ્ધિનો વિષય છે અને પર્યાયમાં કોઈપણ પ્રકારની ધાર્મિક દિશામાં વિશેષતા થઈ અને એ વિશેષતામાં પોતાને પોતાની વિશેષતા લાગી એ દર્શનમોહ વધારી દે. ત્યાં પાત્રતા નથી રહેતી. ત્યાં પાત્રતા છૂટી જાય હોય તોપણ. અથવા પાત્રતા ઉત્પન્ન થવાનું બંધ થઈ જાય છે.

મુમુક્ષુ :- પાત્રતામાં ત્રણે ગુણનું ...

પૂજ્ય ભાઈશ્રી :- મુખ્યપણે દર્શનમોહ લેવો એમાં. કેમકે ચારિત્રમોહ તો અહીં સુધી જાય. દ્રવ્યલિંગી થાય અને ચારિત્રમોહમાં અગિયાર અંગ અને નવ પૂર્વ હોય અને અપાત્ર હોય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- દર્શનમોહ તીવ્ર થાય છે એ .... 'સોગાનીજી'એ શું કીધું? કે દ્રવ્યલિંગીને વાર લાગશે. બીજા જીવને વાર લાગશે એના કરતા દ્રવ્યલિંગીને વધારે વાર લાગશે એમ કીધું. શું કરવા એમ કહ્યું? કે એણે ઊંધી દિશામાં પોતાનો વિશેષ પુરુષાર્થનો ખર્ચ કર્યો છે. ઊંધી દિશામાં દૂર ગયો છે આત્માથી. પર્યાયમાં અહંપણું એને તીવ્ર થઈ જાય છે. કેમકે એનો વિકાસ ઘણો થયો, ચારિત્રનો અને જ્ઞાનનો. એટલે ત્રણ ગુણ સાથે નથી લેતા. કેમકે ચારિત્ર અને જ્ઞાનનું સ્વરૂપ તો ઊલટું છે ત્યાં. એ તો વિકાસવાળા દેખાય છે. ચારિત્ર વિકસીત દેખાય છે, જ્ઞાન વિકાસ પામેલું દેખાય છે. પણ એનું મિથ્યાત્વ તીવ્ર થયું માટે એણે પાત્રતા ગુમાવી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સમજાણું નહિ.

મુમુક્ષુ :- દ્રવ્યલિંગી જે છે ...

પૂજ્ય ભાઈશ્રી :- પહલે સે કભી કિસીકા સાતવાં નહીં હો સકતા. પહલે સે ચૌથા હી હોવે.

મુમુક્ષુ :- .. સાતવાં?

પૂજ્ય ભાઈશ્રી :- નહીં. નિયમ સે ચૌથા આયે. સાતવાં આ હી નહીં સકતા કિસીકો. મોક્ષમહલ કી પ્રથમ સીઢી જો સમ્યગ્દર્શન હૈ, ચતુર્થ ગુણસ્થાન સે પહલે ઉપર કા કોઈ ગુણસ્થાન સંભવ નહીં હૈ. ન ભૂતો ન ભવિષ્યતી. કિસીકો નહીં હો સકતા. અલ્પકાલમેં આવે. એક હી ધ્યાનમેં આવે અંતર્મુહૂર્તમેં. લેકિન આયે પહલે ચૌથા. આયે પહલે ચૌથા. 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે' પહલે દર્શનમોહ વ્યતીત હોતા હૈ. વહ ક્રમ હૈ. મોક્ષમાર્ગકા વહ ક્રમ હૈ. બિના ક્રમ કિસીકો મોક્ષમાર્ગ હો હી નહીં સકતા. ક્રમ સે હી આગે બઢના હોતા હૈ. વહ નિયમબદ્ધ બાત હૈ. પહલે ચૌથા આયેગા. કાલ કમ લગે યા જ્યાદા વહ દૂસરી બાત હો ગઈ. લેકિન આયેગા તો ચૌથા હી આયેગા. ચૌથા આયે બિના પાંચવા ભી નહીં આ સકતા, સાતવાં ભી નહીં આ સકતા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહીં. સબકો બઢતા હૈ ઐસા નહીં હૈ. ઉસકા અપ્રયોજનભૂત ઉપર લક્ષ જાતા હૈ ઉસકો બઢ જાતા હૈ.

મુમુક્ષુ :- દ્રવ્યલિંગી...

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્યલિંગીકો બઢે હી બઢે વહ બાત નહીં હૈ. જિસકો અપ્રયોજનભૂત પર લક્ષ જાતા હૈ ઉસકા બઢ જાતા હૈ. દ્રવ્યલિંગી ઐસે હોતે હૈં કિ જો ભાવલિંગી હોને કી તૈયારી કે પહલે પહલે દ્રવ્યલિંગી હો જાતે હૈં. ઇસલિયે મિથ્યાત્વ અવસ્થામેં ત્યાગ કા નિષેધ નહીં કિયા હૈ. પહલે ગુણસ્થાન મેં ભી ઉનકો ત્યાગ કરને કે લિયે રોકા નહીં કિસીને, ઉસકે ગુરુને દીક્ષા ભી દી.

ભગવાન ઋષભદેવ કે સાથ દેખિયે ક્યા હુઆ થા? અપના ઇતિહાસ દેખે. ચૌબીસી કે ઇતિહાસમેં મૂલ મેં ક્યા હુઆ થા? કિ ભગવાન ઋષભદેવ કે સાથ ચાર હજાર રાજાઓને દીક્ષા લી. સભી મિથ્યાદૃષ્ટિ થે. ભગવાન તો વહાં સે સમ્યગ્દર્શન લેકર આયે થે. સર્વાર્થ સિદ્ધિમેં સે તીન જ્ઞાન લેકર આયે થે, સમ્યગ્દર્શન લેકર આયે થે વહ તો. તો ઉનકે લિયે તો કોઈ સવાલ નહીં થા. ઔર જો તીર્થંકરદેવ હોતે હૈં, વે તો કભી છદ્મસ્થ અવસ્થા મેં ઉપદેશ દેતે નહીં. તો ધર્મ કા ઉપદેશ ઉન્હોંને ચૌથે ગુણસ્થાન મેં ભી નહીં દિયા. વહાં તો ઉન્હોંને યુગલિયા કા ક્ષેત્ર થા વહ પલટકર અભી કર્મક્ષેત્ર હો ગયા તો ઉન્હોંને અસી, મસી, કૃસી આદિ સબ સિખાયા લોગોં કો. ઘાટ કિયા કિ .. કૈસે કરના, ઘડાઈ કૈસે કરના, વહ કૈસે કરના, વહ કૈસે કરના. દુનિયાભર કી વિદ્યા સિખાઈ. લેકિન ધર્મ ઉપદેશ નહીં દિયા.

જબ વે મુનિ હુએ તબ ભી ધર્મ ઉપદેશ નહીં દિયા. કેવલજ્ઞાન હુઆ તબ ધર્મ ઉપદેશ નિકલા. તો ઇનકે સાથ જો વહ દીક્ષા લેને વાલે થે વે નગ્ન દિગંબર હોકર ચાર હજાર રાજા. ઇતને પુણ્યવાન થે તો ઇનકે સાથ સભીને દીક્ષા લે લી. લેકિન વહ સબ મિથ્યાદૃષ્ટિ થે. ઉપદેશ તો દિયા હી નહીં થા. ઉપદેશ બિના સમ્યગ્દર્શન પ્રગટ નહીં હોતા. તો કઈયોંને છોડ દિયા. ક્યા હુઆ આગે જાકરકે? કિ યહ જો ચારિત્ર પાલન હૈ, નગ્ન દિગંબરદશા વહ તો કોઈ મામુલી ચીજ નહીં હૈ. સહન નહિ હોવે. તો નહીં સહન હુઆ ઉસ કઈઓંને છોડ દિયા. બાહ્ય ભેષ છોડકરકે ગૃહસ્થી હો ગયે થે.

ફિર ભી ઉન્હોંને જિસને ત્યાગ કિયા ઉસકો રોકા નહીં. અપના મુદ્દા કહાં હૈ? જો ત્યાગ કરતે હૈં ઉસકો રોકતે નહીં હૈ. ભલે ઉસકા ચારિત્રમોહ મંદ હોતા હૈ. લેકિન ઉનકો ઉપદેશ દેતે કિ તુમ ઇધર અહંબુદ્ધિ મત કરના. પહલે તો ખતમ કરને યોગ્ય દર્શનમોહ હી હૈ. લેકિન જિસકા ચારિત્રમોહ સહજ મંદ હોતા હૈ, કઈ જીવ ઐસે હોતે હૈં કિ પ્રકૃતિ કે શાંત હોતે હૈં. આપ ઉસકો સતાઓ તો ભી વહ ગુસ્સા નહીં કરેગા. ઐસે જીવ હોતે હૈ સંસારમેં ભી. તો ઇનકે લિયે હમ યહ નહીં કહેંગે કિ તુમ ક્યોં ગુસ્સા નહીં કરતા હૈ? તુમકો ગુસ્સા કરના ચાહિયે. ઐસે જો સહજ વ્રતાદિ ગ્રહણ કર સકતા હૈ, જિસકો સહજ પાપકા પરિણામ

જચતા હી નહીં હૈ, રુચતા હી નહીં હૈ વે લોગ વ્રતાદિ, પચ્ચખાણ આદિ, સંયમ આદિ ગ્રહણ કરે તો ઉનકો મના નહીં હૈ. ફિર ભી યથાર્થ કૈસા હોના ચાહિયે? યહ ઉનકો જાનના આવશ્યક હૈ. યહ ઉનકી જિમ્મેદારી હૈ કિ યથાર્થતા ઈસમેં કૈસે હો સકતી હૈ? ઔર ઈસ બાત કો નહીં સમજે તો ફિર ઉસકી શ્રદ્ધામેં તીવ્રતા આ જાયેગી મિથ્યાશ્રદ્ધાનમેં. દર્શનમોહ બઢ જાયેગા. લેકિન જિસકા ત્યાગ હુઆ ઔર દર્શનમોહ મંદ કરને જાયેગા, ઉનકો ડબલ ફાયદા હો જાયેગા એકસાથ. તો ઐસે જીવ ચતુર્થ ગુણસ્થાનમેં ઉતને કમ સમય મેં રહકર કે સીધે આગે ચલે જાતે હૈં. ઐસી ભી યોગ્યતા હોતી હૈ. યોગ્યતા કે બહુત ચિત્ર-વિચિત્ર પ્રકાર હોતે હૈં.

અબ દેખિયે, 'ગુરુદેવ'ને ઈસ ભવ મેં (સંવત) ૧૯૭૮ કી સાલમેં સમ્યગ્દર્શન પાયા. ચર્ચા તો ઉપદેશ લેને કે લિયે હૈ. .. ઉસ કારણ સે કરતે હૈં. વરના હમારા અધિકાર નહીં હૈ કિ મહાપુરુષોંકિ દશા કી હમ ચર્ચા કરે. લેકિન કુછ ભેદ પ્રાપ્ત કરને કે લિયે. ઔર ૧૯૭૮ કી સાલ મતલબ ૭૮ ઔર ઈધર હુએ ૮૦. વહ હુઆ ૨૦૩૬. ૩૬ ઔર ૨૨ કિતના હુઆ? ૫૮ સાલ તક વહ સમ્યગ્જ્ઞાન કી દશા મેં રહે. ઔર બાહર મેં કોઈ સંસાર કી પ્રવૃત્તિમેં નહીં પડે. તો ઉન્હોંને દીક્ષા તો પહલે લે લી થી. ઈસલિયે ગૃહસ્થી તો શરૂ હી નહીં કિ ઉન્હોંને. શુરૂ સે હી શાદી નહીં કિયા, વ્યાપાર ધંધા છોડ દિયા દીક્ષા લેકરકે. ... એક ગૃહસ્થીકા વહ ભી છોડ દિયા થાય. ત્યાગી હો ગયે થે પહલે સે. ફિર પતા ચલા કિ યહ ત્યાગ તો બરાબર નહીં હૈ, યથાર્થ નહીં હૈ. તો મુનિદશા કી .. મુનિદશા નહીં હૈ. ફિર ભી ઉન્હોંને શાદી નહીં કી, વ્યાપાર નહીં કિયા. કરીબ-કરીબ બાહ્ય ત્યાગ મેં રહે. ત્યાગી જૈસે હી જીવન ગુજારા. સારા જીવન જૈસે કોઈ મુનિ જ્ઞાન-ધ્યાનમેં રહતે હૈં વૈસે અપના જીવન જ્ઞાન-ધ્યાનમેં હી બિતાયા ઉન્હોંને. ઠીક!

દૂસરા દૃષ્ટાંત લેતે હૈં 'સોગાનીજી'કા. યા 'શ્રીમદ્દજી'કા લેવે. તો 'શ્રીમદ્દજી'કી ગૃહસ્થદશા સાડે દસ સાલ કી થી. સાધક દશા. ગુરુદેવ કી ૫૮ સાલ કી હૈ. ચૌબીસ સાલ સે. ૩૩ ઔર પાંચ મહિના, સાડે દસ સાલ કી. 'સોગાનીજી' ૨૦૦૨ મેં આયે થે. તો ૨૦૨૦ મેં શાંત હુએ. તો અઠારહ સાલ (ઉનકી સાધકદશા રહી). અબ ઉનકે જ્ઞાન ધ્યાન કી દશા રહી. ઉન લોગોં કો ગૃહસ્થ કી દશા રહી. ઈનકા શુભ બહુત હુઆ, શુભોપયોગ બહુત ચલા. ઉન લોગોં કા ઈતના શુભોપયોગ નહીં ચલા, શુભ-અશુભ ઉપયોગ કા મિશ્રણ બહોત ચલા. તો બાહ્ય પરિસ્થિતિ દેખે તો કોઈ હિસાબ-કિતાબ નહીં બૈઠતા હૈ. યે દોનોં એકાવતારી હૈ. 'ગુરુદેવ' કહતે હૈં કિ મેરે ચાર ભવ હૈ. ઐસે ...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ચતુર્થ ગુણસ્થાન થા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ફરક હોતા હૈ. .... કિ ચતુર્થ ગુણસ્થાન મેં ઉપર કે ગુણસ્થાન મેં કોઈ જ્ઞાની સાધક નહીં જાતા હૈ તો. બહુત સૂક્ષ્મ વિષય હૈ, વહ ક્યા કરતા હૈ? તો ઉનકો અધિક લાભ હોતા હૈ ઔર ક્યાં નહીં કરતા હૈ તો ઉનકા અધિકા લાભ નહીં હોતા હૈ યહ વિષય વિચાર કરને યોગ્ય હૈ. જો અંતર કી સાધના હૈ ઉસ હી ગુણસ્થાન કી મર્યાદા મેં અંતર કી જો સાધના હૈ, ઉસ સાધના મેં અચારિત્ર જો હૈ, જિસકો અચારિત્ર કહતે હૈં, સમ્યગ્દર્શન કે બાદ મિથ્યાચારિત્ર—કુચારિત્ર નહીં કહા જાતા. જો ભી શુભાશુભ પરિણામ હૈ ઉસકો અચારિત્ર કહતે હૈં. તો અચારિત્ર કે જો મૂલ હોતે હૈં કુછ, યહ બહુત સૂક્ષ્મ વિષય હૈ, ઉસ મૂલ કો વે કાટ દેતે હૈં. યહ ભીતર મેં એક સાધના કી પ્રક્રિયા હૈ. તો ક્યા હોતા હૈ? કિ જબ વે ચારિત્ર મેં આતે હૈ તો ઉનકો આગે જાને મેં દેર નહીં લગતી. જબ ગુણસ્થાન સે આગે બઢ જાતે હૈં તો ઉનકો ઓર આગે જાને મેં દેર નહીં લગતી. યાની પૂર્ણ હોને મેં દેર નહીં લગતી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હો હી જાતી હૈ. દેખિયે! ઐસા એક તીસરા દૃષ્ટાંત વિચારને યોગ્ય હૈ. બહુત ગહરા વિચાર કરને સે કુછ સમજ મેં આ સકે ઐસી એક સૂક્ષ્મ બાત હૈ.

એક તીસરા દૃષ્ટાંત હૈ ભરત ચક્રવર્તી કા. ભરત ચક્રવર્તી ચતુર્થ ગુણસ્થાન મેં ચક્રવર્તી પદ મેં હજારો સાલ રહે. ક્યોંકિ આયુષ્ય બહુત (લંબા થા). હજારો સાલ રહે ઉસમેં. ઔર જબ વે મુનિદશા મેં આયે તો અંતર્મુહૂર્ત મેં કેવલ લિયા. કારણ ક્યા ઉસકા? કિ જબ વે ચતુર્થ ગુણસ્થાન મેં થે તબ ઉન્હોને અચારિત્ર કે મૂલ બહુત કાટ દિયે થે. તો ચારિત્ર મેં આતે હી ઉનકો પૂર્ણ હોને મેં દેર નહીં લગતી.

મુમુક્ષુ :- મતલબ જ્ઞાન વૈરાગ્ય કી ઈતની...

પૂજ્ય ભાઈશ્રી :- ઐસા થા કિ બાહ્ય મેં તો ચક્રવર્તી થે. તો ઉસકો ... સમજ હી નહીં સકતે કિ વૈરાગી જીવ હૈ. ક્યોંકિ ઉનકા પુણ્યકા ઠાઠ-માઠ ઐસા હોતા હૈ. તો ઉસકો તો વૈરાગ્ય પહચાન કરને મેં ભી દિક્કત હો જાયે. 'ગુરુદેવ' તો જ્ઞાન-ધ્યાન મેં રહતે થે. ઔર વે લોગ ગૃહસ્થી થે તો ઈતના વૈરાગ્ય તો દિખે નહીં 'ગુરુદેવ' જિતના. તો ચક્રવર્તી કી તો ક્યા હાલત હોગી? યે તો મધ્યમકક્ષા કે આર્થિક જીવનવાલે સાધક થે. ચક્રવર્તી કા તો ઠાઠ માઠ કોઈ અલગ હોતા હૈ. કરોડો-અરબો રૂપયે કે તો ઉનકે આભુષણ હોતે હૈં. ઉનકી જૂતિયોં મેં— મોજડી મેં હીરે મોતી લગતે હૈં, વૈરાગ્ય તો દિખને મેં હી નહીં આવે. અંતર સાધના કા એક બહુત ગહરા પ્રકાર હૈ કિ વે જાનતે હૈં કિ ઈસ ગુણસ્થાન કા અતિક્રમ નહીં હો રહા હૈ. ઉપર કે ગુણસ્થાન મેં—સંયમ કે ગુણસ્થાન મેં જા હી નહીં રહે હૈં. .. ગુણસ્થાન મેં આ નહીં

રહે હૈ. તો અભી હમ ક્યા બૈઠે રહે ક્યા? તો વહ અંકગણિત મેં નહીં બૈઠે ઐસી એક દૂસરી કક્ષા કી ચીજ હૈ, એક બાત હોતી હૈ, જો ગણિત મેં નહીં બૈઠતી હૈ. લેકિન હૈ તો સહી જરૂર.

વહ બાત એક દફે 'બહિનશ્રી'ને બતાઈ થી. હમ લોગ ક્યા કરતે હૈં? હમ થોડે બૈઠે રહતે પ્રમાદ સે. અચારિત્ર કે મૂલ કાટને લગતે હૈં. ભીતર મેં અચારિત્ર કા મૂલ કાટને કા એક ઉદ્યમ ચલતા હૈ, પુરુષાર્થ ચલતા હૈ. વહી ગુણસ્થાન (હૈ), આગે કા ગુણસ્થાન દિખે નહીં. જીવન કે અંત તક નહીં દિખે. ઉસ ગુણસ્થાન મેં ભી ભીતર કા કામ કોઈ સાધક ઈતના કર લેતા હૈ, ઈતના કર લેતા હૈ કિ બાદમેં સબ દુનિયા કો પતા ચલતા હૈ કિ કોઈ ગજબ કી સાધના કર લી! કામ તે ભીતર મેં પહલે સે કિયા હુઆ હોતા હૈ. તૈયારીયાં પહલે સે હો જાતી હૈ.

મુમુક્ષુ :- ઉત્કૃષ્ટ મુમુક્ષુ હો તો ઈસકો દેખ સકતા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- પરિચય હોવે તો. પરિચય હોના ચાહિયે. પરિચય હોને સે પતા ચલતા હૈ. બિના પરિચય તો કિસી કા વ્યક્તિગત પતા નહીં ચલતા હૈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હાં. ઐસા હી ... ભરત ચક્રવર્તી કા. ભરતેશ વૈભવ અગર આપને પઢા હો તો ઉસમેં એક બાત આતી હૈ. મૈંને તો નહીં પઢા હૈ. 'ગુરુદેવ' બતાતે થે કિ સારે દિન વહ યુદ્ધ મેં ખડે હો. ક્યા? યુદ્ધ કે મૈદાન મેં શામ તક ખડે હો. ઉસ જમાને મેં શામ કો યુદ્ધ સમાપ્ત કર લિયા જાતા થા. સૂર્યાસ્ત હોવે (તો) યુદ્ધ બંધ. કોઈ રાત્રી મેં એક દૂસરે પર હમલા નહીં કરતે. યહ નૈતિક પરિસ્થિતિ થી દુશ્મનોં કે બીચ મેં ભી. તો જબ વે યુદ્ધ સે અપને મહલ મેં લોટતે થે, વે તો જહાં યુદ્ધ કરતે થે વહાં મહલ બના લેતે થે ઉનકે લોગ, ઉનકો કોઈ કપડે કી છાવણી-બાવણી નહીં ડાલની પડતી. ઉસકા મકાન બન જાતા, મહલ બન જાતા હૈ.

જબ વે મહલ મેં વહ પધારતે હૈં. વહાં અપને જો ધ્યાન કા કમરા હૈ ઉસમેં આ જાતે થે. સારા દિન તો અશુભભાવ ચલે થે, મોટે રૂપસે. સૂક્ષ્મરૂપ સે તો શુભ ભી ચલ જાવે. .. કી ધારા તો હૈ હી. જ્ઞાન ધારા તો (હૈ હી). લેકિન વહ જૈસે હી ધ્યાન મેં બૈઠે નિર્વિકલ્પ હો જાયે. મહિને મેં દસ બાર નહીં, મહિને મેં તીસ બાર. ઔર નિવૃત્તિ હોવે તો એક દિન મેં ભી અનેક બાર હો જાયે. ઐસા ભી હો સકતા હૈ. ઐસી પુરુષાર્થ કી તેજી થી ઉન લોગોં કે પાસ. યહ પુરુષાર્થ અચારિત્ર કે મૂલ કો કાટતા હૈ. તો ઉન્હેંનો તો દીક્ષા લી, ધ્યાન મેં બૈઠે. ધ્યાન મેં બૈઠતે હી ઉનકો તો નિર્વિકલ્પદશા આતી થી. પર વહ ચતુર્થ ગુણસ્થાનવાલી આતી થી. જબ દીક્ષા લે લી, ચારિત્ર કા કષાય ઈતના મંદ હો ગયા તો દીક્ષા લેકર કે જૈસે હી પહલે ધ્યાન મેં બૈઠે (કિ) સપ્તમ ગુણસ્થાન મેં આયે, છઠવેં મેં આયે હી નહીં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હાં, નહીં કર સકે. સહી બાત હૈ. સહી બાત હૈ. ઋષભદેવ ભગવાન કો ભી .. લગી થી.

મુમુક્ષુ :- હજાર વર્ષ લગે.

પૂજ્ય ભાઈશ્રી :- એક હજાર વર્ષ લગે થે. છ-છ મહિને મેં આહાર લેતે થે. છ મહિને તક આહાર નહીં લેતે થે. ઇતના તો બાહ્ય ચારિત્ર કડક થા. છ મહિને તક ઉપવાસ ચલે તો કોઈ બાત નહીં. સાલ ભર નિકલ જાયે. પહલે છ મહિને આહાર નહીં મિલા તો દૂસરે છ મહિના નિકલ ગયા જ્ઞાન-ધ્યાનમેં. એક સાલ મેં એક દફે આહાર લિયા. દીક્ષા કે બાદ પહલી સાલ મેં એક વર્ષ કે બાદ આહાર લિયા. ઈસલિયે તો વર્ષીતપ ચલતા હૈ અભી. એક વર્ષ તો તપ હો ગયા ઉપવાસ કા. તો અભી તક વર્ષીતપ ચલતા હૈ. એક ક્રોડાક્રોડી સાગર કે બાદ વહી વર્ષીતપ ચલતા હૈ. ઇસકા નામ ચલતા હૈ. તપ ચલતા નહીં હૈ, ઉસકા નામ ચલતા હૈ આજ ભી. યહી કારણ સે ચલતા હૈ. એક સાલ મેં પહલી દફે એક દફે આહાર લિયા. ૩૬૦ દિન નિકલ ગયે. ફિર ભી કેવલ નહીં હુઆ. ઔર ઉન્હોંને એક ભી ઉપવાસ નહીં કિયા. ભરત ચક્રવર્તીને એક ભી ઉપવાસ નહીં કિયા. જિસ દિન દીક્ષા લી ઉસ દિન ધ્યાન મેં બૈઠે, ઉસ દિન કેવલજ્ઞાન લે લિયા. બાત ખતમ. બાહ્ય ચારિત્ર મેં, વ્યવહાર ચારિત્રમેં આયે હી નહીં છઠવેં ગુણસ્થાન મેં.

મુમુક્ષુ :- અંદર કી તૈયારી બહુત થી.

પૂજ્ય ભાઈશ્રી :- તૈયારી થી, ચક્રવર્તી પદ મેં અંદર કી તૈયારી થી. ઉસ બાત કો કૌન સમજે? બાહ્ય દૃષ્ટિ મેં કૈસે સમજે? બાહ્યદૃષ્ટિ કા યહ વિષય નહીં હૈ. ઐસે અધ્યાત્મ કે કઈ વિષય બહુત ગૂઢ હૈ, બહુત ગહન હૈ. વહ બાહ્ય દૃષ્ટિ સે સમજા નહીં જાતા. ઐસી ચીજે બહુત હૈ.

મુમુક્ષુ :- અપની અતિશય કમાઈ ગુપ્ત રખ લિયા.

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવ'ને ઐસી કોઈ-કોઈ બાત તો સૂક્ષ્મ કી હૈ. મિલ ગયા તો...

... ૧૦૦૮ બોલ છે એટલે નોંધ પણ લાંબી છે. ૫૩૨. સ્વતંત્રતા જ્ઞાન અને ચારિત્રના વિષયની પરિણમનની સ્વતંત્રતા છે. અને એનો એક થોડો સૂક્ષ્મ વિષય આવી ગયો છે અહીં યાં. 'સમયસાર' ગાથા ૨૮૩ અને ૨૭૫ ઉપરના પ્રવચનોમાંથી સંપાદન થયેલો વિષય છે. જ્ઞાનીને '**ચારિત્રની પર્યાય ભલે હિણી થઈ ગઈ હોય છતાં ત્યાં રાગથી ભિન્નપણાનો જે ઉપયોગ (પરિણમન) જ્ઞાનને લક્ષે થયો તે ઉપયોગમાં હીનપણું નાશ થવું થતું નથી.**' શું કહે છે? કોઈ મુનિ છે. મુનિદશામાં તો ચારિત્ર વિશેષ છે નીચેના ગુણસ્થાન કરતા. એ

મુનિપણું આયુષ્ય પર્યંત ચાલુ રહી જાય છઠ્ઠુ-સાતમું ગુણસ્થાન. તો પછી બંધ ભોગવવો પડે છે. તો મુનિઓનો જ્યાં ઉપદેશ ચાલ્યો છે ત્યાં એવી રીતે ચાલ્યો છે કે હે મુનિ! જો કેવળજ્ઞાન લેવા માટે તેં મુનિપણું ધારણ કર્યું છે તો શું કરવા કેવળજ્ઞાન પ્રગટ નથી થતું? કેવળજ્ઞાન પ્રગટ કરવું જ જોઈએ. જો આયુષ્ય પર્યંત કેવળજ્ઞાન પ્રગટ નહીં કર તો ચોથા ગુણસ્થાનમાં મોકલી દઈશ. કુદરત આ એને હીંટ દે છે. મુનિપણું છઠા-સાતમા ગુણસ્થાન આયુષ્ય પર્યંત જો ચાલુ રહી ગયું તો દંડ ભોગવવો પડશે. ચતુર્થ ગુસ્થાન મેં જાના હોગા અનિવાર્ય રૂપસે. મુનિયોં કા જહાં ઉપદેશ ચલા હૈ વહાં ઐસા ચલા હૈ. ક્યોંકિ ઉસી ગુણસ્થાન મેં રહના ઠીક નહી હૈં. શીઘ્રતયા કેવળજ્ઞાન કી પ્રાપ્તિ કરો. જબ તુમ્હારા પ્રયત્ન હી કેવલજ્ઞાન કે લિયે હૈ તો ક્યોં કેવલજ્ઞાન પ્રગટ નહીં હોતા?

તો શું કહે છે અહીંયાં કે ચારિત્રની પર્યાય ત્યાં હિણી થઈ ગઈ. શું થયું? છઠ્ઠા-સાતમા ગુણસ્થાનથી ચોથા ગુણસ્થાને આવ્યા એટલે અવિરતીમાં આવી ગયા, એ જ આત્મા. છતાં ત્યાં જ્ઞાન છે એ હીણું થયું નથી એમ કહે છે. જ્ઞાન સ્વતંત્ર છે. જ્ઞાન હીણું નથી થતું. ચારિત્ર હીણું થયું, જ્ઞાન હીણું નથી થયું. કયું જ્ઞાન? જે સ્વરૂપના અનુભવનું જ્ઞાન છે, જે સ્વરૂપનું જ્ઞાન છે એ સ્વરૂપજ્ઞાન હીણું નથી થતું. બહુ સૂક્ષ્મ વાત કરી છે 'ગુરુદેવે'.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ જ્ઞાનમાં.. જરા સૂક્ષ્મ વિષય છે.

ઉપયોગમાં હિનપણું થતું નથી. '**એ ઉપયોગ તો સ્વર્ગમાં સર્વાર્થસિદ્ધિમાં જાય...**' ક્યાં? કે સર્વોત્કૃષ્ટ વૈભવ ત્યાં છે. સોળ સ્વર્ગથી ઉપર સર્વાર્થસિદ્ધિમાં જાય કોઈ મુનિ '**ત્યાં પણ સાથે જ જાય છે.**' એનું જ્ઞાન એટલું ને એટલું સાથે જાય છે. '**સ્વના આશ્રયે જે પ્રગટેલો ઉપયોગ છે...**' બહારનું જ્ઞાન નહિ. સર્વાર્થસિદ્ધિમાં જાય ત્યાં તો ઘણું વિશાળ જ્ઞાન છે. પણ એ જ્ઞાનની વાત નથી. '**સ્વના આશ્રયે જે પ્રગટેલો ઉપયોગ છે, ચારિત્રવંત હોય ને ચારિત્ર ખલાસ થઈ જાય...**' બે જુદી જુદી દશા થઈ. ચારિત્રવંત હોય ત્યારે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને અને ચારિત્ર ખલાસ થાય ત્યારે અવિરતીમાં ચોથે ગુણસ્થાને સ્વર્ગમાં (હોય). '**છતાં તેને કાંઈ હીનપણું થતું નથી. કર્મ મને ઢાંકી દે એમ તો નહીં...**' એમ કહે છે. '**પણ બીજા ગુણની પર્યાય હીણી થઈ માટે ઉપયોગ હણાઈ જાય -એમ પણ નથી.**' અહીંયાં જ્ઞાનની સ્વતંત્રતા સ્થાપી છે.

મુમુક્ષુ :- ઉપયોગની સ્થિરતા એટલી જ રહી?

પૂજ્ય ભાઈશ્રી :- સ્થિરતા ચારિત્રમાં જાય છે, સ્થિરતા ચારિત્રમાં જાય છે. અહીંયાં જ્ઞાનને જુદું પાડવું છે.

મુમુક્ષુ :- ઉપયોગ તો જ્ઞાનનો ને, એટલે જ્ઞાનનો ઉપયોગ...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપનો જે ઉપયોગ છે, એ જે સ્વરૂપજ્ઞાન છે એ સ્વરૂપજ્ઞાન કમજોર નથી થઈ જતું.

મુમુક્ષુ :- ઉપયોગની જે સ્થિરતા હોય એમાં તો...

પૂજ્ય ભાઈશ્રી :- સ્થિરતા ચારિત્રમાં હોય.

મુમુક્ષુ :- એ તો ઓછી થઈ જાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે જે વારંવાર આવી ઈ ઓછી થાય એ તો ગુણસ્થાન પ્રમાણે જ હોય એ તો. પણ એ ચારિત્ર ઘટ્યું એમ કહેવાય.

મુમુક્ષુ :- જ્ઞાનની અપેક્ષા...

પૂજ્ય ભાઈશ્રી :- હા, અહીંયાં જ્ઞાનની અપેક્ષા લેવી છે. એમાં કાંઈ ફરક નથી એમ કહે છે.

**તા. ૨૯-૪-૧૯૯૩, પાના નં. ૭૧**
**પ્રવચન નં. ૩૫ (સ્થળ-ઈડર)**

'ચિદ્વિલાસ'માં **'એક એક ગુણમાં સર્વ ગુણોનું રૂપ સંભવે છે.'** બીજો પેરેગ્રાફ. પહેલો પેરેગ્રાફ ચાલી ગયો છે. **'એકેક ગુણમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સાધીએ...'** છીએ. એકેક ગુણમાં દ્રવ્ય-ગુણ અને પર્યાય. એટલે શું કહ્યું? ગુણ તો ગુણ છે પણ ગુણને દ્રવ્યના દૃષ્ટિકોણથી પણ જોઈ શકાય છે. દ્રવ્ય પ્રધાનતાથી એ ગુણની પરિભાષા આવે છે. ગુણ પ્રધાનતાથી તે ગુણની પરિભાષા આવે છે અને પર્યાય પ્રધાનતાથી પણ ગુણની પરિભાષા કે વ્યાખ્યા હોય છે. એ જે ત્રણ પ્રકારની વ્યાખ્યાઓ થાય છે એની પાછળ એ પ્રકારે જોવાનો દૃષ્ટિકોણ સાધ્ય કરવાની વાત છે. જ્ઞાનમાં ઉદ્દેશ ધારણ કરવો. અને આ એક કાર્યપદ્ધતિમાં અને સમજણ કરવામાં એક મહત્ત્વપૂર્ણ અંગ છે. વસ્તુનું યથાર્થ જ્ઞાન કરવામાં આ દૃષ્ટિકોણનો .... તકલીફ ઊભી થાય એવી પરિસ્થિતિ બને છે.

એ રીતે અનાદિથી ભેદવાસનાને લીધે જીવની સમજવાની ભેદપ્રધાન કાર્યપદ્ધતિ છે. અને એ ભેદોને શાસ્ત્રની અંદર પણ ભેદો-પ્રભેદો એનું પ્રતિપાદન ઘણા વિસ્તારથી, અતિ વિસ્તારથી છે. તોપણ અભેદને ગ્રહણ કરાવવાનો, અભેદને સમજાવવાનો આશય રહેલો છે. આશયે અભેદને સમજાવવો છે. એ અભેદને સમજાવવા માટે આ એક વિશેષ અથવા કોઈ ખાસ પ્રકારની સમજણ કરવાની પદ્ધતિ છે. એ આપણે વિવિક્ષા છત્રીસીમાં વાત લીધી છે એ વિષય છે અહીંયાં.

ગુણને ગુણદૃષ્ટિએ જોવો, ગુણને દ્રવ્યદૃષ્ટિએ જોવો અને ગુણને પર્યાયદૃષ્ટિએ જોવો. એમ ત્રણેમાં આવે. દ્રવ્યને દ્રવ્યદૃષ્ટિએ જોવું, દ્રવ્યને ગુણની દૃષ્ટિએ જોવું અને દ્રવ્યને પર્યાયને દૃષ્ટિએ જોવું. એવી જ રીતે પર્યાયને દ્રવ્યદૃષ્ટિએ જોવી, પર્યાયને ગુણદૃષ્ટિએ-સ્વ-ભાવ દૃષ્ટિએ જોવી અને પર્યાયને પર્યાયદૃષ્ટિએ જોવી. આ ત્રણેમાં આ પ્રકારના નવ ભંગભેદ છે. હવે એમાં પરમાર્થ શું સધાય છે? મૂળ મુદ્દો તો એ છે. આપણે જે મતલબ છે એ તો પારમાર્થિક લાભ માટેનો છે.

અહીંયાં જે આપણે બે દિવસથી ચર્ચા ચાલે છે આત્માને ઓળખવાની, આત્માનું ભાવભાસન કરવાની એવું સમ્યગ્દર્શનનું એક અનન્ય અને મહત્ત્વપૂર્ણ કારણ છે કે ત્યાં

લક્ષણ છે એ પ્રગટ પર્યાયમાં છે. પણ એ પર્યાયમાં વ્યક્ત પર્યાયમાં સ્વભાવ અંશ ખુલ્લો છે ત્યાં એને ગુણદૃષ્ટિથી—સ્વભાવદૃષ્ટિથી જોવાની એક કાર્યપદ્ધતિ અથવા દૃષ્ટિકોણ અપનાવવાનો છે. અથવા એવી દ્રવ્યદૃષ્ટિથી પણ જોતા શીખવું જોઈએ. એ લક્ષણને દ્રવ્યદૃષ્ટિથી જોતાં શીખવું જોઈએ. અને આચાર્ય મહારાજનો પણ ત્યાં એ હેતુ છે. ત્યાં પર્યાયમાં રહેલા લક્ષણને પર્યાયદૃષ્ટિથી તે બતાવવા ચાહતા નથી, ઈચ્છતા નથી. એમનો હેતુ એવો નથી. એ વિષય સ્પષ્ટ થાય છે. હવે જ્યારે પ્રકરણ જ મૂકવું છે તો એમને એ વિશેષ સ્પષ્ટ, વધારે સ્પષ્ટ થાય છે એવું આચાર્ય મહારાજનું પોતાનું વચન છે.

(સમયસાર પરિશિષ્ટમાં) પ્રશ્ન એ ઉઠાવ્યો છે કે '**કયુ તે લક્ષ છે કે જે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે તેનાથી (જ્ઞાનથી) ભિન્ન પ્રસિદ્ધ થાય છે**?' કેમકે એ જે લક્ષ છે એ તો દ્રવ્યસ્વભાવ છે. દ્રવ્યનું લક્ષ કરવું છે. દ્રવ્યનું અથવા સ્વભાવનું લક્ષ કરાવવું છે. જ્ઞાનની પ્રસિદ્ધિ વડે તમે એનું લક્ષ કરાવો છો તો આમાં એવો એક ભાસ આવે છે કે એનાથી એ ભિન્ન છે, લક્ષણથી લક્ષ ભિન્ન છે. આવો અહીંયાં એક ભાસ આવે છે અને આ એક સમસ્યા ઊભી થાય છે.

ત્યારે એનો ઉત્તર આપે છે. '**જ્ઞાનથી ભિન્ન લક્ષ નથી,...**' હવે ત્યાં જ્ઞાન તો પર્યાય છે, ઉપયોગ છે લક્ષણ. છતાં એનાથી લક્ષ ભિન્ન નથી એમ કહે છે. હવે .. કારણ આપે છે આચાર્ય મહારાજ. '**કારણ કે જ્ઞાન અને આત્માને દ્રવ્યપણે અભેદ છે.**' જ્ઞાન અને આત્માને દ્રવ્યપણે અભેદ છે. '**ज्ञानात्मनोर्द्रव्यत्वेनाभेदात्**' આટલું સંસ્કૃત પડ્યું છે. જ્ઞાન અને આત્માની વચ્ચે જો દ્રવ્યપણે જોવામાં આવે, દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે કે અમે એને દ્રવ્યપણે જોઈએ છીએ અને અને દ્રવ્યથી અભેદ જોઈએ છીએ.

મુમુક્ષુ :- દ્રવ્યપણે અભેદ છે.

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્યપણે અમે અભેદ જોઈએ છીએ. એટલે અહીંયાં અમે પર્યાયને દ્રવ્યપણે જોઈએ છીએ. પર્યાયને પર્યાયપણે નથી જોતા એમ કહે છે. આ એક પદ્ધતિ છે, જ્ઞાન કરવાની આ એક પદ્ધતિ છે. એ પ્રકરણ અહીંયાં 'દીપચંદજી' સાહેબ શરૂ કરે છે આ પ્રકરણની અંદર.

મુમુક્ષુ :- લક્ષણથી લક્ષ ભિન્ન નથી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. લક્ષણથી લક્ષ ભિન્ન નથી એમ કહેવા માગે છે. પણ આમ તો ભિન્ન દેખાય છે. તો કહે છે, તું દૃષ્ટિકોણ બદલ હવે. તું દ્રવ્યપણે જો એને. લક્ષણને પર્યાયપણે ન જો પણ દ્રવ્યપણે જો એમ કહે છે. તો તને .. દેખાય. એટલા માટે કાલે થોડી વિશેષ ચર્ચા એ પણ ચાલી કે જો મૂળ પરમ તત્ત્વ જે છે આત્માનું એ કેવળ દ્રવ્યરૂપે હોત તો પર્યાયમાં લક્ષણથી એની પ્રાપ્તિ ન થાત. દ્રવ્ય તો નિત્ય છે અને જો એ નિત્ય જ હોત,

દ્રવ્યપણે જો નિત્ય હોત તો અનિત્ય એવા ઉપયોગમાં પર્યાયમાં એની પ્રાપ્તિ ન થાત. જો તે કેવળ પર્યાયરૂપે અનિત્ય હોત તો દ્રવ્યદૃષ્ટિ ન થાત. એનાથી દ્રવ્ય સ્વભાવ ઓળખાત નહિ માટે પંચાધ્યાયીકારે એમ કહ્યું કે અનુભય સ્વરૂપ છે. ન તો નિત્ય છે, ન તો અનિત્ય છે. અનુભયસ્વરૂપ છે. ઉભયસ્વરૂપ પણ ન કહ્યું.

મુમુક્ષુ :- નિત્ય અનિત્ય ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ.. નહિ... નહિ...

મુમુક્ષુ :- નિત્ય-અનિત્ય ..

પૂજ્ય ભાઈશ્રી :- ઉભયસ્વરૂપ તો ઉભયસ્વરૂપ થઈ જાય છે. નિત્ય સ્વરૂપ અને અનિત્યસ્વરૂપ બંને છે એમ તમે કહો, નિત્યાનિત્યસ્વરૂપ છે એમ કહો તો એ પ્રમાણનો વિષય થાય છે. અહીંયાં દૃષ્ટિનો વિષય પકડાવવો છે, નિશ્ચયનો વિષય પકડાવવો છે. પંચાધ્યાયમાં નિશ્ચયની વ્યાખ્યા ચાલી છે કે નિશ્ચયસ્વરૂપ શું? તો કહ્યું, અનુભય સ્વરૂપ. ઉભય સ્વરૂપ નહિ. કેમકે ઉભય સ્વરૂપ પ્રમાણનો વિષય છે યુગપત્. નિત્યાનિત્યનું યુગપત્ જ્ઞાન તો પ્રમાણનો વિષય છે. નિશ્ચયના વિષયમાં એક પ્રકરણ ચાલ્યું છે ત્યાં કે અનિત્યપણું વ્યવહારનો વિષય, નિત્યપણું પણ વ્યવહારનો વિષય અને અનુભય સ્વરૂપ તે નિશ્ચયનો વિષય. એમ ચાલ્યું છે. પ્રકરણ .. ચિદ્‌વિલાસ તો બહુ સૂક્ષ્મ સિદ્ધાંતનો ગ્રંથ છે.

મુમુક્ષુ :- અનુભય કહીને કોઈ પ્રકારનો ભેદ ન જોવો એમ કહેવું છે?

પૂજ્ય ભાઈશ્રી :- જેવું છે એવું જોવું. ભેદ ન જોવા એમ નહિ. નિર્ભેદ છે એને નિર્ભેદ જોવું એમ કહેવું છે. જેવું છે એવું એટલે કે નિર્ભેદ છે તેને નિર્ભેદ જોવું. નિત્ય-અનિત્ય અભેદ છે એમ જોવું એમ પણ નહિ. નિર્ભેદ છે...

... અનાદિ સે જીવ પર્યાયબુદ્ધિ હોને સે પર્યાયમૂઢ હૈ ઔર જો આત્મસ્વરૂપ હૈ, મૂલ સ્વરૂપ હૈ વહ પર્યાયત્વ સે પાર હૈ. પ્રમત્ત ઔર અપ્રમત્તપના દોનોં પર્યાયત્વમેં સમાવિષ્ટ હોતા હૈ. પ્રમત્તભાવ ભી પર્યાયરૂપ હૈ, અપ્રમત્તભાવ ભી પર્યાયરૂપ હૈ. તો મૈં ઉસસે પાર હૂં, મૈં ઉસસે પાર હૂં. ઐસા લેના હૈ. પર્યાયમેં પર્યાયરૂપ સે નહીં આયા દ્રવ્ય. જો સ્વભાવ હૈ વહ દ્રવ્યરૂપ સે આયા હૈ, અપને સ્વરૂપ સે આયા હૈ. દ્રવ્ય કા ભેદ ભી નહીં. ઐસે લેના. .. બહુ શૈલી કરી છે. એમાં એક નિશ્ચયનું પ્રકરણ છે એ બહુ સારું છે.

મુમુક્ષુ :- આ જે વાક્ય એ આમાં ક્યાંથી કાઢ્યું? આ જે અહીંયાં અત્યારે વાત કરી એ આમાંથી ક્યાંથી નીકળે છે? આપે જે વાત કરી એ આમાં ક્યાંથી નીકળે?

પૂજ્ય ભાઈશ્રી :- '**એકેક ગુણમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સાધીએ...**' છીએ એમાંથી. ત્યાંથી તો શરૂ કર્યો. પહેલો પેરેગ્રાફ આપણે થઈ ગયો છે. હવે જે બીજા પેરેગ્રાફની પહેલી

લીટી છે '**એકેક ગુણમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સાધીએ...**' છીએ. આ તો એક ગુણની વાત એમણે શરૂ કરી છે. પણ આપણે એનો વિસ્તાર કરીએ તો કે દ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાય સાધી શકાય, પર્યાયમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાય સાધી શકાય, ગુણમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાય સાધી શકાય. જોવાનો દૃષ્ટિકોણ હોવો જોઈએ.

મુમુક્ષુ :- .. અભેદ છે એટલા માટે સાધી શકાય?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે એ દ્રવ્યનો અવયવ છે ને. ગુણ છે એ દ્રવ્યનો અવયવ છે. અવયવ અવયવીપણું હોવાને લીધે, ઝાડની ડાળીમાં વૃક્ષત્વ .. સાધી શકાય નહિ. ભલે વૃક્ષ આખું છે અને ડાળી એનો એક અવયવ છે. પણ વૃક્ષત્વ તો સાધી શકાય કે નહિ? એમ કહેવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાયને દ્રવ્યથી અભેદ જોવી એમ અહીંયાં નથી. અહીંયાં પર્યાયને દ્રવ્યદૃષ્ટિએ જોવી છે. પર્યાયમાં પર્યાયને દ્રવ્યપણે જોવી છે. દ્રવ્યપણે પર્યાયને જોવી છે, દ્રવ્યભાવે પર્યાયને જોવી છે. એવો દૃષ્ટિકોણ છે અહીંયાં. અથવા બીજી રીતે પદ્ધતિસર કહીએ તો કે પર્યાયને દ્રવ્યાર્થિકનયથી જોવી છે. પર્યાયને પર્યાયાર્થિકનયથી તો જોવાય પણ પર્યાયને દ્રવ્યાર્થિકનયથી જોવી છે. દ્રવ્યને દ્રવ્યાર્થિકનયથી પણ જોવાય અને દ્રવ્યને પર્યાયાર્થિકનયથી પણ જોવાય. જેમકે 'ટોડરમલજી' સાહેબે કહ્યું. જ્યાં નિશ્ચયાભાસનું પ્રકરણ સાતમું ચાલ્યું ત્યારે નિશ્ચયાભાસી પર્યાયને સ્વીકારતો નથી. એકલા નિશ્ચય દ્રવ્યને સમજ્યા વગર કલ્પના કરીને મુખ્ય કર્યે જાય છે. કલ્પના કરે છે. એને કાંઈ દ્રવ્ય સમજાણું નથી. એનો રોગ જોઈ લીધો. 'ટોડરમલજી' સાહેબે નિશ્ચયાભાસીનો રોગ જોઈ લીધો કે આને રોગ શું છે કે પર્યાયને માનતો નથી. તો એને એમ કહ્યું કે અનાદિઅનંત પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. દ્રવ્યની શું પરિભાષા કરી? અનાદિઅનંત પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. તો જે પર્યાયને નથી માનતો અને દ્રવ્ય-દ્રવ્ય કૂટતો ફરે છો, હું કહું છું કે તું જેને દ્રવ્ય કહે છે ને એ એકલી પર્યાયનો જ પિંડ છે. બોલ! હવે શું તારે કહેવું છે? એક પર્યાયને તો માનતો નથી. હું અનંત કાળના દ્રવ્યને પર્યાયનો પિંડ કહું છું. અનંતી પર્યાયનો પિંડ છે એ. એ દ્રવ્યને પર્યાયાર્થિકનયથી દર્શાવ્યું ત્યાં. એમાં એક વિશિષ્ટ જ્ઞાનનો દૃષ્ટિકોણ છે. અને એ વગર યથાર્થ .. જેવું વસ્તુનું સ્વરૂપ છે, જેવું વસ્તુનું બંધારણ છે એ ન જ્ઞાનમાં આવે. ...

મુમુક્ષુ :- સંવિધાન.

પૂજ્ય ભાઈશ્રી :- સંવિધાન તો જે ડોક્યુમેન્ટરી કોન્સ્ટીટ્યુશન હોય એને સંવિધાન કહીએ આપણે. જેમ કે ભારતનું સંવિધાન—બંધારણ—કોન્સ્ટીટ્યુશન આ જાતનું છે. અમ-

ારી ભાગીદારીનું બંધારણ આ જાતનું છે. પણ અહીં તો વસ્તુનું બંધારણ સાયન્ટિફીક કોન્સ્ટીટ્યુશન જોવે છે. પદાર્થનું બંધારણ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો વસ્તુસ્થિતિ કહી શકાય. ... બંધારણ કહેવું છે.

મુમુક્ષુ :- પર્યાયને દ્રવ્યાર્થિકનયથી જોવાતી હોય...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનમાં એનું દ્રવ્યત્વ મુખ્ય થાય અને પર્યાયભાવ જ્ઞાનમાં ગૌણ થાય. એમ બને છે. જેમ કે આપણે ભાવભાસનનો વિષય લઈએ તો લક્ષણ તો ઉપયોગમાં છે, જ્ઞાનના પર્યાયમાં છે. પણ ત્યાં પર્યાયત્વનું ગ્રહણ નથી, ત્યાં સ્વભાવનું ગ્રહણ છે અને તેથી આખા સ્વભાની ઓળખાણ થઈ જાય છે. એ દૃષ્ટિકોણ ત્યાં કામ કરે છે. એવી રીતે બધામાં, ત્રણેમાં એ લાગુ પડે છે. એ દૃષ્ટિકોણ અપનાવવાનું ત્રણેમાં લાગુ પડે છે અને પ્રયોજન સાધવા માટે ત્રણેનો જુદો જુદો ઉપયોગ છે. કેમકે આ તો બધા નયો છે. દૃષ્ટિકોણ એટલે નય છે. અને બધા નયોનો સરવાળો એ છે કે પોતાના પ્રત્યે અંતર્મુખ દોરી જવું, સ્વરૂપ પ્રત્યે દોરી જવું એ બધા નયોનું પ્રયોજન છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- .. એમાં શું છે કે એકસાથે અનેક નયો જ્ઞાનમાં રહેવા છતાં, એકસાથે અનેક નયોનું જ્ઞાન રહેવા છતાં પ્રયોજનવશ કોઈ એક નયને મુખ્ય કરવું, જેમાં પ્રયોજન સાધવા માટે કોઈ એક નયની મુખ્યતા કરવી. બાકીનું ગૌણપણે જ્ઞાન રહી જવું. બાકીના નયોનું ગૌણપણે જ્ઞાન રહી જવું એને મુખ્ય ગૌણ કહીએ છીએ. અથવા અનેક જ્ઞેયો જ્ઞાનની સામે હોવા છતાં પણ પ્રયોજનવશ અથવા પ્રયોજનની સિદ્ધિ અર્થે કોઈ એક જ્ઞેય ઉપર વજન દેવું અને બાકી જણાતું હોય તોપણ વજન ઉઠાવી લેવું. ભાર દેવો, વજન દેવું, જોર દેવું, મુખ્યતા કરવી એ એકાર્થમાં છે. એનું નામ મુખ્ય ગૌણ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે આ શ્રુતજ્ઞાનની અંદર આ પ્રકારની શ્રુતજ્ઞાનની પ્રવૃત્તિ છે. મુખ્ય ગૌણ કરવાની શ્રુતજ્ઞાનની આ પ્રકારની પ્રવૃત્તિ છે. હવે જ્ઞાની છે, જેને સમ્યક્ શ્રુતજ્ઞાન વર્તે છે. .. શ્રુતજ્ઞાની જે જ્ઞાની છે એને સમ્યક્ શ્રુતજ્ઞાન વર્તે છે. તો તે અનેકવિધ પ્રકારે પોતાના ઉદયની પ્રવૃત્તિમાં પણ પ્રવર્તતા પ્રત્યક્ષ જોવામાં આવે છે...

આનું કારણ શું? કે એનું કારણ એ છે કે એની પરિણતિ ઊલટી ચાલે છે. ઉપયોગ નિષ્ફળ જાય છે. ઉપયોગમાં એમ ભાવ વર્તે છે કે હું આત્મા છું, હું જ્ઞાયક છું, હું પૂર્ણાનંદ સ્વરૂપ છું, એક અભેદ સ્વરૂપ છું. અને પરિણતિમાં હું શરીરરૂપ છું, હું રાગરૂપ છું એમ ચાલે

છે. પણ પરિણતિ ઊલટી ચાલે છે.

મુમુક્ષુ :- એ નિર્વિકલ્પ પરિણતિ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, નિર્વિકલ્પ પરિણતિ. પરિણતિ નિર્વિકલ્પ જ હોય. પરિણતિ કોઈ દિ' સવિકલ્પ હોય જ નહિ. પરિણતિ નિર્વિકલ્પ જ હોય. તો બળવાન કોણ છે? પરિણતિ બળવાન થઈ ગઈ અહીંયાં. જે દિ' ઉપયોગ બળવાન થશે તે દિ' પરિણતિ પલટાઈ જશે. જે દિ' એ પ્રયાસ કરતા કરતા એ મુમુક્ષુજીવ શુદ્ધોપયોગમાં આવશે, એટલે એ સવિકલ્પદશામાં અન્યનો ઉપયોગ કરશે તોપણ પરિણતિ આત્માની રહેશે. એટલે એમાં શું છે કે બળવાન છે એ ... જેવી વાત છે. જેનું જોર વધારે.. બળિયાના બે ભાગ. જેનું જોર વધારે એ મુખ્ય રહે અને જેનું જોર ઓછું એ ગૌણ થઈ જાય.

એટલે આમ સામાન્યપણે પરિણતિનું બળ વધારે છે. જ્ઞાની લડાઈ કરે છે. પંચેન્દ્રિયની હિંસા થાય ને? .. પંચેન્દ્રિયની માણસની સામે જ હિંસા થાય ને કે બીજું કાંઈ થાય? યુદ્ધ કરે જ છે ને. ચક્રવર્તીઓ છે, 'રામચંદ્રજી'એ રાવણ સાથે યુદ્ધ કર્યું. છતાં એની પરિણતિ એટલું કામ કરે છે તો એને અબંધ પરિણામી ગણ્યા છે. લડાઈના મેદાનમાં એ ઊભા નથી, એ આત્મામાં ઊભા છે એમ 'ગુરુદેવ' કહેતા હતા. જ્ઞાની લડાઈના મેદાનમાં નથી ઊભા, જ્ઞાની એના આત્મામાં ઊભા છે એ વખતે પણ એમ કહે છે. ...

મુમુક્ષુ :- અખંડને સાધે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ચક્રવર્તી છ ખંડને સાધતા નથી પણ અખંડને સાધે છે. બધા જ્ઞાનીનો અભિપ્રાય તો એક જ હોયને. પરિણતિનું બળવાનપણું દેખાડવું છે. એ માનસિક વ્યાપાર નથી. કેવળ માનસિક વ્યાપાર નથી. ઉપયોગનું મુખ્ય ગૌણ બીજી વાત છે અને ઉપયોગ અને પરિણતિ થઈને મુખ્ય ગૌણ એ બીજી વાત છે. મુખ્ય ગૌણના બે ભેદ છે પાછા. ઉપયોગનું મુખ્ય ગૌણ છે એટલે અંતર મુખ્ય ગૌણ છે. જે ઉપયોગ પરિણતિનું મુખ્ય ગૌણપણું છે એ પરમેનન્ટ મુખ્ય ગૌણપણું છે. કાયમી મુખ્ય ગૌણપણું છે. એ ... વાતો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... લબ્ધ તો એકલા જ્ઞાનની પર્યાયને જ લાગુ પડે છે. પરિણતિમાં તો બધા ગુણનું પરિણમન છે. સર્વગુણાંશ તે સમ્યક્ત્વ છે. માટે શ્રદ્ધા આખેઆખી પરિણમી છે જ્ઞાનીની. જ્ઞાનમાં લબ્ધ પર્યાય છે, અને ચારિત્રની પણ પરિણતિ છે, સુખની પણ પરિણતિ છે, પુરુષાર્થની પણ પરિણતિ છે. અનંતા ગુણોના પર્યાયને પરિણતિ કહેવામાં આવે છે. અનંતા ગુણોનું કાર્ય છે.

મુમુક્ષુ :- જ્ઞાનની અપેક્ષાએ શેનું મહત્ત્વ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનની અપેક્ષાએ લબ્ધરૂપ છે.

મુમુક્ષુ :- ગૌણ રહે કે

પૂજ્ય ભાઈશ્રી :- ના. જ્ઞાનની અપેક્ષાએ લબ્ધરૂપ છે. પણ લબ્ધરૂપ હોવા છતાં બળ-વાનપણું એનું છે. મુખ્ય ગૌણ એનું છે. દ્રવ્યાનુયોગ તો બહુ સૂક્ષ્મ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગ જેટલું જેટલું જાણે છે એ બધું લબ્ધમાં જાય છે.

મુમુક્ષુ :- તો પછી લબ્ધમાં ... પરિણતિમાં તો રસના વિષયનું જ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઘણું ભેગું થાય છે.

મુમુક્ષુ :- લબ્ધમાં તો ...

પૂજ્ય ભાઈશ્રી :- ઘણું ભેગું થાય છે. એ વાત સાચી.

મુમુક્ષુ :- પરિણતિમાં તો રસનો વિષય જ પરિણમે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે હવે જરા વધારે ઝીણવટથી એનો વિચાર કરીએ તો, બારીકાઈથી જોઈએ તો શ્રદ્ધાગુણ છે એ પૂરી શક્તિથી પરિણમે છે. પૂરી શક્તિ એટલે કેટલી? કે અનંત શક્તિ. એટલે '**दंसणमूलो धम्मो**' કહ્યો છે. '**दंसणमूलो धम्मो**' છે એ જે 'કુંદકુંદાચાર્યદેવ'નું સૂત્ર છે એમાં બહુ ગંભીરતા છે. એમાંથી જેટલું કાઢીએ એટલું નીકળે એવું છે. એટલી બધી એમાં ગંભીરતા છે. તો એ જે અનંતી શક્તિથી જે દર્શનગુણ પરિણમી રહ્યો છે એની સામે જે બીજા બીજા પણ જે જ્ઞેયોનું લબ્ધ થાય છે એનું બળ કેટલું હોય કહો જોઈ? આ અનંત શક્તિથી પરિણમી રહ્યો છે. જે પરિણતિ સાથે શ્રદ્ધાગુણ છે એમાં એનું અનંત સામર્થ્ય છે. એની સામે આ બીજા શું કામ કરે એ તો કહો?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- .. બહુ અલ્પ છે. ... તો ..માં છે. જ્યારે આખો શ્રદ્ધાગુણ ઉલટો પરિણમી રહ્યો છે—અનાત્મા તે હું, રાગ તે હું, શરીર તે હું એટલા માટે આ સ્વાધ્યાય બધો બેકાર જાય છે. આ લબ્ધમાં નથી જાતું?

મુમુક્ષુ :- જે શ્રદ્ધા મિથ્યા છે એ પણ એટલી જ શક્તિથી...

પૂજ્ય ભાઈશ્રી :- પૂરી શક્તિ. એનું કામ જ પૂરી શક્તિથી પરિણમવાનું છે. ઊલટી પડે તો, ઊંધી પડે તોપણ એટલી અને સુલટી પડે તોપણ એટલી. એ બીજી રીતે પરિણમી જ ન શકે.

મુમુક્ષુ :- તો તો પછી પરિણતિનું જ કાર્ય બળવાન થઈ ગયું?

પૂજ્ય ભાઈશ્રી :- પરિણતિ ક્યાંથી આવી?

મુમુક્ષુ :- વ્યક્તિ પરિણતિમાં બળવાન સાબિત થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- પરિણતિ જ બળવાન છે. મિથ્યાદૃષ્ટિની પણ પરિણતિ બળવાન છે. સમ્યગ્દૃષ્ટિની પણ પરિણતિ બળવાન છે. પણ જો ઉપયોગ એવો ... કે આખી પરિણતિને પલટાવી નાખે. આટલી અપેક્ષા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે શુદ્ધોપયોગથી ઊલટી જે પરિણતિ, શુદ્ધઉપયોગ એ બળવાન ઉપયોગ થયો એટલે પછી ત્યારપછી જે પરિણતિ ચાલુ રહી એ શુદ્ધ પરિણતિ થઈ ગઈ અહીંયાં. એને પછી અશુદ્ધ પરિણતિ નથી કહેવાતી. એને શુદ્ધ પરિણતિ કહેવામાં આવે છે. કેમકે એ ઉપયોગની પરિણતિએ અશુદ્ધ પરિણતિને પલટાવી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જે લબ્ધ છે એ તો લબ્ધ જ રહે છે.

મુમુક્ષુ :- પૂર્વનું જે લબ્ધમાં છે....

પૂજ્ય ભાઈશ્રી :- પણ પછી આ ઉપયોપૂર્વક પલટાણો. નવી .. લબ્ધમાં ગઈને? એ આ શુદ્ધોપયોગની ગઈ, એ આ શુદ્ધોપયોગની ગઈ. એટલે આખું લબ્ધ પલટાણું. એટલે આમાં શું છે કે સો ગાયના ટોળામાં એક ભેંસ ઊભી હોય તો ટોળું ગાયનું જ કહેવાય. એમ લબ્ધ છે એ ટોળું છે. એમ જે ઝાઝી રહે એનું નામ બોલાય. થોડું રહે એનું નામ ન બોલાય. પરિણતિ શુદ્ધ છે તો શુદ્ધતામાં .. શુદ્ધતાની એમાં પ્રધાનતા છે. પછી અલ્પ અશુદ્ધિ હોય એ ગણાય નહિ. એમ.

મુમુક્ષુ :- આ જે પૂર્વજન્મનું સ્મરણ થાય છે, પૂર્વનું સ્મરણ થાય એ બધું લબ્ધના કારણે ને?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એ વળી ભાવ જુદો છે પાછો. બે .. જ્ઞાનની .. રમત છે. એ તો આપણે જ્ઞાનનું પ્રકરણ લખ્યું છે 'તત્ત્વાનુશીલન' એમાં એક વાક્ય નાખ્યું છે. 'તત્ત્વાનુશીલન'માં પ્રકરણ શરૂ કરતી વખતે એક વાક્ય .. આત્માની અનંત શક્તિઓ માહેની એક મુખ્ય શક્તિ જ્ઞાન છે. આ શક્તિ એટલે જ્ઞાનશક્તિની વ્યક્તિઓ અનેકવિધ પ્રકારે વિભિન્ન અવસ્થાઓમાં પ્રગટતી હોય છે. એટલે કે એક વાત આપણે જ્ઞાનમાં સમજી લીધી છે એમ નથી. આની અંદર એટલી બધી વિભિન્નતા અને વિવિધતા છે અને એટલી બધી વાતો છે કે આટલું આઠ પાનાનું પ્રકરણ લખ્યું છે એમાં બધી મોટી મોટી જ વાતો લખી છે. સૂક્ષ્મ વાતો પછી ઘણી છે એની અંદર.

મુમુક્ષુ :- લબ્ધના ...

પૂજ્ય ભાઈશ્રી :- ... લબ્ધનો અર્થ જ પ્રાપ્તિ છે. લબ્ધનો અર્થ સીધો જ એનો બીજો અર્થ કરે, અધર વર્ડ લ્યો તો પ્રાપ્ત છે. એક્વાયર્ડ નોલેજ.

મુમુક્ષુ :- જે જાતિસ્મરણમાં આવે છે એ ...

પૂજ્ય ભાઈશ્રી :- એ સ્મૃતિનું .. હોય કે ન હોય?

મુમુક્ષુ :- તો એ પણ ભૂતકાળ ક્યાંથી તપાસ્યો એણે? લબ્ધમાં છે તો મળ્યું ને?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે જે દ્રવ્ય છે એ નિત્ય છે, એ પ્રત્યભિજ્ઞાનનું કારણ છે. એ પ્રત્યભિજ્ઞાન નામનો એક શબ્દ શાસ્ત્રકાર વાપરે છે. એટલે જે તે રૂપે છે એવો જે જ્ઞાનને વિષય એને પ્રત્યભિજ્ઞાન કહે છે. પણ એ દ્રવ્યત્વને કારણે છે, નિત્યત્વને કારણે છે.

મુમુક્ષુ :- નિત્યત્વને કારણે, લબ્ધને કારણે નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. કેમકે એ જે સ્મૃતિ છે એ વિસ્મૃતિની અપેક્ષિત વાત છે. લબ્ધમાં એવું નથી. એટલે એ .. જુદો પડે છે.

મુમુક્ષુ :- તો લબ્ધનો ઉપયોગ શું?

પૂજ્ય ભાઈશ્રી :- લબ્ધનો ઉપયોગ પણ થાય છે.

મુમુક્ષુ :- લબ્ધ આખો જે સંગ્રહાલય થયો એનું ... શું?

પૂજ્ય ભાઈશ્રી :- બળવાનપણું એનું રહે છે તે. ઉપયોગને ફેઈલ કરે છે તે.

મુમુક્ષુ :- એ તો પરિણતિ દ્વારા થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- પરિણતિ લબ્ધની છે કે નહિ? લબ્ધની પરિણતિ છે.

મુમુક્ષુ :- લબ્ધમાં લક્ષની મુખ્યતા છે એટલા માટે ઓલું ફેઈલ જાય છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. મુખ્યતા છે, લક્ષની મુખ્યતા છે.

મુમુક્ષુ :- લબ્ધમાં અને ભાવનામાં રહેલું એવું જ ... આવે?

પૂજ્ય ભાઈશ્રી :- આવે અને ન પણ આવે. લબ્ધનું પ્રકરણ બહુ વિચિત્ર છે પાછું. તમે દસ વર્ષ પહેલા મારા ઘરે આવીને તમે જે શાક ખાધું એ તમને યાદ આવે અને સવારે શાક ખાધું એ સાંજે ભૂલી જાવ છો. સવારે કયુ શાક ખાધું હતું એ અત્યારે યાદ નથી આવતું. પણ દસ વર્ષ પહેલા તમે ફલાણાને ઘરે આ શાક ખાધું હતું એ યાદ કરતા હો. હવે આ કેવો વિચિત્ર વિષય છે કહો જોઈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એની એક સ્પેસિફિક પોઝિશન છે સ્મૃતિની. સ્મૃતિજ્ઞાનનો એક ભેદ છે પણ ચોક્કસ પ્રકારની સ્મૃતિ છે એની. સ્પેસિફિક વાત છે. એની સ્પેશ્યલ વાત છે. સ્મૃતિની એક સ્પેશ્યલ વાત છે. લબ્ધ ઉપયોગની સ્પેશ્યલ વાત છે. એકબીજાને એકબીજામાં

ઢાળી ન દેવાય.

મુમુક્ષુ :- પરિણતિમાં લક્ષની સાથે કનેક્શન છે, સ્મૃતિ-વિસ્મૃતિ સાથે કોઈ કનેક્શન નથી. જેમ લક્ષને સ્મૃતિ-વિસ્મૃતિની અપેક્ષા નથી તો પછી પરિણતિ...

પૂજ્ય ભાઈશ્રી :- એ સ્મૃતિ-વિસ્મૃતિની .. લક્ષ અને પરિણતિ સાથે રહે છે. જ્ઞાનની પર્યાયોની ઘણી ઘણી વાતો છે. એવી વાતો છે. .. કરવા માગે છે. એમાંથી .. કરવા માગે છે. દુનિયાના ભૌતિક સાયન્સ કરતા બહુ સૂક્ષ્મ વિજ્ઞાન છે આત્માનું, બહુ સૂક્ષ્મ વિજ્ઞાન છે. કેમકે ત્યાં તો ઇન્દ્રિયજ્ઞાનનો સ્થૂળ ઉપયોગ કામ કરે છે અને અહીંયાં તો અતીન્દ્રિય જ્ઞાનનો વિષય પ્રતિપાદન કરેલો છે. એવી વાત છે.

મુમુક્ષુ :- આ તો.. વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણી વાત છે. ભૌતિક વિજ્ઞાન કરતા આ વિજ્ઞાન તો ઘણું બારીક છે. એટલે એ તો 'જિન પ્રવચન દુરગમ્યતા, થાકે અતિ મતિમાન, અવલંબન શ્રી સદ્‌ગુરુ સુગમ અને સુખખાણ' એવી વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છ, લાકડા એણે પોતે જ નાખ્યા છે. આડા લાકડા એટલે ઊંધા સંસ્કાર પણ જ્ઞાનમાં પોતે જ નાખ્યા છે એટલે આડો થાય પણ પોતાને કારણે છે અને સવળો થાય તો સવળો પોતાને કારણે છે. અહીંયાં તો સુગમ અને સુખખાણ શું કીધું છે? કે તું ઘણી બુદ્ધિવાળો હો, ઘણી તારામાં બુદ્ધિ હોય તો થાકી જાય એવી આ વાત છે. કેમકે આખરમાં બુદ્ધિ સ્થૂળ પડે છે અને બુદ્ધિથી ઘણો સૂક્ષ્મ વિષય છે. વિચારરૂપ જે બુદ્ધિ છે એનાથી આ વિષય ઘણો સૂક્ષ્મ છે. તો એમાં મોટા મોટા બુદ્ધિવાળા થાકી જાશે, મતિમાન થાકી જશે. પણ જે શ્રી ગુરુ છે એ ચપટી વગાડે એમ તને જ્ઞાન કરાવશે. એ સુગમતાથી તને જ્ઞાન કરાવી દેશે. માટે 'અવલંબન શ્રી સદ્‌ગુરુ સુગમ અને સુખખાણ' સદ્‌ગુરુની એવી જે સુગમતા છે અને એ સુખની ખાણ છે. અંદરમાં સુખની ખાણ પોતાનો આત્મા છે અને બહારમાં સુખની ખાણ શ્રીગુરુ છે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- નિમિત્તનું જોર વધારે કરવું કે ઉપાદાનનું જોર વધારે કરવું?

પૂજ્ય ભાઈશ્રી :- જોર તો ઉપાદાનનું જ વધારે કરવું.

મુમુક્ષુ :- આપે કીધું ને નિમિત્તનો વિવેક કરતા શીખે એ પણ ઉપાદાનનો જ..

પૂજ્ય ભાઈશ્રી :- જ્યાં યથાર્થ નિમિત્તનો વિવેક કરે છે, વિવેક કરનાર તો ઉપાદાન છે ને? તો એ ઇનડાયરેક્ટલી ઉપાદાનની મુખ્યતા છે. દેવ-ગુરુ-શાસ્ત્ર, પંચ પરમેષ્ઠી, સત્પુરુષ આદિનો જે વિનય, વિવેક, આદર, સત્કાર, બહુમાન એ એમ ઉપરટપકે બાહ્યદૃષ્ટિથી

જોવામાં એમ લાગે કે આ નિમિત્તની મુખ્યતા થઈ રહી છે. અને ઈનડાયરેક્ટલી ઉપાદાનની મુખ્યતા છે. ઉપાદાનની મુખ્યતા કરવી એ ડાયરેક્ટલી ઉપાદાનની મુખ્યતા છે. આ ઈનડાયરેક્ટલી ઉપાદાનની મુખ્યતા છે. બેયમાં એક જ વાત છે, બેયમાં બે વાત નથી. ... એક ડાયરેક્ટ અને એક ઈનડાયરેક્ટ એમ છે. વાત તો એક જ છે. ઘણા ઘણી ગડબડ કરે છે કે આપ જે સત્પુરુષ સત્પુરુષની વાત કરો છો તો નિમિત્તાધીન દૃષ્ટિ નહિ થઈ જાય? તો તમે સમજ્યા જ નથી આ વાતને. આમાં તો ઉપાદાનની જ મુખ્યતા થાય છે.

'ગુરુદેવે' લીધું છે. 'ગુરુદેવે' બધી વાતના ફેસલા કરે છે લગભગ એમ કહીએ તો ચાલે. ૮૨૭ નંબરનું વચનામૃત છે 'પરમાગમસાર'માં. '**પોતાના જ્ઞાનમાં વિવેક પ્રગટ્યો હોવાથી અર્હંતાદિકને સંભારીને નમસ્કાર કરે છે.**' પ્રવચન છે 'મોક્ષમાર્ગ પ્રકાશક'ના પહેલા અધિકાર ઉપરના પ્રવચરોમાંથી આ બોલ લીધેલો છે. '**પોતાના જ્ઞાનમાં વિવેક પ્રગટ્યો હોવાથી અર્હંતાદિકને સંભારીને નમસ્કાર કરે છે. એ જ વહાલાં સગા છે. જેમ લગ્નપ્રસંગમાં વહાલાં સગાંને આમંત્રણ આપે છે એમ ધર્મમાં ઈષ્ટ એવા સિદ્ધો, અર્હંતો, જિનબિંબો, વગેરેને યાદ કરીને નમસ્કાર કરવામાં આવે છે. એમના ઉપકારને ભૂલતા નથી.**' એમના ઉપકારને ભૂલતા નથી. ઉપકાર ભૂલે તો સજ્જનતામાંથી ગયો. પછી ધર્મનો તો સવાલ જ રહેતો નથી. અસજ્જનતામાં આવે. ઉપકાર ભૂલે એ તો અસજ્જનતામાં આવે. અને ભવિતવ્ય તો સજ્જનતાથી ઉપરનું સ્ટેજ છે એ તો.

'**એમના ઉપકારને ભૂલતા નથી. કેટલાક જીવો સનાતન દિગંબર પરંપરાના શાસ્ત્ર વાંચીને કુદેવાદિનાં નામથી ચલાવે છે.**' આ ગજપંથામાં જે ઘૂસી ગયું છે. '**માટે અનંત સંસારી છે.**' કેમકે એ ઉપકાર ભૂલી ગયા. એ કેવળી, પંચ પરમેષ્ઠીનો ઉપકાર ભૂલી ગયા. હવે કહે છે. મુદ્દાની વાત હવે આવે છે. આપણે જે ચર્ચા ચાલી એની. '**જેના સાચા નિમિત્તનું બહુમાન આવતું નથી. તેને આત્માનું મહાત્મ્ય તો આવતું જ નથી.**' જેને સાચા નિમિત્તનું બહુમાન આવતું નથી. તેને આત્માનું મહાત્મ્ય તો આવતું જ નથી. કેમકે '**જેને નિમિત્તનો વિવેક...**' નથી. કેમકે એ તો સ્થૂળ વિષય છે નિમિત્ત તો અને આત્મા તો સૂક્ષ્મ વિષય છે. સ્થૂળ વિવેક જેની પાસે નથી એની પાસે સૂક્ષ્મ વિવેક ક્યાંથી હોય? એવી વાતું કહે છે.

અહીંયાં '**નિમિત્તનો વિવેક તે ખરેખર આત્માનો વિવેક છે.**' શું કહ્યું? આ 'કાનજીસ્વામી' બોલે છે હોં ! લોકોએ 'કાનજીસ્વામી'ને બીજી રીતે ચીતર્યા છે કે 'કાનજીસ્વામી' નિમિત્તને માનતા નથી, 'કાનજીસ્વામી' નિમિત્તને માનતા નથી. હવે આ 'કાનજીસ્વામી'નું વચન ફરીને આવ્યું છે. સાંભળો. '**નિમિત્તનો વિવેક તે ખરેખર આત્માનો વિવેક છે.**'

ઈનડાયરેક્ટલી છે એટલી જ વાત છે. બાકી નિમિત્તનો વિવેક તે આત્માનો વિવેક છે અહીંયાં તો. '**સ્વરૂપદૃષ્ટિ જેને થઈ છે તેને નિમિત્તનો વિનય આવ્યા વિના રહેતો નથી. લોકો નિશ્ચયના બહાને ભૂલ્યા છે.**' જે નિમિત્તના વિવેકને ભૂલ્યા છે અને નિશ્ચયની મુખ્યતા કરે છે એ નિશ્ચયનું બહાનું પકડીને ભૂલેલા જીવો છે. '**અને વ્યવહારને સમજતા નથી. તે નિશ્ચય વ્યવહાર બંનેને ભૂલ્યા છે.**' જાવ. આ ... બધી વાતો કરી છે એમણે તો. ખુલાસા બધા કર્યા છે, સ્પષ્ટીકરણ આપી દીધું છે.

હવે શું કહે છે અહીંયાં? કે '**એક જ્ઞાન ગુણ છે.**' જે જ્ઞાન ગુણ છે '**તેનું જ્ઞાનરૂપ તો દ્રવ્ય છે,...**' દ્રવ્ય જ જ્ઞાનસ્વરૂપી છે. જેને જ્ઞાનગુણ છે એ દ્રવ્ય કેવું છે? કે જ્ઞાનસ્વરૂપી છે એ તો. દ્રવ્ય જ જ્ઞાનસ્વરૂપી-આત્મા જ જ્ઞાનસ્વરૂપી છે. એ દ્રવ્યથી લીધું. દ્રવ્યથી લીધો ગુણને. અને '**તેનું (જાણપણારૂપ) લક્ષણ તે ગુણ છે, તેની પરિણતિ તે પર્યાય છે,...**' તેનું જાણપણા લક્ષણ એટલે ગુણ છે એટલે ગુણ શક્તિ લ્યો. અને તેની પરિણતિ તે પર્યાય છે. '**આકૃતિ તે વ્યંજનપર્યાય છે.**' અને એની જે બહારની આકૃતિ છે તે વ્યંજનપર્યાય છે અને જાણવાનો ભાવ થયો તે અર્થપર્યાય છે. એક અર્થપર્યાય છે અને એક વ્યંજનપર્યાય છે. '**અહીં કોઈ પ્રશ્ન કરે છે–**'

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું કહેવું છે? એ પ્રશ્ન ઊઠે એવું છે ત્યાં ભાષા એવી છે એટલે. પણ ગુણ તો ઘણા છે. પણ આનંદ છે એમાં જાણપાણાનું લક્ષણ નથી. આનંદ પણ ગુણ છે, અસ્તિત્વ પણ ગુણ છે અને જ્ઞાન પણ ગુણ છે. તો જ્ઞાનમાં જાણપણું એવું લક્ષણ છે. ત્યારે આનંદમાં જાણપણાનું લક્ષણ નથી, અસ્તિત્વમાં જાણપણું એવું લક્ષણ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એનેજાણપણું કીધું. અને પરિણતિ તે પર્યાય છે. પરિણમે કહેવા માટે પરિણતિ શબ્દ લઈ લીધો. કેમકે ક્રિયા લીધી. પરિણતિ કહીને ક્રિયા લેવી છે. ક્રિયા છે તે પર્યાય છે. જાણવાની જે ક્રિયા છે તે પર્યાય છે.

તે એની આકૃતિ છે એટલે ક્ષેત્ર જે છે તે વ્યંજનપર્યાય છે. જેટલા ક્ષેત્રમાં રહે છે એ ક્ષેત્રની આકૃતિ તે વ્યંજનપર્યાય છે.'**અહીં કોઈ પ્રશ્ન કરે છે કે–જે પરિણતિ તે પર્યાય છે, જ્ઞાન જ્ઞેયો વિષે પર્યાય વડે આવ્યું છે,...**' જ્ઞાન જ્ઞેય વિષે પર્યાય વડે આવ્યું છે '**તો પરિણતિ તો ન આવી! તો પર્યાય વડે (જ્ઞાન જ્ઞેયમાં) કઈ રીતે આવ્યું?**' પ્રશ્ન ઉઠાવ્યો છે. પ્રશ્નકારે પોતાની સમજણ પ્રમાણે પ્રશ્ન ઉઠાવ્યો છે કે '**જે પરિણતિ તે પર્યાય છે, જ્ઞાન જ્ઞેયો વિષે પર્યાય વડે આવ્યું છે,...**' એટલે એણે શું પ્રશ્ન કર્યો? કે અહીંયાં અવાજ થયો

બહાર, તો જ્ઞાન ત્યાં ગયું. એટલે જ્ઞાન તો ત્યાં વયુ ગયું. પણ ત્યાં પરિણતિ તો ન આવી. જ્ઞાન તો ત્યાં ગયું એમ કહીએ છીએ આપણે. તો આપણું જ્ઞાન ત્યાં ગયું. જ્યાં અવાજ થયો ત્યાં જ્ઞાન ગયું. ત્યાં પરિણતિ તો ન આવી. તો પર્યાય વડે જ્ઞાનગુણમાં કઈ રીતે આવ્યું?

ફરીથી પ્રશ્ન સ્પષ્ટ કરીએ. દૂરના ક્ષેત્રમાં એક ધડાકો થયો બહાર. એટલે આપણો ઉપયોગ ત્યાં ગયો, જ્ઞાન ત્યાં ગયું. તો પ્રશ્નકાર એમ કહે છે કે ક્રિયા તો અહીંયાં ચાલી છે અને આપણે એમ કહીએ છીએ કે જ્ઞાન જ્ઞેયમાં ગયું, ધડાકામાં ગયું. આ કઈ રીતે બધું બને છે? એમ પ્રશ્ન છે. ફરીથી. હવે સ્પષ્ટ થઈ જશે. '**કે-જે પરિણતિ તે પર્યાય છે,...**' માન્યું તમે કીધું ઈ. હવે '**જ્ઞાન જ્ઞેયો વિષે પર્યાય વડે આવ્યું છે,...**' એ તો પર્યાય વડે જાય છે. '**તો પરિણતિ તો ન આવી!**' પરિણતિ તો અહીંયાં થઈ છે અને જ્ઞાન તો ત્યાં ગયું એમ કહીએ છીએ, જ્ઞેયો વિષે. '**તો પર્યાય વડે (જ્ઞાન જ્ઞેયમાં) કઈ રીતે આવ્યું**?' પ્રશ્ન ચોખ્ખો થાય છે? એવી રીતે પ્રશ્ન છે આ.

મુમુક્ષુ :- .. ક્ષેત્રથી જ્ઞાન ...

પૂજ્ય ભાઈશ્રી :- ક્ષેત્રથી અથવા જ્ઞેયોમાં ગયું એમ કહો.

મુમુક્ષુ :- પોતાનું ક્ષેત્ર છોડીને ત્યાં વયુ ગયું એમ...

પૂજ્ય ભાઈશ્રી :- વધારે સ્પષ્ટ સમજાવવા માટે ક્ષેત્ર લીધું. બાકી પંચેન્દ્રિયના કોઈપણ જ્ઞેય હોય. ... ક્ષેત્ર છે કે સાકર ગળી લાગી અથવા ઠંડી કે ગરમી પોતાને લાગી. તો ત્યાં એવું ક્ષેત્ર નથી અને એ જ્ઞેયમાં જ્ઞાન ગયું કે નહિ? એમ. જેને પરપ્રવેશભાવ કહીએ. ભ્રાંતિ શું થાય છે? પરપ્રવેશભાવની ભ્રાંતિ થાય છે. રાગમાં જ્ઞાન ગયું. શરીરમાં ઠંડી લાગી તો ત્યાં જ્ઞાન ગયું. સાકર ગળી લાગી તો ત્યાં જ્ઞાન ગયું. જ્ઞેયમાં જ્ઞાન થયું. જુદું જ ક્ષેત્ર હોય એવું કાંઈ નહિ. ... ક્ષેત્ર હોય એટલે જ્ઞેય શબ્દ એમણે વાપર્યો. એમણે ક્ષેત્ર શબ્દ નથી વાપર્યો. પ્રશ્ન નહોતો સમજાણો એટલે ક્ષેત્રનું દૃષ્ટાંત લીધું. બાકી પંચેન્દ્રિયના વિષયો લઈ લેવા. દૂર ક્ષેત્ર હોય કે નજીક ક્ષેત્રમાં હોય. એની સાથે કાંઈ સંબંધ નથી. જ્ઞેય સાથે સંબંધ છે. એટલે એમણે જ્ઞેય શબ્દ વાપર્યો છે કે જ્ઞાન જ્ઞેય વિષે તો પર્યાય વડે આવ્યું છે. એટલે શું છે કે જ્ઞેયમાં પ્રવેશે છે મારું જ્ઞાન.

મુમુક્ષુ :- જ્ઞેય કો અવલંબન કરકે જાનતા હૈ ઐસા લગતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- અવલંબન કરે વહાં તક તો ઠીક હૈ, ભીતરમેં ચલા જાતા હૈ ઐસા લગતા હૈ. પ્રવેશ હો જાતા હૈ ઐસા લગતા હૈ. ક્યા? કિ જૈસે મૈંને પ્રવેશ કર ગયા. ઐસા નહીં હૈ. ગરમી આવી. .. જૈસે હમને પ્રવેશ કર લિયા. જ્ઞાન સે ... હૈ ઔર બાહ્ય મેં ગરમી લગતી થી તો હમને ઠંડી મેં પ્રવેશ કર લિયા. તો ક્યા જ્ઞેયમેં હમને પ્રવેશ કર લિયા? જબ ઠંડા

એટમોસ્ફીયર હૈ ઉસમેં ક્યાં હમારા પ્રવેશ હો ગયા? પ્રવેશ તો નહીં હોતા હૈ, લેકિન હમને ઐસા જાના. ઉસકો 'અનુભવપ્રકાશ'મેં 'દીપચંદજી' સાહબને પરપ્રવેશભાવ કહા હૈ. કિ યે પરપ્રવેશભાવરૂપ જો ભ્રાંતિ હૈ યહી સ્વસંવેદન કો રોકનેવાલી હૈ. સ્વસંવેદન ક્યોં આવિર્ભૂત નહીં હોતા હૈ? કિ પરપ્રવેશભાવ કે કારણ વહ તિરોભૂત રહ જાતા હૈ. વહ પ્રતિબંધક હૈ. વેદન તો પ્રતિબંધક હૈ.

મુમુક્ષુ :- ઐસે તો નુક્સાન હોગા.

પૂજ્ય ભાઈશ્રી :- નુક્સાન હોગા.

મુમુક્ષુ :- ઇન્દ્રિયજ્ઞાનમાં એકતાબુદ્ધિ...

પૂજ્ય ભાઈશ્રી :- એકતાબુદ્ધિ તો હૈ. એકતાબુદ્ધિ તો બહુત સૂક્ષ્મ હૈ. એકતાબુદ્ધિમેં ઐસા હૈ કિ તીવ્રતા હોવે તો હી એકત્વ હોવે ઐસા નહીં હૈ. મંદ કષાયમેં ભી એકત્વ રહતા હૈ. જહાં તક ભિન્ન .. અપના એકાકાર શુદ્ધાત્મા કા અનુભવ નહીં કરે વ્યાપ્યવ્યાપકભાવરૂપ સે, વેદ્યવેદકભાવરૂપ , પ્રત્યક્ષ તૌર સે તબ તક આત્મા કા વિકલ્પ જો હોતા હૈ ઉસમેં ભી એકત્વબુદ્ધિ હોતી હૈ. ઉસકે પહલે, અનુભવ કે પહલે જો મૈં એક હૂં, જ્ઞાયક હૂં, શુદ્ધ હૂં ઐસા સૂક્ષ્મ વિકલ્પ અંતર્જલ્પ જિસકો બોલતે હૈ ઉસમેં ભી એકત્વ હોતા હૈ. બહુત સૂક્ષ્મ હૈ.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- ક્રિયા લેવી. પરિણતિ તે અહીંયાં જ્ઞાનની ક્રિયા લેવી છે. ક્રિયા લેવી છે. જ્ઞાન એ જ્ઞાન અને જ્ઞપ્તિ તે જ્ઞાનની ક્રિયા. એમ. પરિણામ તે રિઝલ્ટેડ પોઝિશન. બદલતી ક્રિયા પરિણતિ. એ ભાષાની અંદર અનુભવ અને અનુભૂતિ, પરિણામ અને પરિણતિ, જ્ઞાન અને જ્ઞપ્તિ એ ક્રિયાવાચક છે. પાછળ જે ત લાગીને એકારાંત થાય છે એટલે તિ.. તિ... તિ... જે આવ્યા કરે છે એ ક્રિયાવાચક શબ્દોની પદ્ધતિ છે વ્યાકરણની અંદર. ચાલુ ક્રિયાને બતાવવી છે ત્યાં. ચાલતી ક્રિયાને બતાવવી છે. વર્તમાન ક્રિયા સૂચક એ શબ્દ છે બધા.

મુમુક્ષુ :- જ્ઞાનને જે બે અંશ કહ્યા, સામાન્ય જ્ઞાન અને વિશેષ જ્ઞાન. આ પરિણતિ કઈ જગ્યાએ સ્થિર હોય છે? સામાન્યજ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :- પરિણતિ જ છે. ...ની પરિણતિ છે. ... સમયે સમયે ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય આખી પર્યાયમાં થાય છે. પર્યાય તો એક જ છે. અને પલટાય છે એ આખે આખી પર્યાય જ પલટાય છે. ...

મુમુક્ષુ :- પરણતિ પણ ક્ષણ ક્ષણ પલટાતી પર્યાય ..

પૂજ્ય ભાઈશ્રી :- પરિણતિ જ ક્રિયા છે. ક્રિયા પલટાય એનું નામ જ ક્રિયા છે. ન પલટાય તેને ક્રિયા કેમ કહેવાય? 'સમયસાર'માં શું લીધું કે આત્મા કર્તા. આત્મા એક વસ્તુ

છે એ કર્તા. પર્યાય એનું કાર્ય પણ પરિણતિ એની ક્રિયા એમ લીધું છે.

મુમુક્ષુ :- કાર્ય અને ક્રિયામાં ફેર શું?

પૂજ્ય ભાઈશ્રી :- કાર્ય એટલે ઓરિએન્ટેડ રિઝલ્ટ—પરિણામ જેને આપણે કહીએ. 'વસ્તુત્રય એક નામ'. 'બનારસીદાસજી'એ પદ બનાવ્યું ને 'વસ્તુત્રય એક નામ' વસ્તુ એક અને નામ ત્રણ છે. એમ કહ્યું.

મુમુક્ષુ :- કર્તા પરિણામી દ્રવ્ય..

પૂજ્ય ભાઈશ્રી :- ક્રિયા પર્યાય કી ફેરણી...

મુમુક્ષુ :- વસ્તુ એક ત્રય નામ.

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુ એક ત્રય નામ. પદ બનાવ્યું છે કે નહિ? ધ્યાન દેવા જેવી બધી વાતો હોય છે. 'બનારસીદાસ'નું નાટક સમયાસરનું પદ છે. કર્મરૂપ પરિણામ. એટલે કર્મરૂપ એટલે કાર્યરૂપ પરિણામ. કાર્ય થયું તે એનું પરિણામ. નિશાળમાં નથી કહેતા કે એણે પરીક્ષા દીધી એ પરિણામ આવ્યું છે. એટલે ઓરીએન્ટેડ રિઝલ્ટ. આખું વર્ષ ભણ્યો હવે એનું પરિણામ શું? કે નાપાસ થયો કે પાસ થયો એ એનું પરિણામ. પછી એક ધોરણમાંથી બીજા ધોરણમાં ગયો એ ક્રિયા છે એની. 'ક્રિયા પર્યાય કી ફેરણી વસ્તુ ત્રય એક નામ.' ફેરણી એટલે ફેરબદલી, બદલતી ક્રિયા કહે છે. પરિણામ એક સમયમાં સ્થિર છે. બદલે છે તે ક્રિયા છે એમ કહેવું છે. જૈનદર્શન બહુ સૂક્ષ્મ છે. વાળની ખાળ ઉતારવાની વાત છે.

મુમુક્ષુ :- ત્યાં પરિણતિ કેવી રીતે લેવી? ક્રિયા થઈ અને એક પરિણામ અને ત્યાં પરિણતિને કેવી રીતે લેવી?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે પરિણામ બદલાણું તે પરિણતિ. એક પરિણામ બદલાઈને બીજું પરિણામ થયું એ જે બદલવાની...

મુમુક્ષુ :- પરિણામ તે જ પરિણતિ થઈ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. બદલવાની ક્રિયાને અહીંયાં પરિણતિ કહે છે. ભાઈનો પ્રશ્ન એ છે કે જ્ઞાન અને પરિણતિમાં ફેર શું પડે છે? કે બદલતી ક્રિયા એ ક્રિયા સૂચક છે. જ્ઞપ્તિ, અનુભૂતિ, પરિણતિ આ બધા ક્રિયાસૂચક છે. ક્રિયાસૂચક નામ છે. ક્રિયાસૂચક નામ કહો, અથવા ક્રિયાપ્રધાન નામ કહો. નામ પાડવાના અનેક પ્રકાર છે એમાં ક્રિયાપ્રધાન નામ પાડવાનો પણ એક પ્રકાર છે વ્યાકરણની અંદર. એક ન્યાયે એડવર્બ કહેવાય છે, એડવર્બ કહેવાય છે. જે-તે વસ્તુ હોય એના વિશેષણને એડજેક્ટીવ કહેવાય છે. હવે ક્રિયાના વિશષણને એડવર્બ કહેવાય છે વ્યાકરણની અંદર, જે ગ્રામર ભણ્યા હોય તો ખ્યાલ આવે એને.

મુમુક્ષુ :- ક્રિયા વિશેષણ, ...

પૂજ્ય ભાઈશ્રી :- ક્રિયા વિશેષણ છે. આમાં તો વ્યાકરણ આવે, સાયન્સ આવે, ગણિત આવે, દુનિયાભરની વિદ્યા આવે આમાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... વિદ્યા છે ને એ સર્વપરી વિદ્યા છે. આખા જગતમાં વિદ્યા અસંખ્ય પ્રકારની. કેટલી? અસંખ્ય પ્રકારની વિદ્યા એટલે મેલ વિદ્યા, તંત્ર, મંત્ર, જંતરની વિદ્યાઓ છે, કંઈક પ્રકારની વિદ્યાઓ છે. ભણતરની વિદ્યાઓ છે, ગણતરની વિદ્યાઓ છે, એમાં અધ્યાત્મ વિદ્યા સર્વશ્રેષ્ઠ છે. એવા તો અનેક જાતના રસ છે. શૌર્યરસ, હાસ્યરસ, ફલાણા રસ ને ફલાણો રસ. એમાં શાંતરસ છે એ સર્વોત્કૃષ્ટ છે. એ અધ્યાત્મ સાથે જોડાયેલો શાંત રસ છે. એ ટોડરમલજીએ લીધું છે વક્તાના સ્વરૂપમાં કે જૈનધર્મનો વક્તા અધ્યાત્મ-રસવાળો હોવો જોઈએ, અધ્યાત્મતત્ત્વનો વેત્તા હોવો જોઈએ. પછી એને વ્યાકરણ, પછી એને સંસ્કૃત પછી એને બીજી ભાષાઓ ... આવડતી હોય તો વધારે સારી વાત છે. પણ મુખ્ય એને અધ્યાત્મ તો આવી રીતે હોવું જોઈએ. અધ્યાત્મ શૂન્ય હોય તો એ વક્તા નકામો. એને વક્તા તરીકે સાંભળવા ન બેસવું. ના પાડી એને. એને બાદ કરવો. પછી એને ગાતા આવડતું હોય, એને સ્મરણ વધારે રહેતું હોય, એની સ્મૃતિ વધારે હોય, એનું વાંચન વિશાળ હોય, એને જગતના ... ઘણા હોય એ બધું પછી એની વિશેષતાઓમાં જાય છે. પણ અધ્યાત્મરસ તો એને આવો હોવો જોઈએ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો ઉપદેશ આપવા .. જાય છે ને એટલે. શું કરે છે? શું કરે છે કે થોડું ઘણું જાણપણું થાય છે ત્યારે ઉપદેશક જીવ થઈ જાય છે, આચાર્ય બની જાય છે જલ્દી. ગુરુપદમાં આવી જાય છે, ઉપદેશક પદમાં આવી જાય છે. એ ભૂલ ક્યારેય કરવા જેવી નથી. સામાન્ય રીતે આપણે ત્યાં સમૂહ સ્વાધ્યાય ચાલે છે, સમૂહ વાંચન ચાલે છે, સમૂહ સત્સંગ ચાલે છે. અને એની અંદર જેને વાંચવાનું હોય કે બોલવાનું હોય એને થોડીક સીટ ઊંચી આપવામાં આવે છે. ઊંચે બેસાડે એને. બીજા બધા નીચે બેસે. હવે એમાં જો ભૂલ કરે, ઉપદેશકના મુડમાં આવી જાય તો એનું પતન થાય. બીજું કાંઈ ન થાય. એનું અધઃપતન થાય. એ નીચે પડી જાય.

એટલે ‘કૃપાળુદેવે’ ૮૩૭ નંબરનો પત્ર લખ્યો છે. આપણે એનો આધાર ‘તત્ત્વાનુ-શીલન’માં સ્વાધ્યાય પદ્ધતિમાં એ વાત લીધી છે. સ્વાધ્યાય કેવી રીતે કરવો? કઈ પદ્ધતિએ સ્વાધ્યાય કરવો એ વાત આપણે તત્ત્વાનુશીલનમાં એક પ્રકરણ નાખ્યું છે. ઉપદેશકનું પદ તો સર્વજ્ઞ વીતરાગ જૈન પરમેશ્વર સિવાય તીર્થંકર સિવાય કોઈનું નથી. તેરમા ગુણસ્થાને

છે. કેમકે એ સર્વ પદાર્થનો સર્વ રૂપે જ્ઞાતા છે. એટલે એમના ઉપદેશમાં ક્યાંય ક્ષતિ હોય નહિ, ક્યાંય ભૂલ હોય નહિ, ક્યાંય અજાણપણું હોય નહિ, ક્યાંય પક્ષપાત હોય નહિ, ક્યાંય પ્રેજ્યુડાઈસ હોય નહિ. કાંઈ ન હોય. વીતરાગભાવે વાણી નીકળે છે. અને એથી બીજા નંબરનું પદ છે એ નિર્ગ્રંથ ગુરુનું છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવર્તી નિર્ગ્રંથ ગુરુ છે તે ઉપદેશક તરીકે સ્વીકારવા યોગ્ય છે. ત્યારપછી કોઈ ઉપદેશકનું પદ નથી રહેતું. કેમકે જે નિર્ગ્રંથ ગુરુ છે એ તિલતુષમાત્ર પરિગ્રહ રહિત છે. અને જે પૂર્ણ વીતરાગતાનો ઉપદેશ આપે છે એને તેઓ અનન્ય ભાવે સાધી રહ્યા છે. અને બહુ અલ્પ કાળમાં સાધીને તે પૂર્ણતાને પામી જશે. એટલે પૂર્ણતાને સાધતા-સાધતા એને પૂર્ણતાનો ઉપદેશ આપે છે માટે તે ઉપદેશ આપવાના અધિકારી છે. બસ! એથી નીચે પછી ઉપદેશકનું પદ નથી.

ચોથા-પાંચમા ગુણસ્થાનની ના પાડી છે એમણે. શા માટે ના પાડી છે? એમણે માર્ગ જોયો છે, એમણે તો ઘર જોયું છે, રસ્તો જોયો છે, વિધિ જાણે છે. તો કહે છે, એ દર્શાવી શકે છે. જાણકાર હોવાથી દર્શાવી શકે છે પણ ઉપદેશ આપવાની મનાઈ છે એમને. કેમ ઉપદેશ આપવાની મનાઈ છે? કેમકે એમનું જે દેશવિરતિપણું કે અવિરતિપણું છે એ પરિપૂર્ણ નિર્દોષતા સાથે સુસંગત નથી. એ વિસંગતતા બહારમાં દેખાય એવી છે. શ્રોતાઓને એની વિસંગતતા દેખાય કે આ ભાઈ અત્યારે તો ઉપદેશ આપે છે, પાછો દુકાને જઈને વેપાર કરે છે. એટલે જે ગૃહસ્થીમાં છે એ ઉપદેશકને યોગ્ય નથી. મુમુક્ષુનો તો પછી કોઈ ક્લાસ જ નથી ઉપદેશક થવાનો. એના બદલે મુમુક્ષુની ભૂમિકામાં રહીને કોઈ ઉપદેશક થઈ જાય એ પોતાનું ઘણું અનિષ્ટ કરી રહ્યો છે. બહુ નુકસાન કરે છે. એટલે ક્યારે પણ ઉપદેશક ન થવું. અને ઉપદેશક પદ્ધતિથી કોઈ ઉપદેશ આપતા હોય તો એ મુમુક્ષુને સાંભળવા નહિ. કેમકે એ ઉપદેશક થઈ ગયા કહેવાય. ગુરુ થઈ ગયા કહેવાય. ગુરુ થઈ શકવાની એની કોઈ પરિસ્થિતિ નથી. એની પરીક્ષા કરવા જેવી છે આ. મુમુક્ષુ હોય, ભલે સત્સંગ કરતા હોય કે સ્વાધ્યાય કરાવતા હોય તો એ ઉપદેશક બુદ્ધિએ અને ઉપદેશકના ટોનમાં સ્વાધ્યાય કરાવે છે કે કેમ? આ એની પરીક્ષા કરવી જોઈએ.

મુમુક્ષુ :- ઉપદેશકનો ટોન કેવો હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- ઉપદેશકનો ટોન એવો હોય છે કે એ પોતે ઉપદેષ્ટા તરીકે વાત કરે.

મુમુક્ષુ :- એટલે આમ કરો... આમ કરો એવું?

પૂજ્ય ભાઈશ્રી :- હા એ રીતે. એવી રીતે આવી જાય છે. એ અછાનું ન રહે ઉપદેશકપણું. એ દૃષ્ટિકોણથી જોવે એટલે. ન જોવે ત્યાં સુધી ખ્યાલ ન આવે. પરીક્ષાદૃષ્ટિએ જોઈએ તો ખ્યાલ આવી જાય કે આ ઉપદેશકપણાથી વાત કરે છે. એમ આવવું જોઈએ. આ તો સત્સંગનો પ્રકાર છે.

**તા. ૨૯-૪-૧૯૯૩, પાના નં. ૭૧**
**પ્રવચન નં. ૩૭ (સ્થળ-ઈડર)**

.. મૈં તો મેરા સ્વાધ્યાય કરને કે લિયે સત્સંગ મેં બૈઠા હૂં. દૂસરી કોઈ બાત ઈસમેં નહીં હૈ. મૈં કોઈ ઉપદેશક નહિ, મૈં કિસીકો ઉપદેશ દેતા નહીં. કોઈ ઉપદેશ લેને કો આયે તો ક્ષમા કરના. મૈં દેનેવાલા નહીં. ... અપને સ્વાધ્યાય કે લિયે સત્સંગ મેં બૈઠે તો ઠીક હૈ, સમગુણી કે સાથ બૈઠે, જિસકો ભી માર્ગ પ્રાપ્ત કરને કી ભાવના હો ઈસકે સાથ બૈઠો. અભી તો ભાવના હૈ તો એક ભાવનાવાલે સાથ મેં બૈઠે તો કોઈ આપત્તિ નહીં. ઉપદેશક ખુદ બન જાયે તો અપના ભી બુરા કરે ઔર દૂસરોં કા બી બુરા કરે. યહ બાત હોગી. લિયા હૈ, 'તત્ત્વાનુશીલન'કા એક પ્રકરણ લિખા હૈ. ક્યા હુઆ 'સોનગઢ'મેં? કિ 'ગુરુદેવ' કે સ્વર્ગવાસ કે બાદ વાંચનકારોં કો ભેજને કી પ્રવૃત્તિ અપને યહાં ચલતી હૈ. 'સોનગઢ' સે ભી ચલતી હૈ, 'જયપુર'સે ભી ચલતી હૈ. યહ કામ હમારે જિમ્મે આયા થા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પહેલા ... કરતા હતા. પછી સાથે મળીને કરતા હતા. પછી અમારા માથે બિલકુલ આવી ગયું. ... છૂટી ગયા. તો ઉસ વક્ત હમને પહલે પહલે ક્યા કિયા? કિ સભી જો જો વાંચન કરને જો ભાઈ જાતે થે હમારે યહાં સે, ઉનકી એક મિટિંગ કરાઈ ઔર ઉસમેં યહ આર્ટિકલ લિખ કે ગયે કિ દેખિયે, હમ લોંગ જાતે હૈં. બહુત જિમ્મેદારી કા કામ હમારે સીર પર આતા હૈ. યહ જો 'ગુરુદેવ'ને ૪૫ સાલ તક જો પરિશ્રમ કિયા ઉસ તત્ત્વજ્ઞાન કા પ્રચાર પ્રસાર હોવે યહ તો સભી કી ભાવના હોતી હૈ. 'ગુરુદેવ' કી ભી ભાવના થી, હમારી ભી ઉસમેં અનુમોદના હૈ. ઈસલિયે હમ યહ પ્રવૃત્તિ કરતે હૈં. લેકિન ઈસમેં બહુત સાવધાની રખને યોગ્ય હૈ. ઈસલિયે સારા આર્ટિકલ હમને ઉસ વક્ત તૈયાર કિયા થા. 'તત્ત્વાનુશીલન' તો બાદ મેં છપા. ઈસકે પહલે સારા લિખકરકે, ઉસકી ઝેરોક્સ કોપી કરવા કરકે સબોં કો દે દિયા.

ઉસમેં જિતને ભી મુદ્દે હૈ ઉસકી ચર્ચા કી હમને મિટિંગમેં કિ દેખિયે! કહીં ભી ગલતી હોગી હમારી તો હમારી કોઈ જગતમાં હમારી ઈજ્જત આબરુ નહીં હૈ જિતની અપને 'ગુરુદેવ'કી હૈ. કીર્તિ ભી ખરાબ હોગી તો 'ગુરુદેવ' કી ધર્મકીર્તિ ખરાબ હોગી. બહુત જિમ્મેદારી કા કામ હૈ.

ઈસલિયે ઈતની ઈતની વ્યવહાર મેં બાહ્ય પ્રવૃત્તિ મેં, વાંચન મેં, સ્વાધ્યાય મેં હર પ્રકાર સે ચારોં પહલૂ સે ઈસકી ચર્ચા કી હૈ. ઈતની ઈતની સાવધાની રખની હૈ. કોઈ આત્માર્થી થે વે બોલે કિ ભાઈસા'બ હમારા તો કામ હી નહીં હૈ. હમ તો જાયેંગે હી નહીં. અબ તક ભૂલ કી, અબ નયી ભૂલ નહીં કરની હૈ. હમ તો નહીં જાયેંગે. હમકો નહીં વાંચન કરના હૈ. મૈંને કહા, ઐસે ડરો મત. થોડી તૈયારી કર લો. યહ કામ તો સબકો ઉપકારક હૈ. પ્રવૃત્તિ સત્સંગ કી અપને લિયે કરની હૈ, દૂસરોં કે લિયે નહીં કરની હૈ તો થોડી સાવધાની સે કરો. જિસકો અભ્યાસ હૈ, જિસકો ક્ષયોપશમ હૈ તો કરને મેં કોઈ દોષ નહીં હૈ. લેકિન ગલતી કરેંગે તો ઉસકા દંડ ભી ભુગતના પડેગા. તો ઉસ વક્ત તૈયાર કિયા થા.

મુમુક્ષુ :- ... જવાબદારી આયેગી તો ચિંતન જ્યાદા કરના પડેગા, વાંચન જ્યાદા કરના પડેગા, વિચાર ભી જ્યાદા કરના પડેગા.

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક હૈ. અપને લાભ કી બાત તો મુખ્ય હોની હી ચાહિયે. બાકી તો બાત પીછે કી હૈ.

સમાધાન છે એનું કે '**(જ્ઞાનની) પરિણતિ અભેદરૂપે અથવા તાદાત્મ્યરૂપે (તો જ્ઞેયમાં) આવી નથી,...**' જ્ઞેયમાં જ્ઞાન તત્ત્વની પરિણતિ પ્રવેશી નથી. '**પરંતુ પર્યાયની શક્તિ (જ્ઞેયમાં) ઉપચાર પરિણતિથી પરિણમી છે;...**' જ્ઞેયમાં જ્ઞાનની પર્યાય પરિણમી એ ઉપચારથી છે. ખરેખર જ્ઞેયમાં જ્ઞાનનો પ્રવેશ નથી થતો. છતાં પ્રવેશી એમ કહો તો તે ઉપચારથી છે. ખરેખર તો એમાં પ્રવેશતી નથી.

મુમુક્ષુ :- જ્ઞાનગુણ સર્વવ્યાપક ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, સર્વવ્યાપક. ભગવાનને વિભૂ કહે છે ને. પરમેશ્વરને કેવળીને વિભૂ કહ્યા છે. વિભૂ એટલા માટે કહ્યા છે કે લોકાલોકમાં આપનું જ્ઞાન વ્યાપે છે. ખરેખર કાંઈ વ્યાપતું નથી. પણ ઉપચાર કરવામાં આવે છે. એનો અર્થ એક એવો બીજો છે કે જેમ અંદર પ્રવેશીને સરખી રીતે જાણી લે, પૂરેપૂરું જાણી લે એવી રીતે જાણી લે છે. માટે વ્યાપીને જાણે તો અજાણ્યો ન રહે. એમ કેવળજ્ઞાન અજાણ્યું રહેતું નથી. એવી રીતે જાણે છે માટે જાણે વ્યાપતું ન હોય. એમ ગણીને એને વ્યાપક કીધું છે.

મુમુક્ષુ :- એક શબ્દ આતા હૈ, જૈસે પી ગયા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાં. જ્ઞેયોં કો પી જાતા હૈ. ઐસા કહતે હૈં. તો ક્યા જ્ઞેય આ જાતા હૈ જ્ઞાન મેં? લેકિન જૈસે પી જાને સે પીનેવાલા બડા હોતા હૈ. ઐસે જ્ઞાનકી મહત્તા દર્શાનેકે લિયે ઐસા ભી (કહને મેં આતા હૈ).

મુમુક્ષુ :- જ્ઞેય જ્ઞાનમાં ...

પૂજ્ય ભાઈશ્રી :- હા બધું આવે છે 'પ્રવચનસાર'માં. આવે જ છે ને.

મુમુક્ષુ :- પર્યાયની શક્તિ શબ્દ લીધો છે. પર્યાયની શક્તિ એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- શક્તિ એટલે શું છે કે દાખલા તરીકે અવાજ જ્યાં થયો... ફરીને એ દૃષ્ટાંત લઈએ. ત્યાં કાંઈ જ્ઞાન ગયું નથી. અહીં બેઠા જાણી લીધું એ એની શક્તિ છે. એમ. જેમ કે આ સામે ડુંગર દેખાય છે તો ત્યાં મારી જ્ઞાનની પર્યાય ગઈ નથી. ઉપયોગ ત્યાં સુધી ગયો નથી. ઉપયોગ અહીંયાં જ જુએ છે પણ શક્તિ એને જાણી લેવાની છે. એ પચ્ચીસ માઈલ દૂર હોય તો એ દેખાય છે. પચાસ માઈલ દૂર હોય તો પણ દેખાય છે. સૂર્ય છે એ અસંખ્ય યોજન દૂર છે તો અહીંયાં બેઠા એને જાણી લેવાની શક્તિ છે ત્યાં ગયા વિના. એ એની શક્તિ છે. એમ.

મુમુક્ષુ :- જ્ઞાન આત્માનો વિચાર કરે...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું (છે), ચંચળતા છે, અચળતા નથી. અચળતા જે કેળવાવી જોઈએ, એનો જે અચલિત સ્વભાવ છે એ સ્વભાવની કેળવણી નથી એટલે ચંચળતા રહ્યા કરે છે. એટલે કાંઈ પણ થાય એટલે તરત બહાર જાય, ... એટલે તરત બહાર જાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઐસા હૈ કિ જહાં તક ચંચલતા ચલી નહીં ગઈ, અનાદિ સે જો ચંચલતા હૈ વહ બની રહી હૈ, વહાં તક તો ઉસકા કોઈ ન કોઈ કાર્ય હો જાયેગા. ઈસલિયે બિના વિકલ્પ ભી કાર્ય હો સકતા હૈ યહ વિપરીત અનુભવ મેં ભી સિદ્ધ હોતા હૈ કિ બિના વિકલ્પ ભી કાર્ય હોતા હૈ. વિકલ્પ કરને સે હી સબ કામ હોવે ઐસી કોઈ જરૂરત નહીં હૈ. બિના વિકલ્પ ભી બહુત કાર્ય હોતે હૈં. વિકલ્પ કરને કા વહાં અવકાશ ભી નહીં હૈ. ઈતની તેજી સે ઉપયોગ વહાં ચલા જાતા હૈ, સહજરૂપસે.

મુમુક્ષુ :- .. ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, સંસ્કાર. પૂર્વ સંસ્કાર. ચંચલતા કા પૂર્વ સંસ્કાર હૈ. યોગ્યતા ગઈ નહીં, અભી મિટી નહીં.

મુમુક્ષુ :- કેવી રીતે મટે?

પૂજ્ય ભાઈશ્રી :- સ્થિર સ્વભાવ કે અવલંબન સે સ્થિરતા જિતની જમે ઉતની ચંચલતા ઘટે. બસ! જિતની સ્થિરતા રહેગી ઉતની ચંચલતા ચલી જાયેગી. અબ દેખીએ, 'બહેનશ્રી' કી કિતની ચંચલતા કમ થી. 'બહિનશ્રી' કા પરિચય જિસકો હૈ ઉસકો પતા ચલેગા કિ કિતની ચંચલતા કમ થી. આપને ઉસકો કભી હંસતે હુએ દેખા હૈ? હંસતે હુએ દેખા હૈ? નહીં દેખા હૈ. જો ગંભીર મુદ્રા હૈ વહી ગંભીર મુદ્રા મેં આપ દેખોગે. 'ગુરુદેવ' પ્રવચન કરે, કભી હસે. ઉસ વક્ત આપ 'બહિનશ્રી' કો દેખ લો. તો ઉતની ગંભીરતા હૈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હાં. ઇતની ગંભીર તો થી. 'સોગાનીજી' કો આપ કભી મીલે હૈં? નહીં મિલે હૈ. અરે..! 'સોગાનીજી'કો નહીં મિલે? ક્યોં? ઐસા ક્યોં હુઆ?

મુમુક્ષુ :- હમ તો ગવર્મેન્ટ સર્વિસ મેં થે, હમ તો ક્લાસ મેં આતે થે.

પૂજ્ય ભાઈશ્રી :- વે તો આસો-વદ મેં આતે થે.

મુમુક્ષુ :- સાવન-ભાદો મેં આતે થે.

પૂજ્ય ભાઈશ્રી :- સાવન-ભાદોમેં આસોદ મેં નહીં રહતે થે. વહ આસોદ મેં આતે થે. તો ઉનકા ભી 'બહિનશ્રી' જૈસા હી થા. મન, વચન, કાયા કે યોગ જો થે વહ બહુત સ્થિર થે.

મુમુક્ષુ :- .. ઉનકે જીવનમેં ઘટના ઘટી ઉસકા ઇતિહાસ...

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવ કે આધાર સે, અપને અનુભવ કે આધાર સે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક હૈ, અપના .. કિયા હૈ. સહી બાત હૈ.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- 'મુંબઈ'મેં (એક મુમુક્ષુ કે) વહાં ખાના ખાને કો ગયે થે. વહાં તો ક્યા હૈ 'મુંબઈ'મેં કિ જો મારવાડી લોગોં કી પેઢી હૈ, વહ મહારાજ રખ લેતે હૈં. ઔર જો ભી મહેમાન આતે હૈં, આડતિયા આતે હૈં ઉનકો વહાં જીમાતે હૈં. અપના રહનેકા મકાન તો નહીં બનાતે. જહાં ગદ્દી હૈ વહીં રસોઈ ચલતી હૈ ઔર વહીં સબ લોગ જીમતે હૈં.

મુમુક્ષુ :- બાસા બોલતે હૈં.

પૂજ્ય ભાઈશ્રી :- બાસા બોલતે હૈં? ક્યા બોલતે હૈં? વહાં ઉનકો ખાના ખાને કો, જીમાને કો લે ગયે થે. ફિર જિસ તરહ સે વે ખાતે થે તો મહારાજ બોલા, ખાના ખાકે ઉઠ ગયે. અરે..! ઇસ પ્રતિમા કો તુમ કહાં સે ઉઠાકર લાયે? ક્યા બોલા? કિ ઇસ મૂર્તિ કો તુમ કહાં સે ઉઠાકર લાયે?

મુમુક્ષુ :- અન્યમતિ કા મહારાજ થા.

પૂજ્ય ભાઈશ્રી :- વહ અન્યમતિ કા મહારાજ થા. વહ ભી ઐસા બોલા. જો શાંત ઔર ગંભીર ઔર નિષ્પ્રંચલ જો ચેષ્ટાએં થી તો ઐસા બોલે કે ઇસ મૂર્તિ કો તુમ કહાં સે ઉઠાકર લે આયે? ઐસી બાત હૈ. ઐસા હોતા હૈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઉનકો ઐસા લગા કી યહાં તો બહુત સે (લોગ) ખાના ખાને કો આતે હૈં.

મુમુક્ષુ :- ભરતક્ષેત્રમાં ક્યાંથી આવી ગયા?

પૂજ્ય ભાઈશ્રી :- વાત તો સાચી છે. 'ગુરુદેવ' કે અનુયાયીઓંમેં ઔર 'ગુરુદેવ' તો એક પુરાણ પુરુષ હો ગયે. તીર્થંકરોં કા પુરાણ લિખા જાતા હૈ. ઈનકા ભી પુરાણ લિખા જાયેગા. યહ એક પૌરાણિક વ્યક્તિ હોગી. ઐસા ઈતિહાસ મેં કોઈ અનૂઠી બાત હૈ. બાત તો ઐસી હૈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ગજબ બાત હૈ! જિસકે એક વ્યાખ્યાન સે દૂસરે કો સ્વાનુભૂતિ પ્રગટ હો, તો સુનાનેવાલે કિ યોગ્યતા કિતની! જિસકો જિસ વાણી કો સુનતે હુએ સુનનેવાલે કો એક ઘંટે કે વ્યાખ્યાન સે સ્વાનુભૂતિ પ્રગટ હો તો સુનાનેવાલે કી વાણી મેં તાકાત કિતની ઔર ઉસકે પીછે જિસ ચૈતન્ય સે પ્રભાવિત હુએ વચન હૈ ઉસકી તાકત કિતની! 'ગુરુદેવ' કી મહિમા આતી હૈ. ઐસી બાત હૈ.

'**ઉપચારથી (તેને) જ્ઞેયાકાર કહીએ. દ્રવ્ય-ગુણ-પર્યાય વસ્તુના છે. જે વસ્તુનું સત્ છે તે જ જ્ઞાનનું સત્ છે,...**' એટલે સત્તા એક છે. જે વસ્તુનું સત્ છે તે જ જ્ઞાનનું સત્ છે. '**કેમ કે જે અસંખ્ય પ્રદેશ વસ્તુના છે તે જ (પ્રદેશો) જ્ઞાનના છે. તેથી અભેદ સત્તાની અપેક્ષાએ અભેદ ગુણ-પર્યાયની સિદ્ધિ થઈ.**' અભેદ સત્તાની અપેક્ષાએ. અભેદ અસ્તિત્વની અપેક્ષાએ અભેદ ગુણ પર્યાયની સિદ્ધિ થઈ. એટલે ગુણપર્યાયની અભેદતાને પહેલાવહેલા અહીંયાં સિદ્ધિ કરી.

મુમુક્ષુ :- પ્રદેશ અભેદ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રદેશથી અભેદ છે, સત્તાથી પણ અભેદ છે. એમ. એક સત્તામાં છે. દ્રવ્ય અને પર્યાય બંને એક સત્તામાં છે.

મુમુક્ષુ :- એક...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એક જ ... રચાયેલા છે.

મુમુક્ષુ :- લક્ષણભેદે ભેદ...

પૂજ્ય ભાઈશ્રી :- લક્ષણ ભેદે ભિન્ન છે. કથંચિત્ ભિન્ન છે, કથંચિત્ અભિન્ન છે. સર્વથા ભિન્ન હોય તો પર્યાયના નાશથી વસ્તુનો નાશ થઈ જાય. સર્વથા અભિન્ન હોય તો વસ્તુ ત્રિકાળી હોય તો પર્યાય ત્રિકાળ રહી જાય. કથંચિત્ ભિન્નતા છે.

અહીંયાં તો પહેલા અભિન્નતાની અપેક્ષા લીધી, હવે ભિન્નતાની અપેક્ષા લેશે. '**ભેદ અપેક્ષામાં...**' એમ. '**જ્ઞાનરૂપ દ્રવ્ય, (જાણપણા) લક્ષણ ગુણ અને તેની પરિણતિ તે પર્યાય (એમ) ભેદ વડે (ત્રણે) સધાય છે.**' અભેદતા પણ સાધે અને ત્રણના ભેદ પણ સાધ્યા. '**ઉપચારથી સમસ્ત જ્ઞેયના દ્રવ્ય-ગુણ-પર્યાય જ્ઞાનમાં આવે છે.**'

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનરૂપ દ્રવ્ય, જ્ઞાનસ્વરૂપી દ્રવ્ય એમ. જ્ઞાનની મુખ્યતા તે જ્ઞાનસ્વરૂપી દ્રવ્ય.

મુમુક્ષુ :- છે તો ગુણ જ એ.

પૂજ્ય ભાઈશ્રી :- એના લક્ષણ ભેદે ગુણ એનામાં. લક્ષણ ભેદે ગુણ. જાણપણું તે ગુણ.

**'અને તેની પરિણતિ તે પર્યાય (એમ) ભેદવડે (ત્રણે) સધાય છે.'** ત્રણ ભેદ સધાય છે. **'ઉપચારથી સમસ્ત જ્ઞેયના દ્રવ્ય-ગુણ-પર્યાય જ્ઞાનમાં આવે છે.'** એટલે ઉપચારથી આવે છે. ખરેખર તો ઉપચારથી તે આવતું નથી પણ અહીંયાં જ્ઞાનાકાર ... ઉત્પન્ન થાય છે તો જ્ઞાનમાં આવે છે એમ બોલાય છે ઉપચારથી.

**'ઉપચારના અનેક ભેદ છે તે કહીએ છીએ :-'** હવે એ ઉપચાર કહો તો ઉપચારના અનેક ભેદો છે, ઘણા ભેદો છે. એ અહીંયાં કહેશે. **'(૧) સ્વજાતિ ઉપચાર, (૨) વિજાતિ ઉપચાર અને (૩) સ્વજાતિ-વિજાતિ ઉપચાર. દ્રવ્યમાં ત્રણે ઉપચાર, ગુણમાં ત્રણે ઉપચાર, પર્યાયમાં ત્રણે ઉપચાર (એમ) નવ ભેદ થયા. નવ સ્વજાતિ, નવ વિજાતિ, નવ સ્વજાતિ-વિજાતિ, નવ સામાન્ય (-એ પ્રમાણે) છત્રીશ ભેદ જ્ઞાનમાં આવે ત્યારે જ્ઞાનમાં સધાય છે,...'** ફરીને. સ્વજાતિ ઉપચાર, વિજાતિ ઉપચાર અને સ્વજાતિ-વિજાતિ ઉપચાર. એ મિશ્ર ઉપચાર લીધા. એ દ્રવ્યમાં ત્રણ ઉપચાર, ગુણમાં ત્રણ ઉપચાર અને પર્યાયમાં ત્રણ ઉપચાર. ત્રણ તેરીને નવ ભેદ થયા. પછી એવા નવ સ્વજાતિ ઉપચાર, નવ વિજાતિ ઉપચાર અને નવ સ્વજાતિ-વિજાતિ ઉપચાર. એટલે નવ ચોક છત્રીસ પદ લીધા.

મુમુક્ષુ :- આમ ઉપચાર બતાવીને કહેવા શું માગે છે?

પૂજ્ય ભાઈશ્રી :- એના ભેદો બતાવવા માગે છે.

મુમુક્ષુ :- ઉપચારના?

પૂજ્ય ભાઈશ્રી :- ઉપચારના ભેદો બતાવવા માગે છે. એમાં શું થાય છે કે જે પછી કથનો આવશે જ્ઞાન જ્ઞેય સંબંધીના અથવા અંદરના અંદરના ભેદના સ્વજાતીય અથવા સ્વજાતિ, વિજાતિ મિશ્રના, તો અહીંયાં આમ કેમ આવ્યું? એવું અસમાધાન તમને નહિ થાય એમ કહે છે. આપણે વિવિક્ષા છત્રીસી શું કરવા લીધી? કે કોઈપણ અપેક્ષાનું કથન આવે એટલે તમને ભૂલ ન થાય. ભૂલ ન થાય.

જેમ કે ઉપયોગ સ્વરૂપમાં સ્થિર થયો. તો એ સ્થિરતા તો ચારિત્રગુણની પર્યાય છે પણ વાત ઉપયોગથી કરી. તો ચારિત્રપ્રધાન જ્ઞાનનું કથન થયું એ. તો પછી ત્યાં તો જ્યારે... આમાં થાય છે શું કે એકબીજાને એકબીજાના કથનથી વિરોધ આવે છે, વિરોધ ભાસે છે. હવે જ્યારે

વસ્તુનું સ્વરૂપ જો બરાબર જ્ઞાનમાં હોય તો પછી કોઈપણ અપેક્ષાથી તમે કથન કહો તો જ્ઞાનનો તો દોષ ઉત્પન્ન થાય નહિ. જો જ્ઞાનનો દોષ નથી તો કહેનારના કથનનો દોષ નથી. નહિતર માણસ વાદવિવાદ અથવા ... ક્યાં થાય છે? કે પહેલી તો એક વાત છે કે આમ કહેવાય કે ન કહેવાય? એમ પૂછે માણસ. આમ કહેવાય કે ન કહેવાય?

જેમ કે આપણે ચર્ચાનો વિષય બન્યો છે કે જ્ઞાન પરને જાણતું નથી. એક મુમુક્ષુ મારી પાસે આવ્યા કે ભાઈ! જ્ઞાન પરને જાણતું નથી એમ કહેવાય કે ન કહેવાય? એને એમ કહ્યું કે આવું બોલાય જ નહિ. પૂછનારનો અભિપ્રાય શું હતો? કે આવું નહિ બોલવું જોઈએ. અને બોલે તો એ બોલનારનો દોષ છે. ત્યારે મેં કીધું, જુઓ ભાઈ! વસ્તુનું સ્વરૂપ જ્ઞાનમાં યથાર્થપણે હોય તો કથનનો દોષ નથી. દોષ જ્ઞાનમાં થાય છે. જ્ઞાનમાં વસ્તુનું સ્વરૂપ યથાર્થપણે ન હોય તો એ જ્ઞાનનો દોષ છે. પછી એ સાચુ બોલે તોપણ એનું ખોટું છે.

પોપટ બે ને બે ચાર બોલે તો એનું ગણિત ખોટું છે. કેમ કે એને ગણિતનું જ્ઞાન જ નથી. એને અંક જ્ઞાન નથી પણ બોલે બેને બે ચાર. એમ ચોખ્ખું બોલે. માટે પોપટનું ગણિત ખોટું છે. એમ બોલનારનું જ્ઞાન તપાસી લ્યો તમે. એના કથન સાથે તમે માથાકૂટ નહિ કરો. એનું જ્ઞાન તપાસી લ્યો કે એના જ્ઞાનમાં યથાર્થતા છે? તો એ જે બોલે છે એ સમજીને બોલે છે. જો એના જ્ઞાનમાં યથાર્થતા નથી તો એ સાચું બોલે છે એ શાસ્ત્ર વચન હોય તોપણ એનું તો ખોટું જ છે. આવી રીતે એક પરિસ્થિતિ ઊભી થાય છે એવી પરિસ્થિતિ મટાડવા માટે આ બધા ખુલાસા છે. કથન અનેક જાતના આવશે, ઉપચરિત કથન અનેક જાતના આવશે. જેને વસ્તુનું સ્વરૂપ જ્ઞાનમાં છે એને માટે કાંઈ દોષની વાત નથી. જો વસ્તુનું સ્વરૂપ એના જ્ઞાનમાં નથી એની એકેય વાત સાચી નથી.

મુમુક્ષુ :- એ સાચું બોલે તોપણ ખોટુ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ સાચુ બોલે તોપણ ખોટુ અને ખોટુ બોલે તો ખોટુ જ છે. એમ. એવી વાત સમજાવવી છે.

મુમુક્ષુ :- કુંદકુંદસ્વામીએ કીધું ને કે છળ ન ગ્રહણ કરવો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, છળ ન ગ્રહણ કરવું. એટલે એમાં શું છે કે પ્રયોજનભૂત વિષયમાં તો ચુક થવાની જ નથી. કેમકે એમાં તો એ એક્સપર્ટ અને અનુભવી પુરુષ છે. હવે ક્યાંક ચુક થાય તો કઈ પદરચનામાં થાય, કોઈ વિભક્તિ કે એમાં ફેર પડી જાય. કે કોઈ એવી રીતે માત્રામાં ફેર પડી જાય, કોઈ છંદમાં ફેર પડી જાય. એવી વ્યાકરણની ભૂલ થાય પણ એવી ભૂલ થાય તો એને તું મુખ્ય કરીશ નહિ. મારો જે વિષય, અભિપ્રેત વિષય છે, જે કહેવા ધારું છું એ વિષય ઉપર તું ધ્યાન દેજે. બીજી કોઈ નાની-મોટી ભૂલચૂક ઉપર ધ્યાન નહીં દેતો.

મુમુક્ષુ :- મેં કાંઈ વ્યવહારથી .. કર્યું હોય કાંઈ તો તમે એને ..

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે મને તો એવું લાગે છે કે એક બીજો હેતુ એમ કહેવા પાછળ લાગે છે કે જો તું આ શાસ્ત્ર સાંભળવા આવ્યો છો તો પરમભક્તિથી સાંભળજે. આ એક એવી શાસ્ત્ર રચના છે કે તું પરમભક્તિથી સાંભળજે, પરમ વિશ્વાસથી સાંભળજે. હવે કદાચ તને વ્યાકરણનું જ્ઞાન હોય, છંદ માત્રાનું જ્ઞાન હોય કે બીજું કાંઈ જ્ઞાન હોય કદાચ અને એ સંબંધીની ચૂક તને દેખાય જાય તો તું એને પકડતો નથી. કેમ? કે અભક્તિ થશે તને. તારા ક્ષયોપશમમાં કોઈ વાત આવે તો એ નહિ ગ્રહણ કરતો તું. કેમકે તને અભક્તિ થશે. અભક્તિ થશે તો મારે જે કહેવા ધારેલો વિષય છે એ તને પરિણમશે નહિ. પૂરી ભક્તિ હશે તો પરિણમશે.

એટલે જ્ઞાનીના વચનોનો જ્યારે સ્વાધ્યાય કરવો હોય ત્યારે અહીંયાં એની ભૂલ છે એમ જોવા જાશે તો અભક્તિ થઈ જશે. એ સિદ્ધાંત ઠેઠ સત્પુરુષ સુધી લાગુ પડે છે. આચાર્યની એવી વાત ઠેઠ સત્પુરુષ સુધી લાગુ પડે છે કે ક્યાંય પણ એની ભૂલ જોવી નહિ, ક્યાંય પણ એની ભૂલ જોવાનો છળ ગ્રહણ કરવો નહિ. છળનો અર્થ જ એ છે કે નાની વાત મોટી થઈ જાય અને મોટી વાત નાની થઈ જાય એનું નામ છળ.

જેમકે સ્થાનકવાસીએ છળ પકડ્યું કે એક પણ જીવની હિંસા થાય એ જૈનદર્શન ના પાડે છે. તમે મંદિર બનાવો છો ને એમાં ઘણા જીવોની હિંસા થાય છે. પણ ઘણા જીવોને આત્મશુદ્ધિ અને ઘણા જીવોને શુભભાવ થશે એના કરતા જે હિંસા થઈ એનો અશુભભાવ ઓછો છે અને શુભ અને શુદ્ધતાનું મૂલ્ય વધારે છે તો મોટાને નાનું કર્યું અને નાનાને મોટું કર્યું એનું નામ છળ ગ્રહણ કર્યો કહેવાય. દોષ નથી એમ નથી પણ ગુણ મોટો છે અને દોષ નાનો છે. છળ ગ્રહણ કરવાવાળો દોષને મોટો કરે છે અને ગુણને નાનો કરે છે. એનું નામ છળ ગ્રહણ કહેવાય. એમ નહિ કરતા એમ કહેવું છે.

**'એક ગુણમાં સર્વ ગુણોનું રૂપ સંભવે છે'** એ પ્રકરણ ચાલે છે. અહીંયા ઉપચારના ભેદનો વિષય કાલે આપણે આવ્યો છે. ઉપચાર છે એના કેટલા કેટલા ભેદ-પ્રભેદ છે. એમાં ૩૬ પ્રકારના ઉપચારના ભેદો અહીંયાં કહ્યા છે. હવે એ ઉપર જરા વિશેષ વાત કરે છે એ સંબંધમાં. પહેલા જે સ્વજાતિ ઉપચાર કહ્યો અને વિજાતિ ઉપચાર કહ્યો એટલે શું? કે જ્ઞાન અને દર્શન એ બંને ગુણો ચેતનાની અપેક્ષાએ સ્વજાતિ છે અને લક્ષણ અપેક્ષાએ ઉપચારથી વિજાતિય છે. ઉપચાર એટલા માટે કહ્યું કે ખરેખર તો એક દ્રવ્યના છે. જ્ઞાન અને દર્શનગુણ બંનેનો ચૈતન્યમાં સમાવેશ છે. તેથી તે સ્વજાતિય ગુણો છે, એની જાતિ ચેતનની છે. પણ જ્ઞાન છે તે દર્શન નથી અને દર્શન છે તે જ્ઞાન નથી.

આ વિષય દાર્શનિક દષ્ટિકોણથી બહુ મહત્ત્વ ધરાવે છે. 'ધવલ' આદિ ગ્રંથોમાં ભગવાન

વીરસેનસ્વામી છે એમણે આ વિષય ઉપર બહુ વિસ્તાર કરેલો છે. એમણે એટલા માટે એ વિષય ઉપર વધારે વિસ્તાર કર્યો છે કે અત્યારે જે વિશ્વમાં ધર્મ મતો પ્રવર્તે છે એમાં તત્ત્વજ્ઞાનમાં સૌથી વધારે જૈનદર્શનને છોડીને કોઈ તત્ત્વજ્ઞાનનો વિસ્તાર હોય, તત્ત્વજ્ઞાનનું ઊંડાણ હોય કે તત્ત્વજ્ઞાનમાં પ્રગતિ કરી હોય તો તે વેદાંત છે. બાકી બધા દર્શનો એનાથી હેઠ છે. ફિલસુફીમાં તત્ત્વજ્ઞાનમાં જૈનદર્શન પછી બીજો નંબર વેદાંતનો આવે છે. એ લોકોએ અધ્યાત્મની અને એ સિવાય પણ બીજી ઘણી ચર્ચાઓ કરી છે.

હવે જે દર્શનઉપયોગ છે, ચૈતન્યના બે ભેદમાં એક જ્ઞાન અને દર્શન, એમાં દર્શનઉપયોગ છે એ એટલો સૂક્ષ્મ છે કે મતિજ્ઞાન પહેલા ઉત્પન્ન થાય છે. અને સામાન્યપણે જીવને, છદ્મસ્થ જીવને મતિજ્ઞાનમાં ત્રીજા સ્ટેજ ઉપર પકડાય છે કે આ ચીજનું મતિજ્ઞાન થયું. અવગ્રહ, ઈહા, અવાય ધારણામાં જે ચાર સ્ટેજ છે એમાં અવાયના સ્ટેજે એને ખબર પડે છે અને દર્શનઉપયોગ તો એ અવગ્રહ થાય એ પહેલા જ થઈ ગયો હોય છે. એટલે એ વિષયની વિચારણા કોઈ અન્ય દર્શનમાં, વેદાંત દર્શનમાં પણ નથી.

વીરસેનસ્વામીએ જૈનદર્શનની ઉત્કૃષ્ટતા સ્થાપિત કરવા અર્થે દર્શનઉપયોગ ઉપર ઘણો વિસ્તાર કર્યો છે અને ઠામ ઠામ વિસ્તાર કર્યો છે અને ત્યાં એમનો દાર્શનિક દૃષ્ટિકોણ રહ્યો છે. એટલે જ્ઞાન અને દર્શન બે સજાતિય ગુણ છે છતાં બંનેના લક્ષણ જુદા છે એટલે ઉપચારથી વિજાતીય ગુણ પણ છે. ખરેખર વિજાતીય ગુણ નથી પણ ઉપચારથી વિજાતીય ગુણ છે. ઉપચાર શા માટે કર્યો? કે જે જ્ઞાન છે તે દર્શન નથી અને દર્શન છે તે જ્ઞાન નથી. અને એમણે એ બંને જુદું પાડવા માટે એવી એક અપેક્ષા લીધી છે કે દર્શન આત્માને દેખે છે અને જ્ઞાન પરને જાણે છે. એવી અપેક્ષા બિલકુલ જુદું પાડવા માટે (લીધી છે). દર્શનનું કાર્ય શું? કે આત્માને દેખવું તે. સામાન્ય અવલોકન તે દર્શન. એટલે સામાન્યમાં આત્મા લીધો. વિશેષ અવલોકન તે જ્ઞાન. તો કહે, વિશેષ એટલે પર. સ્વ અને પર બે જુદા પાડી નાખ્યા. એવી શૈલી એમણે ત્યાં દાર્શનિક દૃષ્ટિકોણથી લીધી છે. અધ્યાત્મમાં એ વાત નથી.

અધ્યાત્મમાં તો દર્શન સ્વપરદર્શક છે અને જ્ઞાન સ્વપરપ્રકાશક છે અથવા સ્વપરજ્ઞાયક છે. એમ જ્ઞાન અને દર્શનમાં બંનેનો વિષય ... અધ્યાત્મમાં લીધો છે એ વાત પ્રસિદ્ધ છે જૈનદર્શનની. આ વાત ધવલ ગ્રંથ વાંચ્યા હોય એને જ ખ્યાલમાં હોય. અને ત્યાં દાર્શનિક દૃષ્ટિકોણ છે. એટલે વેદાંત દર્શનની સામે એ પ્રતિપાદન છે.

મુમુક્ષુ :- દાર્શનિક દૃષ્ટિકોણ એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- દાર્શનિક દૃષ્ટિકોણ એટલે અન્ય દર્શનોના મુકાબલે વાત કરવી તે. અન્ય દર્શનોના દૃષ્ટિકોણને મુખ્ય રાખીને વાત કરવી તે. જેમ કે 'કુંદકુંદાચાર્ય'ની ચાર ગ્રંથોની રચના

લઈએ 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય' અને 'અષ્ટપાહુડ'. તો 'અષ્ટપાહુડ' દાર્શનિક ગ્રંથ કહેવાય. 'સમયસાર' દાર્શનિક ગ્રંથ મુખ્યપણે ન કહેવાય. કેમ? કે એ વખતે શ્વેતાંબર મત નીકળી ગયેલો અને એ શ્વેતાંબર મતમાં વસ્ત્રધારી સાધુપણું એ લોકોએ સ્થાપ્યું, સિદ્ધાંતિક રીતે સ્થાપ્યું અને એ સિદ્ધાંત તૂટ્યો ત્યાં. ત્યાં જૈનદર્શનનો માર્મિક સિદ્ધાંત તૂટી ગયો. એટલે એની સામે એમણે બધા પ્રકરણની અંદર એ ગમે તેટલો ત્યાગ કરતા હોય તોપણ એને સાધુ જ ગણ્યા નથી. એ બધામાં જે કથનો છે એ મુખ્યપણે દાર્શનિક દૃષ્ટિકોણથી ત્યાં સમજવા જોઈએ.

મુમુક્ષુ :- 'અષ્ટપાહુડ'માં જે વાત આવી છે એ દાર્શનિક દૃષ્ટિકોણથી આવી છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, દાર્શનિક દૃષ્ટિકોણથી આવી છે. એ લક્ષમાં રાખવું જોઈએ, ખ્યાલમાં રાખવું જોઈએ. એટલે ઇચ્છાકાર ને એ બધું એમાંથી આવે છે ને? અહીંયાં દાર્શનિક દૃષ્ટિકોણ છે. ત્યાં દિગંબર સાધુને સ્થાપવાનો એક દૃષ્ટિકોણ છે અને કપડા પહેર્યા હોય ત્યારે એને સ્થાપવા નથી એ દૃષ્ટિકોણ છે. એટલે શ્રાવકને એટલું મહત્વ નથી આપ્યું, સમ્યગ્દૃષ્ટિને પણ એટલું મહત્વ નથી આપ્યું. જ્યાં જ્યાં એ ઠીક લાગ્યું ત્યાં આપ્યું છે. મુખ્યપણે નથી આપ્યું. મુખ્યપણે સાધુને જ મોક્ષમાર્ગ કહ્યો છે. સમ્યગ્દૃષ્ટિને મુખ્યપણે મોક્ષમાર્ગ પણ નથી કહ્યો. એવા પણ કથનો આવે છે. તો એ દાર્શનિક દૃષ્ટિકોણથી વિષય છે.

મુમુક્ષુ :- એ ભેદ ન સાચવ્યો તો નુકસાન થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યારે પકડી લે, પોતાને ફાવતું પકડી લે.

એટલે લક્ષણ અપેક્ષાએ ઉપચારથી વિજાતીય છે અને બંને અપેક્ષા સાથે જોતાં સજાતિ-વિજાતિ બેય છે. બેયની અપેક્ષા સાથે ગણએ તો સજાતિય પણ છે અને વિજાતિય પણ છે.

**'એક ગુણ દ્રવ્ય-ગુણ-પર્યાયને સાધે;...'** હવે એક ગુણ છે એ દ્રવ્યને, ગુણને અને પર્યાયને સાધે. એ પહેલા આપણે આવી ગયું અહીંયાં બીજા પેરેગ્રાફમાં કે **'એકેક ગુણમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સાધીએ...'** છીએ. એટલે એક ગુણને દ્રવ્યાર્થિક નયે પણ જોવે અને પર્યાયાર્થિક નયે પણ જોવે અને ગુણ તો ગુણ છે એટલે ગુણની દૃષ્ટિએ જોવામાં તો કાંઈ પ્રશ્ન રહેતો નથી. **'એક ગુણ દ્રવ્ય-ગુણ-પર્યાયને સાધે; (તથા) સ્વજાતિ, વિજાતિ અને મિશ્ર-એ સાધે ત્યારે અનંત ગુણોમાં છત્રીસ-છત્રીસ ભેદ ઉપચારથી સધાય છે.'** ઓલા પણે લીધું ને, સૌથી પહેલી લીટી લઈએ પેરેગ્રાફની. **'સ્વજાતિ ઉપચાર, વિજાતિ ઉપચાર અને સ્વજાતિ-વિજાતિ ઉપચાર. દ્રવ્યમાં ત્રણે ઉપચાર, ગુણમાં ત્રણે ઉપચાર, પર્યાયમાં ત્રણે ઉપચાર...'** એટલે ત્રણ તેરી નવ અને એ નવના પછી દ્રવ્યના નવ, ગુણના નવ અને પર્યાયના નવ. એટલે પહેલા નવ અને આ ત્રણના નવ. નવ તેરી સત્તાવીસ અને નવ છત્રીસ. આવી રીતે પ્રત્યેક ગુણની અંદર છત્રીસ ઉપચાર સાધી શકાય છે.

મુમુક્ષુ :- એટલે છત્રીસ પ્રકારથી એનું કથન કરી શકાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, છત્રીસ પ્રકારથી કરી શકાય છે. આ બધા ઉપચારિક કથન જાણવા. ભેદ હોવાથી તેને ભેદોપચાર કહેવામાં આવે છે. ભેદમાં એને ઉપચાર શા માટે કહ્યો? કે સમસ્ત ઉપચારમાં અનેક ભેદ છે. આપણે ઉપચારનું પ્રકરણ વાંચીએ પહેલા.

'**દ્રવ્ય-ગુણ-પર્યાય વસ્તુના છે. જે વસ્તુનું સત્‌ છે તે જ જ્ઞાનનું સત્‌ છે, કેમકે જે અસંખ્ય પ્રદેશ વસ્તુના છે તે જ (પ્રદેશો) જ્ઞાનના છે. તેથી અભેદ સત્તાની અપેક્ષાએ અભેદ ગુણ-પર્યાયની સિદ્ધિ થઈ. ભેદ (અપેક્ષા)માં જ્ઞાનરૂપ દ્રવ્ય, (જાણપણા) લક્ષણ ગુણ ને તેની પરિણતિ તે પર્યાય (એમ) ભેદવડે ત્રણે સધાય છે. ઉપચારથી સમસ્ત જ્ઞેયના દ્રવ્ય-ગુણ-પર્યાય જ્ઞાનમાં આવે છે.**' એ ભેદોપચાર એને કહેવામાં આવે છે. ઉપચાર શા માટે કહ્યો? નહિતર તો એ નિશ્ચય અંગ છે. દ્રવ્ય-ગુણ અને પર્યાય એ ત્રણે એક જ પદાર્થના અંગ હોવાથી એ નિશ્ચય અંગ છે. પણ એક અભેદ વસ્તુમાં ભેદ પાડવો તે પણ ઉપચાર છે એને ભેદોપચાર કહેવામાં આવે છે. અને એ ભેદોપચારના છત્રીસ ભેદ છે. સજાતિ, વિજાતિ, સ્વજાતિ-વિજાતિ મિશ્ર અને એ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં લગાડવા. જે નવ કહ્યા એ નવને ત્રણમાં લગાડતા એ સત્તાવીસ થાય, સત્તાવીસ ને નવ છત્રીસ. એવી રીતે.

'**(જૈન સિદ્ધાંત દર્પણમાં...**' 'ચિદ્‌વિલાસ'માં સિદ્ધાંત સૂક્ષ્મ રીતે જેટલો ખેંચાય એટલો સૂક્ષ્મ કાંત્યો છે. દરેક પ્રકરણમાં સૂક્ષ્મતા લીધી છે એમણે 'દીપચંદજી'એ ઘણી. '**(જૈન સિદ્ધાંત દર્પણમાં આ સંબંધી નીચે પ્રમાણે વર્ણન છે-)**' જૈન સિદ્ધાંત દર્પણ નામના ગ્રંથમાં આ સંબંધી જે વાત છે એ આ પ્રમાણે છે. '**એક પ્રસિદ્ધ ધર્મનો બીજામાં આરોપ કરવો તે અસદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે; તેના ત્રણ ભેદ છે :- ૧- સજાતિ ઉપચાર, ૨-વિજાતિ ઉપચાર, ૩-સજાતિ વિજાતિ ઉપચાર.**'

જેમ કે નવ તત્ત્વની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનનો વિષય તો એક અખંડ અભેદ શુદ્ધાત્મા છે અને એવા સિદ્ધ સમાન પોતાના આત્માની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે અને તે સમ્યગ્દર્શનનો વિષય છે. પણ નવ તત્ત્વની શ્રદ્ધા એને સમ્યગ્દર્શન જ્યારે કહેવામાં આવે ત્યારે એ નવ પોતે જ્ઞાનનો વિષય છે. તો જ્ઞાનના વિષયને શ્રદ્ધાનો વિષય કહેવો તે ઉપચાર છે. જ્ઞાનના વિષયને શ્રદ્ધાનો વિષય કહેવો તે ઉપચાર છે. પણ તે સજાતિ ઉપચાર છે. કેમકે જ્ઞાન પણ આત્માનો ગુણ અને દર્શન પણ આત્માનો ગુણ. છતાં બંનેના લક્ષણો જુદા. જ્ઞાન તે શ્રદ્ધા નથી, શ્રદ્ધા તે જ્ઞાન નથી. એમ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ક્યાંય પછી તમને અસમાધાન ન થાય. એ કથનોથી, શાસ્ત્રના

તે કથનથી તમને અસમાધાન ન થાય. આ છત્રીસ ભેદ પકડો એટલે કોઈ કથનથી અસમાધાન નહિ થાય.

મુમુક્ષુ :- ઈતના ભેદ-પ્રભેદ પ્રયોજનભૂત કૈસે હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- વૈસે જિસ જીવકો ઉસ ભેદ મેં જહાં ભૂલ હોતી હૈ ઉનકે લિયે ઉનકા પ્રયોજન હૈ. ક્યા? સબોં કે લિયે નહીં. એક તો શાસ્ત્ર કા સર્વ ઉપદેશ એક જીવ કે લિયે પ્રયોજનભૂત નહીં હૈ.. શાસ્ત્ર કે જિતને સિદ્ધાંત, જિતના ઉપદેશ હૈ વહ એક જીવ કે લિયે પ્રયોજનભૂત નહીં હૈ. ઔર સર્વ જીવ કે લિયે ભી પ્રયોજનભૂત નહીં હૈ. ઔર એક ઉપદેશ ભી સર્વ જીવ કે લિયે પ્રયોજનભૂત નહીં હૈ. ઈસકા મતલબ ક્યા હુઆ? તો ફિર શાસ્ત્રમેં ઈતના વિસ્તાર આને કા પ્રયોજન ક્યા રહા? કિ પ્રયોજન યહ રહા કિ વિશ્વમેં વિભિન્ન યોગ્યતાવાલે જીવ હોતે હૈં. ઔર અપની-અપની જો ભૂલ હૈ ઉનકો સુધાર કરને કે લિયે શાસ્ત્રમેં ઉનકી-ઉનકી દવાઈ હૈ. જિસકો જો રોગ હૈ ઉનકો યહ દવાઈ ખાની હૈ. સારે મેડિકલ સ્ટોરકી દવા એક મરીજ ખા જાયે તો મર જાયે. શાસ્ત્ર હૈ વહ મેડિકલ સ્ટોર હૈ. ઉસમેં સબ દવાઈયાં હૈ. સભી રોગ કી દવાઈ ઉસમેં હૈ. લેકિન એક રોગી જો ખા જાયે સારે મેડિકલ સ્ટોર કી દવાઈ, તો મર જાયે. જિસકો જો દવા લેની હૈ વહ સત્પુરુષ રૂપી સદ્‌ગુરુ વૈદ સુજાણ. ડોક્ટર કે પ્રિસ્ક્રિપ્શન કે અનુસાર જિતની માત્રામેં જિસ સમય મેં જિતની દવાઈ લેની હૈ ઉતની લેની હૈ. યહ ઈલાજ કી પદ્ધતિ હૈ.

મુમુક્ષુ :- હમ લોગ સામાન્ય તૌર સે યહ સમજ લે કિ એક ગુણ મેં અનંત ગુણ કા સ્વરૂપ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ઉસમેં સામાન્ય તોર સે નહીં, વિશેષ તોર સે હી સમજના હૈ કિ મેરી કહાં ગલતી હોતી હૈ? બાકી હમારે કોઈ કામ કી બાત નહીં રહી. બાકી સમજ લો. લેકિન ઉસ પર ધ્યાન મત દો. ગૌણ કર દો ઉસકો. લેકિન અગર હમારી કોઈ ભૂલ હોતી હૈ તો ઉસકો સુધાર લો. વહ હમારી દવા હૈ. સ્વાધ્યાય મેં ક્યા કરના? શાસ્ત્ર કથન મેં ક્યા કરના? કિ એક દૃષ્ટિકોણ અપને પ્રયોજન કા મુખ્ય કર લેના કિ મેરે કામ મેં આનેવાલી ચીજ કહાં આતી હૈ? કૌન સી બાત ઐસી હૈ સારે ગ્રંથ મેં ઔર કિતની બાત ઐસી હૈ, કહાં કહાં હૈ જો મેરે કામમેં આનેવાલી હૈ? ઈતના અગર દૃષ્ટિકોણ સાધ્ય રહા તો શાસ્ત્ર અધ્યયન સફલ હૈ. અગર ઈતના દૃષ્ટિકોણ નહિ રહા તો શાસ્ત્ર અધ્યયન નિષ્ફલ હો જાયેગા. કિસલિયે નિષ્ફલ હો જાયેગા? ઉસને સબ દવા ખાને લાયક માન લી. વહ તો હૈ હી નહીં, ઉસકે લિયે સબ દવાઈ તો હૈ નહીં.

મુમુક્ષુ :- ઘણી વખત શાસ્ત્ર વાંચનમાં નવી ચીજો સામે આવતી હોય તો એને છોડીને આગળ ચાલવું કે પછી?

પૂજ્ય ભાઈશ્રી :- ન સમજણ પડતી હોય તો વિશેષજ્ઞ હોય એની પાસેથી સમજવું. અને એ સમજવાની અંદર પણ આ દૃષ્ટિકોણ રાખવો કે મારા ગુણ-દોષનું જે પ્રયોજન છે એમાં મારા અવગુણ ટાળવા અને ગુણ પ્રગટ કરવા આ મને કેવી રીતે કામમાં આવે છે? અને કામમાં આવે છે કે નથી આવતી? એવી રીતે એટલો દૃષ્ટિકોણ સાથે સાથે રાખવો.

મુમુક્ષુ :- ત્યાર પૂરતુ તો એને બાજુએ રાખીને આગળ ચાલવું ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. બીજું શું કરો? જ્યાં સુધી એના કોઈ વિશેષજ્ઞ ન મળે તો બીજો ઉપાય પણ શું છે? પણ ન સમજાય તો જિજ્ઞાસુ રહેવું. એક સિદ્ધાંત આ છે મુમુક્ષુ માટે કે જ્યાં જ્યાં ન સમજાય ત્યાં જિજ્ઞાસામાં રહેવું. કલ્પના નહિ કરવાની પણ જિજ્ઞાસામાં રહેવું. અને એ જગ્યા ખુલ્લી રહી ગઈ, અવકાશ રહી ગયો સત્ય સમજવા માટેનો.

મુમુક્ષુ :- કોઈ વાત પોતાના માટે અપ્રયોજનભૂત લાગતી હોય તો ત્યાં જિજ્ઞાસા પણ ન રાખીને...

પૂજ્ય ભાઈશ્રી :- એ વાતને ગૌણ કરવી. આપણા કામની નથી આ.

મુમુક્ષુ :- ખોટું નથી ને?

પૂજ્ય ભાઈશ્રી :- ના. એમ જ કરવું જોઈએ. એમ ન કરે તો તકલીફ થાય. એમ કરવું જ જોઈએ. કેમકે શાસ્ત્ર તો સમુદ્ર જેવી વસ્તુ છે. એટલે એમાં તો 'થાકે અતિ મતિમાન'. ગમે એવો બુદ્ધિશાળી હોય. અને જેમણે શાસ્ત્ર લખ્યા છે એવા જે આચાર્યો છે એ .. કરતા. ત્યારે એવી બુદ્ધિ ન હોય. જે પૂર્વાચાર્યો આપણા થઈ ગયા એ એટલા વિશેષ બુદ્ધિમાન હતા, એટલા સૂક્ષ્મ બુદ્ધિવાન હતા. એમની જે કેપેસીટી હતી, એમની જે ગુંજાઈશ હતી એ અત્યારે સામાન્ય મુમુક્ષુજીવની ક્યાંથી હોય? 'ગુરુદેવ'નું ...

એકવાર 'સમયસાર' વાંચતા વાંચતા પોતે એવી વાત કરેલી 'સમયસાર' ઉપર કે આ 'સમયસાર' તો જાહેરમાં તો ભલે વધારે ૧૮-૧૯ વખત વાંચ્યું. પણ આપ કહો છો એ પ્રમાણે એકાંતમાં તો કેટલી વાર વાંચ્યું છે એનો હિસાબ નથી. એકનો એક ગ્રંથ આટલી બધી વાર વાંચ્યો એમાં અમને કાંઈ સમજાણું નહિ. આપનું તો એટલું બધું જ્ઞાન અમને લાગે છે, એટલું બધું જ્ઞાન લાગે છે કે એકનો એક ગ્રંથ આપે આટલી બધી વાર વાંચ્યો છે, એમ કેમ કર્યું હશે? એવું લાગે. આવા એક પ્રશ્નનો એમણે ઉત્તર આપેલો.

ભાઈ! આ તો આચાર્યોના કથનો છે. એમાં એટલું બધું ઊંડાણ ભર્યું છે કે અમે તો અમારી શક્તિ છે એટલું કાઢી શકીએ છીએ. અમે તો અમારી અલ્પ શક્તિ છે એટલું કાઢી શકીએ છીએ. બાકી એની અંદર ઘણું ભર્યું છે. તો ઘણું ભર્યું છે એ જ્ઞાનમાં આવે છે પણ કાઢવાની શક્તિ મર્યાદિત છે. આવો વિષય શાસ્ત્ર છે. એટલે જે એથી પણ અલ્પ બુદ્ધિમાન છે, જેને

ઓછા જ્ઞાનનો ક્ષયોપશમ છે અને મુમુક્ષુ તો એથી પણ સામાન્ય બુદ્ધિવાન છે તો પછી એણે શું કરવું? એ તો મૂંઝાય જાય. જ્યારે મહાપુરુષો એમ કહે કે અમે હજી આની અંદર ઊંડા ઉતરતા જઈએ છી અને ઊંડાણ આવતું જ જાય છે... ઊંડાણ આવતું જ જાય છે. બીજાને તો એમ થાય કે આપણે કેવી રીતે 'સમયસાર' વાંચવું? આપણું ગજુ શું? તો કહે છે, થોડું પણ કામનું લઈ લેવું. થોડું પણ તને કામમાં આવે એવી ચીજ તું લઈ લે. થોડું પણ સત્ય એ તરવા માટે કામની ચીજ છે. ઘણું પણ ગડબડવાળું હોય તો એ મુશ્કેલીમાં મૂકે છે. કામમાં નથી આવતું પણ ઊલટાની મુશ્કેલી વધારે છે. એટલે એ બહુ મહત્વનો વિષય મુમુક્ષુજીવ માટે છે કે સૌ પ્રથમ એણે પ્રયોજનભૂત અને અપ્રયોજનભૂતની વહેંચણી કરતા શીખવું. એટલી જો એની તૈયારી ન હોય તો નુકસાન થવાની સંભાવના બહુ છે આમાં અને આ બહુ જવાબદારીવાળો વિષય છે આ.

મુમુક્ષુ :- પ્રયોજન તો દુઃખથી છૂટવાનું છે.

પૂજ્ય ભાઈશ્રી :- બસ! છૂટવાના કામમાં એવી ચીજ પોતાને લઈ લેવાની.

'ટોડરમલજી'એ એ વાત બહુ કરી છે. 'ટોડરમલજી'એ એ વાત બહુ કરી છે એના ઉપર 'ગુરુદેવે' પણ પ્રવચનો આપ્યા ત્યારે પણ એનું સ્પષ્ટીકરણ વિશેષે કરીને આપ્યું પ્રયોજનભૂત અને અપ્રયોજનભૂત વિષયમાં. ૯૩૩-૩૪-૩૫ ત્રણ બોલ છે 'પરમાગમસાર'માં. એ પ્રયોજનભૂત અને અપ્રયોજનભૂત ઉપર વિષય છે.

'મોક્ષમાર્ગ પ્રકાશક'ના ચોથા અધિકાર ઉપરના આ પ્રવચનોમાંથી સંકલન કરેલું છે, સંપાદન કરેલું છે. પ્રયોજનનું લક્ષ. ૯૩૩મો બોલ. '**સિદ્ધ સમાન આત્માનો અંશે અનુભવ થવો તે ધર્મ છે.**' ધર્મની પરિભાષા કરી. '**સિદ્ધ સમાન આત્માનો અંશે અનુભવ થવો તે ધર્મ છે. આનંદકંદ પ્રભુની નિર્વિકારી શાંતિને ધર્મ કહે છે.**' આ ધર્મની બીજી પરિભાષા કરી. પહેલા અનુભવ પ્રધાન પરિભાષા—વ્યાખ્યા કરી, પછી શાંતિપ્રધાન કરી કે '**આનંદકંદ પ્રભુની નિર્વિકારી શાંતિ...**' પ્રગટ થાય એને પણ ધર્મ કહેવામાં આવે છે.

હવે '**દ્રવ્યલિંગી સાધુ થયો...**' દ્રવ્યલિંગીને સાથે સાથે લઈ લેવા. અગિયાર અંગ અને નવ પૂર્વ સાથેનો. જ્ઞાનનો ક્ષયોપશમ કેટલો? અગિયાર અંગ, નવ પૂર્વનો. ચારિત્રનો ક્ષયોપશમ કેટલો? કે અઠ્યાવીશ મૂળગુણ નિરતિચાર પાળે એટલો. પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ બધા આવી ગયા એની અંદર. બેય ગુણના ક્ષયોપશમ મિથ્યાદષ્ટિની અપેક્ષાએ પહેલા ગુણસ્થાનમાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ આટલા હોય. આથી આગળ કોઈના ન હોય. મિથ્યાદષ્ટિને ઉત્કૃષ્ટ ચારિત્રનો ક્ષયોપશમ અને જ્ઞાનનો ક્ષયોપશમ આટલો થાય છે. એ દ્રવ્યલિંગી આ જીવ થવા '**છતાં તેને ધર્મ પ્રગટતો નથી.**' અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન અને ચારિત્રમાં પંચ મહાવ્રત અને

સમિતિ, ગુપ્તિ નગ્ન દિગંબર નિરતિચાર (પાળે), હોં! અતિચારવાળા પણ નહિ. છતાં ધર્મ પ્રગટતો નથી. **'કેમકે...'** જુઓ! કેટલી મહત્વની વાત 'ગુરુદેવ' કરે છે. આમ તો મૂળ ટોડર-મલજીએ કરી છે પણ 'ગુરુદેવ' એનું સ્પષ્ટીકરણ (કરે છે). **'કેમકે તેનું લક્ષ અપ્રયોજનભૂત ઉપર જાય છે.'** શાસ્ત્રમાં જ્યાં પોતાને કામની વાત નથી એના ઉપર વજન આપે છે, ત્યાં રોકાય છે. એનું પિષ્ટપીંજણ કરવા લાગે છે. તો કહે છે, મરાઈ ગયો તું. તારો ઉઘાડ બધો નકામો જાશે, તારું આચરણ-સદાચરણ નકામું જાશે. આ તો સદાચાર છે. બાહ્યાચાર તો સદાચાર છે. સદાચાર તારો નકામો જાશે અને તારું જ્ઞાન પણ નકામું જાશે. બહુ મહત્વપૂર્ણ મુદ્દો છે. આપણે 'નિર્ભ્રાંત દર્શન'માં પહેલા પ્રકરણમાં એ વાત લીધી છે.

**'મિથ્યા શ્રદ્ધાને લીધે અથવા મિથ્યા શ્રદ્ધાના જોરને લીધે.'** એમ થવાનું કારણ શું? દર્શનમોહ તીવ્ર છે. પહેલા ગુણસ્થાનમાં દર્શનમોહ તીવ્ર થાય તો શાસ્ત્ર વાંચતા વાંચતા દર્શનમોહ તીવ્ર થાય. ખરેખર તો શાસ્ત્ર દર્શનમોહને મંદ કરવાનું એક નિમિત્ત છે મુમુક્ષુને. એના બદલે મંદ કરવાના નિમિત્તના સદ્‌ભાવમાં દર્શનમોહ તીવ્ર કરી જાય પોતાની યોગ્યતાને લઈને તો શાસ્ત્ર શું કરે એમાં? શાસ્ત્ર અકિંચિત્કર છે. મંદ થાય ત્યાં નિમિત્ત કહેવાય, મંદ ન થાય તો એને નિમિત્તપણું લાગુ પડે નહિ.

મુમુક્ષુ :- દર્શનમોહ તીવ્ર થાય છે એ કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવ' કહે છે અહીં.

મુમુક્ષુ :- એટલે અપ્રયોજનભૂત વિષય ઉપર લક્ષ જાય છે એટલા માટે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. અપ્રયોજનભૂત ઉપર વજન જાય છે એટલે એને એમ કહ્યું અહીંયાં કે એનું કારણ શું પણ? એમ શું કરવા થયું? ત્યારે બે વાત સામે આવી. પ્રયોજનભૂત વાત પણ શાસ્ત્રથી મળવાની, અપ્રયોજનભૂત પણ (મળવાની). કેમકે શાસ્ત્ર છે એ મેડિકલ સ્ટોર છે. એ તો અનેક જીવોની યોગ્યતાને લક્ષમાં રાખીને આચાર્યોએ શાસનને લક્ષે એ લખેલી વાત છે. શાસનમાં તો અનેક યોગ્યતાવાળા જીવો છે. અને વિશાળ ક્ષયોપશમ છે એટલે અનેક ભેદ-પ્રભેદોને તે કહેશે. એમાં તું તારા ભેદ-પ્રભેદને પકડજે કે જે તને પ્રયોજનપણે લાગુ પડતા હોય તેને પકડજે. એના બદલે તને લાગુ ન પડતા હોય અને બીજાને લાગુ પડતા હોય એના ઉપર જો તારું લક્ષ વધારે જાય તો એનો અર્થ કે તારે તારા આત્મહિત ઉપર લક્ષ નથી. દર્શનમોહ ક્યાં મંદ થાય છે? આત્મહિતના લક્ષના જોરમાં. આત્મહિતનું લક્ષ ગૌણ થયું તને. તારું પોતાનું લક્ષ ગૌણ થયું અને તારી જ્ઞાનની અને વીર્યની પ્રવૃત્તિ, પુરુષાર્થની પ્રવૃત્તિ તેં અપ્રયોજનભૂતમાં લગાવી તો એ બતાવે છે કે તારી .. વધારે મિથ્યાત્વનું જોર વધે છે, અહીંયાં દર્શનમોહનું જોર વધે છે. દર્શનમોહ તીવ્ર થાય છે, તારો દર્શનમોહનો અનુભાગ વધી જશે.

મુમુક્ષુ :- પાત્રતાની ખામીને લઈને, અપાત્રતાને હિસાબે (આમ થાય છે)?

પૂજ્ય ભાઈશ્રી :- અપાત્રતા-પાત્રતા કહો કે દર્શનમોહનો પ્રભાવ કહો, બેય એક જ વાત છે. દર્શનમોહને સાદી ભાષામાં કહેવું હોય તો પાત્રતા-અપાત્રતા એમ કહો. શાસ્ત્રીય ભાષામાં કહો તો દર્શનમોહ કહો. બેય એક જ વાત છે. પાત્ર કોણ છે? જેનો દર્શનમોહ ઘટી ગયો છે તે. અપાત્ર કોણ છે? જેનો દર્શનમોહ તીવ્ર છે તે.

મુમુક્ષુ :- પાત્રતા મંદ કષાયનો વિષય નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ.. નહિ.. નહિ.. નહિ.. એમ નથી.

મુમુક્ષુ :- એટલે અહીંયાં તો અપ્રયોજનભૂત વિષય ઉપર જોર જવાથી પણ દર્શનમોહ વધી જાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ૯૩૩માં 'ગુરુદેવે' કહ્યું એ તો. જવાબદારીવાળી વાત છે. એમ ચાલે જ નહિ, ગમે તેમ ન ચાલે. એ તો એમની આજ્ઞા છે. આ મહાપુરુષોની જ્ઞાનીઓની આજ્ઞા છે. એની આજ્ઞાએ ચાલવાનું છે. ગમે તેમ શાસ્ત્ર નથી વાંચવાનું. ...

'કૃપાળુદેવ'ના વખતમાં તો એમના જે અનુયાયીઓ હતા, જે સંપર્કમાં આવેલા જીવો હતા એ કોઈપણ શાસ્ત્ર વાંચે એટલે આજ્ઞા માગે પહેલા. સાહેબ! મારે આ શાસ્ત્ર વાંચવું કે ન વાંચવું? અને પોતે જો કોઈ શાસ્ત્ર વાંચવાનું કહે તોપણ એમાં અનેક જાતની સૂચના કરે કે તમે આ પ્રકરણ વાંચજો. જેમકે એમણે પેલું કહ્યું 'યોગવાસિષ્ઠ'નું, તો કહ્યું, એનું ત્રીજું પ્રકરણ તમારે વાંચવું. તો ત્રીજું જ વાંચે પછી એકેય પ્રકરણને ન અડે.

મુમુક્ષુ :- એટલી આજ્ઞાકારીતા.

પૂજ્ય ભાઈશ્રી :- એટલી આજ્ઞાકારીતા હતી. એવી આજ્ઞા 'ગુરુદેવે' આખા સમાજમાં કરવી પડી. 'દ્રવ્યદષ્ટિપ્રકાશ'નું જ્યારે પ્રકાશન થયું ત્યારે સમાજમાં થોડી હલચલ મચી ગઈ. 'ગુરુદેવ'ને ખ્યાલ આવી ગયો. મારી પાસે જે શબ્દ બોલ્યા હતા તે ... હું જરા એકાંતમાં ગયો હતો. સંપાદન કરેલું હતું એટલે મારે 'ગુરુદેવ'ને વિનંતી કરવી પડી કે સાહેબ! સમાજમાં ખળભળાટ ઘણો છે તો આપની આજ્ઞા પ્રમાણે આમાં કાંઈક આપની આજ્ઞા થાય એ પ્રમાણે ચાલવું જોઈએ એવી મારી ભાવના છે. પછી 'ગુરુદેવે' એ આજ્ઞા બહાર પાડી કે આ પુસ્તક વેચાણમાં નહિ મુકાય. વેચાણ વિભાગમાં આ પુસ્તક નહીં મુકાય. આ પુસ્તક મારે જેને આપવું હશે એ મારા હાથે આપીશ. ખ્યાલ છે ને તમને? આ પુસ્તક હું મારા હાથે જેને આપવું હશે એને આપીશ. પછી સ્ટોક અમારી પાસે હતો. 'ગુરુદેવ' પાસે ૫૦-૫૦ પુસ્તકો મુકતા હતા. ૫૦ આપી દ્યે એટલે બીજા ૫૦ મુકતા હતા. પાંચસો પુસ્તક મર્યાદિત હતા. પાંચસો પુસ્તક પાંચ વર્ષે એમણે વેંચ્યા. કેટલા વર્ષ લાગ્યા? પાંચ વર્ષ લાગ્યા. પાંચસો પુસ્તક પાંચસો જણાને

આપવા માટે 'ગુરુદેવે' પાંચ વર્ષનો ટાઈમ લીધો. એ પાંચ વર્ષ દરમ્યાન 'દ્રવ્યદષ્ટિપ્રકાશ'નો વિષય પોતે પ્રવચનની અંદર ખુલ્લો કરતા ગયા અને ટ્રીટમેન્ટ આપતા ગયા સાંભળનારા શ્રોત-ાઓને કે આ વિષય પચાવવા જેવો છે, પચાવવા જેવો છે. જુઓ! આ રીતે પચાવવા જેવો છે. પાંચ વર્ષે જ્યારે પુસ્તકો ખલાસ થઈ ગયા ત્યારે એમને એમ થયું કે હજી પણ કોઈ કોઈ જીવો એવા છે અને હવે કાંઈક વાતાવરણમાં પણ પાંચ વર્ષના પ્રવચનોથી ફેરફાર થયો છે. એટલે એકવાર બપોરે હું એમની રૂમમાં ગયો ત્યારે મને પૂછ્યું. મને કહે, ઓલા પુસ્તકો બીજા હતા એ કેટલા હતા આ સિવાયના? પાંચસો બાઈન્ડીગના સાથે હતા તત્ત્વચર્ચાના. અને બાકીના છપાવેલા એ છૂટા રાખી દીધા હતા. તત્ત્વચર્ચાનો વિભાગ છૂટો બંધાવી લીધો હતો. મેં કહ્યું સાહેબ ! ૨૧૦૦ છપાવેલા અને આ પાંચસો આપને આપેલા. ૧૬૦૦ હજી પડ્યા છે.

**નોંધ :– પ્રવચન નં. ૩૮ તથા ૩૯ રિપીટ થતા હોવાથી લેવામાં આવેલ નથી.**

## વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૬૯, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ - | |
| ૦૯ | બીજુ કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) - | |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૮ | ક્રમબદ્ધપર્યાય - | |
| ૨૯ | મુમુક્ષુતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૩૦ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૧ | પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૨ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) અનુપલબ્ધ | |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૬ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૮ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | |
| ૩૯ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૪૦ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૧ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૩ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૪ | પ્રચારિસ્તકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૫ | પદ્મનંદીપંચવિશતી | |
| ૫૬ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |
| ૫૭ | રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૮ | રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૦ | રાજહૃદય (ભાગ૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૬૧ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૨ | જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |
| ૬૩ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૪ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૫ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૬ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૭ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૮ | સમક્તિનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૯ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | |
| ૭૦ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |

| | | |
|---|---|---|
| ૭૧ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) - | |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) - | |
| ૭૪ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) - | |
| ૭૫ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) - | |
| ૭૬ | યોગસાર અનુપલબ્ધ | |
| ૭૭ | ધન્ય આરાધક - | |
| ૭૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૭૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૮૦ | છ ઢાળા પ્રવચન (ભાગ-૧) | ૨૦-૦૦ |
| ૮૧ | છ ઢાળા પ્રવચન (ભાગ-૨) | ૨૦-૦૦ |
| ૮૨ | છ ઢાળા પ્રવચન (ભાગ-૩) | ૨૦-૦૦ |
| ૮૩ | મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન) | ૨૦.૦૦ |
| ૮૪ | રાજહૃદય (ભાગ-૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૫ | રાજહૃદય (ભાગ-૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૬ | રાજહૃદય (ભાગ-૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૭ | રાજહૃદય (ભાગ-૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૮ | રાજહૃદય (ભાગ-૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૦) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૦ | રાજહૃદય (ભાગ-૧૩) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૯૧ | રાજહૃદય (ભાગ-૧૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૭) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૩ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૧) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૩ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૨) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૪ | રાજહૃદય (ભાગ-૧૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૫ | રાજહૃદય (ભાગ-૧૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૬ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૩) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૭ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૪) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૮ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૫) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૯ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૬) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૦ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૭) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૧ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૮) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૨ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૯) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૩ | રાજહૃદય (ભાગ-૧૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૪ | રાજહૃદય (ભાગ-૧૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૫ | રાજહૃદય (ભાગ-૧૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૧૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૮) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૧૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૯) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૧૦૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૧૦) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૧૦૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૧૧) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૧૧૦ | આત્માવલોકન પ્રવચન (ભાગ-૧) | ૨૦.૦૦ |
| ૧૧૧ | આત્માવલોકન પ્રવચન (ભાગ-૨) | ૨૦.૦૦ |
| ૧૧૨ | આત્માવલોકન પ્રવચન (ભાગ-૩) | ૨૦.૦૦ |
| ૧૧૩ | આત્માવલોકન પ્રવચન (ભાગ-૪) | ૨૦.૦૦ |
| ૧૧૪ | આત્માવલોકન પ્રવચન (ભાગ-૫) | ૨૦.૦૦ |
| ૧૧૫ | ચિદ્વિલાસ પ્રવચન | ૨૦.૦૦ |

# श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मुल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) - | |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन - | |
| ०६ | बृहद द्रव्यसंग्रह अनुपलब्ध | |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) - | |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी - | |
| १३ | धन्य अवतार - | |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव - | |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) - | |
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |

| | | |
|---|---|---|
| २२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त) - | |
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | पथ प्रकाश | २०.०० |
| ३३ | प्रवचनसार | अनुपलब्ध |
| ३४ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३५ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३६ | ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) - | |
| ३७ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३८ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३९ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ४० | समयसार नाटक | अनुपलब्ध |
| ४१ | समयसार कलश टीका | अनुपलब्ध |
| ४२ | समयसार | अनुपलब्ध |
| ४३ | स्मरण संचिका | २०.०० |
| ४४ | स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | २०-०० |
| ४५ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| ४६ | तत्थ्य | अनुपलब्ध |
| ४७ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |

| | | |
|---|---|---|
| ४८ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०.०० |
| ४९ | भगवान आत्मा | २०.०० |
| ५० | जिन प्रतिमा जिन सारखी | २०.०० |
| ५१. | छः ढाला प्रवचन (भाग-१) | २०.०० |
| ५२. | छः ढाला प्रवचन (भाग-२) | २०.०० |
| ५३. | छः ढाला प्रवचन (भाग-३) | २०.०० |
| ५४. | प्रवचनसुधा (भाग-६) | ३०.०० |
| ५५. | राज हृदय (भाग-१) | ३०.०० |
| ५६. | राज हृदय (भाग-२) | ३०.०० |

# श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम | प्रत संख्या |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती) | १००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) २५०० | |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ७६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमागमसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४४०० |

| | | |
|---|---|---|
| २९ | वचनामृत प्रवचन भाग-१-२-३-४ | ५००० |
| ३० | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३१ | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ५००० |
| ३२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७५०० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | गुरुगुण संभारणा (हिन्दी) | ७५०० |
| ३५ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३६ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३७ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३८ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३९ | धन्य आराधना (गुजराती) | १००० |
| ४० | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४१ | प्रवचन नवनीत भाग-१-४ (गुजराती) | ५८५० |
| ४२ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४३ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४४ | पथ प्रकाश (हिन्दी) | ५०० |
| ४५ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४६ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४७ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४८ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४९ | भगवान आत्मा (गुजरात) | २००० |
| ५० | भगवान आत्मा (हिन्दी) | १५०० |
| ५१ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ५२ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५३ | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५४ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५५ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५६ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५७ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५८ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५९ | अमृत पत्र (गुजराती) | २००० |
| ६० | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ६१ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ६२ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | ४००० |

| | | |
|---|---|---|
| ६३ | आत्मयोग (गुजराती) | १५०० |
| ६४ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६५ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६६ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६७ | ज्ञानामृत (गुजराती) | ३५०० |
| ६८ | ज्ञानामृत (हिन्दी) | १५०० |
| ६९ | वचनामृत रहस्य (गुजराती) | १००० |
| ७० | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ७१ | दिशा बोध (हिन्दी–गुजराती) | ३५०० |
| ७२ | कहान रत्न सरिता (भाग–१) | १००० |
| ७३ | कहान रत्न सरिता (भाग–२) | १००० |
| ७४ | कुटुम्ब प्रतिबंध (गुजराती) | १५०० |
| ७५ | कुटुम्ब प्रतिबंध (हिन्दी) | २५०० |
| ७६ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती) | १५०० |
| ७७ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी) | २००० |
| ७८ | गुरु गिरा गौरव (हिन्दी–गुजराती) | ३५०० |
| ७९ | समयसार दोहन (गुजराती) | ७५० |
| ८० | समकितनुं बीज (गुजराती) | १००० |
| ८१ | स्वरूपभावना (गुजराती) | १००० |
| ८२ | स्वरूपभावना (हिन्दी) | १००० |
| ८३ | सुविधि दर्शन (गुजराती) | १००० |
| ८४ | सुविधिदर्शन (हिन्दी) | १९०० |
| ८५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | १२५० |
| ८६ | प्रवचन सुधा (भाग–१) (गुजराती) | १४०० |
| ८७ | प्रवचन सुधा (भाग–२) (गुजराती) | ७५० |
| ८८ | प्रवचन सुधा (भाग–३) (गुजराती) | १००० |
| ८९ | प्रवचन सुधा (भाग–४) (गुजराती) | १००० |
| ९० | प्रवचन सुधा (भाग–५) (गुजराती) | १००० |
| ९१ | प्रवचन सुधा (भाग–६) (गुजराती) | १००० |
| ९२ | प्रवचन सुधा (भाग–७) (गुजराती) | ७५० |
| ९३ | प्रवचन सुधा (भाग–८) (गुजराती) | ७५० |
| ९४ | प्रवचन सुधा (भाग–९) (गुजराती) | ७५० |
| ९५ | प्रवचन सुधा (भाग–१०) (गुजराती) | ७५० |
| ९६ | प्रवचन सुधा (भाग–११) (गुजराती) | ७५० |

| | | |
|---|---|---|
| ९७ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती) | १००० |
| ९८ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती) | १००० |
| ९९ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती) | १००० |
| १०० | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती) | १००० |
| १०१ | राज हृदय (भाग-१) (गुजराती) | १५०० |
| १०२ | राज हृदय (भाग-२) (गुजराती) | १५०० |
| १०३ | राज हृदय (भाग-३) (गुजराती) | ७५० |
| १०४ | अध्यात्मस्धा (भाग-१) (गुजराती) | १००० |
| १०५ | अध्यात्मसुधा (भाग-२) (गुजराती) | १००० |
| १०६ | अध्यात्म सुधा (भाग-३) (गुजराती) | १००० |
| १०७ | अध्यात्म सुधा (भाग-४) (गुजराती) | ७५० |
| १०८ | अध्यात्म सुधा (भाग-५) (गुजराती) | ७५० |
| १०९ | गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन) | १००० |
| ११० | गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन) | ७५० |
| १११ | मुक्तिनो मार्ग (गुजराती) | १००० |
| ११२ | प्रवचन नवनीत (भाग-१) (हिन्दी) | १००० |
| ११३ | प्रवचन नवनीत (भाग-२) (हिन्दी) | १००० |
| ११४ | प्रवचन नवनीत (भाग-३) (हिन्दी) | १००० |
| ११५ | प्रवचन नवनीत (भाग-४) (हिन्दी) | १००० |
| ११६ | धन्य आराधक (गुजराती) | ७५० |
| ११७ | छः ढाला प्रवचन (गुजराती) (भाग-१) | १००० |
| ११८ | छः ढाला प्रवचन (गुजराती) (भाग-२) | १००० |
| ११९ | छः ढाला प्रवचन (गुजराती) (भाग-३) | १००० |
| १२० | जिन प्रतिमा जीन सारखी | ५०० |
| १२१ | स्मरण संचिका | १५०० |
| १२२ | दंसण मूलो धम्मो | ३५०० |
| १२३ | प्रवचन सुधा (भाग-१) (हिन्दी) | १००० |
| १२४ | प्रवचन सुधा (भाग-२) (हिन्दी) | १००० |
| १२५ | प्रवचन सुधा (भाग-३) (हिन्दी) | १००० |
| १२६ | प्रवचन सुधा (भाग-४) (हिन्दी) | १००० |
| १२७ | प्रवचन सुधा (भाग-५) (हिन्दी) | १००० |
| १२८ | प्रवचन सुधा (भाग-६) (हिन्दी) | १००० |
| १२७ | धन्य पुरुषार्थी (गुजराती) | १५०० |
| १२८ | धन्य पुरुषार्थी (हिन्दी) | ६५०० |

| | | |
|---|---|---|
| १२९ | छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१) | १००० |
| १३० | राज हृदय (भाग-४) (गुजराती) | ५०० |
| १३१ | राज हृदय (भाग-५) (गुजराती) | ५०० |
| १३२ | राज हृदय (भाग-६) (गुजराती) | ५०० |
| १३३ | राज हृदय (भाग-७) (गुजराती) | १५० |
| १३४ | राज हृदय (भाग-८) (गुजराती) | १५० |
| १३५ | राज हृदय (भाग-९) (गुजराती) | १५० |
| १३६ | राज हृदय (भाग-१०) (गुजराती) | १५० |
| १३७ | राज हृदय (भाग-११) (गुजराती) | १०० |
| १३८ | राज हृदय (भाग-१२) (गुजराती) | १०० |
| १३९ | राज हृदय (भाग-१३) (गुजराती) | १०० |
| १४० | राज हृदय (भाग-१४) (गुजराती) | १०० |
| १४१ | राज हृदय (भाग-१५) (गुजराती) | १०० |
| १४२ | राज हृदय (भाग-१६) (गुजराती) | १०० |
| १४३ | अध्यात्म सुधा (भाग-६) (गुजराती) | १५० |
| १४४ | अध्यात्म सुधा (भाग-७) (गुजराती) | १५० |
| १४५ | अनुभवप्रकाशना किरणों (भाग-२) (गुजराती) | १५० |
| १४६ | अनुभवप्रकाशना किरणों (भाग-३) (गुजराती) | १५० |
| १४७ | अनुभवप्रकाशना किरणों (भाग-४) (गुजराती) | १५० |
| १४८ | अनुभवप्रकाशना किरणों (भाग-५) (गुजराती) | १५० |
| १४९ | अनुभवप्रकाशना किरणों (भाग-६) (गुजराती) | १५० |
| १५० | अनुभवप्रकाशना किरणों (भाग-७) (गुजराती) | १०० |
| १५१ | अनुभवप्रकाशना किरणों (भाग-८) (गुजराती) | १०० |
| १५२ | अनुभवप्रकाशना किरणों (भाग-९) (गुजराती) | १०० |
| १५३ | राज हृदय (भाग-१७) (गुजराती) | २०० |
| १५४ | राज हृदय (भाग-१८) (गुजराती) | २०० |
| १५५ | राज हृदय (भाग-१९) (गुजराती) | २०० |
| १५६ | अध्यात्म सुधा (भाग-८) (गुजराती) | १५० |
| १५७ | अध्यात्म सुधा (भाग-९) (गुजराती) | १५० |
| १५८ | अध्यात्म सुधा (भाग-१०) (गुजराती) | १५० |
| १५९ | अध्यात्म सुधा (भाग-११) (गुजराती) | २०० |
| १६० | आत्मावलोकन प्रवचन (भाग-१) (गुजराती) | २०० |
| १६१ | आत्मावलोकन प्रवचन (भाग-२) (गुजराती) | २०० |
| १६२ | आत्मावलोकन प्रवचन (भाग-३) (गुजराती) | २०० |

| | |
|---|---|
| १६३ आत्मावलोकन प्रवचन (भाग-४) (गुजराती) | २०० |
| १६४ आत्मावलोकन प्रवचन (भाग-५) (गुजराती) | २०० |
| १६५ चिद्विलास प्रवचन (गुजराती) | २०० |

## પાઠકોની નોંધ માટે

## પાઠકોની નોંધ માટે